जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

# JAINSITE E-BOOKS LITERATURE

**JAIN HISTORY • JAIN GRANTH • JAIN SUTRA**
**JAIN VIDHI • JAIN STORY • JAIN ASTROLOGY**

And Many More Books in Gujarati, Hindi & English

જૈનસાઇટ ઈ-બુક્સ લિટરેચર ના સંપુર્ણ લાભાર્થી

## શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)

પાર્શ્વદર્શન બિલ્ડીંગ, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ રોડ,
(જુના નાગરદાસ રોડ), અંધેરી (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.





www.jainsite.com

Blessings : P. P. PANYAS SHREE NIPUNCHANDRA VIJAYJI M. S.
Inspired by : MUNI BHAGYACHANDRA VIJAYJI M. S.
Created by : nikhil sambhav NEVER STOP

E-mail: info@jainsite.com • Tel.: 09867711171

।। ૐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ।।

## જૈન ઈ-બુક્સ ના સંપુર્ણ લાભાર્થી

# શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)



।। ૐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ।।

ટ્રસ્ટની નોંધણી નં. F-4210 (BOM)
સોસાયટીની નોંધણી નં. Bombay 381/1976 G.B.B.S.D.

# શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)

પાર્શ્વદર્શન બિલ્ડીંગ, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ રોડ, (જુના નાગરદાસ રોડ),
અંધેરી (પૂર્વ), મુંબઈ – ૪૦૦ ૦૬૯.

## પ્રસ્તાવના

અનેક પરમોપકારક આચાર્ય દેવ જ્ઞાની, તપસ્વી મુનિરાજ, સેવાભાવી સાધ્વીજી ભગવંતોના અદ્વિતિય-અદ્‌ભૂત-અવર્ણનીય આશિર્વાદથી તથા મહાપવિત્ર મંત્રોચ્ચાર અને વિધિ વિધાન દ્વારા સ્થાપિત આકર્ષક અલૌકિક અનેરૂ અને મનમોહક ૨૩મા ભગવાન શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજી મનોરમ્ય, નેત્ર દિપક લાવણ્યમય પ્રતિમાજીને મૂળનાયક તરીકે બિરાજમાન કરેલ દેવવિમાન તુલ્ય તીર્થસમ જિનાલય એટલે મારું-તમારું અને આપણા સહુનુ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીનું શિખરબંધી જિનાલય તથા ધીર-વીર-ગંભીર-સરળ-ભક્તિ-ધાર્મિક પાપભીરૂ દાનવીર અને ઉત્તમોત્તમ શ્રાવક-શ્રાવિકાઓથી બનેલો ૨૫મા તીર્થંકર તરીકે ઓળખાતો શ્રી શ્વે. મૂ. જૈન સંઘ, અંધેરી (પૂર્વ) એટલે અમારો શ્રી અને સરસ્વતીથી સભર બનેલો વિનયી-વિવેકી અને ગુરૂભગવંતોનો કૃપાપાત્ર બનેલ ચારે તરફ એ દશે દિશાઓમાં જૈનમ્ જયતિ શાસનમ્ ની યશોગાથા નો વિજયઘોષ ૧૪ રાજલોકમાં ગુંજતો કરનાર એટલે અમારો શ્રી શ્વે. મૂ. જૈન સંઘ અંધેરી (પૂર્વ) અનેક નાના મોટા ધાર્મિક અનુષ્ઠાનો કરનાર શ્રી સંઘોને મદદરૂપ બનનાર, અનેક પાંજરાપોળોને સહાયભૂત થનારો અનેક સાધુ-સાધ્વીજી ભગવંતોના વૈયાવચ્ચમાં સદાય અગ્રેસર, ગૃહ જિનાલયમાંથી શરૂ થયેલ આજે ઉત્તુંગ ગગનચુંબી આકર્ષક શિખરબદ્ધ જિનાલય જેમાં દેવ-દેવીઓની દેવકુલિકાઓ શોભી રહી છે. શ્રી સંઘમાં કાયમી આયંબિલ ખાતુ-બે બે પાઠશાળાઓ, જ્ઞાનભંડાર એટલે શ્રી સંઘ શક્તિનું નમૂનેદાર નજરાણું કહેવાય.

યુગદિવાકર પ. પૂ. ઉપકારી ગચ્છના નાયક આ. ભ. શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ. સા. ની શુભ પ્રેરણા માર્ગદર્શક તથા તેમની શુભ નિશ્રામાં નિર્મિત અને સ્થાપિત શ્રી જિનાલય તથા પ. પૂ. શતાવધાની આ. ભ. શ્રી જયાનંદસૂરીજીની પ્રેરણાથી તા. ૪-૪-૧૯૭૬ માં શ્રી સંઘની સ્થાપનાના સુંદર વિચારોનું બીજ આજે ઘેઘુરો ઘટાદાર વૃક્ષ સમાન બન્યો છે. ચમત્કારી અને અલૌકિક મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના દર્શન કરીને જૈન-જૈનતરોની ઇચ્છાઓ ફળીભૂત થઈ છે.

નિસહાય-અબોલ બનેલા ઢોરોની અને પાંજરાપોળોને અમારા શ્રી સંઘે ઉદાર હાથે મદદ કરી છે તથા હાલમાં કેળવણી ક્ષેત્રે, મેડીકલ ક્ષેત્રે, સાધર્મિક ક્ષેત્રે, અનુકંપા ક્ષેત્રે પણ શ્રી સંઘની જ એક શાખા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ફાઉન્ડેશન દ્વારા આર્થિક સહાય ચાલુ છે.

**શ્રી શ્વે. મૂ. જૈન સંઘ વતી**

પ્રમુખ

# શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરુષ ચરિત્ર

ભાગ-૧

[પર્વ : ૧-૨]



શ્રી જૈન પ્રકાશન મંદિર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ.શ્રી હેમચન્દ્રાચાર્ય વિરચિત સંસ્કૃત પદ્યાત્મકનું

શ્રી

# ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર

• ગુજરાતી •

૨૪ ભગવાનના બહુરંગી ચિત્રો સહિત

## પર્વ ૧-૨.

શ્રી આદીશ્વરજી અને ભરત ચક્રીનું ચરિત્ર

શ્રી અજીતનાથજી અને સગર ચક્રીનું ચરિત્ર

(શ્રી જૈન ધર્મ પ્રચારક સભા ભાવનગરના સૌજન્યથી)

પ્રકાશક

**શ્રી જૈન પ્રકાશન મંદિર**

૩૦૯/૪ ખત્રીની ખડકી

દોશીવાડાની પોળ અમદાવાદ-૩૮૦૦૦૧

પુનઃ મુદ્રણ: ૧૯૯૦ ફોન: ૩૫૬૮૦૬

મુલ્ય: સંપૂર્ણ ૧ થી ૧૦ પર્વ ચાર પુસ્તકોના પ્લાસ્ટીક કવર સાથે

સેટના રૂ. ૨૫૦/- (બસો પચાસ).

JAINSITE.com જૈન શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રકાશક તથા મુખ્ય પ્રાપ્તિસ્થાન :

**જૈન પ્રકાશન મંદિર**
૩૦૯/૪ ખત્રીની ખડકી, દોશીવાડાની પોળ,
અમદાવાદ-૩૮૦૦ ૦૧, ફોન : ૩૫૬૮૦૬.

## મુદ્રણ વ્યવસ્થા :

નંદન ઓફિસેટ ફોન : ૩૫૬૧૯૭
૧૪૭, ડોશીવાડાની પોળ, અમદાવાદ.

### શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્રના દશ પર્વમાં સમાવેલાં ચરિત્રો

| પર્વ. | તિર્થંકર. | ચક્રવર્તી. | વાસુદેવ. | બલદેવ. | પ્રતિવાસુદેવ | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૨ |
| ૨ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૨ |
| ૩ | ૮ | ૦ | ૦ | ૦ | ૦ | ૮ |
| ૪ | ૫ | ૨ | ૫ | ૫ | ૫ | ૨૨ |
| ૫ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૨ |
| ૬ | ૪ | ૪ | ૨ | ૨ | ૨ | ૧૪ |
| ૭ | ૧ | ૨ | ૧ | ૧ | ૧ | ૬ |
| ૮ | ૧ | ૦ | ૧ | ૧ | ૧ | ૪ |
| ૯ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૨ |
| ૧૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |
| | ૨૪ | ૧૨ | ૯ | ૯ | ૯ | ૬૩ |

जैन साईट
JAINSITE.com
जैनम् जयति शासनम्

## અન્ય પ્રાપ્તિસ્થાન :

**શ્રી સોમચંદ ડી. શાહ**
જીવન નિવાસ સામે,
પાલિતાણા-૩૭૪૨૭૦.

**શ્રી સેવંતીલાલ વી. જૈન**
૨૦, મહાજન ગલી, ઝવેરી બજાર,
મુંબઈ-૪૦૦૦૦૨.

**શ્રી વર્ધમાન એસ. શાહ**
૨૦, લોયર ચીના થામ્બીસ્ટ્રીટ
મદ્રાસ-૬૦૦૦૭૯

**પાર્શ્વનાથ પુસ્તક ભંડાર**
ફુવારા સામે, પાલિતાણા
તથા શંખેશ્વર.

**સરસ્વતી પુસ્તક ભંડાર**
હાથીખાના, રતનપોળ,
અમદાવાદ-૩૮૦૦ ૦૧.

**શ્રી પાર્શ્વ પ્રકાશન**
નિશાપોળ, રીલીફરોડ,
અમદાવાદ-૩૮૦૦ ૦૧.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકાશકીય નિવેદન

જૈન શાસનના મહાન જ્યોતિર્ધર, કલિકાલસર્વજ્ઞ ભગવાન શ્રી હેમચન્દ્રાચાર્યે રચેલ શ્રીત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર–મહાકાવ્યનો ગુજરાતી અનુવાદ, વધુ એક વખત પ્રકાશિત કરી શ્રીસંઘના ચરણે ધરતાં અમે અપાર આનંદ અનુભવીએ છીએ.

છત્રીશ હજાર શ્લોકોમાં પથરાયેલા આ મહાગ્રંથમાં દસ પર્વોમાં ૨૪ તીર્થંકરદેવો, ૧૨ ચક્રવર્તીઓ, ૯ વાસુદેવો, ૯ બળદેવો, ૯ પ્રતિવાસુદેવો–એમ કુલ ૬૩ શલાકા પુરુષોના પૂર્વભવો તથા વિવિધ જીવનપ્રસંગોયુક્ત જીવનચરિત્રો આલેખવામાં આવ્યાં છે. એક રીતે જોઈએ તો આ ગ્રંથ તે જૈન ધર્મના સર્વસંગ્રહની ગરજ સારે તેવો ગ્રંથ છે. આ ગ્રંથમાં ઇતિહાસ છે, ઉપદેશ છે, કથાઓ છે, દ્રવ્યાનુયોગ છે, કર્મશાસ્ત્ર છે, અને આવું તો ઘણું ઘણું છે. સુભાષિતોનો તો આ ગ્રંથ ખજાનો છે.

આવા આ અદ્ભુત ગ્રંથનું ભાષાંતર દાયકાઓ અગાઉ, ભાવનગરની શ્રી જૈન ધર્મ પ્રસારક સભા દ્વારા થયું હતું અને તેના પ્રકાશન દ્વારા આ અણમોલ ગ્રંથને લોકભોગ્ય બનાવવાનું શ્રેય તે સભાને ફાળે જાય છે. તે પ્રકાશન પછી તો આ ગ્રંથની ખૂબ માંગણી થતી રહી, અને તેની નવી નવી અનેક આવૃત્તિઓ પ્રગટ થતી જ રહી છે. અમોએ પણ અગાઉ આ ગ્રંથનું એક વખત પ્રકાશન કર્યું હતું, અને હવે લોકલાગણીને માન આપીને તથા શ્રીમદ્ હેમચન્દ્રાચાર્યની નવમી જન્મશતાબ્દીના પાવન પ્રસંગની સ્મૃતિમાં આ ગ્રંથનું અમે પુનઃ પ્રકાશન કરી રહ્યા છીએ. આશા છે કે અમારા પ્રકાશનને પણ, સુરી સાધર્મિક તેમ જ સાહિત્યરસિક બંધુઓ હર્ષપૂર્વક વધાવી લેશે.

ગ્રંથ પ્રકાશનમાં દૃષ્ટિદોષ કે મતિદોષથી કે પ્રેસદોષથી કોઈ ક્ષતિ રહી ગઈ હોય તો તે સુધારવા તથા તે તરફ અમારું ધ્યાન દોરવાની અમારી વિનંતિ છે.

લિ.

જૈન પ્રકાશન મંદિર વતી
જશવંતલાલ ગી. શાહ
પ્રકાશક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# સમર્પણ

જેઓશ્રીના વાત્સલ્યનીતરતા શુભાશીર્વાદ
અમારી સર્વાંગીણ આબાદી અને
ઉન્નતિના પાયારૂપ બન્યા;
અમારા જેવા અગણિત ભાવિકો ઉપર જ નહિ,
પરંતુ
સમગ્ર શ્રી જૈન સંઘ ઉપર
જેઓશ્રીના અગણિત ઉપકારો છે,
તે પરમદયાળુ સંઘનાયક
પરમપૂજ્ય આચાર્ય ભગવંત


**શ્રી વિજય નંદનસૂરીશ્વરજી મહારાજશ્રીની**
**પ્રણય સ્મૃતિમાં**

જૈન साईट JAINSITE.com जैनम जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# વાત્સલ્ય વારિધિ

## પ. પૂ. આચાર્ય મહારાજ




શ્રી વિજય નંદનસૂરીશ્વરજી મહારાજ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ત્રિષષ્ટિશલાકાપુરુષચરિતઃ લોકભોગ્ય અને વિદ્વદ્‌ભોગ્ય મહાકાવ્ય

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યે આપણા સાહિત્યજગતને જે મહામૂલી કૃતિઓ સમર્પણ કરી, તેમાં ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્રનું સ્થાન અનેરું/વિશિષ્ઠ છે. તે એટલા માટે કે કલિકાલ સર્વજ્ઞની બીજી કૃતિઓ મહાન તો છે જ, પરંતુ તે મહદંશે વિદ્વદ્‌ભોગ્ય–વિદ્વાનો અને મર્મજ્ઞો જ માણી શકે તેવી–છે. જ્યારે પ્રસ્તુત કૃતિ જેટલી વિદ્વદ્‌ભોગ્ય છે, તેટલી જ લોકભોગ્ય પણ બની છે.

આ વાતને વધુ સ્પષ્ટતાથી વિચારીએ.

ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર એ એક મહાકાવ્ય છે. કેમ કે કાવ્ય અને સાહિત્યના શાસ્ત્રોમાં મહાકાવ્યનાં જે લક્ષણો કે વ્યાખ્યાઓ છે, તે તમામ આ મહાકાવ્ય–ગ્રંથને સુપેરે લાગુ પડે છે. વિલક્ષણતા તો એ છે કે બીજાં મહાકાવ્યો પ્રાયઃ તો વિવિધ અને નાના–મોટા છંદોમાં ગૂંથાતાં હોય છે, જ્યારે આ મહાકાવ્ય માત્ર અનુષ્ટુભ્ છંદમાં જ રચાયું છે, અને આટલા નાનકડા છંદમાં ગૂંથાયેલા શ્લોકોમાં પણ પ્રસાદ, માધુર્ય ઓજ કે શબ્દાલંકાર અને અર્થાલંકારોની સભરતા તેમ જ રસાત્મકતા અને ધ્વન્યાત્મકતા એવાં તો છવાયાં છે કે મર્મજ્ઞ વિદ્વાન હોય તો તો મોંમાં આંગળાં જ નાખે.

આપણે ત્યાં ઉપમા કાલિદાસસ્ય–ઉપમા તો કાલિદાસની જ–એવી રૂઢિ સર્વત્ર પ્રસિદ્ધ છે, અને એમાં તથ્ય પણ ઓછું નથી જ. પરંતુ શ્રી હેમચન્દ્રાચાર્યે પ્રસ્તુત મહાકાવ્યમાં ઉપમાઓનો જે વિલક્ષણ, અનુપમ અને વૈવિધ્યસભર કહી શકાય તેવો ઘોષ વરસાવ્યો છે તે તો કાલિદાસને પણ ભૂલવાડી દે તેવો છે, એમ કહેવામાં અતિશયોક્તિ નથી. અને પ્રસ્તુત મહાકાવ્યને વાંચ્યા પછી, કોઈ પણ મર્મજ્ઞ ભાવક, આ વિધાનની યથાર્થતા સ્વીકાર્યા વિના નહિ જ રહે, તે નિઃશંક છે.

આ તો આ મહાકાવ્યની વિશિષ્ટતાનો નમૂનો જ વર્ણવ્યો, આવી તો અઢળક વિશિષ્ટતાઓ આ ગ્રંથમાં પડી છે, જે તેને વિદ્વદ્‌ભોગ્ય મહાકાવ્ય તરીકે સહેજે પ્રસ્થાપિત કરી આપે અને આમ છતાં, આ ગ્રંથની લોકભોગ્યતા પણ કાંઈ જેવી તેવી નથી જ.

સામાન્યતઃ આપણા સંસ્કૃત સાહિત્યમાં વધુમાં વધુ લોકભોગ્ય સાહિત્ય તે પુરાણ-કથાસાહિત્ય છે. અલબત્ત, બીજું સાહિત્ય લોકભોગ્ય નથી એવું નથી, પરંતુ પુરાણકથા-સાહિત્ય પ્રત્યે જનમાનસને વિશેષ પક્ષપાત અને પ્રીતિ છે. એ તથ્ય ને ઉવેખી કેમ શકાય ?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પુરાણકથાઓ તરફ વધુ પ્રીતિ હોવાનું મુખ્ય કારણ એ કે સાહિત્ય લોકહૃદયમાં, ધર્મબોધ, આસ્થા અને સદાચાર જેવાં જીવનમૂલ્યોની, કથારસના માધ્યમ દ્વારા પ્રતિષ્ઠા કરી શકે છે, અને સાથે સાથે તેનામાં સાહિત્યિક ગુણવત્તા તો ભરપૂર હોય જ. અર્થાત્, લોકોનો સાહિત્યરસ જેનાથી જળવાઈ રહે અને વળી જીવનઘડતરના પાઠ પણ શીખવાડે તેવું સાહિત્ય તે લોકભોગ્ય સાહિત્ય, એવું તારવીએ તો તે કાંઈ ખોટું નહિ ગણાય.

પ્રસ્તુત ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર મહાકાવ્ય પણ, પુરાણકથાસાહિત્યની આવી સઘળી વિશેષતાઓ ધરાવતું મહાકાવ્ય છે. અને તેથી તે વિદ્વદ્‌ભોગ્ય હોવાની જેમ જ લોકભોગ્ય પણ બની રહે છે.

આ મહાકાવ્યની લોકભોગ્યતાનો સબળ પુરાવો એ જ કે તેની રચના થયા પછી તે વ્યાપકપણે વંચાતું-ભણાતું-લખાતું-છપાતું રહ્યું છે. આ મહાકાવ્યનું ગદ્યમાં પણ બે બે વખત રૂપાંતર થયું છે. અને આ મહાકાવ્યના ગુજરાતી-હિંદી-અંગ્રેજી અનુવાદો તેમ જ આ ગ્રંથના પ્રાકૃત ગદ્યાત્મક રૂપાંતર પણ થયેલ છે.

પ્રસ્તુત ગુજરાતી અનુવાદ દાયકાઓ અગાઉ શ્રી જૈન ધર્મ પ્રસારક સભાના આશ્રયે શ્રાવક પંડિત શ્રી કુંવરજી આણંદજી જેવા પ્રકાંડ ધર્મજ્ઞ પુરુષે કર્યો છે. અને દાયકાઓથી આ અનુવાદ વારંવાર છપાતો રહ્યો છે અને જિજ્ઞાસુઓ તેનો સતત બહોળો ઉપયોગ કરતા જ રહ્યા છે. અનેક વખત છપાયા છતાં વધુ એક વખત આ અનુવાદ છપાય છે તે જ તેની લોકભોગ્યતા અને લોકપ્રિયતાનો ઉત્તમ પુરાવો છે.

આ અનુવાદના પુનઃ પ્રકાશન દ્વારા શ્રી હેમચન્દ્રાચાર્યની પ્રતિભાને અંજલિ આપવાના પ્રકાશકના પ્રયાસને અભિનંદન આપવા સાથે વિરમું છું.

શીલચન્દ્ર વિજય
સં. ૨૦૪૬, માગશર વદિ ૭,
તા. ૧૯-૧૨-'૮૯, ગોધરા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રસ્તાવના.

જૈન પુસ્તકોમાં જે જ્ઞાનનો ભંડાર સમાયેલો છે તેના ચાર વિભાગો કરવામાં આવ્યા છે. દ્રવ્યાનુયોગ, કથાનુયોગ, ગણિતાનુયોગ અને ચરણકરણાનુયોગ. દ્રવ્યાનુયોગમાં ફિલોસોફી એટલે વસ્તુસ્વરૂપનું જ્ઞાન આવી જાય છે. જીવ સંબંધી વિચાર, ષટ્દ્રવ્ય સંબંધી વિચાર, કર્મ સંબંધી વિચાર અને ટૂંકામાં કહીએ તો સર્વ વસ્તુઓની ઉત્પત્તિ, સ્થિતિ, નાશ વિગેરેનો તાત્વિક બોધ-એનો આ વર્ગમાં સમાવેશ થાય છે. આ અનુયોગ બહુ કઠીન છે અને તેને સરલ કરવાના ઉપાયો આચાર્યોએ યોજ્યા છે. આ અનુયોગમાં અતીંદ્રિય વિષયોનો સમાવેશ થઈ જાય છે, અને તેથી તેનું રહસ્ય સમજવામાં મુશ્કેલી પડે એ તદ્દન સ્વાભાવિક છે. ત્યારપછી કથાનુયોગ આવે છે. આ જ્ઞાનનિધિમાં મહાત્મા પુરુષોનાં જીવનચરિત્રો અને તે દ્વારા ઉપદેશ—પ્રસાદી ચખાડવામાં આવે છે. ત્રીજા અનુયોગમાં ગણિતનો વિષય આવે છે. તેમાં ગણતરીનો વિષય એટલે ક્ષેત્રનું પ્રમાણ, જ્યોતિષચક્રનું વર્ણન ઈત્યાદિ અનેક હકીકતો આવે છે તેમજ આઠ પ્રકારના ગણિતનો પણ તેમાં સમાવેશ કરેલો છે. ચોથા અનુયોગમાં ચરણસીત્તરી અને કરણસીત્તરીનું વર્ણન અને તત્સંબંધી વિધિ વિગેરે બતાવેલ છે. આ ચાર અનુયોગ પર સૂત્રો અને અનેક ગ્રંથો લખાયા છે તેમાંથી ઘણાનો નાશ થયો છે, છતાં પણ હજુ ઘણા જૈન ગ્રંથો વિદ્યમાન છે અને તે સર્વમાં એક અથવા તેથી વધારે અનુયોગ પર વિવેચન કરવામાં આવેલું હોય છે.

અમે અત્રે પ્રયાસ કરી જે ભાષાંતર બહાર પાડ્યું છે તે ગ્રંથ ચરિતાનુયોગનો છે. ચરિતાનુયોગથી લાભ એ છે કે—તે સાધારણ વ્યક્તિ અને વિદ્વાન્ સર્વને એકસરખો લાભ કરી શકે છે. સર્વ મનુષ્યોનું બુદ્ધિબળ સરખું કામ કરી શકતું નથી. અને ખાસ કરીને દ્રવ્યાનુયોગ જેવા ગહન વિષયમાં તો તદ્દન સામાન્ય બુદ્ધિ બહુ ઓછું કામ કરી શકે છે. અવલોકન કરનારાઓને જણાયું હશે કે જ્યારે ધાર્મિક ઊંડા સવાલો પર વ્યાખ્યાનો ચાલે છે ત્યારે કેટલાક બગાસાં ખાય છે. પણ કથાના વિષય પર સર્વને એક સરખો આનંદ આવે છે: એટલું જ નહિ પણ તે જ કથા ઘણા રસથી યાદ રાખી સાંજના ઘરનાં માણસોને, પાડોશીને અથવા દેવમંદિરમાં બીજાઓને સંભળાવવામાં આવે છે અને તેના સાંભળનારાઓ આનંદ પામે છે. દીર્ઘ અવલોકન કરનારા શાસ્ત્રકારો મનુષ્યસ્વભાવની આ કૂંચી પામી ગયા અને તેનો લાભ લેવાનો પૂરતો વિચાર કર્યો, તેઓને લોકો ઉપર ઉપકાર કરવાની એકાંત બુદ્ધિ હતી અને તે ઉત્તમ હેતુથી દોરવાઈને તેઓએ કથાની સાથે ધર્મનાં મુખ્ય ફરમાનો, વર્તનના ઊંચા નિયમો અને જીવનના ઊંચા ઉદ્દેશો જોડી દીધા. આ તો સ્પષ્ટ વાત છે કે—એક મનુષ્યને એમ કહેવામાં આવે કે 'પ્રમાણિકપણે જીવન ગાળવામાં બહુ લાભ છે' તેના કરતાં પ્રમાણિકપણે જીવન ગાળનાર અમુક વ્યક્તિને અમુક વધારે લાભ થયો છે, એમ બતાવી આપવામાં આવે તો તે તેના પર વધારે અસર કરે છે. આ નિયમને અનુસરીને જ ઉત્તમ પુરુષોની કથાઓ રચવામાં આવી છે. જ્યારે લોકોમાં દ્રવ્યાનુયોગનો વિષય વંચાતો ઓછો થતો ગયો, લોકો જ્યારે આ અગત્યના વિષયના અભ્યાસમાં ઓછા થવા લાગ્યા ત્યારે આચાર્યોએ બનેલા બનાવોની ઉપયોગી કથાઓ સાથે ધાર્મિક વિષયો જોડી દીધા, અને સંસ્કૃત ગદ્ય તથા પદ્યમાં કથાઓરૂપે બોધદાયક વૃત્તાંતો મૂકી દીધાં. છેવટે પ્રાકૃતમાં પણ કથાઓ રચી, અને આખરે અભ્યાસ બહુ મંદ સ્થિતિ પર આવી ગયો ત્યારે રાસ વિગેરે પણ પ્રાકૃત અને ગુજરાતીમાં

જૈન સાઇટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રચવામાં આવ્યા. આ કથાનુયોગથી અનેક જીવો પર ઉપકાર થયો અને થાય છે. બેકન તત્ત્વજ્ઞાનના અભ્યાસને Drylight કહે છે અને તેના તરફ લોકોનું ધ્યાન ઓછું ખેંચાય એ તદ્દન બનવાજોગ છે, પણ કલ્પનાશક્તિ સામાન્ય વ્યક્તિઓમાં વધારે બળવાન હોય છે અને કથાનુયોગમાં કલ્પનાશકિતનો બહુ ઉપયોગ કરવો પડે છે; તેથી તે સામાન્ય વર્ગને બહુ આનંદ આપે છે. આટલા ઉપરથી જણાયું હશે કે કથાનુયોગ સામાન્ય બુદ્ધિના માણસો પર બહુ લાભ કરે છે. બુદ્ધિબળનો વૈભવ ધારણ કરનારને પણ તે બહુ અસર કરે છે; કારણ કે થાકેલા મગજને તેથી વિશ્રાંતિ અને ટેકો મળે છે. આવી રીતે કથાનુયોગથી સર્વને એકસરખો લાભ મળે છે, તેથી તેનું ઉપયોગીપણું જૈનગ્રંથકારો સારી રીતે અસલથી જ સ્વીકારતા આવ્યા છે.

હેમચંદ્રાચાર્ય એક મહાન્ આચાર્ય થઈ ગયા છે. તેઓએ કુમારપાળ રાજાને બોધ આપી, જૈનધર્મી બનાવી, આખા દેશમાં જૈનધર્મનો વિજયવાવટો ફરકાવ્યો છે અને તેઓનો ઉપકાર એટલો બધો છે કે અત્યારે કોઈ પણ જૈન તેઓનું નામ બહુ મગરૂબીથી લેશે. આ મહાન્ આચાર્યને કુમારપાળ ભૂપાળે વિનંતિ કરી તે પરથી આ ગ્રંથ દશ પર્વ (વિભાગ)માં લખાયો એમ જણાય છે. આ સંબંધમાં તેઓ પોતે જ દશમા પર્વની પ્રશસ્તિમાં લખે છે કે—"ચેદી, દશાર્ણ, માલવ, મહારાષ્ટ્ર, સિંધુ અને બીજા દુર્ગમ દેશોને પોતાના ભુજવીર્યની શકિતથી હરિની જેમ જીતનાર, પરમાર્હત્, વિનયવાન અને ચૌલુકયના કુળમાં થયેલા કુમારપાળ રાજાએ એક વખતે તે (હેમચંદ્ર)સૂરિને નમીને કહ્યું કે—'સ્વામિન્! નિષ્કારણ ઉપકાર કરવાની બુદ્ધિવાળા આપની આજ્ઞાથી નરકગતિના આયુષ્યનાં નિમિત્ત કારણ મૃગયા, દ્યૂત, મદિરા વિગેરે દુર્ગુણોનો મારી પૃથ્વીમાંથી મેં નિષેધ કર્યો છે તથા પુત્રરહિત મૃત્યુ પામેલાનું ધન લેવું પણ મેં છોડી દીધું છે અને બધી પૃથ્વી અર્હંતના ચૈત્યોવડે સુશોભિત કરી દીધી છે તો હવે હું સાંપ્રતકાળનાં સંપ્રતિરાજા જેવો થયો છું. અગાઉ મારા પૂર્વજ સિદ્ધરાજની ભકિતયુકત યાચનાથી વૃત્તિયુકત સાંગ વ્યાકરણ(સિદ્ધહૈમવ્યાકરણ) આપે રચેલું છે, મારે માટે નિર્મળ યોગશાસ્ત્ર રચેલું છે અને લોકોને માટે દ્વયાશ્રયકાવ્ય, છંદાનુશાસન, કાવ્યાનુશાસન અને નામસંગ્રહ (અભિધાન-ચિંતામણિ વિગેરે કોષ) પ્રમુખ બીજાં શાસ્ત્રો પણ રચેલાં છે. હે સ્વામિન્! તમે સ્વયમેવ લોકો પર ઉપકાર કરવા માટે સજ્જ થયા છો, તથાપિ મારી પ્રાર્થના છે કે–મારા જેવા મનુષ્યોને પ્રતિબોધ થવા માટે ત્રેસઠ શલાકા પુરુષોનાં ચરિત્ર પ્રકાશ કરો.' કુમારપાળ રાજાના આવા આગ્રહથી શ્રી હેમચંદ્રાચાર્યે ધર્મોપદેશ જેનું એક પ્રધાનફળ છે એવું આ ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર વાણીના વિસ્તારમાં સ્થાપિત કર્યું. આવી રીતે કુમારપાળના આગ્રહથી લખાયેલો આ ગ્રંથ અત્યુત્તમ હોય તેમાં કાંઈ પણ નવાઈ નથી. કલિકાળસર્વજ્ઞનું બિરુદ ધારણ કરનાર મહાત્માનો લેખ અને કુમારપાળ જેવા પરમાર્હત્ રાજાના આગ્રહથી અને તેને બોધ થવાના ઉદ્દેશથી લખાયેલો ગ્રંથ કાવ્યચમત્કૃતિનો અને કથાવિષયનો નમૂનો બને એમાં કાંઈ પણ આશ્ચર્ય જેવું નથી.

આ ગ્રંથની ખૂબીઓ તરફ ધ્યાન આપીએ તો તેમાં હેમચંદ્રાચાર્યની બુદ્ધિની વિશાળતા, વિસ્તૃત સ્મરણશકિત અને પ્રશંસનીય પૃથક્કરણ શકિત એ ખાસ ધ્યાન ખેંચનારા થઈ પડે છે. હેમચંદ્રાચાર્ય પોતે વ્યાકરણ, કોષ, કાવ્ય અને અલંકારના કર્તા હોવાથી તેઓમાં શબ્દદોષ આવે કે તાણીતોડીને આશય લાવવાનો અફલિત પ્રયાસ કરવો પડે એવું તો સંભવિત જ નથી. આ ગ્રંથમાં એટલાં બધાં ચરિત્રોનો સમાવેશ કરવામાં આવ્યો છે કે વાંચનાર વિચારમાં પડી જાય છે. સ્થાનોનાં વર્ણનો અને લશ્કરની વ્યૂહરચના તથા સેનાના પ્રવાસનું વર્ણન અદ્ભુત આપેલું છે. પ્રભુના કલ્યાણકોના મહોત્સવો,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચક્રીનો દિગ્વિજય અને દેવકૃત સમવસરણની રચનાનું ચિત્તાકર્ષક વર્ણન વાંચતાં તે સમય, તે સ્થાનો, તે ચિત્ર હૃદય પર ખડું થાય છે અને જરા પણ લાગણીવાળો મનુષ્ય આપણા લોકો ચોથા આરાનું સુખ કહે છે તેનો ક્ષણભર અનુભવ કરે છે. અત્ર તેનું વિશેષ વિવેચન ન કરતાં વાંચનારની કલ્પનાશકિત પર છોડી બીજી રીતે વિચારીએ તો દરેક પ્રભુની ઇંદ્રે કરેલી સ્તુતિ અને દરેક પ્રભુની દેશના પર ખાસ ધ્યાન ખેંચાય છે. આ ગ્રંથના મૂળ દશ વિભાગ કરેલા છે અને તેને પર્વ એવી સંજ્ઞા આપેલી છે. તે દશ પર્વોમાં સૂરિએ એવી ખૂબી કરી દીધી છે કે તેથી સર્વ સિદ્ધાંતનું રહસ્ય સમજાઈ જાય. જુદા જુદા પ્રભુની દેશનામાં નયોનુ સ્વરૂપ, ક્ષેત્રસમાસ, જીવવિચાર, કર્મસ્વરૂપ, આત્માનું અસ્તિત્વ, બાર ભાવના, સંસાર પર વૈરાગ્ય, જીવનની અસ્થિરતા અને ટૂંકામાં બોધ તેમજ જ્ઞાનના સર્વ વિષયો એવી સરળતાથી અને ચિત્તાકર્ષક ભાષામાં સમાવ્યા છે કે કથાનુયોગનો ઊંચો લાભ આપવા સાથે બહુ ભારે બોધ આપી વાંચનારને પોતાની ફરજ તરફ જાગૃત કરી દીધા છે. આ પ્રસંગે એટલું લખવું વાસ્તવિક છે કે કથાનુયોગના ચિત્રકાર તરીકે હેમચંદ્રાચાર્ય પૂરેપૂરા ફતેહમંદ ઉતર્યા છે, અને તેઓનું ચિત્ર તદ્દન દોષ રહિત હોઈ વાંચનાર અને સાંભળનારને આનંદ સાથે બોધ આપે છે.

કવિ તરીકે તેઓની ફત્તેહ પાશ્ચિમાત્ય વિદ્વાનો પણ સ્વીકારી ચૂક્યા છે અને પરિશિષ્ટ પર્વની પ્રસ્તાવનામાં પ્રો. જેકોબી કવિ તરીકે તેમને ઉત્તમ સ્થાન આપે છે. તે પ્રોફેસર તેમને માટે લખે છે કે "શબ્દાનુશાસન જેવા મહાવ્યાકરણના રચનાર, અભિધાનચિંતામણિ જેવા કોષના રચનાર અને છંદાનુશાસન જેવા પિંગળના રચનાર તથા કાવ્યાનુશાસન જેવા કાવ્યો પર ગ્રંથો રચનારની વિદ્વત્તા કોઈ પણ પ્રકારની ભૂલો દૂર કરવાને માટે પૂરતી હતી. છેવટે તે લખે છે કે—**Still he has done his work cleverly and he has succeeded in producing a narrative which the reader will paruse with as much pleasure and interest as many works of greater pretension.** (આટલું છતાં હેમચંદ્રાચાર્યે આ ગ્રંથ અતિ નિપુણતાથી રચેલો છે અને પોતાની કથા વાંચકવર્ગ સમક્ષ મૂકવામાં તેઓ એટલા બધા ફત્તેહમંદ થયા છે કે આથી વધારે સારા ગ્રંથો હોવાનો સંભવ ન રાખતાં અપૂર્વ પુસ્તકોની જેટલા જ આનંદ અને હોંશથી વાંચનાર આ ગ્રંથ વાંચશે.)"

અમે કેટલીક તપાસ કર્યા પછી એવા નિર્ણય પર આવ્યા છીએ કે આ ગ્રંથ સંવત ૧૨૨૦ માં લખાયો છે. એ સંબંધી યોગ્ય પુરાવા અને દલીલો શ્રી હેમચંદ્રાચાર્યના ચરિત્રમાં વિસ્તારથી આપવામાં આવી છે.

રાજ્યવહીવટની દરેક બાબત પર ધ્યાન રાખનાર, રાજ્યસભામાં દરરોજ જનાર અને સતત ગ્રંથ રચવાના અભ્યાસી એવા અસાધારણ બુદ્ધિબળવાળા કલિકાળમાં સર્વજ્ઞતુલ્ય થયેલા આ સૂરિએ રાજસભામાંથી ઉપાશ્રયે આવતાં જ હાથમાં કલમ લઈ જે અનુપમ ગ્રંથો બનાવ્યા છે તે ખરેખર જૈન કોમનો મોટો વારસો છે અને તે વારસો જાળવી રાખવા માટે જૈન કોમે તત્પર તેમજ મગરૂબ થવું જોઈએ.

આ પ્રમાણે દશે પર્વની ઉપયોગિતા અને ગ્રંથકર્તાની ખૂબીનું જરા જરા ચિત્ર આપી હવે આ ગ્રંથના દશ પર્વોમાં ત્રેસઠ મહાપુરુષોનાં ચરિત્રો કેવી રીતે સમાવ્યાં છે તે બતાવવાની આવશ્યકતા છે.

૧ <u>પહેલા પર્વમાં</u> શ્રી આદીશ્વર પ્રભુ અને ભરતચક્રી મળી બે મહાપુરુષોનાં ચરિત્રો છે.

૨ <u>બીજા પર્વમાં</u> શ્રી અજિતનાથજી તથા સગરચક્રી મળી બે મહાપુરુષોનાં ચરિત્રો છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૩ ત્રીજા પર્વમાં શ્રી સંભવનાથજીથી શીતળનાથજી પર્યંત આઠ તીર્થંકરોનાં ચરિત્રો છે.

૪ ચોથા પર્વમાં શ્રી શ્રેયાંસનાથજીથી ધર્મનાથજી સુધી પાંચ તીર્થંકરોનાં અને પાંચ પાંચ વાસુદેવ, બળદેવ અને પ્રતિવાસુદેવનાં તથા મઘવા ને સનત્કુમાર એ બે ચક્રીનાં મળી ૨૨ મહાપુરુષોનાં ચરિત્રો છે.

૫ પાંચમા પર્વમાં શ્રી શાંતિનાથનું જ ચરિત્ર છે, પણ તેઓ એક ભવમાં તીર્થંકર ને ચક્રી એમ બે પદવીવાળા થયેલા હોવાથી બે ચરિત્ર ગણેલાં છે.

૬ છઠ્ઠા પર્વમાં શ્રી કુંથુનાથજીથી મુનિસુવ્રતસ્વામી પર્યંત ચાર તીર્થંકરોનાં, ચાર ચક્રીનાં અને બે-બે વાસુદેવ, બળદેવ અને પ્રતિવાસુદેવનાં મળી કુલ ૧૪ મહાપુરુષોનાં ચરિત્રો છે. તેમાં પણ ચાર ચક્રીમાં બે તો કુંથુનાથજી તથા અરનાથજી જ તે ભવમાં ચક્રી પણ થયેલા હોવાથી તેમને ગણેલા છે.

૭ સાતમા પર્વમાં શ્રી નમિનાથજી, દશમા તથા અગિયારમા ચક્રી અને આઠમા બળદેવ, વાસુદેવ અને પ્રતિવાસુદેવ-રામ, લક્ષ્મણ તથા રાવણનાં ચરિત્ર મળી ૬ મહાપુરુષોનાં ચરિત્રો છે. આ પર્વનો મોટો ભાગ રામચંદ્રાદિનાં ચરિત્રમાં રોકાયેલો હોવાથી તે જૈન રામાયણ તરીકે ઓળખાય છે.

૮ આઠમા પર્વમાં શ્રીનેમિનાથજી તથા નવમા વાસુદેવ, બળદેવ ને પ્રતિવાસુદેવ-કૃષ્ણ, બળભદ્ર તથા જરાસંધના મળી ૪ મહાપુરુષોનાં ચરિત્રો છે. પાંડવો નેમિનાથજીના સમકાલીન હોવાથી તેમનાં ચરિત્રોનો સમાવેશ પણ આ પર્વમાં કરેલો છે.

૯ નવમા પર્વમાં શ્રીપાર્શ્વનાથજી તથા બ્રહ્મદત્ત નામના બારમા ચક્રીના મળી બે મહાપુરુષોનાં ચરિત્રો છે.

૧૦ દશમા પર્વમાં શ્રી મહાવીરસ્વામી ભગવંતનું ચરિત્ર જ છે, પણ પ્રસંગોપાત શ્રેણિક, અભયકુમારાદિક અનેક મહાપુરુષોનાં ઘણાં વિસ્તારવાળાં ચરિત્રો તેમાં આપેલાં છે. આ પર્વ બધાં પર્વો કરતાં મોટું છે અને શ્રી વીરભગવંતનું ચરિત્ર આટલા વિસ્તારથી બીજા કોઈ ગ્રંથમાં ઉપલબ્ધ નથી.

આ પ્રમાણે દશ પર્વમાં મળી ૬૩ શલાકા પુરુષોનાં ચરિત્રોનો સમાવેશ કરવામાં આવેલો છે, તેનું યંત્ર પણ આ પ્રસ્તાવનાની પ્રારંભમાં આપેલું છે.

આ ત્રેસઠ મહાપુરુષો 'શલાકા પુરુષ' એટલા માટે કહેવાય છે કે તેમના મોક્ષગમનનો ચોક્કસ નિર્ણય થયેલો છે. ચોવીશ તીર્થંકરો તો તદ્ભવમોક્ષગામી હોય છે, ચક્રવર્તીમાં જે તે ભવમાં ચારિત્ર ગ્રહણ કરે છે તે સ્વર્ગે અથવા મોક્ષે જાય છે અને જે સંસારમાં જ રહે છે તે નરકે જાય છે. આ ચોવીશીમાં થયેલા ૧૨ ચક્રીમાંથી સુભૂમ ને બ્રહ્મદત્ત બે ચક્રી મહાપાપારંભ કરી નરકે ગયેલા છે, પણ તે આગામી ભવે અવશ્ય મોક્ષે જનારા છે. વાસુદેવ ને પ્રતિવાસુદેવ તો તે ભવમાં નરકે જ જાય છે, કારણ કે તે સંસારમાં બહુ ખૂંચેલા હોય છે ને સંસાર ત્યજી શકતા નથી; પણ આગામી ભવે તેઓ જરૂર મોક્ષે જનારાં છે. નવ બળદેવ ઉત્તમ જીવો હોવાથી વાસુદેવના કાળ કરી ગયા પછી ૭ માસે સ્નેહબંધન તૂટવાથી ચારિત્ર ગ્રહણ કરે છે અને સ્વર્ગે અથવા મોક્ષે જાય છે. સ્વર્ગે જનારા બળદેવો આગામી ભવે મોક્ષે જાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રી કાળસિત્તરી પ્રકરણમાં ૧૧ રૂદ્ર તથા ૯ નારદનો પણ સમાવેશ કરી ૮૩ની સંખ્યા કરેલી છે. દરેક ચોવીશીમાં ૧૧ રૂદ્ર થાય છે. આ ચોવીશીમાં ૧૧ મા રૂદ્ર સત્યકી શ્રી મહાવીરસ્વામીના સમયમાં થયેલા છે, જે 'શિવ'ના નામથી પ્રખ્યાતિ પામેલા છે અને દરેક વાસુદેવના સમયમાં એકેક નારદ થતા હોવાથી ૯ નારદ થાય છે.

આ ગ્રંથમાં બતાવેલા ૬૩ શલાકાપુરુષોમાં જીવ ૫૯ અને સ્વરૂપ ૬૦ છે; એટલે કે શ્રી શાંતિનાથજી, કુંથુનાથજી તથા અરનાથજી તે જ ભવમાં ચક્રવર્તી પણ થયેલા હોવાથી તે ત્રણ બાદ કરતાં ૬૦ સ્વરૂપ (શરીર) થાય છે અને શ્રી મહાવીરસ્વામીનો જીવ જ પહેલા વાસુદેવ ત્રિપૃષ્ઠ તરીકે થયેલ હોવાથી કુલ ચાર બાદ કરતાં ૫૯ જીવ થાય છે.

જીવો અનાદિ કાળથી ભવભ્રમણ કરતાં હોવાથી તેના ભવ તો અનંતા થાય છે; પરંતુ જ્યારે તે સમકિત પામે છે ત્યારપછીના ભવ ગણત્રીમાં ગણાય છે. વધારેમાં વધારે અર્ધા પુદ્દગળપરાવર્તનની અંદર તો સમકિત પામ્યા પછી મોક્ષે જાય જ છે. તીર્થંકરના જીવો સમકિત પામ્યા પછી તેટલું ભવભ્રમણ કરતા નથી. એક મહાવીરસ્વામીનો જીવ ક્રોડાક્રોડ સાગરોપમ ઉપરાંત સમકિત પામ્યા પછી સંસારમાં રહ્યો છે, બીજા તીર્થંકરના જીવો તો બહુ થોડા કાળમાં—થોડા ભવમાં સમકિત પામ્યા પછી મોક્ષે ગયા છે. આ ચરિત્રગ્રંથમાં દરેક પ્રભુ સમકિત પામ્યા તે ભવથી પ્રારંભીને તેમનાં ચરિત્ર વર્ણવેલાં છે જેમકે શ્રી ઋષભદેવ પ્રભુ તેરમા ભવે ધનસાર્થવાહના ભવમાં સમકિત પામ્યા ત્યારથી તેમનું ચરિત્ર વર્ણવેલ છે.

દરેક તીર્થંકરનામકર્મ ત્રીજા ભવે જ બાંધે છે (નિકાચીત કરે છે) અને તે વીશ સ્થાનક પૈકી એક અથવા વધારે યાવત્ વીશે સ્થાનકો આરાધનાથી બંધાય છે. એ વીશ સ્થાનકોનું વર્ણન પહેલા સર્ગમાં છેવટના ભાગમાં આપેલું છે.

આ ગ્રંથ મહાકાવ્ય હોવાથી તેમાં મહાકાવ્યના લક્ષણ પ્રમાણે દરેક બાબત સમાવેલી છે. છએ ઋતુનું વર્ણન, નાયક નાયિકાના રૂપ વિગેરેનું વર્ણન, દેશ નગરાદિનું વર્ણન, યુદ્ધનું વર્ણન વિગેરે દરેક પર્વમાં પૃથક્ પૃથક્ પ્રસંગે સમાવેલ છે. આ ગ્રંથના સંબંધમાં જેટલું લખીએ તેટલું થોડું છે, કારણ કે કર્તાપુરુષ મહાવિદ્વાન્ અને દરેક વિષયમાં પરિપૂર્ણ તેમજ વ્યાકરણાદિના આદ્યકર્તા જેવા હોવાથી આ ગ્રંથમાં કોઈ વાત બાકી રાખેલી નથી. આ આખા ગ્રંથમાંથી પ્રભુની સ્તુતિઓ અને પ્રભુએ આપેલી દેશનાઓનો જૂદો સંગ્રહ કરવામાં આવે તો તેની અંદર જિનપ્રવચનની સર્વ બાબતો સમાઇ જાય તેમ છે.

અહીં સુધી આખા ગ્રંથ સંબંધી હકીકત પ્રદર્શિત કરવામાં આવી. હવે આ બુકમાં સમાવેલા પહેલા તથા બીજા પર્વની અંદર ખાસ ધ્યાન આપવા લાયક બાબતો શું શું સમાવી છે તે જણાવીએ છીએ. વિશેષ તો વિષયાનુક્રમ વાંચવાથી જાણી શકાય તેમ છે અને તેથી વિશેષ સાદ્યંત ચરિત્ર વાંચવાથી જાણી શકાય તેમ છે.

પહેલા તથા બીજા પર્વમાં ૭ ૭ સર્ગો છે. પહેલા પર્વના ૭ સર્ગમાં નીચે પ્રમાણે બાબતો સમાવી છે.

૧ પહેલા સર્ગમાં શ્રી ઋષભદેવજીના પ્રથમના ૧૨ ભવોનું વર્ણન આપેલ છે, તેમાં ખાસ ધ્યાન આપવા લાયક શ્રી ધર્મઘોષસૂરિની દેશના છે, જેમાં દાનશીલાદિ ચારે પ્રકારના ધર્મોનું વર્ણન આપેલ છે. ત્યાર પછી મહાબળ રાજાની સભામાં મંત્રીઓનો ધાર્મિક સંવાદ લક્ષપૂર્વક વાંચવા લાયક છે; તેમાં ખાસ નાસ્તિક મતનું મંડન ને ખંડન ધ્યાન આપવા યોગ્ય છે. ત્યાર પછી મુનિઓને પ્રાપ્ત થતી લબ્ધિઓનું તથા વીશ સ્થાનકોનું વર્ણન છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૨ બીજા સર્ગમાં કુલકરોત્પત્તિ અને શ્રી ઋષભદેવ ભગવંતના જન્મથી દીક્ષા લેવાની ઇચ્છા થવા સુધી હકીકત આપેલી છે. તેમાં પ્રારંભમાં આપેલી પહેલા કુલકર વિમળવાહનના પૂર્વભવની—સાગરચંદ્રની કથા વાંચવા લાયક છે. તેમાં દુર્જનો કેવી દુર્જનતા કરે છે અને સતી કેવી સહનશીલતા વાપરે છે તેનો આબેહૂબ ચિતાર છે. ભગવંતનો દેવદેવીકૃત જન્મોત્સવ બહુ વિસ્તારથી વર્ણવેલો છે, અને પ્રભુના તથા સુનંદાના રૂપનું વર્ણન પણ વિસ્તારથી કરેલું છે. ભગવંતનો દેવકૃત વિવાહમહોત્સવ વાંચવા લાયક છે અને છેવટે આપેલું વસંતઋતુનું વર્ણન કર્તાની વિદ્વાન તરીકેની ખૂબી બતાવી આપવા માટે પૂરતું છે.

૩ ત્રીજા સર્ગમાં પ્રભુનો દીક્ષામહોત્સવ, કેવળજ્ઞાન અને દેશનાનો સમાવેશ કરવામાં આવેલો છે. તેમાં ઇંદ્રકૃત દીક્ષામહોત્સવનું તથા કેવળજ્ઞાન પામ્યા બાદ ચાર નિકાયના દેવોએ મળીને કરેલા સમવસરણનું વૃત્તાંત સવિસ્તર આપેલું છે. ત્યારબાદ ભગવંતની દેશના આપેલી છે, તે પૂરતા લક્ષથી વાંચવા યોગ્ય છે; કારણ કે તેની અંદર જ્ઞાન–દર્શન–ચારિત્રની વ્યાખ્યા બહુ સારી રીતે આપેલી છે.

૪ ચોથા સર્ગમાં ભરતચક્રીએ કરેલા દિગ્વિજયનું વર્ણન સમાવેલું છે. તે સર્ગની પ્રાંતે ભરતચક્રીએ પોતાના ૯૮ ભાઇઓને બોલાવેલા તેઓ તેની પાસે ન જતાં, પ્રભુ પાસે ગયા અને પ્રભુને ભરતચક્રીની કૃતિ સંબંધી વિજ્ઞાપના કરી, જેથી પ્રભુએ તેઓને અત્યુત્તમ ઉપદેશ આપેલો છે તે ખરેખર ધ્યાન દઇને વાંચવા યોગ્ય છે.

૫ પાંચમા સર્ગમાં બાહુબલિ સાથેના વિગ્રહનું વર્ણન છે, તેમાં સુવેગ દૂતે બાહુબલિને કહેલ યુક્તિવાળો સંદેશો અને તેનો બાહુબલિએ આપેલ યોગ્ય ઉત્તર વાંચવા યોગ્ય છે. રણસંગ્રામની વિધિનું આમાં ખાસ અનુભવ આપે તેવું વર્ણન આપેલું છે અને યુદ્ધ અટકાવનાર દેવો સાથે ભરત અને બાહુબલિને થયેલ ઉત્તર પ્રત્યુત્તર ખાસ ધ્યાન ખેંચનારા છે.

૬ છઠ્ઠા સર્ગમાં ભગવંતના કેવળીપણાના વિહારનું વર્ણન છે અને યાવત્ ભગવંતના તથા ભરતચક્રીના નિર્વાણ પર્યંતની હકીકત સમાવીને પહેલા પર્વની સમાપ્તિ કરેલી છે. તેમાં અષ્ટાપદનું અને શત્રુંજયનું તથા અષ્ટાપદ ઉપર ભરતચક્રીએ કરાવેલા સિંહનિષદ્યા પ્રાસાદનું વર્ણન ખાસ વાંચવા લાયક છે. ત્રેશઠ શલાકા પુરુષનાં નામ, માતા, પિતા, નગરી, આયુ, અંતર વિગેરે અનેક બાબતો આ સર્ગમાં ભગવંતની દેશનામાં સમાવેલ છે. પ્રાંતે ભરતચક્રીને આદર્શભુવનમાં કેવળજ્ઞાન ઉત્પન્ન થયાનું વર્ણન પૂરતું આકર્ષણ કરે તેવું આપેલું છે, દરેક સર્ગમાં જ્યાં જ્યાં પાંચે કલ્યાણક વિગેરે પ્રસંગોમાં ઇંદ્ર તથા ભરતચક્રી વિગેરેએ પ્રભુની સ્તુતિ કરેલી છે તે ધ્યાન દઈને વાંચવા લાયક છે; કારણ કે તેમાં અનેક બાબતોનો સમાવેશ કરેલો છે.

બીજા પર્વના ૭ સર્ગમાં નીચે જણાવેલી બાબતો સમાવી છે, તેમાં ખાસ ધ્યાન આપવા યોગ્ય શું શું છે તે પણ આ નીચે જણાવ્યું છે.

૧ પહેલા સર્ગમાં અજિતનાથજીના પૂર્વભવનું વર્ણન આપેલું છે. તેમાં વિમલવાહન રાજાના વૈરાગ્યવાસનાવાળા વિચાર, મંત્રીઓ અને પુત્ર સાથે તેમને થયેલ ઉત્તર–પ્રત્યુત્તર, અરિંદમાચાર્યે આપેલી દેશના અને આઠ પ્રવચનમાળા તથા બાવીશ પરિષહોનું વર્ણન ધ્યાન દઈને વાંચવા લાયક છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૨ બીજા સર્ગમાં ભગવંતના ને સગરચક્રીના જન્મ સંબંધી હકીકત આપેલી છે. તેમાં પ્રભુનો દેવદેવીએ કરેલ જન્મોત્સવ બહુ વિસ્તારથી વર્ણવેલો છે; પરંતુ તેમાં ખૂબી એ છે કે-પહેલા પર્વમાં આપેલ વર્ણન કરતાં આમાં આપેલ વર્ણન જુદા જ પ્રકારનું છે કે જેથી પુનરાવૃત્તિ કહેવાય તેમ નથી. જિતશત્રુ રાજાએ કરેલ જન્મોત્સવ પણ વાંચવા લાયક છે.

૩ ત્રીજા સર્ગમાં ભગવંતની ને સગરકુમારની બાલ્યાવસ્થા, યુવાવસ્થા અને ભગવંતની રાજ્યસ્થિતિ, દીક્ષા તથા કેવળજ્ઞાન અને તેમણે આપેલ દેશના સમાવેલ છે. તેમાં ભગવંતને થયેલ વિચારણા તથા સગર સાથે થયેલ ઉત્તર-પ્રત્યુત્તર વાંચવા લાયક છે. દીક્ષામહોત્સવ વિસ્તારથી વર્ણવેલો છે. ભગવંતની સ્તુતિ આકર્ષણ કરે તેવી છે અને ભગવંતની દેશનામાં તો હદ વાળી છે. આવી વિસ્તારવાળી દેશના કોઈ પણ ગ્રંથમાં દશ્યમાન થતી નથી. આ દેશનામાં ધર્મધ્યાનનું સ્વરૂપ વર્ણવતા તેના ચાર પાયાનું સ્વરૂપ આપેલું છે, તેમાં સંસ્થાનવિચય નામના ચોથા પાયાના વર્ણનમાં તો ત્રણે લોકનું વર્ણન અને આખા ક્ષેત્રસમાસનો સમાવેશ કરી દીધેલ છે. આ દેશના ચિત્ત રાખીને વાંચવા લાયક છે એટલું જ નહિ પણ તે શીખવા લાયક છે.

૪ ચોથા સર્ગમાં સગરચક્રીના દિગ્વિજયનું વર્ણન છે. તેમણે સાધેલા ષટ્ખંડનું વર્ણન વિસ્તારથી આપેલ છે. પણ ભરતચક્રીના દિગ્વિજયના વૃત્તાંત કરતાં આ વર્ણનની ઢબ તદ્દન જુદી જ છે.

૫ પાંચમા સર્ગમાં રાક્ષસ વંશની ઉત્પત્તિ કહ્યા બાદ સગરકુમારોનું દેશાટન અને અષ્ટાપદ સમીપે નાગેંદ્રથી થયેલ તેમના વિનાશનું સવિસ્તર વર્ણન આપેલું છે. તેમાં તીર્થ પ્રત્યેની સગરકુમારોની ભક્તિ હૃદયનું આકર્ષણ કરે તેવી બતાવેલી છે.

૬ છઠ્ઠો સર્ગ કરુણારસથી ભરપૂર છે. તેમાં સગરકુમારોના મૃત્યુ સંબંધી ચક્રીને પહોંચાડેલા ખબર, તેથી તેમને થયેલ શોક, તેનું નિવારણ કરવા કહેલી બે ઈંદ્રજાળિકની કથા આપ્યા બાદ સગર-ચક્રીએ લીધેલ દીક્ષા અને તેના તથા ભગવંતના નિર્વાણપર્યંત હકીકત આપીને બીજા પર્વની સમાપ્તિ કરેલી છે. આ સર્ગ પૂરેપૂરો વાંચવા લાયક છે. તેમાં બ્રાહ્મણરૂપ ઈંદ્રને ચક્રીએ આપેલ આશ્વાસન અને ચક્રીને ઈંદ્રે આપેલો બોધ ખાસ વાંચવા યોગ્ય છે. બે ઈંદ્રજાળિકની કથા ચિત્તને ચમત્કૃતિ ઉપજાવવાને પૂરતી છે અને ભગીરથના સુંદર વિચાર પણ મનન કરવા જેવા છે.

આ પ્રમાણેના વર્ણનથી બીજા પર્વની સમાપ્તિ કરવામાં આવી છે. તેમાં ત્રીજો ને છઠ્ઠો સર્ગ વાંચવા અવશ્ય ભલામણ કરીએ છીએ.

આ પુસ્તકમાં જે બે પર્વનું ભાષાંતર આપવામાં આવ્યું છે તેનો સાર ઉપર બતાવવામાં આવ્યો છે. હવે પછીના પર્વોના ભાષાંતરમાં તે તે પર્વનો સાર પણ આ પ્રમાણે બતાવવામાં આવશે. આશા છે કે વાંચનારા જૈનબંધુઓ લક્ષપૂર્વક આ ગ્રંથ વાંચી તેથી પ્રાપ્ત થનારા અપૂર્વ લાભને મેળવશે; જેથી અમારા અંતઃકરણનો હેતુ પાર પડશે અને અમારો પ્રયાસ સફળ થશે. તથાસ્તુ !

સંવત ૧૯૬૧ ચૈત્ર } **શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# વિસ્તૃત અનુક્રમણિકા

## પર્વ પહેલું : શ્રી આદીશ્વર ચરિત્ર.

**પહેલા સર્ગમાં** :—ચોવીસ તીર્થંકરોની સ્તુતિ–પ્રભુના તેર ભવમાંહેથી **પહેલા ભવનું** વર્ણન–ધનસાર્થવાહની વસંતપુર જવાની તૈયારી–ધર્મઘોષ આચાર્યનો સાથે જવા વિચાર–ધન સાર્થવાહ પાસે માગણી–મુનિના આચારનું સ્વરૂપ– સાથે ચાલવું–ગ્રીષ્મ ને વર્ષાઋતુનું વર્ણન–માર્ગમાં કરેલો પડાવ–લોકોની દુઃખદાયક સ્થિતિ–ધર્મઘોષ આચાર્યનું ધનને થયેલ સ્મરણ–સાર્થવાહનું સૂરિ સમીપે આવવું–તેણે દર્શાવેલ પશ્ચાત્તાપ–આચાર્યે કરેલ તેનું નિવારણ–વહોરવા આવવાનું આમંત્રણ–ધનશ્રેષ્ઠીએ કરેલ ઘૃતનું દાન–બોધિબીજની પ્રાપ્તિ–રાત્રિએ પુનઃ સૂરિ પાસે ગમન–સૂરિએ આપેલી દેશના–દાનાદિ ચાર પ્રકારના ધર્મનું વર્ણન–દાનધર્મનું સવિશેષ વર્ણન–અભયદાન સંબંધે જીવોનું વર્ણન–સાર્થવાહનું સ્વસ્થાન ગમન–પડાવ ઉપાડવો–ઇચ્છિત સ્થાને પહોંચવું–પ્રાંતે મરણ પામી **બીજા ભવમાં** ઉત્તરકુરુક્ષેત્રમાં યુગલિક પુરુષપણે ઉપજવું–દશ પ્રકારના કલ્પવૃક્ષોનું વર્ણન–**ત્રીજે ભવે** સૌધર્મ દેવલોકમાં દેવ થવું–**ચોથે ભવે** મહાવિદેહ ક્ષેત્રમાં મહાબળ નામે વિદ્યાધર–તેના પિતા શતબળ રાજાએ કરેલ શુભ વિચારણા–પ્રાપ્ત થયેલ વૈરાગ્ય–મહાબળનું રાજ્ય પર સ્થાપન–શતબળ રાજાએ લીધેલ દીક્ષા–તેમનું સ્વર્ગગમન–મહાબળની રાજ્યસ્થિતિ–સ્વયંબુદ્ધ મંત્રીને થયેલ હિતવિચાર–તેણે રાજાને કરેલ સભા સમક્ષ સદુપદેશ–તે સાંભળી સંભિન્નમતિ નામના મંત્રીએ કરેલ તેનું ખંડન અને નાસ્તિક મતનું મંડન–સ્વયંબુદ્ધ મંત્રીએ કરેલ નાસ્તિક મતનું ખંડન–શતમતિ મંત્રીએ કરેલ ક્ષણિકવાદનું સ્થાપન–સ્વયંબુદ્ધે કરેલ તેનું ખંડન–મહામતિ મંત્રીએ કરેલ માયાવાદનું સ્થાપન–સ્વયંબુદ્ધે કરેલ તેનું ખંડન–મહાબળ રાજાએ ઉઠાવેલ યોગ્ય અવસર સંબંધી પ્રશ્ન–સ્વયંબુદ્ધે તેનો કરેલ ખુલાસો–રાજાના પૂર્વપુરુષોનો કહેલ ઇતિહાસ–રાજાનું એક માસાવશેષ આયુષ્ય–રાજાને તે જાણવાથી થયેલ ખેદ–તેનું નિવારણ–મહાબળ રાજાએ લીધેલ દીક્ષા–બીજા દેવલોકમાં લલિતાંગદેવપણે ઉપજવું (પાંચમો ભવ)–દેવસ્થિતિનું વર્ણન–સ્વયંપ્રભાદેવીનું વર્ણન–તેનું ચ્યવી જવું–લલિતાંગદેવને થયેલ અતિ શોક–સ્વયંબુદ્ધ મંત્રીનું તે જ વિમાનમાં દેવ થવું–તેણે લલિતાંગદેવને કરેલ ઉપદેશ–તેની થનારી દેવીના વર્તમાન ભવ (નિર્નામિકા)નું વર્ણન–તે ભવમાં તેણે સાંભળેલ મુનિદેશના–મુનિએ કરેલ ચારે ગતિના દુઃખનું વર્ણન–તેણે લીધેલી દીક્ષા–તેનું સ્વયંપ્રભાદેવીપણે ઉપજવું–લલિતાંગદેવને થયેલાં ચ્યવનચિહ્નો–તેનું ચ્યવવું–મહાવિદેહ ક્ષેત્રમાં વજ્રજંઘપણે ઉપજવું (છઠ્ઠો ભવ)–સ્વયંપ્રભાદેવીનું શ્રીમતી થવું–તેની સાથેના પાણિગ્રહણ સંબંધી વૃત્તાંત–શ્રીમતી સહિત પોતાના રાજ્યમાં આવવું–રાજ્યલોભથી પુત્રે કરેલા વિષધૂમ્રથી થયેલ મરણ–ઉત્તરકુરુમાં યુગલિક (સાતમો ભવ) સૌધર્મે દેવતા (આઠમો ભવ)–મહાવિદેહ ક્ષેત્રમાં જીવાનંદ વૈદ્યપુત્ર (નવમો ભવ)–તેના પાંચ મિત્રો–વ્યાધિગ્રસ્ત મુનિનું દેખવું–તેના વ્યાધિનિવારણ માટે ૭ મિત્રોએ મળીને કરેલો પ્રયાસ–વ્યાધિનું નિવારણ–૭ મિત્રોએ લીધેલ દીક્ષા–બારમાં દેવલોકમાં ઉપજવું (દશમો ભવ)–મહાવિદેહમાં વજ્રનાભ ચક્રવર્તી થવું (અગ્યારમો ભવ).–તેના પિતા વજ્રસેન તીર્થંકરની દીક્ષા–કેવળજ્ઞાન–દેશના–વજ્રનાભ ચક્રીને થયેલ સદ્વિચાર–તેમણે લીધેલ દીક્ષા–વજ્રસેન તીર્થંકરનું નિર્વાણ–વજ્રનાભાદિ મુનિઓને ઉત્પન્ન થયેલ લબ્ધિઓનું વર્ણન–વજ્રનાભે કરેલ વીશ સ્થાનકનું આરાધન–વીશ સ્થાનકનું વર્ણન–બાંધેલ તીર્થંકરપદ–સર્વાર્થસિદ્ધ વિમાને સર્વનું ઉપજવું. (બારમો ભવ)

પૃષ્ઠ ૧ થી ૪૪

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**બીજા સર્ગમાં** :—સાગરચંદ્ર શ્રેષ્ઠીપુત્રનું વૃત્તાંત–તેણે કરેલ બહાદુરી–તેના પિતાએ આપેલ શિખામણ–તેણે આપેલ નમ્ર ઉત્તર–પ્રિયદર્શના સાથે તેનો વિવાહ–અશોકદત્ત મિત્રે કરેલી દુર્જનતા–તેના પ્રપંચથી સ્ત્રીભર્તારના સ્નેહનો ભંગ–તેમનું મૃત્યુ–ત્રીજા અરના પ્રાંતે ભરતક્ષેત્રમાં યુગલિક થવું–૭ આરાનું વિસ્તારથી વર્ણન–વિમલવાહન પહેલા કુલકર–કલ્પવૃક્ષોના પ્રભાવની મંદતા–હાકાર નીતિનું સ્થાપન–સાતે કુલકરોનું વર્ણન–ત્રણ પ્રકારની નીતિ–વજ્રનાભ ચક્રીના જીવનું સર્વાર્થસિદ્ધથી આવવું–મરુદેવાની કુક્ષિમાં અવતરવું–માતાએ દીઠેલાં ચૌદ સ્વપ્ન–તેનું વર્ણન–નાભિરાજાએ કહેલ તેનું ફળ–ઈંદ્રોનું માતા પાસે આવવું–તેમણે કહેલ સ્વપ્નફળ–ગર્ભની વૃદ્ધિ–ચૈત્ર વદિ આઠમે પ્રભુનો જન્મ–છપ્પન દિશાકુમારીઓનું આગમન–તેમણે કરેલ પ્રસૂતિક્રિયા–દિક્કુમારીકૃત જન્મોત્સવનું સવિસ્તર વર્ણન–સૌધર્મ ઇન્દ્રના આસનનું ચલાયમાન થવું–તેને થયેલ વિચાર–કરેલો નિર્ણય–પ્રભુની ઇંદ્રકૃત સ્તુતિ–તેમની આજ્ઞાથી નૈગમેષી દેવે કરેલ ઘંટાનાદ તથા ઉદ્‌ઘોષણા–પાલક વિમાનની રચના–ઈંદ્રનું પ્રયાણ–માતા પાસે આવવું–ઇંદ્રે કરેલાં પાંચ રૂપ–પ્રભુને મેરુપર્વત પર લઇ જવા–સર્વ ઇંદ્રોનું આગમન–તે સંબંધી સવિસ્તર વર્ણન–ઇંદ્રોએ કરેલ જન્મોત્સવ–તે વખતે દેવોની ભક્તિવિચિત્રતા–સૌધર્મ ઇંદ્રે કરેલ વૃષભરૂપે સ્નાત્ર–ફરીને કરેલ પાંચ રૂપ–સ્વસ્થાને પ્રભુને મૂકવા–નંદીશ્વર દ્વીપે જઈ અઠ્ઠાઈમહોત્સવ–સ્વસ્થાને ગમન–પ્રભુનું નામ સ્થાપન–વંશસ્થાપન–પ્રભુની બાલ્યાવસ્થા–પ્રાપ્ત થયેલ યુવાવસ્થા–પ્રભુના દેહનું ( રૂપનું ) વર્ણન—એક યુગલિક નરનું મરણ–સુનંદા યુગલિણી–તેના રૂપનું વર્ણન–સૌધર્મેંદ્રે વિવાહ માટે કરેલ પ્રાર્થના–ભગવંતે કરેલ સ્વીકાર–ઇંદ્રે કરેલ પાણીગ્રહણ મહોત્સવ–અપ્સરાઓનો વિવાહકાર્ય સંબંધી કોલાહલ–સુનંદા સુમંગલાને શણગારવું–પ્રભુનું વિવાહમંડપે આગમન–વિવાહ સંબંધી ક્રિયા–કન્યાની સખીઓએ અનુવરની કરેલી મશ્કરી–સાંસારિક સુખ ભોગવતાં પ્રભુને થયેલ ૧૦૦ પુત્ર ને બે પુત્રીઓ–યુગલિક ધર્મની મંદતા–પ્રભુનો રાજા તરીકે સ્વીકાર–વિનીતા નગરીનું કુબેરે કરેલ નિર્માણ–વિનીતાનું વર્ણન–અન્નભોજનની શરૂઆત–અગ્નિની ઉત્પત્તિ–ભગવંતે બતાવેલ પ્રથમ શિલ્પ–પુત્ર પુત્રીને શિખવેલ કળાઓ–ભગવંતની રાજ્યસ્થિતિ–વસંત ઋતુનું વર્ણન–ભગવંતને થયેલ પૂર્વ સુખનું સ્મરણ–ઉત્પન્ન થયેલ વૈરાગ્ય-લોકાંતિક દેવનું આગમન–તેમણે કરેલ પ્રાર્થના. પૃષ્ઠ ૪૭થી ૮૮

**ત્રીજા સર્ગમાં** :—ભરત ચક્રીનો રાજ્યાભિષેક–પુત્રોને કરી આપેલ દેશોની વહેંચણ–ભગવંતે આપેલ સાંવત્સરિક દાન–ઇંદ્રે કરેલ દીક્ષા મહોત્સવ–ભગવંતે કરેલ કેશલુંચન–અંગીકાર કરેલ ચારિત્ર–ઉત્પન્ન થયેલ મનઃપર્યવજ્ઞાન–ઇંદ્રે કરેલ સ્તુતિ–ભગવંતે કરેલ વિહાર–ભિક્ષાની અપ્રાપ્તિ–કચ્છ–મહાકચ્છાદિને થયેલ ક્ષુધાવેદના–ભગવંતે ધારણ કરેલ મૌન–કચ્છ–મહાકચ્છાદિએ સ્વીકારેલ તાપસવૃત્તિ–નમિવિનમિનું આગમન–તેમણે પ્રભુ પાસે કરેલ રાજ્યયાચના–તેમનું પ્રભુની સેવામાં રહેવું–ધરણેંદ્રનું પ્રભુને વાંદવા આવવું–નમિવિનમિની ભક્તિ જોઈ તેને થયેલ પ્રસન્નતા–તેણે આપેલ અનેક વિદ્યાઓ સહિત વૈતાઢ્યનું રાજ્ય–વૈતાઢ્યનું વર્ણન–તેમણે વૈતાઢ્યની બે શ્રેણી પર વસાવેલ ૧૧૦ નગર–તેના નામ–ધરણેંદ્રે કરી આપેલી વિદ્યાધરો માટે મર્યાદા–વિદ્યાધરોની સોળ નિકાય–ભગવંતે ભિક્ષા લેવાનો કરેલો નિર્ણય–ગજપુર પધારવું–ગજપુરમાં શ્રેયાંસાદિકને આવેલ સ્વપ્ન–પ્રભુની નાગરિકોએ કરેલ સ્ત્રીઆદિક લેવા માટે પ્રાર્થના–પ્રભુએ કરેલ અસ્વીકાર–શ્રેયાંસનું પ્રભુ પાસે આવવું–તેને થયેલ જાતિસ્મરણ–યાદ આવેલ પૂર્વભવ–ભગવંતને તેણે આપેલ ઇક્ષુરસનું દાન–પ્રગટેલા પંચ દિવ્ય–અક્ષયતૃતીયાની સ્થાપના–શ્રેયાંસ સાથે નાગરિકોનો સંવાદ–શ્રેયાંસે કરેલ ખુલાસો–ભગવંતનું બાહુબલિની તક્ષશિલાએ પધારવું–બાહુબલિએ વાંદવા જવા માટે કરાવેલ તૈયારી–પ્રાતઃકાળે જવાનો કરેલ નિર્ણય–મોટા આડંબરથી તેનું વાંદવા નીકળવું–ભગવંતે પ્રાતઃકાળમાં જ કરેલ વિહાર–પ્રભુનાં દર્શન ન થવાથી બાહુબલિને થયેલ પારાવાર ખેદ–ત્યાં તેણે કરેલ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અઠ્ઠાઈમહોત્સવ–ભગવંતને થયેલ કેવળજ્ઞાન–જ્ઞાનોત્સવ માટે ઇંદ્રનું ત્યાં આવવા નીકળવું–ઐરાવત હસ્તીનું **વર્ણન–સમવસરણની રચના**–પ્રભુનું તેમાં પધારવું—આવેલી બારે પર્ષદા–ઇંદ્રે કરેલ સ્તુતિ.

મરુદેવા માતાને પુત્રના વિરહથી થતો ખેદ–ભરતે આપેલ તેનો ઉત્તર—ભરતને આપેલ બે પ્રકારની સમકાળે વધામણી–( પ્રભુને જ્ઞાનપ્રાપ્તિ ને ચક્રરત્નનું પ્રગટ થવું )–ભરતે કરેલ પ્રભુવંદનનો નિર્ણય–મરુદેવા માતાની તેણે કરેલ પ્રાર્થના–તેમનું હસ્તી પર બેસી પ્રભુને વાંદવા નીકળવું–નેત્રના પડળનું દૂર થવું–શુભ ભાવમાં વૃદ્ધિ થતાં થયેલ કેવળજ્ઞાન–અંતકૃત કેવળી થઈ ને મરુદેવાનું મોક્ષગમન–ભરતનો સમવસરણમાં પ્રવેશ–તેણે કરેલ પ્રભુની સ્તુતિ–ભગવંતે આપેલ દેશના–તેમાં બતાવેલ સંસારની અસારતા–મોક્ષ મેળવવાને કરવા યોગ્ય પ્રયત્ન–જ્ઞાનદર્શનચારિત્રની આવશ્યકતા–તે ત્રણેનું વર્ણન–અનેક જીવોને પ્રભુની દેશનાથી થયેલ વૈરાગ્ય–ઋષભસેનાદિકે લીધેલ દીક્ષા–ભગવંતે સંભળાવેલ ત્રિપદી–તેમણે કરેલ દ્વાદશાંગીની રચના તેમની ગણધરપદે સ્થાપના–ભરતચક્રીએ ઉછાળેલ બલિ–બીજીપોરસીએ ગણધરની દેશના–યક્ષયક્ષિણીની સ્થાપના–ભગવંતનો અન્યત્ર વિહાર–ભગવંતના અતિશયનું વર્ણન. પૃષ્ઠ ૮૯થી ૧૧૭

**ચોથા સર્ગમાં**:–ભરતચક્રીએ કરેલ ચક્રરત્નનું પૂજન–દિગ્વિજય માટે તૈયારી. સૈન્યનું પ્રયાણ. હસ્તીરત્ન પર ચક્રીનું આરોહણ. બીજાં બાર રત્નોનું સાથે ચાલવું. ગંગાને કિનારે આવવું. માગધતીર્થે પહોંચવું. ત્યાં કરેલો પડાવ. માગધતીર્થકુમારદેવને સાધવાનો પ્રયત્ન. ચક્રીએ મૂકેલ બાણ. તેને ચડેલો કોપ. તેના મંત્રીએ કરેલ સાંત્વન. ભેટ લઈ ચક્રીને નમવા આવવું. ચક્રીની આજ્ઞાનો સ્વીકાર. ચક્રીએ કરેલ તેનો અઠ્ઠાઈમહોત્સવ. દક્ષિણ તરફ પ્રયાણ. વરદામ તીર્થે પહોંચવું. વરદામપતિને સાધવો. પ્રભાસ તીર્થ તરફ પ્રયાણ. પ્રભાસપતિનું કરેલ સાધન. સિંધુ તરફ પ્રયાણ. સિંધુદેવીનું સાધન. વૈતાઢ્ય તરફ પ્રયાણ. વૈતાઢ્યપતિ દેવને વશ કરવો. તમિસ્રા ગુફા તરફ પ્રયાણ. તેના અધિષ્ઠાતા કૃતમાલ દેવનું સાધન. દક્ષિણ સિંધુનિષ્કૂટ સાધવા સેનાનીને મોકલવો. ત્યાં રહેલા મ્લેચ્છ રાજાઓને સેનાપતિએ વશ કરવા. સિંધુ ઉતરી ચક્રી પાસે પાછા આવવું. તમિસ્રા ગુફા ઉઘાડવા ચક્રીએ કરેલ આજ્ઞા. તમિસ્રા ગુફાનું ઉઘાડવું. ચક્રીએ કરેલ પ્રવેશ. કાંકિણીરત્નવડે કરેલાં માંડલાં. સૈન્યનો પ્રવેશ. ઉન્મગ્ના નિમગ્ના નદી પર બંધાવેલ પૂલ. ઉત્તરદ્વારનું સ્વયમેવ ઉઘડી જવું. ચક્રીનો ઉત્તરખંડમાં પ્રવેશ. ત્યાંના ભિલ્લરાજાઓને થયેલ ઉત્પાત ચિન્હો. દુર્મદ કિરાતોની યુદ્ધ કરવાની તૈયારી. અગ્ર સૈન્ય સાથે કરેલ યુદ્ધ. ચક્રીની સેનાને પમાડેલો ત્રાસ. સેનાપતિનું યુદ્ધ માટે ઊઠવું. કમળાપીડ અશ્વનું વર્ણન. સુષેણના મારાથી કિરાતોને થયેલ ત્રાસ. તેમનું નાસી જવું. સિંધુનદીમાં એકઠા મળી કિરાતોએ કરેલ નાગકુમારનું આરાધન. તે દેવનું પ્રગટ થવું. કિરાતોને તેમણે કરેલ મદદ. ચક્રીના સૈન્યને કરેલ અસહ્ય મેઘોપદ્રવ. ચર્મરત્નને છત્રરત્નનો ચક્રીએ કરેલ ઉપયોગ. તેમાં સૈન્યનું નિરૂપદ્રવપણે રહેવું. ભરતચક્રીને થયેલ વિચાર. અંગરક્ષકદેવોએ નાગકુમારોને તિરસ્કારપૂર્વક કહેવું. નાગકુમારોનું મેઘને સંહરીને સ્વસ્થાને ચાલ્યા જવું. મ્લેચ્છોએ લીધેલું ચક્રીનું શરણ અંગીકાર કરેલ આજ્ઞા. ચક્રીનું ક્ષુદ્રહિમાદ્રિ તરફ પ્રયાણ. ક્ષુદ્રહિમાદ્રિ દેવનું વશ થવું. ઋષભકૂટ તરફ પ્રયાણ. કાંકિણીરત્નવડે ચક્રીએ લખેલ નામ. વૈતાઢ્ય તરફ પ્રયાણ. નમિવિનમિ તરફ પ્રેરેલ બાણ. વિદ્યાધરો સહિત તેમણે કરેલ યુદ્ધ. પ્રાંતે બંનેનું વશ થવું. સ્ત્રીરત્ન ( સુભદ્રા ) ની પ્રાપ્તિ તેના રૂપનું વર્ણન. ગંગા તરફ પ્રયાણ. ગંગાઉત્તરનિષ્કૂટનું સેનાપતિએ કરેલ સાધન. ગંગાદેવીનું આરાધન. તેનું વશ થવું. ભરતને જોઈ ગંગાદેવીને થયેલ કામોત્પત્તિ. ચક્રીને પોતાના ભુવનમાં લઈ જવું. ચક્રીએ ભોગવેલ દેવસુખ. એક હજાર વર્ષે પાછા સૈન્યમાં આવવું, ખંડપ્રપાતા ગુફા તરફ પ્રયાણ. તેના અધિષ્ઠાયક નાટ્યમાલ દેવનું વશ થવું. ખંડપ્રપાતા ગુફાનું ઉઘાડવું. ચક્રીએ કરેલ તેમાં પ્રવેશ, કાંકિણીરત્નવડે તેમાં કરેલાં માંડલાં. બે નદી પર બંધાવેલ પાજ. સૈન્ય સહિત ગુફા બહાર નીકળવું. નવ નિધાનપતિનું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આરાધન. નવ નિધાનનું પ્રગટ થવું. નવ નિધાનનું વર્ણન. ગંગાના દક્ષિણનિષ્કૂટનું સેનાનીએ કરેલ સાધન. ચૌદ રત્નને નવ નિધાન સહિત અયોધ્યા તરફ પ્રયાણ. માર્ગક્રમણ અયોધ્યામાં ચક્રીના પ્રવેશને લગતી થઈ રહેલી તૈયારી. ચક્રીએ કરેલ અઠ્ઠમ તપ. અયોધ્યામાં પ્રવેશ. નગરજનોને થયેલ હર્ષ. રાજમહેલ સમીપે પહોંચવું, અંગરક્ષક દેવો વગેરેને ચક્રીએ આપેલ રજા. મહેલમાં પ્રવેશ. ચક્રીનો રાજ્યાભિષેક. મહોત્સવ. ચક્રીની ઋદ્ધિનું વર્ણન. સંબંધી વર્ગનું ચક્રીને થયેલ સ્મરણ. સુંદરીની સ્થિતિ. તેને જોઈ ચક્રીને થયેલ ખેદ. સેવકોને આપેલ ઠપકો. તેમણે કરેલો ખુલાસો. સુંદરીની ચારિત્ર લેવાની દૃઢ ઇચ્છા. ચક્રીએ આપેલ આજ્ઞા. ભગવંતનું પધારવું. ચક્રિનું વાંદવા નીકળવું. ચક્રીએ કરેલ સ્તુતિ. સુંદરીએ કરેલ ચારિત્ર ગ્રહણ. બંધુવર્ગનું સ્મરણ. તેમની પાસે દૂતો મોકલવા. તેમણે દૂતોને આપેલ ઉત્તર. ૯૮ ભાઈઓનું એકત્ર મળીને પ્રભુ પાસે ગમન. તેમણે ભગવંતની કરેલી સ્તુતિ તથા વિજ્ઞપ્તિ. **ભગવંતે આપેલ ઉપદેશ.** તેઓને થયેલ વૈરાગ્ય. તેમણે પ્રભુ પાસે લીધેલ દીક્ષા. ભરતે કરેલ તેમનાં રાજ્યોનો સ્વીકાર.

પૃષ્ઠ ૧૧૭ થી ૧૫૧

**પાંચમા સર્ગમાં**:—ચક્રનું આયુધશાળા બહાર રહેવું, ચક્રીએ પૂછેલ તેનું કારણ, મંત્રીએ કરેલ ખુલાસો. બાહુબલિને આજ્ઞા મનાવવાની જણાવેલી આવશ્યકતા, ચક્રીના મનનું આંદોલન, દૂત મોકલવાનો થયેલ નિર્ણય, સુવેગ દૂતનું તે તરફ પ્રયાણ, તેને થયેલા અપશુકનો, બહલી દેશોમાં તેનો પ્રવેશ, તેને થયેલ આશ્ચર્ય, તક્ષશિલા નગરીએ પહોંચવું, નગરીની મધ્યમાં થઈ રાજમહેલમાં પ્રવેશ, રાજસભા જોઈ તેને થયેલ ચમત્કાર, બાહુબલિએ કરેલ કુશલ પૃચ્છા, **સુવેગ દૂતે આપેલ યુક્તિયુક્ત ઉત્તર**, તેમાં બતાવેલ શામ, દામ, દંડ ને ભેદ, **બાહુબલિએ આપેલો તેનો કરડો ઉત્તર**, સુવેગનું ભયભીતપણે બહાર નીકળવું, નગરજનોમાં થતી વાતચીત. યુદ્ધવાર્તાનો પ્રસાર, યુદ્ધની થઈ રહેલી તૈયારી, સુવેગને થયેલ વિચાર, તેનું અયોધ્યા પહોંચવું, ભરતે કરેલ કુશળપૃચ્છા. સુવેગે આપેલ ઉત્તર, તેમાં બતાવેલ બાહુબલિની મહત્ત્વતા, ભરતના મનની અસ્થિર સ્થિતિ, સુષેણ સેનાપતિએ ચક્રી પ્રત્યે બતાવેલ વિચાર, તેમાં યુદ્ધની જણાવેલ આવશ્યકતા, સચિવની તે વિચારમાં મળેલી સંમતિ, ચક્રીએ આપેલ પ્રયાણની આજ્ઞા, સૈન્યનું બહલીદેશ તરફ પ્રયાણ, ચક્રીએ સાંભળેલ લોકોક્તિ, બહલીદેશ સમીપે પહોંચવું. તેની સીમાએ કરેલો પડાવ, બાહુબલિએ પણ કરેલ સામું પ્રયાણ, તેણે પણ કરેલ નજીકમાં જ પડાવ, રાત્રિએ બંને સૈન્યમાં સેનાપતિની સ્થાપના, યુદ્ધ માટે થઈ રહેલી તૈયારી. રાત્રિનું અતિક્રમણ, પ્રાતઃકાળે યુદ્ધ માટે બન્ને સેનાનું નીકળવું, રણસંગ્રામવિધિ, ભરત તથા બહુબલિએ કરેલ દેવપૂજા, તેઓએ કરેલ પ્રભુની સ્તુતિ, બંનેનું સૈન્યમાં આવવું, બંને સેનાનું સામસામે એકઠા થવું, દેવતાઓએ યુદ્ધ કરવામાં કરેલ અટકાવ, તેમનું ભરતચક્રી પાસે આવવું, **દેવોએ ચક્રીને કહેલાં હિતવચનો, ચક્રીએ આપેલ તેનો ઉત્તર.** દેવોનું બાહુબલિ પાસે આગમન, **બાહુબલિ પ્રત્યે કહેલાં વચનો. બાહુબલિએ આપેલ તેનો ઉત્તર**, દેવોએ કરેલ **સૈન્યયુદ્ધનું** નિવારણ, દૃષ્ટિયુદ્ધાદિ દ્વંદ્વયુદ્ધનો કરેલો નિર્ણય, યુદ્ધ બંધ કરવાનો પ્રતિહારીએ કરેલ નિર્ઘોષ, બંને સેનાના સૈનિકોને થયેલ ખેદ, ભરતના સૈનિકોને જીત માટે થયેલ શંકા, ચક્રીએ પોતાના બળની **પરીક્ષા** બતાવીને તેનું કરેલ નિવારણ, દ્વંદ્વયુદ્ધ માટે બંનેનું રણભૂમિમાં આવવું. દ્વંદ્વયુદ્ધની શરૂઆત. **દૃષ્ટિયુદ્ધ**, તેમાં થયેલ ચક્રીની હાર, **વાગ્યુદ્ધ**, તેમાં થયેલ ચક્રીની હાર. **બાહુયુદ્ધ**, તેમાં પણ ચક્રીની હાર, **મુષ્ટિયુદ્ધ**, તેમાં પણ ચક્રીનું હારવું, **દંડયુદ્ધ**, ભરતે બાહુબલિ પર કરેલ દંડપ્રહાર, બાહુબલિનું જાનુ સુધી પૃથ્વીમાં ખૂંચી જવું, તેણે કરેલ ભરત ઉપર દંડપ્રહાર, ભરતનું કંઠ સુધી ખૂંચી જવું, ભરતને થયેલ ચક્રીપણાની શંકા, ચક્રનું ચક્રી પાસે આવવું. તે જોઈ બાહુબલિને આવેલ ધિક્કાર, ચક્રીએ ચક્રને છોડવું, તેનો વિનાશ કરવા બાહુબલિએ કરેલ વિચાર, ચક્રનું પાછું ફરવું, બાહુબલિને થયેલ ક્રોધ, મુષ્ટિ ઉપાડીને ભરત તરફ દોડવું, માર્ગમાં થયેલ સદ્વિચાર, ક્રોધને તજી દઈ શાંતભાવનો કરેલ સ્વીકાર, તે જ મુષ્ટિવડે બાહુબલિએ કરેલ કેશલુંચન, અંગીકાર કરેલ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચારિત્ર, ભરતને થયેલ ખેદ, તેણે કરેલ આત્મનિંદા ને બાહુબલિની સ્તુતિ, બાહુબલિના રાજ્યે ચંદ્રયશાનું સ્થાપન, ચક્રીનું અયોધ્યા પાછા જવું. બાહુબલિની કાયોત્સર્ગ સ્થિતિ, ભગવંત પાસે ન જવાની ધારણા. વર્ષાંતે પ્રભુએ બ્રાહ્મી-સુંદરીને તેમની પાસે મોકલવું, તેમનાં વચનોથી થયેલ માનદશાનું નિવારણ, પ્રભુ પાસે આવવા માટે ચરણ ઉપડતાં બાહુબલિને પ્રાપ્ત થયેલ કેવળજ્ઞાન, પ્રભુ પાસે આવી કેવળીની પર્ષદામાં બેસવું. પૃષ્ઠ ૧૫૧ થી ૧૮૪

**છઠ્ઠા સર્ગમાં**—ભરતપુત્ર મરીચિએ પ્રભુ પાસે લીધેલ દીક્ષા, તેને ચારિત્ર પાળવામાં જણાયેલ મુશ્કેલી, તેણે શોધેલો નવીન માર્ગ, ત્રિદંડી પરિવ્રાજકપણાની નિષ્પત્તિ, તેને થયેલ રોગોત્પત્તિ, મુનિઓએ ન લીધેલી સંભાળ, તેથી શિષ્ય કરવાની તેને થયેલ ઇચ્છા, કપિલ રાજપુત્રનું મળવું, તેને થયેલ તેના ધર્મ પર પ્રીતિ, મરીચિએ ભાખેલ ઉત્સૂત્ર, તેથી થયેલ ભવવૃદ્ધિ, કપિલે તેની પાસે લીધેલ દીક્ષા, ભગવંતના અતિશયોનું વર્ણન, ભગવંતનું અષ્ટાપદ પધારવું, અષ્ટાપદનું વર્ણન, દેવે રચેલ સમવસરણ, ભગવંતનો પ્રવેશ, તેમાં મળેલી બાર પર્ષદા, ઇંદ્રનું આગમન, ઇંદ્રે ભગવંતની કરેલ સ્તુતિ. ભરતને શૈલપાલકે આપેલ વધામણી, ભરતનું ચતુરંગ સેના સહિત વાંદવા નીકળવું, અષ્ટાપદે પહોંચવું, અષ્ટાપદ પર ચડી સમવસરણમાં પ્રવેશ, ભરતે કરેલ ભગવંતની સ્તુતિ, ભગવંતે આપેલ દેશના, ભરતે લઘુબંધુને રાજ્ય લેવા કરેલ પ્રાર્થના, તેનો અસ્વીકાર, ભરતે મંગાવેલ ૫૦૦ ગાડાં અન્ન, તેનો પણ રાજપિંડ હોવાથી કરેલો અસ્વીકાર, ભરતને થયેલ ખેદ, તેના નિવારણ માટે ઇંદ્રે કરેલ અવગ્રહ સંબંધી પૃચ્છા, પ્રભુએ કહેલ પાંચ પ્રકારના અવગ્રહ, લાવેલ અન્ન શ્રાવકોને આપવાનો કરેલ નિર્ણય, ઇંદ્રનું સ્વરૂપ જોઇ ચક્રીને થયેલ ચમત્કાર, મૂળ રૂપ જોવાની ભરતે બતાવેલ ઇચ્છા, ઇંદ્રે એક આંગળીનું બતાવવું, ચક્રીએ કરેલ તેનો મહોત્સવ, પ્રભુનો અન્યત્ર વિહાર, ભરતે સર્વ શ્રાવકોને કરેલ આમંત્રણ, તેમના મુખે કહેવરાવેલ શબ્દો, તે પરથી ભરતે કરેલ વિચાર, રસોઇઆઓએ કરેલ વિજ્ઞપ્તિ, શ્રાવકની પરીક્ષા કરવાનો કરેલ નિર્ણય, કાંકિણીરત્નથી કરેલ ત્રણ રેખાઓ, બ્રાહ્મણ અને યજ્ઞોપવિતની ઉત્પત્તિ, ભરતની આઠ પાટનું સંક્ષિપ્ત વર્ણન, ભરતે રચેલા આર્યવેદ, કાળાંતરે તેનું વિપર્યય થઈ જવું, ભગવંતનું અષ્ટાપદે પુનઃ પધારવું, ભરતને પડેલ ખબર, તેનું ત્યાં આવવું, તેણે પ્રભુની કરેલ સ્તુતિ. ભગવંતે આપેલ દેશના. ભરતે પૂછેલ ભાવી ધર્મચક્રી તથા ચક્રી સંબંધી પ્રશ્ન. **ભગવંતે ૨૪ તીર્થંકર ને બાર ચક્રવર્ત્તીનું કરેલ વર્ણન, પ્રસંગોપાત વાસુદેવ, બળદેવ ને પ્રતિવાસુદેવનું પણ કરેલ વર્ણન.** 'આ ચોવીશીમાં તીર્થંકર થનાર કોઈ જીવ અહીં છે ? એવી ભરતે કરેલ પૃચ્છા, ભગવંતે ચરમ તીર્થંકર થનાર તરીકે બતાવેલ મરીચિ. ભરતનું તેની પાસે જવું, ભગવંતે કહેલ વાત કહીને ભાવી તીર્થંકરપણે કરેલ વંદના, મરીચિને થયેલ કુળમદ, તેથી બાંધેલ નીચ ગોત્ર, ભગવંતનું શત્રુંજય પધારવું, **શત્રુંજયનું વર્ણન.** ભગવંતની ત્યાં સ્થિતિ, વિહાર સમયે પુંડરીક ગણધરને ત્યાં રહેવાની કરેલ આજ્ઞા, મુનિઓ સહિત પુંડરીક ગણધરનું ત્યાં થયેલ નિર્વાણ, ભરતે કરાવેલ પ્રથમ ઉદ્ધાર.

ભગવંતના પરિવારનું વર્ણન. ભગવંતનું અનશન માટે અષ્ટાપદ પધારવું. ભગવંતે કરેલ અનશન. ભરતને પડેલી ખબર. ખેદયુક્ત ચિત્તે તેનું તત્કાળ ત્યાં આવવા નીકળવું. તેણે કરેલ પ્રભુની ચરણસેવા. ઇંદ્રોનું તત્ર આગમન. **ભગવંતનું નિર્વાણ.** ભરતને થયેલ પારાવાર ખેદ, રૂદન પ્રવૃત્તિની શરૂઆત. ભરતે કરેલ પ્રલાપ. ઇંદ્રે આપેલો બોધ. ઇંદ્રોએ કરેલ નિર્વાણમહોત્સવ. અગ્નિહોત્રની શરૂઆત. ઇંદ્રે કરેલા ત્રણ સ્તૂપો. **ભરતે કરાવેલ સિંહનિષદ્યાપ્રાસાદ. તેનું વિસ્તારયુક્ત વર્ણન.** ભરતે કરેલ રક્ષણનો બંદોબસ્ત. ચક્રવર્તીએ કરેલ જિનપૂજા. તેણે કરેલ પ્રભુની સ્તુતિ. ભાવી ૨૩ તીર્થંકરોની પણ સ્તુતિ. ભરતનું અયોધ્યા આવવું. તેના ચિત્તની વ્યાક્ષિપ્તતા. મંત્રીઓએ તેનું કરેલ નિવારણ. ભરતે ભોગવેલ સાંસારિક ભોગ. એકદા તેનું આદર્શભુવનમાં આવવું. આંગળીમાંથી મુદ્રિકાનું નીકળી જવું. સર્વ અંગથી ઉતારેલ આભરણ. શોભા રહિત શરીર જોઈ ભરતને થયેલ વિચારણા. ભાવની વૃદ્ધિ. ક્ષપકશ્રેણિ પર આરોહણ. કેવળજ્ઞાનની નિષ્પત્તિ. મુનિવેશનો સ્વીકાર. આદિત્યયશાનો રાજ્યાભિષેક. ભરતમુનિનો વિહાર. તેમનું નિર્વાણ. પૃષ્ઠ ૧૮૫ થી ૨૧૭.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પર્વ બીજું શ્રી અજિતનાથજી ચરિત્ર.

**પહેલા સર્ગમાં**—જંબુદ્વીપના મહાવિદેહમાં વત્સવિજયનું, સુસીમા નગરીનું તથા વિમળવાહન રાજાનું વર્ણન. વિમળવાહન રાજાને થયેલ **વૈરાગ્યવાસના.** અરિંદમાચાર્યનું પધારવું, મુનિમંડળની સ્થિતિ. રાજાનું સૂરિને વાંદવા જવું. રાજાના પૂછવાથી સૂરિએ કહેલ પોતાના વૈરાગ્યનું કારણ. રાજાએ બતાવેલ ચારિત્ર લેવાની ઈચ્છા. ઘેર આવી **પુત્રને રાજ્ય આપવાનો મંત્રીઓને જણાવેલ** વિચાર. **મંત્રીઓએ આપેલ અનુકૂળ ઉત્તર.** પુત્રને બોલાવી રાજ્ય લેવાની કરેલ આજ્ઞા. **પુત્ર સાથે થયેલ ઉત્તર—પ્રત્યુત્તર.** પુત્રનું રાજ્ય પર સ્થાપન. પુત્રે કરેલ નિષ્ક્રમણોત્સવ. વિમળવાહને લીધેલ દીક્ષા **ગુરુએ આપેલી દેશના, આઠ પ્રવચનમાતા તથા બાવીશ પરિષહોનું વર્ણન.** વિમળવાહને કરેલું વીશ સ્થાનકોનું આરાધન, તીર્થંકરનામકર્મનું બાંધવું. પ્રાંતે અનશન કરી વિજય નામના અનુત્તર વિમાનમાં ઉપજવું. પૃષ્ઠ ૨૧૮ થી ૨૩૨

**બીજા સર્ગમાં**:—ભગવંતના ને સગરચક્રીના માતાપિતાનું વર્ણન. બંનેની માતાએ દીઠેલા ચૌદ ચૌદ સ્વપ્નોનું પૃથક્ પૃથક્ વર્ણન, ભગવંતની માતા પાસે ઇંદ્રનું આગમન, ઇંદ્રની આજ્ઞાથી કુબેરે વિનીતા-નગરીને દ્રવ્યાદિવડે પૂર્ણ કરવી, રાજાએ બોલાવેલ સ્વપ્નપાઠકો, તેમણે કહેલ સ્વપ્નફળ, દેવીઓએ કરેલી પ્રભુની માતાની સેવા, અજિતનાથજીનો જન્મ, દિગ્કુમારીઓએ કરેલ પ્રસૂતિકર્મ, **તેમણે કરેલ જન્મોત્સવનું વિસ્તૃત વર્ણન,** ઇંદ્રનો આસનકંપ, દેવકૃત જન્મોત્સવનું **વિસ્તારથી વર્ણન.** અચ્યુતેંદ્રે તથા સૌધર્મેંદ્રે કરેલી જિનસ્તુતિ, વૈજયંતીને થયેલ પુત્રજન્મ, બન્નેની જિતશત્રુ રાજા પાસે ગયેલ વધામણી, તેમણે કરેલો અપૂર્વ જન્મોત્સવ, બંને કુમારના નામકરણનો ઉત્સવ. પૃષ્ઠ ૨૧૯ થી ૨૫૪

**ત્રીજા સર્ગમાં**—અજિતનાથ ને સગરકુમારની બાલ્યાવસ્થા, સગરકુમારનું અધ્યાપન. સગરે કરેલ અભ્યાસ, પ્રભુ પાસેથી મેળવેલ વિશેષ કળાલાભ. બંનેની યૌવનાવસ્થા, બંનેના રૂપનું વર્ણન, બંનેનો વિવાહ, જિતશત્રુ રાજાએ બતાવેલી ચારિત્રેચ્છા, અજિતનાથનું રાજ્યપદે અને સગરકુમારનું યુવરાજપદે સ્થાપન, પ્રભુએ કરેલ પિતાનો નિષ્ક્રમણોત્સવ, પ્રભુની રાજ્યસ્થિતિનું વર્ણન, **એકદા ભગવંતને થયેલ શુભ વિચારણા.** જાગૃત થયેલ તીવ્ર ત્યાગવૃત્તિ, સગરને રાજ્ય લેવાનું કહેવું. **તેણે બતાવેલી સાથે રહેવાની દઢ લાગણી,** ભગવંતના આગ્રહથી તેણે કરેલ રાજ્યનો સ્વીકાર, સગરનો રાજ્યાભિષેક, ભગવંતે આપેલ સંવત્સરી દાન, ઇંદ્રોનું ત્યાં આવવું. **ભગવંતના દીક્ષામહોત્સવનું વિસ્તારયુકત વર્ણન.** ભગવંતે અંગીકાર કરેલ ચારિત્ર, ઇંદ્રે કરેલ પ્રભુની સ્તુતિ, ભગવંતે કરેલ પ્રથમ પારણું. ભગવતનો છાદ્મસ્થિક વિહાર, ભગવંતે કરેલ તપ તથા સહેલ પરિષહ. ગુણસ્થાનકે ચડવું. પ્રાપ્ત થયેલ કેવળજ્ઞાન. કેવળજ્ઞાનનો મહિમા કરવા ઇંદ્રોનું ત્યાં આગમન. દેવોએ રચેલ સમવસરણ, ભગવંતનો તત્ર પ્રવેશ. ઇંદ્રે કરેલ અતિશયના વર્ણનગર્ભિત પ્રભુની સ્તુતિ. સગરચક્રીને મળેલ વધામણી. તેનું વાંદવા નીકળવું. સમવસરણમાં આવીને તેમણે કરેલ પ્રભુની સ્તુતિ. **ભગવંતે આપેલી અતિ વિસ્તારવાળી દેશના,** તેમાં વર્ણવેલું ધર્મધ્યાનના ચાર પાયાનું સ્વરૂપ. આજ્ઞાવિચય, અપાયવિચય, વિપાકવિચયમાં પાંચ પ્રકારના વિષયનું તથા આઠ કર્મોનું સંક્ષિપ્ત વર્ણન. સંસ્થાનવિચયમાં લોકનાલિકા, ચૌદ રાજલોક. ઊર્ધ્વ, અધો ને તિર્ચ્છો લોકનું સવિસ્તર વર્ણન. **ક્ષેત્રસમાસનો કરી દીધેલો સંપૂર્ણ સમાવેશ,** સગરચક્રીના પિતાની દીક્ષાયાચના. તેમણે લીધેલ દીક્ષા. ગણધરોની સ્થાપના. બલિનું ઉછાળવું, યક્ષયક્ષિણીની સ્થાપના, ભગવંતે કરેલ વિહાર. ભગવંતનું કૌશાંબી પધારવું. પ્રભુ પાસે આવેલ એક બ્રાહ્મણ બ્રાહ્મણી. તેમની સાથે થયેલ ગૂઢ પ્રશ્નોત્તર, ગણધરે પૂછેલ ખુલાસો, **ભગવંતે કહેલ શુદ્ધભટ્ટ ને સુલક્ષણાનું સમકિતના મહિમાગર્ભિત વૃત્તાંત,** તે બંનેએ પ્રભુ પાસે લીધેલ દીક્ષા. તેમને થયેલ કેવળજ્ઞાન. ભગવંતનો અન્યત્ર વિહાર. પૃષ્ઠ ૨૫૪ થી ૨૯૪

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

<u>**ચોથા સર્ગમાં**</u>:—સગરચક્રીની આયુધશાળામાં ચક્રરત્નનું પ્રગટ થવું, સગરે કરેલ તેનો મહોત્સવ. દિગ્વિજય માટે પ્રયાણ. દિગ્વિજયનું વિસ્તારથી વર્ણન, માગધ, વરદામ, પ્રભાસ, સિંધુ, વૈતાઢ્ય, તમિસ્રા, ક્ષુલ્લહિમાદ્રિ, ગંગા, ખંડપ્રપાતા વિગેરેના અધિષ્ઠાયિક દેવોનું સાધન. મ્લેચ્છોને જીતવું. વિદ્યાધરોને વશ કરવા. ઋષભકૂટે નામ લખવું. નવ નિધાનનું પ્રગટ થવું, છએ ખંડનું સાધવું. ચક્રવર્તીની ઋદ્ધિનું વર્ણન. વિનીતા તરફ પ્રયાણ. વિનીતા પાસે પડાવ. ચક્રીનું અશ્વક્રીડા માટે નીકળવું. સ્ત્રીરત્નની પ્રાપ્તિ. તેને લઇને છાવણીમાં આવવું. વિનીતામાં પ્રવેશ. નાગરિકોએ કરેલ મહોત્સવ. ચક્રીનો મહારાજ્યાભિષેક મહોત્સવ.
પૃષ્ઠ ૨૯૪ થી ૩૦૯

<u>**પાંચમા સર્ગમાં**</u>:—ભગવંતનું સાકેતપુર ( વિનીતા ) પધારવું, સગરચક્રીનું વાંદવા આવવું. તેણે કરેલ પૃચ્છા. ભગવંતે આપેલ ઉત્તર. રાક્ષસવંશની ઉત્પત્તિ. પ્રભુનો અન્યત્ર વિહાર. સગરચક્રીએ ભોગવેલ સાંસારિક ભોગ. તેને થયેલા સાઠ હજાર પુત્રો. તેમણે કરેલી દેશાટન માટે વિજ્ઞપ્તિ. ચક્રીએ આપેલ આજ્ઞા. પ્રયાણની તૈયારી. તેમને થયેલા અપમાંગળિક તેર રત્નો સહિત કુમારોનું પ્રયાણ. અનુક્રમે અષ્ટાપદગિરિ આવવું. કુમારોએ મંત્રી પ્રત્યે પૂછેલ વૃત્તાંત. મંત્રીએ કરેલું અષ્ટાપદનું વર્ણન. અષ્ટાપદ પર સૌનું ચડવું. કુમારોએ કરેલ જિનપૂજા. ભગવંતની સ્તુતિ. તે તીર્થના રક્ષણ માટે થયેલ વિચાર. ફરતી ખાઇ ખોદવાનો કરેલ વિચાર. દંડરત્નવડે ખાઈનું ખોદવું. તેથી થયેલ ભુવનપતિને ઉપદ્રવ. નાગરાજનું સગરકુમારો પાસે આવવું. નાગેંદ્રનો કોપ. જન્હુકુમારે કરેલ સાંત્વન. નાગેંદ્રનું પાછા જવું. સગરકુમારોએ ખાઈ પૂરવા માટે લાવેલ ગંગાનો પ્રવાહ, તેથી નાગકુમારોને થયેલ સવિશેષ ઉપદ્રવ. નાગેંદ્રનો કોપ. સગરકુમારોને બાળી ભસ્મ કરી પાછા જવું.
પૃષ્ઠ ૩૦૯ થી ૩૧૬

<u>**છઠ્ઠા સર્ગમાં**</u>:—ચક્રીના સૈન્યમાં ઉત્પન્ન થયેલ શોકાનળ. અંતઃપુરમાં થતો વિલાપ. સેનાપતિ વિગેરેનો પ્રલાપ. અયોધ્યા તરફ પાછા જવાનો નિર્ણય. અયોધ્યા સમીપે પહોંચવું. ચક્રીના ભયથી તથા લજ્જાથી સૌએ મૃત્યુ પામવાનો કરેલો નિશ્ચય, ઇંદ્રનું બ્રાહ્મણરૂપે ત્યાં આવવું. તેણે સૈન્યને આપેલ આશ્વાસન. કૃત્રિમ બ્રાહ્મણનું ચક્રી પાસે આવવું. તેણે કરેલો પોકાર. ચક્રીએ પૂછેલ પ્રશ્ન. તેણે કહેલ વૃત્તાંત. પોતાના પુત્રના મૃત્યુથી બ્રાહ્મણે બતાવેલ પારાવર શોક. માંગળિક અગ્નિની માગણી. તેની અપ્રાપ્તિ. ચક્રવર્તીએ પોતાના મહેલ સંબંધી કહેલ વૃત્તાંત. **ચક્રીએ શોક નિવારણાર્થે આપેલ ઉપદેશ.** બ્રાહ્મણરૂપ ઇંદ્રે આપેલ સયુક્તિક ઉત્તર. પ્રાંતે પુત્રમરણના કહેલ સમાચાર. તે જ સમયે સામંતાદિકનો રૂદન સાથે સભામાં પ્રવેશ. ચક્રીનું સ્તબ્ધ થઈ જવું. ઇંદ્રે આપેલ બોધ. સભામાં અને અંતઃપુરમાં થઈ રહેલ અત્યંત આક્રંદ. બ્રાહ્મણરૂપે ઇંદ્રે ફરીને આપેલ બોધ. સગર ચક્રીને બોધ ને મોહ બંનેની સમકાળે પ્રાપ્તિ, સુબુદ્ધિ પ્રધાને મોહનિવારણાર્થે કહેલ ઇંદ્રજાલિકની ચમત્કારિક કથા. તે ઉપરથી લેવાનો બોધ. બીજા મંત્રીએ કહેલી બીજા ઇંદ્રજાલિકની આશ્ચર્યવાળી કથા. તે પરથી લેવાનો બોધ. ચક્રીને પ્રાપ્ત થયેલ સદ્‌વિચાર. તેણે પ્રગટ કરેલી સદ્વિચારણા. અષ્ટાપદ નજીક રહેનારા લોકોનો પોકાર, જળનો ઉપદ્રવ. નિવારણ કરવા માટે ભગીરથને મોકલવો. તેણે ઉપદ્રવનું કરેલ નિવારણ. પાછા વળતાં કેવળીમુનિનો થયેલ સમાગમ. જન્હુકુમારાદિકના પૂર્વભવ સંબંધી ભગીરથે કરેલ પૃચ્છા. કેવળીએ કહેલ તેમનો પૂર્વભવ. ભગીરથને થયેલ નિર્વેદ. તેનું અયોધ્યા આવવું. સગરચક્રીએ જણાવેલ ચારિત્રેચ્છા. ભગીરથનો રાજ્યાભિષેક. અજિતનાથજીનું ત્યાં પધારવુ. સગર ચક્રીનું વાંદવા જવું. ચક્રીએ કરેલ પ્રભુની સ્તુતિ. જણાવેલ ચારિત્રેચ્છા. ભગીરથની દીક્ષામહોત્સવ કરવાની પ્રાર્થના. તેનો સ્વીકાર. ભગીરથે કરેલ નિષ્ક્રમણોત્સવ. ચક્રીએ લીધેલ દીક્ષા. નિરતિચાર પ્રતિપાલન ચક્રીને થયેલ કેવળજ્ઞાન. ભગવંતના પરિવારનું વર્ણન ભગવંતનું સંમેતશિખર પધારવું. ભગવંતનું તથા સગરચક્રીનું નિર્વાણ. ઇંદ્રે કરેલ નિર્વાણમહોત્સવ.
પૃષ્ઠ ૩૧૭ થી ૩૪૪

જૈન સાઈટ JAINSITE.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# श्री त्रिषष्टिशलाकापुरुषचरित्र.

## पर्व पहेलुं.

## श्री आदिनाथ चरित्र.

॥ श्रीमदर्हते नमः ॥

नत्वा परात्मानमचिंत्यरूप–मसंस्कृताभ्यासवतां हिताय ।
कुर्वे शलाकाचरितप्रबंधे, भाषांतरं गुर्जरसद्गिराऽहम् ॥१॥

जैनम् जयति शासनम्

**सकलार्हत्प्रतिष्ठान–मधिष्ठानं शिवश्रियः । भूर्भुवःस्वस्त्रयीशान–मार्हन्त्यं प्रणिदध्महे ॥१॥**

સર્વને પૂજાના સ્થાનરૂપ, મોક્ષલક્ષ્મીના નિવાસરૂપ અને પાતાળ, ભૂમિ અને સ્વર્ગલોકના ઇશ્વર એવા અર્હંતના સમૂહનું અમે ધ્યાન કરીએ છીએ. ॥ ૧ ॥

**नामाकृतिद्रव्यभावैः, पुनतस्त्रिजगज्जनम् । क्षेत्रे काले च सर्वस्मि–न्नर्हतः समुपास्महे ॥२॥**

સર્વ ક્ષેત્રને વિષે અને ભૂત, ભવિષ્ય તથા વર્તમાન કાળને વિષે નામ નિક્ષેપ, સ્થાપના નિક્ષેપ, દ્રવ્ય નિક્ષેપ અને ભાવ નિક્ષેપ વડે કરીને ત્રણ જગત્ના લોકોને પવિત્ર કરતા એવા અર્હંત પ્રભુઓની વંદના, સત્કાર અને સન્માનાદિકથી અમે સેવા કરીએ છીએ. ॥ ૨ ॥

**आदिमं पृथिवीनाथ मादिमं निष्परिग्रहम् । आदिमं तीर्थनाथं च, ऋषभस्वामिनं स्तुमः ॥३॥**

પ્રથમ પૃથિવીના પતિ (રાજા), પ્રથમ પરિગ્રહત્યાગી–સાધુ અને પહેલા તીર્થંકર એવા "**ઋષભ**" સ્વામીની અમે સ્તુતિ કરીએ છીએ. ॥ ૩ ॥

**अर्हतमजितं विश्व–कमलाकरभास्करम् । अम्लानकेवलादर्श–संक्रांतजगतं स्तुवे ॥४॥**

આ વિશ્વરૂપી કમળવાળા સરોવરને પ્રકાશ કરવામાં સૂર્યના જેવા અને જેણે પોતાના નિર્મળ એવા કેવળજ્ઞાનરૂપી દર્પણમાં ત્રણ જગત્ પ્રતિબિંબિત કરેલાં છે એવા પૂજન કરવા યોગ્ય "**અજિતનાથ**" ભગવાનની હું સ્તુતિ કરું છું. ॥ ૪ ॥

**विश्वभव्यजनाराम–कुल्यातुल्या जयंति ताः । देशनासमये वाचः, श्रीसंभवजगत्पतेः ॥५॥**

સર્વ જગતના પતિ એવા "**શ્રી સંભવનાથ**" પ્રભુની સર્વ જગત્ના ભવ્યજનોરૂપી ઉદ્યાનને સિંચન કરવામાં નીકના જેવી દેશનાસમયની વાણી જયવંતી વર્તે છે. ॥ ૫ ॥



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

अनेकांतमतांभोधि–समुल्लासनचंद्रमाः । दद्यादमंदमानंदं; भगवानभिनंदनः ॥६॥

સ્યાદ્વાદમતરૂપી સમુદ્રને ઉલ્લાસ કરવામાં ચંદ્રરૂપ એવા **"શ્રી અભિનંદન"** ભગવાન્ અત્યંત આનંદને આપો. ॥ ૬ ॥

द्युसत्किरीटशाणाग्रो-त्तेजितांघ्रिनखावलिः । भगवान् सुमतिस्वामी, तनोत्वभिमतानि वः ॥७॥

દેવતાઓના મુગટરૂપી શરાણના અગ્રભાગના ખૂણાઓથી જેમની નખપંક્તિ તેજવંત થએલી છે એવા **"સુમતિસ્વામી"** ભગવાન્ તમારા વાંછિતોને વિસ્તારો. ॥ ૭ ॥

पद्मप्रभप्रभोर्देह–भासः पुष्णंतु वः श्रियम् । अंतरंगारिमथने, कोपाटोपादिवारुणाः ॥८॥

અંતરંગ શત્રુઓ જે કામક્રોધાદિ તેઓને મથન ( દૂર ) કરવાને કરેલા કોપના પ્રબળપણાથી જાણે લાલ થઈ હોય તેવી **"પદ્મપ્રભ"** પ્રભુના દેહની અરુણ ( રાતી ) કાંતિ તમારી મોક્ષલક્ષ્મીનું પોષણ કરો. ॥ ૮ ॥

श्रीसुपार्श्वजिनेन्द्राय, महेंद्रमहितांघ्रये । नमश्चतुर्वर्णसंघ–गगनाभोगभास्वते ॥९॥

સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા—એ ચતુર્વિધ સંઘરૂપી આકાશમાં પ્રકાશને વિસ્તારવામાં સૂર્ય સમાન અને જેના ચરણોની ઇંદ્રોએ પૂજા કરી છે એવા **"શ્રીસુપાર્શ્વજિનેંદ્ર"** ને નમસ્કાર હો. ॥ ૯ ॥

चंद्रप्रभप्रभोश्चंद्र-मरीचिनिचयोज्ज्वला । मूर्त्तिर्मूर्तसितध्यान–निर्मितेव श्रियेऽस्तु वः ॥१०॥

ચંદ્રકિરણોના સમૂહથી પણ ઉજ્જવળ—તેથી જાણે મૂર્તિમંત એવા શુકલ ધ્યાનવડે જ બનાવી હોય તેવી **"ચંદ્રપ્રભ"** પ્રભુની મૂર્ત્તિ, તમને જ્ઞાનલક્ષ્મી માટે થાઓ. ॥ ૧૦ ॥

करामलकवद्विश्वं, कलयन् केवलश्रिया । अचिंत्यमाहात्म्यनिधिः सुविधिर्बोधयेऽस्तु वः ॥११॥

જે પોતાની કેવળજ્ઞાનરૂપી લક્ષ્મીથી, સર્વ વિશ્વને હાથમાં રહેલા નિર્મળ જળની માફક જાણે છે અને જે ન ચિંતવી શકાય તેવા માહાત્મ્યના નિધાનરૂપ છે, એવા **"સુવિધિ"** ભગવાન્ તમારા બોધને માટે થાઓ. ॥ ૧૧ ॥

सत्वानां परमानंद-कंदोद्भेदननवांबुदः । स्याद्वादामृतनिस्यंदी, शीतलः पातु वो जिनः ॥१२॥

પ્રાણીઓના ઉત્કૃષ્ટ આનંદના અંકુરને પ્રગટ થવામાં નવીન મેઘના જેવા અને સ્યાદ્વાદ મતરૂપી અમૃતને ઝરનારા **"શ્રી શીતલ"** તીર્થંકર તમારી રક્ષા કરો. ॥ ૧૨ ॥

भवरोगार्त्तजंतूना–मगदंकारदर्शनः । निःश्रेयसश्रीरमणः श्रेयांसः श्रेयसेऽस्तु वः ॥१३॥

જેમનું દર્શન* સંસારરૂપી રોગથી પીડાયેલા જીવોને વૈદ્ય સમાન છે અને જે મોક્ષરૂપી લક્ષ્મીના સ્વામી છે એવા **"શ્રી શ્રેયાંસ"** ભગવાન્ તમારા કલ્યાણને અર્થે થાઓ. ॥૧૩॥

विश्वोपकारकीभूत–तीर्थकृत्कर्मनिर्मितिः । सुरासुरनरैः पूज्यो, वासुपूज्यः पुनातु वः ॥१४॥

જેણે સર્વ વિશ્વને ઉપકાર કરનાર એવા તીર્થંકરનામકર્મને નિષ્પન્ન કરેલું છે અને

* અહીં દર્શન એટલે 'સમ્યક્ત્વ' એવો અર્થ થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જે દેવ, અસુર અને મનુષ્યોને પૂજવા લાયક છે એવા **"શ્રી વાસુપૂજ્ય"** સ્વામી તમોને પવિત્ર કરો. ॥ ૧૪ ॥

**विमलस्वामिनो वाचः, कतकक्षोदसोदराः । जयंति त्रिजगच्चेतो जलनैर्मल्यहेतवः ॥१५॥**

કતકફળના ચૂર્ણ જેવી, ત્રણ જગતના ચિત્તરૂપી જળને નિર્મળ કરવામાં કારણરૂપ **"શ્રી વિમલ"** સ્વામીની વાણી જયવંતી વર્તે છે. ॥ ૧૫ ॥

**स्वयंभूरमणस्पर्द्धि–करुणारसवारिणा । अनंतजिदनंतां वः, प्रयच्छतु सुखश्रियम् ॥१६॥**

સ્વયંભૂરમણ (છેલ્લા) સમુદ્રની હરીફાઈ કરનાર અર્થાત્ તેથી પણ અધિક એવા કરુણા-રસરૂપી જળવડે યુક્ત **"શ્રી અનંતનાથ"** ભગવાન્ તમને, જેનો અંત નથી એવી મોક્ષસુખરૂપી લક્ષ્મીને આપો. ॥ ૧૬ ॥

**कल्पद्रुमसधर्माण–मिष्टप्राप्तौ शरीरिणाम् । चतुर्द्धाधर्मदेष्टारं, धर्मनाथमुपास्महे ॥१७॥**

પ્રાણીઓને વાંછિત ફળની પ્રાપ્તિમાં કલ્પવૃક્ષની જેવા અને દાન, શીલ, તપ તથા ભાવરૂપ ચાર પ્રકારના ધર્મને બતાવનારા **"શ્રી ધર્મનાથ"**ની અમે ઉપાસના કરીએ છીએ. ॥ ૧૭ ॥

**सुधासोदरवाग्ज्योत्स्ना निर्मलीकृतदिङ्मुखः । मृगलक्ष्मा तमःशांत्यै, शांतिनाथजिनोऽस्तु वः ॥**

પોતાની અમૃત જેવી વાણીરૂપી ચંદ્રિકાથી જેણે દિશાઓના મુખભાગોને નિર્મળ કર્યા છે અને જેને મૃગનું ચિહ્ન છે એવા **"શ્રી શાંતિનાથ"** જિન તમારા અજ્ઞાનની શાંતિને માટે થાઓ. ॥ ૧૮ ॥

**श्रीकुंथुनाथो भगवान्, सनाथोऽतिशयर्द्धिभिः । सुरासुरनृनाथाना–मेकनाथोऽस्तु वः श्रिये ॥**

*અતિશયોની સમૃદ્ધિઓવડે યુક્ત અને દેવ, અસુર તથા મનુષ્યોના સ્વામીઓ જે ઇન્દ્ર ચક્રવર્તી વિગેરે તેના અદ્વિતીય પતિ **"શ્રી કુંથુનાથ"** ભગવાન્ તમને કલ્યાણરૂપી લક્ષ્મીને અર્થે હો. ॥ ૧૯ ॥

**अरनाथस्तु भगवां–श्चतुर्थारनभोरविः । चतुर्थपुरुषार्थश्री–विलासं वितनोतु वः ॥२०॥**

ચોથા આરારૂપી આકાશમાં સૂર્ય સમાન **"શ્રી અરનાથ"** ભગવાન્ તમારા મોક્ષ-લક્ષ્મીના વિલાસનો વિસ્તાર કરો. ॥ ૨૦ ॥

**सुरासुरनराधीश–मयूरनववारिदम् । कर्मद्रून्मूलने हस्ति–मल्लं मल्लिमभिष्टुमः ॥२१॥**

દેવ, અસુર અને મનુષ્યોના પતિ એવા ઇંદ્ર ચક્રવર્ત્યાદિરૂપી મયૂરોને ઉલ્લાસ કરવામાં નવીન મેઘ સમાન અને કર્મરૂપી વૃક્ષને ઉખેડી નાંખવામાં ઐરાવત હસ્તિ જેવા **"શ્રી મલ્લિનાથ"**ની અમે સ્તુતિ કરીએ છીએ. ॥ ૨૧ ॥

**जगन्महामोहनिद्रा–प्रत्यूषसमयोपमम् । मुनिसुव्रतनाथस्य, देशनावचनं स्तुमः ॥२२॥**

સર્વ જગતના લોકોની મોહનીય કર્મરૂપી નિદ્રામાં પ્રભાતકાળના જેવા **"શ્રી મુનિ-સુવ્રતનાથ"**ના દેશનાવચનની અમે સ્તુતિ કરીએ છીએ. ॥ ૨૨ ॥

---

* અતિશયો દરેક તીર્થંકરને ૩૪ હોય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**लुठंतो नमतां मूर्ध्नि, निर्मलीकारकारणम् । वारिप्लवा इव नमेः, पांतु पादनखांशवः ॥२३॥**

નમસ્કાર કરતા એવા પ્રાણીઓના મસ્તક ઉપર પડતા એવા જળના પ્રવાહની માફક (આત્માને) નિર્મળ કરવાના કારણરૂપ **"શ્રી નમિ"** ભગવાનના ચરણના નખોના કિરણો તમારી રક્ષા કરો. ॥ ૨૩ ॥

**यदुवंशसमुद्रेंदुः, कर्मकक्षहुताशनः । अरिष्टनेमिर्भगवान्, भूयाद्वोऽरिष्टनाशन ॥२४॥**

યદુવંશરૂપી સમુદ્રમાં ચંદ્ર સમાન અને કર્મરૂપી વનખંડમાં અગ્નિ સમાન **"શ્રી અરિષ્ટનેમિ"** ભગવાન્ તમારા ઉપદ્રવનો નાશ કરનારા થાઓ. ॥ ૨૪ ॥

**कमठे धरणेंद्रे च, स्वोचितं कर्म कुर्वति । प्रभोस्तुल्यमनोवृत्तिः, पार्श्वनाथः श्रियेऽस्तुवः ॥२५॥**

કમઠ અને ધરણેંદ્ર, કે જે પોતપોતાના યોગ્ય કર્મ કરતા હતા, તથાપિ તેઓ ઉપર જેમની મનોવૃત્તિ સરખી છે એવા **"શ્રી પાર્શ્વનાથ"** પ્રભુ તમારી જ્ઞાન લક્ષ્મીને માટે +થાઓ. ॥ ૨૫ ॥

**कृतापराधेऽपि जने, कृपामंथरतारयोः ईषद्बाष्पार्द्रयोर्भद्रं श्रीवीरजिननेत्रयोः ॥२६॥**

જે **"શ્રી વીરભગવાન્"**ના નેત્રો, અપરાધ કરનારા પ્રાણી ઉપર પણ દયાને સૂચવનારી કીકીઓવાળા છે અને (તેવી દયાવડે જ) જરા અશ્રુથી ભીંજાયેલા થઈ ગયેલા છે તેવા તે નેત્રોનું કલ્યાણ થાઓ.* ॥ ૨૬ ॥

JAINSITE .com
जैनम् जयति शासनम्

---

+ આ શ્લોકમાં "કમઠ અને ધરણેંદ્ર પોતાને યોગ્ય કામ કરતા હતા, તો પણ તેઓમાં પ્રભુની તુલ્ય મનોવૃત્તિ હતી." એવો અર્થ બતાવી ગ્રંથકર્તાએ પાર્શ્વનાથ ભગવાનનું અપૂર્વ સમદષ્ટિમાહાત્મ્ય બતાવ્યું છે; કારણ કે કમઠ તાપસ જે પ્રભુનો પૂર્વભવનો વૈરી હતો તે "મેઘમાળી" નામે દેવતા થયો હતો, તે પોતાને યોગ્ય કર્મ (ઉપસર્ગ) કરતો હતો, અને જે ધરણેંદ્ર હતો તેને પ્રભુએ પૂર્વ ભવમાં (સર્પાવતારમાં) અગ્નિથી બચાવ્યો હતો, તેથી તે ધરણેંદ્ર થઈ પ્રભુના ઉપસર્ગને દૂર કરવારૂપ પોતાને યોગ્ય કર્મ કરતો હતો, તથાપિ પ્રભુએ તે બન્નેમાં મનોવૃત્તિ તુલ્ય રાખી તે અપૂર્વ સમદષ્ટિમાહાત્મ્ય છે.

* આ શ્લોકના ભાવાર્થ ઉપર એક એવી કથા છે કે "સંગમ" નામના દેવતાએ મહાવીરસ્વામીને છ માસ સુધી ઉપસર્ગ કર્યા હતા, તથાપિ મહાવીરસ્વામી કંઇ પણ ક્ષોભ પામ્યા ન હતા. આવી ભગવાનની દઢતા જોઈ તે દેવે સ્વર્ગમાં જવાની ઇચ્છાથી પ્રભુને કહ્યું—"હે દેવ ! હે આર્ય ! તમે સ્વેચ્છાથી ભિક્ષા માટે ફરો, હવે હું તમને ઉપદ્રવ કરીશ નહિં." આવું તેનું કહેવું સાંભળી મહાવીરસ્વામીએ કહ્યું—'હું સ્વેચ્છાથી જ ભિક્ષા માટે ફરું છું, કોઈના કહેવાથી નથી ફરતો.' આવું પ્રભુનું વચન સાંભળી તે દેવ સ્વસ્થાને જવા ચાલ્યો; એટલે તેને જોઇ મહાવીરસ્વામીના નેત્રમાં અશ્રુ આવ્યાં કે; 'અહો ! આ દેવ મને ઉપસર્ગ કરવાથી કર્મ બાંધવાને લીધે દુઃખી થશે.' જુઓ, કેવી પ્રભુની દયાળુતા !

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ।। श्री ऋषभदेव ।।



आदिमं पृथ्वीनाथ-मादिमं निष्परिग्रहम् ।
आदिमं तीर्थनाथं च, ऋषभस्वामिनं स्तुमः ।।१।।

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ચરિત્રારંભ.

ઉપર કહેલા ૨૪ તીર્થંકરોના તીર્થોની અંદર બાર ચક્રવર્તી, નવ અર્ધ ચક્રવર્તી નવ બળદેવ અને નવ પ્રતિવાસુદેવ થયેલા છે. એ સર્વે આ ભરતક્ષેત્રમાં અવસર્પિણી કાળની અંદર થયેલા ત્રિષષ્ટિ (૬૩) શલાકા[1] પુરુષ છે. તેઓમાંનાં કેટલાએકને મોક્ષલક્ષ્મી પ્રાપ્ત થયેલી છે અને કેટલાએકને થવાની છે. શલાકાપુરુષપણાથી શોભતા એવા તેઓનુ ચરિત્ર અમે કહીએ છીએ; કારણુ કે **મહાત્મા જનોનું કીર્તન કરવું તે કલ્યાણુ અને મોક્ષનાં સ્થાનરૂપ છે.** તેમાં પ્રથમ ભગવાન ઋષભદેવજીનું ચરિત્ર, તેમના સમકિતપ્રાપ્તિના કારણુરૂપ એવા પ્રથમ ભવથી માંડીને કહીએ છીએ.

અસંખ્ય સમુદ્ર તથા અસંખ્ય દ્વીપરૂપી કંકણોવડે અને વજ્રમય વેદિકાવડે વીંટાઈ રહેલો જંબૂદ્વીપ નામે દ્વીપ છે. નદીઓ, ક્ષેત્રો અને વર્ષધર[2] પર્વતોથી શોભતા એવા તે જંબૂદ્વીપના મધ્ય ભાગમાં જાણે તેની નાભિ હોય તેવો સુવર્ણ ને રત્નમય મેરુપર્વત આવેલો છે. તે લાખ યોજન ઉંચો છે. ત્રણ મેખળાથી[3] શોભતો છે. ચાલીશ યોજનની તેની ઉપર ચૂલિકા છે અને તે અર્હંતોના ચૈત્યોથી ઘણો શોભી રહ્યો છે. તેની પશ્ચિમ તરફના ભાગમાં રહેલા વિદેહ ક્ષેત્રમાં **ક્ષિતિપ્રતિષ્ઠિત** નામે એક ક્ષિતિમંડલના[4] મંડનરૂપ નગર છે. તે નગરમાં ધર્મકર્મમાં સાવધાન અને ઘણી સમૃદ્ધિએ શોભતો **પ્રસન્નચંદ્ર** નામે ઇંદ્ર સમાન રાજા હતો. તે નગરમાં સર્વ સરિતાઓનું સ્થાન જેમ સમુદ્ર છે તેમ સર્વ સંપત્તિઓના સ્થાનરૂપ અને યશરૂપી ધનવાળો **ધન** નામે એક સાર્થવાહ રહેતો હતો. મોટી ઇચ્છાવાળા તે સાર્થવાહ પાસે કોઈની ધારણામાં ન આવી શકે તેટલી તથા ચંદ્રકાંતિની માફક પરોપકાર કરવારૂપ ફળવાળી ઘણી લક્ષ્મી હતી. હમેશાં સદાચારરૂપી નદીના પ્રવાહ માટે પર્વત સમાન અને સર્વ પૃથ્વીને પવિત્ર કરનાર તે ધનશેઠ સર્વને સેવા કરવા યોગ્ય હતો. તેનામાં યશરૂપી વૃક્ષના અમોઘ[5] બીજની જેવા ઔદાર્ય, ગાંભીર્ય અને ધૈર્ય વગેરે ગુણો હતા. તે સાર્થવાહને ઘેર કણુના ઢગલાની પેઠે રત્નોના ઢગલા હતા અને ગુણોની માફક દિવ્ય વસ્ત્રોના ઢગલા હતા. જળજંતુઓથી જેમ સમુદ્ર શોભે તેમ ઘોડા, ખચ્ચર, ઊંટ અને બીજા

---

૧ એ સર્વે તે ભવમાં અથવા આગામી ભવમાં નિશ્ચયે મોક્ષગામી હોવાથી તેઓ શલાકા પુરુષ કહેવાય છે. ૨ વર્ષ ક્ષેત્ર તેને જુદા પાડનાર તે વર્ષધર–પર્વત. ૩ પ્રથમ મેખળાએ નંદન વન, બીજી મેખળાએ સોમનસ વન અને ત્રીજી મેખળાએ પાંડુક વન છે. ૪ પૃથ્વીમંડળના. ૫ સફળ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વાહનોથી તેનું ભવન શોભતું હતું. સર્વ શારીરિક વાયુમાં પ્રાણવાયુની પેઠે તે સાર્થવાહ ધનાઢચ, ગુણી અને કીર્તિવંત લોકોમાં અગ્રેસર હતો. જેમ મહા સરોવરની નજીકની ભૂમિઓ તેનાં ઝરણાંવડે પૂરાઈ જાય છે તેમ ઘણા દ્રવ્યવાળા તે સાર્થવાહના ધનથી તેના સેવકો ભરપૂર થઈ ગયા હતા.

એક વખત જાણે મૂર્તિમંત ઉત્સાહ હોય એવા તે સાર્થવાહે મોટા ઉપસ્કરો* લઈને વસંતપુર જવાની ઈચ્છા કરી. ત્યારે તેણે સર્વ નગરમાં પોતાના માણુસ પાસે +પટહ વગડાવી એવી ઘોષણા કરાવી કે "ધન સાર્થવાહ વસંતપુર જવાના છે, માટે જેઓ તેમની સાથે જવા ઈચ્છતા હોય તે ચાલો. જેને પાત્ર નહિ હોય તેને તે પાત્ર આપશે, જેને વાહન નહિ હોય તેને વાહન આપશે, જેને સહાય નહિ હોય તેને સહાય આપશે અને જેને પાથેય (ભાતુ) નહિ હોય તેને પાથેય આપશે. માર્ગમાં ચોર લોકોથી અને શીકારી પ્રાણીઓના ઉપદ્રવથી તે સર્વની રક્ષા કરશે. જે કોઈ અશકત હશે તેઓનું પોતાના બન્ધુની માફક તે પાલન કરશે." એવી રીતે ઉદ્ઘોષણા કરાવીને કુળસ્ત્રીઓએ જેનું મંગળ કર્યું છે એવા આચાર યુક્ત સાર્થવાહે સારા મુહૂર્ત્તે રથમાં બેસી પ્રસ્થાન કર્યું. પ્રયાણ વખતે જાણે તેની તરફથી બોલાવનારા માણસો હોય એવા તેના ભેરીવાદ્યના ભાંકાર શબ્દોથી **વસંતપુર** જવાની ઈચ્છાવાળા સર્વે લોકો નગર બહાર નીકળ્યા. એ સમયે સાધુચર્યાથી અને ધર્મથી પૃથ્વીને પવિત્ર કરતા **ધર્મઘોષ** આચાર્ય સાર્થવાહ પાસે આવ્યા. આચાર્યને જોઈ સંભ્રમથી ઊઠી હાથ જોડી, સૂર્યની માફક તપની કાંતિથી પ્રકાશમાન એવા તે આચાર્યને સાર્થવાહે વંદન કરી. પછી આગમનનું કારણ પૂછયું; એટલે 'અમે તમારી સાથે આવશું' એમ આચાર્ય મહારાજે કહ્યું. એવું સાંભળી સાર્થવાહે કહ્યું.—'હે ભગવન્ ! આજે હું ધન્ય થયો કે આપ જેવા સાથે લઈ જવા લાયક મારી સાથે આવો છો. આપ ખુશીથી મારી સાથે ચાલો.' પછી સાર્થવાહે પોતાના રસોઈ કરનારાઓને આજ્ઞા કરી—' આ આચાર્યને માટે તમારે હમેશાં અન્નપાનાદિક તૈયાર કરવું.' સાર્થવાહની એવી આજ્ઞા થતાં આચાર્યે કહ્યું—' સાધુઓને પોતાને અર્થે કરેલો, કરાવેલો અને સંકલ્પ કરેલો ન હોય તેવો જ આહાર કલ્પે છે. હે સાર્થપતિ ! વાવ, કૂવા અને તળાવમાં રહેલું જળ પણ અગ્નિ વગેરે શસ્ત્રો સિવાય અચેત થતું નથી તેથી સાધુઓને કલ્પતું નથી, એવી જિનેંદ્રશાસનમાં આજ્ઞા કરેલી છે.' એવા વખતમાં કોઈ પુરુષે આવીને ભ્રષ્ટ થયેલા સંધ્યાકાળનાં વાદળાંની જેવાં સુંદર વર્ણનાં પાકેલાં આમ્રફળથી ભરેલો એક થાળ સાર્થવાહની પાસે મૂકયો. ધન સાર્થવાહે ઘણા હર્ષવાળા મનથી આચાર્યને કહ્યું—'આપ આ ફળો ગ્રહણ કરી મારા ઉપર અનુગ્રહ કરો.' આચાર્યે કહ્યું—' હે શ્રદ્ધાળુ ! આવાં સચિત્ત ફળને સ્પર્શ કરવો પણ મુનિને કલ્પે નહિ, તો તેનું ભોજન કરવું તો કેમજ કલ્પે ?' સાર્થવાહે કહ્યું—'અહો ! તમે તો કોઈ મહાદુષ્કર વ્રતને ધારણ કરનારા છો. આવા વ્રતને દક્ષ છતાં પણ પ્રમાદી પુરુષ એક દિવસ પણ ધારણ કરી શકે નહિં; તથાપિ આપ સાથે ચાલો; જે આપને કલ્પતું હશે તેવું અન્નાદિક હું આપને આપીશ.' એવી રીતે કહી નમસ્કાર કરી, તેણે મુનિને વિસર્જ્યા. પછી સાર્થવાહ મોટા તરંગોથી જેમ સમુદ્ર ચાલે તેમ ચંચળ ઘોડા, ઊંટ, શકટ અને બળદો સહિત ચાલવા લાગ્યો. આચાર્ય પણ જાણે મૂર્તિમંત થયેલા મૂળ ગુણ અને ઉત્તર ગુણ હોય એવા સાધુઓથી આવૃત્ત થઈ ચાલવા લાગ્યા. સર્વ સંઘની આગળ ધનસાર્થવાહ ચાલતો

* કરિયાણાં. + ઢોલ ટીપાવીને.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હતો, તેની પાછળ સાર્થવાહનો મિત્ર **મણિભદ્ર** ચાલતો હતો અને બંને બાજુએ અવારિત અસ્વારોનો સમૂહ ચાલતો હતો. તે સમયે સાર્થવાહે શ્વેત છત્રોથી જાણે શરદૃઋતુના મેઘમય હોય તેવું અને મયૂર છત્રોથી જાણે વર્ષાઋતુના મેઘમય હોય તેવું આકાશ કરી દીધું હતું. ઘનવાત* જેમ પૃથ્વીને વહન કરે છે તેમ તે સાર્થવાહનાં દુર્વહ ઉપસ્કરને ઊંટ, બળદ, સાંઢ, ખચ્ચર અને ખરોએ વહન કર્યો હતો. વેગથી જેઓના ચરણપાત જણાતા નથી તેથી જાણે મૃગલા હોય અને પૃષ્ટ ઉપર ગુણો લાદેલી છે તેથી જાણે ઊંચી પાંખોવાળા હોય તેવા ઊંટો ઝડપથી ચાલતાં હતાં. અંદર બેઠેલા યુવાન લોકોને ક્રીડા કરવાને યોગ્ય ગાડાંઓ જાણે ચાલતાં ઘર હોય તેવાં શોભતાં હતાં. મોટી કાયાવાળા અને મોટા સ્કંધવાળા મહિષો જાણે પૃથ્વી પર આવેલા મેઘ હોય તેમ જળને વહન કરી લોકોની તૃષાનો નાશ કરતા હતા. તે સાર્થવાહના ઉપસ્કરના ભારથી આક્રાંત થયેલી પૃથ્વી ચોતરફ થતા એવા શકટોના ચીત્કાર શબ્દથી શબ્દ કરતી હોય તેવી જણાતી હતી. બળદોથી, ઊંટોથી અને ઘોડાઓથી ઊડેલી રજ આકાશમાં ચોતરફ એવી રીતે વ્યાપી ગઈ કે, જેથી સોયથી વીંધાઈ શકાય તેવો અંધકાર થઈ ગયો. દિશાઓના મુખભાગને બધિર કરનારા સાંઢોના ઘંટાના રણત્કારથી ચમરી મૃગો, પોતાનાં બચ્ચાંઓ સાથે દૂરથી જ ઊંચા કાન કરી ત્રાસ પામતાં હતાં. મોટા ભારને વહન કરનારાં ઊંટો ચાલતાં ચાલતાં પણ પોતાની ગ્રીવાઓ વાળીને વૃક્ષોના અગ્રભાગને વારંવાર ચાટતાં હતાં. જેઓના પૃષ્ટ ઉપર છાલકા મૂકેલા છે એવા ગધેડાઓ પોતાના કાન ઊંચા કરી અને ગ્રીવાઓ પાંસરી કરી પરસ્પર એકબીજાને દાંતવડે ડંસ કરતા કરતા પછવાડે રહેતા હતા. દરેક દિશાઓમાં હાથમાં હથિયાર ધારણ કરીને રહેલા રક્ષકોથી વીંટાયેલો તે સાર્થ જાણે વજ્રના પંજરમાં રહ્યો હોય તેમ માર્ગે ચાલતો હતો. મસ્તક ઉપર મહામૂલ્ય મણિને ધારણ કરનારા ભુજંગની પેઠે ઘણા અર્થ (દ્રવ્ય) ને વહન કરનારા તે સંઘથી ચોર લોકો દૂર જ રહેતા હતા. નિર્ધન અને ધનાઢ્યના યોગ ક્ષેમમાં એક સરખા ઉદ્યમવાળો તે સાર્થવાહ, યૂથપતિ હાથી જેમ નાના હાથીઓને લઈને ચાલે તેમ સર્વની સંઘાતે ચાલવા લાગ્યો. લોચનોને પ્રફુલ્લ કરી સર્વ લોકોએ આદર કરેલો તે સાર્થવાહ સૂર્યની પેઠે દિવસે દિવસે પ્રયાણ કરવા લાગ્યો. તેવા વખતમાં સરોવર અને નદીઓનાં જળને રાત્રિઓની પેઠે સંકોચ કરનારો, પાંથજનોને ભયંકર અને મહાઉત્કટ એવો ગ્રીષ્મઋતુનો સમય આવ્યો. ભઠ્ઠીની અંદરનાં કાષ્ઠોની જેવા ઘણા દુઃસહ પવન વાવા લાગ્યા. સૂર્ય પોતાના અગ્નિના કણિયાની જેવા તડકાને ચોતરફ પ્રસારવા લાગ્યો. તે સમયે સંઘના પાંથ લોકો સમીપ ભાગે આવતાં ઝાડે ઝાડે વિશ્રામ લેવા લાગ્યા અને પાણીની પરબે પરબે પ્રવેશ કરી જળપાન કરીને આળોટવા લાગ્યા. મહિષો નિઃશ્વાસોથી જાણે પ્રેરેલી હોય તેવી પોતાની જિહ્વાઓનું આકર્ષણ કરવા લાગ્યા અને નિષેધ કરનાર પુરુષોના શબ્દોનું અપમાન કરીને નદીના કાદવની અંદર પ્રવેશ કરવા લાગ્યા. પરોણાના ઘા પડતા હતા તો પણ સારથીઓનું અપમાન કરીને વૃષભો કુમાર્ગે રહેલાં વૃક્ષો પાસે વારંવાર જવા લાગ્યા. સૂર્યનાં તપેલાં લોઢાની સોયના જેવા કિરણોથી મીણના પિંડની જેમ પશુ અને મનુષ્યોનાં શરીરો ચારેતરફ ઓગળવા લાગ્યાં. સૂર્ય હમેશાં પોતાનાં કિરણોને તપાવેલા લોઢાનાં ફળાંની જેવાં કરવા લાગ્યો અને પૃથ્વીની રજ માર્ગમાં નાંખેલા છાણાના અગ્નિની જેવું વિષમપણું ધારણ કરવા લાગી.

* આ વાયુ પૃથ્વીની નીચે આધારભૂત છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સાર્થવાહની સ્ત્રીઓ માર્ગમાં આવતી નદીઓમાં પેસી કમલિનીનાં નાળવાં ગ્રહણ કરી કરીને પોતાના ગળામાં નાખવા લાગી, સાર્થની પુરંધ્રીઓ[1] પસીના વડે ભીંજાયેલાં વસ્ત્રોથી જાણે જળાર્દ્ર થયેલીઓ હોય તેમ માર્ગમાં ઘણી શોભવા લાગી. પાંથલોકો પલાશ, તાલ, હિંતાલ, કમલ અને કદલી પત્રોના પંખા કરી ઘામથી થયેલા શ્રમનો છેદ કરવા લાગ્યા.

પછી ગ્રીષ્મઋતુની સ્થિતિની પેઠે પ્રવાસીઓની ગતિને નાશ કરનાર મેઘનાં ચિહ્નવાળી વર્ષાઋતુ આવી. આકાશમાં યક્ષની માફક ધનુષ્યને ધારણ કરતો અને ધારરૂપી બાણોની વૃષ્ટિ કરતો વરસાદ ચઢી આવ્યો. સર્વ સંઘના લોકોએ તેને ઘણા ત્રાસથી જોયો. તે મેઘ સળગાવેલા ઉંબાડીઆની પેઠે વીજળીને ભમાવીને બાળકોની પેઠે સંઘના સર્વ લોકોને બીવરાવવા લાગ્યો. આકાશ સુધી ગયેલા અને પ્રસરતા એવા જળના પૂરોએ પાંથોનાં હૃદયની પેઠે નદીઓના વિશાળ તટને તોડી નાંખ્યા. મેઘના જળોએ પૃથ્વીના ઊંચા નીચા ભાગને સરખો કર્યો, કેમકે **જડ પુરુષોનો[2] ઉદય થાય તોપણ તેને વિવેક ક્યાંથી આવે ?** જળ, કાંટા અને કાદવથી માર્ગના દુર્ગમપણાને લીધે એક ગાઉ પણ સો યોજન જેવો થવા લાગ્યો. પાંથલોકો પોતાના જાનુ સુધી નવા કાદવમાં સંલગ્ન થવાથી જાણે બંધનમાંથી મુક્ત થયા હોય તેમ ધીમે ધીમે ચાલવા લાગ્યા. દરેક રસ્તે પાંથલોકોને અટકાવવાને જાણે દુષ્ટ દૈવે પ્રવાહના મિષથી પોતાના બાહુરૂપી ભોગળને પસાર્યા હોય તેવા જળપ્રવાહો જણાવા લાગ્યા. શકટો[3] કાદવોથી વિકટ થયેલા રસ્તામાં ચોતરફ ખુંચી જવા લાગ્યાં, તે પૃથ્વીએ જાણે પોતાના ઘણા કાળથી થયેલા મર્દનના રોષથી ગ્રસ્ત કર્યાં હોય તેવાં જણાવા લાગ્યા. ઊંટને ચલાવનારાઓએ માર્ગમાં નીચે ઉતરી રજ્જુને ધારણ કરીને આકર્ષણ કરેલાં ઊંટો પોતાના ચરણો ભ્રષ્ટ થવાથી પગલે પગલે પડવા લાગ્યાં. વર્ષાઋતુથી માર્ગનું આવું દુર્ગમપણું થયેલું જોઇ ધનસાર્થવાહે તે મહાઅટવીમાં તંબુઓ નાખીને નિવાસ કર્યો. ત્યાં સર્વે લોકોએ વર્ષાઋતુ નિર્ગમન કરવાને માટે આશ્રમો કર્યા; કેમકે **દેશકાળને ઉચિત ક્રિયા કરનારાઓ દુઃખી થતા નથી.** સાર્થવાહના મિત્ર મણિભદ્રે જંતુ રહિત પૃથ્વી ઉપર રહેલ ઉટજરૂપી[4] ઉપાશ્રય બનાવ્યો, એટલે તેમાં સાધુ સહિત આચાર્યે નિવાસ કર્યો. સંઘના લોકો ઘણા હોવાથી અને વર્ષાઋતુનો લાંબો વખત હોવાથી સર્વની પાસે ભાતુ અને ઘાસ વગેરે ખૂટી ગયું, તેથી સર્વે સાર્થવાસીઓ ક્ષુધાર્ત્ત થઈ મલિન વસ્ત્રવાળા તાપસોની પેઠે કંદમૂળાદિક ભક્ષણ કરવાને આમતેમ ફરવા લાગ્યા. સાર્થના લોકોની આવી દુઃખી હાલત જોઇ સાર્થવાહના મિત્ર મણિભદ્રે એક દિવસે સાયંકાળે તે સર્વ વૃત્તાંત સાર્થવાહને નિવેદન કર્યો. તે સાંભળી સંઘના લોકોના દુઃખની ચિંતામાં, પવન રહિત સમયે નિષ્કંપ થયેલા સમુદ્રની પેઠે સાર્થવાહ નિશ્ચળ થઈ ગયો. એવી રીતે ચિંતામગ્ન થયેલા સાર્થવાહને ક્ષણમાત્રમાં નિદ્રા આવી ગઇ. "જ્યારે અતિ દુઃખ કે અતિ સુખ આવે ત્યારે તત્કાળ નિદ્રા આવી જાય છે, કેમકે તે બંને નિદ્રાનાં મુખ્ય કારણ છે." તેવામાં રાત્રિનો છેલ્લો પહોર થયો એટલે અશ્વશાળાનો કોઈ ભદ્રિક આશયવાળો [5]યામરક્ષક નીચે પ્રમાણે બોલ્યો;

"દરેક દિશાઓમાં જેની કીર્ત્તિ વિસ્તાર પામી છે એવા અમારા સ્વામી વિષમ દશાને

---

૧ સ્ત્રીઓ. ૨ અહીં જડના બીજા અર્થમાં જળ સમજવું. ૩ ગાડાંઓ. ૪ ઝુંપડી. ૫ પહેરેગીર.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રાપ્ત થયા છે, તો પણ પોતાના શરણાગતનું પાલન સારું કરે છે !" આવી તેની વાણી સાંભળી સાર્થવાહે વિચાર કર્યો કે–" આવું બોલી કોઈ માણસે મને ઉપાલંભ દીધો જણાય છે. મારા સંઘમાં દુઃખી માણસ કોણ છે? અરે! મારા જાણવામાં આવ્યું કે–મારી સાથે ધર્મઘોષ આચાર્ય આવેલા છે, જેઓ અકૃત[1] અકારિત[2] પ્રાસુક[3] ભિક્ષાથી જ ફક્ત ઉદરપોષણ કરનારા છે અને કંદ, મૂળ તથા ફળાદિ પદાર્થોનો કોઈ વખત સ્પર્શ પણ કરતા નથી. હમણાં આવા દુઃખિત સાર્થને વિષે તેઓ કેમ વર્તતા હશે ? અહો ! જે આચાર્યને માર્ગનાં સર્વ કૃત્ય સાચવવાનું અંગીકાર કરીને હું મારી સાથે આ માર્ગે લાવ્યો, તેઓનું હું આજે જ સ્મરણ કરું છું. મેં મૂર્ખે આ શું કર્યું ? આજસુધી જેઓનું વાણીમાત્રથી પણ ઉચિત સાચવ્યું નથી, તેઓને આજે હું કેવી રીતે મુખ બતાવીશ ? તથાપિ આજે તેમનું દર્શન કરીને હું મારા પાપનું પ્રક્ષાલન[4] તો કરું; કારણ કે તે સિવાય સર્વ વસ્તુની ઇચ્છા રહિત એવા તે પુરુષનું મારે શું કામ કરવું ?" આવી ચિંતામાં મુનિદર્શનને માટે ઉત્સુક થયેલા સાર્થવાહને રાત્રિનો ચોથો પ્રહર બીજી રાત્રિના જેવડો થઈ પડયો. પછી રાત્રિ વીતી ગઈ, એટલે પ્રભાતમાં ઉજ્જવળ વસ્ત્રાભૂષણ ધારણ કરી સાર્થવાહ પોતાના મુખ્ય માણસોને સાથે લઈ સૂરિના આશ્રમ પ્રત્યે ગયો. ત્યાં જઈ પલાશના આચ્છાદનથી આચ્છાદિત થયેલા, છિદ્રવાળા, તૃણની ભીંતોવાળા અને નિર્જીવ ભૂમિ ઉપર રચેલા એવા આશ્રમમાં તેણે પ્રવેશ કર્યો. ત્યાં પાપરૂપી સમુદ્રના જાણે મંથન કરનાર હોય, મોક્ષના જાણે માર્ગ હોય, ધર્મના જાણે મંડપ હોય અને તેજના જાણે સ્થાન હોય એવા ધર્મઘોષ મુનિને તેણે જોયા. તેઓ કષાયરૂપી ગુલ્મમાં હિમ જેવા, કલ્યાણલક્ષ્મીના હાર જેવા, સંઘના અદ્વૈત ભૂષણ જેવા અને મોક્ષની ઇચ્છાવાળા પુરુષોને કલ્પવૃક્ષ જેવા લાગતા હતા, જાણે એકત્ર થયેલ તપ હોય, મૂર્તિમાન આગમ હોય, તીર્થને પ્રવર્ત્તાવનાર તીર્થંકર હોય એવા તેઓ શોભતા હતા. તેમની આસપાસ બીજા મુનિઓ બેઠા હતા, જેમાંનાં કોઈએ પોતાનો આત્મા ધ્યાનને આધીન કર્યો હતો, કોઈએ મૌનવ્રત અવલંબન કર્યું હતું, કોઈ કાયોત્સર્ગમાં રહ્યા હતા, કોઈ આગમનું અધ્યયન કરતા હતા, કોઇ વાચના આપતા હતા, કોઈ ભૂમિ પ્રમાર્જન કરતા હતા, કોઇ ગુરુને વંદન કરતા હતા, કોઈ ધર્મકથા કરતા હતા, કોઈ શ્રુતનો ઉપદેશ કરતા હતા, કોઇ અનુજ્ઞા આપતા હતા અને કોઇ તત્ત્વને કહેતા હતા. સાર્થવાહે પ્રથમ આચાર્યને અને પછી અનુક્રમે સર્વ સાધુઓને વંદના કરી. તેઓએ તેને પાપનો નાશ કરનાર 'ધર્મલાભ' આપ્યો. પછી આચાર્યના ચરણકમળની પાસે રાજહંસની પેઠે બેસી સાર્થવાહે આનંદ સહિત નીચે પ્રમાણે કહેવાનો આરંભ કર્યો—

"હે ભગવન્ ! આપને મારી સાથે આવવાનું કહેતાં મેં શરદૃઋતુના મેઘની ગર્જનાની માફક મિથ્યા સંભ્રમ દેખાડ્યો, કેમકે તે દિવસથી આરંભીને આજ સુધી મેં આપનું દર્શન કર્યું નહિ, વંદના કરી નહિ અને અન્નપાન તથા વસ્ત્રાદિકથી આપનો કયારે પણ સત્કાર કર્યો નહિ. જાગ્રત છતાં [6]સુષુપ્તાવસ્થામાં રહેલા એવા મેં આ શું કર્યું ? આપની અવજ્ઞા કરી, પોતાનાં વચનનો ભંગ કર્યો. હે મહારાજ ! આ મારા પ્રમાદાચરણને માટે

૧ પોતાને અર્થે નહીં કરેલ ૨ નહીં કરાવેલ. ૩ જીવ રહિત (અચિત્ત.) ૪ ધોઇ નાખવું. ૫ એક જાતનું ઘાસ, ૬ નિદ્રાવસ્થા.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આપ ક્ષમા કરો. **મહાત્મા લોક સર્વ સહન કરવાથી હમેશાં સર્વસહાની[1] ઉપમાને પામેલા જ હોય છે."**

આવું સાર્થવાહનું વચન સાંભળી સૂરિએ કહ્યું–"સાર્થવાહ ! માર્ગમાં હિંસક પશુઓથી અને ચોર લોકોથી તમે અમારી રક્ષા કરી છે તેથી અમારો સર્વ પ્રકારનો સત્કાર તમે કર્યો છે. તમારા સંઘના લોકો જ અમને યોગ્ય અન્નપાનાદિ આપે છે તેથી અમને કંઈ પણ દુઃખ થયું નથી; માટે હે મહામતિ ! જરા પણ ખેદ કરશો નહીં." સાર્થવાહે કહ્યું–"સંત પુરુષો નિરંતર ગુણને જ જુએ છે, તેથી આપ દોષ સહિત એવો જે હું તેને માટે એ પ્રમાણે કહો છો, પરંતુ હું હવે સર્વ રીતે મારા પ્રમાદથી લજ્જિત થાઉં છું માટે આપ પ્રસન્ન થાઓ અને સાધુઓને આહાર લેવા મારી સાથે મોકલો, જેથી હું ઇચ્છાં પ્રમાણે આહાર આપું." સૂરિ બોલ્યા–"વર્ત્તમાન યોગવડે જે અકૃત, અકારિત અને અચિત્ત અન્નાદિક હોય તે અમારા ઉપયોગમાં આવે છે એમ તું જાણે છે." એવી રીતે સૂરિએ કહ્યા પછી 'જે આપને ઉપયોગમાં આવશે તે જ હું સાધુઓને વહોરાવીશ.' એમ કહી નમસ્કાર કરી સાર્થવાહ પોતાના આવાસ પ્રત્યે ગયો. તેની પછવાડે જ બે સાધુ વહોરવાને ગયા, પણ દૈવયોગે તેના ઘરમાં સાધુને વહોરાવવા યોગ્ય કાંઈ પણ અન્નપાનાદિક તે સમયે હતું નહીં. પછી સાર્થવાહે આમતેમ જોવા માંડ્યું, તેવામાં જાણે પોતાનું નિર્મળ અંતઃકરણ હોય તેવું તાજું ઘૃત જોવામાં આવ્યું. સાર્થવાહે કહ્યું–આ' તમારે કલ્પશે ?' એટલે સાધુએ 'ઇચ્છું છું' એમ કહી પાત્ર ધર્યું. પછી 'હું ધન્ય થયો, હું કૃતાર્થ થયો, હું પુણ્યવંત થયો,' એવું ચિંતવન કરવાથી જેનું શરીર રોમાંચિત થયું છે એવા સાર્થપતિએ સાધુને સ્વહસ્તે ઘૃત વહોરાવ્યું, જાણે આનંદાશ્રુવડે કરીને પુણ્યાંકુરને ઉત્પન્ન કરતો હોય એવા તે સાર્થવાહે ઘૃતદાન કર્યા પછી તે બે મુનિને વંદના કરી, એટલે મુનિઓ સર્વ કલ્યાણની સિદ્ધિમાં સિદ્ધમંત્ર જેવો 'ધર્મલાભ' આપી નિજાશ્રમ પ્રત્યે ગયા. સાર્થવાહને એ દાનના પ્રભાવથી મોક્ષવૃક્ષના બીજરૂપ અને દુર્લભ એવું બોધિબીજ[2] પ્રાપ્ત થયું, રાત્રે ફરીને સાર્થવાહ મુનિઓના આશ્રમમાં ગયો. ત્યાં આજ્ઞા માગી, ગુરુમહારાજને વંદન કરી બેઠો, એટલે ધર્મઘોષસૂરિએ તેને મેઘના જેવી ગિરાથી શ્રુતકેવળીના જેવી નીચે પ્રમાણે દેશના આપી—

"ધર્મ ઉત્કૃષ્ટ મંગલ છે, સ્વર્ગ અને મોક્ષને આપનાર છે અને સંસારરૂપી વનને ઉલ્લંઘન કરવામાં માર્ગદેશક[3] છે. ધર્મ માતાની પેઠે પોષણ કરે છે, પિતાની પેઠે રક્ષણ કરે છે, મિત્રની જેમ પ્રસન્ન કરે છે, બંધુની પેઠે સ્નેહ રાખે છે, ગુરુની પેઠે ઉજ્જવળ ગુણોને વિષે ઉચ્ચપણે આરૂઢ કરે છે અને સ્વામીની જેમ ઉત્કૃષ્ટ પ્રતિષ્ઠાને પ્રાપ્ત કરાવે છે. તે સુખનો મહા હર્મ્ય[4] છે, શત્રુરૂપ સંકટમાં વર્મ[5] છે, શીતથી ઉત્પન્ન થયેલી જડતાને છેદન કરવાને ઘર્મ[6] છે અને પાપના મર્મને જાણનાર છે. ધર્મથી જીવ રાજા થાય છે, ધર્મથી બળદેવ થાય છે, ધર્મથી અર્ધચક્રી[7] થાય છે, ધર્મથી ચક્રવર્ત્તી થાય છે, ધર્મથી દેવ અને ઇંદ્ર થાય છે, ધર્મથી ગ્રૈવેયક અને અનુત્તર વિમાનમાં અહમિંદ્ર દેવપણાને પામે છે અને ધર્મથી તીર્થંકર પદને પણ પ્રાપ્ત થાય છે. જગતમાં ધર્મથી સર્વ પ્રકારની સિદ્ધિ થાય છે. દુર્ગતિમાં પડતા જંતુઓને ધારણ કરે છે તેથી તે 'ધર્મ' કહેવાય છે. તે ધર્મ દાન, શીલ,

૧ પૃથ્વી ૨ સમકિત. ૩ માર્ગ બતાવનાર. ૪ મહેલ. ૫ બખતર. ૬ ઉષ્ણતા. ૭ વાસુદેવ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તપ અને ભાવના ભેદથી ચાર પ્રકારનો છે. તેમાં જે દાનધર્મ છે તે જ્ઞાનદાન, અભયદાન અને ધર્મોપગ્રહદાન એવા નામથી ત્રણ પ્રકારે કહ્યો છે. ધર્મને નહિ જાણનારા પુરુષોને વાચના અને દેશનાદિકનું દાન આપવું અગર જ્ઞાનના સાધનોનું દાન આપવું તે જ્ઞાનદાન કહેવાય છે. જ્ઞાનદાનવડે પ્રાણી પોતાનું હિતાહિત જાણે છે અને તેથી જીવાદિ તત્ત્વોને જાણી વિરતિને પ્રાપ્ત કરે છે. વળી જ્ઞાનદાનથી પ્રાણી ઉજ્જ્વળ કેવળજ્ઞાન પામી, સર્વલોકના અનુગ્રહકારી લોકાગ્ર ઉપર આરૂઢ થાય છે એટલે મોક્ષપદને પામે છે.

"મન, વચન અને કાયાએ કરીને જીવનો વધ કરવો નહી, કરાવવો નહી અને કરનારની અનુમોદના કરવી નહીં તેનું નામ અભયદાન કહેવાય છે. તે જીવ–સ્થાવર અને ત્રસના ભેદથી બે પ્રકારના છે; અને તે બંનેના પણ પર્યાપ્ત અને અપર્યાપ્ત[1] એવા બે પ્રકાર છે. પર્યાપ્તપણાના કારણરૂપ છ પર્યાપ્તિઓ–આહાર, શરીર, ઇંદ્રિય, શ્વાસોચ્છ્વાસ, ભાષા અને મન એ નામની છે. તે પર્યાપ્તિઓ એકેંદ્રિયને ચાર, વિકલેંદ્રિયને[2] પાંચ અને પંચેંદ્રિય જીવોને છ–એમ અનુક્રમે હોય છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ તે એકેન્દ્રિય સ્થાવરો કહેવાય છે. તેઓમાં પહેલાં ચાર છે, તે સૂક્ષ્મ અને બાદર એવા બે પ્રકારના છે અને વનસ્પતિ પ્રત્યેક અને સાધારણ એવા બે ભેદવાળી છે. તેમાં પણ સાધારણ વનસ્પતિના સૂક્ષ્મ અને બાદર એવા બે ભેદ છે. ત્રસ જીવો દ્વીંદ્રિય, ત્રીંદ્રિય, ચતુરિંદ્રિય અને પંચેંદ્રિય, એમ ચાર પ્રકારના છે. તેમાં પંચેન્દ્રિયના સંજ્ઞી અને અસંજ્ઞી એવા બે ભેદ છે. જેઓ મન અને પ્રાણ પ્રવૃત્ત કરી શિક્ષા, ઉપદેશ અને આલાપને જાણે છે તે સંજ્ઞી કહેવાય છે અને તેઓથી વિપરીત તે અસંજ્ઞી કહેવાય છે. સ્પર્શન, રસન (જિહ્વા); ઘ્રાણ (નાસિકા), ચક્ષુ અને શ્રોત્ર (કાન) એ પાંચ ઇંદ્રિયો છે અને તેઓના અનુક્રમે સ્પર્શ, રસ, ગંધ, રૂપ અને શબ્દ એ વિષયો છે. દ્વિંદ્રિય જીવોમાં કૃમિ, શંખ, ગંડોલા, જળો, કપર્દિકા[3] અને છીપો વગેરે વિવિધ આકૃતિવાળા પ્રાણીઓ છે, જૂ, માંકણ, મંકોડા અને લીખ વગેરેને ત્રીંદ્રિય જંતુઓ કહ્યા છે, અને પતંગ, મક્ષિકા(માખી), ભ્રમર અને ડાંસ વગેરેને ચતુરિંદ્રિય ગણ્યા છે. જળ, સ્થળ ને આકાશચારી તિર્યંચો, તેમજ નારકી, મનુષ્ય અને દેવતાં એ સર્વને પંચેંદ્રિય જીવો કહ્યા છે. આ પ્રકારના સર્વ જીવોના પર્યાય (આયુષ્ય)નો ક્ષય કરવો, તેઓને દુઃખ આપવું અને તેઓને કલેશ ઉત્પન્ન કરવો એ ત્રણ પ્રકારે વધ કહેવાય છે. તે ત્રણે પ્રકારના જીવવધનો ત્યાગ કરવો તેનું નામ અભયદાન કહેવાય છે. જે પુરુષ અભયદાન આપે છે તે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરુષાર્થ આપે છે; કારણ કે વધથી બચાવેલો જીવ જો જીવે છે તો તેને ચારે પુરુષાર્થ પ્રાપ્ત થઈ શકે છે. દરેક પ્રાણીને રાજ્ય, સામ્રાજ્ય અને દેવરાજ્ય કરતાં પણ જીવિતવ્ય વધારે પ્રિય છે અને તે જ કારણથી અશુચિમાં રહેલા કૃમિને અને સ્વર્ગમાં રહેલા ઇંદ્રને પણ પ્રાણાપહારી ભય સરખો છે, માટે સુબુદ્ધિ પુરૂષે નિરંતર સર્વ જગતને ઇષ્ટ એવા અભયદાનને વિષે અપ્રમત્ત થઈને પ્રવર્તવું જોઈએ. અભયદાન દેવાથી મનુષ્ય પરભવે મનોહર શરીરવાળો, દીર્ઘાયુષી, આરોગ્યવંત, રૂપવંત, લાવણ્યમાન્ તથા શક્તિમાન્ થાય છે.

---

૧ પોતાને હોય તેટલી પર્યાપ્તિ પૂરી કરે તે પર્યાપ્ત કહેવાય છે અને પૂરી કર્યા અગાઉ મરણ પામે છે તે અપર્યાપ્ત કહેવાય છે. ૨ બેઇંદ્રી, તેઇંદ્રી અને ચૌરેંદ્રી. ૩ કોડીઓ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"ધર્મોપગ્રહ દાનના દાયકશુદ્ધ, ગ્રાહકશુદ્ધ, દેયશુદ્ધ, કાળશુદ્ધ અને ભાવશુદ્ધ એવા પાંચ પ્રકાર થાય છે. તેમાં ન્યાયોપાર્જિત દ્રવ્યવાળો, સારી બુદ્ધિવાળો, આશંસા વિનાનો, જ્ઞાનવાન્ તથા આપીને પશ્ચાત્તાપ નહિ કરનારો દાન આપે તે દાયકશુદ્ધ દાન કહેવાય છે. આવું ચિત્ત, આવું વિત્ત અને આવું પાત્ર મને પ્રાપ્ત થયું તેથી હું કૃતાર્થ થયો છું એમ માનનારો તે શુદ્ધ દાયક કહેવાય છે. [1]સાવદ્ય યોગથી વિરકત, ત્રણ ગૌરવથી[2] વર્જિત, ત્રણ ગુપ્તિ[3] ધારક, [4]પાંચ સમિતિ પાળનાર, રાગદ્વેષથી વર્જિત, નગર–નિવાસ–સ્થાન–શરીર-ઉપકરણાદિકમાં મમતા રહિત, અઢાર સહસ્ર શીલાંગના ધારણ કરનાર, જ્ઞાન–દર્શન–ચારિત્રરૂપ રત્નત્રયીના ધારણ કરનાર, ધીર, સુવર્ણ અને લોહમાં સમદષ્ટિમાન્, ધર્મધ્યાન અને શુકલ ધ્યાનમાં સ્થિતિ કરનાર, જિતેંદ્રિય, કુક્ષિસંબલ,[5] હમેશાં શકિત પ્રમાણે નાના પ્રકારનાં તપ કરનાર, અખંડિતપણે સત્તર પ્રકારના સંયમને પાળનાર, અઢાર પ્રકારનાં બ્રહ્મચર્યને ધારણ કરનાર–એવા ગ્રાહકને દાન દેવું તે ગ્રાહકશુદ્ધ દાન કહેવાય છે. બેંતાળીશ દોષથી રહિત અશન, પાન, ખાદ્ય, સ્વાદ્ય અને વસ્ત્ર, [6]સંસ્તારકાદિકનું જે દાન તે દેયશુદ્ધ દાન કહેવાય છે. યોગ્ય કાળે પાત્રને દાન આપવું તે કાળશુદ્ધ દાન અને કામના[7] રહિત શ્રદ્ધાથી આપવું તે ભાવશુદ્ધ દાન કહેવાય છે. દેહ વિના ધર્મનું આરાધન થતું નથી અને અન્નાદિક વિના દેહ રહેતો નથી, માટે હમેશાં ધર્મોપગ્રહદાન[8] દેવું. જે માણસ અશનપાનાદિ ધર્મોપગ્રહદાન સુપાત્રને આપે છે તે તીર્થનો અવિચ્છેદ કરે છે અને પરમપદને પામે છે.

"સાવદ્યયોગનું જે પ્રત્યાખ્યાન કરવું તેને શીલ કહે છે અને તે દેશવિરતિ તથા સર્વવિરતિ એવા બે પ્રકારે છે. તેમાં દેશવિરતિના પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત એવા બાર પ્રકાર છે. સ્થૂલ અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ એ પાંચ અણુવ્રત જિનેશ્વરે કહ્યા છે. દિગ્વિરતિ, ભોગોપભોગ વિરતિ અને અનર્થદંડ વિરતિ એ ત્રણ ગુણવ્રત કહેવાય છે અને સામાયિક, દેશાવગાશિક, પૌષધ તથા અતિથિસંવિભાગ એ ચાર શિક્ષાવ્રત કહેવાય છે. એ પ્રકારનો દેશવિરતિ ગુણ શુશ્રૂષા[9] વગેરે ગુણવાળા, યતિધર્મના અનુરાગી, ધર્મપથ્ય ભોજનને ઇચ્છનારા, શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિકય એ પાંચ લક્ષણ યુકત સમકિતને પામેલા, મિથ્યાત્વથી નિવૃત્ત થયેલા અને સાનુબંધ ક્રોધના ઉદયથી વર્જિત એવા ગૃહમેધી[10] મહાત્માઓને ચારિત્રમોહનીનો નાશ થવાથી ઉત્પન્ન થાય છે. સ્થાવર અને ત્રસજીવોની હિંસાદિકનું સર્વથા વર્જવું તે સર્વવિરતિ કહેવાય છે અને તે સિદ્ધરૂપી મહેલ પર ચડવાને નિઃસરણીરૂપ છે. એ સર્વવિરતિ પ્રકૃતિથી અલ્પ કષાયવાળા, ભવસુખમાં વિરાગી[11] અને વિનયાદિ ગુણોને વિષે રકત એવા મહાત્મા મુનિઓને પ્રાપ્ત થાય છે.

"જે કર્મને તપાવે તે તપ કહેવાય છે. તેના બાહ્ય અને અભ્યંતર એવા બે ભેદ છે. અનશન, ઊનોદરી, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયકલેશ અને સંલીનતા એ છ પ્રકારનાં બાહ્ય

૧ પાપસહિત. ૨ રસગૌરવ, ઋદ્ધિગૌરવ, સાતાગૌરવ. ૩ મનગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ. ૪ ઇર્યા સમિતિ, ભાષા સમિતિ, એષણા સમિતિ, આદાનનિક્ષેપણ સમિતિ, પારિષ્ઠાપનિકા સમિતિ. ૫ ઉદરપૂર્તિ માત્ર જ આહારને ગ્રહણ કરનાર. ૬ સંથારો વગેરે. ૭ વાંચ્છા. ૮ ધર્મના ઉપષ્ટંભ–ભૂત દાન. ૯ ધર્મ શ્રવણેચ્છા. ૧૦ ગૃહસ્થ. ૧૧ સંસારસુખથી વિરક્ત,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તપ કહેવાય છે. તથા પ્રાયશ્ચિત, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, વિનય, કાયોત્સર્ગ અને શુભ ધ્યાન એ છ પ્રકારનાં અભ્યંતર તપ કહેવાય છે.

"જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ રત્નત્રયીના ધારણ કરનારને વિષે અદ્વિતીય ભક્તિ, તેના કાર્યનું કરવું, શુભની જ ચિંતા અને સંસારની નિંદા કરવી તે ભાવના કહેવાય છે. એ ચાર પ્રકારનો ધર્મ અપાર ફળ( મોક્ષફળ )ને આપવામાં સાધનરૂપ છે, તેથી ભવભ્રમણથી ભય પામેલા મનુષ્યોએ સાવધાન થઇને તે સાધવા યોગ્ય છે."

ઉપર પ્રમાણે દેશના સાંભળી ધનશેઠે કહ્યું—"સ્વામિન્ ! આ ધર્મ ઘણે કાળે મારા સાંભળવામાં આજે આવ્યો છે, આટલા દિવસ સુધી હું મારા કર્મથી ઠગાયો છું." એ પ્રમાણે કહી ગુરુના ચરણકમળને તથા બીજા મુનિઓને વંદન કરી પોતાના આત્માને ધન્ય માનતો પોતાના નિવાસસ્થાન પ્રત્યે ગયો. એવી ધર્મદેશનાથી પરમાનંદમાં મગ્ન થયેલા સાર્થવાહે તે રાત્રિને ક્ષણવત્ નિર્ગમન કરી. શયન કરી ઊઠેલા તે સાર્થવાહના સમીપ ભાગે પ્રાતઃકાળે કોઈ મંગળ-પાઠક શંખના જેવી ગંભીર અને મધુર ધ્વનિવડે આ પ્રમાણે બોલ્યો—"ઘનાંધકારથી મલિન થયેલી, પદ્મિનીની શોભાને ચોરનારી અને પુરુષોના વ્યવસાયને હરનારી રાત્રિ વર્ષાઋતુની પેઠે ચાલી ગઈ છે; જેમાં તેજસ્વી અને પ્રચંડ કિરણવાળો સૂર્ય ઉદય પામેલો છે અને જે પુરુષોને વ્યવસાય કરવામાં સુહૃદ સમાન છે એવો આ પ્રાતઃકાળ શરદઋતુના સમયની માફક વૃદ્ધિ પામતો જાય છે. જે શરદઋતુના સમયમાં-તત્ત્વબોધવડે બુદ્ધિવંત પુરુષોના મનની પેઠે સરોવર અને સરિતાઓના જળ નિર્મળ થવા લાગ્યાં છે, આચાર્યના ઉપદેશવડે સંશય રહિત થયેલા ગ્રંથોની પેઠે સૂર્યના કિરણોથી શુષ્ક પંકવાળા માર્ગો ઘણા સુગમ થયેલા છે. માર્ગના ચીલાની અને ચક્રધારાની અંદર જેમ શકટની શ્રેણિઓ ચાલે તેમ નદીઓ પોતાના બંને તટની મધ્યમાં ધીમે ધીમે વહન થવા લાગી છે અને રસ્તાઓ પકવ થયેલા શ્યામો,[1] નીવાર, વાલુંક અને કુંવલાદિકથી જાણે પાંથોનું આતિથ્ય કરતા હોય તેવા જણાય છે. તે શરદઋતુ પવને કરી ચલિત થયેલા ઇક્ષુવનના શબ્દોથી જાણે પ્રવાસીઓને યાનાધિરૂઢ થવાનો સમય સૂચવતી હોય તેવી લાગે છે. વાદળાંઓ સૂર્યના પ્રચંડ કિરણોથી તપેલા પાંથલોકોને ક્ષણ વાર છત્રરૂપ થવા લાગ્યા છે. સંઘના સાંઢડાઓ પોતાની કાંધયોથી ભૂમિનું ભેદન કરે તે જાણે સુખયાત્રા કરવા માટે પૃથ્વીનું વિષમપણું ટાળતા હોયની તેવા જણાય છે. અગાઉ માર્ગમાં જળના પ્રવાહો ગર્જના કરતા અને પૃથ્વી ઉપર ઉછળતા જોવામાં આવતા હતા, તે આ વખતે વર્ષાઋતુના મેઘની માફક નાશ પામી ગયા છે. ફળોવડે નમ્ર થયેલી વલ્લીઓથી અને પગલે પગલે નિર્મળ જળનાં ઝરણથી માર્ગો પાંથ લોકોને યત્ન સિવાય પાથેયવાળા થયેલા છે; અને ઉત્સાહ ભરેલા ચિત્તવાળા ઉદ્યમી લોકો રાજહંસની પેઠે દેશાંતર જવાને ઉતાવળ કરવા લાગ્યા છે." મંગલપાઠકના એવા શબ્દો સાંભળીને, 'એણે મને પ્રયાણસમય જણાવ્યો' એમ વિચારી સાર્થવાહે પ્રયાણભેરી વગડાવી. પૃથ્વી અને આકાશના મધ્ય ભાગને પૂરી દેનાર ભેરીનાદથી, ગોપાલના ગોશૃંગના શબ્દથી જેમ ગાયનો સમૂહ ચાલે તેમ સર્વ સાર્થ ત્યાંથી ચાલ્યો. ભવ્ય પ્રાણીરૂપી કમળોને બોધ કરવામાં પ્રવીણ મુનિઓથી પરિવૃત્ત આચાર્યે કિરણોવડે પરિવૃત્ત સૂર્યની પેઠે ત્યાંથી વિહાર કર્યો. સર્વ સંઘની રક્ષાને માટે આગળ,

[1] તુચ્છ ધાન્યો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાછળ અને પાર્શ્વ ભાગમાં રક્ષક પુરુષોને રાખીને સાર્થપતિ ધનશેઠે પ્રયાણ કર્યું. સાર્થ જ્યારે તે મહાટવી ઉતરી ગયો ત્યારે સાર્થપતિની આજ્ઞા લઈ ધર્મઘોષ આચાર્ય ત્યાંથી અન્ય સ્થાનકે વિહાર કરી ગયા. નદીઓનો સમૂહ જેમ સમુદ્રને પ્રાપ્ત થાય તેમ સાર્થવાહ પણ નિર્વિઘ્નપણે માર્ગનું ઉલ્લંઘન કરી **વસંતપુર** પહોંચ્યો. ત્યાં થોડા સમયમાં તેણે કેટલાક ઉપસ્કરો વેચ્યા અને કેટલાક નવા ગ્રહણ કર્યા. પછી સમુદ્રથી જેમ મેઘ ભરાય તેમ સર્વત્ર દ્રવ્યાદિકથી ભરપૂર થઈ ધનશેઠ પુનઃ ક્ષિતિપ્રતિષ્ઠિતપુરે આવ્યો. કેટલેક કાળે આયુષ્ય પૂર્ણ થતાં તે કાળધર્મ પામ્યો.

મુનિદાનના પ્રભાવથી તે જ્યાં સર્વદા એકાંત **સુષમ** નામનો આરો વર્તે છે એવા ઉત્તરકુરુ ક્ષેત્રમાં **સીતા** નદીના ઉત્તર તટ તરફ અને જંબૂવૃક્ષના પૂર્વ ભાગમાં યુગલીઆરૂપે ઉત્પન્ન થયો. તે ક્ષેત્રના યુગલીઆઓ ત્રીજા દિવસને છેડે ભોજ્ય પદાર્થની ઇચ્છાવાળા, બસો છપ્પન પૃષ્ટ કરંડકે[1] યુક્ત, ત્રણ કોશના શરીરવાળા, ત્રણ પલ્યોપમના આયુષ્યવાળા અલ્પ કષાયવાળા, મમતા રહિત અને આયુને અંતે એક વખત જેઓને પ્રસવ થાય છે એવા હોય છે. તેઓને એક અપત્યનું જોડલું થાય છે, તેને ઓગણપચાસ દિવસ સુધી પાળીને પછી તેઓ મૃત્યુ પામે છે અને ત્યાંથી દેવગતિમાં ઉત્પન્ન થાય છે. તે ઉત્તરકુરુ ક્ષેત્રમાં સ્વભાવથી જ શર્કરા જેવી સ્વાદિષ્ટ રેતી છે, શરદ્‌ઋતુની ચંદ્રિકા જેવા નિર્મળ જળ છે અને રમણિક ભૂમિઓ છે. તે ક્ષેત્રમાં મધાંગ વગેરે દશ પ્રકારના કલ્પવૃક્ષો છે, જેઓ યુગલીઆઓને અયત્ને વાંછિત પદાર્થ આપે છે. તેમાં મધાંગ નામના કલ્પવૃક્ષો મધ આપે છે; ભૃગાંગ નામના કલ્પવૃક્ષો પાત્ર આપે છે, તુર્યાંગ નામના કલ્પવૃક્ષો વિવિધ શબ્દોવડે ઉત્તમ એવા વાજિંત્રો આપે છે, દીપશિખાંગ અને જ્યોતિષ્કાંગ નામના કલ્પવૃક્ષો અદ્ભુત પ્રકાશ આપે છે, ચિત્રાંગ નામના કલ્પવૃક્ષો પુષ્પોની માળાઓ આપે છે, ચિત્રરસ નામના કલ્પવૃક્ષો ભોજન આપે છે, મણ્યંગ નામના કલ્પવૃક્ષો આભૂષણો આપે છે, ગેહાકાર નામના કલ્પવૃક્ષો ઘર આપે છે અને અનગ્ન નામના કલ્પવૃક્ષો દિવ્ય વસ્ત્રો આપે છે. એ કલ્પવૃક્ષો નિયત અને અનિયત બંને પ્રકારના અર્થોને આપે છે. ત્યાં બીજા પણ કલ્પવૃક્ષો સર્વ પ્રકારના ઇચ્છિતને આપનારા છે, સર્વ ઇચ્છિત તીર્થને આપનારા કલ્પવૃક્ષો પ્રાપ્ત થવાથી ધનશેઠનો જીવ યુગલીઆપણે સ્વર્ગીની જેમ વિષયસુખનો અનુભવ કરવા લાગ્યો.

યુગલીઆનું આયુષ્ય પૂર્ણ કરી તે ધનશેઠનો જીવ પૂર્વ જન્મના દાનના ફળથી સૌધર્મ દેવલોકે દેવતા થયો. ત્યાંથી ચ્યવી પશ્ચિમ મહાવિદેહમાંહેની ગંધિલાવતી વિજયમાં વૈતાઢ્ય પર્વતની ઉપર ગંધાર દેશમાં ગંધસમૃદ્ધિ નગરને વિષે વિદ્યાધરશિરોમણિ **શતબળ** નામના રાજાની **ચંદ્રકાંતા** નામની ભાર્યાની કૂક્ષીથી પુત્રપણે ઉત્પન્ન થયો. બળવડે તે મહાબળવાન્ હોવાથી તેનું **'મહાબળ'** એવું નામ પાડયું. રક્ષકોએ રક્ષા કરેલો અને લાલનપાલન કરેલો મહાબળ કુમાર વૃક્ષની પેઠે વૃદ્ધિ પામવા લાગ્યો; ચંદ્રની પેઠે અનુક્રમે સર્વ કળાઓથી પૂર્ણ થયેલો તે મહાભાગ લોકોના નેત્રને ઉત્સવરૂપ થયો. યોગ્ય સમય આવ્યો એટલે અવસરને જાણનારા માતા–પિતાએ જાણે મૂર્તિમતી વિનયલક્ષ્મી હોય તેવી **વિનયવતી** નામની કન્યા સાથે તેના લગ્ન કર્યા. કામદેવના તીક્ષ્ણ હથીયારરૂપ, કામિનીઓને કાર્મણરૂપ અને રતિના લીલાવનરૂપ યૌવનને તે કુમાર પ્રાપ્ત થયો. તેના ચરણ અનુક્રમથી કૂર્મની પેઠે ઉન્નત અને

૧ પાંસળીઓ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સરખા તળીયાવાળા હતા, તેનો મધ્ય ભાગ સિંહના મધ્યભાગને તિરસ્કાર કરવામાં અગ્રેસર હતો અને તેનું વક્ષઃસ્થળ પર્વતની શિલા સદશ હતું. તેના ઉદ્ધત એવા બંને સ્કંધો વૃષભસ્કંધની શોભાને ધારણ કરવા લાગ્યા. તેની ભુજાઓ શેષનાગની ફણાની શોભા ધારણ કરવા લાગી, તેનું લલાટ અર્દ્ધ ઊગેલા પૂર્ણિમાના ચંદ્રની લીલાને ગ્રહણ કરવા લાગ્યું અને તેની સ્થિર આકૃતિ મણિના જેવી દંતશ્રેણીથી અને નખોથી તેમજ સુવર્ણના જેવી કાંતિવાળા શરીરથી મેરુપર્વતની સમગ્ર લક્ષ્મીની તુલના કરવા લાગી.

એક દિવસ સુબુદ્ધિવાન્, પરાક્રમી અને તત્ત્વજ્ઞ વિદ્યાધરપતિ શતબળ રાજા એકાંતે વિચાર કરવા લાગ્યો–'અહો ! આ શરીર સ્વાભાવિક અશુચિમય છે, તો તેને ઉપસ્કરોથી નવું નવું કરી કેટલા કાળ સુધી ગોપવવું ? અનેક પ્રકારે સત્કાર કર્યા છતાં પણ જો એક વખત સત્કાર ન થાય તો ખળ પુરુષની પેઠે આ દેહ તત્કાળ વિકાર પામે છે. અહો ! બહાર પડેલા વિષ્ટા, મુત્ર તથા કફ વગેરે પદાર્થોથી પ્રાણીઓ દૂણાય છે, પણ શરીરની અંદર તેજ સર્વ પદાર્થો રહેલા છે તેનાથી કેમ દુણાતા નથી ? જીર્ણ થયેલા વૃક્ષના કોટરમાં જેમ સર્પ, વીંછી વગેરે ક્રૂર પ્રાણીઓ ઉત્પન્ન થાય છે તેમ આ શરીરમાં પીડા આપનાર અનેક રોગો ઉત્પન્ન થાય છે. શરદ્ઋતુના મેઘની માફક આ કાયા સ્વભાવથી જ નાશવંત છે. યૌવનલક્ષ્મી વિદ્યુતની પેઠે જોતજોતામાં નાશી જનારી છે. આયુષ્ય પતાકાની પેઠે ચપળ છે, સંપત્તિઓ તરંગની જેવી તરલ છે. ભોગ ભુજંગની ફણા જેવા વિષમ છે અને સંગમ સ્વપ્નની જેવો મિથ્યા છે. શરીરની અંદર રહેલો આત્મા કામ–ક્રોધાદિકના તાપોથી તપાયમાન થઈ પુટપાકની પેઠે રાત્રિ દિવસ રંધાયા કરે છે. અહો ! આ અતિ દુઃખ પ્રાપ્ત કરાવનારા વિષયોમાં સુખ માનનારા પ્રાણીઓ અશુચિસ્થાનમાંહેના અશુચિ કીડાની પેઠે કાંઈપણ વિરાગ પામતા નથી ! દુરંત વિષયના સ્વાદમાં પરાધીન ચિત્તવાળો મનુષ્ય, અંધ જેમ કૂવાને દેખે નહીં તેમ પોતાના પગની આગળ રહેલા મૃત્યુને દેખતો નથી. વિષની માફક આપાતમાત્રમાં જ મધુર એવા વિષયોથી આત્મા મૂર્છા પામી જાય છે અને તેથી પોતાના હિતને માટે કાંઈપણ વિચાર કરી શકતો નથી. ચારે પુરુષાર્થની તુલ્યતા છતાં પણ આત્મા પાપરૂપ એવા અર્થ–કામને વિષે પ્રવર્તે છે, પરંતુ ધર્મ અને મોક્ષમાં પ્રવર્તતો નથી. પ્રાણીઓને આ અપાર સંસારરૂપી સમુદ્રમાં અમૂલ્ય રત્નની પેઠે મનુષ્યપણું ઘણું દુર્લભ છે; કદાપિ માનુષ્ય પ્રાપ્ત થયું તથાપિ તેમાં ભગવાન્ અર્હંતદેવ અને સુસાધુ ગુરુ પુણ્યયોગથી જ પ્રાપ્ત થાય છે. જો આપણે મનુષ્ય ભવનું ફળ ગ્રહણ ન કરીએ તો વસ્તીવાળા શહેરમાં ચોરોથી લૂંટાયા જેવું થાય, માટે કવચધારી મહાબળકુમારને રાજ્યભાર આરોપણ કરીને હું સ્વેચ્છિત કરું. એમ વિચારી શતબળ રાજાએ તરત જ પુત્રને બોલાવ્યો. અને તે વિનીતકુમારને રાજ્ય ગ્રહણ કરવાનો બોધ કર્યો. પિતાની આજ્ઞાથી તેણે રાજ્યભાર વહન કરવાને કબૂલ કર્યું. **મહાત્માઓ ગુરુજનોની આજ્ઞાનો ભંગ કરવામાં ભીરુ હોય છે.** પછી શતબળ રાજાએ મહાબળકુમારને સિંહાસન ઉપર બેસાડી–અભિષેક કરી પોતાની હાથે તિલક મંગળ કર્યું. મચકુંદના પુષ્પ જેવી કાંતિવાળા ચંદનના તિલકથી તે નાનો રાજા ચંદ્રવડે જેમ ઉદયાચળ શોભે તેમ શોભવા લાગ્યો. હંસની પાંખ જેવા પોતાના પિતા સંબંધી છત્રવડે, શરદ્ઋતુના મેઘથી જેમ ગિરિરાજ શોભે તેમ શોભવા લાગ્યો. નિર્મળ બગલાના જોડાથી જેમ મેઘ શોભે તેમ ચલાયમાન બે સુંદર ચામરોથી તે વિરાજવા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લાગ્યા. ચંદ્રના ઉદય સમયે જેમ સમુદ્ર ધ્વનિ કરે તેમ તેના અભિષેક સમયે દિશાઓને ગજાવી મૂકતો મંગળ વાજીંત્રોનો ધ્વનિ ગંભીર શબ્દ કરવા લાગ્યો. રૂપાંતરે જાણે બીજો શતબળ રાજા હોય તેમ સામંતો અને મંત્રીઓ તેની પાસે આવી તેને માન્ય કરવા લાગ્યા.

આવી રીતે પુત્રને રાજ્યપદે બેસાડી શતબળ રાજાએ આચાર્યના ચરણ સમીપે જઈ શમસામ્રાજ્ય (ચારિત્ર) ગ્રહણ કર્યું. તેણે અસાર વિષયોને છોડી દઈ સારરૂપ ત્રણ રત્નો (જ્ઞાન, દર્શન, ચારિત્ર) ધારણ કર્યા, તથાપિ તેની સમચિત્તતા અખંડ રહી. તે જિતેંદ્રિય પુરુષે કષાયને, નદી જેમ કાંઠાના વૃક્ષને ઉન્મૂલન કરે તેમ મૂળથી ઉન્મૂલન કર્યા. તે મહાત્મા મનને આત્મસ્વરૂપમાં લીન કરી, વાણીને નિયમમાં રાખી અને કાયાથી નિયમિત ચેષ્ટાવંત થઇને મહોત્સવપણે દુઃસહ પરિષહોને સહન કરવા લાગ્યા. મૈત્ર્યાદિક[1] ભાવનાથી જેની ધ્યાનસંતતિ વૃદ્ધિ પામેલી છે એવા તે શતબળરાજર્ષિ જાણે મુક્તિમાં હોય તેમ અમંદ આનંદમાં મગ્ન રહેવા લાગ્યા. ધ્યાન અને તપવડે પોતાના આયુષ્યને લીલામાત્રમાં નિર્ગમન કરી તે મહાત્મા દેવતાઓના સ્થાનને પ્રાપ્ત થયા.

મહાબળકુમાર પણ પોતાના બળવંત વિદ્યાધરોના પરિવારવડે ઈન્દ્રની પેઠે અખંડ શાસનથી પૃથ્વીનું રાજ્ય કરવા લાગ્યો. હંસ જેમ કમલિનીના ખંડોમાં ક્રીડા કરે તેમ તે રમણિયોની સાથે વીંટાઈ સુંદર આરામપંક્તિઓમાં હર્ષથી ક્રીડા કરવા લાગ્યો. તેના નગરમાં હમેશાં થતાં સંગીતના પ્રતિશબ્દોથી જાણે સંગીતનો અનુવાદ કરતી હોય તેવી વૈતાઢ્ય પર્વતની ગુફાઓ જણાવા લાગી. આગળ, પાર્શ્વ ભાગમાં અને પશ્ચાત્ ભાગમાં સ્ત્રીઓથી વીંટાઈ રહેલો તે જાણે મૂર્તિમાન શૃંગારરસ હોય તેવો દીપવા લાગ્યો. સ્વચ્છંદતાથી વિષયક્રીડામાં આસક્ત થયેલા તેને વિષુવવૃતની[2] પેઠે રાત્રિદિવસ સરખા લાગવા લાગ્યા.

jainsite.com જૈનમ જયતિ શાસનમ

એક દિવસ જાણે બીજા મણિસ્તંભો હોય એવા અનેક અમાત્ય સામંતોથી અલંકૃત થયેલી સભાભૂમિમાં કુમાર બેઠો હતો અને તેને નમસ્કાર કરીને સર્વ સભાસદો પણ પોતપોતાના યોગ્ય સ્થાન પર બેઠા હતા. તેઓ કુમારને વિષે એકાગ્ર નેત્ર કરી જાણે યોગની લીલા ધારણ કરતા હોય તેવા જણાતા હતા. સ્વયંબુદ્ધ, સંભિન્નમતિ, શતમતિ અને મહામતિ એ ચાર મુખ્ય મંત્રીઓ પણ આવીને બેઠા હતા; તેમાં સ્વામીની ભક્તિમાં અમૃતના સિંધુતુલ્ય, બુદ્ધિરૂપી રત્નમાં રોહણાચળ પર્વત સમાન અને સમ્યગ્દૃષ્ટિ એવો સ્વયંબુદ્ધ મંત્રી તે સમયે આ પ્રમાણે વિચાર કરવા લાગ્યો.– " અહો ! અમે જોતાં છતાં આ વિષયાસક્ત અમારા સ્વામીનું દુષ્ટ અશ્વોની પેઠે ઇંદ્રિયોથી હરણ થાય છે. તેની ઉપેક્ષા કરનારા અમને ધિક્કાર છે ! આવા વિષયવિનોદમાં વ્યગ્ર થયેલા અમારા સ્વામીનો જન્મ વ્યર્થ જાય છે, એમ જાણીને થોડા જળમાં જેમ મીન ટળવળે તેમ મારું મન દુઃખીત થાય છે. અમારા જેવા મંત્રીઓથી જો આ કુમાર ઉચ્ચ પદને પ્રાપ્ત ન થાય તો અમારામાં અને પરિહાસિક[3] મંત્રીઓમાં તફાવત શો ? માટે અમારે આ સ્વામીને વિજ્ઞપ્તિ કરી હિતમાર્ગમાં લાવવા જોઈએ; કારણ કે રાજાઓ [4]સારણીની પેઠે, પ્રધાનો જ્યાં દોરે ત્યાં દોરી શકાય છે. કદાપિ સ્વામીના વ્યસનથી જીવનારા લોકો અપવાદ બોલશે તો પણ અમારે કહેવું

---

૧ મૈત્રી, કરુણા, પ્રમોદ અને માધ્યસ્થ એ ચાર ભાવના. ૨ તુલા અને મેષ રાશિના સૂર્ય થાય ત્યારે દિવસ રાત્રિ સરખા થાય છે તેને વિષુવદ્વૃત્ત કહે છે. ૩ મશ્કરા. ૪. નીક.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જોઈએ, કારણ કે હરણોના ભયથી ક્ષેત્રમાં જવ વાવવાનું બંધ રખાતું નથી.” **સ્વયંબુદ્ધ** મંત્રી જે સર્વ બુદ્ધિવંતોમાં અગ્રણી હતો તેણે આવી રીતે વિચાર કરી અંજલિ જોડી રાજાને નીચે પ્રમાણે કહ્યું —

“અરે! આ સંસાર સમુદ્રતુલ્ય છે. નદીઓના જળથી જેમ સમુદ્ર તૃપ્તિ પામતો નથી, સમુદ્રના જળથી જેમ વડવાનળ તૃપ્તિ પામતો નથી, જંતુઓથી જેમ યમરાજ તૃપ્તિ પામતો નથી, કાષ્ઠોથી જેમ અગ્નિ તૃપ્ત પામતો નથી, તેમ સંસારને વિષે આ આત્મા વિષયસુખથી કયારે પણ તૃપ્તિ પામતો નથી. નદીના તટની છાયા, દુર્જન, વિષ, વિષય અને સર્પાદિ ઝેરી પ્રાણીઓ અત્યંત સેવ્યાથી વિપત્તિને અર્થે થાય છે. સેવન કરેલો કામદેવ તત્કાળ સુખ આપનારો લાગે છે, પરંતુ પરિણામે વિરસ છે અને તે ખંજવાળેલી દદ્રુની[1] માફક સેવન કરવાથી અત્યંત વૃદ્ધિને પામે છે. કામદેવ નરકનો દૂત છે, વ્યસનનો સાગર છે, વિપત્તિરૂપી લતાનો અંકુર છે અને પાપરૂપી વૃક્ષની નીક છે. મદને[2] મદની પેઠે પરવશ કરેલો પુરુષ સદાચારરૂપી માર્ગથી ભ્રષ્ટ થઈ ભવરૂપી ખાડામાં પડે છે. ગૃહસ્થના ઘરમાં ઉંદર પ્રવેશ કરે છે તો તે જેમ અનેક સ્થાનકે ખોદી નાંખે છે તેમ કામદેવ માણસના શરીરમાં પ્રવેશ કરે છે તો તે પ્રાણીના અર્થ, ધર્મ અને મોક્ષને ખોદી નાંખે છે. સ્ત્રીઓ વિષયવલ્લીની પેઠે દર્શન, સ્પર્શ અને ઉપભોગથી અત્યંત વ્યામોહ ઉત્પન્ન કરે છે. તે કામરૂપી લુબ્ધક (પારધિ)ની જાળ છે અને તેથી હરિણની માફક પુરુષોને અનર્થકારક થઈ પડે છે. જેઓ મશ્કરીના મિત્રો છે તેઓ ફકત ખાવાપીવાના અને સ્ત્રીવિલાસના મિત્રો છે, તેથી તેઓ પોતાના સ્વામીનું પરલોક સંબંધી હિત ચિંતવતા જ નથી. તેઓ સ્વાર્થતત્પર, નીચ, લંપટ અને ખુશામતીઆ થઈ પોતાના સ્વામીને સ્ત્રીકથા, ગીત, નૃત્ય અને પરિહાસિક વચનોથી મોહ પમાડે છે. બદરી[3] વૃક્ષના સંસર્ગથી જેમ કદલી[4] વૃક્ષ કયારે પણ આનંદ પામતું નથી તેમ કુસંગથી કુળવાન પુરુષોનો કયારે પણ અભ્યુદય થતો નથી; માટે હે કુળવાન્ સ્વામિન્! પ્રસન્ન થાઓ. આપ પોતે જ સુજ્ઞ છો માટે મોહ પામો નહીં અને વ્યસનાસક્તિ છોડી ધર્મમાં મન લગાડો. છાયા વિનાનું વૃક્ષ, જળરહિત સરોવર, સુગંધહીન પુષ્પ, દંતશૂળ વિનાનો હસ્તિ, લાવણ્ય રહિત રૂપ, મંત્રી વિનાનું રાજ્ય, દેવમૂર્તિ વિનાનું ચૈત્ય, ચંદ્ર વિનાની રાત્રિ, ચારિત્ર રહિત સાધુ, શસ્ત્ર રહિત સૈન્ય અને નેત્ર વિનાનું મુખ જેમ શોભતું નથી, તેમ ધર્મ વિનાનો પુરુષ કદી પણ શોભાને પામતો નથી. ચક્રવર્તી રાજા પણ જો અધર્મી થાય છે તો તે પરભવે એવો જન્મ પામે છે કે જ્યાં કુત્સિત અન્ન મળે તે પણ રાજ્ય મળ્યા જેવું કલ્પાય છે. જે માણસ મહાકુળમાં ઉત્પન્ન થયા છતાં પણ ધર્મ ઉપાર્જનથી રહિત હોય તો તે બીજા ભવમાં શ્વાનની પેઠે અન્યે ઉચ્છિષ્ટ કરેલા અન્નનું ભોજન કરનારો થાય છે. બ્રાહ્મણ પણ ધર્મહીન હોય તો તે પાપને બાંધે છે અને પછી બિડાલની પેઠે દુષ્ટ ચેષ્ટાવાળો થઈ મ્લેચ્છયોનિમાં ઉત્પન્ન થાય છે. ધર્મરહિત ભવી પ્રાણીઓ પણ બિડાલ, સર્પ, સિંહ, બાજ અને ગીધ વગેરે નીચ યોનિમાં ઘણા ભવ પર્યંત ઉત્પન્ન થાય છે અને ત્યાંથી નરકે જાય છે. ત્યાં જાણે વૈરથી ક્રોધ પામેલા હોય તેવા પરમાધાર્મિક દેવતાઓથી અનેક પ્રકારે કદર્થના પામે છે. સીસાનો પિંડ જેમ અગ્નિમાં

૧ દાદર. (ધાધર) ૨ કામદેવ ૩ બોરડી ૪ કેળ.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગળે છે તેમ અનેક વ્યસનના આવેગરૂપી અગ્નિની અંદર રહેલા અધર્મી પ્રાણીઓના શરીરો ગળ્યા કરે છે, માટે તેવા અધર્મીઓને ધિક્કાર છે. પરમ બંધુની પેઠે ધર્મથી સુખ મળે છે અને નાવની પેઠે ધર્મવડે આપત્તિરૂપી નદીઓ તરી જવાય છે. જેઓ ધર્મ ઉપાર્જન કરવામાં તત્પર છે તેઓ પુરુષોને વિષે શિરોમણિ થાય છે અને લતાઓ જેમ વૃક્ષનો આશ્રય કરે છે તેમ તેમ સંપત્તિઓ તેમનો આશ્રય કરે છે. ધર્મવડે આધિ, વ્યાધિ અને વિરોધ વગેરે જે પીડાહેતુ છે તે, જળથી જેમ અગ્નિ નાશ પામે તેમ તત્કાળ નાશ પામી જાય છે. પરિપૂર્ણ પરાક્રમથી કરેલો ધર્મ અન્ય જન્મમાં કલ્યાણ સંપત્તિ આપવાને માટે જામીનરૂપ છે. હે સ્વામિન્ ! વધારે શું કહું ? પરંતુ નિઃશ્રેણીથી[1] જેમ મહેલના અગ્રભાગ પર જવાય છે તેમ પ્રાણીઓ બળવાન્ ધર્મથી લોકાગ્રને પ્રાપ્ત થાય છે. આપ પણ ધર્મ વડે આ વિદ્યાધરોના નરેંદ્રપણાને પામેલા છો, માટે તમે ઉત્કૃષ્ટ લાભને વાસ્તે ધર્મનો આશ્રય કરો."

સ્વયંબુદ્ધ મંત્રીએ એ પ્રમાણે કહ્યા પછી અમાવાસ્યાની રાત્રિની પેઠે મિથ્યાત્વરૂપી અંધકારની ખાણુરૂપ અને વિષ સરખી વિષમ મતિવાળો **સંભિન્નમતિ** નામનો મંત્રી બોલ્યો—"અરે અરે ! સ્વયંબુદ્ધ ! તમને શાબાશ છે ! તમે પોતાના સ્વામીનું બહુ સારું હિત ઈચ્છો છો ! ઓડકારથી જેમ આહારનો અનુભવ થાય છે તેમ તમારી ગિરાવડે જ તમારા ભાવનું અનુમાન થાય છે. હમેશાં સરલ અને પ્રસન્ન રહેનારા સ્વામીના સુખને માટે તમારા જેવા કુલીન અમાત્યો જ આવી રીતે કહે, બીજા તો કહે નહીં ! સ્વભાવથી કઠિન એવા કયા ઉપાધ્યાયે તમને ભણાવ્યા છે ? જેથી અકાળે વજ્રપાત જેવાં વચનો તમે સ્વામી પ્રત્યે કહ્યાં ? સેવકો પોતાના ભોગના અર્થને માટે સ્વામીની સેવા કરે છે તો તેઓએ પોતાના સ્વામીને 'તમે ભોગ ભોગવો નહીં' એવું કેમ કહેવાય ? જેઓ આ ભવ સંબંધી ભોગને છોડી દઈ પરલોકને માટે યત્ન કરે છે તેઓ હથેલીમાં રહેલ લેહ્ય[2] પદાર્થને છોડી કોણી ચાટવા જેવું કરે છે. ધર્મથી પરલોકમાં ફળ મળે છે એમ જે કહેવાય છે તે અસંગત છે, કેમકે પરલોકી જનોનો અભાવ છે તેથી પરલોક પણ નથી જ. જેમ ગોળ, પિષ્ટ અને જળ વગેરે પદાર્થોથી મદશક્તિ ઉત્પન્ન થાય છે તેમ પૃથ્વી, અપ, તેજ અને વાયુથી ચેતના ઉત્પન્ન થાય છે. શરીરથી જુદો કોઈ શરીરધારી પ્રાણી નથી કે જે આ શરીરને છોડી પરલોકમાં જાય, માટે વિષયનું સુખ નિઃશંકપણે ભોગવવું અને પોતાના આત્માને ઠગવો નહીં, કારણ કે સ્વાર્થભ્રંશ કરવો તે જ મૂર્ખતા છે. ધર્મ અને અધર્મની શંકા જ કરવી નહીં, કારણ કે સુખાદિકમાં તે વિઘ્નકારક છે અને ધર્મ અધર્મ ખરશૃંગની પેઠે વિદ્યમાન જ નથી. સ્નાન, વિલેપન, પુષ્પ અને વસ્ત્રાભૂષણથી પાષાણની પૂજા કરાય તો તેણે શું પુણ્ય કર્યું ? અને બીજા પાષાણ ઉપર બેસી માણસો મૂત્રોત્સર્ગ અને વિષ્ટા કરે છે તેણે શું પાપ કર્યું ? જો પ્રાણીઓ કર્મથી ઉત્પન્ન થતા હોય અને મૃત્યુ પામતા હોય તો પાણીના પરપોટા કયા કર્મથી ઉત્પન્ન અને વિપન્ન થાય છે ? જ્યાંસુધી ઈચ્છાવડે ચેષ્ટા કરે છે ત્યાંસુધી ચેતન કહેવાય છે અને વિનષ્ટ થયેલા ચેતનનો પુનર્ભવ નથી. જે પ્રાણી મૃત્યુ પામે છે તે જ પુનઃ ઉત્પન્ન થાય છે એવું વાક્ય સર્વથા યુક્તિરહિત છે, તેથી કહેવા માત્ર જ છે. શિરીષના જેવી કોમળ શય્યામાં, રૂપલાવણ્યથી સુંદર એવી રમણીઓની સાથે આપણા સ્વામી અવિશંકિતપણે ક્રીડા

૧ નિસરણી અથવા દાદર ૨ ચાટવા યોગ્ય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરો અને અમૃત સમાન ભોજ્ય અને પેય પદાર્થોનું યથારુચિ આસ્વાદન કરો; તેનો જે નિષેધ કરે તેને સ્વામીનો વૈરી સમજવો. હે સ્વામિન્ ! જાણે સૌરભ્યથી જ નિષ્પન્ન થયા હો તેમ કર્પૂર, અગરુ, કસ્તૂરી અને ચંદનાદિકથી તમે રાત્રિદિવસ વ્યાપ્ત રહો. હે રાજન્ ! નેત્રની પ્રીતિને માટે ઉદ્યાન, વાહન, કિલ્લા અને ચિત્રશાળાઓ વગેરે જે જે શોભિતા પદાર્થો હોય તેને વારંવાર જુઓ. હે સ્વામિન્ ! વીણા, વેણુ, મૃદંગ વગેરે વાજિંત્રવડે ગવાતાં ગીતોથી થતાં મધુર શબ્દો નિરંતર તમારા કર્ણને રસાયનરૂપ થાઓ. જ્યાંસુધી જીવવું ત્યાંસુધી વિષયના સુખવડે જીવવું અને ધર્મકાર્યને માટે તલખવું નહીં, કારણ કે ધર્મ અધર્મનું કાંઇ પણ ફળ નથી.

સંભિન્નમતિનાં વચનો સાંભળી સ્વયંબુદ્ધે કહ્યું-"અરે ! પોતાના અને પરના શત્રુરૂપ નાસ્તિક લોકોને ધિક્કાર છે કે જેઓ, અંધ માણસ જેમ અંધ ટોળાને દોરી કૂવામાં પાડે તેમ માણસોને, આકર્ષણ કરી અધોગતિને વિષે પાડે છે. જેમ સુખદુઃખ સ્વસંવેદનથી જાણી શકાય છે તેમ આત્મા પણ સ્વસંવેદનથી જ જાણવા યોગ્ય છે, તે સ્વસંવેદનમાં બાધાનો અભાવ હોવાથી આત્માનો નિષેધ કરવાને કોઇ પણ શક્તિમાન્ નથી. 'હું સુખી છું, હું દુઃખી છું' એવી અબાધિત પ્રતીતિ આત્મા સિવાય કોઈને કયારે પણ થઈ શકતી નથી. એ પ્રમાણેના જ્ઞાનથી પોતાના શરીરને વિષે આત્માની સિદ્ધિ થાય છે, તો અનુમાનથી પરશરીરમાં પણ તેની સિદ્ધિ થાય છે. સર્વત્ર બુદ્ધિપૂર્વક ક્રિયાની પ્રાપ્તિ દેખાવાથી પર શરીરને વિષે પણ આત્મા છે એવો નિશ્ચય થાય છે. જે પ્રાણી મૃત્યુ પામે છે તે જ પુનઃ ઉત્પન્ન થાય છે, તેથી ચેતનનો પરલોક પણ છે એવું સંશય રહિત જણાય છે, જેમ બાલ્યાવસ્થાથી તરુણાવસ્થા પ્રાપ્ત થાય છે અને તારુણ્યમાંથી વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થાય છે તેમ જ ચેતન એક જન્મમાંથી બીજા જન્મમાં પણ જાય છે. પૂર્વભવની અનુવૃત્તિ સિવાય તરતનો જન્મેલો બાળક પણ શિખવ્યા સિવાય માતાના સ્તન ઉપર પોતાનું મુખ કેમ અર્પણ કરે ? આ જગતમાં કારણને અનુરૂપ એવું જ કાર્ય જોવામાં આવે છે, તો તે અચેતન ભૂતોથી ચેતન કેમ ઉત્પન્ન થાય ? વળી હે સંભિન્નમતિ ! હું તને પૂછું છું કે ચેતના પ્રત્યેક ભૂતથી ઉત્પન્ન થાય છે કે સમગ્રના સંયોગથી ઉપજે છે ? જો દરેક ભૂતથી ચેતન ઉત્પન્ન થાય એવો પ્રથમ પક્ષ લઈએ તો તેટલી જ ચેતના હોવી જોઈએ અને સર્વ ભૂતની એકત્રતા થવાથી જ ચેતના ઉત્પન્ન થાય એવો બીજો પક્ષ ગ્રહણ કરીએ તો તે ભિન્ન સ્વભાવવાળા ભૂતોથી એક સ્વભાવવાળો ચેતન કેમ ઉત્પન્ન થાય ? એ સર્વ વિચારવા જેવું છે. રૂપ-ગંધ-રસ-સ્પર્શ ગુણવાળી પૃથ્વી છે, રૂપ-સ્પર્શ-રસાત્મક ગુણવાળું જળ છે, રૂપ અને સ્પર્શ ગુણવાળું તેજ છે અને એક સ્પર્શ ગુણવાળો મરુત્ છે, એ પ્રમાણે તે ભૂતોની ભિન્ન સ્વભાવતા સર્વના જાણવામાં જ છે. જેમ જળથી વિસદૃશ એવા મોતીની ઉત્પત્તિ જોવામાં આવે છે તેમ અચેતન ભૂતોથી પણ ચેતનની ઉત્પત્તિ થાય એમ તું કહીશ તો તે પણ યુક્ત નથી, કેમકે મોતી વગેરેમાં પણ જળ દેખાય છે; તેમ જળ અને મોતી બન્ને પૌદ્ગલિક જ છે, તેથી તેમાં વિસદૃશપણું નથી. પિષ્ટ, ગોળ અને જળ વગેરેથી થયેલી મદશકિતનું તું દૃષ્ટાંત આપે છે, પણ તે મદશકિત પણ અચેતન છે, તેથી ચેતનમાં તે દૃષ્ટાંત કેમ સંભવે ? દેહ અને આત્માનું ઐકયપણું કયારે પણ કહી શકાય તેવું નથી; કેમકે તદવસ્થ (મૃત્યુ પામેલા) દેહમાં ચેતન (આત્મા) ઉપલબ્ધ થતો નથી. એક પાષાણ પૂજાય છે અને બીજા પાષાણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપર મૂત્રાદિકનું લેપન થાય છે એ દૃષ્ટાંત પણ અસત્ છે, કેમકે પાષાણ અચેતન છે તો તેને સુખદુઃખાદિનો અનુભવ જ શેનો હોય ? માટે આ દેહથી ભિન્ન એવો પરલોકવાન્[1] આત્મા છે અને ધર્મ અધર્મ છે કારણ જેનું એવો પરલોક પણ છે એમ સિદ્ધ થાય છે. અગ્નિના તાપથી જેમ માખણ ઓગળી જાય છે તેમ સ્ત્રીના આલિંગનથી મનુષ્યોનો વિવેક સર્વ પ્રકારે નાશ પામે છે. અનર્ગળ અને ઘણા રસવાળા આહારના પુદ્ગલને ભોગવનાર માણસ, ઉન્મત્ત પશુની પેઠે ઉચિત કર્મને જાણતો જ નથી. ચંદન, અગરૂ, કસ્તૂરી અને ઘનસાર વગેરેની સુગંધીથી સર્પાદિકની પેઠે કામદેવ મનુષ્યનું આક્રમણ કરે છે. વાડમાં ભરાયેલા વસ્ત્રના છેડાથી જેમ માણસની ગતિ સ્ખલના પામે છે તેમ સ્ત્રી વગેરેના રૂપમાં સંલગ્ન થયેલા ચક્ષુથી પુરુષ સ્ખલિત થઈ જાય છે. ધૂર્ત માણસની મૈત્રીની જેમ થોડીવાર સુખ આપવાથી વારંવાર મોહ પમાડતા સંગીત હમેશાં કુશળને માટે થતા નથી, માટે હે સ્વામિન્! પાપના મિત્રો, ધર્મના વિરોધી અને નરકને આકર્ષણ કરવાના પાસરૂપ વિષયોને દૂરથી જ છોડી દો. એક સેવ્ય થાય છે અને એક સેવક થાય છે, એક યાચક થાય છે અને એક દાતા થાય છે, એક વાહન થાય છે અને બીજો તેની ઉપર બેસનાર થાય છે, એક અભય માગે છે અને એક અભયદાન આપનાર થાય છે, એ વગેરેથી આ લોકમાં ધર્મ-અધર્મનું મ્હોટું ફળ જણાય છે. તે જોતાં પણ જે માણસ માને નહીં તેવા બુદ્ધિવાનનું કલ્યાણ થાઓ ! ! વધારે શું કહીએ ? હે રાજન્ ! આપે અસત્ વાણીની પેઠે દુઃખ આપનાર અધર્મનો ત્યાગ કરવો અને સત્ વાણીની પેઠે સુખના અદ્વિતીય કારણરૂપ ધર્મને ગ્રહણ કરવો.”

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

એવું સાંભળીને **શતમતિ** નામનો મંત્રી બોલ્યો-પ્રતિક્ષણભંગુર પદાર્થ વિષયના જ્ઞાન સિવાય જુદો એવો કોઈ આત્મા નથી અને વસ્તુઓમાં સ્થિરપણાની બુદ્ધિ છે તેનું મૂળ કારણ વાસના છે, માટે પૂર્વ અને અપર ક્ષણોનું વાસનારૂપ એકત્વ વાસ્તવિક છે, ક્ષણોનું એકત્વ વાસ્તવિક નથી.’

સ્વયંબુદ્ધે કહ્યું-‘કોઈપણ વસ્તુ અન્વય (પરંપરા) રહિત નથી; જળ અને ઘાસ ગાયોમાં દૂધને માટે કલ્પાય છે, આકાશપુષ્પ અને કૂર્મના રોમ જેવી નિરન્વય વસ્તુ આ જગતમાં કોઈ નથી, તેથી ક્ષણભંગુરપણાની બુદ્ધિ વૃથા છે. જો વસ્તુ ક્ષણભંગુર હોય તો સંતાનપરંપરા પણ કેમ ક્ષણિક ન કહેવાય ? જો સંતાનનું નિત્યપણું માનીએ તો સમસ્ત પદાર્થ ક્ષણિક કેવી રીતે થાય ? જો સર્વ પદાર્થો અનિત્ય માનીએ તો થાપણ મૂકેલી પાછી માગવી, પૂર્વ વાતનું સ્મરણ કરવું અને* અભિજ્ઞાન કરવું એ સર્વ કેમ ઘટે ? જો જન્મ થાય પછી અનંતર ક્ષણમાં જ નાશપણું હોય તો બીજી ક્ષણમાં થયેલો પુત્ર પ્રથમના માતા પિતાનો પુત્ર ન કહેવાય અને પુત્રને પ્રથમ ક્ષણમાં થયેલા માતાપિતા તે માતાપિતા ન કહેવાય-તેથી તેમ કહેવું અસંગત છે. જો વિવાહના સમય પછીની ક્ષણે દંપતી ક્ષણનાશવંત હોય તો તે સ્ત્રીનો તે પતિ નહીં અને તે પતિની તે સ્ત્રી નહીં એમ બંને માટે તે અસમંજસ છે. એક ક્ષણમાં જે અશુભ કર્મ કરે તે જ બીજી ક્ષણમાં તેનું ફળ ન ભોગવે અને તેને બીજો ભોગવે તો તેથી કૃતનો નાશ અને અકૃતનો આગમ એવા બે મ્હોટા દોષની પ્રાપ્તિ થાય.’

---

૧ પુનર્ભવ કરનારો, પરલોકમાં જનારો. *એંધાન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યાર પછી **મહામતિ** મંત્રી બોલ્યો–'આ સર્વ માયા છે. તત્ત્વથી કાંઈ નથી. આ સર્વ પદાર્થો જણાય છે તે સ્વપ્ન અને મૃગતૃષ્ણાવત્ મિથ્યા છે. ગુરુ શિષ્ય, પિતા પુત્ર, ધર્મ અધર્મ, પોતાનો અને પારકો–એ સર્વ વ્યવહારથી જોવામાં આવે છે, પણ તત્ત્વથી કાંઈ નથી. જેમ શિયાળ લાવેલું માંસ નદીના તીર ઉપર છોડી માછલાને માટે પાણીમાં દોડચો એટલામાં મીન જળમાં પેસી ગયું અને પેલું માંસ ગીધ પક્ષી ઉપાડી ગયું, તેમ જેઓ ઐહિક સુખ છોડી પરલોકને માટે દોડે છે તેઓ ઉભયભ્રષ્ટ થઈ પોતાના આત્માને ઠગે છે. પાખંડી લોકોની ખોટી શિખામણો સાંભળી–નરકથી બ્હીને મોહાધીન પ્રાણીઓ વ્રત વગેરેથી પોતાના દેહને દંડે છે અને લાવક પક્ષી જેમ પૃથ્વી પડી જવાની શંકાથી એક પાદ વડે નાચે છે તેમ મનુષ્યો નરકપાતની શંકાથી તપ કરે છે.'

સ્વયંબુદ્ધે કહ્યું–"જો વસ્તુ સત્ય ન હોય તો તેથી પોતપોતાનાં કૃત્યનો કરનાર પોતે કેમ થાય ? આવી જો માયા હોય તો સ્વપ્નમાં પ્રાપ્ત થયેલો હાથી કાર્ય કેમ કરતો નથી ? તમે પદાર્થોનો કાર્યકારણભાવ સત્ય માનતા નથી તો પડતા વજ્રની બીક શા માટે રાખો છો ? અને જો એવું હોય તો તમે અને હું–વાચ્ય અને વાચક એવું કાંઈ પણ નથી. ત્યારે વ્યવહારને કરનારી ઇષ્ટની પ્રતિપત્તિ પણ કેમ થાય ? હે દેવ ! વિતંડાવાદમાં પંડિત, સારા પરિણામથી પરાઙ્મુખ અને વિષયાભિલાષી એવા આ લોકથી તમે છેતરાઓ છો, માટે વિવેકનું અવલંબન કરીને વિષયોનો ત્યાગ કરો અને આ લોક પરલોકના સુખને માટે ધર્મનો આશ્રય કરો."

એવી રીતે મંત્રીઓનાં જુદા જુદા ભાષણો સાંભળીને પ્રસાદથી સુંદર સુખવાળા રાજાએ કહ્યું–"હે મહાબુદ્ધિ સ્વયંબુદ્ધ ! તમે ઘણું સારું કહ્યું, તમે ધર્મ ગ્રહણ કરવાનું કહ્યું તે યુક્ત છે, અમે પણ ધર્મદ્વેષી નથી; પરંતુ યુદ્ધમાં જેમ અવસરે મંત્રાસ્ત્ર ગ્રહણ કરાય છે તેમ અવસરે ધર્મનું ગ્રહણ કરવું યોગ્ય છે. ઘણે કાળે આવેલા મિત્રની પેઠે પ્રાપ્ત થયેલા યૌવનની યોગ્ય પ્રતિપત્તિ કર્યા વિના કોણ ઉપેક્ષા કરે ? તમે જે ધર્મોપદેશ કર્યો તે અયોગ્ય અવસરે કર્યો છે, કેમકે વીણા વાગતી હોય તે સમયે વેદનો ઉદ્ગાર શોભતો નથી. ધર્મનું ફળ પરલોક છે તે સંદેહવાળું છે, માટે તમે આ લોકના સુખાસ્વાદનો કેમ નિષેધ કરો છો ?"

રાજાનાં એવાં વચનો સાંભળી સ્વયંબુદ્ધ અંજલિ જોડી બોલ્યો–"મહારાજ ! આવશ્યક એવા ધર્મના ફળમાં ક્યારે પણ શંકા કરવી યુક્ત નથી. આપને યાદ છે કે બાલ્યાવસ્થામાં આપણે એક દિવસ નંદનવનમાં ગયા હતા, ત્યાં આપણે એક સુંદર કાંતિવાન્ દેવને જોયા હતા. તે વખતે પ્રસન્ન થયેલા તે દેવે આપને ઉદ્દેશીને કહ્યું હતું–'હું **અતિબળ** નામે તમારો પિતામહ છું. નઠારા મિત્રની પેઠે વિષયસુખથી ઉદ્વેગ પામીને મેં તૃણની જેમ રાજ્ય છોડી દીધું અને રત્નત્રયીનું ગ્રહણ કર્યું. અંતાવસ્થાએ પણ વ્રતરૂપી મહેલના કળશરૂપ ત્યાગભાવને મેં ગ્રહણ કર્યો, તો તેના પ્રભાવથી હું લાંતકાધિપતિ દેવતા થયો છું, માટે તમારે પણ અસાર સંસારને વિષે પ્રમાદી થઈને રહેવું નહિ.' એવી રીતે કહી વીજળીની જેમ આકાશને પ્રકાશિત કરતા તે દેવ અંતર્ધાન થઈ ગયા હતા; માટે મહારાજ ! આપ તમારા પિતામહના તે વચનને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્મરણ કરી પરલોક છે એમ માનો; કારણ કે પ્રત્યક્ષ પ્રમાણ હોય ત્યાં બીજા પ્રમાણની કલ્પના શા માટે કરવી જોઈએ ?"

નૃપતિએ કહ્યું—'તમે મને પિતામહના વચનનું સ્મરણ કરાવ્યું તે બહુ સારું કર્યું. હવે હું ધર્મ અધર્મ જેનું કારણ છે એવા પરલોકને માન્ય કરું છું.' રાજાનું એવું આસ્તિક્ય વચન સાંભળી મિથ્યાદૃષ્ટિઓની વાણીરૂપ રજમાં મેઘ સમાન સ્વયંબુદ્ધ મંત્રીએ અવકાશ પામીને આનંદ સહિત આ પ્રમાણે કહેવાનો આરંભ કર્યો :—

"હે મહારાજ ! પૂર્વે તમારા વંશમાં **કુરુચંદ્ર** નામે રાજા થયો હતો. તેને **કુરુમતી** નામે એક સ્ત્રી હતી અને **હરિશ્ચન્દ્ર** નામે એક પુત્ર હતો. તે રાજા કોળીની જેમ મોટા આરંભ અને પરિગ્રહને કરવાવાળો, અનાર્ય કાર્યને વિષે અગ્રેસર, યમરાજાની જેવો નિર્દય, દુરાચારી અને ભયંકર હતો; તો પણ તે રાજાએ ઘણા કાળ પર્યંત રાજ્ય ભોગવ્યું, કેમકે **પૂર્વોપાર્જિત પુણ્યનું અપ્રતિમ ફળ હોય છે.** તે રાજાને અવસાન વખતે ધાતુવિપર્યયનો[1] રોગ થયો અને તે નજીક આવેલા ક્લેશની વર્ણિકા[2] રૂપ થયો. એ રોગથી તેને રૂની ભરેલી શય્યાઓ કંટક શય્યા જેવી થઈ પડી, સરસ ભોજનો લીંબડાના રસની જેવા નિરસ લાગવા માંડ્યા. ચંદન-અગરુ-કર્પૂર-કસ્તુરી વગેરે સુગંધી પદાર્થો દુર્ગંધી જણાવા લાગ્યા. પુત્ર અને સ્ત્રી વગેરે શત્રુની પેઠે દૃષ્ટિને ઉદ્વેગકારી થયા અને સુંદર ગાયનો ગધેડા, ઊંટ અને શિયાળના સ્વરની જેમ કર્ણને ક્લેશકારી લાગવા માંડ્યા. **જ્યારે પુણ્યનો વિચ્છેદ થાય છે ત્યારે સર્વ વિપરીત જ થાય છે.** પ્રાંતે દુઃખકારી પણ ક્ષણમાત્ર પ્રીતિકારી વિષયોપચાર કરતા કુરુમતી અને હરિશ્ચંદ્ર ગુપ્ત રીતે જાગૃત રહેવા લાગ્યા. છેવટે અંગારાએ જાણે ચુંબન કરેલો હોય તેમ હરેક અંગમાં દાહથી વિહ્વળ થયેલો તે રાજા રૌદ્રધ્યાનપરાયણ થઈ મૃત્યુ પામ્યો. તેની ઔર્ધ્વદેહિક ક્રિયા[3] કરીને જાણે સદાચારરૂપી માર્ગનો પાંથ હોય એવો તેનો પુત્ર હરિશ્ચંદ્ર રાજ્યને વિધિવત્ પાળવા લાગ્યો. પોતાના પિતાનું પાપના ફળથી થયેલું મરણ જોઈને, ગ્રહોમાં સૂર્યની જેમ સર્વ પુરુષાર્થમાં મુખ્ય એવા ધર્મની તે સ્તુતિ કરવા લાગ્યો. એક વખત તેણે પોતાના **સુબુદ્ધિ** નામના શ્રાવક-બાળમિત્રને એવી આજ્ઞા કરી કે-'તમારે હમેશાં ધર્મવેત્તા પાસેથી ધર્મ સાંભળી મને કહેવો.' સુબુદ્ધિ પણ અત્યંત તત્પર થઈને તે પ્રમાણે કરવા લાગ્યો. **અનુકૂળ અધિકારવાળી આજ્ઞા સારા માણસોને ઉત્સાહ અર્થે થાય છે.** પાપથી ભય પામેલો હરિશ્ચંદ્ર, રોગથી ભય પામેલો માણસ જેમ ઔષધ ઉપર શ્રદ્ધા રાખે તેમ સુબુદ્ધિના કહેલા ધર્મ ઉપર શ્રદ્ધા રાખતો હતો.

"એક વખત નગરની બહાર ઉદ્યાનમાં **શીલંધર** નામે મહામુનિને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું, તેથી દેવતાઓ તેમનું અર્ચન કરવાને જતા હતા. આ વૃત્તાંત હરિશ્ચંદ્રને સુબુદ્ધિએ કહ્યો એટલે શુદ્ધ મનવાળો તે રાજા અશ્વારૂઢ થઈ મુનીંદ્ર પાસે આવ્યો. ત્યાં નમસ્કાર કરીને તે બેઠો એટલે મહાત્મા મુનિએ કુમતિરૂપી અંધકારમાં ચંદ્રિકા જેવી ધર્મદેશના આપી. દેશનાને અંતે રાજાએ હસ્ત જોડી મુનિને પૂછ્યું-'મહારાજ ! મારા પિતા મૃત્યુ પામીને કઈ ગતિમાં ગયા છે ?' ત્રિકાળદર્શી મુનિએ કહ્યું-'રાજન્ ! તારા પિતા સાતમી નરકને

---

૧ શારીરિક ધાતુઓનું ફેરફાર થઈ જવું. ૨ નર્ક સંબંધી દુઃખની વાનકી. ૩ મરણ પામ્યા પછી કરાતી અગ્નિસંસ્કારાદિ ક્રિયાઓ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિષે ગયેલા છે; તેના જેવાને બીજું સ્થાન ન જ હોય.' તે સાંભળી રાજાને વૈરાગ્ય ઉત્પન્ન થયો. મુનિને વંદન કરી ત્યાંથી ઊઠી તત્કાળ પોતાના સ્થાન પ્રત્યે ગયો અને ત્યાં જઈ પુત્રને પોતાના પદે સ્થાપન કરી સુબુદ્ધિને કહ્યું—'હું દીક્ષા ગ્રહણ કરીશ, માટે મારી પેઠે આ પુત્રને પણ તમે ધર્મનો નિરંતર ઉપદેશ કરજો.' સુબુદ્ધિએ કહ્યું—'મહારાજ ! હું પણ તમારી સાથે વ્રત ગ્રહણ કરીશ અને મારી માફક તમારા પુત્રને મારો પુત્ર ધર્મોપદેશ સંભળાવશે.' પછી રાજા અને સુબુદ્ધિ મંત્રીએ કર્મરૂપી પર્વતનો ભેદ કરવામાં વજ્ર સમાન વ્રત ગ્રહણ કર્યું અને તેનું દીર્ઘ કાળપર્યંત પ્રતિપાલન કરીને મોક્ષને પ્રાપ્ત થયા.

"હે રાજન્ ! તમારા વંશમાં બીજો એક **દંડક** નામે ભૂપતિ થયો છે. પ્રચંડ શાસનવાળો તે રાજા શત્રુઓને વિષે જાણે સાક્ષાત્ યમરાજ હોય તેવો હતો. તેને **મણિમાલી** નામે પ્રખ્યાત પુત્ર હતો; તે પોતાના તેજથી સૂર્યની માફક દિશાઓને વ્યાપ્ત કરતો હતો. દંડક રાજા પુત્ર, મિત્ર, સ્ત્રી, રત્ન, સુવર્ણ અને દ્રવ્યમાં અત્યંત મૂર્છાવાન્ હતો અને એ સર્વને પોતાના પ્રાણથી પણ અધિક પ્રિય માનતો હતો. આયુષ્ય પૂર્ણ થયે આર્ત્તધ્યાનમાં જ વર્તનારો તે, કાળ કરી પોતાના ભાંડાગારમાં* દુર્ધર અજગર થયો. જે માણસ ભાંડાગારમાં પ્રવેશ કરે તેને અગ્નિ જેવો સર્વભક્ષી અને દારુણાત્મા તે અજગર ગળી જવા લાગ્યો. એક સમયે અજગરે મણિમાલીને ભાંડાગારમાં પ્રવેશ કરતો જોયો ત્યારે પૂર્વજન્મના સ્મરણથી તેણે 'આ મારો પુત્ર છે,' એમ તેને ઓળખ્યો. તે વખતે જાણે મૂર્તિમાન્ સ્નેહ હોય તેવી શાંતમૂર્ત્તિને બતાવતા અજગરને જોઇ 'આ કોઈ મારો પૂર્વ જન્મનો બંધુ છે' એમ મણિમાલીના સમજવામાં પણ આવ્યું. પછી જ્ઞાનીમુનિની પાસેથી 'એ પોતાનો પિતા છે' એમ જાણી મણિમાલીએ તેની પાસે બેસી તેને જૈનધર્મ સંભળાવ્યો. અજગરે પણ અર્હંત્ ધર્મને જાણી સંવેગભાવ ધારણ કર્યો અને શુભધ્યાનપરાયણ થઈ મૃત્યુ પામી દેવપણાને પ્રાપ્ત થયો. તે દેવતાએ પુત્રના પ્રેમને લીધે સ્વર્ગમાંથી આવીને એક દિવ્ય મુકતામય હાર મણિમાલીને અર્પણ કર્યો હતો, જે અદ્યાપિ તમારા હૃદય ઉપર રહેલો છે. આપ હરિશ્ચંદ્રના વંશમાં થયેલા છો અને હું સુબુદ્ધિના વંશમાં થયો છું, માટે ક્રમથી આવેલા આ પ્રચારથી તમે ધર્મને વિષે પ્રવર્તો. હવે મેં તમને અવસર સિવાય ધર્મ કરવાની વિજ્ઞપ્તિ કરી તેનું કારણ સાંભળો—આજે નંદનવનમાં બે ચારણ મુનિઓને મેં જોયા. જગતના પ્રકાશને ઉત્પન્ન કરનારા અને મહામોહરૂપી અંધકારને છેદનારા તે મુનિઓ જાણે એક ઠેકાણે મળેલા સાક્ષાત્ સૂર્ય ચંદ્ર હોય તેવા જણાતા હતા. અપૂર્વ જ્ઞાનથી શોભતા તે મહાત્માઓ ધર્મદેશના આપતા હતા. તે વખતે મેં તેઓને આપના આયુષ્યનું પ્રમાણ પૂછ્યું, ત્યારે 'તમારું માત્ર એક માસનું આયુષ્ય બાકી છે' એમ તેઓએ જણાવ્યું. હે મહામતિ ! એ ઉપરથી હું આપને ધર્મ કરવાની ત્વરા કરું છું."

મહાબળ રાજાએ કહ્યું–'હે સ્વયંબુદ્ધ ! હે બુદ્ધિના સમુદ્ર ! મારા બંધુ તો તમે એક જ છો, કે જે મારા હિતને માટે લખ્યા કરો છો. વિષયોએ આકર્ષેલા અને મોહનિદ્રાથી નિદ્રાળુ થયેલા મને તમે જાગૃત કર્યો તે બહુ સારું કર્યું. હવે મને કહો કે હું શી રીતે ધર્મ સાધું ? આયુષ્ય અલ્પ રહ્યું છે, તો તેટલામાં મારે કેટલો ધર્મ સાધવો ? અગ્નિ લાગ્યા પછી તત્કાળ કૂવો ખોદવો તે કેમ બને ?"

*ભંડારમાં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્વયંબુદ્ધે કહ્યું–'હે મહારાજ ! ખેદ કરો નહીં અને દૃઢ થાઓ. તમે પરલોકમાં મિત્ર સમાન યતિધર્મનો આશ્રય કરો. એક દિવસની પણ દીક્ષા પાળનારો માણુસ મોક્ષ પ્રાપ્ત કરી શકે છે, તો સ્વર્ગની શી વાત ?' પછી મહાબળ રાજાએ તેમ કરવું સ્વીકારી, આચાર્ય જેમ પ્રાસાદમાં પ્રતિમાનું સ્થાપન કરે તેમ પુત્રને પોતાની પદવી ઉપર સ્થાપન કર્યો. તદનંતર દીન અને અનાથ લોકોને તેણે એવું અનુકંપાદાન આપ્યું કે તેથી તે નગરમાં યાચના કરે એવો કોઈ પણ દીન રહ્યો નહીં. જાણે ઇંદ્ર હોય તેમ તેણે સર્વ ચૈત્યોમાં વિચિત્ર પ્રકારના વસ્ત્ર, માણિક્ય, સુવર્ણ અને કુસુમાદિકથી પૂજા કરી. પછી સ્વજનોને ખમાવી, મુનીંદ્રના ચરણ સમીપે જઇ તેણે મોક્ષલક્ષ્મીની સખીરૂપ દીક્ષા અંગીકાર કરી. સર્વ સાવદ્યયોગની વિરતિ કરવાની સાથે તે રાજર્ષિએ ચતુર્વિધ આહારનું પણ પ્રત્યાખ્યાન કર્યું. પછી સમાધિરૂપી અમૃતના ઝરામાં નિરંતર મગ્ન રહી કમલિનીના ખંડની પેઠે તેઓ જરા પણ ગ્લાનિ પામ્યા નહીં, પરંતુ મહાસત્ત્વશિરોમણિ તે જાણે ભોજ્ય પદાર્થનું ભોજન કરતા હોય અને પેય પદાર્થનું પાન કરતા હોય તેમ અક્ષીણ કાંતિવાળા થવા લાગ્યા. બાવીશ દિવસનું અનશન પાળીને પ્રાંતે સમાધિમાં પંચપરમેષ્ઠી નમસ્કારનું સ્મરણ કરતાં તેમણે કાળ કર્યો. ત્યાંથી જાણે દિવ્ય અશ્વો હોય તેવા પોતે સંચિત કરેલા પુણ્યવડે તેઓ તત્કાળ દુર્લભ એવા ઈશાન કલ્પને[1] પ્રાપ્ત થયા. ત્યાં **શ્રીપ્રભ** નામના વિમાનમાં ઉત્પન્ન થવાના શયનસંપુટને વિષે મેઘના ગર્ભમાં જેમ વિદ્યુત્પુંજ ઉત્પન્ન થાય તેમ તે ઉત્પન્ન થયા. દિવ્ય આકૃતિ, સમચતુરસ્ર સંસ્થાન, સપ્ત ધાતુઓથી રહિત શરીર, શિરીષ પુષ્પના જેવી સુકુમારતા, દિશાઓના અંતરભાગને આક્રાંત કરે એવી કાંતિ, વજ્ર જેવી કાયા, મોટો ઉત્સાહ, સર્વ પ્રકારનાં પુણ્ય લક્ષણો, ઇચ્છા પ્રમાણે રૂપ ધારણ કરવાની શક્તિ, અવધિજ્ઞાન, સર્વ વિજ્ઞાનમાં પારંગતપણું, અણિમાદિ આઠ સિદ્ધિની પ્રાપ્તિ, નિર્દોષતા અને અચિંત્ય વૈભવ–એવા સર્વ ગુણે યુક્ત તે **લલિતાંગ** એવું સાર્થક નામ ધારણ કરનાર દેવ થયા. બંને ચરણમાં રત્નના કડાં, કટીભાગ ઉપર કટીસૂત્ર, હાથમાં કંકણ, ભુજાઓમાં બાજુબંધ, વક્ષઃસ્થળ ઉપર હાર, કંઠમાં ગ્રૈવેયક ( ગળચવો ), કાનમાં કુંડળ, મસ્તક ઉપર પુષ્પમાળા તથા કીરીટ–વગેરે આભૂષણો, દિવ્ય વસ્ત્રો અને સર્વ અંગોના ભૂષણરૂપ યૌવન તેને ઉત્પન્ન થવાની સાથે જ પ્રાપ્ત થયું. તે વખતે પ્રતિશબ્દોથી દિશાઓને ગજાવી મૂકતા દુંદુભિ વાગ્યા અને 'જગતને આનંદ કરો તથા જય પામો' એવા શબ્દો મંગળપાઠકો બોલવા લાગ્યા. ગીત વાજીંત્રના નિર્ઘોષથી અને બંદીજનોના કોલાહળથી આકુળ થયેલું તે વિમાન, જાણે પોતાના સ્વામીના આવવાથી થયેલા હર્ષવડે ગર્જના કરતું હોય તેવું જણાવા લાગ્યું. પછી જેમ સૂતેલો માણુસ ઊઠે તેમ તે લલિતાંગ દેવ ઊઠીને આવી રીતનો દેખાવ જોઈ વિચારવા લાગ્યો–'શું આ ઇન્દ્રજાળ છે ? શું સ્વપ્ન છે ? શું માયા છે ? કે શું છે ? આ સર્વ ગીતનૃત્યાદિ મને ઉદ્દેશીને કેમ પ્રવર્ત્તે છે ? આ વિનીત લોકો મારે વિષે સ્વામીપણું ધારણ કરવાને માટે કેમ તલ્પી રહ્યા છે ? અને આ લક્ષ્મીના મંદિરરૂપ, આનંદના સદનરૂપ, સેવવા લાયક, પ્રિય અને રમણીય ભુવનમાં હું ક્યાંથી આવ્યો છું ?' આવી રીતે તેના મનમાં વિતર્કો સ્ફુરી રહ્યા હતા, તેવામાં પ્રતિહારે તેની પાસે આવી, અંજલિ જોડી કોમળ ગિરાથી નીચે પ્રમાણે વિજ્ઞપ્તિ કરી—

૧ કલ્પ દેવલોક, ઇશાન કલ્પ–બીજું દેવલોક.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"હે નાથ ! આપના જેવા સ્વામીથી આજ અમે ધન્ય થયા છીએ અને સનાથ થયા છીએ, તેથી નમ્ર સેવકો ઉપર આપ અમૃતતુલ્ય દૃષ્ટિથી પ્રસાદ કરો. હે સ્વામિન્ ! સર્વ ઇચ્છિતને આપનારું, અવિનાશી લક્ષ્મીવાળું અને સર્વ સુખનું સ્થાન એવું આ ઈશાન નામે દ્વિતીય દેવલોક છે. આ દેવલોકમાં જે વિમાનને હમણા આપ અલંકૃત કરો છો તે શ્રીપ્રભ નામે પુણ્યયોગે પ્રાપ્ત કર્યું છે. આપની સભાના મંડનરૂપ આ સર્વે સામાનિક દેવતાઓ છે, જેઓથી તમે એક છો તો પણ જાણે અનેક છો એવું આ વિમાનમાં દેખાય છે. હે સ્વામિન્ ! મંત્રના સ્થાનરૂપ એવા આ તેત્રીશ પુરોહિત દેવતાઓ છે અને તેઓ આપની આજ્ઞાની ઇચ્છા કરે છે, માટે તેમને સમયોચિત આદેશ કરો. આનંદ કરવામાં પ્રધાનપણું કરનારા આ પર્ષદાના દેવતાઓ છે, જેઓ લીલાવિલાસની ગોષ્ઠીમાં આપના મનને રમાડશે. નિરંતર બખ્તરના પહેરનારા, છત્રીશ પ્રકારનાં તીક્ષ્ણ શસ્ત્રોને ધારણ કરનારા અને સ્વામીની રક્ષા કરવામાં ચતુર એવા આ તમારા આત્મરક્ષક દેવતાઓ છે. આપના નગરની (વિમાનની) રક્ષા કરનારા આ લોકપાલ દેવતાઓ છે, સૈન્યના ધુરંધર એવા આ સેનાપતિઓ છે અને આ પૌરવાસી તથા દેશવાસી જેવા પ્રકીર્ણક દેવતાઓ આપની પ્રજારૂપ છે. તેઓ સર્વે આપની આજ્ઞાને નિર્માલ્ય તરીકે પણ પોતાના મસ્તક ઉપર ધારણ કરશે. આ આભિયોગિક દેવતાઓ આપની દાસરૂપે સેવા કરનારા છે અને આ કિલ્બિષક દેવતાઓ સર્વ પ્રકારનાં મલિન કાર્ય કરનારા છે. સુંદર રમણીઓથી રમણિક આંગણાવાળા, મનને પ્રસન્ન કરનારા અને રત્નોથી રચેલા આ તમારા પ્રાસાદો છે, સુવર્ણકમળની ખાણરૂપ આ રત્નમય વાપિકાઓ છે, રત્નના અને સુવર્ણના શિખરવાળા આ તમારા ક્રીડાપર્વતો છે. હર્ષકારી અને સ્વચ્છ જળવાળી આ ક્રીડાનદીઓ છે, નિત્ય પુષ્પ ફળને આપનારા આ ક્રીડાઉદ્યાનો છે અને પોતાની કાંતિવડે દિશાઓના મુખને પ્રકાશિત કરનાર જાણે સૂર્યમંડળ હોય એવો સુવર્ણ અને માણિક્યથી રચેલો આ તમારો સભામંડપ છે. ચામર, આદર્શ અને પંખા જેઓના હાથમાં છે એવી આ વારાંગનાઓ તમારી સેવામાં જ મહોત્સવને માનનારી છે અને ચાર પ્રકારનાં વાદ્યમાં ચતુર એવો આ ગંધર્વવર્ગ આપની પાસે સંગીત કરવાને સજ્જ થઈ રહ્યો છે."

આ પ્રમાણે પ્રતિહારીએ કહ્યા પછી દીધો છે ઉપયોગ જેણે એવા તે લલિતાંગ દેવને અવધિજ્ઞાનથી જેમ આગલા દિવસની વાતનું સ્મરણ થાય તેમ પૂર્વ જન્મનું સ્મરણ થયું. 'અહો ! પૂર્વે હું વિદ્યાધરોનો સ્વામી હતો. મને ધર્મમિત્ર એવા સ્વયંબુદ્ધ મંત્રીએ જૈનેંદ્ર ધર્મનો બોધ કર્યો હતો, તેથી દીક્ષા લઈને મેં અનશન કર્યું હતું. તેનું આ ફળ પ્રાપ્ત થયું છે. અહો ધર્મનો અચિંત્ય પ્રભાવ છે !' એવી રીતે પૂર્વજન્મનું સ્મરણ કરી તત્કાળ ત્યાંથી ઊઠી છડીદારે જેને હાથનો ટેકો આપ્યો છે એવા તે દેવે સિંહાસન અલંકૃત કર્યું. તે સમયે જયધ્વનિ સ્ફુરી રહ્યો. દેવતાઓએ તેમનો અભિષેક કર્યો, ચામરો વીંઝાવા લાગ્યા અને ગાંધર્વો મધુર અને મંગળગીતો ગાવા લાગ્યા. પછી ભક્તિવડે ભાવિત મનવાળા તે લલિતાંગ દેવે ત્યાંથી ઊઠી ચૈત્યમાં જઈ શાશ્વતી અર્હત્પ્રતિમાઓની પૂજા કરી અને દેવતાઓના ત્રણ ગ્રામના ઉદ્ગારથી મધુર અને મંગળમય ગાયનોની સાથે વિવિધ સ્તોત્રોથી જિનેશ્વરની સ્તુતિ કરી. પછી તેણે જ્ઞાનદીપક પુસ્તકો વાંચ્યા અને મંડપના સ્તંભ ઉપર ડાબલામાં રહેલા અરિહંતના અસ્થિનું અર્ચન કર્યું.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પછી પૂર્ણિમાના ચંદ્ર જેવું દિવ્ય આતપત્ર[1] ધારણ કરવાથી પ્રકાશમાન થઈ તે ક્રીડાભુવનમાં ગયો. ત્યાં તેણે પોતાની પ્રભાથી વિદ્યુત્પ્રભાને પણ ભગ્ન કરનારી **સ્વયંપ્રભા** નામે દેવીને દીઠી. તેનાં નેત્ર, મુખ અને ચરણ અતિશય કોમળ હતાં, તેથી તેઓના મિષથી જાણે લાવણ્યસિંધુના મધ્યમાં રહેલ કમલવાટિકા[2] જેવી તે જણાતી હતી. અનુપૂર્વથી સ્થૂલ અને ગોળ એવા ઉરૂથી જાણે કામદેવે પોતાના ભાથાને ત્યાં સ્થાપન કર્યા હોય તેવી તે જણાતી હતી. રાજહંસના ટોળાવડે વ્યાપ્ત તટોથી જેમ સરિતા[3] શોભે તેમ નિર્મળ વસ્ત્રવાળા વિપુલ નિતંબથી તે શોભતી હતી. પુષ્ટ અને ઉન્નત સ્તનોનો ભાર વહન કરવાથી કૃશ થયું હોય તેમ વજ્રના મધ્યભાગ જેવા કૃશ ઉદરથી તે મનોહર લાગતી હતી. તેનો ત્રણ રેખાવાળો અને મધુર સ્વર બોલનારો કંઠ જાણે કામદેવના વિજયને કહેનારો શંખ હોય તેવો જણાતો હતો. બિંબફળને તિરસ્કાર કરનાર ઓષ્ઠથી અને નેત્રરૂપી કમળોના નાળવાની લીલાને ગ્રહણ કરનારી નાસિકાથી તે ઘણી સુંદર જણાતી હતી. પૂર્ણિમાના અર્ધા કરેલા ચંદ્રમાની સર્વ લક્ષ્મીને હરનારા તેના સુંદર અને સ્નિગ્ધ લલાટથી તે ચિત્તને હરી લેતી હતી. કામદેવના હિંડોળાની લીલાને ચોરનારા તેના કર્ણ હતા. પુષ્પબાણના ધનુષ્યની શોભાને હરનારી તેની ભ્રૂકુટી હતી. મુખરૂપી કમળની પાછળ ફરનારો જાણે ભ્રમરસમૂહ હોય તેવો અને સ્નિગ્ધ કાજળ જેવો શ્યામ તેનો કેશસમૂહ હતો. સર્વાંગે ધારણ કરેલાં રત્નાભરણોની રચનાથી જાણે જંગમપણાને પામેલી કામલતા હોય તેવી તે જણાતી હતી અને મનોહર મુખકમળવાળી હજારો અપ્સરાઓથી તે વીંટળાયેલી હતી, તેથી જાણે ઘણી સરિતાથી વીંટાયેલી ગંગાનદી હોય તેવી તે શોભતી હતી. લલિતાંગ દેવને પોતાની સમીપે આવતા જોઇ તેણીએ અતિશય સ્નેહથી યુક્તિવડે ઊભા થઈ તેનો સત્કાર કર્યો, એટલે તે શ્રીપ્રભ વિમાનનો સ્વામી તેણીની સાથે એક પર્યંક[4] ઉપર બેઠો. એક ક્યારામાં રહેલી લતા અને વૃક્ષ શોભે તેમ સાથે બેઠેલા તેઓ શોભવા લાગ્યા. નિગડ (બેડી)થી નિયંત્રિત થયેલાની જેમ નિવિડ રાગથી નિયંત્રિત થયેલ તેમનાં ચિત્ત પરસ્પર લીન થઈ ગયા. જેનો પ્રેમ-સૌરભ[5] અવિચ્છિન્ન છે એવા તે શ્રીપ્રભ વિમાનના પ્રભુએ દેવી સ્વયંપ્રભાની સાથે ક્રીડા કરતાં એક કળામાત્રની પેઠે ઘણો કાળ નિર્ગમન કર્યો.

પછી વૃક્ષથી જેમ પત્ર પડી જાય તેમ આયુ પૂર્ણ થવાથી સ્વયંપ્રભા દેવી ત્યાંથી ચ્યવી ગઈ. **આયુષ્ય ક્ષીણ થયે ઇંદ્ર પણ રહેવાને સમર્થ નથી.** પ્રિયાના વિરહથી ઉત્પન્ન થયેલા દુઃખથી તે દેવ જાણે પર્વતથી આક્રાંત થયો હોય અને જાણે વજ્રથી તાડિત થયો હોય તેમ મૂર્છા પામ્યો. પછી ક્ષણવારે સંજ્ઞા પ્રાપ્ત કરીને પોતાના પ્રતિશબ્દથી આખા શ્રીપ્રભ વિમાનને વિલાપ કરાવતો તે વારંવાર વિલાપ કરવા લાગ્યો. ઉપવનમાં તેને પ્રીતિ થઇ નહીં, વાપિકામાં આનંદ પ્રાપ્ત થયો નહીં, ક્રીડા પર્વતમાં સ્વસ્થતા પામ્યો નહીં અને નંદનવનથી પણ તે હર્ષિત થયો નહીં. 'હે પ્રિયા, ! હે પ્રિયા ! તું ક્યાં છે ?' એમ બોલી વિલાપ કરતો તે અખિલ વિશ્વ સ્વયંપ્રભામય જોતો ચોતરફ ફરવા લાગ્યો.

અહીં સ્વયંબુદ્ધ મંત્રીને પોતાના સ્વામીના મૃત્યુથી વૈરાગ્ય ઉત્પન્ન થયો અને તેણે **શ્રીસિદ્ધાચાર્ય** નામે આચાર્યની પાસે દીક્ષા અંગીકાર કરી. ઘણા કાળ પર્યંત અતિચાર

---

૧ છત્ર. ૨ કમળની વાડી. ૩ નદી. ૪ પલંગ. ૫ સુગંધ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રહિત વ્રત પાળીને કાળ કરી, તે ઈશાન દેવલોકમાં **ઈંદ્રનો દૃઢધર્મ** નામે સામાનિક દેવ થયો. તે ઉદાર બુદ્ધિવાળા દેવે પૂર્વ ભવના સંબંધથી બંધુની પેઠે પ્રેમ-વ્યાપ્ત થઈ, ત્યાં આવી લલિતાંગ દેવને આશ્વાસન પમાડવાને કહ્યું–હે મહાસત્ત્વ ! ફક્ત સ્ત્રીને માટે આમ કેમ મોહ પામો છો ? ધીરપુરુષો પ્રાણત્યાગનો સમય આવે તો પણ આવી દશાને પ્રાપ્ત થતા નથી.' લલિતાંગે કહ્યું–'બંધુ ! તમે એમ કેમ બોલો છો ? પ્રાણનો વિરહ સહન થઈ શકે, પણ કાંતાવિરહ દુઃસહ છે. આ સંસારમાં સારંગલોચના જ[1] એક સારભૂત છે, કેમકે તેના વિના સર્વ સંપત્તિઓ અસાર થઈ ગઈ છે.' તેના એવા દુઃખથી ઈશાનઈંદ્રનો તે સામાનિક દેવ પણ દુઃખી થઈ ગયો.; પછી અવધિજ્ઞાનનો ઉપયોગ દઈ તેણે કહ્યું–'હે મહાનુભાવ ! તમે ખેદ કરો નહીં. મેં જ્ઞાનવડે તમારી થનારી પ્રિયા કયાં છે તે જાણ્યું છે; માટે સ્વસ્થ થાઓ અને સાંભળો–પૃથ્વી ઉપર ધાતકીખંડના પૂર્વ વિદેહ ક્ષેત્રને વિષે **નંદી** નામે ગ્રામમાં દરિદ્ર સ્થિતિવાળો **નાગિલ** નામે ગૃહપતિ રહે છે. તે ઉદરપૂર્તિ કરવાને માટે નિરંતર પ્રેતની પેઠે ભમે છે, તો પણ ક્ષુધિત અને તૃષિત સ્થિતિમાં સૂવે છે અને તેવો જ પાછો ઊઠે છે, દારિદ્રયને બુભુક્ષાની[2] જેમ તેને મંદ ભાગ્યમાં શિરોમણિ એવી **નાગશ્રી** નામે સ્ત્રી છે. પામાના[3] વ્યાધિવાળાને જેમ ઉપરાઉપરી ફોડકીઓ થયા કરે તેમ નાગિલને ઉપરાઉપર છ પુત્રીઓ થઈ. તેની તે પુત્રીઓ ગામના ડુક્કરની જેમ પ્રકૃતિથી ઘણું ખાનારી, કુરૂપા અને જગતને વિષે નિંદા પામનારી થઇ. પછી ફરીથી પણ તેની સ્ત્રી સગર્ભા થઇ. **પ્રાયે દરિદ્રીને શીઘ્ર ગર્ભ ધારણ કરે એવી સ્ત્રી હોય છે.** એ સમયે નાગિલ મનમાં ચિંતા કરવા લાગ્યો–'આ મારે કયા કર્મનું ફળ હશે, જેથી હું મનુષ્ય લોકમાં રહીને પણ નરકની વ્યથા ભોગવું છું, જન્મથી પ્રાપ્ત થયેલા અને જેનો પ્રતિકાર થવો અશક્ય છે એવા આ દારિદ્રયથી, ઉધઇવડે જેમ વૃક્ષ ક્ષીણ થાય તેમ હું ક્ષીણ થઇ ગયો છું. જાણે પ્રત્યક્ષ અલક્ષ્મી હોય, જાણે પૂર્વ જન્મની વૈરિણી હોય તેવી અને નિર્લક્ષણ મૂર્તિવાળી આ કન્યાઓએ મને પીડ્યો છે. જો હવે આ વખતે પણ દુહિતાનો[4] પ્રસવ થશે તો હું આ કુટુંબનો ત્યાગ કરી દેશાંતરમાં જતો રહીશ.' એમ ચિંતા કર્યા કરે છે તેવામાં તે દરિદ્રની ગૃહિણીએ પુત્રીને જ જન્મ આપ્યો. કર્ણમાં સોયના પ્રવેશ જેવો દુહિતાનો જન્મ તેણે સાંભળ્યો એટલે અધમ બળદ જેમ ભારને છોડી ચાલ્યો જાય તેમ તે નાગિલ કુટુંબને છોડીને ચાલ્યો ગયો. તેની સ્ત્રીને પ્રસવદુઃખ ઉપર પતિ-પ્રવાસની વ્યથા તત્કાળ પડેલા ઘા ઉપર ક્ષાર પડ્યા જેવી થઇ. અતિ દુઃખિત થયેલી નાગશ્રીએ તે કન્યાનું નામ પણ પાડયું નહીં, તેથી લોકો તેનું **નિર્નામિકા** એવું નામ કહેવા લાગ્યા. નાગશ્રીએ તેનું સમ્યક્ પ્રકારે પાલન કર્યું નહીં તો પણ તે બાળા વૃદ્ધિ પામવા લાગી. **વજ્રથી હણાયેલા પ્રાણીનું પણ આયુષ્ય ત્રુટિત ન થયું હોય તો મૃત્યુ થતું નથી.** અત્યંત દુર્ભગા* અને માતાને ઉદ્વેગ કરનારી તે બાલિકા બીજાને ઘરે હલકા કામ કરી કાળ નિર્ગમન કરવા લાગી. એકદા ઉત્સવને દિવસે કોઈ ધનાઢ્યના બાળકના મોદક જોઈ તે બાલિકા પોતાની માતા પાસે મોદક માંગવા લાગી. તે વખતે તેની માતાએ ગુસ્સે થઇને કહ્યું–'મોદક શું તારા બાપ થાય છે કે તું તે માંગે છે ? જો તારે મોદક ખાવાની ઈચ્છા હોય તો **અંબરતિલક પર્વત** ઉપર કાષ્ઠનો ભારો લેવા દોરડી

---

૧ હરણ સરખા લોચનવાળી સ્ત્રી. ૨ ભૂખ. ૩ ખસ. ૪ પુત્રી. * દુર્ભાગ્યવાળી.

જૈન સાહિત્ય JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લઈને જા.' પોતાની માતાની અડાયા છાણાના અગ્નિ જેવી દહન કરનારી વાણી સાંભળીને રૂદન કરતી તે બાળા રજ્જુ લઈને પર્વત ભણી ચાલી. તે સમયે તે પર્વતના શિખર ઉપર એકરાત્રિ પ્રતિમાએ રહેલા **યુગંધર** નામે મુનિને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું હતું, તેથી સંનિહિત રહેલા દેવતાઓએ કેવળજ્ઞાનના મહિમાનો ઉત્સવ કરવાનો આરંભ કર્યો હતો. પર્વતની નજીકના નગર અને ગ્રામવાસી લોકો એ સમાચાર સાંભળી તે મુનીશ્વરને વંદન કરવા ઉતાવળા ઉતાવળા આવતા હતા. નાના પ્રકારના અલંકાર અને ભૂષણોથી શોભિત થયેલા લોકોને આવતા જોઇ જાણે ચિત્રમાં આલેખેલી હોય તેમ વિસ્મય પામીને નિર્નામિકા ઊભી રહી. પરંપરાએ લોકોનું આગમન-કારણ જાણી દુઃખનાં ભારની પેઠે કાષ્ઠના ભારાને છોડી દઇ ત્યાંથી ચાલી અને બીજા લોકોની સાથે પર્વત ઉપર ચઢી. **તીર્થો સર્વને માટે સાધારણ છે.** તે મહામુનિને ચરણને કલ્પવૃક્ષ સદૃશ માનનારી નિર્નામિકાએ આનંદથી તેમને વંદના કરી. કહ્યું છે કે **ગતિને અનુસરનારી મતિ થાય છે.** મુનીશ્વરે મેઘની જેવી ગંભીર વાણીથી લોકસમૂહને હિતકારી અને આહ્લાદકારી ધર્મદેશના આપી-'કાચા સૂત્રના ભરેલા ખાટલાની ઉપર આરોહણ કરનારની જેમ મનુષ્યોને વિષયનું સેવન સંસારરૂપ ભુમિને વિષે પાડવાને માટે જ છે. જગતમાં પુત્ર, મિત્ર અને કલત્ર વિગેરેનો સમાગમ એક ગ્રામમાં રાત્રિનિવાસ કરી સૂતેલા વટેમાર્ગુ [illegible] છે. ચોરાશી લાખ યોનિમાં ભમતાં જીવોને જે અનંત દુઃખનો ભાર છે તે પોતાના કર્મના પરિણામથી ઉત્પન્ન થયેલો છે.'

જૈન સાઈટ
JAINSITE.com

આ પ્રમાણેની દેશના સાંભળી અંજલી જોડી નિર્નામિકા બોલી-'હે ભગવન્ ! આપ રાય અને રંકને વિષે સમદૃષ્ટિવાળા છો તેથી હું વિજ્ઞપ્તિ કરીને પૂછું છું કે આપે સંસારને દુઃખના સદનરૂપ કહ્યો, પરંતુ મારાથી અધિક દુઃખી કોઈ છે ?'

જૈનમ્ જયતિ શાસનમ્

કેવળી ભગવંતે કહ્યું—"હે દુઃખી બાળા ! હે ભદ્રે ! તારે તો શું દુઃખ છે, તારી કરતાં પણ અત્યંત દુઃખી જીવો છે તેની હકીકત સાંભળ. જેઓ પોતાના દુષ્કર્મના પરિણામથી નરકગતિમાં ઉત્પન્ન થાય છે, તેમાંથી કેટલાકનાં શરીર ભેદાય છે, કેટલાકનાં અંગ છેદાય છે અને કેટલાકનાં મસ્તક જુદાં પડે છે, તે નરક ગતિમાં પરમાધાર્મિક અસુરોથી કેટલાક પ્રાણીઓ તલ પીલવાની પેઠે યંત્રોથી પીલાય છે, કેટલાક કાષ્ઠની જેમ દારૂણ કરવતોથી વેરાય છે અને કેટલાએક મ્હોટા લોહના ઘણથી લોહપાત્રોની પેઠે કુટાય છે. તે અસુરો કેટલાકને શૂળીની શય્યા ઉપર સુવાડે છે, કેટલાકને વસ્ત્રની પેઠે શિલાતળ સાથે અફાળે છે અને કેટલાકના શાકની પેઠે ખંડ ખંડ કરે છે. તે નારકી જીવોનાં શરીર વૈક્રિય હોવાથી તરત ફરીથી મળી જાય છે, એટલે તે પરમાધાર્મિકો પુનઃ તેવી રીતે પીડિત કરે છે. એવી રીતનાં દુઃખ ભોગવતાં તેઓ કરૂણ સ્વરથી આક્રંદ કરે છે. ત્યાં તૃષિત થયેલા જીવોને વારંવાર તપાવેલા સીસાનો રસ પાય છે અને છાયાની ઇચ્છાવાળા પ્રાણીઓને અસિપત્ર* નામના વૃક્ષ નીચે બેસાડે છે. પોતાના પૂર્વ કર્મનું સ્મરણ કરતા તે નારકો મુહૂર્ત માત્ર પણ વેદના વિના રહી શકતા નથી. હે વત્સે ! તે નપુંસકવેદી નારકીઓને જે દુઃખ થાય છે તે સર્વનું વર્ણન પણ માણસને દુઃખ ઉત્પન્ન કરે છે.

* તરવાર જેવા પાંદડાવાળા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વળી એ નારકીઓની વાત તો દૂર રહી, પરંતુ પ્રત્યક્ષ દેખાય છે એવા જળચર, સ્થળચર અને આકાશચારી તિર્યંચ પ્રાણીઓ પણ પોતાના પૂર્વ કર્મવડે પ્રાપ્ત થયેલા અનેક પ્રકારનાં દુઃખ ભોગવે છે. જળચર જીવોમાંનાં કેટલાક તો એક બીજાનું ભક્ષણ કરી જાય છે, કેટલાકને બગલાંઓ ગળી જાય છે. ત્વચાના અર્થી મનુષ્યો તેઓની ત્વચા ઉતારે છે, માંસની પેઠે તેઓ ભુંજાય છે, ખાવાની ઇચ્છાવાળા તેઓને પકાવે છે અને ચરબીની ઇચ્છાવાળા તેઓને ગાળે છે. સ્થળચર જંતુઓમાં નિર્બળ મૃગ વગેરેને સબળ સિંહ વગેરે પ્રાણીઓ માંસની ઇચ્છાથી મારી નાખે છે. મૃગયામાં આસક્ત ચિત્તવાળા માંસની ઇચ્છાથી અથવા ક્રીડા નિમિત્તે તે નિરપરાધી પ્રાણીઓનો વધ કરે છે અને બળદ વિગેરે પ્રાણીઓ ક્ષુધા–તૃષા–ટાઢ તડકો સહન કરવો, અતિભાર વહન કરવો અને ચાબુક–અંકુશ–પરોણાનો માર ખમવો વગેરે ક્રિયાથી ઘણી વેદના પામે છે. આકાશચારી પક્ષીઓમાં તેતર, શુક, કપોત અને ચકલા વગેરેને તેઓના માંસની ઇચ્છાવાળા બાજ, સિંચાનક અને ગીધ પક્ષીઓ પકડીને ખાઇ જાય છે તથા શિકારીઓ એ સર્વને નાના પ્રકારના ઉપાયથી પકડી ઘણી વિટંબના પમાડે છે. તે તિર્યંચોને બીજા શસ્ત્ર તથા જળાદિકના પણ અનેક ભય હોય છે, માટે પોતપોતાના પૂર્વકર્મનું નિબંધન જેનો પ્રસાર ન રોકી શકાય એવું છે.

જેઓને મનુષ્યત્વ પ્રાપ્ત થાય છે તેઓમાં પણ કેટલાક પ્રાણીઓ જન્મથી જ આંધળા, બહેરા, પંગુ અને કોઢીઆ થાય છે, કેટલાએક ચોરી કરનારા અને પરસ્ત્રીગમન કરનારા પ્રાણીઓ નારકીની પેઠે જુદા જુદા પ્રકારની શિક્ષાથી નિગ્રહ પામે છે અને કેટલાક નાના પ્રકારના વ્યાધિઓથી પીડાતા પોતાના પુત્રોથી પણ ઉપેક્ષાને પામે છે. કેટલાએક મૂલ્યથી વેચાયેલા ( નોકર, ગુલામ વગેરે ) ખચ્ચરની પેઠે પોતાના સ્વામીની તાડના–તર્જના ખમે છે, ઘણો ભાર ઉપાડે છે અને ક્ષુધા તૃષાનાં દુઃખ સહન કરે છે.

પરસ્પરના પરાભવથી કલેશ પામેલા અને પોતપોતાના સ્વામીના સ્વામીત્વથી બદ્ધ થયેલા દેવતાઓને પણ નિરંતર દુઃખ રહેલું છે. સ્વભાવથી દારૂણ અને અપાર એવા આ સંસારમાં, સમુદ્રમાં જેમ જળજંતુઓનો પાર નથી તેમ દુઃખનો પણ પાર નથી. ભૂતપ્રેતાદિકથી સંકુલિત સ્થાનમાં જેમ મંત્રાક્ષર તેનો પ્રતિકાર કરનાર હોય છે, તેમ દુઃખના સ્થાનરૂપ આ સંસારમાં જિનોપજ્ઞ* ધર્મ સંસારદુઃખનો પ્રતિકાર કરનાર છે. અતિ ભારથી જેમ વહાણ સમુદ્રમાં ડૂબી જાય તેમ હિંસાથી પ્રાણી નરકરૂપી સમુદ્રમાં ડૂબી જાય છે, માટે કદાપિ હિંસા કરવી નહીં. હંમેશા અસત્યનો ત્યાગ કરવો, કારણ કે અસત્ય બોલવાથી વંટોળીઆથી જેમ તૃણ ભમે તેમ માણસ આ સંસારમાં ચિરકાળ ભમ્યા કરે છે. કોઈનું પણ અદત્ત લેવું નહીં એટલે કે કોઈ પણ ચીજની ચોરી કરવી નહીં, કારણ કે કાવચ ફળના સ્પર્શની જેમ અદત્ત લેવાથી કયારે પણ સુખ થતું નથી. અબ્રહ્મચર્યનો ત્યાગ કરવો, કારણ કે અબ્રહ્મચર્ય રાંકની પેઠે ગળે પકડીને માણસને નરકમાં લઈ જાય છે. પરિગ્રહ એકઠો કરવો નહીં, કારણ કે ઘણા ભારથી વૃષભ કાદવમાં ખુંચી જાય છે, તેમ માણસ પરિગ્રહના વશથી દુઃખમાં ડૂબી જાય છે. જેઓ હિંસા વગેરે પાંચ અવ્રતનો દેશથી પણ ત્યાગ કરે છે તેઓ ઉત્તરોત્તર કલ્યાણસંપત્તિના પાત્ર થાય છે.”

---

* જિનેશ્વરે કહેલો ધર્મ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કેવળી ભગવાનના મુખથી એવી હકીકત સાંભળીને નિર્નામિકાને વૈરાગ્ય ઉત્પન્ન થયો અને લોહના ગોળાની પેઠે તેની કર્મગ્રંથિ ભેદાણી. તેણીએ તે મુનીશ્વર પાસે સમ્યક્ પ્રકારે સમ્યક્ત્વ ગ્રહણ કર્યું, સર્વજ્ઞપ્રણીત ગૃહસ્થ ધર્મ અંગીકાર કર્યો અને પરલોકરૂપ માર્ગમાં પાથેય+ તુલ્ય અહિંસાદિ પાંચ અણુવ્રત પણ આદર્યાં. પછી મુનિ મહારાજાને પ્રણામ કરી જાણે કૃતાર્થ થઈ હોય એમ માનતી તે નિર્નામિકા ભારો લઈ પોતાને ઘરે ગઈ. તે દિવસથી તે સુબુદ્ધિમાન્ બાળાએ પોતાના નામની પેઠે યુગંધર મુનિની ગિરાને વિસ્મરણ નહીં કરતાં નાના પ્રકારનાં તપ કરવાં માંડ્યાં. તે યૌવનવતી થઈ તો પણ તે દુર્ગતાને કોઈ પરણ્યું નહિ, કારણ કે કડવું તુંબડું પાકી ગયું હોય તો પણ તેનું કોઈ ભક્ષણ કરતું નથી. હાલમાં વિશેષ વૈરાગ્યથી અને ભાવથી તે નિર્નામિકા યુગંધર મુનિની પાસે અનશનવ્રત ગ્રહણ કરીને રહેલી છે, માટે હે લલિતાંગ દેવ ! તમે ત્યાં જાઓ અને તેને તમારું દર્શન કરાવો, જેથી તમારામાં આસક્ત થયેલી તે મૃત્યુ પામીને તમારી પત્ની: થાય. કહ્યું છે કે **"અંતે જેવી મતિ તેવી ગતિ થાય છે."**

પછી લલિતાંગ દેવે તેમ કર્યું અને તેના ઉપર રાગવતી થયેલી તે સતી મૃત્યુ પામીને સ્વયંપ્રભા નામે તેની પત્ની થઈ. જાણે પ્રણય ક્રોધથી નાશી ગયેલી સ્ત્રી પાછી પ્રાપ્ત થઈ હોય તેમ પોતાની પ્રિયાને પ્રાપ્ત કરી લલિતાંગ દેવ અધિક ક્રીડા કરવા લાગ્યો; કેમકે **ઘણો તાપ લાગ્યો હોય ત્યારે છાયા પ્રીતિને માટે જ થાય છે.**

એવી રીતે ક્રીડા કરતાં કેટલોક કાળ ગયા પછી લલિતાંગદેવને પોતાના ચ્યવનના ચિન્હો જોવામાં આવ્યાં. જાણે તેનો વિયોગ થવાના ભયથી હોય તેમ રત્નાભરણો નિસ્તેજ થવા લાગ્યાં, મુકુટની માળાઓ મ્લાન થવા લાગી અને તેનાં અંગવસ્ત્રો મલિન થવા લાગ્યાં. **જ્યારે દુઃખ નજીક આવે છે ત્યારે લક્ષ્મીપતિ પણ લક્ષ્મીથી મુક્ત થઈ જાય છે.** એ સમયે તેને ધર્મનો અનાદર અને ભોગમાં વિશેષ આસક્તિ થઈ; **જ્યારે અંતસમય આવે છે ત્યારે ઘણું કરીને પ્રાણીઓની પ્રકૃતિમાં ફેરફાર થાય જ છે.** તેના પરિજનોના મુખમાંથી અપશુકનમય—શોકકારક અને વિરસ વચનો નીકળવા લાગ્યાં. કહ્યું છે કે **બોલનારાના મુખમાંથી ભાવિકાર્યને અનુસરનારી જ વાચા નીકળે છે.** જન્મથી પ્રાપ્ત થયેલી લક્ષ્મી અને લજ્જારૂપ પ્રિયાએ, જાણે તેણે કાંઈ અપરાધ કર્યો હોય તેમ તેને છોડી દીધો. કીડીને જેમ મૃત્યુ સમયે જ પાંખો આવે છે તેમ તે અદીન અને નિદ્રારહિત હતો, તો પણ અંતસમય નજીક આવવાથી તેને દીનતા અને નિદ્રા પ્રાપ્ત થઈ. હૃદયની સાથે તેના સંધીબંધ શિથિલ થવા લાગ્યા. મહા બળવાન્ પુરુષોથી પણ અકંપ્ય એવા તેના કલ્પવૃક્ષો કંપવા લાગ્યા. તેના નિરોગી અંગ અને ઉપાંગના સાંધાઓ જાણે ભવિષ્ય કાળે આવવાની વેદનાની શંકાથી હોય તેમ ભગ્ન થવા લાગ્યા. જાણે બીજાઓનો સ્થાયીભાવ જોવાને અસમર્થ હોય તેમ તેની દૃષ્ટિ પદાર્થ ગ્રહણ કરવામાં (જોવામાં) અસમર્થ થવા લાગી. ગર્ભાવાસમાં નિવાસ કરવાના દુઃખનો ભય લાગ્યો હોય તેમ તેનાં સર્વ અંગો કંપાયમાન થવા લાગ્યાં અને ઉપર મહાવત બેઠેલો હોય એવા ગજેંદ્રની પેઠે તે લલિતાંગદેવ, રમ્ય-ક્રીડા પર્વતો, સરિતા, વાપિકા, દીર્ઘિકા અને ઉદ્યાનોમાં પણ પ્રીતિને પામ્યો નહિ. તેની આવી સ્થિતિ જોઈ દેવી સ્વયંપ્રભાએ કહ્યું—'હે નાથ ! આપનો મેં શું અપરાધ કર્યો છે કે આપ આમ વિહ્વળચિત્ત જણાઓ છો?'

---

+ ભાતુ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેણે કહ્યું—'પ્રિયા ! તેં કાંઈ પણ અપરાધ કર્યો નથી, હે સુભ્રૂ ! અપરાધ તો મેં જ કર્યો છે કે પૂર્વ ભવે ઘણો જ ઓછો તપ કર્યો. પૂર્વ જન્મમાં હું વિદ્યાધરનો રાજા હતો ત્યારે ભોગકાર્યમાં જાગૃત અને ધર્મકાર્યમાં પ્રમાદવાળો હતો. મારા સુભાગ્યે પ્રેરેલ હોય તેમ સ્વયંબુદ્ધ નામના મંત્રીએ એક માસ શેષ આયુ રહ્યું ત્યારે મને જૈનધર્મનો બોધ કર્યો અને મેં તેનો સ્વીકાર કર્યો. તે ટૂંકી મુદતમાં કરેલા ધર્મના પ્રભાવથી, હું આટલો કાળ શ્રીપ્રભ વિમાનનો સ્વામી રહ્યો; પરંતુ હવે હું ચ્યવીશ, કારણ કે અલભ્ય વસ્તુ કયારે પણ મળી શકતી નથી.' તે એવી રીતે બોલે છે તેવામાં ઇંદ્રે આજ્ઞા કરેલો **દૃઢધર્મા** નામે દેવ તેની પાસે આવીને કહેવા લાગ્યો—'આજે ઇશાનકલ્પના સ્વામી નંદીશ્વરાદિક દ્વીપમાં જિનેંદ્રપ્રતિમાની પૂજા કરવાને જવાના છે, માટે તમે પણ તેની આજ્ઞાથી ચાલો.' એવું સાંભળી 'અહો ભાગ્યવશાત્ સ્વામીનો હુકમ પણ સમયને ઉચિત જ થયો !' એમ બોલતો હર્ષ પામીને પોતાની વલ્લભા સહિત ત્યાં જવા ચાલ્યો. નંદીશ્વર દ્વીપમાં જઈ તેણે શાશ્વતી અર્હત્પ્રતિમાની પૂજા કરી અને પૂજા કરતાં ઉપજેલા પ્રમોદથી પોતાનો ચ્યવન કાળ વિસરી ગયો. પછી સ્વચ્છ ચિત્તવાળો તે દેવ બીજા તીર્થો પ્રત્યે જતો હતો. તેવામાં આયુષ્ય ક્ષીણ થવાથી ક્ષીણ તેલવાળા દીપકની પેઠે તે માર્ગમાં જ અભાવ પ્રત્યે પામ્યો–ચ્યવી ગયો.

જંબૂદ્વીપમાં સાગરની સમીપે રહેલા પૂર્વ વિદેહમાં, સીતા નામની મહાનદીના ઉત્તર તટ તરફ પુષ્કલાવતી નામની વિજયને વિષે, **લોહાર્ગલ** નામના મ્હોટા નગરના **સુવર્ણજંઘ** રાજાની **લક્ષ્મી** નામે સ્ત્રીની કૂક્ષીથી તે લલિતાંગ દેવનો જીવ પુત્રપણે ઉત્પન્ન થયો. આનંદથી પ્રફુલ્લિત થયેલા માતાપિતાએ પ્રસન્ન થઇ શુભ દિવસે તે પુત્રનું **વજ્રજંઘ** નામ પાડયું. લલિતાંગદેવના વિયોગથી દુઃખાર્ત્ત થયેલી સ્વયંપ્રભા દેવી પણ કેટલેક કાળે ધર્મકાર્યમાં લીન થઈ, ત્યાંથી ચ્યવી અને તે જ વિજયમાં પુંડરીકિણી નગરીના **વજ્રસેન** રાજાની **ગુણવતી** નામે સ્ત્રીથી પુત્રીપણે ઉત્પન્ન થઈ. તે અતિશય શોભાવાળી હોવાથી માતાપિતાએ તેનું **શ્રીમતી** એવું નામ પાડયું. જેના હસ્તપલ્લવ વિલાસ કરી રહ્યા છે એવી અને કોમળાંગી તે બાળા ઉદ્યાનપાલિકાથી જેમ લતા લાલિત થઈ વૃદ્ધિ પામે તેમ ધાત્રીઓથી લાલિત થયેલી અનુક્રમે વૃદ્ધિ પામવા લાગી. પોતાની સ્નિગ્ધ કાંતિથી જાણે ગગનતળને પલ્લવિત કરતી હોય એવી તે રાજબાળાને–સુવર્ણની મુદ્રિકાને જેમ રત્ન પ્રાપ્ત થાય તેમ–યૌવન પ્રાપ્ત થયું. એકદા સંધ્યાની અભ્રલેખા જેમ પર્વત ઉપર ચડે તેમ તે પોતાના **સર્વતોભદ્ર** નામના મહેલ ઉપર ચડી. તેવામાં **મનોરમ** નામે ઉદ્યાનમાં કોઇ મુનીશ્વરને કેવળજ્ઞાન ઉત્પન્ન થવાથી ત્યાં જતા દેવતાઓ તેના જોવામાં આવ્યા. તેઓને જોઇ 'આવું મેં પૂર્વે જોયેલું છે' એમ વિચારનારી તે બાળાને રાત્રિના સ્વપ્નની પેઠે પૂર્વજન્મનું સ્મરણ થયું. જાણે હૃદયમાં ઉત્પન્ન થયેલા પૂર્વભવના જ્ઞાનનો ભાર વહન કરવાને અસમર્થ હોય તેમ તે ક્ષણવારમાં મૂર્ચ્છા પામી પૃથ્વી ઉપર પડી ગઈ. સખીઓએ ચંદનાદિકવડે ઉપચાર કરવાથી સંજ્ઞા આવી, એટલે ઊઠીને પોતાના ચિત્તમાં વિચારવા લાગી કે–'પૂર્વ જન્મમાં લલિતાંગ નામે દેવ મારા પતિ હતા, તે સ્વર્ગથી ચ્યવેલા છે, પણ હાલ તે કયાં અવતરેલા છે તેની ખબર ન હોવાથી મને પીડા થાય છે. મારા હૃદયમાં તે જ સંક્રાંત થયેલા છે અને તે જ મારા હૃદયેશ્વર છે; કારણ કે કર્પૂરના પાત્રમાં લવણ

જૈન સાઈટ JAINSITE.com જૈનં જયતિ શાસનમ્

કોણ નાખે ? તે મારા પ્રાણપતિ જો મારા વચનગોચર ન થાય* તો બીજાની સાથે આલાપ કરવાથી મારે સર્યું.' એમ વિચારીને તેણીએ મૌન ગ્રહણ કર્યું.

જ્યારે તે બોલી નહીં ત્યારે તેની સખીઓએ દૈવદોષની શંકાથી મંત્રતંત્રાદિકના યથોચિત ઉપચાર કરવા માંડ્યા. તેવા સેંકડો ઉપચારોથી પણ તેણીએ મૌન છોડયું નહીં, કેમકે **'અન્ય વ્યાધિને અન્ય ઔષધ શાંતિકારક થતું નથી.'** પ્રયોજન પડે ત્યારે તે પોતાના પરિજનને અક્ષર લખીને અથવા ભ્રકુટી અને હસ્ત વિગેરેની સંજ્ઞાથી જણાવવા લાગી. એક વખતે શ્રીમતી પોતાના ક્રીડાઉદ્યાનમાં ગઈ, તે સમયે એકાંત જાણી તેની **પંડિતા** નામની ધાત્રીએ કહ્યું – 'રાજપુત્રી ! તું મારા પ્રાણ જેવી છે અને હું તારી માતા સમાન છું. તેથી આપણા બંનેને પરસ્પર અવિશ્વાસ રાખવાનું કાંઈ પણ કારણ નથી. હે પુત્રી ! જે હેતુથી તેં મૌન ધારણ કર્યું છે તે હેતુ મને કહે અને દુઃખમાં મને ભાગિયણ કરીને તારું દુઃખ હલકું કર. તારું દુઃખ જાણ્યા પછી તેના ઉપાયને માટે હું પ્રયત્ન કરીશ; કેમકે રોગ જાણ્યા વિના તેની ચિકિત્સા થઈ શકતી નથી.' પછી પ્રાયશ્ચિત લેનારો માણસ જેમ સદ્‌ગુરુ પાસે યથાર્થ વૃત્તાંત નિવેદન કરે તેમ શ્રીમતીએ પોતાનો પૂર્વ જન્મ યથાર્થ રીતે પંડિતાને સંભળાવ્યો, એટલે તે સર્વ વૃત્તાંત એક પટમાં આલેખીને ઉપાયમાં પંડિતા[1] એવી તે પંડિતા પટ લઈને બહાર ચાલી. તે સમયના અરસામાં **વજ્રસેન** ચક્રવર્તીની વર્ષગાંઠ આવેલી હોવાથી તે પ્રસ્તાવ[2] ઉપર ઘણા રાજાઓ અને રાજકુમારો ત્યાં આવવા લાગ્યા હતા. તે વખતે જાણે શ્રીમતીનો મોટો મનોરથ હોય એવા તે આલેખેલા પટને સ્ફુટ રીતે પહોળો કરી પંડિતા રાજમાર્ગમાં ઊભી રહી. કેટલાએક આગમ[3] જાણનારાઓ આગમના અર્થ પ્રમાણે આલેખેલ નંદીશ્વરદ્વીપ વિગેરે જોઈ તેની સ્તુતિ કરવા લાગ્યા. કેટલાએક માણસો શ્રદ્ધાથી પોતાની ગ્રીવાને કંપાવતા તેમાં આલેખેલા શ્રીમત્ અર્હંતના પ્રત્યેક બિંબોનું વર્ણન કરવા લાગ્યા. કળા–કૌશલ્યમાં પ્રવીણતા ધારણ કરનારા કેટલાએક પાંથો તીક્ષ્ણ નેત્રવડે તે પટ જોઈને રેખાઓની શુદ્ધિની વારંવાર પ્રશંસા કરવા લાગ્યા અને કેટલાએક લોકો કાળા, ધોળા, પીળા, લીલા અને રાતા રંગોવડે સંધ્યાભ્ર[4] સદૃશ કરેલા તે પટની અંદરના રંગોનું વર્ણન કરવા લાગ્યા. એવા વખતમાં યથાર્થ નામવાળા **દુર્દર્શન** રાજાનો **દુર્દાંત** નામનો પુત્ર ત્યાં આવી ચડ્યો. તે ક્ષણવાર પટને જોઈ કપટ–મૂર્છાએ પૃથ્વી ઉપર પડ્યો અને પછી જાણે સંજ્ઞા[5] પ્રાપ્ત થઈ હોય તેમ ઊઠ્યો. ઊઠ્યા પછી લોકોએ તેને મૂર્છાનું કારણ પૂછ્યું. એટલે કપટ નાટકવડે તે પોતાનો વૃત્તાંત કહેવા લાગ્યો– 'આ પટમાં કોઈએ મારું પૂર્વજન્મનું ચરિત્ર આલેખ્યું છે; તેના દર્શનથી મને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. આ હું લલિતાંગ દેવ છું અને મારી દેવી સ્વયંપ્રભા છે.' એવી રીતે જે જે તેમાં લખ્યું હતું તે પ્રમાણે તેણે કહ્યું. પછી પંડિતાએ તેને કહ્યું– 'જો એવી રીતે હોય તો આ પટમાં સ્થાન ક્યાં ક્યાં છે તે અંગુલીવડે બતાવો.' દુર્દાંતે કહ્યું–' આ મેરુપર્વત છે અને આ પુંડરિકીણી નગરી છે.' ફરી પંડિતાએ મુનિનું નામ પૂછ્યું ત્યારે તેણે કહ્યું–' મુનિનું નામ હું વિસ્મૃત થઈ ગયો છું.' તેણીએ પુનઃ પૂછ્યું કે–' મંત્રીઓથી વીંટાયેલા આ રાજાનું નામ શું અને આ તપસ્વીની કોણ છે તે કહો' તેણે કહ્યું-' હું તેઓના નામ જાણતો નથી.'

---

*મારી સાથે વાતચીત ન કરી શકે. ૧ ચતુર. ૨ અવસર. ૩ શાસ્ત્ર. ૪ સાંજના વાદળા. ૫ શુદ્ધિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એ ઉપરથી 'આ માયાવી છે' એમ પંડિતાએ જાણ્યું, એટલે તેણીએ ઉપહાસ્યથી કહ્યું– 'વત્સ ! તારા કહેવા પ્રમાણે આ તારું પૂર્વજન્મનું ચરિત્ર છે. લલિતાંગ દેવનો જીવ તું છે અને તારી પત્ની સ્વયંપ્રભા હમણા નંદીગ્રામમાં કર્મદોષથી પંગુ[1] થઈને અવતરેલી છે, તેણીને જાતિસ્મરણ થયું છે તેથી પોતાનું ચરિત્ર આ પટમાં આલેખીને જ્યારે હું ધાતકી ખંડમાં ગઈ હતી ત્યારે તેણીએ મને આપ્યું હતું તે પંગુ સ્ત્રીની દયા આવવાથી મેં તને શોધી કાઢયો, માટે હવે મારી સાથે ચાલ, હું તને ધાતકીખંડમાં તેની પાસે લઈ જાઉં. હે પુત્ર ! એ ગરીબ બિચારી તારા વિયોગથી દુઃખવડે જીવે છે, માટે ત્યાં જઈને તારા પૂર્વજન્મની પ્રાણવલ્લભાને આશ્વાસન આપ.' એમ કહી પંડિતા મૌન રહી, એટલે તેના સમાન વયસ્ય મિત્રોએ ઉપહાસ્યપૂર્વક કહ્યું–'મિત્ર ! તમને સ્ત્રીરત્નની પ્રાપ્તિ થઈ, તેથી તમારા પુણ્યનો ઉદય થયો જણાય છે, માટે ત્યાં જઈને તે પંગુ સ્ત્રીને મળો અને હંમેશાં તેનું પોષણ કરો.' મિત્રોનું એવી રીતે ઉપહાસ્ય સાંભળી દુર્દાંતકુમાર વિલખો થયો અને વેચેલી વસ્તુમાં અવશિષ્ટ વસ્તુ રહે તેવો થઇને ત્યાંથી ચાલ્યો ગયો.

થોડા વખત પછી તે જગ્યાએ લોહાર્ગલપુરથી આવેલો વજ્રજંઘ કુમાર આવ્યો. તેણે ચિત્રમાં આલેખેલું ચરિત્ર જોયું અને તેથી તે મૂર્છા પામ્યો. પંખાઓથી તેને પવન નાખ્યો અને જળથી સિંચન કર્યું એટલે તે ઊઠયો. પછી જાણે સ્વર્ગથી આવ્યો હોય તેમ તેને જાતિસ્મરણ થયું. એ વખતે 'હે કુમાર ! પટનો આલેખ જોઈ તમને કેમ મૂર્છા આવી ?' એમ પંડિતાએ પૂછયું, એટલે વજ્રજંઘ નીચે પ્રમાણે કહેવા લાગ્યો–'હે ભદ્રે ! સ્ત્રી સહિત મારા પૂર્વજન્મનું વૃત્તાંત આ ચિત્રમાં આલેખેલું છે તે જોઈને હું મૂર્છા પામ્યો. આ શ્રીમાન્ ઇશાન કલ્પ છે, તેમાં આ શ્રીપ્રભ વિમાન છે, આ હું લલિતાંગ દેવ છું અને આ મારી દેવી સ્વયંપ્રભા છે. ધાતકીખંડમાં નંદીગ્રામને વિષે આ ઘરની અંદર મહા-દરિદ્રી પુરુષની આ નિર્નામિકા નામે પુત્રી છે. તે અહીં ગંધારતિલક નામના પર્વત ઉપર આરૂઢ થઇ છે અને તેણે આ યુગંધર મુનિની પાસે અનશન વ્રત ગ્રહણ કરેલું છે. અહીં મારામાં આસકત એવી તે સ્ત્રીને હું આત્મદર્શન કરાવવાને આવેલો છું અને પછી તે આ ઠેકાણે મૃત્યુ પામીને સ્વયંપ્રભા નામે મારી દેવીપણે ઉત્પન્ન થઇ છે. અહીં હું નંદીશ્વર દ્વીપમાં જિનેશ્વરના બિંબોનું અર્ચન કરવામાં તત્પર થયો છું અને ત્યાંથી બીજા તીર્થોમાં જતાં અહીં ચ્યવી ગયો છું. એકાકિની, દીન અને રાંક જેવી થયેલી આ સ્વયંપ્રભા અહીં આવેલી છે એમ હું માનું છું અને તે જ મારી પૂર્વભવની પ્રિયા છે. તે સ્ત્રી અહીં જ છે અને તેણીએ જ આ જાતિસ્મરણથી લખેલું છે એમ હું માનું છું, કારણ કે અનુભવ વિનાનો બીજો કોઈ માણસ આ પ્રમાણે જાણી લખી શકે નહીં.' સર્વ સ્થળો બતાવીને એ એમ કહી રહ્યો એટલે 'તમારું કહેવું યથાસ્થિત છે'. એમ કહી પંડિતા શ્રીમતીની પાસે આવી અને હૃદયને શલ્ય રહિત કરવામાં ઔષધરૂપ તે આખ્યાન તેને કહી બતાવ્યું. મેઘના શબ્દોથી વિદૂર પર્વતની ભૂમિ રત્નોવડે અંકુરિત થાય તેમ શ્રીમતી પોતાના પ્યારા પતિનો વૃત્તાંત સાંભળવાથી રોમાંચિત થઈ. પછી તેણે પંડિતાના મુખથી પોતાના પિતાને વિજ્ઞપ્તિ કરાવી. **અસ્વતંત્રપણું એ કુળસ્ત્રીઓનો સ્વાભાવિક ધર્મ છે.** મયૂર જેમ મેઘના શબ્દથી

[1] લંગડાં.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ખુશી થાય તેમ પંડિતાની વાણીથી વજ્રસેન રાજા ખુશી થયા અને પછી તરત જ વજ્રજંઘ કુમારને બોલાવીને તેણે કહ્યું–'મારી પુત્રી શ્રીમતી પૂર્વજન્મની પેઠે આ ભવમાં પણ તમારી ગૃહિણી થાઓ.' વજ્રજંઘે તે કબૂલ કર્યું, એટલે વજ્રસેન ચક્રવર્તીએ, સમુદ્ર જેમ વિષ્ણુને લક્ષ્મી પરણાવે તેમ પોતાની પુત્રી શ્રીમતીનું તેની સાથે પાણિગ્રહણ કરાવ્યું. પછી ચંદ્ર અને ચાંદ્નીની પેઠે જોડાયેલા તે સ્ત્રી-ભર્ત્તાર ઉજ્જવળ રેશમી વસ્ત્ર ધારણ કરીને નૃપતિની આજ્ઞા લઈ લોહાર્ગલપુરે ગયા. ત્યાં સુવર્ણજંઘ રાજાએ પુત્રને યોગ્ય જાણી રાજ્ય ઉપર બેસાડયો અને પોતે દીક્ષા ગ્રહણ કરી.

અહીં વજ્રસેન ચક્રવર્તીએ પોતાના પુત્ર **પુષ્કરપાળને** રાજ્યલક્ષ્મી આપી દીક્ષા અંગીકાર કરી અને તેઓ તીર્થંકર થયા. પોતાની પ્રિયા શ્રીમતીની સાથે વિલાસ ભોગવતા વજ્રજંઘ રાજાએ, હાથી જેમ કમળને વહન કરે તેમ રાજ્યને વહન કર્યું. ગંગા અને સાગરની પેઠે વિયોગને નહી પામતાં–નિરંતર ભોગસુખ ભોગવતાં તે દંપતીને એક પુત્ર ઉત્પન્ન થયો. એવામાં સર્પના ભારાની ઉપમાને સેવન કરનારા અને મહાક્રોધી એવા સીમાના સામંત રાજાઓ પુષ્કરપાળ કુમારથી વિરુદ્ધ થયા. સર્પની પેઠે તેઓને વશ કરવાને તેણે વજ્રજંઘ રાજાને બોલાવ્યો અને તે બળવાન્ રાજા તેને મદદ કરવા ચાલ્યો. ઈંદ્રની સાથે ઈંદ્રાણી ચાલે તેમ અચળ ભક્તિવાળી શ્રીમતી પણ તેની સાથે ચાલી. અર્ધમાર્ગે ગયા ત્યાં અમાવાસ્યાની રાત્રિએ પણ ચંદ્રિકાના ભ્રમને આપનારું એક મોટું શરકટનું વન તેમના જોવામાં આવ્યું. 'આ વનમાં દૃષ્ટિવિષ સર્પ રહે છે' એમ પાંથોએ કહ્યું એટલે તે બીજે માર્ગે ચાલ્યા, કારણ કે **નીતિજ્ઞ પુરુષો પ્રસ્તુતાર્થમાં જ તત્પર હોય છે.** અનુક્રમે પુંડરીકની ઉપમાવાળા વજ્રજંઘ પુંડરીકિણી નગરીમાં આવ્યા અને તેના બળથી પુષ્કરપાળને સર્વ સામંતો વશ થયા. વિધિજ્ઞ પુષ્કરપાળે વડિલની માફક વજ્રજંઘ રાજાનો ઘણો સત્કાર કર્યો.

જૈનમ્ જયતિ શાસનમ્

અન્યદા શ્રીમતીના બંધુની આજ્ઞા લઈને, લક્ષ્મીની સાથે જેમ લક્ષ્મીપતિ ચાલે તેમ વજ્રજંઘ રાજા શ્રીમતીની સાથે ત્યાંથી પોતાના નગર તરફ ચાલ્યો. શત્રુઓનો નાશ કરનાર તે રાજા જ્યારે શરકટ વન નજીક આવ્યો ત્યારે માર્ગના કુશળ પુરુષોએ તેને કહ્યું–'હમણાં આ વનમાં બે મુનિઓને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું છે, તેથી દેવતાઓના આવવાના ઉદ્યોતથી તે દૃષ્ટિવિષ સર્પ નિર્વિષ થયો છે તે **સાગરસેન** અને **મુનિસેન** નામના બે મુનિઓ સૂર્ય–ચંદ્રની પેઠે હજી પણ અહીં જ વિદ્યમાન છે અને તેઓ સહોદર છે.' એવું જાણી રાજા અત્યંત ખુશી થયો અને વિષ્ણુ જેમ સમુદ્રમાં નિવાસ કરે તેમ તેણે તે વનમાં નિવાસ કર્યો. દેવતાઓની પર્ષદાથી વીંટાયેલા અને દેશના આપતા તે બંને મુનિઓને ભક્તિભાવથી જાણે નમ્ર થઈ ગયો હોય તેમ રાજાએ સ્ત્રી સહિત વંદના કરી. દેશનાંતે રાજાએ અન્ન, પાણી, વસ્ત્ર અને ઉપકરણાદિકથી મુનિને પ્રતિલાભ્યા. પછી ચિત્તમાં વિચાર કર્યો–'અહો ! સહોદર ભાવમાં સમાન એવા આ બંને નિષ્કષાય, નિર્મમ અને પરિગ્રહવર્જિત મુનિઓને ધન્ય છે ! હું એવો નથી તેથી અધન્ય છું ! વ્રતને ગ્રહણ કરનાર પોતાના પિતાના સન્માર્ગને અનુસરનારા તેઓ ઔરસ[1] પુત્ર છે અને હું તો તેમ ન કરવાથી વેચાતા લીધેલા પુત્ર જેવો છું. એમ છતાં હવે પણ જો વ્રત ગ્રહણ કરું તો તે અયુક્ત નથી, કારણ કે દીક્ષા, દીપિકાની[2]

૧. શરીરથી ઉત્પન્ન થએલા. ૨. દીવીના.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પેઠે ગ્રહણ કરવા માત્રથી અંધકાર (અજ્ઞાન)નો છેદ કરે છે, માટે અહીંથી નગરમાં જઈ પુત્રને રાજ્ય આપી, હંસ જેમ હંસની ગતિનો આશ્રય કરે તેમ હું પિતાની ગતિનો આશ્રય કરીશ.' પછી જાણે એક મન હોય તેમ વ્રત ગ્રહણમાં પણ વાદ કરનારી શ્રીમતીની સાથે તે પોતાના લોહાર્ગલ નગરમાં આવ્યો. ત્યાં રાજ્યના લોભથી તેના પુત્રે ધનવડે અમાત્યમંડળને ફુટવ્યું હતું. **જળની પેઠે ધનથી કોણુ ન ભેદાય ?** પ્રાતઃકાળે પોતાને વ્રત ગ્રહણ કરવું છે અને પુત્રને રાજ્ય આપવું છે એ ચિંતામાં રાત્રે શ્રીમતી અને રાજા સૂઈ ગયા. તે સમયે સુખે સૂતેલ તે દંપતીને મારી નાખવાને રાજપુત્રે વિષધૂમ્ર કર્યો. **ઘરમાં ઉઠેલા અગ્નિની પેઠે તેને વારવાને કોણુ સમર્થ થઇ શકે ?** જાણે પ્રાણને આકર્ષણ કરવાના આંકડા હોય એવા તે વિષધૂમ્રનો ધૂમાડો નાસિકામાં પેસવાથી રાજા-રાણી તત્કાળ મૃત્યુ પામ્યા.

તે દંપતી ત્યાંથી ઉત્તરકુરુક્ષેત્રમાં યુગ્મરૂપે ઉત્પન્ન થયા. 'એક ચિંતાથી મરણ પામેલાની એક સરખી જ ગતિ થાય છે. એ ક્ષેત્રને યોગ્ય આયુષ્ય પૂર્ણ કરી, મૃત્યુ પામી તેઓ સૌધર્મ દેવલોકે સ્નેહવાળા દેવતા થયા. ઘણા કાળ સુધી દેવ સંબંધી ભોગ ભોગવી આયુષ્ય પૂર્ણ થયે આતપથી જેમ બરફની ગ્રંથિ ગળે તેમ વજ્રજંઘનો જીવ ત્યાંથી ચ્યવીને જંબુદ્વીપના વિદેહ ક્ષેત્રમાં ક્ષિતિપ્રતિષ્ઠિત નગરને વિષે સુવિધિ વૈદ્યને ઘેર **જીવાનંદ** નામે પુત્રરૂપે ઉત્પન્ન થયો. તે વખતે જાણે શરીરધારી ધર્મના ચાર ભેદ હોય તેવા તે નગરમાં બીજા ચાર બાળકો ઉત્પન્ન થયા. તેઓમાં પ્રથમ ઈશાનચંદ્ર રાજાની કનકાવતી નામે સ્ત્રીથી **મહીધર** નામે પુત્ર થયો, બીજો સુનાશીર નામે મંત્રીની લક્ષ્મી નામની સ્ત્રીથી જાણે લક્ષ્મી-પુત્ર હોય તેવો **સુબુદ્ધિ** નામે પુત્ર થયો, ત્રીજો સાગરદત્ત નામના સાર્થવાહની અભય-મતી નામની સ્ત્રીથી **પૂર્ણભદ્ર** નામે પુત્ર થયો અને ચોથો ધનશ્રેષ્ઠીની શીલમતી નામની સ્ત્રીથી જાણે શીલપુંજ હોય તેવો **ગુણાકર** નામે પુત્ર થયો. બાળકોને રાખનારી સ્ત્રીઓએ પ્રયત્નથી રાત્રી-દિવસ રક્ષા કરાતા તેઓ અંગના સર્વ અવયવો જેમ સાથે વધે તેમ સાથે વધવા લાગ્યા. હમેશાં સાથે ક્રીડા કરનારા તેઓ વૃક્ષો જેમ મેઘનું જળ ગ્રહણ કરે તેમ સર્વ કલાકલાપને સાથે જ ગ્રહણ કરવા લાગ્યા. શ્રીમતીનો જીવ પણ દેવલોકથી ચ્યવી તે જ નગરમાં ઈશ્વરદત્ત શેઠનો **કેશવ** નામે પુત્ર થયો. પાંચ કરણ[1] અને છઠ્ઠા અંતઃ-કરણની પેઠે વિયોગ રહિત એવા તેઓ છ મિત્ર થયા, તેમાં સુવિધિ વૈદ્યનો પુત્ર જીવાનંદ ઔષધિ અને રસવીર્યના વિપાકથી પોતાના પિતા સંબંધી[2] અષ્ટાંગ આયુર્વેદ જાણનાર થયો. હસ્તીમાં ઐરાવત અને નવગ્રહમાં સૂર્યની જેમ પ્રાજ્ઞ અને નિર્દોષ વિદ્યાવાળો તે સર્વ વૈદ્યોમાં અગ્રણી થયો. તે છ મિત્રો જાણે સહોદર હોય તેમ નિરંતર સાથે રમતા હતા અને પરસ્પર એક બીજાને ઘેર એકઠા થતા હતા. એક વખતે વૈદ્યપુત્ર જીવાનંદને ઘરે તેઓ બેઠા હતા, તેવામાં એક સાધુ વહોરવાને આવ્યા. તે સાધુ **પૃથ્વીપાળ** રાજાના **ગુણાકર** નામે પુત્ર હતા અને તેણે મળની જેમ રાજ્ય છોડી શમસામ્રાજ્ય ( ચારિત્ર ) ગ્રહણ કર્યું હતું. ગ્રીષ્મઋતુના આતપથી જેમ નદીઓ કૃશ થઈ જાય તેમ તપવડે તેઓ કૃશ થઈ ગયા હતા. અકાળે અને અપથ્ય ભોજન કરવાથી તેઓને કૃમિકુષ્ટ વ્યાધિ થયો હતો-સર્વાંગે કૃમિકુષ્ટથી વ્યાપ્ત થયા હતા, તો પણ તે મહાત્મા કોઈ વખત ઔષધની યાચના કરતા નહોતા. **મુમુક્ષુ જનો કાયા ઉપર અનપેક્ષાવાન જ હોય છે.**

---

૧ ઇન્દ્રિયો. ૨ પિતા પાસેથી જાણેલા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગૌમૂત્રિકાના વિધાનથી[1] ઘેર ઘેર ફરતા તે સાધુને છઠ્ઠને પારણે તેઓએ પોતાના આંગણામાં આવતા જોયા. તે વખતે જગતમાં અદ્વિતીય વૈદ્ય જેવા જીવાનંદને મહીધર-કુમારે કાંઈક પરિહાસપૂર્વક કહ્યું–'તમને વ્યાધિનું જ્ઞાન છે, ઔષધનું વિજ્ઞાન છે અને ચિકિત્સામાં પણ કુશળ છો; પરંતુ તમારામાં એક દયા નથી. વેશ્યા જેમ દ્રવ્ય વિના સામું જોતી નથી, તેમ નિરંતર સ્તુતિ કરનાર–પ્રાર્થના કરનાર-પીડિત જનોની સામે તમે પણ જોતા નથી, પરંતુ વિવેકીએ એકાંત અર્થલુબ્ધ થવું ન જોઈએ; કોઈ વખતે ધર્મને અંગીકાર કરીને પણ ચિકિત્સા કરવી જોઈએ. નિદાન અને ચિકિત્સામાં તમારું કુશળપણું છે તેને ધિક્કાર છે કે–આવા રોગી મુનિની પણ તમે ઉપેક્ષા કરો છો ?' એવું સાંભળી વિજ્ઞાન-રત્નના રત્નાકર એવા જીવાનંદે કહ્યું–'તમે મને સ્મરણ કરાવ્યું તે બહુ સારું થયું; જગત-માં પ્રાયે બ્રાહ્મણ દ્વેષ રહિત જોવામાં આવતા નથી, વણિક અવંચક હોતા નથી, દેહધારી નિરોગી હોતા નથી, મિત્રો ઈર્ષ્યા રહિત હોતા નથી, વિદ્વાન્ ધનાઢ્ય હોતા નથી, ગુણી ગર્વ વિનાના હોતા નથી, સ્ત્રી ચાપલ્ય રહિત હોતી નથી અને રાજપુત્ર સારા ચારિત્રવાળા હોતા નથી. એ મહામુનિ અવશ્ય ચિકિત્સા કરવા લાયક છે, પણ હાલ મારી પાસે ઔષધ-ની સામગ્રી નથી તે અંતરાયરૂપ છે. તે વ્યાધિને લાયક ઔષધમાં મારી પાસે લક્ષપાક તેલ છે. પણ ગોશીર્ષચંદન અને રત્નકંબળ નથી તે તમે લાવી આપો. 'તે બંને વસ્તુ અમે લાવશું.' એમ કહી તે પાંચે જણા ચૌટામાં ગયા અને મુનિ સ્વસ્થાને ગયા. તે પાંચ મિત્રોએ ચૌટામાં કોઈ વૃદ્ધ વણિક પાસે જઈને કહ્યું–'અમને ગોશીર્ષચંદન અને રત્નકંબળ મૂલ્ય લઈને આપો.' તે વણિકે કહ્યું–'એ દરેક વસ્તુનું મૂલ્ય લાખ સોનૈયા છે તે આપીને લઈ જાઓ; પરંતુ તે પહેલાં તેનું તમારે શું પ્રયોજન છે તે કહો.' તેઓએ કહ્યું–'જે મૂલ્ય હોય તે લ્યો અને બંને વસ્તુ અમને આપો. તે વડે એક મહાત્માના રોગની ચિકિત્સા કરવાનું પ્રયોજન છે.' એમ સાંભળી વિસ્મય પામવાથી તે શેઠના ઉત્તાન લોચન થઈ ગયા, રોમાંચે તેના હૃદયનો આનંદ સૂચવ્યો અને ચિત્તમાં આ પ્રમાણે વિચાર કરવા લાગ્યો–'અહો ! ઉન્માદ, પ્રમાદ અને કામદેવથી અધિક મદવાળું આ સર્વેનું યૌવન ક્યાં ? અને વયોવૃદ્ધને ઉચિત એવી વિવેકવાળી તેઓની મતિ ક્યાં ? મારા જેવા જરાવસ્થાથી જર્જર કાયાવાળા માણસોએ કરવા લાયક શુભ કામ આ સર્વે કરે છે અને દમન કરવા યોગ્ય ભારનું તેઓ વહન કરે છે.' એમ વિચારી વૃદ્ધ વણિકે કહ્યું–'હે ભદ્રે ! આ ગોશીર્ષ-ચંદન અને રત્નકંબળ લઈ જાઓ. તમારું કલ્યાણ થાઓ ! મૂલ્યની કાંઈ જરૂર નથી. એ વસ્તુનું ધર્મરૂપી અક્ષય મૂલ્ય હું ગ્રહણ કરીશ. તમોએ સહોદરની પેઠે મને ધર્મકાર્યમાં ભાગીદાર કર્યો છે.' એમ કહી તે શ્રેષ્ઠીએ બંને વસ્તુ આપી. પછી ભાવિત આત્માવાળો તે દીક્ષા લઈ પરમપદને પામ્યો.

એવી રીતે ઔષધની સામગ્રી ગ્રહણ કરી મહાત્માઓમાં અગ્રણી એવા તે મિત્રો જીવાનંદની સાથે મુનિ પાસે ગયા. તે મુનિ મહારાજા એક વટવૃક્ષ નીચે જાણે વૃક્ષનો પાદ હોય તેમ નિશ્ચળ થઈ કાયોત્સર્ગે રહ્યા હતા. તેમને નમસ્કાર કરી તેઓ બોલ્યા–'હે ભગ-વન્ ! આજે ચિકિત્સાકાર્યથી અમે આપના ધર્મકાર્યમાં વિઘ્ન કરશું; આપ આજ્ઞા આપો

૧ સાધુ વહોરવા જાય ત્યારે ગોમુત્રને આકારે ગૃહપ્રવેશ કરવાનું કહેલ છે, એટલે શ્રેણિબંધ ન ચાલતાં બંને બાજુ એક પછી એક ઘરે અનુક્રમે જવાથી કોઈ ઘરવાળા પ્રથમથી અસુઝતી તૈયારી કરી શકતા નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને પુણ્યવડે અમને અનુગ્રહ કરો.' મુનિએ ચિકિત્સા કરવાની આજ્ઞા આપી એટલે તેઓ તત્કાળનું ગોમૃતક[1] લાવ્યા; કેમકે સુવૈદ્યો કયારે પણ વિપરીત (પાપયુકત) ચિકિત્સા કરતા નથી. પછી તેમણે મુનિના દરેક અંગમાં લક્ષપાક તેલવડે મર્દન કર્યું, એટલે નીકનું જળ જેમ ઉદ્યાનમાં વ્યાપ્ત થઈ જાય તેમ મુનિની દરેક નસમાં તે તેલ વ્યાપ્ત થયું. ઘણા ઉષ્ણ વીર્યવાળા તે તેલથી મુનિ સંજ્ઞા રહિત થઈ ગયા. **ઉગ્ર વ્યાધિની શાંતિમાં ઉગ્ર ઔષધ જ હોય છે.** પછી તેલથી આકુળ થયેલા કૃમિઓ, જળ નાંખ્યાથી જેમ દરમાંહેની કીડીઓ બહાર આવે તેમ મુનિના કલેવરમાંથી બહાર નીકળ્યા; એટલે ચંદ્ર જેમ પોતાની ચાંદનીથી આકાશને આચ્છાદિત કરે તેમ જીવાનંદે રત્નકંબળથી મુનિને આચ્છાદિત કર્યા. તે રત્નકંબળમાં શીતળપણું હોવાથી સર્વ કૃમિઓ ગ્રીષ્મઋતુના મધ્યાહ્ન વખતે તપેલા માછલાંઓ જેમ શેવાળમાં લીન થઈ જાય તેમ તેમાં લીન થઈ ગયા. પછી રત્નકંબલને હલાવ્યા વિના ધીમે ધીમે લઈને સર્વ કૃમિઓને ગાયના મૃતક ઉપર નાંખ્યા. **સત્પુરુષો સર્વ ઠેકાણે દયાયુક્ત હોય છે.** પછી જીવાનંદે અમૃતરસ સમાન, પ્રાણીને જીવાડનાર ગોશીર્ષ ચંદનના વિલેપનથી મુનિની આશ્વાસના કરી. આ પ્રમાણે પ્રથમ ત્વચાગત કૃમિ નીકળ્યા એટલે ફરીથી તેઓએ તૈલાભ્યંગન કર્યું અને ઉદ્દાન વાયુથી જેમ રસ નીકળે તેમ માંસમાં રહેલા ઘણા કૃમિઓ બહાર નીકળ્યા. પછી પૂર્વની પેઠે રત્નકંબળનું આચ્છાદન કર્યું. એટલે બે ત્રણ દિવસના દહીંના જંતુઓ જેમ અળતાના પુટ ઉપર તરી આવે તેમ કૃમિઓ આચ્છાદન કરેલા રત્નકંબળ ઉપર તરી આવ્યા અને તેઓને પૂર્વની રીતે જ ગોમૃતકમાં ક્ષેપન કર્યા. અહો ! કેવું તે વૈદ્યનું બુદ્ધિકૌશલ્ય ! પછી મેઘ જેમ ગ્રીષ્મઋતુથી પીડિત થયેલા હાથીને શાંત કરે તેમ જીવાનંદે ગોશીર્ષચંદનના રસની ધારાથી મુનિને શાંત કર્યા. થોડીવારે ત્રીજી વાર અભ્યંગ કર્યું એટલે અસ્થિગત કૃમિઓ રહ્યા હતા તે પણ નીકળ્યા, કેમકે બળવાન્ પુરુષ રૂષ્ટમાન થાય ત્યારે વજ્રપિંજરમાં પણ રહેવાતું નથી. તે કૃમિઓને પણ પૂર્વની રીતે રત્નકંબળમાં લઇ ગોમૃતકમાં નાંખ્યા. **અધમને અધમ સ્થાન જ ઘટે છે.** પછી તે વૈદ્યશિરોમણિએ પરમ ભકિતવડે જેમ દેવને વિલેપન કરે, તેમ ગોશીર્ષચંદનના રસથી મુનિને વિલેપન કર્યું. એ પ્રકારે ઔષધ કરવાથી મુનિ નિરોગી અને નવીન કાંતિવાળા થયા અને માર્જન કરેલી (ઉજાળેલી) સુવર્ણની પ્રતિમા શોભે તેવા શોભવા લાગ્યા. પ્રાંતે ભકિતમાં દક્ષ એવા તેઓએ તે ક્ષમાશ્રમણને ક્ષમાવ્યા. મુનિ પણ ત્યાંથી બીજે વિહાર કરી ગયા; કેમકે તેવા પુરુષો એક ઠેકાણે સ્થિતિ કરીને રહેતા નથી.

પછી અવશિષ્ટ રહેલા ગોશીર્ષ અને રત્નકંબળને વેચીને તે બુદ્ધિમંતોએ સુવર્ણ લીધું. તે સુવર્ણથી અને બીજા પોતાના સુવર્ણથી તેઓએ મેરુના શિખર જેવું અર્હત્ ચૈત્ય કરાવ્યું. જિનપ્રતિમાની પૂજા અને ગુરુની ઉપાસનામાં તત્પર એવા તેઓએ કર્મની પેઠે કેટલોક કાળ પણ વ્યતીત કર્યો. અન્યદા મતિમાન્ એવા તે છ મિત્રોને સંવેગ (વૈરાગ્ય) પ્રાપ્ત થયો, એટલે તેઓએ કોઈ મુનિમહારાજની સમીપે જઈ જન્મવૃક્ષના ફળરૂપ દીક્ષા અંગીકાર કરી. એક રાશિથી બીજી રાશિ ઉપર જેમ નવ ગ્રહો કાળે ફર્યા કરે છે તેમ નગર, ગામ અને વનમાં નિયત કાળ ન રહેતાં તેઓ વિહાર કરવા લાગ્યા.

---

[1] ગાયનું મડદું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપવાસ, છઠ્ઠ અને અઠ્ઠમ વગેરે તપરૂપી શરાણથી તેઓએ પોતાના ચારિત્રરત્નને અત્યંત નિર્મળ કર્યું. આહારદાતાને કોઇ જાતની પીડા નહીં કરતાં, ફક્ત પ્રાણધારણ કરવાના કારણથી જ માધુકરી[1] વૃત્તિએ તેઓ પારણાને દિવસે ભિક્ષા ગ્રહણ કરતા હતા. સુભટો જેમ પ્રહાર સહન કરે તેમ તેઓ ધૈર્યનું અવલંબન કરી ક્ષુધા, તૃષા અને આતપ વગેરે પરિષહને સહન કરતા હતા. મોહરાજાના જાણે ચાર સેનાની હોય તેવા ચાર કષાયને તેઓએ ક્ષમાદિક અસ્ત્રોથી જીત્યા. પછી તેઓએ દ્રવ્યથી અને ભાવથી સંલેખના કરીને કર્મરૂપી પર્વતનો નાશ કરવામાં વજ્ર જેવું અનશન વ્રત ગ્રહણ કર્યું. પ્રાંતે સમાધિને ભજનારા તેઓએ પંચપરમેષ્ઠીનું સ્મરણ કરતાં પોતાનો દેહ છોડ્યો. **મહાત્માઓ હમેશાં મોહરહિત જ હોય છે.**

તે છએ મહાત્માઓ ત્યાંથી અચ્યુત નામના બારમા દેવલોકમાં ઇન્દ્રના સામાનિક દેવ થયા. **તેવા પ્રકારના તપનું સાધારણ ફળ હોતું નથી.** ત્યાંથી બાવીશ સાગરોપમનું આયુષ્ય પૂર્ણ કરી તેઓ ચ્યવ્યા, કારણ કે **મોક્ષ સિવાય કોઈ પણ ઠેકાણે સ્થિરપણું નથી.** જંબૂદ્વીપના પૂર્વ વિદેહમાં પુષ્પકલાવતી વિજયને વિષે લવણસમુદ્ર નજીક પુંડરીકિણી નગરી છે. તે નગરીના **વજ્રસેન** રાજાની **ધારણી** નામે રાણીની કુક્ષીને વિષે તેઓમાંથી પાંચ અનુક્રમે પુત્રપણે ઉત્પન્ન થયા. તેમાં જીવાનંદ વૈદ્યનો જીવ ચતુર્દશ મહાસ્વપ્ન સૂચિત **વજ્રનાભ** નામે પહેલો પુત્ર થયો. રાજપુત્રનો જીવ બીજો **બાહુ** નામે થયો, ત્રીજો મંત્રી-પુત્રનો જીવ **સુબાહુ** નામે થયો અને શ્રેષ્ઠીપુત્ર તથા સાર્થેશપુત્રના જીવ **પીઠ** અને **મહા-પીઠ** નામે થયા. કેશવનો જીવ **સુયશા** નામે અન્ય રાજપુત્ર થયો. તે સુયશા બાળપણથી જ વજ્રનાભનો આશ્રય કરવા લાગ્યો. કહ્યું છે **પૂર્વભવથી સંબદ્ધ થયેલો સ્નેહ બંધુ-પણાને જ બાંધે છે.** જાણે છ વર્ષધર[2] પર્વતો નરપણાને પામ્યા હોય તેમ તે રાજ-પુત્રો અને સુયશા અનુક્રમે વધવા લાગ્યા. તે મહાપરાક્રમી રાજપુત્રો બહારના રસ્તામાં વારંવાર ઘોડા ખેલવતા હતા તેથી તેઓ અનેક રૂપધારી રેવંતના વિલાસને ધારણ કરવા લાગ્યા. કળાનો અભ્યાસ કરાવવામાં તેઓને કળાચાર્ય સાક્ષીભૂત જ થયા; કારણ કે **મ્હોટા મ્હોટા માણસોને સ્વયમેવ ગુણ ઉત્પન્ન થાય છે.** શિલાની જેમ મ્હોટા પર્વતોને તેઓ પોતાની ભુજાથી તોળતા હતા, તેથી તેઓની બાળક્રીડા કોઈથી પણ પૂર્ણ થતી નહીં. એવામાં લોકાંતિક દેવતાઓએ આવીને વજ્રસેન રાજાને વિજ્ઞપ્તિ કરી–'સ્વામિન્ ! ધર્મતીર્થ પ્રવર્તાવો.[3]' પછી વજ્રસેન રાજાએ વજ્ર જેવા પરાક્રમથી વજ્રનાભને રાજ્ય ઉપર બેસાર્યો અને મેઘ જેમ જળથી પૃથ્વીને તૃપ્ત કરે તેમ તેણે સાંવત્સરિક દાનથી તૃપ્ત કરી દીધી. પછી દેવ, અસુર અને મનુષ્યના સ્વામીઓએ જેમનો નિર્ગમોત્સવ કર્યો છે એવા તે વજ્રસેન રાજાએ ચંદ્ર જેમ આકાશને અલંકૃત કરે તેમ ઉદ્યાનને અલંકૃત કર્યું અને ત્યાં

---

૧ માધુકરી વૃત્તિ–ભમરો જેમ પુષ્પપરાગને ગ્રહણ કરે, પણ તેને પીડા ઉપજાવે નહીં, તેની જેમ મુનિ પણ ગૃહસ્થને ઘરેથી આહાર ગ્રહણ કરે પણ તેને પીડા ઉપજે તેમ કરે નહીં. ૨. ચુલ્લહિમવંત, મહા-હિમવંત, નિષધ, શિખરી, રૂપી અને નીલવંત એ છ પર્વતો ભરત હિમવંતાદિ ક્ષેત્રોને જુદા પાડનાર હોવાથી વર્ષધર પર્વતો કહેવાય છે વર્ષ=ક્ષેત્ર. તેને ધારણ કરનાર. ૩ લોકાંતિક દેવતાઓનો એવો શાશ્વત આચાર જ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે સ્વયંબુદ્ધ ભગવાને દીક્ષા અંગીકાર કરી. તે જ સમયે તેમને મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થયું. પછી આત્મસ્વભાવમાં લીન થનાર, સમતારૂપી ધનવાળા, મમતા રહિત, નિષ્પરિગ્રહી અને નાના પ્રકારના અભિગ્રહને ધારણ કરનારા તે પ્રભુ પૃથ્વી પર વિચરવા લાગ્યા.

અહીં વજ્રનાભે પોતાના દરેક ભ્રાતાને પૃથક્ પૃથક્ આદેશ આપ્યા અને ચાર લોકપાળોથી જેમ ઈન્દ્ર શોભે તેમ નિત્ય સેવામાં હાજર રહેનારા ચાર ભાઈઓ વડે તે શોભવા લાગ્યો. અરુણ જેમ સૂર્યનો સારથી છે તેમ સુયશા તેનો સારથી થયો. **મહાવીર પુરુષોએ સારથી પણ પોતાને યોગ્ય જ કરવો જોઈએ.**

હવે વજ્રસેન ભગવાનને ઘાતિકર્મ[1] રૂપી મળનો ક્ષય થવાથી, દર્પણ ઉપરના મેલનો ક્ષય થવાથી જેમ ઉજ્જવળતા પ્રકટ થાય, તેમ ઉજ્જવળ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. તે જ વખતે વજ્રનાભ રાજાની આયુધશાળામાં સૂર્યમંડળનો પણ તિરસ્કાર કરનાર ચક્રે પ્રવેશ કર્યો. બીજાં તેર રત્નો પણ તેને તત્કાળ પ્રાપ્ત થયાં. 'જળના માન પ્રમાણે જેમ પદ્મિની ઊંચી થાય છે, તેમ સંપત્તિ પણ પુણ્યના પ્રમાણમાં જ પ્રાપ્ત થાય છે" સુગંધે આકર્ષણ કરેલ ભ્રમરાની જેમ પ્રબળ પુણ્યોદયે આકર્ષણ કરેલા નવ નિધિઓ તેના ભવનની સેવા કરવા લાગ્યા. પછી તેણે આખી પુષ્કલાવતી વિજય સાધી એટલે સર્વ રાજાઓએ તેમને ચક્રવર્તીપણાનો અભિષેક કર્યો. જાણે વૃદ્ધિ પામતી વયની સ્પર્ધાવડે વધતી હોય તેમ ભોગને ભોગવનારા તે ચક્રવર્તીની ધર્મબુદ્ધિ અધિક અધિક વધવા લાગી. પુષ્કળ જળવડે જેમ વલ્લી વૃદ્ધિ પામે, તેમ ભવવૈરાગ્યરૂપ સંપત્તિવડે તેની ધર્મબુદ્ધિ પુષ્ટિ પામવા લાગી.

એક વખત જાણે સાક્ષાત્ મોક્ષ હોય તેવા પરમ આનંદ ઉત્પન્ન કરનારા વજ્રસેન ભગવાન્ વિહાર કરતા કરતા ત્યાં આવી સમવસર્યા. સમવસરણને વિષે ચૈત્યવૃક્ષની નીચે બેસી તેમણે કાનને અમૃતની પ્રપા[2] જેવી ધર્મદેશના દેવાનો આરંભ કર્યો. વજ્રનાભ ચક્રવર્તી પ્રભુનું આગમન જાણી બંધુવર્ગ સહિત રાજહંસની પેઠે જગત્બંધુ એવા જિનેશ્વરના ચરણકમળ સમીપે હર્ષથી આવ્યો. ત્રણ પ્રદક્ષિણા કરી જગત્પતિને વંદના કરી, જાણે નાનો ભાઈ હોય તેમ ઇંદ્રની પાછળ તે બેઠો. પછી ભવી પ્રાણીઓના મનરૂપી છીપમાં બોધરૂપી મોતીને ઉત્પન્ન કરનારી, સ્વાતિ નક્ષત્રની વૃષ્ટિ જેવી પ્રભુની દેશના તે શ્રાવકાગ્રણી[3] સાંભળવા લાગ્યો. મૃગ જેમ ગાયન સાંભળીને ઉત્સુક મનવાળો થાય તેમ ભગવાનની વાણી સાંભળીને ઉત્સુક થયેલ તે ચક્રવર્તી હર્ષથી આ પ્રમાણે વિચાર કરવા લાગ્યો– 'આ અપાર સંસાર, સમુદ્રની પેઠે દુસ્તર છે. તેમાંથી તારનાર ત્રણ ભુવનના અધિપતિ એવા આ મારા પિતા જ છે. અંધકારની પેઠે પુરુષોને અત્યંત અંધ કરનાર મોહને, સૂર્યની પેઠે સર્વ બાજુથી ભેદ કરનારા એવા આ જિનેશ્વર છે. ઘણા કાળથી એકઠો થયેલો આ કર્મરાશિ મહાભયંકર અસાધ્ય વ્યાધિરૂપ છે, તેની ચિકિત્સા કરનારા આ પિતા જ છે. વધારે શું કહેવું ? પણ કરુણારૂપી અમૃતના સાગરરૂપ આ પ્રભુ દુઃખના નાશ કરનારા અને સુખના અદ્વિતીય ઉત્પન્ન કરનારા છે. અહો ! આવા સ્વામી છતાં પણ મોહથી પ્રમાદી

૧. આત્માના અનાદિ ગુણનો ઘાત કરનાર જ્ઞાનાવરણી, દર્શનાવરણી, મોહની ને અંતરાય એ ચાર કર્મો ઘાતિકર્મ કહેવાય છે. ૨ પરબ. ૩ શ્રાવક સમૂહમાં મુખ્ય.

JAINSITE
www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

થયેલામાં મુખ્ય એવા મેં પોતાનો આત્મા કેટલાએક કાળ સુધી વંચિત કર્યો.' એમ વિચારી ચક્રવર્તીએ, ધર્મના ચક્રવર્ત્તી એવા પ્રભુને ભક્તિથી ગદ્ગદ્ વાણીવડે વિજ્ઞપ્તિ કરી—"હે નાથ ! અર્થસાધનને પ્રતિપાદન કરનારા નીતિશાસ્ત્રોએ દર્ભો જેમ ક્ષેત્રની ભૂમિને કદર્થિત કરે તેમ મારી મતિને ઘણાકાળ પર્યંત કદર્થિત કરી. તેમજ વિષયમાં લોલુપ બનેલા મેં નેપથ્ય* કર્મથી આ આત્માને નટની પેઠે ઘણી વાર નચાવ્યો. અમારું સામ્રાજ્ય અર્થ અને કામનો નિબંધન કરનારું છે, તેમાં જે ધર્મ ચિંતવાય છે, તે પણ પાપાનુબંધક થાય છે. આપ જેવા પિતાનો પુત્ર થઈને જો હું સંસારસમુદ્રમાં ભ્રમણ કરું તો બીજા સાધારણ મનુષ્યમાં અને મારામાં શું ફેર કહેવાય ? તેથી જેવી રીતે આપે આપેલા રાજ્યનું મેં પાલન કર્યું, તેવી જ રીતે હવે હું સંયમરૂપી સામ્રાજ્યનું પણ પાલન કરીશ માટે તે મને આપો."

આ પ્રમાણે કહ્યા પછી પોતાના વંશરૂપી આકાશમાં સૂર્ય જેવા ચક્રવર્તીએ પુત્રને રાજ્ય સોંપી ભગવાનની પાસે વ્રત ગ્રહણ કર્યું. પિતાએ અને જ્યેષ્ઠ બંધુએ ગ્રહણ કરેલા વ્રતને તેના બાહુ વિગેરે ભાઈઓએ પણ ગ્રહણ કર્યું ; કારણ કે તેઓનો કુળક્રમ તેવો જ હતો. સુયશા સારથીએ પણ ધર્મના સારથી એવા ભગવાનની પાસે પોતાના સ્વામીની સાથે જ દીક્ષા ગ્રહણ કરી, કેમકે **સેવકો સ્વામીને અનુસરનારા જ હોય છે.** તે વજ્રનાભ મુનિ અલ્પ સમયમાં શાસ્ત્રસમુદ્રના પારગામી થયા, તેથી જાણે પ્રત્યક્ષ એક અંગપણાને પામેલી જંગમ દ્વાદશાંગી હોય તેવા જણાવા લાગ્યા. બાહુ વગેરે મુનિઓ અગિયાર અંગના પારગામી થયા. "ક્ષયોપશમવડે વિચિત્રતા પામેલી ગુણસંપત્તિઓ પણ વિચિત્ર પ્રકારની હોય છે અર્થાત્ પૂર્વના ક્ષયોપશમ પ્રમાણે જ ગુણ પ્રાપ્ત થાય છે." તેઓ સંતોષરૂપી ધનવાળા હતા, તો પણ તીર્થંકરના ચરણની સેવામાં અને દુષ્કર તપ કરવામાં અસંતુષ્ટ રહેતા હતા, માસોપવાસાદિ તપ કરતા હતા, તો પણ નિરંતર તીર્થંકરની વાણીરૂપી અમૃતનું પાન કરતા હતા, તેથી તેઓ ગ્લાનિ પામતા નહોતા. પછી ભગવાન વજ્રસેન તીર્થંકર ઉત્તમ શુકલધ્યાનનો આશ્રય લઈ દેવતાઓએ જેનો મહોત્સવ કર્યો છે એવા નિર્વાણપદને પામ્યા.

હવે ધર્મના જાણે બંધુ હોય એવા વજ્રનાભ મુનિ પોતાની સાથે વ્રત ધારણ કરનારા મુનિઓથી આવૃત થઈ પૃથ્વી પર વિહાર કરવા લાગ્યા. અંતરાત્માથી જેમ પાંચ ઈંદ્રિયો સનાથ થાય, તેમ વજ્રનાભ સ્વામીથી બાહુ વગેરે ચાર ભાઈઓ તથા સારથી—એ પાંચ મુનિઓ સનાથ થયા. ચંદ્રની કાંતિથી જેમ પર્વતોને વિષે ઔષધિઓ પ્રગટ થાય, તેમ યોગના પ્રભાવથી તેમને ખેલાદિ લબ્ધિઓ પ્રગટ થઈ. તેમના [1]શ્લેષ્મના લવમાત્રથી મર્દન કરેલું કુષ્ટ રોગનું શરીર, કોટિવેધ રસવડે કરીને જેમ તામ્રરાશિ સુવર્ણમય થઇ જાય તેમ સુવર્ણી[2] થતું હતું. **(ખેલૌષધિ લબ્ધિ).** તેમના કાન, નેત્ર અને અંગનો મેલ સર્વ રોગીના રોગને હણનારો અને કસ્તૂરી જેવો સુગંધીદાર હતો **(જલ્લૌષધિ લબ્ધિ).** તેમના શરીરના સ્પર્શમાત્રથી અમૃતના સ્નાનની પેઠે રોગી પ્રાણીઓ નીરોગી થતા હતા **(આમર્ષૌષધિ લબ્ધિ).** વરસાદમાં વરસતું અને નદી વગેરેમાં વહેતું જળ તેમના અંગના સંગથી, સૂર્યનું તેજ જેમ અંધકારનો નાશ કરે તેમ સર્વ રોગનો નાશ કરતું હતું

* નાટ્ય કર્મ—જુદા જુદા વેષ ધારણ કરવા તે. ૧ અહીંથી લબ્ધિઓનું વર્ણન શરૂ થાય છે.
૨ સુવર્ણ જેવું અથવા સારા વર્ણવાળું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હતું. ગંધહસ્તિના મદની સુગંધથી જેમ બીજા ગજેંદ્રો નાશી જાય તેમ તેમના અંગને સ્પર્શ કરીને આવેલા વાયુથી વિષ વગેરેના દોષો દૂર જતા હતા. જો કદાપિ વિષ સંયુક્ત અન્નાદિક તેમના મુખ અથવા પાત્રમાં પ્રવિષ્ટ થયું હોય તો તે પણ અમૃતના પ્રદેશની પેઠે નિર્વિષપણાને પામી જતું હતું. જાણે ઝેર ઉતારવાના મંત્રાક્ષર હોય તેમ તેમના વચનનું સ્મરણ કરવાથી મહાવિષની વ્યાધિથી પીડા પામતા માણસોની પીડા દૂર થતી હતી અને છીપનું જળ જેમ મોતીપણાને પામે તેમ તેમના નખ, કેશ, દાંત અને તેમના શરીરથી થયેલું સઘળું ઔષધપણાને પ્રાપ્ત થયું હતું **(સર્વૌષધિ લબ્ધિ).**

વળી સોયના નાકામાં પણ તંતુની પેઠે પ્રવેશ કરવાને સમર્થ થાય એવી **અણુત્વ**-શક્તિ તેમને પ્રાપ્ત થઈ. મેરુપર્વત પણ જાનુ સુધી આવે એવી પોતાના શરીરને મોટું કરવાની **મહત્વ** શક્તિ તેમને પ્રાપ્ત થઈ; જેથી પોતાના શરીરને પવનથી પણ હલકું કરી શકે એવી **લઘુત્વ** શક્તિ પ્રાપ્ત થઇ; ઇંદ્રાદિક દેવો પણ સહન કરી શકે નહિ એવું વજ્રથી પણ ભારે શરીર કરવાની **ગુરુત્વ** શક્તિ તેમને પ્રાપ્ત થઇ; પૃથ્વી ઉપર રહ્યા છતાં પણ ઝાડનાં પાંદડાની જેમ મેરુના અગ્રભાગને તથા ગ્રહાદિકોને સ્પર્શ કરી શકે એવી **પ્રાપ્તિ** શક્તિ તેમને પ્રાપ્ત થઇ. જેથી ભૂમિની પેઠે જળમાં ગતિ થઇ શકે અને જળની પેઠે ભૂમિને વિષે ઉન્મજ્જન નિમજ્જન કરી શકે એવી **પ્રાકામ્ય** શક્તિ તેમને પ્રાપ્ત થઈ; ચક્રવર્ત્તી અને ઇંદ્રની ઋદ્ધિ વિસ્તારવાને સમર્થ એવી **ઇશત્વ** શક્તિ તેમને પ્રાપ્ત થઈ; જેથી સ્વતંત્ર એવા ક્રૂર જંતુઓ પણ વશ થઈ જાય એવી અપૂર્વ **વશિત્વ** શક્તિ તેમને પ્રાપ્ત થઇ; છિદ્રની જેમ પર્વતના મધ્યમાંથી નિઃસંગ ગમન કરી શકે એવી **અપ્રતિઘાતિ** શક્તિ તેમને પ્રાપ્ત થઈ; પવનની પેઠે સર્વ ઠેકાણે અદૃશ્ય રૂપ ધારણ કરી શકે એવું **અપ્રતિહત અંતર્ધાન** સામર્થ્ય તેમને પ્રાપ્ત થયું અને સમકાળે અનેક પ્રકારનાં રૂપોથી લોકને પૂરી દેવામાં સમર્થ થાય એવી **કામરૂપત્વ** શક્તિ તેમને પ્રાપ્ત થઈ.[1]

એક અર્થરૂપ બીજથી અનેકાર્થરૂપ બીજ જાણી શકે એવી **બીજબુદ્ધિ,**[2] કોઠીમાં રાખેલા ધાન્યની જેમ પૂર્વે સાંભળેલા અર્થો સ્મરણ કર્યા સિવાય પણ યથાસ્થિત રહે એવી **કોષ્ટબુદ્ધિ**[3] અને આદિ, અંત કે મધ્ય--એવું એક પદ સાંભળવામાં આવે કે તરત આખા ગ્રંથનો બોધ થાય એવી **પદાનુસારિણી**[4] લબ્ધિ તેમને પ્રાપ્ત થઈ. એક વસ્તુનો ઉદ્ધાર

---

૧ આ બધી બાબતનો વૈક્રિય લબ્ધિમાં સમાવેશ થાય છે અને તે સિદ્ધિ અથવા શક્તિઓ કહેવાય છે. ૨ જેમ કર્ષણી રૂડી રીતે કષાયેલી ભૂમિને વિષે બીજ વાવે અને તે બીજ અનેક બીજ આપનાર થાય તેમ જ્ઞાનાવરણીયાદિ કર્મના ક્ષયોપશમના અતિશયથી એક અર્થરૂપ બીજને સાંભળવાથી અનેક અર્થબીજને જાણે તે બીજબુદ્ધિ લબ્ધિ : જેમ કોઠાને વિષે ધાન્ય સારી રીતે રહે તેમ જેને વિષે પરોપદેશાદિક અવધારેલા સૂત્ર અને અર્થ સારી રીતે રહે અર્થાત્ અવિસ્મૃતિપણે રહે તે કોષ્ઠબુદ્ધિ લબ્ધિ. ૪ કોઈ સૂત્રનું એક પદ સાંભળવાથી ઘણા શ્રુત પ્રત્યે પ્રવર્તે તે પદાનુસારિણી લબ્ધિ. તેમાં અનુશ્રોત પદાનુસારિણી એટલે પહેલું પદ અથવા તેનો અર્થ સાંભળી છેલ્લા પદ સુધી અર્થની વિચારણામાં શ્રેણીબંધ પ્રવર્તે ત, પ્રતિશ્રોત પદાનુસારિણી છેલ્લું પદ સાંભળવાથી પ્રતિકૂળપણે પહેલા પદ સુધીની વિચારણા થાય તે અને ઉભય પદાનુસારિણી એટલે મધ્યનું કોઈપણ એક પદ સાંભળવાથી



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરીને અંતર્મુહૂર્ત્તમાં સમસ્ત શ્રુતસમુદ્રનું અવગાહન કરવાના સામર્થ્યથી તેઓ **મનોબલી**[1] લબ્ધિવાળા થયા હતા. એક મુહૂર્ત્તમાં મૂળાક્ષર ગણવાની લીલાથી સર્વ શાસ્ત્રને ગોખી જતા હતા તેથી તેઓ **વાગ્બલી**[2] પણ થયા હતા અને ઘણાય કાળ સુધી પ્રતિમાપણે (કાયોત્સર્ગે) સ્થિર રહેતા પણ શ્રમ અને ગ્લાનિ પામતા નહીં, તેથી તેઓ **કાયબલી**[3] થયા હતા. તેમના પાત્રમાં રહેલા કુત્સિત અન્નમાં પણ અમૃત, ક્ષીર, મધુ અને ઘૃત વિગેરેનો રસ આવવાથી તથા દુઃખથી પીડાએલા માણસોને તેમની વાણી અમૃત, ક્ષીર, મધુ અને ઘૃત જેવી શાંતિ આપનારી થતી હતી તેથી તેઓ **અમૃતક્ષીરમધ્વાજ્યાશ્રવી** લબ્ધિવાળા થયા હતા. તેમના પાત્રમાં પડેલું અલ્પ અન્ન પણ દાન કરવાથી અક્ષય થતું-ખૂટતું નહીં, તેથી તેઓને [4]**અક્ષીણ મહાનસી** લબ્ધિ પ્રાપ્ત થઈ હતી. તીર્થંકરની પર્ષદાની પેઠે અલ્પ પ્રદેશમાં પણ અસંખ્ય પ્રાણીઓને સ્થિતિ કરાવી શકતા તેથી તેઓ **અક્ષીણ મહાલય** લબ્ધિવાળા હતા; અને એક ઈંદ્રિયથી બીજી ઇંદ્રિયોના વિષયને પણ પ્રાપ્ત કરી શકતા, તેથી તેઓ **સંભિન્નશ્રોત**[5] લબ્ધિવાળા હતા. તેઓને **જંઘાચારણ** લબ્ધિ પ્રાપ્ત થઈ હતી જેથી તેઓ એક એક પગલે રૂચકદ્વીપે[6] જવાને સમર્થ થતા અને ત્યાંથી પાછાં વળતાં પહેલે પગલે નંદીશ્વર દ્વીપે[7] આવતા અને બીજે પગલે જ્યાંથી ગયા હોય ત્યાં આવી શકતા હતા. જો ઊર્ધ્વગતિ કરે અર્થાત્ ઊંચે જાય તો એક પગલે મેરુ પર્વત ઉપર રહેલા પાંડુક ઉદ્યાનમાં જઈ શકતા હતા અને ત્યાંથી પાછાં વળતાં એક પગલે નંદનવનમાં અને બીજે પગલે ઉત્પાતભૂમિ પ્રત્યે આવવાને સમર્થ હતા. **વિદ્યાચારણ** લબ્ધિવડે તેઓ એક પગલે માનુષોત્તર પર્વત અને બીજે પગલે નંદીશ્વર દ્વિપે જવાને સમર્થ હતા; અને પાછાં વળતાં એક પગલે પૂર્વ ઉત્પાતભૂમિ પ્રત્યે આવવાને સમર્થ હતા. ઊર્ધ્વગતિમાં જંઘાચારણથી વિપરીતપણે ગમનાગમન કરવાને શક્તિમંત હતા. તેઓને **આશીવિષ** લબ્ધિ પણ હતી અને બીજી નિગ્રહ અનુગ્રહ કરવામાં સમર્થ એવી ઘણી લબ્ધિઓ તેઓએ મેળવી હતી, પરંતુ એ લબ્ધિઓનો તેઓ ઉપયોગ કરતા નહોતા, કેમકે **મુમુક્ષુ પુરુષો પ્રાપ્ત થયેલી વસ્તુમાં પણ આકાંક્ષા રહિત હોય છે.**

હવે વજ્રનાભ સ્વામીએ વીશ સ્થાનકના આરાધનવડે તીર્થંકરનામ–ગોત્રકર્મ દૃઢ રીતે ઉપાર્જન કર્યું. તે વીશ સ્થાનકોમાં પહેલું સ્થાનક અર્હંત અને અર્હંતોની પ્રતિમાની પૂજાથી, તેમના અવર્ણવાદનો નિષેધ કરવાથી અને સદ્ભૂત અર્થવાળી તેમની સ્તવના કર્યાથી આરાધાય છે. **(અરિહંત પદ)**. સિદ્ધિસ્થાનમાં રહેલા સિદ્ધની ભક્તિને અર્થે જાગરણ ઉત્સવ કર્યાથી તથા યથાર્થપણે સિદ્ધત્વનું કીર્ત્તન કરવાથી બીજું સ્થાન આરાધાય છે. **(સિદ્ધ પદ)**. બાલ, ગ્લાન અને નવદીક્ષિત શિષ્ય-વગેરે યતિઓનો અનુગ્રહ કરવાથી તથા પ્રવચનનું વાત્સલ્ય કરવાથી ત્રીજું સ્થાનક આરાધાય છે. **(પ્રવચન પદ)**

---

આગળ સર્વ પદોનું જ્ઞાન થાય તે એમ ત્રણ પ્રકાર છે. ૧–૨–૩ મનોબલી, વાગ્બલી અને કાયબલી એ લબ્ધિઓ વીર્યાંતરાયના ક્ષયોપશમથી પ્રગટ થાય છે. ૪ શ્રી ગૌતમસ્વામિએ એક પાત્રમાં આવેલી ક્ષીરવડે ૧૫૦૦ તાપસોને પારણું કરાવ્યું તે અક્ષીણ મહાનસી લબ્ધિવડે સમજવું. ૫ સર્વ ઇંદ્રિયો સાંભળે અથવા સર્વ ઈંદ્રિયોના વિષય એક ઇંદ્રિય જાણે, ચક્રવર્તીના કટકનો કોલાહલ છતાં પણ શંખ, ભેરી, પણવ વગેરે વાજીંત્રો એકઠાં વગાડયાં હોય તો પણ તે સર્વના જુદા જુદા શબ્દને જાણે તે સંભિન્નશ્રોત લબ્ધિ. ૬ જંબૂદ્વીપથી તેરમો દ્વીપ. ૭ જંબૂદ્વીપથી આઠમો દ્વીપ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને બહુમાનપૂર્વક આહાર, ઔષધ અને વસ્ત્ર વગેરેના દાનવડે ગુરુનું વાત્સલ્ય કરવું તે ચોથું સ્થાનક (**આચાર્ય પદ**), વીશ વર્ષના દીક્ષાપર્યાયવાળા (**પર્યાયસ્થવિર**), સાઠ વર્ષની વયવાળા (**વયસ્થવિર**) અને સમવાયાંગના ધરનાર (**શ્રુતસ્થવિર**)ની ભક્તિ કરવી તે પાંચમું સ્થાનક (**સ્થવિર પદ**). અર્થની અપેક્ષાએ પોતાથી બહુશ્રુતપણાને ધારણ કરનારાઓનું અન્નવસ્ત્રાદિ આપવા વગેરેથી વાત્સલ્ય કરવું તે છઠ્ઠું સ્થાનક (**ઉપાધ્યાય પદ**). ઉત્કૃષ્ટ તપને કરનારા મુનિઓનું ભક્તિ અને વિશ્રામણાવડે વાત્સલ્ય કરવું તે સાતમું સ્થાનક (**સાધુ પદ**). પ્રશ્ન અને વાચના વિગેરેથી નિરંતર દ્વાદશાંગીરૂપ શ્રુતનો સૂત્ર, અર્થ અને તે બંનેથી જ્ઞાનોપયોગ કરવો તે આઠમું સ્થાનક (**જ્ઞાન પદ**). શંકા વિગેરે દોષથી રહિત, સ્થૈર્ય વગેરે ગુણોથી ભૂષિત અને શમાદિ લક્ષણવાળું સમ્યગ્ દર્શન તે નવમું સ્થાનક (**દર્શન પદ**). જ્ઞાન, દર્શન, ચારિત્ર અને ઉપચાર એ ચાર પ્રકારનો–કર્મને દૂર કરનાર વિનય તે દશમું સ્થાનક (**વિનય પદ**). ઈચ્છા મિથ્યા કરણાદિક દશવિધ સામાચારીના યોગમાં અને આવશ્યકમાં અતિચાર રહિતપણે યત્ન કરવો તે અગ્યારમું સ્થાનક (**ચારિત્ર પદ**). અહિંસાદિક મૂળ ગુણોમાં અને સમિત્યાદિક ઉત્તર ગુણોમાં અતિચાર રહિત પ્રવૃત્તિ કરવી તે બારમું સ્થાનક (**શીલ–વ્રત પદ**). ક્ષણે ક્ષણે અને લવે લવે પ્રમાદનો પરિહાર કરીને શુભ ધ્યાનમાં પ્રવર્ત્તવું તે તેરમું સ્થાનક (**સમાધિ પદ**). મન અને શરીરને બાધા–પીડા ન થાય તેવો યથાશક્તિ તપ કરવો તે ચૌદમું સ્થાનક (**તપ પદ**). મન, વચન અને કાયાથી શુદ્ધિપૂર્વક તપસ્વીઓને અન્નાદિકનું યથાશક્તિ દાન આપવું તે પંદરમું સ્થાનક (**દાન પદ**). આચાર્યાદિ દશનું[1] અન્ન, પાણી અને અશન વિગેરેથી વૈયાવૃત્ય કરવું તે સોળમું સ્થાનક (**વૈયાવચ્ચ પદ**). ચતુર્વિધ સંઘના સર્વ વિઘ્નો દૂર કરવાથી મનને સમાધિ ઉત્પન્ન કરવી તે સત્તરમું સ્થાનક (**સંયમ પદ**). અપૂર્વ એવા સૂત્ર, અર્થ અને તે બંનેનું પ્રયત્નથી ગ્રહણ કરવું તે અઢારમું સ્થાનક (**અભિનવ જ્ઞાન પદ**). શ્રદ્ધાથી, ઉદ્ભાસનથી[2] અને અવર્ણવાદનો નાશ કરવાથી શ્રુત જ્ઞાનની ભક્તિ કરવી તે ઓગણીશમું સ્થાનક (**શ્રુત પદ**). વિદ્યા, નિમિત્ત, કવિતા, વાદ અને ધર્મકથા વગેરેથી શાસનની પ્રભાવના કરવી તે વીશમું સ્થાનક (**તીર્થ પદ**). એ વીશ સ્થાનકમાંથી એક એક પદનું આરાધન કરવું તે પણ તીર્થંકર નામકર્મના બંધનું કારણ છે, પરંતુ વજ્રનાભ ભગવાને તો એ સર્વે પદનું આરાધન કરીને તીર્થંકરનામકર્મનો બંધ કર્યો. બાહુ મુનિએ સાધુઓની વૈયાવચ્ચ કરવાથી ચક્રવર્તીના ભોગફળને આપનારું કર્મ ઉપાર્જન કર્યું. તપસ્વી મહર્ષિઓની વિશ્રામણા કરનારા સુબાહુ મુનિએ લોકોત્તર એવું બાહુબળ ઉપાર્જન કર્યું. તેવારે વજ્રનાભ મુનિએ કહ્યું–'અહો ! સાધુઓની વૈયાવચ્ચ અને વિશ્રામણા કરનારા આ બાહુ અને સુબાહુ મુનિને ધન્ય છે' તેઓની એવી પ્રશંસાથી પીઠ અને મહાપીઠ મુનિ વિચારવા લાગ્યા–'જે ઉપકાર કરનારા છે તે જ અહીં પ્રશંસા પામે છે; આપણે બંને આગમનું અધ્યયન અને ધ્યાનમાં તત્પર હોવાથી કાંઈ પણ ઉપકારી થયા નથી, એથી આપણી કોણ પ્રશંસા કરે ? અથવા સર્વ લોકો પોતાના કાર્ય કરનારાને જ ગ્રહણ કરે છે.' આ પ્રમાણે માયા–મિથ્યાત્વથી યુક્ત એવી

---

૧ જિનેશ્વર, સૂરિ, વાચક, મુનિ, બાળમુનિ, સ્થવિરમુનિ, ગ્લાનમુનિ, તપસ્વીમુનિ ચૈત્ય અને શ્રમણસંઘ એ દશ સમજવા. ૨ બહુમાન યુક્ત વૃદ્ધિ કરવી–પ્રકાશ કરવો તે.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઈર્ષ્યા કરવાથી બાંધેલા દુષ્કૃતનું આલોચન નહીં કરવાથી તેઓએ સ્ત્રીનામકર્મ–સ્ત્રીત્વપણાની પ્રાપ્તિરૂપ કર્મ ઉપાર્જન કર્યું. તે છ મહર્ષિઓએ અતિચાર રહિત અને ખડ્ગની ધારા જેવી પ્રવ્રજ્યાને ચૌદ લાખ પૂર્વ સુધી પાલન કરી. પછી ધીર એવા તે છ મુનિઓ બંને પ્રકારની સંલેખનાપૂર્વક પાદપોપગમન અનશન અંગીકાર કરી સર્વાર્થસિદ્ધિ નામના પાંચમા અનુત્તર વિમાનને વિષે તેત્રીશ સાગરોપમના આયુષ્યવાળા દેવતા થયા.

---

इत्याचार्य श्रीहेमचंद्रविरचिते त्रिषष्टिशलाकापुरुषचरित्रे महाकाव्ये प्रथमे पर्वणि धनादि द्वादशभववर्णनो नाम प्रथमः सर्गः ॥१॥

## સર્ગ બીજો.

JAINSITE.com જૈનમ જયતિ શાસનમ

**આ** જંબૂદ્વીપમાં પશ્ચિમ મહાવિદેહની અંદર શત્રુઓથી નહીં જીતાયેલી એવી **અપરાજિતા** નામે નગરી હતી. તે નગરીમાં પોતાના પરાક્રમથી જગતને આક્રાંત કરનાર[1] અને લક્ષ્મીથી જાણે ઈશાનેંદ્ર હોય તેવો **ઈશાનચંદ્ર** નામે રાજા હતો. ત્યાં ઘણી લક્ષ્મીવાળો **ચંદનદાસ** નામે શ્રેષ્ઠી રહેતો હતો. તે ધર્મિષ્ઠ પુરુષોમાં અગ્રેસર અને જગતને આનંદ આપવામાં ચંદન જેવો હતો. તેને જગતના નેત્રને આનંદ ઉત્પન્ન થવાના કારણરૂપ **સાગરચંદ્ર** નામે પુત્ર હતો. સમુદ્ર જેમ ચંદ્રને આહ્લાદ[2] આપે તેમ તે પુત્ર તેના પિતાને આહ્લાદ આપતો હતો. સ્વભાવથી જ સરળ, ધાર્મિક અને વિવેકી–એવો તે આખા નગરનો એક મુખમંડન થઈ પડ્યો હતો. એક વખત તે વણિકપુત્ર, **ઈશાનચંદ્ર** રાજાના દર્શનને માટે અને સેવાને માટે આવેલા સામંત રાજાઓથી વ્યાપ્ત થયેલા રાજભુવનમાં ગયો. ત્યાં આસન, તાંબુલદાન વગેરે સત્કારપૂર્વક તે વણિકસુતને, તેના પિતાની પેઠે રાજાએ ઘણા સ્નેહથી જોયો.

તે સમયે કોઈ એક મંગલપાઠક, રાજદ્વારમાં આવી શંખના ધ્વનિને પરાભવ કરનારી ગિરાથી[3] આ પ્રમાણે કહેવા લાગ્યો–'રાજન્! આજે તમારા ઉદ્યાનમાં જાણે ઉદ્યાનપાલિકા હોય તેવી અનેક પુષ્પો સજ્જ કરનારી **વસંતલક્ષ્મી** વૃદ્ધિ પામેલી છે. વિકાસ પામેલા પુષ્પોની સુગંધથી દિશાઓના મુખને સુગંધી કરનાર તે ઉદ્યાનને ઈંદ્ર જેમ નંદનવનને શોભાવે તેમ આપ શોભાવો.' આવી મંગલપાઠકની વાણી શ્રવણ કરી રાજાએ દ્વારપાળને આજ્ઞા કરી–"આપણા નગરમાં એવી ઉદ્ઘોષણા[4] કરાવો કે કાલે પ્રાતઃકાળે

---

૧ જીતનાર. ૨ આનંદ. ૩ વાણીથી. ૪ સાદ પડાવો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સર્વ લોકોએ આપણા ઉદ્યાનમાં જવું.” પછી રાજાએ પોતે સાગરચંદ્રને આદેશ[૧] કર્યો, “તમારે પણ આવવું.” **સ્વામીની પ્રસન્નતાનું એ લક્ષણ છે.** તે પછી રાજાએ વિસર્જન કરેલો વણિકપુત્ર હર્ષ પામી પોતાને ઘેર આવ્યો. ત્યાં **અશોકદત્ત** નામના પોતાના મિત્રને રાજાની આજ્ઞા સંબંધી સર્વ વાત કહી.

બીજે દિવસે પ્રાતઃકાળે રાજા પોતાના પરિવાર સહિત ઉદ્યાનમાં ગયો. ત્યાં નગરના લોકો પણ આવ્યા હતા, કારણ કે ‘પ્રજા રાજાને અનુસરનારી હોય છે.’ મલયાચલના પવનની સાથે જેમ વસંતઋતુ આવે તેમ સાગરચંદ્ર પણ પોતાના મિત્ર અશોકદત્ત સાથે ઉદ્યાનમાં આવ્યો. કામદેવના શાસનમાં રહેલા સર્વ લોકો પુષ્પ ચૂંટી નૃત્ય ગીત વગેરેથી ક્રીડા કરવામાં પ્રવર્ત્યા. સ્થળે સ્થળે એકઠા થઇને ક્રીડા કરતા નગરજનો નિવાસ કરેલા કામદેવરૂપી રાજાના પડાવની તુલના કરવા લાગ્યા. જાણે અન્ય ઈંદ્રિયોના વિષયનો જય કરવાને ઉઠેલા હોય તેવા પગલે પગલે ગાયન અને વાદ્યોના ધ્વનિ પ્રવર્ત્તવા લાગ્યા. તેવામાં નજીકના કોઈ વૃક્ષની ગુફામાંથી “રક્ષા કરો, રક્ષા કરો” એવો કોઇ સ્ત્રીનો અકસ્માત્ ધ્વનિ નીકળ્યો. એવી વાણી સાંભળતાં જ જાણે તેનાથી આકર્ષિત થયો હોય તેમ સાગરચંદ્ર ‘આ શું છે?’ એમ સંભ્રમ પામીને દોડ્યો. ત્યાં જઈને જુવે છે તો વ્યાઘ્ર જેમ મૃગલીને પકડે તેમ **પૂર્ણભદ્ર** શેઠની **પ્રિયદર્શના** નામે કન્યાને બંદીવાનોએ પકડેલી તેણે દીઠી. જેમ સર્પની ગ્રીવા ભાંગીને મણિ ગ્રહણ કરે તેમ સાગરચંદ્રે એક બંદીવાનના હાથમાંથી છરી ખેંચી લીધી. આવું તેનું પરાક્રમ જોઈ બીજા બંદીવાનો નાસી ગયા; કારણ કે **‘જાજ્વલ્યમાન અગ્નિને જોઈ વ્યાઘ્રો પણ નાસી જાય છે.’** એવી રીતે સાગરચંદ્રે, કઠીઆરા લોકોની પાસેથી આમ્રલતાની જેમ પ્રિયદર્શનાને છોડાવી. તે સમયે પ્રિયદર્શનાને વિચાર થયો—“પરોપકાર કરવાના વ્યસની પુરુષોમાં મુખ્ય એવો આ કોણ હશે? અહો! મારા સદ્ભાગ્યની સંપત્તિઓથી આકર્ષણ કરેલો આ પુરુષ અહીં આવી ચડ્યો તે સારું થયું! કામદેવના રૂપને તિરસ્કાર કરનાર એ પુરુષ મારો ભર્ત્તાર થાઓ.” એમ ચિંતવન કરતી પ્રિયદર્શના પોતાના મંદિર તરફ ગઈ. સાગરચંદ્ર પણ જાણે પરોવાઇ ગયો હોય તેમ પ્રિયદર્શનાને પોતાના હૃદયમાં રાખી અશોકદત્ત મિત્રની સાથે પોતાને ઘેર ગયો. તેના પિતા ચંદનદાસે પરંપરાથી એ વૃત્તાંત જાણ્યો. તેવો વૃત્તાંત ગુપ્ત પણ કેમ રહે? ચંદનદાસે એ વૃત્તાંતથી પોતાના હૃદયમાં વિચાર્યું—‘આ પુત્રનો પ્રિયદર્શના ઉપર રાગ થયો છે તે યુક્ત છે; કેમકે કમલિનીને રાજહંસ સાથે જ મિત્રાઇ થાય છે. પરંતુ સાગરચંદ્રે આવું ઉદ્ભટપણું કર્યું તે યુકત નથી, કારણ કે પરાક્રમવાળા પણ વણિકોએ પોતાનું પરાક્રમ પ્રકાશિત કરવું નહીં. વળી સાગરચંદ્ર સ્વભાવે સરળ છે તેને માયાવી અશોકદત્તની સાથે મિત્રાઇ થઈ છે તે કદલીના વૃક્ષને જેમ બદરી વૃક્ષનો સંગ હિતકર નથી તેમ હિતકારક નથી, એમ ઘણી વાર સુધી વિચાર કરી, સાગરચંદ્ર કુમારને બોલાવી, જેમ ઉત્તમ હસ્તિને તેનો મહાવત શિક્ષા આપવાનો આરંભ કરે તેમ મીઠાં વચનથી શિક્ષા આપવાનો આરંભ કર્યો.

‘વત્સ સાગરચંદ્ર! સર્વ શાસ્ત્રનો અભ્યાસ કરવાથી તું વ્યવહારને સારી રીતે જાણે છે તો પણ હું તને કાંઇક કહું છું. આપણે વણિકો કળાકૌશલ્યથી જીવનારા છીએ, તેથી

૧ આજ્ઞા.

JAINSITE

www.jainsite.com	For Private & Personal Use Only	info@jainsite.com

આપણે અનુદ્ભટ એવા મનોહર વેષવાળા હોઇએ તો જ આપણી નિંદા ન થાય, માટે તારે યૌવન અવસ્થામાં પણ ગૂઢ પરાક્રમવાળા રહેવું જોઇએ. જગતમાં સામાન્ય અર્થને વિષે પણ વણિકો આશંકાયુક્ત વૃત્તિવાળા કહેવાય છે. સ્ત્રીઓનું શરીર જેમ ઢાંકેલું જ શોભાને પામે છે તેમ હંમેશાં આપણી સંપત્તિ, વિષયક્રીડા અને દાન–એ સર્વે ગુપ્ત જ શોભે છે. જેમ ઊંટના પગમાં બાંધેલું સોનાનું ઝાંઝર શોભે નહીં તેમ પોતાની જાતિને અનુચિત કર્મ શોભતું નથી, માટે હે વહાલા પુત્ર ! પોતાની કુળપરંપરાથી આવેલા યોગ્ય વ્યવહારમાં પરાયણ થઈ આપણે સંપત્તિની પેઠે ગુણને પણ પ્રચ્છન્ન[1] રાખવા. અને સ્વભાવથી જ કપટયુક્ત ચિત્તવાળા દુર્જનો હોય છે તેથી તેમનો સંસર્ગ છોડી દેવો; **કારણ કે દુર્જનનો સંગ હડકાયાના ઝેરની પેઠે કાળયોગે વિકારને પામે છે.** હે વત્સ ! તારો મિત્ર અશોકદત્ત, કોઢનો રોગ પ્રસાર પામ્યાથી જેમ શરીરને દૂષિત કરે તેમ વધારે પરિચયથી તને દૂષિત કરશે. એ માયાવી, ગણિકાની પેઠે હમેશાં મનમાં જુદો, વચનમાં જુદો અને ક્રિયામાં પણ જુદો છે.”

એ પ્રમાણે શેઠ આદરપૂર્વક ઉપદેશ કરી મૌન રહ્યા એટલે સાગરચંદ્ર મનમાં આ પ્રમાણે વિચારવા લાગ્યો–‘પિતાજી આવો ઉપદેશ કરે છે તેથી હું ધારું છું કે પ્રિયદર્શના સંબંધી વૃત્તાંત તેમના જાણવામાં આવ્યો છે અને આ મારો મિત્ર અશોકદત્ત પિતાજીને સંગ કરવાને અયોગ્ય લાગે છે. માણસના મંદભાગ્યપણાને લીધે જ આવા (શિખામણ દેનાર) વડીલો હોતા નથી. ભલે એમની મરજી પ્રમાણે થાઓ.’ એમ ક્ષણવાર મનમાં વિચારી સાગરચંદ્ર વિનયયુક્ત નમ્ર વાણીથી બોલ્યો–“પિતાજી ! આપ આદેશ કરો તે મારે કરવું જ જોઈએ, કેમકે હું તમારો પુત્ર છું. જે કાર્ય કરવામાં ગુરુજનોની આજ્ઞાનું ઉલ્લંઘન થાય તેવું કામ કરવાથી સર્યું, પરંતુ કેટલીક વખત દૈવયોગે અકસ્માત્ એવું કાર્ય આવી પડે છે કે જે વિચાર કરવાના થોડા સમયને પણ સહન કરી શકતું નથી. જેમ કોઈ મૂર્ખ માણસને પણ પવિત્ર કરતાં પર્વવેળા વીતી જાય તેમ કેટલાએક કાર્યનો કાળ વિચાર કરતાં વીતી જાય છે. એવો પ્રાણસંશયનો કાળ પ્રાપ્ત થશે તો પણ હે પિતાજી ! હવેથી હું એવું કાર્ય કરીશ કે જે આપને લજ્જા પમાડે તેવું નહીં હોય. આપે અશોકદત્ત સંબંધી વાત કરી; પણ તેના દોષથી હું દોષિત નથી અને તેના ગુણથી હું ગુણી નથી. હંમેશનો સહવાસ, સાથે ધૂલિક્રીડા, વારંવાર દર્શન, તુલ્ય જાતિ, સરખી વિદ્યા, સમાન શીલ, સમાન વય, પરોક્ષે પણ ઉપરીપણું અને સુખદુઃખમાં ભાગ પાડવાપણું–વગેરે કારણોથી મારે તેની સાથે મિત્રતા થઈ છે. તેનામાં હું કાંઈ પણ કપટ જોતો નથી, માટે તે મારા મિત્ર સંબંધી આપને કોઈએ મિથ્યા કહેલું છે. કારણ કે **‘ખળ લોકો સર્વને ખેદ પમાડનારા જ હોય છે’** કદાપિ તે તેવો માયાવી હશે તો પણ મને શું કરશે ? કેમકે **“એક ઠેકાણે રાખ્યા છતાં કાચ તે કાચ જ રહેશે અને મણિ તે મણિ જ રહેશે.”**

એવી રીતે કહીને સાગરચંદ્ર મૌન રહ્યો એટલે શેઠે કહ્યું–‘પુત્ર ! તું બુદ્ધિવાન્ છે તો પણ મારે કહેવું જ જોઈએ; કારણ કે **પારકા અંતઃકરણો જાણવા મુશ્કેલ છે.’** પછી પુત્રના ભાવને જાણનારા શેઠે શીલાદિક ગુણોથી પૂર્ણ એવી પ્રિયદર્શનાને માટે પૂર્ણભદ્ર

૧ ગુપ્ત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શેઠ પાસે માગણી કરી. ત્યારે 'આગળ તમારા પુત્રે ઉપકાર કરવાવડે મારી પુત્રીને ખરીદ કરેલી જ છે.' એમ કહી પૂર્ણભદ્ર શેઠે તેનું વચન સ્વીકાર્યું. પછી શુભ દિવસે અને શુભ લગ્ને તેમના માતાપિતાએ સાગરચંદ્રનો પ્રિયદર્શના સાથે વિવાહ કર્યો. ઇચ્છિત દુંદુભી વાગવાથી જેમ હર્ષ થાય તેમ મનવાંછિત વિવાહ થવાથી વધૂવર ઘણો હર્ષ પામ્યા. સમાન અંતઃકરણવાળા હોવાથી જાણે એક આત્માવાળા હોય તેમ તેઓની પ્રીતિ સારસપક્ષીની પેઠે વૃદ્ધિ પામવા લાગી. ચંદ્રવડે જેમ ચંદ્રિકા શોભે તેમ નિરંતર ઉદયકાંક્ષી અને સૌમ્ય દર્શનવાળી પ્રિયદર્શના સાગરચંદ્ર વડે શોભવા લાગી. ચિરકાળથી ઘટના કરનાર દૈવના યોગથી તે શીલવંત, રૂપવંત અને સરળતાવાળા દંપતીનો ઉચિત યોગ થયો. પરસ્પર વિશ્વાસ હોવાથી કોઈ વખતે પણ તેઓમાં અવિશ્વાસ તો થતો જ નહીં, કારણ કે **સરળ આશયવાળા કદાપિ વિપરીત શંકા કરતા નથી.**

એક વખત સાગરચંદ્ર બહાર ગયો હતો તેવામાં અશોકદત્ત તેને ઘરે આવ્યો અને પ્રિયદર્શનાને કહેવા લાગ્યો 'સાગરચંદ્ર હંમેશાં ધનદત્ત શેઠની સ્ત્રી સાથે એકાંત કરે છે તેનું શું પ્રયોજન હશે?' સ્વભાવથી જ સરળ એવી પ્રિયદર્શના બોલી–'તેનું પ્રયોજન તમારા મિત્ર જાણે અથવા સર્વદા તેમનું બીજું હૃદય એવા તમે જાણો. વ્યવસાયી એવા મહત્પુરુષોના એકાંત સૂચિત કાર્યો કોણ જાણી શકે? અને જે જાણે તે ઘરે શા માટે કહે?' અશોકદત્તે કહ્યું–'તમારા પતિને તેની સાથે એકાંત કરવાનું જે પ્રયોજન છે તે હું હું જાણું છું પણ કહી કેમ શકાય?'

પ્રિયદર્શનાએ કહ્યું–'તેવું શું પ્રયોજન છે?'

અશોકદત્ત–"હે સુભ્રુ! જે પ્રયોજન મારે તમારી સાથે છે તે પ્રયોજન તેને તેની સાથે છે." એવી રીતે તેણે કહ્યું તો પણ તેના ભાવને નહીં સમજનારી અને સરળ આશયવાળી પ્રિયદર્શના બોલી–'તમારે મારી સાથે શું પ્રયોજન છે?' તેણે કહ્યું–"હે સુભ્રુ! તારા પતિ સિવાય રસજ્ઞ એવા બીજા કયા સચેતન પુરુષને તારી સાથે પ્રયોજન ન હોય?"

કર્ણમાં સૂચી (સોય) જેવું અને તેની દુષ્ટ ઇચ્છાને સૂચવનારું અશોકદત્તનું વચન સાંભળી પ્રિયદર્શના સકોપ થઈ ગઈ અને નીચું મુખ રાખી આક્ષેપ સહિત બોલી–"રે અમર્યાદ! રે પુરુષાધમ! તેં આવું કેમ ચિંતવ્યું? અને ચિંતવ્યું તો કહ્યું કેમ? મૂર્ખના આવા સાહસને ધિક્કાર છે! વળી રે દુષ્ટ! મારા મહાત્મા પતિની તું અવળી રીતે પોતાના જેવી સંભાવના કરે છે તો મિત્રના મિષથી શત્રુ જેવા તને ધિક્કાર છે. રે પાપી! તું અહીંથી ચાલ્યો જા, ઊભો ન રહે. તારા દર્શનથી પણ પાપ થાય છે." એવી રીતે તેણીએ અપમાન કરેલો અશોકદત્ત ચોરની પેઠે શીઘ્રપણે ત્યાંથી નીકળ્યો. જાણે ગૌહત્યા કરનારો હોય તેવો, પાપરૂપી અંધકારથી મલિન મુખવાળો અને વિમનસ્ક[1] અશોકદત્ત ચાલ્યો જતો હતો, તેવામાં સામા આવતા સાગરચંદ્રે તેને દીઠો. સ્વચ્છ અંતઃકરણવાળા સાગરચંદ્રે 'હે મિત્ર! તમે ઉદ્વિગ્ન કેમ જણાઓ છો?' એમ પૂછ્યું, એટલે માયાના પર્વત જેવા અશોકદત્તે દીર્ઘ નિઃશ્વાસ મૂકી, જાણે કષ્ટથી દુઃખી થયો હોય તેમ હોઠ ચડાવીને કહ્યું–'હે ભ્રાતા! હિમાલય પર્વતની નજીક રહેનારાઓને ઠરી જવાનો હેતુ જેમ

૧ કચવાતા મનવાળો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રગટ છે તેમ આ સંસારમાં નિવાસ કરનારાઓને ઉદ્વેગનાં કારણ પ્રગટ જ છે. તોપણ ઠેકઠેકાણે થયેલા વ્રણની[1] જેમ આ વૃત્તાંત તો ગુપ્ત રાખી શકાય તેમ પણ નથી અને પ્રકાશ પણ કરી શકાય તેમ નથી.'

એવી રીતે કહી પોતાના નેત્રમાં કપટ અશ્રુનો દેખાવ કરી અશોકદત્ત મૌન રહ્યો એટલે નિષ્કપટી સાગરચંદ્ર વિચાર કરવા લાગ્યો–'અહો ! આ સંસાર અસાર છે, જેમાં આવા પુરુષોને પણ અકસ્માત્ આવા સંદેહના સ્થાન પ્રાપ્ત થાય છે; ધૂમાડો જેમ અગ્નિને સૂચવે તેમ ધૈર્યથી નહીં સહેવાતો એવો એનો અંતઃઉદ્વેગ બળાત્કારે એનાં અશ્રુઓ સૂચવે છે.' એવી રીતે ચિરકાળ વિચાર કરીને તેના દુઃખથી દુઃખિત થયેલો સાગરચન્દ્ર ફરીથી ગદ્ગદ્ સ્વરે આ પ્રમાણે કહેવા લાગ્યો–'હે બંધુ ! જો અપ્રકાશ્ય ન હોય તો આ તમારા ઉદ્વેગનું કારણ હમણાં જ મને કહો અને મને તમારા દુઃખનો ભાગ આપીને તમે અલ્પ દુઃખવાળા થાઓ.

અશોકદત્તે કહ્યું–'હે મિત્ર ! પ્રાણતુલ્ય એવા તમારી પાસે બીજું પણ અપ્રકાશ્ય ન હોય તો આ વૃત્તાંત તો કેમ જ અપ્રકાશ્ય હોય ? તમે જાણો છો કે સંસારમાં સ્ત્રીઓ, અમાવાસ્યાની રાત્રી જેમ અંધકારને ઉત્પન્ન કરે તેમ અનર્થને ઉત્પન્ન કરનારી છે.'

સાગરચંદ્રે કહ્યું–'હે ભાઈ ! પરંતુ હમણાં તમે સર્પિણીના જેવી કઈ સ્ત્રીના સંકટમાં પડ્યા છો ?'

અશોકદત્ત કૃત્રિમ લજ્જાનો દેખાવ કરીને બોલ્યો–'પ્રિયદર્શના મને ઘણા વખતથી અયોગ્ય વાત કહ્યા કરતી હતી, પણ કોઈ વખત પોતાની મેળે જ લજ્જા પામીને રહેશે એમ ધારી મેં સલજ્જપણે કેટલાક વખત સુધી તેની અવજ્ઞાપૂર્વક ઉપેક્ષા કરી; તો પણ તે તો અસતીને યોગ્ય વચનો કહેવાથી વિરામ પામી નહીં. અહો ! સ્ત્રીઓને કેવો અસદ્ આગ્રહ હોય છે ! હે બંધુ ! આજે હું આપને શોધવા માટે તમારે ઘેર ગયો હતો એવામાં છળને જાણનારી એવી એ સ્ત્રીએ રાક્ષસીની પેઠે મને રોક્યો, પણ હસ્તિ જેમ બંધનથી છૂટો થાય તેમ હું તેના રોધથી ઘણે યત્ને છૂટો થઈ ઉતાવળો અહીં આવ્યો. માર્ગમાં મેં વિચાર્યું કે–આ સ્ત્રી મને જીવતા સુધી છોડશે નહીં, માટે મારે સ્વયમેવ આત્મઘાત કરવો કે કેમ ? અથવા અપમૃત્યુથી મૃત્યુ પામવું પણ યોગ્ય નથી, કારણ કે મારી પરોક્ષમાં તે સ્ત્રી મારા મિત્રને આ પ્રમાણે જ કહેશે કે અન્યથા કહેશે ? માટે હું પોતે જ મારા મિત્રને આ સર્વ વાત કહું, જેથી સ્ત્રીમાં વિશ્વાસ કરીને એ વિનાશ પામે નહિ, અથવા એ પણ યુક્ત નથી, કારણ કે મેં તે સ્ત્રીનો મનોરથ પૂર્ણ કર્યો નથી તો તેનું દુઃશીલ કહીને શા માટે ક્ષત ઉપર ક્ષાર નાંખ્યા જેવું કરું ? એમ વિચાર કરતો હતો તેવામાં તમે મને જોયો. હે બાંધવ ! એ મારા ઉદ્વેગનું કારણ જાણો.' અશોકદત્તનાં આવાં વચન સાંભળી જાણે હલાહલ ઝેરનું પાન કર્યું હોય તેમ વાયુ વિનાના સમુદ્રની પેઠે સાગરચંદ્ર સ્થિર થઈ ગયો.

સાગરચંદ્રે કહ્યું—'સ્ત્રીઓને એમજ ઘટે છે, કારણ કે ખારી જમીનના નવાણના જળમાં ખારાપણું જ હોય છે. હે મિત્ર ! હવે ખેદ ન કરો, સારા વ્યવસાયમાં પ્રવર્તો,

૧ ગુમડાની.

जैन साईट JAINSITE

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્વસ્થ થઈને રહો અને તેનું વચન સંભારો નહીં. હે ભ્રાત ! વસ્તુતાએ તે જેવી હોય તેવી ભલે હો, પણ તેનાથી આપણા બંને મિત્રોના મનની મલિનતા ન થાઓ !' સરલ પ્રકૃતિવાળા સાગરચંદ્રના એવા અનુનયથી[1] તે અધમ અશોકદત્ત ખુશી થયો, કેમકે **માયાવી લોકો અપરાધ કરીને પણ પોતાના આત્માના વખાણ કરાવે છે.**

તે દિવસથી સાગરચંદ્ર, પ્રિયદર્શના ઉપર નિઃસ્નેહ થઈ રોગવાળી આંગળીની પેઠે ઉદ્વેગ સહિત તેને ધારણ કરવા લાગ્યો; તો પણ અગાઉની પેઠે જ તેની સાથે અનુકૂળપણે વર્ત્તવા લાગ્યો, કેમકે **પોતે ઉછેરેલી લતા કદાપિ વંધ્ય હોય તો પણ તેનું ઉન્મૂલન કરાતું નથી.** પ્રિયદર્શનાએ પણ, મારાથી તે મિત્રોનો ભેદ[2] ન થાઓ-એમ ધારી અશોકદત્ત સંબંધી વૃત્તાંત પોતાના પતિને કહ્યો નહીં. સાગરચંદ્ર સંસારને કારાગૃહ જેવો માની સર્વ ઋદ્ધિને, દીન અને અનાથ લોકોને દાન કરવાવડે કૃતાર્થ થવા લાગ્યો. કાળે કરી પ્રિયદર્શના સાગરચંદ્ર અને અશોકદત્ત-એ ત્રણે પોતપોતાનું આયુષ્ય પૂર્ણ કરી કાળધર્મ (મૃત્યુ) પામ્યા. તેમાં સાગરચંદ્ર અને પ્રિયદર્શના, આ જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રના દક્ષિણ ખંડમાં ગંગા સિંધુના મધ્ય પ્રદેશમાં, આ અવસર્પિણીના ત્રીજા આરામાં પલ્યોપમનો આઠમો ભાગ શેષ રહ્યો હતો તે સમયે યુગલિઆરૂપે ઉત્પન્ન થયા.

પાંચ[3] ભરત અને પાંચ ઐરવત ક્ષેત્રમાં કાળની વ્યવસ્થા કરવામાં કારણરૂપ બાર આરાનું કાળચક્ર ગણાય છે. તે કાળ, અવસર્પિણી[4] અને ઉત્સર્પિણી[5] એવા ભેદથી બે પ્રકારનો છે; તેમાં અવસર્પિણી કાળના એકાંત સુષમા વિગેરે છ આરાઓ છે. એકાંત સુષમા નામે પહેલો આરો ચાર કોટાકોટી સાગરોપમનો, બીજો સુષમા નામે આરો ત્રણ કોટાકોટી સાગરોપમનો, ત્રીજો સુષમદુઃષમા નામે આરો બે કોટાકોટી સાગરોપમનો, ચોથો દુઃખમસુષમા નામે આરો બેંતાળીશ હજાર વર્ષે ન્યૂન એક કોટાકોટી સાગરોપમનો, પાંચમો દુઃખમા નામે આરો એકવીશ હજાર વર્ષનો અને છેલ્લો (છઠ્ઠો) આ એકાંત દુઃખમા નામે આરો પણ તેટલા પ્રમાણનો (એકવીશ હજાર વર્ષનો) છે. આ અવસર્પિણીના જે પ્રમાણે છ આરા કહ્યા છે તે જ પ્રમાણે પ્રતિલોમક્રમથી[6] ઉત્સર્પિણી કાળના પણ છ આરા જાણી લેવા. અવસર્પિણી ને ઉત્સર્પિણી કાળની એકંદર સંખ્યા વીશ કોટાકોટી સાગરોપમની થાય છે; તે કાળચક્ર કહેવાય છે. પ્રથમ આરામાં મનુષ્યો ત્રણ પલ્યોપમ સુધી જીવનારા, ત્રણ ગાઉ ઊંચા શરીરવાળા અને ચોથે દિવસે ભોજન કરનારા હોય છે. તેઓ સમચતુરસ્ર સંસ્થાનવાળા, સર્વ લક્ષણોથી લક્ષિત, વજ્રઋષભનારાચ સંહનન (સંઘયણ) વાળાં અને સદા સુખી હોય છે. વળી તેઓ ક્રોધ રહિત, માન રહિત, નિષ્કપટી, લોભવર્જિત અને સ્વભાવથી જ અધર્મનો ત્યાગ કરનારા હોય છે. ઉત્તરકુરુની પેઠે તે સમયે રાત્રિદિવસ તેઓના ઇચ્છિત મનોરથને પૂર્ણ કરનારા, મદ્યાંગાદિ દશ પ્રકારનાં કલ્પવૃક્ષો હોય છે. તેમાં **મદ્યાંગ** નામે કલ્પવૃક્ષો યાચના કરવાથી તત્કાળ સ્વાદિષ્ટ મદ્ય વિગેરે આપે છે. **ભૃતાંગ** નામના કલ્પવૃક્ષો ભંડારીની પેઠે પાત્રો આપે છે. **તૂર્યાંગ** નામનાં કલ્પવૃક્ષો ત્રણ પ્રકારનાં વાજીંત્રો આપે છે,

---

૧ પ્રાર્થનાથી. ૨ જુદાઈ. ૩ જંબૂદ્વીપમાં એક, ધાતકી ખંડમાં બે અને પુષ્કરાર્દ્ધમાં બે એવી રીતે પાંચ ભરત અને પાંચ ઐરવત ક્ષેત્ર જાણવા. ૪ અવસર્પિણી એટલે ઉતરતો. ૫. ઉત્સર્પિણી એટલે ચડતો ૬. અવળા ક્રમથી.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**દીપશિખા** અને **જ્યોતિષિકા** નામના કલ્પવૃક્ષો અત્યંત ઉદ્યોત આપે છે. **ચિત્રાંગ** નામના કલ્પવૃક્ષો વિચિત્ર પુષ્પોની માળાઓ આપે છે. **ચિત્રરસ** નામનાં કલ્પવૃક્ષો રસોઇઆની પેઠે વિવિધ જાતનાં ભોજન આપે છે. **મણ્યંગ** નામનાં કલ્પવૃક્ષો ઇચ્છિત ભૂષણો (ઘરેણાં) આપે છે. **ગેહાકાર** કલ્પવૃક્ષો ગંધર્વ નગરની પેઠે ક્ષણવારમાં સારાં ઘર આપે છે અને **અનગ્ન** કલ્પવૃક્ષો ઇચ્છા પ્રમાણે વસ્ત્રો આપે છે. એ તમામ વૃક્ષો બીજા પણ અનેક ઇચ્છિત અર્થ આપે છે.

તે કાળે ભૂમિ શર્કરા કરતાં પણ અત્યંત સ્વાદિષ્ટ હોય છે અને નદી વગેરેનાં જળ અમૃત સમાન મધુરતાવાળાં હોય છે. તે આરામાં અનુક્રમે ધીમે ધીમે આયુષ્ય, સંહનનાદિક અને કલ્પવૃક્ષોનો પ્રભાવ ન્યૂન ન્યૂન થતો જાય છે.

બીજા આરાના પ્રારંભમાં મનુષ્યો બે પલ્યોપમના આયુષ્યવાળા, બે કોશ ઊંચા શરીરવાળા અને ત્રીજે દિવસે ભોજન કરનારા હોય છે. તે કાળે કલ્પવૃક્ષો કાંઇક ન્યૂન પ્રભાવવાળા, પૃથ્વી ન્યૂન સ્વાદવાળી અને જળ પણ માધુર્યમાં પ્રથમથી જરા ઉતરતાં હોય છે. પહેલા આરાની જેમ આ આરામાં પણ, હસ્તીની શુંઢમાં જેમ ઓછી ઓછી સ્થૂળતા હોય છે તેમ સર્વ બાબતમાં અનુક્રમે ન્યૂનતા થતી જાય છે.

ત્રીજા આરાના પ્રારંભમાં મનુષ્યો એક પલ્યોપમ સુધી જીવનારા, એક ગાઉ ઊંચા શરીરવાળા અને બીજે દિવસે ભોજન કરનારા હોય છે. આ આરામાં પણ પૂર્વની જેમ શરીર, આયુષ્ય, પૃથ્વીનું માધુર્ય અને કલ્પવૃક્ષનો મહિમા ન્યૂન થતો જાય છે.

ચોથો આરો પૂર્વના પ્રભાવ (કલ્પવૃક્ષ, સ્વાદિષ્ટ પૃથ્વી અને મધુર જળ વગેરે)થી રહિત હોય છે. તેના પ્રારંભમાં મનુષ્યો કોટી પૂર્વના આયુષ્યવાળા અને પાંચશેં ધનુષ ઊંચા શરીરવાળા હોય છે. પાંચમા આરાના પ્રારંભમાં મનુષ્ય સો વર્ષના આયુષ્યવાળા અને સાત હાથ ઊંચા હોય છે તથા છઠ્ઠા આરામાં ફક્ત સોળ વર્ષના આયુષ્યવાળા અને એક હાથ ઊંચા શરીરવાળા હોય છે. એકાંત દુઃખમા નામે પહેલા આરાથી શરૂ થતા ઉત્સર્પિણી કાળમાં એ જ પ્રમાણે પશ્ચાનુપૂર્વીથી[1] છ આરામાં મનુષ્યો જાણવા.

તે સાગરચંદ્ર અને પ્રિયદર્શના ત્રીજા આરાના અંતમાં ઉત્પન્ન થયા, તેથી તેઓ નવશેં ધનુષના શરીરવાળા તેમજ પલ્યોપમના દશમાંશ આયુષ્યવાળા યુગલીઆ થયા. તેઓનું શરીર વજ્રઋષભનારાચ સંહનનવાળું અને સમચતુરસ્ર સંસ્થાનવાળું હતું. મેઘમાળા વડે જેમ મેરુપર્વત શોભે તેમ જાત્યવંત સુવર્ણની કાંતિવાળો તે યુગ્મધર્મી (સાગરચંદ્રનો જીવ) પોતાની પ્રિયંગુ વર્ણવાળી સ્ત્રીવડે શોભતો હતો.

અશોકદત્ત પણ પૂર્વ જન્મમાં કરેલા કપટથી તે જ ઠેકાણે શ્વેત વર્ણવાળો, ચાર દાંતવાળો અને દેવહસ્તી જેવો હસ્તી થયો. એક વખતે સ્વેચ્છાએ તે હસ્તી ફરતો હતો તેવામાં તેણે યુગ્મધર્મી થયેલા પોતાના પૂર્વજન્મના મિત્ર (સાગરચંદ્ર)ને જોયા.

દર્શનરૂપ અમૃતની ધારાથી જેનું શરીર વ્યાપ્ત થયું છે એવા તે હસ્તીને બીજમાંથી જેમ અંકુર ઉત્પન્ન થાય તેમ સ્નેહ ઉત્પન્ન થયો, તેથી તેણે પોતાની શુંઢથી તેને

૧ અવસર્પિણીથી ઉલટી રીતે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સુખ થાય તેવી રીતે આલિંગન કરી તેની ઈચ્છા નહીં છતાં પણ પોતાના સ્કંધ ઉપર બેસાડ્યો. પરસ્પર દર્શનના અભ્યાસથી તે બંને મિત્રોને થોડા વખત અગાઉ કરેલા કાર્યની જેમ પૂર્વ જન્મનું સ્મરણ થયું. તે વખતે ચાર દાંતવાળા હસ્તીના સ્કંધ ઉપર બેઠેલા સાગરચંદ્રને વિસ્મયથી ઉત્તાન લોચનવાળા બીજા યુગલીઆઓ ઈંદ્રની જેમ જોવા લાગ્યા. શંખ, ડોલર પુષ્પ અને ચંદ્ર જેવા વિમલ હાથી ઉપર તે બેઠો હતો, તેથી યુગલીઆઓ તેને **વિમલવાહન** એવા નામથી બોલાવવા લાગ્યા. જાતિસ્મરણવડે સર્વ પ્રકારની નીતિને જાણનારો, વિમલ હસ્તીના વાહનવાળો અને પ્રકૃતિથી સ્વરૂપવાન્–તે સર્વથી અધિક થયો. કેટલોએક કાળ વ્યતીત થયા પછી ચારિત્રભ્રષ્ટ યતિઓની પેઠે કલ્પવૃક્ષોનો પ્રભાવ મંદ થવા લાગ્યો. જાણે દુર્દૈવે ફેરવીને બીજાં આણ્યાં હોય તેમ મદ્યાંગ કલ્પવૃક્ષો થોડું અને વિરસ મદ્ય વિલંબે આપવા લાગ્યા. ભૃતાંગ કલ્પવૃક્ષો જાણે આપીએ કે નહીં, એમ વિચાર કરતાં હોય અને પરવશ થયા હોય તેમ યાચના કરતાં પણ વિલંબે પાત્રો આપવા લાગ્યાં. તુર્યાંગ વૃક્ષો જાણે વેઠથી તિરસ્કાર કરી લાવેલા ગંધર્વો હોય તેમ જોઈએ તેવું સંગીત રચતા નહોતા. વારંવાર પ્રાર્થના કરેલા દીપશિખા અને જ્યોતિષ્ક કલ્પવૃક્ષો જેમ દિવસે દીવાની શિખા પ્રકાશ ન કરે તેમ તાદૃશ પ્રકાશ કરતા નહોતા. ચિત્રાંગવૃક્ષો પણ દુર્વિનયી સેવકની જેમ ઈચ્છાનુસાર તત્કાળ પુષ્પમાળાઓ આપતા નહોતા. ચિત્રરસ વૃક્ષો દાનની ઈચ્છા ક્ષીણ થયેલા સત્રીની[1] જેમ ચાર પ્રકારનું–વિચિત્ર રસવાળું ભોજન અગાઉ પ્રમાણે આપતા નહોતા. મણ્યંગ વૃક્ષો જાણે ફરીથી કેમ પ્રાપ્ત થશે, એવી ચિંતામાં આકુલ થઈ ગયા હોય તેમ અગાઉ પ્રમાણે આભૂષણો આપતા નહોતા. વ્યુત્પત્તિ શક્તિની મંદતાવાળા કવિઓ જેમ સારી કવિતા મંદતાથી કરી શકે તેમ ગેહાકાર વૃક્ષો ઘર આપવામાં મંદતા કરવા લાગ્યા, અને નઠારા ગ્રહોવડે અવગ્રહ થયેલો મેઘ જેમ થોડા થોડા જળને આપે તેમ અનગ્ન વૃક્ષો વસ્ત્ર આપવામાં સ્ખલના પામવા લાગ્યા. કાળના તેવા અનુભાવથી જુગલીઆઓને પણ દેહના અવયવોની જેમ કલ્પવૃક્ષો ઉપર વિશેષ મમતા થવા લાગી. એક યુગલીઆએ સ્વીકાર કરેલા કલ્પવૃક્ષનો બીજો યુગલીક આશ્રય કરે તો પ્રથમ સ્વીકાર કરનારને મોટો પરાભવ થવા લાગ્યો, તેથી પરસ્પર તેવો પરાભવ સહન કરવાને અસમર્થ યુગલીઆઓએ પોતાથી અધિક એવા વિમલવાહનને સ્વામીપણે અંગીકાર કર્યો. જાતિસ્મરણથી નીતિજ્ઞ વિમલવાહને વૃદ્ધ પુરુષ જેમ પોતાના ગોત્રીઓને દ્રવ્ય વહેંચી આપે તેમ યુગલીઆઓને કલ્પવૃક્ષ વહેંચી આપ્યા. જો કોઇ બીજાના કલ્પવૃક્ષની ઈચ્છાએ મર્યાદાનો ત્યાગ કરે તો તેને શિક્ષા કરવાને માટે તેણે હાકાર નીતિ પ્રગટ કરી. સમુદ્રની ભરતીનું જળ જેમ મર્યાદા ઉલ્લંઘે નહીં, તેમ 'હા ! તેં દુષ્કૃત્ય કર્યું' એવા શબ્દથી શિક્ષા કરેલા યુગલીઆઓ તેની મર્યાદાનું ઉલ્લંઘન કરતા નહોતા. 'દંડાદિકનો ઘાત સહન કરવો સારો પણ હાકાર શબ્દવડે કરેલો તિરસ્કાર સારો નહીં.' એમ તે યુગલીઆઓ માનવા લાગ્યા. તે વિમલવાહનનું છ માસ આયુષ અવશેષ રહ્યું એટલે તેની **ચંદ્રયશા** નામે સ્રીથી એક યુગ્મનો જન્મ થયો. તે જોડલું અસંખ્ય પૂર્વના આયુષ્યવાળું, પ્રથમ સંસ્થાન અને પ્રથમ સંઘયણવાળું, શ્યામ વર્ણનું અને આઠસો ધનુષ પ્રમાણ ઊંચા શરીરવાળું હતું. માતાપિતાએ તેના **ચક્ષુષ્માન્** અને **ચંદ્રકાંતા** એવાં નામ પાડ્યાં. સાથે

---

૧ સદાવ્રત દેનારાની.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉત્પન્ન થયેલ લતા અને વૃક્ષની પેઠે તેઓ સાથે વૃદ્ધિ પામવા લાગ્યા. છ માસ સુધી પોતાનાં બે બાળકોને પાળી, જરા અને રોગ વિના મૃત્યુ પામી, વિમલવાહન સુવર્ણકુમાર[1] દેવલોકમાં અને તેની સ્ત્રી ચંદ્રયશા નાગકુમાર[2] દેવલોકમાં ઉત્પન્ન થઈ, કેમકે ચંદ્રનો અસ્ત થતાં ચંદ્રિકા રહેતી જ નથી. તે હસ્તી પણ પોતાનું આયુષ પૂર્ણ કરી નાગકુમાર નિકાયમાં દેવપણે ઉત્પન્ન થયો કેમકે કાળનું મહાત્મ્ય જ એવું છે.[3]

ત્યારપછી ચક્ષુષ્માન્ પણ પોતાના પિતા વિમલવાહનની પેઠે હાકાર નીતિથી જ જુગલીઆઓની મર્યાદા ચલાવવા લાગ્યો. અંતસમય નજીક આવ્યો એટલે ચક્ષુષ્માન્ અને ચંદ્રકાંતાથી **યશસ્વી અને સુરૂપા** નામે યુગ્મધર્મી જોડલું ઉત્પન્ન થયું. તેઓ તેવા જ સંઘયણ અને સંસ્થાનવાળા તથા કાંઈક ન્યૂન આયુષ્યવાળા થયા. વય અને બુદ્ધિની પેઠે તે બંને અનુક્રમે વૃદ્ધિ પામવા લાગ્યા. સાડાસાતશેં ધનુષ પ્રમાણ ઊંચા શરીરવાળા અને નિરંતર સાથે ફરનારા તેઓ તોરણના સ્તંભના વિલાસને ધારણ કરતા હતા. આયુષ્ય પૂર્ણ થયે મૃત્યુ પામી ચક્ષુષ્માન્ સુવર્ણકુમારમાં અને ચંદ્રકાંતા નાગકુમારમાં ઉત્પન્ન થયાં. યશસ્વી પોતાના પિતાની પેઠે, ગોપાળ જેમ ગાયોનું પાલન કરે તેમ સર્વ યુગલીઆઓનું લીલાથી પાલન કરવા લાગ્યો; પરંતુ તેના વખતમાં મદમાં આવેલા હાથીઓ જેમ અંકુશનું ઉલ્લંઘન કરે તેમ યુગલીઆઓ અનુક્રમે હાકાર દંડનું ઉલ્લંઘન કરવા લાગ્યા, ત્યારે યશસ્વીએ માકાર દંડથી તેઓને શિક્ષા કરવા માંડી. **કેમકે એક ઔષધિથી રોગ સાધ્ય ન થાય ત્યારે બીજું ઔષધ આપવું જોઈએ.** તે મહામતિ યશસ્વી અલ્પ અપરાધવાળાને શિક્ષા કરવામાં હાકારનીતિ, મધ્યમ અપરાધ હોય તો બીજી માકારનીતિ અને જો મોટો અપરાધ હોય તો તે બંને નીતિ વાપરવા લાગ્યો. તે યશસ્વી અને સુરૂપાનું કાંઈક અપૂર્ણ આયુષ્ય હતું તેવામાં જેમ બુદ્ધિ અને વિનય સાથે ઉત્પન્ન થાય તેમ તેનાથી એક જોડલું ઉત્પન્ન થયું. માતાપિતાએ, પુત્ર, ચંદ્ર જેવો ઉજ્જવળ હતો તેથી **અભિચંદ્ર** નામ પાડયું અને પુત્રી પ્રિયંગુલતાની પ્રતિરૂપ ( સદૃશ ) હતી તેથી તેનું **પ્રતિરૂપા** નામ પાડયું. તેઓ પોતાનાં માતાપિતાથી કાંઈક અલ્પ આયુષ્યવાળા અને સાડાછશેં ધનુષ ઊંચા શરીરવાળા હતા. એક ઠેકાણે મળેલા શમી અને પીંપળાના વૃક્ષની જેમ તેઓ સાથે વૃદ્ધિ પામવા લાગ્યા. ગંગા અને યમુનાના પવિત્ર પ્રવાહના મિશ્ર થયેલા જળની જેમ તેઓ બંને નિરંતર શોભવા લાગ્યા. આયુષ્ય પૂર્ણ થતાં યશસ્વી ઉદધિકુમારમાં[4] ઉત્પન્ન થયો અને સુરૂપા તેની સાથે જ કાળ કરીને નાગકુમારમાં ઉત્પન્ન થઇ.

અભિચંદ્ર પણ પિતાની પેઠે તે જ સ્થિતિવડે અને તે બંને નીતિવડે સર્વ યુગલીઆઓને શિક્ષા કરવા લાગ્યો. પછી ઘણાં પ્રાણીઓએ ઈચ્છેલા ચંદ્રમાને જેમ રાત્રિ જન્મ આપે તેમ પ્રાંત અવસ્થાએ પ્રતિરૂપાએ એક જોડલાને જન્મ આપ્યો. માતાપિતાએ પુત્રનું **પ્રસેનજિત્** નામ પાડયું અને પુત્રી સર્વનાં ચક્ષુને મનોહર લાગતી તેથી તેનું **ચક્ષુઃકાંતા** એવું નામ પાડયું. તેઓ બંને પોતાના માતાપિતાથી ન્યૂન આયુષ્યવાળા, તમાલના વૃક્ષ જેવી શ્યામ કાંતિવાળા, બુદ્ધિ અને ઉત્સાહની પેઠે સાથે વૃદ્ધિ પામનારા, છશેં ધનુષ

૧ ભુવનપતિની દશ નિકાય પૈકી ત્રીજી નિકાય. ૨ બીજી નિકાય. ૩ તે કાળમાં પશુઓ પણ યુગલિક થાય છે અને મૃત્યુ પામીને દેવગતિમાં જાય છે. ૪ ભુવનપતિની દશ નિકાયમાંથી એક નિકાય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રમાણુ શરીરને ધારણ કરનારા અને [1]વિષુવત્ કાળમાં જેમ દિવસ ને રાત્રિ તુલ્ય હોય તેમ સરખી કાંતિવાળા થયા. તેમના પિતા અભિચંદ્ર મૃત્યુ પામીને ઉદધિકુમારમાં ઉત્પન્ન થયા અને પ્રતિરૂપા નાગકુમારમાં ઉત્પન્ન થઈ. પ્રસેનજિત્ પણ પોતાના પિતાની પેઠે સર્વ જુગલીઆનો રાજા થયો, કેમકે **મહાત્મા લોકોના પુત્રો ઘણું કરીને મહાત્મા જ થાય છે.** કામાર્ત્તજનો જેમ લજ્જા અને મર્યાદાનું ઉલ્લંઘન કરે તેમ તે સમયના યુગલીઆઓ હાકાર અને માકાર નીતિનું પણ ઉલ્લંઘન કરવા લાગ્યા, ત્યારે પ્રસેનજિત્ અનાચારરૂપી મહાભૂતને ત્રાસ કરવામાં મંત્રાક્ષર જેવી ત્રીજી ધિક્કાર નીતિનો ઉપયોગ કરવા લાગ્યા. પ્રયોગમાં કુશળ એવા તે પ્રસેનજિત્, ત્રણ અંકુશથી જેમ હાથીને શિક્ષા કરે તેમ ત્રણ નીતિથી સર્વ યુગલીઆઓને શિક્ષા કરવા લાગ્યા. પછી કેટલેક કાળે તે યુગ્મદંપતી ક્ષીણ આયુષ્યવાળા થયા, તેવામાં ચક્ષુઃકાંતાએ સ્ત્રીપુરુષરૂપ યુગ્મને જન્મ આપ્યો. સાડાપાંચશેં ધનુષ પ્રમાણ શરીરવાળા તેઓ, અનુક્રમે વૃક્ષ અને તેની છાંયડી પેઠે સાથે વધવા લાગ્યા. તે બંને યુગ્મધર્મી **મરુદેવ** અને **શ્રીકાંતા** એવા નામથી આ લોકમાં ખ્યાતિ પામ્યા. સુવર્ણ જેવી કાંતિવાળા તે મરુદેવ, પોતાની પ્રિયંગુલતા સદૃશ વર્ણવાળી પ્રિયાવડે, નંદનવનમાં રહેલી વૃક્ષશ્રેણિથી કનકાચલ ( મેરુ ) શોભે તેમ શોભવા લાગ્યા. પ્રસેનજિત્ કાળ કરીને દ્વીપકુમારમાં ઉત્પન્ન થયા અને ચક્ષુઃકાંતા કાળ કરીને નાગકુમારમાં ગઈ. મરુદેવ સર્વ યુગલીઆઓને તે જ નીતિના ક્રમથી ઇંદ્ર જેમ દેવતાને શિક્ષા કરે તેમ શિક્ષા કરવા લાગ્યા. મરુદેવ અને શ્રીકાંતાના પ્રાંતકાળની વખતે તેમનાથી **નાભિ** અને **મરુદેવા** એ નામનું યુગ્મ થયું. સવાપાંચશેં ધનુષ પ્રમાણ શરીરવાળા તેઓ ક્ષમા અને સંયમની પેઠે સાથે જ વૃદ્ધિ પામવા લાગ્યા. મરુદેવા પ્રિયંગુલતા જેવી કાંતિવાળી અને નાભિ સુવર્ણ જેવી કાંતિવાળા હતા, તેથી જાણે પોતાના માતાપિતાના પ્રતિબિંબ હોય તેવા તે શોભતા હતા. તે મહાત્માઓનું આયુષ્ય તેમના માતપિતા મરુદેવ અને શ્રીકાંતાના આયુષ્યથી કાંઇક ન્યૂન–સંખ્યાતા પૂર્વનું થયું. મરુદેવ કાળ કરીને દ્વીપકુમારમાં ઉત્પન્ન થયા અને શ્રીકાંતા પણ તે જ વખતે કાળ કરીને નાગકુમારમાં ઉત્પન્ન થઈ. તેઓના મૃત્યુ પામ્યા પછી નાભિરાજા યુગલીઆઓના સાતમા કુલકર[2] થયા. તે પણ પૂર્વોક્ત ત્રણ પ્રકારની નીતિવડે જ યુગ્મધર્મી મનુષ્યોને શિક્ષા કરવા લાગ્યા.

ત્રીજા આરાના ચોરાશી લક્ષ પૂર્વ અને નવ્યાશી પક્ષ ( ત્રણ વર્ષ, સાડાઆઠ માસ ) બાકી રહ્યા હતા એવા સમયે આષાઢ માસની કૃષ્ણ ચતુર્દશીને દિવસે ઉત્તરાષાઢા નક્ષત્રમાં ચંદ્રનો યોગ આવતાં **વજ્રનાભનો** જીવ, તેત્રીશ સાગરોપમનું આયુષ્ય ભોગવી સર્વાર્થસિદ્ધ વિમાનમાંથી ચ્યવી, જેમ માનસ સરોવરથી ગંગાના તટમાં હંસ ઉતરે તેમ, નાભિ કુલકરની સ્ત્રી મરુદેવાના ઉદરમાં અવતર્યો. પ્રભુ ગર્ભમાં આવ્યા તે સમયે પ્રાણીમાત્રના દુઃખનો ઉચ્છેદ થવાથી ત્રૈલોક્યમાં સુખ થયું અને સર્વ સ્થાનકે મોટો ઉદ્યોત થયો. જે રાત્રિએ દેવલોકમાંથી ચ્યવીને પ્રભુ માતાના ઉદરમાં આવ્યા તે જ રાત્રિએ નિવાસભુવનમાં સૂતેલી મરુદેવાએ ચતુર્દશ મહાસ્વપ્નો દીઠાં. તેમાં પ્રથમ સ્વપ્ને ઉજ્જ્વળ, પુષ્ટ સ્કંધ-

---

૧ તુલા અને મેષ રાશિમાં જ્યારે સૂર્ય આવે ત્યારે તેને વિષુવત્ કાળ કહે છે. ૨ પહેલા વિમલવાહન, બીજા ચક્ષુષ્માન્, ત્રીજા યશસ્વી, ચોથા અભિચંદ્ર, પાંચમા પ્રસેનજિત, છઠ્ઠા મરુદેવ અને સાતમા નાભિ કુલકર થયા. કુલકર સંજ્ઞા યુગલીઆઓના રાજાને માટે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વાળો, તેમજ સરલ પુચ્છવાળો, સુવર્ણની ઘુઘરમાળવાળો અને જાણે વિદ્યુત્ સહિત શરદઋતુનો મેઘ હોય તેવો **વૃષભ** જોયો. બીજે સ્વપ્ને શ્વેત વર્ણવાળો, ક્રમથી ઊંચો, નિરંતર ઝરતા મદની નદીથી રમણીય અને જાણે ચાલતો કૈલાસ પર્વત હોય તેવો ચાર દાંતવાળો **હસ્તી** જોયો. ત્રીજે સ્વપ્ને પીળા નેત્રવાળો, દીર્ઘ જિહ્વાવાળો, ચપલ કેશરાવાળો અને જાણે શૂરવીરોનો જયધ્વજ હોય તેમ પુચ્છને ઉલાળતો **કેશરીસિંહ** દીઠો. ચોથે સ્વપ્ને પદ્મ જેવા લોચનવાળી, પદ્મમાં નિવાસ કરનારી અને દિગ્ગજેન્દ્રોએ પોતાની શુંઢોથી ઉપાડેલા પૂર્ણકુંભોથી શોભતી **લક્ષ્મીદેવી** દીઠી. પાંચમે સ્વપ્ને નાના પ્રકારનાં દેવવૃક્ષોનાં પુષ્પોથી ગુંથેલી, સરલ અને ધનુષ્યધારીએ આરોહણ કરેલ ધનુષ્ય જેવી લાંબી **પુષ્પમાળા** દીઠી. છઠ્ઠે સ્વપ્ને જાણે પોતાના મુખનું પ્રતિબિંબ જ હોય તેવું, આનંદના કારણરૂપ અને કાંતિસમૂહથી જેણે દિશાઓને પ્રકાશિત કરેલી છે એવું **ચંદ્રમંડળ** દીઠું. સાતમે સ્વપ્ને રાત્રિને વિષે પણ તત્કાળ દિવસના ભ્રમને કરાવનાર, સર્વ અંધકારનો નાશ કરનાર અને વિસ્તાર પામતી કાંતિવાળો **સૂર્ય** જોયો. આઠમે સ્વપ્ને ચપલ કાનવડે જેમ હસ્તી શોભે તેમ ઘુઘરીઓની પંક્તિના ભારવાળી અને ચલાયમાન એવી પતાકાવડે શોભતો **મહાધ્વજ** દીઠો. નવમે સ્વપ્ને વિકસિત કમળોથી જેનો મુખભાગ અર્ચિત કરેલો છે એવો, સમુદ્ર મથન કરવાથી નીકળેલા સુધાકુંભ જેવો અને જળથી ભરેલો સુવર્ણનો **કલશ** દીઠો. દશમે સ્વપ્ને જાણે આદિ અર્હંતની સ્તુતિ કરવાને અનેક મુખવાળું થયું હોય તેમ ભ્રમરોના ગુંજારવવાળા અનેક કમળોથી શોભતું મહાન્ [1]**પદ્માકર** જોયું. અગ્યારમે સ્વપ્ને પૃથ્વીમાં વિસ્તાર પામેલા શરદઋતુના મેઘની લીલાને ચોરનાર અને ઊંચા તરંગોના સમૂહથી ચિત્તને આનંદ આપનાર **ક્ષીરનિધિ**[2] દીઠો. બારમે સ્વપ્ને જાણે ભગવાન્ દેવપણામાં તેમાં રહ્યા હતા તેથી પૂર્વના સ્નેહથી આવ્યું હોયની તેવું ઘણી કાંતિવાળું **વિમાન** દીઠું. તેરમે સ્વપ્ને જાણે કોઈ કારણથી તારાઓનો સમૂહ એકત્ર થયો હોય તેવો અને એકત્ર થયેલી નિર્મળ કાંતિના સમૂહ જેવો **રત્નપુંજ** આકાશમાં રહેલો દીઠો. ચૌદમે સ્વપ્ને ત્રૈલોક્યમાં રહેલા તેજસ્વી પદાર્થોનું જાણે પિંડીભૂત થયેલું હોય તેવો ( પ્રકાશમાન ) **નિર્ધૂમઅગ્નિ** મુખમાં પ્રવેશ કરતો દીઠો. રાત્રિના વિરામ સમયે, સ્વપ્નને અંતે વિકસ્વર મુખવાળી સ્વામિની મરુદેવા કમલિનીની પેઠે પ્રબોધ પામ્યા ( જાગૃત થયા ) અને તેમણે જાણે પોતાના હૃદયની અંદર હર્ષ માતો ન હોય તેથી, તે સ્વપ્ન સંબંધી સર્વ વૃત્તાંત કોમલ અક્ષરોથી ઉદ્ગાર કરતા હોય તેમ યથાર્થ નાભિરાજાને કહી સંભળાવ્યો. નાભિરાજાએ પોતાના સરલ સ્વભાવને અનુસરતી રીતે સ્વપ્નનો વિચાર કરી 'તમને ઉત્તમ કુલકર પુત્ર થશે' એમ કહ્યું.

તે સમયે સ્વામીની માત્ર કુલકરપણાથી જ સંભાવના કરી એ અયુક્ત છે એમ ધારી જાણે કોપાયમાન થયા હોય તેમ ઇંદ્રના આસનો કંપાયમાન થયા. અમારા આસન અકસ્માત્ કેમ કંપ્યા ? એવો ઉપયોગ દેતાં, ભગવાનના ચ્યવનની હકીકત ઇંદ્રોના જાણવામાં આવી, એટલે તત્કાળ સંકેત કરેલા મિત્રોની જેમ એકઠા થઈ સર્વ ઇંદ્રો ભગવાનની માતાને સ્વપ્નાર્થ કહેવા માટે ત્યાં આવ્યા. પછી અંજલિ જોડી વૃત્તિકાર જેમ સૂત્રના અર્થને સ્ફુટ કરે તેમ વિનયપૂર્વક સ્વપ્નાર્થને સ્ફુટ કરવા લાગ્યા—"હે સ્વામિની ! તમે સ્વપ્નામાં પ્રથમ વૃષભ જોયો તેથી તમારો પુત્ર મોહરૂપી પંકમાં ખુંચી ગયેલા ધર્મરૂપી રથનો ઉદ્ધાર કરવામાં સમર્થ થશે.

---

૧ પદ્માકર—પદ્મસરોવર. ૨ ક્ષીરસમુદ્ર.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હે દેવિ ! હસ્તીના દર્શનથી તમારો પુત્ર મહંત પુરુષોનો પણ ગુરુ અને ઘણા બળના એક સ્થાનકરૂપ થશે. સિંહના દર્શનથી તમારો પુત્ર પુરુષોમાં સિંહરૂપ, ધીર, નિર્ભય, શૂરવીર અને અસ્ખલિત પરાક્રમવાળો થશે. હે દેવિ ! તમે સ્વપ્નમાં લક્ષ્મીદેવી દીઠી તેથી સર્વ પુરુષોમાં ઉત્તમ એવો તમારો પુત્ર ત્રૈલોક્યની સામ્રાજ્યલક્ષ્મીનો પતિ થશે. પુષ્પમાળા જોઇ તેથી તમારો પુત્ર પુણ્ય દર્શનવાળો થશે અને અખિલ જગત્ તેની આજ્ઞાને માળાની પેઠે મસ્તક ઉપર વહન કરશે. હે જગન્માતા ! તમે સ્વપ્નામાં પૂર્ણચંદ્ર દીઠો તેથી તમારો પુત્ર મનોહર અને નેત્રને આનંદ આપનાર થશે. સૂર્ય દીઠો તેથી તમારો પુત્ર મોહરૂપી અંધકારનો નાશ કરી જગત્‌માં ઉદ્યોત કરનાર થશે અને મહાધ્વજ દીઠો તેથી તમારો આત્મજ આપના વંશમાં મોટી પ્રતિષ્ઠાવાળો [1]ધર્મધ્વજ થશે. હે માતા ! તમે સ્વપ્નમાં પૂર્ણકુંભ જોયો તેથી તમારો પુત્ર સર્વ અતિશયોનું પૂર્ણ પાત્ર થશે—અર્થાત્ સર્વ અતિશયયુક્ત થશે. પદ્મસરોવર જોયું તેથી તમારો સુત સંસારરૂપી અટવીમાં પડેલા મનુષ્યોના ( પાપરૂપ ) તાપને હરશે અને તમે સમુદ્ર જોયો છે તેથી તમારો પુત્ર અધૃષ્ય[2] છતાં પણ તેમની સમીપે અવશ્ય જવા યોગ્ય થશે. હે દેવિ ! તમે સ્વપ્નને વિષે ભુવનમાં અદ્‌ભુત એવું વિમાન જોયું તેથી તમારો પુત્ર વૈમાનિક દેવોથી પણ સેવાશે. સ્ફુરિત કાંતિવાળો રત્નપુંજ જોયો છે તેથી તમારો તનય સર્વ ગુણરૂપ રત્નોની ખાણ તુલ્ય થશે અને તમે તમારા મુખમાં પ્રવેશ કરતો જાજ્વલ્યમાન અગ્નિ જોયો છે તેથી તમારો પુત્ર અન્ય તેજસ્વીઓના તેજને દૂર કરનારો થશે. હે સ્વામિનિ ! તમે ચૌદ સ્વપ્નો જોયાં છે તે એવું સૂચવે છે કે—તમારો પુત્ર ચૌદ રાજલોકનો સ્વામી થશે." આવી રીતે સ્વપ્નાર્થ કહીને તેમજ મરુદેવા માતાને પ્રણામ કરીને સર્વ ઇંદ્રો પોતપોતાને સ્થાનકે ગયા. સ્વામિની મરુદેવા પણ સ્વપ્નાર્થની વ્યાખ્યારૂપી સુધાવડે સિંચાયાથી, વરસાદના જળવડે સિંચાયાથી પૃથ્વી જેમ ઉલ્લાસ પામે તેમ ઉલ્લાસને પામ્યા.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE .com

હવે સૂર્યથી જેમ મેઘમાળા શોભે, મુક્તાફળથી જેમ છીપ શોભે અને સિંહથી જેમ પર્વતની ગુફા શોભે તેમ મહાદેવી મરુદેવા તે ગર્ભથી શોભવા લાગ્યાં. જો કે સ્વભાવથી જ તેઓ પ્રિયંગુલતા જેવા શ્યામ હતા, તો પણ શરદઋતુથી જેમ મેઘમાળા પાંડુવર્ણી થાય તેમ ગર્ભના પ્રભાવથી તેઓ પાંડુવર્ણવાળા થયા, જગત્‌ના સ્વામી અમારા પયનું પાન કરશે એવા હર્ષથી જ જાણે હોયની તેમ તેમના સ્તનો પુષ્ટ અને ઉન્નત જણાવા લાગ્યા. જાણે ભગવાનનું મુખ જોવાને અગાઉથી જ ઉત્કંઠિત થયાં હોય તેમ તેમના લોચન વિશેષ વિકાસ પામ્યા. તેમનો નિતંબભાગ જો કે વિપુલ હતો, તો પણ વર્ષાકાળ વ્યતીત થયા પછી જેમ સરિતાના તટની ભૂમિ વિશાળ થાય તેમ વિશેષ વિશાળ થયો. તે મહાદેવીની સ્વભાવથી જ મંદ ગતિ હતી તે હવે મહાવસ્થાને પામેલા હસ્તીની પેઠે વિશેષ મંદ થઈ. પ્રાતઃકાળે જેમ વિદ્વાન્ માણસની બુદ્ધિ વૃદ્ધિ પામે અને ગ્રીષ્મઋતુમાં જેમ સમુદ્રની વેલા વૃદ્ધિ પામે તેમ ગર્ભના પ્રભાવથી તેમની લાવણ્યલક્ષ્મી વિશેષ વૃદ્ધિ પામવા લાગી. તેઓ ત્રૈલોક્યના એકસારરૂપ ગર્ભને ધારણ કરતા હતા તો પણ તેમને કાંઈ ખેદ થતો નહોતો, કારણ કે ગર્ભવાસી અર્હંતોનો એવો પ્રભાવ હોય છે. પૃથ્વીના અંતરભાગમાં જેમ અંકુર વૃદ્ધિ પામે

૧ અહીં એવો પણ અર્થ નીકળે છે કે મોટા વંશ—વાંસડામાં સ્થાપન કરેલો એટલે એક હજાર યોજન ઊંચા ધર્મધ્વજવાળો તે થશે. ૨ ન ધસારો કરી શકાય તેવો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમ મરુદેવાના ઉદરમાં તે ગર્ભ ગુપ્ત રીતે ધીમે ધીમે વધવા લાગ્યો. શીતળ જળમાં હિમ-મૃતિકા[1] નાંખવાથી જેમ વિશેષ શીતળ થાય તેમ ગર્ભના પ્રભાવથી સ્વામિની મરુદેવા અધિક વિશ્વવત્સલ થયાં. ગર્ભમાં આવેલા ભગવાનના પ્રભાવથી, યુગ્મધર્મી લોકોમાં નાભિરાજા પોતાના પિતાથી પણ અધિક માન્ય થઈ પડયા. શરદઋતુના યોગથી જેમ ચંદ્રનાં કિરણો અધિક તેજવાળાં થાય તેમ સર્વ કલ્પવૃક્ષો વિશિષ્ટ પ્રભાવવાળાં થયાં. જગતમાં તિર્યંચ અને મનુષ્યોનાં પરસ્પર વૈર શાંત થઇ ગયાં, કારણ કે વર્ષાકાળના આવવાથી સર્વ ઠેકાણે સંતાપ શાંત થઇ જાય છે.

એ પ્રમાણે નવ માસ અને સાડાઆઠ દિવસો વ્યતીત થયા પછી ચૈત્ર માસના કૃષ્ણપક્ષની અષ્ટમીને દિવસે અર્ધરાત્રે સર્વ ગ્રહો ઉચ્ચ સ્થાનકમાં આવ્યા હતા અને ચંદ્રનો યોગ ઉત્તરાષાઢા નક્ષત્રમાં આવ્યો હતો ત્યારે મહાદેવી મરુદેવાએ યુગલધર્મી પુત્રને સુખે કરીને પ્રસવ્યો. તે વખતે જાણે હર્ષ પામી હોય તેમ દિશાઓ પ્રસન્ન થઇ અને સ્વર્ગવાસી દેવતાઓની પેઠે લોકો ઘણા હર્ષથી ક્રીડામાં તત્પર થયા. ઉપપાદ[2] શય્યામાં ઉત્પન્ન થયેલા દેવતાઓની જેમ જરાયુ (ઓર) અને રુધિર વગેરે કલંકથી વર્જિત ભગવાન્ અતિશય શોભવા લાગ્યા. તે સમયે જગતનાં નેત્રોને ચમત્કાર પમાડનાર અને અંધકારનો નાશ કરનાર–વિદ્યુતના પ્રકાશની જેવો-ત્રણ જગતમાં ઉદ્યોત થઈ રહ્યો. કિંકરોએ નહીં વગાડયા છતાં પણ મેઘના જેવા ગંભીર શબ્દવાળા દુંદુભિ આકાશમાં વાગવા લાગ્યા, તેથી જાણે સ્વર્ગ પોતે જ હર્ષથી ગર્જના કરતું હોય તેમ જણાવા લાગ્યું. તે વખતે ક્ષણવાર નારકીઓને પણ પૂર્વે નહીં પ્રાપ્ત થયેલું એવું સુખ થયું, તો તિર્યંચ, મનુષ્ય અને દેવતાઓને સુખ થાય તેમાં તો શું કહેવું ! ભૂમિ ઉપર મંદ મંદ પ્રસરતા પવનોએ સેવકોની પેઠે પૃથ્વીની રજ દૂર કરવા માંડી. મેઘો ચેલક્ષેપની જેમ સુગંધી જળની વૃષ્ટિ કરવા લાગ્યા, તેથી અંદર બીજ વાવેલાની જેમ પૃથ્વી ઉચ્છ્વાસ લેવા લાગી.

એ સમયે પોતાનાં આસન ચલાયમાન થવાથી–**ભોગંકરા, ભોગવતી, સુભોગા, ભોગમાલિની, તોયધારા, વિચિત્રા, પુષ્પમાલા અને અનિંદિતા**–એ નામની આઠ દિક્કુમારીઓ તત્કાળ અધોલોકમાંથી ભગવાનના સૂતિકાગૃહ પ્રત્યે આવી. આદિ તીર્થંકર અને તીર્થંકરની માતાને ત્રણ વાર પ્રદક્ષિણા દઈ વંદના કરીને તેઓ આ પ્રમાણે કહેવા લાગી–'હે જગન્માતા ! હે જગદીપકને પ્રસવનારા દેવિ ! અમે તમને નમસ્કાર કરીએ છીએ; અમે અધોલોકમાં નિવાસ કરનારી આઠ દિક્કુમારીઓ પવિત્ર એવા તીર્થંકરના જન્મને અવધિજ્ઞાનવડે જાણીને, તેમના પ્રભાવથી તેમનો મહિમા કરવાને માટે અહીંયાં આવી છીએ, તેથી તમે અમારાથી ભય પામશો નહીં'. એમ કહી ઇશાન કોણમાં રહેલી તેઓએ ત્યાં પૂર્વ દિશા તરફ મુખવાળું અને એક હજાર સ્તંભવાળું સૂતિકાગૃહ રચ્યું. પછી સંવર્ત્ત નામના વાયુથી સૂતિકાગૃહની ચોતરફ એક યોજન સુધી કાંકરા અને કાંટા દૂર કરી, સંવર્ત્તવાયુને સંહરી, ભગવાનને પ્રણામ કરી ગીત ગાતી તેમની નજીક ઊભી રહી.

તેવી જ રીતે આસનના કંપવાવડે પ્રભુનો જન્મ જાણી, **મેઘંકરા, મેઘવતી, સુમેઘા, મેઘમાલિની, તોયધારા, વિચિત્રા, વારિષેણા** અને **બલાહકા** નામની

---

૧ બરફ. ૨ દેવતાઓને ઉત્પન્ન થવાની શય્યા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મેરુપર્વત ઉપર રહેનારી આઠ ઊર્ધ્વલોકવાસી દિક્કુમારિકાઓ ત્યાં આવી અને જિનેશ્વર તથા જિનેશ્વરની માતાની નમસ્કારપૂર્વક સ્તુતિ કરી. તેઓએ ભાદ્રપદ માસની પેઠે તત્કાળ આકાશમાં અભ્રપટલ (વાદળ) વિકૃત કર્યું (રચ્યું). તે વાદળવડે સુગંધી જળની વૃષ્ટિ કરીને સૂતિકાગૃહની ચોતરફ એક યોજન સુધી ચંદ્રિકા જેમ અંધકારની પંક્તિનો નાશ કરે તેમ રજનો નાશ કર્યો. જાનુપ્રમાણ[1] પંચવર્ણી પુષ્પોની વૃષ્ટિથી જાણે જાતજાતનાં ચિત્રોવાળી હોય તેમ પૃથ્વીને શોભીતી કરી અને પછી તીર્થંકરના નિર્મળ ગુણોનું ગાન કરતી તથા હર્ષના ઉત્કર્ષથી શોભતી તેઓ પોતાને ઉચિત સ્થાને ઊભી રહી.

પૂર્વ રૂચકાદ્રિ[2] ઉપર રહેનારી **નંદા, નંદોત્તરા, આનંદા, નંદિવર્ધના, વિજયા, વૈજયંતી, જયંતી** અને **અપરાજિતા** નામની આઠ દિશાકુમારીઓ પણ જાણે મનની સાથે સ્પર્ધા કરનારાં હોય તેવાં વેગવાળાં વિમાનોમાં બેસી ત્યાં આવી. સ્વામીને તથા મરુદેવા માતાને નમસ્કાર કરી, પૂર્વની પેઠે કહીને, પોતાનાં હાથમાં દર્પણો રાખી માંગલિક ગીત ગાતી ગાતી તેઓ પૂર્વ દિશા તરફ ઊભી રહી.

દક્ષિણ રુચકાદ્રિ પર રહેનારી **સમાહારા, સુપ્રદત્તા, સુપ્રબુદ્ધા, યશોધરા, લક્ષ્મીવતી, શેષવતી, ચિત્રગુપ્તા** અને **વસુંધરા** નામની આઠ દિક્કુમારિકાઓ જાણે પ્રમોદે પ્રેરેલી હોય તેમ પ્રમોદ પામતી ત્યાં આવી પ્રથમની દિક્કુમારિકાઓની જેમ જિનેશ્વર અને તેમની માતાને નમસ્કાર કરી, કાર્ય નિવેદન કરી, હાથમાં કળશ ધારણ કરી, દક્ષિણ દિશામાં ગાયન કરતી ઊભી રહી.

પશ્ચિમ રુચક પર્વત પર રહેનારી **ઈલાદેવી, સુરાદેવી, પૃથ્વી, પદ્માવતી, એકનાસા અનવમિકા, ભદ્રા** અને **અશોકા** નામની આઠ દિક્કુમારિકાઓ, જાણે ભક્તિથી એક બીજીનો જય કરવાને ઈચ્છતી હોય તેમ ત્વરાથી ત્યાં આવી અને પૂર્વની પેઠે ભગવાનને તથા માતાને નમી, વિજ્ઞપ્તિ કરી, હાથમાં પંખા ધારણ કરી ગીત ગાતી પશ્ચિમ દિશામાં ઊભી રહી.

ઉત્તર રુચક પર્વતથી **અલંબુસા, મિશ્રકેશી, પુંડરીકા, વારુણી, વાસા, સર્વપ્રભા, શ્રી** અને **હ્રી** નામની આઠ કુમારિકાઓ, જાણે રથરૂપ થયેલા વાયુવડે આવે તેમ આભિયોગિક દેવતાઓની સાથે વેગથી ત્યાં આવી અને ભગવંતને તથા તેમની માતાને પૂર્વની પેઠે નમસ્કાર કરી, પોતાનું કાર્ય વિદિત કરી, હાથમાં ચામર ગ્રહણ કરી, ગાયન કરતી ઉત્તર દિશામાં ઊભી રહી.

વિદિશામાં રહેલા રુચક પર્વતથી **ચીત્રા, ચીત્રકનકો, સતેરા** અને **સૂત્રામણી** નામની ચાર દિક્કુમારિકાઓ પણ આવી અને પૂર્વવત્ જિનેશ્વરને તથા માતાને નમન કરી, પોતાનું કાર્ય વિદિત કરી, હાથમાં દીપક રાખી ઈશાન વિગેરે વિદિશાઓમાં ગાતી ઊભી રહી.

રુચકદ્વીપથી **રૂપા, રૂપાસિકા, સુરૂપા** અને **રૂપકાવતી** નામની ચાર દિક્કુમારિકાઓ પણ તત્કાળ ત્યાં આવી. તેઓએ ભગવાનના નાભિનાલને ચાર અંગુલ રાખી છેદન કર્યું.

---

૧ જાનુ–ઢીંચણ. ૨ રુચક નામના તેરમા દ્વીપમા ચારે દિશાઓમાં તથા ચારે વિદિશાઓમાં પર્વતો છે, તેમાંના પૂર્વ દિશાના પર્વત ઉપર રહેનારી–એ પ્રમાણે બીજી દિશા તથા વિદિશાઓ માટે સમજવું.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પછી ત્યાં એક ખાડો ખોદી તેમાં તે નિક્ષિપ્ત કરી ખાડાને રત્ન અને વજ્રોથી પૂરી દીધો અને તેના ઉપર દુર્વા(ધ્રો)થી પીઠિકા બાંધી. પછી ભગવાનના જન્મગૃહને લગતાં પૂર્વ, દક્ષિણ અને ઉત્તરમાં તેઓએ લક્ષ્મીના ગૃહરૂપ ત્રણ કદલીગૃહ કર્યાં. તે દરેક ગૃહમાં તેઓએ વિમાનમાં હોય તેવા વિશાળ અને સિંહાસનથી ભૂષિત ચતુઃશાલ (ચોક) રચ્યા. પછી જિનેશ્વરને પોતાની હસ્તાંજલિમાં લઈ, જિનમાતાને ચતુર દાસીની પેઠે હાથનો ટેકો આપી, તેઓ દક્ષિણ ચતુઃશાલમાં લઈ ગઈ. ત્યાં બંનેને સિંહાસન ઉપર બેસારીને, વૃદ્ધ મર્દન કરનારી સ્ત્રીની જેમ તેઓ સુગંધી લક્ષપાક તૈલથી અભ્યંગન કરવા લાગી. તેના અમંદ આમોદની ખુશબોથી દિશાઓને પ્રમુદિત કરી, દિવ્ય ઉદ્વર્ત્તનથી તેઓએ બંનેને ઉદ્વર્ત્તન કર્યું. પછી પૂર્વ દિશાના ચતુઃશાલમાં લઈ જઈ, સિંહાસન ઉપર બેસારી પોતાના મનના જેવા નિર્મળ ઉદકથી બંનેને તેઓએ સ્નાન કરાવ્યું. સુગંધી કાષાય વસ્ત્રોવડે તેમનાં અંગ લુંછીને ગોશીર્ષ ચંદનના રસથી તેમને ચર્ચિત કર્યાં અને બંનેને દિવ્ય વસ્ત્રો તથા વિદ્યુતના ઉદ્યોત જેવા વિચિત્ર આભરણો પહેરાવ્યાં. પછી ભગવાન અને ભગવાનની માતાને ઉત્તર ચતુઃશાલમાં લઈ જઇ સિંહાસન ઉપર બેસાર્યાં. ત્યાં તેઓએ આભિયોગિક દેવતાઓ પાસે ક્ષુદ્ર હિમવંત પર્વતથી ગોશીર્ષ ચંદનના કાષ્ઠ જલ્દી મંગાવ્યાં. અરણિના બે કાષ્ઠથી અગ્નિ ઉત્પન્ન કરી, હોમવા યોગ્ય કરેલા ગોશીર્ષ ચંદનના કાષ્ઠથી તેઓએ હોમ કર્યો. તે અગ્નિથી થયેલી ભસ્મની તેઓએ રક્ષાપોટલી કરી બંનેને હાથે બાંધી. તેઓ (પ્રભુ અને માતા ) મોટા મહિમાવાળા હતાં તો પણ એવો તે દિક્કુમારિઓનો ભક્તિક્રમ છે. પછી 'તમે પર્વતની જેવા આયુષ્યવાળા થાઓ' એવું પ્રભુના કાનમાં કહી પાષાણના બે ગોળાનું તેઓએ આસ્ફાલન કર્યું. પછી પ્રભુને અને માતાને સૂતિકાભુવનમાં શય્યા ઉપર સુવારી તેઓ મંગલિક ગીત ગાવા લાગી.

હવે સૂતિકર્મ કરીને દિક્કુમારિકાઓ સ્વસ્થાનકે ગઈ તે સમયે લગ્નવેળાએ જેમ સર્વ વાજીંત્રો એક સાથે વાગે તેમ સ્વર્ગમાં શાશ્વત ઘંટાઓનો એક સાથે ઊંચો ધ્વનિ થયો, અને પર્વતોના શિખરની પેઠે અચળ એવાં ઇન્દ્રોનાં આસનો, સંભ્રમવડે હૃદય કંપે તેમ કંપાયમાન થયાં. તે વખતે સૌધર્મ દેવલોકના પતિ સૌધર્મેન્દ્રનાં નેત્રો કોપના આટોપથી લાલ થઈ ગયાં. લલાટપટ ઉપર ભ્રકુટી ચડાવવાથી તેમનું મુખ વિકરાળ થયું. જાણે અંદરના ક્રોધરૂપ વહ્નિની શિખા હોય તેવા તેના અધર ફરકવા લાગ્યા, જાણે આસનને સ્થિર કરવાને હોય તેમ એક પગ ઊંચો કરવા લાગ્યા અને 'આજે યમરાજે કોને કાગળ મોકલ્યો છે ?' એમ બોલી પોતાના શૂરાતનરૂપ અગ્નિને વાયુ સમાન વજ્ર ગ્રહણ કરવાની ઈચ્છા કરી. એવી રીતે ક્રોધ પામેલા કેશરી જેવા ઈન્દ્રને જોઈ, જાણે મૂર્તિમાન્ માન હોય તેવા સેનાપતિએ આવી વિજ્ઞપ્તિ કરી–'હે સ્વામિ ! આપને મારા જેવો પદાતિ છતાં શામાટે આપ પોતે જ આવેશમાં આવો છો ? હે સ્વર્ગપતિ ! આજ્ઞા કરો કે ક્યા આપના શત્રુનું હું મથન કરું ?' તે ક્ષણે પોતાના મનનું સમાધાન કરી અવધિજ્ઞાનથી ઇન્દ્રે જોયું તો આદિપ્રભુનો જન્મ તેમના જાણવામાં આવ્યો. હર્ષથી તત્કાળ તેમના ક્રોધનો વેગ ગળી ગયો અને વૃષ્ટિથી શાંત થયેલા દાવાનળવાળા પર્વતની જેમ ઈન્દ્ર શાંત થઈ ગયા. 'મને ધિક્કાર છે કે મેં આવું ચિંતવ્યું, મારું મિથ્યા દુષ્કૃત થાઓ.' એમ બોલી તેણે ઈન્દ્રાસનનો ત્યાગ કર્યો. સાત આઠ પગલાં ભગવંતની સન્મુખ ચાલી, જાણે બીજા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રત્નમુકુટની લક્ષ્મીને આપનાર હોય તેવી કરાંજલિ મસ્તકે સ્થાપન કરી, જાનુ અને મસ્તક કમલથી પૃથ્વીને સ્પર્શ કરવાવડે પ્રભુને નમસ્કાર કરી, રોમાંચિત થઈ તેણે ભગવંતની આ પ્રમાણે સ્તુતિ કરી.–“હે તીર્થંકર! હે જગતને સનાથ કરનારા! હે કૃપારસના સમુદ્ર! હે નાભિનંદન! તમને નમસ્કાર કરું છું. હે નાથ! નંદનાદિક[1] ત્રણ ઉદ્યાનોથી જેમ મેરુ પર્વત શોભે છે તેમ મતિ વગેરે ત્રણ જ્ઞાન સહિત ઉપજવાથી તમે શોભો છો. હે દેવ! આજે આ ભરતક્ષેત્ર સ્વર્ગથી પણ વિશેષ શોભે છે; કેમકે ત્રૈલોક્યના મુગટરત્ન સમાન તમે તેને અલંકૃત કર્યું છે. હે જગન્નાથ! જન્મકલ્યાણકના મહોત્સવથી પવિત્ર થયેલો આજનો દિવસ સંસારમાં રહું ત્યાં સુધી તમારી પેઠે વંદન કરવાને યોગ્ય છે, આ તમારા જન્મના પર્વથી આજે નારકીઓને પણ સુખ થયું છે. કેમકે અર્હંતોનો ઉદય કોના સંતાપને હરનારો ન થાય? આ જંબૂદ્વીપને વિષે ભરતક્ષેત્રમાં નિધાનની પેઠે ધર્મ નષ્ટ થઇ ગયો છે, તેને તમારી આજ્ઞારૂપી બીજથી પાછો પ્રગટ કરો. હે ભગવન્! **તમારા ચરણને પ્રાપ્ત કરીને હવે કોણ સંસારને તરશે નહીં?** કેમકે નાવના યોગવડે લોઢું પણ સમુદ્રના પારને પામે છે. હે ભગવન્! વૃક્ષ વિનાના દેશમાં જેમ કલ્પવૃક્ષ ઉત્પન્ન થાય અને મરુદેશમાં જેમ નદીનો પ્રવાહ પ્રગટ થાય તેમ તમે આ ભરતક્ષેત્રમાં લોકોના પુણ્યથી અવતરેલા છો.”

એવી રીતે પ્રથમ દેવલોકના ઇન્દ્રે ભગવાનની સ્તુતિ કરીને પોતાના સેનાધિપતિ **નૈગમિષી** નામના દેવને આજ્ઞા કરી કે–‘હે સેનાપતિ! જંબૂદ્વીપના દક્ષિણાર્ધ ભરતક્ષેત્રના મધ્ય ભૂમિભાગમાં લક્ષ્મીના નિધિરૂપ નાભિ કુલકરની પત્ની મરુદેવાના ઉદરથી પ્રથમ તીર્થંકર પુત્રપણે અવતર્યા છે, તેમના જન્મસ્નાત્રને માટે સર્વ દેવતાઓને બોલાવો.’ એ પ્રમાણે ઇન્દ્રની આજ્ઞા શ્રવણ કરી તેણે એક યોજનના વિસ્તારવાળી અને અદ્ભુત ધ્વનિવાળી **સુઘોષા**[2] નામની ઘંટા ત્રણ વખત વગાડી. મુખ્ય ગાનારની પાછળ જેમ બીજાઓ ગાયન કરે તેમ તે સુઘોષા ઘંટાનો અવાજ થતાં, બીજા સર્વ વિમાનોની ઘંટાઓ તેની સાથે જ શબ્દ કરવા લાગી. કુલપુત્રોવડે જેમ ઉત્તમ કુળ વૃદ્ધિ પામે તેમ તે સર્વ ઘંટાઓનો શબ્દ, દિશાઓના મુખમાં થયેલા શબ્દરૂપ તેના પડછંદાથી વૃદ્ધિ પામ્યો. બત્રીશ લાખ વિમાનોમાં ઉછળતો શબ્દ તાળવાની જેમ અનુરણનરૂપ થઈ વૃદ્ધિ પામ્યો. દેવતાઓ પ્રમાદમાં આસકત હતા તેઓ આ શબ્દથી મૂર્ચ્છા પામી ગયા, અને ‘આ શું હશે?’ એમ સંભ્રમ પામી સાવધાન થવા લાગ્યા. એ રીતે સાવધાન થયેલા દેવોને ઉદ્દેશીને ઇન્દ્રના સેનાપતિએ મેઘના નિર્ઘોષ જેવા ગંભીર શબ્દવડે આ પ્રમાણે કહ્યું–‘ભો ભો દેવતાઓ! સર્વને અનુલંઘ્ય શાસનવાળા ઇંદ્ર, દેવી વિગેરે પરિવાર સહિત તમને આજ્ઞા કરે છે કે–જંબૂદ્વીપના દક્ષિણાર્દ્ધ ભરતખંડની મધ્યમાં કુલકર એવા નાભિરાજાના કુળને વિષે આદિ તીર્થંકર ઉત્પન્ન થયા છે, તેમના જન્મકલ્યાણકનો મહોત્સવ કરવાની ઇચ્છાથી તમે સૌ મારી પેઠે જવાની ઉતાવળ કરો; કારણ કે એ સમાન બીજું કોઈ ઉત્કૃષ્ટ કાર્ય નથી.’ સેનાપતિનાં એવાં વચન સાંભળી, મૃગલાઓ જેમ વાયુની સન્મુખ વેગથી ચાલે તેમ કેટલાએક દેવતાઓ ભગવંત ઉપરના રાગથી તત્કાળ ચાલ્યા; ચમકપાષાણથી જેમ લોઢાનું આકર્ષણ થાય તેમ કેટલાએક દેવતાઓ ઇન્દ્રની આજ્ઞાથી ખેંચાઈને ચાલ્યા; નદીઓના વેગથી

૧ નંદન, સૌમનસ અને પાંડુક. ૨ આ ઘંટાનાદની હકીકત અન્યત્ર આવતી નથી. આસનકંપ જ થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જેમ જલજંતુઓ દોડે તેમ કેટલાએક દેવતાઓ પોતાની સ્ત્રીઓએ ઉલ્લાસ પમાડવાથી ચાલ્યા અને પવનના આકર્ષણથી જેમ ગંધ ચાલે (પ્રસરે) તેમ કેટલાએક દેવતાઓ પોતાના મિત્રોથી આકૃષ્ટ થઈને ચાલ્યા. એ પ્રમાણે પોતાનાં સુંદર વિમાનોથી અને બીજાં વાહનોથી જાણે બીજું સ્વર્ગ હોય તેમ આકાશને શોભાવતા તેઓ ઈન્દ્રની પાસે આવ્યા.

તે વખતે **પાલક** નામના આભિયોગિક દેવને સુરપતિએ એક અસંભાવ્ય અને અપ્રતિમ વિમાન રચવાની આજ્ઞા કરી. સ્વામીની આજ્ઞા પાળનાર તે દેવે તત્કાળ ઈચ્છાનુગામી વિમાન રચ્યું. તે વિમાન હજારો રત્નસ્તંભોનાં કિરણના સમૂહથી આકાશને પવિત્ર કરતું હતું અને ગવાક્ષોથી નેત્રવાળું હોય, દીર્ઘ ધ્વજાઓથી જાણે ભુજાવાળું હોય, વેદિકાઓથી જાણે દાંતવાળું હોય તથા સુવર્ણકુંભોથી જાણે પુલકિત થયું હોય તેવું જણાતું હતું. તે પાંચશેં યોજન ઊંચું હતું અને એક લાખ યોજન વિસ્તારમાં હતું. તે વિમાનને કાંતિથી તરંગવાળી ત્રણ સોપાન[1] પંક્તિઓ હતી. તે હિમવંત પર્વત ઉપર જેમ નદીઓ[2] હોય તેવી જણાતી હતી. તે સોપાનપંક્તિની આગળ ઈન્દ્રધનુષ્યની શોભાને ધારણ કરનારા—વિવિધ વર્ણવાળાં રત્નોનાં તોરણોનાં ત્રીક આવેલાં હતાં. તે વિમાનની અંદર ચંદ્રબિંબ, દર્પણ, આલિંગી, મૃદંગ અને ઉત્તમ દીપિકાની પેઠે સરખી અને ચોરસ ભૂમિઓ શોભતી હતી. તે ભૂમિ ઉપર સ્થાપન કરેલી રત્નમય શિલાઓ, અવિરલ એવાં ઘણાં કિરણોવડે, જાણે ભીંતોનાં ચિત્ર ઉપર જવનીકાની શોભાને ધારણ કરતી હોય તેવી જણાતી હતી. તેના મધ્યભાગમાં અપ્સરા જેવી પુતળીઓથી વિભૂષિત થયેલો-રત્નખચિત પ્રેક્ષામંડપ હતો અને તેની અંદર જાણે વિકસિત કમલની કર્ણિકા હોય તેવી સુંદર માણિક્યની એક પીઠિકા હતી. તે પીઠિકા વિસ્તારમાં અને લંબાઈમાં આઠ યોજન હતી અને જાડપણે ચાર યોજન હતી. જાણે ઈન્દ્રની લક્ષ્મીની શય્યા હોય તેવી તે જણાતી હતી. તેની ઉપર જાણે સર્વ તેજના સારનો પિંડ કરીને બનાવ્યું હોય એવું એક સિંહાસન હતું. તે સિંહાસનની ઉપર અપૂર્વ શોભાવાળું, વિચિત્ર રત્નોથી જડેલું અને પોતાના કિરણોથી આકાશને વ્યાપ્ત કરનારું એક વિજયવસ્ત્ર દીપતું હતું. તેના મધ્યમાં હાથીના કર્ણમાં હોય તેવું એક વજ્રાંકુશ અને લક્ષ્મીને ક્રીડા કરવાના હિંડોળા જેવી કુંભિક જાતના મોતીના માળા શોભતી હતી અને તે મુક્તાદામની આસપાસ જાણે ગંગા નદીના અંતર હોય તેવી–તેના કરતાં અર્ધ વિસ્તારવાળી અર્દ્ધકુંભિક મોતીની માળાઓ શોભી રહી હતી. સ્પર્શસુખના લોભથી જાણે સ્ખલના પામેલ હોય તેવા મંદ ગતિવાળા પૂર્વ દિશાઓના વાયુથી તે માળાઓ મંદ મંદ ડોલતી હતી. તેની અંદર સંચાર કરતો પવન શ્રવણને સુખ આપે એવા શબ્દ કરતો હતો, તેથી જાણે પ્રિય બોલનારની જેમ ઈન્દ્રના નિર્મળ યશનું ગાન કરતો હોય તેવો તે જણાતો હતો. તે સિંહાસનને આશ્રયીને વાયવ્ય અને ઉત્તર દિશાના મધ્યમાં તથા ઉત્તર અને પૂર્વ દિશાના મધ્યમાં, જાણે સ્વર્ગલક્ષ્મીના મુગટ હોય તેવા ચોરાશી હજાર સામાનિક દેવતાઓના ચોરાશી હજાર ભદ્રાસનો રચ્યાં હતાં; પૂર્વ દિશામાં આઠ અગ્રમહિષી (ઈન્દ્રાણીઓ)નાં આઠ આસનો હતો, તે જાણે સહોદર હોય તેમ સદશ આકારે શોભતાં હતાં; દક્ષિણ પૂર્વના મધ્યમાં અભ્યંતર સભાનાં સભાસદોના બાર હજાર ભદ્રાસનો હતાં, દક્ષિણમાં મધ્ય સભાનાં સભાસદ એવા ચૌદ હજાર દેવતાઓના

---

૧ પગથીઆની. ૨ ગંગા, સિંધુ અને રોહિતાશા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અનુક્રમે ચૌદ હજાર ભદ્રાસનો હતાં. દક્ષિણ પશ્ચિમના મધ્યમાં બાહ્ય પર્ષદાના સોળ હજાર દેવતાઓનાં સોળ હજાર સિંહાસનોની પંક્તિ હત, પશ્ચિમ દિશામાં જાણે એક બીજા નાં પ્રતિબિંબ હોય તેવા સાત પ્રકારની સેનાના સેનાપતિ દેવતાઓના સાત આસનો હત અને મેરુપર્વતની ચોતરફ જેમ નક્ષત્રો શોભે તેમ શક્ર સિંહાસનની ચારે તરફ ચોરાશી હજાર આત્મરક્ષક દેવતાઓનાં ચોરાશી ચોરાશી હજાર આસનો શોભતાં હતાં. એવી રીતે પરિપૂર્ણ વિમાન રચીને આભિયોગિક દેવતાઓએ ઇન્દ્રને જાણ કરી, એટલે ઇન્દ્રે તત્કાળ ઉત્તર વૈક્રિય રૂપ કર્યું. **ઇચ્છા પ્રમાણે રૂપ કરવું એ દેવતાઓનો સ્વભાવ છે.**

પછી જાણે દિશાઓની લક્ષ્મી જ હોયની તેવી આઠ પટ્ટરાણીઓ સહિત ગંધર્વોનાં અને નાટયનાં સૈન્યોનું કૌતુક જોતો જોતો, શક્ર વિમાનને પ્રદક્ષિણા દઈ, પૂર્વ તરફનાં પગથીઆના માર્ગથી પોતાના માનની જેવા ઉન્નત વિમાનની ઉપર ચડયા અને માણિક્યની ભીંતોમાં પડેલાં તેનાં અંગના પ્રતિબિંબથી જાણે તેનાં હજારો અંગ હોય તેવા જણાતા સૌધર્મેંદ્ર પૂર્વાભિમુખ થઈને પોતાના આસન ઉપર બેઠા. પછી જાણે ઇન્દ્રના બીજા રૂપ હોય તેવા તેના સામાનિક દેવતાઓ ઉત્તર તરફના સોપાનવડે ઉપર ચડીને પોતપોતાના આસન ઉપર બેઠા. એટલે બીજા દેવતાઓ પણ દક્ષિણ તરફના સોપાનવડે ઉપર ચડીને પોતાનાં આસનો ઉપર બેઠા. કેમકે **સ્વામીની પાસે આસનનું ઉલ્લંઘન થતું નથી.** સિંહાસન ઉપર બેઠેલા શચીપતિની આગળ દર્પણ વિગેરે અષ્ટ માંગળિક શોભવા લાગ્યા. મસ્તકે ચંદ્રના જેવું ઉજ્જવળ છત્ર શોભવા લાગ્યું અને જાણે ચાલતા બે હંસો હોય તેવા બે બાજુએ ચામરો ઢોળાવા લાગ્યા. નિર્ઝરણાથી જેમ પર્વત શોભે તેમ પતાકાઓથી શોભતો હજાર યોજન ઊંચો એક ઇંદ્રધ્વજ વિમાનની આગળ ફરકી રહ્યો. તે વખતે નદીઓના પ્રવાહથી વીંટાયેલો જેમ સાગર શોભે તેમ સામાનિક વિગેરે કરોડો દેવતાઓથી વીંટાયેલ ઇંદ્ર શોભવા લાગ્યો. બીજા દેવતાઓના વિમાનોથી તે વિમાન વીંટાયેલું હતું, તેથી મંડલાકાર ચૈત્યોથી વીંટાયેલું જેમ મૂળ ચૈત્ય શોભે તેમ તે પણ ઊંચે પ્રકારે શોભતું હતું. વિમાનની સુંદર માણિક્યમય ભીંતોની અંદર એક બીજા વિમાનનાં પ્રતિબિંબો પડતાં હતાં, તેથી જાણે વિમાનો, વિમાનોથી ગર્ભવાળાં થયાં હોય તેવાં જણાતાં હતાં.

દિશાઓના મુખમાં પ્રતિધ્વનિરૂપ થયેલા બંદીજનોના જયધ્વનિથી, દુંદુભિના શબ્દોથી અને ગંધર્વોના તથા નાટકનાં વાજીંત્રોના અવાજથી જાણે આકાશને વિદારણ કરતું હોય તેવું તે વિમાન ઇંદ્રની ઇચ્છાથી સૌધર્મ દેવલોકના મધ્યમાં થઈને ચાલ્યું. સૌધર્મ દેવલોકની ઉત્તરે થઈને જરા વાંકું (તિર્ચ્છું) ઉતરતું તે વિમાન લાખ યોજનના વિસ્તારવાળું હોવાથી, જંબૂદ્વીપને આચ્છાદન કરવાનું ઢાંકણું હોય તેવું જણાવા લાગ્યું. તે વખતે રસ્તે ચાલનારા દેવો એક બીજાને આ પ્રમાણે કહેવા લાગ્યા—હે હસ્તિવાહન! દૂર જાઓ, કેમકે તમારા હસ્તીને મારો સિંહ સહન કરશે નહીં. હે અશ્વના વાહનવાળા! તમે જરા છેટે રહો, આ મારો ઊંટ ક્રોધ પામ્યો છે તે તમારા અશ્વને સહન નહીં કરે. હે મૃગવાહન! તમે નજીક આવશો નહીં, કેમકે મારો હાથી તમારા મૃગને ઈજા કરશે. હે સર્પના વાહનવાળા! અહીંથી દૂર જાઓ. જુઓ, આ મારું વાહન ગરુડ છે તે તમારા સર્પને કષ્ટ પમાડશે. અરે ભાઈ! તું મારી ગતિને વિઘ્ન કરતો આડો કેમ પડે છે અને મારા વિમાનની સાથે તારા વિમાનનો સંઘટ્ટ કેમ કરે છે? બીજો કહે, 'અરે! હું પછવાડે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રહ્યો છું અને ઇંદ્ર શીઘ્રપણે ચાલ્યા જાય છે, માટે પરસ્પર અથડાવવાથી કોપ કરો નહીં. **કેમકે પર્વના દિવસ સાંકડાં જ હોય છે,** અર્થાત્ પર્વના દિવસોમાં ભીડ જ થાય છે.' આ પ્રમાણે ઉત્સુકપણાથી ઇંદ્રની પછવાડે ચાલનાર સૌધર્મ દેવલોકના દેવતાઓનો મોટો કોલાહલ થવા લાગ્યો. એ પ્રસંગે મોટા ધ્વજપટવાળું તે પાલક વિમાન સમુદ્રના મધ્ય શિખરથી ઉતરતું જેમ નાવ શોભે તેમ આકાશમાંથી ઉતરતું શોભવા લાગ્યું. જાણે મેઘમંડલ પંક્તિ થયેલા સ્વર્ગને નમાડતું હોય તેમ વૃક્ષોની મધ્યમાં ચાલનારા હસ્તીની જેમ નક્ષત્રચક્રની મધ્યમાં ચાલતું તે વિમાન આકાશમાં ગતિ કરતું કરતું વાયુના વેગથી અસંખ્ય દ્વીપસમુદ્રનું ઉલ્લંઘન કરીને નંદીશ્વરદ્વીપે આવ્યું. વિદ્વાન્ પુરુષ જેમ ગ્રંથનો સંક્ષેપ કરે તેમ તે દ્વીપમાં દક્ષિણ પૂર્વના મધ્યભાગમાં આવેલા **રતિકર** પર્વતની ઉપર ઇંદ્રે તે વિમાનને સંક્ષિપ્ત કર્યું. ત્યાંથી આગળ કેટલાએક દ્વીપસમુદ્રને ઉલ્લંઘી તે વિમાનનો અનુક્રમે તેથી પણ સંક્ષેપ કરતો ઇંદ્ર જંબૂદ્વીપના દક્ષિણ ભરતાર્દ્ધમાં આદિ તીર્થંકરના જન્મભુવનને વિશે આવી પહોંચ્યો. સૂર્ય જેમ મેરુપર્વતની પ્રદક્ષિણા કરે તેમ તેણે તે વિમાનથી પ્રભુના સૂતિકાગૃહની પ્રદક્ષિણા કરી અને પછી ઘરના ખૂણામાં જેમ નિધિ સ્થાપન કરે તેમ ઈશાન ખૂણામાં તે વિમાનને સ્થાપન કર્યું.

પછી મહામુનિ જેમ માનથી ઉતરે (માનનો ત્યાગ કરે) તેમ વિમાનમાંથી ઉતરીને પ્રસન્ન મનવાળો શક્રેંદ્ર પ્રભુની પાસે આવ્યો. પ્રભુને જોતાં જ તે દેવાગ્રણીએ પ્રથમ પ્રણામ કર્યો, કેમકે **'સ્વામીનું દર્શન થતાં પ્રણામ કરવો તે સ્વામીને પહેલી ભેટ છે.'** પછી માતા સહિત પ્રભુને પ્રદક્ષિણા કરીને ફરીથી પ્રણામ કર્યા, **કેમકે ભક્તિમાં પુનરૂક્ત દોષ થતો નથી.** દેવતાઓએ મસ્તક ઉપર અભિષિક્ત કરેલો તે ભક્તિમાન ઇંદ્ર, મસ્તક ઉપર અંજલિ જોડી સ્વામિની મરુદેવાને આ પ્રમાણે કહેવા લાગ્યા—'પોતાના ઉદરના રત્નરૂપ પુત્રને ધારણ કરનારા અને જગદીપકને પ્રસવનાર હે જગન્માતા ! હું તને નમસ્કાર કરું છું, તમે ધન્ય છો, તમે પુણ્યવંત છો અને તમે સફળ જન્મવાળા તથા ઉત્તમ લક્ષણોથી યુક્ત છો. ત્રણ ભુવનમાં પુત્રવાળી સ્ત્રીઓમાં તમે પવિત્ર છો, કારણ કે તમે ધર્મનો ઉદ્ધાર કરવામાં અગ્રેસર અને આચ્છાદિત થયેલા મોક્ષમાર્ગને પ્રગટ કરનાર ભગવાન આદિતીર્થંકરને જન્મ આપ્યો છે. હે દેવિ ! હું સૌધર્મ દેવલોકનો ઇંદ્ર છું, તમારા પુત્ર અર્હંતનો જન્મોત્સવ કરવાને હું અહીં આવેલો છું, માટે તમારે મારો ભય રાખવો નહીં.' એવી રીતે કહીને સુરપતિએ મરુદેવા માતા ઉપર **અવસ્વાપનિકા** નામની નિદ્રા નિર્માણ કરી અને પ્રભુનું એક પ્રતિબિંબ કરીને તેમના પાર્શ્વ ભાગમાં મૂક્યું. પછી ઇંદ્રે પોતાનાં પાંચ રૂપ કર્યાં; કેમકે તેવી શક્તિવાળાઓ અનેક રૂપે સ્વામીની યોગ્ય ભક્તિ કરવામાં ઇચ્છાવાન હોય છે. તેમાંથી એક રૂપે ભગવંતની સમીપે આવી, પ્રણામ કરી, વિનયથી નમ્ર થઈ 'હે ભગવન્ ! આજ્ઞા આપો' એમ કહી કલ્યાણકારી ભક્તિવાળા તેણે ગોશીર્ષ ચંદનથી ચર્ચેલા પોતાના બે હાથથી જાણે મૂર્તિમાન્ કલ્યાણ હોય તેવા ભુવનેશ્વર ભગવાનને ગ્રહણ કર્યા. એક રૂપે જગતના તાપનો નાશ કરવામાં છત્રરૂપ એવા જગત્પતિના મસ્તક ઉપર પૃષ્ઠ ભાગમાં રહી છત્ર ધર્યું. સ્વામીની બંને બાજુએ બાહુ દંડની પેઠે રહેલાં બે રૂપે સુંદર ચામરો ધારણ કર્યાં, અને એક રૂપે જાણે મુખ્ય દ્વારપાળ હોય તેમ વજ્ર ધારણ કરીને ભગવાનની આગળ રહ્યો. જય જય શબ્દોથી આકાશને એક શબ્દમય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરતા દેવતાઓથી વીંટાઈ રહેલા અને આકાશની જેવા નિર્મળ ચિત્તવાળા ઇંદ્ર પાંચ રૂપે આકાશમાર્ગે ચાલ્યા. તૃષાતુર થયેલા પંથીઓની દષ્ટિ જેમ અમૃત સરોવર ઉપર પડે તેમ ઉત્કંઠિત દેવતાઓની દૃષ્ટિ ભગવાનના અદ્‌ભુત રૂપ ઉપર પડી. ભગવાનનું અદ્‌ભુત રૂપ જોવાને પછાત રહેલા (આગળ ચાલનારા) દેવતાઓ, પોતાના પૃષ્ઠ ભાગમાં નેત્રને ઇચ્છતા હતા. બે બાજુ ચાલનારા દેવો, સ્વામીને જોવામાં તૃપ્તિ પામ્યા નહીં, તેથી જાણે સ્તંભિત થયા હોય તેવાં પોતાનાં નેત્રોને, બીજી તરફ ફેરવી શકયા નહીં. પછવાડે રહેલા દેવતાઓ ભગવાનને જોવા આગળ આવવાની ઈચ્છા કરતા હતા, તેથી તેઓ ઉલ્લંઘન થતા પોતાના મિત્ર તથા સ્વામીને પણ ગણતા ન હોતા. પછી દેવતાઓના પતિ ઇંદ્ર, હૃદયની અંદર રાખેલા હોય તેમ ભગવાનને પોતાના હૃદયની સમિપે રાખીને મેરુપર્વત ઉપર ગયા. ત્યાં પાંડુકવનમાં ચૂલિકાની દક્ષિણે નિર્મળ કાંતિવાળી **અતિપાંડુકંબલા** નામે શિલાની ઉપર અર્હંતસ્નાત્રને યોગ્ય સિંહાસન ઉપર પૂર્વ દિશાના પતિ ઇન્દ્ર હર્ષસહિત પ્રભુને પોતાના ઉત્સંગમાં લઈને બેઠા.

જે વખતે સૌધર્મેંદ્ર મેરુપર્વત ઉપર આવ્યા તે જ વખતે **મહાઘોષા** ઘંટાના નાદથી પ્રબોધિત થયેલ અઠ્ઠાવીશ લાખ વિમાનવાસી દેવતાઓથી પરવરેલા, ત્રિશૂલધારી, વૃષભના વાહનવાળા, ઈશાન કલ્પના અધિપતિ **ઇશાનેંદ્ર** તેના **પુષ્પક** નામનાં આભિયોગિક દેવતાએ રચેલા **પુષ્પક** નામના વિમાનમાં બેસી, દક્ષિણ દિશાને રસ્તે ઇશાનકલ્પથી નીચે ઊતરી, તિર્છા ચાલી, નંદીશ્વરદ્વીપે આવી, તે દ્વીપના ઇશાનખૂણામાં રહેલા **રતિકર** પર્વત ઉપર સૌધર્મેંદ્રની પેઠે પોતાનું વિમાન સંક્ષેપીને મેરુપર્વત ઉપર ભગવંતની સમીપે ભક્તિ સહિત આવ્યા. **સનત્કુમાર** ઇન્દ્ર પણ બાર લાખ વિમાનવાસી દેવતાઓથી પરવરી **સુમન** નામના વિમાનમાં બેસીને આવ્યા. **મહેંદ્ર** નામના ઇન્દ્ર આઠ લાખ વિમાનવાસી દેવતાઓ સહિત **શ્રીવત્સ** નામના વિમાનમાં બેસીને મનની જેમ ઉતાવળે ત્યાં આવ્યા. **બ્રહ્મેંદ્ર** નામના ઇન્દ્ર ચાર લાખ વિમાનવાસી દેવતાઓ સાથે પરવરી **નંદ્યાવર્ત્ત** નામના વિમાનમાં બેસી પ્રભુની પાસે આવ્યા. **લાંતક** નામે ઇન્દ્ર પચાસ હજાર વિમાનવાસી દેવો સાથે **કામગવ** નામના વિમાનમાં બેસી જિનેશ્વરની પાસે આવ્યા. **શુક્ર** નામે ઇન્દ્ર ચાલીસ હજાર વિમાનવાસી દેવતાઓ સાથે **પીતિગમ** નામના વિમાનમાં બેસી મેરુપર્વત ઉપર આવ્યા. **સહસ્રાર** નામે ઇન્દ્ર છ હજાર વિમાનવાસી દેવતાઓની સાથે **મનોરમ** નામના વિમાનમાં બેસી જિનેશ્વર પાસે આવ્યા. **આનતપ્રાણત** દેવલોકના ઇન્દ્ર ચારશેં વિમાનવાસી દેવોની સાથે પોતાના **વિમલ** નામના વિમાનમાં બેસીને આવ્યા અને **આરણાચ્યુત** દેવલોકના ઇન્દ્ર પણ ત્રણશેં વિમાનવાસી દેવોની સાથે પોતાના અતિ વેગવાળા **સર્વતોભદ્ર** નામના વિમાનમાં બેસીને આવ્યા.

તે જ વખતે રત્નપ્રભા પૃથ્વીના જાડપણાની* અંદર નિવાસ કરનારા ભુવનપતિ અને વ્યંતરના ઇન્દ્રોનાં આસનો કંપ્યાં. **ચમરચંચા** નામની નગરીમાં સુધર્મા સભાની અંદર ચમર નામના સિંહાસન ઉપર ચમરાસુર (**ચમરેંદ્ર**) બેઠા હતા, તેણે અવધિજ્ઞાનવડે ભગવાનનો જન્મ જાણીને સર્વ દેવતાઓને જણાવવા માટે પોતાના **દ્રુમ** નામના સેનાપતિ પાસે **ઓઘસ્વરા** નામે ઘંટા વગડાવી. પછી પોતાના ચોસઠ હજાર સામાનિક દેવતાઓ, તેત્રીશ ત્રાયસ્ત્રિંશક (ગુરુસ્થાનને યોગ્ય) દેવો, ચાર લોકપાળ, પાંચ અગ્રમહિષીઓ, અભ્યંતર–મધ્ય–બાહ્ય એ ત્રણ પર્ષદાના દેવો, સાત પ્રકારનું સૈન્ય, સાત સેનાપતિઓ અને

*રત્નપ્રભા પૃથ્વીનું ૧૮૦૦૦૦ યોજન જાડાપણું છે તેમાં તે રહે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચારે દિશાએ રહેનારા ચોસઠ હજાર આત્મરક્ષક દેવો તથા બીજા ઉત્તમ ઋદ્ધિવાળા અસુરકુમાર દેવોથી પરવરેલો તે, અભિયોગ્ય દેવે તત્કાળ રચેલા, પાંચશેં યોજન ઊંચા મોટા ધ્વજથી શોભિત અને પચાસ હજાર યોજન વિસ્તારવાળા વિમાનમાં બેસીને ભગવાનનો જન્મોત્સવ કરવાની ઈચ્છાથી ચાલ્યો. તે ચમરેંદ્ર પણ **શક્રેંદ્રની** પેઠે પોતાના વિમાનને માર્ગમાં સંક્ષેપીને સ્વામીના આગમનવડે પવિત્ર થએલા મેરુપર્વતના શિખર ઉપર આવ્યો. **બલિચંચા** નામે નગરીનો **બલિ** નામનો **ઇન્દ્ર** પણ **મહૌઘસ્વરા** નામની દીર્ઘઘંટા વગડાવીને **મહાદ્રુમ** નામના સેનાપતિના બોલાવવાથી આવેલા સાઠ હજાર સામાનિક દેવતાઓ, તેથી ચારગુણા અંગરક્ષક દેવતાઓ તથા બીજા ત્રાયસ્ત્રિંશક વિગેરે દેવતાઓ સહિત ચમરેંદ્રની પેઠે અમંદ આનંદનાં મંદિરરૂપ મેરુપર્વત ઉપર આવ્યો. નાગકુમારનો **ધરણ** નામે **ઇન્દ્ર મેઘસ્વરા** નામની ઘંટા વગડાવીને **ભદ્રસેન** નામના પોતાની પાયદલ સેનાને અધિપતિએ પ્રબોધ કરેલા છ હજાર સામાનિક દેવતાઓ, તેથી ચારગુણા આત્મરક્ષક દેવતાઓ, છ પોતાની પટ્ટદેવીઓ (ઈન્દ્રાણીઓ) અને બીજા પણ નાગકુમાર દેવોથી યુકત થઈને પચીશ હજાર યોજન વિસ્તારવાળા, અઢીશેં યોજન ઊંચા અને ઇન્દ્રધ્વજથી શોભિત વિમાનમાં બેસીને ભગવાનના દર્શનને માટે ઉત્સુક થઈ મંદરાચલ (મેરુ)ના મસ્તક ઉપર ક્ષણવારમાં આવ્યો. **ભૂતાનંદ** નામે નાગેન્દ્ર પોતાની **મેઘસ્વરા** નામની ઘંટા વગડાવીને, **દક્ષ** નામના સેનાપતિએ બોલાવેલા સામાનિક વિગેરે દેવતાઓ સહિત આભિયોગિક દેવતાએ રચેલા વિમાનમાં બેસી, ત્રણ જગતના નાથવડે સનાથ થયેલા મેરુપર્વત ઉપર આવ્યો તેમજ વિદ્યુત્કુમારના ઇન્દ્ર **હરિ** અને **હરિસ્સહ**, સુવર્ણકુમાર ઇન્દ્ર **વેણુદેવ** અને **વેણુદારી**, અગ્નિકુમારના ઇન્દ્ર **અગ્નિશિખ** અને **અગ્નિમાણવ**, વાયુકુમારના **ઇન્દ્ર વેલંબ** અને **પ્રભંજન**, સ્તનિતકુમારના ઇન્દ્ર **સુઘોષ** અને **મહાઘોષ**, ઉદધિકુમારના ઇંદ્ર **જલકાંત** અને **જલપ્રભ**, દ્વીપકુમારના ઇન્દ્ર **પૂર્ણ** અને **અવશિષ્ટ** અને દિક્કુમારના ઇન્દ્ર **અમિત** અને **અમિતવાહન** પણ આવ્યા.

વ્યંતરોમાં પિશાચના ઇંદ્ર **કાળ** અને **મહાકાળ**, ભૂતના ઇન્દ્ર **સુરૂપ** અને **પ્રતિરૂપ**, યક્ષના ઇંદ્ર **પૂર્ણભદ્ર** અને **મણિભદ્ર**, રાક્ષસોના ઇંદ્ર **ભીમ** અને **મહાભીમ**, કિન્નરોના ઇંદ્ર **કિન્નર** અને **કિંપુરુષ**, કિંપુરુષના ઇંદ્ર **સત્પુરુષ** અને **મહાપુરુષ**, મહોરગના ઇન્દ્ર **અતિકાય** અને **મહાકાય**, ગંધર્વોના ઇંદ્ર **ગીતરતિ** અને **ગીતયશા**, અપ્રજ્ઞપ્તિ અને પંચપ્રજ્ઞપ્તિ વિગેરે વ્યંતરની બીજી આઠ નિકાય જે વાણવ્યંતર કહેવાય છે તેના સોળ ઇન્દ્રો, તેમાં અપ્રજ્ઞપ્તિના ઇન્દ્ર **સંનિહિત** અને **સમાનક**, પંચપ્રજ્ઞપ્તિના ઇન્દ્ર **ધાતા** અને **વિધાતા**, ઋષિવાદિતના ઇંદ્ર **ઋષિ** અને **ઋષિપાલક**, ભૂતવાદિતના ઇન્દ્ર **ઇશ્વર** અને **મહેશ્વર**, ક્રંદિતના ઇન્દ્ર **સુવત્સક** અને **વિશાલક**, મહાક્રંદિતના ઇન્દ્ર **હાસ** અને **હાસરતિ**, કુષ્માંડના ઇન્દ્ર **શ્વેત** અને **મહાશ્વેત**, પાવકના ઇન્દ્ર **પવક** અને **પવકપતિ** અને જ્યોતિષ્કોના અસંખ્યાતા **સૂર્ય** અને **ચંદ્ર** એ બે નામના જ ઇન્દ્રો—એવી રીતે કુલ ચોસઠ ઇન્દ્રો× મેરુપર્વત ઉપર એક સાથે આવ્યા.

---

×વૈમાનિકના દશ ઇન્દ્ર, ભૂવનપતિની દશ નિકાયના વીશ ઇન્દ્ર, વ્યંતરોના (૩૨) ઇન્દ્ર અને જ્યોતિષ્કોના બે ઇન્દ્રો ગણતાં ૬૪ ઇન્દ્ર થાય છે; પરંતુ જ્યોતિષ્કોના ઇન્દ્રો સૂર્ય ચંદ્ર નામના અસંખ્યાતા આવતા હોવાથી અસંખ્યાત ઇન્દ્રો પ્રભુનો જન્મોત્સવ કરે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પછી અચ્યુત ઇન્દ્રે જિનેશ્વરના જન્મ ઉત્સવને માટે ઉપકરણો લાવવાની આભિયોગિક દેવતાઓને આજ્ઞા કરી, એટલે તેઓએ ઇશાન દિશા તરફ જઈ, વૈક્રિય સમુદ્ઘાતવડે ક્ષણવારમાં ઉત્તમ પુદ્ગળોનું આકર્ષણ કરીને સુવર્ણના, રૂપાના, રત્નના, સુવર્ણ અને રૂપાના, સુવર્ણ અને રત્નના, સુવર્ણ, રૂપું અને રત્નના, રૂપાના અને રત્નના, તેમજ મૃત્તિકાના એક યોજન ઊંચા એવા આઠ જાતિના પ્રત્યેકે એક હજાર ને આઠ સુંદર કળશો બનાવ્યા. કુંભોની સંખ્યા પ્રમાણે, તે જ પ્રમાણેની સુવર્ણાદિ આઠ જાતિઓની ઝારીઓ, દર્પણ, રત્નના કરંડિઆ, સુપ્રતિષ્ઠક (ડાબલા), થાળ, પાત્રિકા અને પુષ્પોની ચગેરીઓ–એ સર્વે જાણે અગાઉથી જ રચી રાખ્યાં હોય તેમ તત્કાળ બનાવીને ત્યાં લાવ્યા. પછી વરસાદના પાણીની પેઠે ક્ષીરનિધિમાંથી તેઓએ તે કળશો ભરી લીધા અને જાણે ઇંદ્રને ક્ષીરનિધિના જળનું અભિજ્ઞાન બતાવવાને માટે જ હોય તેમ પુંડરીક, ઉત્પલ અને કોકનદ જાતનાં કમળો પણ ત્યાંથી સાથે લીધાં. જળ ભરનારા પુરુષો કુંભવડે જળાશયમાંથી જળ ગ્રહણ કરે તેમ હાથમાં કુંભ ધારણ કરેલા તે દેવોએ પુષ્કરવર સમુદ્રમાંથી પુષ્કર જાતનાં કમળો ગ્રહણ કર્યાં. જાણે અધિક કુંભો કરવાને માટે જ હોયની તેમ માગધાદિ તીર્થોમાંથી તેઓએ જળ અને મૃત્તિકા ગ્રહણ કરી. માલ લેનારા પુરુષો જેમ વાનકી ગ્રહણ કરે તેમ ગંગા વિગેરે મહા-નદીમાંથી જળ ગ્રહણ કર્યું. જાણે અગાઉથી થાપણ મૂકેલી હોય તેમ **ક્ષુદ્રહિમવંત** પર્વત ઉપરથી સિદ્ધાર્થ (સર્ષપ), પુષ્પ, શ્રેષ્ઠ ગંધદ્રવ્ય અને સર્વૌષધિ ગ્રહણ કરી. તે જ પર્વત ઉપરનાં પદ્મ નામના દ્રહમાંથી નિર્મળ, સુગંધી અને પવિત્ર જળ અને કમળ ગ્રહણ કર્યાં. એક જ કાર્યમાં પ્રેરેલા હોવાથી જાણે પરસ્પર સ્પર્ધા કરતા હોય તેમ બીજાઓએ બીજા વર્ષધર પર્વત ઉપરના દ્રહોમાંથી પણ પદ્મ વિગેરે ગ્રહણ કર્યાં. સર્વ ક્ષેત્રોમાંથી, વૈતાઢ્ય ઉપરથી અને વિજયોમાંથી અતૃપ્ત એવા તે દેવતાઓએ સ્વામીના પ્રાસાદની જેમ જળ અને કમળ વિગેરે ગ્રહણ કર્યાં. જાણે તેમને માટે જ એકઠી કરી રાખેલ હોય તેમ **વક્ષસ્કાર** પર્વત ઉપરથી બીજી પવિત્ર અને સુગંધી વસ્તુઓ તેમણે ગ્રહણ કરી. શ્રેયવડે કરીને જાણે પોતાના આત્માને જ પૂરતા હોય તેમ આળસ રહિત એવા તે દેવોએ દેવકુરુ અને ઉત્તરકુરુ ક્ષેત્રોમાં રહેલાં દ્રહોનાં જળવડે તે કળશો પૂર્યા (ભર્યા). **ભદ્રશાળ, નંદન, સૌમનસ** અને **પાંડુક** વનમાંથી તેઓએ ગોશીર્ષ ચંદન વિગેરે વસ્તુઓ ગ્રહણ કરી. એ પ્રમાણે ગંધકાર જેમ સર્વ પ્રકારના ગંધદ્રવ્યને એકઠાં કરે તેમ તેઓ ગંધદ્રવ્ય અને જળને એકઠાં કરીને તત્કાળ મેરુપર્વત ઉપર આવ્યા.

હવે દશ હજાર સામાનિક દેવતાઓ, ચાળીશ હજાર આત્મરક્ષક દેવતાઓ, તેત્રીશ ત્રાયસ્ત્રિંશક દેવતાઓ, ત્રણ સભાના સર્વ દેવતાઓ, ચાર લોકપાળ, સાત મોટાં સૈન્ય અને સાત સેનાપતિઓથી પરવરેલો આરણાચ્યુત દેવલોકનો ઇંદ્ર, પવિત્ર થઇને ભગવાનને સ્નાન કરાવવાને ઉદ્યમવંત થયો. પ્રથમ અચ્યુતઇંદ્રે ઉત્તરાસંગ કરી નિઃસંગ ભક્તિથી વિકાસ પામેલા પારિજાત વિગેરે પુષ્પોની અંજલિ ગ્રહણ કરી, અને સુગંધી ધૂપના ધૂમ્રથી ધૂપિત કરી ત્રિજગત્પતિની પાસે તેણે તે કુસુમાંજલિ મૂકી. એટલે દેવતાઓએ ભગવંતનું સાન્નિધ્ય-પણું પામવાના અદ્ભુત આનંદથી જાણે હસતા હોય તેવા અને પુષ્પમાળાથી અર્ચિત કરેલા સુગંધી જળના કળશો લાવીને ત્યાં મૂક્યા. તે જળકળશોના મુખભાગ ઉપર ભ્રમરાઓના



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શબ્દોથી શબ્દમય થયેલાં કમળો હતાં, તેથી જાણે તે ભગવાનના પ્રથમ સ્નાત્રમંગલનો પાઠ ભણતા હોય તેવા જણાતા હતા અને સ્વામીને સ્નાન કરવાને માટે પાતાલકલશો હોય તેવા તે કલશો જણાતા હતા. અચ્યુત ઇન્દ્રે પોતાના સામાનિક દેવતાઓની સાથે જાણે પોતાની સંપત્તિના ફળરૂપ હોયની તેવા એક હજાર ને આઠ કુંભો ગ્રહણ કર્યા. ઊંચા કરેલા ભુજદંડના અગ્રવર્ત્તિ એવા તે કુંભો, જેનાં નાલવાં ઊંચાં કરેલાં હોય તેવા કમલકોશની શોભાની વિડંબના કરતા હતા અર્થાત્ તેથી વિશેષ શોભતા હતા.

પછી અચ્યુતઈંદ્રે પોતાના મસ્તકની જેમ કલશને જરા નમાવી જગત્પતિને સ્નાન કરાવવાનો આરંભ કર્યો. તે વખતે કેટલાએક દેવતાઓ ગુફામાં થતા પ્રતિશબ્દોથી જાણે મેરુપર્વતને વાચાલ કરતા હોય એવા આનક નામના મૃદંગો વગાડવા લાગ્યા; ભક્તિમાં તત્પર એવા કેટલાએક દેવો મથન કરાતા મહાસાગરના ધ્વનિની શોભાને ચોરનાર શબ્દ વાળી દુંદુભીઓ વગાડવા લાગ્યા; કેટલાએક દેવો ઘણા તાનમાં આવીને પવન જેમ આકુલ ધ્વનિવાળા પ્રવાહના તરંગોને અથડાવે તેમ કાંસીઓને પરસ્પર અથડાવીને વગાડવા લાગ્યા; કેટલાએક દેવતાઓ જાણે ઊર્ધ્વલોકમાં જિનેંદ્રની આજ્ઞાને વિસ્તારતી હોય તેવી ઊંચા મુખવાળી ભેરી ઊંચા સ્વરથી વગાડવા લાગ્યા; મેરુપર્વતના શિખર ઉપર રહીને કેટલાએક દેવો ગોવાળ લોકો જેમ ગાયની શીંગડીઓ વગાડે તેમ મોટા નાદવાળા કાહલ નામનાં વાજીંત્ર વગાડવા લાગ્યા; કેટલાક દેવતાઓ ઉદ્ઘોષ કરવાને માટે દુષ્ટ શિષ્યોને હસ્તવડે તાડન કરવાની જેમ પોતાના હાથથી મુરજ નામના વાદ્યને તાડન કરવા લાગ્યા; કેટલાક દેવતાઓ ત્યાં આવેલા અસંખ્ય સૂર્ય ચંદ્રની લક્ષ્મીને હરનારી સુવર્ણની અને રૂપાની ઝાલરો વગાડવા લાગ્યા અને કેટલાએક દેવતાઓ જાણે અમૃતના કોગળા ભર્યા હોયની તેમ પોતાના ઉન્નત ગાલો ફુલાવીને શંખ વગાડવા લાગ્યા. એવી રીતે દેવતાઓએ વગાડેલા વિચિત્ર પ્રકારનાં વાજીંત્રોના પડછંદાથી જાણે આકાશ પણ વાદક (વગાડનાર) વિનાનું એક વાદ્ય હોય તેવું થઈ ગયું. ચારણમુનિઓ 'હે જગન્નાથ ! હે સિદ્ધિગામી ! હે કૃપાર્ણવ ! હે ધર્મપ્રવર્ત્તક ! તમે જય પામો, તમે આનંદ પામો' એમ બોલવા લાગ્યા. જાત જાતનાં ધ્રુવપદ, ઉત્સાહ અને સ્કંધક—એ પ્રકારના તથા ગલિત અને વસ્તુવદન—એ પ્રકારનાં પદ્યો અને મનોહર ગદ્યોથી ભગવંતની સ્તુતિ કર્યા પછી પોતાના પરિવારના દેવતાઓ સહિત અચ્યુતેન્દ્ર ભુવનભર્ત્તા ઉપર ધીમે ધીમે કુંભજળ નાખવા લાગ્યો.

ભગવાનના મસ્તક ઉપર જળધારા વરસાવતા તે કુંભો મેરુપર્વતના શિખર ઉપર વરસતા વરસાદની જેવા શોભવા લાગ્યા. ભગવાનના મસ્તકની બંને બાજુ દેવતાઓએ નમાવેલા તે કુંભો માણિકયના મુગટની શોભાને ધારણ કરવા લાગ્યા. એક યોજનના મુખવાળા કુંભોમાંથી પડતી એવી તે જળની ધારાઓ પર્વતની ગુફામાંથી નીકળતી નિર્ઝરણાની જેવી શોભવા લાગી. પ્રભુના મુગટ ભાગથી ઉછળીને ચોતરફ પડતા જળના છાંટાઓ જાણે ધર્મરૂપી વૃક્ષના અંકુરા હોય તેવા શોભતા હતા. પ્રભુના શરીર ઉપર પડતાં જ મંડલાકારે વિસ્તાર પામેલું કુંભજળ મસ્તક ઉપર શ્વેત છત્ર જેવું, લલાટ ભાગને વિષે પ્રસાર પામેલી કાંતિવાળા લલાટના આભૂષણ જેવું, કર્ણભાગમાં ત્યાં આવીને વિશ્રાંત થયેલ નેત્રોની કાંતિ જેવું, કપોલ ભાગમાં કર્પૂરની પત્રવલ્લીના સમૂહ જેવું, મનોહર હોઠને વિષે સ્મિત હાસ્યની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કાંતિના કલાપ જેવું, કંઠ દેશને વિષે મનોહર મોતીની માળા જેવું, સ્કંધ ઉપર ગોશીર્ષ-ચંદનના તિલક જેવું, બાહુ, હૃદય અને પૃષ્ઠ ભાગને વિષે વિશાળ વસ્ત્ર જેવું અને કટી તથા જાનુના અંતરભાગમાં વિસ્તાર પામેલા ઉત્તરીય વસ્ત્ર જેવું—એ પ્રમાણે ક્ષીરોદધિનું સુંદર જળ ભગવાનના પ્રત્યેક અંગમાં જુદી જુદી શોભાને ધારણ કરતું હતું. ચાતકો જેમ મેઘના જળને ગ્રહણ કરે તેમ કેટલાક દેવતાઓ પ્રભુના સ્નાત્રનું તે જળ પૃથ્વી ઉપર પડતાં જ શ્રદ્ધાથી ગ્રહણ કરવા લાગ્યા. 'આવું જળ ફરી અમને ક્યાંથી મળશે!' એમ ધારી મરુદેશના લોકોની પેઠે કેટલાએક દેવતાઓ તે જળનું પોતાના મસ્તક ઉપર સિંચન કરવા લાગ્યા અને કેટલાએક દેવતાઓ ગ્રીષ્મઋતુથી પીડિત થયેલા હસ્તીઓની જેમ અભિલાષપૂર્વક તે જળથી પોતાના શરીરને સિંચન કરવા લાગ્યા. મેરુપર્વતના શિખરોમાં વેગથી પ્રસાર પામતું તે જળ ચોતરફ હજારો નદીઓની કલ્પના કરાવતું હતું, અને પાંડુક, સૌમનસ, નંદન તથા ભદ્રશાળ ઉદ્યાનમાં પ્રસાર પામતું તે જળ નીકની લીલાને ધારણ કરતું હતું. સ્નાન કરતાં કરતાં અંદર જળ ઓછું થવાથી અધોમુખવાળા થતાં ઈંદ્રના કુંભો, જાણે સ્નાત્ર જળરૂપી સંપત્તિ ઘટવાથી લજ્જા પામતા હોય તેવા જણાતા હતા. તે સમયે ઈંદ્રની આજ્ઞાને અનુસરનારા આભિયોગિક દેવતાઓ તે કુંભોને બીજા કુંભોનાં જળથી પૂરતા હતા. એક દેવતાના હાથમાંથી બીજા દેવતાના હાથમાં એમ ઘણા હાથમાં સંચાર પામતા તે કુંભો શ્રીમંતનાં બાળકોની પેઠે શોભતા હતા. નાભિ-રાજાના પુત્રની સમીપે સ્થાપન કરેલ કળશોની પંક્તિ, આરોપણ કરેલા સુવર્ણકમળની માળાની શોભાને ધારણ કરતી હતી. પછી મુખભાગમાં જળનો શબ્દ થવાથી જાણે તેઓ અર્હંતની સ્તુતિ કરતા હોય તેવા કુંભોને દેવતાઓ ફરીથી સ્વામીના મસ્તક ઉપર ઢોળવા માંડ્યા. યક્ષો જેમ ચક્રવર્તીના નિધાન કળશને ભરે તેમ પ્રભુને સ્નાત્ર કરાવતાં ખાલી થયેલા ઈંદ્રના કુંભોને દેવતાઓ જળથી ભરી દેતા હતા. વારંવાર ખાલી થતા અને ભરાતા તે કુંભો, સંચાર કરનારા ઘટીયંત્રના ઘડાઓની પેઠે શોભતા હતા. આવી રીતે અચ્યુતેંદ્રે કરોડો કુંભોથી પ્રભુને સ્નાત્ર કરાવ્યું અને પોતાના આત્માને પવિત્ર કર્યો એ પણ આશ્ચર્ય છે! પછી આરણ અને અચ્યુત દેવલોકના સ્વામી અચ્યુતેંદ્રે દિવ્ય ગંધકષાયી વસ્ત્રવડે પ્રભુના અંગને ઉન્માર્જિત કર્યું (અંગ લુછયું). તે સાથે પોતાના આત્માનું પણ માર્જન કર્યું. પ્રાતઃસંધ્યાની અભ્રલેખા જેમ સૂર્યમંડળને સ્પર્શ કરવાથી શોભે તેમ તે ગંધકષાયી વસ્ત્ર ભગવાનનાં શરીરને સ્પર્શ કરવાથી શોભતું હતું. ઉન્માર્જિત કરેલું ભગવંતનું શરીર જાણે સુવર્ણસારના સર્વસ્વ જેવા સુવર્ણગિરિ (મેરુ)ના એક ભાગથી બનાવ્યું હોય તેવું શોભતું હતું.

પછી આભિયોગિક દેવતાઓએ ગોશીર્ષ ચંદનના રસનો કર્દમ, સુંદર અને વિચિત્ર રકાબીઓમાં ભરીને અચ્યુતેંદ્ર પાસે મૂકયો, એટલે ચંદ્ર જેમ પોતાની ચાંદનીથી મેરૂપર્વતના શિખરને વિલેપિત કરે તેમ ઇંદ્રે પ્રભુના અંગ ઉપર તેનું વિલેપન કરવાનો આરંભ કર્યો. તે વખતે કેટલાએક દેવતાઓ ઉત્તરાસંગ ધારણ કરીને પ્રભુની ચોતરફ ઉદ્દામ ધૂપ-વાળા ધૂપધાણા હાથમાં રાખીને ઊભા રહ્યા; કેટલાએક તેમાં ધૂપ ક્ષેપન કરતા હતા. તેઓ સ્નિગ્ધ ધૂમ્ર—રેખાવડે જાણે મેરૂપર્વતની બીજી શ્યામ વર્ણમય ચૂલિકા રચતા હોય તેવા જણાતા હતા; કેટલાએક દેવતાઓ પ્રભુની ઉપર ઊંચાં શ્વેત છત્રો ધારણ કરવા લાગ્યા, તેથી જાણે તેઓ ગગનરૂપી મહાસરોવરને કુમુદવાળું કરતા હોય તેવા જણાતા હતા, કેટ-

JAINSITE.com जैन साईट जयम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લાએક ચામરો ઉડાડવા લાગ્યા, તેથી જાણે તેઓ સ્વામીના દર્શન માટે પોતાના આત્મીય વર્ગને બોલાવતા હોય તેમ જણાતું હતું, કેટલાએક બદ્ધ પરિકરવાળા દેવતાઓ જાણે આત્મરક્ષક હોય તેમ પોતાના આયુધો ધારણ કરી સ્વામીની ચોતરફ ઉભા રહ્યા; જાણે આકાશમાં ઉદ્યત થયેલી વિદ્યુલ્લતાની લીલાને બતાવતા હોય તેમ કેટલાએક દેવતાઓ મણીમય અને સુવર્ણમય પંખાવડે ભગવાનને પવન નાંખવા લાગ્યા; કેટલાક દેવતાઓ જાણે બીજા રંગાચાર્ય હોય તેમ વિચિત્ર પ્રકારનાં દિવ્ય પુષ્પોની વૃષ્ટિ હર્ષોત્કર્ષપૂર્વક કરવા લાગ્યા; કેટલાએક દેવતાઓ જાણે પોતાનાં પાપનું ઉચ્ચાટન કરતા હોય તેમ અત્યન્ત સુગંધી દ્રવ્યોનું ચૂર્ણ કરીને ચાર દિશાઓમાં વરસાવવા લાગ્યા; કેટલાએક દેવતાઓ જાણે સ્વામીએ અધિષ્ઠિત કરેલા મેરૂપર્વતની ઋદ્ધિ અધિક કરવાને ઇચ્છતા હોય તેમ સુવર્ણની વૃષ્ટિ કરવા લાગ્યા, કેટલાએક દેવતાઓ, જાણે પ્રભુના ચરણમાં પ્રણામ કરવાને ઉતરતી તારાની પંક્તિઓ હોય તેવા ઊંચે પ્રકારે રત્નવૃષ્ટિ કરવા લાગ્યા; કેટલાએક દેવતાઓ પોતાના મધુર સ્વરથી ગંધર્વોની સેનાને પણ તિરસ્કાર કરનારા નવનવા ગ્રામ અને રાગથી ભગવાનના ગુણનું ગાન કરવા લાગ્યા, કેટલાએક દેવતાઓ મઢેલાં, ઘન અને છિદ્રવાળાં વાજિંત્રો વગાડવા લાગ્યા, કેમકે ભક્તિ અનેક પ્રકારે થાય છે. કેટલાએક દેવતાઓ જાણે મેરુ પર્વતનાં શિખરોને પણ નૃત્ય કરાવવાને ઇચ્છતા હોય તેમ પોતાના ચરણપાતથી તેને કંપાવતા નૃત્ય કરવા લાગ્યા; અને કેટલાએક દેવતાઓ જાણે બીજી વારાંગનાઓ જ હોયની તેવી પોતાની સ્ત્રીઓની સાથે વિચિત્ર પ્રકારના અભિનય (હાવભાવ)થી ઉજ્જવળ એવા નાટક કરવા લાગ્યા. કેટલાએક દેવતાઓ જાણે પાંખોવાળા ગરૂડ હોય તેમ આકાશમાં ઊડતા હતા, કેટલાએક ક્રીડાથી કુકડાની જેમ પૃથ્વી ઉપર પડતા હતા; કેટલાએક અંકકારની પેઠે સુંદર ચાલ ચાલતા હતા; કેટલાએક સિંહોની પેઠે આનંદથી સિંહનાદ કરતા હતા, કેટલાએક હસ્તીઓની પેઠે ઊંચા અવાજ કરતા હતા. કેટલાએક અશ્વોની પેઠે હાસ્ય કરનારા ચાર પ્રકારના શબ્દો બોલતા હતા, કેટલાએક વાંદરા જેમ વૃક્ષોની શાખાઓને કંપાવે તેમ પોતાના ચરણથી મેરુપર્વતનાં શિખરને કંપાવતા કુદતા હતા, કેટલાએક જાણે રણસંગ્રામમાં પ્રતિજ્ઞા કરવાને તૈયાર થયેલા યોદ્ધાઓ હોય તેમ પોતાના હાથની ચપેટાથી ઉદ્ભટપણે પૃથ્વી ઉપર તાડન કરતા હતા, કેટલાએક જાણે દાવમાં જીત્યા હોય તેમ કોલાહલ કરતા હતા. કેટલાએક વાજિંત્રની જેમ પોતાના પ્રફુલ્લ ગાલોને વગાડતા હતા, કેટલાએક નટની માફક વિકૃત રૂપ કરીને લોકોને હસાવતા હતા. કેટલાએક આગળ પાછળ અને પાર્શ્વભાગમાં કંદુકની પેઠે ઉછળતા હતા. સ્ત્રીઓ જેમ ગોળ કુંડાળે થઈને રાસડા લે તેમ કેટલાએક ગોળ ફરતાં ફરતાં રાસડારૂપે ગાયન કરી મનોહર નૃત્ય કરતા હતા, કેટલાએક અગ્નિની પેઠે જ્વલતા હતા; કેટલાએક સૂર્યની જેમ તપતા હતા, કેટલાએક મેઘની માફક ગાજતા હતા; કેટલાએક વીજળીની પેઠે ચળકતા હતા અને કેટલાએક સંપૂર્ણ ભોજન કરેલા વિદ્યાર્થીના જેવા દેખાવ કરતા હતા. પ્રભુની પ્રાપ્તિવડે થયેલો તેવો આનંદ કોણ ગોપવી શકે !

એવી રીતે દેવતાઓ અનેક જાતના આનંદના પોકારો કરી રહ્યા હતા તે વખતે અચ્યુતેંદ્રે પ્રભુને વિલેપન કર્યું. તેણે પારિજાતાદિક વિકસિત પુષ્પથી પ્રભુની ભક્તિવડે પૂજા કરી અને પછી જરા પાછા ઓસરી ભક્તિથી નમ્ર થઈ શિષ્યની પેઠે ભગવંતને વંદના કરી.

મોટા ભાઈની પાછળ બીજા સહોદરોની જેમ બીજા બાસઠ ઇંદ્રોએ પણ તેવી જ રીતે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્નાત્ર તથા વિલેપનવડે ભગવાનની પૂજા કરી.

પછી સુધર્મ ઇન્દ્રની પેઠે ઇશાન ઇંદ્રે પોતાના પાંચ રૂપ કર્યાં, તેમાંનાં એક રૂપે ભગવાનને ઉત્સંગમાં ગ્રહણ કર્યા, એક રૂપે મોતીની ઝાલરીઓ લટકવાથી જાણે દિશાઓને નૃત્ય કરવાનો આદેશ કરતું હોય તેવું—કર્પૂર જેવું શ્વેત છત્ર પ્રભુ ઉપર ધારણ કર્યું, જાણે હર્ષથી નૃત્ય કરતાં હોય તેમ હાથનો વિક્ષેપ કરી બે રૂપે બે બાજુએ જિનેશ્વર ઉપર ચામર વીંઝવા લાગ્યા અને એક રૂપે જાણે પ્રભુના દૃષ્ટિપાતથી પોતાને પવિત્ર કરવાને ઇચ્છતો હોય તેમ હાથમાં ત્રિશૂળ રાખી પ્રભુની આગળ ઊભો રહ્યો.

પછી સૌધર્મ કલ્પના ઇંદ્રે જગત્પતિની ચારે દિશાએ ચાર સ્ફટિકમણિના ઊંચા વૃષભ બનાવ્યા. ઉત્તંગશૃંગથી[1] મનોહર એવા તે ચાર વૃષભો ચાર દિશામાં રહેલા ચંદ્રકાંત રત્નના ચાર ક્રીડાપર્વત હોય તેવા શોભવા લાગ્યા. જાણે પાતાળ ફોડયું હોય તેમ તે વૃષભોનાં આઠ શૃંગોથી આકાશમાં જળની ધારાઓ ચાલવા લાગી. મૂળમાંથી જુદી જુદી પણ પ્રાંતે મળી ગયેલી તે જળધારાઓ આકાશમાં નદીસંગમના વિભ્રમને બતાવવા લાગી. સુર અને અસુરની સ્ત્રીઓએ કૌતુકથી જોયેલી તે જળધારાઓ, નદીઓ જેમ સમુદ્રમાં પડે તેમ પ્રભુ ઉપર પડવા લાગી. જળયંત્રોની જેમ તે શૃંગોમાંથી નીકળતા જળવડે શક્રેંદ્રે આદિ તીર્થંકરને સ્નાન કરાવ્યું. ભક્તિથી જેમ હૃદય આર્દ્ર થાય તેમ દૂર ઉછળતાં એવા ભગવાનના સ્નપન જળથી દેવતાઓનાં વસ્ત્ર આર્દ્ર થઇ ગયાં. પછી ઇંદ્રજાલિક જેમ પોતાની ઇંદ્રજાલનો ઉપસંહાર કરે તેમ ઇન્દ્રે તે ચાર વૃષભોનો ઉપસંહાર કર્યો. સ્નાન કરાવ્યા પછી ઘણી પ્રીતિવાળા તે દેવપતિએ દેવદૂષ્ય વસ્ત્રથી પ્રભુના શરીરને રત્નના દર્પણની પેઠે લૂછ્યું. રત્નમય પાટલાની ઉપર નિર્મળ અને રૂપાના અખંડ અક્ષતવડે પ્રભુની પાસે અષ્ટ મંગળ આલેખ્યા. પછી જાણે પોતાનો મોટો અનુરાગ હોય તેવા ઉત્તમ અંગરાગથી ત્રિજગદ્ગુરુના અંગે વિલેપન કરી, પ્રભુના હસતા મુખરૂપી ચંદ્રની ચંદ્રિકાના ભ્રમને ઉત્પન્ન કરનારા ઉજ્જ્વળ દિવ્ય વસ્ત્રોથી ઇંદ્રે પૂજા કરી અને પ્રભુના મસ્તક ઉપર વિશ્વની મુર્દ્ધન્યતાના[2] ચિહ્નરૂપ વજ્ર માણિક્યનો સુન્દર મુગટ સ્થાપન કર્યો. પછી ઇન્દ્રે સાયંકાળે આકાશને વિષે પૂર્વ અને પશ્ચિમ દિશાઓના જેમ સૂર્ય અને ચંદ્ર શોભે તેવી શોભાને આપનારા બે સુવર્ણ કુંડલો સ્વામીના કર્ણમાં પહેરાવ્યા. જાણે લક્ષ્મીને હિંચકવાની દોલા[3] હોય તેવી વિસ્તારવાળી દિવ્ય મોતીની માળા સ્વામીના કંઠમાં આરોપણ કરી. સુંદર હસ્તીના બાળકના દંતુશળની ઉપર જેમ સુવર્ણના કંકણ પહેરાવે તેમ પ્રભુના બાહુદંડ ઉપર બે બાજુબંધ ધારણ કરાવ્યા. વૃક્ષની શાખાના પ્રાંતભાગના ગુચ્છની જેવા—ગોળાકાર મોટા મોતીઓના મણિમય કંકણો પ્રભુના મણિબંધ[4] ઉપર આરૂઢ કર્યાં. ભગવાનના કટીભાગમાં વર્ષધર પર્વતના નિતંબ ભાગ ઉપર રહેલા સુવર્ણકુલના વિલાસને ધારણ કરનાર સુવર્ણનું કટીસૂત્ર પહેરાવ્યું અને જાણે દેવ અને દૈત્યોનાં તેજ તેમાં લગ્ન થઈ ગયાં હોય તેવા માણિક્યમય તોડા પ્રભુના બન્ને ચરણમાં પહેરાવ્યાં. ઇંદ્રે જે જે આભૂષણો ભગવાનનાં અંગને અલંકૃત કરવા માટે પહેરાવ્યાં તે તે આભૂષણો

૧ ઉત્તંગ=ઊંચા. શૃંગ=વૃષભના સંબંધમાં શીંગડાઓ અને પર્વતના સંબંધમાં શિખરો જાણવાં. ૨ મુખ્યપણાના. ૩ હીંડોળાખાટ. ૪ કાંડા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉલટા ભગવાનના અંગથી અલંકૃત થયા. પછી ભક્તિયુક્ત ચિત્તવાળા ઇંદ્રે પ્રફુલ્લિત પારિજાતનાં પુષ્પોની માળાવડે પ્રભુની પૂજા કરી અને પછી જાણે કૃતાર્થ થયેલ હોય તેમ જરા પાછા ખસી, પ્રભુની સન્મુખ ઉભા રહી જગત્પતિની આરાત્રિક કરવા માટે આરતી ગ્રહણ કરી. જ્વલાયમાન કાંતિવાળી તે આરાત્રિકથી પ્રકાશવંત ઔષધિવાળા શિખરવડે જેમ મહાગિરિ શોભે તેમ ઇંદ્ર શોભવા લાગ્યો. શ્રદ્ધાળુ દેવતાઓએ જેમ પુષ્પસમૂહ વેરેલો છે એવી તે આરાત્રિક ઇંદ્રે પ્રભુને ત્રણ વાર ઉતારી. પછી ભક્તિથી રોમાંચિત થઈ શક્રસ્તવવડે વંદન કરી ઇંદ્રે પ્રભુની આ પ્રમાણે સ્તુતિ કરવાનો આરંભ કર્યો—

"હે જગન્નાથ! હે ત્રૈલોક્યકમલમાર્ત્તંડ! હે સંસારરૂપી મરુસ્થળમાં કલ્પવૃક્ષ! હે વિશ્વોદ્ધરણ બાંધવ! હું તમને નમસ્કાર કરું છું. હે પ્રભુ! એ મુહૂર્ત્ત પણ વંદન કરવા યોગ્ય છે કે જે મુહૂર્તમાં ધર્મને જન્મ આપનારા—અપુનર્જન્મા[1]—વિશ્વજંતુઓના જન્મદુઃખનું છેદન કરનારા આપનો જન્મ થયો છે. હે નાથ! આ વખતે તમારા જન્માભિષેકના જળના પુરથી પ્લાવિત થયેલી અને યત્ન કર્યા સિવાય જેનો મલ દૂર થયો છે એવી આ રત્નપ્રભા પૃથ્વી સત્ય નામવાળી થઈ છે. હે પ્રભુ! જે મનુષ્યો તમારું અહર્નિશ દર્શન કરશે તેઓને ધન્ય છે; અમે તો અવસરે જ આપનું દર્શન કરનારા છીએ. હે સ્વામી! ભરતક્ષેત્રના જંતુઓનો મોક્ષમાર્ગ ખીલાઈ ગયો છે તેને આપ નવીન પાંથ થઈ પુનઃ પ્રગટ કરશો. હે પ્રભુ! તમારી અમૃતના તરંગ જેવી ધર્મદેશના તો દૂર રહો પરંતુ તમારું દર્શન પણ પ્રાણીઓનું શ્રેય કરનાર છે. હે ભવતારક! તમારી ઉપમાને પાત્ર કોઈ નથી તેથી હું તો તમારી તુલ્ય તમે જ છો એમ કહું છું, એટલે હવે વધારે સ્તુતિ કેવી રીતે કરવી? હે નાથ! તમારા સદ્ભૂતાર્થ[2] ગુણોને પણ કહેવાને હું અસમર્થ છું, કેમકે સ્વયંભૂરમણ સમુદ્રના જલને કોણ માપી શકે?"

जैन साइट JAINSITE જયમ્ જયતિ શાસનમ્

એવી રીતે જગત્પતિની સ્તુતિ કરીને પ્રમોદથી જેનું મન સુગંધમય થઈ ગયું છે એવા શક્રેંદ્રે પ્રથમ પ્રમાણે પોતાના પાંચ રૂપ કર્યા. તેમાંથી અપ્રમદ્વર[3] એવા એક રૂપે ઈશાન ઇન્દ્રના ઉત્સંગમાંથી રહસ્યની પેઠે જગત્પતિને પોતાના હૃદય ઉપર ગ્રહણ કર્યા. સ્વામીની સેવા જાણનારા ઇન્દ્રનાં બીજાં રૂપો જાણે નિયુક્ત કર્યાં હોય તેમ પૂર્વની પેઠે સ્વામી સંબંધી પોતપોતાના કાર્ય કરવા લાગ્યા. પછી પોતાના દેવતાઓથી પરિવૃત્ત અમરાગ્રણી (શક્રેન્દ્ર) ત્યાંથી આકાશમાર્ગે ચાલી મરુદેવાએ અલંકૃત કરેલા મંદિર પ્રત્યે આવ્યો. ત્યાં પ્રથમ મૂકેલું તીર્થંકરનું પ્રતિબિંબ ઉપસંહૃત કરીને તે જ સ્થાનકે માતાની પાસે પ્રભુને સ્થાપન કર્યા (મૂકયા). પછી સૂર્ય જેમ પદ્મિનીની નિદ્રાને દૂર કરે તેમ ઇન્દ્રે મરુદેવાની અવસ્વાપિની નિદ્રા દૂર કરી. સરિતાના તટ ઉપર રહેલી સુંદર હંસમાલાના વિલાસને ધારણ કરનારું ઉજ્જવળ, દિવ્ય અને રેશમી વસ્ત્રયુગલ પ્રભુને ઓશીકે મૂકયું. બાળપણાને વિષે પણ ઉત્પન્ન થયેલા ભામંડલના વિકલ્પને કરાવનારું રત્નમય કુંડલયુગલ પણ પ્રભુને ઓશીકે મૂકયું અને એવી જ રીતે સોનાના પ્રાકારથી બનાવેલ વિચિત્ર એવા રત્નના હાર અને અર્ધહારોથી વ્યાપ્ત તથા સોનાના સૂર્ય સમાન પ્રકાશવંત શ્રીદામગંડ (ગેડીદડો) પણ પ્રભુની દૃષ્ટિને વિનોદ આપવાને માટે આકાશને વિષે દિનમણિ

૧ ફરીને જન્મ નહીં ગ્રહણ કરનારા. ૨ સત્ય અર્થને બતાવનારા—વિદ્યમાન. ૩ અપ્રમાદી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(ભૂષ) હોય તેમ ઉપરના ચંદરવાની સાથે લટકતો સ્થાપન કર્યો ઇન્દ્રે કુબેરને આજ્ઞા કરી કે–'બત્રીશ ક્રોટી હિરણ્ય, તેટલું જ સુવર્ણ, બત્રીશ બત્રીશ નંદાસન, ભદ્રાસન તથા બીજી પણ અતિ મનોહર વસ્ત્ર નેપથ્ય વિગેરે સાંસારિક સુખને ઉત્પન્ન કરનારી મહામૂલ્યવાન્ વસ્તુઓ, મેઘ જેમ જળ વરસાવે તેમ સ્વામીના ભુવનમાં વરસાવો (મૂકો).' કુબેરે જૃંભક[1] જાતિના દેવતા પાસે તત્કાળ તે પ્રમાણે વરસાવ્યું; કેમકે **પ્રચંડ પુરુષોની આજ્ઞા વચનની સાથે જ સિદ્ધ થાય છે.** પછી ઇન્દ્રે આભિયોગિક દેવતાઓને આજ્ઞા કરી કે 'તમે ચારે નિકાયના દેવોમાં ઉદ્‌ઘોષણા કરો કે–અર્હંતનું અને તેમની માતાનું જે કોઈ અશુભ ચિંતવશે તેનું મસ્તક અર્જકમંજરીની[2] પેઠે સાત પ્રકારે ભેદાશે. 'ગુરુની વાણીને જેમ શિષ્યો ઊંચા સ્વરથી ઉદ્‌ઘોષિત કરે તેમ તેઓએ ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવતાઓને વિષે તે પ્રમાણે ઉદ્‌ઘોષણા કરી. પછી સૂર્ય જેમ વાદળામાં જળનો સંક્રમ કરે તેમ ઇન્દ્રે ભગવાનના અંગુષ્ઠમાં અનેક પ્રકારના રસે ભરેલી અમૃતમય નાડી સંક્રમાવી, અર્થાત્ અંગુષ્ઠમાં અમૃતનો સંચાર કર્યો. અર્હંતો સ્તનપાન કરતા નથી તેથી જ્યારે તેમને ક્ષુધા ઉત્પન્ન થાય છે ત્યારે તેઓ પોતાની મેળે જ અમૃત રસને વર્ષાવનાર અંગુષ્ઠ મુખમાં લઈને ચૂસે છે. પછી પ્રભુનું સર્વ પ્રકારનું ધાત્રીકર્મ કરવાને માટે ઇન્દ્રે પાંચ અપ્સરાઓને ધાત્રી (ધાવમાતા) થઈને ત્યાં રહેવાની આજ્ઞા કરી.

જિનસ્નાત્ર થઈ રહ્યા પછી ઇન્દ્ર ભગવંતને મૂકવા આવ્યા, તે સમયે ઘણા દેવતાઓ મેરુશિખરથી પરભાર્યા નંદીશ્વરદ્વીપે ગયા. **સૌધર્મેંદ્ર** પણ નાભિપુત્રને તેમના મંદિરમાં મૂકી સ્વર્ગવાસીઓના નિવાસરૂપ નંદીશ્વરદ્વીપે ગયા અને ત્યાં પૂર્વ દિશામાં રહેલ ક્ષુદ્રમેરુ[3] જેવડા પ્રમાણવાળા **દેવરમણ** નામના **અંજનગિરી** ઉપર ઉતર્યા. ત્યાં તેમણે વિચિત્ર મણિની પીઠિકાવાળા ચૈત્યવૃક્ષ અને ઇન્દ્રધ્વજવડે અંકિત અને ચાર દ્વારવાળા ચૈત્યમાં પ્રવેશ કર્યો અને અષ્ટાહ્નિકા ઉત્સવપૂર્વક ઋષભાદિક[4] અર્હંતોની શાશ્વતી પ્રતિમાની તેણે પૂજા કરી. તે અંજનગિરિની ચાર દિશામાં ચાર મોટી વાપિકાઓ છે. અને તેમાં એકેક સ્ફટિક મણિનો **દધિમુખ** પર્વત છે. તે ચારે પર્વતોની ઉપરના ચૈત્યોમાં શાશ્વતા અર્હંતોની પ્રતિમાઓ છે. શક્રેંદ્રના ચાર દિક્‌પાળોએ, અષ્ટાહ્નિકા ઉત્સવપૂર્વક તે પ્રતિમાની યથાવિધિ પૂજા કરી. **ઇશાનઇંદ્ર** ઉત્તર દિશામાં રહેલા નિત્યરમણીક એવા **રમણીય** નામના અંજનગિરિ ઉપર ઉતર્યા, અને તેણે તે પર્વતની ઉપર રહેલા ચૈત્યમાં પૂર્વ પ્રમાણે જ શાશ્વતી પ્રતિમાની અષ્ટાહ્નિકા ઉત્સવપૂર્વક પૂજા કરી. તેના દિક્‌પાળોએ તે પર્વતની ચારે બાજુની ચાર વાવડીમાં રહેલા દધિમુખ પર્વતો ઉપરના ચૈત્યમાંહેની શાશ્વત પ્રતિમાઓનો તે પ્રમાણે જ અઠ્ઠાઈ મહોત્સવ કર્યો. **ચમરેંદ્ર** દક્ષિણ દિશામાં રહેલા **નિત્યોદ્યોત** નામના અંજનાદ્રિ ઉપર ઊતર્યા. રત્નોથી નિત્ય પ્રકાશવાળા તે પર્વત ઉપર રહેલા ચૈત્યમાંહેની શાશ્વત પ્રતિમાની તેણે મોટી ભક્તિથી અષ્ટાહ્નિકા મહોત્સવપૂર્વક પૂજા કરી અને તેની ફરતી ચાર વાપિકાની અંદર રહેલા ચાર દધિમુખ પર્વત ઉપરના ચૈત્યોમાં તેના ચાર

---

૧ દશ પ્રકારના તિર્યગ્જૃંભક દેવતાઓ છે, તે કુબેરની આજ્ઞામાં રહેનારા છે. ૨ અર્જકમંજરી એક જાતના વૃક્ષની માંજર છે, તે જ્યારે પક્વ થઈને ફૂટે છે ત્યારે તેના સાત ભાગ થઈ જાય છે. ૩ બીજા ચાર નાના મેરૂ ૮૪૦૦૦ યોજન ઊંચા છે તેટલો ઊંચો. ૪ ઋષભ, ચંદ્રાનન, વારિષેણ ને વર્ધમાન એ ચાર નામની જ શાશ્વતી પ્રતિમાઓ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લોકપાળોએ અચલ ચિત્તથી મહોત્સવપૂર્વક તત્રસ્થ પ્રતિમાની પૂજા કરી. **બલિ** નામે ઈંદ્ર પશ્ચિમ દિશામાં રહેલા **સ્વયંપ્રભ** નામના અંજનગિરિ ઉપર મેઘની જેવા પ્રભાવથી ઉતર્યા તેણે તે પર્વત ઉપર રહેલા ચૈત્યમાં દેવતાઓની દૃષ્ટિને પવિત્ર કરનાર એવી શાશ્વત ઋષભાદિ અર્હંતની પ્રતિમાઓનો ઉત્સવ કર્યો. તેના ચાર લોકપાલોએ પણ તે અંજનગિરિની ચાર દિશામાં રહેલી ચાર વાપિકાની અંદર રહેલા દધિમુખ પર્વત ઉપરની શાશ્વતી પ્રતિમાનો ઉત્સવ કર્યો. એવી રીતે સર્વ દેવતાઓ નંદીશ્વરદ્વીપે મહિમા–ઉત્સવ કરીને જેમ આવ્યા હતા તેમ પોતપોતાના સ્થાન પ્રત્યે ગયા.

અહીં સ્વામિની મરુદેવા પ્રાતઃકાળે જાગ્યાં એટલે તેમણે જેમ રાત્રિનું સ્વપ્નું હોય તેમ પોતાના પતિ નાભિરાજાને દેવતાઓના આવાગમન સંબંધી વૃત્તાંત કહ્યો. જગત્પતિના ઉરુને વિષે ઋષભનું ચિહ્ન હતું તેમજ માતાએ સર્વ સ્વપ્નોમાં પ્રથમ ઋષભ જોયો હતો, તેથી હર્ષ પામેલા માતાપિતાએ શુભ દિવસે ઉત્સાહપૂર્વક પ્રભુનું **ઋષભ** એવું નામ પાડયું. તે સાથે યુગ્મધર્મે પ્રસવેલી કન્યાનું **સુમંગલા** એવું યથાર્થ અને પવિત્ર નામ તેમણે પાડયું. વૃક્ષ જેમ નીકનું જળ પીવે, તેમ ઋષભસ્વામી ઇન્દ્રે સંક્રમણ કરેલ અંગૂઠાના અમૃતનું યોગ્ય કાળે પાન કરવા લાગ્યા. પર્વતના ખોળામાં (ગુફામાં) બેઠેલો કિશોર સિંહ શોભે તેમ પિતાના ઉત્સંગમાં બેઠેલા બાળક ભગવાન શોભતા હતા. પાંચ સમિતિ જેમ મહામુનિને છોડે નહીં તેમ ઈંદ્રે આજ્ઞા કરેલી પાંચ ધાત્રીઓ પ્રભુને કયારે પણ રેઢા મૂકતી નહોતી.

પ્રભુને જન્મ થયાને એક વર્ષ થવા આવ્યું એટલે સૌધર્મેંદ્ર વંશ સ્થાપન કરવાને માટે ત્યાં આવ્યા. સેવકે ખાલી હાથે સ્વામીનું દર્શન કરવું ન જોઈએ એવી બુદ્ધિથી જ જાણે હોયની તેમ ઇંદ્રે એક મ્હોટી ઇક્ષુયષ્ટિ[1] સાથે લીધી. જાણે શરીરવાળો શરદ્ઋતુ હોય તેમ શોભતો ઈંદ્ર ઇક્ષુદંડ સહિત નાભિરાજાના ઉત્સંગમાં બેઠેલા પ્રભુ પાસે આવ્યા, એટલે પ્રભુએ અવધિજ્ઞાનવડે ઈંદ્રનો સંકલ્પ જાણી લઈ, હસ્તીની પેઠે તે ઇક્ષુદંડ લેવાને પોતાનો કર લાંબો કર્યો. સ્વામીના ભાવને જાણનારા ઈંદ્રે મસ્તકવડે પ્રણામ કરીને ભેટની પેઠે તે ઇક્ષુલતા પ્રભુને અર્પણ કરી. પ્રભુએ ઇક્ષુ ગ્રહણ કરી, તેથી તેમનો **ઈક્ષ્વાકુ** એવા નામનો વંશ સ્થાપન કરી ઈંદ્ર સ્વર્ગમાં ગયા.

યુગાદિનાથનો દેહ સ્વેદ–રોગ–મલથી રહિત, સુગંધી, સુંદર આકારવાળો અને સુવર્ણકમલ જેવો શોભતો હતો (૧), તેમના શરીરના માંસ અને રુધિર ગાયના દૂધની ધારા જેવા ઉજ્જવળ અને દુર્ગંધ વિનાના હતા (૨), તેમના આહારનીહારનો વિધિ ચર્મચક્ષુને અગોચર હતો (૩) અને તેમના શ્વાસની ખુશબો વિકસિત થયેલા કુમુદની સુગંધ સરખી હતી (૪). એ ચારે અતિશય[2] પ્રભુને જન્મથી જ પ્રાપ્ત થયેલા હતા. વજ્રઋષભનારાચ સંઘયણને ધારણ કરનારા તે પ્રભુ જાણે ભૂમિભ્રંશના ભયથી હોય તેમ મંદમંદ ચાલતા હતા. વયે તેઓ બાળ હતા તો પણ તેઓ ગંભીર અને મધુર ધ્વનિથી બોલતા હતા, કેમકે લોકોત્તર પુરુષોને શરીરની અપેક્ષાથી જ બાળપણું હોય છે. સમચતુરસ્ર સંસ્થાનવાળું પ્રભુનું શરીર, જાણે ક્રીડા કરવાની ઈચ્છાવાળી લક્ષ્મીની કાંચનમય ક્રીડાવેદિકા હોય

૧ શેરડીનો સાંઠો. ૨ તીર્થંકરને ૩૪ અતિશય પ્રાપ્ત થાય છે તેમાંથી આ ચાર અતિશયની પ્રાપ્તિ તો જન્મની સાથે જ થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેવું શોભતું હતું. સમાન વયવાળા થઈને આવેલા દેવકુમારોની સાથે તેમના ચિત્તની અનુવૃત્તિને અર્થે પ્રભુ રમતા હતા. ક્રીડા કરતી વખતે ધૂળથી ધુસર થયેલા અંગવાળા પ્રભુ ઘુઘરમાળ ધારણ કરેલા તેમજ મદાવસ્થાને પ્રાપ્ત થયેલા હસ્તીના બાળક જેવા શોભતા હતા. પ્રભુ જે કાંઇ લીલામાત્રથી ગ્રહણ કરતા તે લઈ લેવાને મોટી ઋદ્ધિવાળો કોઇ દેવ પણ સમર્થ થતો નહીં. જો કોઇ દેવ, બળની પરીક્ષા કરવાને માટે પ્રભુની આંગળી ગ્રહણ કરતો તો પ્રભુના શ્વાસના પવનથી તે રેણુની જેમ દૂર જઇને પડતો. કેટલાએક દેવકુમારો કંદુકની પેઠે પૃથ્વી ઉપર આળોટીને પ્રભુને વિચિત્ર કંદુકોથી રમાડતા હતા; કેટલાએક દેવકુમારો રાજશુક થઇને ચાટુકારની[1] પેઠે 'જીવો જીવો, આનંદ પામો, આનંદ પામો,' એવા શબ્દો અનેક પ્રકારે બોલતા હતા; કેટલાએક દેવકુમારો સ્વામીને રમાડવા માટે મયૂરરૂપે થઇને કેકાવાણીથી ષડ્જ સ્વરમાં ગાયન કરી નાચ કરતા હતા, પ્રભુના મનોહર હસ્તકમલને ગ્રહણ કરવાની અને સ્પર્શ કરવાની ઇચ્છાથી કેટલાએક દેવકુમારો હંસરૂપે થઈને ગાંધાર સ્વરે ગાયન કરતા પ્રભુની આસપાસ ફરતા હતા; કેટલાએક પ્રભુના પ્રીતિ ભરેલા દષ્ટિપાતરૂપ અમૃતને પાન કરવાની ઇચ્છાવાળા થઈને તેમની પાસે ક્રૌંચપક્ષીરૂપ થઇ મધ્યમ સ્વરે બોલતા હતા; કેટલાએક પ્રભુના મનની પ્રીતિને માટે કોકિલરૂપ થઇ નજીકના વૃક્ષો ઉપર બેસી પંચમ સ્વર કરતા હતા; કેટલાએક પ્રભુના વાહનપણે થઇને પોતાના આત્માને પવિત્ર કરવાની ઇચ્છાથી તુરંગરૂપ થઈ ધૈવત ધ્વનિથી હેષારવ કરતા પ્રભુની પાસે આવતા હતા; કેટલાએક હાથીનું રૂપ ધારણ કરી નિષાદ સ્વરે બોલતા અધોમુખ થઈ પોતાની શુંઢોથી ભગવાનના ચરણનો સ્પર્શ કરતા હતા; કોઇ વૃષભરૂપ થઈ પોતાના શિંગડાથી તટપ્રદેશને તાડન કરતા અને વૃષભ જેવા સ્વરે બોલતા પ્રભુની દષ્ટિને વિનોદ કરાવતા હતા; કોઇ અંજનાચલ જેવા મોટા મહિષ બની પરસ્પર યુદ્ધ કરીને પ્રભુને યુદ્ધક્રીડા બતાવતા હતા; કોઇ પ્રભુના વિનોદને માટે મલ્લરૂપ થઈ પોતાની ભુજાઓનું આસ્ફાલન કરી એક બીજાને અક્ષવાટમાં[2] બોલાવતા હતા; એવી રીતે યોગીઓ જેમ પરમાત્માની ઉપાસના કરે તેમ દેવકુમારો વિવિધ પ્રકારના વિનોદથી નિરંતર પ્રભુની ઉપાસના કરતા હતા. એવી સ્થિતિમાં વર્તતા સતા ઉદ્યાનપાલિકાઓ જેમ વૃક્ષનું લાલન કરે તેમ પંચધાત્રીઓએ પ્રમાદરહિતપણે લાલન કરેલા પ્રભુ અનુક્રમે વૃદ્ધિ પામવા લાગ્યા.

અંગુષ્ઠપાનની અવસ્થા વ્યતીત થયા પછી બીજી અવસ્થાને પ્રાપ્ત થયેલા ગૃહવાસી અર્હંતો સિદ્ધઅન્ન (રાંધેલ અન્ન)નું ભોજન કરે છે; પરંતુ નાભિનંદન ભગવાન તો ઉત્તરકુરુ ક્ષેત્રથી દેવતાઓએ લાવેલા કલ્પવૃક્ષનાં ફળો જ આરોગતા હતા અને ક્ષીરસમુદ્રના જળનું પાન કરતા હતા. ગઈ કાલના દિવસની પેઠે બાલ્યવયનું ઉલ્લંઘન કરીને સૂર્ય જેમ દિવસના મધ્યભાગમાં આવે તેમ પ્રભુએ, જેમાં અવયવો વિભક્ત થાય છે એવા યૌવનનો આશ્રય કર્યો. યૌવનાવસ્થા પ્રાપ્ત થયા છતાં પણ પ્રભુના બંને ચરણકમલના મધ્યભાગ જેવા મૃદુ, રક્ત, ઉષ્ણ, કંપરહિત, સ્વેદવર્જિત અને સરખા તળીઆવાળા હતા. જાણે નમેલા પુરુષની પીડાનું છેદન કરવાને હોયની તેમ તેની અંદર ચક્રનું ચિહ્ન હતું અને લક્ષ્મીરૂપી હાથિણીને હમેશાં સ્થિર રાખવાને માટે હોય તેવા માળા, અંકુશ અને ધ્વજાનાં ચિહ્ન પણ હતાં. જાણે લક્ષ્મીના લીલાભુવન હોય તેવા પ્રભુના ચરણતળમાં શંખ અને

---

૧ પ્રિય બોલનારા. ૨ એક અખાડાની ભૂમિ.



જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કુંભનું તથા પાનીના ભાગમાં સ્વસ્તિકનું ચિહ્ન હતું. પ્રભુનો પુષ્ટ, ગોળાકાર અને સર્પની ફણા જેવો ઉન્નત અંગૂઠો વત્સની જેમ શ્રીવત્સથી લાંછિત હતો. વાયુરહિત સ્થાનમાં રહેલા કંપરહિત દીપકની શિખા જેવી, છિદ્રરહિત અને સરલ એવી પ્રભુની આંગળીઓ જાણે ચરણરૂપી કમળનાં પત્રો હોય તેવી જણાતી હતી. તે અંગુલિતળમાં નંદાવર્ત્તનાં ચિહ્ન શોભતાં હતાં, જેના પ્રતિબિંબો ભૂમિ ઉપર પડવાથી ધર્મપ્રતિષ્ઠા હેતુરૂપ થતાં હતાં.[1] જગત્પતિની દરેક આંગળીના પર્વમાં અધોવાપીઓ સહિત જવનાં ચિહ્નો હતાં, તે જાણે પ્રભુની સાથે જગતની લક્ષ્મીના વિવાહને માટે ત્યાં વાવ્યા હોય એમ જણાતું હતું. પૃથુ અને ગોળાકાર પાની જાણે ચરણકમલનો કંદ હોય તેવી શોભતી હતી; નખો જાણે અંગુષ્ટ અને અંગુલિરૂપી સર્પની ફણા ઉપર મણિ હોય તેવા શોભતા હતા અને ચરણના ગૂઢ બંને ગુલ્ફો,[2] સુવર્ણકમલની કળીની કર્ણિકાના ગોલકની શોભાને વિસ્તારતા હતા. પ્રભુના બંને પગનાં તળીઆં ઉપરના ભાગ કાચબાની પીઠની પેઠે અનુક્રમે ઉન્નત, નસો ન દેખાય તેવાં, રૂંવાડાંથી વર્જિત અને સ્નિગ્ધ કાંતિવાળાં હતાં; ગૌર જંઘાઓ (પીંડીઓ) રુધિરમાં અસ્થિમગ્ન થઈ ગયેલ હોવાથી પુટ, વર્તુલાકાર અને મૃગજંઘાની શોભાનો પણ તિરસ્કાર કરનારી હતી. માંસથી પૂરાયેલ અને ગોળ એવા જાનુ, રૂથી પૂરાયેલ ગોળ ઓસીકાની અંદર નાંખેલા દર્પણના રૂપને ધારણ કરતા હતા; મૃદુ, અનુપૂર્વપણાથી ઉત્તરોત્તર ચડતા અને સ્નિગ્ધ ઉરુ, કદલીસ્તંભના વિલાસને ધારણ કરતા હતા અને મુષ્ક, હસ્તીની પેઠે ગૂઢ અને સમસ્થિતિવાળા હતા; કારણ કે અશ્વની પેઠે કુલીનપુરુષનું પુરુષચિહ્ન ઘણું જ ગૂઢ હોય છે. તેમની ગુહ્ય ઇંદ્રિય, શિરાઓ ન દેખાય તેવી, નહીં ઊંચી નીચી, અશિથિલ, અહ્રસ્વ, અદીર્ઘ, સરલ, મૃદુ, રોમરહિત અને ગોળાકાર હતી; તેમના કોશની અંદર રહેલું પંજર-ચીત; પ્રદક્ષિણાવર્ત્ત શબ્દમુક્તાને ધારણ કરનાર, અબિભત્સ અને આવર્ત્તાકાર હતું. પ્રભુની કટિ વિશાળ, પુષ્ટ, સ્થૂળ અને ઘણી કઠીન હતી; તેમનો મધ્યભાગ સૂક્ષ્મપણામાં વજ્રના મધ્યભાગ જેવો જણાતો હતો; તેમની નાભી નદીની ભ્રમરીના વિલાસને ધારણ કરતી હતી અને કુક્ષિના બંને ભાગ સ્નિગ્ધ, માંસલ, કોમલ, સરલ અને સરખા હતા. તેમનું વક્ષસ્થલ સુવર્ણશિલાના જેવું વિશાળ, ઉન્નત, શ્રીવત્સ રત્નપીઠના ચિહ્નવાળું અને લક્ષ્મીને ક્રીડા કરવાની વેદિકાની શોભાને ધારણ કરતું હતું. તેમના બંને સ્કંધ વૃષભની કોંઢ જેવા દૃઢ, પુષ્ટ અને ઉન્નત હતા, તેમની બંને કાખ અલ્પ રોમવાળી, ઉન્નત અને ગંધસ્વેદમલથી રહિત હતી. તેમની પુષ્ટ અને કરરૂપી ફણાના છત્રવાળી ભુજાઓ જાનુપર્યંત લાંબી હતી, તે જાણે ચંચલ લક્ષ્મીને નિયમમાં રાખવાને નાગપાશ હોય તેવી જણાતી હતી અને બંને કર નવીન આમ્રપલ્લવ જેવા લાલ તળીઆવાળા, નિષ્કર્મ છતાં કઠોર, સ્વેદરહિત, છિદ્રવર્જિત અને જરા ગરમ હતા. પગની પેઠે તેમના હસ્ત પણ દંડ, ચક્ર, ધનુષ, મત્સ્ય, શ્રીવત્સ વજ્ર, અંકુશ, ધ્વજ, કમલ, ચામર, છત્ર, શંખ, કુંભ, સમુદ્ર, મંદર, મકર, ઋષભ, સિંહ, અશ્વ, રથ, સ્વસ્તિક, દિગ્ગજ, પ્રાસાદ, તોરણ અને દ્વીપ વિગેરે ચિન્હોથી અંકિત હતા. તેમના અંગૂઠા અને આંગળીઓ લાલ હાથમાંથી ઉત્પન્ન થયેલા તેથી લાલ અને સરલ હતા, તે જાણે પ્રાંત ભાગમાં માણેકના પુષ્પવાળા કલ્પવૃક્ષના અંકુરા હોય તેવા

---

૧ ચૈત્યપ્રતિષ્ઠામાં નંદ્યાવર્તનું પૂજન થાય છે તેમ અહીં પણ ધર્મરૂપ પ્રતિષ્ઠાનું એ ચિહ્ન સમજવું.

૨ ઘુંટીઓ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જણાતા હતા. અંગુઠાના પૂર્વ ભાગમાં યશરૂપી ઉત્તમ અશ્વને પુષ્ટિ કરવાના કારણરૂપ યવના ચિહ્નો સ્પષ્ટપણે શોભતા હતા. આંગળીઓના ઉપલા ભાગમાં પ્રદક્ષિણાવર્ત્તના ચિહ્નો હતા, તે સર્વ સંપત્તિને કહેનારા એવા દક્ષિણાવર્ત્ત શંખપણાને ધારણ કરતા હતા. તેમના કરકમળના મૂળ ભાગમાં ત્રણ રેખાઓ શોભતી હતી, તે જાણે કષ્ટથી ત્રણ જગતનો ઉદ્ધાર કરવાને માટેજ કરી હોય તેવી જણાતી હતી. તેમનો ગોળાકાર, અદીર્ઘ તેમજ ત્રણ રેખાથી પવિત્ર થયેલો ગંભીર ધ્વનીવાળો કંઠ શંખની તુલ્યતાને ધારણ કરતો હતો. નિર્મળ વર્તુલ અને કાંતિના તરંગવાળું મુખ જાણે કલંકરહિત બીજો ચંદ્ર હોય તેવું શોભતું હતું. બંને કપોળ, કોમળ, સ્નિગ્ધ અને માંસથી ભરપૂર હતા, તે જાણે સાથે નિવાસ કરનારી વાણી અને લક્ષ્મીના સુવર્ણના બે દર્પણ હોય તેવા જણાતા હતા અને અંદરના આવર્ત્તથી સુંદર તથા સ્કંધપર્યંત લાંબા બંને કર્ણ જાણે તેમના મુખની કાંતીરૂપી સિંધુનાં તીર ઉપર રહેલી બે છીપો હોય તેવા જણાતા હતા; બિંબફળની જેવા રક્ત તેમના હોઠ હતા, ડોલરની કળી જેવા બત્રીશ દાંત હતા અને અનુક્રમે વિસ્તારવાળી તથા ઉન્નત વંશના જેવી તેમની નાસિકા હતી. તેમની હડપચી પુષ્ટ, ગોળાકાર, કોમલ અને સમ હતી, તથા તેમાં શ્મશ્રૂનો ભાગ શ્યામ, ઘણો ઘાટો, સ્નિગ્ધ અને કોમળ હતો. પ્રભુની જીહ્વા નવીન અને કલ્પવૃક્ષના પ્રવાલ જેવી લાલ, કોમળ, અતિ સ્થૂળ નહીં તેવી અને દ્વાદશાંગ આગમના અર્થને પ્રસવનારી હતી. તેમના લોચન અંદર કૃષ્ણ તથા ધોળા અને પ્રાંતભાગમાં લાલ હતા, તેથી જાણે નીલમણિ, સ્ફટિકમણિ અને શોણમણિથી રચેલા હોય તેવા જણાતા હતા, તે નેત્રો કર્ણ સુધી પહોંચેલા (લાંબા) અને કજ્જલના જેવી શ્યામ પાંપણોવાળા હતા, તેથી જાણે લીન થયેલા ભ્રમરવાળા વિકસ્વર કમલ હોય તેવા જણાતા હતા. તેમના શ્યામ અને વક્ર ભવાં દૃષ્ટિરૂપી પુષ્કરણીના તીરમાં ઉત્પન્ન થયેલી લતાની શોભાને ધારણ કરતા હતા; વિશાળ, માંસલ, ગોળ, કઠિન, કોમળ અને સરખું એવું લલાટ અષ્ટમીના ચંદ્ર જેવું શોભતું હતું અને મૌલિભાગ અનુક્રમે ઉન્નત હતો, તેથી અધોમુખ કરેલા છત્રની તુલ્યતા ધારણ કરતો હતો. જગદીશ્વરપણાને સૂચવનારા પ્રભુના મૌલિછત્ર ઉપરના રહેલ ગોળાકાર અને ઉન્નત ઉષ્ણીય કળશની શોભાનો આશ્રય કરતો હતો અને વાંકડા, કોમલ, સ્નિગ્ધ અને ભ્રમરના જેવા કાળા-મસ્તક ઉપરના કેશ યમુના નદીના તરંગ જેવા શોભતા હતા, પ્રભુના શરીર ઉપર જાણે સુવર્ણના રસથી લીંપેલી હોય તેવી ગોરૂચંદનના જેવી ગૌર, સ્નિગ્ધ અને સ્વચ્છ ત્વચા શોભતી હતી, અને કોમલ, ભ્રમરના જેવી શ્યામ, અપૂર્વ ઉદ્‌ગમવાળી અને કમલતંતુ જેવી ઝીણી રૂંવાટી શોભતી હતી.

એવી રીતે રત્નોથી રત્નાકરની જેમ નાના પ્રકારના અસાધારણ લક્ષણોથી લક્ષિત એવા તે પ્રભુ કોને સેવવા યોગ્ય ન હોય? અર્થાત્ સુર, અસુર અને મનુષ્ય સર્વેએ સેવવા યોગ્ય હતા. ઈંદ્ર તેમને હસ્તાવલંબન આપતા હતા, યક્ષો ચામર વીંઝતા હતા, ધરણેન્દ્ર તેમનો દ્વારપાળ થતો હતો, વરુણ છત્ર ધરતો હતો, 'ઘણું જીવો, ઘણું જીવો' એમ બોલતા અસંખ્ય દેવતાઓ તેમની ચોતરફ વિંટાઇને રહેતા હતા, તથાપિ કાંઈ પણ ગર્વ નહિ ધારણ કરતા એવા જગત્પતિ યથાસુખ વિહાર કરતા હતા. બલિ ઇંદ્રના ઉત્સંગમાં ચરણ મૂકી અને ચમરેન્દ્રના ઉત્સર્ગરૂપ પલંગમાં પોતાના દેહનો ઉત્તરભાગ મૂકી દેવતાઓએ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લાવેલા આસન ઉપર બેઠેલા અને બંને હાથમાં હસ્તશાટક ( રૂમાલ ) રાખનારી અપ્સરાઓએ ઉપાસના કરેલા પ્રભુ ઘણી વખત અનાસક્તપણે દિવ્ય સંગીત જોતા હતા.

એક દિવસ બાળપણા યોગ્ય-પરસ્પર ક્રીડા કરતું કોઈ યુગલીઆનું જોડું તાડ વૃક્ષ નીચે ગયું, તે વખતે દુર્દૈવના યોગથી તાડવૃક્ષનું મોટું ફળ તેમાંનાં પુરુષની ઉપર તૂટીને પડયું. કાકતાલીય ન્યાય પ્રમાણે મસ્તક ઉપર પ્રહાર થતાં તે બાળક પુરુષ અપમૃત્યુથી[1] પંચત્વ પામી ગયો; એવો બનાવ આ પ્રથમ જ બન્યો. અલ્પકષાયને લીધે તે યુગલિક બાળક સ્વર્ગમાં ગયો, કેમકે **અલ્પભારને લીધે તુલા પણ આકાશમાં જાય છે.** પૂર્વે મહાપક્ષીઓ પોતાના માળાના કાષ્ઠની પેઠે યુગલિયાના મૃત શરીરોને ઉપાડીને સમુદ્રમાં નાખી દેતા હતા, પણ હાલ તે અનુભાવનો નાશ થયો હતો, તેથી તે કલેવર ત્યાં જ પડયું રહ્યું; કારણ કે અવસર્પિણી કાળનો અભાવ અવસર્પણ થતો હતો (આગળ વધતો હતો). તે જોડામાં બાલિકા હતી. તે સ્વભાવથી મુગ્ધપણા વડે શોભતી હતી. પોતાના સહવાસી બાળકનો નાશ થવાથી જાણે વિક્રીત થતાં[2] અવશેષ રહેલી હોય તેમ તે ચપલ નેત્રવાળી બાળા ત્યાં જ બેસી રહી. પછી તેના માતાપિતા તેને ત્યાંથી લઈ જઈ ઉછેરવા લાગ્યા અને તેનું **સુનંદા** એવું નામ પાડયું. કેટલેક દિવસે તેના માતાપિતા મૃત્યુ પામી ગયા; કારણ કે જુગલીઆઓ અપત્ય થયા પછી માત્ર અમુક દિવસ સુધી જ જીવે છે. માતાપિતાનું મૃત્યુ થતાં તે ચપલલોચના બાલિકા હવે 'શું કરવું ?' તે વિચારમાં જડ થઈ ગઈ અને ટોળાભ્રષ્ટ થયેલી મૃગલીની પેઠે વનમાં એકલી ભમવા લાગી. સરલ આંગલીરૂપી પત્રવાળા ચરણોથી પૃથ્વી ઉપર પગલાં ભરતી તે જાણે પૃથ્વી ઉપર વિકસ્વર કમલોને આરોપણ કરતી હોય તેવી જણાતી હતી. તેની બન્ને જંઘા જાણે કામદેવના સુવર્ણખચિત ભાથાં હોય તેવી શોભતી હતી. અનુક્રમે વિશાળ અને ગોળાકાર તેના બંને સાથળ હસ્તીની શુંઢ જેવા દેખાતા હતા. ચાલતી વખતે તેના પુષ્ટ અને ભારે નિતંબ કામદેવરૂપી દ્યૂતકારે નાંખેલા સુવર્ણના સોગઠાના વિલાસને ધારણ કરતા હતા. મુઠમાં આવે તેવા અને જાણે કામદેવનો આકર્ષ હોય તેવા મધ્યભાગથી તથા કામદેવની ક્રીડાવાપી[3] હોય તેવી સુંદર નાભિથી તે ઘણી શોભતી હતી. તેના ઉદરમાં ત્રિવલીરૂપ તરંગો રહેલા હતા, તેથી જાણે પોતાના રૂપવડે ત્રણ જગતનો જય કરવાથી તે ત્રણ જયરેખાઓને ધારણ કરતી હોય તેવી જણાતી હતી. જાણે રતિપ્રીતિના બે ક્રીડાપર્વતો હોય તેવા તેનાં સ્તનો હતાં, અને જાણે રતિપ્રીતિના હિંડોળાની બે યષ્ટિઓ હોય તેવી તેની ભુજલતાઓ શોભતી હતી. તેનો ત્રણ રેખાવાળો કંઠ શંખના વિલાસને હરણ કરતો હતો. હોઠવડે તે પાકેલા બિંબફળની કાંતિનો પરાભવ કરતી હતી અને અધરરૂપી છીપની અંદર રહેલા મુક્તાફળરૂપ દાંતોથી તથા જાણે નેત્રરૂપ કમલનું નાળ હોય તેવી નાસિકાથી તે ઘણી મનોહર લાગતી હતી. તેના બંને ગાલ જાણે લલાટની સ્પર્ધા કરતા હોય તેમ અર્ધચંદ્રની શોભાને ચોરતા હતા અને મુખરૂપી કમલમાં લીન થયેલા જાણે ભમરા હોય તેવા તેના સુંદર કેશ હતા. સર્વ અંગે સુંદર અને પુણ્ય લાવણ્યરૂપી અમૃતની નદીરૂપ તે બાળા વનદેવીની પેઠે વનની અંદર ફરતી શોભતી હતી. તે એકલી મુગ્ધાને જોઈ કિંકર્ત્તવ્યમાં[4] જડ થયેલા કેટલાએક યુગલીઆઓ તેને નાભિરાજા પાસે લાવ્યા. શ્રી નાભિરાજાએ 'આ ઋષભની ધર્મપત્ની થાઓ'

---

૧ અકાળ મૃત્યુથી. ૨ વેચાતાં. ૩ ક્રીડા કરવાની વાવડી. ૪ શું કરવું તેના વિચારમાં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એમ કહી નેત્રરૂપી કુમુદને ચાંદની સમાન તે બાળાનો સ્વીકાર કર્યો.

ત્યારપછી એકદા સૌધર્મેંદ્ર, પ્રભુના વિવાહસમયને અવધિજ્ઞાનથી જાણીને ત્યાં આવ્યા, અને જગત્પતિના ચરણમાં પ્રણામ કરી તેમની આગળ પાળાની પેઠે ઊભા રહી અંજલિ જોડી આ પ્રમાણે વિજ્ઞપ્તિ કરી–"હે નાથ ! જે અજ્ઞ[1] માણસ જ્ઞાનના નિધિરૂપ એવા સ્વામીને પોતાના વિચારથી વા બુદ્ધિથી કોઇ કાર્યમાં પ્રવર્ત્તાવે છે તે ઉપહાસના સ્થાનરૂપ થાય છે; પણ હમેશાં સ્વામી પોતાના ભૃત્યોને ઘણા પ્રસાદથી જુએ છે, તેથી તેઓ કોઈ વખત સ્વચ્છંદતાથી પણ બોલી શકે છે; તેમાં પણ જે પોતાના સ્વામીનો અભિપ્રાય જાણીને બોલે છે તે ખરા સેવકો કહેવાય છે. હે નાથ ! હું આપનો અભિપ્રાય જાણ્યા સિવાય કહું છું, તેથી આપ મારા ઉપર અપ્રસાદ કરશો નહીં. હું જાણું છું કે આપ ગર્ભાવાસથી જ વીતરાગ છો અને અન્ય પુરુષાર્થની અપેક્ષા નહીં હોવાથી ચોથા પુરુષાર્થ (મોક્ષ) ને માટે જ સજ્જ થયેલા છો; તથાપિ હે નાથ ! મોક્ષમાર્ગની પેઠે લોકોનો વ્યવહારમાર્ગ પણ આપનાથી જ પ્રગટ થવાનો છે, તેથી તે લોકવ્યવહારના પ્રવર્ત્તન માટે હું આપનો પાણિગ્રહણ મહોત્સવ કરવાની ઇચ્છા રાખું છું. આપ પ્રસન્ન થાઓ ! હે સ્વામિન્ ! ભુવનમાં ભૂષણરૂપ, રૂપવતી અને આપને યોગ્ય એવી **સુનંદા** અને **સુમંગલા** ને પરણવાને આપ યોગ્ય છો."

તે સમયે સ્વામી પણ અવધિજ્ઞાનવડે પોતાને ત્રાશી લાખ પૂર્વ સુધી ભોગવવાનુ દૃઢ ભોગકર્મ છે અને તે અવશ્ય ભોગવવું જ પડશે, એમ જાણી મસ્તક ધુણાવી સાયં-કાળના કમલની પેઠે અધોમુખ થઈને રહ્યા. ઇંદ્રે સ્વામીનો અભિપ્રાય જાણીને વિવાહકર્મના આરંભને માટે તત્કાળ દેવતાઓને ત્યાં બોલાવ્યા. ઇંદ્રના હુકમથી તેના આભિયોગિક દેવતા-ઓએ જાણે સુધર્મા સભાનો અનુજ (નાનો ભાઈ) હોય તેવો એક સુંદર મંડપ ત્યાં રચ્યો. તેમાં આરોપણ કરેલા સુવર્ણ, માણેક અને રૂપાના સ્તંભો–મેરુ, રોહણાચલ અને વૈતાઢ્ય પર્વતની ચૂલિકા જેવા શોભતા હતા. તેમાં મૂકેલા સુવર્ણમય ઉદ્યોતકારી કુંભો જાણે ચક્ર-વર્તીના કાંકણીરત્નનાં મંડલો હોય તેવા શોભતા હતા અને ત્યાં સુવર્ણવેદિકાઓ પોતાના પ્રસરતા કિરણોથી જાણે બીજા તેજને સહન નહીં કરવાથી સૂર્યના તેજનો આક્ષેપ કરતી હોય તેવી જણાતી હતી. તેમાં પ્રવેશ કરનારાઓ મણિમય શિલાની ભીંતોમાં પ્રતિબિંબિત થઈ ઘણાં પરિવારવાળા જણાતા હતા. રત્નોના સ્તંભ ઉપર પૂતળીઓ નૃત્ય કરવાથી શ્રાંત થયેલી નર્ત્તકીઓના જેવી શોભતી હતી. તે મંડપની દરેક દિશાએ સંતાનવૃક્ષ (કલ્પવૃક્ષ) નાં તોરણો કર્યાં હતાં, તે જાણે કામદેવે તૈયાર કરેલા ધનુષ્યો હોય તેવા શોભતા હતા અને સ્ફટિકના દ્વારની શાખા ઉપર નીલમણિ તોરણો રચ્યા હતા, તે શરદૃઋતુની મેઘમાલામાં રહેલી પોપટની પંક્તિઓના જેવા સુંદર લાગતા હતા. કોઈ ઠેકાણે સ્ફટિકથી બાંધેલી ભૂમિ ઉપર નિરંતર કિરણો પડવાથી તે મંડપ ક્રીડા કરવાની અમૃત સરસીના[2] વિલાસને વિસ્તારતો હતો, કોઈ ઠેકાણે પદ્મરાગ મણિની શિલાઓના કિરણો પ્રસરતા તેથી તે કસુંબી અને વિસ્તારવાળા દિવ્ય વસ્ત્રોના સંચયવાળો દેખાતો હતો, કોઈ ઠેકાણે નીલમણિની શિલાઓના ઘણા મનોહર કિરણોના અંકુરો પડવાથી તે જાણે ફરીથી વાવેલા માંગલિક યવાંકુરવાળો હોય તેવો શોભતો હતો અને કોઈ ઠેકાણે મરકતમય પૃથ્વીના કિરણો અખંડિત પડતા હતા તેથી તે ત્યાં

---

૧ અજ્ઞાની. ૨ અમૃત–તલાવડી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લાવેલા લીલા અને મંગળમય વંશની શંકાને ઉત્પન્ન કરાવતો હતો. તે મંડપમાં ઉપર શ્વેત દિવ્ય વસ્ત્રનો ઉલ્લોચ (ચંદરવો) હતો તે જાણે તેના મિષથી આકાશગંગા કૌતુક જોવાની ઇચ્છાથી ત્યાં આવી હોય તેમ જણાતું હતું અને ચંદરવાની ચોતરફ સ્થંભો ઉપર મોતીની માળાઓ લટકાવેલી હતી, તે જાણે આઠ દિશાઓના હર્ષના હાસ્ય હોય તેવી જણાતી હતી. મંડપના મધ્ય ભાગમાં દેવીઓએ રતિના નિધાનરૂપ રત્નકળશની આકાશ સુધી ઊંચી ચાર શ્રેણીઓ સ્થાપન કરી હતી. તે ચાર શ્રેણિના કુંભોને ટેકો આપનારા લીલા વાંસો વિશ્વને ટેકો આપનારા સ્વામીના વંશની વૃદ્ધિને સૂચવતા હતા.

તે સમયે—"હે રંભા ! માળાનો આરંભ કર, હે ઉર્વશી ! દૂર્વા તૈયાર કર, ઘૃતાચિ ! વરને અર્ઘ્ય દેવાને માટે ઘી અને દધિ વગેરે લાવ, હે મંજુઘોષા ! સખીઓને ધવલ મંગળ સુન્દર રીતે ગવરાવ, હે સુગંધે ! તું સુગંધી વસ્તુઓ તૈયાર કર, હે તિલોત્તમા ! દ્વારદેશમાં ઉત્તમ સાથિયા કર, હે મેના ! તું આવેલા લોકોને યોગ્ય આલાપની રચનાથી સન્માન આપ, હે સુકેશિ ! વધૂ અને વરને માટે કેશાભરણ તૈયાર કર, હે સહજન્યા ! જન્યયાત્રા (જાન) માં આવેલા પુરુષોને સ્થાન બતાવ, હે ચિત્રલેખા ! માતૃભુવનમાં વિચિત્ર ચિત્ર આલેખ, હે પૂર્ણિમે ! તું પૂર્ણ પાત્રો શીઘ્ર તૈયાર કર, હે પુંડરીક ! તું પુંડરીકથી પૂર્ણ કુંભોને શણગાર, હે અમ્લોચા ! તું વરમાંચીને યોગ્ય સ્થાનમાં સ્થાપન કર, હે હંસપાદિ ! તું વધૂવરની પાદુકાને સ્થાપન કર, હે પુંજિકાસ્થલા ! તું શીઘ્ર વેદિકા ગોમયથી લીંપ, હે રામા ! તું આજે કેમ રમે છે ? હે હેમા ! તું સુવર્ણને કેમ જુએ છે ? હે દ્રુતસ્થલા ! તું જાણે ગાંડી થઈ હોય તેમ વિસંસ્થુલ કેમ થઈ ગઈ છે ? હે મારીચિ ! તું શું વિચાર કરે છે ? હે સુમુખિ ! તું ઉન્મુખી કેમ થઈ છે ? હે ગાંધર્વિ ! તું આગળ કેમ નથી રહેતી ? હે દિવ્યા ! તું ફોગટ ક્રીડા કેમ કરે છે ? હવે લગ્નસમય નજીક આવે છે તેથી પોતપોતાના વિવાહોચિત કાર્યમાં સર્વ રીતે ઉતાવળ કરો." આ પ્રમાણે અપ્સરાઓના પરસ્પર એક બીજાના નામ આપી સરસ કોલાહલ થવા લાગ્યો.

પછી કેટલીએક અપ્સરાઓએ સુનંદા અને સુમંગલાને મંગલસ્નાન કરાવવાને માટે આસન ઉપર બેસાર્યા. મધુર ધવળમંગળ ગાતાં ગાતાં પ્રથમ તેમને સર્વ અંગે તૈલથી અભ્યંગ કર્યું, પછી જેની રજના પુંજથી પૃથ્વી પવિત્ર થયેલી છે એવી તે બન્ને કન્યાઓને સૂક્ષ્મ પીઠીથી તેઓએ ઉદ્વર્ત્તન કર્યું. જાણે તેમના અંગમાં લીન થયેલા નવ અમૃત કુંડ હોય તેમ તેમના બંને ચરણ, બંને હાથ, બંને જાનુ, બંને ખભા અને એક કેશમાં એમ નવ શ્યામ તિલક કર્યાં અને ત્રાકમાં રહેલા કસુંબાના સૂત્રોથી તેમના સવ્ય અને અપસવ્ય અંગોમાં જાણે સમચતુરસ્ર સંસ્થાનને તપાસતી હોય તેમ તેઓએ સ્પર્શ કર્યો. એવી રીતે અપ્સરાઓએ સુંદર વર્ણવાળી તે બાળાઓને ધાત્રીઓની પેઠે પ્રયત્નવડે તેમને ચાપલ્યપણાથી વારતી હોય તેમ વર્ણકમાં[1] નાંખી. હર્ષથી ઉન્મત્ત થયેલી તે અપ્સરાઓએ વર્ણકનું જાણે સહોદર હોય તેવું ઉદ્વર્ણક પણ તે જ વિધિથી કર્યું. પછી જાણે પોતાની કુલદેવતા હોય તેમ તેઓને બીજા આસન ઉપર બેસારીને સુવર્ણકુંભના જળથી

૧. વર્ણકમાં નાંખી એટલે પીઠીવાળી કરી. પીઠીમાતા કર્યા પછી બહાર જવાતું નથી, તેથી અપ્સરાઓ તેમને ચપલપણાથી રોકનારી ધાત્રીઓ હોયની ! એવી કવિએ ઉત્પ્રેક્ષા કરી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્નાન કરાવ્યું; ગંધકષાયી વસ્ત્રથી તેમનું અંગ લુંછયું અને કોમળ વસ્ત્રથી તેમના કેશ વેષ્ટિત કર્યા. પછી હીરવાણી વસ્ત્રો પહેરાવી બીજા આસન ઉપર બેસારી, તેમના કેશમાંથી મોતીની વૃષ્ટિના ભ્રમને કરાવતું જળ ખેરવી નાખ્યું અને સ્નિગ્ધ ધૂમ્રરૂપી લત્તાથી જેમની શોભા વૃદ્ધિ પામેલી છે એવા તેમના જરા આર્દ્રકેશ દિવ્ય ધૂપથી ધુપિત કર્યા. ગૌરિક ધાતુ (ગેરુ) થી જેમ સુવર્ણને લેપન કરે તેમ તે સ્ત્રીરત્નના અંગને સુંદર અંગરાગથી લિપ્ત કર્યું અને તેમની ગ્રીવા, ભુજાના અગ્રભાગ, સ્તન અને ગાલ ઉપર જાણે કામદેવની પ્રશસ્તિ હોય તેવી પત્રવલ્લરી આલેખી. જાણે રતિદેવને ઉતરવાનું નવીન મંડળ હોય તેવા તેમના લલાટમાં ચંદનનું સુંદર તિલક કર્યું. તેમના નેત્રો નીલકમળના વનમાં આવતાં ભ્રમરના જેવા કાજળથી શણગાર્યા અને જાણે કામદેવે પોતાના આયુધો રાખવાને શસ્ત્રાગાર કર્યું હોય તેમ તેઓનો અંબોડો વિકાસ પામેલા પુષ્પોની માળાઓ ગુંથીને બાંધ્યો. પછી ચંદ્રમાનાં કિરણોને તિરસ્કાર કરનારાં અને લાંબા છેડાવાળાં વિવાહવસ્ત્રો (પાનેતર વગેરે) તેમને પહેરાવ્યાં. પૂર્વ અને પશ્ચિમ દિશાના મસ્તક ઉપર જેમ સૂર્ય અને ચંદ્ર રહે તેમ તેઓના મસ્તક ઉપર વિચિત્ર મણિથી દેદીપ્યમાન થયેલા બે મુગટો ધારણ કરાવ્યા. તેમના બંને કર્ણમાં, પોતાની શોભાવડે રત્નોથી અંકુરિત થયેલી મેરુપર્વતની પૃથ્વીના સર્વ ગર્વને ચોરતા એવા મણિમય અવતંસ આરોપણ કર્યા. કર્ણલતાની ઉપર નવીન પુષ્પગુચ્છની શોભાને વિડંબના કરનારા મોતીના દિવ્ય કુંડળો પહેરાવ્યાં. કંઠમાં વિચિત્ર માણેકની કાંતિથી આકાશને પ્રકાશમાન કરનારા અને સંક્ષેપ કરેલાં ઇંદ્રધનુષની લક્ષ્મીને હરનારા પદક પહેરાવ્યા. ભુજા ઉપર કામદેવના ધનુષમાં બાંધેલા વીરપટ્ટની જેવા શોભતા રત્નમંડિત બાજુબંધ બાંધ્યા. તેમના સ્તનરૂપ તટ ઉપર તે સ્થળે ચડતી–ઉતરતી નદીના ભ્રમને કરાવનારો હાર પહેરાવ્યો. તેમના હાથે મોતીનાં કંકણો આરોપ્યાં, તે જાણે જળલતાની નીચે જળથી શોભી રહેલા કયારા હોય તેવા શોભવા લાગ્યા. જેમાં ઘુઘરીઓની શ્રેણિઓ ઘમકાર કરી રહી છે એવી મણિમય કટિમેખલા તેમના કટિભાગમાં બાંધી, તે જાણે રતિદેવીની મંગલપીઠિકા હોય તેવી શોભવા લાગી અને જાણે તેમના ગુણને કહેતા હોય તેવા ઝણઝણકાર કરતા રત્નમય ઝાંઝરો તેમના ચરણમાં આરોપણ કર્યાં.

એવી રીતે બંને બાળાઓને તૈયાર કરી, દેવીઓએ તેમને તેડી માતૃભુવનની અંદર સુવર્ણના આસન ઉપર બેસારી. તે વખતે ઇંદ્રે આવીને વૃષભ લંછનવાળા પ્રભુને વિવાહ માટે તૈયાર થવાને આગ્રહથી વિજ્ઞપ્તિ કરી. 'લોકોને વ્યવહારની સ્થિતિ બતાવવી યોગ્ય છે અને મારે ભોગ્યકર્મ અવશ્ય ભોગવવું પડે તેમ છે.' એમ વિચારી પ્રભુએ ઇંદ્રની વિજ્ઞપ્તિ માન્ય કરી. એટલે વિધિને જાણનારા ઇંદ્રે પ્રભુને સ્નાન કરાવી, વિલેપન કરી આભૂષણોથી યથાવિધિ શણગાર્યા. પછી પ્રભુ દિવ્ય વાહનમાં બેસી વિવાહમંડપ તરફ ચાલ્યા એટલે ઇંદ્ર છડીદારની પેઠે આગળ ચાલવા લાગ્યા, અપ્સરાઓ બંને બાજુએ લવણ-(લુણ) ઉતારવા લાગી, ઇંદ્રાણીઓ શ્રેયકારી ધવળમંગળ ગાવા લાગી, સામાનિક દેવીઓ ઓવારણા લેવા લાગી અને ગંધર્વો તત્કાળ થયેલા હર્ષથી વાજિંત્રો વગાડવા લાગ્યા. એવી રીતે દિવ્ય વાહનમાં બેસીને મંડપદ્વાર સમીપે આવ્યા એટલે પોતે જ વિધિ જાણનારા એવા પ્રભુ સમુદ્રની વેલા જેમ પોતાની મર્યાદાભૂમિએ આવીને અટકે તેમ વાહનમાંથી ઉતરીને વિવાહમંડપના દ્વાર પાસે આવીને ઊભા રહ્યા. ઇંદ્રે પ્રભુને હાથનો ટેકો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આપ્યો હતો તેથી તે વખતે વૃક્ષનો ટેકો લઈને રહેલ હસ્તી શોભે તેમ પ્રભુ શોભવા લાગ્યા. તરત જ મંડપની સ્ત્રીઓમાંથી કોઈએ અગ્નિ અને લવણ અંદર હોવાથી તડતડાટ શબ્દ કરતું એક સરાવસંપુટ દ્વારના મધ્યભાગમાં મૂક્યું ! કોઈ સ્ત્રીએ પૂર્ણિમા જેમ ચન્દ્રને ધારણ કરે તેમ દુર્વા વિગેરે મંગળ પદાર્થોવડે લાંછિત કરેલો રૂપાનો થાળ પ્રભુની આગળ ધર્યો અને એક સ્ત્રી કસુંબી વસ્ત્ર પહેરીને, જાણે પ્રત્યક્ષ મંગળ હોય એવા પંચ શાખે યુક્ત રવૈયાને ઊંચો કરીને અર્ધ્ય આપવા માટે ઊભી રહી. 'હે અર્ધ્ય આપનારી ! આ અર્ધ્ય આપવા લાયક વરને અર્ધ્ય આપ, ક્ષણવાર માખણ ઉડાડ, સમુદ્રમાંથી જેમ અમૃત ફેંકે તેમ થાળમાંથી દધિ લઈને ફેંક, હે સુંદરિ ! નંદનવનમાંથી લાવેલા ચંદનરસને તૈયાર કર, ભદ્રશાળ વનની પૃથ્વીમાંથી મંગાવેલી દુર્વા હર્ષથી આણી આપ, કારણ કે એકઠા થયેલા લોકોના નેત્રની શ્રેણિવડે જંગમ તોરણ થયું છે જેમને એવા અને ત્રણ લોકમાં ઉત્તમ એવા આ વરરાજા તોરણદ્વારમાં ઊભા રહ્યા છે; તેમના દેહને ઉત્તરીય વસ્ત્રના અંતરપટથી આચ્છાદિત કર્યો તેથી ગંગાનદીના તરંગમાં અંતરિત થયેલા યુવાન રાજહંસની જેવા જણાવા લાગ્યા. 'હે સુંદરિ ! વાયુથી પુષ્પો ખરી પડે છે અને ચંદન સુકાઈ જાય છે, માટે એ વરને હવે દ્વારમાં ઘણીવાર રોકી ન રાખ.' એવી રીતે દેવતાઓની સુંદરીઓ ધવલમંગળ ગાતી હતી તેવે વખતે તેણી ( કસુંબી વસ્ત્ર ધારણ કરી મથનદંડ-રવૈયો લઈને ઊભી રહેલી સ્ત્રી )એ ત્રિજગતને અર્ધ્ય આપવા યોગ્ય એવા વરરાજાને અર્ધ્ય આપ્યો અને શોભાયમાન રક્ત હોઠવાળી તે દેવીએ ધવળમંગલની પેઠે શબ્દ કરતા પોતાના કંકણ સહિત હાથે ત્રિજગત્પતિના ભાલને ત્રણ વાર રવૈયાથી ચુંબન કર્યું. પછી પ્રભુએ પોતાની વામપાદુકાવડે હીમકર્પૂરની લીલાથી અગ્નિ સહિત સરાવસંપુટને ચૂર્ણ કરી નાખ્યું અને ત્યાંથી અર્ધ્ય દેનારી દેવીએ કંઠમાં કસુંબી વસ્ત્ર નાખીને ખેંચેલા પ્રભુ માતૃભુવનમાં ગયા. ત્યાં કામદેવનો જાણે કંદ હોય તેવા મદનફળ ( મિંઢોળ )થી શોભતું હસ્તસૂત્ર વધૂવરને હાથે બાંધવામાં આવ્યું. કેશરીસિંહ જેમ મેરુપર્વતની શિલા ઉપર બેસે તેમ વરરાજાને માતૃદેવીઓની આગળ ઊંચા સુવર્ણના સિંહાસન ઉપર બેસાર્યા. સુંદરીઓએ સમીવૃક્ષ અને પીપળાની ત્વચાનું ચૂર્ણ કરીને તેનો લેપ બંને કન્યાના હાથમાં કર્યો; તે જાણે કામદેવરૂપી વૃક્ષનો દોહદ પૂર્યો હોય તેમ જણાતું હતું. જ્યારે શુભ લગ્નનો ઉદય થયો અર્થાત્ બરાબર લગ્ન સમય થયો ત્યારે સાવધાન થયેલા પ્રભુએ હસ્તલેપવાળા તે બંને બાળાનો હસ્ત પોતાના હસ્તથી ગ્રહણ કર્યા. તે વખતે ઈંદ્રે જળના કયારામાં જેમ શાળનું બીજ રોપે તેમ હસ્તલેપવાળા તે બંનેના હસ્તસંપુટમાં એક મુદ્રિકા નાંખી. પ્રભુના બંને હાથ તે બંનેના હાથ સાથે મળતાં, બે શાખામાં લગ્ન થયેલી બે લતાવડે જેમ વૃક્ષ શોભે તેમ તેઓ શોભવા લાગ્યા. સરિતાઓના જળ જેમ સમુદ્રમાં મળે તેમ તે સમયે વધૂવરની દૃષ્ટિ પરસ્પર તારામેલક પર્વમાં મળવા લાગી. વાયુ વિનાના જળની પેઠે નિશ્ચળ થયેલી દૃષ્ટિ દૃષ્ટિની સાથે અને મન મનની સાથે પરસ્પર જોડાઈ ગયા અને એક બીજાના નેત્રની કીકીઓમાં તેઓ પરસ્પર પ્રતિબિંબિત થયા. તે જાણે પરસ્પર અનુરાગથી એક બીજાના હૃદયમાં પેઠા હોય તેમ જણાવા લાગ્યા. એ વખતે વિદ્યુત્પ્રભાદિક ગજદંતા જેમ મેરુની પાસે રહે તેમ સામાનિક દેવતાઓ ભગવાનની પાસે અનુવર (અણુવર) થઈને રહ્યા હતા. કન્યા તરફની જે સ્ત્રીઓ મશ્કરી કરવામાં ચતુર હતી તેમણે અનુવર ઉપર કૌતકધવલ ગાવાનો આ પ્રમાણે આરંભ કર્યો—'જ્વરવાળો માણસ જેમ સમુદ્રને શોષણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરવાની શ્રદ્ધાવાળો હોય તેમ લાડવા ખાવાને આ અણુવર કયા મનથી શ્રદ્ધાળુ થયો છે ? કૂતરો જેમ કાંદા ઉપર તેમ માંડા ઉપર અખંડ દૃષ્ટિ રાખનાર આ અનુવર કયા મનથી સ્પૃહા કરે છે ? જન્મથી માંડીને જાણે પૂર્વે કોઈ વખત દીઠા ન હોય તેમ રાંકના બાળકની પેઠે વડાં ખાવાને આ અનુવર કયા મનથી લલચાય છે ? મેઘમાં જેમ ચાતક અને પૈસામાં જેમ યાચક તેમ સોપારીમાં આ અનુવર કયા મનથી ઈચ્છા કરે છે ? જેમ વાછડો ઘાસમાં શ્રદ્ધાળુ થાય તેમ આ અનુવર આજે કયા મનથી તાંબૂલપત્રમાં શ્રદ્ધાળુ થયો છે ? માખણના પિંડ ઉપર જેમ બિલાડો લંપટ થાય તેમ આ અનુવર કયા મનથી ચૂર્ણ ઉપર ટાંપી રહ્યો છે ? કયારાના કાદવ ઉપર જેમ પાડો શ્રદ્ધા રાખે તેમ વિલેપન (અત્તર વિગેરે)માં આ અનુવર કયા મનથી શ્રદ્ધા રાખે છે ? ઉન્મત્ત માણસ જેમ નિર્માલ્ય ઉપર પ્રીતિ રાખે તેમ આ અનુવર પુષ્પમાળની ઉપર ચપળ લોચન કરી કયા મનથી શ્રદ્ધા બાંધે છે ?' આવા કૌતુકધવળને કૌતુકથી ઊંચા કાન અને મુખ કરીને સાંભળનારા દેવતાઓ જાણે ચિત્રમાં આલેખ્યા હોય તેવા થઈ ગયા. લોકને વિષે આ વ્યવહાર બતાવવો યોગ્ય છે એમ ધારીને વિવાહમાં નીમાયેલા મધ્યસ્થ માણસની જેમ પ્રભુ તેની ઉપેક્ષા કરતા હતા. પછી મોટા વહાણની સાથે જેમ બે નાવિકાઓ બાંધે, તેમ જગત્પતિના છેડા સાથે બંને વધૂના વસ્ત્રના છેડા ઇંદ્રે બાંધ્યા. આભિયોગિક દેવતાની પેઠે ઇંદ્ર પોતે ભક્તિથી પ્રભુને કટી ઉપર તેડી વેદીગૃહમાં લઇ જવા ચાલ્યા, એટલે બે ઇંદ્રાણીઓએ આવી તત્કાળ બંને કન્યાને કટી ઉપર તેડી અને હથેવાળો છૂટો પાડયા સિવાય સ્વામીની સાથે જ ચાલી. ત્રણ જગતના શિરોરત્નરૂપ તે વધૂવરે પૂર્વ દ્વારથી વેદીવાળા સ્થાનની મધ્યમાં પ્રવેશ કર્યો. કોઈ ત્રાયસ્ત્રિંશ (ગુરુસ્થાનકીઆ) દેવતાએ, તત્કાળ જાણે પૃથ્વીમાંથી ઉઠયો હોય તેવો અગ્નિ વેદીમધ્યમાં પ્રગટ કર્યો. તેમાં સમિધ આરોપણ કરવાથી આકાશચારી મનુષ્યો (વિદ્યાધરો) ની સ્ત્રીઓના કર્ણના અવતંસરૂપ ધૂમાડાની રેખા આકાશમાર્ગમાં વ્યાપ્ત થઇ ગઇ. પછી સ્ત્રીઓ મંગળગીત ગાતી હતી તે સમયે પ્રભુએ સુનંદા અને સુમંગલાની સાથે અષ્ટ મંગળ પૂર્ણ થતાં સુધી અગ્નિની પ્રદક્ષિણા કરી. પછી આશીષ્ના ગીત ગવાતાંની સાથે ઇંદ્રે પાણિમોક્ષની સાથે છેડાછેડી પણ છોડી. પછી પ્રભુના લગ્ન ઉત્સવથી થયેલા હર્ષવડે રંગાચાર્ય (સૂત્રધાર)ની પેઠે આચરણ કરતા ઇંદ્રે ઇંદ્રાણીઓ સહિત હસ્તાભિનયની લીલા બતાવી નાચવા માંડયું. પવને નૃત્ય કરાવેલા વૃક્ષની પાછળ જેમ આશ્રિત લતાઓ નૃત્ય કરે તેમ ઇંદ્રની પછવાડે બીજા દેવતાઓ પણ નૃત્ય કરવા લાગ્યા. કેટલાએક દેવતાઓ ચારણની પેઠે જય જય શબ્દ કરવા લાગ્યા; કોઈ ભરતની પેઠે વિચિત્ર પ્રકારના નૃત્ય કરવા લાગ્યા; કોઇ જાતિથી જ ગંધર્વ હોય તેમ ગાયન કરવા લાગ્યા; કોઈ પોતાના મુખને સ્ફુટ રીતે જાણે વાજિંત્ર હોય તેમ વગાડવા લાગ્યા; કોઈ વાનરોની પેઠે સંભ્રમથી ઠેકવા લાગ્યા; હસાવનારા વૈહાસિક[1] હોય તેમ કોઇ સર્વ માણસોને હસાવવા લાગ્યા અને કોઈ પ્રતિહારની પેઠે લોકોને દૂર ખસેડવા લાગ્યા. આવી રીતે હર્ષથી ઉન્માદી થયેલા દેવતાઓએ જેમને ભક્તિ બતાવી છે એવા અને પોતાની બંને બાજુએ રહેલી સુમંગલા અને સુનંદાથી શોભતા એવા પ્રભુ દિવ્ય વાહનમાં બેસી સ્વસ્થાને ગયા. સંગીતને સમાપ્ત કરી જેમ રંગાચાર્ય પોતાને સ્થાને જાય તેમ આ પ્રમાણે વિવાહમહોત્સવને નિવૃત્ત કરી

---

૧ વિદૂષક.



www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

સ્વર્ગપતિ ઇન્દ્ર પણ સ્વસ્થાને ગયા. સ્વામીએ બતાવેલી વિવાહની રીતિ ત્યારથી લોકમાં પ્રવર્તી, કેમકે **મોટા લોકોની સ્થિતિ પરને માટે જ હોય છે.**

હવે અનાસક્ત એવા પ્રભુ બંને પત્નીઓ સાથે ભોગ ભોગવવા લાગ્યા; કેમકે તે સિવાય પૂર્વના શાતાવેદનીય કર્મનો ક્ષય પણ થતો નથી. વિવાહાનંતર પ્રભુએ તે પત્નીઓની સાથે જરા ન્યૂન છ લક્ષ પૂર્વ સુધી વિલાસ કર્યો. તે સમયે બાહુ અને પીઠના જીવ સર્વાર્થસિદ્ધ વિમાનથી ચ્યવીને સુમંગલાની કુક્ષિમાં યુગ્મરૂપે ઉત્પન્ન થયા અને **સુબાહુ** તથા **મહાપીઠ**ના જીવ પણ તે જ સર્વાર્થસિદ્ધ વિમાનથી ચ્યવીને તેવી જ રીતે સુનંદાની કુક્ષિમાં ઉત્પન્ન થયા. સુમંગલાએ મરુદેવાની પેઠે ગર્ભના માહાત્મ્યને સૂચવનારા ચતુર્દશ મહાસ્વપ્નો જોયા. દેવીએ પ્રભુને તે સ્વપ્નો નિવેદિત કર્યા એટલે પ્રભુએ કહ્યું– 'તમારે ચક્રવર્તી પુત્ર થશે.' સમય આવતાં પૂર્વ દિશા જેમ સૂર્ય અને સંધ્યાને જન્મ આપે તેમ સુમંગલાએ પોતાની કાંતિથી દિશાઓને પ્રકાશ કરનારા **ભરત** અને **બ્રાહ્મી**– એ બે અપત્યને જન્મ આપ્યો અને વર્ષાઋતુ જેમ મેઘ અને વિદ્યુત્‌ને જન્મ આપે તેમ સુનંદાએ સુંદર આકૃતિવાળા **બાહુબલિ** અને **સુંદરીને** જન્મ આપ્યો. પછી સુમંગલાએ વિદૂર પર્વતની ભૂમિ જેમ રત્નોને ઉત્પન્ન કરે તેમ અનુક્રમે પુત્રના ઓગણપચાસ જોડલા (૯૮ પુત્રો) ને ઉત્પન્ન કર્યા–જન્મ આપ્યો. વિંધ્યાદ્રિમાં હાથીના બાળકોની પેઠે મહાપરાક્રમી અને ઉત્સાહી એવા તે બાળકો આમતેમ રમતા અનુક્રમે વૃદ્ધિ પામવા લાગ્યા. જેમ ઘણી શાખાઓથી મોટું વૃક્ષ શોભે તેમ તે અપત્યોથી ચોતરફ વિંટાયેલા ઋષભસ્વામી શોભવા લાગ્યા.

તે સમયે પ્રાતઃકાળે જેમ દીપકનું તેજ હણાઇ જાય તેમ કાળદોષથી કલ્પવૃક્ષોનો પ્રભાવ હણાવા (ઓછો થવા) લાગ્યો. અશ્વત્થ નામના વૃક્ષોમાં જેમ લાખના કણ ઉત્પન્ન થાય, તેમ જુગલીઆઓમાં ક્રોધાદિક કષાયો શનૈઃ શનૈઃ ઉત્પન્ન થવા લાગ્યા અને સર્પ જેમ ત્રણ પ્રકારના પ્રયત્નવિશેષને ન ગણે તેમ જુગલીઆઓ હાકાર, માકાર અને ધિક્કાર એ ત્રણ પ્રકારની નીતિનું ઉલ્લંઘન કરવા લાગ્યા. તેથી જુગલીઆઓએ એકઠા થઈ પ્રભુ પાસે આવી અસમંજસ બનતા સર્વ બનાવો નિવેદન કર્યા. તે સાંભળીને ત્રણ જ્ઞાન ધરાવનારા–જાતીસ્મરણવાન્ પ્રભુએ કહ્યું–'લોકમાં જેઓ મર્યાદાનું ઉલ્લંઘન કરે છે તેઓને શિક્ષા કરનારા રાજા હોય છે, તેને પ્રથમ ઊંચા આસન ઉપર બેસારી અભિષેક કરવામાં આવે છે, તેમજ તે ચતુરંગ સૈન્યવાળો અને અખંડિત શાસનવાળો હોય છે.' ત્યારે તેઓએ કહ્યું–' સ્વામિન્ ! તમે અમારા રાજા થાઓ; અમારી ઉપેક્ષા તમારે કરવી ન જોઈએ, કેમકે અમારામાં આપની સદૃશ બીજો કોઇ જોવામાં આવતો નથી.' પ્રભુએ કહ્યું–'તમે ઉત્તમ એવા નાભિ કુળકર પાસે જઈને પ્રાર્થના કરો, તે તમને રાજા આપશે.' તેઓએ તે પ્રમાણે નાભિ કુળકરની પાસે જઈ યાચના કરી એટલે કુળકરમાં અગ્રણી એવા નાભિએ કહ્યું–'ઋષભ તમારો રાજા થાઓ.' પછી સર્વ જુગલીઆઓ હર્ષ પામી પ્રભુની પાસે આવીને કહેવા લાગ્યા–' નાભિ કુળકરે તમને જ અમારા રાજા ઠરાવ્યા છે.' એમ કહી સર્વે યુગ્મધર્મીઓ સ્વામીને અભિષેક કરવા માટે જળ લેવા ગયા. તે વખતે સ્વર્ગપતિ ઇન્દ્રનું સિંહાસન કંપ્યું. અવધિજ્ઞાનથી પ્રભુનો રાજ્યાભિષેક સમય જાણી તે જેમ એક ગૃહમાંથી બીજા ગૃહમાં જાય તેમ ક્ષણવારમાં ત્યાં આવ્યો. પછી સૌધર્મકલ્પના ઇન્દ્રે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સુવર્ણની વેદિકા કરીને અતિપાંડુકબલા[1] શિલાની જેમ તેની ઉપર એક સિંહાસન રચ્યું અને પૂર્વ દિશાના અધિપતિ–તેમણે સ્વસ્તિવાચક(ગોર)ની પેઠે દેવે લાવેલા તીર્થજળથી પ્રભુને રાજ્યાભિષેક કર્યો. પછી ઈંદ્રે નિર્મળપણાથી જાણે ચંદ્રના સુંદર તેજમય હોય તેવા દિવ્ય વસ્ત્રો સ્વામીને ધારણ કરાવ્યા અને ત્રણ જગતના મુગટરૂપ સ્વામીના અંગ પર મુગટ વગેરે રત્નાલંકાર યોગ્ય સ્થાને પહેરાવ્યાં. એટલામાં યુગલીઆઓ [2]અંભોજિનીના પત્રમાં જળ લઈને આવ્યા. તેઓ પ્રભુને ભૂષિત જોઈ જાણે અર્ધ્ય ધરી રહ્યાં હોય તેમ ઊભા રહ્યા. દિવ્ય વસ્ત્ર અને અલંકારથી અલંકૃત થયેલા પ્રભુના મસ્તક ઉપર આ જળ નાખવું ઘટે નહિ, એમ વિચારીને તેઓએ તેમના ચરણ ઉપર તે જળ ક્ષેપવ્યું. તેથી આ સર્વે યુગ્મધર્મીઓ સારી રીતે [3]વિનીત થયા છે એમ જાણી તેઓને રહેવાને માટે **વિનીતા** નામે નગરી નિર્માણ કરવા કુબેરને આજ્ઞા કરી ઈન્દ્ર સ્વસ્થાનકે ગયા.

કુબેરે બાર યોજન લાંબી નવ યોજન વિસ્તારવાળી વિનીતા નગરી રચી અને તેનું નામ **અયોધ્યા** એવું બીજું નામ પણ રાખ્યું. યક્ષપતિ કુબેરે તે નગરીને અક્ષય એવા વસ્ત્ર, નેપથ્ય અને ધનધાન્યોથી ભરપૂર કરી. તે નગરીમાં હીરા, ઈન્દ્રનીલ મણિ અને વૈડુર્ય મણિની મોટી હવેલીઓ પોતાના કર્બુર કિરણોથી આકાશમાં ભીંત સિવાય પણ ચિત્રવિચિત્ર ક્રિયાઓ કરતી હતી અને મેરુ પર્વતના શિખર જેવી સુવર્ણની ઊંચી હવેલીઓ ધ્વજાના મિષથી ચોતરફ પત્રલંબનની લીલાને વિસ્તારતી હતી. તે નગરીના કિલ્લા ઉપર માણેકના કાંગરાઓની શ્રેણી હતી, તે વિદ્યાધરની સુંદરીઓને યત્ન સિવાય દર્પણરૂપ થઈ પડી હતી. તે નગરીને વિષે ઘરોનાં આંગણામાં મોતીના સાથીઆ પૂરેલા હતા; તેથી તેમાંનાં મોતી વડે બાલિકાઓ સ્વેચ્છાથી પાંચીકે રમવાની ક્રીડા કરતી હતી. તે નગરીના ઉદ્યાનમાંહેના ઊંચા વૃક્ષો ઉપર અહર્નિશ અથડાતા ખેચરીઓના વિમાનો ક્ષણવાર પક્ષિઓનાં માળાનો દેખાવ આપતા હતા. ત્યાં અટારીઓમાં અને હવેલીઓમાં પડેલા મોટા રત્નરાશીને જોઈ તેવા શિખરવાળા **રોહણાચલ**ની શંકા થતી હતી. ત્યાં ગૃહવાપિકાઓ જલક્રીડાને વિષે રક્ત સુંદરીઓના મોતી હાર ત્રુટી જવાથી તામ્રપર્ણી સરિતાની શોભાને ધારણ કરતી હતી. ત્યાં એવા તો ધનાઢ્ય લોકો વસતા હતા કે જેઓમાંથી એક વ્યાપારીના પુત્રને જોઈને પણ જાણે ધનદ પોતે જ વ્યાપાર કરવાને આવેલ હોય એમ જણાતું હતું. ત્યાં રાત્રીએ ચંદ્રકાંતમણિની ભીંતોમાંથી ઝરતા એવા જળ વડે શેરીઓની રજ સર્વત્ર શાંત થતી હતી. એ નગરી અમૃત જેવા જળવાળા લાખો વાવ, કૂવા અને સરોવરોથી નવીન અમૃતના કુંડવાળા નાગલોક જેવી શોભતી હતી.

જન્મથી વીશ લક્ષ પૂર્વ ગયા ત્યારે પ્રભુ પ્રજાને પાળવા માટે તે નગરીના રાજા થયા. મંત્રોમાં ૐકારની જેમ સર્વ રાજાઓમાં પ્રથમ રાજા એવા ઋષભપ્રભુ પોતાના અપત્યની પેઠે પ્રજાને પાળવા લાગ્યા. તેમણે અસત્પુરૂષોને શિક્ષા આપવાને વિષે અને સત્પુરુષોને પાળવાને વિષે ઉદ્યમ કરનારા અને જાણે પોતાના અંગીભૂત હોય તેવા મંત્રીઓ નીમ્યા. ઈન્દ્રના લોકપાળોની જેમ મહારાજા ઋષભદેવે પોતાના રાજ્યમાં ચોરી વિગેરેથી રક્ષા

---

૧ મેરુ પર્વત ઉપરની તીર્થંકર ભગવાનને જન્માભિષેક કરવાની શિલા. ૨ કમલિની. ૩ વિનયવાળા.

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

કરવામાં દક્ષ એવા આ રક્ષકોની નીમણુક કરી. રાજહસ્તિ એવા પ્રભુએ રાજ્યની સ્થિતિને માટે, શરીરને વિષે ઉત્તમાંગ(શિર)ની જેમ સેનાના ઉત્કૃષ્ટ અંગરૂપ હસ્તીઓ ગ્રહણ કર્યા; સૂર્યના ઘોડાની જાણે સ્પર્ધા કરતા હોય તેવા ઊર્ધ્વ ગ્રીવાવાળા ઊંચી જાતના ઘોડાઓ પ્રભુએ ધારણ કર્યા, પૃથ્વીમાં રહેલા જાણે વિમાન હોય તેવા સુશ્લિષ્ટ કાષ્ઠોથી ઘડેલા સુંદર રથો નાભિનંદને પોતે રચાવ્યા; ચક્રવર્તીના ભવમાં એકત્ર કરે તેમ જેઓના સત્વની ભલે પ્રકારે પરીક્ષા કરી છે એવી પાયદલ સેના પણ નાભિપુત્રે એકઠી કરી; નવીન સામ્રાજ્યરૂપી મહેલના જાણે સ્તંભ હોય તેવા બળવાન સેનાપતિ પ્રભુએ નિમ્યા અને ગાય, બળદ, ઊંટ, મહિષ અને ખચ્ચર વિગેરે પશુઓ પણ તેમના ઉપયોગને જાણનારા પ્રભુએ ગ્રહણ કર્યા.

હવે તે સમયે પુત્ર વિનાના વંશની પેઠે કલ્પવૃક્ષો વિચ્છેદ પામવાથી લોકો કંદમૂળ અને ફલાદિક ખાતા હતા, તેમજ શાળ, ઘઉં, ચણા અને મગ વગેરે ઔષધિઓ ઘાસની પેઠે પોતાની મેળે જ ઊગવા લાગી હતી, પણ તે તેઓ કાચી ને કાચી ખાતા હતા. તે કાચી ઔષધિ(ધાન્ય)નો આહાર તેમને જીર્ણ થયો નહી.[1] એટલે તેઓએ પ્રભુને વિજ્ઞપ્તિ કરી. પ્રભુએ કહ્યું—'તેને ચોળી ફોતરા કાઢી નાંખીને ભક્ષણ કરો.' પાળક પ્રભુનો તેવો ઉપદેશ લઈ તેઓ તેમ કરવા લાગ્યા, પણ ઔષધિનું કાઠિન્ય હોવાથી તે આહાર પણ જર્યો નહિં; તેથી પુનઃ તેઓએ વિજ્ઞપ્તિ કરી એટલે પ્રભુએ બતાવ્યું કે 'તેને હાથથી ઘસી, જળમાં પલાળી, પછી પાંદડાનાં પડીઆમાં લઈ ખાઓ.' એવી રીતે તેઓએ કર્યું તો પણ અજીર્ણની વેદના થવા લાગી, એટલે વિજ્ઞપ્તિ કરવાથી જગત્પતિએ કહ્યું—'પૂર્વોક્ત વિધિ પ્રમાણે કર્યા પછી તે ઔષધિને મુષ્ટિમાં અથવા કાખમાં ( ગરમી લાગે તેમ ) થોડો વખત રાખીને ભક્ષણ કરો, એટલે તેથી તમને સુખ થશે.' તેથી પણ અજીર્ણ થવા લાગ્યું, એટલે લોકો વિધુર[2] થઈ ગયા. તેવામાં પરસ્પર વૃક્ષની શાખા ઘસાવાથી અગ્નિ ઉત્પન્ન થયો અને તૃણકાષ્ઠાદિકને બાળવા લાગ્યો. પ્રકાશિત રત્નના ભ્રમથી તે અગ્નિને ગ્રહણ કરવાને તે લોકોએ દોડીને હાથ લાંબા કર્યા પણ ઊલટા તેઓ બળવા લાગ્યા, એટલે અગ્નિથી દગ્ધ થયેલા તેઓ પ્રભુની પાસે આવી કહેવા લાગ્યા કે 'વનમાં કોઈ નવિન અદ્ભુત ભૂત ( વ્યંતર ) ઉત્પન્ન થયો છે.' સ્વામીએ કહ્યું—'સ્નિગ્ધ અને રૂક્ષકાળનો યોગ થવાથી–મળવું થવાથી એ અગ્નિ ઉત્પન્ન થયો છે. કેમકે એકાંત રૂક્ષકાળમાં કે એકાંત સ્નિગ્ધકાળમાં અગ્નિ ઉત્પન્ન થતો નથી. તમે તેની પાસે રહી તેની સમીપ ભાગમાં રહેલા સમસ્ત તૃણાદિકને દૂર કરો અને પછી તેને ગ્રહણ કરો. ત્યારબાદ પૂર્વોક્ત વિધિ પ્રમાણે તૈયાર કરેલી ઔષધિને તેમાં નાંખી પકવ કરીને તેનું ભક્ષણ કરો.' તે મુગ્ધ લોકોએ તેમ કર્યું એટલે અગ્નિએ તો તે સર્વ ઔષધિ બાળી નાંખી. તરત જ તેઓએ સ્વામી પાસે તે વૃત્તાંત નિવેદન કર્યું અને કહ્યું–'હે સ્વામિન્ ! એ અગ્નિ તો કોઈ પેટભરાની પેઠે ક્ષેપન કરેલી સર્વ ઔષધિઓ ભુખાળવો થઈ એકલો જ ખાઈ જાય છે, અમને કાંઈ પણ પાછું આપતો નથી.' તે અવસરે પ્રભુ હાથી ઉપર બેઠેલા હતા તેથી ત્યાં જ તેઓની પાસે લીલો મૃત્તિકાનો (માટીનો) પિંડ મંગાવ્યો અને તે પિંડને હસ્તીના કુંભ ઉપર મૂકી હાથથી વિસ્તારીને તેવા આકારનું પાત્ર પ્રભુએ બનાવ્યું. એ રીતે શિલ્પોમાં પ્રથમ કુંભકારનું શિલ્પ પ્રભુએ પ્રગટ કર્યું. પછી તેઓને સ્વામીએ કહ્યું—'આવી રીતે બીજાં પાત્રો પણ

૧. પચ્યો નહીં. ૨ શિથિલ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બનાવો અને તેને અગ્નિ ઉપર રાખી તેમાં ઔષધિને પચાવી પછી ભક્ષણ કરો' તેઓએ સ્વામીની આજ્ઞા પ્રમાણે કર્યું. ત્યાંથી આરંભીને પ્રથમ કારીગર કુંભકાર થયા. લોકોને ઘર બનાવવા માટે પ્રભુએ વાર્ધકી-મકાન બાંધનારાઓ બનાવ્યા અર્થાત્ તે કળા શીખવીને તૈયાર કર્યા. **મહાપુરુષોની બનાવટો વિશ્વના સુખને માટે જ હોય છે.**

ઘર વિગેરે ચિતરવાને માટે અને લોકોની વિચિત્ર ક્રીડાના હેતુથી તે કૃતાર્થ પ્રભુએ ચિત્રકાર પણ ઉત્પન્ન કર્યા. લોકોને માટે વસ્ત્ર બનાવવા સારૂ પ્રભુએ કુવિંદો (વણકરો)ની રચના કરી, કેમકે તે વખતે સર્વ કલ્પવૃક્ષને ઠેકાણે પ્રભુ એકજ કલ્પવૃક્ષ હતા. લોકોને કેશ નખની વૃદ્ધિથી પીડિત થતા જોઈને તે જગત્પિતાએ નાપિત (વાલંદ) પણ બનાવ્યા. તે પાંચ શિલ્પો (કુંભકાર, ચિત્રકાર, વાર્ધકી, વર્ણકર, નાપિત)–દરેકનાં વીશ વીશ ભેદ થવાથી લોકોમાં સરિતાના પ્રવાહની પેઠે સો પ્રકારે પ્રવર્ત્યા, અર્થાત્ સો શિલ્પો પ્રગટ થયા. લોકોની આજીવિકાને માટે તૃણહર, કાષ્ઠહર, કૃષિ અને વ્યાપાર વિગેરે કર્મો ભગવંતે ઉત્પન્ન કર્યા અને જગતની વ્યવસ્થારૂપી નગરીના જાણે ચતુષ્પથ હોય તેવા સામ, દામ, ભેદ અને દંડ એ ચાર ઉપાયની કલ્પના કરી. જ્યેષ્ઠ પુત્રને બ્રહ્મ (મૂળમંત્ર) કહેવું જોઈએ એવા ન્યાયથી જ હોયની તેમ ભગવાને પોતાના મોટા પુત્ર **ભરતને** બહોંતેર કળા શીખવી. ભરતે પણ પોતાના બીજા સહોદરોને તથા અન્ય પુત્રોને તે કળાઓ સમ્યક્ પ્રકારે શીખવી. કેમકે **પાત્રને શીખવેલી વિદ્યા શત શાખાવાળી થાય છે. બાહુબલિને** પ્રભુએ હસ્તી, અશ્વ, સ્ત્રી અને પુરુષના અનેક પ્રકારના ભેદવાળા લક્ષણોનું જ્ઞાન આપ્યું. **બ્રાહ્મીને** જમણા હાથવડે અઢાર લિપિઓ બતાવી અને **સુંદરીને** ડાબા હાથથી ગણિત બતાવ્યું. વસ્તુઓનાં માન, ઉન્માન, અવમાન તેમજ પ્રતિમાન પ્રભુએ બતાવ્યા અને મણિ વિગેરે પરોવવાની કળા પણ પ્રવર્તાવી. તેમની આજ્ઞાથી વાદી અને પ્રતિવાદીનો વ્યવહાર રાજા, અધ્યક્ષ અને કુળગુરુની સાક્ષીથી પ્રવર્ત્તવા લાગ્યો. હસ્તી વિગેરેની પૂજા, ધનુર્વેદ તથા વૈદકની ઉપાસના, સંગ્રામ, અર્થશાસ્ત્ર, બંધ, ઘાત, વધ અને ગોષ્ઠી વિગેરે ત્યારથી પ્રવર્ત્તવા લાગ્યા અને 'આ માતા, આ પિતા, આ ભાઇ, આ સ્ત્રી, આ પુત્ર, આ ઘર અને આ ધન મારું' એવી મમતા લોકોને વિષે ત્યારથી શરૂ થઈ. પ્રભુને વિવાહ વખતે અલંકારવડે અલંકૃત અને વસ્ત્રવડે પ્રસાધિત કરેલા જોયા હતા, ત્યારથી લોકોએ પણ પોતાને વસ્ત્રવાળા તથા આભૂષણવાળા કરવાનો પ્રચાર કર્યો. પ્રભુએ કરેલું પ્રથમ પાણિગ્રહણ જોઈને અદ્યાપિ લોકો પણ તેજ પ્રમાણે પાણિગ્રહણ કરે છે. કેમકે **મોટા લોકોએ કરેલો–પ્રવર્ત્તાવેલો માર્ગ નિશ્ચળ થાય છે.** પ્રભુના વિવાહથી પ્રારંભીને દત્તકન્યા એટલે બીજાએ આપેલી કન્યા સાથે પરણવું શરૂ થયું અને ચુડા, ઉપનયન, ક્ષ્વેડા વિગેરેની પ્રથા પણ ત્યારથી જ શરૂ થઈ. આ સર્વ ક્રિયાઓ સાવદ્ય છે, તો પણ પોતાનું કર્ત્તવ્ય જાણનાર પ્રભુએ લોકોની અનુકંપાથી તે સર્વે પ્રવર્તાવી. તેમની આમ્નાયથી પૃથ્વી ઉપર અદ્યાપિ સુધી સર્વ કળા વિગેરે પ્રવર્તે છે, તેને અર્વાચીન બુદ્ધિવાળા વિદ્વાનોએ શાસ્ત્રરૂપે બાંધેલ છે. સ્વામીની શિક્ષાવડે સર્વ લોક દક્ષ થયા, કેમકે **ઉપદેષ્ટા વિના મનુષ્યો પણ પશુની પેઠે આચરણ કરે છે.**

વિશ્વની સ્થિતિરૂપી નાટકના સૂત્રધાર એવા પ્રભુએ ઉગ્ર, ભોગ, રાજન્ય અને ક્ષત્રીય એવા ચાર ભેદથી લોકોના કુળોની રચના કરી. ઉગ્ર દંડના અધિકારી એવા આરક્ષક પુરુષો

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

તે ઉગ્ર કુળવાળા, ઇંદ્રને જેમ ત્રાયસ્ત્રિંશ દેવતાઓ તેમ પ્રભુના મંત્રી વિગેરે તે ભોગકુળવાળા, પ્રભુની સમાન વયવાળા મિત્રો તે રાજન્ય કુળવાળા અને બાકી અવશેષ રહેલા પુરુષો તે ક્ષત્રિય થયા. એવી રીતે પ્રભુ, વ્યવહાર નીતિની નવીન સ્થિતિ રચીને નવોઢા સ્ત્રીની પેઠે નવીન રાજ્યલક્ષ્મી ભોગવવા લાગ્યા. વૈદ્ય જેમ વ્યાધિવાળા માણસના રોગની ચિકિત્સા કરીને તેને યોગ્ય ઔષધ આપે તેમ દંડ કરવા લાયક લોકોને તેઓના અપરાધ પ્રમાણે દંડ (શિક્ષા) આપવાનું પ્રભુએ નિર્માણ કર્યું. દંડથી ભય પામેલા લોકો ચોરી વિગેરે (અપરાધ) કરતાં નહીં કેમકે **દંડનીતિ છે તે સર્વ અન્યાયરૂપ સર્પને વશ કરવામાં જાગુંલીમંત્ર સમાન છે.** સુશિક્ષિત લોક જેમ પ્રભુની આજ્ઞાનું ઉલ્લંઘન કરે નહીં, તેમ કોઈ કોઈનાં ક્ષેત્ર, ઉદ્યાન અને ઘર વિગેરેની મર્યાદાને ઉલ્લંઘન કરતા નહોતા. વરસાદ પણ પોતાની ગર્જનાના મિષથી જાણે પ્રભુના ન્યાયધર્મને વખાણતો હોય તેમ ધાન્યની નિષ્પત્તિને માટે પોતાના કાળને અનુસરીને વરસતો હતો. ધાન્યના ક્ષેત્રોથી, ઇક્ષુદંડના વાડાથી અને ગોકુળથી આકુળ થયેલા **જનપદ** (દેશ) પોતાની ઋદ્ધિથી શોભતા હતા અને તેઓ સ્વામીની ઋદ્ધિને સૂચવતા હતા. પ્રભુએ સર્વ લોકોને ત્યાજ્ય અને ગ્રાહ્યના વિવેકથી જાણીતા કર્યા, તેથી આ ભરતક્ષેત્ર ઘણું કરીને વિદેહક્ષેત્રની તુલ્ય થઇ પડયું. એવી રીતે નાભિના પુત્ર ઋષભદેવે રાજ્યાભિષેક પછી પૃથ્વીને પાલન કરવામાં ત્રેસઠ લક્ષ પૂર્વ ઉલ્લંઘન કર્યાં.

એક વખતે કામદેવે નિવાસ કરેલો વસંત માસ આવતાં, પરિવારના અનુરોધથી પ્રભુ ઉદ્યાનમાં આવ્યા. ત્યાં જાણે દેહધારી પુષ્પમાસ હોય તેવા પુષ્પના આભરણથી ભૂષિત થયેલા પ્રભુ પુષ્પના વાસગૃહમાં બેઠા. તે વખતે પુષ્પ અને માકંદના મકરંદથી ઉન્મત્ત થયેલા ભ્રમરો ગુંજારવ કરતા હતા, તેથી જાણે વસંતલક્ષ્મી પ્રભુને આવકાર આપતી હોય તેમ જણાતું હતું. પંચમ સ્વરનો ઉચ્ચાર કરનારા કોકિલાએ જાણે પૂર્વ રંગનો આરંભ કર્યો છે એમ જાણીને મલયાચલનો પવન નટ થઇને લતારૂપી નૃત્ય બતાવતો હતો. મૃગલોચનાઓ પોતાના કામુક પુરૂષોની પેઠે કુરબક, અશોક અને બકુલના વૃક્ષને આલિંગન, ચરણઘાત અને મુખનો આસવ આપતી હતી. તિલક વૃક્ષ પોતાની પ્રબળ ખુશબોથી મધુકરોને પ્રમોદિત કરીને યુવાન પુરૂષની ભાલસ્થલીની પેઠે વનસ્થલીને શોભાવતું હતું. જેમ કૃશોદરી સ્ત્રી પોતાના પુષ્ટ સ્તનના ભારથી નમી જાય તેમ લવલી વૃક્ષની લતા પોતાના પુષ્પગુચ્છના ભારથી નમી ગઈ હતી. ચતુર કામી પુરુષ મંદ મંદ આલિંગન કરે તેમ મલયાનીલે આમ્રલતાને મંદ મંદ આલિંગન કરવા માંડયું હતું. લાકડીવાળા પુરુષની પેઠે કામદેવ, જાંબુ–કદંબ–આમ્રચંપક–આસોપાલવરૂપ યષ્ટિઓથી પ્રવાસી લોકોને મારવાને સમર્થ થવા લાગ્યો હતો. નવીન પાડલ પુષ્પના સંપર્કથી સુગંધી થયેલો મલયાચલનો પવન તેવા જ જળની પેઠે સર્વને હર્ષ આપતો હતો. મકરંદ રસથી અંદર સારવાળું મહુડાનું વૃક્ષ મધુપાત્રની પેઠે પ્રસરતા ભ્રમરાઓથી કલકલ શબ્દ વડે આકુળ થતું હતું. ગોલિકા અને ધનુષ્યનો અભ્યાસ કરવાને કામદેવે કદંબ પુષ્પના મિષથી જાણે ગોલિકા તૈયાર કરી હોય એમ જણાતું હતું. ઇષ્ટાપૂર્ત્તિ[1] જેને પ્રિય છે. એવી વસંતઋતુએ વાસંતીલતાને ભ્રમરરૂપી પાંથને માટે મકરંદરસની એક પરબ જેવી બનાવી હતી. જેના પુષ્પના આમોદની

---

૧ પરોપકારાર્થે વાવ, કુવા, પરબ વિગેરે કરાવવાં તે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમૃદ્ધિ ઘણી દુર્વાર છે એવા સિંધુવારના વૃક્ષો નાસિકામાં વિષની પેઠે પેસી પ્રવાસીઓને મોટો મોહ ઉત્પન્ન કરતા હતા. વસંતરૂપી ઉદ્યાનપાળે ચંપક વૃક્ષોમાં જોડેલા ભ્રમરો રક્ષકોની પેઠે નિઃશંક થઈને ભમતા હતા. સ્ત્રી પુરુષોને જેમ યૌવન શોભા આપે તેમ વસંતઋતુ ઉત્તમ અને અનુત્તમ એવા વૃક્ષ અને લતાઓને શોભા આપતી હતી. જાણે મોટા પર્વમાં વસંતને અર્ઘ્ય આપવાને ઉત્સુક થઈ હોય તેમ મૃગલોચનાઓ પુષ્પ ચુંટવાનો આરંભ કરતી હતી. તેમને પુષ્પ ચુંટવામાં જાણે એવી પણ બુદ્ધિ થઇ હોય કે આપણે હાજર થતાં કામદેવને બીજા (પુષ્પના) આયુધની શી જરૂર છે? પોતાના પુષ્પો ચુંટાયાં એટલે તેમના વિયોગરૂપી પીડાએ પીડિત થયેલી વાસંતીલતા જાણે સુંદર ભ્રમરાઓના ગુંજારવથી રૂદન કરતી હોય તેમ જણાતી હતી. કોઇ સ્ત્રી મલ્લિકાને ચુંટીને જતી હતી, તેવામાં તેનું વસ્ત્ર તેમાં ભરાતાં તે ઊભી રહી, તેથી જાણે 'તું બીજે જા નહીં.' એમ કહી તેને તે વારતી હોયની એમ જણાતું હતું. કોઈ સ્ત્રી ચંબેલીને ચુંટવા જતી હતી તેવામાં તેમાં પડતા એવા ભ્રમરાએ તેના અધર ઉપર ડંસ દીધો, તે જાણે તેનો આશ્રય ભંગ કરવાને ક્રોધે કરીને જ હોય એમ જણાતું હતું. કોઇ સ્ત્રી પોતાની ભુજારૂપી લતાને ઊંચી કરીને તેની ભુજાના મૂળ ભાગને જોનારા પુરુષોના મનની સાથે ઊંચે રહેલા પુષ્પોનું હરણ કરતી હતી. નવીન પુષ્પના ગુચ્છોને હાથમાં રાખવાથી પુષ્પ ચુંટનારી સ્ત્રીઓ જાણે જંગમ વલ્લીઓ હોય તેવી શોભતી હતી. વૃક્ષની દરેક શાખાઓમાં પુષ્પ ચુંટવાના કુતુહલથી સ્ત્રીઓ વળગી રહી હતી, તેથી જાણે તે વૃક્ષો સ્ત્રીરૂપી ફળવાળાં થયાં હોય તેમ જણાતાં હતાં. કોઇ પુરુષે પોતે જ મલ્લિકાની કળિયો ચુંટીને પોતાની પ્રિયા માટે મોતીના હાર જેવું સર્વ અંગનું આભરણ કર્યું હતું; કોઇએ કામદેવના ભાથાની પેઠે પોતાની પ્યારીના કેશપાશને ખીલેલાં પુષ્પોથી પૂર્યો હતો, કોઈ ઇંદ્રના ધનુષની પેઠે પાંચે વર્ણના પુષ્પોથી પોતાને હાથે ગુંથેલી માળા આપીને પોતાની પ્રિયાને સંતોષ પમાડતો હતો અને કોઇ પુરુષ પોતાની પ્રિયાએ લીલાથી નાંખેલા પુષ્પના દડાને દાસ જેમ પાછો આપે તેમ પોતાના હાથથી પાછો આપતો હતો. કેટલીએક મૃગલોચના હિંચકા ઉપર આંદોલન કરવાથી ગમનાગમન વડે અપરાધવાળા પતિઓને જેમ પાદપ્રહાર કરે તેમ વૃક્ષના અગ્રભાગની ઉપર પોતાના પગથી પ્રહાર કરતી હતી, અને હિંચકા ઉપર બેઠેલી કોઇ નવોઢા સુંદરી તેના સ્વામીના નામને પૂછતી એવી સખીઓના લતાપ્રહારને લજ્જાથી પોતાનું મુખ મુદ્રિત કરીને સહન કરતી હતી. કોઈ પુરુષ સન્મુખ રહેલી બીકણ સ્ત્રીની સાથે બેસીને ગાઢ આલિંગનની ઇચ્છાથી હિંચકાને ગાઢ રીતે આંદોલન કરતો હતો અને કેટલાએક યુવાન રસિકો ઉદ્યાનવૃક્ષોની દરેક શાખાઓમાં બાંધેલા હિંચકાને લીલાવડે આંદોલન કરતા સતા વાંદરાની જેવી શોભા આપતા હતા.

આવી રીતે ત્યાં નગરના લોકો ખેલતા હતા તે જોઈને 'આવી ક્રીડા કોઈ બીજે ઠેકાણે પણ મેં જોઇ છે' એમ પ્રભુ વિચારવા લાગ્યા. એવું વિચારતાં અવધિજ્ઞાનવડે પોતે પૂર્વે ઉત્તરોત્તર ભોગવેલ યાવત્ અનુત્તર વિમાનના સુખ પર્યંત સર્વ સુખ સ્મરણમાં આવ્યાં. ફરીથી ચિંતવતાં તેમનું મોહબંધન ગળી ગયું અને વિચારવા લાગ્યા કે—" અરે ! આ વિષયથી આક્રાંત થયેલા લોકોને ધિક્કાર છે કે જેઓ પોતાના આત્મહિતને જાણતા જ નથી. અહો ! આ સંસારરૂપી કૂપમાં અરઘટ્ટઘટિ યંત્રના ન્યાયવડે જંતુઓ પોતાના કર્મથી ગમનાગમનની ક્રિયા કરે છે. મોહથી અંધ થયેલા પ્રાણીના જન્મને ધિક્કાર છે કે જેમનો

www.jainsite.com          For Private & Personal Use Only          info@jainsite.com

જન્મ, સુઈ ગયેલાની જેમ રાત્રિ વ્યર્થ ચાલી જાય તેમ વ્યર્થ વીતી જાય છે. ઉંદર જેમ વૃક્ષને છેદી નાખે તેમ રાગ, **દ્વેષ અને મોહ ઉદ્યમવંત પ્રાણીઓના ધર્મને પણ મૂળમાંથી છેદી નાંખે છે.** અહો ! મુગ્ધ લોકો વડના વૃક્ષની પેઠે ક્રોધ વધારે છે કે જે ક્રોધ વધારનાર પોતાનું મૂળથી જ ભક્ષણ કરે છે. હાથી ઉપર ચડેલા મહાવતોની પેઠે માન ઉપર ચઢેલા મનુષ્યો મર્યાદાનું ઉલ્લંઘન કરી કોઈને પણ ગણતા નથી; દુરાશય પ્રાણીઓ કૌંચના બીજની શીંગના જેવી ઉપતાપ કરનારી માયાને છોડતા નથી, અને તુષોદકથી જેમ દૂધ બગડે છે અને કાજલથી જેમ ઉજ્જવળ વસ્ત્ર મલિન થાય છે, તેમ લોભથી પ્રાણી પોતાના નિર્મળ ગુણગ્રામને દૂષિત કરે છે. જ્યાંસુધી સંસારરૂપી કારાગૃહમાં પહેરેગીરની પેઠે એ ચાર કષાયો પાસે રહીને જાગતા હોય છે, ત્યાં સુધી પુરુષોને મોક્ષ ક્યાંથી પ્રાપ્ત થાય ? અહો ! જાણે ભૂત વળગેલું હોય તેમ અંગનાના આલિંગનમાં વ્યગ્ર થયેલા પ્રાણીઓ પોતાના ક્ષીણ થતા આત્માને જાણતા નથી ! કોઈ માણસ ઔષધથી જેમ સિંહને આરોગ્ય ઉત્પન્ન કરે તેમ માણસો જુદા જુદા પ્રકારના આહારથી પોતાની મેળે જ પોતાના આત્માને ઉન્માદન ઉત્પન્ન કરે છે. ( સિંહને આરોગ્ય ઉત્પન્ન કરવાથી તે જેમ આરોગ્યતા કરનારના જ પ્રાણ લે, તેમ આહારાદિવડે નીપજાવેલો ઉન્માદ પોતાને જ ભવભ્રમણને માટે થાય છે. ) 'આ સુગંધી કે આ સુગંધી ? હું કયું ગ્રહણ કરું ? એમ વિચારતો પ્રાણી તેમાં લંપટ થઇ, મૂઢ બની, ભ્રમરની પેઠે ભમે છે અને કદાપિ સુખને પ્રાપ્ત કરતો નથી. રમકડાથી બાળકને છેતરે તેની પેઠે ફક્ત તે વખતે જ મનોહર લાગનારી રમણિક વસ્તુઓથી લોકો પોતાના આત્માને જ છેતરે છે. નિદ્રાળુ પુરુષ જેમ શાસ્ત્રના ચિંતનથી ભ્રષ્ટ થાય તેમ હંમેશ વેણુ અને વીણાના નાદમાં કર્ણ દઇને પ્રાણી પોતાના સ્વાર્થથી ભ્રષ્ટ થાય છે. એક સાથે જ પ્રબળ થયેલા વાત, પિત્ત અને કફની પેઠે પ્રબળ થયેલા વિષયોથી પ્રાણી પોતાના ચૈતન્યને લુપ્ત કરી નાંખે છે તેથી તેને ધિક્કાર છે."

JAINSITE.com જૈન સાઈટ જૈનમ્ જયતિ શાસનમ્

આવી રીતે જે વખતે પ્રભુનું હૃદય સંસાર સંબંધી વૈરાગ્યની ચિંતાસંતતિના તંતુવડે વ્યાપ્ત થઈ ગયું, તે જ વખતે **સારસ્વત, આદિત્ય, વહ્નિ, અરુણ, ગર્દતોય, તુષિતાશ્વ, અવ્યાબાધ, મરૂત અને રિષ્ટ** એ નવ પ્રકારના બ્રહ્મ નામે પાંચમા દેવલોકને અંતે વસનારા લોકાંતિક દેવતાઓ પ્રભુના ચરણ સમીપે આવી બીજા મુગટ જેવી મસ્તકે પદ્મકોશ સદશ અંજલિ જોડી આ પ્રમાણે વિજ્ઞપ્તિ કરવા લાગ્યા– 'ઇંદ્રના ચૂડામણિ ( મુગટ )ની કાંતિરૂપ જળમાં જેમના ચરણ મગ્ન થયા છે એવા અને ભરતક્ષેત્રમાં નષ્ટ થયેલા મોક્ષમાર્ગને બતાવવામાં દીપક સમાન એવા હે પ્રભુ ! તમે જેમ લોકની આ સર્વ વ્યવસ્થા પ્રથમ પ્રવર્ત્તાવી તેમ હવે ધર્મતીર્થને પ્રવર્ત્તાવો અને તમારા કૃત્યનું સ્મરણ કરો.' એવી રીતે દેવતાઓ પ્રભુને વિજ્ઞપ્તિ કરીને બ્રહ્મ દેવલોકમાં પોતપોતાના સ્થાન પ્રત્યે ગયા અને દીક્ષાની ઇચ્છાવાળા પ્રભુ પણ તત્કાળ નંદનોદ્યાનમાંથી પોતાના રાજ્યમહેલ તરફ પધાર્યા.

**इत्याचार्यश्रीहेमचंद्रसूरिविरचिते त्रिषष्टिशलाकापुरुषचरित्रे महाकाव्ये**
**प्रथमपर्वणि भगवज्जन्मव्यवहारराज्यस्थितिप्रकाशनो**
**नाम द्वितीयः सर्गः ॥ २ ॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# સર્ગ ત્રીજો.

હવે પ્રભુએ તરત જ પોતાના સામંત વિગેરેને તથા ભરત, બાહુબલિ વિગેરે પુત્રોને બોલાવ્યા. પ્રથમ ભરતને કહ્યું—'હે પુત્ર ! તું આ રાજ્યને ગ્રહણ કર. અમે તો હવે સંયમરૂપી સામ્રાજ્યને ગ્રહણ કરશું.' સ્વામીના તેવા વચનથી ભરત ક્ષણવાર અધોમુખ થઈ, પછી અંજલિ જોડી, નમસ્કાર કરી, ગદ્ગદ્ ગિરાથી કહેવા લાગ્યો—'હે સ્વામિન્ ! તમારા ચરણકમલના પીઠની આગળ આળોટવાથી મને જે સુખ થાય છે તેવું સુખ રત્નસિંહાસન ઉપર બેસવાથી થવાનું નથી. હે વિભો ! તમારી આગળ પગે દોડતાં મને જે સુખ થાય છે, તે સુખ લીલાથી હસ્તીની પીઠ ઉપર આરૂઢ થવાથી થવાનું નથી. તમારા ચરણકમળની છાયમાં જે સુખ હું મેળવું છું તે સુખ મને ઉજ્જવળ છત્રછાયાવડે વ્યાપ્ત થવાથી થવાનું નથી. જો હું તમારાથી વિરહી થાઉં તો પછી સામ્રાજ્યલક્ષ્મીથી શું કામ છે ? કેમકે તમારી સેવાના સુખરૂપ ક્ષીરસાગરમાં રાજ્યનું સુખ એક બિંદુમાત્ર છે.'

સ્વામીએ કહ્યું—'અમે રાજ્ય છોડી દઈએ અને પછી પૃથ્વી પર જો રાજા ન હોય તો પાછો મત્સ્યના જેવો ન્યાય[1] પ્રવર્ત્તે; માટે હે વત્સ ! તમે આ પૃથ્વીનું યથાયોગ્ય રીતે પ્રતિપાલન કરો. તમે અમારા આદર્શ પ્રમાણે વર્ત્તનારા છો અને અમારો આદેશ પણ એ જ છે.' આવો પ્રભુનો સિદ્ધાદેશ થતાં તેને ઉલ્લંઘન કરવાને અસમર્થ એવા ભરતે તે અંગીકાર કર્યો, કેમકે ગુરુને વિષે વિનયસ્થિતિ એવી જ હોય છે. પછી નમ્ર થયેલા ભરતે સ્વામીને મસ્તકથી પ્રણામ કરી પોતાના ઉન્નત વંશની પેઠે પિતાના સિંહાસનને અલંકૃત કર્યું, દેવતાઓએ જેમ પ્રભુને અભિષેક કર્યો હતો તેમ પ્રભુના આદેશથી અમાત્ય, સામંત અને સેનાપતિ વગેરેએ ભરતને રાજ્યાભિષેક કર્યો. તે વખતે પ્રભુના શાસનની પેઠે ભરતના મસ્તક ઉપર પૂર્ણિમાના ચંદ્ર જેવું વિશાળ છત્ર શોભવા લાગ્યું. તેમની બંને બાજુએ વિંઝાતા એવા ચામરો ચળકવા લાગ્યા, તે જાણે ભરતના અર્દ્ધદ્વયથી[2] આવનારી લક્ષ્મીના બે દૂતો આવ્યા હોય તેવા જણાતા હતા. જાણે ઘણા ઉજ્જવળ એવા પોતાના ગુણ હોય તેવા વસ્ત્ર અને મુક્તાલંકારથી ભરત શોભવા લાગ્યા અને મોટા મહિનામા પાત્રરૂપ તે નવા રાજાને નવા ચંદ્રની પેઠે પોતાના કલ્યાણની ઇચ્છાથી રાજમંડળે પ્રણામ કર્યા.

પ્રભુએ બીજા બાહુબલી વિગેરે પુત્રોને પણ યોગ્યતા પ્રમાણે દેશ વહેંચી આપ્યા. પછી પ્રભુએ કલ્પવૃક્ષની પેઠે સ્વેચ્છાએ કરેલી પ્રાર્થના પ્રમાણે મનુષ્યોને સાંવત્સરિક દાન આપવાનો આરંભ કર્યો અને નગરના ચતુષ્પથમાં તથા દરવાજા વિગેરેમાં ઊંચે પ્રકારે એવી આઘોષણા કરાવી કે **'જે જેનો અર્થી હોય તેણે આવીને તે ગ્રહણ કરવું.'**

---

૧ માછલામાં મોટા માછલાં નાનાં માછલાને ગળી જાય એવો ન્યાય છે, તે પ્રમાણે જો મનુષ્યમાં પણ રાજા ન હોય તો શક્તિવાળાઓ અશક્તિવાનને હેરાન કરે. ૨ ભરતક્ષેત્રના ઉત્તરાર્દ્ધ અને દક્ષિણાર્દ્ધ એવા બે વિભાગ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્વામીએ દાન આપવું શરૂ કર્યું તે વખતે ઇંદ્રે આદેશ કરવાથી કુબેરે પ્રેરેલા જૃંભક દેવતાઓ ઘણાં કાળથી ભ્રષ્ટ થયેલું—નષ્ટ થઇ ગયેલું, નધણીયાતું, મર્યાદાને ઉલ્લંઘન કરનારું, ગિરિ અને કુંજમાં રહેલું, સ્મશાન વિગેરે સ્થાનમાં ગૂઢ રહેલું, ઘરમાં ગુપ્ત કરેલું રૂપ્ય, સુવર્ણ અને રત્નાદિક દ્રવ્ય સર્વ જગ્યાએથી લાવીને વરસાદ જેમ પાણીને પૂરે તેમ પૂરવા લાગ્યા. હંમેશાં જેમ સૂર્યનો ઉદય થાય ત્યાંથી તે ભોજનના સમય સુધીમાં પ્રભુ એક કોટી અને આઠ લાખ સુવર્ણ (સોનૈયા)નું દાન આપતા હતા. એ પ્રમાણે એક વર્ષમાં પ્રભુએ ત્રણશેં અઠયાશી ક્રોડ એંશી લાખ સુવર્ણનું દાન કર્યું. 'પ્રભુ દીક્ષા લેવાના છે.' એમ જાણી લોકોને પણ સંસારમાં વૈરાગ્ય થવાથી ફક્ત શેષામાત્ર દાન ગ્રહણ કરતા હતા. જો કે પ્રભુ ઇચ્છા પ્રમાણે દાન દેતા હતા, તો પણ તેઓ અધિક ગ્રહણ કરતા નહોતા.

વાર્ષિક દાનને અંતે પોતાનુ આસન ચલિત થવાથી ઇન્દ્ર બીજા ભરતની પેઠે ભક્તિપૂર્વક ભગવંત પાસે આવ્યો. જળના કુંભ હસ્તમાં રાખનારા બીજા ઇંદ્રોની સાથે રાજ્યાભિષેકની પેઠે તેણે જગત્પતિને દીક્ષા ઉત્સવ સંબંધિ અભિષેક કર્યો. તે કાર્યનો અધિકારી હોય તેવા ઇંદ્રે તત્કાળ લાવેલાં દિવ્ય અલંકાર તથા વસ્ત્રો પ્રભુએ ધારણ કર્યાં. જાણે અનુત્તર વિમાનો માંહેનું વિમાન હોય તેવી **સુદર્શના** નામે એક શિબિકા ઇંદ્રે પ્રભુને માટે તૈયાર કરી. ઇંદ્રે હાથનો ટેકો આપ્યો છે જેમને એવા પ્રભુ જાણે લોકાગ્રરૂપી મંદિરની પહેલી નિસરણી ઉપર ચઢતાં હોય તેમ તે શિબિકા ઉપર આરુઢ થયા. પ્રથમ રોમાંચિત થયેલા મનુષ્યોએ અને પછી દેવતાઓએ જાણે મૂર્ત્તિમંત પોતાનો પુણ્યભાર હોય તેમ શિબિકાને ઉપાડી. તે સમયે સુર અને અસુરોએ હર્ષથી વગાડેલા મંગળવાજિંત્રોએ પોતાના નાદથી પુષ્કરાવર્ત્તક મેઘની પેઠે દશ દિશાઓને પૂરી દીધી. જાણે આ લોક અને પરલોકનું મૂર્ત્તિમંત નિર્મલપણું હોય એવા બે ચામરો પ્રભુના બંને પાર્શ્વભાગમાં પ્રકાશી રહ્યા અને બંદીલોકોની પેઠે વૃંદારકો (દેવતાઓ) મનુષ્યોના કાનને પ્રસન્ન કરનાર એવો ભગવંતનો જયજયારવ ઉંચે સ્વરે કરવા લાગ્યા. શિબિકામાં આરૂઢ થઈને માર્ગમાં ચાલતા પ્રભુ ઉત્તમ દેવોના વિમાનમાં રહેલી શાશ્વત પ્રતિમાની જેમ શોભતા હતા. એવી રીતે ભગવાનને જતાં જોઇ સર્વે નગરવાસીઓ બાલકો જેમ પિતાની પછવાડે દોડે તેમ દોડવા લાગ્યા. મેઘને જોનારા મયૂરની પેઠે કોઇ દૂરથી સ્વામીને જોવાને ઊંચા વૃક્ષોની શાખા ઉપર આરુઢ થયા; સ્વામીને જોવાને માટે માર્ગના મંદિરો ઉપર ચઢેલા કોઈ સૂર્યના પ્રબળ તાપને પણ ચંદ્રાતપની જેવો ગણવા લાગ્યા; કોઈ કાળક્ષેપને સહન નહિં કરી શકવાથી તત્કાળ અશ્વ ઉપર ન ચઢતાં જાણે પોતે જ અશ્વ હોય તેમ માર્ગમાં ઠેકવા લાગ્યા અને કોઈ જળમાં મત્સ્યની પેઠે લોકસમૂહની અંદર પ્રવેશ કરી, સ્વામીના દર્શનની ઇચ્છાથી આગળ નીકળવા લાગ્યા. જગત્પતીની પાછળ દોડનારી કેટલીએક અંગનાઓના વેગને લીધે મુક્તાહાર ત્રુટી જતાં હતા; તેથી જાણે તે પ્રભુને લાજાંજલિથી[1] વધાવતી હોય એમ જણાતું હતું. પ્રભુ આવે છે એમ ધારી તેમને જોવાની ઇચ્છાવાળી કેટલીએક સ્ત્રીઓ કટીભાગમાં બાળકોને તેડી વાનર સહિત લતાઓની જેમ ઉભી રહી હતી; કુચકુંભના ભારથી મંદગતિવાળી કેટલીએક સ્ત્રીઓ જાણે બે પાંખો કરી હોય તેમ બે બાજુએ રહેલી સખીઓની ભૂજાનું આલંબન કરીને ચાલતી હતી; કેટલીએક સ્ત્રીઓ પ્રભુને જોવાના ઉત્સવની ઇચ્છાથી ગતિભંગ

૧ મોતીરૂપ ધાણીની અંજલિથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરનારા પોતાના ભારે નિતંબોની નિંદા કરતી હતી; માર્ગમાં આવેલા ઘરોમાં રહેનારી કેટલીએક કુળવધૂઓ સુંદર કસુંબી વસ્ત્ર પહેરી પૂર્ણપાત્રને ધારણ કરતી ઊભી રહી હતી. તેથી તેઓ શશાંક[1] સહિત સંધ્યાના જેવી જણાતી હતી; કેટલીએક ચપલનયનાઓ પ્રભુને જોવા માટે પોતાના હસ્તકમલથી ચામરની પેઠે વસ્ત્રના છેડાને ચલિત કરતી હતી. કેટલીએક સ્ત્રીઓ નાભિકુમાર ઉપર ધાણી નાંખતી હતી, તે જાણે પોતાના પુણ્યબીજ નિર્ભરપણે વાવતી હોય તેવી જણાતી હતી; કેટલીએક સ્ત્રીઓ જાણે ભગવંતના કુળની સુહાસણો હોય તેમ 'ચિરં જીવ, ચિરં નંદ' એવી આશીષો આપતી હતી; અને કેટલીએક ચપલાક્ષી નગરનારીઓ નિશ્ચલાક્ષી થઇને તેમજ મંદગામિની શિઘ્રગામિની થઇને પ્રભુની પછવાડે જવા લાગી હતી. તથા તેમને જોવા લાગી હતી.

હવે પોતાના મોટા વિમાનોથી પૃથ્વીતલને એક છાયાવાળું કરતા ચારે પ્રકારના દેવતાઓ આકાશમાં આવવા લાગ્યા. તેઓમાં કેટલા એક ઉત્તમ દેવતાઓ મદજળને વરસતા હાથીઓ લઈને આવતા હતા, તેથી જાણે તેઓ આકાશને મેઘમય કરતા હોય તેવાં જણાતા હતા; કેટલાએક દેવતાઓ આકાશરૂપી ઉદધિમાં નાવરૂપ તુરંગો ઉપર બેસીને ચાબુકરૂપ નાવના દંડ સહિત જગત્પતિને જોવા આવતા હતા અને કેટલાએક દેવતાઓ જાણે મૂર્ત્તિમાન્ પવન હોય તેવા અતિવેગી રથમાં બેસી નાભિનંદનને જોવા આવતા હતા; જાણે પરસ્પર વાહનોની ક્રીડામાં દાવ રમવાની પ્રતિજ્ઞા કરી હોય તેમ તેઓ મિત્રની પણ રાહ જોતા નહોતા. પોતાને ગામે પહોંચેલા વટેમાર્ગુની પેઠે 'આ સ્વામી, આ સ્વામી' એમ પરસ્પર બોલતા તેઓ પોતાના વાહનોને સ્થિર કરતા હતા. વિમાનરૂપી હવેલીઓથી અને હાથી, ઘોડા તથા રથોથી આકાશમાં જાણે બીજી વિનીતાનગરી વસી હોય તેમ જણાતું હતું. સૂર્ય અને ચંદ્રોથી વીંટાયેલા માનુષોત્તર પર્વતની પેઠે જગત્પતિ અનેક દેવતા અને મનુષ્યોથી વીંટાઈ રહ્યા હતા. તેમની બંને બાજુએ ભરત અને બાહુબલિ સેવા કરતા હતા, તેથી બંને તટથી સમુદ્ર શોભે તેમ તેઓ શોભતા હતા. હસ્તીઓ જેમ પોતાના યૂથપતિને અનુસરે તેમ બીજા અઠ્ઠાણું વિનીત પુત્રો પ્રભુની પાછળ ચાલતા હતા. માતા મરુદેવા, પત્ની સુનંદા ને સુમંગલા, પુત્રી બ્રાહ્મી ને સુંદરી અને બીજી સ્ત્રીઓ, જાણે હિમકરણ સહિત પદ્મિનીઓ હોય તેમ અશ્રુ સહિત પ્રભુની પછવાડે ચાલતી હતી. એ રીતે જાણે પૂર્વજન્મવાળું સર્વાર્થસિદ્ધ વિમાન હોય તેવા **સિદ્ધાર્થ** નામના ઉદ્યાનમાં જગત્પતિ પધાર્યા. ત્યાં મમતા રહિત મનુષ્ય જેમ સંસારથી ઉતરે-નાભિકુમાર શિબિકારત્નમાંથી અશોકવૃક્ષ નીચે ઉતર્યા અને કષાયની પેઠે તેમણે વસ્ત્ર, માલ્ય અને આભૂષણો તત્કાળ તજી દીધાં. તે વખતે ઈંદ્રે પાસે આવી જાણે ચંદ્રના કિરણોથી જ વણેલું હોય તેવું ઉજ્જવળ અને ઝીણું દેવદૂષ્ય વસ્ત્ર પ્રભુના સ્કંધભાગ ઉપર આરોપણ કર્યું.

પછી ચૈત્ર માસના કૃષ્ણપક્ષની અષ્ટમીને દિવસે ચંદ્ર ઉત્તરાષાઢા નક્ષત્રમાં આવ્યો હતો તેવે સમયે દિવસના પાછલા પહોરે જય જય શબ્દના કોલાહલના મિષથી જાણે હર્ષોદ્ગાર કરતા હોય તેવા અસંખ્ય દેવતા અને મનુષ્યો સમક્ષ જાણે ચાર દિશાઓને પ્રસાદ આપવાના મનવાળા હોય તેમ પ્રભુએ ચાર મુષ્ટિથી પોતાના કેશને લુંચિત કર્યા. પ્રભુના કેશને સૌધર્મપતિએ પોતાના વસ્ત્રના છેડામાં ગ્રહણ કર્યા, તેથી જાણે એ વસ્ત્રને જુદા વર્ણના

૧ ચંદ્ર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તંતુવડે મંડિત કરતા હોય એમ જણાતું હતું. પ્રભુએ પાંચમી મુષ્ટિથી બાકીના કેશનો લોચ કરવાની ઈચ્છા કરી, એટલે ઈંદ્રે પ્રાર્થના કરી કે 'હે સ્વામિન્ ! હવે તેટલી કેશવલ્લી રહેવા દ્યો, કેમકે જ્યારે પવનથી ઉડીને તે તમારા સુવર્ણના જેવી કાંતિવાળા ખભાના ભાગ ઉપર આવે છે ત્યારે મરકત મણિના જેવી શોભે છે.' પ્રભુએ યાચના સ્વીકારી ને તેટલી કેશવલ્લી ને તેવી રીતે જ રહેવા દીધી; કેમકે **સ્વામીઓ પોતાના એકાંત ભક્તોની યાચનાનું ખંડન કરતા નથી.** સૌધર્મપતિએ તે કેશને ક્ષીરસમુદ્રમાં નાંખી આવીને રંગાચાર્ય–(સૂત્રધાર) ની પેઠે મુષ્ટિસંજ્ઞાથી વાજિંત્રોનું નિવારણ કર્યું, એટલે કર્યો છે છઠ્ઠ તપ જેમણે એવા નાભિકુમારે દેવ, અસુર અને મનુષ્યોની સમક્ષ સિદ્ધને નમસ્કાર કરીને, **'સઘળા સાવદ્ય યોગનું પ્રત્યાખ્યાન કરું છું,'** એમ કહી મોક્ષમાર્ગના રથતુલ્ય ચારિત્ર ગ્રહણ કર્યું. શરદઋતુના તાપથી તપ્ત થયેલા પુરુષને જેમ વાદળની છાયાથી સુખ થાય તેમ પ્રભુના દીક્ષોત્સવથી નારકીના જીવોને પણ ક્ષણવાર સુખ થયું. જાણે દીક્ષાની સાથે સંકેત કરીને રહેલું હોય તેમ મનુષ્યક્ષેત્રમાં રહેલા સર્વ સંજ્ઞી પંચેંદ્રિય જીવોના મનોદ્રવ્યને પ્રકાશ કરનારું **મનઃપર્યવ જ્ઞાન** તરત જ પ્રભુને ઉત્પન્ન થયું. મિત્રોએ વાર્યા છતાં, બંધુઓએ રોક્યા છતાં અને ભરતેશ્વરે વારંવાર નિષેધ કર્યા છતાં પણ કચ્છ અને મહાકચ્છ વિગેરે ચાર હજાર રાજાઓએ, સ્વામીના પૂર્વના અતિશય પ્રસાદનું સ્મરણ કરીને, ભ્રમરોની પેઠે તેમના ચરણકમલનો વિરહ નહીં સહન કરી શકવાથી પોતાના પુત્ર, કલત્ર, રાજ્યાદિ સર્વને તૃણની પેઠે છોડી દઈ 'જે સ્વામીની ગતિ તે જ અમારી ગતિ' એવો નિશ્ચય ધારી હર્ષથી પ્રભુની સાથે દીક્ષા ગ્રહણ કરી. **ભૃત્ય લોકોનો ક્રમ એવો જ હોય છે.**

પછી ઈંદ્ર વિગેરે દેવતાઓ અંજલિ જોડી આદિનાથને પ્રણામ કરી સ્તુતિ કરવા લાગ્યા–"હે પ્રભુ ! તમારા યથાર્થ ગુણ કહેવાને અમે અસમર્થ છીએ, તથાપિ અમે સ્તુતિ કરીએ છીએ; કેમકે તમારા પ્રભાવથી અમારી બુદ્ધિનો વિસ્તાર થાય છે. હે સ્વામી ! ત્રસ અને સ્થાવર જંતુઓની હિંસાનો પરિહાર કરવાથી અભયદાન આપનારી દાનશાળારૂપ થયેલા આપને અમે નમસ્કાર કરીએ છીએ. સર્વથા મૃષાવાદનો પરિત્યાગ કરવાથી હિતકારી, સત્ય અને પ્રિય વચનરૂપી સુધારસના સમુદ્ર એવા આપને અમે નમસ્કાર કરીએ છીએ. હે ભગવન્ ! અદત્તાદાનનો ત્યાગ કરવારૂપી ખીલાઈ ગયેલા માર્ગમાં પ્રથમ પંથી થયેલા આપને અમે નમસ્કાર કરીએ છીએ. હે પ્રભુ ! કામદેવરૂપી અંધકારનો નાશ કરનાર અખંડિત બ્રહ્મચર્યરૂપી મહાતેજવાળા સૂર્ય સમાન આપને અમે નમસ્કાર કરીએ છીએ. તૃણની પેઠે પૃથ્વી વિગેરે સર્વ જાતના પરિગ્રહને એક સાથે ત્યાગ કરનાર નિર્લોભતારૂપ આત્માવાળા આપને અમે નમસ્કાર કરીએ છીએ. પંચ મહાવ્રતનો ભાર ઉપાડવામાં વૃષભ સમાન અને સંસારસિંધુને તરવામાં કાચબા સમાન આપ મહાત્માને અમે નમસ્કાર કરીએ છીએ. હે આદિનાથ ! જાણે પાંચ મહાવ્રતોની પાંચ સહોદરા હોય તેવી પાંચ સમિતિને ધારણ કરનારા આપને અમે નમસ્કાર કરીએ છીએ. આત્મારામને વિષે જ જોડેલા મનવાળા, વચનની સંવૃત્તિથી શોભતા અને શરીરની સર્વ ચેષ્ટાઓથી નિવૃત્ત થયેલા એવા ત્રણ ગુપ્તિધારક તમને અમે નમસ્કાર કરીએ છીએ."

એવી રીતે પ્રભુની સ્તુતિ કરીને દેવતાઓ, જન્માભિષેક સમયની પેઠે નંદીશ્વર દ્વીપે જઈ, ત્યાં અઠ્ઠાઈ મહોત્સવ કરી પોતપોતાના સ્થાન પ્રત્યે ગયા. દેવતાઓની પેઠે ભરત અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બાહુબલિ વગેરે પણ પ્રભુને પ્રણામ કરી મહાકષ્ટે પોતપોતાના સ્થાન પ્રત્યે ગયા અને સાથે પ્રવર્જિત થયેલા કચ્છ અને મહાકચ્છ વિગેરે રાજાઓથી પરવરેલા અને મૌન ધારણ કરેલા ભગવાને પૃથ્વી પર વિહાર કરવાનો ઉપક્રમ કર્યો. પારણાને દિવસે ભગવંતને કોઇ પણ સ્થળેથી ભિક્ષા મળી નહીં; કેમકે તે વખતે લોકો ભિક્ષાદાનને નહીં જાણનારા અને એકાંત સરલ હતા. ભિક્ષાને માટે આવેલા પ્રભુને પૂર્વની પેઠે રાજા જાણીને કેટલાએક લોકો સૂર્યના ઉચ્ચૈઃશ્રવા અશ્વને પણ વેગથી પરાભવ કરનારા અશ્વો આપતા હતા. કોઈ શૌર્યથી દિગ્ગજોનો જય કરનારા હસ્તીઓ ભેટ કરતા હતા, કોઇ રૂપ અને લાવણ્યમાં અપ્સરાઓને જીતનારી કન્યાઓ અર્પણ કરતા હતા, કોઈ વિદ્યુતના વિલાસને ધરનારાં આભરણો આગળ ધરતા હતા, કોઈ સંધ્યાકાળના અભ્ર જેવા જાતજાતના વર્ણવાળા વસ્ત્રો આપતા હતા, કોઈ મંદારમાળાની સ્પર્ધા કરનારી પુષ્પમાળા અર્પતા હતા, કોઈ મેરુપર્વતના શિખર જેવો કાંચનનો રાશિ ભેટ કરતા હતા અને કોઇ રોહણાચલની ચૂલા જેવો રત્નરાશિ આપતા હતા. ( પણ ભગવંત તેમાંથી કાંઈ પણ ગ્રહણ કરતા નહોતા. ) ભિક્ષા ન મળતાં પણ અદીન મનવાળા પ્રભુ જંગમ તીર્થની પેઠે વિહાર કરી પૃથ્વીતળને પાવન કરતા હતા. જાણે તેમનું શરીર સપ્તધાતુ વિનાનું બનેલું હોય તેમ ભગવંત સુસ્થિતપણે ક્ષુધા, પિપાસા વિગેરે પરીષહોને સહન કરતા હતા. વહાણો જેમ પવનને અનુસરે તેમ સ્વયમેવ દીક્ષિત થયેલા રાજાઓ પણ સ્વામીને અનુસરીને વિહાર કરતા હતા.

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

હવે ક્ષુધા વિગેરેથી ગ્લાનિ પામેલા અને તત્ત્વજ્ઞાન રહિત તે તપસ્વી રાજાઓ પોતાની બુદ્ધિ પ્રમાણે ચિંતવવા લાગ્યા કે—'આ સ્વામી જાણે કિંપાકનાં ફળ હોય તેમ મધુર ફળોનું પણ ભક્ષણ કરતા નથી અને ખારું પાણી હોય તેમ સ્વાદિષ્ટ જળનું પણ પાન કરતા નથી. પરિકર્મમાં (શરીરશુશ્રૂષામાં) અપેક્ષા રહિત હોવાથી તેઓ સ્નાન કે વિલેપન કરતા નથી, ભારની પેઠે વસ્ત્રાલંકાર અને પુષ્પોને ગ્રહણ કરતા નથી. પર્વતની પેઠે વાયુએ ઉડાડેલા માર્ગની ધૂળની સાથે આલિંગિત થાય છે. હમેશાં લલાટને તપાવનાર તાપને મસ્તક ઉપર સહન કરે છે, શયન વિગેરેથી રહિત છે તો પણ પ્રયાસ પામતા નથી ( થાકતા નથી ) અને હસ્તીશ્રેષ્ઠની જેમ શીત અને ઉષ્ણતાથી તેમને કલેશ પણ થતો નથી, ક્ષુધાને ગણતા નથી, તૃષાને જાણતા નથી અને વૈરવાળા ક્ષત્રિયની પેઠે તેઓ નિદ્રાનું પણ સેવન કરતા નથી. આપણે તેમના અનુચરરૂપ થયા છીએ તો પણ જાણે અપરાધી હોઇએ તેમ દૃષ્ટિથી પણ આપણને પ્રસન્ન કરતા નથી, તો ભાષણની શી વાત ? આ પ્રભુ પુત્ર, કલત્રાદિક પરિગ્રહના ત્યાગી છે તો પણ તેઓ ચિત્તમાં શું ચિંતવન કરે છે તે આપણે જાણી શકતા નથી.' આ પ્રમાણે વિચારીને તે સર્વે તપસ્વીઓ પોતાના વૃંદના અગ્રેસર અને સ્વામીની પાસે સેવકરૂપે રહેનારા કચ્છ અને મહાકચ્છને કહેવા લાગ્યા કે 'ક્ષુધાને જીતનારા આ પ્રભુ કયાં અને અન્નના કીડા તુલ્ય આપણે કયાં ? તૃષાનો જય કરનારા પ્રભુ કયાં અને જળના દેડકા જેવા આપણે કયાં ? આતપને સહન કરનારા પ્રભુ કયાં અને છાયાના માકડ જેવા આપણે કયાં ? શીતથી પરાભવ ન પામે એવા પ્રભુ કયાં અને વાંદરાની જેમ શીતથી કંપનારા આપણે કયાં ? નિદ્રારહિત પ્રભુ કયાં અને નિદ્રાના અજગર જેવા આપણે કયાં ? તથા આસનને નિત્ય નહીં સેવનારા પ્રભુ કયાં અને આસનમાં પંગુ સમાન આપણે કયાં ? સમુદ્રનું ઉલ્લંઘન કરવાને જેમ કાકપક્ષીઓ ગરુડને અનુસરે તેમ સ્વામીએ ધારણ કરેલા વ્રતનું અનુકરણ કરવાનો

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

આપણે ઉપક્રમ કર્યો છે. હવે આપણે આજીવિકાને અર્થે આપણાં રાજ્યો પાછાં ગ્રહણ કરવાં કે કેમ ? અથવા તે તો ભરતે ગ્રહણ કર્યાં છે તો આપણે હવે ક્યાં જવું ? અથવા શું જીવનને માટે આપણે ભરતને શરણે જવું ? પરંતુ સ્વામીને છોડીને જવામાં આપણને તેનો જ ભય રહે છે. હે આર્યો ! તમે પ્રભુના વિચારને જાણનારા અને નિત્ય તેમની પાસે રહેનારા છો, તેથી હવે કાર્યમાં મૂઢ બની ગયેલા એવા અમારે શું કરવું ? તે કહો.'

તેઓએ કહ્યું કે-'સ્વયંભૂરમણ સમુદ્રનો અંત જો પામી શકાય તો જ પ્રભુનો ભાવ (વિચાર) જાણી શકાય. ( તે સમુદ્રનો અંત પામવો દુર્લભ છે. તેમ પ્રભુનો વિચાર જાણી શકવો દુર્લભ છે.) અગાઉ તો અમે સ્વામીની આજ્ઞા પ્રમાણે કરતા હતા પણ હાલમાં તો પ્રભુ મૌન કરી રહ્યા છે એટલે કાંઈ આજ્ઞા કરતા જ નથી; તેથી જેમ તમે કાંઈ જાણતા નથી તેમ અમે પણ કાંઈ જાણતા નથી. આપણ સર્વની સમાન ગતિ છે, તેથી તમે કહો તે પ્રમાણે અમે કરીએ.' પછી તેઓ સર્વે એક વિચાર કરી ગંગા નદીની નજીકના વનમાં ગયા અને ત્યાં સ્વેચ્છાએ કંદમૂળ, ફળાદિકનો આહાર કરવા લાગ્યા. ત્યારથી વનવાસી અને કંદફળાદિનો આહાર કરનારા જટાધારી તાપસો પૃથ્વીમાં પ્રવર્ત્યા.

તે કચ્છ મહાકચ્છના **નમિ** અને **વિનમિ** નામે વિનયવાન પુત્રો હતા. તેઓ પ્રભુએ દીક્ષા લીધા અગાઉ તેમની આજ્ઞાથી દૂર દેશમાં ગયા હતા. ત્યાંથી પાછા આવતાં તેમણે પોતાના પિતાને તે વનમાં જોયા. તેમને જોઇ તેઓ ચિંતવવા લાગ્યા કે 'વૃષભનાથ જેવા નાથ છતાં અનાથની પેઠે આપણા પિતાઓ આવી દશાને કેમ પામ્યા ? તેમને પહેરવાનાં ઝીણા વસ્ત્ર ક્યાં અને આ ભિલ્લ લોકોને યોગ્ય વલ્કલ વસ્ત્ર ક્યાં ? શરીર પર લગાવવાનો અંગરાગ ક્યાં અને આ પશુને યોગ્ય પૃથ્વીની રજ ક્યાં ? પુષ્પવડે ગુંથેલ કેશપાશ ક્યાં અને આ વટવૃક્ષની જેવી લાંબી જટા ક્યાં ? હસ્તીનુ આરોહણ ક્યાં અને પાળાની જેમ પગે ચાલવું ક્યાં ?' આવી રીતે ચિંતાવી તેઓએ પોતાના પિતાને પ્રણામ કર્યા અને સર્વે હકીકત પૂછી. કચ્છ મહાકચ્છે કહ્યું-'ભગવાન્ ઋષભધ્વજ પ્રભુએ રાજ્ય છોડી ભરતાદિકને સર્વ પૃથ્વી વહેંચી આપી વ્રત ગ્રહણ કર્યું છે. હાથી જેમ ઇક્ષુનું ભક્ષણ કરે તેમ અમે સઘળાઓએ તેમની સાથે સાહસથી વ્રત ગ્રહણ કર્યું છે, પરંતુ ક્ષુધા, તૃષા, શીત અને આતપ વિગેરેના કલેશથી પીડા પામીને, ગધેડા અથવા ખચ્ચર જેમ પોતા પર રહેલ ભારને છોડી દે તેમ અમે વ્રતને છોડી દીધું છે. અમે જો કે પ્રભુની પ્રમાણે વર્ત્તવાને સમર્થ થઈ શકયા નહિ તો પણ ગૃહસ્થાવાસ અંગીકાર ન કરતાં આ તપોવનમાં વસીએ છીએ.' એ પ્રમાણે સાંભળ્યા પછી 'અમે પણ પ્રભુની પાસે પૃથ્વીનો ભાગ માગીએ. એમ કહી તે નમિ તથા વિનમિ પ્રભુના ચરણ સમીપે આવ્યા. પ્રભુ નિઃસંગ છે એવું નહી જાણનારા તેઓએ પ્રતિમારૂપે (કાઉસગ્ગ ધ્યાને) રહેલા સ્વામીને પ્રણામ કરી વિજ્ઞપ્તિ કરી-'અમને બંનેને દૂર દેશાંતર મોકલી તમે ભરત વિગેરે પુત્રોને પૃથ્વી વહેંચી આપી અને અમને ગાયના પગલા પ્રમાણ પણ પૃથ્વી આપી નથી, માટે હે વિશ્વનાથ ! હવે પ્રસાદ કરીને તે આપો. આપ દેવના દેવ એવો અમારો શો દોષ જોયો છે કે જેથી આપવું તો દૂર રહ્યું, પરંતુ અમને ઉત્તર પણ આપતા નથી !' તેઓ બંનેએ આ પ્રમાણે કહ્યું; પણ પ્રભુએ તે અવસરે તેમને કાંઇ પણ ઉત્તર આપ્યો નહીં. કેમકે **મમતા રહિત પુરુષો**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**આ લોક સંબંધી ચિંતાથી લેપાતા નથી.** 'પ્રભુ કાંઇ પણ બોલતા નથી પણ એઓ-જ આપણી ગતિ છે. (એમને જ આપણે અનુસરવાનું છે.)' એવો નિશ્ચય કરી તે બંને પ્રભુની સેવા કરવા લાગ્યા. સ્વામીના સમીપ ભાગની રજ શાંત કરવાને હમેશાં તેઓ જળાશયથી કમળપત્રમાં જળ લાવી પ્રભુની સમીપે છાંટવા લાગ્યા. ધર્મચક્રવર્તી ભગવંતની આગળ સુગંધથી મદવાળા થયેલા મધુકરોથી યુક્ત પુષ્પગુચ્છો લાવીને તેઓ પાથરવા લાગ્યા. જેમ સૂર્યચંદ્ર અહર્નિશ મેરુપર્વતની સેવા કરે તેમ તેઓ હમેશાં પ્રભુના પાર્શ્વભાગમાં ઊભા રહી ખડ્ગ ખેંચીને સેવા કરવા લાગ્યા અને દરરોજ ત્રિકાળ અંજલિ જોડી પ્રણામ કરી યાચના કરવા લાગ્યા-'હે સ્વામિન્ ! અમને રાજ્ય આપો, તમારા સિવાય બીજો કોઈ અમારે સ્વામી નથી.'

એક વખતે પ્રભુના ચરણને વંદન કરવા શ્રદ્ધાવાન્ નાગકુમારનો અધિપતિ **ધરણેંદ્ર** ત્યાં આવ્યો. તેણે બાળકની પેઠે સરલ એવા, તે બંને કુમારોને રાજલક્ષ્મીની યાચના કરતા અને ભગવંતની સેવા કરતા આશ્ચર્યથી જોયા. નાગરાજે અમૃતના ઝરા જેવી વાણીથી તેમને કહ્યું 'તમે કોણ છો ? અને દઢ આગ્રહ કરીને શું યાચો છો ? જ્યારે જગત્પતિએ વર્ષ પર્યંત ઇચ્છિત મહાદાન અવિચ્છિન્નપણે આપ્યું ત્યારે તમે ક્યાં ગયા હતા ? હાલ તો સ્વામી નિર્મમ, નિષ્પરિગ્રહ, પોતાના શરીરમાં પણ આકાંક્ષારહિત અને રોષતોષથી વિમુક્ત થયા છે.' આ પણ પ્રભુનો સેવક છે એમ ધારી નમિ તથા વિનમિએ માનપૂર્વક તેને કહ્યું-'આ અમારા સ્વામી છે અને અમે એમના સેવક છીએ. તેમણે આજ્ઞા કરી અમને કોઇ સ્થાને મોકલ્યા પછી ભરત વિગેરે પોતાના સર્વ પુત્રોને રાજ્ય વહેંચી આપ્યું. જો કે તેમણે સર્વસ્વ આપી દીધું છે તો પણ અમને તેઓ રાજ્ય આપશે. તેમની પાસે તે છે કે નથી એવી સેવકે શા માટે ચિંતા કરવી ? સેવકે તો સેવા કરવી.' એમ સાંભળી ધરણેંદ્રે તેમને કહ્યું-'તમે ભરત પાસે જઇ યાચના કરો; તે પ્રભુનો પુત્ર હોવાથી પ્રભુ તુલ્ય છે.' તેમણે કહ્યું-'આ વિશ્વના સ્વામીને પ્રાપ્ત કર્યા પછી તેમને મૂકી અમે બીજો સ્વામી કરશું નહીં; કેમકે 'કલ્પવૃક્ષને મેળવ્યા પછી કેરડાના વૃક્ષનું કોણ સેવન કરે ?' અમે પરમેશ્વરને છોડી બીજાની પાસે યાચના નહીં કરીએ. શું ચાતક પક્ષી મેઘ સિવાય બીજાની યાચના કરે ? ભરત વિગેરેનું કલ્યાણ થાઓ ! તમારે શા માટે ચિંતા કરવી પડે છે ? અમારા સ્વામીથી જે થવાનું હોય તે થાઓ, તેમાં બીજાને શું ?'

આવી તેમની યુક્તિથી નાગરાજ હર્ષ પામ્યો અને કહ્યું- "હું પાતાલપતિ છું અને આ સ્વામીનો સેવક છું. તમને શાબાશ છે. તમે મોટા ભાગ્યવાળા અને મોટા સત્વવાળા છો કે જેથી તમારી 'આ સ્વામી જ સેવવા યોગ્ય છે. બીજા નહીં' એવી દઢ પ્રતિજ્ઞા છે. આ ત્રિભુવનસ્વામીની સેવાથી જાણે પાશથી આકૃષ્ટ થઈ હોય તેમ રાજ્યસંપત્તિઓ પુરુષની આગળ આવે છે; લટકી રહેલા ફળની પેઠે પુરુષોને વૈતાઢ્ય પર્વત ઉપરના વિદ્યાધરોનું સ્વામીપણું આ મહાત્માની સેવાથી સુલભ છે અને એમની સેવા કરવાથી પગ નીચે રહેલા નિધાનની પેઠે ભુવનાધિપતિની લક્ષ્મી પણ વિનાપ્રયાસે પ્રાપ્ત થાય છે. આ પ્રભુને સેવનારા પુરુષોને જાણે કામણથી વશ થઈ હોય તેમ વ્યંતરેંદ્રની લક્ષ્મી વશ થઈને નમે છે; જે સૌભાગ્યવંત પુરુષ આ સ્વામીની સેવા કરે છે તેને સ્વયંવરવધુની પેઠે જ્યોતિષ્પતિની લક્ષ્મી સત્વર વરે છે; વસંતઋતુથી જેમ વિચિત્ર પુષ્પોની સમૃદ્ધિ થાય તેમ એમની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સેવાથી ઇંદ્રની લક્ષ્મીઓ પ્રાપ્ત થાય છે; જાણે મુક્તિની નાની બહેન હોય તેવી અને દુર્લભ એવી અહમિંદ્રની લક્ષ્મી પણ એમના સેવનથી શીઘ્ર મળે છે અને એ જગત્પતિની સેવા કરનાર પ્રાણી પુનરાવૃત્તિ રહિત સદાનંદમય પદ(મોક્ષ)ને પણ પામે છે. વધારે શું કહીએ ? પણ એમની સેવાથી પ્રાણી તેમની પેઠે જ આ લોકમાં ત્રણ ભુવનનો અધિપતિ અને પરલોકમાં સિદ્ધરૂપ થાય છે. હું આ પ્રભુનો દાસ છું અને તમે તેમના જ કિંકર છો; તેથી તમને તેમની સેવાના ફળરૂપ વિદ્યાધરોનું ઐશ્વર્ય આપું છું. એ તમને સ્વામીની સેવાથી જ પ્રાપ્ત થયું છે એમ જાણજો, કેમકે પૃથ્વી ઉપર અરુણનો ઉદ્યોત થાય છે તે સૂર્યથી જ થયેલો હોય છે.' એ પ્રમાણે કહી તેમને પાઠ કરવાથી જ સિદ્ધિને આપનારી **ગૌરી** અને **પ્રજ્ઞપ્તિ** વિગેરે અડતાળીશ હજાર વિદ્યાઓ આપી અને આજ્ઞા કરી કે 'તમે વૈતાઢ્ય ઉપર જઈ બંને શ્રેણિમાં નગરો વસાવી અક્ષય રાજ્ય કરો.' પછી તેઓ ભગવંતને નમન કરી, **પુષ્પક** નામનું વિમાન બનાવી, તેમાં આરૂઢ થઈ પન્નગપતિની સાથે જ ચાલ્યા. પ્રથમ તેઓએ પોતાના પિતા કચ્છ મહાકચ્છની પાસે જઈ સ્વામિસેવારૂપ વૃક્ષના ફળરૂપી તે નવીન સંપત્તિની પ્રાપ્તિ નિવેદન કરી અને પછી અયોધ્યાના પતિ ભરતરાય પાસે આત્મઋદ્ધિ વિદિત કરી. **માની પુરુષોના માનની સિદ્ધિ પોતાનું સ્થાન બતાવવાથી જ સફળ થાય છે.** પછી સર્વ સ્વજન તથા પરિજનોને સાથે લઈ ઉત્તમ વિમાનમાં બેસી તેઓ વૈતાઢ્ય પર્વત તરફ ચાલ્યા.

**વૈતાઢ્ય** પર્વત પ્રાંત ભાગમાં લવણ સમુદ્રના તરંગસમૂહથી ચુંબિત થયેલો છે અને જાણે પૂર્વ અને પશ્ચિમ દિશાનો માનદંડ હોય તેવો જણાય છે. ભરતક્ષેત્રના દક્ષિણ અને ઉત્તર ભાગની મધ્ય સીમારૂપ તે પર્વત ઉત્તર દક્ષિણ પચાસ યોજન વિશાળ છે. પૃથ્વીમાં સવા છ યોજન રહેલો છે અને પૃથ્વી ઉપર પચીશ યોજન ઊંચો છે. જાણે બાહુ પ્રસારિત કર્યા હોય તેમ હિમાલયે ગંગા અને સિંધુ નદીથી તેનું આલિંગન કર્યું છે. ભરતાર્ધની લક્ષ્મીના વિશ્રામને માટે ક્રીડાઘર હોય તેવી **ખંડપ્રભા** અને **તમિસ્રા** નામની ગુફાઓ તેની અંદર આવેલી છે. ચૂલિકા વડે જેમ મેરુપર્વત શોભે છે તેમ શાશ્વત પ્રતિમા યુક્ત સિદ્ધાયતન કૂટથી તે પર્વત અદ્ભુત શોભાવાળો દેખાય છે. જાણે નવીન કંઠાભરણ હોય તેવા વિવિધ રત્નમય અને દેવતાઓના લીલાસ્થાનરૂપ નવ શિખરોને તેણે ધારણ કર્યા છે. દક્ષિણ અને ઉત્તર બાજુએ વિશ યોજન ઊંચે જાણે વસ્ત્રો હોય તેવી વ્યંતરોની બે નિવાસશ્રેણિઓ તે પર્વત ઉપર રહેલી છે. મૂળથી ચૂલિકા પર્યંત મનોહર સુવર્ણની શિલામય તે પર્વત, જાણે સ્વર્ગનું એક પાદકટક (પગનું આભરણ–કડું) પૃથ્વી ઉપર પડયું હોય તેવો જણાય છે. પવને ચલાયમાન કરેલા વૃક્ષની શાખારૂપ ભુજાઓથી જાણે દૂરથી બોલાવતો હોય એવા તે વૈતાઢ્ય પર્વત ઉપર નમિ તથા વિનમિ આવી પહોંચ્યા.

નમિરાજાએ પૃથ્વીથી દશ યોજન ઊંચે તે પર્વત ઉપર દક્ષિણ શ્રેણિએ પચાસ નગરો વસાવ્યા. કિન્નર પુરુષોએ જ્યાં પ્રથમ ગાયન કરેલું છે એવું બાહુકેતુ, પુંડરીક, હરિકેતુ, સેતકેતુ, સર્પારિકેતુ, શ્રીબાહુ, શ્રીગૃહ, લોહાર્ગલ, અરિંજય, સ્વર્ગલીલા, વજ્રાર્ગલ, વજ્રવિમોક, મહીસારપુર, જયપુર, સુકૃતમુખી, ચતુર્મુખી, બહુમુખી, રતા, વિરતા, આખંડલપુર, વિલાસયોનિપુર, અપરાજિત, કાંચીદામ, સુવિનય, નભઃપુર, ક્ષેમંકર, સહચિન્હપુર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કુસુમપુરી, સજયંતી, શક્રપુર, જયંતી, વૈજયંતી, વિજયા, ક્ષેમંકરી, ચંદ્રભાસપુર, રવિભાસપુર, સપ્તભૂતલાવાસ, સુવિચિત્ર, મહાપ્રપુર, ચિત્રકૂટ, ત્રિકૂટ વૈશ્રવણકૂટ, શશિપુર, રવિપુર, વિમુખી, વાહની, સુમુખી, નિત્યોદ્યોતિની અને રથનૂપુરચક્રવાલ એવાં તે નગર અને નગરીઓના નામ રાખ્યાં. એ પચાસ નગરોની મધ્યમાં આવેલ (રથનૂ પુરચક્રવાલ) નગરમાં નમિએ નિવાસ કર્યો.

ધરણેંદ્રના શાસનથી ઉત્તર શ્રેણિમાં તેવી જ રીતે વિનમિએ તત્કાળ સાઠ નગર વસાવ્યા. અર્જુની, વારુણી, વૈરિસંહારિણી, કૈલાશવારુણી, વિદ્યુદ્દીપ, કિલિકિલ, ચારૂચૂડામણી, ચંદ્રભાભૂષણ, વંશવત્, કુસુમચૂલ, હંષગર્ભ, મેઘક, શંકર, લક્ષ્મીહર્મ્ય, ચામર, વિમલ, અસુમત્કૃત, શિવમંદીર, વસુમતી, સર્વસિદ્ધસ્તુત, સર્વશત્રુંજય, કેતુમાલાંક, ઇંદ્રકાંત, મહાનંદન, અશોક, વીતશોક, વિશોક, સુખાલોક, અલકતિલક, નભસ્તિલક, મંદિર, કુમુદકુંદ, ગગનવલ્લભ, યુવતીતિલક, અવનીતિલક, સગંધર્વ, મુક્તાહાર, અનિમિષવિષ્ટપ, અગ્નિજ્વાલા, ગુરુજ્વાલા, શ્રીનિકેતપુર, નયશ્રીનિવાસ, રત્નકુલિશ, વસિષ્ટાશ્રય, દ્રવિણજય, સભદ્રક, ભદ્રાશયપુર, ફેનશિખર, ગોક્ષીરવરશિખર, વૈર્યક્ષોભશિખર, ગિરિશિખર, ધરણી, વારુણી, સુદર્શનપુર, દુર્ગ, દુર્દ્ધર, મહેંદ્રવિજય, સુગંધિની, સુરત, નાગપુર, અને રત્નપુર એ નામનાં સાઠ નગર અને નગરીઓની મધ્યમાં પ્રધાનરુપે રહેલાં ગગનવલ્લભ નામના નગરમાં ધરણેંદ્રની આજ્ઞાથી વિનમિએ નિવાસ કર્યો. વિદ્યાધરોની મહત્ ઋદ્ધિવાળી તે બંને શ્રેણિ જાણે તેની ઉપર રહેલ વ્યંતરની શ્રેણિના પ્રતિબિંબ હોય તેવી શોભતી હતી. તેઓએ બીજાં અનેક ગામ અને શાખાનગર(પરાં) કર્યાં અને સ્થાનયોગ્યતા પ્રમાણે કેટલાએક જનપદ પણ સ્થાપ્યાં, જે જે જનપદથી લાવીને ત્યાં માણસોને વસાવ્યાં તે તે નામથી ત્યાં દેશ કર્યા. એ સર્વ નગરોમાં હૃદયની પેઠે સભાની અંદર નમિ તથા વિનમિએ નાભિનંદનને સ્થાપિત કર્યા. વિદ્યાધરો વિદ્યાથી દુર્મદ થઈને દુર્વિનયી ન થાય તે માટે ધરણેંદ્રે એવી મર્યાદા સ્થાપન કરી કે ' જે દુર્મદવાળા પુરુષો જિનેશ્વર, જિનચૈત્ય, ચરમશરીરી અને કાયોત્સર્ગે રહેલા કોઈપણ મુનિનો પરાજય કે ઉલ્લંઘન કરશે તેઓને લક્ષ્મી જેમ આલસ્યયુક્ત પુરુષોને તજે તેમ વિદ્યાઓ તત્કાળ તજી દેશે. વળી જે વિદ્યાધર પોતાની સ્ત્રીને મારી નાંખશે અને ઇચ્છા ન કરનારી પરસ્ત્રી સાથે રમશે તેને પણ વિદ્યાઓ તત્કાળ છોડી દેશે.' નાગપતિએ એ મર્યાદા ઊંચે સ્વરે કહી સંભળાવીને તે યાવચ્ચંદ્રદીવાકર રહે તેટલા માટે તેને રત્નભિત્તિની પ્રશસ્તિમાં લેખિત કરી. પછી નમિવિનમિને બંનેને વિદ્યાધરના રાજાપણે પ્રસાદ સહિત સ્થાપિત કરી બીજી કેટલીક વ્યવસ્થા કરી નાગપતિ અંતર્ધાન થયા.

પોતપોતાની વિદ્યાઓના નામથી વિદ્યાધરોની સોળ નિકાય (જાતિ) થઇ. તેમાં ગૌરી વિદ્યાથી ગૌરેય થયા, મનુ વિદ્યાથી મનુ થયા, ગાંધારી વિદ્યાથી ગાંધાર થયા, માનવી વિદ્યાથી માનવ થયા, કૌશિકી વિદ્યાથી કૌશિકી થયા, ભૂમિતુંડ વિદ્યાથી ભૂમિતુંડક થયા, મૂલવીર્ય વિદ્યાથી મૂલવીર્યક થયા, શંકુકા વિદ્યાથી શંકુક થયા, પાંડુકી વિદ્યાથી પાંડુક થયા, પાર્વતી વિદ્યાથી પાર્વત થયા, વંશાલયા વિદ્યાથી વંશાલય થયા, પાંસુમૂલ વિદ્યાથી પાંસુમૂલક થયા અને વૃક્ષમૂલ વિદ્યાથી વૃક્ષમૂલક થયા. એ સોળ નિકાયના બે ભાગ કરીને



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નમિ અને વિનમિ રાજાએ આઠ આઠ વિભાગ ગ્રહણ કર્યા. પોતપોતાની નિકાયમાં પોતાની કાયાની પેઠે ભકિતથી તેઓએ વિદ્યાધિપતિ દેવતાનું સ્થાપન કર્યું. નિત્ય વૃષભસ્વામીની મૂર્તિની પૂજા કરનારા તેઓ ધર્મને બાધા ન આવે એવી રીતે કાળ નિર્ગમન કરતાં દેવતા સદૃશ ભોગ ભોગવવા લાગ્યા. જાણે બીજા શક્ર ને ઇશાન ઇંદ્રો હોય તેમ તેઓ બંને કોઈ કોઈ વખત જંબૂદ્વીપની જગતિના જાળકટકને વિષે કાંતાઓ સહિત ક્રીડા કરતા હતા, કોઈ વખત સુમેરુ પર્વત ઉપરના નંદનાદિક વનોમાં પવનની પેઠે ઇચ્છાપૂર્વક આનંદ સહિત વિહાર કરતા હતા, કોઈ વખતે શ્રાવકની સંપત્તિનુ એ જ ફળ છે એમ ધારી નંદીશ્વરાદિ તીર્થોમાં શાશ્વત પ્રતિમાનું અર્ચન કરવાને જતા હતા, કોઇ વખતે વિદેહાદિ ક્ષેત્રોમાં શ્રી અર્હંતના સમવસરણની અંદર જઈને પ્રભુની વાણીરૂપ અમૃતનું પાન કરતા હતા અને હરણ જેમ કાન ઊંચા કરીને ગાયન સાંભળે તેમ કોઈ વખતે ચારણમુનિઓ પાસેથી તેઓ ધર્મદેશના સાંભળતા હતા. સમકિત અને અક્ષીણ ભંડારને ધારણ કરનારા તેઓ વિદ્યાધરોથી આવૃત્ત થઈ ને ત્રણ વર્ગ(ધર્મ, અર્થ અને કામ)ને બાધા ન આવે તેવી રીતે રાજ્ય કરતા હતા.

કચ્છ અને મહાકચ્છ જેઓ રાજતાપસ થયા હતા તેઓ ગંગા નદીના દક્ષિણ તટ ઉપર મૃગની પેઠે વનચર થઈને ફરતા હતા અને જાણે જંગમ વૃક્ષો હોય તેમ વલ્કલ વસ્ત્રથી તેઓ શરીરનું આચ્છાદન કરતા હતા. વમન કરેલા અન્નની પેઠે ગૃહસ્થાશ્રમીના આહારનો તેઓ સ્પર્શ પણ કરતા નહોતા. ચતુર્થ અને છઠ્ઠ વિગેરે તપવડે ધાતુનું શોષણ થવાથી ઘણું કૃશ થયેલું તેમનું શરીર ખાલી પડેલી ધમણની ઉપમાને ધારણ કરતું હતું. પારણાને દિવસે પણ સડી ગયેલાં અને ભૂમિ ઉપર પડી ગયેલાં પાંદડાં અને ફળાદિકનું અશન કરી ભગવાનનું હૃદયમાં ધ્યાન કરતા ત્યાં જ રહ્યા હતા.

ભગવાન્ ઋષભસ્વામી આર્ય અનાર્ય દેશમાં મૌનપણે વિચરતા હતા. એક વર્ષ પર્યંત નિરાહારપણે રહેલા પ્રભુએ વર્ષપ્રાંતે વિચાર્યું કે ‘ દીપક જેમ તેલવડે જ બળે છે, અને વૃક્ષ જેમ બળથી જ ટકે છે તેમ પ્રાણીઓના શરીર આહારથી જ રહે છે. તે આહાર પણ બેંતાલીશ દોષ રહિત હોય તો સાધુએ માધુકરી[1] વૃત્તિથી ભિક્ષા વડે યોગ્ય અવસરે ગ્રહણ કરવો યુકત છે. ગયેલા દિવસોની પેઠે હજી પણ આહાર નહીં લેતાં હું અભિગ્રહ કરીને રહીશ તો મારું શરીર તો રહેશે; પરંતુ જેમ આ ચાર હજાર મુનિઓ, ભોજન નહીં મળવાથી પીડિત થઈ ભગ્ન થયા તેમ બીજા મુનિઓ ભંગ પામશે.’ આવો વિચાર હૃદયમાં ધારીને પ્રભુ ભિક્ષા માટે સર્વ નગરમાં મંડનરૂપ ગજપુર નગરે આવ્યા. તે નગરમાં બાહુબલીના પુત્ર સોમપ્રભ રાજાના **શ્રેયાંસ** નામે કુમારે તે સમયે સ્વપ્નમાં એવું જોયું કે ‘ચોતરફ કાંઈ શ્યામ થયેલા એવા સુવર્ણગિરિ(મેરુ)ને મેં દૂધના ઘડાથી અભિષેક કરી ઉજ્જવળ કર્યો.’ **સુબુદ્ધિ** નામના શેઠે એવું સ્વપ્ન જોયું કે ‘સૂર્યથી ચ્યવેલા સહસ્ર કિરણો શ્રેયાંસકુમારે પાછા સૂર્યમાં આરોપણ કર્યાં અને તેથી સૂર્ય અતિ પ્રકાશમાન થયો.’ **સોમયશા** રાજાએ એવું સ્વપ્ન જોયું કે ‘ઘણાં શત્રુઓએ ચોતરફ રૂંધેલા

૧ મધુકર–ભ્રમર જેમ અનેક પુષ્પો ઉપર બેસી જરા જરા રસ ચુસી પોતાની તૃપ્તી કરે પણ પુષ્પોને કીલામણા ન ઉપજાવે તેમ મુનિ પણ અનેક ઘરેથી થોડો થોડો આહાર ગ્રહણ કરે. ગૃહસ્થને પીડાકારી ન થાય તેવી વૃત્તિને માધુકરી વૃત્તિ સમજવી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કોઈ રાજાએ પોતાના પુત્ર શ્રેયાંસની સહાયથી જય મેળવ્યો.' ત્રણે જણાએ પોતપોતાના સ્વપ્નનો વૃત્તાંત પરસ્પર કહ્યો પણ તેનો નિર્ણય નહીં કરી શકવાથી પાછા પોતપોતાના સ્થાન પ્રત્યે ગયા. જાણે તે સ્વપ્નનો નિર્ણય પ્રગટ કરવાનું ધારતા હોય તેમ પ્રભુએ તે જ દિવસે ભિક્ષાને માટે હસ્તિનાપુરમાં પ્રવેશ કર્યો. એક સંવત્સર સુધી નિરાહાર રહેલા છતાં પણ ઋષભની લીલાથી ચાલ્યા આવતા પ્રભુ હર્ષ સહિત નગરલોકોના જોવામાં આવ્યા.

પ્રભુને જોઈ પૌરલોકો સંભ્રમથી ઊઠી દોડીને પરદેશથી આવેલા બંધુની પેઠે તેમની આસપાસ વીંટળાઈ વળ્યા. કોઈ કહેવા લાગ્યા—હે પ્રભુ ! તમે અમારા ઘર ઉપર અનુગ્રહ કરો, કેમકે વસંતઋતુની પેઠે તમે ચિરકાળે દેખાયા છો. કોઈ કહે—સ્વામિન્ ! સ્નાન કરવાને યોગ્ય જળ, તેલ, વસ્ત્ર અને પીઠી વિગેરે પદાર્થો તૈયાર છે, તેથી આપ સ્નાન કરો અને પ્રસન્ન થાઓ. કોઇ કહે—હે ભગવંત ! મારાં ઉત્તમ ચંદન, કપૂર, કસ્તૂરી અને યજ્ઞકર્દમને ઉપયોગમાં લાવી મને કૃતાર્થ કરો. કોઈ કહે—હે જગરત્ન ! કૃપા કરી અમારા રત્ન અલંકારોને આપના અંગમાં આરોપણ કરી અલંકૃત કરો. કોઇ કહે—હે સ્વામિન્ ! મારે મંદિરે પધારી આપના અંગને અનુકૂલ રેશમી વસ્ત્ર પહેરી તેને પવિત્ર કરો. કોઈ કહે—હે દેવ ! દેવાંગના જેવી મારી કન્યાને આપ ગ્રહણ કરો, આપના સમાગમથી અમે ધન્ય થયા છીએ. કોઇ કહે—હે રાજકુંવર ! ક્રીડાથી પણ આપ પગે શા માટે ચાલો છો ? પર્વત જેવા આ મારા કુંજર ઉપર આરૂઢ થાઓ. કોઇ કહે—સૂર્યાશ્વ સમાન મારા ઘોડાને આપ ગ્રહણ કરો, આતિથ્યનું ગ્રહણ ન કરવાથી અમને અયોગ્ય કેમ કરો છો ? કોઇ કહે—આ જાતિવંત ઘોડાઓ જોડેલા મારા રથનો સ્વીકાર કરો. આપ સ્વામી જ્યારે પગથી ચાલો ત્યારે એ રથની અમારે શું જરૂર છે ? કોઇ કહે—હે પ્રભુ ! આ પાકાં આમ્રફળને આપ ગ્રહણ કરો, સ્નેહીજનોનું અપમાન ન કરવું જોઇએ. કોઈ કહે—હે એકાંતવત્સલ ! આ તાંબુલવલ્લીનાં પત્ર અને સોપારી પ્રસન્ન થઈને ગ્રહણ કરો. કોઇ કહે—હે સ્વામી ! અમે શો અપરાધ કર્યો છે કે આપ સાંભળતા જ ન હો તેમ ઉત્તર આપતા નથી ? એવી રીતે લોકો તેમની પ્રાર્થના કરતા હતા તથાપિ તે સર્વ વસ્તુને અકલ્પ્ય જાણી તેમાંનું કાંઇ પણ ન સ્વીકારતાં ચંદ્ર જેમ નક્ષત્રે નક્ષત્રે ફરે તેમ પ્રભુ ઘેર ઘેર ફરતા હતા. પક્ષીઓના પ્રાતઃકાળના કોલાહળની પેઠે નગરજનોનો તે કોલાહળ પોતાના ભુવનમાં રહેલા શ્રેયાંસના સાંભળવામાં આવ્યો. તેણે 'એ શું છે ?' તે જાણવાને છડીદારને મોકલ્યો. તે છડીદાર સર્વ વૃત્તાંત જાણી પાછો આવી અંજલિ જોડી આ પ્રમાણે કહેવા લાગ્યો—

રાજાઓની પેઠે પોતાના મુગટોથી ભૂતલનો સ્પર્શ કરી પાદપીઠ આગળ આળોટતા ઇંદ્રો દૃઢ ભક્તિથી જેમનું સેવન કરે છે, સૂર્ય જેમ પદાર્થોને બતાવે તેમ જેઓએ આ લોકમાં માત્ર અનુકંપાથી સર્વને આજીવિકાના ઉપાયરૂપ કર્મો બતાવ્યાં છે, દીક્ષા ગ્રહણ કરવાની ઈચ્છાવાળા જેમણે ભરત વિગેરેને અને તમને પણ પોતાની શેષા (પ્રસાદી)ની પેઠે આ ભૂમિ આપી છે અને જેણે સર્વ સાવદ્ય વસ્તુનો પરિહાર કરી અષ્ટકર્મરૂપી મહાપંકને શોષણ કરવા માટે ગ્રીષ્મના આતપરૂપ તપને સ્વીકાર્યું છે, તે ઋષભદેવ પ્રભુ નિઃસંગ—મમતા રહિત નિરાહારપણે પોતાના પાદસંચારથી પૃથ્વીને પવિત્ર કરતા વિચરે છે. તેઓ સૂર્યના આતપથી ઉદ્વેગ પામતા નથી અને છાંયાથી ખુશી થતા નથી. પરંતુ પર્વતની પેઠે બન્નેમાં સમાનભાવ રાખે છે. જાણે વજ્રકાયવાળા હોય તેમ શીતમાં વિરક્ત થતા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નથી, ઉષ્ણમાં આસક્ત થતા નથી અને જ્યાં ત્યાં રહે છે. સંસારરૂપી હસ્તીમાં કેશરીસિંહ સમાન તે પ્રભુ યુગમાત્ર દૃષ્ટિ કરતા, એક કીડી પણ પીડા ન પામે તેવી રીતે પાદસંચાર કરે છે. પ્રત્યક્ષ નિર્દેશ કરવાને યોગ્ય અને ત્રણ જગતના દેવ-તે તમારા પ્રપિતામહ ભાગ્યયોગે અહીં આવી ચડયા છે. ગોવાળની પછવાડે જેમ ગાયો દોડે તેમ પ્રભુની પછવાડે દોડનારા સર્વ પૌરજનોનો આ મધુર કોલાહળ છે.

પ્રભુને આવેલા સાંભળી તત્કાળ તે યુવરાજ પાળાઓનું પણ ઉલ્લંઘન કરીને પગે ચાલતો દોડયો. યુવરાજને છત્ર અને ઉપાન રહિત દોડતો જોઈને જાણે તેની છાયા હોય તેમ તેની સર્વ સભા પણ છત્ર તથા ઉપાન તજી દઈને દોડી. સંભ્રમથી યુવરાજના કુંડળ ચપલ થતા હતા તેથી જાણે શ્રેયાંસ પુનઃ સ્વામીની પાસે બાળલીલા આચરતો હોય તેમ શોભતો હતો. પોતાના ગૃહાંગણમાં આવેલા પ્રભુના ચરણકમલમાં આળોટી ભ્રમને ઉત્પન્ન કરનારા પોતાના કેશોથી તેણે માર્જન કર્યું. તેણે ઊઠીને જગત્પતિને ત્રણ પ્રદક્ષિણા કરી. જાણે હર્ષાશ્રુથી પ્રક્ષાલન કરતો હોય તેમ ચરણમાં નમસ્કાર કર્યો અને પછી ઊભો થઇ પૂર્ણિમાના ચંદ્રને જેમ ચકોર જુએ તેમ પ્રભુના મુખકમલનું અવલોકન કરવા લાગ્યો. 'આવો વેશ મેં કયાંક જોયો છે' એમ ચિંતવતાં તેને વિવેકવૃક્ષના બીજરૂપ જાતિસ્મરણ ઉત્પન્ન થયું અને જાણ્યું કે "પૂર્વે પૂર્વવિદેહ ક્ષેત્રમાં ભગવંત વજ્રનાભ નામે ચક્રવર્તી હતા ત્યારે હું તેનો સારથી હતો અને તે જ ભવમાં સ્વામીના વજ્રસેન નામે પિતા હતા તેમને આવા તીર્થંકરના ચિહ્નવાળા મેં જેયા હતા. વજ્રનાભે વજ્રસેન તીર્થંકરના ચરણ સમીપે દીક્ષા લીધી ત્યારે મેં પણ એમની સાથે દીક્ષા લીધી હતી. તે વખતે વજ્રસેન અર્હંતના મુખથી મેં સાંભળ્યું હતું કે-આ વજ્રનાભ ભરતખંડમાં પ્રથમ તીર્થંકર થશે. સ્વયંપ્રભાદિકના ભવોમાં મેં એમની સાથે જ ભ્રમણ કર્યું હતું. તેઓ હાલ મારા પ્રપિતામહપણે વર્તે છે, તેમને મેં ભાગ્યયોગે આજે દીઠા. તે પ્રભુ આજે જાણે સાક્ષાત્ મોક્ષ હોય તેમ સર્વ જગતનો અને મારો અનુગ્રહ કરવા પધાર્યા છે." તે આમ વિચારે છે એવામાં કોઈએ આવીને નવીન ઇક્ષુરસથી સંપૂર્ણ ભરેલા ઘડાઓ હર્ષપૂર્વક શ્રેયાંસકુમારને ભેટ કર્યા, એટલે (જાતિસ્મરણ જ્ઞાનથી) નિર્દોષ ભિક્ષા દેવાના વિધિને જાણનારા તેણે પ્રભુને કહ્યું-'હે ભગવન્ ! આ કલ્પનીય રસ ગ્રહણ કરો.' પ્રભુએ અંજલિ જોડી હસ્તરૂપી પાત્ર તેની આગળ ધર્યું, એટલે તેણે ઇક્ષુરસના કુંભો લઇ લઇને તેમાં ખાલી કરવા માંડયા. ભગવાનના હસ્તપાત્રમાં ઘણો રસ સમાયો, પણ શ્રેયાંસના હૃદયમાં તેટલો હર્ષ સમાયો નહીં. સ્વામીની અંજલિમાં આકાશે જેની શિખા લગ્ન થયેલી છે એવો રસ જાણે ઠરી ગયો હોય તેમ સ્થંભિત થઇ ગયો, કેમકે **તીર્થંકરો અચિંત્ય પ્રભાવવાળા હોય છે.** પ્રભુએ તે રસથી પારણું કર્યું અને સુર, અસુર તથા મનુષ્યોના નેત્રોએ તેમના દર્શનરૂપી અમૃતથી પારણું કર્યું. તે સમયે જાણે શ્રેયાંસના શ્રેય (કલ્યાણ)ની ખ્યાતિ કરનારા ચારણ ભાટ હોય તેમ આકાશમાં પ્રતિનાદથી વૃદ્ધિ પામેલા દુંદુભિઓ ધ્વનિ કરવા લાગ્યા. મનુષ્યોનાં નેત્રના આનંદાશ્રુની વૃષ્ટિની સાથે આકાશમાંથી દેવતાઓએ રત્નની વૃષ્ટિ કરી. જાણે પ્રભુના ચરણથી પવિત્ર થયેલી પૃથ્વીને પૂજવાને માટે હોય તેમ દેવતાઓ તે સ્થળે આકાશમાંથી પંચવર્ણના પુષ્પની વૃષ્ટિ કરવા લાગ્યા. સર્વ દેવવૃક્ષના કુસુમસમૂહથી સંચય કરેલ હોય તેવા ગંધોદકની વૃષ્ટિ દેવતાઓએ કરી અને જાણે આકાશને વિચિત્ર વાદળામય કરતા હોય તેમ દેવતાઓ તથા મનુષ્યો ઉજ્જવળ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વસ્ત્રોનો ઉત્ક્ષેપ કરવા લાગ્યા. (તીર્થંકરને પ્રતિલાભવાથી એ પંચ દિવ્ય પ્રગટ થયા). વૈશાખ માસની શુકલ તૃતીયાના દિવસે આપેલું તે દાન અક્ષય થયું, તેથી તે પર્વ **અક્ષય તૃતીયા**ના નામથી અદ્યાપિ સુધી પ્રવર્તે છે. જગતમાં દાનધર્મ શ્રેયાંસથી પ્રવર્ત્યો અને બાકીનો સર્વ વ્યવહાર અને નીતિનો ક્રમ ભગવંતથી પ્રવર્ત્યો.

પ્રભુએ કરેલ પારણાંથી અને તે વખતે થયેલ રત્નાદિકની વૃષ્ટિથી વિસ્મય પામી રાજાઓ અને નગરલોકો શ્રેયાંસના મંદિરમાં આવવા લાગ્યા. કચ્છ અને મહાકચ્છ વિગેરે ક્ષત્રિયતાપસો પણ પ્રભુના પારણાની વાત સાંભળવાથી અત્યંત હર્ષવંત થઈને ત્યાં આવ્યા. રાજાઓ, નાગરિકો અને જનપદજનો રોમાંચ વડે પ્રફુલ્લિત થઈ શ્રેયાંસને આ પ્રમાણે કહેવા લાગ્યા– 'હે કુમાર ! તમે ધન્ય છો અને પુરુષોમાં શિરોમણિ છો, કેમકે તમારો આપેલ ઈક્ષુરસ પણ સ્વામીએ ગ્રહણ કર્યો અને અમે સર્વસ્વ આપતા હતા તો પણ તેને તૃણતુલ્ય ગણીને પ્રભુએ સ્વીકાર્યું નહીં. અમારા ઉપર પોતે પ્રસન્ન થયા નહીં. પ્રભુ એક વર્ષ સુધી ગ્રામ, આકર, નગર અને અટવીમાં ફર્યા તો પણ અમારું કોઈનું આતિથ્ય ગ્રહણ કર્યું નહીં; તેથી ભક્તપણાનું માન ધરાવનાર અમને ધિક્કાર છે ! અમારા મંદિરમાં વિશ્રામ કરવો તથા અમારી વસ્તુનું ગ્રહણ કરવું તે તો દૂર રહો, પણ આજ સુધી વાણીથી પણ પ્રભુએ અમને સંભવિત કર્યા નહીં. જેમણે પૂર્વે લાખો પૂર્વ સુધી અમારું પુત્રોની પેઠે પાલન કર્યું છે તે પ્રભુ હમણાં જાણે પરિચય જ ન હોય તેમ અમારી સાથે વર્તે છે."

શ્રેયાંસે કહ્યું–'તમે એમ શા માટે કહો છો ? આ સ્વામી પૂર્વની પેઠે હાલમાં પરિગ્રહધારી રાજા નથી; પણ હમણાં તો તેઓ સંસારરૂપી આવર્ત્ત(ભમરી)થી નિવૃત્ત થવાને માટે સમગ્ર સાવદ્ય વ્યાપારનો ત્યાગ કરીને યતિ થયેલા છે. જે ભોગના ઈચ્છિક હોય તે સ્નાન—અંગરાગ—આભૂષણ અને વસ્ત્રોનો સ્વીકાર કરે, પણ તેથી વિરક્ત થયેલા પ્રભુને તે વસ્તુઓની શી જરૂર હોય ? જેઓ કામને વશ હોય તે કન્યાનો સ્વીકાર કરે પણ કામદેવને જીતનારા સ્વામીને તો કામિનિઓ અત્યંતપણે પાષાણ સમાન છે. જે પૃથ્વીના રાજ્યની ઈચ્છાવાળા હોય તે હાથી, ઘોડા વિગેરે ગ્રહણ કરે, પણ સંયમરૂપી સામ્રાજ્યને ગ્રહણ કરનારા પ્રભુને તો એ સર્વ દગ્ધ થયેલા વસ્ત્ર જેવા છે. જે હિંસક હોય તે સજીવ ફલાદિ ગ્રહણ કરે, પણ આ દયાળુ પ્રભુ તો સર્વ જીવને અભય આપનારા છે તેથી તેઓ ફક્ત એષણીય, કલ્પનીય અને પ્રાસુક અન્નાદિકને ગ્રહણ કરે છે; પણ તમે મુગ્ધ લોકો તે જાણતા નથી.'

તેઓએ કહ્યું–'યુવરાજ ! આ શિલ્પાદિક જે આજે પ્રવર્તે છે તે પૂર્વે પ્રભુએ બતાવેલ છે તે ઉપરથી સર્વ લોકો જાણે છે અને તમે જે કહો છો તે તો કાંઈ સ્વામીએ જણાવ્યું નથી તેથી અમે કાંઈ જાણતા પણ નથી. તમે આ શી રીતે જાણ્યું ? એ કહેવાને આપ યોગ્ય છો, માટે કૃપા કરી કહો.'

યુવરાજે કહ્યું– 'ગ્રંથના અવલોકનથી જેમ બુદ્ધિ ઉત્પન્ન થાય તેમ ભગવંતના દર્શનથી મને જાતિસ્મરણ થયું છે. સેવક જેમ એક ગામથી બીજે ગામ જાય તેમ સ્વર્ગ અને મૃત્યુલોકમાં વારાફરતી આઠ ભવ સુધી હું સ્વામીની સાથે ફર્યો છું. આ ભવથી અતિક્રાંત થયેલા ત્રીજા ભવમાં વિદેહભૂમિમાં ભગવંતના પિતા વજ્રસેન નામે તીર્થંકર

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હતા. તેમની પાસે પ્રભુએ દીક્ષા લીધા પછી મેં પણ દીક્ષા ગ્રહણ કરી હતી. તે જન્મના સ્મરણથી આ સમગ્ર મારા જાણવામાં આવ્યું. તેમજ ગઈ રાત્રે મને, મારા પિતાને અને સુબુદ્ધિ શ્રેષ્ઠીને આવેલા સ્વપ્નનું પ્રત્યક્ષ ફળ પ્રાપ્ત થયું. મેં સ્વપ્નમાં શ્યામ મેરુને દૂધથી પ્રક્ષાલિત કરેલો જોયો હતો, તેથી આજે આ પ્રભુ કે જેઓ તપથી કૃશ થયેલા હતા તેમને ઈક્ષુરસ વડે મેં પારણું કરાવ્યું અને તેથી તેઓ શોભવા લાગ્યા. મારા પિતાએ શત્રુની સાથે જેમને યુદ્ધ કરતા જોયા હતા તે પ્રભુ, તેમણે મારા પારણાની સહાયથી પરિષહરૂપ શત્રુઓનો પરાભવ કર્યો. સુબુદ્ધિ શ્રેષ્ઠીએ 'સૂર્યમંડળથી પડેલાં સહસ્રકિરણોને પાછાં મેં આરોપિત કર્યાં અને તેથી સૂર્ય અધિક શોભવા લાગ્યો, એવું સ્વપ્ન જોયું હતું તે સૂર્ય સમાન આ ભગવંતનું સહસ્રકિરણરૂપ કેવળ ભ્રષ્ટ[1] થયેલું તેને મેં આજે પારણાથી જોડી દીધું અને તેથી ભગવંત શોભવા લાગ્યા.' આ પ્રમાણે સાંભળીને સર્વે શ્રેયાંસ પ્રત્યે 'બહુ સારું, બહુ સારું' એમ કહેતાં હર્ષ પામીને પોતપોતાને સ્થાને ગયાં.

શ્રેયાંસને ઘરે પારણું કરી જગતપતિ સ્વામી ત્યાંથી અન્ય સ્થાને વિહાર કરી ગયા; કેમકે **છદ્મસ્થ તીર્થંકર એક ઠેકાણે રહેતા નથી.** ભગવંતના પારણાના સ્થાનનું કોઈ માણસ ઉલ્લંઘન ન કરે એમ ધારી શ્રેયાંસે ત્યાં રત્નમય પીઠ કરાવી. જાણે પ્રભુના સાક્ષાત ચરણ હોય તેમ ભક્તિના સમૂહથી નમ્ર થઈ તે રત્નપીઠની ત્રિકાળ પૂજા કરવા લાગ્યો. 'આ શું છે ?' એમ લોકો પૂછતા હતા ત્યારે 'એ આદિકર્તાનું મંડળ છે.' એમ શ્રેયાંસ કહેતો હતો. પછી જ્યાં જ્યાં પ્રભુએ ભિક્ષાનું ગ્રહણ કર્યું ત્યાં ત્યાં લોકો તે પ્રમાણે પીઠિકા કરતા હતા. તેથી અનુક્રમે 'આદિત્યપીઠ' એ રીતે પ્રવર્ત્યું.

એક વખત કુંજર જેમ નિકુંજમાં પ્રવેશ કરે તેમ પ્રભુ સાયંકાળે બાહુબલી દેશમાં બાહુબલીની તક્ષશીલાપુરી સમીપે આવ્યા અને તે નગરીના બહારના ઉદ્યાનમાં કાયોત્સર્ગે રહ્યા. ઉદ્યાનપાલકે જઈને બાહુબલિને તે વૃત્તાંત નિવેદન કર્યું. તરતજ બાહુબલિ રાજાએ પુરરક્ષકોને આજ્ઞા કરી કે– 'નગરમાં હાટોની વિચિત્ર શોભા કરી નગરને શણગારો.' એવી આજ્ઞા થતાં જ નગરમાં દરેક સ્થાને લટકતી મોટી લુંબોથી વટેમાર્ગુના મુગટને ચુંબન કરતી કદલીસ્તંભની તોરણમાલિકાઓ શોભવા લાગી. જાણે ભગવંતના દર્શન કરવાને માટે દેવતાઓના વિમાનો આવ્યાં હોય તેમ દરેક માર્ગે રત્નપાત્રથી પ્રકાશમાન માંચાઓ શોભવા લાગ્યા. પવને આંદોલિત કરેલી ઉદ્દામ પતાકાની પંક્તિના મિષથી જાણે તે નગરી સહસ્ર ભુજાવાળી થઈને નૃત્ય કરતી હોય તેવી શોભવા લાગી અને ચારે બાજુએ કરેલી નવીન કુંકુમજળના છંટકાવથી જાણે મંગળ અંગરાગ કર્યો હોય તેવી આખા નગરની પૃથ્વી જણાવા લાગી. ભગવંત દર્શનની ઉત્કંઠારૂપ ચંદ્રના દર્શનથી તે નગર કુમુદના ખંડની પેઠે વિકાશ પામ્યું (નિદ્રા રહિત થયું). હું પ્રાતઃકાળે સ્વામીના દર્શનથી મારા આત્માને અને લોકોને પાવન કરીશ એવી ઈચ્છાવાળા બાહુબલીને તે રાત્રિ મહિના જેવી થઈ પડી. અહીંઆ રાત્રિ પ્રભાતરૂપ થતાં પ્રતિમાસ્થિતિ સમાપ્ત કરીને પ્રભુ વાયુની પેઠે બીજે સ્થળે વિહાર કરી ગયા.

---

૧ પ્રભુને આહારનો અંતરાય હતો. આહાર વિના શરીર ટકે નહીં અને શરીર વિના કેવળજ્ઞાનનો સંભવ નહીં; માટે આહાર આપવાથી શ્રેયાંસે ભ્રષ્ટ થયેલા કેવળને જોડી દીધું એમ કહ્યું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રાતઃકાળે બાહુબલીએ ઉપવન તરફ જવાની તૈયારી કરી. તે સમયે જાણે ઘણા સૂર્યો હોય તેમ મ્હોટા મુગટધારી મંડળેશ્વરો તેની ચોતરફ વીંટળાઇ વળ્યા હતા; ઉપાયોનાં જાણે મંદિર હોય અને અંગવાળાં જાણે અર્થશાસ્ત્રો હોય તેવા–શુક્રાદિકની જેવા ઘણા મંત્રીઓથી તે આવૃત્ત થયો હતો; જાણે ગુપ્ત પાંખોવાળા ગરુડો હોય તેવા જગતને ઉલ્લંઘન કરવામાં વેગવંત–ચોતરફ ઉભેલા લાખો તુરંગોથી તે દીપતો હતો. ઝરતા મદજલની વૃષ્ટિથી જાણે નિર્ઝરણવાળા પર્વતો હોય તેવા પૃથ્વીની રજ શાંત કરનારા ઊંચા હસ્તીઓથી તે શોભતો હતો અને જાણે પાતાળકન્યાઓ હોય તેવી સૂર્યને નહીં જોનારી **વસંતશ્રી** વિગેરે અંતઃપુરની સ્ત્રીઓ પણ તેમની આસપાસ તૈયાર થઈ ઊભી હતી. તેની બે બાજુએ ઊભેલી ચામરધારી વારાંગનાઓ વડે તે રાજહંસ સહિત ગંગા યમુનાએ સેવેલ પ્રયાગ જેવો જણાતો હતો. તેના મસ્તક ઉપર મનોહર શ્વેત છત્ર રહેલું હતું, તેથી પૂર્ણિમાની અર્ધ રાત્રિના ચંદ્રવડે જેમ પર્વત શોભે તેમ તે શોભતો હતો, **દેવનંદી** (ઇંદ્રનો પ્રતિહાર) જેમ ઇંદ્રને તેમ સુવર્ણની છડીવાળો પ્રતિહાર તેની આગળ માર્ગને બતાવતો ચાલતો હતો. જાણે શ્રીદેવીના પુત્ર હોય તેવાં રત્નાભરણોથી ભૂષિત થયેલા નગરના અસંખ્ય શાહુકારો અશ્વારૂઢ થઇ તેની પછવાડે ચાલવાને તૈયાર થઇ રહ્યા હતા અને પર્વતની શિલાના પૃષ્ઠ ઉપર જેમ યુવાન સિંહ બેસે તેમ ઇંદ્રની પેઠે બાહુબલિ રાજા ભદ્ર જાતિના શ્રેષ્ઠ હસ્તીના સ્કંધ ઉપર આરૂઢ થયો હતો. ચૂલિકાથી જેમ મેરુ પર્વત શોભે તેમ મસ્તકમાં તરંગિત કાંતિવાળા રત્નમય મુગટથી તે વિરાજમાન હતો, તેના મુખની શોભાએ જીતેલા જંબૂદ્વીપના બે ચંદ્રો જાણે તેની સેવા કરવાને આવ્યા હોય તેવાં મુક્તામય કુંડળો તેણે ધારણ કર્યાં હતાં. લક્ષ્મીના મંદિરરૂપ હૃદય ઉપર સ્થૂલ મુક્તા-મણિમય હાર તેણે પહેર્યો હતો, તે જાણે તે મંદિરનો કિલ્લો હોય તેવો લાગતો હતો; હસ્તના મૂલમાં જાતિવંત સુવર્ણના બે બાજુબંધ પહેર્યા હતા, તેથી જાણે ભુજારૂપી વૃક્ષને નવીન લતાથી વેષ્ટિત કરીને દૃઢ કર્યા હોયની એમ જણાતું હતું; હસ્તના મણિબંધ (કાંડા) ઉપર મુક્તામણિનાં બે કંકણો ધર્યાં હતાં, તે લાવણ્યરૂપી સરિતાના તીર ઉપર રહેલા ફીણ જેવાં જણાતાં હતાં અને કાંતિથી આકાશને પલ્લવિત કરનારી બે મુદ્રિકા તેણે પહેરી હતી તે જાણે સર્પની ફણાના જેવી શોભાવાળા હાથના બે મોટા મણિઓ હોય તેવી શોભતી હતી. અંગ ઉપર તેણે સૂક્ષ્મ અને શ્વેત વસ્ત્ર ધારણ કર્યું હતું, પણ શરીર પર કરેલા ચંદનના વિલેપનથી તેનો ભેદ જણાતો નહોતો. પૂર્ણિમાનો ચંદ્ર જેમ ચંદ્રિકાને ધારણ કરે તેમ ગંગાના તરંગ-સમૂહની સ્પર્ધા કરનાર સુંદર વસ્ત્ર તેણે ચોતરફ ધારણ કર્યું હતું, જાતજાતની ધાતુમય સમીપ રહેલી ભૂમિથી જેમ પર્વત શોભે તેમ વિચિત્ર વર્ણથી સુંદર એવા અંદરના વસ્ત્રથી તે શોભતો હતો. જાણે લક્ષ્મીને આકર્ષણ કરવારૂપ ક્રીડા કરવાનું તીક્ષ્ણ શસ્ત્ર હોય તેવા વજ્રને તે મહાબાહુ પોતાના હાથમાં ફેરવતો હતો અને બંદીલોકો જય જય શબ્દથી દિશામુખને પૂરતા હતા આવી રીતે બાહુબલિ રાજા ઉત્સવપૂર્વક સ્વામીના ચરણથી પવિત્ર થયેલા ઉપવન નજીક આવ્યો. પછી જેમ આકાશથી ગરુડ ઉતરે તેમ હસ્તી ઉપરથી ઉતરી, છત્રાદિકનો ત્યાગ કરી બાહુબલિએ ઉદ્યાનમાં પ્રવેશ કર્યો ત્યાં તેણે ચંદ્ર રહિત આકાશ જેવું અને અમૃત રહિત સુધાકુંડ જેવું પ્રભુ વિનાનું ઉદ્યાન જોયું. મોટી ઇચ્છા-વાળા તેણે 'નેત્રને આનંદદાયક ભગવંત ક્યાં છે ?' એમ ઉદ્યાનપાલકોને પૂછવા માંડ્યું. તેઓએ કહ્યું—'રાત્રિની પેઠે પ્રભુ પણ કાંઇક આગળ ચાલ્યા ગયા. અમને ખબર પડ્યા

जैन साहित्य JAINSITE जयन् ज्योति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પછી અમે આપને કહેવા આવતા હતા તેવામાં આપ અહીં પધાર્યા.' એ વૃત્તાંત સાંભળી તક્ષશિલા નગરીનો અધિપતિ બાહુબલિ હડપચીએ હાથ મૂકી નેત્રમાં અશ્રુયુક્ત થઇ ખેદ કરતો ચિંતા કરવા લાગ્યો—'અરે ! આજે હું પરિજન સહિત સ્વામીની પૂજા કરીશ' એવો મારો મનોરથ ખારી જમીનમાં વાવેલાં વૃક્ષબીજની પેઠે વ્યર્થ થયો. લોકોના અનુગ્રહની ઇચ્છાથી મેં ઘણો વિલંબ કર્યો તેથી મને ધિક્કાર છે ! આવા સ્વાર્થના ભ્રંશવડે મારી મૂર્ખતા પ્રગટ થઈ ! સ્વામીના ચરણકમળને અવલોકન કરવામાં અંતરાય કરનારી આ વૈરિણી રાત્રિને અને મારી મતિને ધિક્કાર છે ! સ્વામીને હું આ વખતે જોતો નથી તેથી આ પ્રભાત પણ અપ્રભાત છે, ભાનુ પણ અભાનુ છે અને નેત્ર પણ અનેત્ર છે. 'અહા ! ત્રિભુવનપતિ રાત્રે આ સ્થળે પ્રતિમારૂપે રહ્યા અને નિર્લજ્જ બાહુબલિ પોતાના મહેલમાં સૂઈ રહ્યો !' આવી ચિંતાથી વ્યાપ્ત થયેલા બાહુબલિને જોઈ શોકરૂપી શલ્યને વિશલ્ય કરનારી વાણીથી તેના મુખ્ય સચિવે કહ્યું—'હે દેવ ! મેં અહીં આવેલા સ્વામીને જોયા નહીં એવો શોક શા માટે કરો છો ! કેમકે તે પ્રભુ હમેશાં તમારા હૃદયમાં વાસ કરીને રહેલા દેખાય છે. વળી અહીં તેમના વજ્ર, અંકુશ, ચક્ર, કમલ, ધ્વજ અને મત્સ્યથી લાંછિત થએલા ચરણન્યાસ જોવાથી ભાવવડે સ્વામીને જ જોયા છે એમ માનો.' સચિવનાં એ પ્રમાણેનાં વાક્યો સાંભળી અંતઃપુર અને પરિવાર સહિત સુનંદાના પુત્ર બાહુબલિએ પ્રભુના તે ચરણબિંબને વંદના કરી. આ ચરણબિંબનો હવે પછી કોઈ અતિક્રમ ન કરે એવી બુદ્ધિથી તેની ઉપર તેણે રત્નમય ધર્મચક્ર સ્થાપન કર્યું. આઠ યોજન વિસ્તારવાળું, ચાર યોજન ઊંચું અને સહસ્ર આરાવાળું તે ધર્મચક્ર જાણે આખું સૂર્યબિંબ હોય એવું શોભવા લાગ્યું. ત્રણ જગત્પતિ પ્રભુના અતિશયના પ્રભાવથી દેવતાઓથી પણ થવું દુષ્કર એવું તે ચક્ર બાહુબલિએ જોયું. પછી તત્કાળ તેણે સર્વ જગ્યાએથી લાવેલાં પુષ્પોથી તેની પૂજા કરી, તેથી જાણે ત્યાં ફૂલનો પર્વત હોય એવું જણાવા લાગ્યું. નંદીશ્વરદ્વીપે જેમ ઇંદ્ર અઠ્ઠાઇ મહોત્સવ કરે તેમ તેણે ત્યાં ઉત્તમ સંગીત અને નાટકાદિકથી અદ્ભુત અઠ્ઠાઇ મહોત્સવ કર્યો. પછી તેની પૂજા કરનાર તથા રક્ષા કરનાર માણસોને તે ઠેકાણે નિરંતર રહેવાની આજ્ઞા કરી તથા ચક્રને નમસ્કાર કરી બાહુબલિ રાજા પોતાની નગરીમાં ગયો.

એ પ્રમાણે પવનની પેઠે સ્વતંત્રપણે અને અસ્ખલિત રીતે વિહાર કરનારા, વિવિધ પ્રકારના તપમાં નિષ્ઠા રાખનારા, જુદા જુદા પ્રકારના અભિગ્રહ કરવામાં ઉદ્યુકત, મૌનપણું ધારણ કરેલ હોવાથી યવનાડંબ વિગેરે મ્લેચ્છ દેશોમાં રહેનારા અનાર્ય પ્રાણીઓને પણ દર્શનમાત્રથી ભદ્રીક કરનારા અને ઉપસર્ગ તથા પરિષહને સહન કરનારા પ્રભુએ એક હજાર વર્ષ એક દિવસની જેમ વ્યતીત કર્યાં. અનુક્રમે તેઓ મહાનગરી અયોધ્યાના પુરિમતાલ નામના શાખાનગરે[૧] આવ્યા. તેની ઉત્તર દિશામાં જાણે બીજું નંદનવન હોય તેવા શકટમુખ નામના ઉદ્યાનમાં પ્રભુએ પ્રવેશ કર્યો. અષ્ટમ તપ કરીને વટવૃક્ષ નીચે પ્રતિમારૂપે રહેલા પ્રભુ અપ્રમત્ત[૨] નામના ગુણસ્થાનને પામ્યા. પછી અપૂર્વકરણમાં[૩] આરૂઢ થઇ સવિચાર-પૃથક્ત્વવિતર્ક[૪] નામના શુકલધ્યાનના પહેલા પાયાને પ્રાપ્ત થયા. ત્યાર પછી [૫]અનિવૃત્તિબાદર ગુણઠાણાને તથા સૂક્ષ્મસંપરાય[૬] ગુણઠાણાને પામીને તે જ ધ્યાનવડે ક્ષણવારમાં ચૂર્ણ કરેલા

૧ શાખાનગર—પરૂં. ૨ સાતમું ગુણઠાણું. ૩ આઠમું ગુણઠાણું. ૪ શુકલધ્યાનનો પહેલો પાયો. ૫ નવમું ગુણઠાણું. ૬ દશમું ગુણઠાણું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એવા લોભને હણીને પછી ઐક્યશ્રુતઅવિચાર નામના શુકલધ્યાનમાં બીજા પાયાને પામીને અંત્યક્ષણે ક્ષણવારમાં ક્ષીણમોહ[1] નામના ગુણઠાણાને પ્રાપ્ત થયા. પછી પાંચ જ્ઞાનાવરણીય, ચાર દર્શનાવરણીય અને પાંચ પ્રકારના અંતરાયકર્મનો નાશ કરવાથી સર્વ ઘાતિકર્મનો તેમણે નાશ કર્યો. એ પ્રમાણે વ્રત લીધા બાદ સહસ્ર વર્ષ વીત્યા પછીના ફાલ્ગુન માસની કૃષ્ણ એકાદશીને દિવસે ચંદ્ર ઉત્તરાષાઢા નક્ષત્રમાં આવ્યો હતો એવે વખતે પ્રાતઃકાળમાં પ્રભુને જાણે હાથમાં રહેલ હોય એમ ત્રણે જગતને બતાવનારું ત્રિકાળવિષય જ્ઞાન (કેવળ-જ્ઞાન) ઉત્પન્ન થયું. તે સમયે દિશાઓ પ્રસન્ન થઇ, વાયુ સુખાકારી વાવા લાગ્યો અને નારકીના જીવોને પણ ક્ષણવાર સુખ થયું.

હવે જાણે સ્વામીના કેવળજ્ઞાનના ઉત્સવને માટે પ્રેરતા હોય તેમ સર્વ ઇંદ્રોના આસન તે વખતે કંપાયમાન થયાં. જાણે પોતપોતાના દેવલોકના દેવતાઓને બોલાવવાના કાર્યમાં ઉદ્યત થઇ હોય તેમ દેવલોકમાં સુંદર શબ્દવાળી ઘંટાઓ વાગવા માંડી. પ્રભુના ચરણ સમીપે જવાને ઇચ્છતા એવા સૌધર્માધિપતિએ ચિંતવન કર્યું કે તરત જ ઐરાવણ દેવ ગજરૂપે થઈ તેમની સમીપે આવ્યો. સ્વામીને જોવાની ઇચ્છાથી જાણે જંગમ મેરુપર્વત હોય તેમ પોતાના શરીરને લક્ષયોજન પ્રમાણ વીસ્તારીને તે હસ્તી શોભવા લાગ્યો. તેના અંગની બરફ જેવી શ્વેત કાંતિવડે તે હસ્તી જાણે ચોતરફ દિશાઓને ચંદનનું વિલેપન કરતો હોય એમ જણાતો હતો. તેના ગંડસ્થળમાંથી ઝરતા અતિસુગંધી મદજળવડે તે સ્વર્ગની અંગણભૂમિને કસ્તુરીના સ્તબકથી અંકિત કરતો હતો. જાણે બે બાજુએ પંખા હોય તેવા પોતાના ચપલ કર્ણતાલવડે કપોલતળમાંથી ઝરતા મદના ગંધથી અંધ થયેલા મધુકરોના સમૂહને તે નિવારતો હતો. પોતાના કુંભસ્થળના તેજથી તેણે બાળસૂર્યના મંડલનો પરાભવ કર્યો હતો અને અનુક્રમે પુષ્ટ અને ગોળાકાર એવી શુંઢથી તે નાગરાજને અનુસરતો હતો. મધુ જેવી કાંતિવાળા તેનાં નેત્ર અને દાંત હતા, તામ્રપત્રના જેવું તેનું તાળવું હતું અને ભંભાની જેવી ગોળ તથા સુંદર તેની ગ્રીવા હતી. ગાત્રના અંતરાળ ભાગ વિશાળ હતા, પણછ ચડાવેલા ધનુષ જેવો પૃષ્ઠ ભાગ હતો, કૃશ ઉદર હતું અને ચંદ્ર-મંડળના જેવા નખમંડળથી તે મંડિત હતો. તેનો નિઃશ્વાસ દીર્ઘ અને સુગંધી હતો, તેની કરાંગુલી (શુંઢનો અગ્રભાગ) દીર્ઘ અને ચલિત હતો અને તેના ઓષ્ઠપલ્લવ, ગુહ્યેંદ્રિય અને પુચ્છ ઘણાં દીર્ઘ હતાં. બે બાજુએ રહેલા ચંદ્ર અને સૂર્યથી જેમ મેરુ પર્વત અંકિત હોય છે તેમ બે પડખે રહેલી બે ઘંટાઓથી તે અંકિત હતો. દેવવૃક્ષના પુષ્પથી ગુંથેલી તેની બે બાજુની દોરડીઓ હતી. જાણે આઠ દિશાની લક્ષ્મીની વિભ્રમભૂમિઓ હોય તેવા સુવર્ણપટ્ટથી અલંકૃત કરેલાં આઠ લલાટ અને આઠ મુખવડે તે શોભતો હતો. જાણે મોટા પર્વતનાં શિખર હોય તેવા દૃઢ, કાંઇક વાંકા, વિસ્તારવાળા અને ઉન્નત એવા દરેક મુખમાં આઠ આઠ દાંત શોભતા હતા. દરેક દાંત ઉપર સ્વાદુ અને નિર્મળ જળવાળી એક એક પુષ્કરિણી[2] હતી, તે દરેક વર્ષધર પર્વત ઉપર રહેલા દ્રહ જેવી શોભતી હતી. દરેક પુષ્કરિણીમાં આઠ આઠ કમલ હતાં, તે જાણે જળદેવીએ જળની બહાર મુખ કર્યાં હોય તેવાં જણાતાં હતાં. પ્રતિકમલે આઠ આઠ વિશાળ પત્રો હતા, તે જાણે ક્રીડા કરતી દેવાંગનાઓને વિશ્રામ લેવાના દ્વીપો

૧ બારમું ગુણઠાણું. ૨ પુષ્કરિણી—વાવ.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય તેવા શોભતા હતા. દરેક પત્ર ઉપર ચાર પ્રકારના અભિનયથી[1] યુકત એવા જુદા જુદા આઠ આઠ નાટકો શોભતા હતા અને તે દરેક નાટકમાં જાણે સ્વાદીષ્ટ રસના કલ્લોલની સંપત્તિવાળા ઝરા હોય તેવા બત્રીશ બત્રીશ પાત્રો[2] હતા. એવા ઉત્તમ ગજેંદ્ર ઉપર અગ્ર આસનમાં ઈંદ્ર પરિવારસહિત આરૂઢ થયો. હસ્તિના કુંભસ્થળથી તેની નાસિકા ઢંકાઈ ગઈ. પરિવાર સહિત ઈંદ્ર ગજપતિ ઉપર બેઠો એટલે જાણે અખિલ સૌધર્મ દેવલોક હોય એવો તે હસ્તી ત્યાંથી ચાલ્યો. અનુક્રમે પોતાના શરીરને સંક્ષિપ્ત કરતો–જાણે પાલક વિમાન હોય તેમ તે હસ્તી પ્રભુએ પવિત્ર કરેલા ઉદ્યાનમાં ક્ષણવારમાં આવી પહોંચ્યો. બીજા અચ્યુત વિગેરે ઈંદ્રો પણ 'હું પહેલો જાઉં, હું પહેલો જાઉં' એવી ત્વરાથી દેવસમૂહ સાથે આવી પહોંચ્યા.

તે અવસરે વાયુકુમાર દેવતાએ માનનો ત્યાગ કરી સમવસરણને માટે એક યોજન પૃથ્વીનું માર્જન કર્યું. મેઘકુમારના દેવતાઓએ સુગંધી જળની વૃષ્ટિથી પૃથ્વીનું સિંચન કર્યું, તેથી જાણે પૃથ્વી પોતે જ પ્રભુ પધારશે એમ જાણીને સુગંધી અશ્રુથી ધૂપ અને અર્ધ્યને ઉત્ક્ષિપ્ત કરતી હોય એમ જણાવા લાગ્યું. વ્યંતર દેવોએ ભક્તિથી પોતાના આત્માની જેમ કિરણોવાળા સુવર્ણ, માણિક્ય અને રત્નોના પાષાણથી ઊંચું ભૂમિતળ બાંધ્યું, તેની ઉપર જાણે પૃથ્વીમાંથી ઉદ્‌ગત થયા હોય તેવાં અધોમુખ ડીંટવાળાં પંચરંગી અને સુગંધી પુષ્પોને વેર્યાં. અને ચારે દિશામાં જાણે તેમની આભૂષણભૂત કંઠીઓ હોય તેવાં રત્ન, માણિક્ય અને સુવર્ણના તોરણો બાંધી દીધાં. ત્યાં ગોઠવેલી રત્નાદિકની પૂતળીઓના દેહના પ્રતિબિંબ એકબીજામાં પડતા હતા તેથી જાણે સખીઓ પરસ્પર આલિંગિત થઈને રહેલી હોય તેવી તે ભાસતી હતી. સ્નિગ્ધ ઈંદ્રનીલ મણિઓથી ઘડેલી મગરનાં ચિત્રો નાશ પામેલા કામદેવે છોડી દીધેલા પોતાના ચિહ્નરૂપ મગરના ભ્રમને ઉત્પન્ન કરતા હતા. ભગવાનના કેવળજ્ઞાન કલ્યાણકથી ઉત્પન્ન થયેલા જાણે દિશાઓના હાસ્ય હોય તેવા શ્વેત છત્રો ત્યાં શોભતાં હતાં. જાણે અતિહર્ષથી પૃથ્વીએ પોતે નૃત્ય કરવાને માટે પોતાની ભુજાઓ ઊંચી કરી હોય તેવી ધ્વજાઓ ફરકતી હતી અને તોરણોની નીચે સ્વસ્તિકાદિક અષ્ટમંગલિકનાં શ્રેષ્ઠ ચિહ્નો કર્યાં હતાં, તે બલિપીઠ જેવાં જણાતાં હતાં. સમવસરણનો ઉપલા ભાગનો પ્રથમ ગઢ વિમાનપતિઓએ[3] રત્નમય બનાવ્યો હતો તેથી જાણે રત્નગિરિની રત્નમય મેખલા ત્યાં લાવ્યા હોય એમ જણાતું હતું અને તે ગઢ ઉપર જાતજાતના કાંગરાઓ બનાવ્યા હતા, તે પોતાનાં કિરણોથી આકાશને વિચિત્ર વર્ણના વસ્ત્રોવાળું બનાવતા હોય એમ લાગતું હતું. મધ્યમાં જ્યોતિષ્પતિ દેવતાઓએ જાણે પિંડરૂપ થયેલ પોતાના અંગની જ્યોતિ હોય તેવા સુવર્ણથી બીજો ગઢ કર્યો હતો; તે ગઢ ઉપર રત્નમય કાંગરાઓ કર્યાં હતાં તે જાણે સુરઅસુરની સ્ત્રીઓને મુખ જોવા ત્યાં રત્નમય દર્પણો રાખ્યા હોય તેવા જણાતા હતા. ભક્તિથી વૈતાઢ્ય પર્વત મંડલરૂપ(ગોળ) થયો હોય તેવો રૂપાનો ત્રીજો ગઢ ભુવનપતિઓએ બાહ્યભાગ ઉપર રચ્યો હતો અને જાણે દેવતાની વાવડીઓના જળમાં સુવર્ણના કમલો હોય તેવા તે ગઢની ઉપર સુવર્ણના વિશાળ કાંગરા બનાવ્યા હતા. તે ત્રણ ગઢવાળી પૃથ્વી ભુવનપતિ, જ્યોતિષ્પતિ અને વિમાનપતિની લક્ષ્મીના એક એક ગોળાકાર કુંડળવડે શોભે તેવી શોભતી હતી. પતાકાના સમૂહવાળાં માણિક્યમય તોરણો પોતાના કિરણોથી જાણે બીજી પતાકાઓ રચતા હોય તેવા જણાતા હતા. તે દરેક ગઢને

૧ અભિનય–દેખાવના ચાળા, હાવભાવ. ૨ પાત્રો–નાટક કરનારા. ૩. વૈમાનિક દેવતાઓએ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચાર ચાર દરવાજા હતા તે જાણે ચતુર્વિધ ધર્મને ક્રીડા કરવાના ગોખ હોય તેવા જણાતા હતા. તે દરેક દ્વારે વ્યંતરોએ મૂકેલા ધૂપના પાત્રો ઇંદ્રનીલમણિના સ્તંભની જેવી ધૂમ્રલતાને છોડતા હતા. તે સમવસરણને દરેક દ્વારે ગઢની જેમ ચાર ચાર રસ્તા(દ્વાર)વાળી અને સુવર્ણના કમલવાળી વાપિકાઓ કરી હતી અને બીજા ગઢમાં ઈશાનખૂણે પ્રભુને વિશ્રામ કરવાને માટે એક દેવછંદ રચ્યો હતો. અંદરના–પ્રથમ ગઢના પૂર્વદ્વારમાં બંને તરફ સુવર્ણના જેવા વર્ણવાળા બે વૈમાનિક દેવતા દ્વારપાળ થઈને રહ્યા[1] હતા, દક્ષિણ દ્વારમાં બંને બાજુએ જાણે એક બીજાના પ્રતિબિંબ હોય તેવા ઉજ્જ્વળ વર્ણવાળા વ્યંતર દેવતા દ્વારપાળ થયા હતા, પશ્ચિમ દ્વારમાં સાયંકાળે જેમ સૂર્ય અને ચંદ્ર સામસામા આવીને રહે તેમ રક્ત વર્ણવાળા બે જ્યોતિષ્ક દેવતા દ્વારપાળ થયા હતા અને ઉત્તર દ્વારે જાણે ઉન્નત મેઘ હોય તેવા કૃષ્ણવર્ણવાળા બે ભુવનપતિ દેવતાઓ બંને તરફ દ્વારપાળ થઈને રહ્યા હતા. બીજા ગઢના ચારે દ્વારે બંને તરફ અનુક્રમે અભય, પાસ, અંકુશ અને મુદ્‌ગરને ધારણ કરનારી શ્વેતમણિ, શોણમણિ, સ્વર્ણમણિ અને નીલમણિના જેવી કાંતિવાળી પ્રથમ પ્રમાણે ચારે નિકાયની જયા, વિજયા, અજિતા અને અપરાજિતા નામની બે બે દેવીઓ પ્રતિહાર થઈને ઊભી રહી હતી. છેલ્લા બહારના ગઢને ચાર દ્વારે તુંબરુ, ખટવાંગધારી, મનુષ્યમસ્તક માલાધારી અને જટામુગટમંડિત એ નામના ચાર દેવતાઓ દ્વારપાળ થયા હતા. સમવસરણની મધ્યમાં વ્યંતરોએ ત્રણ કોશ ઊંચું એક ચૈત્ય (અશોક) વૃક્ષ રચ્યું હતું, તે જાણે ત્રણ રત્ન(જ્ઞાન, દર્શન, ચારિત્ર)ના ઉદયનો ઉદ્દેશ કરતું હોય તેવું જણાતું હતું. તે વૃક્ષની નીચે વિવિધ રત્નોથી એક પીઠ રચી હતી અને તે પીઠ ઉપર અપ્રતિમ મણિમય એક છંદક રચ્યો હતો. છંદકની મધ્યમાં પૂર્વ દિશા તરફ સર્વ લક્ષ્મીનો સાર હોય તેવું પાદપીઠ સહિત રત્નસિંહાસન રચ્યું હતું અને તેની ઉપર ત્રણ જગતના સ્વામીપણાનાં ત્રણ ચિહ્નો હોય તેવાં ઉજ્જ્વળ ત્રણ છત્રો રચ્યાં હતાં. સિંહાસનની બે બાજુએ બે યક્ષો જાણે હૃદયમાં નહીં સમાવાથી બહાર આવેલા ભક્તિના બે સમૂહ હોય તેવા ઉજ્જ્વળ ચામરો લઈને ઊભા રહ્યા હતા. સમવસરણના ચારે દ્વારની ઉપર અદ્‌ભૂત કાંતિના સમૂહવાળું એક એક ધર્મચક્ર સુવર્ણના કમલમાં રાખ્યું હતું. બીજું પણ જે જે કરવા યોગ્ય હતું તે સર્વ કૃત્ય વ્યંતરોએ કર્યું હતું, કારણ કે, સાધારણ સમવસરણમાં તેઓ અધિકારી છે.

હવે પ્રાતઃકાળે ચાર પ્રકારના ક્રોડો દેવતાઓથી વીંટાએલા પ્રભુ સમવસરણમાં પ્રવેશ કરવાને ચાલ્યા. તે વખતે દેવતાઓ સહસ્ર પત્રવાળા સુવર્ણનાં નવ કમલો રચીને અનુક્રમે પ્રભુની આગળ મૂકવા લાગ્યા. તેમાંનાં બે બે કમલ ઉપર સ્વામી પાદન્યાસ કરવા લાગ્યા અને દેવતાઓ તે કમલોને આગળ આગળ સંચારવા લાગ્યા. જગત્પતિએ સમવસરણના પૂર્વદ્વારથી પ્રવેશ કરી ચૈત્યવૃક્ષની પ્રદક્ષિણા કરી અને પછી તીર્થને નમસ્કાર કરી સૂર્ય જેમ પૂર્વાચલ ઉપર આરૂઢ થાય તેમ જગતના મોહરૂપી અંધકારને છેદવા માટે પૂર્વાભિમુખ સિંહાસન ઉપર પ્રભુ આરૂઢ થયા, એટલે વ્યંતરોએ બીજી ત્રણ દિશાએ રત્નાં ત્રણ સિંહાસન ઉપર ભગવંતનાં ત્રણ પ્રતિબિંબો કર્યાં. દેવતાઓ પ્રભુના અંગૂઠા જેવું રૂપ કરવાને પણ સમર્થ નથી તો પણ જે પ્રતિબિંબો કર્યાં તે પ્રભુના પ્રભાવથી તેવાં જ થયાં હતાં. પ્રભુના દરેક મસ્તકની ફરતું શરીરની કાંતિનું મંડલ (ભામંડલ) પ્રગટ થયું, જેની

૧ અહીં પ્રથમ ગઢે બે બે દ્વારપાળ કહ્યા છે, સમવસરણ સ્તવમાં એકેક કહેલ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આગળ સૂર્યનું મંડલ પણ ખદ્યોત જેવું જણાવા લાગ્યું. પ્રતિશબ્દોથી ચારે દિશાને શબ્દાયમાન કરતી–મેઘની જેવા ગંભીર સ્વરવાળી દુંદુભિ આકાશમાં વાગવા લાગી. પ્રભુના સમીપે એક રત્નમય ધ્વજ[1] હતો, તે જાણે ધર્મે આ એક જ પ્રભુ છે એમ કહેવાને પોતાનો એક હાથ ઊંચો કર્યો હોય તેવો શોભતો હતો.

હવે વિમાનપતિઓની સ્ત્રીઓ પૂર્વદ્વારથી પ્રવેશ કરી, ત્રણ પ્રદક્ષિણા દઇ, તીર્થંકર તથા તીર્થને નમસ્કાર કરી, પ્રથમ ગઢમાં સાધુ સાધ્વીનું સ્થાન છોડી દઇ, તેઓના સ્થાનની મધ્યમાં અગ્નિખૂણે ઊભી રહી. ભુવનપતિ, જ્યોતિષ્ક અને વ્યંતરોની સ્ત્રીઓ દક્ષિણ દિશાના દ્વારથી પેસી અનુક્રમે પૂર્વ પ્રમાણે વિધિ કરી નૈરુત્યખૂણે ઊભી રહી. ભવનપતિ, જ્યોતિષ્ક અને વ્યંતર દેવતા પશ્ચિમ દિશાના દ્વારથી પ્રવેશ કરી પૂર્વ પ્રમાણે વિધિપૂર્વક વાયવ્ય દિશામાં બેઠા. વૈમાનિક દેવતાઓ, મનુષ્યો અને મનુષ્યસ્ત્રીઓ ઉત્તર દિશાના દ્વારથી પ્રવેશ કરી પૂર્વ વિધિ પ્રમાણે ક્રમથી ઇશાન દિશામાં બેઠા. ત્યાં પ્રથમ આવેલા અલ્પ ઋદ્ધિવાળા, મોટી ઋદ્ધિવાળા જે કોઇ આવે તેને નમતા અને આવનાર પ્રથમ આવેલ હોય તેને નમીને આગળ જતા. પ્રભુના સમવસરણમાં કોઈને પ્રતિબંધ નથી, કોઈ જાતની વિકથા નથી, વિરોધીઓને પણ પરસ્પર વૈર નથી તેમ કોઈને એક બીજાનો ભય નથી. બીજા ગઢની અંદર તિર્યંચો આવીને બેઠા અને ત્રીજા ગઢના મધ્યમાં સર્વના વાહનો રહ્યાં. ત્રીજા ગઢની બહારના ભાગમાં કેટલાક તિર્યંચો, મનુષ્યો અને દેવતાઓ પ્રવેશ કરતા અને નીકળતા દેખાતા હતા. એવી રીતે સમવસરણની રચના થયા પછી સૌધર્મકલ્પનો ઇંદ્ર અંજલિ જોડી, જગત્પતિને નમસ્કાર કરી, રોમાંચિત થઈ આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યો–' હે સ્વામિન્ ! બુદ્ધિનો દરિદ્ર એવો હું ક્યાં અને ગુણના પર્વત એવા આપ ક્યાં ? તથાપિ ભક્તિએ અત્યંત વાચાળ કરેલો હું આપની સ્તુતિ કરું છું. હે જગત્પતે ! રત્નો વડે રત્નાકર શોભે તેમ આપ એક જ અનંત જ્ઞાન, દર્શન, વીર્ય અને આનંદથી શોભો છો. હે દેવ ! આ ભરતક્ષેત્રમાં ઘણાં કાળથી નષ્ટ થયેલ ધર્મરૂપ વૃક્ષને પુનઃ ઉત્પન્ન કરવામાં તમે બીજ સમાન છો. વળી હે પ્રભુ ! તમારા માહાત્મ્યનો કાંઈ અવધિ નથી, કારણકે પોતાના સ્થાનકે રહેલા અનુત્તર વિમાનના દેવોના સંદેહને તમે અહીં રહ્યા છતાં જાણો છો અને તે સંદેહનું નિવારણ પણ કરો છો. મ્હોટી ઋદ્ધિવાળા અને કાંતિથી પ્રકાશી રહેલા આ સર્વ દેવતાઓનો જે સ્વર્ગમાં નિવાસ છે તે તમારી ભક્તિના લેશમાત્રનું ફળ છે. મૂર્ખજનને ગ્રંથનો અભ્યાસ જેમ કલેશને અર્થે જ થાય છે તેમ તમારી ભકિત વિનાના મનુષ્યોના મોટા તપ પણ શ્રમને માટે જ થાય છે. હે પ્રભુ ! તમારી સ્તુતિ કરનાર અને તમારો દ્વેષ કરનાર બંને ઉપર તમે તો સમાન દૃષ્ટિવાળા છો, પરંતુ તેઓને શુભ અને અશુભ એમ ભિન્ન ભિન્ન ફળ થાય છે તેથી અમને આશ્ચર્ય થાય છે. હે નાથ ! મને સ્વર્ગની લક્ષ્મીથી પણ સંતોષ નથી તેથી હું એવું માગું છું કે મારી તમારે વિષે અક્ષય અને અપાર ભકિત થાઓ. ' એ પ્રમાણે સ્તુતિ કરી, નમસ્કાર કરી નારી, નર, નરદેવ અને દેવતાઓને અગ્રભાગે ઇંદ્ર અંજલિ જોડી રાખીને બેઠા.

અહીં અયોધ્યા નગરીમાં વિનયી ભરત ચક્રવર્તી મરુદેવા માતાને નમસ્કાર કરવાને

---

૧. સમવસરણસ્તવમાં ચારે દિશાએ ચાર ધ્વજ કહ્યા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માટે પ્રાતઃકાળે ગયા. પોતાના પુત્રના વિરહથી ઉત્પન્ન થયેલા અવિશ્રાંત અશ્રુજળથી આંખમાં પડળ આવી જવાને લીધે જેનાં નેત્રકમલ લુપ્ત થઈ ગયાં છે એવા પિતામહીને 'આ તમારો જ્યેષ્ઠ પૌત્ર ચરણકમલમાં નમસ્કાર કરે છે' એમ જણાવી ભરતે પ્રણામ કર્યાં. સ્વામિની મરુદેવાએ ભરતને આશીષ આપી અને પછી જાણે હૃદયમાં શોક સમાયો ન હોય તેમ તેમણે વાણીનો ઉદ્ગાર કહેવા માંડયો—'હે પૌત્ર ભરત ! મારો પુત્ર ઋષભ મને, તને, પૃથ્વીને, પ્રજાને અને લક્ષ્મીને તૃણની જેમ છોડી એકાકી ચાલ્યો ગયો. તથાપી આ મરુદેવા મૃત્યુ પામી નહીં ! મારા પુત્રના મસ્તક ઉપર ચંદ્રના આતપની કાંતિ જેવું છત્ર રહેતું હતું તે કયાં અને હાલ છત્ર રહિત થવાથી સર્વ અંગને સંતાપ કરનારા સૂર્યનો તાપ લાગતો હશે તે કયાં ? પ્રથમ તો લીલા સહિત ગતિવાળા હસ્તી વિગેરે વાહનોમાં બેસીને તે ફરતો અને હાલ પથિકની જેમ પગે ચાલે છે ! પ્રથમ તે મારા પુત્રને વારાંગનાઓ મનોહર ચામર ઢોળતી અને હાલ તે ડાંસ તથા મસલાનો ઉપદ્રવ સહન કરે છે ! પ્રથમ તે દેવોએ લાવેલ દિવ્ય આહારનું ભોજન કરતો અને હાલ અભોજન સરખું ભિક્ષાભોજન કરે છે. ! મોટી ઋદ્ધિવાળો તે પ્રથમ રત્નના સિંહાસન ઉપર બેસતો અને હાલ ગેંડાની પેઠે આસનરહિત રહે છે ! પુરરક્ષક અને શરીરરક્ષકોથી રક્ષણ કરેલા નગરમાં તેની સ્થિતિ હતી તે હાલ સિંહ વિગેરે દુષ્ટ શ્વાપદોના સ્થાનરૂપ વનમાં નિવાસ કરે છે ! કર્ણને વિષે અમૃતરસાયનરૂપ દિવ્યાંગનાનું ગાયન સાંભળનારો તે હાલ ઉન્મત્ત સર્પના કર્ણના વિષે સોય સમાન ફુંફાડા સાંભળે છે; કયાં તે પૂર્વ સ્થિતિ અને કયાં હાલની સ્થિતિ ! અહો ! મારો પુત્ર કેટલું કષ્ટ ભોગવે છે કે જે પોતે પદ્મના ખંડની જેવો કોમળ છતાં વર્ષાઋતુમાં જળનો ઉપદ્રવ સહન કરે છે, હેમંતઋતુમાં અરણ્યની માલતીના સ્તંભની પેઠે હમેશાં હિમપાતના કલેશથી પરવશ દશા ભોગવે છે અને ઉષ્ણઋતુમાં વનવાસી હસ્તીની પેઠે સૂર્યના અતિ દારૂણ કિરણોથી અધિક સંતાપનો અનુભવ કરે છે ! આવી રીતે સર્વ કાળ મારો પુત્ર વનવાસી થઇ આશ્રય વિનાના સાધારણ માણસની પેઠે એકાકી ફરી દુઃખપાત્ર થઇ રહ્યો છે. આવા દુઃખથી આકુળ પુત્રને જાણે દૃષ્ટિ આગળ હોય તેમ હું જોઉં છું અને હમેશાં આ પ્રમાણે કહેવાથી તને પણ દુઃખી કરું છું.'

મરૂદેવા માતાને આવી રીતે દુઃખાકુળ જોઈ ભરતરાજા અંજલિ જોડી અમૃતતુલ્ય વાણીથી બોલ્યો—'હે દેવી ! સ્થૈર્યના પર્વતરૂપ, વજ્રના સારરૂપ અને મહાસત્વજનોમાં શિરોમણી એવા મારા પિતાની જનની થઈને તમે આ પ્રમાણે ખેદ કેમ કરો છો ? પિતાજી હાલ સંસારસમુદ્ર તરવાને એકદમ ઉદ્યમવંત થયા છે તેથી કંઠે બાંધેલી શિલા જેવા જે આપણે તેનો તેમણે ત્યાગ કર્યો છે. વનમાં વિહાર કરનારા તેઓને તેમના પ્રભાવથી શીકારી પ્રાણીઓ પણ જાણે પાષાણના ઘડેલા હોય તેમ ઉપદ્રવ કરવાને સમર્થ થતા નથી. ક્ષુધા, તૃષા અને આતપ વિગેરે દુઃસહ પરીષહો કર્મરૂપી શત્રુઓનો નાશ કરવામાં ઉલટા પિતાજીને સહાયભૂત છે. જો આપને મારા વચન ઉપર વિશ્વાસ ન આવતો હોય તો થોડા જ કાળમાં તમને તમારા પુત્રને કેવળજ્ઞાન થયાના ઉત્સવની વાર્તા સાંભળીને પ્રતીતિ થશે.'

એ જ વખતે છડીદારે મહારાજા ભરતને નિવેદન કરેલા યમક અને શમક નામના બે પુરુષો ત્યાં આવ્યા. તેમાંના યમકે ભરતરાજાને પ્રણામ કરી વિજ્ઞપ્તિ કરી કે–'હે દેવ ! આજે પુરિમતાલ નગરના શકટાનન ઉદ્યાનને વિષે યુગાદિનાથને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

છે. આવી કલ્યાણકારી વાર્ત્તા નિવેદન કરતાં મને જણાય છે કે આપ ભાગ્યોદયવડે વૃદ્ધિ પામો છો.' શમકે ઊંચે સ્વરે નિવેદન કર્યું કે 'આપણી આયુધશાલામાં હમણા ચક્રરત્ન ઉત્પન્ન થયું છે.' આ સાંભળી ભરતરાય ક્ષણવાર ચિંતામાં પડ્યા કે 'અહીં પિતાજીને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું અને અહીં ચક્ર ઉત્પન્ન થયું, પ્રથમ મારે કોની અર્ચા કરવી ?' પરંતુ 'વિશ્વને અભય આપનાર પિતાજી ક્યાં અને પ્રાણીઓનો ઘાત કરનાર ચક્ર ક્યાં ?' એમ વિચારી પ્રથમ સ્વામીની પૂજાને માટે પોતાના માણસોને તૈયારી કરવા આજ્ઞા કરી. યમક અને શમકને યોગ્ય રીતે પુષ્કળ પારિતોષિક આપી વિદાય કર્યા અને મરુદેવા માતાને કહ્યું—'હે દેવી ! આપ હમેશાં કરુણાક્ષરથી કહેતા હતા કે મારો ભિક્ષાહારી અને એકાકી પુત્ર દુઃખનું પાત્ર છે, પણ હવે ત્રૈલોક્યના સ્વામીત્વને ભજનાર તે તમારા પુત્રની સંપત્તિ જુઓ.' એમ કહી માતાજીને ગજેંદ્ર ઉપર આરૂઢ કર્યા. પછી જાણે મૂર્તિમાન લક્ષ્મીમય હોય તેવાં સુવર્ણ, રત્ન અને માણિક્યના આભૂષણવાળા ઘોડા, હાથી, પાયદળ અને રથો લઇ મહારાજાએ પ્રયાણ કર્યું. પોતાનાં આભૂષણોની કાંતિથી જંગમ તોરણને રચનારા સૈન્ય સહિત ચાલતા મહારાજા ભરતે દૂરથી ઉપરનો રત્નમય ગઢ જોયો. ભરતે મરુદેવા માતાને કહ્યું—'દેવી ! જુઓ ! આ દેવીઓ અને દેવતાઓએ પ્રભુનું સમવસરણ કર્યું છે. પિતાજીના ચરણકમલની સેવામાં ઉત્સવને પામેલા દેવતાઓનો આ જય જય શબ્દ સંભળાય છે. હે માતા ! જાણે પ્રભુનો બંદી હોય તેમ ગંભીર અને મધુર શબ્દથી આકાશમાં વાગતો દુંદુભી આનંદ ઉત્પન્ન કરે છે. સ્વામીનાં ચરણકમલને વંદના કરનારા દેવતાઓના વિમાનોમાં થયેલ આ મોટો ઘુઘરીઓનો અવાજ આપણે સાંભળીએ છીએ. સ્વામીના દર્શનથી હર્ષ પામેલા દેવતાઓનો મેઘની ગર્જના જેવો આ સિંહનાદ આકાશમાં સંભળાય છે. ગ્રામ અને રાગથી પવિત્ર થયેલી આ ગંધર્વોની ગીતિ જાણે પ્રભુની વાણીની દાસી હોય તેમ આપણને આનંદ આપે છે.' પાણીના પ્રવાહથી જેમ કાદવ ધોવાઇ જાય તેમ ભરતનું એવું કથન સાંભળવાથી ઉત્પન્ન થયેલા આનંદાશ્રુવડે મરુદેવાની દૃષ્ટિમાં વળેલાં પડલ ધોવાઈ ગયાં, એટલે પોતાના પુત્રના અતિશય સહિત તીર્થંકરપણાની લક્ષ્મી પોતાનાં નેત્રવડે જોઇ. તેના દર્શનથી થયેલા આનંદવડે મરુદેવા તન્મય થઈ ગયાં. તત્કાળ સમકાળે અપૂર્વકરણના ક્રમથી ક્ષપકશ્રેણિમાં આરૂઢ થઇ, આઠ કર્મને ક્ષીણ કરી કેવળજ્ઞાનને પ્રાપ્ત કરી ( તે જ વખતે આયુષ પૂર્ણ થવાથી ) અંતકૃતકેવળી થઇ સ્વામિની મરુદેવા હસ્તીસ્કંધ ઉપર આરૂઢ થયેલાં જ અવ્યયપદ (મોક્ષ)ને પામ્યાં. આ અવસર્પિણીમાં મરુદેવા પ્રથમ સિદ્ધ થયાં. તેમના શરીરનો સત્કાર કરીને દેવતાઓએ ક્ષીરસમુદ્રમાં નિક્ષિપ્ત કર્યું. ત્યાંથી આ લોકમાં મૃતકની પૂજા પ્રવર્ત્તી. કેમકે **મહાત્માઓ જે કરે તે આચરણને માટે કલ્પાય છે.** માતા મરુદેવાને મોક્ષ પ્રાપ્ત થયેલ જાણી વાદળની છાયા અને સૂર્યના તાપથી મિશ્રિત થયેલા શરદ ઋતુના સમયની જેમ હર્ષ અને શોકથી ભરત રાજા વ્યાપ્ત થયા. પછી રાજ્યચિહ્નોનો ત્યાગ કરી પરિવાર સહિત પગે ચાલતા તેમણે ઉત્તર દિશાના દ્વારથી સમવસરણમાં પ્રવેશ કર્યો. ત્યાં ચારેય નિકાયના દેવતાઓથી વીંટાઇ રહેલા અને દૃષ્ટિરૂપી ચકોરને ચંદ્ર સમાન પ્રભુને ભરતેશ્વરે જોયા. ભગવંતને ત્રણ પ્રદક્ષિણા દઈ, પ્રણામ કરી, મસ્તકે અંજલિ જોડી ચક્રવર્તીએ સ્તુતિ કરવાનો આરંભ કર્યો.

'હે અખિલ જગન્નાથ ! હે વિશ્વને અભય આપનાર ! પ્રથમ તીર્થેશ ! હે સંસાર-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તારણ ! તમે જય પામો. આજે આ અવસર્પિણીમાં જન્મેલા લોકોરૂપી પદ્માકરને સૂર્ય સમાન તમારા દર્શનથી અંધકારનો નાશ થઈને પ્રભાત થયું છે. હે નાથ ! ભવ્ય જીવોના મનરૂપી જળને નિર્મળ કરવાની ક્રિયામાં કતકના ચૂર્ણ જેવી તમારી વાણી જયવંતી વર્તે છે. હે કરુણાનાં ક્ષીરસાગર ! જે તમારા શાસનરૂપી મહારથમાં આરૂઢ થાય છે તેઓને લોકાગ્ર (મોક્ષ) દૂર નથી. હે દેવ ! નિષ્કારણ જગતબંધુ–આપ સાક્ષાત્ જોવામાં આવો છો તેથી આ સંસારને અમે લોકાગ્રથી પણ અધિક માનીએ છીએ. હે સ્વામિન્ ! આ સંસારમાં પણ નિશ્ચળ નેત્રોવડે તમારા દર્શનના મહાનંદરૂપી ઝરામાં અમને મોક્ષસુખના સ્વાદનો અનુભવ થાય છે. હે નાથ ! રાગ, દ્વેષ અને કષાયાદિ શત્રુઓએ રૂંધેલા આ જગતને અભયદાન દેનારા તમે ઉદ્વેષ્ટિત કરો છો ( બંધનમાંથી છોડાવો છો ), હે જગત્પતે ! તમે તત્ત્વ જણાવો છો. તમે માર્ગ બતાવો છો અને તમે વિશ્વની રક્ષા કરો છો તેથી વિશેષ હું તમારી પાસે શું યાચના કરું ? જેઓ અનેક જાતના ઉપદ્રવ અને સંગ્રામથી પરસ્પરનાં ગામો અને પૃથ્વીને લઈ લેનાર છે એવા આ સર્વે રાજાઓ આપની સભામાં પરસ્પર મિત્ર થઈને રહેલાં છે. તમારી પર્ષદામાં આવેલો આ હસ્તી પોતાની શુંઢથી કેસરીસિંહના કરને[1] આકર્ષણ કરી તેના વડે પોતાના કુંભસ્થળને વારંવાર કંડુયન કરે છે ( ખજવાળે છે ). આ મહિષ અન્ય મહિષની પેઠે વારંવાર સ્નેહથી પોતાની જિહ્વાવડે આ હણહણતા અશ્વને માર્જન કરે છે. લીલાથી પોતાના પૂંછડાને હલાવતો આ મૃગ ઊંચા કાન કરી અને મુખને નમાવી પોતાની નાસિકાથી આ વાઘના મુખનું આઘ્રાણ કરે છે (સુંઘે છે.) આ તરુણ માર્જાર[2] આગળ પાછળ અને પડખે પોતાના બચ્ચાંની પેઠે ફરતા એવા મૂષકને[3] આલિંગન કરે છે. આ ભુજંગ[4] પોતાના શરીરનું કુંડાળું કરી આ નકુલની[5] પાસે મિત્રની પેઠે નિર્ભય થઈને બેઠા છે. હે દેવ ! આ બીજા પણ નિરંતરના વૈરવાળા પ્રાણીઓ અહીં નિર્વૈર થઈને રહ્યા છે. આ સર્વનું કારણ તમારો અતુલ્ય પ્રભાવ છે.'

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

મહીપતિ ભરત એવી રીતે જગત્પતિની સ્તુતિ કરી અનુક્રમે પાછો ઓસરી સ્વર્ગપતિ ઇંદ્રની પાછળ બેઠો. તીર્થનાથના પ્રભાવથી તે યોજનમાત્ર ક્ષેત્રની અંદર કોટાનુકોટી પ્રાણીઓ નિરાબાધપણે સમાયા હતા. તે સમયે સર્વ ભાષાઓને સ્પર્શ કરનારી પાંત્રીશ અતિશયવાળી અને યોજનગામિની વાણીથી પ્રભુએ આ પ્રમાણે દેશના દેવા માંડી–

'આધિ, વ્યાધિ, જરા અને મૃત્યુરુપી સેંકડો જ્વાળાઓથી આકુળ એવો આ સંસાર સર્વ પ્રાણીઓને દેદીપ્યમાન અગ્નિ જેવો છે. તેથી તેમાં વિદ્વાનોએ લેશમાત્ર પણ પ્રમાદ કરવો યુકત નથી, કેમકે રાત્રિએ ઉલ્લંઘન કરવાને યોગ્ય એવા મરુદેશમાં અજ્ઞાની એવો પણ કોણ પ્રમાદ કરે ? અનેક જીવાયોનિરૂપ આવર્ત્તવડે આકુળ એવા સંસારસમુદ્રમાં અટન કરતા જંતુઓને ઉત્તમ રત્નની પેઠે આ મનુષ્યજન્મ પ્રાપ્ત થવો દુર્લભ છે. દોહદ પૂરવાથી જેમ વૃક્ષ ફળયુકત થાય તેમ પરલોકનું સાધન કરવાથી પ્રાણીઓને મનુષ્યજન્મ સફળ થાય છે. આ સંસારમાં શઠ લોકોની વાણીની પેઠે પ્રથમ મધુર અને પરિણામે અત્યંત દારુણ વિષયો વિશ્વને ઠગનારા છે. ઘણી ઊંચાઈનો અંત જેમ પડવામાં છે તેમ સંસારની અંદર વર્તતા સર્વ પદાર્થોના સંયોગનો અંત વિયોગમાં છે. જાણે

૧ કેસરી સિંહને પણ શુંઢ હોય છે. ૨ બીલાડો ૩ ઉંદર. ૪ સર્પ. ૫ નોળીયો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરસ્પર સ્પર્ધાથી હોય તેમ આ સંસારમાં પ્રાણીઓને આયુષ, ધન અને યૌવન– એ સર્વ નાશવંત અને જવાની ત્વરાવાળા છે. મરૂદેશમાં જેમ સ્વાદિષ્ટ જળ ન હોય તેમ આ સંસારની ચારે ગતિમાં કદાપિ સુખનો લેશ પણ નથી. ક્ષેત્રદોષથી દુઃખ પામતા અને પરમાધામીઓએ કલેશ પમાડેલા નારકીઓને તો ક્યાંથી જ સુખ હોય ? શીત, વાત, આતપ અને જળથી તેમજ વધ, બંધન અને ક્ષુધા વિગેરેથી વિવિધ પ્રકારે પીડા પામતા તિર્યંચોને પણ શું સુખ છે ? ગર્ભાવાસ, વ્યાધિ, જરા, દારિદ્ર અને મૃત્યુથી થતા દુઃખવડે આલિંગિત થયેલા મનુષ્યોને પણ કયાં સુખ છે ? પરસ્પર મત્સર, અમર્ષ, કલહ તથા ચ્યવન વિગેરે દુઃખોથી દેવતાઓને પણ સુખનો લેશ નથી; તથાપિ જળ જેમ નીચી જમીન તરફ જાય છે તેમ પ્રાણીઓ અજ્ઞાનથી વારંવાર આ સંસારની તરફ જ ચાલે છે; માટે હે ચેતના(જ્ઞાન)વાળા ભવિજનો ! દૂધવડે સર્પનું પોષણ કરવાની જેમ તમે પોતાના મનુષ્યજન્મવડે સંસારનું પોષણ કરશો નહીં. હે વિવેકીઓ ! આ સંસારનિવાસથી ઉત્પન્ન થતાં અનેક દુઃખો વિચારીને સર્વ પ્રકારે મોક્ષને માટે યત્ન કરો. નરકના દુઃખ જેવું ગર્ભાવાસનું દુઃખ સંસારની પેઠે કયારે પણ મોક્ષમાં પ્રાપ્ત થતું નથી. કુંભીના મધ્યમાંથી આકર્ષણ કરતા નારકીના જીવોની પીડા જેવી પ્રસવવેદના મોક્ષમાં કયારે પણ પ્રાપ્ત થતી નથી. બહાર અને અંદર નાખેલા શલ્ય જેવા અને પીડાના કારણરૂપ એવા આધિ વ્યાધિઓ ત્યાં નથી. યમરાજની અગ્રદૂત, સર્વ પ્રકારના તેજને ચોરનારી તથા પરાધીનપણાને ઉત્પન્ન કરનારી જરા પણ સર્વથા ત્યાં નથી અને નારકી, તિર્યંચ, મનુષ્ય તથા દેવતાઓની પેઠે ફરીથી ભવભ્રમણના કારણરૂપ એવું મરણ પણ મોક્ષમાં નથી. ત્યાં તો મહાઆનંદ, અદ્વૈત અને અવ્યય સુખ, શાશ્વત સ્થિતિ અને કેવળજ્ઞાનરૂપ સૂર્યવડે અખંડ જ્યોતિ છે. હંમેશાં જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપી ત્રણ ઉજ્જવળ રત્નોનું પાલન કરનાર પુરુષો જ એ મોક્ષને મેળવી શકે છે. તેમાં જીવાદિ તત્ત્વનો સંક્ષેપથી અથવા વિસ્તારથી યથાર્થ અવબોધ તે સમ્યગ્ જ્ઞાન જાણવું. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવલ એવા અન્વય સહિત ભેદોથી તે જ્ઞાન પાંચ પ્રકારનું છે. તેમાં અવગ્રહાદિક ભેદોવાળું તથા બીજા બહુગ્રાહી, અબહુગ્રાહી ભેદોવાળું અને જે ઇંદ્રિય અનિંદ્રિયથી ઉત્પન્ન થાય છે તે મતિજ્ઞાન જાણવું. પૂર્વ, અંગ, ઉપાંગ અને પ્રકીર્ણક સૂત્રો–ગ્રંથોથી બહુ પ્રકારે વિસ્તાર પામેલું અને સ્યાત્ શબ્દવડે લાંછિત એવું શ્રુતજ્ઞાન અનેક પ્રકારે જાણવું. દેવતા અને નારકી જીવોને જે ભવસંબંધથી ઉત્પન્ન થાય છે તે અવધિજ્ઞાન કહેવાય છે. એ ક્ષયઉપશમ લક્ષણવાળું છે. અને મનુષ્ય, તિર્યંચ આશ્રી તેના મુખ્ય છ ભેદ છે. મનઃપર્યવ જ્ઞાન ઋજુમતિ અને વિપુલમતી એવા બે પ્રકારનું છે, તેમાં વિપુલમતીનું વિશુદ્ધઅને અપ્રતિપાતપણાવડે જાણી લેવું. સમસ્ત દ્રવ્ય–પર્યાયના વિષયવાળું, વિશ્વલોચન સમાન, અનંત, એક અને ઇંદ્રિયોના વિષય વિનાનું જ્ઞાન તે કેવળજ્ઞાન કહેવાય છે.

શાસ્ત્રોકત તત્ત્વમાં રુચિ તે શ્રદ્ધા કહેવાય છે. તે શ્રદ્ધા(સમકિત) સ્વભાવથી અને ગુરુના ઉપદેશથી એમ બે પ્રકારે પ્રાપ્ત થાય છે. અનાદિ અનંત સંસારના આવર્ત્તમાં પ્રાણીઓને જ્ઞાનાવરણી, દર્શનાવરણી, વેદની અને અંતરાય નામના કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીશ કોટાનુકોટી સાગરોપમની છે. ગોત્ર અને નામકર્મની સ્થિતિ વીશ કોટાનુકોટી સાગરોપમની છે અને મોહનીય કર્મની સ્થિતિ સિત્તેર કોટાનુકોટી સાગરોપમની છે,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અનુક્રમે ફળના અનુભવથી તે સર્વ કર્મો પર્વતમાંથી નીકળેલી નદીમાં અથડાતો અથડાતો પથ્થર ગોળ થઈ જાય તે ન્યાયવત્ પોતાની મેળે ક્ષય પામે છે. એ પ્રમાણે ક્ષય થતાં કર્મની અનુક્રમે ઓગણત્રીશ, ઓગણીશ અને ઓગણોતેર કોટાનુકોટી સાગરોપમની સુધીની સ્થિતિ ક્ષય પામે અને દેશે ઊણી (કાંઈક ઓછી) એક કોટાનુકોટી સાગરોપમની સ્થિતિ બાકી રહે ત્યારે પ્રાણી યથાપ્રવૃત્તિકરણવડે ગ્રંથીદેશને પ્રાપ્ત થાય છે. રાગદ્વેષના દુઃખે ભેદી શકાય એવા પરિણામ તે ગ્રંથી કહેવાય છે. તે કાષ્ઠની ગાંઠ જેવી દુરુચ્છેદ અને ઘણી જ દૃઢ હોય છે. કિનારા સમીપે આવેલું વાયુપ્રેરીત વહાણ જેમ સમુદ્રમાં પાછું જતું રહે તેમ રાગાદિકે પ્રેરેલા કેટલાએક જીવો ગ્રંથીને ભેદ્યા વિના જ ગ્રંથી સમીપથી પાછા ફરે છે. કેટલાએક પ્રાણીઓ માર્ગમાં સ્ખલના પામેલા સરિતાના જળની પેઠે કોઈ પ્રકારના પરિણામવિશેષથી ત્યાં જ વિરામ પામે છે. કોઇ પ્રાણીઓ જેમનું ભવિષ્યમાં ભદ્ર થવાનું હોય છે તેઓ અપૂર્વકરણવડે પોતાનું વીર્ય પ્રગટ કરીને મ્હોટા માર્ગને ઉલ્લંઘન કરનારા પાંથ લોકો જેમ ઘાટની ભૂમિનું ઉલ્લંઘન કરે તેમ તે દુર્લંઘ્ય ગ્રંથીને તત્કાળ ભેદી નાંખે છે. પછી કેટલાએક ચારે ગતિવાળા પ્રાણીઓ અનિવૃત્તિકરણવડે અંતરકરણ કરીને મિથ્યાત્વને વિરલ કરી અંતર્મુહૂર્ત્ત માત્ર સમ્યક્ દર્શનને પામે છે. તે **નૈસર્ગિક** (સ્વાભાવિક) સમ્યક્ શ્રદ્ધાન કહેવાય છે. ગુરુના ઉપદેશના આલંબનથી ભવ્ય પ્રાણીઓને જે સમકિત ઉત્પન્ન થાય છે તે ગુરુના **અધિગમથી** થયેલું સમકિત કહેવાય છે.

સમકિતના ઔપશમિક, સાસ્વાદન, ક્ષાયોપશમિક, વેદક અને ક્ષાયિક એવા પાંચ પ્રકાર છે. જેની કર્મગ્રંથી ભેદ પામેલી છે એવા પ્રાણીને જે સમકિતનો લાભ પ્રથમ અંતર્મુહૂર્ત્ત માત્ર થાય છે તે **ઔપશમિક** સમકિત કહેવાય છે, તેમજ ઉપશમ શ્રેણિના યોગથી જેનો મોહ શાંત થયો હોય એવા દેહીને મોહના ઉપશમથી ઉત્પન્ન થાય તે પણ **ઔપશમિક** સમકિત કહેવાય છે. સમ્યક્ભાવનો ત્યાગ કરીને મિથ્યાત્વની સન્મુખ થયેલા પ્રાણીને અનંતાનુબંધી કષાયનો ઉદય થતાં, ઉત્કર્ષથી છ આવળી પર્યંત અને જઘન્યથી એક સમય સમકિતના પરિણામ રહે તે **સાસ્વાદન** સમકિત કહેવાય છે. મિથ્યાત્વ મોહનીનો ક્ષય અને ઉપશમ થવાથી ઉત્પન્ન થયેલું ત્રીજું **ક્ષાયોપશમિક** સમકિત કહેવાય છે; તે સમકિત મોહનીના ઉદય પરિણામવાળા પ્રાણીને થાય છે. **વેદક** નામનું ચોથું સમકિત, ક્ષપક ભાવને પ્રાપ્ત થયેલા, અનંતાનુબંધી કષાયની ચોકડી ક્ષય થયેલા, ક્ષાયક સમકિતની સન્મુખ થયેલા, મિથ્યાત્વ મોહની અને મિશ્ર મોહની સમ્યક્ પ્રકારે જેમની ક્ષય પામી છે એવા અને સમકિત મોહનીના છેલ્લા અંશને ભોગવનારા પ્રાણીને પ્રાપ્ત થાય છે. સાતે પ્રકૃતિને[1] ક્ષીણ કરનારા અને શુભ ભાવવાળા પ્રાણીને **ક્ષાયિક** નામનું પાંચમું સમકિત પ્રાપ્ત થાય છે.

સમકિત દર્શન ગુણથી, રોચક, દીપક અને કારક એવા નામથી ત્રણ પ્રકારનું છે. તેમાં શાસ્ત્રોક્ત તત્ત્વમાં હેતુ અને ઉદાહરણ વિના જે દૃઢ પ્રતીતિ ઉત્પન્ન થાય તે **રોચક** સમકિત, જે બીજાઓના સમકિતને પ્રદીપ્ત કરે તે **દીપક** સમકિત અને જે સંયમ તથા તપ વિગેરેને ઉત્પન્ન કરે તે **કારક** સમકિત કહેવાય છે. તે સમકિત–શમ, સંવેગ, નિર્વેદ,

---

૧ અનંતાનુબંધી કષાયની ચા પ્રકૃતિ અને સમકિત મોહની, મિશ્ર મોહની અને મિથ્યાત્વ મોહની એ ત્રણ મળીને સાત પ્રકૃતિ જાણવી.



www.jainsite.com   For Private & Personal Use Only   info@jainsite.com

અનુકંપા અને આસ્તિક્ય એ પાંચ લક્ષણોથી સારી રીતે ઓળખાય છે. અનંતાનુબંધી કષાયનો ઉદય ન થાય તે **શમ** કહેવાય છે. અથવા સમ્યક્ પ્રકૃતિથી કષાયના પરિણામને જોવું તે પણ **શમ** કહેવાય છે. કર્મના પરિણામ અને સંસારની અસારતાને ચિંતવતા પુરુષને વિષયોમાં જે વૈરાગ થાય તે **સંવેગ** કહેવાય છે. સંવેગવાળા પુરુષને 'સંસારવાસ કારાગૃહ છે અને સ્વજન છે તે બંધન છે' એવો જે વિચાર થાય તે **નિર્વેદ** કહેવાય છે. એકેંદ્રિય વિગેરે સર્વ પ્રાણીઓને સંસારસાગરમાં ડૂબવાથી થતા કલેશને જોઇ હૃદયમાં આર્દ્રતા, તેમના દુઃખથી દુઃખીપણું અને તે દુઃખનિવારણના ઉપાયમાં યથાશકિત પ્રવૃત્તિ કરવી તે **અનુકંપા** કહેવાય છે. બીજાં તત્ત્વો સાંભળતાં છતાં પણ આર્હત તત્ત્વમાં આકાંક્ષા રહિત પ્રતિપત્તિ રહેવી તે **આસ્તિક્ય** કહેવાય છે. એવી રીતે સમ્યગ્દર્શન વર્ણવેલું છે. તેની ક્ષણવાર પણ પ્રાપ્તિ થતાં પૂર્વનું જે મતિઅજ્ઞાન હોય છે તે પરાભવ પામીને મતિજ્ઞાનપણાને પામે છે, શ્રુતઅજ્ઞાન પરાભવ પામીને શ્રુતજ્ઞાનપણું પામે છે અને વિભંગજ્ઞાન પરાભવ પામીને અવધિજ્ઞાનના ભાવને પામે છે.

સર્વ સાવદ્યયોગનો ત્યાગ તે ચારિત્ર કહેવાય છે. તે અહિંસાદિક વ્રતના ભેદથી પાંચ પ્રકારે કહેલ છે. અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ વ્રતો પાંચ પાંચ ભાવનાઓ યુક્ત થવાથી મોક્ષને અર્થે થાય છે. પ્રમાદના યોગથી ત્રસ અને સ્થાવર જીવોના જીવિતનો નાશ ન કરવો એ **અહિંસા** વ્રત કહેવાય છે. પ્રિય, હિતકારી અને સત્ય વચન બોલવું તે **સુનૃત**(સત્ય) વ્રત કહેવાય છે; અપ્રિય અને અહિતકારી સત્ય વચન પણ અસત્ય સમાન જાણવું. અદત્ત વસ્તુનું ગ્રહણ ન કરવું તે **અસ્તેય** વ્રત કહેવાય છે, કેમકે દ્રવ્ય એ માણસના બહિર્ પ્રાણ છે તેથી તે હરણ કરનાર પુરુષ તેના પ્રાણને હરણ કરે છે એમ જાણવું. દિવ્ય (વૈક્રિય) અને ઔદારિક શરીરવડે અબ્રહ્મચર્ય સેવનનો મન, વચન અને કાયાથી કરવું, કરાવવું અને અનુમોદવું એમ ત્રણ પ્રકારે ત્યાગ કરવો તેને **બ્રહ્મચર્ય** વ્રત કહ્યું છે; તેના અઢાર ભેદ થાય છે. સર્વ પદાર્થો ઉપરથી મોહ-(મૂર્ચ્છા)નો ત્યાગ કરવો તે **અપરિગ્રહ** વ્રત કહેવાય છે; કેમકે મોહથી અછતી વસ્તુમાં પણ ચિત્તનો વિપ્લવ થાય છે. યતિધર્મમાં અનુરક્ત એવા યતીંદ્રોને આ પ્રમાણે સર્વથી ચારિત્ર કહ્યું છે અને ગૃહસ્થોને દેશથી ચારિત્ર કહ્યું છે.

સમકિતમૂળ પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત–એ પ્રમાણે ગૃહસ્થોના બાર વ્રત છે. બુદ્ધિવંત પુરુષે પંગુ, કુષ્ઠી અને કુણિત્વ વિગેરે હિંસાના ફળ જોઈ નિરપરાધી ત્રસ જંતુઓની હિંસા સંકલ્પથી છોડી દેવી. મન્મનપણું, કાહલપણું, મુંગાપણું, મુખરોગ–એ અસત્યના ફળ જોઈ, કન્યા અલીક વિગેરે પાંચ મોટા અસત્ય છોડી દેવાં. કન્યા, ગાય અને ભૂમિ સંબંધી અસત્ય, થાપણ ઓળવવી અને ખોટી સાક્ષી પૂરવી એ પાંચ સ્થૂલ(મોટા) અસત્ય કહેવાય છે. દુર્ભાગ્ય, કાસીદું, દાસત્વ, અંગનો છેદ અને દરિદ્રતા એ અદત્તાદાન(ચોરી)ના ફળ જાણી સ્થૂલ ચૌર્યનો ત્યાગ કરવો. નપુંસકપણું અને ઈંદ્રિયનો છેદ એ અબ્રહ્મચર્યનાં ફળ જાણી, સદ્બુદ્ધિવંત પુરુષે સ્વસ્ત્રીમાં સંતુષ્ટ થઈ પરસ્ત્રીનો ત્યાગ કરવો. અસંતોષ, અવિશ્વાસ, આરંભ અને દુઃખ–એ સર્વે પરિગ્રહની મૂર્ચ્છાના ફળ જાણી પરિગ્રહનું પ્રમાણ કરવું. (એ પાંચ અણુવ્રત કહેવાય છે.) દશે દિશામાં નિર્ણય કરેલી સીમાનું ઉલ્લંઘન ન કરવું તે **દિગ્વિરતિ** નામે પ્રથમ ગુણવ્રત કહેવાય છે,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જેમાં શક્તિપૂર્વક ભોગ ઉપભોગની સંખ્યા કરાય તે **ભોગોપભોગપ્રમાણ** નામે બીજું ગુણવ્રત કહેવાય છે. આર્ત્ત, રૌદ્ર-એ બે અપધ્યાન, પાપકર્મનો ઉપદેશ, હિંસક અધિક રણોનું આપવું તથા પ્રમાદાચરણ-એ ચાર પ્રકારે અનર્થદંડ કહેવાય છે. શરીરાદિ અર્થદંડના પ્રતિપક્ષીપણે રહેલ **અનર્થદંડનો ત્યાગ** કરવો તે ત્રીજું ગુણવ્રત કહેવાય છે. આર્ત્ત અને રાદ્ર ધ્યાનનો ત્યાગ કરીને તથા સાવદ્ય કર્મને છોડી દઈ મુહૂર્ત્ત(બે ઘડી) સુધી સમતા ધારણ કરવી તે **સામાયિક** વ્રત કહેવાય છે. દિવસ અને રાત્રિ સંબંધી દિગ્વ્રતમાં પરિમાણ કરેલું હોય તેનું સંક્ષેપન કરવું તે **દેશાવકાશિક** વ્રત કહેવાય છે. ચાર પર્વણીને દિવસે ઉપવાસ વિગેરે તપ કરવો, કુવ્યાપાર(સંસાર સંબંધી વ્યાપાર)નો ત્યાગ કરવો, બ્રહ્મચર્ય પાળવું અને બીજી સ્નાનાદિક ક્રિયાનો ત્યાગ કરવો તે **પૌષધવ્રત** કહેવાય છે. અતિથિ(મુનિ)ને ચતુર્વિધ આહાર, પાત્ર, વસ્ત્ર અને સ્થાન(ઉપાશ્રય)નું દાન કરવું તે **અતિથિસંવિભાગ** નામે વ્રત કહેવાય છે. મોક્ષની પ્રાપ્તિને માટે યતિ અને શ્રાવકોએ સમ્યક્ એવા ત્રણ રત્નોની હંમેશાં ઉપાસના કરવી.”

આ પ્રમાણેની દેશના સાંભળીને તરત જ ભરતના પુત્ર ઋષભસેને પ્રભુને નમસ્કાર કરી વિજ્ઞપ્તિ કરી-‘સ્વામિન્ ! કષાયરૂપી દાવાનલથી દારુણ એવા આ સંસારરૂપી અરણ્યમાં આપે નવીન મેઘની જેમ અદ્વિતીય તત્ત્વામૃતને વરસાવ્યું છે. હે જગત્પતિ ! જેમ ડુબતા માણસોને વહાણ મળે, તૃષિતજનોને પાણીની પરબ મળે, શીતાર્ત્ત જનોને અગ્નિ મળે, તાપાર્ત્ત જનોને વૃક્ષની છાયા મળે, અંધકારમાં મગ્ન થયેલાને દીવો મળે, દરિદ્રીને નિધાન મળે, વિષપીડિતને અમૃત મળે, રોગી જનોને ઔષધિ મળે, દુષ્ટ શત્રુઓએ આક્રાંત કરેલા લોકોને કિલ્લાનો આશ્રય મળે-તેમ સંસારથી ભય પામેલા પ્રાણીઓને તમે પ્રાપ્ત થયા છો; માટે હે દયાનિધિ ! રક્ષા કરો, રક્ષા કરો. પિતા, માતા, ભ્રાતા, ભત્રીજા અને બીજા સ્વજનો, જેઓ આ સંસારભ્રમણમાં એક હેતુરૂપ છે અને તેથી અહિતકારી હોય તેવા છે તેઓની શું જરૂર છે ? હે જગતશરણ્ય ! હે સંસારસમુદ્રમાંથી તારનાર ! મેં તો આપનો આશ્રય કર્યો છે માટે મને દીક્ષા આપો અને મારા ઉપર પ્રસન્ન થાઓ.’ એ પ્રમાણે કહીને **ઋષભસેને** ભરતના બીજા પાંચશેં પુત્રો અને સાતશેં પૌત્રોની સાથે વ્રત ગ્રહણ કર્યું. સુરઅસુરોએ કરેલો પ્રભુનો કેવળજ્ઞાનમહિમા જોઈને ભરતના પુત્ર **મરિચિએ** પણ વ્રત ગ્રહણ કર્યું. ભરતે આજ્ઞા આપવાથી **બ્રાહ્મીએ** પણ વ્રત ગ્રહણ કર્યું, કેમકે **લઘુકર્મવાળા જીવોને ઘણું કરીને ગુરુનો ઉપદેશ શાક્ષીમાત્ર જ હોય છે.** બાહુબલિએ મુક્ત કરેલી **સુંદરી** પણ વ્રત ગ્રહણ કરવાની ઈચ્છા ધરાવતી હતી, પણ ભરતે નિષેધ કર્યો એટલે તે પ્રથમ શ્રાવિકા થઇ. પ્રભુના સમીપે ભરતે શ્રાવકપણું અંગીકાર કર્યું, કેમકે ભોગકર્મ ભોગવ્યા સિવાય વ્રત(ચારિત્ર) પ્રાપ્ત થતું નથી. મનુષ્ય, તિર્યંચ અને દેવતાઓની પર્ષદામાંથી કોઈએ વ્રત ગ્રહણ કર્યું, કોઇ શ્રાવકત્વ પામ્યા અને કોઈએ સમકિત ધારણ કર્યું. પેલા રાજતાપસોમાંથી કચ્છ અને મહાકચ્છ સિવાય બીજા સર્વેએ સ્વામીની પાસે આવી પુનઃ હર્ષપૂર્વક દીક્ષા અંગીકાર કરી. ઋષભસેન(પુંડરીક) વિગેરે સાધુઓ, બ્રાહ્મી વિગેરે સાધ્વીઓ, ભરત વિગેરે શ્રાવકો અને સુંદરી વિગેરે શ્રાવિકાઓ-એમ ચતુર્વિધ સંઘની વ્યવસ્થા ત્યારથી શરુ થઈ, જે અદ્યાપિ સુધી ધર્મના એક શ્રેષ્ઠ ગૃહરૂપ થઈને પ્રવર્ત્તે છે. તે સમયે પ્રભુ ગણધરનામકર્મવાળા ઋષભસેન વિગેરે ચોરાશી સદ્બુદ્ધિવાન

www.jainsite.com      For Private & Personal Use Only      info@jainsite.com

સાધુઓને સર્વ શાસ્ત્ર જેમાં સમાયેલા છે એવી **ઉત્પાદ, વિગમ** અને **ધ્રૌવ્ય** એ નામની પવિત્ર ત્રિપદીનો ઉપદેશ કર્યો. તે ત્રિપદીને અનુસારે તેમણે અનુક્રમે ચતુર્દશ પૂર્વ અને દ્વાદશાંગી રચી. પછી દેવતાઓથી વીંટાયેલા ઇંદ્ર દિવ્ય ચૂર્ણથી ભરેલો એક થાળ લઈને પ્રભુના ચરણ પાસે ઊભા રહ્યા, એટલે ભગવંતે ઉભા થઈને અનુક્રમે તેમની ઉપર ચૂર્ણક્ષેપ કરીને સૂત્રથી, અર્થથી, સૂત્રાર્થથી, દ્રવ્યથી, ગુણથી, પર્યાયથી અને નયથી તેમને અનુયોગ અનુજ્ઞા આપી તથા ગણની અનુજ્ઞા પણ આપી. ત્યાર પછી દેવતા, મનુષ્ય અને તેમની સ્ત્રીઓએ દુંદુભીના ધ્વનિપૂર્વક તેઓની ઉપર ચોતરફથી વાસક્ષેપ કર્યો. મેઘના જળને ગ્રહણ કરનારા વૃક્ષની જેમ પ્રભુની વાણીને ગ્રહણ કરનારા સર્વે ગણધરો અંજલિ જોડીને ઊભા રહ્યા. પછી ભગવંતે પૂર્વવત્ પૂર્વાભિમુખ સિંહાસને બેસી પુનઃ શિક્ષામય ધર્મદેશના આપી. તે વખતે પ્રભુરૂપી સમુદ્રમાંથી ઉત્પન્ન થયેલી દેશનારૂપી ઉદ્દામ વેલાની મર્યાદા સદૃશ પ્રથમ પૌરુષી પૂરી થઈ.

એ સમયે અખંડ ફોતરા રહિત અને ઉજ્જવળ શાલથી બનાવેલો, ચાર પ્રસ્થ જેટલો અને થાળમાં રાખેલો બલિ સમવસરણના પૂર્વદ્વારથી અંદર લાવવામાં આવ્યો. દેવતાઓએ તેમાં સુગંધી નાખી બમણો સુગંધી કર્યો હતો, પ્રધાન પુરુષોએ તેને ઉપાડેલો હતો, ભરતેશ્વરે કરાવેલો હતો અને તેની આગળ થતાં દુંદુભીના નિર્ઘોષથી દિશાઓના મુખભાગ પ્રતિઘોષિત થઇ રહ્યા હતા. તેની પાછળ મંગલ ગીત ગાતી ગાતી સ્ત્રીઓ ચાલતી હતી. જાણે પ્રભુના પ્રભાવથી ઉત્પન્ન થયેલો પુણ્યરાશિ હોય તેમ તે પૌરલોકોથી ચોતરફ આવૃત્ત થયેલો હતો, પછી જાણે કલ્યાણરૂપી ધાન્યનું બીજ વાવવાને માટે હોય તેમ તે બલિને પ્રભુની પ્રદક્ષિણા કરાવીને ઉછાળવામાં આવ્યો. મેઘના જળને જેમ ચાતક ગ્રહણ કરે તેમ આકાશમાંથી પડતા તે બલિના અર્ધભાગને દેવતાઓએ અંતરીક્ષમાં જ ગ્રહણ કર્યો અને પૃથ્વી ઉપર પડયા પછી તેનો અર્ધ ભાગ ભરતરાજાએ ગ્રહણ કર્યો અને અવશેષ રહ્યો તે ગોત્રીઓની જેમ લોકોએ વહેંચી લીધો. તે બલિના પ્રભાવથી પૂર્વે થયેલા રોગો નાશ પામે છે અને ફરીથી છ માસ પર્યંત નવા રોગ ઉત્પન્ન થતા નથી. પછી સિંહાસનથી ઉઠી પ્રભુ ઉત્તર દ્વારના માર્ગમાંથી બહાર નીકળ્યા. પદ્મખંડની આસપાસ જેમ ભ્રમરાઓ ફરી વળે તેમ સર્વ ઈંદ્રો તે વખતે સાથે ચાલ્યા. રત્નમય અને સુવર્ણમય વપ્રના મધ્યભાગમાં ઇશાનખૂણે રહેલા દેવછંદામાં પ્રભુ વિશ્રામ લેવાને બેઠા. તે સમયે ગણધરોમાં મુખ્ય એવા ઋષભસેને ભગવંતના પાદપીઠ ઉપર બેસી ધર્મદેશના દેવા માંડી; કેમકે સ્વામીને ખેદમાં વિનોદ, શિષ્યોનું ગુણદીપન અને બંને તરફ પ્રતીતિ એ ગણધરની દેશનાના ગુણ છે. જ્યારે ગણધર દેશનાથી વિરામ પામ્યા ત્યારે સર્વે પ્રભુને પ્રણામ કરી પોતપોતાને સ્થાને ગયા.

આ પ્રમાણે તીર્થ ઉત્પન્ન થતાં **ગોમુખ** નામનો એક યક્ષ પ્રભુની પાસે રહેનાર અધિષ્ઠાયક થયો. તેના જમણી બાજુના બે હાથમાંથી એક વરદાન ચિહ્નવાળો હતો અને એકમાં ઉત્તમ અક્ષમાળા શોભતી હતી, ડાબી બાજુના બે હાથમાં બીજોરું અને પાશ હતા. સુવર્ણના જેવો તેનો વર્ણ હતો અને હાથીનું તેને વાહન હતું. તેમજ ઋષભદેવ પ્રભુના તીર્થમાં તેમની પાસે રહેનાર એક **અપ્રતિચક્રા**(ચક્રેશ્વરી) નામે શાસનદેવી થઇ. સુવર્ણના જેવી તેની કાંતિ હતી અને ગરૂડ ઉપર તેનું આસન હતું, તેની જમણી ચાર ભુજાઓમાં વરપ્રદ ચિહ્ન, બાણ, ચક્ર અને પાશ હતા અને ડાબી ચાર ભુજાઓમાં ધનુષ, વજ્ર, ચક્ર અને અંકુશ હતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પછી નક્ષત્રોથી પરિવૃત ચંદ્રની જેમ મહર્ષિઓથી પરિવૃત ભગવંતે ત્યાંથી અન્ય સ્થાનકે વિહાર કર્યો. જાણે ભકિતથી હોય તેમ પ્રભુને માર્ગમાં જતાં વૃક્ષો નમતા હતા, કંટક અધોમુખ થતા હતા અને પક્ષીઓ પ્રદક્ષિણા દેતા હતા. વિહાર કરતા પ્રભુને ઋતુ, ઇંદ્રિયાર્થ અને વાયુ અનુકૂળ થતા હતા. જઘન્યે તેમની પાસે કોટી દેવો રહેતા હતા. જાણે ભવાંતરમાં ઉત્પન્ન થયેલા કર્મોનો છેદ કરતા જોઇને ભય પામ્યા હોય તેમ જગત્પતિને કેશ, શ્મશ્રુ અને નખ વધતા નહોતા: પ્રભુ જ્યાં જતા ત્યાં વૈર, મરકી, ઇતિ, અવૃષ્ટિ. દુર્ભિક્ષ, અતિવૃષ્ટિ, સ્વચક્ર તથા પરચક્રથી થતો ભય–એ ઉપદ્રવો થતા નહોતા. એવી રીતે વિશ્વને વિસ્મય કરનારા અતિશયોથી યુકત થઈને સંસારમાં ભમતા જીવોને અનુગ્રહ કરવામાં એક બુદ્ધિવાળા તે નાભેય ભગવંત વાયુની પેઠે પૃથ્વી ઉપર અપ્રતિબદ્ધપણે વિહાર કરવા લાગ્યા.

**इत्याचार्य श्रीहेमचंद्रविरचिते त्रिषष्ठिशलाकापुरुषचरिते महाकाव्ये प्रथमपर्वणि भगवद्दीक्षा, छद्मस्थविहार, केवलज्ञान, समवसरण-व्यावर्णनो नाम तृतीयः सर्गः ॥ ३ ॥**

## ચતુર્થ સર્ગ.

જૈન સાઇટ JAINSITE

હવે અહીં અતિથિની પેઠે ચક્રને માટે ઉત્કંઠીત થયેલા ભરતરાજા વિનીતાનગરીના મધ્ય માર્ગે થઈને આયુધાગારમાં આવ્યા. ત્યાં ચક્રનું અવલોકન થતાં જ મહીપતિએ તેને પ્રણામ કર્યા; કેમકે ક્ષત્રીઓ અસ્ત્રને પ્રત્યક્ષ અધિદેવતા માને છે. ભરતે મોરપીંછી ગ્રહણ કરી ચક્રનું માર્જન કર્યું; જો કે એવા સુંદર ચક્રરત્નની ઉપર રજ હોતી નથી તો પણ ભકતોનું તે કર્ત્તવ્ય છે. પછી પૂર્વસમુદ્ર જેમ ઉદય પામતા સૂર્યને સ્નાન કરાવે તેમ મહારાજાએ પવિત્ર જળથી ચક્રને સ્નાન કરાવ્યું. મુખ્ય ગજપતિના પૃષ્ઠ ભાગની પેઠે તેના ઉપર ગોશીર્ષ ચંદનના પૂજ્ય સૂચક તિલક કર્યાં. પછી સાક્ષાત્ જયલક્ષ્મીની પેઠે પુષ્પ, ગંધ, વાસચૂર્ણ, વસ્ત્ર અને આભૂષણોથી તેની પૂજા કરી, તેની આગળ રૂપાના તંદુલ વડે અષ્ટ મંગળ આલેખ્યા અને તે જુદા જુદા મંગળથી આઠ દિશાની લક્ષ્મીને વેષ્ટિત કરી દીધી. તેની પાસે પાંચ વર્ણના પુષ્પોનો ઉપહાર ધરીને પૃથ્વીને વિચિત્ર વર્ણવાળી કરી અને શત્રુઓના યશને દહન કરવાની પેઠે દિવ્ય ચંદનકર્પૂરમય ઉત્તમ ધૂપ દહન કર્યો. પછી ચક્રધારી ભરતરાજાએ ચક્રને ત્રણ પ્રદક્ષિણા કરી, ગુરુની પેઠે અવગ્રહથી સાત આઠ પગલાં પાછા ચાલ્યા અને જેમ પોતાને કોઈ સ્નેહી માણસ નમસ્કાર કરે તેમ મહારાજાએ ડાબા ગોઠણનું આકુંચન કરી જમણો ઢીંચણ પૃથ્વી ઉપર મૂકી ચક્રને નમસ્કાર કર્યો. પછી ત્યાંજ નિવાસ કરી પોતે જાણે સાકાર હર્ષ હોય તેમ પૃથ્વીપતિએ ચક્રનો અષ્ટાન્હિકા ઉત્સવ કર્યો. બીજા પણ ધનાઢ્ય લોકોએ ચક્રની પૂજાનો ઉત્સવ કર્યો; કેમકે **પૂજિત માણસો જેની પૂજા કરે તેને બીજું કોણ ન પૂજે ?**

પછી તે ચક્રના દિગ્વિજયરૂપ ઉપયોગને ગ્રહણ કરવાની ઇચ્છાવાળા ભરતરાજાએ મંગળસ્નાન માટે સ્નાનગૃહમાં પ્રવેશ કર્યો. આભરણો ઉતારીને અને સ્નાનોચિત વસ્ત્ર ધારણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરીને મહારાજા સ્નાનસિંહાસન ઉપર પૂર્વાભિમુખે બેઠા એટલે મર્દન કરવા લાયક અને ન કરવા લાયક સ્થાનને જાણુનારા અને કળાવાળા સંવાહક મર્દન (કરનાર) પુરુષોએ દેવવૃક્ષના પુષ્પમકરંદની જેવા સુગંધી સહસ્રપાક પ્રમુખ તેલથી મહારાજાને અભ્યંગન કર્યું. માંસ, અસ્થિ, ત્વચા અને રોમને સુખ આપનારી ચાર પ્રકારની સંવાહનાથી અને મૃદુ, મધ્ય તથા દૃઢ એવા ત્રણુ પ્રકારના હસ્તલાઘવથી તેઓએ રાજાને સારી રીતે સંવાહન કર્યું. પછી તેઓએ આદર્શની પેઠે અમ્લાન કાંતિના પાત્રરૂપ તે મહીપતિને સૂક્ષ્મ એવા દિવ્ય ચૂર્ણથી ઉદ્વર્ત્તન કર્યું ( પીઠી ચોળી ). તે વખતે ઊંચી નાળવાળા નવીન કમળવાળી લાવણ્યવાપિકા જેવી શોભતી કેટલીએક સ્ત્રીઓ સુવર્ણના જળકુંભ ધારણુ કરીને ઊભી રહી હતી, કેટલીએક સ્ત્રીઓ જાણે જળ, ઘનરૂપ થઈ કલશને આધારરૂપ થયેલ હોય એવી રીતે દેખાતા રૂપાના કળશો લઈને ઊભી હતી; કેટલીએક સ્ત્રીઓએ પોતાના સુંદર હાથમાં લીલામય નીલકમલની ભ્રાંતિને આપનારા ઇંદ્રનીલમણિના કુંભો લીધા હતા. અને કેટલીએક સુભ્રુ બાલાઓએ પોતાના નખરત્નની કાંતિરૂપી જળથી અધિક શોભા પામતા-દિવ્ય રત્નમય કુંભો લીધા હતા. એ સર્વ અંગનાઓએ દેવતાઓ જેમ જિનેંદ્રને નવરાવે તેમ અનુક્રમે સુગંધી અને પવિત્ર જળધારાથી ધરણીપતિને સ્નાન કરાવ્યું, સ્નાન કરીને રાજાએ દિવ્ય વિલેપન કરાવ્યું અને જાણે દિશાઓના આભાસ હોય તેવા ઉજ્જવળ વસ્ત્રો પહેર્યા. પછી જાણે યશરૂપી વૃક્ષોનો નવીન અંકુર હોય તેમ લલાટ-પટ્ટમાં માંગલ્યમય ચંદનનું તિલક તેણે ધારણુ કર્યું. આકાશમાર્ગ જેમ મોટા તારાઓના સમૂહને વહન કરે તેમ પોતાના યશપુંજ જેવા ઉજ્જવળ મુક્તામય અલંકાર ધારણુ કર્યા અને કલશવડે જેમ પ્રાસાદ શોભે તેમ પોતાના કિરણોથી સૂર્યને લજ્જિત કરનાર મુગટ-વડે તે શોભિત થયો. વારાંગનાઓના કરકમલથી વારંવાર ઉત્ક્ષેપ થતાં અને કર્ણને આભૂ-ષણુરૂપ થયેલા બે ચામરોથી તે વિરાજવા લાગ્યો, લક્ષ્મીના સદનરૂપ કમલને ધારણુ કર-નારા પદ્મદ્રહવડે કરી જેમ ચૂલહિમવંત પર્વત શોભે તેમ સુવર્ણના કળશને ધારણુ કરનારા શ્વેત છત્રથી તે શોભવા લાગ્યો અને જાણે હંમેશાં પાસે રહેનારા પ્રતિહારો હોય તેવા સોળ હજાર યક્ષો ભક્ત થઈ તેની આસપાસ વીંટાઈ રહ્યા પછી ઇંદ્ર જેમ ઐરાવણુ ઉપર આરૂઢ થાય તેમ ઊંચા કુંભસ્થળરૂપ શિખરથી દિશામુખને આચ્છાદન કરનારા **કુંજરરત્ન** ઉપર તે આરૂઢ થયા. તત્કાળ ઉત્કટ મદની ધારાઓથી જાણે બીજો મેઘ હોય તેમ તે જાતિવંત હસ્તીએ મોટી ગર્જના કરી; જાણે આકાશને પલ્લવિત કરતા હોય તેમ હાથ ઊંચા કરી બંદિવૃંદે એકી સાથે જય જય શબ્દ કર્યો; જેમ વાચાળ ગાયક પુરુષ અન્ય ગાયન કરનારીઓને ગવરાવે તેમ ઊંચા શબ્દ કરતો દુંદુભિ દિશાઓને નાદ કરાવવા લાગ્યો અને સર્વ સૈનિકોને બોલાવવાના કામમાં દૂતરૂપ થયેલા બીજા મંગલમય શ્રેષ્ઠ વાજિંત્રો પણુ વાગવા લાગ્યા, જાણે ધાતુ સહિત પર્વતો હોય તેવા સિંદુરને ધારણુ કરનારા હાથીઓથી અનેક રૂપે થયેલા રેવંત અશ્વના ભ્રમને કરાવનારા અનેક અશ્વોથી, પોતાના મનોરથ હોય તેવા વિશાળ રથોથી અને જાણે વશ કરેલા સિંહો હોય તેવા પરાક્રમી પાયદળોથી અલંકૃત થયેલા મહારાજા ભરતેશ્વરે જાણે સૈન્યથી ઊડેલી રજવડે દિશાઓને વસ્ત્રવાળી કરતા હોય તેમ પૂર્વ દિશા તરફ પ્રયાણુ કર્યું.

તે સમયે આકાશમાં ફરતા સૂર્યના બિંબ જેવું, સહસ્ર યક્ષોએ અધિષ્ઠિત કરેલું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ચક્રરત્ન** સૈન્યની આગળ ચાલ્યું. **દંડરત્ન** ધારણ કરનાર **સુષેણ** નામે **સેનાનીરત્ન** **અશ્વરત્ન** ઉપર આરૂઢ થઈ ચક્રની પેઠે આગળ ચાલ્યો. જાણે સર્વ શાંતિકવિધિમાં દેહધારી શાંતિમંત્ર હોય તેવો **પુરોહિતરત્ન** રાજાની સાથે ચાલ્યો. જંગમ અન્નશાળા જેવું અને સૈન્યને માટે દરેક મુકામે દિવ્ય ભોજન ઉત્પન્ન કરવામાં સમર્થ એવું **ગૃહપતિરત્ન** વિશ્વકર્માની પેઠે સ્કંધવાર(પડાવ) વિગેરે કરવાને સત્વર સમર્થ **વર્દ્ધકિરત્ન** અને ચક્રવતીના સર્વ સ્કંધાવાર પ્રમાણ વિસ્તાર પામવાની શકિતવાળા હોવાથી અદ્ભુત એવાં **ચર્મરત્ન** અને **છત્રરત્ન** એ સર્વ મહારાજાની સાથે ચાલ્યા. કાંતિવડે સૂર્ય ચંદ્રની પેઠે અંધકારને નાશ કરવામાં સમર્થ એવા **મણિ** અને **કાંકિણી** નામે બે રત્ન પણ ચાલ્યાં અને સુરઅસુરના ઉત્તમ અસ્ત્રોના સારથી બનાવ્યું હોય તેવું પ્રકાશિત **ખડ્ગરત્ન** પણ નરપતિની સાથે ચાલવા લાગ્યું.

સૈન્ય સહિત ચક્રવતી ભરતેશ્વર પ્રતિહારની જેમ ચક્રને અનુસરીને માર્ગે ચાલ્યા તે વખતે જ્યોતિષીઓની પેઠે અનુકૂળ પવને અને અનુકૂળ શુકનોએ તેનો સર્વે પ્રકારે દિગ્વિજય સૂચવ્યો. ખેડૂત હળ વડે પૃથ્વીને સરખી કરે તેમ સૈન્યની આગળ ચાલતાં સુષેણ સેનાની દંડરત્નથી વિષમ રસ્તાને સમ કરતો જતો હતો. સેનાના ચાલવાથી ઊડેલી રજવડે દુર્દિન થયેલું આકાશ રથ અને હસ્તીઓ ઉપરની પતાકારૂપ બગલીઓવડે શોભતું હતું. જેનો છેવટ ભાગ જોવામાં આવતો નથી એવી ચક્રવતીની સેના અસ્ખલિત ગતિવાળી બીજી ગંગાનદી હોય તેવી જણાતી હતી. દિગ્વિજયના ઉત્સવને માટે રથ ચિત્કાર શબ્દોથી, ઘોડાઓ હણહણાટથી અને હાથીઓ ગર્જનાથી પરસ્પર ત્વરા કરવા લાગ્યા હતા. સૈન્યથી રજ ઉડતી હતી. તો પણ અશ્વારોનાં ભાલાં તેની અંદર ચળકતા હતાં, તેથી જાણે આચ્છાદન કરેલાં સૂર્યકિરણોને તે હસતાં હોય એમ જણાતું હતું. સામાનિક દેવતાઓએ વીંટેલા ઇંદ્રની જેમ મુગટધારી અને ભકિતવાળા રાજાઓથી વીંટાયેલો રાજકુંવર ભરત મધ્યભાગમાં શોભતો હતો. પહેલે દિવસે ચક્રે એક યોજન પર્યંત ચાલીને સ્થિતિ કરી (ઊભું રહ્યું) તે પ્રયાણના અનુમાનથી ત્યારથી યોજન માપ પ્રવર્ત્યું. હંમેશાં એક એક યોજનના માનથી પ્રયાણ કરતા ભરતરાજા કેટલેક દિવસે ગંગાના દક્ષિણ તટ સમીપે આવી પહોંચ્યા. મહારાજાએ ગંગાના તટની વિશાળ ભૂમિને પણ પોતાના સૈન્યના જુદા જુદા નિવાસોથી સાંકડી કરીને વિશ્રામ કર્યો. તે વખતે ગંગાનદીના તટની ભૂમિ વર્ષાઋતુના કાળની માફક હસ્તીઓના ઝરતા મદજળથી પંકિલ થઇ ગઈ. મેઘ જેમ સમુદ્રમાંથી જળને ગ્રહણ કરે તેમ જાહ્નવીના નિર્મળ પ્રવાહમાંથી ઉત્તમ હસ્તીઓ સ્વેચ્છાથી જળ ગ્રહણ કરવા લાગ્યા; અતિ ચપળપણાથી વારંવાર ઠેકતા અશ્વો ગંગાના તટમાં તરંગના ભ્રમને આપવા લાગ્યા અને ઘણા શ્રમથી ગંગાની અંદર પ્રવિષ્ટ થયેલા હાથી, ઘોડા, મહિષ અને સાંઢડાઓ તે ઉત્તમ સરિતાને જાણે ચોતરફ નવિન જાતિના મત્સ્યવાળી હોય તેવી કરવા લાગ્યા, પોતાના તટની ઉપર રહેલા રાજાને જાણે અનુકૂળ થતી હોય તેમ ગંગા નદી પોતાના ઉછળતા તરંગોનાં બિંદુઓથી શીઘ્રપણે સૈન્યના શ્રમને હરણ કરવા લાગી. મહારાજાની મોટી સેનાએ સેવેલી ગંગા નદી શત્રુઓની કીર્તિની પેઠે કૃશ થવા લાગી. ભાગિરથીના તીર ઉપર ઊગેલાં દેવદારનાં વૃક્ષો સૈન્યના ગજપતિઓને માટે યત્ન વિનાનાં બંધનસ્થાન થઇ પડ્યાં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હસ્તીઓના મહાવતો હસ્તીઓને માટે પીપળા, સલ્લકી, કર્ણિકાર અને ઉદુંબરના પલ્લવોને કુહાડાથી કાપતા હતા. પોતાના ઊંચા કર્ણપલ્લવોથી જાણે તોરણ કરતા હોય તેમ પંક્તિરૂપે બાંધેલા હજારો ઘોડાઓ શોભતા હતા. અશ્વપાળો બંધુની પેઠે મઠ, મગ, ચણા અને જવ વિગેરે લઇ વેગથી અશ્વોની પાસે ધરતા હતા. મહારાજાની શિબિર (છાવણી) માં વિનીતાનગરીની પેઠે ક્ષણવારમાં ચોક, ત્રિક અને દુકાનોની પંક્તિઓ થઇ ગઇ હતી. ગુપ્ત, મ્હોટા અને સ્થૂલ એવા સુંદર તંબૂઓમાં સારી રીતે રહેલા સૈન્યના લોકો પોતાના પૂર્વના મહેલોને પણ સંભારતા નહોતા. ખીજડી, બોરડી અને વબ્બુલની જેવા કાંટાવાળા વૃક્ષોને ચુટનારા ઊંટો સૈન્યનું કંટક–શોધનનું કાર કરતા હોય તેવા જણાતા હતા. સ્વામીની આગળ ભૃત્યોની પેઠે ખચ્ચરો જાહ્નવીના રેતીવાળા તીરમાં પોતાની ચાલને ચલાયમાન કરતા આળોટતા હતા. કોઇ કાષ્ઠ લાવતા હતા, કોઈ સરિતાનું જળ લાવતા હતા, કોઇ દુર્વાના ભારા લાવતા હતા અને કોઇ શાક ફળાદિક લાવતા હતા. કોઇ ચૂલ્ય ખોદતા હતા, કોઇ શાળ ખાંડતા હતા, કોઇ અગ્નિને પ્રજ્વલિત કરતા હતા, કોઇ ભાત રાંધતા હતા, કોઈ ઘરની જેમ એક તરફ નિર્મળ જળથી સ્નાન કરતા હતા, કોઈ સ્નાન કરી સુગંધી ધૂપથી શરીરને ધૂપિત કરતા હતા, કોઈ પ્રથમ પદાતિઓને જમાડી પછી પોતે સ્વેચ્છાએ ભોજન કરતા હતા, કોઈ સ્ત્રીઓ સહિત પોતાના અંગને વિલેપન કરતા હતા. સર્વ અર્થ જેમાં લીલામાત્રમાં પ્રાપ્ત થઈ શકે છે એવી ચક્રવર્તીની છાવણીમાં કોઈ પણ માણસ પોતાને કટકમાં આવેલા માનતા ન હતા.

जैन साइट JAINSITE

ત્યાં એક અહોરાત્ર નિર્ગમન કર્યા પછી પ્રાતઃકાળે પ્રયાણ કર્યું અને તે દિવસે પણ એક યોજન ચાલનારા ચક્રની પાછળ ચક્રવર્તી પણ તેટલું જ ચાલ્યા. એ પ્રમાણે હમેશાં એક યોજન પ્રમાણે ચક્રની પાછળ પ્રયાણ કરતા ચક્રવર્તી માગધતીર્થે પહોંચ્યા. ત્યાં પૂર્વ સમુદ્રના તટ ઉપર મહારાજાએ નવ યોજન વિસ્તારમાં અને બાર યોજન દીર્ઘપણામાં સ્કંધાવાર (લશ્કરનો પડાવ) કર્યો. વર્દ્ધકિરત્ને ત્યાં સર્વ સૈન્ય માટે આવાસ બનાવ્યા અને ધર્મરૂપી હસ્તીની શાળારૂપ પૌષધશાળા પણ કરી. કેશરીસિંહ જેમ પર્વત ઉપરથી ઉતરે તેમ મહારાજા ભરત તે પૌષધશાળામાં અનુષ્ઠાન કરવાની ઇચ્છાથી હસ્તીના સ્કંધ ઉપરથી ઉતર્યા. સંયમરૂપી સામ્રાજ્યલક્ષ્મીના સિંહાસન જેવો દર્ભનો નવીન સંથારો ત્યાં ચક્રવર્તીએ પાથર્યો. હૃદયમાં માગધતીર્થકુમાર દેવને ધારીને તેમણે અર્થ–સિદ્ધિના આદિદ્વારરૂપ અષ્ટમ ભક્ત (અઠ્ઠમ) નો તપ કર્યો. પછી નિર્મળ વસ્ત્ર ધારણ કરી, અન્ય વસ્ત્ર, ફૂલની માળા અને વિલેપનનો ત્યાગ કરી, શસ્ત્રને છોડી દઈ, પુણ્યને પોષણ કરવામાં ઔષધ સમાન પૌષધવ્રત ગ્રહણ કર્યું. અવ્યય પદમાં જેમ સિદ્ધ રહે તેમ તે દર્ભના સંથારા ઉપર પાષધવ્રતી મહારાજા જાગ્રત અને ક્રિયારહિતપણે રહ્યા. અષ્ટમને અંતે પૌષધવ્રત પૂર્ણ કરી (પારી), શરદઋતુના વાદળામાંથી જેમ સૂર્ય નીકળે તેમ અધિક કાંતિવાળા ભરતરાજા પૌષધાગારમાંથી નીકળ્યા. પછી સર્વ અર્થને પ્રાપ્ત થયેલા નૃપતિએ સ્નાન કરીને બલિવિધિ કર્યો. **કેમકે યથાર્થ વિધિને જાણનારા પુરુષો વિધિને ભૂલી જતા નથી.**

પછી પવનની જેમ વેગવાળા અને સિંહની જેવા ધીર અશ્વોથી જોડેલા સુંદર રથમાં ઉત્તમ રથી ભરતરાય આરૂઢ થયા. જાણે ચાલતો પ્રાસાદ હોય તેવા તે રથ ઉપર ઊંચી પતાકાવાળો ધ્વજસ્તંભ હતો, શસ્ત્રાગારની પેઠે અનેક શ્રેણિથી તે વિભૂષિત હતો અને જાણે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચાર દિશાની વિજયલક્ષ્મીને બોલાવવાને માટે રાખી હોય તેવી ટણત્કાર શબ્દ કરતી ચાર ઘંટાઓ તે રથની સાથે બાંધેલી હતી. તરતજ ઇંદ્રના સારથિ **માતલિની** જેમ રાજાના ભાવને જાણનારા સારથિએ રશ્મિનું ચાલન કરીને ઘોડાને હંકાર્યા. મહાહસ્તીરૂપી ગિરિવાળો, મોટા શકટરૂપી મકરના સમૂહવાળો, ચપળ અશ્વરૂપી કલ્લોલવાળો, વિચિત્ર શસ્ત્રરૂપી ભયંકર સર્પોવાળો, ઉછળતી પૃથ્વીની રજરૂપી વેલાવાળો અને રથોના નિર્ઘોષરૂપી ગર્જનાવાળો જાણે બીજો સમુદ્ર હોય એવો તે રાજા સમુદ્રના તટ ઉપર આવ્યો, પછી મત્સ્યસમૂહના આરાવે કરીને જેમાં જળનો નિર્ઘોષ વૃદ્ધિ પામ્યો છે એવા તે સમુદ્રમાં ચક્રવર્ત્તીએ રથની નાભિ (ધરા) સુધી જળમાં રથને પ્રવેશ કરાવ્યો. પછી એક હાથ ધનુષના મધ્યભાગમાં રાખી એક હાથ પણછને છેડે રાખી પણછ ચડાવીને પંચમીના ચંદ્રને અનુસરનારું ધનુષ કર્યું અને પોતાના હાથથી જરા ધનુષની પણછ ખેંચીને જાણે ધનુર્વેદનો આદ્ય ઓંકાર હોય તેવો ઊંચે પ્રકારે ટંકાર કર્યો. પછી પાતાળદ્વારમાંથી નીકળતા નાગની જેવું પોતાના નામથી અંકિત થયેલું એક બાણ ભાથામાંથી ગ્રહણ કર્યું. સિંહના કર્ણ જેવી મુષ્ટિવડે પુંખડાના અગ્રભાગથી તેને પકડી રાખીને શત્રુઓમાં વજ્રદંડ સમાન તે બાણ પણછ સાથે જોડી દીધું. સોનાના કર્ણાભૂષણરૂપ પદ્મના નાળવાની તુલનાને ધારણ કરતું તે સુવર્ણમય બાણ ચક્રવર્ત્તીએ કર્ણ સુધી આકર્ષણ કર્યું. મહીપતિના નખરત્નના પ્રસાર પામતાં કિરણોથી તે બાણ જાણે પોતાના સહોદરોથી વીંટાઇ રહ્યું હોય તેમ શોભતું હતું. આકર્ષણ કરેલા ધનુષના અંતરભાગમાં રહેલું તે પ્રદીપ્ત બાણ મૃત્યુના ફાડેલા મુખની અંદર ચંચળ જણાતી જિહ્વાની લીલાને ધારણ કરતું હતું. તે ધનુષના મંડળના ભાગમાં રહેલ મધ્ય લોકપાળ–ભરતરાજા, મંડળની અંદર રહેલા સૂર્યની પેઠે મહાદારુણ લાગતા હતા. તે વખતે આ રાજા 'મને સ્થાનથી ચલિત કરશે અથવા મારો નિગ્રહ કરશે' એમ ધારીને હોય તેમ લવણસમુદ્ર ક્ષોભ પામવા લાગ્યો. પછી પૃથ્વીપતિએ બહાર, મધ્યે, મુખે અને પુંખડામાં નાગકુમાર, અસુરકુમાર અને સુવર્ણકુમારાદિક દેવતાઓએ અધિષ્ઠિત કરેલા, દૂતની પેઠે આજ્ઞાકારી અને શિક્ષાઅક્ષરવડે ભયંકર તે બાણને માગધ તીર્થના અધિપતિ ઉપર મૂક્યું. ઉત્કટ પાંખોના સુસવાટથી આકાશને શબ્દાયમાન કરતું તે બાણ તત્કાળ ગરુડની જેવા વેગથી નીકળ્યું. મેઘથી જેમ વિદ્યુત્દંડ, ગગનથી જેમ ઉલ્કાગ્નિ, અગ્નિથી જેમ તણખાઓ, તપસ્વીથી જેમ તેજોલેશ્યા, સૂર્યકાંત મણિથી જેમ અગ્નિ અને ઇંદ્રની ભુજાથી છૂટતું વજ્ર જેમ શોભે તેમ રાજાના ધનુષથી નીકળતું તે બાણ શોભવા લાગ્યું. ક્ષણવારમાં બાર યોજન ઉલ્લંઘન કરીને તે બાણ હૃદયની અંદર શલ્યની પેઠે માગધપતિની સભામાં જઇને પડ્યું. દંડના ઘાતથી જેમ સર્પ કોપાયમાન થાય તેમ અકાળે બાણ પડવાથી માગધપતિ કોપાયમાન થયો. ભયંકર ધનુષની પેઠે તેની બંને ભ્રકુટી ચઢીને ગોળ થઈ ગઇ, પ્રદીપ્ત અગ્નિના તણખા જેવાં તેનાં નેત્ર લાલ થઇ ગયાં, ધમણની પેઠે તેની નાસિકા ફુલવા લાગી અને જાણે તક્ષક સર્પના નાના ભાઇ હોય તેવા અધરદલને તે સ્ફુરાવા લાગ્યો. આકાશમાં ધૂમ્રકેતુની જેમ લલાટમાં રેખાઓને ચડાવી, ગારૂડી પુરુષ જેમ સર્પને ગ્રહણ કરે તેમ પોતાના દક્ષિણ હસ્તથી આયુધને ગ્રહણ કરી અને વામ હસ્તથી શત્રુના કપોળની પેઠે આસન ઉપર તાડન કરી વિષજ્વાળા જેવી વાણીથી તે બોલ્યો—



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'અપ્રાર્થિત વસ્તુની પ્રાર્થના કરનાર, અવિચારી અને પોતાને વીર માનનાર કયા કુબુદ્ધિ પુરુષે મારી સભામાં આ બાણુ નાંખ્યું ? એવો કયો પુરુષ ઐરાવત હાથીના દાંતને છેદીને પોતાનાં કર્ણાભૂષણ કરવાને ઇચ્છે છે? આ કોણ પુરુષ ગરુડની પાંખોનો મુગટ કરવાને ધારે છે ? શેષના મસ્તક ઉપર રહેલી મણિમાલાને ગ્રહણ કરવાની કોણ ઉમેદ રાખે છે ? સૂર્યના ઘોડાને હરણ કરવાની ઇચ્છાવાળો એવો કોણ પુરુષ છે કે જેના ગર્વને ગરુડ જેમ સર્પના પ્રાણ હરણ કરે તેમ હું હરણ કરીશ.' એવી રીતે બોલી તે માગધ પતિ વેગથી ઊભો થયો, રાફડામાંથી સર્પની પેઠે તેણે મ્યાનમાંથી ખડગ ખેંચ્યું અને આકાશમાં ધૂમ્રકેતુના ભ્રમને આપનાર ખડ્ગને કંપાવવા લાગ્યો. સમુદ્રની વેલાની માફક દુર્વાર એવો તેનો સર્વ પરિવાર પણ એક સાથે કોપાટોપ સહિત તત્કાળ ઊભો થઈ ગયો. કોઈ પોતાના ખડ્ગોથી આકાશને જાણે કૃષ્ણ વિદ્યુતમય હોય તેવું કરવા લાગ્યા અને કોઈ પોતાના ઉજ્જ્વળ વસુનંદોથી જાણે અનેક ચંદ્રવાળું હોય તેવું કરવા લાગ્યા. કોઈ મૃત્યુના દાંતની શ્રેણિથી જાણે બનાવ્યા હોય તેવા પોતાના તીક્ષ્ણ ભાલાઓને ચોતરફ ઉલાળવા લાગ્યા; કોઈ અગ્નિની જિહ્વા જેવી ફરસીઓ ફેરવવા લાગ્યા; કોઈ રાહુની જેવા પર્યંત ભાગવાળા મુદ્ગરો પકડવા લાગ્યા; કોઈ વજ્રની ધાર જેવા ઉત્કટ ત્રિશૂળને ગ્રહણ કરવા લાગ્યા અને કોઈ યમરાજના દંડ જેવા પ્રચંડ દંડને ઉગામવા લાગ્યા. કેટલાએક શત્રુને વિસ્ફોટ કરવામાં કારણરૂપ પોતાના બાહુનું આસ્ફોટન કરવા લાગ્યા, કેટલાએક મેઘનાદના જેવા ઉર્જિત સિંહનાદ કરવા લાગ્યા, કેટલાએક 'મારો, મારો' એમ કહેવા લાગ્યા, કેટલાએક 'પકડો, પકડો' એમ કહેવા લાગ્યા અને કેટલાએક 'ઊભા રહો, ઊભા રહો' તથા કેટલાએક 'ચાલો, ચાલો' એમ બોલવા લાગ્યા. આવી રીતે માગધપતિનો સર્વ પરિવાર વિચિત્ર કોપની ચેષ્ટાવાળો થઇ ગયો. પછી અમાત્યે આવીને બાણને સારી રીતે જોયું એટલે તેની ઉપર જાણે દિવ્ય મંત્રાક્ષરો હોય તેવા ઉદાર અને મોટા સારવાળા નીચે પ્રમાણે અક્ષરો જોયા.

જૈન સાઈટ JAINSITE .com જનમ્ જયતિ શાસનમ્

'સાક્ષાત્ સુર, અસુર અને નરના ઇશ્વર એવા ઋષભસ્વામીના પુત્ર ભરત ચક્રવર્તી તમને એવો આદેશ કરે છે કે જો રાજ્યનું અને જીવિતવ્યનું કામ હોય તો અમારી પાસે તમારું સર્વસ્વ મૂકી દઇને અમારી સેવા કરો.'

આવા અક્ષરો જોઈ મંત્રીએ અવધિજ્ઞાનથી વિચારી-જાણી, તે બાણ સર્વને બતાવી ઊંચે સ્વરે કહ્યું-અરે સર્વ રાજલોકો ! સાહસ કરનારા, અર્ધબુદ્ધિથી ઊલટા પોતાના સ્વામીને અનર્થ આપનારા અને એવી રીતે પોતાની જાતને સ્વામિભક્ત માનનારા તમને ધિક્કાર છે ! આ ભરતક્ષેત્રમાં પ્રથમ તીર્થંકર-શ્રીઋષભસ્વામીના પુત્ર ભરતરાજા પ્રથમ ચક્રવર્તી થયા છે. તેઓ આપણી પાસેથી દંડ માગે છે અને ઇંદ્રની પેઠે પ્રચંડ શાસનવાળા તેઓ આપણને સર્વને પોતાની આજ્ઞામાં રાખવાને ઇચ્છે છે. કદાપિ સમુદ્રનું શોષણ થાય, મેરુપર્વત ઉપાડાય, યમરાજને હણી નંખાય, પૃથ્વી અવળી કરી નંખાય, વજ્રને દળી નંખાય અને વડવાગ્નિ બુઝાવી દેવાય તો પણ પૃથ્વીમાં ચક્રવર્તી જીતાય નહીં તેથી હે બુદ્ધિમંત રાજા ! ટૂંકી બુદ્ધિવાળા આ લોકોને વારો અને દંડ તૈયાર કરી ચક્રવર્તીને પ્રણામ કરવા ચાલો.' ગંધહસ્તીના મદને સુંઘીને જેમ બીજા હસ્તી શાંત થઈ જાય તેમ મંત્રીની આવી વાણી સાંભળીને તથા બાણાક્ષર જોઇને માગધપતિ શાંત થઈ ગયો. પછી

તે બાણ તથા ભેટણું લઇને ભરતરાયની પાસે આવ્યો અને પ્રણામ કરી નીચે પ્રમાણે બોલ્યો—'હે પૃથ્વીપતિ ! કુમુદખંડને પર્વણીના ચંદ્રની જેમ ભાગ્યયોગે આપના દર્શન મને થયો છે. ભગવાન્ ઋષભસ્વામી પ્રથમ તીર્થંકર થઇને જેમ વિજય પામે છે તેમ આપ પણ પૃથ્વીમાં પ્રથમ ચક્રવર્તી થઇને વિજય પામો. જેમ ઐરાવત હાથીનો કોઈ પ્રતિહસ્તી હોય નહીં, વાયુના જેવો કોઈ બળવાળો હોય નહીં અને આકાશથી વિશેષ માનવાળું કોઈ હોય નહીં તેમ આપનો સમોવડીઓ કોઈ થઈ શકે નહીં. કર્ણ સુધી આકૃષ્ટ કરેલા ધનુષમાંથી નીકળેલા આપના બાણને ઇંદ્રના વજ્રની પેઠે કોણ સહન કરી શકે તેમ છે ? મુજ પ્રમાદી ઉપર પ્રસાદ કરી આપે કર્ત્તવ્ય જણાવવાને છડીદારની પેઠે આ બાણ મોકલ્યું, તેથી હે નૃપશિરોમણિ ! આજથી હું તમારી આજ્ઞાને શિરોમણિની પેઠે મસ્તક ઉપર ધારણ કરીશ. હે સ્વામિન્ ! તમે આરોપિત કરેલો હું જાણે પૂર્વ દિશાનો તમારો જયસ્થંભ હોય તેમ નિષ્કપટ ભક્તિથી આ માગધતીર્થમાં રહીશ. આ રાજ્ય, આ સર્વ પરિવાર, હું પોતે અને બીજું સર્વ તમારું જ છે, તમારા સેવકની પેઠે મને આજ્ઞા કરો.'

એવી રીતે કહીને તેણે તે બાણ, માગધ તીર્થનું જળ, મુગટ અને બે કુંડળ અર્પણ કર્યાં. ભરતરાયે તે તે વસ્તુનો સ્વીકાર કરી તેનો સત્કાર કર્યો; કેમકે **મહાત્મા લોકો સેવાને માટે નમેલા જનોમાં કૃપાવાળા જ હોય છે.** પછી ઇંદ્ર જેમ અમરાવતીમાં જાય તેમ ચક્રી રથને પાછો વાળી તે જ માર્ગે છાવણીમાં આવ્યા. રથથી ઉતરી, અંગપ્રક્ષાલન કરી પરિવાર સહિત તેમણે અઠ્ઠમનું પારણું કર્યું. પછી ઉપનત થયેલા માગધપતિનો પણ ચક્રની જેમ ચક્રવર્તીએ મોટી ઋદ્ધિથી ત્યાં અષ્ટાન્હિકા ઉત્સવ કર્યો. સૂર્યના રથમાંથી જાણે સરી આવ્યું હોય તેમ તેજથી તીક્ષ્ણ એવું ચક્ર અષ્ટાહ્નિકા ઉત્સવને અંતે આકાશમાં ચાલ્યું અને દક્ષિણ દિશાએ વરદામ તીર્થ તરફ પ્રવર્ત્યું. આદિ ઉપસર્ગ જેમ ધાતુની પાછળ જાય તેમ ચક્રવર્તી પણ તેની પછવાડે ચાલ્યા.

હમેશાં યોજન માત્ર પ્રયાણથી ચાલતાં અનુક્રમે રાજહંસ જેમ માન સરોવરને પામે તેમ ચક્રવર્તી દક્ષિણ સમુદ્ર સમીપે આવી પહોંચ્યા. એલાયચી, લવીંગ, ચારોલી અને કંકોલના વૃક્ષવાળા દક્ષિણ સાગરના તટ ઉપર નૃપતિએ સૈન્યને નિવાસ કરાવ્યો. મહારાજાની આજ્ઞાથી પૂર્વની પેઠે વર્દ્ધકિરત્ને સૈન્યના નિવાસગૃહ અને પૌષધશાળા ત્યાં રચ્યાં. તે વરદામ તીર્થના દેવને ચિત્તમાં ધારણ કરી રાજાએ અષ્ટમ તપ કર્યો અને પૌષધાગારમાં પૌષધવ્રત ગ્રહણ કર્યું. પૌષધ પૂર્ણ થયા પછી પૌષધગૃહમાંથી નીકળી ધનુર્ધારીઓમાં અગ્રેસર એવા ચક્રીએ કાલપૃષ્ઠરૂપ ધનુષ ગ્રહણ કર્યું અને સર્વ સુવર્ણથી રચેલ, કોટી રત્નોથી જડેલ અને જયલક્ષ્મીના નિવાસગૃહરૂપ રથમાં તેઓ આરૂઢ થયા. દેવથી જેમ પ્રાસાદ શોભે તેમ સુંદર આકૃતિવાળા મહારાજાથી અધિષ્ઠિત થયેલો મહારથ શોભવા લાગ્યો. અનુકૂળ પવનથી ચપળ થયેલી પતાકાઓથી આકાશને મંડિત કરતો તે ઉત્તમ રથ વહાણની જેમ સમુદ્રમાં પ્રવિષ્ટ થયો. રથને નાભિ સુધી સમુદ્રજળમાં લઈ જઈ આગળ રહેલા સારથિએ ઘોડા અટકાવ્યા એટલે રથ ઊભો રહ્યો. પછી આચાર્ય જેમ શિષ્યને નમાવે તેમ પૃથ્વીપતિએ ધનુષને નમાવી પણછ ચડાવી અને સંગ્રામરૂપી નાટકના આરંભના નાંદી જેવો તથા કાળના આહ્વાન મંત્ર જેવો ઊંચે પ્રકારે ધનુષટંકાર કર્યો. પછી લલાટ પર

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

કરેલા તિલકની લક્ષ્મીને ચોરનારા બાણુને ભાથામાંથી કાઢીને ધનુષ ઉપર ચડાવ્યું. ચક્રરૂપ કરેલા ધનુષનાં મધ્ય ભાગમાં ધરીના ભ્રમને આપતા એવા તે બાણુને મહારાજાએ કર્ણપર્યંત એંચ્યું. કર્ણાંત સુધી આવેલું તે બાણુ 'હું શું કરું ?' એમ વિજ્ઞપ્તિ કરતું હોય એવું જણાવા લાગ્યું. પછી તેને વરદામપતિ તરફ વિસૃષ્ટ કર્યું. આકાશમાં પ્રકાશ કરતા તે બાણુને પર્વતોએ પડતા વજ્રની ભ્રાંતિથી, સર્પોએ ઉપરથી પડતા ગરુડની ભ્રાંતિથી અને સમુદ્રે બીજા વડવાનળની ભ્રાંતિથી ભય સહિત અવલોકયું. બાર યોજન ઉલ્લંઘન કરી તે બાણુ ઉલ્કાની પેઠે વરદામપતિની સભામાં પડયું. શત્રુએ મોકલેલ ઘાત કરનાર મનુષ્યની જેવા તે બાણુને પડેલું જોઇ વરદામપતિ કોપ પામ્યો અને ઉદ્વેલ થયેલા સમુદ્રની પેઠે તે ઉદ્ભ્રાંત ભ્રકુટિમાં તરંગિત થઇ ઉત્કટ વાણીથી નીચે પ્રમાણે બોલ્યો.

'અહો ! પગે સ્પર્શ કરીને આજે આ સુતેલા કેશરીસિંહને કોણે જગાડ્યો ? આજે મૃત્યુએ કોનું પાનું ઉખેળ્યું ? કુષ્ઠિની પેઠે પોતાના જીવિતમાં આજે કોને વૈરાગ્ય ઉત્પન્ન થયો કે જેણે પોતાના સાહસથી મારી સભામાં આ બાણુ નાખ્યું. તે બાણુ નાખનારને આ બાણુથી જ હું મારું.' એમ કહી તેણે કોપ સહિત તે બાણુ ગ્રહણ કર્યું. માગધપતિની પેઠે વરદામપતિએ પણ ચક્રીના બાણુ ઉપરના પૂર્વોક્ત અક્ષરો જોયા એટલે નાગદમની ઔષધિથી સર્પ જેમ શાંત થાય તેમ તેવા અક્ષરો વાંચી તત્કાળ તે શાંત થઇ ગયો અને બોલવા લાગ્યો-'અહો દેડકો જેમ કૃષ્ણ સર્પને તમાચો મારવાને ઉદ્યત થાય, બોકડો જેમ પોતાનાં શીંગડાથી હાથીને પ્રહાર કરવાની ઇચ્છા કરે, હાથી જેમ પોતાના દાંતથી પર્વતને પાડવાની ધારણા કરે તેમ મેં મંદબુદ્ધિવાળાએ આ ભરતચક્રીની સાથે યુદ્ધ કરવાની ઇચ્છા કરી.' તથાપિ હજી કાંઈ બગડયું નથી એમ ધારી તેણે પોતાના માણુસોને ઉપાયન (ભેટ) લાવવાની આજ્ઞા કરી. પછી બાણુ અને અદ્ભુત ભેટો લઈ ઇંદ્ર જેમ ઋષભધ્વજ પાસે જાય તેમ તે ચક્રવર્તીની પાસે જવા ચાલ્યો. ત્યાં જઈ ચક્રવર્તીને નમસ્કાર કરીને કહ્યું-"હે પૃથ્વીના ઇંદ્ર ! દૂતની જેમ તમારા બાણે બોલાવેલો હું આજે અહીં આવ્યો છું. આપ પોતે અહીં આવ્યા છતાં હું સામો આવ્યો નહીં તે મારો અજ્ઞનો દોષ આપ ક્ષમા કરો. અજ્ઞતા દોષનું આચ્છાદન કરે છે. હે સ્વામિન્ ! શ્રાંત પુરુષ જેમ આશ્રમ મેળવે અને તૃષિત પુરુષ જેમ પૂર્ણ સરોવર પ્રાપ્ત કરે તેમ સ્વામિરહિત એવા મેં આજે આપ જેવા સ્વામીને પ્રાપ્ત કર્યા છે. હે પૃથ્વીનાથ ! સમુદ્રમાં વેલંધર પર્વતો રહે તેમ આજથી તમે સ્થાપિત કરેલો હું અહીં તમારી મર્યાદામાં રહીશ.' એમ કહી ભરપૂર ભક્તિવાળા તે વરદામપતિએ, જાણે આગળથી થાપણરૂપ રાખ્યું હોય તેમ તે બાણુ પાછું અર્પણ કર્યું. જાણે સૂર્યની કાંતિથી જ ગુંથેલું હોય તેવું પોતાની કાંતિથી દિશાના મુખને પ્રકાશિત કરતું એક રત્નમય કટીસૂત્ર અને જાણે યશનો સમૂહ હોય તેવો ઘણા કાળથી સંચય કરેલો ઉજ્જવળ મુક્તારાશિ, તેણે ભરતપતિને ભેટ કર્યો, તેમજ જેની ઉજ્જવળ કાંતિ પ્રકાશી રહી છે એવો અને જાણે રત્નાકરનું સર્વસ્વ હોય તેવો એક રત્નસમૂહ પણ અર્પણ કર્યો. આ સર્વ ગ્રહણ કરીને ચક્રીએ વરદામપતિને અનુગૃહિત કર્યો અને જાણે પોતાનો કીર્તિકર હોય તેમ તેને ત્યાં સ્થાપિત કર્યો. પછી વરદામપતિને કૃપાપૂર્વક બોલાવી-વિદાય કરી વિજયી ભરતેશ પોતાની છાવણીમાં આવ્યા.

રથમાંથી ઉતરી, સ્નાન કરી રાજચંદ્રે પરિજન સાથે અષ્ટમ ભકતનું પારણું કર્યું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને પછી ત્યાં વરદામપતિનો અષ્ટાહ્નિકા ઉત્સવ કર્યો. **મહાત્માજનો આત્મીય જનને લોકમાં મહત્ત્વ અપાવવાને માટે માન આપે છે.**

પછી પરાક્રમવડે જાણે બીજા ઇંદ્ર હોય એવા તે ચક્રવતી ચક્રને અનુસારે પશ્ચિમ દિશાએ પ્રભાસતીર્થ તરફ ચાલ્યા. સૈન્યના ચાલવાથી ઊડેલી રેણુવડે જમીન અને આકાશના મધ્યભાગને પૂરતા તેઓ કેટલેક દિવસે પશ્ચિમ સમુદ્રના તટ ઉપર આવી પહોંચ્યા. સોપારી, તાંબૂલી અને નાલીએરીના વનથી આકુલ એવા પશ્ચિમ સમુદ્રના તટ ઉપર તેમણે પડાવ નાખ્યો. ત્યાં પ્રભાસપતિને ઉદ્દેશીને અષ્ટમભક્ત વ્રત કર્યું અને પૂર્વ પ્રમાણે પૌષધાલયમાં પૌષધ લઈને બેઠા. પૌષધને અંતે જાણે બીજો વરુણ હોય તેવા ચક્રીએ રથમાં બેસીને સાગરમાં પ્રવેશ કર્યો. રથને ચક્રની નાભિ સુધી જળમાં લઈ જઇ તેણે પોતાનું ધનુષ અધિજ્ય[1] કર્યું. પછી જયલક્ષ્મીને ક્રીડા કરવાની વીણારૂપ ધનુર્યષ્ટિની તંત્રી જેવી પણછને પોતાના હાથવડે શબ્દાયમાન કરી, જાણે સાગરનો છડીદંડ હોય તેવા ભાથામાંથી બાણ કાઢી, આસન ઉપર અતિથિને આરૂઢ કરે તેમ તેને ધનુષાસન પર આરૂઢ કર્યું. સૂર્યબિંબમાંથી આકૃષ્ટ કરેલું જાણે એક કિરણ હોય એવા તે બાણને ચક્રીએ **પ્રભાસદેવની** સન્મુખ પ્રક્ષિપ્ત કર્યું. વાયુની જેવા વેગથી સમુદ્રમાં બાર યોજન ઉલ્લંઘન કરી ગગનને પ્રકાશિત કરતું તે બાણ પ્રભાસપતિના સભાસ્થાનમાં જઈને પડયું. બાણને જોઈ પ્રભાસેશ્વર કોપ પામ્યો, પણ તેની ઉપરના અક્ષરો વાંચીને રસને પ્રગટ કરનારા નટની પેઠે તત્કાળ શાંત થઈ ગયો. પછી બાણ અને બીજી ભેટ લઈને પ્રભાસપતિ ચક્રવર્તીની પાસે આવ્યો અને નમસ્કાર કરી આ પ્રમાણે વિજ્ઞપ્તિ કરવા લાગ્યો–'હે દેવ ! આપ સ્વામીએ ભાસિત (પ્રકાશિત) કરેલો હું આજે જ ખરો પ્રભાસ થયો છું, કેમ કે સૂર્યના કિરણોથી જ કમલ[2] થાય છે. હે પ્રભો ! હું પશ્ચિમ દિશામાં સામંત રાજાની પેઠે રહી હંમેશા પૃથ્વીને શાસન કરનારા તમારી આજ્ઞાને ધારણ કરીશ.' એમ કહી પ્રથમ પ્રેરેલું બાણ યુદ્ધપ્રસંગમાં ફેંકેલા બાણને લાવી આપનાર સેવકની જેમ ભરતેશ્વરને અર્પણ કર્યું. અને તે સાથે મૂર્તિવંત પોતાનું તેજ હોય તેવાં કડા, કટીસૂત્ર, ચૂડામણિ[3], હાર તથા બીજું કેટલુંક દ્રવ્ય વિગેરે ભેટ કર્યું. તેને આશ્વાસન આપવાને માટે ચક્રીએ તે સર્વ ગ્રહણ કર્યું. કેમકે **ભેટ ગ્રહણ કરવી તે સ્વામીનું પ્રથમ પ્રસાદચિન્હ છે.** પછી કયારામાં જેમ વૃક્ષને સ્થાપન કરે તેમ ત્યાં સ્થાપિત કરીને તે શત્રુનાશક નૃપતિ પોતાના સ્કંધાવારમાં આવ્યા. કલ્પવૃક્ષની પેઠે ગૃહરત્ને તત્કાળ ઉપનીત કરેલા દિવ્ય ભોજનથી તેણે અઠ્ઠમનું પારણું કર્યું અને પછી પ્રભાસદેવનો અષ્ટાહ્નિકા ઉત્સવ કર્યો, કેમકે **પહેલી વખત તો સામંત જેવા રાજાની પણ સત્કૃતિ કરવી ઉચિત છે.**

દીપકની પછવાડે પ્રકાશ ચાલે તેમ ચક્રની પછવાડે ચાલતા ચક્રવર્તી સમુદ્રના દક્ષિણ તટ સમીપે સિંધુનદીને કિનારે આવી પહોંચ્યા. તેને કિનારે કિનારે પૂર્વાભિમુખ ચાલીને **સિંધુદેવીના** સદન સમીપે તેમણે પડાવ નાખ્યો. ત્યાં પોતાના મનમાં સિંધુદેવીનું સ્મરણ કરી તેમણે અષ્ટમ તપ કર્યો; તેથી પવને હણેલા ઊર્મિની જેમ સિંધુદેવીનું આસન ચલિત થયું. અવધિજ્ઞાનથી ચક્રવર્તીને આવેલા જાણી ઘણી દિવ્ય ભેટો લઈ તે તેમને પૂજવાને સામે આવી.

---

૧ પ્રત્યંચા (પણછ) ચડાવેલું. ૨ કમલ–કમ્+અલ=પાણીને શોભાવનાર. ૩ મુગટ.

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

દેવીએ આકાશમાં રહી 'જય જય' એવી આશિષપૂર્વક કહ્યું—'ચક્રિન્ ! હું અહીં તમારી કિંકરી થઈને રહી છું. આપ કહો તે તમારું કામ કરું.' એમ કહી જાણે લક્ષ્મીદેવીનું સર્વસ્વ હોય અને જાણે નિધાનની સંતતિ હોય તેવા રત્નથી ભરેલા એક હજાર ને આઠ કુંભો, જાણે પ્રકૃતિની જેમ કીર્તિ અને જયલક્ષ્મીને સાથે બેસારવાને હોય એવાં બે રત્નનાં ભદ્રાસનો શેષનાગના મસ્તક ઉપર રહેનારાં મણિઓથી બનાવ્યા હોય તેવાં પ્રદીપ્ત રત્નમય બાહુરક્ષક (બેરખા), જાણે મધ્યમાં સૂર્યબિંબની કાંતિ દાખલ કરેલી હોય એવાં કડાં અને મુઠીમાં સમાઈ શકે એવાં સુકોમળ દિવ્ય વસ્ત્રો તેણે ચક્રવર્તીને ભેટ કર્યાં. સિંધુરાજ(સમુદ્ર)ની પેઠે મહારાજાએ તે સર્વ સ્વીકાર્યું અને મધુર આલાપથી દેવીને પ્રમોદ પમાડી વિસર્જન કરી. પછી પૂર્ણિમાના ચંદ્ર જેવા સુવર્ણપાત્રમાં તેમણે અષ્ટમભક્તનું પારણું કર્યું અને ત્યાં દેવીનો અષ્ટાહ્નિકા ઉત્સવ કરીને ચક્રે બતાવેલ માર્ગે તેઓ આગળ ચાલ્યા.

ઉત્તર પૂર્વ દિશાની મધ્યમાં (ઈશાનકૂણ તરફ) ચાલતા તેઓ અનુક્રમે બે ભરતાર્દ્ધની મધ્યમાં સીમાબંધ તરીકે રહેલા વૈતાઢ્ય પર્વત સમીપે આવી પહોંચ્યા. તે પર્વતના દક્ષિણ નિતંબ (ભાગ) ઉપર જાણે કોઈ નવીન દ્વીપ હોય તેમ વિસ્તાર અને દીર્ઘપણાથી શોભિત એવો પડાવ તેમણે કર્યો. ત્યાં પૃથ્વીપતિએ અષ્ટમ કર્યો એટલે **વૈતાઢયાદ્રિકુમારનું** આસન કંપાયમાન થયું. તેણે અવધિજ્ઞાનથી જાણ્યું કે ભરતક્ષેત્રમાં આ પ્રથમ ચક્રવર્તી ઉત્પન્ન થયા છે. ચક્રવર્તીની પાસે આવી તેણે આકાશમાં રહી કહ્યું—'હે પ્રભુ ! તમે જય પામો ! હું તમારો સેવક છું, માટે મને જે આજ્ઞા કરવી હોય તે કરો.' એમ કહી જાણે મોટો ભંડાર ઉઘાડ્યો હોય તેમ મૂલ્યવંત રત્નો, રત્નનાં અલંકારો, દિવ્ય વસ્ત્રો અને પ્રતાપસંપત્તિઓના ક્રીડાસ્થાન જેવાં ભદ્રાસનો તેણે ચક્રવર્તીને અર્પણ કર્યાં. પૃથ્વીપતિએ તેની સર્વવસ્તુ સ્વીકારી; કારણ કે **અલુબ્ધ સ્વામીઓ પણ ભૃત્યોના અનુગ્રહ માટે તેમની ભેટ સ્વીકારે છે.** પછી મહારાજાએ તેને સારી રીતે બોલાવી ગૌરવતા સહિત વિદાય કર્યો. **મહાન્ પુરુષો પોતાને આશ્રિત રહેલા સાધારણ પુરુષની પણ અવજ્ઞા કરતા નથી.** અષ્ટમ ભક્તને અંતે પારણું કરી ત્યાં વૈતાઢ્યદેવનો અષ્ટાહ્નિકા ઉત્સવ કર્યો.

ત્યાંથી ચક્રરત્ન તમિસ્રાગુફા તરફ ચાલ્યું. રાજા પણ પદાન્વેષી(પગી)ની જેમ તેની પાછળ ચાલ્યા. અનુક્રમે તમિસ્રા સમીપે જાણે વિદ્યાધરોના નગરો વૈતાઢ્ય ઉપરથી નીચે ઉતર્યા હોય તેવો પોતાના સૈન્યનો નિવાસ કરાવ્યો. તે ગુફાના અધિષ્ઠાયક **કૃતમાલ** દેવને મનમાં ધારણ કરી તેમણે અષ્ટમ તપ કર્યું એટલે તે દેવનું આસન ચલિત થયું. અવધિજ્ઞાનથી ચક્રવર્તીને આવેલા જાણી, ઘણે કાળે આવેલા ગુરુની જેમ ચક્રવર્તીરૂપ અતિથિનું અર્ચન કરવાને તે આવ્યો અને કહેવા લાગ્યો—'સ્વામિન્ ! આ તમિસ્રા ગુફાના દ્વારમાં તમારા દ્વારપાળની પેઠે હું રહ્યો છું.' એમ કહી તેણે ભૂપતિની સેવા અંગીકાર કરી. સ્ત્રીરત્નને યોગ્ય અનુત્તમ[1] એવાં ચૌદ તિલક અને દિવ્ય આભરણસમૂહ તેણે ભેટ કર્યો, તે સાથે જાણે અગાઉથી મહારાજાને માટે જ રાખી મૂકી હોય તેવી તેમને યોગ્ય માળાઓ અને દિવ્ય વસ્ત્રો પણ અર્પણ કર્યાં. ચક્રીએ તે સર્વ વસ્તુનો સ્વીકાર કર્યો, કેમકે **કૃતાર્થ થયેલા રાજાઓ પણ દિગ્વિજયની લક્ષ્મીના ચિન્હરૂપ દિશાદંડને છોડતા નથી.**

૧ જેની જેવા બીજાં ઉત્તમ નહીં તેવાં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અધ્યયનને અંતે ઉપાધ્યાય જેમ શિષ્યને રજા આપે તેમ ભરતેશ્વરે ઘણા પ્રસાદપૂર્વક તેને સારી રીતે બોલાવીને વિદાય કર્યો. પછી જાણે જુદા થયેલા પોતાના અંશ હોય તેવા અને પૃથ્વી ઉપર પાત્ર મૂકીને હમેશાં સાથે બેસીને જમનારા એવા રાજકુંવરો સાથે તેમણે પારણું કર્યું અને પછી કૃતમાલ દેવનો અષ્ટાહ્નિકા ઉત્સવ કર્યો. **પ્રણિપાત કરવાથી ગ્રહણ કરેલા સ્વામીઓ સેવકને માટે શું નથી કરતા ?**

બીજે દિવસે ઇંદ્ર જેમ નૈગમેષી દેવતાને આજ્ઞા કરે તેમ મહારાજાએ સુષેણ સેનાનીને બોલાવી આજ્ઞા કરી કે—'તમે ચર્મરત્નથી સિંધુનદી ઉતરીને સિંધુ, સમુદ્ર અને વૈતાઢ્ય પર્વતની મધ્યમાં રહેલા **દક્ષિણસિંધુનિષ્કૂટને** સાધો અને બદરીના વનની પેઠે ત્યાં રહેલા મ્લેચ્છ લોકોને આયુધયષ્ટિથી તાડન કરી ચર્મરત્નના સર્વસ્વ ફળને મેળવો.' જાણે ત્યાં જ જન્મ્યો હોય તેમ જળસ્થળના ઊંચા નીચા સર્વ ભાગમાં અને બીજા કિલ્લાઓમાં તથા દુર્ગમ સ્થાનકોમાં સંચાર કરવાના સર્વ માર્ગને જાણનારા, મ્લેચ્છભાષામાં વિચક્ષણ, પરાક્રમમાં સિંહ જેવા, તેજવડે સૂર્ય જેવા, બુદ્ધિના ગુણથી બૃહસ્પતિ જેવા તથા સર્વ લક્ષણે સંપૂર્ણ **સુષેણ** સેનાનીએ ચક્રવર્તીની તે આજ્ઞા મસ્તકે ચડાવી. તરત જ સ્વામીને પ્રણામ કરી પોતાના વાસસ્થાનમાં આવી જાણે પોતાના પ્રતિબિંબ હોય તેવા સામંત રાજાઓને પ્રયાણને માટે આજ્ઞા કરી. પછી પોતે સ્નાન કરી, બલિદાન આપી, પર્વતની જેવા ઊંચા ગજરત્ન ઉપર આરૂઢ થયો. તે વખતે તેણે મોટાં મૂલ્યવાળાં સ્વલ્પ આભૂષણો ધારણ કર્યાં હતાં, કવચ પહેર્યું હતું, પ્રાયશ્ચિત અને કૌતુકમંગળ કર્યું હતું તથા કંઠમાં જાણે જયલક્ષ્મીએ આલિંગન કરવાને માટે પોતાની ભુજલતા નાંખી હોય તેવો રત્નનો દિવ્યહાર ધારણ કર્યો હતો. પટ્ટહસ્તીની પેઠે પટ્ટાના ચિન્હથી તે શોભતો હતો; કટી ઉપર મૂર્તિમાન શક્તિ હોય તેવી એક ક્ષુરિકા તેણે રાખી હતી અને પાછળ સરલ આકૃતિવાળા તથા સુંદર સુવર્ણના બે ભાથાઓ ધારણ કર્યા હતા, તે જાણે પૃષ્ઠભાગમાં પણ યુદ્ધ કરવાને બીજા બે વૈક્રિય હાથ હોય તેવા જણાતા હતા. ગણનાયક, દંડનાયક, શ્રેષ્ઠી, સાર્થવાહ, સંધિપાળ અને ભૃત્ય વિગેરેથી તે યુવરાજની પેઠે વીંટાયેલો હતો. જાણે આસનની સાથે જ થયો હોય તેમ તેનું અગ્રાસન નિશ્ચળ હતું. શ્વેત છત્ર અને ચામરથી શોભતા એવા તે દેવોપમ સેનાનીએ પોતાના ચરણ અંગુષ્ઠથી હાથીને ચલાવ્યો. ચક્રીના અર્ધા સૈન્યની સાથે તે સિંધુનદીને કિનારે ગયો. સેનામાંથી ઊડેલી રજવડે જાણે સેતુબંધ કરતો હોય તેમ તેણે ત્યાં સ્થિતિ કરી. જે બાર યોજન સુધી વૃદ્ધિ પામે, જેમાં પ્રાતઃકાળે વાવેલા ધાન્ય સાયંકાળે ઊગે અને જે નદી, દ્રહ તથા સમુદ્રથી પાર ઉતારવાને સમર્થ હોય એવા ચર્મરત્નને સેનાપતિએ પોતાના હાથથી સ્પર્શ કર્યો. સ્વાભાવિક પ્રભાવથી તેના બે છેડા પ્રસાર પામ્યા એટલે સેનાનીએ તેને તેલની પેઠે જળમાં મૂક્યું. પછી ચર્મરત્નવડે પગરસ્તાની જેમ સૈન્ય સહિત સરિતા ઉતરી તે બીજે તટે ગયો.

સિંધુના સર્વ દક્ષિણ નિષ્કૂટને સાધવાની ઇચ્છાથી તે પ્રલયકાળના સમુદ્રની જેમ ત્યાં પ્રસાર પામ્યો. ધનુષના નિર્ઘોષ શબ્દથી દારૂણ અને યુદ્ધમાં કૌવતવાળા તેણે સિંહની પેઠે **સિંહલ** લોકોનો લીલામાત્રમાં પરાભવ કર્યો, બર્બર લોકોને મૂલ્યથી લીધેલા કિંકરોની પેઠે સ્વાધીન કર્યા અને **ટંકણોને** ઘોડાની માફક રાજના ચિન્હથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અંકિત કર્યા. રત્નમાણિકયથી પૂરેલો જાણે જળરહિત રત્નાકર હોય તેવા **યવનદ્વીપને** તે નરકેશરીએ લીલામાત્રમાં જીતી લીધો. તેણે કાળમુખ જાતિના મ્લેચ્છોને જીતી લીધા, તેથી તેઓ ભોજન ન કરતાં છતાં પણ મુખમાં પાંચ આંગળીઓ નાંખવા લાગ્યા. તેના પ્રસાર પામવાથી **જોનક** નામના મ્લેચ્છ લોકો વાયુથી વૃક્ષના પલ્લવોની જેમ પરાઙ્મુખ થઈ ગયા. ગારૂડી જેમ સર્વ જાતિના સર્પને જીતે તેમ તેણે વૈતાઢ્ય પર્વતની નજીકની ભૂમિમાં રહેલા મ્લેચ્છોની સર્વ જાતને જીતી લીધી. પ્રૌઢ પ્રતાપના અનિવાર્ય પ્રસારવાળા તે સેનાનીએ ત્યાંથી આગળ ચાલીને સૂર્ય જેમ સર્વ આકાશને આક્રાંત કરે તેમ કચ્છ દેશની સઘળી ભૂમિને આક્રાંત કરી. સિંહ જેમ આખી અટવીને દબાવે તેમ આખા નિષ્કૂટને દબાવીને તે કચ્છ દેશની સરખી ભૂમિમાં સ્વસ્થ થઈને રહ્યા. પતિની પાસે જેમ સ્ત્રીઓ આવે તેમ ત્યાં મ્લેચ્છ દેશના રાજાઓ ભકિતથી ભેટો લઇને સેનાપતિ પાસે આવવા લાગ્યા. કોઈએ સુવર્ણગિરિના શિખર જેવડા સુવર્ણ રત્નોના રાશિ આપ્યા, કોઈએ ચલાયમાન વિંધ્યાદ્રિના જેવા હસ્તિઓ આપ્યા, કોઈએ સૂર્યના અશ્વને ઉલ્લંઘન કરનારા અશ્વો આપ્યા અને કોઈએ અંજનથી રચેલા દેવરથ જેવા રથ આપ્યા. બીજું પણ જે જે સારરૂપ હતું તે સર્વ તેને અર્પણ કર્યું, કેમકે **પર્વતમાંથી નદીએ આકર્ષણ કરેલાં રત્નો પણ અનુક્રમે રત્નાકરમાં જ આવે છે.** એવી રીતે ભેટો આપીને તેઓએ સેનાપતિને કહ્યું– "આજથી અમે તમારી આજ્ઞા પાળનારા થઈ તમારા ભૃત્યની પેઠે પોતપોતાના દેશમાં રહીશું. સેનાનીએ તેમનો યથાયોગ્ય સત્કાર કરીને વિદાય કર્યા અને પોતે પૂર્વની પેઠે સુખેથી સિંધુ નદી પાછો ઉતર્યો. જાણે કીર્ત્તિરૂપી વલ્લીનો દોહદ હોય તેવો મ્લેચ્છો પાસેથી આણેલો તે સર્વ દંડ તેણે ચક્રીની પાસે લાવીને મૂકયો. કૃતાર્થ એવા ચક્રીએ પ્રસાદપૂર્વક સત્કાર કરી વિદાય કરેલો સેનાની હર્ષ પામતો પોતાના આવાસમાં આવ્યો.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

અહીં ભરતરાજા અયોધ્યાની પેઠે સુખમાં રહેતા હતા; કેમકે સિંહ જ્યાં જાય ત્યાં તેનું જ સ્થાન છે. એક દિવસે તેમણે સેનાપતિને બોલાવી આજ્ઞા કરી કે 'તમિસ્રા ગુફાનાં બારણાં ઉઘાડો.' નરપતિની તે આજ્ઞાને માળાની પેઠે મસ્તકે ચડાવી તરતજ સેનાની ગુફાદ્વાર પાસે આવીને રહ્યો. તમિસ્રાના અધિષ્ઠાયક દેવ કૃતમાલનું મનમાં સ્મરણ કરી તેણે અષ્ટમ તપ કર્યો, કેમકે **સર્વ સિદ્ધિઓ તપોમૂલ છે.** પછી સેનાપતિ સ્નાન કરી, શ્વેત વસ્ત્રરૂપ પાંખને ધારણ કરી સરોવરમાંથી રાજહંસ નીકળે તેમ સ્નાનભુવનમાંથી નીકળ્યો અને સુવર્ણના લીલા કમલની પેઠે સુવર્ણનું ધૂપીયું હાથમાં લઈ તમિસ્રાના દ્વાર પાસે આવ્યો. ત્યાં રહેલા કપાટને જોઇ તેણે પ્રથમ પ્રણામ કર્યો, કેમકે **શક્તિવંત એવા મહંત પુરુષો પ્રથમ સામભેદનો પ્રયોગ જ કરે છે.** ત્યાં વૈતાઢ્ય પર્વત પર સંચાર કરતી વિદ્યાધરોની સ્ત્રીઓને સ્તંભન કરવામાં ઔષધરૂપ એવો મહર્દ્ધિક અષ્ટાહ્નિક ઉત્સવ કર્યો અને માંત્રિક જેમ મંડળનો આલેખ કરે તેમ સેનાનીએ અખંડ તંદુલથી ત્યાં અષ્ટમંગલિક આલેખ્યા. પછી ઇંદ્રના વજ્રની પેઠે તેણે શત્રુઓનો નાશ કરનારું ચક્રીનું **દંડરત્ન** પોતાના હાથમાં ગ્રહણ કર્યું અને કપાટને હણવાની ઈચ્છાવાળો તે સાત આઠ પગલાં પાછો હઠ્યો, કેમકે **હાથી પણ પ્રહાર કરવાની ઇચ્છાથી કાંઇક પાછો ઓસરે છે.** પછી સેનાનીએ તે દંડરત્નથી કપાટને ત્રણ વખત તાડન કર્યું અને વાજિંત્રની પેઠે તે ગુફાને ઊંચે પ્રકારે ગજાવી મૂકી. તત્કાળ વૈતાઢ્ય પર્વતનાં ગાઢ રીતે મીંચેલાં જાણે લોચન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય તેમ ગાઢ રીતે બંધ કરેલાં તે વજ્રનિર્મિત કપાટ(બારણા) ઉઘડી ગયાં. દંડના તાડનથી ઉઘડતાં તે કમાડ જાણે ઊંચે સ્વરે આક્રંદ કરતાં હોય તેમ તડતડાટ શબ્દ કરવા લાગ્યા. ઉત્તર દિશાના ભરતખંડના જયપ્રસ્થાન મંગળરૂપ તે કમાડ ઉઘડવા સંબંધીનો વૃત્તાંત સેનાનીએ ચક્રવર્તીને વિદિત કર્યો, એટલે હસ્તીરત્ન ઉપર આરૂઢ થઈ પ્રૌઢ પરાક્રમવાળા મહારાજાએ ચંદ્રની પેઠે તમિસ્રા ગુફામાં પ્રવેશ કર્યો.

પ્રવેશ કરતા નરપતિએ ચાર અંગુલ પ્રમાણવાળું અને સૂર્યના જેવું પ્રકાશમાન મણિરત્ન ગ્રહણ કર્યું. તે એક હજાર યક્ષોએ અધિષ્ઠિત કરેલું હતું. શિખાબંધીની પેઠે મસ્તક ઉપર તે રત્નને ધારણ કર્યું હોય તો તિર્યંચ, દેવતા અને મનુષ્ય સંબંધી ઉપસર્ગો થતા નથી. વળી તે રત્નના પ્રભાવથી અંધકારની જેમ સમગ્ર દુઃખ નાશ પામે છે અને શસ્ત્રના ઘાની પેઠે રોગનું પણ નિવારણ થાય છે. સુવર્ણકુંભ ઉપર જેમ સુવર્ણનું ઢાંકણું રાખે તેમ રિપુનાશક રાજાએ તે રત્ન હસ્તીના દક્ષિણ કુંભસ્થળ ઉપર રાખ્યું. વળી પાછળ ચાલતી ચતુરંગ સેના સહિત ચક્રાનુસારે કેશરીસિંહની જેમ ગુફામાં પ્રવેશ કરનાર નરકેશરી ચક્રીએ ચાર અંગુલ પ્રમાણવાળું બીજું **કાંકિણીરત્ન** પણ ગ્રહણ કર્યું. તે સૂર્ય, ચંદ્ર અને અગ્નિના જેવી કાંતિવાળું હતું; અધિકરણી જેવે સંસ્થાને (આકારે) હતું; સહસ્ર યક્ષોએ અધિષ્ઠિત કરેલું હતું. આઠ સોનૈયા જેવડું પ્રમાણમાં હતું, છ દલ(પત્ર) વાળું હતું, બાર હાંસવાળું હતું, સરખા તળીઆવાળું હતું અને માન, ઉન્માન તથા પ્રમાણવડે યુક્ત હતું. તેને આઠ કર્ણિકા હતી અને બાર યોજન સુધી અંધકાર દૂર કરવામાં તે સમર્થ હતું. ગુફાની બંને બાજુએ એક એક યોજનને અંતે ગોમૂત્રિકાને આકારે તે કાંકિણીરત્નથી અનુક્રમે મંડળોને આલેખતા ચક્રવર્તી ચાલવા લાગ્યા. તે દરેક મંડળ પાંચશેં ધનુષ વિસ્તારવાળા, એક યોજનમાં પ્રકાશકારક અને સંખ્યાએ ઓગણપચાસ થયા. જ્યાં સુધી મહીતલ ઉપર કલ્યાણવંતા ચક્રવર્તી જીવે છે ત્યાંસુધી તે ગુફા ઉઘાડા દ્વારવાળી રહે છે અને તે મંડળ પણ પ્રકાશિત રહે છે.

ચક્રરત્નને અનુસરીને ચાલનારા ચક્રવર્તીની પાછળ ચાલનારી તેની સેના મંડળના પ્રકાશથી અસ્ખલિતપણે ચાલવા લાગી. સંચાર કરતી ચક્રવર્તીની સેનાથી તે ગુફા અસુરાદિના સૈન્યથી રત્નપ્રભાના મધ્યભાગ જેવી શોભવા લાગી. મથનદંડ(રવૈયા)થી મંથની (ગોળી) ઘોષ કરે તેમ સંચાર કરતા ચમૂચક્રથી તે ગુફા સુદામ ઘોષ કરવા લાગી. કોઇના પણ સંચાર વિનાનો ગુફામાર્ગ રથવડે ચીલાવાળો થવાથી અને અશ્વોની ખરીથી તેના કાંકરાઓ ઉખડી જવાથી નગરમાર્ગ જેવો થઇ ગયો. સેનાના લોકથી તે ગુફા લોકનાળિકાની જેમ તિરશ્ચીનપણાને પામી. અનુક્રમે તમિસ્રા ગુફાના મધ્ય ભાગમાં અધોવસ્ત્ર ઉપર રહેલી કટીમેખલાની જેવી **ઉન્મગ્ના અને નિમગ્ના** નામે બે નદીઓ સમીપે ચક્રી આવી પહોંચ્યા. દક્ષિણ અને ઉત્તર ભરતાર્દ્ધમાંથી આવતા લોકોને માટે નદીઓના મિષથી વૈતાઢ્ય પર્વતે બે આજ્ઞારેખા કરી હોય તેવી તે નદીઓ દેખાતી. તેમાંની ઉન્મગ્નામાં પથ્થરની શિલા પણ તુંબિકાની પેઠે તરે છે અને નિમગ્નામાં તુંબિકા પણ શિલાની પેઠે ડુબી જાય છે. બંને સરિતા તમિસ્રા ગુફાની પૂર્વ ભિત્તિમાંથી નીકળે છે અને પશ્ચિમ ભિત્તિના મધ્યમાં થઇને સિંધુ નદીની અંદર મળી જાય છે. તે નદીઓ ઉપર જાણે વૈતાઢ્ય કુમારદેવની



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિશાળ એકાંત શય્યા હોય તેવી વાર્દ્ધકિરત્ને એક નિર્દોષ પાજ બાંધી. તે પાજ વાર્દ્ધકિરત્ને ક્ષણવારમાં તૈયાર કરી; કેમકે ગેહાકાર કલ્પવૃક્ષની જેટલો પણ તેને વિલંબ લાગતો નથી. તે પાજ ઉપર સારી રીતે સાંધા કરેલા પાષાણો બાંધી લીધા તેથી જાણે આખી પાજ એક પાષાણથી ઘડી હોય તેવી શોભવા લાગી. હાથની પેઠે સરખા તળિયાવાળી અને વજ્રની પેઠે ઘણી મજબૂત હોવાથી તે પાજ ગુફાદ્વારનાં બે કમાડથી નિર્માણ કરી હોય તેમ જણાતું હતું. પદવિધિની પેઠે સમર્થ ચક્રવર્તી તે દુસ્તર સરિતાઓ સૈન્ય સહિત સુખે ઉતર્યા. સૈન્યની સાથે ચાલતા મહારાજા અનુક્રમે ઉત્તર દિશાના મુખ જેવા ગુફાના ઉત્તરદ્વાર પાસે આવી પહોંચ્યા. તેનાં બંને કમાડ જાણે દક્ષિણ દ્વારના કમાડનો નિર્ઘોષ સાંભળીને ભય પામ્યા હોય તેમ તત્કાળ પોતાની મેળે જ ઉઘડી ગયાં. તે કમાડો ઉઘડતી વખતે 'સરસર' એવો શબ્દ કરવા લાગ્યાં તેથી જાણે ચક્રીના સૈન્યને સરણ-(ગમન) ની પ્રેરણા કરતા હોય તેમ જણાતાં હતાં. ગુફાનાં પડખાની ભીંતો સાથે તે કમાડ આલિંગન કરીને રહ્યાં તેથી જાણે પૂર્વે નહીં થયેલી બે ભોગળો હોય તેવાં દેખાવા લાગ્યા. પછી સૂર્ય જેમ વાદળાના મધ્યમાંથી નીકળે તેમ પ્રથમ ચક્રવર્ત્તી આગળ ચાલનાર ચક્ર ગુફામાંથી નીકળ્યાં અને પાતાલના વિવરમાંથી જેમ બલીંદ્ર નીકળે તેમ પાછળ પૃથ્વીપતિ ભરત નીકળ્યા, પછી વિંધ્યાચળની ગુફાની જેમ તે ગુફામાંથી નિઃશંકપણે લીલાયુક્ત ગમન કરતા ગજેંદ્રો નીકળ્યા. સમુદ્રમાંથી નીકળતા સૂર્યના અશ્વને અનુસરતા સુંદર અશ્વો સારી રીતે ચાલતા નીકળ્યા. ધનાઢ્ય લોકોના તબેલામાંથી નીકળતા હોય તેમ પોતાના શબ્દોથી ગગનને ગજાવતા રથ નીકળ્યા, અને સ્ફટિક મણિના રાફડામાંથી જેમ સર્પો નીકળે તેમ વૈતાઢ્ય પર્વતની તે ગુફાના મુખમાંથી બળવાન પાયદળ પણ નીકળ્યું.

એવી રીતે પચાસ યોજન વિસ્તારવાળી તે ગુફાને ઉલ્લંઘન કરી મહારાજા ભરતેશે ઉત્તર ભરતાર્દ્ધનો વિજય કરવાને ઉત્તર ખંડમાં પ્રવેશ કર્યો. તે ખંડમાં 'આપાત' નામના દુર્મદ ભિલ્લો વસતા હતા. જાણે ભૂમિ ઉપર રહેલા દાનવો હોય તેવા તેઓ ધનાઢ્ય, પરાક્રમી અને પ્રકાશવંત હતા. અનેક મોટી હવેલીઓ, શયન, આસન અને વાહનો તથા ઘણું સોનું રૂપું હોવાથી તેઓ કુબેરના ગોત્રી હોય તેવા જણાતા હતા તેઓ બહોળા કુટુંબી અને ઘણા દાસના પરિવારવાળા હતા અને દેવતાઓના ઉદ્યાનમાં રહેલા વૃક્ષોની પેઠે કોઇથી તેમનો પરાભવ થતો ન હતો. મોટા શકટનો ભાર વહન કરનાર મોટા બળદની જેમ તેઓ નિરંતર અનેક યુદ્ધમાં પોતાની બળશક્તિ વાપરતા. જ્યારે યમરાજની પેઠે ભરતપતિએ તેમના ઉપર બળાત્કારે ચડાઈ કરી ત્યારે તેઓને અનિષ્ટ સૂચવનારા ઘણા ઉત્પાતો થવા માંડ્યા. ચાલતા ચક્રવર્ત્તીના સૈન્યના ભારથી જાણે પીડિત થઈ હોય તેમ ગૃહઉદ્યાનને કંપાવતી પૃથ્વી કંપવા લાગી; ચક્રવર્તીના દિગંતવ્યાપી પ્રૌઢ પ્રતાપવડે હોય તેમ દિશાઓમાં દાવાનળ જેવા દાહ થવા લાગ્યા; ઊડતી ઘણી રજથી દિશાઓ પુષ્પિણી(રજસ્વલા) સ્ત્રીઓની પેઠે અનાલોકપાત્ર (નહીં જોવા લાયક પાત્ર) એવી થઈ પડી; ક્રૂર અને દુઃશ્રવ નિર્ઘોષ કરનારા મગરો જેમ સમુદ્રમાં પરસ્પર અથડાય તેમ તેવા દુષ્ટ પવનો પરસ્પર અથડાતા વધવા લાગ્યા; આકાશમાંથી ચોતરફ ઉંભાડીઆની પેઠે સર્વ મ્લેચ્છ વ્યાઘ્રોને ક્ષોભ થવાના કારણરૂપ ઉલ્કાપાત થવા લાગ્યા; ક્રોધ કરીને ઉઠેલા યમરાજના જાણે પૃથ્વી ઉપર હસ્તાઘાત પડતા હોય તેવા ભયંકર ઘોષવાળા વજ્ર—નિર્ઘાત થવા લાગ્યા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને જાણે મૃત્યુની લક્ષ્મીનાં છત્રો હોય તેવા કાકપક્ષિઓના મંડળ આકાશમાં સ્થાને સ્થાને ભમવા લાગ્યા.

આ તરફ સુવર્ણનાં કવચ, ફરસી અને પ્રાસનાં કિરણોથી આકાશમાં રહેલા સહસ્ર-કિરણવાળા સૂર્યને કોટી કિરણોવાળા કરનારા, ઉદ્દંડ એવા દંડ, કોદંડ અને મુદ્ગરથી આકાશને ઉન્નત કરનારા ધ્વજાઓમાં રહેલા વ્યાઘ્ર, સિંહ અને સર્પોના ચિત્રોથી આકાશ-ચારી સ્ત્રીઓને ત્રાસ પમાડનારા અને મોટા હાથીઓના ઘટારૂપી મેઘથી દિશાઓના મુખ-ભાગને અંધકારવાળા કરનારા ભરતરાજા આગળ વધવા લાગ્યા. તેમના રથના અગ્ર ભાગમાં રહેલા મગરના મુખ યમરાજના મુખથીસ્પર્દ્ધા કરતા હતા; અશ્વોની ખરીઓના ઘાતથી જાણે પૃથ્વીને ફોડતા હોય અને જયવાજિંત્રના ઘોર અવાજથી જાણે આકાશને ફોડતા હોય તેવા તે જણાતા હતા અને આગળ ચાલનારા મંગળના તારાથી સૂર્ય જેમ ભયંકર લાગે તેમ આગળ ચાલનાર ચક્રથી તે ભયંકર લાગતા હતા.

તેમને આવતા જોઇ કિરાત લોકો અત્યંત કોપ પામ્યા અને ક્રૂર ગ્રહની મૈત્રીને અનુસરતા તેઓ એકત્ર થઈ જાણે ચક્રીને હરણ કરવાની ઈચ્છા કરતા હોય તેમ ક્રોધ સહિત બોલવા લાગ્યા—'સાધારણ માણસની પેઠે લક્ષ્મી, લજ્જા, ધીરજ અને કીર્તિથી વર્જિત એવા આ કોણ પુરુષ બાળકની પેઠે અલ્પબુદ્ધિથી અપ્રાર્થિત(મૃત્યુ)ની પ્રાર્થના કરે છે? પુણ્ય ચતુર્દશી જેની ક્ષીણ થયેલી છે એવો અને લક્ષણહીન આ કોઈ, મૃગ જેમ સિંહની ગુફામાં જાય તેમ આપણા દેશમાં આવેલા જણાય છે. મહાપવન જેમ મેઘને વીંખી નાખે તેમ ઉદ્ધત આકાર-વાળા આ પ્રસરતા પુરુષને આપણે દશે દિશામાં ફેંકી દઈએ.' આવી રીતે ઊંચે સ્વરે બોલતા તેઓ એકઠા થઈને શરભ(અષ્ટાપદ) જેમ મેઘની સામે ગર્જારવ કરે અને દોડે તેમ ભરતની સામે યુદ્ધ કરવાને ઉદ્યત થયા. કિરાતપતિઓએ કોચબાની પીઠના અસ્થિર ખંડોથી બનાવ્યાં હોય તેવાં અભેદ્ય કવચો ધારણ કર્યાં. મસ્તક ઉપર ઊંચા કેશવાળા નિશાચરોની શિરલક્ષ્મી-ને બતાવનારા એક જાતના કેશોથી આચ્છન્ન થયેલાં શિરસ્રાણ તેઓએ ધારણ કર્યાં. રણો-ત્સાહવડે તેઓના દેહ એવા ઉચ્છ્વાસ પામ્યા કે તેથી વારંવાર કવચોના જાલ તૂટવા લાગ્યા. તેમનાં ઊંચા કેશવાળાં મસ્તકો ઉપર શિરસ્રાણો રહેતા ન હતાં, તેથી જાણે અમારૂં રક્ષણ કરવાને બીજું કોઈ સમર્થ નથી એવાં એ મસ્તકો અમર્ષ કરતાં હોય એમ જણાવા લાગ્યું. કેટલાએક કોપ પામેલા કિરાતો યમરાજની ભ્રકુટી જેવા વક્ર અને શૃંગનાં રચેલાં ધનુષ્યોને લીલાથી અધિજ્ય કરીને ધારણ કરવા લાગ્યા; કેટલાએક જાણે જયલક્ષ્મીની લીલાની શય્યા હોય તેવી રણમાં દુર્વાર અને ભયંકર તરવારો મ્યાનમાંથી ખેંચવા લાગ્યા; યમરાજના નાના બંધુ જેવા કેટલાએક દંડને ઉગામવા લાગ્યા; કોઈ આકાશમાં ધૂમ્રકેતુ જેવા ભાલાઓ નચાવવા લાગ્યા; કોઈ રણોત્સવમાં આમંત્રણ કરેલાં પ્રેતરાજની પ્રીતિને માટે જાણે શત્રુઓને શૂલી પર ચડાવવાને હોય તેમ ત્રિશૂલ ધારણ કરવા લાગ્યા; કોઈ શત્રુઓરૂપ ચકલાઓના પ્રાણને હરણ કરનારા બાજપક્ષી જેવા લોઢાના શલ્યને હાથમાં ધારણ કરવા લાગ્યા અને કોઈ જાણે આકાશમાંથી તારાના સમૂહને પાડવાને ઈચ્છતા હોય તેમ પોતાના ઉદ્ધત કર-વડે તત્કાળ મુદ્ગરો ફેરવવા લાગ્યા. એવી રીતે યુદ્ધ કરવાની ઈચ્છાથી સૌએ વિવિધ પ્રકારનાં આયુધો ગ્રહણ કર્યાં. વિષ વિના જેમ સર્પ ન હોય તેમ તેમાં કોઈ શસ્ત્ર વિના નહોતું. યુદ્ધરસની ઈચ્છાવાળા તેઓ જાણે એક આત્માવાળા હોય તેમ સમકાળે ભરતની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સઘળી સેના ઉપર ચઢી આવ્યા. કરાને વર્ષાવતા પ્રલયકાળના મેઘની પેઠે શસ્ત્રોને વર્ષાવતા મ્લેચ્છો ભરતના અગ્ર સૈન્યની સાથે વેગથી યુદ્ધ કરવા લાગ્યા. જાણે પૃથ્વીમાંથી, દિશાઓના મુખથી અને આકાશમાંથી પડતાં હોય તેમ ચોતરફથી શસ્ત્રો પડવા લાગ્યા. દુર્જનની ઉક્તિ સર્વ જનોને ભેદ પમાડે તેમ કિરાત લોકોના બાણથી ભરતની સેનામાં એવું એક પણ ન રહ્યું કે જે ભેદાણું નહીં હોય. મ્લેચ્છ લોકોના ધસારાથી ચક્રીના આગલા ઘોડેસ્વારો સમુદ્રની વેલાવડે નદીના અંતભાગની ઊર્મિની પેઠે પર્યસ્ત થઇને ચલાયમાન થઇ ગયા. મ્લેચ્છસિંહોના બાણરૂપ શ્વેત નખોથી આઘાત થયેલા ચક્રવર્તીના હાથીઓ વિરસ સ્વરથી શબ્દ કરવા લાગ્યા. મ્લેચ્છ વીરોએ પ્રચંડ દંડાયુધથી વારંવાર તાડન કરેલા ભરતના પાળાઓ કંદુકની પેઠે પૃથ્વીમાં અથડાઇને પડવા લાગ્યા. વજ્રઘાતથી પર્વતોની જેમ યવનસેનાએ ગદાપ્રહારથી ચક્રીની અગ્રસેનાના રથો ભાંગી નાંખ્યા. સંગ્રામરૂપી સાગરમાં તિમિંગલ જાતના મગરોથી જેમ મત્સ્યોનો સમૂહ ગ્રસ્ત થાય તેમ મ્લેચ્છ લોકોથી ચક્રીનું સૈન્ય ગ્રસ્ત થયું અને ત્રાસ પામી ગયું.

અનાથની જેમ પરાજય પામેલી પોતાની સેનાને જોઇ, રાજાની આજ્ઞાની પેઠે કોપે સેનાપતિ સુષેણને ઉશ્કેર્યો. તેનાં નેત્ર તથા મુખ લાલચોળ થઇ ગયાં અને ક્ષણવારમાં મનુષ્યરૂપે જાણે અગ્નિ હોય તેમ તે દુર્નિરીક્ષ્ય થઈ ગયો. રાક્ષસપતિની પેઠે સર્વ પરસૈનિકોનો ગ્રાસ કરવાને માટે પોતે તૈયાર થઇ ગયો. અંગમાં ઉત્સાહ આવવાથી તેનું સુવર્ણમય કવચ ઘણું તડાતડ થઈને પહેરાયું અને તેથી તે જાણે બીજી ત્વચા હોય તેવું શોભવા લાગ્યું. કવચ પહેરીને સાક્ષાત્ જય હોય એવો તે સુષેણ સેનાપતિ કમલાપીડ નામના ઘોડા ઉપર આરૂઢ થયો. તે ઘોડો એંશી અંગુલ ઊંચો હતો, નવાણું આંગળ વિશાલ હતો, એકસોને આઠ આંગળ લાંબો હતો, બત્રીશ આંગળની ઊંચાઈમાં નિરંતર તેના માથાનો ભાગ રહેતો હતો, ચાર આંગળના તેના બાહુ હતા, સોળ આંગળની તેની જંઘા હતી, ચાર આંગળના ગોઠણ હતા અને ચાર આંગળ ઊંચી ખરીઓ હતી. ગોળાકાર અને વળેલો તેનો મધ્યભાગ હતો, વિશાળ, જરા નમેલા અને પ્રસન્નતા પમાડનાર પૃષ્ઠભાગથી તે શોભતો હતો, હિરાગળ વસ્ત્રના તંતુ હોય તેવા કોમળ રૂંવાટાથી તે યુક્ત હતો, શ્રેષ્ઠ એવા દ્વાદશ આવર્તસહિત હતો, શુદ્ધ લક્ષણોથી લક્ષિત હતો અને સારી રીતે યૌવન પ્રાપ્ત થયેલા પોપટનાં પીછાં જેવી લીલી તેની કાંતિ હતી. કદી પણ તેના ઉપર ચાબૂકનો પાત થયો નહોતો અને સ્વારના ચિત્ત પ્રમાણે તે ચાલનારો હતો. રત્ન અને સુવર્ણમય લગામના મિષથી જાણે લક્ષ્મીએ પોતાના હાથથી તેને આલિંગિત કર્યો હોય તેવો તે જણાતો હતો. તેના ઉપર સુવર્ણની ઘુઘરમાળ મધુર સ્વરથી ખણખણતી હતી, તેથી જાણે અંદર મધુકરના મધુર ધ્વનિવાળી કમલની માળાઓથી અર્ચિત કરેલો હોય તેવો તે જણાતો હતો. પંચવર્ણના મણિઓથી મિશ્ર સુવર્ણાલંકારનાં કિરણોવડે અદ્વૈતરૂપની પતાકાના ચિહ્નથી અંકિત હોય તેવું તેનું મુખ હતું, મંગળના તારાથી અંકિત આકાશની પેઠે સુવર્ણ કમળનું તેને તિલક હતું અને બે બાજુ ધારણ કરેલા ચામરોથી જાણે બીજા કર્ણને ધારણ કરતો હોય તેવો તે લાગતો હતો. ચક્રીના પુણ્યથી ખેંચાઈ આવેલો ઇંદ્રનો ઉચ્ચૈઃશ્રવા હોય તેવો તે શોભતો હતો. વાંકા પગલાં મૂકવાથી તેના ચરણ લીલાથી મૂકાતા હોય તેવા જણાતા હતા. બીજી મૂર્ત્તિથી જાણે ગરૂડ હોય અથવા મૂર્ત્તિમાન જાણે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પવન હોય તેવો તે એક ક્ષણમાં સો યોજનને ઉલ્લંઘન કરવાનું પરાક્રમ બતાવનારો હતો. કર્દમ, જળ, પાષાણ, કાંકરા અને ખાડાથી વિષમ એવા મહાસ્થલી તથા ગિરિગુફા વિગેરે દુર્ગમ સ્થળો ઉતરવામાં તે સમર્થ હતો. ચાલતી વખતે તેના ચરણ પૃથ્વીને સહજ અડતા હતા તેથી જાણે તે આકાશમાં ચાલતો હોય તેમ જણાતો હતો. તે બુદ્ધિવાન અને નમ્ર હતો, પાંચ પ્રકારની ગતિથી તેણે શ્રમને જીત્યો હતો અને કમળના જેવો તેનો શ્વાસ સુગંધી હતો. એવા ઘોડા ઉપર બેસીને સેનાપતિએ યમરાજની જેમ જાણે શત્રુઓનું પાનું હોય તેવું ખડ્ગરત્ન ગ્રહણ કર્યું. તે ખડ્ગ પચાસ આંગળ લાંબું હતું. સોળ આંગળ વિસ્તારમાં હતું, અર્દ્ધ આંગળ જાડું હતું અને સુવર્ણ તથા રત્નમય તેનું મ્યાન હતું. મ્યાનમાંથી તેને બહાર કાઢેલું હતું તેથી કાંચળીથી મુક્ત થયેલા સર્પ જેવું તે જણાતું હતું. તીક્ષ્ણ ધારવાળું, જાણે બીજું વજ્ર હોય તેવું, દૃઢ અને વિચિત્ર કમળોની શ્રેણી જેવા સ્પષ્ટ વર્ણથી તે શોભતું હતું. એ ખડ્ગ ધારણ કરવાથી જાણે પાંખોવાળો ગરૂડ હોય અથવા કવચધારી કેશરી સિંહ હોય એવો તે સેનાપતિ જણાવા લાગ્યો. આકાશમાં થતી વીજળી જેવી ચપલતાથી ખડ્ગને ફેરવતા તેણે રણભૂમિમાં અશ્વને હંકાર્યો. જલકાંત મણિ જેમ જળને ફાડે (વિભાગ કરે)તેમ રિપુદળને ફાડતો (તેમાં ભંગાણ પાડતો) સેનાપતિ ઘોડાની સાથે રણાંગણમાં દાખલ થયો.

સુષેણે મારો ચલાવવાથી કેટલાએક શત્રુઓ મૃગની પેઠે ત્રાસ પામી ગયા, કેટલાએક પૃથ્વી ઉપર પડેલા સસલાની પેઠે આંખો મીંચીને બેસી રહ્યા, કેટલાએક રોહિત જાતનાં પશુની જેમ ખેદ પામી ત્યાં જ ઊભા રહ્યા અને કેટલાએક વાંદરાની પેઠે વિષમ સ્થળે ચડી ગયા, વૃક્ષના પત્રની પેઠે કોઈનાં અસ્ત્રો પડી ગયાં, યશની પેઠે કોઇનાં છત્રો પતિત થયાં, મંત્રથી સ્તબ્ધ કરેલા સર્પોની પેઠે કોઇના અશ્વો સ્થિર થઈ ગયા અને જાણે અપરિચિત માણસ હોય તેમ કોઇ પોતાના માણસોની પણ વાટ જોવા રહ્યા નહીં. સર્વ મ્લેચ્છો પોતાના પ્રાણ લઇને દશે દિશામાં નાસી ગયા. જળના પૂરથી જેમ વૃક્ષ તણાઈ જાય તમ સુષેણરૂપી જળના પૂરથી નિર્બળ થઈ તેઓ ઘણા યોજન સુધી તણાઈને ચાલ્યા ગયા. પછી કાગડાની પેઠે તેઓ એકઠા થઈ, ક્ષણવાર વિચારી, આતુર બાળકો જેમ માતા પાસે જાય તેમ મહાનદી સિંધુ સમીપે આવ્યા અને જાણે મૃત્યુસ્નાન કરવાને ઉદ્યત થયા હોય તેમ તેને કિનારે વેલુમાં સંથારા કરીને તેઓ બેઠા. ત્યાં તેઓએ નગ્ન અને ઉત્તાન થઈને મેઘમુખ વિગેરે નાગકુમાર નિકાયના પોતાના કુળદેવતાને મનમાં ધારણ કરી અષ્ટમ તપ કર્યો. અષ્ટમ તપની પ્રાંતે જાણે ચક્રીના તેજથી ભય લાગ્યો હોય તેમ નાગકુમાર દેવતાનાં આસન કંપાયમાન થયાં. અવધિજ્ઞાન વડે મ્લેચ્છ લોકોને તેવી રીતે આર્ત્ત થયેલા જોઈ પીડાથી દુઃખ પામતા પિતાની જેમ તેમની આગળ આવીને તેઓ પ્રગટ થયા. આકાશમાં રહી તેઓએ કિરાત લોકોને કહ્યું—'તમને મન ઇચ્છિત કયા અર્થની ઇચ્છા છે તે કહો.' આકાશમાં રહેલા તે મેઘમુખ નાગકુમારોને જોઇ જાણે ઘણા તૃષિત હોય તેમ તેઓએ મસ્તક ઉપર અંજલિ જોડીને કહ્યું-'પૂર્વે કોઇએ પણ આક્રાંત નહીં કરેલા અમારા દેશમાં હમણાં આ કોઇ આવેલો છે તે પાછો ચાલ્યો જાય તેમ કરો.'

દેવોએ કહ્યું—'કિરાતો ! આ ભરત નામે ચક્રવર્તી રાજા છે, ઇંદ્રની પેઠે તે દેવ, અસુર અને મનુષ્યોથી પણ અજેય છે. ટાંકણાથી ગિરિના પાષાણ જેમ અભેદ્ય હોય છે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમ પૃથ્વીમાં ચક્રવર્તી રાજા મંત્ર, તંત્ર, વિષ, અસ્ત્ર અને વિદ્યાઓથી અગોચર હોય છે; તથાપિ તમારા આગ્રહથી અમે તેને ઉપદ્રવ કરશું.' એમ કહીને તેઓ અદૃશ્ય થયા.

ક્ષણવારમાં જાણે પૃથ્વીમાંથી ઉછળીને સમુદ્રો આકાશમાં આવ્યા હોય તેમ કાજળની જેવા શ્યામ કાંતિવાળા મેઘ ગગનમાં ઉત્પન્ન થયા. વિદ્યુતરૂપી તર્જનીથી ચક્રવર્તીની સેનાને તિરસ્કાર કરતા હોય અને ઉત્કટ ગર્જનાથી વારંવાર આક્રોશ કરી તેનું અપમાન કરતા હોય તેવા તે જણાવા લાગ્યા. સેનાને ચૂર્ણ કરવાને તેટલા પ્રમાણવાળી ઊંચે આવેલી વજ્રશિલાના જેવા મેઘ, મહારાજાની છાવણી ઉપર તત્કાળ ચડી આવ્યા અને જાણે લોઢાના અગ્રભાગ હોય, જાણે બાણ હોય તથા જાણે દંડ હોય તેવી ધારાથી તે વર્ષવા લાગ્યા. મહીતલ ચોતરફ મેઘના જળથી પૂરાઈ ગયું અને તેમાં રથ નાવની જેવા તથા હાથી વિગેરે મગરમચ્છની જેવા જણાવા લાગ્યા. સૂર્ય જાણે કોઈ ઠેકાણે ચાલ્યો ગયો હોય અને પર્વતો જાણે કયાંઇ નાસી ગયા હોય તેમ મેઘના અંધકારથી કાળરાત્રિના જેવો દેખાવ થઇ ગયો. તે વખતે પૃથ્વી ઉપર અંધકારત્વ અને જળત્વ થઈ રહ્યું, તેથી જાણે એક વખતે યુગ્મધર્મો પ્રવર્ત્તતા હોય તેમ જણાવા લાગ્યું. આવી અરિષ્ટકારક વૃષ્ટિને જોઇ ચક્રવર્તીએ પ્રિય ભૃત્યની જેમ સ્વહસ્તથી ચર્મરત્નને સ્પર્શ કર્યો. ઉત્તર દિશાના પવનવડે મેઘ વૃદ્ધિ પામે તેમ ચક્રીના હસ્તથી સ્પર્શ થયેલું ચર્મરત્ન બાર યોજન વૃદ્ધિ પામ્યું. સમુદ્રના મધ્યમાં રહેલી જમીન હોય તેમ જળની ઉપર રહેલા ચર્મરત્ન ઉપર મહારાજા સર્વ સૈન્ય સહિત રહ્યા. પછી પરવાળાથી ક્ષીરસમુદ્ર શોભે તેમ સુંદર કાંતિવાળી સુવર્ણની નવાણું હજાર શલાકાથી શોભતું, નાળવડે કમળની પેઠે વ્રણ તથા ગ્રંથી રહિત અને સરલપણાથી શોભતા સુવર્ણદંડથી સુંદર અને જળ, આતપ, પવન અને રજથી રક્ષણ કરવાને સમર્થ એવા છત્રરત્નનો રાજાએ સ્પર્શ કરવાથી તે પણ ચર્મરત્નની પેઠે વૃદ્ધિ પામ્યું. તે છત્રના દંડની ઉપર અંધકારનો નાશ કરવા માટે રાજાએ અત્યંત તેજવડે સૂર્ય જેવું મણિરત્ન આરોપિત કર્યું. છત્રરત્ન અને ચર્મરત્નનો તે સંપુટ તરતા ઇંડાની જેવો શોભવા લાગ્યો ત્યાંથી લોકમાં બ્રહ્માંડની કલ્પના ઉત્પન્ન થઇ. ગૃહિરત્નના પ્રભાવથી તે ચર્મરત્નમાં સારા ક્ષેત્રની પેઠે સવારે વાવેલા ધાન્ય સાયંકાળે ઉત્પન્ન થાય છે; ચંદ્ર સંબંધી પ્રાસાદોની પેઠે તેમાં પ્રાતઃકાળે વાવેલા કુષ્માંડ, પાલકય અને મુળા વિગેરે સાયંકાળે નિષ્પન્ન થાય છે; અને પ્રાતઃકાળે વાવેલા કદલી વિગેરે ફળવૃક્ષો પણ મહત્પુરુષોના આરંભો જેમ ફલિભૂત થાય છે તેમ સાયંકાળે ફલિભૂત થાય છે. તેમાં રહેલા લોકો પૂર્વોક્ત ધાન્ય, શાક અને ફળોનું ભોજન કરીને હર્ષ પામતા અને ઉદ્યાનમાં ક્રીડા કરવા જઈને રહેલા હોય તેમ કટકનો શ્રમ પણ જાણતા નહોતા. જાણે મહેલમાં રહ્યા હોય તેમ મર્ત્યલોકના ચર્મરત્ન અને છત્રરત્નની મધ્યમાં પરિવાર સહિત સ્વસ્થપણે રહેવા લાગ્યા. એવી રીતે તેમાં રહેતાં કલ્પાંતકાળની પેઠે અશ્રાંત વર્ષતા એવા નાગકુમાર દેવતાઓએ સાત અહોરાત્ર વીતાડયા.

પછી 'આ કોણ પાપી મને આવો ઉપસર્ગ કરવાને ઉદ્યત થયો છે ?' એવો રાજાના મનમાં થતો વિચાર જાણીને મહાપરાક્રમી અને સદા સમીપ રહેનારા સોળ હજાર યક્ષો તૈયાર થયા, ભાથા બાંધીને પોતાનાં ધનુષો અધિજ્ય કર્યાં અને જાણે ક્રોધરૂપી અગ્નિથી શત્રુઓને બાળવાને ઇચ્છતા હોય તેવા થઇને નાગકુમારોની પાસે આવી કહેવા લાગ્યા—

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'અરે રાંકડાઓ ! તમે અજ્ઞાનીની પેઠે પૃથ્વીના પતિ આ ભરત ચક્રવર્તીને જાણતા નથી ? અખિલ વિશ્વથી અજેય આ રાજાને કરેલો ઉપદ્રવ મોટા પર્વતમાં દંતપ્રહાર કરવાથી કષ્ટ પામતા હાથીની પેઠે તમને જ આપત્તિને અર્થે થશે; તેમ છતાં પણ મત્કુણની પેઠે તમે અહીંથી શીઘ્ર ચલ્યા જાઓ, નહીં તો તમારું પૂર્વે નહીં જોયેલું એવું અપમૃત્યુ થશે.

એ પ્રમાણે સાંભળીને આકુળવ્યાકુળ થયેલા તે મેઘમુખ નાગકુમારોએ ઈંદ્રજાલિક જેમ ઈન્દ્રજાળને સંહરી લે તેમ ક્ષણવારમાં મેઘજળને સંહરી લીધું અને 'તમે ભરત રાજાને શરણ થાઓ' એવું કિરાત લોકોને કહી પોતાને સ્થાનકે ગયા. દેવતાનાં વચનથી ઈચ્છાભગ્ન થયેલા મ્લેચ્છ લોકો અન્ય શરણરહિત થવાથી શરણને યોગ્ય એવા ભરતરાજાને શરણે ગયા. જાણે સુર્પની ફણા ઉપરથી લઈ લઈને એકઠા કર્યા હોય તેવા મણિઓ, જાણે મેરુપર્વતનો સાર હોય તેવો સુંદર સુવર્ણનો રાશિ અને જાણે અશ્વરત્નના પ્રતિબિંબ હોય તેવા લાખો અશ્વો તેઓએ ભરતપતિને ભેટ કર્યાં. પછી મસ્તકે અંજલિ જોડી ચારુવચન-ગર્ભિત વાણીથી જાણે બંદીજનોના સહોદર હોય તેમ ઊંચે સ્વરે કહેવા લાગ્યા–'હે જગત્પતિ ! હે અખંડ પ્રચંડ પરાક્રમી ! તમે વિજય પામો ! છ ખંડ પૃથ્વીમંડળમાં તમે ઈંદ્ર જેવા છો. હે રાજા ! અમારી પૃથ્વીના કિલ્લારૂપ વૈતાઢ્ય પર્વતનું મોટું ગુફાદ્વાર તમારા સિવાય બીજો કોણ ઉઘાડવાને સમર્થ છે ? હે વિજયી રાજા ! આકાશમાં જ્યોતિશ્ચક્રની જેમ જળની ઉપર આખા સૈન્યનો પડાવ રાખવાને તમારા સિવાય બીજો કોણ સમર્થ છે ? હે સ્વામિ ! અદ્ભુત શક્તિને લીધે તમે દેવતાઓથી પણ અજેય છો એવું અમે હવે જાણ્યું છે, માટે અમારો અજ્ઞનો સર્વ અપરાધ ક્ષમા કરો. હે નાથ ! નવીન જીવન આપનાર તમારા હસ્તને અમારી પીઠ ઉપર આરોપણ કરો ! આજથી અમે તમારી આજ્ઞામાં જ વર્તશું.' કૃતજ્ઞ એવા મહારાજાએ તેમને પોતાને આધીન કરી તેમનો સત્કાર કરી વિદાય કર્યા. **ઉત્તમ પુરુષોના ક્રોધની અવધિ પ્રણામ સુધી જ હોય છે.** ચક્રવર્તીની આજ્ઞાથી સેનાપતિ સુષેણગિરિ તથા સમુદ્રની મર્યાદાવાળા સિંધુના ઉત્તર નિષ્કુટને સાધી આવ્યો અને અનાર્ય લોકોને પોતાના સંગથી આર્ય કરવાને ઈચ્છતા હોય તેમ સુખભોગ ભોગવતા ચક્રવર્તી ત્યાં ઘણો કાળ રહ્યા.

અન્યદા દિગ્વિજયમાં જ માનરૂપ અને તેજથી વિશાળ ચક્રરત્ન રાજાની આયુધશાળામાંથી નીકળ્યું અને ક્ષુદ્રહિમવંત પર્વત તરફ પૂર્વ દિશાને માર્ગે ચાલ્યું. જળનો પ્રવાહ જેમ નીકને રસ્તે ચાલે તેમ ચક્રવર્તી પણ ચક્રને રસ્તે ચાલ્યા. ગજેંદ્રની પેઠે લીલાથી ગમન કરતા મહારાજા કેટલેક પ્રયાણે ક્ષુદ્રહિમાદ્રિના દક્ષિણ નિતંબ(ભાગ) પાસે આવ્યા. ભોજપત્ર, તગર અને દેવદારૂના વનથી આકુળ તે નિતંબમાં પાંડુકવનમાં ઈંદ્રની જેમ મહારાજાએ છાવણી નાંખી. ત્યાં **ક્ષુદ્રહિમાદ્રિકુમારદેવ**ને ઉદ્દેશી ઋષભાત્મજે અષ્ટમ તપ કર્યો; કારણ કે **કાર્યસિદ્ધિમાં તપ એ આદિ મંગળ છે.** રાત્રિને અંતે સૂર્ય જેમ પૂર્વસમુદ્રની બહાર નીકળે તેમ અષ્ટમભક્તને અંતે તેજસ્વી મહારાજા રથારૂઢ થઈને છાવણીરૂપી સમુદ્રમાંથી બહાર નકળ્યા અને આટોપ સહિત વેગપૂર્વક જઈને ક્ષુદ્રહિમાલય પર્વતને રથના આગલા ભાગથી ત્રણ વખત તાડિત કર્યો. ધનુર્ધરની વૈશાખ આકૃતિમાં રહીને મહારાજાએ પોતાના નામથી અંકિત કરેલું બાણ હિમાચળકુમારદેવ ઉપર છોડ્યું. પક્ષીની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પેઠે આકાશમાં બોંતેર યોજન જઈને તે બાણુ તેની આગળ પડયું. અંકુશને જોઈને ઉન્મત્ત હસ્તીની જેમ શત્રુના બાણુને જોઈને તત્કાળ તેનાં નેત્ર રકત થઈ ગયાં; પણ બાણુને ગ્રહણ કરી તેની ઉપરના સર્પ સમાન ભયકારક નામાક્ષર વાંચી દીપકની પેઠે તે શાંત થઈ ગયો. તેથી પ્રધાનપુરુષની જેમ તે બાણુને પણ સાથે રાખી ભેટો લઈને તે ભરતેશ્વર પાસે આવ્યો. આકાશમાં રહીને ઊંચે સ્વરે જયજય શબ્દ કહી બાણુકારક પુરુષની પેઠે તેણે ચક્રીને બાણુ અર્પણ કર્યું અને પછી દેવવૃક્ષનાં પુષ્પોની માળા, ગોશીર્ષ ચંદન, સર્વૌષધિ અને પદ્મદ્રહનું જળ-એ સર્વ રાજાને ભેટ કર્યાં; કારણ કે તેને સારરૂપ તે જ હતું. બીજાં કડાં, બાજુબંધ અને દિવ્ય વસ્ત્રો ભેટને મિષે મહારાજાને દંડમાં આપ્યાં અને કહ્યું— 'સ્વામિન્ ! ઉત્તર દિશાને છેડે તમારા ભૃત્યની પેઠે હું રહીશ.' એ પ્રમાણે કહીને તે વિરામ પામ્યો એટલે મહારાજાએ સત્કાર કરી તેને વિસર્જન કર્યો. પછી ક્ષુદ્રહિમાલયનું જાણે શિખર હોય અને શત્રુઓનો જાણે મનોરથ હોય તેવો પોતાનો રથ પાછો વાળ્યો. ત્યાંથી ઋષભપુત્ર ઋષભકૂટ પર્વતે ગયા અને હસ્તી જેમ પોતાના દાંતવડે પર્વતને પ્રહાર કરે તેમ રથશીર્ષથી ત્રણ વખત તેને તાડન કર્યું. પછી સૂર્ય જેમ કિરણકોશને ગ્રહણ કરે તેમ ચક્રવર્તીએ રથને ત્યાં સ્થાપન કરી હાથમાં કાંકિણીરત્ન ગ્રહણ કર્યું. તે કાંકિણીરત્નથી તેના પૂર્વ શિખર ઉપર લખ્યું કે 'અવસર્પિણી કાળના ત્રીજા આરાના પ્રાંતભાગમાં હું ભરત નામે ચક્રી થયો છું.' એવા અક્ષરો લખી ચક્રવર્તી પોતાની છાવણીમાં આવ્યા અને તેને નિમિત્તે કરેલા અષ્ટમ તપનું પારણું કર્યું. પછી હિમાલયકુમારની પેઠે તે ઋષભકૂટપતિનો ચક્રની સંપત્તિને યોગ્ય અષ્ટાન્હિકા ઉત્સવ કર્યો.

ગંગા અને સિંધુ નદીની મધ્ય ભૂમિમાં જાણે સમાતા ન હોય તેથી આકાશમાં ઉછળનારા અશ્વોથી, સૈન્યના ભારથી ગ્લાનિ પામેલી પૃથ્વીને છાંટવાને ઇચ્છતા હોય તેમ મદજળના પ્રવાહને ઝરતા ગંધહસ્તીઓથી, ઉત્કટ ચક્રધારાથી પૃથ્વીને સીમંતથી અલંકૃત કરતા હોય તેવા ઉત્તમ રથોથી અને જાણે નરાદ્વૈતને બતાવતા હોય તેવા અદ્વૈત પરાક્રમવાળા ભૂમિમાં પ્રસરતા ક્રોડોગમે પેદલથી વીંટાયેલા ચક્રવર્તી, અશ્વસ્વારને અનુવર્તી થઈને ચાલનારા જાત્ય મતંગજની જેમ ચક્રના અનુગત થઈ વૈતાઢ્ય પર્વતે આવ્યા. જ્યાં સબરીઓ શ્રી આદીશ્વર ભગવંતના અનિંદિત ગીતો ગાતી હતી એવા તે પર્વતના ઉત્તર નિતંબમાં મહારાજાએ છાવણી કરી. ત્યાં રહીને તેમણે નમિવિનમિ નામના વિદ્યાધરની ઉપર દંડને માગનારું બાણ પ્રેર્યું. બાણુને જોઈ તે બંને વિદ્યાધરપતિઓ ક્રોપાટોપ કરી પરસ્પર આ પ્રમાણે વિચાર કરવા લાગ્યા.

'જંબૂદ્વીપના ભરતખંડમાં આ ભરત રાજા પ્રથમ ચક્રવર્તી ઉત્પન્ન થયા છે. ઋષભકૂટ પર્વત ઉપર ચંદ્રબિંબની જેમ પોતાનું નામ લખીને પાછા વળતાં તે અહીં આવ્યા છે. હસ્તીના આરોહકની પેઠે તેણે આ વૈતાઢ્ય પર્વતના પાર્શ્વ ભાગમાં પડાવ નાંખ્યો છે. બધે ઠેકાણે જય પામવાથી પોતાની ભુજામાં ગર્વિત થયેલો તે આપણી પાસેથી પણ જય મેળવવાને ઇચ્છે છે અને તેથી હું માનું છું કે તેણે આ ઉદ્દંડ દંડરૂપ બાણુ આપણી ઉપર નાખ્યું છે.' આવી રીતે વિચાર કરી તે બંને જણા યુદ્ધને માટે તૈયાર થઈ પોતાના સૈન્યથી ગિરિશિખરને આચ્છાદન કરવા લાગ્યા. સૌધર્મ અને ઈશાનપતિના દેવસૈન્યની પેઠે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે બંનેની આજ્ઞાથી વિદ્યાધરોનાં સૈન્ય આવવા લાગ્યાં. તેમના કિલકિલારવ શબ્દોથી વૈતાઢ્ય પર્વત હસતો હોય, ગાજતો હોય અને ચોતરફ ફાટતો હોય તેમ જણાવા લાગ્યો. વિદ્યાધરેંદ્રના સેવકો વૈતાઢ્યગિરિની ગુફાની પેઠે સુવર્ણની વિશાળ દુંદુભિ વગાડવા લાગ્યા. ઉત્તર અને દક્ષિણ શ્રેણીના ભૂમિ, ગ્રામ અને શહેરના અધિપતિઓ રત્નાકરના પુત્ર હોય તેમ વિચિત્ર રત્નના આભરણ પહેરીને જાણે ગરૂડ હોય તેમ અસ્ખલિત ગતિથી ગગનમાં ચાલવા લાગ્યા. નમિવિનમિની સાથે ચાલતાં તેઓ જાણે તેની બીજી મૂર્તિઓ હોય તેવા જણાતા હતા. કોઈ વિચિત્ર માણેકની પ્રભાથી દિશાઓને પ્રકાશિત કરનારાં વિમાનોમાં બેસીને વૈમાનિક દેવતાથી જુદા પડી ન શકે તેવી રીતે ચાલ્યા; કોઈ પુષ્કરાવર્તના મેઘ જેવા મદબિંદુઓને વર્ષાવનારા અને ગર્જના કરનારા ગંધહસ્તી ઉપર બેસીને ચાલ્યા; કોઈ ચંદ્ર અને સૂર્યના તેજથી વ્યાપ્ત થયા હોય તેવા સુવર્ણરત્નરચિત રથમાં બેસીને ચાલ્યા; કોઈ ગગનમાં સારી ચાલથી ચાલતા અને અતિવેગથી શોભતા જાણે વાયુકુમાર દેવતા હોય તેવા ઘોડા ઉપર બેસી પ્રયાણ કરવા લાગ્યા અને કેટલાએક હાથમાં શસ્ત્રસમૂહ ધારણ કરી વજ્રના કવચ પહેરી, વાંદરાઓની પેઠે ઠેકતા ઠેકતા પાયદળ થઈને ચાલ્યા. એવી રીતે વિદ્યાધરોના સૈન્યથી વીંટાયેલા અને યુદ્ધને માટે તૈયાર થયેલા નમિવિનમિ વૈતાઢ્ય પર્વત ઉપરથી ઉતરી ભરતપતિના સમીપ ભાગે આવ્યા.

આકાશમાંથી ઉતરતું વિદ્યાધરોનું સૈન્ય મણિમય વિમાનો વડે જાણે આકાશને બહુ સૂર્યમય કરતું હોય, પ્રજ્વલિત હથિયારોથી જાણે વિદ્યુતમય કરતું હોય અને ઉદ્દામ દુંદુભિના ધ્વનિથી જાણે ઘોષમય કરતું હોય તેમ જણાવા લાગ્યું. 'અરે દંડાર્થી ! તું અમારી પાસેથી દંડ ગ્રહણ કરીશ ?' એમ ભાષણ કરતા, વિદ્યાથી ઉન્મત્ત થયેલા તે બંને વિદ્યાધરોએ ભરતપતિને યુદ્ધ કરવા બોલાવ્યા. પછી સૈન્ય સહિત તે બંનેની સાથે સમકાળે વિવિધ પ્રકારનાં યુદ્ધોથી યુદ્ધ થવા લાગ્યું, કેમકે **જયલક્ષ્મી યુદ્ધથી જ ઉપાર્જન કરવા યોગ્ય છે.** એ પ્રમાણે બાર વર્ષ સુધી યુદ્ધ કરીને છેવટે ચક્રવર્તીએ તે બંને વિદ્યાધરોને જીતી લીધા એટલે અંજલિ જોડી ભરતેશ્વરને પ્રણામ કરી તેઓ બોલ્યા— 'હે કુળસ્વામિ ! સૂર્યથી અધિક બીજો તેજવંત નથી, વાયુથી અધિક કોઈ વેગવંત નથી અને મોક્ષથી ઉપરાંત બીજું સુખ નથી તેમજ તમારાથી અધિક કોઈ શૂરવીર નથી. હે આર્ષભિ ! આજે તમને જોવાથી અમે સાક્ષાત્ ઋષભદેવને જ જોયા છે. અજ્ઞાનપણાથી અમે તમને જે પીડા કરી તે તમે ક્ષમા કરજો, કેમકે તમે અમને અજ્ઞાનપણામાંથી જાગૃત કર્યા છે. પૂર્વે જેમ અમે ઋષભસ્વામીના ભૃત્ય હતા તેમ હવે તમારા ભૃત્ય થયા છીએ; કેમકે સ્વામીની પેઠે સ્વામીપુત્રની સેવા પણ લજ્જાકારી હોતી નથી. હે મહારાજ ! દક્ષિણ અને ઉત્તર ભરતાર્દ્ધની મધ્યમાં રહેલા વૈતાઢ્યના બંને પાર્શ્વમાં દુર્ગપાળની પેઠે અમે તમારા શાસનમાં રહીશું.' એમ કહી વિનમિ રાજાએ–જો કે તેઓ મહારાજાને કાંઈ ભેટ આપવાની ઇચ્છા કરતા હતા છતાં જાણે કાંઈ યાચના કરવાને ઇચ્છતા હોય તેમ નમસ્કાર કરી અંજલિ જોડી, જાણે સ્થિર રહેલી લક્ષ્મી હોય તેવી સ્ત્રીઓમાં રત્નરૂપ પોતાની **સુભદ્રા** નામે દુહિતા ચક્રીને અર્પણ કરી.

જાણે સૂત્ર (દોરી) છાંટીને બનાવી હોય તેમ તેની સમચોરસ આકૃતિ હતી; ત્રૈલોક્યની અંદર રહેલા માણિક્યના તેજનો જાણે પુંજ હોય તેવી તેની કાંતિ હતી; કૃતજ્ઞ



www.jainsite.com   For Private & Personal Use Only   info@jainsite.com

સેવકોથી આવૃત્ત હોય તેમ યૌવનાવસ્થાથી તથા નિત્ય સ્થિર રહેનાર શોભાવાળા કેશ અને નખોથી તે અત્યંત શોભતી હતી; દિવ્ય ઔષધની પેઠે તે સર્વ રોગને શાંત કરનારી હતી અને દિવ્ય જળની પેઠે તે ઇચ્છાનુકૂળ શીત અને ઉષ્ણુ સ્પર્શવાળી હતી. તે ત્રણુ ઠેકાણે શ્યામ, ત્રણુ ઠેકાણે શ્વેત, ત્રણુ ઠેકાણે તામ્ર, ત્રણુ ઠેકાણે ઉન્નત, ત્રણુ ઠેકાણે ગંભીર, ત્રણુ ઠેકાણે વિસ્તીર્ણ, ત્રણુ ઠેકાણે દીર્ઘ અને ત્રણુ ઠેકાણે કૃશ હતી. પોતાના કેશકલાપથી તે મયૂરના કલાપને જીતતી હતી અને લલાટથી અષ્ટમીના ચંદ્રનો પરાભવ કરતી હતી. રતિ અને પ્રીતિની ક્રીડાવાપી હોય તેવી તેની સુંદર દૃષ્ટિ (નેત્ર) હતી; લલાટના લાવણ્યજળની ધારા હોય તેવી તેની દીર્ઘ નાસિકા હતી; નવીન દર્પણુના જેવા સુંદર તેના ગાલ હતા; જાણે બે હીંચકા હોય તેવા ખભા સુધી પહોંચતા તેના બે કર્ણ હતા; બે સાથે થયેલા બિંબફળની જેવા તેના અધર હતા; હીરાકણીઓની શ્રેણીની શોભાને પરાભવ કરનારા દાંત હતા; ઉદરની પેઠે ત્રણુ રેખાવાળું તેનું કંઠદળ હતું; કમલનાળ જેવી સરલ અને બિસના જેવી કોમળ તેની ભુજાઓ હતી; કામદેવના બે કલ્યાણુકળશ હોય તેવા તેના સ્તન હતા; સ્તનોએ જાણે પુષ્ટતા હરી લીધી હોય અને તેથી કૃશ થયું હોય એવું તેનું કોમળ ઉદર હતું; સરિતાની ભમરી જેવું તેનું નાભિમંડળ હતું; નાભિરૂપી વાપિકાના તીર ઉપરની દુર્વાવલિ હોય તેવી તેની રોમાવલિ હતી; કામદેવની જાણે શય્યા હોય તેવા તેના વિશાળ નિતંબ હતા; હીંડાળાના બે સુવર્ણ સ્તંભ હોય તેવા સુંદર તેના ઉરૂદંડ હતા; મૃગલીની જંઘાનો તિરસ્કાર કરનારી તેની જંઘા હતી, હસ્તની પેઠે તેના ચરણુ પણુ કમલને તિરસ્કાર કરનારા હતા; કરચરણુની અંગુલીરૂપી દળથી જાણે પલ્લવિત વલ્લી હોય તેવી તે જણાતી હતી; પ્રકાશમાન નખરૂપી રત્નોથી રત્નાચળની તટી હોય તેવી જણાતી હતી; વિશાળ, સ્વચ્છ, કોમળ અને સુંદર વસ્ત્રોથી તે મૃદુ પવનના પડવાથી તરંગિત થયેલી સરિતા જેવી લાગતી હતી; સ્વચ્છ કાંતિથી તરંગિત થયેલા મનોહર અવયવોથી તે પોતાના સુવર્ણ તથા રત્નમય આભૂષણોને ઉલટી શોભાવતી હતી; તેની પાછળ છાયાની જેમ છત્રધારિણી સ્ત્રી સેવા કરતી હતી; બે હંસથી કમલિનીની પેઠે સંચાર કરતા બે ચામરોથી તે શોભતી હતી અને અપ્સરાથી લક્ષ્મીની જેમ તથા સરિતાઓથી જાન્હવીની જેમ તે સુંદર બાળા સમાન વયવાળી હજારો સખીઓથી પરિવૃત હતી.

નમિરાજાએ પણુ મહા મૂલ્યવંત રત્નો ચક્રવર્તીને ભેટ કર્યાં, કેમકે **સ્વામી ઘેર આવે ત્યારે મહાત્માઓને શું અદેય છે?** પછી ભરતપતિએ વિદાય કરેલા નમિવિનમિએ પોતાના પુત્રોના પુત્રોને રાજ્ય સોંપી, વિરક્ત થઇ ઋષભદેવ ભગવંતના ચરણુમૂળમાં જઇ વ્રત ગ્રહણુ કર્યું.

ત્યાંથી ચક્રરત્નની પછવાડે ગમન કરતા તીવ્ર તેજસ્વી ભરતરાજા ગંગાના તટ ઉપર આવ્યા. જાન્હવીના સ્થાનથી દૂર નહીં તેમ નજીક નહીં એવે સ્થાનકે પૃથ્વીના ઇંદ્રે પોતાના સૈન્યનો પડાવ નખાવ્યો. મહારાજાની આજ્ઞાથી સુષેણુ સેનાપતિએ સિંધુની પેઠે ગંગા ઉતરી તેનો ઉત્તરનિષ્કૂટ સાધ્યો (તાબે કર્યો). પછી ચક્રવર્તીએ અષ્ટમભક્તથી ગંગાદેવીની સાધના કરી. **સમર્થ પુરૂષોનો ઉપચાર તત્કાળ સિદ્ધિને માટે થાય છે.** ગંગાદેવીએ પ્રસન્ન થઇ મહારાજાને બે રત્નમય સિંહાસનો અને એક હજાર ને આઠ રત્નમય કુંભો આપ્યાં. તે ગંગાદેવી રૂપલાવણ્યથી કામદેવને પણુ કિંકરતુલ્ય કરનારા ભરતરાજાને જોઇ ક્ષોભ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પામી. વદનરૂપી ચંદ્રને અનુસરનારા મનોહર તારાગણ હોય તેવા તેણે સર્વાંગે મુક્તામય આભૂષણો પહેર્યાં હતાં. કેળની અંદરની ત્વચા જેવાં તેણે વસ્ત્ર પહેર્યાં હતાં. તે જાણે તેના પ્રવાહજળ તે રૂપે પરિણામ પામ્યા હોય તેવા જણાતા હતા. રોમાંચરૂપી કંચુકીથી તેના સ્તન ઉપરની કંચુકી તડાતડ ફાટતી હતી અને જાણે સ્વયંવરની માળા હોય તેવી ધવળ-દષ્ટિને તે ફેંકતી હતી. આવી સ્થિતિ પામેલી ગંગાદેવીએ ક્રીડા કરવાની ઇચ્છાથી પ્રેમભરિત ગદ્ગદ વાણીવડે ભરતરાયની અત્યંત પ્રાર્થના કરી અને પોતાના રતિગૃહમાં તેમને લઈ ગઈ. ત્યાં તેની સાથે વિવિધ ભોગને ભોગવતાં મહારાજાએ એક દિવસની પેઠે સહસ્ર વર્ષ વ્યતીત કર્યાં. પછી કોઈ રીતે દેવીને સમજાવી, તેની આજ્ઞા લઈ ત્યાંથી નીકળ્યા અને પોતાના પ્રબળ સૈન્ય સાથે ખંડપ્રપાતા ગુફા તરફ ચાલ્યા.

કેશરીસિંહ જેમ એક વનથી બીજે વન જાય તેમ અખંડ પરાક્રમવાળા ચક્રી તે સ્થાનથી **ખંડપ્રપાતા** ગુફા સમીપે પહોંચ્યા. ગુફાથી થોડે દૂર એ બલિષ્ઠ રાજાએ પોતાના સૈન્યને નિવાસ કરાવ્યો. ત્યાં તે ગુફાના અધિષ્ઠાયક **નાટ્યમાલ** દેવને મનમાં ધારણ કરી અષ્ટમ તપ કર્યો, તેથી તે દેવનું આસન કંપ્યું. અવધિજ્ઞાનવડે ભરતચક્રીને આવેલા જાણી દેવાદાર જેમ લેણદાર પાસે આવે તેમ તે ભેટ લઈને સામો આવ્યો. મહત્ ભક્તિવાળા તે દેવે ષટ્ખંડ ભૂમિના આભૂષણરૂપ મહારાજાને આભૂષણો અર્પણ કર્યાં અને સેવા અંગીકાર કરી. નાટ્ય કરેલા નટની પેઠે નાટ્યમાલ દેવને વિવેકયુક્ત ચક્રીએ પ્રસન્ન થઈને વિદાય કર્યો અને પછી પારણું કરી તે દેવનો અષ્ટાહ્નિકા ઉત્સવ કર્યો. હવે ચક્રીએ સુષેણ સેનાનીને આજ્ઞા કરી કે 'ખંડપ્રપાત ગુફા ઉઘાડો.' સેનાપતિએ મંત્રીની પેઠે નાટ્યમાલ દેવને મનમાં ધારી અષ્ટમ કરી પૌષધાલયમાં પૌષધવ્રત ગ્રહણ કર્યું. અષ્ટમને અંતે પૌષધાગારથી નીકળી પ્રતિષ્ઠામાં જેમ શ્રેષ્ઠ આચાર્ય બલિવિધાન કરે તેમ બલિવિધાન કર્યું. પછી પ્રાયશ્ચિત્ત અને કૌતુક મંગળ કરી, મોટા મૂલ્યવાળાં થોડાં વસ્ત્રો ધારણ કરી હાથમાં ધૂપધાણું ગ્રહણ કર્યું. ગુફા પાસે જઈ જોતાં જ પ્રથમ નમસ્કાર કરી તેના બારણાની પૂજા કરી અને ત્યાં અષ્ટમંગળિક આલેખ્યા. ત્યાર પછી કપાટ ઉઘાડવાને માટે સાત આઠ પગલાં પાછા ચાલી જાણે તે બારણાની સુવર્ણમય કુંચી હોય તેવા દંડરત્નને ગ્રહણ કર્યું અને બારણા ઉપર તે વડે પ્રહાર કર્યો. સૂર્યના કિરણવડે કમલકોશ ખુલી જાય તેમ દંડરત્નના આઘાતથી તે બંને દ્વાર ઉઘડી ગયાં.

ગુફાદ્વાર ઉઘડયાના સમાચાર ચક્રીને નિવેદન કર્યા એટલે હસ્તીસ્કંધ ઉપર આરૂઢ થઇ હસ્તીના દક્ષિણ કુંભસ્થળ ઉપર ઊંચે સ્થાનકે મણિરત્ન મૂકીને તેમણે ગુફામાં પ્રવેશ કર્યો. સૈન્યે અનુસરેલા ભરત રાજા અંધકારનો નાશ કરવાને માટે પૂર્વવત્ કાંકિણીરત્નથી મંડળને આલેખતા ગુફામાં ચાલ્યા. જેમ બે સખીઓ ત્રીજી સખીને મળે તેમ એ ગુફાની પશ્ચિમ બાજુની ભીંતમાંથી નીકળીને પૂર્વ ભિત્તિની નીચે થઇ ઉન્મગ્ના અને નિમગ્ના નામની બે નદીઓ ગંગાને મળે છે ત્યાં આવી, પૂર્વની પેઠે તે નદીની ઉપર પાજ કરી ચક્રી સેનાની સાથે તે નદીઓ ઉતર્યા. સૈન્યરૂપ શલ્યથી આતુર થયેલા વૈતાઢ્યે પ્રેરણા કરી હોય તેમ ગુફાનાં દક્ષિણદ્વાર તત્કાળ સ્વયમેવ ઉઘડી ગયાં. એટલે કેશરસિંહની પેઠે નરકેશરી ગુફા બહાર નીકળ્યો અને ગંગાના પશ્ચિમ તટ ઉપર તેમણે પડાવ નાંખ્યો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યાં નવ નિધાનને ઉદ્દેશીને પૃથ્વીપતિએ પૂર્વ તપથી ઉપાર્જન કરેલી લબ્ધિઓ વડે થનારા લાભના માર્ગને બતાવનાર અષ્ટમ તપ કર્યો. અષ્ટમને અંતે નવ નિધિઓ પ્રગટ થયા અને મહારાજા પાસે આવ્યા. તે દરેક નિધિઓ એક એક હજાર યક્ષોએ અધિષ્ઠિત કરેલા હતા; તેનાં નૈસર્ગ, પાંડુક, પિંગલ, સર્વરત્નક, મહાપદ્મ, કાલ, મહાકાલ, માણવ અને શંખક એવાં નામ હતાં; આઠ ચક્ર ઉપર તે પ્રતિષ્ઠિત થયેલા હતા અને આઠ યોજન ઊંચા, નવ યોજન વિસ્તારમાં તથા દશ યોજન લંબાઈમાં હતા. વૈડુર્યમણિના બારણાથી તેમનાં મુખ આચ્છાદિત કરેલાં હતાં. સરખા, સુવર્ણના, રત્નોથી ભરપૂર અને ચક્ર, ચંદ્ર તથા સૂર્યના લાંછન(ચિન્હ)વાળા હતા. તે નિધિઓના નામ પ્રમાણે નામવાળા, પલ્યોપમના આયુષવાળા નાગકુમારનિકાયના દેવો તેના અધિષ્ઠાયક થઈને રહેલા હતા.

તેમાંનાં **નૈસર્ગ** નામનાં નિધિથી છાવણી, શહેર, ગ્રામ, ખાણ, દ્રોણમુખ, મંડપ અને પત્તન વિગેરે સ્થાનોનું નિર્માણ થાય છે. **પાંડુક** નામના નિધિથી માન, ઉન્માન અને પ્રમાણ એ સર્વનું ગણિત તથા ધાન્ય અને બીજનો સંભવ થાય છે. **પિંગળ** નામના નિધિથી નર, નારી, હાથી અને ઘોડાઓના સર્વ જાતિનાં અભૂષણોનો વિધિ જાણી શકાય છે. **સર્વરત્નક** નામના નિધિથી ચક્રરત્ન વિગેરે સાત એકેંદ્રિય અને સાત પંચેંદ્રિય રત્નો ઉત્પન્ન થાય છે. **મહાપદ્મ** નામના નિધિથી સર્વ પ્રકારનાં શુદ્ધ અને રંગીન વસ્ત્રો નિષ્પન્ન થાય છે. **કાળ** નામના નિધિથી વર્ત્તમાન, ભૂત અને ભવિષ્ય ત્રણ કાળનું જ્ઞાન, કૃષિ વિગેરે કર્મ અને બીજા શિલ્પાદિકનું જ્ઞાન થાય છે. **મહાકાળ** નામના નિધિથી પ્રવાળા, રૂપું, સુવર્ણ, મુક્તાફલ, લોહું તથા લોહાદિક ધાતુઓની ખાણો ઉત્પન્ન થાય છે. **માણવ** નામના નિધિથી યોદ્ધા, આયુધ અને કવચની સંપત્તિઓ તથા સર્વ પ્રકારની યુદ્ધનીતિ અને દંડનીતિ પ્રગટ થાય છે. નવમાં **શંખ** નામના મહાનિધિથી ચાર પ્રકારના કાવ્યની સિદ્ધિ, નાટ્ય નાટકની વિધિ અને સર્વ પ્રકારના વાજીંત્રો નિષ્પન્ન થાય છે. એ પ્રમાણેના ગુણવાળા નવ નિધિઓ આવીને કહેવા લાગ્યા-'હે મહાભાગ ! અમે ગંગાના મુખમાં માગધતીર્થના નિવાસી છીએ. તમારા ભાગ્યથી વશ થઈને તમારી પાસે આવ્યા છીએ તેથી તમારી ઈચ્છા પ્રમાણે અવિશ્રાંતપણે અમારો ઉપભોગ કરો અને આપો. કદાપિ સમુદ્ર ક્ષય પામે પણ અમે ક્ષય પામતા નથી.' એમ કહી સર્વ નિધિઓ વશ થયા એટલે નિર્વિકારી રાજાએ પારણું કર્યું અને ત્યાં તેમનો અષ્ટાહ્નિકા ઉત્સવ કર્યો. રાજાની આજ્ઞાથી સુષેણ પણ ગંગાના દક્ષિણ નિષ્કૂટને નાની પલ્લીની પેઠે લીલામાત્રમાં સાધીને આવ્યો. પૂર્વાપર સમુદ્રને લીલાથી આક્રાંત કરી રહેલા જાણે બીજા વૈતાઢ્ય હોય તેમ મહારાજા ત્યાં ઘણો કાળ રહ્યા.

એક દિવસ સર્વ ભરતક્ષેત્ર જેણે સાધ્યું છે એવા ભરતપતિનું ચક્ર અયોધ્યા સન્મુખ ચાલ્યું. મહારાજા પણ સ્નાન કરી વસ્ત્ર પહેરી, બલિકર્મ, પ્રાયશ્ચિત્ત અને કૌતુક મંગળ કરી, ઇંદ્રની પેઠે ગજેંદ્ર ઉપર આરૂઢ થયા. જાણે કલ્પવૃક્ષ હોય તેવા નવ નિધિઓથી પુષ્ટ થયેલા ભંડારવાળા, સુમંગળાના ચતુર્દશ સ્વપ્નોનાં જુદાં ફળ હોય તેવાં ચતુર્દશ રત્નોથી નિરંતર આવૃત્ત, રાજાઓની કુળલક્ષ્મી જેવી અને જેણે સૂર્ય પણ નજરે જોયો નથી તેવી પોતાની પરિણીત બત્રીશ હજાર રાજકન્યાએ યુક્ત, જાણે અપ્સરાઓ હોય તેવી અને બત્રીશ હજાર દેશમાંથી પરણેલી બીજી બત્રીશ હજાર સુંદર સ્ત્રીઓથી શોભિત, જાણે પટાવત

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય તેવા પોતાના આશ્રિત બત્રીશ હજાર રાજાઓ તથા વિંધ્યાદ્રિની જેવા ચોરાશી લાખ હાથીઓથી વિરાજિત અને જાણે અખિલ વિશ્વમાંથી આણ્યા હોય તેવા ચોરાશી લાખ અશ્વ, તેટલા જ રથો અને ભૂમિને આચ્છાદન કરનારા છન્નુ કોટી સુભટોથી વીંટાયેલા ભરત ચક્રવર્તી પ્રયાણના પ્રથમ દિવસથી સાઠ હજાર વર્ષે ચક્રના માર્ગને અનુસરતા અયોધ્યા તરફ ચાલ્યા.

માર્ગે ચાલતા ચક્રી સૈન્યથી ઊડેલી રજસમૂહના સ્પર્શથી મલિન થયેલા ખેચરોને જાણે પૃથ્વીમાં આલોટ્યા હોય તેવા કરતા હતા; પૃથ્વીના મધ્ય ભાગમાં રહેલા ભવનપતિ અને વ્યંતરોને સૈન્યના ભારથી પૃથ્વી ફાટવાની શંકાને ઉત્પન્ન કરી ભય પમાડતા હતા; ગોકુળે ગોકુળે વિકસ્વર દૃષ્ટિવાળી ગોપાંગનાઓનું માખણરૂપ અર્ધ્ય અમૂલ્ય હોય તેમ ભક્તિથી સ્વીકારતા હતા; વને વને હાથીના કુંભસ્થળમાંથી ઉત્પન્ન થયેલા મુક્તાફળ વિગેરેની કિરાત લોકોએ આપેલી ભેટો ગ્રહણ કરતા હતા; પર્વતે પર્વતે પર્વતરાજાઓએ આગળ ધરેલાં રત્ન સુવર્ણની ખાણના મહત્સારને અનેક વખત અંગીકાર કરતા હતા; ગામે ગામે જાણે ઉત્કંઠિત બાંધવ હોય તેવા ગ્રામવૃદ્ધોના ઉપાયન પ્રસન્નપણે ગ્રહણ કરી તેમના ઉપર અનુગ્રહ કરતા હતા; ક્ષેત્રોમાં પડતી ગાયની જેમ ગ્રામોમાં ચોતરફ પ્રસરતા સૈનિકોને પોતાની આજ્ઞારૂપી ઉગ્ર દંડથી અટકાવી રાખતા હતા; વાનરોની પેઠે વૃક્ષ ઉપર ચડી પોતાને હર્ષપૂર્વક જોનારા ગ્રામ્યબાળકોને પિતાની જેમ પ્યારથી જોતા હતા; ધાન્ય, ધન અને જીવિતવડે નિરુપદ્રવી ગામડાંઓનાં સંપત્તિને પોતાની નીતિરૂપી લતાના ફળપણે અવલોકતા હતા; સરિતાઓને પંકિલ કરતા હતા; સરોવરનું શોષણ કરતા હતા. અને વાવ તથા કૂવાને પાતાલવિવરની જેમ ખાલી કરતા હતા. દુર્વિનયી શત્રુને શિક્ષા કરનાર મહારાજા એ પ્રમાણે મલયાચલના પવનની પેઠે લોકને સુખ આપતા અને ધીમે ધીમે ચાલતા અયોધ્યાપુરીની સમીપે આવી પહોંચ્યા. જાણે અયોધ્યાનો અતિથિરૂપ થયેલો સહોદર હોય તેવો સ્કંધાવાર મહારાજાએ અયોધ્યાની નજીક ભૂમિમાં નંખાવ્યો. રાજશિરોમણિ ભરતે રાજધાનીને મનમાં ધારી નિરુપદ્રવની પ્રતીતિ આપનાર અષ્ટમ તપ કર્યો. અષ્ટમ ભક્તને અંતે પૌષધાલયમાંથી બહાર નીકળી ચક્રીએ બીજા રાજાઓની સાથે દિવ્ય રસોઇથી પારણું કર્યું.

અહીં અયોધ્યામાં સ્થાને સ્થાને જાણે દિગંતરથી આવેલી લક્ષ્મીને ક્રીડા કરવાના હિંડોલા હોય તેવા ઊંચા તોરણ બંધાવા લાગ્યા, ભગવંતના જન્મસમયે દેવતાઓ સુગંધી જળની વૃષ્ટિ કરે તેમ નગરલોકો દરેક માર્ગે કેશરના જળથી છંટકાવ કરવા લાગ્યા, જાણે નિધિઓ અનેક રૂપે થઈ અગાઉથી આવ્યા હોય તેવા માંચાઓ સુવર્ણસ્તંભથી રચાવા લાગ્યા. ઉત્તરકુરુમાં પાંચ દ્રહની બંને બાજુએ રહેલા દશ દશ સુવર્ણગિરિ શોભે તેમ માર્ગની બંને બાજુએ સામસામા રહેલા માંચાઓ શોભવા લાગ્યા, દરેક માંચાએ બાંધેલા રત્નમય તોરણો ઇંદ્રધનુષની શ્રેણિની શોભાનો પરાભવ કરવા લાગ્યા અને ગંધર્વોનું સૈન્ય જેમ વિમાનમાં બેસે તેમ ગાયન કરનારી સ્ત્રીઓ મૃદંગ તથા વીણાને બજાવનારા ગંધર્વોની સાથે તે માંચા ઉપર બેસવા લાગી. તે માંચા ઉપરના સુંદરવા સાથે બાંધેલી મોતીની ઝાલરો લક્ષ્મીના નિવાસગૃહની પેઠે કાંતિથી દિશાઓને પ્રકાશિત કરવા લાગી. જાણે પ્રમોદ પામેલી નગરદેવીના હાસ્ય હોય તેવા ચામરોથી, સ્વર્ગમંડનની રચનાવાળા ચિત્રોથી, કૌતુકથી આવેલા નક્ષત્રો હોય તેવા દર્પણોથી, ખેચરોના હાથના રૂમાલ હોય તેવા પંદર વસ્ત્રોથી અને લક્ષ્મીની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મેખલા જેવી વિચિત્ર મણિમાળાઓથી નગરજનો ઊંચા કરેલા સ્તંભોમાં હાટની શોભા કરવા લાગ્યા. લોકોએ બાંધેલી ઘુઘરીઓવાળી પતાકાઓ સારસ પક્ષીના મધુર અવાજવાળા શરદ્ઋતુના સમયને બતાવવા લાગી. વ્યાપારીઓ દરેક દુકાન અને મંદિરોને યક્ષકર્દમના ગોમયથી લીંપીને તેના આંગણુમાં મોતીના સાથિયા પૂરવા લાગ્યા. ઠેકાણે ઠેકાણે મૂકેલા અગરૂચૂર્ણથી પૂરેલા ધૂપીઆના ધૂમાડા ઊંચા જતા હતા તેથી જાણે તે સ્વર્ગને પણ ધૂપિત કરવાને ઇચ્છતા હોય તેવા જણાવા લાગ્યા.

એ પ્રમાણે નગરજનોએ શણુગારેલી નગરીમાં પ્રવેશ કરવાની ઈચ્છાથી પૃથ્વીના ઇંદ્ર ચક્રવર્તી શુભ મુહૂર્તે મેઘની જેમ ગર્જના કરનારા હાથી ઉપર ચઢ્યા. આકાશ જેમ ચંદ્ર મંડળથી શોભે તેમ કર્પૂરચૂર્ણની જેવાં શ્વેત છત્રોથી તે શોભતા હતા, બે ચામરોના મિષથી, પોતાનું શરીર સંક્ષેપીને આવેલી ગંગા અને સિંધુ તેમને સેવતી હોય તેવા જણાતા હતા, સ્ફટિક પર્વતની શિલાઓમાંથી સાર લઈને રચ્યા હોય તેવા ઉજ્જવળ, અતિ બારિક, કોમળ અને ઘાટાં વસ્ત્રોથી તે શોભતા હતા, જાણે રત્નપ્રભા પૃથ્વીએ પ્રેમથી પોતાનો સાર અર્પણ કર્યો હોય તેવા વિચિત્ર રત્નાલંકારોથી તેઓ સર્વ અંગે અલંકૃત થયા હતા, ફણા ઉપર મણિને ધારણ કરનારા નાગકુમારદેવોથી પરિવરેલા નાગરાજની જેમ માણિક્યમય મુગટવાળા રાજાઓથી તે પરિવૃત હતા, ચારણદેવતાઓ ઇંદ્રના ગુણનું જેમ કીર્ત્તન કરે તેમ જય જય શબ્દ બોલી પ્રમોદ પમાડતા ચારણ ભાટો તેમના અદ્ભુત ગુણોનું કીર્તન કરતા હતા અને મંગળ વાજિંત્રના નિર્ઘોષના પ્રતિશબ્દ મિષથી આકાશે પણ તેનો માંગલિક ધ્વનિ કર્યો હોય તેવા તે જણાતા હતા. તેજથી ઇંદ્ર સરખા અને પરાક્રમના ભાંડાગાર જેવા મહારાજા પ્રયાણને માટે ગજેંદ્રને પ્રેરણા કરી આગળ ચલાવવા લાગ્યા. સ્વર્ગથી જાણે ઉતર્યા હોય અને પૃથ્વીમાંથી જાણે નીકળ્યા હોય તેમ ઘણે કાળે આવતા પોતાના રાજાને જોવાને બીજા ગ્રામાદિકથી પણ લોકો આવ્યા હતા. મહારાજાની સર્વ સેના અને જોવાને એકઠા થયેલા લોકો એ બંને એકત્ર થવાથી જાણે સર્વ મર્ત્યલોક એક ઠેકાણે પિંડીભૂત થયો હોય તેમ જણાવા લાગ્યું. સૈન્ય અને આવેલા લોકોના જમાવથી તે વખતે તલનો દાણો મૂકયો હોય તો તે પણ પૃથ્વી પર પડે તેમ ન હતું. જાણે વૈતાલિક(ભાટ) હોય તેમ હર્ષથી ઉત્તાલ થયેલા કેટલાક લોકો સ્તુતિ કરતા હતા; જાણે ચંચળ ચામર હોય તેવા પોતાના વસ્ત્રાંચલથી કોઈ પવન નાંખતા હતા; કોઈ લલાટ ઉપર અંજલિ જોડીને સૂર્યની પેઠે નમતા હતા; કોઈ બાગવાનની પેઠે ફળ પુષ્પને અર્પણ કરતા હતા; કોઈ કુળદેવતાની પેઠે વંદના કરતા હતા અને કોઈ ગોત્રના વૃદ્ધજનની જેમ તેમને આશિષ આપતા હતા.

ઋષભદેવ ભગવાન જેમ સમવસરણમાં પ્રવેશ કરે તેમ પ્રજાપતિએ ચાર દ્વારવાળી પોતાની નગરીમાં પૂર્વદ્વારથી પ્રવેશ કર્યો. લગ્નઘટિકા સમયે એક સાથે ઊંચે પ્રકારે વાજિંત્રોનો નાદ થાય તેમ તે વખતે દરેક માંચા ઉપર સંગીત થવા લાગ્યું. મહારાજા આગળ ચાલ્યા એટલે રાજમાર્ગના મકાનોમાં રહેલી નગરનારીઓ હર્ષથી દૃષ્ટિની પેઠે ધાણીઓ ફેંકવા લાગી (વધાવવા લાગી). પુરજનોએ પુષ્પોની વૃષ્ટિથી ચારે બાજુથી આચ્છાદન કરી દીધેલો મહારાજાનો હસ્તી પુષ્પમય રથ જેવો થઈ ગયો. ઉત્કંઠિત લોકોની અકુંઠ ઉત્કંઠા સહિત ચક્રવર્તી રાજમાર્ગે ધીમે ધીમે ચલવા લાગ્યા, લોકો હાથીનો ભય ન ગણતાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મહારાજાની સમીપે આવી ફલાદિક અર્પણ કરવા લાગ્યા. કારણ કે **હર્ષ એ જ બળવાન છે.** રાજા હસ્તીને કુંભસ્થળમાં અંકુશથી તાડન કરી દરેક માંચે ઉભો રાખતા હતા. તે સમયે બંને બાજુના માંચા ઉપર આગળ ઊભી રહેલી સુંદર સ્ત્રીઓ એક સાથે ચક્રવર્તીની કપૂરવડે આરાત્રિક (આરતી) કરતી હતી. બંને પડખે આરાત્રિક ઉતરતી હોવાથી મહારાજા બે બાજુએ સૂર્ય ચંદ્ર રહેલ મેરુપર્વતની શોભાને ધારણ કરતા હતા.

અક્ષતોની પેઠે મોતીથી ભરેલા ઊંચા થાળો રાખી ચક્રવર્તીને વધાવવા માટે દુકાનોના અગ્રભાગમાં રહેલ વણિકજનોને તેમને દૃષ્ટિથી આલિંગન કરતા હતા. રાજમાર્ગની નજીક રહેલી હવેલીઓના દ્વારમાં ઉભેલી કુલીન સુંદરીઓએ કરેલા મંગળિકને પોતાની બ્હેનોની જેમ મહારાજા સ્વીકારતા હતા. જોવાની ઇચ્છાથી પીડાતા કોઈ લોકોને જોઈ તેઓ પોતાનો અભયદાતા હાથ ઊંચે કરી છડીદારોથી તેમની રક્ષા કરાવતા હતા. એવી રીતે ચાલતા મહારાજાએ અનુક્રમે પોતાના પિતાના સાત માળવાળા મહેલમાં પ્રવેશ કર્યો.

તે રાજમહેલની અગ્રભૂમિમાં જાણે રાજ્યલક્ષ્મીના ક્રીડાપર્વત હોય તેવા બે બાજુએ બે હસ્તી બાંધ્યા હતા, બે ચક્રવાકવડે જળપ્રવાહની જેમ બંને તરફ રહેલા સુવર્ણકલશોથી તેનું વિશાળ દ્વાર શોભતું હતું અને જાણે ગ્રીવાનું ઇંદ્રનીલમણિમય આભરણ હોય તેવા આમ્રપલ્લવના મનોહર તોરણથી તે મહેલ દીપતો હતો. તેમાં કોઈ ઠેકાણે મોતીથી, કોઇ ઠેકાણે કપૂરના ચૂર્ણથી અને કોઈ ઠેકાણે ચંદ્રકાંત મણિઓથી સ્વસ્તિક મંગળ કર્યું હતું. કોઈ ઠેકાણે ચીનાઈ વસ્ત્રથી, કોઈ ઠેકાણે રેશમી વસ્ત્રથી અને કોઈ ઠેકાણે દિવ્ય વસ્ત્રથી રહેલી પતાકાની પંક્તિથી તે શોભતો હતો. તેનાં આંગણામાં કોઇ ઠેકાણે કર્પૂરજળથી, કોઈ ઠેકાણે પુષ્પરસથી અને કોઈ ઠેકાણે હાથીઓના મદજળથી છંટકાવ કર્યો હતો. તેની ઉપર રહેલા સુવર્ણકલશના મિષથી જાણે ત્યાં સૂર્યે વિશ્રામ કર્યો હોય તેવો તે જણાતો હતો. એવા તે રાજમહેલના આંગણામાં રહેલી અગ્રવેદી ઉપર પોતાના ચરણ આરોપણ કરી છડીદારે હાથનો ટેકો આપેલા મહારાજા હાથી ઉપરથી ઉતર્યા અને પ્રથમ આચાર્યની જેમ પોતાના સોળ હજાર અંગરક્ષક દેવતાનું પૂજન કરી તેમને વિદાય કર્યા. તેવી જ રીતે બત્રીશ હજાર રાજાઓ, સેનાપતિ, પુરોહિત, ગૃહપતિ અને વર્દ્ધકીને પણ વિસર્જન કર્યા. હાથીઓને જેમ આલાનસ્થંભે બાંધવાની આજ્ઞા કરે તેમ ત્રણશેં ત્રેસઠ રસોઇઆને પોતપોતાનાસ્થાને જવાની આજ્ઞા કરી. ઉત્સવને અંતે અતિથિની જેમ શ્રેષ્ઠીઓને, અષ્ટાદશ શ્રેણી પ્રશ્રેણીને,[1] દુર્ગપાળને અને સાર્થવાહોને પણ રજા આપી. પછી ઇંદ્રાણીની સાથે ઇંદ્રની જેમ સ્રીરત્ન સુભદ્રા સાથે, બત્રીશ હજાર રાજકુળમાં જન્મેલી રાણીઓ સાથે, તેટલી જ (૩૨૦૦૦) દેશના આગેવાનોની કન્યા સાથે અને બત્રીશ બત્રીશ પાત્રવાળા તેટલા જ નાટકો સાથે, મણિમય શિલાઓની પંક્તિ ઉપર દૃષ્ટિ ફેરવતા મહારાજાએ યક્ષપતિ કુબેર જેમ કૈલાસમાં જાય તેમ ઉત્સવ સહિત રાજપ્રાસાદમાં પ્રવેશ કર્યો. ત્યાં ક્ષણવાર પૂર્વમુખ સિંહાસન ઉપર બેસી કેટલીક સત્કથાઓ કરી સ્નાનાલયમાં ગયા. હાથી જેમ સરોવરમાં ન્હાય તેમ ત્યાં સ્નાન કરીને પરિજનોની સાથે

૧ માળી વિગેરે નવ જાતિ તે શ્રેણી અને ઘાંચી વિગેરે નવ જાતિ તે પ્રશ્રેણી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અનેક પ્રકારના રસવાળા આહારનું ભોજન કર્યું. પછી યોગી જેમ યોગમાં કાળ નિર્ગમન કરે તેમ રાજાએ નવરસ નાટકોથી અને મનોહર સંગીતથી કેટલોક કાળ નિર્ગમન કર્યો.

એક વખતે સુરનરોએ આવી વિજ્ઞપ્તિ કરી કે—'મહારાજ ! તમે વિદ્યાધરપતિઓ સહિત ષટખંડ પૃથ્વી સાધી છે; તેથી હે ઇંદ્ર જેવા પરાક્રમવાળા ! હવે અમને આજ્ઞા આપો એટલે અમે તમારો સ્વચ્છંદપણે મહારાજ્યાભિષેક કરીએ.' મહારાજાએ આજ્ઞા આપી એટલે દેવતાઓએ નગરની બહાર ઈશાન કૂણે સુધર્માસભાનો એક ખંડ હોય તેવો મંડપ રચ્યો. તેઓ દ્રહો, નદીઓ, સમુદ્ર અને બીજા તીર્થોનાં જળ, ઔષધિ અને મૃત્તિકા લાવ્યા. મહારાજાએ પૌષધાલયમાં જઈ અષ્ટમ તપ કર્યો, કારણ કે **તપથી મેળવેલું રાજ્ય તપવડે જ સુખમય રહે છે.** અષ્ટમ તપ પૂર્ણ થયે અંતઃપુર અને પરિવારથી આવૃત્ત થઈ, હાથી ઉપર બેસી ચક્રી તે દિવ્ય મંડપે પધાર્યા. પછી અંતઃપુર અને હજારો નાટકો સાથે તેમણે ઊંચે પ્રકારે રચેલા અભિષેકમંડપમાં પ્રવેશ કર્યો, ત્યાં સ્નાનપીઠમાં સિંહાસન ઉપર આરૂઢ થયા તે વખતે હાથી પર્વતના શિખર ઉપર આરૂઢ થયા જેવો દેખાવ થયો. જાણે ઇંદ્રની પ્રીતિને લીધે હોય તેમ તેઓ પ્રાચી (પૂર્વ) દિશા તરફ મુખ કરીને રત્નસિંહાસન ઉપર બેઠા. જાણે થોડાક હોય તેમ બત્રીશ હજાર રાજાઓ ઉત્તર તરફના પગથીએ થઇને સ્થાનપીઠ ઉપર ચડ્યા અને ચક્રવર્તીની નજીક ભદ્રાસનો ઉપર, દેવતાઓ જેમ ઇંદ્રની સામે અંજલિ જોડે તેમ અંજલિ જોડીને બેઠા. સેનાપતિ, ગૃહપતિ, વર્દ્ધકિ પુરોહિત અને શ્રેષ્ઠી વિગેરે દક્ષિણ સોપાનશ્રેણીથી સ્નાનપીઠ ઉપર આરૂઢ થયા. જાણે ચક્રીને વિજ્ઞપ્તિ કરવાને ઇચ્છતા હોય તેમ પોતાને યોગ્ય આસનો ઉપર તેઓ અંજલિ જોડીને બેઠા. પછી આદિદેવને અભિષેક કરવાને માટે ઇંદ્રો આવે તેમ આ નરદેવને અભિષેક કરવાને તેમના આભિયોગિક દેવતાઓ નજીક આવ્યા. જળપૂર્ણ હોવાથી મેઘ જેવા, જાણે ચક્રવાક પક્ષીઓ હોય તેવા મુખભાગ ઉપર કમલવાળા અને અંદરથી જળ પડવા સમયે વાજિંત્રના નાદને અનુસરનારા શબ્દોવાળા સ્વાભાવિક અને વૈક્રીય રત્નકલશોથી તેઓ સર્વે મહારાજાને અભિષેક કરવા લાગ્યા. પછી જાણે પોતાના નેત્રો હોય તેવા જળભરિત કુંભોથી બત્રીશ હજાર રાજાઓએ તેમને શુભ મુહૂર્તે અભિષેક કર્યો. અને પોતાને મસ્તકે કમલકોશ જેવી અંજલિ જોડી 'તમે જય પામો, તમે વિજય પામો' એમ બોલી ચક્રીને વધાવવા લાગ્યા. ત્યાર પછી સેનાપતિ અને શ્રેષ્ઠી વિગેરે જળથી અભિષેક કરી, તે જળની જેવા ઉજ્જવળ વાકયથી સ્તુતિ કરવા લાગ્યા. પછી તેઓએ પવિત્ર, રૂંવાટાવાળા, કોમળ અને ગંધકષાયી વસ્ત્રથી માણિકયની જેમ ચક્રીના અંગનું માર્જન કર્યું, તથા ગૈરિકધાતુ(ગુરૂ)થી સુવર્ણની જેમ કાંતિને પોષણ કરનારા ગોશીર્ષચંદનના રસથી મહારાજાના અંગને વિલેપન કર્યું. દેવતાઓએ ઈન્દ્રે આપેલો ઋષભસ્વામીનો મુગટ તે અભિષિક્ત અને રાજાઓમાં અગ્રેસર ચક્રવર્તીના મસ્તક ઉપર આરોપણ કર્યો; તેમના મુખચંદ્રની પાસે રહેલા ચિત્રા અને સ્વાતિ નક્ષત્રો હોય તેવાં રત્નકુંડળો બંને કર્ણમાં પહેરાવ્યાં; સૂત્રથી પરોવ્યા વિના સમકાળે હારરૂપ એક મોતી જ ઉત્પન્ન થયેલો હોય તેવો છીપના મોતીનો એક હાર તેમના કંઠમાં નાંખ્યો; જાણે સર્વ અલંકારોના હારરૂપ રાજાનો યુવરાજ હોય તેવો એક સુંદર અર્ધહાર તેમના ઉરસ્થળ ઉપર આરોપણ કર્યો; જાણે કાંતિવાન અભ્રકના સંપુટ હોય તેવા ઉજ્જવળ કાંતિથી શોભતાં બે દેવદૂષ્ય વસ્ત્રો રાજાને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધારણ કરાવ્યાં; અને જાણે લક્ષ્મીના ઉરસ્થળરૂપી મંદિરનો કાંતિમય કિલ્લો હોય તેવી એક સુશોભિત પુષ્પમાળા મહારાજાના કંઠમાં આરોપણ કરી. એ પ્રમાણે કલ્પવૃક્ષની જેમ અમૂલ્ય વસ્ત્ર અને માણિકયનાં આભૂષણ ધારણ કરીને મહારાજાએ સ્વર્ગનો જાણે ખંડ હોય તેવા તે મંડપને મંડિત કર્યો. પછી સર્વ પુરુષોમાં અગ્રણી અને વિશાળ બુદ્ધિવાન મહારાજાએ છડીદારની પાસે સેવક પુરુષોને બોલાવી આજ્ઞા કરી કે—'હે અધિકારી પુરૂષો! તમે હાથી ઉપર બેસી, સઘળી જગ્યાએ ફરી આ વિનીતા નગરીને બાર વર્ષ સુધી કોઈ પણ જાતની જકાત, કર, દંડ, કુદંડ અને ભય રહિત કરીને હર્ષવાળી કરો.' અધિકારીઓએ તરત જ તે પ્રમાણે ઉદ્‌ઘોષણા કરીને રાજાની આજ્ઞાનો અમલ કર્યો. **કાર્યસિદ્ધિમાં ચક્રવર્તીની આજ્ઞા એ પંદરમું રત્ન છે.**

પછી મહારાજા રત્નસિંહાસન ઉપરથી ઊઠ્યા, તેની સાથે જાણે તેમના પ્રતિબિંબો હોય તેમ બીજા સર્વે પણ ઊઠ્યા. પર્વત ઉપરથી ઉતરવાની જેમ સ્નાનપીઠ ઉપરથી ભરતેશ્વર પોતાના આગમનમાર્ગથી ઉતર્યા અને તે સાથે બીજા પણ પોતપોતાને રસ્તેથી ઉતર્યા. પછી જાણે પોતાનો અસહ્ય પ્રતાપ હોય તેમ ઉત્તમ હસ્તી ઉપર બેસી ચક્રી પોતાને પ્રાસાદે પધાર્યા. ત્યાં સ્નાનગૃહમાં જઈ નિર્મળ જળથી સ્નાન કરી તેમણે અષ્ટમભક્તનું પારણું કર્યું. એવી રીતે બાર વર્ષે અભિષેકોત્સવ સંપૂર્ણ થયો. ત્યારે ચક્રવર્તીએ સ્નાન, પૂજા, પ્રાયશ્ચિત અને કૌતુકમંગળ કરી, બહારના સભાસ્થાનમાં આવી સોળ હજાર આત્મરક્ષક દેવતાનો સત્કાર કરી તેમને વિદાય કર્યા. પછી વિમાનમાં રહેલા ઇંદ્રની જેમ મહારાજા પોતાના ઉત્તમ પ્રાસાદમાં રહી વિષયસુખ ભોગવવા લાગ્યા.

મહારાજાએ પોતાની આયુધશાળામાં ચક્ર, છત્ર, ખડ્ગ અને દંડ ચાર એકેન્દ્રિય રત્ન રાખ્યાં હતાં; રોહણાચળમાં માણિકયની જેમ તેમના લક્ષ્મીગૃહમાં કાંકિણીરત્ન, ચર્મરત્ન, મણિરત્ન અને નવ નિધિઓ હતાં. પોતાની જ નગરીમાં ઉત્પન્ન થયેલા સેનાપતિ, ગૃહપતિ, પુરોહિત અને વર્દ્ધકિ એ ચાર નરરત્નો હતા; વૈતાઢ્ય પર્વતના મૂળમાં ઉત્પન્ન થયેલ ગજરત્ન અને અશ્વરત્ન હતા અને વિદ્યાધરની ઉત્તમ શ્રેણીમાં ઉત્પન્ન થયેલ સ્ત્રીરત્ન હતું. નેત્રને આનંદ આપનારી મૂર્ત્તિથી તેઓ ચંદ્ર જેવા શોભતા હતા અને દુઃસહ પ્રતાપથી સૂર્ય જેવા લાગતા હતા. પુરુષરૂપ થયેલ સમુદ્ર હોય તેમ તેનો મધ્યભાગ (હૃદયનો આશય) જાણી શકાતો ન હતો અને કુબેરની જેમ તેમણે મનુષ્યોની સ્વામિતા મેળવી હતી. જંબુદ્વીપ જેમ ગંગા અને સિંધુ વિગેરે ૧૪ મોટી નદીઓથી શોભે તેમ તેઓ પૂર્વોક્ત ચતુર્દશ રત્નોથી શોભતા હતા. વિહાર કરતા ઋષભપ્રભુના ચરણ નીચે જેમ નવ સુવર્ણકમલો રહે તેમ તેમના ચરણ નીચે નિરંતર નવ નિધિઓ રહેતા હતા. જાણે ઘણાં મૂલ્યથી ખરીદ કરેલા આત્મરક્ષકો હોય તેવા સોળ હજાર પારિપાર્શ્વક દેવતાઓથી તે વીંટાયેલા રહેતા હતા. બત્રીશ હજાર કન્યાની જેમ બત્રીશ હજાર રાજાઓ નિર્ભર ભકિતથી તેમની ઉપાસના કરતા હતા. બત્રીશ હજાર નાટકોની જેમ બત્રીશ હજાર દેશની બીજી બત્રીશ હજાર કન્યાઓ સાથે તેઓ રમતા હતા. જગતમાં શ્રેષ્ઠ રાજા એવા તેઓ ત્રણસેં ને ત્રેસઠ દિવસોથી સંવત્સર (વર્ષ)ની જેમ તેટલા રસોઇઆથી તેઓ શોભતા હતા.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અઢાર લિપિને પ્રવર્ત્તાવનાર ઋષભદેવ ભગવાનની જેમ અઢાર શ્રેણી પ્રશ્રેણીવડે તેમણે પૃથ્વીમાં વ્યવહાર પ્રવર્ત્તાવ્યો હતો. ચોરાશી લાખ હસ્તી, ચોરાશી લાખ અશ્વ, ચોરાશી લાખ રથ અને છન્નું કોટી ગામડાઓ તથા તેટલા જ પાયદળથી તેઓ શોભતા હતા. બત્રીશ હજાર દેશ અને બોંતેર હજાર મોટા નગરના તેઓ અધિપતિ હતા. નવાણું હજાર દ્રોણમુખ અને અડતાળીશ હજાર કિલ્લાબંધ શહેરોના તે ઇશ્વર હતા. આડંબરયુક્ત લક્ષ્મીવાળા ચોવીશ હજાર કર્બટ અને ચોવીશ હજાર મંડબ અને વીશ હજાર ખાણોના તેઓ માલેક હતા. સોળ હજાર ખેટ(ખેડા)ના તેઓ શિક્ષાકર્ત્તા(ધણી) હતા. ચૌદ હજાર સંબાધના તથા છપ્પન દ્વીપ(બેટ)ના તેઓ પ્રભુ હતા અને ઓગણપચાસ કુરાજ્યના તેઓ નાયક હતા. એવી રીતે આખા ભરતક્ષેત્રના તેઓ શિક્ષા આપનાર સ્વામી હતા.

અયોધ્યા નગરીમાં રહી અખંડિત આધિપત્ય ચલાવનાર તે મહારાજા અભિષેક ઉત્સવના પ્રાંતસમયે એક વખત પોતાના સંબંધીઓના સ્મરણમાં પ્રવર્ત્યા, એટલે અધિકારી પુરુષોએ સાઠ હજાર વર્ષના વિરહથી મહારાજાના દર્શનમાં ઉત્સુક થયેલા સર્વ સંબંધીઓ તેમને દેખાડ્યા. તેમાં પ્રથમ બાહુબલિની સાથે જન્મેલી, ગુણથી સુંદર એવી સુંદરીને માનપૂર્વક બતાવી. તે સુંદરી ગ્રીષ્મઋતુથી આક્રાંત થયેલી સરિતાની જેમ કૃશ થયેલી હતી, હિમના સંપર્કથી કમલિનીની પેઠે તે કરમાઈ ગઈ હતી, હેમંત ઋતુના ચંદ્રની કળાની પેઠે તેનું રૂપલાવણ્ય નાશ પામ્યું હતું અને શુષ્ક પત્રવાલી કદલીની જેમ તેના ગાલ ફીક્કા અને કૃશ થઇ ગયા હતા. સુંદરીને આવી રીતે બદલાઇ ગયેલી જોઈ મહારાજાએ પોતાના અધિકારી પુરુષોને કોપથી કહ્યું-'અરે ! શું અમારા ઘરમાં શ્રેષ્ઠ અન્ન નથી ? લવણ સમુદ્રમાં લવણ નથી ? તે તે પ્રકારની રસવતીને જાણનારા રસોઇઆ નથી ? અથવા શું તેઓ નિરાદરવાળા અને આજીવિકામાં તસ્કર જેવા થઇ ગયા છે ? દ્રાક્ષ અને ખજુર વિગેરે ખાવાલાયક મેવો આપણે ત્યાં નથી ? સુવર્ણપર્વતમાં સુવર્ણ નથી ? ઉદ્યાનમાં વૃક્ષો અવકેશી (ફળ ન આપનાર) થયાં છે ? નંદનવનમાં પણ વૃક્ષો ફળતા નથી ? ઘડા જેવા આઉવાળી ગાયો દૂધ આપતી નથી ? કામધેનુના સ્તનનો પ્રવાહ સુકાઈ ગયો છે ? અથવા તે તે પ્રકારની ભોજ્યાદિ સંપત્તિ છતાં સુંદરી કોઈ રોગવાળી થઈ છે કે જેથી કાંઇ ભોજન કરતી નથી ? કદાપિ કાયાના સૌંદર્યને ચોરનાર કોઈ રોગ તેના શરીરમાં હોય તો સર્વ વૈદ્યો શું કથાવશેષ થઇ ગયા છે ? કદાપિ આપણા ઘરમાં દિવ્ય ઔષધિ રહી ન હોય તો શું હિમાદ્રિ પર્વત હાલ ઔષધિરહિત થઈ ગયો છે ? હે અધિકારીઓ ! દરિદ્રીની પુત્રી જેવી દુર્બળ થયેલી સુંદરીને જોઈ ઘણો ખેદ હું પામું છું અને તેથી શત્રુઓની પેઠે તમે મને છેતર્યો છે.'

ભરતપતિને આવું કોપયુક્ત બોલતાં સાંભળી અધિકારીઓ પ્રણામ કરી બોલ્યા—'મહારાજ ! સ્વર્ગપતિની જેવા આપના સદનમાં સર્વ વસ્તુ છે; પરંતુ જ્યારથી આપ દિગ્વિજય કરવા પધાર્યા ત્યારથી આ સુંદરી ફક્ત પ્રાણરક્ષણને માટે આયંબિલ તપ કરે છે અને આપ મહારાજાએ તેમને દીક્ષા લેતાં રોકયાં છે તેથી ભાવદીક્ષિત થઈને રહેલ છે.' એ વૃત્તાંત સાંભળી કલ્યાણકારી મહારાજા સુંદરી તરફ જોઈ બોલ્યા 'હે કલ્યાણિ ! તમે દીક્ષા લેવાને ઇચ્છો છો ?' સુંદરીએ કહ્યું—' એમજ છે.'

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એ સાંભળી ભરતરાય બોલ્યા–" અહો ! પ્રમાદ અથવા સરલપણાથી હું આટલા વખત સુધી તેના વ્રતમાં વિઘ્નકારી થઇ પડ્યો. આ પુત્રી તો પિતાજીને અનુરૂપ (સદૃશ) થઇ અને અમે પુત્રો હંમેશાં વિષયમાં આસક્ત તથા રાજ્યમાં અતૃપ્ત રહેનારા થયા ! આયુષ્ય સમુદ્રના જળતરંગની જેવું નાશવંત છે, એમ છતાં પણ વિષયલુબ્ધજનો એ જાણતા નથી. જોતજોતામાં નષ્ટ થઈ જનારી વિદ્યુત્‌થી જેમ માર્ગનું અવલોકન કરી લેવાય તેમ આ ગંત્વર આયુષ્યથી સાધુજનની જેમ મોક્ષ સાધી લેવો એ જ યોગ્ય છે. માંસ, વિષ્ટા, મૂત્ર, મળ, પ્રસ્વેદ અને વ્યાધિમય આ શરીરને શણગારવું તે ઘરની ખાળને શણગારવા જેવું છે ! હે બેન ! તમને શાબાશ છે કે તમે આ શરીરથી મોક્ષરૂપ ફળને ઉત્પન્ન કરનાર વ્રત ગ્રહણ કરવાને ઇચ્છો છો. નિપુણ લોકો લવણસમુદ્રમાંથી પણ રત્નને ગ્રહણ કરે છે." હર્ષ પામેલા મહારાજાએ આ પ્રમાણે બોલી દીક્ષાને માટે આજ્ઞા કરવાથી, તપથી કૃશ થયેલી સુંદરી જાણે પુષ્ટ હોય તેમ હર્ષથી ઉલ્લાસ પામી.

એ સમયે જગતરૂપી મયૂરને મેઘ સમાન ભગવાન્ ઋષભસ્વામી વિહાર કરતા અષ્ટાપદગિરિએ આવીને સમોસર્યા. જાણે રત્ન, સુવર્ણ અને રૂપાનો બીજો પર્વત હોય તેવું તે પર્વત ઉપર દેવતાઓએ સમવસરણ રચ્યું અને તેમાં બેસી પ્રભુ દેશના આપવા લાગ્યા. ગિરિપાલકોએ આવી તત્કાળ ભરતપતિને તે નિવેદન કર્યું. મેદિનીપતિને એ વૃત્તાંત સાંભળવાથી ભરત ક્ષેત્રના ષટ્‌ખંડના વિજયથી પણ અધિક પ્રમોદ થયો. સ્વામીના આગમનને કહેનારા તે ભૃત્યોને તેમણે સાડી બાર કોટી સોનૈયાનું પારિતોષિક આપ્યું અને સુંદરીને કહ્યું—' તારા મનોરથની મૂર્ત્તિમંત જાણે સિદ્ધિ હોય તેવા જગદ્‌ગુરુ વિહાર કરતા અહીં આવ્યા છે.' પછી ચક્રીએ દાસીજનની જેમ અંતઃપુરની સ્ત્રીઓની પાસે સુંદરીનો નિષ્ક્રમણઅભિષેક કરાવ્યો. સ્નાન કરી, પવિત્ર વિલેપન કર્યા પછી જાણે બીજું વિલેપન કર્યું હોય તેવા છેડાવાળા ઉજ્જવળ વસ્ત્ર અને ઉત્તમ રત્નાલંકાર સુંદરીએ પહેર્યાં. જો કે તેણે શીલરૂપ મહાઅલંકાર ધારણ કરેલ હતો તો પણ આચાર જાળવવાને માટે તેણે બીજા અલંકારો સ્વીકાર્યા. તે વખતે રૂપસંપત્તિવડે શોભતી સુંદરીની પાસે સ્ત્રીરત્ન સુભદ્રા દાસી જેવી લાગતી હતી. શિયળવડે સુંદર તે બાળા જંગમ કલ્પવલ્લીની જેમ યાચકોને જે માગે તે આપતી હતી. હંસી જેમ કમલિની ઉપર બેસે તેમ કપૂરની રજ જેવા સફેદ વસ્ત્રથી શોભતી તે એક શિબિકામાં આરૂઢ થઈ. હસ્તીઓ, ઘોડેસ્વારો, પાયદળ અને રથોથી પૃથ્વીને આચ્છાદિત કરતા મહારાજા મરૂદેવીની જેમ સુંદરીની પછવાડે ચાલ્યા. તેને બે પડખે ચામર ઢોળાતા હતા, મસ્તકે શ્વેત છત્ર શોભતું હતું અને ચારણ ભાટો તેના વ્રત સંબંધી ગાઢ સંશ્રયને વખાણતા હતા. ભોજાઈઓ તેના દીક્ષોત્સવનાં મંગળિક ગીતો ગાતી હતી અને ઉત્તમ સ્ત્રીઓ પગલે પગલે તેના ઉપરથી લૂણ ઉતારતી હતી. એવી રીતે સાથે ચાલનારા અનેક પૂર્ણ પાત્રોથી શોભતી તે પ્રભુના ચરણથી પવિત્ર થયેલા અષ્ટાપદપર્વત ઉપર આવી. ચંદ્રસહિત ઉદયાચળની જેમ પ્રભુએ અધિષ્ઠિત કરેલા તે ગિરિને જોઈ ભરત તથા સુંદરી ઘણો હર્ષ પામ્યાં. સ્વર્ગ અને મોક્ષમાં જવાની જાણે નિઃસરણી હોય તેવા તે વિશાળ શિલાવાળા પર્વત ઉપર તે બંને ચડ્યા અને સંસારથી ભય પામેલા પ્રાણીઓને શરણ તુલ્ય, ચાર દ્વારવાળા અને સંક્ષિપ્ત કરેલી (જંબૂદ્વીપની) જગતિ (કોટ) હોય તેવા સમવસરણ સમીપે આવ્યા. સમવસરણના

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

ઉત્તર દ્વારના માર્ગથી તેમણે યથાવિધિએ પ્રવેશ કર્યો. પછી હર્ષ અને વિનયવડે પોતાના શરીરને ઉચ્છ્વાસિત તથા સંકોચિત કરતા તેઓએ પ્રભુને ત્રણ પ્રદક્ષિણા દઇ, પંચાંગે ભૂમિનો સ્પર્શ કરી નમસ્કાર કર્યો. તે સમયે જાણે રત્નભૂતળમાં સંક્રાંત થયેલા પ્રભુના બિંબને જોવાને તેઓ ઇચ્છતા હોય તેમ જણાતું હતું. પછી ચક્રવર્તીએ ભક્તિથી પવિત્ર થયેલી વાણીવડે પ્રથમ ધર્મચક્રી(તીર્થંકર)ની સ્તુતિ કરવાનો આરંભ કર્યો.

'હે પ્રભુ ! અછતા ગુણોને કહેનારા મનુષ્યો અન્ય જનોની સ્તુતિ કરી શકે છે, પણ હું તો તમારા છતા ગુણોને કહેવાને પણ અસમર્થ છું, તેથી આપની સ્તુતિ કેમ કરી શકું ? તથાપિ દરિદ્ર પુરુષ પણ જેમ લક્ષ્મીવંતને અલ્પ ભેટ કરે છે તેમ હે જગન્નાથ ! હું આપની સ્તુતિ કરીશ. હે પ્રભુ ! ચંદ્રના કિરણોથી શેફાલી જાતના વૃક્ષોનાં પુષ્પો ગળી જાય છે. તેમ તમારા ચરણકમળના દર્શનમાત્રથી પ્રાણીઓના અન્ય જન્મનાં કરેલાં પાપો પણ ગળી જાય છે. હે સ્વામી ! જેની ચિકિત્સા ન થઇ શકે એવા મહામોહરૂપી સંનિપાતવાળા પ્રાણીઓને વિષે પણ અમૃત ઔષધિના રસ જેવી તમારી વાણી જયવંતી વર્તે છે. હે નાથ ! વર્ષાઋતુની વૃષ્ટિની જેમ ચક્રવર્તી અને રંકજન ઉપર સદૃશ ભાવવાળી તમારી દૃષ્ટિ પ્રીતિસંપત્તિના એક કારણરૂપ છે. હે સ્વામી ! ક્રૂર કર્મરૂપી બરફની ગાંઠને ગાળી દેવામાં સૂર્યની જેવા આપ અમારી જેવાના પુણ્યથી જ પૃથ્વી પર વિચરો છો. હે પ્રભુ ! શબ્દાનુશાસનમાં વ્યાપી રહેલા સંજ્ઞાસૂત્રની જેવી ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યમય તમે કહેલી ત્રિપદી જયવંતી વર્તે છે. હે ભગવન્ ! જેઓ તમારી સ્તુતિ કરે છે તેઓને આ છેલ્લો ભવ થાય છે, તો જેઓ તમારી સેવા અને ધ્યાન કરે તેની તો વાત જ શી કરવી ?'

આવી રીતે ભગવંતને સ્તવી નમસ્કાર કરી ભરતેશ્વર ઇશાન કૂણમાં યોગ્ય સ્થાને બેઠા. પછી સુંદરી, ભગવાન્ વૃષભધ્વજને વાંદી અંજલિ જોડી ગદ્ગદ્ અક્ષરવાળી ગિરાથી બોલી--'હે જગત્પતિ ! આટલા કાળ સુધી હું આપને મનથી જોતી હતી પણ આજે તો ઘણા પુણ્યથી અને ભાગ્યોદયથી આપના પ્રત્યક્ષ દર્શન થયાં છે. આ મૃગતૃષ્ણા જેવા મિથ્યા સુખવાળા સંસારરૂપી મરૂદેશમાં અમૃતના દ્રહ જેવા તમે લોકોને પુણ્યથી જ પ્રાપ્ત થયા છો. હે જગન્નાથ ! આપ મમતારહિત છો તો પણ જગત ઉપર તમે વાત્સલ્ય રાખો છો, નહીં તો આ વિષમ દુઃખના સમુદ્રથી તેનો કેમ ઉદ્ધાર કરો ! હે પ્રભુ ! મારી બેન બ્રાહ્મી, મારા ભત્રીજાઓ અને તેમના પુત્રો એ સર્વ તમારા માર્ગને અનુસરીને કૃતાર્થ થયા છે, ભરતના આગ્રહથી મેં આટલો કાળ વ્રત ગ્રહણ ન કર્યું તેથી હું પોતે ઠગાઈ છું. હે વિશ્વતારક ! હવે મને દીનને તમે તારો; આખા ઘરમાં ઉદ્યોત કરનાર દીપક ઘડાને શું ઉદ્યોત નથી આપતો ? આપે છે જ, માટે હે વિશ્વનું રક્ષણ કરવામાં વત્સલ ! આપ પ્રસન્ન થાઓ અને સંસારસમુદ્રને તરવામાં વહાણ સમાન દીક્ષા મને આપો.' સુંદરીના એવાં વચન સાંભળી 'હે મહાસત્ત્વે ! તને શાબાશ છે' એમ કહી સામાયિક સૂત્રોચ્ચારપૂર્વક પ્રભુએ તેને દીક્ષા આપી, પછી તેને મહાવ્રતરૂપી વૃક્ષોના ઉદ્યાનમાં અમૃતની નીક જેવી શિક્ષામય દેશના આપી, એટલે જાણે મોક્ષ પ્રાપ્ત થયો હોય એમ માનતી તે મહામના સાધ્વી મોટાઓની પાછળ વ્રતિનીગણ (સાધ્વીઓના સમૂહ)ની મધ્યમાં બેઠી. પ્રભુની દેશના સાંભળી તેમના ચરણકમળને નમી મહારાજા ભરતપતિ હર્ષ પામી અયોધ્યા નગરીમાં ગયા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યાં પોતાના સર્વ સ્વજનોને જોવાની ઈચ્છાવાળા મહારાજાને અધિકારીઓએ જે આવ્યા તેને બતાવ્યા અને ન આવ્યા તેમને સંભારી આપ્યા. પછી પોતાના ભાઈઓ જેઓ અભિષેક ઉત્સવમાં પણ આવ્યા નહોતા તેમને બોલાવવાને ભરતરાજાએ એક એક દૂત મોકલ્યો. દૂતોએ જઈ તેમને કહ્યું—'તમે રાજ્યની ઈચ્છા કરતા હો તો ભરત રાજાની સેવા કરો.' દૂતોના કહેવાથી તેઓ સર્વે વિચાર કરી બોલ્યા—'પિતાએ અમને તથા ભરતને રાજ્ય વહેંચી આપેલું છે તો ભરતની સેવા કરવાથી તે અમને અધિક શું કરશે? શું તે કાળ આવ્યે કાળને રોકી શકશે? શું દેહને પકડનારી જરારાક્ષસીનો તે નિગ્રહ કરશે? શું પીડાકારી વ્યાધિરૂપી વ્યાધોને મારી શકશે? અથવા શું ઉત્તરોત્તર વધતી જતી તૃષ્ણાને ચૂર્ણ કરશે? જો આવી જાતનું સેવાનું ફળ આપવાને ભરત સમર્થ ન હોય તો સર્વસામાન્ય મનુષ્યપણામાં કોણ કોને સેવવા યોગ્ય છે? તેને ઘણું રાજ્ય હોવા છતાં પણ તેટલાથી અસંતોષી હોવાને લીધે પોતાના બળથી જો અમારાં રાજ્ય ગ્રહણ કરવાની ઈચ્છા કરે તો અમે પણ એક પિતાના જ પુત્રો છીએ, તેથી હે દૂતો! અમે પિતાજીને વિદિત કર્યા સિવાય તમારા સ્વામી કે જે અમારા મોટા ભાઈ છે. તેની સાથે યુદ્ધ કરવાને ઉત્સાહ ધરતા નથી.' એ પ્રમાણે દૂતોને કહી ઋષભદેવજીના તે (૯૮) પુત્રો અષ્ટાપદ પર્વત ઉપર સમવસરણની અંદર બિરાજેલા ઋષભસ્વામીની પાસે ગયા. ત્યાં પ્રથમ ત્રણ પ્રદક્ષિણા કરી પરમેશ્વરને તેમણે પ્રણામ કર્યા. પછી મસ્તકે અંજલિ જોડી તેઓ નીચે પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા.

'હે પ્રભુ! દેવતાઓ પણ તમારા ગુણોને જાણી શકતા નથી તો તમારી સ્તુતિ કરવાને બીજું કોણ સમર્થ થાય? તથાપિ બાળકની જેવી ચપળતાવાળા અમે તમારી સ્તુતિ કરીએ છીએ. જેઓ હંમેશાં તમને નમસ્કાર કરે છે તેઓ તપસ્વીથી પણ અધિક છે અને જેઓ તમારી સેવા કરે છે તેઓ યોગીથી પણ અધિક છે. હે વિશ્વને પ્રકાશ કરનાર સૂર્ય! પ્રતિદિવસ નમસ્કાર કરનારા જે પુરુષના મસ્તકમાં તમારા ચરણનખનાં કિરણો આભૂષણરૂપ થાય છે તે પુરુષોને ધન્ય છે! હે જગત્પતિ! તમે કોઈનું કાંઈ પણ સામ વચનથી કે બળથી ગ્રહણ કરતા નથી. તથાપિ તમે ત્રૈલોક્યચક્રવર્તી છો. હે સ્વામિન્! સર્વ જળાશયોના જળમાં ચંદ્રના પ્રતિબિંબની જેમ તમે એક જ સર્વ જગતના ચિત્તમાં રહેલા છો. હે દેવ! તમારી સ્તુતિ કરનાર પુરુષ સર્વને સ્તુતિ કરવા યોગ્ય થાય છે, તમને પૂજનાર સર્વને પૂજવા યોગ્ય થાય છે અને તમને નમસ્કાર કરનાર સર્વને નમસ્કાર કરવા યોગ્ય થાય છે, તેથી તમારી ભક્તિ મોટા ફળવાળી કહેવાય છે. દુઃખરૂપી દાવાનળથી તપ્ત થયેલા જનોમાં તમે મેઘ સમાન છો અને મોહાંધકારથી મૂઢ થયેલા જનોને તમે દીપક સમાન છો. માર્ગમાં છાયા વૃક્ષની જેમ રાંકના, સમર્થના, મૂર્ખના અને ગુણીજનના એક સરખા ઉપકારી છો." આ પ્રમાણે સ્તુતિ કર્યા પછી ભ્રમરની પેઠે પ્રભુના ચરણકમળમાં પોતાની દૃષ્ટિ રાખી સર્વ એકઠા થઈ વિજ્ઞપ્તિ કરવા લાગ્યા—"હે સ્વામિન્! આપે અમને અને ભરતને યોગ્યતા પ્રમાણે જુદા જુદા દેશના રાજ્યો વહેંચી આપેલાં છે. અમે તો તે રાજ્યથી સંતુષ્ટ થઈને રહીએ છીએ, કારણ કે સ્વામીએ બતાવેલી મર્યાદા વિનયી લોકોને અનુલ્લંઘ્ય છે; પરંતુ હે ભગવાન્! અમારા મોટા ભાઈ ભરત પોતાના રાજ્યથી અને હરણ કરેલા બીજાનાં રાજ્યોથી પણ જળથી વડવાનળની જેમ હજી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંતોષ પામતા નથી. જેમ બીજા રાજાઓનાં રાજ્ય તેણે ખેંચી લીધાં, તેમ અમારાં રાજ્યોને પણ ખુંચવી લેવાને તે ઇચ્છે છે. એ ભરત રાજા અપર રાજાઓની પેઠે અમારી પાસે પણ પોતાના દૂતો મોકલી આજ્ઞા કરે છે કે તમે રાજ્યને છોડી દો અથવા મારી સેવા કરો. હે પ્રભુ ! પોતાને મોટો માનનારા ભરતના વચનમાત્રથી અમે નપુંસકની જેમ તાતે આપેલા રાજ્યને કેમ છોડી દઈએ ? તેમજ અધિક ઋદ્ધિમાં ઇચ્છારહિત એવા અમે તેની સેવા પણ કેમ કરીએ ? જે અતૃપ્ત માણસ હોય તે જ માનને નાશ કરનારી પર સેવા અંગીકાર કરે છે. રાજ્ય છોડવું નહી અને સેવા કરવી નહીં ત્યારે યુદ્ધ કરવું એ સ્વતઃસિદ્ધ થાય છે; તથાપિ આપને પૂછ્યા સિવાય અમે કાંઈ પણ કરવાને સમર્થ નથી.”

પુત્રોની આવી વિજ્ઞપ્તિ સાંભળી જેમના નિર્મળ કેવળજ્ઞાનમાં સર્વ જગત સંક્રાંત થયેલું છે એવા કૃપાળુ ભગવાન્ આદીશ્વરે તેઓને આ પ્રમાણે આજ્ઞા કરી-“ હે વત્સો ! પુરુષવ્રતધારી વીર પુરુષોએ તો અત્યંત દ્રોહ કરનારા વૈરીવર્ગની સાથે જ યુદ્ધ કરવું જોઇએ. રાગ, દ્વેષ, મોહ અને કષાયો જીવોને સેંકડો જન્માંતરમાં પણ અનર્થ આપનારા શત્રુઓ છે. રાગ સદ્ગતિએ જવામાં લોઢાની શૃંખલા સમાન બંધનકારક છે, દ્વેષ નરકાવાસમાં નિવાસ કરવાને બળવાન ‘માનરૂપ છે, મોહ સંસારસમુદ્રની ઘુમરીમાં નાખવાને [1]પણ-રૂપ છે અને કષાય અગ્નિની જેમ પોતાના આશ્રિત જનોનું દહન કરે છે; તે માટે અવિનાશી ઉપાયરૂપ અસ્ત્રોથી નિરંતર યુદ્ધ કરીને પુરુષોએ તે વૈરીને જીતવા અને સત્યશરણભૂત ધર્મની સેવા કરવી, જેથી શાશ્વત આનંદમય પદની પ્રાપ્તિ સુલભ થાય. આ રાજ્યલક્ષ્મી અનેક યોનિમાં પાત[2] કરાવનારી, અતિ પીડા આપનારી, અભિમાનરૂપ ફળ-વાળી અને નાશવંત છે. હે પુત્રો ! પૂર્વે સ્વર્ગના સુખથી પણ તમારી તૃષ્ણા પૂરી થઇ નથી તો અંગારા[3] કરનારની પેઠે મનુષ્ય સંબંધી ભોગથી તો તે કેમ જ પૂરી થાય ? અંગારા કરનારનો સંબંધ આ પ્રમાણે—

કોઈ અંગારા કરનાર પુરુષ જળની મસક લઇને નિર્જળ અરણ્યમાં અંગાર કરવાને માટે ગયો. ત્યાં મધ્યાહ્નના અને અંગારાના તાપથી ઉત્પન્ન થયેલી તૃષાથી તે આક્રાંત થયો તેથી સાથે લાવેલી મસકનું સર્વ જળ પી ગયો; તોપણ તેની તૃષા શાંત થઈ નહીં, એટલે તે સૂઈ ગયો. સ્વપ્નમાં જાણે તે ઘેર ગયો અને ઘરની અંદર રહેલા કલશ, ગોળા અને ગાગર વિગેરેનું સર્વ જળ પી ગયો, તથાપિ અગ્નિને તેલની પેઠે તેની તૃષા શાંત થઈ નહીં એટલે એણે વાવ, કૂવા અને સરોવરનું જળ પીને શોષણ કર્યું, તેવી જ રીતે સરિતા[4] અને સમુદ્રનું જળપાન કરી તેનું પણ શોષણ કર્યું, તોપણ નારકીના જીવોની તૃષાવેદનાની જેમ તેની તૃષા ત્રુટી નહીં. પછી મરુદેશના[5] કૂપમાં જઇને રજ્જુથી દર્ભનો પૂળો બાંધી જળને માટે તેમાં નાંખ્યો; આર્ત્ત માણસ શું ન કરે ? કૂવામાં જળ બહુ ઊંડું હતું તેથી દર્ભનો પૂળો કૂવામાંથી કાઢતાં મધ્યમાં જ જળ ઝમી ગયું: તોપણ ભિક્ષુક તેલનું પોતું નીચોવીને ખાય તેની પેઠે તે તેને નીચોવીને પીવા લાગ્યો; પણ જે તૃષા સમુદ્રના જળથી પણ ત્રુટી નહી તે પૂળાના નીચોવેલા જળથી કેમ તૂટે ?

---

૧ પણ–પ્રતિજ્ઞા (મોહે એવી પ્રતિજ્ઞા કરી છે કે સર્વ પ્રાણીઓને સંસારરૂપ ઘુમરીમાં નાખવા). ૨ પાડનારી. ૩ કોયલા. ૪ નદી. ૫ મારવાડના.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે પ્રમાણે તમારી પણ સ્વર્ગના સુખથી નહીં છિન્ન થયેલી તૃષ્ણા રાજ્યલક્ષ્મીથી કેમ છેદાશે ? માટે હે વત્સો ! વિવેકી એવા તમોએ અમંદ આનંદમાં ઝરારૂપ અને મોક્ષ-પ્રાપ્તિનું કારણ એવું સંયમરૂપી રાજ્ય ગ્રહણ કરવું ઘટે છે."

આવાં સ્વામીનાં વચન સાંભળીને તે અઠ્ઠાણું પુત્રોને તત્કાળ સંવેગરંગ ઉત્પન્ન થયો અને તે જ વખતે ભગવંતની પાસે તેમણે દીક્ષા લીધી. 'અહો ! કેવું આમનું ધૈર્ય ! કેવું સત્વ અને કેવી વૈરાગ્યબુદ્ધિ !' એમ ચિંતવન કરતા દૂતોએ આવીને તે સર્વ વૃત્તાંત ચક્રીને નિવેદન કર્યો. પછી તારાઓની જ્યોતિનો જેમ જ્યોતિઃપતિ(ચંદ્ર) સ્વીકાર કરે, અગ્નિઓના તેજનો જેમ સૂર્ય સ્વીકાર કરે અને સર્વ પ્રવાહોના જળનો સમુદ્ર સ્વીકાર કરે તેમ તેમનાં રાજ્યો ચક્રવર્તીએ સ્વીકાર્યાં.

**इत्याचार्यश्रीहेमचन्द्रविरचिते त्रिषष्टिशलाकापुरुषचरित्रे महाकाव्ये प्रथमपर्वणि भरतचक्रोत्पत्तिदिग्विजयराज्याभिषेकसोदर्य-व्रतग्रहणकीर्त्तनो नाम चतुर्थः सर्गः ॥ ४ ॥**

## સર્ગ પાંચમો

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

એકદા ભરતેશ્વર સુખપૂર્વક સભામાં બેઠા હતા તે વખતે સુષેણ સેનાપતિએ નમસ્કાર કરીને કહ્યું: 'હે મહારાજ ! તમે દિગ્વિજય કર્યો તો પણ મદોન્મત્ત હસ્તી જેમ આલાનસ્તંભ પાસે આવે નહિ તેમ તમારું ચક્ર હજી નગરીમાં પેસતું નથી.'

ભરતેશ્વર બોલ્યાઃ 'સેનાપતિ ! છ ખંડ ભરતક્ષેત્રમાં અદ્યાપિ કયો વીર પુરૂષ મારી આજ્ઞા સ્વીકારતો નથી ?'

ત્યારે મંત્રીએ કહ્યું: "સ્વામિન્ ! હું જાણું છું કે આપ મહારાજાએ ક્ષુદ્રહિમાલય સુધી આખું ભરતક્ષેત્ર જીતી લીધું છે, દિગ્વિજય કરીને આવેલા તમારે જીતવા યોગ્ય કોણ અવશેષ રહેલો હોય ? કારણ કે ફરતી ઘંટીમાં પડેલા ચણામાંથી એક પણ દાણો દળાયા વિના અવશેષ રહેતો નથી; તથાપિ નગરીમાં પ્રવેશ નહીં કરતું ચક્ર, 'અદ્યાપિ તમારી આજ્ઞાને ઉલ્લંઘન કરનાર કોઇ ઉન્મત્ત પુરૂષ જીતવા યોગ્ય રહ્યો છે' એમ સૂચવે છે. હે પ્રભુ ! દેવતાઓને પણ દુર્જય કોઈ પુરુષ તમારે જીતવા યોગ્ય રહેલો હું જોતો નથી, પણ અરે મારા જાણવામાં આવ્યું કે વિશ્વમાં એક દુર્જય પુરૂષ આપે જીતવા યોગ્ય રહ્યો છે. એ ઋષભસ્વામિનોજ પુત્ર અને આપનો નાનો ભાઇ **બાહુબલિ** છે. તે મહાબળવાન્ અને બળવંત પુરૂષનાં બળનો નાશ કરનાર છે. એક તરફ જેમ સર્વ અસ્ત્ર અને એક તરફ વજ્ર તેમ એક તરફ રાજાઓ અને એક તરફ બાહુબલિ છે. જેમ તમે ઋષભદેવ-

જીના લોકોત્તર પુત્ર છો તેમ તે પણ તેવા છે. જ્યાં સુધી તમે તેમને જીત્યા નથી ત્યાં સુધી કોઈને જીત્યા નથી. આ ષટ્ખંડ ભરતમાં આપની જેવો કોઈ જોવામાં આવતો નથી, તો પણ તેનો જય કરવાથી આપનો અત્યંત ઉત્કર્ષ થવાનો. એ બાહુબલિ જગતને માનવા યોગ્ય તમારી આજ્ઞા માનતો નથી, તેથી તેને સાધ્યા સિવાય જાણે લજ્જા પામ્યું હોય તેમ ચક્ર નગરમાં પ્રવેશ કરતું નથી. રોગની જેમ અલ્પ શત્રુની પણ ઉપેક્ષા કરવી ઘટે નહીં, માટે હવે વિલંબ કર્યા વિના જય કરવાનો યત્ન કરો.''

મંત્રીનું એવું વચન સાંભળી દાવાનળ અને મેઘની વૃષ્ટિ વડે પર્વતની જેમ તત્કાળ કોપ અને શાંતિથી આશ્લિષ્ટ થઇ ભરતેશ્વર આ પ્રમાણે બોલ્યાઃ 'એક તરફ નાનો ભાઇ આજ્ઞા સ્વીકારતો નથી તે લજ્જાકારી છે અને બીજી તરફ નાના ભાઈ સાથે યુદ્ધ કરવું તે મને બાધાકારી છે. જેની આજ્ઞા પોતાના ઘરમાં નથી ચાલતી તેની આજ્ઞા બહાર પણ ઉપહાસ્યકારી છે. તેમ નાના ભાઇના અવિનયની અસહનતા તે પણ અપવાદરૂપ છે. ગર્વ પામેલાને શિક્ષા કરવી જોઈએ એવો રાજધર્મ છે અને ભાઇઓમાં સારી રીતે રહેવું જોઈએ એ વ્યવહાર છે; આ પ્રમાણે હું ખરેખરા સંકટમાં આવી પડયો છું.'

અમાત્યે કહ્યું: 'મહારાજ ! આપનું તે સંકટ આપના મહત્વથી તે અનુજ બંધુજ ટાળશે; કારણ કે મોટા ભાઈએ આજ્ઞા આપવી અને નાના ભાઈએ તે પાળવી એવો આચાર સામાન્ય ગૃહસ્થોમાં પણ પ્રવર્તે છે, માટે આપ તે નાના ભાઇને સંદેશો કહેનાર દૂત મોકલી લોકરુઢી પ્રમાણે આજ્ઞા કરો. હે દેવ ! કેશરીસિંહ જેમ પલાણને સહન ન કરે તેમ વીરમાની તમારો નાનો ભાઈ જો સર્વ જગતને માનવા યોગ્ય તમારી આજ્ઞાને નહીં સહન કરે તો પછી ઇન્દ્રની જેવા પરાક્રમવાળા આપે તેને શિક્ષા આપવી પડશે. તેમ કરતાં લોકાચારનો અતિક્રમ ન થવાથી તમને લોકાપવાદ લાગશે નહીં.'

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

મહારાજાએ મંત્રીનું તે વચન સ્વીકાર્યું, **તેમને શાસ્ત્ર અને લોકવ્યવહારને અનુસરતી વાણી ગ્રહણ કરવી જોઇએ.** પછી નીતિજ્ઞ, દૃઢ અને વાચાળ એવા પોતાના **સુવેગ** નામના દૂતને શિખામણ આપી બાહુબલિ પ્રત્યે મોકલ્યો. પોતાના સ્વામિની શ્રેષ્ઠ શિક્ષાને દૂતપણાની દીક્ષાની જેમ અંગીકાર કરી રથમાં આરુઢ થઈ તે સુવેગ **તક્ષશિલા** નગરી તરફ ચાલ્યો.

સારા સૈન્યનો પરિવાર લઈ અત્યંત વેગવાળા રથમાં બેસીને જયારે તે વિનીતા નગરીની બહાર નીકળ્યો ત્યારે જાણે ભરતપતિની શરીરધારી આજ્ઞા હોય એવો તે જણાવા લાગ્યો. માર્ગે જતાં કાર્યના આરંભમાં વારંવાર વામ (અવળા) દૈવને જોતો હોય તેમ તેનું વામ નેત્ર ફરકવા લાગ્યું; અગ્નિમંડળના મધ્યમાં નાડીને ધમનારા પુરૂષની પેઠે તેની દક્ષિણ નાડી રોગ વિના પણ વારંવાર વહેવા લાગી, તોતડું બોલનારની જિહ્વા જેમ અસંયુક્ત વર્ણનમાં પણ સ્ખલના પામે તેમ તેનો રથ સરખા માર્ગમાં પણ વારંવાર સ્ખલના પામવા લાગ્યો; તેના ઘોડેસ્વારોએ આગળ જઇ વારેલો પણ જાણે ઉલટો પ્રેરેલો હોય તેમ કૃષ્ણસાર મૃગ (કાળીયાર) તેના દક્ષિણ ભાગથી વામ ભાગ તરફ ગયો; સુકાઈ ગયેલ કાંટાના વૃક્ષ ઉપર બેસીને ચંચૂરુપી શસ્ત્રને પાષાણની જેમ ઘસતો કાક પક્ષી તેની આગળ કટુસ્વરે બોલવા લાગ્યો; તેના પ્રયાણને રોકવાની ઇચ્છાથી દૈવે જાણે અર્ગલા નાંખી હોય તેમ

લંબાયમાન કૃષ્ણસર્પ તેની આડો ઉતર્યો; જાણે પશ્ચાત્ વિચાર કરવામાં વિદ્વાન્ એવા તે સુવેગને પાછો વાળતો હોય તેમ પ્રતિકૂળ વાયુ તેની આંખોમાં રજ નાંખતો વાવા લાગ્યો; અને લોટની કણિક મૂકયા વિનાના અથવા ફુટી ગયેલા મૃદંગની પેઠે વિરસ શબ્દ કરતો ગધેડો તેની જમણી તરફ રહીને શબ્દ કરવા લાગ્યો. આવા અપશુકનોને સુવેગ જાણતો હતો તથાપિ આગળ ચાલ્યો: કેમકે નિમકહલાલ નોકરો સ્વામિના કાર્યમાં બાણની પેઠે સ્ખલના પામતા નથી. ઘણાં ગામ, નગર, આકર અને કર્બટને ઓળંગતો તે ત્યાંના નિવાસી લોકોને ક્ષણવાર વંટોળીઆની પેઠે દેખાયો. સ્વામિના કાર્યને માટે દંડની જેમ પ્રવર્તેલો તે વૃક્ષખંડ, સરોવર અને સિંધુના તટ વિગેરેમાં પણ વિશ્રામ લેતો નહોતો. એવી રીતે પ્રયાણ કરતો તે જાણે મૃત્યુની એકાંત રતિભૂમિ હોય તેવી મહાઅટવીમાં આવી પહોંચ્યો. રાક્ષસોની જેવા ધનુષ તૈયાર કરીને હાથીઓના નિશાન કરનાર અને ચમૂરુ જાતના મૃગચર્મના બખ્તર પહેરનારા ભિલ્લ લોકોથી તે અટવી વ્યાપ્ત હતી, જાણે યમરાજાના સગોત્રી હોય તેવા ચમૂરુ મૃગ, ચિત્રા, વ્યાઘ્ર, સિંહ અને સરભ વિગેરે ક્રૂર પ્રાણીઓથી તે ભરપૂર હતી. પરસ્પર વઢતા સર્પ અને નકુળવાળા રાફડાઓથી ભયંકર લાગતી હતી, રીંછના કેશ ધારણ કરવામાં વ્યગ્ર એવી નાની ભિલડીઓ તેમાં ફરતી હતી, પરસ્પર સંગ્રામ કરીને મહિષો તે અટવીના જીર્ણ વૃક્ષોને ભાંગી નાંખતા હતા, મધ લેનાર પુરુષોએ ઉડાડેલી મધુમક્ષિકાઓને લીધે તે અટવીમાં સંચાર થઈ શકતો નહોતો, તેમજ આકાશ સુધી પહોંચેલા ઊંચા વૃક્ષસમૂહથી સૂર્ય પણ તે અટવીમાં દેખાતો નહોતો. પુણ્યવાન જેમ વિપત્તિને ઉલ્લંઘન કરે તેમ વેગવાળા રથમાં બેઠેલો સુવેગ તે ઘોર અટવી લીલામાત્રમાં ઓળંગી ગયો. ત્યાંથી તે બહલી દેશમાં આવી પહોંચ્યો.

JAINSITE.com
જૈનમ જયતિ શાસનમ

તે દેશમાં માર્ગના અંતર ભાગમાં વૃક્ષો નીચે અલંકાર ધારણ કરેલી અને સ્વસ્થ થઈને બેઠેલી વટેમાર્ગુની સ્ત્રીઓ સુરાજ્યપણાને જણાવતી હતી. દરેક ગોકુળે વૃક્ષની નીચે બેઠેલા અને હર્ષિત ગોપાલના પુત્રો ઋષભચરિત્ર ગાતા હતા, જાણે ભદ્રશાળ વનમાંથી લાવીને આરોપણ કર્યા હોય તેવાં ફળવાળાં અને ઘાટાં ઘણાં ઘણાં વૃક્ષોથી તે દેશનાં સર્વ ગામડાં અલંકૃત થયેલાં હતાં. ત્યાં દરેક ગામે અને ઘરે ઘરે દાન આપવામાં દીક્ષિત થયેલા ગૃહસ્થ લોકો યાચકોની શોધ કરતા હતા. ભરતરાજાથી ત્રાસ પામીને જાણે ઉત્તર ભરતાર્દ્ધમાંથી આવ્યા હોય એવા અક્ષીણ સમૃદ્ધિવાળા યવન લોકોનો કેટલાંએક ગામોમાં નિવાસ હતો. ભરતક્ષેત્રના છ ખંડથી જાણે એક જુદો જ ખંડ હોય તેમ તે દેશના લોકો ભરત રાજાની આજ્ઞાને તદ્દન જાણતા જ નહોતા. એવા તે બહલી દેશમાં જતો સુવેગ, માર્ગમાં મળતા તે દેશના લોકો કે જેઓ બાહુબલિ સિવાય બીજા રાજાને જાણતા નહોતા અને જેઓ અનાર્ત્ત (પીડારહિત) હતા તેઓની સાથે વારંવાર વાર્ત્તા કરતો હતો. વનમાં તથા પર્વતોમાં ફરનારા દુર્મદ અને શિકારી પ્રાણીઓ પણ બાહુબલિની આજ્ઞાથી પાંગળા થઇ ગયા હોય તેવા તે જોતો હતો. પ્રજાના અનુરાગ વચનથી અને મોટી સમૃદ્ધિથી બાહુબલિની નીતિને તે અદ્વૈત માનવા લાગ્યો. એ પ્રમાણે ભરતરાજાના અનુજ બંધુનો ઉત્કર્ષ સાંભળવાથી વારંવાર વિસ્મિત થયેલો સુવેગ પોતાના સ્વામીનો સંદેશો સંભારતો તક્ષશિલા નગરી પાસે આવી પહોંચ્યો. નગરીના બહારના ભાગમાં રહેનારા લોકોએ સહજ આંખ



www.jainsite.com   For Private & Personal Use Only   info@jainsite.com

ઊંચી કરી તેને એક પાંથ તરીકે ક્ષણવાર જોયો. ક્રીડાઉદ્યાનમાં ધનુર્વિદ્યાની ક્રીડા કરનારા સુભટોના ભુજાસ્ફોટથી તેના ઘોડા ત્રાસ પામી ગયા. આમ તેમ નગરલોકોની સમૃદ્ધિ જોવામાં વ્યગ્ર થયેલા સારથીનું પોતાના કાર્યમાં ધ્યાન નહીં રહેવાથી તેમનો રથ ઉન્માર્ગગામી થઇ સ્ખલના પામ્યો. બહારનાં ઉદ્યાનવૃક્ષો પાસે જાણે સમસ્ત દ્વીપના ચક્રવર્તીઓના ગજરત્નો એકઠા કર્યા હોય તેવા ઉત્તમ હસ્તીઓને બાંધેલા તેણે જોયા. જાણે જ્યોતિષ્ક દેવતાનાં વિમાનો છોડીને આવ્યા હોય તેવા ઉત્તમ અશ્વોવડે ઉન્નત અશ્વશાળાઓ તેના જોવામાં આવી. ભરતના નાના ભાઈના ઐશ્વર્યના આશ્ચર્યને જોવાથી જાણે શિરોવેદના થતી હોય તેમ મસ્તકને ધુણાવતા તે દૂતે તક્ષશિલા નગરીમાં પ્રવેશ કર્યો. જાણે અહમિંદ્ર હોય તેવા સ્વચ્છંદ વૃત્તિવાળા અને પોતપોતાની દુકાનો ઉપર બેઠેલા ધનાઢ્ય વણિકોને જોતો જોતો તે રાજદ્વારે આવ્યો.

જાણે સૂર્યના તેજને છેદી લઈને બનાવ્યા હોય તેવા ચળકતા ભાલાઓને ધારણ કરનારા પાળાઓનું સૈન્ય તે રાજદ્વાર પાસે ઉભેલું હતું. કોઇ ઠેકાણે ઇક્ષુપત્રના અગ્રભાગ જેવી બરછીઓ લઇને ઉભેલા પાળાઓ, જાણે શૌર્યરૂપી વૃક્ષો પલ્લવિત થયાં હોય તેવાં શોભતાં હતાં. જાણે એકદંતા હાથીઓ હોય તેવા પાષાણને ભંગ કરવામાં પણ અભંગ લોઢાના મુદ્ગરોને ધારણ કરનારા સુભટો કોઈ ઠેકાણે ઊભા હતા. જાણે ચંદ્રના ચિહ્નવાળી ધ્વજા ધારણ કરેલ હોય તેમ ઢાલ સહિત તરવારને ધારણ કરનારા પ્રચંડ શક્તિવાળા વીરપુરુષોના સમૂહથી તે રાજ્યદ્વાર શોભી રહ્યું હતું. કોઈ ઠેકાણે દૂરથી નક્ષત્રગણ સુધી બાણને ફેંકનારા અને શબ્દાનુસારે વીંધનારા બાણાવળી પુરુષો બાણનાં ભાથાં પૃષ્ઠભાગે રાખીને અને હાથમાં કાલપૃષ્ઠ ધનુષ્ય ધારણ કરીને ઊભા હતા. જાણે દ્વારપાળ હોય તેમ તેની બંને બાજુઓ ઊંચી શુંઢ રાખીને રહેલા બે હસ્તીઓથી તે રાજ્યદ્વાર દૂરથી ભયંકર જણાતું હતું. આવું તે નરસિંહનું સિંહદ્વાર(અગ્રદ્વાર) જોઈને સુવેગનું મન વિસ્મય પામ્યું. દ્વાર પાસે અંદર પ્રવેશ કરવાની રજાને માટે તે રોકાયો; કેમકે રાજમંદિરની એવી મર્યાદા છે. તેના કહેવાથી દ્વારપાળે અંદર જઇ બાહુબલિને નિવેદન કર્યું કે 'તમારા મોટા ભાઈનો સુવેગ નામે એક દૂત આવીને બહાર ઉભેલો છે.' રાજાએ આજ્ઞા કરી એટલે છડી-દારે બુદ્ધિવંતમાં શ્રેષ્ઠ એવા તે સુવેગને સૂર્યમંડળમાં બુદ્ધિની જેમ સભામાં પ્રવેશ કરાવ્યો.

ત્યાં વિસ્મય પામેલા સુવેગે રત્નસિંહાસન ઉપર બેઠેલા અને જાણે તેજનું દૈવત હોય તેવા બાહુબલિને જોયા. જાણે આકાશમાંથી સૂર્યો આવ્યા હોય તેવા રત્નમય મુગટ ધારણ કરનારા તેજસ્વી રાજાઓ તેની ઉપાસના કરતા હતા. પોતાના સ્વામીની વિશ્વાસરૂપ સર્વસ્વ વલ્લીના સંતાન મંડનરૂપ, બુદ્ધિવંત અને પરિક્ષણવડે શુદ્ધ-પ્રધાનોનો સમૂહ તેની પાસે બેઠેલો હતો. પ્રદીપ્ત મુગટમણિવાળા અને જગતને અધૃષ્ય (નહીં ધારણ કરી શકાય તેવા) હોવાથી જાણે નાગકુમારો હોય તેવા રાજકુમારો તેની આસપાસ રહેલા હતા. બહાર કાઢેલી જિહ્વાવાળા સર્પોની પેઠે ઉઘાડા આયુધોને હાથમાં રાખીને રહેલા હજારો આત્મરક્ષકોથી તે મલયાચલની પેઠે ભયંકર લાગતો હતો. ચમરીમૃગ જેમ હિમાલય પર્વતને તેમ અતિસુંદર વારાંગનાઓ તેને ચામર વીંઝતી હતી. વીજળી સહિત શરદ્ઋતુના મેઘની જેમ પવિત્ર વેષવાળા અને છડીવાળા છડીદારથી તે શોભતો હતો. સુવેગે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અંદર પ્રવેશ કરી, શબ્દ કરતી સુવર્ણની લાંબી શૃંખલાવાળા હસ્તીની પેઠે લલાટથી પૃથ્વીનો સ્પર્શ કરી તે બાહુબલિને પ્રણામ કર્યા, તત્કાળ મહારાજાએ ભ્રકુટીની સંજ્ઞાથી મંગાવેલા આસનને પ્રતિહારે બતાવ્યું એટલે તે તેના ઉપર બેઠો. પછી પ્રસાદરૂપ અમૃતથી ધોયેલી ઉજ્જવળ દૃષ્ટિથી સુવેગ તરફ જોતાં બાહુબલિ રાજા આ પ્રમાણે બોલ્યા—"સુવેગ ! આર્ય ભરત કુશળ છે ? પિતાજીએ લાલિત અને પાલિત કરેલી વિનીતાની સર્વ પ્રજા કુશળ છે ? કામાદિક છ શત્રુઓની જેમ ભરતક્ષેત્રના છ ખંડોનો વિજય મહારાજા ભરતે અંતરાય રહિત કર્યો ? સાઠ હજાર વર્ષ સુધી ઉત્કટ યુદ્ધો કરીને સેનાપતિ વિગેરે સર્વ પરિવાર કુશળતાએ પાછો આવ્યો ? સિંદૂરથી લાલ કરેલા કુંભસ્થળો વડે આકાશને સંધ્યાના અભ્રમય કરતી મહારાજાના હાથીઓની ઘટા કુશળ છે ? હિમાલય સુધી પૃથ્વીને આક્રાંત કરીને આવેલા મહારાજાના ઉત્તમ અશ્વો ગ્લાનિરહિત છે ? અખંડ આજ્ઞાવાળા અને સર્વ રાજાઓએ સેવાતા આર્ય ભરતના દિવસો સુખે વ્યતીત થાય છે ?"

એવી રીતે પૂછીને વૃષભાત્મજ બાહુબલિ મૌન રહ્યા એટલે આવેગ રહિત થઇ અંજલિ જોડી સુવેગ બોલ્યો—"સર્વ પૃથ્વીનું કુશળ કરનાર ભરતરાયને પોતાનું કુશળ તો સ્વતઃ સિદ્ધ જ છે. જેનું રક્ષણ કરનારા તમારા મોટા ભાઈ છે એવી નગરી, સેનાપતિ, હસ્તી અને અશ્વો વગેરેનું અકુશળ કરવાને દૈવ પણ સમર્થ નથી. એ ભરત રાજાથી અધિક કે તુલ્ય બીજો કોઇ કયાં છે કે જે તેમના છ ખંડ વિજયમાં વિઘ્નકારી થાય. સર્વ રાજાઓ અખંડિત આજ્ઞાથી તેમનું સર્વત્ર સેવન કરે છે તથાપિ મહારાજા ભરતપતિ કયારે પણ અંતઃકરણમાં હર્ષ પામતા નથી; કારણ કે દરિદ્ર હોય તો પણ જે પોતાના કુટુંબથી સેવાય તે ઇશ્વર છે અને જે ઇશ્વર હોય તથાપિ કુટુંબથી ન સેવાય તેને ઐશ્વર્યસુખ કયાંથી હોય ? સાઠ હજાર વર્ષને અંતે આવેલા તમારા મોટા ભાઈ ઉત્કંઠાથી સર્વ અનુજ બંધુઓની આવવાની રાહ જોયા કરતા હતા. સર્વ સંબંધી અને મિત્રાદિક ત્યાં આવ્યા અને તેઓએ તેમનો મહારાજ્યાભિષેક કર્યો. તે સમયે તેમની પાસે ઇંદ્ર સહિત દેવતાઓ આવ્યા હતા, તો પણ તેમાં પોતાનાં નાના ભાઈઓને જોયા નહીં તેથી મહારાજા હર્ષ પામ્યા નહીં. બાર વર્ષ સુધી મહારાજ્યાભિષેક ચાલ્યો. તે દરમ્યાન ભાઈઓને ન આવેલા જાણી તેમને બોલાવવાને દૂતો મોકલ્યા, કેમકે **ઉત્કંઠા બળવાન છે.** તેઓ કાંઇક વિચારીને ભરતરાય પાસે આવ્યા નહીં અને પિતાજીની પાસે જઇને તેમણે વ્રત ગ્રહણ કર્યું. હવે તેઓ નિરાગી હોવાથી તેમને કોઇ પોતાનો કે પારકો નથી, તેથી તેઓનાથી મહારાજા ભરતનું ભ્રાતૃવાત્સલ્યનું કૌતુક પૂર્ણ થાય તેમ નથી માટે તમારો જો તેમના ઉપર બંધુપણાનો સ્નેહ હોય તો તમે ત્યાં પધારો અને મહીપતિના હૃદયમાં હર્ષ પમાડો. તમારા મોટા ભાઈ ઘણે કાળે દિગંતમાંથી આવ્યા છે તે છતાં તમે બેસી રહ્યા છો, તેથી તમે વજ્રથી પણ અધિક કઠોર છો એમ હું તર્ક કરું છું, વડિલ બંધુની અવજ્ઞા કરો છો તેથી તમે નિર્ભયથી પણ નિર્ભય છો એમ હું માનું; કારણ કે શૂરવીરોએ પણ ગુરુજનને વિષે ભયથી વર્ત્તવું જોઈએ. એક તરફ વિશ્વનો વિજય કરનાર અને એક તરફ ગુરુનો વિનયી હોય તો તેમાં કોની પ્રશંસા કરવી એ પર્ષદાના લોકોએ વિચાર કરવાની જરૂર નથી; કેમકે **ગુરુનો વિનય જ પ્રશંસાને યોગ્ય છે.** આવો તમારો અવિનય તે સર્વસહ મહારાજા સહન કરશે પણ તેથી પિશુન લોકોને નિરંકુશ અવકાશ મળશે. પરંતુ તમારી અભક્તિને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રકાશ કરનારી પિશુન લોકોની વાણીરૂપ તક્ર(છાશ)ના છાંટા અનુક્રમે દૂધની જેમ મહારાજાના ચિત્તને દૂષણ પમાડશે. સ્વામીના સંબંધમાં પોતાનું અલ્પ છિદ્ર હોય તે પણ રક્ષણીય છે; કેમકે થોડાં છિદ્રવડે પણ પાણી સમગ્ર પાળનો નાશ કરે છે. 'આટલા વખત સુધી હું ન આવ્યો, હવે કેમ આવી શકું ?' એવી તમે શંકા ન કરતાં હમણાં પણ ચાલો; કેમકે **સારા સ્વામીઓ ભૂલને ગ્રહણ કરતા નથી.** આકાશમાં સૂર્ય ઉગવાથી જેમ ઝાકળ નાશ પામે તેમ તમારા ત્યાં આવવાથી પિશુન લોકોના મનોરથ નાશ પામશે. પર્વણીને દિવસે સૂર્યથી ચંદ્રની જેમ સ્વામીની સાથે સંગમ કરવાથી તમે તેજમાં વૃદ્ધિ પામો. સ્વામીની પેઠે આચરણ કરનારા ઘણા બળવંત પુરુષો પોતાનું સેવ્યપણું છોડી દઈ તે મહારાજાની સેવા કરે છે. જેમ દેવતાઓને ઈંદ્ર સેવવા યોગ્ય છે તેમ નિગ્રહ અને અનુગ્રહ કરવામાં સમર્થ ચક્રવર્તી સર્વ રાજાઓએ સેવવા યોગ્ય છે. તમે ફક્ત ચક્રવર્તીપણાનો પક્ષ લઈને પણ તેમની સેવા કરશો તો તેથી અદ્વૈત ભ્રાતૃસૌહાર્દના પક્ષનો પણ ઉદ્યોત કરશો. કદાપિ મારો ભ્રાતા છે એમ ધારી તમે ત્યાં નહીં આવો તો તે પણ યુક્ત કહેવાશે નહીં; કેમકે આજ્ઞાને સાર જાણનારા રાજાઓ જ્ઞાતિભાવે કરીને પણ નિગ્રહ કરે છે. લોહચુમ્બકથી લોઢાની જેમ પોતાના ઉત્કૃષ્ટ તેજથી આકૃષ્ટ થયેલા દેવ, દાનવ અને મનુષ્યો ભરતપતિની પાસે આવે છે. મહારાજા ભરતને ઈંદ્ર પણ અર્ધ આસન આપી મિત્રરૂપ થઈ ગયો છે, તો તેમને ફક્ત આગમન માત્રથી તમે કેમ અનુકૂલ થતા નથી ? જો તમે વીરમાની થઈને તે મહારાજાનું અપમાન કરશો તો સૈન્ય સહિત તમે, તેના પરાક્રમરૂપ સમુદ્રમાં સાથુઆના ચૂર્ણની મુષ્ટિતુલ્ય છો એમ જાણજો. જાણે ચાલતા પર્વતો હોય તેવા ઐરાવત હસ્તી જેવા તેમના ચોરાશી લાખ હાથીઓ સામા આવતા હોય તો તેઓને કોણ સહન કરી શકે તેમ છે ? વળી કલ્પાંત સમુદ્રના કલ્લોલની પેઠે સમગ્ર પૃથ્વી પ્લાવિત કરતા તેટલા જ અશ્વ અને રથો પણ કોણ રોકી શકે તેમ છે ? છન્નુ કોટી ગામના અધિપતિ એવા મહારાજાના છન્નુ કોટી પાળાઓ સિંહની જેમ કોને ત્રાસ ન પમાડે ? તેમનો એક સુષેણ સેનાપતિ હાથમાં દંડ લઈને આવતો હોય તો યમરાજની પેઠે તેને દેવ અને અસુરો પણ સહન કરી શકે તેમ નથી. સૂર્યને અંધકારની જેમ અમોઘ ચક્રને ધારણ કરનાર ભરતચક્રીને આ ત્રણ લોક પણ કાંઇ હિસાબમાં નથી; માટે હે બાહુબલિ ! તેજ અને વયમાં જ્યેષ્ઠ એવા તે મહારાજા રાજ્ય અને જીવિતની ઇચ્છાવાળા તમોએ સેવવા યોગ્ય છે."

સુવેગનાં એવાં વચનો સાંભળી પોતાના બાહુબળથી જગતના બળનો નાશ કરનાર બાહુબલિ જાણે બીજો સમુદ્ર હોય તેમ ગંભીર શબ્દે બોલ્યા—"હે દૂત ! તને શાબાશ છે. વાચાળમાં તું અગ્રણી છો જેથી મારી આગળ આવી વાણી બોલવાને સમર્થ થયો છે. મોટા ભાઈ ભરત અમારે પિતાતુલ્ય છે. તેઓ બંધુનો સમાગમ ઇચ્છે છે તે તેમને ઘટે છે; પણ સુર, અસુર અને રાજાઓની લક્ષ્મીથી ઋદ્ધિવાળા થયેલા તે અલ્પ વૈભવવાળા અમારા આવવાથી લજ્જા પામશે એમ ધારીને અમે આવ્યા નથી. સાઠ હજાર વર્ષ સુધી પરરાજ્યોને ગ્રહણ કરવામાં રોકાયેલા હતા તેજ તેમને કનિષ્ઠ ભાઈઓનાં રાજ્યો ગ્રહણ કરવામાં વ્યગ્ર થવાનું કારણ છે. જો સૌભ્રાતૃપણાનું કારણ હોત તો તે પોતાના ભાઈઓની પાસે એક એક દૂતને રાજ્ય અથવા સંગ્રામની ઇચ્છાથી શા માટે મોકલત ? લોભી એવા પણ મોટા ભાઈની સાથે કોણ યુદ્ધ કરે એવી બુદ્ધિથી મહાસત્વવંત એવા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અમારા નાના ભાઈઓ પિતાને અનુસર્યા છે. તેમના રાજ્ય ગ્રહણ કરવાથી છળ જોનારા તારા સ્વામીની બકચેષ્ટા[1] હવે પ્રગટ થઈ છે. એવી જ રીતે અને એવો જ સ્નેહ બતાવવા માટે એ ભરતે વાણીના પ્રપંચમાં વિશેષ પ્રકારે વિચક્ષણ એવા તને મારી પાસે મોકલ્યો છે. એ નાના ભાઈઓએ દીક્ષા લઈ પોતાનાં રાજ્યોનું દાન કરી જેવો હર્ષ તેને ઉત્પન્ન કર્યો છે તેવો હર્ષ એ રાજ્યલુબ્ધને મારા આવવાથી થશે ? નહીં થાય. તેમને હું વજ્રથી કઠોર છું; પરંતુ થોડા વૈભવવાળો છતાં ભાઈનો તિરસ્કાર કરવાના ભયથી હું તેની ઋદ્ધિ ગ્રહણ કરતો નથી. તે પુષ્પોથી કોમળ છે પણ માયાવી છે, કે જેણે અવર્ણવાદથી ભય પામેલા પોતાના નાના ભાઈઓનાં રાજ્ય જાતે ગ્રહણ કર્યાં. હે દૂત ! ભાઈઓના રાજ્યને ગ્રહણ કરનારા તે ભરતની અમે ઉપેક્ષા કરી તેથી નિર્ભયમાં પણ નિર્ભય એવા અમે શેના ! **ગુરુ જનમાં વિનય રાખવો એ પ્રશસ્ત છે, પણ જો ગુરુ પોતે ગુરુ થાય તો પણ ગુરુના ગુણથી રહિત એવા ગુરુજનમાં વિનય રાખવો એ તો ઉલટું લજ્જાસ્પદ છે.** ગર્વવાળા, કાર્ય અકાર્યને નહીં જાણનારા અને ઉન્માર્ગગામી એવા ગુરુજનનો પણ ત્યાગ જ કરવો જોઈએ. અમે શું તેના અશ્વાદિક લઈ લીધા છે કે તેનાં નગરાદિક ભગ્ન કર્યાં છે કે જેથી અમારા અવિનયને એ સર્વસહ રાજાએ સહન કર્યો એમ તું કહે છે. દુર્જનોના પ્રતિકારને માટે અમે તેવા કાર્યમાં પ્રવર્ત્તતા નથી; માટે વિચારીને કાર્ય કરનારા સત્પુરુષો શું ખલ પુરુષોનાં વચનથી દૂષિત થાય છે ? આટલો વખત અમે આવ્યા નહીં તેથી નિઃસ્પૃહ થઈને તેઓ કોઈ ઠેકાણે ચાલ્યા ગયા તે આજ હવે અમે તે ચક્રીની પાસે આવીએ ! ભૂતની પેઠે છળને શોધનાર તે સર્વત્ર અપ્રમત્ત અને અલુબ્ધ એવા અમારી કઈ ભૂલને ગ્રહણ કરશે ? તેમનો કોઈ દેશ કે બીજું કાંઇ પણ અમે ગ્રહણ કર્યું નથી. વળી એ ભરતેશ્વર અમારા સ્વામી શી રીતે થાય ? મારા અને તેમના ભગવાન ઋષભદેવ જ સ્વામી છે, તો અમો બંનેને પરસ્પરમાં સ્વામીસંબંધ કેમ ઘટે ? તેજના કારણરૂપ હું ત્યાં આવવાથી તેઓનું તેજ કેમ રહેશે ? કારણ કે સૂર્યનો ઉદય થયે અગ્નિ તેજસ્વી રહેતો નથી. અસમર્થ રાજાઓ પોતે સ્વામી છતાં પણ તેને સ્વામી ગણી તેની સેવા કરે; કેમકે એવા રાંક રાજાઓના નિગ્રહ અને અનુગ્રહ કરવામાં એ સમર્થ છે. ભ્રાતૃસ્નેહના પક્ષે પણ જો હું તેની સેવા કરું તો તે ચક્રવર્તીપણાને સંબંધે જ ગણાય; કેમકે લોકોનાં મુખ બંધાતાં નથી. હું તેમનો નિર્ભય ભ્રાતા છું અને તે આજ્ઞા કરવા યોગ્ય છે; પણ જાતિપણાના સ્નેહનું તેમાં શું કામ છે ? એક જાતિ એવા વજ્રથી અથવા વજ્રનું વિદારણ નથી થતું શું ? સુર, અસુર અને નરોની ઉપાસનાથી તે ભલે પ્રસન્ન થાઓ, પણ તેમાં મારે શું ? કેમકે સજ્જ રથ પણ માર્ગે ચાલવાને સમર્થ થાય છે, ઉન્માર્ગે તો ભાંગી જાય છે. ઇંદ્ર પિતાજીનો ભક્ત છે, તેથી તેને પિતાજીનો જ્યેષ્ઠ પુત્ર ગણી પોતાના અર્ધ આસન ઉપર બેસારે તો તેથી શું તે ગર્વ પામે છે ? એ ભરતરૂપ સમુદ્રમાં સૈન્ય સહિત બીજા રાજાઓ સાથુઆના ચૂર્ણની મુષ્ટિ જેવા થાય છે તે ખરું, પણ તેજથી દુઃસહ એવો હું તો તે સમુદ્રમાં વડવાનળ જેવો છું. સૂર્યના તેજમાં બીજાં તેજ માત્ર લય થઇ જાય, તેમ ભરતરાજા પોતાનાં અશ્વ, હસ્તી, પાયદલ અને સેનાપતિ સુદ્ધાં મારામાં લય થઇ જાય. બાળપણામાં હાથીની જેમ મેં તેને પગેથી પકડીને

---

૧ બગલા જેવી ચેષ્ટા ( માયાવીપણું ).

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મારા કરવડે માટીના ઢેફાંની જેમ ગગનમાં ઉડાડ્યો હતો; ગગનમાં બહુ ઊંચે ઊડ્યા પછી પાછા નીચે પડતાં 'એ પ્રાણરહિત ન થાઓ' એમ ધારી મેં જ તેને પુષ્પની પેઠે ઝીલી લીધો હતો; પણ હાલમાં વાચાળ થયેલા એવા તેના જીતેલા રાજાઓનાં ચાટુ ભાષણોથી જાણે બીજા જન્મને પામ્યો હોય તેમ તે એ સઘળું ભૂલી ગયો જણાય છે, પરંતુ તે સર્વે ચાટુકારો નાસી જશે અને એ એકલો બાહુબળથી થતી વ્યથાને સહન કરશે. અરે દૂત ! તું અહીંથી ચાલ્યો જા. રાજ્ય અને જીવિતની ઇચ્છાથી તે ભલે અહીં આવે. પિતાએ આપેલા રાજ્યભાગથી તુષ્ટ થયેલો હું તેની પૃથ્વીની ઉપેક્ષા કરું છું તેથી મારે ત્યાં આવવાની જરૂર નથી."

બાહુબલિએ એવી રીતે કહેવાથી જાણે વિચિત્ર કાયાવાળા (ચિતરા) હોય તેવા અને સ્વામીની દૃઢ આજ્ઞારૂપી પાશથી બંધાએલા બીજા રાજાઓ પણ કોપથી રક્ત નેત્રો કરી સુવેગને જોવા લાગ્યા. 'મારો મારો' એમ રોષથી બોલતા અને અધરને સ્ફુરાવતા કુમારો વારંવાર તેની ઉપર કટાક્ષ નાંખવા લાગ્યા, ખડ્ગને હલાવતા પરિકર બાંધી દૃઢ થયેલા અંગરક્ષકો જાણે મારવાને ઇચ્છતા હોય તેમ ભ્રકુટી ચડાવીને તેને જોવા લાગ્યા અને સ્વામીનો કોઇ સાહસિક પદાતિ આ વરાકને મારી તો નહીં નાખે એમ મંત્રીઓ તેની ચિંતા કરવા લાગ્યા. તેવામાં હાથ તૈયાર કરી પગને ઊંચો કરી રહેલો હોવાથી જાણે તેને કંઠમાંથી પકડવાને ઉત્સુક હોય તેવા છડીદારે તેને આસન ઉપરથી ઉઠાડ્યો. આ પ્રમાણે થવાથી તે મનમાં ક્ષોભ પામ્યો, તોપણ ધૈર્યનું અવલંબન કરી સુવેગ સભાસ્થાનમાંથી બહાર નીકળ્યો. ક્રોધ પામેલા બાહુબલિના આકરા શબ્દોના અનુમાનથી રાજદ્વારમાં રહેલું પાયદળ સૈન્ય રોષવડે ક્ષોભ પામ્યું. તેઓમાંના કેટલાક ક્રોધથી ઢાલ ફેરવવા લાગ્યા, કેટલાક તલવાર નચાવવા લાગ્યા, કેટલાક ફેંકવાને માટે ચક્ર તૈયાર કરવા લાગ્યા, કોઈ મુદ્‍ગર લેવા લાગ્યા, કોઇ ત્રિશૂળવડે સ્ફોટન કરવા લાગ્યા, કોઈ ભાથાં બાંધવા લાગ્યા, કોઈ દંડ ગ્રહણ કરવા લાગ્યા અને કોઇ પરશુને પ્રેરવા લાગ્યા. તેઓને આવી સ્થિતિવાળા જોઇ ચોતરફથી જાણે પગલે પગલે પોતાનું મૃત્યુ જોતો હોય તેમ સ્ખલિત ચરણથી ચાલતો સુવેગ નરસિંહ(બાહુબલિ)ના સિંહદ્વારથી બહાર નીકળ્યો. ત્યાંથી રથમાં બેસી ચાલતાં માર્ગમાં નગરલોકોની પરસ્પર થતી આવી વાણી તેણે સાંભળી—

૧ લો પુરુષ—આ નવીન પુરુષ રાજદ્વારમાંથી કોણ નીકળ્યો ?

૨ જો પુરુષ—એ ભરતરાજાનો દૂત જણાય છે.

૧ લો પુરુષ—શું પૃથ્વીમાં બાહુબલિ સિવાય બીજો કોઈ રાજા છે ?

બીજો—હા, અયોધ્યામાં બાહુબલિનો મોટો ભાઈ ભરત નામે રાજા છે.

પહેલો—આ દૂતને તેણે અહીં શા માટે મોકલ્યો હશે ?

બીજો—પોતાના ભાઈ બાહુબલિ રાજાને એ લાવવા માટે.

પહેલો—આટલા વખત સુધી આપણા સ્વામીના તે ભાઈ ક્યાં ગયા હતા ?

બીજો—ભરતક્ષેત્રના છ ખંડનો વિજય કરવા ગયા હતા.

પહેલો—હાલ ઉત્કંઠિત થઈને તેણે પોતાના નાના ભાઈને શા માટે બોલાવ્યા હશે ?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બીજો—બીજા સામાન્ય રાજાની પેઠે સેવા કરવા માટે.

પહેલો—સર્વ રાજાઓને જીતીને તે હવે આ ખીલા ઉપર ચડે છે તેનું શુ કારણ ?

બીજો—અખંડ ચક્રવર્તીપણાનું અભિમાન એ તેમાં કારણભૂત છે.

પહેલો—કનીષ્ઠ બંધુથી જીતાયેલો એ રાજા પોતાનું મોઢું કેમ બતાવી શકશે ?

બીજો—સર્વ સ્થાનકે જય મેળવનાર માણસ પોતાના ભાવી પરાભવને જાણતો નથી.

પહેલો—એ૰ભરતરાજાને મંત્રીવર્ગમાં કોઈ ઉંદર જેવો પણ નથી ?

બીજો—તેને કુળક્રમથી થયેલા બુદ્ધિવાળા ઘણા મંત્રીઓ છે.

પહેલો—ત્યારે સર્પના મસ્તકને ખણવાને ઇચ્છતા એ ભરતને તે મંત્રીઓએ કેમ વાર્યો નહીં હોય ?

બીજો—તેમણે તેમને વાર્યો નથી પણ ઉલટો પ્રેર્યો છે; કેમકે ભવિતવ્યતા એવી જ જણાય છે.

નગરજનોની આવી વાણી સાંભળતો સુવેગ નગરની બહાર નીકળ્યો. નગરદ્વાર પાસે જાણે દેવતાઓએ પ્રગટ કરી હોય તેમ બંને ઋષભપુત્રોની યુદ્ધકથા ઇતિહાસની જેમ તેના સાંભળવામાં આવી. ક્રોધથી સુવેગ જેમ જેમ માર્ગમાં ઉતાવળો ચાલવા લાગ્યો તેમ તેમ જાણે હરીફાઈ કરતી હોય તેમ યુદ્ધની કથા પણ ઉતાવળી પ્રસરવા લાગી. માત્ર વાર્તા સાંભળીને જ રાજાની આજ્ઞાની જેમ દરેક નગરે અને દરેક ગામે વીર સુભટો યુદ્ધને માટે તૈયાર થવા લાગ્યા. યોગીઓ જેમ શરીરને દૃઢ કરે તેમ કોઇ સંગ્રામના રથો શાળામાંથી બહાર કાઢીને તેમાં નવી ધરીઓ વિગેરે નાંખી તેને દૃઢ કરતા હતા. કોઇ પોતાના અશ્વોને અશ્વપાટીકમાં દાખલ કરી તેમને પાંચ પ્રકારની ગતિઓથી ચલાવી રણને યોગ્ય કરી શ્રમને દૂર કરાવવા લાગ્યા હતા. કોઈ જાણે પ્રભુની તેજોમય મૂર્ત્તિ હોય તેવા પોતાના ખડ્ગ વિગેરે આયુધોને સરાણીયાને ઘેર લઈ જઈ સજાવીને તીક્ષ્ણ કરાવવા લાગ્યા હતા. કોઈ સારા શૃંગ જોડી અને નવી તાંત બાંધી યમરાજની ભ્રૂકુટી જેવા પોતાનાં ધનુષોને તૈયાર કરતા હતા. કોઈ પ્રયાણમાં સ્વર કર્યા કરવાથી જાણે પ્રાણવાળા વાજિંત્રો હોય તેવા અરણ્યઉંટોને કવચ વિગેરે વહન કરવાને લાવતા હતા. તાર્કિક પુરુષો જેમ સિદ્ધાંતને દૃઢ કરે તેમ કોઈ પોતાનાં બાણોને, કોઈ બાણના ભાથાને, કોઈ મસ્તકે પહેરવાના ટોપને અને કોઈ બખ્તરને ( જો કે તેઓ દૃઢ હતા તો પણ ) વિશેષ દૃઢ કરતા હતા અને કોઈ જાણે ગંધર્વોના ભુવન હોય તેવા મૂકી રાખેલા મોટા તંબુ અને કનાતને પહોળા કરી જોવા લાગ્યા હતા. જાણે એક બીજાની સ્પર્ધા કરતા હોય તેમ બાહુબલિ રાજાને વિષે ભક્તિવાળા તે દેશના લોકો આ પ્રમાણે યુદ્ધને માટે તૈયાર થતા હતા. રાજભક્તિને ઈચ્છતો કોઈ પુરુષ સંગ્રામમાં જવા માટે તૈયાર થતો હતો તેને કોઈ આપ્ત પુરુષે આવીને વાર્યો તેથી જાણે અનાપ્ત હોય તેમ તેના ઉપર તે કોપ કરવા લાગ્યો. અનુરાગવડે પોતાના પ્રાણથી પણ રાજાનું પ્રિય કરવાને ઈચ્છતા લોકોનો આવો આરંભ માર્ગમાં ચાલ્યા જતા સુવેગના જોવામાં આવ્યો. યુદ્ધની વાત સાંભળીને તથા લોકોને વિષે થતી તૈયારી દેખીને, બાહુબલિને વિષે અદ્વૈત ભક્તિવાળા કેટલાક પર્વતના રાજાઓ પણ બાહુબલિની પાસે જવા લાગ્યા. ગોપના શબ્દથી ગાયોની જેમ તે પર્વત રાજાઓએ કરેલા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગોશૃંગનો નાદ સાંભળી નિકુંજમાંથી હજારો કિરાતલોકો દોડીને આવવા લાગ્યા. તે શૂરવીર કિરાતોમાંના કોઈ વાઘના પુંછડાની ત્વચાથી, કોઇ મોરના પીછાંથી અને કોઈ લતાઓથી વેગવડે પોતાનાં કેશપાસ બાંધવા લાગ્યા. કોઇ સર્પની ત્વચાથી, કોઈ વૃક્ષોની ત્વચાથી અને કોઇ ઘોની ત્વચાથી પહેરેલા મૃગચર્મને બાંધવા લાગ્યા. કપિઓની પેઠે ઠેકતા તેઓ હાથમાં પાષાણ અને ધનુષ લઈને સ્વામીભક્ત શ્વાનની પેઠે પોતાના સ્વામીને વીંટાઈ વળવા લાગ્યા. તેઓ પરસ્પર બોલતા હતા કે 'ભરતની એકેક અક્ષૌહિણી સેનાને ચૂર્ણ કરી આપણે મહારાજા બાહુબલિના પ્રસાદનો બદલો આપીશું.'

આવી રીતનો તેઓનો સકોપ આરંભ જોઇને સુવેગ મનમાં વિવેકબુદ્ધિથી વિચાર કરવા લાગ્યો કે–" અહો ! આ બાહુબલિને વશ થયેલા તેના દેશના લોકો જાણે પોતાના પિતાનું વૈર હોય તેમ રણકર્મમાં કેવી ત્વરા કરે છે ! બાહુબલિના સૈન્યની પહેલાં રણની ઇચ્છાવાળા આ કિરાત લોકો પણ આ તરફ આવનારા અમારા સૈન્યને હણવાનો ઉત્સાહ કરે છે. હું એવો કોઇ માણસ અહીં જોતો નથી કે જે યુદ્ધને માટે તૈયાર થતો ન હોય ! તેમ એવો પણ કોઇ નથી કે જે બાહુબલિને વિષે રાગી ન હોય ! આ બહલી દેશમાં હળધારી ખેડુતો પણ શૂરવીર અને સ્વામીભક્ત છે. આ દેશનો એવો પ્રભાવ હશે કે બાહુબલિમાં એવો ગુણ હશે ? કદાપિ સામંત વિગેરે પાળાઓ તો મૂલ્યથી ખરીદ થઇ શકે, પણ બાહુબલિને તો સર્વ પૃથ્વી તેના ગુણથી વેચાણ થઇ પત્નીરૂપ થયેલી છે; માટે અગ્નિની પાસે તૃણસમૂહની જેમ બાહુબલિની આવી સેના પાસે ચક્રીની મોટી સેનાને પણ હું નાની માનું છું. આ મહાવીર બાહુબલિની આગળ ચક્રીને પણ અષ્ટાપદની પાસે હાથીના નાના બાળકની જેમ ન્યૂન જાણું છું. જો કે બળવાનપણામાં પૃથ્વીમાં ચક્રવર્તી અને સ્વર્ગમાં ઇંદ્ર વિખ્યાત છે, પરંતુ તે બંનેનો અંતરવર્ત્તિ હોય અથવા બંનેથી ઊર્ધ્વવર્ત્તિ (અધિક) હોય એવો આ ઋષભદેવજીનો લઘુપુત્ર જણાય છે. આ બાહુબલિની ચપેટિકાના ઘાત આગળ ચક્રીનું ચક્ર અને ઇંદ્રનું વજ્ર પણ નિષ્ફળ છે એમ હું માનું છું. આ બળવાન બાહુબલિને વિરાધ્યો તે રીંછને કાને પકડ્યા જેવું અને સર્પને મુષ્ટિથી પકડ્યા જેવું થયું છે. વ્યાઘ્ર જેમ એક મૃગને લઈ સંતુષ્ટ રહે તેમ આટલા ભૂમિમંડળને ગ્રહણ કરી સંતુષ્ટ રહેલ બાહુબલિને તરછોડી વ્યર્થ શત્રુરૂપ કર્યો છે. અનેક રાજાઓની સેવાથી મહારાજાને શું અપૂર્ણ હતું કે વાહનને માટે કેશરીસિંહને બોલાવવાની જેમ આ બાહુબલિને સેવા કરવા બોલાવ્યો ? સ્વામીના હિતને માનનારા મંત્રીઓને અને મને પણ ધિક્કાર છે કે જેમણે આ કાર્યમાં શત્રુની પેઠે તેમની ઉપેક્ષા કરી. 'સુવેગે જઇ ભરતને વિગ્રહ કરાવ્યો' એમ મારે માટે લોકો બોલશે. અરે ! ગુણને દૂષિત કરનારા આ દૂતપણાને ધિક્કાર છે !" રસ્તામાં નિરંતર આ પ્રમાણે વિચારતો નીતિજ્ઞ સુવેગ કેટલેક દિવસે અયોધ્યા નગરીમાં આવી પહોંચ્યો. દ્વારપાળ તેને સભામાં લઈ ગયો. તે પ્રણામ કરી અંજલિ જોડીને બેઠો એટલે ચક્રવર્તીએ તેને આદર:સહિત પૂછ્યું—

'સુવેગ ! મારા નાના ભાઈ બાહુબલિ કુશળ છે ? કેમકે તું વેગથી આવ્યો તેથી હું ક્ષોભ પામું છું; અથવા તેણે તરછોડેલો તું ત્વરાથી આવ્યો છે ? કેમકે તે મારા બળવાન ભ્રાતાની એ વીરવૃત્તિ યુક્ત છે.'

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સુવેગે કહ્યું–"દેવ ! તમારી જેવા અતુલ્ય પરાક્રમવાળા તે બાહુબલિનું અકુશળ કરવાને દૈવ પણ સમર્થ નથી. એ આપનો નાનો ભાઈ છે એમ ધારી પ્રથમ મેં તેને સ્વામીની સેવા માટે આવવા વિનયપૂર્વક હિતકારી વચનો કહ્યાં. ત્યાર પછી ઔષધની પેઠે તીવ્ર અને પરિણામે ઉપકારી એવાં અવચનીય વચનો કહ્યું, પરંતુ મીઠા વચનોથી અને તીક્ષ્ણ વચનોથી પણ તેણે આપની સેવા સ્વીકારી નહીં, કેમકે સંનિપાતનો વિકાર થાય ત્યારે ઔષધ શું કરી શકે ? તે બળવાન બાહુબલિ ગર્વવંત થઈ ત્રણ લોકને તૃણ તુલ્ય ગણે છે, અને સિંહની જેમ કોઈને પોતાનો પ્રતિમલ્લ જાણતો નથી. આપના સુષેણ સેનાનીનું અને સૈન્યનું મેં વર્ણન કર્યું ત્યારે 'એ શું ગણત્રીમાં છે ?' એમ કહી દુર્ગંધથી મરડવાની જેમ તેણે પોતાની નાસિકા મરડી, જ્યારે આપે કહેલો ષટ્ખંડ-વિજય મેં વર્ણવ્યો ત્યારે તે નહીં સાંભળતાં પોતાના ભુજદંડને જોવા લાગ્યો અને કહ્યું કે 'પિતાજીએ આપેલા ભાગથી સંતુષ્ટ થઈને રહેલા અમારી ઉપેક્ષાથી જ ભરતે ભરત-ક્ષેત્રના છ ખંડ ગ્રહણ કર્યા છે.' સેવા કરવી તો દૂર રહી, પણ હાલ તો તે નિર્ભય થઈને ઉલટા વાઘણને દૂહોવા બોલાવે તેમ આપને રણને માટે બોલાવે છે. તમારો ભ્રાતા એવો પરાક્રમી, માની અને મહાભુજ છે કે તે ગંધહસ્તીની જેમ અસહ્ય અને પરપરાક્રમને સહન કરતો નથી. તેની સભામાં ઇંદ્રના સામાનિક દેવતાઓની જેમ તેના સામંતરાજાઓ પણ પ્રચંડ પરાક્રમી હોવાથી તેના આશયથી ન્યૂન આશયવાળા નથી. તેના રાજકુમારો પણ રાજતેજના અત્યંત અભિમાની છે. તેઓની ભુજામાં રણ કરવા માટે ખુજલી આવે છે, તેથી જાણે બાહુબલિથી પણ તેઓ દશગણા પરાક્રમી હોય તેવા જણાય છે. તેના અભિમાની મંત્રીઓ પણ તેની જેવા જ વિચારને અનુસરે છે; કેમકે જેવા સ્વામી હોય તેવો જ તેનો પરિવાર પણ હોય છે. સતી સ્ત્રીઓ જેમ પરપુરુષને સહન કરતી નથી તેમ તેની અનુરાગી પ્રજા પણ દુનિયામાં બીજો રાજા છે એવું જાણતી નથી. કર ભરનારા, વેઠ કર-નારા અને દેશના સઘળા લોકો પણ સેવકની જેમ પોતાનો પ્રાણ આપીને તેનું પ્રિય કરવાની ઇચ્છા રાખે છે. સિંહોની જેમ વનચર અને ગિરિચર સુભટો પણ તેને વશ થઈ તેની માનસિદ્ધિ કરવાને ઇચ્છે છે. હે સ્વામિન્ ! વિશેષ શું કહું ? પણ તે મહાવીર દર્શન-ની ઉત્કંઠાથી નહિ પણ યુદ્ધની ઇચ્છાથી હમણાં તમને જોવાને ઇચ્છે છે. હવે આપને રુચે તેમ કરો; કારણ કે દૂત લોકો મંત્રી નથી પણ માત્ર સત્ય સંદેશાને જ કહેનારા છે."

એ પ્રમાણે સાંભળી ભરત (સૂત્રધાર)ની પેઠે સમકાળે વિસ્મય, કોપ, ક્ષમા અને હર્ષના દેખાવરૂપ નાટ્ય કરી ભરતરાજા બોલ્યા—'સુર, અસુર અને નરમાં એ બાહુબલિ-ની તુલ્ય કોઈ નથી એવો બાળપણાની ક્રીડામાં મેં સ્વતઃ અનુભવ કરેલો છે. ત્રણ જગતના સ્વામીનો પુત્ર અને મારો નાનો ભાઈ એ બાહુબલિ, ત્રણ જગતને તૃણરૂપ માને તે સ્તુતિરૂપ નથી પણ વાસ્તવિક છે. એવા નાના ભાઈથી હું પણ પ્રશંસા પામવાને યોગ્ય છું, કેમકે એક હાથ નાનો હોય અને બીજો મોટો હોય તો તે પણ શોભે નહીં. સિંહ જો બંધનને સહન કરે, અષ્ટાપદ જો વશ થાય, તો બાહુબલિ વશ થાય; અને એ વશ થાય ત્યારે તો પછી ન્યૂન પણ શું કહેવાય ? તેના દુર્વિનયને હું સહન કરીશ. કદાપિ તેમ કરવાથી લોકો મને અશક્ત કહે તો ભલે કહે. સર્વ વસ્તુઓ પુરૂષાર્થથી કે ધનથી



www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

મેળવી શકાય છે, પણુ એવો ભ્રાતા કોઈપણુ પ્રકારે મેળવી શકાતો નથી. મંત્રીઓ ! આવી રીતે વર્ત્તવું મને ઘટે છે કે નહીં ? તમે શા માટે ઉદાસીની જેમ મૌન ધરી રહ્યા છો ? જે યથાર્થ હોય તે કહો.

બાહુબલિનો અવિનય અને પોતાના સ્વામીની આવી ક્ષમા તેથી જાણે પ્રહારથી દુભાઓ હોય તેમ સેનાપતિ સુષેણુ બોલ્યો—"ઋષભસ્વામીના પુત્ર ભરતરાયને ક્ષમા કરવી યુક્ત છે, પણુ તે કરુણાપાત્ર જનમાં યોગ્ય છે. જે જેના ગામમાં વસે તે તેને આધીન થાય છે અને એ બાહુબલિ તો એક દેશને ભોગવે છે તથાપિ વાણીથી પણુ તમને વશ નથી. પ્રાણુનો નાશ કરનાર છતાં પણુ પ્રતાપને વધારે તેવો વૈરી સારો, પણુ પોતાના ભાઈના પ્રતાપનો નાશ કરનાર બંધુ શ્રેષ્ઠ નહીં. રાજાઓ ભંડાર, સૈન્ય, મિત્ર, પુત્ર અને શરીરથી પણુ પોતાના તેજની રક્ષા કરે છે; કેમકે તેજ એ જ તેમનું જીવિત છે. આપને પોતાના રાજ્યથી પણુ શું અપૂર્ણું હતું કે જેથી આ ષટખંડનો વિજય કર્યો ? તે સઘળું તેજને માટે જ છે. એક વખત શીળરહિત થયેલી સતી સર્વથા અસતી જ કહેવાય, તેમ એક ઠેકાણે નાશ પામેલું તેજ સર્વ ઠેકાણે નાશ પામેલું છે એમ સમજવું. ગૃહસ્થોમાં દ્રવ્યનો ભાઈઓ પ્રમાણે ભાગ પડે છે, તોપણુ તેઓ તેજને ગ્રહણુ કરનારા ભાઈની થોડી પણુ ઉપેક્ષા કરતા નથી. અખિલ ભરતખંડનો વિજય કર્યા છતાં જો આપનો અહીં અવિજય થાય તો સમુદ્ર ઉતરેલા પુરુષને ખાબોચિયામાં ડુબી જવા જેવું છે. કોઈ ઠેકાણે સાંભળ્યું છે અથવા જોયું છે કે ચક્રવર્તીનો પ્રતિસ્પર્ધી થઈને કોઈ રાજા રાજ્ય ભોગવે ? હે પ્રભુ ! અવિનયીને વિષે ભ્રાતૃસંબંધનો સ્નેહ રાખવો તે એક હાથવડે તાળી પાડવા જેવું છે. વેશ્યાઓની જેવા સ્નેહરહિત બાહુબલિમાં ભરતરાજા સ્નેહવાળા છે, એમ કહેતા અમને જો આપ નિષેધ કરો તો ભલે નિષેધ કરો, પણુ 'સર્વ શત્રુને જીતીને જ હું અંદર પ્રવેશ કરીશ.' એવા નિશ્ચયથી હજી સુધી નગર બહાર રહેલા ચક્રનો આપ કેમ નિષેધ કરશો ? ભ્રાતાના મિષથી શત્રુરૂપે રહેલા બાહુબલિની ઉપેક્ષા કરવી આપને યુક્ત નથી; આ વિષે આપ બીજા મંત્રીઓને પણુ પૂછો."

સુષેણુના એ પ્રમાણે બોલવા પછી મહારાજાએ બીજાઓની સન્મુખ જોયું એટલે વાચસ્પતિ જેવો સચિવાગ્રણી બોલ્યો—'સેનાનીએ જે કહ્યું તે યુક્ત છે અને તેમ કહેવાને બીજો કોણુ સમર્થ છે ? જેઓ પરાક્રમમાં અને પ્રયાસમાં ભીરુ હોય તે પોતાના સ્વામીના તેજની ઉપેક્ષા કરે છે. સ્વામીએ પોતાના તેજને અર્થે આદેશ કરેલા અધિકારીઓ પ્રાય: સ્વાર્થાનુકૂળ ઉત્તર આપે છે અને વ્યસન વધારે છે; પણુ આ સેનાપતિ તો પવન જેમ અગ્નિના તેજને વધારે તેમ કેવળ આપના તેજની વૃદ્ધિને માટે જ છે. સ્વામિન્ ! આ સેનાપતિ ચક્રરત્નની જેમ શેષ રહેલા એક પણુ શત્રુને જીત્યા સિવાય સંતોષ પામતો નથી, માટે હવે વિલંબ ન કરો. તમારી આજ્ઞાથી હાથમાં દંડ ગ્રહણુ કરીને સેનાપતિ જેમ શત્રુને તાડન કરે, તેમ પ્રયાણભંભા વજડાવો. સુઘોષાના ઘોષથી દેવતાઓની જેમ ભંભાના નાદથી વાહન અને પરિવાર સહિત સૈનિકલોકો એકઠા થાઓ અને સૂર્યની જેમ ઉત્તર તરફ તક્ષશિલાપુરી પ્રત્યે, તેજની વૃદ્ધિને માટે આપ પ્રયાણુ કરો. આપ પોતે જઈ ભાઈનો સ્નેહ જુઓ અને સુષેણે કહેલા વચનો સત્ય છે કે અસત્ય તેની ખાત્રી કરો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સચિવનું તે વચન ભરતરાજાએ 'તેમજ થાઓ' એમ કહી સ્વીકાર્યું, કારણ કે **વિદ્વાનો પરજનોનું વચન પણ યુક્ત હોય તો માને છે.** પછી શુભ દિવસે યાત્રિક મંગળ કરી મહારાજા પ્રયાણને માટે પર્વત જેવા ઉન્નત ગજેન્દ્ર ઉપર આરૂઢ થયા. જાણે બીજા રાજાની સેના હોય તેમ રથ, અશ્વ અને હાથીઓ ઉપર આરૂઢ થયેલા હજારો સેવકો પ્રયાણ વાજીંત્રો વગાડવા લાગ્યા. એક સરખા તાલના શબ્દથી સંગીતકારીઓની જેમ પ્રયાણ-વાદ્યોના નાદથી સર્વ સૈન્ય એકઠું થયું. રાજાઓ, મંત્રીઓ, સામંતો અને સેનાપતિઓવડે પરવરેલા મહારાજા જાણે અનેક મૂર્ત્તિવાળા થયા હોય તેમ નગરીની બહાર નીકળ્યા. એક હજાર યક્ષોએ અધિષ્ઠિત થયેલું ચક્રરત્ન જાણે સેનાપતિ હોય તેમ સૈન્યની આગળ ચાલ્યું. શત્રુઓના જાણે ગુપ્તચર હોય તેમ મહારાજાના પ્રયાણ સૂચવતા રજસમૂહ ચોતરફ છવાઈને દૂર સુધી પ્રસરવા લાગ્યા. તે વખતે ચાલનારા લાખો હસ્તીઓથી, હાથીઓની ઉત્પત્તિ-ભૂમિઓ ગજરહિત થઇ હશે એમ જણાવા લાગ્યું અને ઘોડા, રથ, ખચ્ચરો તથા ઊંટોના સમૂહથી જાણે સર્વ ભૂમિતલ વાહનરહિત થયું હશે તેમ જણાવા લાગ્યું. સમુદ્ર જોનારને જેમ સર્વ જગત જળમય જણાય તેમ પદાતિસૈન્યને જોઇને સર્વજગત મનુષ્યમય જણાવા લાગ્યું. રસ્તે ચાલતા મહારાજા શહેરે—શહેરે, ગામે—ગામે અને માર્ગે—માર્ગે લોકોના આ પ્રમાણે પ્રવાદ સાંભળવા લાગ્યા. 'આ રાજાએ એક ક્ષેત્રની જેમ આ ભરતક્ષેત્રને સાધ્યું છે અને મુનિ જેમ ચૌદ પૂર્વને મેળવે તેમ ચૌદ રત્નો મેળવ્યાં છે. આયુધોની જેમ એમને નવ નિધિઓ વશ થયા છે, તે છતાં એ મહારાજા કઈ તરફ અને શા માટે પ્રયાણ કરે છે? કદાપિ સ્વેચ્છાએ પોતાનો દેશ જોવા જતા હોય તો તેમની આગળ શત્રુઓને સાધવામાં કારણરૂપ ચક્રરત્ન શા માટે ચાલે છે ? પણ દિશાના અનુમાનથી તેઓ બાહુબલિ ઉપર જાય છે એમ જણાય છે. અહો ! મોટા પુરુષોને પણ અખંડ વેગવાળા કષાયો હોય છે, તે બાહુબલિ, દેવ અને અસુરથી પણ દુર્જય છે એમ સાંભળવામાં આવ્યું છે તેથી તેનો જય કરવાને ઇચ્છતા આ રાજા આંગળીથી મેરુને ધારણ કરવાને ઈચ્છે છે. આ કાર્યમાં 'નાનાભાઈએ મોટાભાઇને જીત્યા' એમ થવાથી, અથવા 'મોટાભાઈએ નાનાભાઈને જીત્યો' એમ થવાથી; બંને પ્રકારે મહારાજાને મોટો અપયશ પ્રાપ્ત થશે.'

સૈન્યથી ઊડતા રજના પૂરવડે જાણે વિંધ્યાદ્રિ વધતો હોય તેમ ચોતરફ અંધકારને પ્રસારતા, અશ્વોના ખોંખારા, ગજોની ગર્જના, રથોના ચીત્કાર અને યોદ્ધાઓના ક્ષ્વેડાસ્ફોટ-એ રીતે ચાર પ્રકારની સેનાના શબ્દોથી, આનક નામના વાદ્યની જેમ દિશાઓને નાદવાળી કરતા, ગ્રીષ્મઋતુના સૂર્યની જેમ માર્ગની સરિતાઓનું શોષણ કરતા, ઉત્કટ પવનની જેમ માર્ગના વૃક્ષોને પાડતા, સૈન્યની ધ્વજાઓનાં વસ્ત્રોથી આકાશને બગલામય કરતા, સૈન્યના ભારથી પીડા પામતી પૃથ્વીને હસ્તીઓના મદથી શાંત કરતા અને પ્રતિદિવસે ચક્રાનુસારે ચાલતા મહારાજા, સૂર્ય જેમ બીજી રાશીમાં સંક્રમે તેમ બહલીદેશમાં આવી પહોંચ્યા અને દેશની સીમાંતે પડાવ નાખી સમુદ્રની જેમ મર્યાદા કરીને તેઓ રહ્યા.

તે સમયે સુનંદાના પુત્ર બાહુબલિએ રાજનીતિરૂપ ગૃહના સ્તંભરૂપ, ચરપુરુષોથી ચક્રીને આવેલા જાણ્યા, એટલે તેણે પણ પોતાના પડછંદાથી જાણે સ્વર્ગને ભંભારૂપ કરતી હોય તેવી પ્રયાણની ભંભા વગડાવી. પ્રસ્થાનકલ્યાણ કરીને મૂર્ત્તિમાન કલ્યાણ હોય તેવા ભદ્ર ગજેંદ્ર ઉપર ઉત્સાહની જેમ તે આરૂઢ થયા. મોટા બળવાન, મોટા ઉત્સાહવાળા,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એકસરખા કાર્યમાં પ્રવર્ત્તનારા, બીજાઓથી અભેદ્ય અને જાણે પોતાના અંશ હોય તેવા રાજકુમારો, પ્રધાનો અને વીર પુરુષોથી વીંટાયેલ બાહુબલિ દેવતાઓથી વીંટાયેલા ઇંદ્રના જેવા શોભવા લાગ્યા. જાણે તેના મનમાં વસેલા હોય તેમ કેટલાએક હાથી ઉપર બેસી, કેટલાએક ઘોડા ઉપર બેસી, કેટલાએક રથમાં બેસી અને કેટલાએક પાયદળ રૂપે—એમ લાખો યોદ્ધાઓ તત્કાળ એક સાથે બહાર નીકળ્યા. બળવાન અને ઊંચા અસ્રો ધરી રહેલા પોતાના વીરપુરુષોથી જાણે એક વીરમય પૃથ્વીને રચતા હોય તેમ અચળ નિશ્ચયવાળા બાહુબલિ ચાલ્યા. વિભાગરહિત (સુવાંગ) જય કરવાની આકાંક્ષા રાખનારા તેના વીર સુભટો 'હું એકલો છું તો પણ સર્વ શત્રુઓને જીતીશ.' એમ પરસ્પર કહેવા લાગ્યા. રોહણાચળ પર્વતમાં સર્વે કાંકરા મણિમય હોય તેમ સૈન્યમાં રણવાજીંત્રને વગાડનારો પણ વીરમાની હતો. ચંદ્રની જેવી કાંતિવાળા તેના મંડળિક રાજાઓના છત્રમંડળથી જાણે આકાશ શ્વેત કમળમય હોય તેવું થઇ ગયું. દરેક પરાક્રમી રાજાઓને જોઈને જાણે પોતાની ભુજાઓ હોય તેમ માનતા તે આગળ ચાલવા લાગ્યા. માર્ગમાં ચાલતાં તે બાહુબલિ સૈન્યના ભારથી પૃથ્વીને અને જયવાજીંત્રોના શબ્દોથી સ્વર્ગને ફોડવા લાગ્યા. પોતાના દેશનો સીમાડો દૂર હતો, તો પણ તે તત્કાળ ત્યાં આવી પહોંચ્યા; કારણ કે **રણને માટે ઉત્કંઠિત થયેલા વીરલોકો વાયુથી પણ વિશેષ વેગવાળા થાય છે.** ભરતરાજાની છાવણીથી બહુ દૂર નહીં અને નજીક પણ નહીં તેવી જગ્યાએ ગંગાનો તટ ઉપર બાહુબલિએ પડાવ નાંખ્યો.

પ્રાતઃકાળે ચારણભાટોએ અતિથિની જેમ તે બંને ઋષભકુમારોને યુદ્ધોત્સવને માટે પરસ્પર નિમંત્રણ કર્યું. રાત્રે બાહુબલિએ સર્વ રાજાઓના મતથી સિંહ જેવા પરાક્રમવાળા **સિંહરથ** નામના પોતાના પુત્રને સેનાપતિ નીમ્યો. અને પટ્ટહસ્તીની જેમ તેના મસ્તક ઉપર જાણે પ્રકાયમાન પ્રતાપ હોય તેવો દેદીપ્યમાન સુવર્ણનો એક રણપટ્ટ આરોપણ કર્યો. રાજાજીને પ્રણામ કરી, રણદીક્ષા પ્રાપ્ત કરી, જાણે પૃથ્વી મળી હોય તેમ હર્ષ પામીને તે પોતાના નિવાસસ્થાને ગયો. મહારાજા બાહુબલિએ બીજા રાજાઓને પણ યુદ્ધ કરવા માટે આદેશ આપી વિદાય કર્યા. જો કે તેઓ પોતે જ રણની ઇચ્છાવાળા હતા તો પણ **સ્વામીની આજ્ઞા તે સત્કારરૂપ છે.**

આ તરફ મહારાજા ભરતરાયે કુમારો, રાજાઓ અને સામંતોના મતથી વર્ય આચાર્યની જેમ **સુષેણને** રણદીક્ષા આપી સેનાપતિ નીમ્યો. સિદ્ધિમંત્ર જેવી સ્વામીની આજ્ઞા સ્વીકારીને, ચક્રવાકની જેમ પ્રાતઃકાલની વાટ જોતો સુષેણ પોતાને આવાસે ગયો. કુમારો, મુગટબંધ રાજાઓ અને સર્વ સામંતોને બોલાવીને ભરતરાજાએ આજ્ઞા કરી કે—'શૂરવીરો ! મારા નાના ભાઈ સાથેના યુદ્ધમાં અપ્રમાદી થઈ તમારે સુષેણ સેનાપતિને મારી જેમ અનુસરવું. હે પરાક્રમવાળા વીરો ! હસ્તીઓને મહાવતો વશ કરે તેમ તમે ઘણા પરાક્રમી અને દુર્મંદ રાજાઓને વશ કર્યા છે, તથા વૈતાઢ્ય પર્વતને ઉલ્લંઘન કરી દેવતાઓ અસુરોને જીતે તેમ તમે દુર્જય કિરાતોને તમારા પરાક્રમથી ગાઢ રીતે આક્રાંત કર્યા છે, પરંતુ તેઓમાં આ તક્ષશિલાના રાજાબાહુબલિના પાયદળની જેવો પણ એકે નહોતો. પવન રૂને ઉડાડે તેમ એકલો એ બાહુબલિનો જ્યેષ્ઠ પુત્ર **સોમયશા** સર્વ સૈન્યને દશે દિશામાં ઉડાડી દેવાને સમર્થ છે. વયમાં કનિષ્ઠ પણ પરાક્રમમાં એકનિષ્ઠ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એવો સિંહરથ નામે તેનો નાનો ભાઈ શત્રુઓની સેનામાં દાવાનળરૂપ છે. વધારે શું કહેવું? પણ તેના બીજા પુત્ર અને પૌત્રોમાંના દરેક એક એક અક્ષૌહિણી સેનામાં મલ્લ સમાન અને યમરાજને પણ ભય ઉત્પન્ન કરે તેવા છે. જાણે તેના પ્રતિબિંબ હોય તેવા તેના સ્વામીભક્ત સામંતો બળમાં તેની સમાનતા કરે તેવા છે, બીજાઓના સૈન્યમાં જેમ મહાબળવાન એક અગ્રણી હોય તેમ તેના સૈન્યમાં સર્વે તેવા પરાક્રમી છે. રણમાં મહાબાહુ બાહુબલિ તો દૂર રહો, પણ તેનો એક સેનાવ્યૂહ પણ વજ્રની જેમ દુઃસ્ફોટ છે, માટે વર્ષાઋતુના મેઘની સાથે પૂર્વદિશાનો પવન ચાલે તેમ યુદ્ધને માટે જતા સુષેણની પછવાડે તમે પણ જાઓ.' પોતાના સ્વામીની અમૃતસમાન ગિરાથી જાણે પૂરાઈ ગયા હોય તેમ તેઓનાં શરીર પુલકાવળીથી વ્યાપ્ત થઈ ગયાં. જાણે પ્રતિવીરોની જયલક્ષ્મીને સ્વયંવર-મંડપમાં વરવા માટે જતા હોય તેમ મહારાજાએ વિસર્જન કરેલા તેઓ પોતપોતાના વાસગૃહમાં ગયા. બંને ઋષભપુત્રના પ્રસાદરૂપી સમુદ્રને તરવાને ઇચ્છતા એવા બંને તરફના વીરશ્રેષ્ઠો યુદ્ધને માટે તૈયાર થયા. પોતાનાં કૃપાણ, ધનુષ, ભાથા, ગદા અને શક્તિ વગેરે આયુધોને દેવતાની જેમ તેઓ પૂજવા લાગ્યા. ઉત્સાહથી નૃત્ય કરતા પોતાના ચિત્તનો જાણે તાલ પૂરતા હોય તેમ તે મહાવીરો આયુધોની આગળ ઊંચે પ્રકારે વાજીંત્રો વગાડવા લાગ્યા. પછી જાણે પોતાનો નિર્મળ યશ હોય તેવા નવીન અને સુગંધી ઉદ્વર્તનથી પોતાના શરીરનું માર્જન કરવા લાગ્યા. મસ્તકે બાંધેલા કાળા વસ્ત્રના વીરપટ્ટને અનુસરતી લલાટિકા તેઓ પોતપોતાના લલાટમાં કસ્તુરીવડે કરવા લાગ્યા. બંને સૈન્યમાં યુદ્ધકથાઓ ચાલતી હોવાથી શસ્ત્રસંબંધી જાગરણ કરનારા વીર સુભટોને જાણે ભય પામી હોય તેમ નિદ્રા આવી જ નહિ. પ્રાતઃકાળે થનારા યુદ્ધમાં ઉત્સાહવાળા બંને સૈન્યના વીર સુભટોએ જાણે શતયામા (સો પ્રહરવાળી) હોય તેમ તે ત્રિયામા (રાત્રિ) માંડમાંડ નિર્ગમન કરી.

JAINSITE.com
જૈન સાઈટ
જૈનમ્ જયતિ શાસનમ્

પ્રાતઃકાળે જાણે ઋષભપુત્રોની રણક્રીડાનું કુતુહલ જોવાને ઇચ્છતો હોય તેમ સૂર્ય ઉદયાચલની ચૂલિકા ઉપર આરૂઢ થયો, એટલે મંદરાચળથી ક્ષોભ પામેલા સમુદ્રજળની જેવો, પ્રલયકાળે થયેલા પુષ્કરાવર્ત્ત મેઘની જેવો અને વજ્રથી તાડન થયેલા પર્વતોની જેવા બંને સૈન્યમાં રણવાદ્યનો મોટો નાદ થયો. રણવાદ્યના તે પ્રસરતા નાદથી તત્કાળ દિગ્ગજો પોતાના કાન ઊંચા કરી ત્રાસ પામવા લાગ્યા, જળજંતુઓ ભયભ્રાંત થવા લાગ્યા, સમુદ્ર ક્ષોભ પામવા લાગ્યો, ક્રૂર પ્રાણીઓ ચોતરફથી નાસીને ગુફાઓમાં પેસવા લાગ્યાં, મોટા સર્પો રાફડામાં પેસી જવા લાગ્યા, પર્વતો કંપાયમાન થવાથી તેના શિખર, ચરણ અને કંઠને સંકોચવા લાગ્યો, આકાશ ધ્વંસ થવા લાગ્યું અને પૃથ્વી જાણે ફાટતી હોય તેમ જણાવા લાગી. રાજાના દ્વારપાળની જેમ રસવાદ્યે પ્રેરેલા બંને પક્ષના સૈનિકો યુદ્ધને માટે તૈયાર થયા. રણના ઉત્સાહથી શરીર ઉચ્છ્વાસ પામવાને લીધે કવચોના જાળ ત્રુટી જવાથી વીરપુરુષો નવા નવા કવચો ધારણ કરવા લાગ્યા. કોઈ પ્રીતિવડે પોતાના અશ્વોને પણ બખ્તર પહેરાવા લાગ્યા, કારણ કે **સુભટો પોતાથી પણ વાહનની વિશેષ રક્ષા કરે છે.** કોઇ પોતાના અશ્વોની પરીક્ષા કરવાને તેની ઉપર બેસી ચલાવી જોવા લાગ્યા; કારણ કે **દુઃશિક્ષિત અને જડ અશ્વ તેના અશ્વારને શત્રુરૂપ થઈ પડે છે.** બખ્તર પહેરવાથી ખોંખારા કરતા અશ્વોની કેટલાએક સુભટો દેવની જેમ પૂજા કરવા લાગ્યા; કારણ કે **યુદ્ધમાં જતી વખતે અશ્વોનો હૈષારવ એ વિજયસૂચક છે.** કોઈ બખ્તર રહિત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અશ્વો મળવાથી પોતાના બખ્તરને પણ છોડી દેવા લાગ્યા, કેમકે પરાક્રમી પુરૂષોનું રણમાં એ પુરુષવ્રત છે. કોઇ 'સમુદ્રમાં મત્સ્યની જેમ, ઘોર રણમાં સંચાર કરવાથી સ્ખલના ન પામી તારું ચાતુર્ય બતાવજે' એમ પોતાના સારથિને શિક્ષા આપવા લાગ્યા. પાંથલોકો જેમ રસ્તાને માટે પૂર્ણ ભાતું રાખે, તેમ ઘણા વખત સુધી યુદ્ધ ચાલશે એમ ધારી કેટલાએક સુભટો પોતાના રથોને અસ્ત્રોથી પૂરવા લાગ્યા, કોઈ દૂરથી જ પોતાને ઓળખાવા માટે ભાટચારણો જેવા પોતાના ચિહ્નવાળા ધ્વજસ્તંભોને દૃઢ કરવા લાગ્યા, કોઈ પોતાના મજબૂત ધુરીવાળા રથોને શત્રુસૈન્યરૂપી સમુદ્રમાં માર્ગ કરવાને જળકાંત રત્નસરખા અશ્વો જોડવા લાગ્યા. કોઇ પોતાના સારથિને મજબૂત બખ્તર આપવા લાગ્યા; કારણ કે **ઘોડા જોડેલા રથો પણ સારથિ વિના નકામા થઇ પડે છે.** કોઈ ઉત્કટ લોઢાના કંકણની શ્રેણિનો સંપર્ક કરવાથી કઠોર થયેલા હસ્તીઓના દાંતને પોતાની ભુજાની જેમ પૂજવા લાગ્યા, કોઈ જાણે પ્રાપ્ત થનારી જયલક્ષ્મીનો વાસગૃહ હોય તેવી પતાકાના સમૂહવાળી અંબાડીઓ હાથી ઉપર આરોપણ કરવા લાગ્યા, 'આ શુકન છે' એમ બોલી કેટલાએક સુભટો કસ્તુરીની જેમ ગંડસ્થળમાંથી તત્કાળ નીકળેલા હાથીના મદથી તિલક કરવા લાગ્યા. કોઈ અન્ય હસ્તિના મદગંધથી ભરપૂર એવા વાયુને પણ નહીં સહન કરનારા, મનની જેવા મહાદુર્ધર હાથીઓની ઉપર ચડવા લાગ્યા. સર્વે મહાવતો જાણે રણોત્સવના શૃંગારવસ્ત્ર હોય તેવાં સુવર્ણનાં કડાંઓ હાથીઓને પહેરાવવા લાગ્યા અને તેમની શુંઢથી ઊંચી નાળ-વાળા નીલકમલની લીલાને ધારણ કરનારા લોઢાના મુદ્ગરો પણ લેવરાવવા લાગ્યા અને કેટલાએક મહાવતો જાણે યમરાજના દાંત હોય તેવી કાળા લોઢાની તીક્ષ્ણ કોશ હસ્તી-ઓના દાંત ઉપર આરોપવા લાગ્યા.

એ વખતે રાજાના અધિકારીઓ તરફથી આજ્ઞા થઇ કે—સૈન્યની પાછળ અસ્ત્રોથી ભરેલાં ઊંટ અને શકટો શીઘ્ર લઈ જાઓ, અન્યથા હસ્તલાઘવવાળા વીરસુભટોને અસ્ત્રો પૂરાં પડશે નહીં; બખ્તરથી લાદેલાં ઊંટો પણ લઈ જાવ, કારણ કે અત્રુટિત રણકર્મમાં પ્રવર્તેલા વીરપુરુષોના અગાઉથી પહેરેલા બખ્તરો ત્રુટી જશે ! રથીપુરુષોની પાછળ બીજા તૈયાર કરેલા રથ લઇ જાઓ; કારણ કે વજ્રથી પર્વતની જેમ શસ્ત્રોથી રથો ભાંગી જશે. પ્રથમના અશ્વો થાકી જાય તો યુદ્ધમાં વિઘ્ન ન થવા માટે બીજા સેંકડો અશ્વો અશ્વારોની પછવાડે જવાને તૈયાર કરો. એક એક મુગટબંધ રાજાની પછવાડે જવાને બીજા હાથીઓ તૈયાર રાખો; કેમકે એક હાથીથી તેમને સંગ્રામમાં નિર્વાહ થશે નહીં. દરેક સૈનિકની પાછળ જળને વહેનારા મહિષો તૈયાર રાખો; કારણ કે રણના પ્રયાસરૂપ ગ્રીષ્મઋતુથી તપેલા સુભટોને તે ચાલતી પરબ જેવો થઇ પડશે. ઔષધિપતિ(ચંદ્ર)ના ભંડાર જેવી અને હિમગિરિના સાર જેવી તાજી વ્રણસંરોહણી ઔષધિઓની ગુણો ઉપ-ડાવો.' આવી રીતના તેમના કોલાહલથી રણવાજીંત્રોના શબ્દરૂપ મહાસમુદ્ર વૃદ્ધિ પામ્યો. તે સમયે ચોતરફથી થતાં તુમુલ શબ્દોથી જાણે શબ્દમય હોય અને આયુધોની સ્ફુરણાથી જાણે લોહમય હોય તેવું સર્વ વિશ્વ થઇ ગયું. જાણે પૂર્વે નજરે જોયેલ હોય તેમ પ્રાચીન પુરુષોના ચરિત્રોનું સ્મરણ કરાવનારા, વ્યાસની જેમ રણનિર્વાહના ફલને કહેનારા અને નારદઋષિની જેમ વીરસુભટોને ઉદ્દીપન કરવાને માટે સામે આવેલા શત્રુ-વીરોને વારંવાર આદરસહિત વખાણનારા ચારણભાટો, દરેક હાથીએ, દરેક રથે અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દરેક ઘોડે, પર્વદિવસની પેઠે રણમાં ઉત્તાલ થઈને અનાકૂલપણે ફરવા લાગ્યા.

અહીં બાહુબલિ રાજા સ્નાન કરી દેવપૂજા કરવાને માટે દેવાલયમાં ગયા. **મહંત પુરુષો ક્યારે પણ કાર્યના વ્યવસાયમાં મુંઝાઇ જતા નથી.** દેવમંદિરમાં જઇ, જન્માભિષેક સમયે ઇંદ્રની જેમ તેણે ઋષભસ્વામીની પ્રતિમાને સુગંધી જળથી ભક્તિપૂર્વક સ્નાન કરાવ્યું. પછી નિઃકષાય અને પરમ શ્રાદ્ધ એવા તેણે દિવ્ય ગંધકષાયી વસ્ત્રથી મનની જેમ શ્રદ્ધાપૂર્વક તે પ્રતિમાનું માર્જન કર્યું અને તે પછી જાણે દિવ્ય વજ્રમય ચોળકની રચના કરતા હોય તેમ યક્ષકર્દમથી વિલેપન કર્યું. સુગંધીથી દેવવૃક્ષનાં પુષ્પોની માળાની જાણે સહોદરા હોય તેવી વિચિત્ર પુષ્પોની માળાથી તેણે જિનપ્રતિમાનું અર્ચન કર્યું. સુવર્ણના ધૂપિઆમાં તેણે દિવ્ય ધૂપ કર્યો, તેના ધુમાડાથી જાણે નીલકમળમય પૂજા રચતા હોય તેમ જણાવા લાગ્યું. પછી મકરરાશિમાં આવેલા સૂર્યની જેમ ઉત્તરાસંગ કરી પ્રકાશમાન આરાત્રિકને પ્રતાપની જેમ ગ્રહણ કરી આરતી ઉતારી. પ્રાંતે અંજલિ જોડી, આદિ ભગવાનને પ્રણામ કરી, તેણે ભક્તિપૂર્વક આ પ્રમાણે સ્તુતિ કરીઃ—

"હે સર્વજ્ઞ ! હું પોતાની અજ્ઞતા દૂર કરી આપની સ્તુતિ કરું છું; કારણ કે દુર્વાર એવી આપની ભક્તિ મને વાચાળ કરે. હે આદિ તીર્થેશ ! તમે જય પામો છો. તમારા ચરણનખની કાંતિઓ સંસારરૂપી શત્રુથી ત્રાસ પામેલા પ્રાણીઓને વજ્રપંજરરૂપ થાય છે. હે દેવ ! તમારા ચરણકમળને જોવા માટે રાજહંસની જેમ જે પ્રાણીઓ દૂરથી પણ પ્રતિદિવસ આવે છે તેમને ધન્ય છે ! શીતથી પીડિત થયેલા જેમ સૂર્યને શરણે જાય તેમ આ ઘોર સંસારના દુઃખથી પીડિત થયેલા વિવેકી પુરુષો હમેશાં એક આપને જ શરણે આવે છે. હે ભગવાન્ ! પોતાના અનિમેષ નેત્રથી જેઓ તમને હર્ષપૂર્વક જુએ છે તેઓને પરલોકમાં અનિમેષ(દેવ)પણું દુર્લભ નથી. હે દેવ ! રેશમી વસ્ત્રનું અંજનથી થયેલું માલિન્ય જેમ દૂધવડે ધોવાથી જાય તેમ પુરુષોના કર્મમળ તમારી દેશનારૂપી વારી(પાણી)થી નાશ પામે છે. હે સ્વામિન્ ! હમેશાં **ઋષભનાથ** એવું આપનું નામ જપાય તો તે જાપ કરનારને સર્વ સિદ્ધિના આકર્ષણ મંત્રરૂપ થાય છે. હે પ્રભો ! તમારી ભક્તિરૂપી બખ્તર ધારણ કર્યું હોય તો તે માણસને વજ્ર ભેદી શકતું નથી અને ત્રિશૂળ છેદતું નથી." એવી રીતે ભગવંતની સ્તુતી કરી, જેના સર્વ રોમરાય વિકસ્વર થયા છે એવો તે નૃપશિરોમણિ પ્રભુને નમસ્કાર કરી દેવગૃહની બહાર નીકળ્યો.

પછી વિજયલક્ષ્મીના વિવાહને માટે જાણે કંચુક હોય તેવું સુવર્ણ ને માણિક્યથી મંડિત કરેલું વજ્રનું કવચ તેણે ધારણ કર્યું. ઘાટા પરવાળાના સમૂહથી જેમ સમુદ્ર શોભે તેમ દેદીપ્યમાન કવચથી તે શોભવા લાગ્યો. પછી તેણે પર્વતના શૃંગ ઉપર રહેલા અભ્રમંડપની પેઠે શોભતું શિરસ્રાણ શિર ઉપર ધારણ કર્યું. મોટા સર્પગણથી વ્યાપ્ત એવા પાતાળવિવર જેવા જણાતા, લોઢાના બાણથી પૂરેલા બે ભાથાઓ તેણે પૃષ્ઠભાગે બાંધ્યા અને યુગાંતકાળે ઉગેલા યમરાજના દંડ જેવું ધનુષ તેણે પોતાના વામ ભુજદંડમાં ધારણ કર્યું. એવી રીતે તૈયાર થયેલા બાહુબલિ રાજાને સ્વસ્તિવાચક પુરુષો 'સ્વસ્તિ(કલ્યાણ) થાઓ' એમ આશિષ આપવા લાગ્યા; ગોત્રની વૃદ્ધ સ્ત્રીઓ 'જીવો જીવો' એમ કહેવા લાગી; વૃદ્ધ આપ્તજનો 'આનંદમાં રહો, આનંદમાં રહો, એમ કહેવા લાગ્યા અને ભાટ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચારણો 'ચિરં જય, ચિરં જય' એમ ઊંચે સ્વરે બોલવા લાગ્યા. પછી સ્વર્ગપતિ જેમ મેરુ ઉપર આરૂઢ થાય તેમ એવી રીતના શુભ શબ્દ સાંભળતો, મહાભુજ બાહુબલિ આરોહકના હસ્તનું અવલંબન ગ્રહણ કરીને ગજપતિ ઉપર આરૂઢ થયો.

આ તરફ પુણ્યબુદ્ધિ ભરત મહારાજા પણ શુભલક્ષ્મીના કોશાગાર જેવા પોતાના દેવાલયમાં પધાર્યા. ત્યાં મોટા મનવાળા તે મહારાજાએ આદિનાથની પ્રતિમાને દિગ્વિજયમાંથી લાવેલા પદ્મદ્રહાદિ તીર્થોના જળવડે સ્નાન કરાવ્યું; ઉત્તમ કારીગર જેમ મણિનું માર્જન કરે, તેમ દેવદૃષ્યવસ્ત્રથી તેણે તે અપ્રતિમ પ્રતિમાનું માર્જન કર્યું; પોતાના નિર્મળ યશથી પૃથ્વીની જેમ હિમાચળકુમાર વિગેરે દેવોએ આપેલા ગોશીર્ષચંદનથી તે પ્રતિમાને વિલેપન કર્યું; લક્ષ્મીના સદનરૂપ કમળ જેવા વિકસ્વર કમળોથી તેણે પૂજામાં નેત્રસ્તંભનની ઔષધિરૂપ આંગી રચી, ધુમ્રવલ્લીથી જાણે કસ્તુરીની પત્રાવલિ આલેખતા હોય તેમ પ્રતિમાની પાસે તેણે ધૂપ કર્યો અને પછી જાણે સર્વ કર્મરૂપી સમિધનો ઉત્કટ અગ્નિકુંડ હોય તેવી પ્રદીપ્ત દીપકવાળી આરતી ગ્રહણ કરી તે રાજદીપકે પ્રભુની આરાત્રિક કરી. છેવટે નમસ્કાર કરી, મસ્તકે અંજલિ જોડી, આ પ્રમાણે સ્તુતી કરી'-'હે જગન્નાથ ! હું અજ્ઞાન છું, છતાં પોતાને વિષે યોગ્યપણું માનતો તમારી સ્તુતી કરું છું, કારણ કે બાળકોની અવ્યક્ત વાણી પણ ગુરુજનની પાસે સુકત જ ગણાય છે. હે દેવ ! સિદ્ધરસના સ્પર્શથી જેમ લોઢું સુવર્ણ બની જાય તેમ તમારો આશ્રય કરનાર પ્રાણી ભારેકર્મી હોય તો પણ સિદ્ધિપદને પામે છે. હે સ્વામિન્ ! તમારું ધ્યાન કરનાર, તમારી સ્તુતિ કરનાર અને તમારૂં પૂજન કરનાર પ્રાણીઓ જ પોતાનાં મન, વચન અને કાયાનું ફળ પ્રાપ્ત કરે છે અને તેઓ જ ધન્ય છે. હે પ્રભો ! પૃથ્વીમાં વિહાર કરતાં ભૂમિ પર પડેલી એવી તમારી ચરણરેણુઓ, પુરૂષોના પાપરૂપી વૃક્ષને ઉન્મૂલન કરવામાં હાથીઓની માફક આચરણ કરે છે. હે નાથ ! સ્વાભાવિક મોહે કરીને જન્માંધ થયેલાં સંસારી પ્રાણીઓને વિવેકરૂપ લોચન આપવાને તમે એક સમર્થ છો. જેમ મનને મેરુ આદિ કંઈ દૂર નથી. તેમ તમારા ચરણ કમળમાં ભ્રમરની પેઠે આચરણ કરનારા પુરુષોને લોકાગ્ર કાંઈ દૂર નથી. હે દેવ ! મેઘના જળની જેમ જંબૂવૃક્ષનાં ફળ ગળી જાય, તેમ તમારી દેશનારૂપી વારી(પાણી) થી પ્રાણીઓનાં કર્મરૂપી પાશ ગળી જાય છે. હે જગન્નાથ ! હું તમને વારંવાર પ્રણામ કરીને એટલુ જ યાચું છું કે તમારા પ્રસાદથી તમારે વિષે સમુદ્રના જળની જેમ મારી ભકિત અક્ષય રહો.' એવી રીતે આદિનાથની સ્તુતિ કરી, નમસ્કાર કરી ચક્રવર્તી ભકિત સહિત દેવગૃહની બહાર નીકળ્યા.

પછી વારંવાર શિથિલ કરીને રચેલું કવચ હર્ષથી ઉચ્છવાસ પામેલા અંગમાં તેમણે ધારણ કર્યું. માણિક્યની પૂજાથી દેવપ્રતિમા શોભે તેમ દિવ્ય અને મણિમય એવું કવચ અંગ ઉપર ધારણ કરવાથી તેઓ શોભવા લાગ્યા. જાણે બીજો મુગટ હોય તેવું, મધ્યમાં ઊંચુ અને છત્રની જેવું વર્તુલાકાર સુવર્ણ-રત્નનું શિરસ્ત્રાણ તેમણે પહેર્યું. સર્પની જેવા અત્યંત તીક્ષ્ણ બાણોથી ભરેલા બે ભાથાં તેમણે પૃષ્ઠભાગ ઉપર બાંધ્યા અને ઈંદ્ર જેમ ઋજુરોહિત ધનુષ્યને ગ્રહણ કરે તેમ તેમણે શત્રુઓમાં વિષમ એવું કાલપૃષ્ઠ ધનુષ પોતાના વામ કરમાં ગ્રહણ કર્યું. પછી સૂર્યની જેમ અન્ય તેજસ્વી તેજનો ગ્રાસ કરનારા, ભદ્ર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગજેન્દ્રની જેમ લીલાથી પદન્યાસ આરોપનારા, સિંહની જેમ શત્રુઓને તૃણ સમાન ગણનારા, સર્પની જેમ દુર્વિષહ દૃષ્ટિથી ભય આપનારા અને ઇંદ્રની જેમ બંદિરૂપ દેવોએ સ્તુતિ કરેલા ભરતરાજા નિસ્તંદ્ર ગજેન્દ્ર ઉપર આરુઢ થયા.

કલ્પવૃક્ષની જેમ યાચકોને દાન આપતા, હજાર નેત્રવાળા ઇંદ્રની જેમ ચોતરફથી પોતાના સૈન્યને આવેલું જોતાં, રાજહંસ કમળનાળને ગ્રહણ કરે તેમ એકેક બાણને ગ્રહણ કરતા, વિલાસી રતિવાર્તા કરે તેમ રણની વાર્તા કરતા અને ગગનમધ્યમાં આવેલા સૂર્યની જેવા મોટા ઉત્સાહ અને પરાક્રમવાળા તે બંને ઋષભપુત્રો પોતપોતાના સૈન્યની મધ્યમાં આવ્યા. તે સમયે પોતપોતાના સૈન્યની મધ્યમાં રહેલા ભરત અને બાહુબલિ જંબૂદ્વીપની મધ્યે રહેલા મેરૂ પર્વતની શોભાને ધારણ કરતા હતા. તે બંને સૈન્યના અંતરમાં રહેલી મધ્ય પૃથ્વી નિષધ અને નીલવંત પર્વતના મધ્યમાં રહેલી મહાવિદેહ ક્ષેત્રની ભૂમિ જેવી જણાતી હતી. કલ્પાંત સમયમાં જેમ પૂર્વ અને પશ્ચિમ સમુદ્ર સામસામા વૃદ્ધિ પામે, તેમ બંને સૈન્ય પંક્તિરૂપે થઈને સામસામા ચાલવા લાગ્યા હતા. સેતુબંધ જેમ જળના પ્રવાહને રોકે, તેમ પંક્તિ બહાર નીકળીને ચાલતા પદાતિઓને રાજાના દ્વારપાળો વારતા હતા. તાલવડે એક સંગીતમાં વર્તનારા નાટકીઆઓની જેમ સુભટો રાજાની આજ્ઞાથી સરખાં પગલાં મૂકીને ચાલતા હતા. તે શૂરવીરો પોતાના સ્થાનને ઉલ્લંઘન કર્યા સિવાય ચાલતા હતા, તેથી બંને તરફની સેના જાણે એક શરીરવાળી હોય તેમ શોભતી હતી. વીર સુભટો પૃથ્વીને રથના લોહમય મુખવાળા ચક્રોથી ફાડતા હતા, લોઢાની કોદાળી જેવી તીક્ષ્ણ અશ્વોની ખરીઓથી ખોદતા હતા, લોઢાના અર્ધ ચંદ્રો હોય તેવી ઊંટોની ખરીઓથી ભેદતા હતા, વજ્ર જેવી પાનીવાળા પાયદળથી ખુંદતા હતા. ક્ષુરપ્ર બાણ જેવી મહિષ અને સાંઢડાઓની ખરીઓથી ખંડન કરતા હતા અને મુદ્ગળની જેવા હાથીઓના ચરણથી ચૂર્ણ કરતા હતા. અંધકારના જેવા રજસમૂહથી તેઓ આકાશને આચ્છાદન કરતા હતા અને સૂર્યકિરણ જેવા ચળકતા શસ્ત્રથી ચોતરફ પ્રકાશ કરતા હતા. પોતાના ઘણા ભારથી તેઓ કૂર્મની પીઠને કલેશ પમાડતા હતા; મહાવરાહની ઉન્નત દાઢને નમાવતા હતા અને શેષનાગની ફણાના આટોપને શિથિલ કરતા હતા. સર્વ દિગ્ગજોને જાણે કુબ્જ કરતા હોય તેવા તેઓ જણાતા હતા અને સિંહનાદથી બ્રહ્માંડરુપ પાત્રને ઊંચી રીતે નાદવાળું કરતા હતા, કરાસ્ફોટના ઉત્કટ અવાજથી જાણે બ્રહ્માંડને ફોડતા હોય તેમ જણાતા હતા, પ્રસિદ્ધ ધ્વજાઓના ચિહ્નથી ઓળખીને પરાક્રમી પ્રતિવીરોનાં નામ ગ્રહણ કરી તેનું વર્ણન કરતા હતા અને અભિમાની તેમજ શૌર્યશાળી વીરો પરસ્પર યુદ્ધને માટે બોલાવતા હતા. આવી રીતે બંને સૈન્યનાં અગ્રવીરો અગ્રવીરો સાથે એકઠા થયા. મગર મગરની જેમ હાથીવાળા હાથીવાળાની સામે આવ્યા. તરંગ તરંગની જેમ અશ્વારો અશ્વારોની સામે આવ્યા, વાયુ વાયુની જેમ રથી પુરુષો રથી પુરુષોની સામે આવ્યા અને પર્વતે પર્વતની જેમ પાયદળો પાયદળની સામે આવ્યા. એ પ્રમાણે સર્વ વીરો ભાલા, તરવાર, મુદ્ગર અને દંડ વિગેરે આયુધો પરસ્પર મેળવી ક્રોધ સહિત એક બીજાની નજીક આવ્યા. તેવામાં ત્રૈલોક્યના નાશની શંકાથી સંભ્રમ પામેલા દેવતાઓ આકાશમાં એકઠા થયા અને 'અરે ! આ બંને ઋષભપુત્રોનો પોતાના જ બે હાથની જેમ સામસામો કેમ સંઘર્ષ થાય છે ?' એમ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિચારી તેઓએ બંને તરફના સૈનિકોને કહ્યું-'**જ્યાં સુધી અમે તમારા બંને પક્ષના મનસ્વી સ્વામીને બોધ કરીએ ત્યાં સુધી કોઇ યુદ્ધ કરે તો તેને ઋષભદેવજીની આજ્ઞા છે.**' તેઓને ત્રણ જગતના સ્વામીની આજ્ઞા દેવાથી બંને તરફના સૈનિકો જાણે ચિત્રમાં આલેખ્યા હોય તેમ સ્થિર થઈ ગયા અને 'આ દેવતાઓ બાહુબલિની તરફના છે કે ભરતની તરફના છે ?' એમ ચિંતવન કરવા લાગ્યા. કાર્ય નાશ ન પામે અને લોકનું કલ્યાણ થાય એમ વિચારતા દેવતાઓ પ્રથમ ચક્રીની પાસે આવ્યા. ત્યાં 'જય જય' શબ્દપૂર્વક આશિષ આપીને મંત્રીઓની જેમ યુક્તિપૂર્વક વચનથી પ્રિય બોલનારા દેવતાઓ આ પ્રમાણે બોલ્યા.

"હે નરદેવ ! ઇંદ્ર જેમ પૂર્વદેવ(દૈત્ય)નો જય કરે, તેમ તમે છ ખંડ ભરતક્ષેત્રના સર્વ રાજાઓનો જય કર્યો તે સારું કર્યું છે. હે રાજેંદ્ર ! પરાક્રમ અને તેજથી સર્વ રાજારૂપ મૃગોમાં શરભની જેવા તમારો પ્રતિસ્પર્ધી કોઈ નથી. જળકુંભનું મથન કરવાથી જેમ માખણની શ્રદ્ધા પૂરાતી નથી તેમ તમારી રણશ્રદ્ધા હજી પૂર્ણ થઈ નથી, તેટલા માટે તમે પોતાના ભ્રાતાની સાથે યુદ્ધનો આરંભ કર્યો છે; પરંતુ તે પોતાના હાથથી પોતાના જ બીજા હાથને તાડન કરવા જેવું છે. મોટા હાથીને મોટા વૃક્ષની સાથે ગંડસ્થળનું ઘર્ષણ કરવામાં તેના ગંડસ્થળની ખુજલી જેમ કારણભૂત છે, તેમ ભાઈની સાથે યુદ્ધ કરવામાં તમારી ભુજાની ખુજલી એ જ કારણભૂત છે; પરંતુ વનના ઉન્મત્ત હસ્તીઓનું તોફાન જેમ વનના ભંગ માટે થાય છે, તેમ તમારી ભુજાની આ ક્રીડા જગતના પ્રલય માટે થવાની છે. માંસભક્ષી મનુષ્યો ક્ષણિક રસપ્રીતિને માટે જેમ પક્ષીસમૂહનો સંહાર કરે, તેમ તમે ક્રીડામાત્રને માટે આ વિશ્વનો સંહાર શા માટે આરંભ્યો છે? ચંદ્રમાંથી જેમ અગ્નિની વૃષ્ટિ થવી ઉચિત નથી, તેમ જગત્રાતા અને કૃપાળુ ઋષભદેવસ્વામીથી જન્મ પામેલા તમને આ ઉચિત નથી. હે પૃથ્વીરમણ ! સંયમી પુરુષ જેમ સંગથી વિરામ પામે તેમ તમે આ ઘોર સંગ્રામથી વિરામ પામો અને પોતાના સ્થાન પ્રત્યે પાછા જાઓ. તમે અત્રે આવ્યા એટલે તમારો નાનો ભાઈ બાહુબલિ સામે આવ્યો છે, પણ તમે પાછા જશો એટલે એ પણ પાછો જશે, **કારણથી જ કાર્યની ઉત્પત્તિ થાય છે.** વિશ્વ ક્ષય કરવાના પાપનો પરિહાર કરવાથી તમારું કલ્યાણ થાઓ, રણનો ત્યાગ થવાથી બંને સૈન્યનું કુશળ થાઓ, તમારા સૈન્યના ભારથી થયેલા ભૂમિભંગનો વિરામ થવાથી પૃથ્વીના ગર્ભમાં રહેલા ભુવનપતિ વિગેરેને સુખ થાઓ, તમારા સૈન્યથી થતા મર્દનના અભાવથી પૃથ્વી, પર્વતો, સમુદ્રો, પ્રજાજનો અને સર્વજંતુઓ ક્ષોભનો ત્યાગ કરો અને તમારા સંગ્રામથી સંભવતા વિશ્વસંહારની શંકારહિત થયેલા સર્વ દેવતાઓ સુખમાં રહો."

આ પ્રમાણે પક્ષવાદનાં વચનો દેવતાઓ બોલી રહ્યા, એટલે મહારાજા ભરત મેઘના જેવી ગંભીર ગિરાથી બોલ્યા-"હે દેવતાઓ ! તમારા સિવાય વિશ્વના હિતનાં વચનો કોણ કહે ? ઘણું કરીને લોકો કૌતુક જોવાના ઈચ્છક થઇને આવા કાર્યમાં ઉદાસી થઇને રહે છે. તમે હિતની ઇચ્છાથી સંગ્રામ ઉત્પન્ન થવાનું જે કારણ કલ્પ્યું છે તે વસ્તુતાએ જુદું છે; કારણ કે કોઈ પણ કાર્યનું મૂળ જાણ્યા સિવાય તર્કથી કાંઈ પણ કહેવું તે કહેનાર બૃહસ્પતિ પોતે હોય તો પણ તેનું કહેવું નિષ્ફળ થાય છે. 'હું બળવંત છું' એવું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધારીને મેં સહસા સંગ્રામ કરવાને ઈચ્છયું નથી, કારણ કે ઘણું તેલ હોય તો તેથી કાંઈ પર્વતને અભ્યંગન કરાતું નથી. છ ખંડ ભરતક્ષેત્રના સર્વ રાજાઓનો વિજય કરનાર મારે અદ્યાપિ કોઈ પ્રતિસ્પર્ધી છે નહીં એમ નથી, કેમકે શત્રુની જેવા પ્રતિસ્પર્ધી અને જય--અજયના કારણભૂત બાહુબલિને મારે વિધિના વશથી જ જાતિભેદ થયેલો છે. પૂર્વે નિંદાથી ભીરુ, લજ્જાળુ, વિવેકી, વિનયી અને વિદ્વાન્ એવો તે બાહુબલિ મને પિતાની જેમ મનાતો હતો, પણ સાઠ હજાર વર્ષે હું દિગ્વિજય કરીને આવ્યો તે પછી હમણાં તે જાણે બીજો જ થઇ ગયો હોય તેમ હું જોઉં છું. વિયોગમાં ઘણો કાળ ગયો એ જ તેમ થવાનું કારણ જણાય છે. બાર વર્ષ સુધીના રાજ્યાભિષેકમાં બાહુબલિ આવ્યો નહીં, તેનું કારણ તેનો પ્રમાદ છે એમ મેં તર્ક કર્યો. પછી તેને બોલાવવાને દૂત મોકલ્યો, તો પણ તે આવ્યો નહીં; ત્યારે તેમાં મંત્રીઓના વિચારનો દોષ છે એમ હું તર્ક કરતો હતો. હું તેને કોપથી કે લોભથી બોલાવતો નહોતો, પણ જ્યાંસુધી એક રાજા પણ નમ્યા વિનાનો રહે ત્યાંસુધી ચક્ર નગરમાં પ્રવેશ કરતું નથી તેથી શું કરવું? ચક્ર નગરમાં પેસે નહીં અને તે (બાહુબલિ) મને નમે નહીં, તેથી તેઓ જાણે પરસ્પર સ્પર્દ્ધા કરતા હોય એવું જણાય છે અને હું સંકટમાં આવી પડયો છું. એ મારો મનસ્વી ભાઈ એક વાર મારી પાસે આવે અને અતિથિ જેમ પૂજાને ગ્રહણ કરે, તેમ મારી પાસેથી બીજી પૃથ્વી ઈચ્છાપૂર્વક ગ્રહણ કરે. એક ચક્રના પ્રવેશ સિવાય મારે સંગ્રામ કરવાનું બીજું કાંઈ પણ કારણ નથી અને તે નહીં નમેલા નાના ભાઇથી મારે કાંઈ પણ માન મેળવવાની ઈચ્છા નથી."

દેવતાએ કહ્યું:–"હે રાજન્! સંગ્રામનું કારણ મોટું હોવું જોઈએ; કેમકે આપના જેવા પુરુષોની અલ્પ કારણને માટે આવી પ્રવૃત્તિ સંભવતી નથી. અમે હવે બાહુબલિ પાસે જઈ તેને બોધ કરશું અને યુગના ક્ષયની જેમ આ થનારા જનક્ષયની રક્ષા કરીશું. કદાપિ તમારી પેઠે તે પણ યુદ્ધનાં બીજાં કારણો બતાવશે તો પણ તમારે આવું અધમ યુદ્ધ ન કરવું જોઈએ. મોટા પુરુષોએ તો દૃષ્ટિ, બાહુ અને દંડાદિક ઉત્તમ યુદ્ધોથી યુદ્ધ કરવું કે જેથી નિરપરાધી હાથી વિગેરેનો વધ ન થાય." દેવતાનું આ પ્રમાણે કહેવું ભરત ચક્રવર્ત્તીએ સ્વીકાર્યું, એટલે તેઓ બીજા સૈન્યમાં બાહુબલિ પાસે ગયા. 'અહો! આ બાહુબલિ દૃઢ અવષ્ટંભવાળી મૂર્ત્તિથી જ અધૃષ્ય છે.' એમ વિચારી વિસ્મય પામતા દેવતાઓ તેને આ પ્રમાણે કહેવા લાગ્યા—

"હે ઋષભનંદન! હે જગત્‌નેત્રરૂપી ચકોરને આનંદકારી ચંદ્ર! તમે ચિરકાળ જય પામો અને આનંદમાં રહો. સમુદ્રની જેમ તમે કદાપિ મર્યાદાને ઉલ્લંઘતા નથી અને કાયર પુરૂષો રણથી ભય પામે તેમ તમે અવર્ણવાદથી ભય પામો તેવા છો. પોતાની સંપત્તિમાં તમે ગર્વરહિત છો, પરની સંપત્તિમાં ઈર્ષારહિત છો, દુર્વિનીત પુરૂષોને શિક્ષા કરનારા છો, ગુરૂજનોનો વિનય કરનારા છો અને વિશ્વને અભય કરનારા ઋષભસ્વામીના તમે યોગ્ય પુત્ર છે; તેથી આ અપરલોકોનો ઉચ્છેદ કરવાના કાર્યમાં પ્રવર્તવું તમને યુકત નથી. તમારા જ્યેષ્ઠ ભાઇ ઉપર આ ભયંકર આરંભ કર્યો છે તે તમને ઘટિત નથી અને અમૃતથી જેમ મૃત્યુ સંભવિત નથી તેમ તમારાથી એવું સંભવતું પણ નથી. આટલાથી હજી કાંઈ બગડયું નથી, માટે ખલ પુરુષની મૈત્રી જેવો આ યુદ્ધનો આરંભ તમે છોડી દ્યો. હે વીર! મંત્રોથી મોટા સર્પોને પાછા વાળવાની જેમ તમારી આજ્ઞાથી આ વીર સુભટોને યુદ્ધના વેગમાંથી પાછા વાળો અને તમારા મોટાભાઈ ભરતરાયની પાસે જઈ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમને વશ થાઓ. તેમ કરવાથી તમે 'શક્તિવાન્ છતાં વિનયી થયા' એવી પ્રશંસાને પાત્ર થશો. ભરતરાજાએ ઉપાર્જિત કરેલા છ ખંડ ભરતક્ષેત્રને તમે સ્વોપાર્જિતની પેઠે ભોગવો, કારણ કે તમારા બંનેમાં કાંઈ અંતર નથી." એમ કહી મેઘની પેઠે તેઓ વિરામ પામ્યા એટલે બાહુબલિ કાંઈક હસીને ગંભીર વાણીથી બોલ્યા—"હે દેવતાઓ ! અમારા વિગ્રહનો હેતુ તત્ત્વથી જાણ્યા સિવાય તમે પોતાના સ્વચ્છ દિલથી આ પ્રમાણે કહો છો. તમે પિતાજીના ભક્ત છો અને અમે તેમના પુત્રો છીએ; એવા આપણા સંબંધથી તમે આવી રીતે કહો છો તે યુક્ત છે. પૂર્વે દીક્ષા સમયે અમારા પિતાજીએ યાચકોને સુવર્ણાદિક આપ્યું તેમ અમને અને ભરતને દેશ વહેંચી આપ્યા હતા. હું તો મને આપેલા દેશથી સંતુષ્ટ થઈ રહ્યો હતો, કેમકે ફક્ત ધનને વાસ્તે પરદ્રોહ કોણ કરે ? પરંતુ સમુદ્રમાં જેમ મોટા મત્સ્ય નાના મત્સ્યને ગળી જાય, તેમ ભરતક્ષેત્રરૂપ સમુદ્રમાં સર્વ રાજાઓનાં રાજ્યોને તે ભરત ગળી ગયો. પેટભરો માણસ જેમ ભોજનથી અસંતુષ્ટ રહે તેમ તેટલાં રાજ્યોથી પણ અસંતુષ્ટ રહેલા તેણે પોતાના નાના ભાઈઓનાં રાજ્યો ખુંચવી લીધાં. જ્યારે નાના ભાઈઓ પાસેથી પિતાજીએ આપેલા રાજ્યો તેણે ખુંચવી લીધાં, ત્યારે પોતાનું ગુરૂપણું તેણે પોતાની મેળે જ ખોયું છે. ગુરૂપણું વયમાત્રથી નથી, પણ તેવા આચરણથી છે. ભાઈઓને રાજ્યથી દૂર કરીને તેણે ગુરૂપણાનું આચરણ બતાવી આપ્યું છે ! સુવર્ણની બુદ્ધિથી પિત્તળની જેમ અને મણિની બુદ્ધિ કાચને ગ્રહણ કરવાની જેમ ભ્રાંતિ પામેલા મેં આટલા વખત સુધી તેને ગુરૂબુદ્ધિથી જોયો હતો. પિતાએ અથવા વંશના કોઈ પણ પૂર્વપુરુષે કોઈને પૃથ્વી આપી હોય તો તે નિરપરાધી હોય ત્યાં સુધી તેને અલ્પ રાજ્યવાળો રાજા પણ પાછી હરી લે નહીં, તો એ ભરત કેમ હરે ? નાના ભાઈઓનું રાજ્યહરણ કરીને નિશ્ચયે એ લજ્જા પામ્યો નહીં, તેથી હવે જયની ઈચ્છાથી મારા રાજ્યને માટે મને પણ બોલાવે છે. વહાણ જેમ સમુદ્રને ઉતરી અંતે જતાં કોઈ તટના પર્વત સાથે અથડાય, તેમ સર્વ ભરતક્ષેત્રનો જય કરી તે મારી સાથે અથડાણો છે. લુબ્ધ, મર્યાદા રહિત અને રાક્ષસની જેવા નિર્દય તે ભરતને મારા નાના ભાઈઓએ લજ્જાથી ભજ્યો નહીં, તો હું તેના કયા ગુણથી તેને વશ થાઉં ? હે દેવતાઓ ! તમે સભાસદની જેમ મધ્યસ્થ થઈને કહો. એ ભરત પોતાના પરાક્રમથી મને વશ કરવા ધારે છે તો ભલે કરે, ક્ષત્રિયોનો એ સ્વાધીન માર્ગ છે, એમ છતાં પણ વિચારીને જો તે પાછો ચાલ્યો જાય તો ભલે કુશળપણે જાય ! હું એના જેવો લુબ્ધ નથી કે પાછા જનારા તેને કાંઈ અડચણ કરું. એનું આપેલું સર્વ ભરતક્ષેત્ર હું ભોગવું એ કેમ બને ? શું કેશરીસિંહ કયારે પણ કોઈનું ભક્ષણ કરે ? ન જ કરે. એને ભરતક્ષેત્ર લેતાં સાઠ હજાર વર્ષ થયાં છે, પણ હું જો તે લેવાની ઈચ્છા કરું તો તત્કાળ ગ્રહણ કરું, પરંતુ એટલા બધાં વર્ષોના પ્રયાસથી તેને પ્રાપ્ત થયેલા ભરતક્ષેત્રના વૈભવને ધનવાહનના ધનની જેમ હું ભાઈ થઈને કેમ ગ્રહણ કરું ? જાતિકવળથી[1] હસ્તીની જેમ જો આ વૈભવથી ભરત અંધ થઇ ગયો હોય તો તે સુખેથી રહેવાને સમર્થ નથી. તેના વૈભવને હું હરણ કરેલો જ જોઉં છું, પણ અનિચ્છાથી જ મેં વૈભવની ઉપેક્ષા કરી છે. આ વખતે જાણે મને આપવાના જ માનરૂપ હોય તેવા તેના અમાત્યો, ભંડાર, હસ્તી, અશ્વાદિ અને યશ મને અર્પણ કરવાને માટે

---

૧. માલતી કે ચંમેલીના પુષ્પથી, લતાથી અથવા જામફળ ખાવાથી હસ્તી જેમ મદાંધ થઈ જાય તેમ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ તે ભરતને અહીં લાવેલા છે, માટે હે દેવતાઓ ! તમે જો તેના હિતાકાંક્ષી હો તો તેને યુધ્ધથી વારો, એ યુદ્ધ નહીં કરે તો હું કદાપિ યુધ્ધ કરીશ નહીં ”

મેઘની ગર્જના જેવા તેના આવાં ઉત્કટ વચનો સાંભળીને વિસ્મય પામેલા દેવતાઓ તેને ફરી કહેવા લાગ્યા–‘ એક તરફ ચક્રી પોતાને યુધ્ધ કરવાનું કારણ ચક્રનો નગરમાં અપ્રવેશ બતાવે છે, તેથી તે ગુરૂથી પણ અનુત્તર કરવાને અને નિરોધ કરવાને અશક્ય છે અને બીજી તરફ તમે ‘ યુદ્ધ કરનારની સાથે જ હું યુદ્ધ કરીશ’ એમ કહો છો તેથી ઇંદ્ર પણ તમને યુદ્ધ અટકાવવાને અશક્ય છે. તમે બંને ઋષભસ્વામીના દૃઢ સંસર્ગથી શોભો છો, મહાબુદ્ધિવાળા છો, વિવેકી છો, જગતના રક્ષક છો અને દયાળુ છો; તોપણ જગતના ભાગ્યનો ક્ષય થવાથી આ યુદ્ધનો ઉત્પાત પ્રાપ્ત થયો છે, તથાપિ હે-વીર ! પ્રાર્થના પૂર્ણ કરવામાં કલ્પવૃક્ષ સમાન એવા તમને અમે પ્રાર્થના કરીએ છીએ કે તમારે ઉત્તમ યુધ્ધ કરવું, અધમ યુદ્ધ કરવું નહીં, કેમકે ઉગ્ર તેજવાળા તમો બંને ભાઇઓના અધમ યુદ્ધમાં ઘણા લોકનો પ્રલય થવાથી અકાળે પ્રલયકાળ થયો ગણાશે; માટે તમારે દૃષ્ટિ વગેરે યુદ્ધથી યુદ્ધ કરવું યુક્ત છે; તેથી તમારા પોતાના માનની સિદ્ધિ થશે અને લોકોનો પ્રલય નહીં થાય. ’ બાહુબલિએ એ પ્રમાણે કબૂલ કર્યું, એટલે તેમનું યુદ્ધ જોવાને નગરના લોકની જેમ દેવતાઓ નજીકમાં જ ઊભા રહ્યા.

પછી બાહુબલિની આજ્ઞાથી એક બળવાન પ્રતિહાર હાથી ઉપર બેસી ગજની પેઠે ગર્જના કરી પોતાના સૈનિકોને કહેવા લાગ્યો–“ હે વીર સુભટો ! ચિરકાળથી ચિંતવતા તમને વાંછિત પુત્રલાભની જેમ સ્વામીનું કાર્ય પ્રાપ્ત થયું હતું; પરંતુ તમારા અલ્પ પુણ્યને લીધે આપણા બળવાન્ રાજાને દેવતાઓએ ભરતની સાથે દ્વંદ્વ યુદ્ધ કરવાને પ્રાર્થના કરી છે. સ્વામી પોતે પણ દ્વંદ્વ યુદ્ધને ઇચ્છે છે, તેમાં વળી દેવતાઓએ પ્રાર્થના કરી એટલે શું કહેવું ? માટે ઇંદ્રની જેવા પરાક્રમી મહારાજા બાહુબલિ તમને રણસંગ્રામનો નિષેધ કરે છે. દેવતાઓની જેમ તમે પણ તટસ્થ રહીને હસ્તીમલ્લની જેવા એકાંગમલ્લ એવા આપણા સ્વામીને યુદ્ધ કરતાં જુઓ અને વક્ર થયેલા ગ્રહોની જેમ તમારા રથ, ઘોડા અને પરાક્રમી હાથીઓને પાછા વાળો. સર્પોને કંડીઆમાં નાખવાની જેમ તમારા ખડ્ગો મ્યાનમાં નાખો, હાથીની શુંઢ જેવા તમારા મદ્દગરોને હાથમાંથી છોડી દ્યો, લલાટથી ભ્રકુટીની જેમ તમારા ધનુષ્યની પણછો ઉતારો, ભંડારમાં દ્રવ્ય નાખવાની જેમ તમારાં બાણોને ભાથામાં નાખો અને મેઘ જેમ વીજળીને સંવરી લે તેમ તમારા શલ્યને સંવૃત કરો.”

પ્રતિહારની વજ્રના નિર્ઘોષ જેવી ગિરાથી ઘૂર્ણિત થયેલા બાહુબલિના સૈનિકો માંહોમાંહે આ પ્રમાણે વિચારવા લાગ્યા–“અહો ! થનાર યુદ્ધથી વણિકોની પેઠે ભય પામેલા અને જાણે ભરતપતિના સૈનિકો પાસેથી લાંચ મેળવી હોય એવા તથા જાણે પૂર્વ જન્મના આપણા વૈરી હોય તેવા, અકસ્માત આવેલા આ દેવતાઓએ સ્વામીને પ્રાર્થના કરી અમારો યુદ્ધોત્સવ અટકાવ્યો. અરે ! ભોજન કરવા માટે બેઠેલા પુરૂષની આગળથી જેમ ભોજન હરી લે, લાડ કરવાને જતા મનુષ્યના ખોળામાંથી જેમ પુત્રને હરી લે, કુવામાંથી નીકળતા પુરૂષના હાથમાંથી જેમ અવલંબન આપનારી દોરી ખેંચી લે, તેમ અમારા આવેલા રણોત્સવને દૈવે હરી લીધો. ભરતરાજાની જેવો બીજો કોણ શત્રુ મળશે કે જેની સાથેના સંગ્રામમાં આપણે મહારાજા બાહુબલિના અનૃણી થઈશું ? પિત્રાઈઓ, ચોર અને પિતાને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઘરે રહેનારી પુત્રવતી સ્ત્રીની પેઠે આપણે ફોગટ બાહુબલિનું દ્રવ્ય લીધું અને અરણ્યવૃક્ષોનાં પુષ્પની સુગંધની જેમ આપણા બાહુદંડનું વીર્ય વ્યર્થ ગયું ! નપુંસક પુરૂષે કરેલા સ્ત્રીઓના સંગ્રહની જેમ આપણો શસ્ત્રસંગ્રહ નકામો થયો અને પોપટે કરેલા શાસ્ત્રાભ્યાસની જેમ આપણો શસ્ત્રાભ્યાસ વ્યર્થ ગયો ! તાપસોના પુત્રોએ મેળવેલું કામશાસ્ત્રનું પરિજ્ઞાન જેમ નિષ્ફળ થાય છે, તેમ આપણે ગ્રહણ કરેલું પદાતિપણું નિષ્ફળ થયું ! હતબુદ્ધિવાળા આપણે હાથીઓને મારાભ્યાસ[1] કરાવ્યો અને ઘોડાઓને શ્રમજય કરાવ્યો તે વ્યર્થ કરાવ્યો ! શરદ્ઋતુના મેઘની જેમ આપણે ફોગટ વિકટ કટાક્ષ કર્યાં ! સામગ્રીદર્શકોની જેમ આપણી તયારીઓ વ્યર્થ થઇ અને યુદ્ધદોહદ નહીં પૂરાવાથી આપણું અહંકાર ધારણ કરવાપણું નિષ્ફળ થયું."

આવી રીતે ચિંતવતા તેઓ ખેદરૂપ ઝેરથી ગર્ભિત થઇ ફુત્કાર કરનારા સર્પોની જેમ સીત્કાર કરતા પાછા ફર્યા. ક્ષાત્રવ્રતરુપી દ્રવ્યવાળા ભરતરાજાએ પણ સમુદ્ર જેમ ભરતીને પાછી વાળે તેમ પોતાની સેનાને પાછી વાળી. પરાક્રમી ચક્રવર્તીએ પાછા વાળેલા સૈનિકો પગલે પગલે એકઠા થઈને વિચાર કરવા લાગ્યા કે–"આપણા સ્વામિ ભરતે મંત્રીના મિષથી વૈરીની જેવા કયા મંત્રીના વિચારથી બે બાહુથી જ થનારું દ્વંદ્વ યુદ્ધ માન્ય કર્યું ? છાશના ભોજનની જેમ સ્વામીએ એવો સંગ્રામ કબૂલ કર્યો ત્યારે હવે આપણું શું કામ રહ્યું ? છ ખંડ ભરતક્ષેત્રના રાજાઓ સાથેના રણ સંગ્રામમાં શું આપણે કોઈને પણ આક્રાંત કર્યો નથી, કે જેથી આજે આપણને યુદ્ધથી વારે છે ? જ્યારે પોતાના સુભટો નાસી જાય, જીતાય કે મરાઇ જાય ત્યારે જ સ્વામીએ યુદ્ધ કરવું જોઇએ, કારણ કે **રણની ગતિ વિચિત્ર છે.** જો એક બાહુબલિ સિવાય બીજો કોઇ શત્રુ હોત તો યુદ્ધમાં કદાપિ આપણે આપણા સ્વામીના જય વિશે સંશય લાવીએ નહીં; પણ બળવંત બાહુબલિ સાથે યુદ્ધમાં વિજય કરવાની ઇંદ્રને પણ શંકા થાય તો બીજાનું શું માત્ર ? ! મોટી નદીના પૂરની જેમ દુ:સહ વેગવાળા તે બાહુબલિ સાથે પ્રથમ યુદ્ધ કરવું તે સ્વામીને ઘટે નહીં. પ્રથમ અમે યુદ્ધ કર્યા પછી જ સ્વામીને યુદ્ધમાં જવું યુક્ત છે; કેમકે **"પ્રથમ અશ્વદમ[2] પુરૂષોએ દમન કરેલા અશ્વ ઉપર જ બેસાય છે."** આવી રીતે માંહોમાંહે વાતો કરતા પોતાના વીર પુરુષોને જોઈ ઈંગિતાકારથી તેમના ભાવને જાણે ચક્રીએ તેમને બોલાવી કહ્યું–"હે વીર પુરુષો ! અંધારનો નાશ કરવામાં જેમ સૂર્યના કિરણો અગ્રેસર છે, તેમ શત્રુઓનો નાશ કરવાને તમે મારા અગ્રેસર છો. અગાધ ખાઇમાં પડીને હાથી જેમ કિલ્લા સુધી આવી શકે નહીં, તેમ તમે યોદ્ધા છતાં કોઈ શત્રુ મારી ઉપર આવ્યો નથી. અગાઉ કોઈ વખત તમે મારું યુદ્ધ જોયું નથી તેથી તમને વ્યર્થ શંકા થાય છે. કારણ કે **ભક્તિ અસ્થાને પણ ભયની શંકા કરાવે છે;** માટે હે વીરસુભટો તમે સૌ એકઠા થઇ મારી ભુજાનું બળ જુઓ, જેથી રોગના ક્ષયથી ઔષધ સંબંધી શંકા નાશ પામે તેમ તત્કાળ તમારી શંકા નાશ પામશે, એમ કહી ચક્રીએ સેવકપુરુષો પાસે ઘણો વિસ્તીર્ણ અને ગંભીર ખાડો ખોદાવ્યો. પછી દક્ષિણ સમુદ્રના તીર ઉપર જેમ સહ્ય પર્વત રહે તેમ તે ખાડાના તટ ઉપર ભરતેશ્વર બેઠા અને વડના વૃક્ષને લટકતી લાંબી વડવાઈઓની જેમ ભરતેશ્વરે પોતાના ડાબા હાથ ઉપર મજબૂત સાંકળો ઉપરાઉપરી

૧. સંગ્રામ કરવાનો—સંગ્રામમાં સ્થિર રહેવાનો અભ્યાસ. ૨ ઘોડાઓને ચાલ શિખવનારા–ઉસ્તાદ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બાંધી. કિરણોથી જેમ સૂર્ય શોભે અને લતાઓથી જેમ વૃક્ષ શોભે, તેમ એવી એક હજાર શૃંખલાથી મહારાજા શોભવા લાગ્યા. પછી તેઓએ સર્વ સૈનિકોને કહ્યું–'હે વીરો ! બળદો જેમ શકટને ખેંચે તેમ તમે બળ અને વાહન સહિત નિર્ભયપણે મને ખેંચો. તમારા સર્વના એકત્ર બળથી ખેંચીને મને આ ખાડામાં પાડી નાખો. મારી ભુજાના બળથી પરીક્ષા કરવા માટે તમારે 'સ્વામીની અવજ્ઞા થશે' એમ વિચારી છળ ન કરવો. મેં આવું દુઃસ્વપ્ન જોયું છે તેથી તેનો તમે નાશ કરો; કારણ કે **સ્વપ્નને પોતે જ સાર્થક કરનારથી સ્વપ્ન નિષ્ફળ થાય છે.**' આવી રીતે ચક્રીએ વારંવાર આદેશ કરેલા સૈનિકોએ તેમ કરવું માંડમાંડ સ્વીકાર્યું; કારણ કે **સ્વામીની આજ્ઞા બળવાન્ છે** પછી દેવ અને અસુરોએ જેમ મંદરાચળ પર્વતને ખેંચાવાના નેત્રા(દોરડા) રૂપ થયેલા સર્પોને ખેંચ્યા હતા, તેમ સર્વ સૈનિકો ચક્રીની ભુજાએ બાંધેલી શૃંખલા ખેંચવા લાગ્યા. ચક્રીની ભુજા સાથેની લાંબી શૃંખલાઓમાં તેઓ લગ્ન થયા, એટલે ઊંચા વૃક્ષના શાખાગ્રમાં રહેલા વાંદરાની જેવા તેઓ શોભવા લાગ્યા. પર્વતને ભેદનારા હાથીઓની જેમ પોતાને ખેંચનારા સૈનિકોની ચક્રવર્તીએ કૌતુક જોવા માટે થોડીવાર ઉપેક્ષા કરી. પછી મહારાજાએ તે હાથ પોતાની છાતી સાથે અથડાયો એટલે હાથ ખેંચવાથી પંક્તિબંધ બાંધેલી ઘટીમાલાની જેમ તેઓ સર્વ એક સાથે પડી ગયા. તે વખતે ખજુરરુપ ફળથી ખજુરનું વૃક્ષ શોભે તેમ લટકતા એવા સૈનિકોથી ચક્રવર્તીની ભુજા શોભવા લાગી. પોતાના સ્વામીના એવા બળથી હર્ષ પામેલા સૈનિકોએ તેમની ભુજાની શૃંખલાઓને પૂર્વે કરેલી દુઃશંકાની જેમ તરત છોડી દીધી.

પછી ગાયન કરનાર માણુસ જેમ પ્રથમ બોલેલા ઉદ્ગ્રાહને ફરીથી ગ્રહણ કરે, તેમ ચક્રવર્તી હાથી ઉપર બેસી રણભૂમિમાં આવ્યા. ગંગા અને યમુનાની વચમાં જેમ વેદિકાનો ભાગ શોભે તેમ બંને સેનાની મધ્યમાં વિપૂલ ભૂમિતળ શોભતું હતું. તે વખતે જગતનો સંહાર અટકવાથી હર્ષ પામીને જાણે કોઈએ પ્રેરેલ હોય તેમ પવન પૃથ્વીની રજને ધીમે ધીમે દૂર કરવા લાગ્યો. સમવસરણની ભૂમિની જેમ તે રણભૂમિ ઉપર ઉચિતને જાણનારા દેવતાઓ સુગંધી જળની વૃષ્ટિ કરવા લાગ્યા અને મંત્રિક પુરુષો મંડળની ભૂમિમાં વરસાવે તેમ વિકસિત પુષ્પો તે રણભૂમિમાં તેઓએ વરસાવ્યાં. પછી કુંજરની જેમ ગર્જના કરતા બંને રાજકુંવરોએ હસ્તી ઉપરથી ઉતરી રણભૂમિમાં પ્રવેશ કર્યો. તે વખતે મહાપરાક્રમવાળા અને લીલાથી ચાલનારા તેઓ પગલે પગલે કૂર્મેંદ્રને પ્રાણુસંશય પમાડવા લાગ્યા.

તેમણે પ્રથમ દૃષ્ટિયુદ્ધ કરવું એવી પ્રતિજ્ઞા કરી અને જાણે બીજા શક્ર ને ઈશાન ઈંદ્ર હોય તેમ અનિમેષ નેત્ર કરી તેઓ સામસામા ઊભા રહ્યા. રક્તનેત્રવાળા બંને વીરો સન્મુખ રહીને એક બીજાના મુખ સામું જોતા હતા. તે વખતે સાયંકાળે સામસામા રહેલા સૂર્ય, ચંદ્રની જેવા તેઓ શોભતા હતા. ધ્યાન કરનારા યોગીઓની જેમ ઘણા વખત સુધી નિશ્ચળ લોચન કરીને બંને વીરો સ્થિર રહ્યા. છેવટે સૂર્યના કિરણોથી આક્રાંત થયેલા નીલકમલની પેઠે ઋષભસ્વામીના જ્યેષ્ઠ પુત્ર ભરતનાં નેત્ર મીંચાઈ ગયાં અને છ ખંડ ભરતનો જય કરવાથી થયેલી મોટી કીર્તિ મહારાજા ભરતનાં નેત્રોએ પાણી મૂકવાની પેઠે અશ્રુજળના મિષથી મૂકી દીધી હોય તેમ જણાયું. પ્રાતઃકાળે વૃક્ષો ધ્રૂજે તેમ મસ્તક ધુણાવતા દેવતાઓએ તે વખતે બાહુબલિ ઉપર પુષ્પવૃષ્ટિ કરી. સૂર્યોદય વખતે પક્ષીઓની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પેઠે, બાહુબલિનો વિજય થવાથી સોમજશાદિ વીરોએ મોટા હર્ષથી કોલાહલ કર્યો. કીર્તિરૂપી નર્તકીએ જાણે નૃત્યનો આરંભ કર્યો હોય તેમ ઉદ્ધત થયેલા બાહુબલિના સૈનિકોએ જયવાજીંત્ર વગાડ્યાં. ભરતરાયના સુભટો જાણે મૂર્છા પામ્યા હોય, જાણે સૂતા હોય અથવા જાણે રોગાતુર હોય તેમ મંદ પરાક્રમી થયા. અંધકાર અને પ્રકાશવાળા મેરુપર્વતના બંને પાસાની જેમ બંને સૈન્યો ખેદ અને હર્ષથી યુક્ત થયા. તે સમયે બાહુબલિએ ચક્રીને કહ્યું–' હું કાકતાલીય ન્યાયની પેઠે જીત્યો છું એમ ન બોલશો; જો તમારા મનમાં એમ હોય તો વાણીથી પણ યુદ્ધ કરો.' બાહુબલિનું એવું કથન સાંભળી પગથી ચંપાયેલા સર્પની પેઠે અમર્ષયુક્ત થયેલા ચક્રીએ કહ્યું–'એ રીતે પણ ભલે તરો જીતવાળા થાઓ !'

પછી ઈશાન ઇન્દ્રનો વૃષભ નાદ કરે 'સૌધર્મ' ઇન્દ્રનો હસ્તી ગર્જના કરે અને મેઘ જેમ સ્તનિત શબ્દ કરે, તેમ ભરતરાજાએ મોટો સિંહનાદ કર્યો. મોટી નદીના બંને બાજુના તટમાં જળના પૂરની જેમ તે સિંહનાદ આકાશમાં ચોતરફ વ્યાપી ગયો અને જાણે યુદ્ધ જોવા આવેલા દેવતાઓના વિમાનને પાડતો હોય, આકાશમાંથી ગ્રહ, નક્ષત્ર અને તારાનો જાણે ભ્રંશ કરતો હોય, કુળપર્વતોનાં ઊંચાં શિખરોને ચલાયમાન કરતો હોય અને જળરાશિના જળને જાણે ઉછાળતો હોય તેવો તે નાદ જણાવા લાગ્યો. તે સિંહનાદ સાંભળવાથી દુષ્ટ બુદ્ધિવાળા પુરુષો ગુરુની આજ્ઞા ન માને તેમ રથના ઘોડાઓ રાશને પણ ન ગણવા લાગ્યા; પિશુન લોકો સદ્વાણીને ન માને તેમ હસ્તીઓ અંકુશને ન માનવા લાગ્યા; કફ રોગવાળા કડવા પદાર્થને ન જાણે તેમ ઘોડાઓ લગામને ન જાણવા લાગ્યા; વિટપુરુષો લજ્જાને ગણે નહીં તેમ ઊંટો નાસિકાની નાથને ગણવા લાગ્યા નહીં અને ભૂતાવિષ્ટની જેમ ખચ્ચરો પોતાની ઉપર પડતા ચાબખાઓના પ્રહારને પણ માનવા લાગ્યા નહીં એ પ્રમાણે ભરતચક્રીએ કરેલા સિંહનાદથી ત્રાસ પામીને કોઈ સ્થિર રહી શક્યું નહીં. તે પછી બાહુબલિએ ઘણો ભયંકર સિંહનાદ કર્યો. તે અવાજ સાંભળીને સર્પો, નીચે ઉતરતા ગરુડની પાંખના અવાજની બુદ્ધિથી પાતાળમાંથી પણ પાતાળમાં પેસી જવાને ઇચ્છતા હોય તેવા થઈ ગયા. સમુદ્રની મધ્યમાં રહેલા જળજંતુઓ તે સિંહનાદ સાંભળવાથી સમુદ્રમાં પ્રવેશ થયેલા મંદરાચલના મંથન શબ્દની શંકાથી ત્રાસ પામવા લાગ્યા, કુળપર્વતો તેને સાંભળીને વારંવાર ઇંદ્રે મૂકેલા વજ્રના શબ્દના ભ્રમથી પોતાના ક્ષયની આશંકા કરીને કંપવા લાગ્યા, મૃત્યુલોકવાસી સર્વ મનુષ્યો તે શબ્દ સાંભળી, કલ્પાંત કાળે પુષ્કરાવર્ત્તે મૂકેલા વિદ્યુત્ધ્વનિના ભ્રમથી પૃથ્વી ઉપર આમતેમ આળોટવા લાગ્યા. અને દેવતાઓ દુઃશ્રવ શબ્દ સાંભળી અકાળે પ્રાપ્ત થયેલા દૈત્યોના ઉપદ્રવ સંબંધી કોલાહલના ભ્રમથી આકુળવ્યાકુળ થવા લાગ્યા. એ દુઃશ્રવ સિંહનાદ જાણે લોકનાલિકાની સાથે સ્પર્દ્ધા કરતો હોય તેમ અધિક અધિક વધવા લાગ્યો. બાહુબલિનો સિંહનાદ સાંભળીને ભરતરાજાએ ફરીથી મૃગલીની જેમ દેવતાઓની સ્ત્રીઓને ત્રાસ પમાડનારો સિંહનાદ કર્યો. જાણે મધ્યલોકને ક્રીડાવડે ભય કરનારા હોય તેમ ચક્રી અને બાહુબલિએ અનુક્રમે સિંહનાદો કર્યા. તેમ કરતાં કરતાં અનુક્રમે હાથીની શુંઢની જેમ અને સર્પના શરીરની જેમ ભરતરાજાના સિંહનાદનો શબ્દ ન્યૂન થતો ગયો અને નદીના પ્રવાહની પેઠે તેમજ સજ્જનના સ્નેહની પેઠે બાહુબલિનો સિંહનાદ અધિક અધિક વધતો ગયો. એવી રીતે શબ્દ સંબંધી વાગ્યુદ્ધમાં પણ વાદી જેમ પ્રતિવાદીને જીતે, તેમ વીર બાહુબલિએ ભરતરાજાને જીતી લીધા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પછી બાહુયુદ્ધને માટે એ બંને બાંધવો બદ્ધકક્ષ હાથીઓની જેમ બદ્ધપરિકર થયા. તે વખતે ઉછળેલા સમુદ્રની જેમ ગર્જના કરતો બાહુબલિનો સુવર્ણની છડીને ધારણ કરનારો મુખ્ય પ્રતિહાર બોલ્યો—

"હે પૃથ્વી ! વજ્રના ખીલા જેવા પર્વતોને અવલંબન કરી અને સર્વ બળનો આશ્રય કરી તું સ્થિર થા. હે નાગરાજ ! ચોતરફથી પવનને ગ્રહણ કરીને તેમજ તેનું રૂંધન કરીને પર્વતની જેમ દૃઢ થઈ તમે પૃથ્વીને ધારણ કરો. હે મહાવરાહ ! સમુદ્રના કાદવમાં આળોટી પૂર્વશ્રમને દૂર કરી પુનઃ તાજો થઈ પૃથ્વીને ઉત્સંગમાં રાખ. હે કૂર્મ ! તારા વજ્રની જેવા અંગને ચોતરફથી સંકોચી, પૃષ્ઠ દૃઢ કરી પૃથ્વીને વહન કર. હે દિગ્ગજો ! પૂર્વની જેમ પ્રમાદથી અથવા મદથી નિદ્રાને ન ધારણ કરતાં સર્વ રીતે સાવધાન થઈને વસુધાને ધારણ કરો, કારણ કે આ વજ્રસાર બાહુબલિ વજ્રસાર બાહુવડે ચક્રીની સાથે મલ્લયુદ્ધ કરવાને ઊઠે છે."

પછી તત્કાળ વીજળીના પાતથી તાડિત થયેલા પર્વતના શબ્દની જેવા એ બંને મહામલ્લો પરસ્પર પોતાના હાથનો આસ્ફોટ કરવા લાગ્યા. લીલાથી પદન્યાસ કરતા અને કુંડળને ચલિત કરતા તેઓ સામસામા ચાલવા લાગ્યા. તે વખતે જાણે ધાતકીખંડથી આવેલ બંને બાજુ સૂર્ય-ચંદ્રવાળા બે ક્ષુદ્રમેરુ હોય તેવા તેઓ જણાવા લાગ્યા. બે બળવાન હસ્તીઓ મદમાં આવી પોતાના દાંતને સામસામા ભટકાવે, તેમ તેઓ બંને પોતાના હાથ પરસ્પર ભટકાવવા લાગ્યા. ક્ષણુવાર જોડાઈ જતા અને ક્ષણુવાર જૂદા પડતા તે બંને વીરો જાણે ઉદ્દંડ પવને પ્રેરેલા બે મોટા વૃક્ષો હોય તેવા હતા. દુર્દિનમાં ઉન્મત્ત થયેલા સમુદ્રની જેમ તેઓ ક્ષણુવારમાં ઉછળતા હતા અને ક્ષણુવારમાં નીચે પડતા હતા. જાણે સ્નેહથી હોય તેમ ક્રોધથી દોડીને તે બંને મહાભુજો અંગે અંગેથી એક બીજાને દબાવીને આલિંગન કરતા હતા અને કર્મના વશથી પ્રાણીની જેમ યુદ્ધવિજ્ઞાનને વશ થઈને તેઓ કોઈ વખત નીચા અને કોઈ વખત ઊંચા જતા હતા. જળમાં રહેલા મત્સ્યની પેઠે વેગથી વારંવાર પરિવર્ત્તન થયા કરવાથી તેઓને જોનારા લોકો આ નીચે કે આ ઊંચે એમ જાણી શકતા નહોતા. મોટા સર્પની જેમ તેઓ એક બીજાને બંધનરૂપ થઈ જતા હતા અને ચપળ વાનરોની જેમ પાછા તત્કાળ છૂટા પડી જતા હતા. વારંવાર પૃથ્વી ઉપર આળોટવાથી તે બંને ધૂલિધૂસર થઈ ગયા, તેથી જાણે ધૂલિમદવાળા હસ્તી હોય તેવા જણાતા હતા. ચાલતા પર્વતની જેવા તેઓનો ભાર સહન ન કરી શકવાથી, પૃથ્વી તેમના ચરણુ-ઘાતકના અવાજના મિષથી જાણે રાડો પાડતી હોય તેવી જણાતી હતી. છેવટે ક્રોધ પામેલા અને તીવ્ર પરાક્રમવાળા બાહુબલિએ, શરભ જેમ હાથીને ગ્રહણ કરે તેમ પોતાના હાથથી ચક્રીને ગ્રહણ કર્યા અને હાથી શુંઢવડે પશુને ઉડાડે તેમ તેને આકાશમાં ઉડાડ્યા. **અહો ! બળવંતોમાં પણ બળવંતનો સર્ગ (ઉત્પત્તિ) નિરવધિ છે.** ધનુષથી બાણુની જેમ અને યંત્રથી છોડેલા પાષાણુની જેમ ભરતરાજા ગગનમાર્ગે ઘણે દૂર ગયા. ઇંદ્રે મૂકેલા વજ્રની જેમ ત્યાંથી નીચે પડતા ચક્રીથી ભય પામીને સંગ્રામદર્શી સર્વ ખેચરો પલાયમાન થઈ ગયા અને બંને સેનામાં તે વખતે હાહાકાર થઈ રહ્યો; કારણ કે **મોટા પુરુષોને આપત્તિ આવતાં કોને દુઃખ ન થાય ?** તે વખતે બાહુબલિ ચિંતા કરવા



www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

લાગ્યા કે 'અરે ! મારા બળને ધિક્કાર છે, મારા બાહુને ધિક્કાર છે, સહસા કામ કરનારા એવા મને ધિક્કાર છે, અને આવા કૃત્યની ઉપેક્ષા કરનારા બંને રાજ્યના મંત્રીઓને પણ ધિક્કાર છે; અથવા આવી નિંદા કરવાની હાલ શી જરૂર છે ? હમણાં તો જ્યાંસુધીમાં આ મારો અગ્રબંધુ પૃથ્વીપીઠ ઉપર પડીને કણકણ વિશીર્ણ થઈ ન જાય ત્યાં સુધીમાં આકાશમાંથી પડતાં તેને હું ઝીલી લઉં. એમ વિચારી તેણે પોતાની બંને ભુજા પસારી, તેને નીચે શય્યારૂપ કરી. ઊર્ધ્વબાહુ કરીને રહેલા વ્રતપુરુષની જેમ ઊંચા હાથ કરીને રહેલા બાહુબલિ, ક્ષણવાર સૂર્ય સન્મુખ જોઇ રહેનાર તપસ્વીની પેઠે ભરતની સન્મુખ જોઈ રહ્યા. જાણે ઉડવાને ઇચ્છતા હોય તેમ પગના અગ્રભાગ ઉપર ઊભા રહીને તેણે કંદુકની લીલાવત્ ઉપરથી પડતા ભરતરાજાને ઝીલી લીધા. તે વખતે બંને સેનાને ઉત્સર્ગ અને અપવાદ માર્ગની જેમ ચક્રીના ઊંચે ઉછળવાથી ખેદ અને તેમના રક્ષણથી હર્ષ થયો. ભાઈનું રક્ષણ કરવાથી જણાઇ આવેલા ઋષભદેવજીના નાના પુત્રના વિવેકથી લોકો વિદ્યા, શીલ અને ગુણની જેમ તેના પરાક્રમને પણ વખાણવા લાગ્યા અને દેવતાઓ ઉપરથી પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા. એવા વીરવ્રતને ધારણ કરનારા પુરુષને તેથી પણ શું ? તે વખતે ધૂમ્ર અને જ્વાળાવડે જેમ અગ્નિ જોડાય તેમ ભરતરાજા તે બનાવથી ખેદ અને કોપથી જોડાઈ ગયા.

તે સમયે લજ્જાથી પોતાનું મુખ નમ્ર કરી, મોટાભાઈનું વૈલક્ષ્યપણું હરવા માટે બાહુબલિ ગદ્ગદાક્ષરે બોલ્યા:–'હે ભરતપતિ ! હે મહાવીર્ય ! હે મહાભુજ ! તમે ખેદ ન કરો. કદાચિત્ દૈવયોગે વિજયી પુરુષનો પણ કોઈ વિજય કરે છે, પરંતુ આટલાથી મેં તમને જીત્યા નથી અને હું વિજયી પણ નથી. આ મારો વિજય હું ઘુણાક્ષરન્યાયવત માનું છું. હે ભુવનેશ્વર ! હજુ સુધી તમે એક જ વીર છો; કેમકે દેવતાઓએ મંથન કર્યા છતાં પણ સમુદ્ર તે સમુદ્ર જ કહેવાય છે, તે કોઈ વાપિકા થઈ જાય નહીં. હે ષટ્ખંડ ભરતપતિ ! ફાળથી ભ્રષ્ટ થયેલા વ્યાઘ્રની જેમ તમે થોભાઈ કેમ રહ્યા છો ? પોતાના રણકર્મને માટે તૈયાર થાઓ.'

ભરતે કહ્યું:–' આ મારો ભુજદંડ મુષ્ટિને તૈયાર કરી પોતાના દોષનું માર્જન કરશે.' એમ કહી ફણીશ્વર ફણાને ઉપાડે તેમ મુષ્ટિ ઉપાડી કોપથી તામ્ર નેત્ર કરી ચક્રવર્ત્તીએ તત્કાળ બાહુબલિ સામે દોટ મૂકી અને જેમ હાથી પોતાના દાંતવડે દરવાજાના કમાડને પ્રહાર કરે તેમ તે મુષ્ટિવડે બાહુબલિની છાતીમાં પ્રહાર કર્યો. અસત્ પાત્રમાં દાનની જેમ, બધિર પુરુષને કર્ણજાપની જેમ, ચાડીઆના સત્કારની જેમ, ખારી જમીનમાં મેઘવૃષ્ટિની જેમ, અરણ્યમાં સંગીતની જેમ અને બરફસમૂહમાં અગ્નિની જેમ, બાહુબલિની છાતીમાં કરેલો તે મુષ્ટિપ્રહાર વ્યર્થ થયો. ત્યારપછી ' આ શું અમારી ઉપર ક્રોધ પામ્યો છે ? ' એવી આશંકાવડે દેવતાઓએ જોયેલો સુનંદાપુત્ર મુષ્ટિ ઉપાડી ભરતની સામે ચાલ્યો અને મહાવત જેમ અંકુશવડે હાથીના કુંભસ્થળમાં પ્રહાર કરે, તેમ તે મુષ્ટિથી તેણે ચક્રીના ઉરસ્થળમાં પ્રહાર કર્યો. વજ્રથી પર્વતની જેમ તે પ્રહારથી વિહ્વલ થઈ ભરતપતિ મૂર્ચ્છા પામી પૃથ્વી ઉપર પડી ગયા. પતિના પડવાથી કુલાંગનાની જેમ તેમના પડવાથી ભૂમિ કંપાયમાન થઈ અને બાંધવના પડવાથી બાંધવની જેમ પર્વતો ચલાયમાન થયા. પોતાના મોટાભાઈને એવી રીતે મૂર્ચ્છિત થયેલા જોઇ બાહુબલિ મનમાં ચિંતવન કરવા લાગ્યા–

JAINSITE

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

‘ક્ષત્રીઓને વીરવ્રતના આગ્રહમાં આવો શું કુસ્વભાવ હશે કે જેથી પોતાના ભ્રાતાને પણ મૃત્યુ પમાડવા સુધીનો વિગ્રહ થાય છે ? આ મારો જ્યેષ્ઠ બંધુ જો નહીં જીવે તો પછી મારે પણ જીવવાથી સર્યું.’ એવી રીતે ચિંતવતો અને નેત્રાશ્રુજળથી તેને સિંચન કરતો બાહુબલિ પોતાના ઉત્તરીયવસ્ત્રને પંખારૂપ કરી ભરતરાયને પવન નાંખવા લાગ્યો. **આખરે બંધુ તે બંધુ જ છે.** ક્ષણવારે સંજ્ઞા પ્રાપ્ત થતાં જાણે સૂઇને ઊઠ્યા હોય તેમ ચક્રવર્તી બેઠા થયા, એટલે દાસની પેઠે આગળ ઉભેલા બાહુબલિ તેના જોવામાં આવ્યા. તે વખતે બંને બાંધવો નીચું મુખ કરીને રહ્યા. **અહો ! મોટા પુરુષોનો જય અને પરાજય એ બંને લજ્જાને માટે થાય છે !** પછી ચક્રવર્ત્તી જરા પાછા હઠ્યા, કેમકે યુદ્ધની ઈચ્છાવાળા પુરુષોનું એ લક્ષણ છે. બાહુબલિએ વિચાર્યું કે ‘અદ્યાપિ આર્યભરત કોઈ પ્રકારનું યુદ્ધ કરવાને ઈચ્છે છે, કારણ કે માની પુરુષો જીવે ત્યાં સુધી જરા પણ માનને મૂકતા નથી; પરંતુ ભ્રાતૃહત્યાથી મને મોટો અવર્ણવાદ પ્રાપ્ત થશે તે જન્માંતે પણ વિરામ પામશે નહીં.’ એમ બાહુબલિ ચિંતવે છે તેવામાં યમરાજની જેમ ચક્રવર્ત્તીએ દંડ ગ્રહણ કર્યો.

ચૂલિકાથી જેમ પર્વત શોભે અને છાયામાર્ગથી જેમ આકાશ શોભે તેમ ઉગામેલા દંડથી ચક્રવર્ત્તી શોભવા લાગ્યા. ધૂમ્રકેતુના ભ્રમને કરાવતા એ દંડને ભરતરાજાએ ક્ષણવાર આકાશમાં ભમાડ્યો અને પછી યુવાન સિંહ જેમ પોતાના પુચ્છને પૃથ્વી ઉપર પછાડે તેમ તેણે તે દંડવડે બાહુબલિના મસ્તક ઉપર પ્રહાર કર્યો. સહ્યાદ્રિ પર્વત સાથે મહાસમુદ્રની વેલા અથડાવાથી શબ્દ થાય તેમ તે દંડના ઘાતથી મોટો ધ્વનિ ઉત્પન્ન થયો. એરણ ઉપર રહેલા લોઢાને જેમ લોઢાનો ઘણ ચૂર્ણ કરે, તેમ તે પ્રહારથી બાહુબલિના મસ્તકનો મુગટ ચૂર્ણ થયો અને પવને હલાવેલા વૃક્ષના અગ્રભાગથી પુષ્પો ખરી પડે તેમ તે મુગટના રત્નખંડ પૃથ્વી ઉપર ખરી પડ્યા. તે પ્રહારથી ક્ષણવાર બાહુબલિનાં નેત્ર મીંચાઈ ગયાં અને તેના ઘોર નિર્ઘોષથી લોકસમૂહ પણ તેવો થઇ ગયો. પછી નેત્ર ઉઘાડીને બાહુબલિએ સંગ્રામના હાથીની પેઠે લોઢાનો ઉદ્દંડ દંડ ગ્રહણ કર્યો. તે વખતે ‘ આ શું મને પાડી નાંખશે ? ’ એવી શંકા આકાશને અને ‘ આ શું મને ઉખેડી નાંખશે ? ’ એવી શંકા પૃથ્વીને થવા લાગી. પર્વતના અગ્રભાગના રાફડામાં રહેલા સર્પોની જેમ બાહુબલિની મુષ્ટિમાં તે વિશાળ દંડ શોભતો હતો. દૂરથી યમરાજને બોલાવવાનું જાણે સંજ્ઞાવસ્ત્ર (વાવટો) હોય તેવા લોહદંડને તે ભમાવવા લાગ્યા. લાકડીથી બીજાન્નની પેઠે તે દંડથી બહલિપતિએ ચક્રીના હૃદય ઉપર નિર્દયપણે ઘા કર્યો. ચક્રીનું બખ્તર જો કે ઘણું મજબૂત હતું, તો પણ તે પ્રહારથી માટીના ઘડાની પેઠે ચૂરેચૂરા થઇ ગયું. બખ્તર રહિત થયેલા ચક્રી વાદળારહિત સૂર્યની જેવા અને ધુમાડા વિનાના અગ્નિ જેવા જણાવા લાગ્યા. સાતમી મદાવસ્થાને પ્રાપ્ત થયેલા હસ્તીની જેમ ભરતરાજા ક્ષણવાર વિહ્વળ થઈને કંઈ પણ ચિંતવી શક્યા નહિ. થોડી વારે સાવધ થઇ પ્રિયમિત્રની જેમ બાહુના પરાક્રમને અવલંબી, ફરીથી દંડ ઉગામી તેઓ બાહુબલિ તરફ દોડ્યા. દાંતવડે હોઠ પીસીને અને ભ્રકુટી ચઢાવીને ભયંકર થયેલા ભરતરાયે વડવાનળ અગ્નિના આવર્ત્તની જેમ દંડને ઘણો ભમાવ્યો અને કલ્પાંતકાળનો મેઘ વિદ્યુદ્દંડથી પર્વતને તાડન કરે તેમ બાહુબલિના મસ્તકમાં તાડન કર્યો. લોઢાના એરણમાં વજ્રમણિની જેમ તે ઘાથી બાહુબલિ જાનુ સુધી પૃથ્વીમાં ખુંચી ગયા. જાણે પોતાના અપરાધથી ભય પામ્યો હોય તેવો તે ચક્રીનો દંડ વજ્રસાર જેવા બાહુબલિ

www.jainsite.com   For Private & Personal Use Only   info@jainsite.com

ઉપર પ્રહાર કરીને વિશીર્ણ થઈ ગયો. જાનુ સુધી પૃથ્વીમાં મગ્ન થયેલા તે પૃથ્વીમાં અવગાઢ થયેલા પર્વતની જેવા અને પૃથ્વીની બહાર નીકળવાને અવશેષ રહેલા શેષનાગની જેવા શોભવા લાગ્યા. જાણે મોટા ભાઈના પરાક્રમથી અંતઃકરણમાં ચમત્કાર પામ્યા હોય તેમ તે ઘાતની વેદનાથી બાહુબલિ મસ્તક ધુણાવવા લાગ્યા અને આત્મારામ યોગીની પેઠે ક્ષણવાર તેણે કાંઇ પણ સાંભળ્યું નહીં. પછી સરીતાના તટના સુકાઈ ગયેલ કાદવમાંથી જેમ હાથી નીકળે તેમ સુનંદાના પુત્ર તરતજ પૃથ્વીમાંથી બહાર નીકળ્યા અને લાક્ષારસની જેમ દૃષ્ટિપાતથી જાણે તર્જના કરતા હોય તેમ તે અમર્પાગ્રણી પોતાના ભુજદંડને અને દંડને જોવા લાગ્યા. પછી તક્ષશિલાપતિ બાહુબલિ તક્ષક નાગની જેવા દુઃપ્રેક્ષ્ય દંડને એક હાથ વડે ભમાવવા લાગ્યા. અતિ વેગથી તેણે ભમાવેલો તે દંડ રાધાવેધમાં ફરતા ચક્રની શોભાને ધારણ કરતો હતો. કલ્પાંતકાળના સમુદ્રના આવર્ત્તમાં ભ્રમણ કરતા મત્સ્યાવતારી કૃષ્ણની જેમ ભ્રમણ કરતા તે દંડને જોઈ, જોનારા લોકોનાં ચક્ષુને પણ ભ્રમ થઈ જતો હતો. સૈન્યના સર્વ લોકો અને દેવતાઓ તે વખતે શંકા કરવા લાગ્યા કે—'બાહુબલિના હાથમાંથી દંડ પડતાં જો તે ઊડી જશે તો સૂર્યને કાંસાના પાત્રની પેઠે ફોડી નાંખશે, ચંદ્રમંડળને ભારંડ પક્ષીના ઈંડાની જેમ ચૂર્ણ કરી નાંખશે, તારાગણોને આમળાના ફળની પેઠે પાડી નાંખશે, વૈમાનિક દેવતાના વિમાનોને પક્ષીના માળાની પેઠે ઉડાડી દેશે, પર્વતના શિખરોને રાફડાની જેમ ભાંગી નાંખશે, મોટા વૃક્ષોને નાની કુંજના તૃણસમૂહની જેમ પેષણ કરી નાંખશે અને પૃથ્વીને કાચી માટીના ગોળાની પેઠે ભેદી નાંખશે.' આવી શંકાથી સર્વેએ જોયેલો તે દંડ તેણે ચક્રીના મસ્તક ઉપર માર્યો. તે મોટા દંડાઘાતથી ચક્રવર્તી, મદ્દગળે ઠોકેલા ખીલાની જેમ પૃથ્વીમાં કંઠ સુધી પેસી ગયા અને તે સાથે તેના સૈનિકો પણ 'જાણે અમારા સ્વામીને આપેલ વિવર અમને આપો એમ યાચતા હોય' તેમ ખેદ પામી પૃથ્વી ઉપર પડયા. રાહુએ ગ્રસેલા સૂર્યની જેમ ચક્રી ભૂમિમગ્ન થયા ત્યારે આકાશમાં દેવતાઓનો અને પૃથ્વી ઉપર મનુષ્યોનો મોટો કોલાહલ થયો. જેનાં નેત્ર મીંચાઈ ગયાં છે અને મુખ શ્યામ થઈ ગયું છે એવા ભરતપતિ જાણે લજ્જા પામ્યા હોય તેમ ક્ષણવાર પૃથ્વીની અંદર સ્થિર રહ્યા અને પછી તરતજ રાત્રિના અંતે સૂર્ય જેમ તીવ્ર અને દેદીપ્યમાન થઈ બહાર નીકળે તેમ તેઓ પૃથ્વીમાંથી બહાર નીકળ્યા.

તે સમયે ચક્રીએ વિચાર્યું કે 'અંધ જુગટીઓ જેમ સર્વ પ્રકારની દ્યુતક્રીડામાં પરાજિત થાય, તેમ આ બાહુબલિએ મને સર્વ પ્રકારના યુદ્ધમાં પરાજિત કર્યો છે. તેથી ગાયે ભક્ષણ કરેલ પ્રો અને ઘાસ વગેરે જેમ દૂધરુપે દોનારના ઉપયોગમાં આવે છે; તેમ મારું સાધેલું આ ભરતક્ષેત્ર શું બાહુબલિના ઉપયોગને માટે થશે ? એક મ્યાનમાં બે તલવારની જેમ આ ભરતક્ષેત્રમાં સમકાળે બે ચક્રવર્તીઓ કયારે પણ જોયા નથી અને સાંભળ્યા પણ નથી; ખરશૃંગની પેઠે દેવતાઓથી ઈંદ્ર જીતાય અને રાજાઓથી ચક્રવર્તી જીતાય એવું પૂર્વે કોઈવાર સાંભળ્યું નથી; ત્યારે શું બાહુબલિએ જીતેલો હું પૃથ્વીમાં ચક્રવર્તી નહીં થાઉં અને મારાથી નહીં જીતાયેલો અને વિશ્વથી પણ ન જીતી શકાય એવો તે ચક્રવર્તી થશે ?' એવી રીતે ચિંતા કરનારા ચક્રીના હાથમાં ચિંતામણિ જેવા યક્ષરાજાઓએ ચક્ર આરોપણ કર્યું. તેના પ્રત્યયથી પોતાને વિષે ચક્રીપણું માનનારા ચક્રવર્તી વંટોળીઓ જેમ કમળની રજને આકાશમાં ભમાવે તેમ ચક્રને આકાશમાં ભમાવવા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લાગ્યા. જવાળાઓની જાળથી વિકરાળ એવું તે ચક્ર જાણે અકાળે કાળાગ્નિ હોય, જાણે બીજો વડવાનળ હોય, જાણે અકસ્માત્ વજ્રાનળ હોય, જાણે ઊંચો ઉલ્કાપુંજ હોય, જાણે પડતું રવિબિંબ હોય અને જાણે વીજળીનો ગોળો ભમતો હોય તેવું જણાવા લાગ્યું, ચક્રવર્ત્તીએ પ્રહારને માટે ભમાવેલું તે ચક્ર જોઈને મનસ્વી બાહુબલિ પોતાના મનમાં વિચારવા લાગ્યો— 'પોતાને પિતાના (ઋષભસ્વામીના) પુત્રપણે માનનારા એ ભરતરાજાને ધિક્કાર છે અને તેના ક્ષાત્રવ્રતને પણ ધિક્કાર છે ! કે મેં દંડનું આયુધ ધારણ કર્યું છે અને તેણે ચક્રને ગ્રહણ કર્યું, દેવતાઓની સમક્ષ એણે ઉત્તમ યુદ્ધ કરવાની પ્રતિજ્ઞા કરી, પણ આ પ્રમાણે વર્તવાથી બાળકની પેઠે તેણે તે પ્રતિજ્ઞા તોડી છે, તેથી તેને ધિક્કાર છે! તપસ્વી જેમ તેજોલેશ્યા બતાવે તેમ ક્રોધિત થયેલો તે ચક્ર બતાવીને સર્વ વિશ્વને ભય પમાડયો તેમ મને પણ ભય પમાડવાની ઇચ્છા રાખે છે, પણ જેવી રીતે તેણે પોતાના ભુજદંડનો સાર જાણી લીધો તેવી રીતે આ ચક્રનું પરાક્રમ પણ ભલે જાણે!' એવી રીતે વિચાર કરનારા બાહુબલિ તરફ ભરતપતિએ પોતાના સર્વ બળથી ચક્ર છોડયું. ચક્રને પોતાની પાસે આવતું જોઈ તક્ષશિલાનો પતિ વિચારવા લાગ્યો—'જીર્ણ થયેલા પાત્રની જેમ આ ચક્રને હું ચૂર્ણ કરી નાંખું ? કંદુકની લીલાની જેમ આઘાત કરી તેને ફેંકી દઉં ? ક્રીડાથી પત્થરના કટકાની જેમ તેને આકાશમાં ઉડાડી દઉં ? બાળકના નાળની જેમ તેને પૃથ્વીમાં દાટી દઉં ? ચપળ ચકલાના બચ્ચાની જેમ તેને હાથમાં પકડી લઉં ? વધને યોગ્ય અપરાધીની જેમ તેને દૂરથી જ છોડી દઉં ? કે ઘંટીમાં પડેલા કણની જેમ તેના અધિષ્ઠાયક હજાર યક્ષોને દંડવડે શીઘ્ર દળી નાંખું ? અથવા એ સર્વ વિધિ પાછળ રાખી પ્રથમ તેનું સામર્થ્ય તો જાણું.' તે એવી રીતે વિચારે છે તેટલામાં શિષ્ય જેમ ગુરુની પ્રદક્ષિણા કરે તેમ ચક્રે બાહુબલિની પ્રદક્ષિણા કરી. ચક્રીનું ચક્ર સામાન્ય સગોત્રી પુરુષ ઉપર પણ ચાલી શકે નહીં, તો તેવા ચરમશરીરી પુરુષ ઉપર કેમ શક્તિવંત થાય? તેથી પક્ષી જેમ માળામાં આવે અને અશ્વ જેમ ઘોડારમાં આવે, તેમ ચક્ર પાછું આવીને ભરતેશ્વરના હાથ ઉપર બેઠું.

' મારવાની ક્રિયામાં વિષધારી સર્પના વિષની જેમ ચક્રી પાસે અમોઘ અસ્ત્ર એ ચક્ર જ હતું. હવે તેના જેવું બીજું અસ્ત્ર એની પાસે નથી; માટે હું, દંડાયુધ છતાં ચક્ર મૂકી અન્યાય કરનારા એ ભરતને તથા તેના ચક્રને મુષ્ટિપ્રહારવડે ચોળી નાંખું.' એવી રીતે અમર્ષથી ચિંતવીને સુનંદાના પુત્ર બાહુબલિ યમરાજની પેઠે ભયંકર મુષ્ટિ ઉગામીને ચક્રી તરફ દોડયા. શુંઢમાં મુદ્ગરવાળા હાથીની જેમ મુષ્ટિવાળા કરથી દોડતા બાહુબલિ ભરતની નજીક આવ્યા; પણ સમુદ્ર જેમ મર્યાદાભૂમિમાં રહે તેમ તે ત્યાં સ્થિર થઈ ગયા. એ મહાસત્ત્વ પોતાના ચિત્તમાં વિચાર કરવા લાગ્યા—' અહો ! આ ચક્રવર્તીની જેમ હું પણ રાજ્યમાં લુબ્ધ થઈને મોટા ભાઈનો વધ કરવા તૈયાર થયો છું, તેથી શિકારીથી પણ વિશેષ પાપી છું; જેમાં પ્રથમ ભાઈ અને ભત્રીજાને મારી નાંખવા પડે તેવા શાકિની મંત્રની પેઠે રાજ્યને માટે કોણ યત્ન કરે ? રાજ્યશ્રી પ્રાપ્ત થાય અને ઇચ્છા પ્રમાણે તેને ભોગવે. તો પણ મદિરાપાની પુરુષને મદિરાથી જેમ તૃપ્તિ ન થાય, તેમ રાજાઓને તેનાથી સંતોષ થતો નથી. આરાધના કર્યા છતાં પણ અલ્પ છળને પામી ક્ષુદ્ર દેવતાની પેઠે રાજ્યલક્ષ્મી ક્ષણવારમાં પરાઙ્મુખી થઈ જાય છે. અમાવાસ્યાની રાત્રિની પેઠે એ ઘણા તમ-(અંધકાર)વાળી છે, નહીં તો પિતાજી તેનો તૃણની પેઠે શા માટે ત્યાગ કરે ? તે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પિતાનો હું પુત્ર છતાં મેં ઘણે કાળે તેને દુષ્ટ આચરણવાળી જાણી, તો બીજો કોણ તેને તેવી જાણી શકશે ? માટે આ રાજ્યલક્ષ્મી સર્વથા ત્યાગ કરવા યોગ્ય જ છે.' એવો નિશ્ચય કરી મોટા મનવાળા તે બાહુબલિએ ચક્રવર્તીને આ પ્રમાણે કહ્યું-'હે ક્ષમાનાથ ! હે ભ્રાતા ! ફક્ત રાજ્યને માટે મેં શત્રુની પેઠે તમને ખેદ પમાડ્યો તે ક્ષમા કરજો. આ સંસારરૂપી મોટા દ્રહમાં તંતુપાસની જેવા ભાઈ, પુત્ર અને કલત્રાદિકથી તથા રાજ્યથી પણ મારે સર્યું ! હું તો હવે ત્રણ જગતના સ્વામી અને વિશ્વને અભયદાન આપવામાં એક સદાવ્રતવાળા પિતાજીના માર્ગમાં પાંથરૂપે પ્રવર્તીશ.'

એવી રીતે કહીને સાહસિક પુરુષોમાં અગ્રણી અને મહાસત્વવંત તે બાહુબલિએ ઉગામેલી મુષ્ટિવડે જ તૃણની જેમ પોતાના મસ્તક ઉપરના કેશનો લોચ કર્યો. તે વખતે દેવતાઓએ 'સાધુ, સાધુ' એમ બોલી તેની ઉપર પુષ્પવૃષ્ટિ કરી. પછી પાંચ મહાવ્રત ધારણ કરી તે મનમાં વિચારવા લાગ્યા-'હું હમણા પિતાજીના ચરણકમલ સમીપે નહીં જાઉં; કારણ કે હમણાં જવાથી પૂર્વે વ્રત ગ્રહણ કરનારા અને જ્ઞાનવાન્ એવા મારા નાના ભાઈઓમાં મારું લઘુપણું થાય; માટે હાલ તો અહીં જ રહી ધ્યાનરૂપી અગ્નિથી ઘાતીકર્મને બાળી દઈ ( ક્ષય કરી ) કેવળજ્ઞાન પ્રાપ્ત કરી, પછી સ્વામીની પર્ષદામાં જઈશ.' એવો નિશ્ચય કરી એ મનસ્વી બાહુબલિ પોતાના બે હાથ લાંબા કરી રત્નપ્રતિમાની જેમ ત્યાં જ કાયોત્સર્ગ કરીને રહ્યા. પોતાના ભાઈની તેવી સ્થિતિ જોઈ ભરતરાજા પોતાના કુકર્મને વિચારી જાણે પૃથ્વીમાં પેસી જવાને ઈચ્છતા હોય તેમ નીચી ગ્રીવા કરી ઊભા રહ્યા. પછી જાણે મૂર્તિમાન્ શાંતરસ હોય તેવા પોતાના ભાઈને કિંચિત્ ઉષ્ણ અશ્રુથી જાણે બાકી રહેલ કોપને તજી દેતા હોય તેમ ભરતરાજાએ પ્રણામ કર્યો. પ્રણામ કરતી વખતે બાહુબલિના નખરૂપી દર્પણમાં સંક્રાંત થવાથી, જાણે અધિક ઉપાસના કરવાની ઈચ્છાથી તેમણે જૂદાં જૂદાં રૂપ ગ્રહણ કર્યાં હોય તેવા જણાવા લાગ્યા. પછી બાહુબલિમુનિના ગુણસ્તવનપૂર્વક તેઓ અપવાદરૂપ રોગની ઔષધિ જેવી પોતાની નિંદા આ પ્રમાણે કરવા લાગ્યા. 'તમને ધન્ય છે કે તમે મારી અનુકંપાથી રાજ્યને પણ છોડી દીધું. હું પાપી અને દુર્મદ છું કે જેથી મેં અસંતુષ્ટ થઈ તમને આવી રીતે ઉપદ્રવ કર્યો. જેઓ પોતાની શક્તિ જાણતા નથી, જેઓ અન્યાય કરનારા છે અને જેઓ લોભથી જીતાયેલા છે તેઓમાં હું ધુરંધર છું. આ રાજ્યને સંસારરૂપી વૃક્ષના બીજરૂપ જેઓ જાણતા નથી તેઓ અધમ પુરુષ છે, હું તેઓથી પણ વિશેષ છું; કારણ કે તેવું જાણતાં છતાં હું આ રાજ્યને છોડતો નથી. તમે પિતાજીના ખરા પુત્ર છો કે જે પિતાના માર્ગને અનુસર્યા, હું પણ જો તમારા જેઓ થાઉં તો પિતાજીનો ખરો પુત્ર કહેવાઉં.' એવી રીતે પશ્ચાત્તાપરૂપી જળથી વિષાદરૂપી પંકને દૂર કરી, ભરતરાજાએ બાહુબલિના પુત્ર ચંદ્રયશાને તેના રાજ્ય ઉપર બેસાર્યો. ત્યાંથી આરંભીને જગતમાં સેંકડો શાખાવાળો ચંદ્રવંશ પ્રવર્ત્યો; તે તેવા પુરુષરત્નોની ઉત્પત્તિનો એક હેતુરૂપ થઈ પડ્યો. પછી ભરતરાજા બાહુબલિમુનિને નમી સ્વર્ગરાજ્યલક્ષ્મીની સહોદરા જેવી પોતાની અયોધ્યા નગરીમાં સર્વ પરિવાર સહિત પાછા આવ્યા.

ભગવાન્ બાહુબલિ જાણે પૃથ્વીમાંથી નીકળ્યા હોય અથવા જાણે આકાશથી ઉતર્યા હોય તેમ ત્યાં એકલા જ કાયોત્સર્ગ ધ્યાને રહ્યા. ધ્યાનમાં એકતાનવાળા બાહુબલિનાં બંને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નેત્ર નાસિકા ઉપર વિશ્રાંત થયા હતા અને જાણે દિશાઓને સાધવાનો શંકુ હોય તેવા તે નિષ્કંપ રહેલા મહાત્મા મુનિ શોભતા હતા. અગ્નિના તણખા જેવી ઉષ્ણ વેળુને ફેંકનારા ગ્રીષ્મઋતુના વંટોળીઆને વનના વૃક્ષની પેઠે તેઓ સહન કરતા હતા. અગ્નિના કુંડ જેવો મધ્યાહ્ન કાળનો રવિ તેમના મસ્તક ઉપર તપતો હતો, તથાપિ શુભધ્યાનરૂપ અમૃતમાં મગ્ન થયેલા તે મહાત્મા એને જાણતા પણ નહોતા. મસ્તકથી માંડીને પગના ફણા સુધી રજની સાથે મળવાથી પંકરૂપ થયેલા સ્વેદજળવડે કાદવમાંથી નીકળેલા વરાહ જેવા તેઓ શોભતા હતા. વર્ષાઋતુમાં મોટી ઝડીવાળા પવનથી વૃક્ષોને ધ્રૂજાવતી ધારાવૃષ્ટિઓથી પર્વતની જેમ તે મહાત્મા જરા પણ ચલાયમાન થતા ન હતા. નિર્ઘાતના અવાજથી પર્વતનાં શિખરોને કંપાવે એવા વિદ્યુત્પાત થતા હતા, તો પણ તેઓ કાયોત્સર્ગથી કે ધ્યાનથી ચલિત થતા નહીં. નીચે વહેતા જળમાંથી થયેલ શેવાલથી નિર્જન ગ્રામની વાપીના સોપાનની પેઠે તેમના બંને પગ લિપ્ત થઈ ગયા. હિમઋતુમાં હિમથી ઉત્પન્ન થયેલી મનુષ્યોની વિનાશ કરનારી નદીને વિષે પણ ધ્યાનરૂપી અગ્નિથી કર્મરૂપી ઈંધનને દગ્ધ કરવામાં ઉદ્યમવંત થઈને તેઓ સુખેથી રહ્યા. બરફથી વૃક્ષને બાળનારી હેમંતઋતુની રાત્રિઓમાં પણ ડોલરનાં પુષ્પની પેઠે બાહુબલિનું ધર્મધ્યાન વિશેષ વધવા લાગ્યું. વનના મહિષો મોટા વૃક્ષના સ્કંધની જેમ તેમના ધ્યાની શરીર ઉપર પોતાના શૃંગના ઘાતપૂર્વક પોતાના સ્કંધ ખંજવાલતા હતા. વાઘણનાં ટોળાઓ પોતાના શરીરને પર્વતની તળેટીની જેવાં તેમનાં શરીર સાથે ટેકાવી રાત્રે નિદ્રાસુખનો અનુભવ કરતા હતા. વનહસ્તીઓ સલ્લકી વૃક્ષના પલ્લવની ભ્રાંતિથી તે મહાત્માના હાથપગને ખેંચતા હતા; પરંતુ ખેંચવાને અસમર્થ થવાથી વૈલક્ષ્ય થઈ ચાલ્યા જતા હતા. ચમરી ગાયો નિઃશંક ચિત્તે ત્યાં આવીને કરવતની જેવી પોતાની કાંટાવાળી વિકરાળ જિહ્વાવડે તે મહાત્માને ઊંચાં મુખ કરીને ચાટતી હતી. ચર્મની વાધરીઓ જેમ મૃદંગ ઉપર વીંટાય તેમ ઊંચી પ્રસરતી સેંકડો શાખાવાળી લતાઓ તેમના શરીર ઉપર વીંટાઈ હતી. તેમના શરીર ઉપર ચોતરફ શરકટના ઝુંબડા ઊગ્યા હતા. તે જાણે પૂર્વસ્નેહથી આવેલાં બાણવાળા ભાથાં હોય તેવા શોભતા હતા. વર્ષાઋતુના કાદવમાં નિમગ્ન થયેલા તેમના ચરણને વીંધીને ચાલતી શતપદીવાળી દર્ભની શૂળો ઊગી નીકળી હતી. વેલોથી ભરાઈ ગયેલા તેમના દેહમાં સીંચાણા અને ચકલાઓ પરસ્પર અવિરોધથી માળા કરીને રહ્યા હતા. વનના મોરના અવાજથી ત્રાસ પામેલા હજારો મોટા સર્પો વલ્લીઓથી ગહન થયેલા તે મહાત્માના શરીર ઉપર ચડી રહ્યા હતા. શરીર ઉપર ચડીને લટકતા એવા લાંબા સર્પોથી જાણે મહાત્મા બાહુબલિ હજાર હાથવાળા હોય તેવા જણાતા હતા. તેમના ચરણ ઉપરના રાફડામાંથી નીકળતા સર્પો જાણે ચરણનાં કડાં હોય તેમ પગે વીંટળાઈ રહેતા હતા.

એવી રીતે ધ્યાનમાં રહેલા બાહુબલિને, આહાર વિના વિહાર કરતા ઋષભસ્વામીની જેમ એક વર્ષ ચાલ્યું ગયું. વર્ષ પૂર્ણ થયું તે સમયે વિશ્વવત્સલ ઋષભસ્વામીએ બ્રાહ્મી અને સુંદરીને બોલાવીને કહ્યું કે—"હાલમાં બાહુબલિ પોતાના પ્રચુર કર્મને ખપાવી શુકલપક્ષની ચતુર્દશીની જેમ તમરહિત થયેલ છે; પરંતુ પડદામાં ગુપ્ત રહેલ પદાર્થ જેમ જોવામાં આવતો નથી, તેમ મોહનીયકર્મના અંશરૂપ માનથી તેને કેવળજ્ઞાન પ્રાપ્ત થતું નથી. હમણાં તમારા બંનેના વચનથી તે માનને છોડી દેશે, માટે તમે ત્યાં ઉપદેશને

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

અર્થે જાઓ. હાલમાં ઉપદેશનો સમય વર્તે છે.' પ્રભુની આજ્ઞા મસ્તકે ચડાવી, તેમના ચરણમાં નમસ્કાર કરી, બ્રાહ્મી અને સુંદરી બાહુબલિ પાસે જવા ચાલી. મહાપ્રભુ ઋષભદેવજી પ્રથમથી જ તે બાહુબલિના માનને જાણતા હતા, તો પણ એક વર્ષ સુધી તેની ઉપેક્ષા કરી હતી; કારણ કે **તીર્થંકર અમૂઢ લક્ષ્યવાળા હોય છે, તેથી અવસરે ઉપદેશ આપે છે.**

આર્યા બ્રાહ્મી અને સુંદરી તે પ્રદેશમાં ગયાં, પણ રજથી આચ્છન્ન થયેલા રત્નની જેમ ઘણી વેલડીઓથી વીંટાઇ ગયેલા તે મહામુનિ તેમના જોવામાં આવ્યા નહીં. વારંવાર શોધ કરતાં તે બંને આર્યાએ વૃક્ષની જેવા થઈ રહેલા એ મહાત્માને કોઈ પ્રકારે ઓળખ્યા. ઘણી નિપુણતાથી તેમને જાણી તે બંને આર્યાએ મહામુનિ બાહુબલિને ત્રણ પ્રદક્ષિણા કરીને વંદના કરી પછી આ પ્રમાણે કહ્યું– 'હે જ્યેષ્ઠાર્ય ! **ભગવાન્ એવા આપણા પિતાજી અમારે મુખે તમને કહેવરાવે છે કે હસ્તીના સ્કંધ ઉપર આરૂઢ થયેલા પુરૂષોને કેવળજ્ઞાન થતું નથી.'** એમ કહી તે બંને ભગવતી જેમ આવી હતી તેમ ચાલી ગઈ. મહાત્મા બાહુબલિ તે વચનથી અંતઃકરણમાં વિસ્મય પામી આવી રીતે વિચારવા લાગ્યા–' અહો ! સાવદ્યયોગનો ત્યાગ કરનારા અને વૃક્ષની જેમ કાયોત્સર્ગમાં રહેનારા મારે આ અરણ્યમાં હસ્તી ઉપર આરોહણ ક્યાંથી ? આ બંને આર્યા ભગવાનની શિષ્યા છે. તે ક્યારે પણ અસત્ય ભાષણ કરે નહિ તો આમાં શું સમજવું ? અરે હા ! બહુ કાળે મારા જાણવામાં આવ્યું કે વ્રતથી મોટા અને વયથી નાના એવા મારા ભાઈઓને હું કેમ નમસ્કાર કરું ? એવું જે મને માન થયું છે તે રૂપી હાથી ઉપર હું નિર્ભયપણે આરૂઢ થયેલો છું. ત્રણ જગતના ગુરુની ઘણો કાળ મેં સેવા કરી, તો પણ જળચર જીવોને જેમ જળમાં તરતાં આવડે નહીં, તેમ મને વિવેક ઉત્પન્ન થયો નહીં; જેથી પૂર્વે વ્રતને પ્રાપ્ત થયેલા એ મહાત્મા ભ્રાતાઓને 'એ કનિષ્ઠ છે' એમ ધારી તેમને વાંદવાની ઇચ્છા મને થઈ નહીં. હવે હમણાં જ ત્યાં જઈને એ મહામુનિઓને વંદના કરું.'

એમ વિચારી મહાસત્વ બાહુબલિએ પોતાનો ચરણ ઉપાડ્યો, તે જ વખતે ચોતરફથી જેમ લતા અને વેલડિયો ત્રુટવા લાગી તેમજ ઘાતિકર્મ પણ ત્રુટવા લાગ્યા અને તે જ પગલે એ મહાત્માને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. પછી ઉત્પન્ન થયું છે કેવળજ્ઞાન અને કેવળદર્શન જેમને એવા સૌમ્ય દર્શનવાળા એ મહાત્મા ચંદ્ર જેમ સૂર્યની પાસે જાય તેમ ઋષભસ્વામીની પાસે ગયા. ત્યાં તીર્થંકરને પ્રદક્ષિણા કરી અને તીર્થને નમસ્કાર કરી જગતને નમવા યોગ્ય બાહુબલિ મુનિ પ્રતિજ્ઞાને તરી કેવળીની પર્ષદામાં જઈને બેઠા.

इत्याचार्यश्रीहेमचंद्रविरचिते त्रिषष्टिशलाकापुरुषचरित्रे महाकाव्ये प्रथमपर्वणि बाहुबलिसंग्रामदीक्षाकेवलज्ञानसंकीर्तनो नाम पञ्चमः सर्गः ॥ ५ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# સર્ગ છઠ્ઠો.

**હવે** ભગવાન ઋષભસ્વામિનો શિષ્ય પોતાના નામની જેમ એકાદશ અંગને ભણનારો, સાધુગુણે સહિત, સ્વભાવથી સુકુમાર અને હસ્તિપતિની સાથે કલભની જેમ નિરંતર સ્વામી સાથે વિચરનાર ભરતપુત્ર **મરીચિ** ગ્રીષ્મઋતુમાં સ્વામીની સાથે વિહાર કરતો હતો. એક દિવસ મધ્યાહ્ન સમય હોવાથી જાણે લુહારોએ ધમેલી હોય તેમ ચોતરફ માર્ગની રજ સૂર્યનાં કિરણથી તપી ગઈ હતી અને જાણે અદૃશ્ય થયેલી અગ્નિની જ્વાળાઓ હોય તેવા ઘણા ઉષ્ણ વંટોળીઆથી સર્વ માર્ગો ખીલાઈ ગયા હતા. તે સમયે અગ્નિથી તપેલા જરા આર્દ્ર ઇંધણાની જેમ મસ્તકથી તે ચરણ સુધી તેનો દેહ પસીનાની ધારાથી ભરપુર થઈ ગયો હતો. જળથી છાંટેલા શૂષ્ક ચર્મના ગંધની પેઠે પસીનાથી આર્દ્ર થયેલાં વસ્ત્રોને લીધે તેના અંગ ઉપરના મળનો દુઃસહ ગંધ છૂટતો હતો. તેના ચરણ બળતા હતા તેથી તપેલા ભાગમાં રહેલા નકુળની જેવી સ્થિતિ તે બતાવતા હતા અને ગરમીને લીધે તે તૃષાક્રાંત થયા હતા. એ પ્રસંગે અકળાઈને મરીચિ મનમાં આ પ્રમાણે વિચારવા લાગ્યા–'અહો ! કેવળજ્ઞાન અને કેવળદર્શનરૂપી સૂર્યચંદ્રવડે મેરૂપર્વત સમાન અને ત્રણ જગતના ગુરૂ એવા ઋષભસ્વામીનો હું પૌત્ર છું, તેમજ અખંડ ષટ્ખંડ સહિત મહીમંડળના ઈંદ્ર અને વિવેકના અદ્વિતીય નિધિરૂપ ભરતરાજાનો હું પુત્ર છું. વળી ' ચતુર્વિધ સંઘની સમક્ષ ઋષભસ્વામીના પાસે પંચમહાવ્રતના ઉચ્ચારણપૂર્વક મેં દીક્ષા લીધી છે; તેથી રણમાંથી વીર પુરૂષોને ભાગી જવું જેમ યુકત નથી, તેમ આ સ્થાનથી ગલિત થઇ લજ્જાવડે મારે ઘરે જવું તે યુકત નથી; પરંતુ મોટા પર્વતની પેઠે દુર્વહ એવા આ ચારિત્રરૂપી ભારને એક મુહૂર્તમાત્ર પણ વહન કરવાને હું સમર્થ નથી–મારાથી ચારિત્રવ્રત પાળવું મુશ્કેલ છે અને તે છોડીને ઘેર જતાં કુળની મલિનતા થાય છે; તેથી એક તરફ નદી અને બીજી તરફ સિંહ જેવા ન્યાયમાં હું આવી પડયો છું. પણ અહો ! મેં જાણ્યું કે પર્વત ઉપર જેમ કેડીનો માર્ગ હોય તેમ આ વિષમ માર્ગમાં પણ એક સુષમ માર્ગ છે. તે આ પ્રમાણેઃ—

"આ સાધુઓ મનદંડ, વચનદંડ અને કાયદંડને જીતનારા છે અને હું તો તેઓથી જીતાયેલો છું માટે હું ત્રિદંડી થઇશ. એ શ્રમણો કેશનો લોચ અને ઈંદ્રિયોનો જય કરી મુંડ થઈને રહે છે અને હું ક્ષૌરથી મુંડન કરાવી શિખાધારી થઇશ. એઓ સ્થૂલ અને સૂક્ષ્મ પ્રાણીઓના વધાદિકથી વિરત થયેલા છે અને હું ફકત સ્થૂલ પ્રાણીઓનો વધ કરવાથી વિરત થઈશ. એ મુનિઓ અકિંચન થઈને રહે છે અને હું સુવર્ણ મુદ્રાદિક રાખીશ. એ ઋષિઓએ ઉપાનનો ત્યાગ કરેલો છે અને હું ઉપાનને ધારણ કરીશ. એઓ અઢાર હજાર શીલના અંગો યુકત શિયળવડે અતિ સુગંધી છે અને હું તેથી રહિત હોવાને લીધે દુર્ગંધવાળો છું, તેથી ચંદનાદિકને ગ્રહણ કરીશ. એ શ્રમણો મોહ રહિત છે અને હું મોહથી આવૃત્ત છું, તેથી તેના ચિહ્નરૂપ છત્રને મસ્તક ઉપર ધારણ કરીશ. એઓ નિઃકષાય હોવાથી શ્વેત વસ્ત્રને ધરનારા છે અને હું કષાયથી કલુષ હોવાને લીધે તેની સ્મૃતિને માટે કષાયલાં વસ્ત્ર ધારણ કરીશ. એ મુનિઓએ પાપથી ભય



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પામી ઘણા જીવવાળા સચિત્ત જળનો ત્યાગ કર્યો છે, પણ હું તો પરિમિત જળથી સ્નાન અને પાન કરીશ." એવી રીતે પોતાની બુદ્ધિથી પોતાનું લિંગ(વેશ) કલ્પી, તેવો વેશ ધારણ કરી મરીચિ સ્વામીની સાથે વિહાર કરવા લાગ્યો. ખચ્ચર જેમ ઘોડો કે ગધેડો કહેવાય નહીં, પણ બંનેના અંશથી ઉત્પન્ન થયેલ છે, તેમ મરીચિ મુનિ પણ નહીં અને ગૃહસ્થ પણ નહીં, પણ બંનેના અંશવાળો નવીન વેષધારી થયો. હંસોમાં કાક પક્ષીની જેમ મહર્ષિઓમાં વિકૃત વેશવાળા મરીચિને જોઇ ઘણા લોકો કૌતુકથી તેને ધર્મ પૂછવા લાગ્યા, તેના ઉત્તરમાં તે મૂળ-ઉત્તર ગુણવાળા સાધુધર્મનો જ ઉપદેશ કરતા, અને એમ કહેતાં 'પોતે એ પ્રમાણે કેમ નથી આચરતા ?' એમ કોઇ પૂછતું તો તેમાં પોતાની અશક્તિ જણાવતા. એ પ્રમાણે પ્રતિબોધ આપતાં કોઈ ભવ્ય જીવ દીક્ષા લેવાની ઇચ્છા બતાવે તો તેને તે પ્રભુની પાસે મોકલતા હતા અને એનાથી પ્રતિબોધ પામીને આવનારા એ ભવ્ય પ્રાણીઓને નિષ્કારણ ઉપકાર કરવામાં બંધુસમાન ભગવાન ઋષભદેવજી પોતે દીક્ષા આપતા હતા.

એમ પ્રભુની સાથે વિહાર કરતાં એ મરીચિને એક દિવસ કાષ્ઠના ઘુણાની જેમ મહા ઉત્કટ રોગ ઉત્પન્ન થયો. અવલંબનથી ભ્રષ્ટ થયેલા કપિની પેઠે વ્રતથી ભ્રષ્ટ થયેલા એ મરીચિની તેના યૂથવાળા સાધુઓએ પ્રતિપાલના કરી નહીં, એટલે ઇક્ષુનો વાડો જેમ રક્ષક વિના ડુકકરાદિકથી વધારે બાધા પામે, તેમ ઉપચાર વિના મરિચિને એ રોગ અધિક પીડાકારી થયો. મોટા અરણ્યમાં સહાય રહિત પુરૂષની જેમ ઘોર રોગમાં પડેલો મરીચિ પોતાના મનમાં આ પ્રમાણે વિચારવા લાગ્યો-'અહો ! મારે આ ભવમાં જ કોઈ અશુભ ઉદય આવ્યું જણાય છે, જેથી મારા પોતાના સાધુઓ પણ પરની જેમ મારી ઉપેક્ષા કરે છે; પરંતુ ઘુવડ પક્ષી દિવસે જોઈ શકે નહીં તેમાં જેમ પ્રકાશ કરનારા સૂર્યનો દોષ નથી; તેમ મારે વિષે પણ એ અપ્રતિચારી સાધુઓનો કાંઇપણ દોષ નથી; કારણ કે ઉત્તમ કુળવાળા જેમ મ્લેચ્છની સેવા કરે નહીં, તેમ સાવદ્ય કર્મથી વિરમેલા તે સાધુઓ સાવદ્ય કર્મ કરનારા મારી વૈયાવૃત્ય કેમ કરે ? વળી તેઓની પાસે મારે વૈયાવૃત્ય કરાવવી એ યુકત પણ નથી; કેમકે તે વ્રતભંગ કરવાથી થયેલા મારા પાપની વૃદ્ધિને માટે થાય તેવી છે. હવે તો મારા ઉપચારને માટે કોઈ મારી જેવા મંદ ધર્મવાળા પુરૂષની શોધ કરું, કારણ કે મૃગની સાથે મૃગ જ યુકત છે.' એવી રીતે વિચાર કરતાં કેટલેક કાળે મરીચિ રોગનિર્મુકત થયો. **ખારી જમીન પણ કોઈ કાળે સ્વયમેવ સારી થઇ જાય છે.**

અન્યદા મહાત્મા ઋષભસ્વામી વિશ્વનો ઉપકાર કરવામાં વર્ષાઋતુના મેઘ સમાન દેશના આપતા હતા ત્યાં કપિલ નામે કોઈ દુર્ભવ્ય રાજપુત્રે આવીને ધર્મ સાંભળ્યો. ચક્રવાકને ચાંદનીની જેમ, ઘુવડને દિવસની જેમ, ક્ષીણ ભાગ્યવાળા રોગને ઔષધની જેમ, વાયુ રોગવાળાને શીતળ પદાર્થની જેમ અને બકરાને મેઘની જેમ તેને પ્રભુનો કહેલો ધર્મ રુચ્યો નહીં, તેથી બીજા પ્રકારના ધર્મને સાંભળવાની ઇચ્છાવાળા એ કપિલે આમતેમ દૃષ્ટિ ફેરવી , એટલે સ્વામીના શિષ્યોમાં વિલક્ષણ વેશવાળા મરીચિને તેણે જોયો. એટલે ખરીદ કરનારનો બાળક જેમ મોટી દુકાન પરથી નાની દુકાને જાય, તેમ બીજા ધર્મને સાંભળવાની ઇચ્છાવાળો કપિલ સ્વામીની પાસેથી ઊઠી મરીચિની આગળ આવ્યો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેણે મરીચિને ધર્મમાર્ગ પૂછયો એટલે તેણે કહ્યું–'અમારી પાસે ધર્મ નથી, જો ધર્મના અર્થી હો તો સ્વામીનો જ આશ્રય કરો.' મરીચિનાં એવાં વચન સાંભળી કપિલ પાછો પ્રભુની પાસે આવ્યો અને અગાઉ પ્રમાણે દેશના સાંભળવા લાગ્યો. તેના ગયા પછી મરીચિએ વિચાર્યું–'અહો ! સ્વકર્મદૂષિત એવા આ પુરુષને સ્વામીનો ધર્મ રૂચ્યો નહીં ! ગરીબ ચાતકને સંપૂર્ણ સરોવરથી પણ શું થાય ?'

થોડીવારે કપિલ પુનઃ મરીચિ પાસે આવી કહેવા લાગ્યો-'શું તમારી પાસે જેવો તેવો પણ ધર્મ નથી ? જો ન જ હોય તો પછી તેના વ્રત પણ કેમ કહેવાય ?' આ વખતે મરીચિએ વિચાર્યું કે-"દૈવયોગે આ કોઈ મારે લાયક મળી આવ્યો જણાય છે. ઘણે કાળે સરખે સરખાનો યોગ થયો છે; માટે હું જે સહાયરહિત છું તેને એ સહાયરૂપ થાઓ !' આમ વિચારી તેમણે કહ્યું–'ત્યાં પણ ધર્મ છે ને અહીં પણ ધર્મ છે.' તેના આ એક દુર્ભાષણ (ઉત્સૂત્ર ભાષણ) થી તેણે કોટાનુકોટી સાગરોપમપ્રમાણ ઉત્કટ સંસાર વધાર્યો. પછી તેણે કપિલને દીક્ષા આપી પોતાનો સહાયક કર્યો. ત્યારથી પરિવ્રાજક-પણાનું પાખંડ શરૂ થયું.

વિશ્વોપકારી ભગવાન શ્રીઋષભદેવજી ગ્રામ, ખાણ, નગર, દ્રોણમુખ, કર્બટ, પત્તન, મંડબ, આશ્રય અને ખેડાઓથી પરિપૂર્ણ પૃથ્વીમાં વિચરતા હતા. *વિહાર સમયમાં પોતાની ચારે દિશાએ સવાસો યોજન સુધી લોકોના વ્યાધિનું નિવારણ કરવાથી વર્ષાઋતુના મેઘની જેમ જગજ્જંતુઓને શાંતિ પમાડતા હતા; રાજા જેમ અનીતિના નિવારણથી પ્રજાને સુખ આપે તેમ મૂષક, શુક વિગેરે ઉપદ્રવ કરનારા જીવોની અપ્રવૃત્તિથી સર્વનું રક્ષણ કરતા હતા; અંધકારના ક્ષયથી સૂર્યની જેમ પ્રાણીઓનાં નૈમિત્તિક અને શાશ્વત વૈર શાંત કરવાથી સર્વને પ્રસન્ન કરતા હતા; પ્રથમ સર્વ રીતે સ્વસ્થ કરનારી વ્યવહાર-પ્રવૃત્તિથી જેમ લોકસમૂહને આનંદ પમાડ્યો હતો તેમ વિહારની પ્રવૃત્તિથી સર્વને આનંદ પમાડતા હતા; ઔષધથી અજીર્ણ અને અતિ ક્ષુધાનો નાશ કરે તેમ અતિવૃષ્ટિ અને અનાવૃષ્ટિના ઉપદ્રવનો નાશ કરતા હતા, અંતઃશલ્યની જેમ સ્વચક્ર અને પરચક્રનો ભય દૂર થવાથી તત્કાળ પ્રસન્ન થયેલા લોકો તેમનો આગમન ઉત્સવ કરતા હતા અને માંત્રિક પુરુષ જેમ ભૂત રાક્ષસથી રક્ષા કરે તેમ સંહારકારક ઘોર દુર્ભિક્ષથી સર્વની રક્ષા કરતા હતા. આવા ઉપકારથી એ મહાત્માની સર્વ લોકો સ્તુતિ કરતા હતા, જાણે અંદર ન સમાવાથી બહાર આવેલી અનંત જ્યોતિ હોય તેવું અને સૂર્યમંડળને જીતનારું ભામં-ડળ તેઓએ ધારણ કર્યું હતું;= આગળ ચાલતા ચક્રથી જેમ ચક્રવર્ત્તી શોભે તેમ આકાશમાં આગળ ચાલતા અસાધારણ તેજવાળા ધર્મચક્રથી તેઓ શોભતા હતા; સર્વ કર્મનો જય કરવાથી ઊંચા જયસ્તંભ જેવો નાની નાની હજારો ધ્વજાઓથી યુક્ત એક ધર્મધ્વજ તેઓની આગળ ચાલતો હતો; જાણે તેમનું પ્રયાણોચિત કલ્યાણમંડળ કરતો હોય તેવો

---

* અહીંથી તીર્થંકરના અતિશય સંબંધી વર્ણન છે.

= તીર્થંકર વિચરે તેની ચોતરફ સવાસો યોજન સુધી ઉપદ્રવકારી રોગની શાંતિ થાય, પરસ્પરના વૈરનો નાશ થાય, ધાન્યાદિને ઉપદ્રવકારી જંતુઓ ન થાય, મરકી વિગેરે ન થાય, અતિવૃષ્ટિ ન થાય, દુર્ભિક્ષ ન પડે, સ્વચક્ર ને પરચક્રનો ભય ન થાય એ તથા પ્રભુના મસ્તકની પાછળ ભામંડળ રહે એ કેવળજ્ઞાનના પ્રગટ થવાથી થતા અગીઆર અતિશયમાંહેના અતિશય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પોતાની મેળે જ નિર્ભર શબ્દ કરતો દિવ્ય દુંદુભિ તેમની આગળ વાગતો હતો; જાણે પોતાનો યશ હોય તેવા આકાશમાં રહેલા પાદપીઠ સહિત સ્ફટિક રત્નનાં સિંહાસનથી તેઓ શોભતા હતા; દેવતાઓએ સંચાર કરેલા સુવર્ણકમલ ઉપર રાજહંસની જેમ લીલા સહિત તેઓ ચરણન્યાસ કરતા હતા; જાણે તેમના ભયથી રસાતલમાં પેસી જવાને ઇચ્છતા હોય તેમ નીચા મુખવાળા થયેલા તીક્ષ્ણ દંડરૂપ કંટકથી તેમનો પરિવાર આશ્લિષ્ટ થતો નહોતો; જાણે કામદેવને સહાય કરવાના પાપનું પ્રાયશ્ચિત્ત કરવાને ઇચ્છતી હોય તેમ છ ઋતુઓ સમકાળે તેમની ઉપાસના કરતી હતી; ચોતરફ દૂરથી નીચા નમતા માર્ગના વૃક્ષો, જો કે તેઓ સંજ્ઞારહિત છે તો પણ જાણે તેમને નમસ્કાર કરતાં હોય તેવાં જણાતાં હતાં; પંખાના વાયરાની જેમ મૃદુ, શીતળ અને અનુકૂળ પવન તેમની નિરંતર સેવા કરતો હતો; સ્વામીથી પ્રતિકૂળ (વામ) વર્તનારાનું શુભ થાય નહીં એમ જાણતા હોયની તેમ પક્ષીઓ નીચે ઉતરી તેમની પ્રદક્ષિણા કરી જમણી બાજુએ અતિક્રમણ કરતા હતા; ચપળ તરંગોથી જેમ સાગર શોભે તેમ જઘન્ય કોટી સંખ્યાવાળા અને ગમનાગમન કરતા સુરઅસુરોથી તેઓ શોભતા હતા; ભક્તિવશ થઈ દિવસે પણ પ્રભાસહિત ચંદ્ર રહ્યા હોય તેવા આકાશમાં રહેલા છત્રથી તેઓ શોભતા હતા અને જાણે ચંદ્રના જૂદાં કરેલાં સર્વસ્વ કિરણોના કેશ હોય તેવા ગંગાના તરંગ જેવા શ્વેત ચામરો તેમની ઉપર ઢોળાતા +હતા. નક્ષત્રગણોથી ચંદ્રમાની જેમ તપથી પ્રદીપ્ત થયેલા અને સૌમ્ય એવા લાખો ઉત્તમ શ્રમણોથી તેઓ વીંટાયેલા હતા. જેમ સૂર્ય દરેક સાગરમાં અને દરેક સરોવરમાં કમલને પ્રબોધ (પ્રફુલ્લિત) કરે, તેમ એ મહાત્મા દરેક ગામ અને દરેક શહેરમાં ભવ્યજનોને પ્રતિબોધ કરતા હતા. આવી રીતે વિચરતા ભગવાન ઋષભદેવજી એકદા અષ્ટાપદ પર્વતે આવ્યા.

અત્યંત શ્વેતપણાને લીધે જાણે શરદ્ઋતુનાં વાદળાંનો એક ઠેકાણે કલ્પેલો ઢગલો હોય, ઠરી ગયેલા ક્ષીરસમુદ્રનો લાવી મૂકેલ વેલાકૂટ હોય અથવા પ્રભુના જન્માભિષેક વખતે ઇંદ્રે વૈક્રિય કરેલા ચાર વૃષભના રૂપમાંહેનો ઊંચા શૃંગવાળો એક વૃષભ હોય એવો તે ગિરિ જણાતો હતો. નંદીશ્વર દ્વીપમાંહેની પુષ્કરિણી (વાવડી) માં રહેલા દધિમુખ પર્વતોમાંથી આવેલો જાણે એક પર્વત હોય, જંબૂદ્વીપરૂપી કમલનો જાણે એક બિસખંડ (નાળ) હોય અને પૃથ્વીનો જાણે શ્વેત રત્નમય ઊંચો મુગટ હોય તેવો તે પર્વત શોભતો હતો. નિર્મળ તથા પ્રકાશવાળો હોવાથી દેવગણો તેને હમેશાં જળથી સ્નાન કરાવતા હોય અને વસ્ત્રોથી જાણે લુંછતા હોય તેવો તે જણાતો હતો. વાયુએ ઉડાડેલા કમલના રેણુઓવડે તેના નિર્મળ સ્ફટિકમણિના તટને સ્ત્રીઓ નદીના જળ જેવો દેખતી હતી. તેનાં શિખરોના અગ્રભાગમાં વિશ્રામ લેવાને બેઠેલી વિદ્યાધરોની સ્ત્રીઓને તે વૈતાઢ્ય અને ક્ષુદ્રહિમાલયનું સ્મરણ કરાવતો હતો. સ્વર્ગભૂમિનું જાણે અંતરીક્ષ દર્પણ હોય, દિશાઓનું અતુલ્ય હાસ્ય હોય અને ગૃહનક્ષત્રોને નિર્માણ કરવાની મૃત્તિકાનું અક્ષય સ્થળ હોય એવો તે જણાતો હતો. તેનાં શિખરોના મધ્ય ભાગમાં ક્રીડાથી શ્રાંત થયેલા મૃગો બેઠેલા હતા, તેથી તે અનેક મૃગલાંછન (ચંદ્ર) ના વિભ્રમને બતાવતો હતો. નિર્ઝરણાંની પંક્તિઓથી જાણે નિર્મળ અર્ધ વસ્ત્રને છોડી દેતો હોય અને સૂર્યકાંત મણિઓનાં પ્રસરતાં કિરણોથી જાણે ઊંચી પતાકાવાળો હોય તેવો તે શોભતો હતો. તેના ઊંચા શિખરનાં અગ્ર

+ અહીં સુધીના સર્વ અતિશયો દેવકૃત છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભાગમાં સૂર્ય સંક્રમ થતો, તેથી તે સિદ્ધલોકની મુગ્ધ સ્ત્રીઓને ઉદયાચલનો ભ્રમ આપતો હતો. જાણે મયૂરપત્રથી રચેલાં મોટાં છત્રો હોય તેવાં અતિ આર્દ્રપત્રવાળાં વૃક્ષોથી તેમાં નિરંતર છાયા થઈ રહી હતી. ખેચરોની સ્ત્રીઓ કૌતુકથી મૃગનાં બચ્ચાંઓનું લાલન-પાલન કરતી હતી, તેથી હરણીઓના ઝરતા દૂધવડે તેનું સર્વ લતાવન સિંચાતું હતું. કદળીપત્રના અર્ધા વસ્ત્રવાળી શબરીઓના નૃત્યને જોવાને માટે ત્યાં નગરની સ્ત્રીઓ નેત્રોની શ્રેણી કરીને રહેતી હતી. રતિથી શ્રાંત થયેલી સર્પિણીઓ ત્યાં વનનો મંદ મંદ પવન પીતી હતી. તેના લતાવનને પવનરૂપી નટે ક્રીડાથી નચાવ્યું હતું. કિન્નરોની સ્ત્રીઓ રતિના આરંભથી તેની ગુફાઓને મંદિરરૂપ કરતી હતી અને અપ્સરાઓના સ્નાન કરવાના ધસારાથી તેના સરોવરનું જળ તરંગિત થયેલું હતું. કોઈ ઠેકાણે સોગઠાબાજી રમતા, કોઈ ઠેકાણે પાનગોષ્ઠી કરતા અને કોઈ ઠેકાણે પણિત ( પણ ) બાંધતા યક્ષોથી તેના મધ્ય ભાગમાં કોલાહલ થઈ રહ્યો હતો. તે પર્વત ઉપર કોઈ ઠેકાણે કિન્નરોની સ્ત્રીઓ, કોઇ ઠેકાણે ભિલ્લલોકોની સ્ત્રીઓ અને કોઇ ઠેકાણે વિદ્યાધરની સ્ત્રીઓ ક્રીડાનાં ગીત ગાતી હતી, કોઈ ઠેકાણે પાકેલાં દ્રાક્ષફળ ખાઈ ઉન્મત્ત થયેલા શુક પક્ષીઓ શબ્દ કરતા હતા, કોઈ ઠેકાણે આમ્રના અંકુર ખાવાથી ઉન્મત્ત થયેલી કોકિલાઓ પંચમ સ્વર કરતી હતી, કોઈ ઠેકાણે કમલતંતુના આસ્વાદથી ઉન્મત્ત થયેલા હંસો 'મધુર શબ્દ કરતા હતા, કોઈ ઠેકાણે સરિતાના તટમાં મદવાળા થયેલા ક્રૌંચ પક્ષીઓના ક્રેંકાર શબ્દો થતા હતા, કોઈ ઠેકાણે નજીક રહેલા મેઘથી ઉન્માદ પામેલા મયૂરોનો કેકા શબ્દ થતો હતો અને કોઇ ઠેકાણે ફરતા સારસ પક્ષીઓના શબ્દો સંભળાતા હતા; એથી તે ગિરિ મનોહર લાગતો હતો. કોઈ ઠેકાણે રાતાં અશોકવૃક્ષોનાં પત્રોથી જાણે કસુંબી વસ્ત્રવાળો હોય, કોઈ ઠેકાણે તમાલ, તાલ અને હિંતાલના વૃક્ષોથી જાણે શ્યામ વસ્ત્રવાળો હોય, કોઈ ઠેકાણે સુંદર પુષ્પવાળાં ખાખરાનાં વૃક્ષોથી જાણે પીળા વસ્ત્રવાળો હોય અને કોઇ ઠેકાણે માલતી અને મલ્લિકાના સમૂહથી જાણે શ્વેત વસ્ત્રવાળો હોય એવો તે પર્વત જણાતો હતો. આઠ યોજન ઊંચો હોવાથી તે આકાશ જેટલો ઊંચો લાગતો હતો. એવા તે અષ્ટાપદ પર્વત ઉપર ગિરિના જેવા ગરિષ્ઠ જગતગુરુ આરૂઢ થયા. પવનથી ખરતાં પુષ્પોથી અને નિર્ઝરણાના જળથી એ પર્વત જગત્પતિ પ્રભુને અર્ઘ્ય પાદ્ય આપતો હોય તેવો જણાતો હતો. પ્રભુના ચરણથી પવિત્ર થયેલો એ પર્વત, પ્રભુના જન્મસ્નાત્રથી પવિત્ર થયેલા મેરુથી પોતાને ન્યૂન માનતો નહોતો. હર્ષ પામેલા કોકિલાદિકના શબ્દના મિષથી જાણે તે પર્વત જગત્પતિના ગુણ ગાતો હોય એવો જણાતો હતો.

તે પર્વત ઉપર વાયુકુમારદેવોએ એક પ્રદેશમાંથી માર્જન કરનારા સેવકોની જેમ ક્ષણવારમાં તૃણ–કાષ્ઠાદિક દૂર કર્યું અને મેઘકુમારોએ પાણીને વહેનારા પાડાની જેવાં વાદળાં વિકુર્વીને સુગંધી જળથી તે ભૂમિ ઉપર સિંચન કર્યું. પછી ત્યાં દેવતાઓએ વિશાળ એવી સુવર્ણરત્નની શિલાઓથી દર્પણના તળની જેવું સપાટ પૃથ્વીતળ બાંધી લીધું. તેની ઉપર વ્યંતર દેવતાઓએ ઇંદ્રધનુષના ખંડની જેવા પંચવર્ણી પુષ્પોની જાનુપ્રમાણ વૃષ્ટિ કરી અને જમના નદીના તરંગની શોભાને ગ્રહણ કરનારાં વૃક્ષોનાં આર્દ્રપત્રોનાં ચારે દિશાએ તોરણો બાંધ્યાં. ચારે બાજુ સ્તંભોની ઉપર બાંધેલાં મકરાકૃતિ તોરણો સિંધુના બંને તટમાં રહેલા મગરની શોભાને અનુસરતાં શોભતાં હતાં. તેના મધ્યમાં જાણે ચાર દિશાઓની દેવીના રૂપાના દર્પણો હોય તેવાં ચાર છત્રો તથા આકાશગંગાના ચપળ તરંગોની ભ્રાંતિને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આપનારા પવને તરંગિત કરેલા ધ્વજપટો શોભતા હતા. તે તોરણોની નીચે રચેલા મોતીના સ્વસ્તિકો 'સર્વ જગતનું અહીં મંગળ છે' એવી ચિત્રલિપિના વિભ્રમને કરાવતા હતા. બાંધેલા ભૂમિતળ ઉપર વૈમાનિક દેવતાઓએ રત્નાકરની શોભાના સર્વસ્વ જેવો રત્નમય ગઢ કર્યો અને તે ગઢ ઉપર માનુષોત્તર પર્વતની સીમા ઉપર રહેલી ચંદ્રસૂર્યનાં કિરણોની માળા જેવી માણેકના કાંગરાની પંક્તિઓ રચી. પછી જ્યોતિષ્પતિ દેવતાઓએ વલયાકારે કરેલું હેમાદ્રિ પર્વતનું શિખર હોય તેવો નિર્મળ સુવર્ણનો મધ્યમ ગઢ કર્યો અને તેના ઉપર રત્નમય કાંગરા કર્યા; તેમાં પ્રેક્ષકોનાં પ્રતિબિંબો પડવાથી જાણે ચિત્રવાળા હોય તેવા તે કાંગરાઓ જણાતા હતા. તે પછી ભવનપતિઓએ કુંડલાકારે થયેલા શેષનાગના શરીરના ભ્રમને આપનારો છેલ્લો રૂપાનો ગઢ કર્યો અને તેની ઉપર ક્ષીરસાગરના તટના જળ ઉપર રહેલી ગરૂડની શ્રેણી હોય તેવી સુવર્ણના કાંગરાની શ્રેણી કરી. પછી જેમ અયોધ્યા નગરીના ગઢમાં કર્યા હતા તેમ યક્ષોએ તે દરેક ગઢમાં ચાર ચાર દરવાજાને માણેકનાં તોરણો કર્યાં; પોતાનાં પ્રસરતાં કિરણોથી જાણે તે તોરણો શતગુણાં હોય તેવાં જણાતાં હતાં. દરેક દ્વારે 'વ્યંતરોએ નેત્રની રેખામાં રહેલી કાજળની રેખાની પેઠે આચરણ કરતાં ધૂમાડારૂપી ઊર્મિઓને ધારણ કરનારા ધૂપિયાઓ રાખ્યા હતા. મધ્યગઢની અંદર ઈશાન દિશામાં, ઘરમાં દેવાલયની જેવો પ્રભુને વિશ્રામ લેવા માટે એક દેવછંદ રચ્યો. વહાણની મધ્યમાં જેમ કૂવાસ્થંભ હોય તેવું વ્યંતરોએ તે સમવસરણના મધ્યમાં ત્રણ કોશ ઊંચું ચૈત્યવૃક્ષ રચ્યું. તે ચૈત્યવૃક્ષની નીચે પોતાનાં કિરણોથી જાણે વૃક્ષને મૂળથી જ પલ્લવિત કરતી હોય તેવી એક રત્નમય પીઠ રચી અને તે પીઠ ઉપર ચૈત્યવૃક્ષની શાખાઓના અંત પલ્લવોથી વારંવાર સાફ થતો રત્નછંદ રચ્યો; તેની મધ્યમાં પૂર્વ તરફ વિકસિત કમલકોશની મધ્યમાં કર્ણિકાની જેવું, પાદપીઠ સહિત એક રત્નસિંહાસન રચ્યું અને તેની ઉપર જાણે ગંગાની આવૃત્તિ કરેલા ત્રણ પ્રવાહ હોય તેવાં ત્રણ છત્રો બનાવ્યાં. એવી રીતે જાણે અગાઉથી જ તૈયાર હોય અને તે કોઈ ઠેકાણેથી લાવીને અહીં મૂકી દીધું હોય તેમ ક્ષણવારમાં દેવ અને અસુરોએ મળીને ત્યાં સમવસરણ રચ્યું.

જગત્પતિએ ભવ્યજનોના હૃદયની જેમ મોક્ષદ્વારરૂપ એ સમવસરણમાં પૂર્વદ્વારથી પ્રવેશ કર્યો. તત્કાળ જેની શાખાના પ્રાંત પલ્લવો પોતાના કર્ણના આભૂષણરૂપ થતા હતા એવા અશોકવૃક્ષને તેમણે પ્રદક્ષિણા કરી. પછી પૂર્વદિશા તરફ આવી **'નમસ્તીર્થાય'** એમ બોલી રાજહંસ જેમ કમલ ઉપર બેસે તેમ તેઓ સિંહાસન ઉપર બિરાજમાન થયા. તરતજ બાકીની ત્રણ દિશાના સિંહાસન ઉપર વ્યંતરદેવોએ ભગવંતનાં ત્રણ રૂપ વિકુર્વ્યાં. પછી સાધુ, સાધ્વી અને વૈમાનિક દેવતાની સ્ત્રીઓએ પૂર્વદ્વારથી પેસી, પ્રદક્ષિણા કરી, ભક્તિપૂર્વક જિનેશ્વર અને તીર્થને નમસ્કાર કર્યો અને પ્રથમ ગઢમાં પ્રથમ ધર્મરૂપી ઉદ્યાનના વૃક્ષરૂપ સાધુઓ પૂર્વ અને દક્ષિણ દિશાની મધ્યમાં બેઠા, તેમના પૃષ્ઠભાગમાં વૈમાનિક દેવતાઓની સ્ત્રીઓ ઊભી રહી અને તેની પછળ તેવી જ રીતે સાધ્વીઓનો સમૂહ ઊભો રહ્યો. ભુવનપતિ, જ્યોતિષી અને વ્યંતરોની સ્ત્રીઓ દક્ષિણદ્વારથી પ્રવેશ કરી પૂર્વવિધિવત્ પ્રદક્ષિણા નમસ્કાર કરીને નૈઋત્ય દિશામાં બેઠી અને તે ત્રણે નિકાયના દેવો પશ્ચિમદ્વારથી પ્રવેશ કરી, તેવી જ રીતે નમી, અનુક્રમે વાયવ્ય દિશામાં બેઠા. આવી રીતે પ્રભુને સમોસર્યા જાણી, પોતાનાં વિમાનોનાં સમૂહથી ગગનને આચ્છાદિત કરતા ઈંદ્ર ત્યાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સત્વર આવ્યા અને ઉત્તરદ્વારથી સમવસરણમાં પ્રવેશ કરી, સ્વામીને ત્રણ પ્રદક્ષિણા દઈ નમસ્કાર કરી, ભક્તિવાન્ ઇંદ્ર આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા.

"હે ભગવન્ ! જો કે ઉત્તમ યોગીઓથી પણ આપના ગુણો સર્વ પ્રકારે જાણવા અશક્ય છે, તો સ્તુતિ કરવાને યોગ્ય એવા તે આપના ગુણો ક્યાં અને નિત્ય પ્રમાદી એવો હું સ્તોતા ક્યાં ? તથાપિ હે નાથ ! હું યથાશક્તિ તમારા ગુણોને સ્તવીશ. શું લંગડો મનુષ્ય દીર્ઘ માર્ગે ચાલે તો તેને કોઈ નિવારે ? હે પ્રભુ ! આ સંસારરૂપી આતપના ક્લેશથી પરવશ થયેલા પ્રાણીઓને જેના ચરણની છાયા છત્રની છાયાનું આચરણ કરે છે એવા આપ અમારી રક્ષા કરો. હે નાથ ! સૂર્ય જેમ પરોપકારને માટે પ્રકાશે છે તેમ ફક્ત લોકને માટે જ વિહાર કરતા એવા આપ કૃતાર્થ છો. મધ્યાહ્નના સૂર્યની જેમ આપ પ્રભુ પ્રગટ થયે, દેહની છાયાની જેમ પ્રાણીઓનાં કર્મ ચોતરફથી સંકોચ પામી જાય છે. જેઓ હમેશાં તમને જુએ છે તે તિર્યંચોને પણ ધન્ય છે અને જે તમારા દર્શનથી શૂન્ય છે તે સ્વર્ગમાં રહેલ હોય તો પણ અધન્ય છે. હે ત્રિજગત્પતિ ! જેઓના હૃદયરૂપી ચૈત્યમાં તમે એક અધિદેવતા રહેલા છો તે ભવિકજનો ઉત્કૃષ્ટમાં પણ ઉત્કૃષ્ટ છે. હું આપની પાસે એક જ પ્રાર્થના કરું છું કે ગામેગામ અને નગરેનગર વિહાર કરતા આપ કદાપિ મારા હૃદયને છોડશો નહીં."

આવી રીતે પ્રભુની સ્તુતિ કરી, પંચાંગે ભૂમિના સ્પર્શ કરવાપૂર્વક પ્રણામ કરી સ્વર્ગપતિ ઇંદ્ર પૂર્વ અને ઉત્તર દિશાના મધ્યમાં બેઠા. પ્રભુ અષ્ટાપદ પર્વત ઉપર પધાર્યા, એ વૃત્તાંત તરત જ શૈલપાલક પુરુષોએ આવી ચક્રીને કહ્યો; કારણ કે તેઓને તે કાર્યને માટે જ ત્યાં રાખ્યા હતા. ભગવાનની જ્ઞપ્તિ કરનારા એ લોકોને દાતાર ચક્રીએ સાડાબાર કોટી સુવર્ણ આપ્યું. **તેવે પ્રસંગે જે આપવું તે થોડું જ છે.** પછી મહારાજાએ સિંહાસન ઉપરથી ઊઠી, તે દિશા તરફ સાત આઠ પગલાં ચાલી, વિનયથી પ્રભુને પ્રણામ કર્યા અને પછી પાછા સિંહાસન ઉપર બેસી, ઇંદ્ર જેમ દેવતાને બોલાવે તેમ ચક્રીએ પ્રભુને વંદન કરવા જવાને માટે પોતાના સૈનિકોને બોલાવ્યા. વેલાથી સમુદ્રની ઊંચી તરંગપંક્તિની જેમ ભરતરાયની આજ્ઞાથી સર્વ રાજાઓ ચોતરફથી આવીને એકઠા થયા. હાથીઓ ઊંચે સ્વરે ગર્જના કરવા લાગ્યા અને ઘોડાઓ ખોંખારવા લાગ્યા, તે જાણે સ્વામી પાસે જવાને પોતાના અધિરોહક (સ્વાર) ને ત્વરા કરાવતા હોય તેવા જણાતા હતા. પુલકિત અંગવાળા રથિક અને પેદલ લોકો તત્કાળ હર્ષપૂર્વક ચાલવા લાગ્યા. કારણ કે ભગવાન પાસે જવામાં રાજાની આજ્ઞા તેમને સુવર્ણ અને સુગંધના જેવી થઇ પડી. મોટી નદીનાં પૂરના જળ જેમ એ કાંઠામાં સમાય નહીં તેમ અયોધ્યા અને અષ્ટાપદ પર્વતની વચમાં તે સેના સમાતી ન હતી. આકાશમાં શ્વેતછત્ર અને મયૂરછત્રનો સંગ થવાથી ગંગા અને યમુનાના વેણીસંગ જેવી શોભા થઈ રહી. અશ્વારોના હાથમાં રહેલાં ભાલાંઓ પોતાનાં સ્ફુરણાયમાન કિરણોથી જાણે તેઓએ બીજાં ભાલાંઓ ઊંચા કર્યા હોય તેવાં શોભતાં હતાં. હાથીઓની ઉપર આરૂઢ થયેલા વીરકુંજરો હર્ષથી ઉત્કટપણે ગર્જના કરતા હતા, તેથી જાણે હાથીની ઉપર બીજા હાથી આરૂઢ થયા હોય તેવું લાગતું હતું. સર્વ સૈનિકો જગત્પતિને નમવાને માટે ભરતચક્રીથી પણ અધિક ઉત્સુક થયા હતા; કારણ કે **અસિનું**

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

મ્યાન ખડ્ગથી પણ ઘણું તીક્ષ્ણ થાય છે. તે સર્વના કોલાહલે દ્વારપાળની પેઠે મધ્યમાં રહેલા ભરત રાજાને 'સર્વ સૈનિકો એકઠા થયા છે' એમ નિવેદન કર્યું. પછી મુનીશ્વર જેમ રાગદ્વેષના જયથી મનઃશૌચ કરે તેમ મહારાજાએ સ્નાનથી અંગશૌચ કર્યું અને પ્રાયશ્ચિત્ત તથા કૌતુકમંગળ કરીને પોતાના ચરિત્રની જેવા ઉજ્જવળ વસ્ત્ર ધારણ કર્યાં. મસ્તક ઉપર શ્વેત છત્રથી અને બંને બાજુએ શ્વેત ચામરોથી શોભતા તે મહારાજા પોતાના મંદિરની અંતર્વેદિકા પ્રત્યે ગયા અને સૂર્ય જેમ પૂર્વાચલ ઉપર આરૂઢ થાય તેમ વેદિકા ઉપર આરૂઢ થયેલા તે મહીપતિ સૂર્ય જેમ ગગનની મધ્યે આવે તેમ મહાગજ ઉપર ચડ્યા. ભેરી, શંખ અને આનક વિગેરે ઉત્તમ વાજિંત્રોના મોટા શબ્દોથી ફુવારાના જળની જેમ આકાશભાગને વ્યાપ્ત કરતા, મેઘની જેમ હાથીઓના મદજળથી દિશાઓને વ્યાપ્ત કરતા, તરંગોવડે સાગરની જેમ તુરંગોથી પૃથ્વીને આચ્છાદન કરતા અને કલ્પવૃક્ષથી જોડાયેલા યુગલીઆની જેમ હર્ષ અને ત્વરાથી યુક્ત થયેલા મહારાજા અંતઃપુર અને પરિવાર સહિત થોડીવારમાં અષ્ટાપદે આવી પહોંચ્યા.

સંયમ લેવાની ઈચ્છાવાળો પુરુષ જેમ ગૃહસ્થધર્મથી ઉતરીને ઊંચા ચારિત્રધર્મ ઉપર આરૂઢ થાય, તેમ મહાગજ ઉપરથી ઉતરીને મહારાજા એ મહાગિરિ ઉપર ચડ્યા. ઉત્તર દિશાના દ્વારથી સમવસરણમાં પ્રવેશ કર્યો, એટલે આનંદરૂપ અંકુરને ઉત્પન્ન કરવામાં મેઘ સમાન પ્રભુ તેમના જોવામાં આવ્યા. પ્રભુને ત્રણ વાર પ્રદક્ષિણા કરી, તેમના ચરણમાં નમન કરી, મસ્તકે અંજલિ જોડી ભરતે આ પ્રમાણે સ્તુતિ કરી—"હે પ્રભુ ! મારી જેવાએ તમારી સ્તુતિ કરવી તે કુંભથી સમુદ્રનું પાન કરવા જેવું છે, તથાપિ હું તમારી સ્તુતિ કરીશ; કેમ કે હું ભક્તિથી નિરંકુશ છું. હે પ્રભો ! દીપકના સંપર્કથી જેમ વાટો પણ દીપકપણાને પામે છે, તેમ તમારા આશ્રિત ભવિજનો તમારી તુલ્ય થાય છે. હે સ્વામિન્ ! મદ પામેલા ઇંદ્રિયરૂપી હસ્તીંદ્રોને નિર્મદ કરવામાં ઔષધરૂપ અને માર્ગને બતાવનાર તમારું શાસન વિજય પામે છે. હે ત્રિભુવનેશ્વર ! તમે ચાર ઘાતિકર્મને હણીને બાકીનાં ચાર કર્મની જે ઉપેક્ષા કરો છો તે લોકકલ્યાણને માટે જ કરો છો એમ હું માનું છું. હે પ્રભુ ! ગરૂડની પાંખમાં રહેલા પુરુષો જેમ સમુદ્રનું ઉલ્લંઘન કરે છે, તેમ તમારા ચરણમાં લગ્ન થયેલા ભવ્યજનો આ સંસારસમુદ્રનું ઉલ્લંઘન કરે છે. હે નાથ ! અનંત કલ્યાણરૂપ વૃક્ષને ઉલ્લસિત કરવામાં દોહદરૂપ અને વિશ્વની મોહરૂપી મહાનિદ્રામાં પ્રાતઃકાળ સમાન તમારું દર્શન જયવંત વર્ત્તે છે. તમારા ચરણકમલના સ્પર્શથી પ્રાણીઓનાં કર્મ વિદારણ થઈ જાય છે, કેમકે ચંદ્રનાં મૃદુ કિરણોથી પણ હાથીના દાંત ફુટે છે. મેઘની વૃષ્ટિની જેમ અને ચંદ્રની ચંદ્રિકાની જેમ હે જગન્નાથ ! તમારો પ્રસાદ સર્વને સરખો જ છે."

આવી રીતે પ્રભુની સ્તુતિ કરી, નમસ્કાર કરી, ભરતપતિ સામાનિક દેવતાની જેમ ઇંદ્રના પૃષ્ઠભાગે બેઠા. દેવતાઓની પછવાડે સર્વ પુરુષો બેઠા અને પુરુષોની પાછળ સર્વ નારીઓ ઊભી રહી. પ્રભુના નિર્દોષ શાસનમાં જેમ ચતુર્વિધ ધર્મ રહે તેમ સમવસરણના પ્રથમ કિલ્લામાં આવી રીતે ચતુર્વિધ સંઘ બેઠો; બીજા પ્રાકારમાં પરસ્પર વિરોધી છતાં પણ જાણે સ્નેહવાળા સહોદર હોય તેમ થઇ સર્વ તિર્યંચો હર્ષ સહિત બેઠા; ત્રીજા કિલ્લામાં આવેલા રાજાઓનાં સર્વ વાહનો ( હસ્તી, અશ્વાદિ ) દેશનાં સાંભળવાને ઊંચા કર્ણ કરીને રહ્યા. પછી ત્રિભુવનપતિએ સર્વ ભાષામાં પ્રવર્તતી અને મેઘના શબ્દ જેવી ગંભીર ગિરાથી

जैनं जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દેશના આપવા માંડી. દેશના સાંભળતા તિર્યંચ, મનુષ્ય અને દેવતાઓ જાણે અત્યંત ભારથી મુક્ત થયા હોય, જાણે ઈષ્ટ પદ પામ્યા હોય, જાણે કલ્યાણ અભિષેક કર્યો હોય, જાણે ધ્યાનમાં રહ્યા હોય, જાણે અહમિંદ્રપણું પામ્યા હોય અને જાણે પરબ્રહ્મને પામ્યા હોય તેમ હર્ષથી સ્થિર થઈ ગયા. દેશના સમાપ્ત થયા પછી મહાવ્રતને પાળનારા પોતાના ભ્રાતાઓને જોઈ, મનમાં તાપ પામી ભરતરાય આ પ્રમાણે વિચારવા લાગ્યા–'અહો ! અગ્નિની જેમ હમેશાં અંતૃપ્ત એવા મેં આ ભાઈઓના રાજ્યને ગ્રહણ કરીને શું કર્યું ? હવે એ ભોગફળવાળી લક્ષ્મી બીજાને આપી દેવી તે રક્ષામાં ઘી હોમ્યાની જેમ મૂઢ એવા મારે નિષ્ફળ છે. કાગડાઓ પણ બીજા કાગડાને બોલાવી અન્નાદિકનું ભક્ષણ કરે છે અને હું આ બંધુઓ વિના ભોગ ભોગવું છું, તેથી તે કાગડાથી પણ હીન છું. માસક્ષપણકો* જેમ કોઈ દિવસ ભિક્ષા ગ્રહણ કરે છે, તેમ હું ફરીથી જો તેમને ભોગસંપત્તિ આપું તો મારા પુણ્યયોગે તેઓ ગ્રહણ કરે ખરા.' એવી રીતે વિચારી, પ્રભુના ચરણ સમીપે જઈ, અંજલિ જોડી તેમણે ભોગને માટે પોતાના ભ્રાતાઓને નિમંત્રણ કર્યું.

તે વખતે પ્રભુએ કહ્યું—'હે સરલ અંતઃકરણવાળા રાજા ! આ તારા ભ્રાતાઓ મહાસત્ત્વવાળા છે અને તેઓએ મહાવ્રત પાળવાની પ્રતિજ્ઞા કરી છે; તેથી સંસારની અસારતા જાણીને પૂર્વે ત્યાગ કરેલા ભોગને વમન કરેલા અન્નની જેમ તેઓ ફરીથી ગ્રહણ નહીં કરે.' એવી રીતે ભોગના આમંત્રણ સંબંધી પ્રભુએ નિષેધ કર્યો, એટલે ફરીથી પશ્ચાત્તાપયુક્ત ચક્રીએ વિચાર્યું–'સંગરહિત એવા આ મારા ભાઈઓ કદિ ભોગને ભોગવશે નહીં; તો પણ પ્રાણધારણને માટે આહારને તો ભોગવશે.' એમ ધારી તેમણે પાંચસેં મોટાં ગાડાં ભરી આહાર મંગાવી, પોતાના અનુજ ભાઈઓને પૂર્વની જેમ નિમંત્રણ કર્યું. તે વારે પ્રભુએ કહ્યું—'ભરતપતિ ! એ આધાકર્મી (મુનિને અર્થે બનાવીને લાવેલ) આહાર યતિઓને કલ્પતો નથી.' પ્રભુએ એ પ્રમાણે નિષેધ કર્યાથી તેમણે અકૃત અને અકારિત[1] અન્નને માટે નિમંત્રણ કર્યું, કારણ કે **સરલપણામાં સર્વ શોભે છે.** તે વખતે 'હે રાજેંદ્ર ! મુનિઓને રાજપિંડ કલ્પતો નથી ' એમ કહી ધર્મચક્રી પ્રભુએ ચક્રવર્તીને ફરીથી વાર્યા. પ્રભુએ સર્વ રીતે મને નિષેધ કર્યો એમ વિચારી, ચંદ્ર જેમ રાહુવડે દુભાય તેમ મહારાજા ભરત પશ્ચાત્તાપવડે દુભાવા લાગ્યા. ભરતને એવી રીતે વિલક્ષ થયેલા જોઈ ઈંદ્રે પ્રભુને પૂછયું–'હે સ્વામિન્ ! અવગ્રહ[2] કેટલા પ્રકારના છે ?'

પ્રભુએ કહ્યું-'ઇંદ્ર સંબંધી, ચક્રી સંબંધી, રાજા સંબંધી, ગૃહસ્થ સંબંધી અને સાધુ સંબંધી-એવા પાંચ પ્રકારે અવગ્રહ થાય છે. એ અવગ્રહો ઉત્તરોત્તર પૂર્વપૂર્વનો બાધ કરે છે, તેમાં પૂર્વોક્ત અને પરોક્ત વિધિ બળવાન છે.'

ઈંદ્રે કહ્યું–' હે દેવ ! જે સાધુઓ મારા અવગ્રહમાં વિહાર કરે છે તેઓને મેં મારા અવગ્રહની આજ્ઞા કરી છે '

* મહિનાના ઉપવાસ કરનાર. ૧ મુનિને અર્થે કરેલ નહિ અને કરાવેલ પણ નહિં તે. ૨ રહેવા–વિચરવાના સ્થાનને માટે આજ્ઞા લેવી પડે તે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એવી રીતે કહી પ્રભુના ચરણકમલમાં વંદન કરી ઇંદ્ર ઊભો રહ્યો. ભરતરાજાએ એ સાંભળી પુનઃ વિચાર કર્યો કે—'એ મુનિઓએ જો કે મારા અન્નાદિકનો આદર કર્યો નથી, તથાપિ અવગ્રહના અનુગ્રહની આજ્ઞાથી તો હું આજે કૃતાર્થ થાઉં,' એમ મનમાં ધારી શ્રેષ્ઠ હૃદયવાળા ચક્રીએ ઇંદ્રની જેમ પ્રભુના ચરણ પાસે જઈ પોતાના અવગ્રહની પણ આજ્ઞા કરી. પછી પોતાના સહધર્મી ( સામાન્ય ધર્મબંધુ ) ઇંદ્રને પૂછયું–'હાલ અહીં લાવેલા આ ભાતપાણીનું મારે શું કરવું ?'

ઇંદ્રે કહ્યું–' તે સર્વ ગુણોત્તર ( વિશેષ ગુણવાન ) પુરુષોને આપી દેવું.'

ભરતે વિચાર્યું– 'સાધુઓ સિવાય બીજા ગુણોત્તર પુરુષો કોણ ? હા ! મારા જાણવામાં આવ્યું. દેશવિરતિ એવા શ્રાવકો ગુણોત્તર છે, માટે આ સઘળું તેમને આપવું યોગ્ય છે.' એમ નિશ્ચય કર્યા પછી ચક્રીએ સ્વર્ગપતિ ઇંદ્રનું પ્રકાશમાન અને મનોહર આકૃતિવાળું રૂપ જોઈ વિસ્મય પામી તેને પૂછયું–' હે દેવપતિ ! સ્વર્ગમાં પણ તમે આવે રૂપે રહો છો કે બીજે રૂપે રહો છો ? કારણ કે દેવતાઓ તો કામરૂપી (ઇચ્છિત રૂપ કરનારા) કહેવાય છે.'

ઇંદ્રે કહ્યું–'હે રાજન્ ! સ્વર્ગમાં અમારું આવું રૂપ ન હોય. ત્યાં જે રૂપ હોય છે તે મનુષ્યોથી જોઈ પણ શકાતું નથી.'

ભરતે કહ્યું–'તમારા તેવા પ્રકારના રૂપના દર્શન માટે મને ઘણી ઇચ્છા થાય છે, તેથી હે સ્વર્ગપતિ ! ચંદ્ર જેમ ચકોરને પ્રસન્ન કરે તેમ તમારી દિવ્ય આકૃતિના દર્શનથી તમે મારા ચક્ષુને પ્રસન્ન કરો.'

ઇંદ્રે કહ્યું–'હે રાજા ! તમે ઉત્તમ પુરુષ છો. તમારી પ્રાર્થના વ્યર્થ ન જવી જોઇએ, માટે હું મારા એક અંગનું તમને દર્શન કરાવીશ.' એમ કહી ઇંદ્રે યોગ્ય અલંકારથી શોભતી અને જગતરૂપી મંદિરમાં દીપિકા સમાન પોતાની એક અંગુલિ ભરતરાયને બતાવી. તે પ્રકાશિત કાંતિવાળી ઇંદ્રની આંગળી જોઈ, પૂર્ણિમાના ચંદ્રને જોવાથી સમુદ્રની જેમ મેદિનીપતિ પ્રમોદ પામ્યા. ભરતરાયનું એવી રીતે માન જાળવી, ભગવંતને પ્રણામ કરી, સંધ્યાના અભ્રની જેમ ઇંદ્ર તત્કાળ અંતર્ધાન થઇ ગયા. ચક્રવર્ત્તી પણ સ્વામીને નમન કરી, કરવાનાં કાર્યો મનમાં ચિંતવી ઇંદ્રની જેમ પોતાની અયોધ્યા નગરીમાં આવ્યા. રાત્રે તેમણે ઇંદ્રની અંગુલિનું આરોપણ કરીને ત્યાં અષ્ટાહ્નિકા ઉત્સવ કર્યો. **સત્પુરુષોનું કર્ત્તવ્ય ભક્તિમાં અને સ્નેહમાં સરખું જ હોય છે.** ત્યારથી ઇંદ્રનો સ્તંભ રોપી લોકોએ સર્વત્ર ઇંદ્રોત્સવ કરવા માંડ્યો, જે અદ્યાપિ લોકમાં પ્રવર્ત્તે છે.

સૂર્ય જેમ એક ક્ષેત્રમાંથી બીજા ક્ષેત્રમાં જાય, તેમ વ્યંજનરૂપી કમલને પ્રબોધ કરવા માટે ભગવાન શ્રી ઋષભસ્વામીએ અષ્ટાપદ પર્વત ઉપરથી અન્યત્ર વિહાર કર્યો.

અહીં અયોધ્યામાં ભરતરાજાએ સર્વ શ્રાવકોને બોલાવીને કહ્યું–'તમારે હમેશાં ભોજનને માટે મારે ઘેર પધારવું. કૃષિ વિગેરે કાર્ય ન કરતાં તમારે સ્વાધ્યાયમાં પરાયણ રહીને, નિરંતર અપૂર્વ જ્ઞાનને ગ્રહણ કરવામાં તત્પર થવું. ભોજન કરીને મારી સમીપ આવી દરરોજ તમારે આ પ્રમાણે બોલવું–**जितो भवान् वर्द्धते भीस्तस्मान्मा हन मा हन** (તમે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જીતાયેલા છો, ભય વૃદ્ધિ પામે છે, માટે 'આત્મગુણને' ન હણો, ન હણો.)' ચક્રીનું એ વચન સ્વીકારી તેઓ હમેશાં ભરતરાયને ઘેર જમવા લાગ્યા અને પૂર્વોક્ત વચનનો સ્વાધ્યાયની જેમ તત્પર થઇને પાઠ કરવા લાગ્યા. દેવતાઓની જેમ રતિમાં મગ્ન થયેલા અને પ્રમાદી એવા ચક્રવર્તી તે શબ્દને સાંભળવાથી આ પ્રમાણે વિચાર કરવા લાગ્યા–' અરે ! હું કોનાથી જીતાયેલો છું અને એ કષાયોથી જ ભય વૃદ્ધિ પામે છે; તેથી આત્માને હણો નહીં, એવી રીતે આ વિવેકીઓ મને નિત્ય સ્મરણ કરાવે છે; તો પણ અહો ! મારું કેવું પ્રમાદીપણું અને કેવી વિષયલુબ્ધતા છે ? ધર્મને વિષે મારું આ કેવું ઉદાસીપણું ! આ સંસારમાં મારે કેવો રાગ ! અને આ મારો મહાપુરુષને યોગ્ય એવા આચારનો કેવો વિપર્યય કહેવાય !' આવા ચિંતવનથી સમુદ્રમાં ગંગાના પ્રવાહની જેમ એ પ્રમાદી રાજામાં ક્ષણવાર ધર્મધ્યાન પ્રવર્ત્યું; પરંતુ પાછા વારંવાર શબ્દાદિક ઇંદ્રિયાર્થમાં તે આસક્ત થવા લાગ્યા; કારણ કે **ભોગફળકર્મને અન્યથા કરવાને કોઇ પણ સમર્થ નથી.**

એક વખત રસોડાના ઉપરીએ આવી મહારાજાને વિજ્ઞપ્તિ કરી કે 'ભોજન કરનારા ઘણા થવાથી આ શ્રાવક છે કે અન્ય છે ? એમ જાણવામાં આવતું નથી.' તે સાંભળી ભરતરાયે આજ્ઞા આપી કે 'તમે પણ શ્રાવક છો, માટે આજથી તમારે પરીક્ષા કરીને ભોજન આપવું.' પછી તેઓ સર્વને પૂછવા લાગ્યા કે 'તમે કોણ છો ?' જો તેઓ કહે છે કે 'અમે શ્રાવક છીએ' તો 'તમારામાં શ્રાવકનાં કેટલાં વ્રત છે ?' એમ પૂછતાં તેઓ કહેતા કે 'અમારે નિરંતર પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રત છે.' એવી રીતે પરીક્ષા કરેલા શ્રાવકોને તેઓ ભરતરાજાને બતાવવા લાગ્યા, એટલે મહારાજા જ્ઞાન, દર્શન અને ચારિત્રના ચિહ્નવાળી ત્રણ રેખાઓ કાંકિણી રત્નથી ઉત્તરાસંગની જેમ તેમની શુદ્ધિને માટે કરવા લાગ્યા. એમ દરેક છ છ મહિને નવીન શ્રાવકોની પરીક્ષા કરતા અને કાંકિણી રત્નથી તેઓને નિશાની કરતા હતા. ચિન્હથી તેઓ ભોજન મેળવી **'જિતો ભવાન્'** ઇત્યાદિ પઠન ઉંચે સ્વરે કરવા લાગ્યા, તેથી તેઓ **માહન** એવા નામથી પ્રસિદ્ધ થયા. તેઓ પોતાના બાળકો સાધુઓને આપવા લાગ્યા. તેમાંથી કેટલાએક સ્વેચ્છાથી વિરક્ત થઇ વ્રત ગ્રહણ કરવા લાગ્યા. અને પરિષહ સહન કરવાને અસમર્થ એવા કેટલાએક શ્રાવકો થયા. કાંકિણી રત્નથી લાંછિત થયેલા તેઓને પણ નિરંતર ભોજન મળવા લાગ્યું. રાજાએ એ લોકોને ભોજન આપ્યું તેથી લોકો પણ તેમને જમાડવા લાગ્યા; કારણ કે **પૂજિતે પૂજેલા સર્વથી પૂજાય છે.** તેઓને સ્વાધ્યાય કરવાને માટે ચક્રીશ્વરે અર્હંતોની સ્તુતિ અને મુનિ તથા શ્રાવકની સમાચારીથી પવિત્ર એવા ચાર વેદ રચ્યા. અનુક્રમે તેઓ માહનને બદલે **બ્રાહ્મણ** એવા નામથી પ્રખ્યાત થયા અને કાંકિણી રત્નની રેખાઓ તે યજ્ઞોપવિતરૂપ થઈ. ભરતરાજાની ગાદીએ તેમનો પુત્ર સૂર્યયશા નામે રાજા થયો, તેણે કાંકિણી રત્નના અભાવથી સુવર્ણની યજ્ઞોપવિત કરી. તે પછી મહાયશા વિગેરે થયા, તેમણે રૂપાની યજ્ઞોપવિત કરી. પછી બીજાઓએ પટ્ટસૂત્રમય યજ્ઞોપવિત કરી અને છેવટે બીજાઓએ સૂત્રમય કરી.

ભરતરાજા પછી સૂર્યયશા થયા, ત્યાર પછી મહાયશા, પછી અતિબળ, પછી બળભદ્ર, પછી બળવીર્ય, પછી કીર્ત્તિવીર્ય, પછી જળવીર્ય અને ત્યારપછી દંડવીર્ય–એ આઠ પુરુષ સુધી એવો આચાર પ્રવર્ત્યો. તેઓએ આ ભરતાર્દ્ધનું રાજ્ય ભોગવ્યું અને ઇંદ્રે રચેલો

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

ભગવંતનો મુગટ તેઓએ પણ ધારણ કર્યો. પછી બીજા રાજાઓ થયા, તેઓ મુગટના મહાપ્રમાણને લીધે તેને ધારણ કરી શક્યા નહીં; કારણ કે **હાથીનો ભાર હાથી જ ધારણ કરી શકે, બીજાથી ધારણ કરી શકાય નહીં.** નવમા અને દશમા તીર્થંકરના અંતરમાં સાધુનો વિચ્છેદ થયો તે જ પ્રમાણે ત્યારપછીના સાત પ્રભુના અંતરમાં શાસનનો વિચ્છેદ થયો. તે સમયમાં અર્હંતની સ્તુતિ અને યતિ તથા શ્રાવકના ધર્મમય વેદ જે ભરતચક્રીએ રચ્યા હતા તે ફેરવાયા. ત્યારપછી સુલસ અને યાજ્ઞવલ્ક્યાદિક બ્રાહ્મણોએ અનાર્ય વેદ કર્યા.

હવે ચક્રધારી ભરતરાજા શ્રાવકોને દાન આપતાં, કામક્રીડા સંબંધી વિનોદ કરતાં દિવસો નિર્ગમન કરતા હતા. એકદા ચંદ્ર જેમ ગગનને પવિત્ર કરે તેમ પૃથ્વીને પોતાના ચરણથી પવિત્ર કરતા ભગવાન આદીશ્વર અષ્ટાપદગિરિએ પધાર્યા. દેવતાઓએ તત્કાળ ત્યાં સમવસરણ કર્યું અને જગત્પતિ તેમાં બેસીને ધર્મદેશના આપવા લાગ્યા. આવી રીતે પ્રભુ રહ્યા છે, એ વૃત્તાંત નિયોગી પુરુષોએ પવનની જેમ ત્વરાથી આવી ભરતરાજાને નિવેદન કર્યો. ભરતે પ્રથમની જેટલું જ તેમને પારિતોષિક આપ્યું. **કલ્પવૃક્ષ હમેશાં આપે તો પણ ક્ષીણ થાય નહીં.** પછી અષ્ટાપદ પર્વતે સમવસરેલા પ્રભુની પાસે આવી, પ્રદક્ષિણા કરી નમીને ભરતરાજા આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા—"હે જગત્પતિ! હું અજ્ઞ છું, તથાપિ તમારા પ્રભાવથી તમારી સ્તુતિ કરું છું; કારણ કે **ચંદ્રને જોનારા પુરુષોની મંદ દૃષ્ટિ હોય તોપણ સમર્થ થાય છે.** હે સ્વામિન્! મોહરૂપી અંધકારમાં નિમગ્ન થયેલા આ જગતને પ્રકાશ આપવામાં દીપક સમાન અને પ્રકાશની પેઠે અનંત તમારું કેવળજ્ઞાન જયવંત વર્તે છે. હે નાથ! પ્રમાદરૂપ નિદ્રામાં મગ્ન થયેલા મારા જેવા પુરુષોના કાર્યને માટે આપ સૂર્યની જેમ વારંવાર ગમનાગમન કરો છો. જેમ કાળ કરી પથ્થર જેવું થયેલું (ઠરી ગયેલું) ઘૃત અગ્નિથી ઓગળે છે, તેમ લાખો જન્મવડે કરી ઉપાર્જન કરેલાં કર્મ તમારા દર્શનથી નાશ પામે છે. હે પ્રભુ! એકાંત સુષમ કાળે (બીજા આરા) થી સુષમ દુઃખમ કાળ (ત્રીજો આરો) સારો છે કે જે સમયમાં કલ્પવૃક્ષથી પણ વિશેષ ફળને આપનારા તમે ઉત્પન્ન થયા છો. હે સર્વ ભુવનના પતિ! જેમ રાજા ગામડાં અને ભુવનોથી પોતાની નગરીને ઉત્કૃષ્ટ કરે છે, તેમ તમે આ ભુવનને ભૂષિત કરેલું છે. જે હિત પિતા, માતા, ગુરુ અને સ્વામી એ સર્વે કરી શકતા નથી તે હિત તમે એક છતાં પણ અનેકની જેવા થઇને કરો છો. ચંદ્રથી જેમ રાત્રિ શોભે, હંસથી જેમ સરોવર શોભે અને તિલકથી જેમ મુખ શોભે તેમ તમારાથી આ ભુવન શોભે છે." આવી રીતે યથાવિધિ ભગવાનની સ્તુતિ કરીને વિનયી ભરતરાજા પોતાને યોગ્ય સ્થાને બેઠા.

પછી ભગવાને યોજન સુધી પ્રસરતી અને સર્વ ભાષામાં સમજાય તેવી ભારતીથી વિશ્વના ઉપકારને માટે દેશના આપી. દેશના પૂરી થયા પછી ભરતરાજાએ પ્રભુને નમી રોમાંચિત શરીરવાળા થઈ અંજલિ જોડી આ પ્રમાણે વિજ્ઞપ્તિ કરી–'હે નાથ! આ ભરત ખંડમાં જેમ આપ વિશ્વના હિતકારી છો તેમ બીજા કેટલા ધર્મચક્રીઓ થશે? અને કેટલા ચક્રવર્તીઓ થશે? હે પ્રભુ! તેમનાં નગર, ગોત્ર, માતાપિતાનાં નામ, આયુષ, વર્ણ, શરીરનું માન, પરસ્પર અંતર, દીક્ષાપર્યાય અને ગતિ–એ સર્વ આપ કહો.'

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભગવાને કહ્યું-'હે ચક્રી ! આ ભરતખંડમાં મારી પછી બીજા ત્રેવીસ અર્હન્તો થશે અને તારા સિવાય બીજા અગિયાર ચક્રવર્ત્તી થશે, તેમાં વીશમા અને બાવીશમા તીર્થંકરો ગૌતમગોત્રી થશે અને બીજા કાશ્યપગોત્રી થશે તથા તે સર્વ મોક્ષગામી થશે. અયોધ્યામાં જિતશત્રુ રાજા અને વિજયા રાણીના પુત્ર બીજા **અજિત** નામે તીર્થંકર થશે; તેમનું બોંતેર લક્ષ પૂર્વનું આયુષ, સુવર્ણના જેવી કાંતિ અને સાડાચારશેં ધનુષની કાયા થશે અને તેઓ પૂર્વાંગે[1] ઊણા લક્ષ પૂર્વના દીક્ષા પર્યાયવાળા થશે. મારા અને અજિતનાથના નિર્વાણકાળમાં પચાસ લાખ કોટિ સાગરોપમનું અંતર છે. શ્રાવસ્તી નગરીમાં જિતારીરાજા અને સેનારાણીના પુત્ર ત્રીજા **સંભવ** નામે તીર્થંકર થશે; તેમનો સુવર્ણના જેવો વર્ણ, સાઠ લાખ પૂર્વનું આયુષ અને ચારશેં ધનુષ ઊંચું શરીર થશે. તેઓ ચાર પૂર્વાંગે હીન લાખ પૂર્વનો દીક્ષાપર્યાય પાળશે અને અજિતનાથ તથા તેમના નિર્વાણ વચ્ચે ત્રીશ લાખ ક્રોડ સાગરોપમનું અંતર થશે. વિનીતાપુરીમાં સંવરરાજા અને સિદ્ધાર્થા રાણીના પુત્ર ચોથા **અભિનંદન** નામે તીર્થંકર થશે; તેમનું પચાસ લાખ પૂર્વનું આયુષ, સાડાત્રણશેં ધનુષની કાયા અને સુવર્ણ જેવો વર્ણ થશે. તેમનો દીક્ષાપર્યાય આઠ પૂર્વાંગે ન્યૂન લાખ પૂર્વનો થશે અને દશ લાખ ક્રોડ સાગરોપમનું અંતર થશે. તે જ નગરીમાં મેઘરાજા અને મંગલારાણીના પુત્ર **સુમતિ** નામે પાંચમા તીર્થંકર થશે; તેમનો સુવર્ણ જેવો વર્ણ, ચાલીશ લક્ષ પૂર્વ આયુષ અને ત્રણશેં ધનુષની કાયા થશે. વ્રતપર્યાય દ્વાદશ પૂર્વાંગે ઊણ લાખ પૂર્વનો થશે અને અંતર નવ લાખ કોટિ સાગરોપમનું થશે. કૌશાંબી નગરીમાં ધરરાજા અને સુસીમા દેવીના પુત્ર **પદ્મપ્રભ** નામે છઠ્ઠા તીર્થંકર થશે; તેમનો રક્ત વર્ણ, ત્રીશ લક્ષ પૂર્વ આયુષ અને અઢીશેં ધનુષની કાયા થશે. એમનો વ્રતપર્યાય સોળ પૂર્વાંગે ન્યૂન લાખ પૂર્વનો અને અંતર નેવું હજાર કોટી સાગરોપમનું થશે. વારાણસી નગરીમાં પ્રતિષ્ઠ રાજા અને પૃથ્વી રાણીના પુત્ર **સુપાર્શ્વ** નામે સાતમા તીર્થંકર થશે; તેમની સુવર્ણ જેવી કાંતિ વીશ લક્ષ પૂર્વ આયુષ અને બશેં ધનુષની કાયા થશે. એમનો વ્રતપર્યાય વીશ પૂર્વાંગે ન્યૂન લાખ પૂર્વનો અને નવ હજાર કોટી સાગરોપમનું અંતર થશે. ચંદ્રાનન નગરમાં મહાસેન રાજા અને લક્ષ્મણા દેવીના પુત્ર **ચંદ્રપ્રભ** નામે આઠમા તીર્થંકર થશે; તેમનો શ્વેત વર્ણ, દશ લક્ષ પૂર્વ આયુષ અને દોઢસો ધનુષની કાયા થશે. તથા વ્રતપર્યાય ચોવીશ પૂર્વાંગે હીન લક્ષ પૂર્વ અને નવશેં કોટી સાગરોપમનું અંતર થશે. કાકંદી નગરીમાં સુગ્રીવ રાજા અને રામાદેવીના પુત્ર **સુવિધિ** નામે નવમા તીર્થંકર થશે; તેમનો શ્વેત વર્ણ બે લક્ષ પૂર્વ આયુષ અને એક સો ધનુષની કાયા થશે. વ્રતપર્યાય અઠ્યાવીશ પૂર્વાંગે હીન લક્ષ પૂર્વ અને નેવું કોટી સાગરોપમનું અંતર થશે. ભદ્દિલપુરમાં દઢરથ રાજા અને નંદા દેવીના પુત્ર **શીતળ** નામે દશમા તીર્થંકર થશે; તેમનો સુવર્ણના જેવો વર્ણ, લક્ષ પૂર્વનું આયુષ, નેવું ધનુષની કાયા, પચીશ હજાર પૂર્વનો વ્રતપર્યાય અને નવ કોટી સાગરોપમનું અંતર થશે. સિંહપુરમાં વિષ્ણુરાજા અને વિષ્ણુદેવીના પુત્ર **શ્રેયાંસ** નામે અગિયારમા તીર્થંકર થશે; તેમની સુવર્ણ જેવી કાંતિ, એંશી ધનુષની કાયા, ચોરાશી લક્ષ વર્ષનું આયુષ, એકવીશ લાખ વર્ષનો વ્રતપર્યાય તથા છવ્વીશ હજાર અને છાસઠ લાખ વર્ષે તથા સો સાગરોપમે ન્યૂન એક ક્રોડ સાગરોપમનું અંતર થશે. ચંપાપુરીમાં વસુ-

---

૧. ચોરાશી લાખ વર્ષ તે પૂર્વાંગ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પૂજ્ય રાજા અને જયાદેવીના પુત્ર **વાસુપૂજ્ય** નામે બારમા તીર્થંકર થશે; તેમનો રક્ત વર્ણ, બોંતેર લાખ વર્ષનું આયુષ્ય અને સીત્તેર ધનુષ પ્રમાણ કાયા થશે, એમનો ચોપન લાખ વર્ષનો દીક્ષાપર્યાય અને ચોપન સાગરોપમનું અંતર થશે. કાંપિલ્ય નામે નગરમાં કૃતવર્મા રાજા અને શ્યામાદેવીના પુત્ર **વિમલ** નામના તેરમા તીર્થંકર થશે; તેમનું સાઠ લાખ વર્ષનું આયુષ, સુવર્ણના જેવો વર્ણ અને સાઠ ધનુષની કાયા થશે. તેમને વ્રતમાં પંદર લક્ષ વર્ષ વ્યતીત થશે અને વાસુપૂજ્ય તથા તેમના મોક્ષમાં ત્રીશ સાગરોપમનુ અંતર થશે. અયોધ્યામાં સિંહસેન રાજા અને સુયશાદેવીના પુત્ર **અનંત** નામે ભગવાન્ ચૌદમા તીર્થંકર થશે, તેમની સુવર્ણના જેવી કાંતિ, ત્રીશ લાખ વર્ષ આયુષ અને પચાસ ધનુષ ઉન્નત કાયા થશે. એમનો સાડાસાત લાખ વર્ષનો વ્રતપર્યાય તથા વિમળનાથ અને તેમના મોક્ષ વચ્ચે નવ સાગરોપમનું અંતર થશે. રત્નપુરમાં ભાનુરાજા અને સુવ્રતા દેવીના પુત્ર **ધર્મ** નામે પંદરમા તીર્થંકર થશે; તેમનો સુવર્ણ જેવો વર્ણ, દશ લાખ વર્ષનું આયુષ્ય અને પીસ્તાલીશ ધનુષની કાયા થશે. એમનો અઢી લાખ વર્ષનો વ્રતપર્યાય અને અનંતનાથ તથા તેમના મોક્ષ વચ્ચે ચાર સાગરોપમનું અંતર થશે. ગજપૂર નગરમાં વિશ્વસેન રાજા અને અચિરાદેવીના પુત્ર **શાંતિ** નામે સોળમા તીર્થંકર થશે; તેમનો સુવર્ણ સદૃશ વર્ણ, લાખ વર્ષનું આયુષ્ય, ચાળીશ ધનુષની કાયા, પચીશ હજાર વર્ષનો વ્રત-પર્યાય અને પોણાપલ્યોપમે ન્યૂન ત્રણ સાગરોપમનું અંતર થશે. તેજ ગજપૂરમાં શૂરરાજા અને શ્રીદેવી રાણીના પુત્ર **કુંથુ** નામના સત્તરમા તીર્થંકર થશે; તેમનો સુવર્ણ જેવો વર્ણ, પંચાણું હજાર વર્ષનું આયુષ્ય અને પાંત્રીય ધનુષની કાયા થશે. એમનો વ્રતપર્યાય ત્રેવીશ હજાર અને સાડા સાતસો વર્ષનો અને શાંતિનાથ તથા તેમના મોક્ષમાં અર્દ્ધ પલ્યોપમનું અંતર થશે. તે જ ગજપૂર નગરમાં સુદર્શન રાજા અને દેવી રાણીના **અર** નામે પુત્ર અઢારમા તીર્થંકર થશે; તેમની સુવર્ણ જેવી કાંતિ, ચોરાશી હજાર વર્ષનું આયુષ્ય અને ત્રીશ ધનુષની કાયા થશે; એમનો વ્રતપર્યાય એકવીશ હજાર વર્ષ અને કુંથનાથ તથા તેમના નિર્વાણમાં એક હજાર ક્રોડ વર્ષે ન્યૂન પલ્યોપમના ચોથા ભાગનું અંતર થશે. મિથિલા નગરીમાં કુંભરાજા અને પ્રભાવતી દેવીના પુત્રી **મલ્લિનાથ** નામે ઓગણીશમા તીર્થંકર થશે; તેમનો નીલ વર્ણ, પંચાવન હજાર વર્ષનું આયુષ્ય અને પચીશ ધનુષની કાયા થશે. એમનો વ્રતપર્યાય ચોપન હજાર અને નવસો વર્ષ તથા મોક્ષમાં એક હજાર કોટી વર્ષનું અંતર થશે. રાજગૃહ નગરમાં સુમિત્ર રાજા અને પદ્માદેવીના પુત્ર **સુવ્રત** નામે વીશમા તીર્થંકર થશે; તેમનો કૃષ્ણ વર્ણ, ત્રીશ હજાર વર્ષનું આયુષ્ય અને વીશ ધનુષની કાયા થશે; એમનો વ્રતપર્યાય સાડાસાત હજાર વર્ષ અને મોક્ષમાં ચોપન લાખ વર્ષનું અંતર થશે. મિથિલા નગરીમાં વિજય રાજા અને વપ્રાદેવીના પુત્ર **નમિ** નામે એકવીશમા તીર્થંકર સુવર્ણ જેવા વર્ણવાળા, દશ હજાર વર્ષના આયુષ્યવાળા અને પંદર ધનુષ ઉન્નત કાયાવાળા થશે, એમનો વ્રતપર્યાય અઢી હજાર વર્ષ અને મુનિસુવ્રત તથા તેમના મોક્ષમાં છ લાખ વર્ષનું અંતર થશે. શૌર્યપુરમાં સમુદ્રવિજય રાજા અને શિવાદેવીના પુત્ર **નેમિ** નામે બાવીશમા તીર્થંકર થશે; તેમનો શ્યામ વર્ણ, હજાર વર્ષનું આયુષ્ય અને દશ ધનુષ-ની કાયા થશે. એમનો વ્રતપર્યાય સાતશેં વર્ષ અને નમિનાથ તથા તેમના મોક્ષમાં પાંચ લાખ વર્ષનું અંતર થશે. વારાણસી (કાશી) નગરીમાં અશ્વસેન રાજા અને વામારાણીના પુત્ર **પાર્શ્વનાથ** નામે ત્રેવીશમા તીર્થંકર થશે; તેમનો નીલ વર્ણ, સો વર્ષનું આયુષ્ય અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નવ હાથની કાયા થશે. એમનો વ્રતપર્યાય સીત્તેર વર્ષ અને મોક્ષમાં વ્યાસી હજાર અને સાડા સાતશેં વર્ષનું અંતર થશે. ક્ષત્રિયકુંડ ગામમાં સિદ્ધાર્થ રાજા અને ત્રિશલા દેવીના પુત્ર **મહાવીર** નામે ચોવીશમા તીર્થંકર થશે; તેમનો સુવર્ણ જેવો વર્ણ, બોંતેર વર્ષનું આયુષ્ય અને સાત હાથની કાયા થશે. એમનો વ્રતપર્યાય બેંતાળીશ વર્ષ અને પાર્શ્વનાથના મોક્ષ તથા તેમના મોક્ષ વચ્ચે અંતર અઢીશેં વર્ષનું થશે.

ચક્રવર્ત્તીઓ સર્વે કાશ્યપગોત્રી અને સુવર્ણના જેવી કાંતિવાળા થશે; તેમાં આઠ ચક્રીઓ મોક્ષે જનારા છે, બે સ્વર્ગે જનારા છે ને બે નરકે જનારા છે. તમે જેમ મારા વખતમાં થયા તેમ અયોધ્યા નગરીમાં અજિતનાથના વખતમાં **સગર** નામે બીજા ચક્રવર્તી થશે. તે સુમિત્ર રાજા અને યશોમતી રાણીના પુત્ર, તેમની સાડા ચારશેં ધનુષની કાયા અને બોંતેર લક્ષપૂર્વનું આયુષ્ય થશે. શ્રાવસ્તી નગરીમાં સમુદ્રવિજય રાજા અને ભદ્રારાણીના પુત્ર **મઘવા** નામે ત્રીજા ચક્રી થશે; તેમની સાડીબેંતાલીશ ધનુષની કાયા અને પાંચ લાખ વર્ષનું આયુષ્ય થશે. હસ્તીનાપુરમાં અશ્વસેન રાજા અને સહદેવી રાણીના પુત્ર **સનત્કુમાર** નામે ચોથા ચક્રી, ત્રણ લક્ષ વર્ષના આયુષ્યવાળા અને સાડીએકતાળીશ ધનુષની કાયાવાળા થશે. ધર્મનાથ અને શાંતિનાથના અંતરમાં એ બે ચક્રીઓ ત્રીજા દેવલોકમાં જનારા થશે. **શાંતિ, કુંથુ** અને **અર** એ ત્રણ અર્હંતો જ ચક્રવતી પણ થશે. ત્યારપછી હસ્તીનાપુરમાં કૃતવીર્ય રાજા અને તારા રાણીના પુત્ર **સુભૂમ** નામે આઠમા ચક્રવર્ત્તી થશે; તેમનું સાઠ હજાર વર્ષનું આયુષ્ય અને અઠયાવીશ ધનુષની કાયા થશે. તેઓ અરનાથ અને મલ્લિનાથના અંતરમાં થશે અને સાતમી નરકે જશે. તે પછી વારાણસીમાં પદ્મોત્તર રાજા અને જ્વાલા રાણીના પુત્ર **પદ્મ** નામે નવમા ચક્રવર્ત્તી થશે; તેમનું ત્રીશ હજાર વર્ષનું આયુષ્ય અને વીશ ધનુષની કાયા થશે. કાંપિલ્ય નગરમાં મહાહરિ રાજા અને મેરા દેવીના પુત્ર **હરિષેણ** નામના દશમા ચક્રી દશ હજાર વર્ષના આયુષ્યવાળા અને પંદર ધનુષની કાયાવાળા થશે. એ બંને ચક્રવર્ત્તી મુનિસુવ્રત અને નમિનાથ અર્હંતના સમયમાં થશે. પછી રાજગૃહ નગરમાં વિજય રાજા અને વપ્રા દેવીના પુત્ર **જય** નામે અગિયારમા ચક્રવર્ત્તી થશે; તેમનું ત્રણ હજાર વર્ષનું આયુષ્ય અને બાર ધનુષની કાયા થશે. તે નમિનાથ અને નેમિનાથના અંતરમાં થશે. તે ત્રણે ચક્રી મોક્ષે જશે. છેલ્લા કાંપિલ્યનગરમાં બ્રહ્મ રાજા અને ચુલની રાણીના પુત્ર **બ્રહ્મદત્ત** નામે બારમા ચક્રવર્ત્તી નેમિનાથ અને પાર્શ્વનાથના અંતરમાં થશે. તેમનું સાતશેં વર્ષનું આયુષ્ય અને સાત ધનુષની કાયા થશે. તે રૌદ્ર ધ્યાનમાં તત્પર રહી સાતમી નરકભૂમિમાં જશે.'

ઉપરનો વિષય કહી, ભરતે પ્રભુને કાંઈ પૂછયું નહોતું, તથાપિ પ્રભુ બોલ્યા–'ચક્રવર્ત્તીથી અરધા પરાક્રમવાળા અને ત્રણ ખંડ પૃથ્વીને ભોગવનારા નવ વાસુદેવ કૃષ્ણ વર્ણવાળા થશે. તેમાંના એક આઠમા વાસુદેવ કશ્યપગોત્રી અને બાકીના આઠ ગૌતમગોત્રી થશે. તેમના સાપત્ન ભ્રાતાઓ (બાપ એક અને મા જૂદી) બળદેવ પણ નવ હોય છે અને તેઓ શ્વેતવર્ણી હોય છે. તેમાં પ્રથમ પોતનપુર નગરમાં **ત્રિપૃષ્ટ** નામે વાસુદેવ, પ્રજાપતિ રાજા અને મૃગાવતી રાણીના પુત્ર એંસી ધનુષની કાયાવાળા થશે. શ્રેયાંસ જિનેશ્વર પૃથ્વીમાં વિચરતા હશે તે વખતે ચોરાસી લાખ વર્ષનું આયુષ્ય ભોગવી તે છેલ્લી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નરકમાં જશે. દ્વારકા નગરીમાં **બ્રહ્મ** રાજા અને પદ્મા દેવીના પુત્ર **દ્વિપૃષ્ટ** નામે બીજા વાસુદેવ થશે. તેમની સીત્તેર ધનુષની કાયા અને બહોંતેર લાખ વર્ષનું આયુષ થશે; તે વાસુપૂજ્ય જિનેશ્વરના વિહાર સમયમાં થઈને અંતે છઠ્ઠી નરકભૂમિમાં જશે. દ્વારકામાં ભદ્ર રાજા અને પૃથ્વીદેવીના પુત્ર **સ્વયંભૂ** નામે ત્રીજા વાસુદેવ સાઠ ધનુષની કાયાવાળા, સાઠ લાખ વર્ષના આયુષ્યવાળા અને વિમલપ્રભુને વંદન કરનારા થશે. તે અંતે આયુષ પૂર્ણ કરી છઠ્ઠી નરકભૂમિમાં જશે. તે જ નગરીમાં **પુરુષોત્તમ** નામે ચોથા વાસુદેવ સોમરાજા અને સીતાદેવીના પુત્ર થશે; તેમની પચાસ ધનુષની કાયા થશે. તેઓ અનંતનાથ પ્રભુના સમયમાં ત્રીશ લાખ વર્ષનું આયુષ પૂર્ણ કરી અંતે છઠ્ઠી નરકભૂમિમાં જશે. અશ્વપુર નગરમાં શિવરાજ અને અમૃતાદેવીના પુત્ર **પુરુષસિંહ** નામે પાંચમા વાસુદેવ ચાલીશ ધનુષની કાયા અને દશ લાખ વર્ષના આયુષવાળા થશે. ધર્મનાથ જિનેશ્વરના સમયમાં આયુષને પૂર્ણ કરીને તે છઠ્ઠી નરકભૂમિમાં જશે. ચક્રપુરીમાં મહાશિર રાજા અને લક્ષ્મીવતીના પુત્ર **પુરુષપુંડરીક** નામે છઠ્ઠા વાસુદેવ થશે; તેમની ઓગણત્રીશ ધનુષની કાયા અને પાંસઠ હજાર વર્ષનું આયુષ થશે. અરનાથ અને મલ્લિનાથના અંતરમાં આયુષ પૂર્ણ કરી તે છઠ્ઠી નરકમાં જશે. કાશી નગરમાં અગ્નિસિંહ રાજા અને શેષવતી રાણીના પુત્ર **દત્ત** નામે સાતમા વાસુદેવ છવીશ ધનુષની કાયા અને છપ્પન હજાર વર્ષના આયુષવાળા થશે અને તેઓ પણ અરનાથ તથા મલ્લિનાથના અંતરમાં જ આયુષ પૂર્ણ કરી પાંચમી નરકભૂમિમાં જશે. અયોધ્યા(રાજગૃહ)માં દશરથ રાજા અને સુમિત્રા રાણીના પુત્ર **લક્ષ્મણ**(નારાયણ)નામે આઠમા વાસુદેવ થશે; તેમની સોળ ધનુષની કાયા અને બાર હજાર વર્ષનું આયુષ થશે. મુનિસુવ્રત અને નમિનાથ તીર્થંકરના અંતરમાં આયુષ પૂર્ણ કરીને ચોથી નરકભૂમિમાં જશે. મથુરાનગરીમાં વસુદેવ અને દેવકીજીના પુત્ર **કૃષ્ણ** નામે નવમા વાસુદેવ દશ ધનુષની કાયા અને એક હજાર વર્ષના આયુષવાળા થશે. નેમિનાથના સમયમાં મૃત્યુ પામીને તેઓ ત્રીજી નરકભૂમિમાં જશે.

ભદ્રા નામની માતાથી **અચળ** નામે પહેલા બળદેવ* પંચાસી લાખ વર્ષના આયુષવાળા થશે. સુભદ્રા માતાથી **વિજય** નામે બીજા બળદેવ થશે, તેમનું પંચોતેર લાખ વર્ષનું આયુષ થશે. સુપ્રભા માતાથી **ભદ્ર** નામે ત્રીજા બળદેવ પાંસઠ લાખ વર્ષના આયુષવાળા થશે. સુદર્શના માતાથી **સુપ્રભ** નામે ચોથા બળદેવ પંચાવન લાખ વર્ષના આયુષવાળા થશે. વિજયા માતાથી **સુદર્શન** નામે પાંચમા બળદેવ સત્તર લાખ વર્ષના આયુષવાળા થશે. વૈજયંતી માતાથી **આનંદ** નામે છઠ્ઠા બળદેવ પંચાશી હજાર વર્ષના આયુષવાળા થશે. જયંતી માતાથી **નંદન** નામે સાતમા બળદેવ પચાસ હજાર વર્ષના આયુષવાળા થશે. અપરાજિતા (કૌશલ્યા) માતાથી **પદ્મ (રામચંદ્ર)** નામે આઠમા બળદેવ પંદર હજાર વર્ષના આયુષવાળા થશે. રોહિણી માતાથી **રામ (બળભદ્ર)** નામે નવમા બળદેવ બારશેં વર્ષના આયુષવાળા થશે. તે નવ બળદેવોમાં આઠ મોક્ષે જશે અને નવમા રામ (બળભદ્ર) નામે બળદેવ બ્રહ્મ નામે પાંચમા દેવલોકમાં જશે, અને ત્યાંથી ચ્યવી આવતી ઉત્સર્પિણીમાં આ જ ભરતક્ષેત્રમાં અવતરી, કૃષ્ણ નામના પ્રભુના તીર્થમાં

* વાસુદેવના પિતા તે જ બળદેવના પિતા જાણવા અને તેની કાયા પણ વાસુદેવની કાયા પ્રમાણે સમજવી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સિદ્ધ થશે. અશ્વગ્રીવ, તારક, મેરક, મધુ, નિષ્કુંભ, બળિ, પ્રહ્‌લાદ, રાવણ અને મગધેશ્વર (જરાસંઘ) એ નવ પ્રતિવાસુદેવ થશે. તેઓ ચક્રથી પ્રહાર કરનારા એટલે ચક્રના શસ્ત્રવાળા હોય છે. તેમને[1] તેમના જ ચક્રથી વાસુદેવો મારી નાંખે છે.'

એ પ્રમાણે સાંભળીને અને ભવ્ય જીવોથી વ્યાપ્ત એવી સભા જોઈને હર્ષ પામેલા ભરતપતિએ પ્રભુને પૂછયું-'હે જગત્પતિ ! જાણે ત્રણ જગત એકત્ર થયાં હોય એવી આ તિર્યંચ, નર અને દેવમય સભામાં કોઈ તેવો પુરુષ છે કે જે આપ ભગવાનની પેઠે તીર્થને પ્રવર્ત્તાવી આ ભરતક્ષેત્રને પવિત્ર કરશે ?'

પ્રભુએ કહ્યું-'આ તમારો **મરીચિ** નામનો પુત્ર જે પહેલો પરિવ્રાજક (ત્રિદંડી) થયેલો છે તે આર્ત્ત અને રૌદ્રધ્યાનથી રહિત થઈ, સમકિતથી શોભિત થઇ, ચતુર્વિધ ધર્મધ્યાનનું એકાંતમાં ધ્યાન કરીને રહેલા છે, તેનો જીવ કાદવથી રેશમી વસ્ત્રની જેમ અને નિઃશ્વાસથી દર્પણની જેમ અદ્યાપિ કર્મથી મલિન છે; પરંતુ અગ્નિથી શુદ્ધ થયેલા વસ્ત્રની તથા જાતિવંત સુવર્ણની જેમ તે શુકલધ્યાનરૂપી અગ્નિના સંયોગથી અનુક્રમે શુદ્ધિને પામશે. પ્રથમ તો આ ભરતક્ષેત્રમાં પોતનપુર નામના નગરમાં **ત્રિપૃષ્ટ** નામે પ્રથમ વાસુદેવ થશે. અનુક્રમે પશ્ચિમ મહાવિદેહમાં ધનંજય અને ધારણી નામના દંપતીનો પુત્ર **પ્રિયમિત્ર** નામે ચક્રવર્ત્તી થશે. પછી ઘણો કાળ સંસાર ભમીને આ જ ભરતક્ષેત્રમાં **મહાવીર** નામે ચોવીશમા તીર્થંકર થશે.

એ પ્રમાણે સાંભળી સ્વામીની આજ્ઞા લઇ ભરતરાજા ભગવંતની જેમ મરીચિને વાંદવાને ગયા. ત્યાં જઈ વંદન કરતાં ભરતે તેમને કહ્યું-'તમે ત્રિપૃષ્ટ નામે પ્રથમ વાસુદેવ થશો અને મહાવિદેહ ક્ષેત્રમાં પ્રિયમિત્ર નામે ચક્રવર્તી થશો, તે તમારા વાસુદેવપણાને તથા ચક્રીપણાને હું વાંદતો નથી તેમજ આ તમારા પરિવ્રાજકપણાને હું વાંદતો નથી; પણ તમે ચોવીશમા તીર્થંકર થશો તેથી હું તમને વાંદુ છું.' એમ કહી મસ્તકે અંજલિ જોડી, ત્રણ પ્રદક્ષિણા કરી ભરતેશ્વરે મરીચિને વંદના કરી. પછી પુનઃ જગત્પતિને નમી, સર્પરાજ જેમ ભોગવતીમાં જાય તેમ ભરતરાય અયોધ્યા નગરીમાં ગયા.

ભરતેશ્વરના ગયા પછી તેમની વાણીથી હર્ષ પામેલા મરીચિએ ત્રણ વાર પોતાના કરનો આસ્ફોટ કરી, અધિક હર્ષ પામી આ પ્રમાણે બોલવાનો આરંભ કર્યો-'અહો ! હું સર્વ વાસુદેવોમાં પ્રથમ વાસુદેવ થઈશ, વિદેહમાં ચક્રવર્ત્તી થઈશ અને છેલ્લો તીર્થંકર થઈશ; તેથી મારે સર્વ પૂર્ણ થયું. સર્વ અર્હંતમાં આદ્ય મારા પિતામહ છે, સર્વ ચક્રીમાં આદ્ય મારા પિતા છે અને સર્વ વાસુદેવમાં આદ્ય હું થઇશ, તેથી અહો ! મારું કુળ શ્રેષ્ઠ છે, હસ્તી-વૃંદમાં જેમ ઐરાવત હાથી શ્રેષ્ઠ છે, તેમ ત્રૈલોકયમાં સર્વ કુળમાં મારું કુળ શ્રેષ્ઠ છે. સર્વ ગ્રહોમાં જેમ સૂર્ય, તારામાં જેમ ચંદ્ર, તેમ સર્વ કુળોમાં મારું એક કુળ જ પ્રકૃષ્ટ છે.' કરોળીઓ પોતાની લાળવડે પડ બાંધે અને જેમ તેમાં પોતે જ બંધાય, તેમ મરીચિએ આવી રીતે કુળમદ કરવાથી નીચ ગોત્ર બાંધ્યું.

પુંડરીક વિગેરે ગણધરોથી પરવરેલા ઋષભસ્વામી વિહારના મિષથી પૃથ્વીને પવિત્ર કરતા ત્યાંથી ચાલી નીકળ્યા. કોશલ દેશના લોકોને પુત્રની જેમ કૃપાથી ધર્મમાં કુશળ

---

૧ પ્રતિવાસુદેવ નરકે જનાર જ હોય છે.



જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

**કરતા, જાણે** પરિચયવાળા હોય તેમ **મગધ** દેશના લોકોને તપમાં પ્રવીણ કરતા, કમલના કોશને સૂર્ય જેમ વિકસ્વર કરે તેમ **કાશી** દેશના લોકોને પ્રબોધ કરતા, સમુદ્રને ચંદ્રની જેમ **દશાર્ણ** દેશને આનંદ આપતા, મૂર્છા પામેલાને સાવધાન કરતા હોય તેમ **ચેદી** દેશને સચેત(જ્ઞાનવાળો)કરતા, મોટા વત્સો(બળદો)ની જેમ **માળવ** દેશની પાસે ધર્મધુરાને વહન કરાવતા, દેવતાઓની જેમ **ગુર્જર** દેશને પાપરહિત આશયવાળો કરતા અને વૈદ્યની જેમ સૌરાષ્ટ્રદેશવાસીને પટુ(સાવધાન) કરતા મહાત્મા ઋષભદેવ શત્રુંજય પર્વતે આવ્યા.

કેટલાક રૌપ્યમાન શિખરોથી જાણે વિદેશે આવેલો વૈતાઢ્ય પર્વત હોય, કેટલાક સુવર્ણના શિખરોથી જાણે મેરુનાં શિખર ત્યાં આવેલા હોય, રત્નની ખાણોથી જાણે રોહિણાચળ હોય અને ઔષધિસમૂહથી જાણે બીજા સ્થાનમાં આવી રહેલો હિમાદ્રિ હોય તેવો એ પર્વત જણાતો હતો, આસક્ત થતાં વાદળાંથી જાણે તેણે વસ્ત્રો ધર્યાં હોય અને નિર્ઝરણાના જળથી જાણે તેના સ્કંધ ઉપર અધોવસ્ત્ર લટકતા હોય તેવો તે શોભતો હતો. દિવસે નજીક આવેલા સૂર્યથી જાણે તેણે ઊંચો મુગટ ધારણ કર્યો હોય અને રાત્રે નજીક રહેલા ચંદ્રથી જાણે ચંદનરસનું તેણે તિલક કર્યું હોય એવું જણાતું હતું. ગગનને રોધ કરનારા શિખરોથી જાણે તેને અનેક મસ્તકો હોય અને તાડનાં વૃક્ષોથી જાણે તે અનેક ભુજાદંડવાળો હોય તેવો જણાતો હતો. ત્યાં નાળીએરીના વનમાં તેના પાકવાથી પીળી થયેલી લુંબોમાં પોતાનાં બચ્ચાંના ભ્રમથી વાંદરાઓનાં ટોળાં દોડાદોડ કરતાં હતાં અને આમ્રફળને ચુંટવામાં આસક્ત થએલી સૌરાષ્ટ્ર દેશની સ્ત્રીઓના મધુર ગાયનને મૃગલાઓ ઊંચા કાન કરી સાંભળતા હતા. તેની ઉપલી ભૂમિ ઊંચી સળીઓના મિષથી જાણે પળી આવ્યા હોય તેવા કેતકીનાં જીર્ણ વૃક્ષોથી છવાઈ રહી હતી. દરેક સ્થાને શ્રીખંડ વૃક્ષના રસની જેમ પાંડુવર્ણી થયેલા સિંદુવારનાં વૃક્ષોથી જાણે સર્વાંગે તેણે માંગલિક તિલકાવળી કરી હોય તેવો તે પર્વત જણાતો હતો. ત્યાં શાખાઓમાં રહેલા વાંદરાઓનાં પુંછડાંથી આંબલીનાં વૃક્ષો પીપળા અને વડનાં વૃક્ષોનો દેખાવ આપતા હતા. પોતાની અદ્ભુત વિશાલ લતાની સંપત્તિથી જાણે હર્ષ પામ્યા હોય તેવા નિરંતર ફળતા પનસ વૃક્ષોથી તે પર્વત શોભતો હતો. અમાવાસ્યાની રાત્રિના અંધકારની જેવા શ્લેષ્માંતક વૃક્ષોથી જાણે અંજનાચલની ચૂલિકાઓ ત્યાં આવેલ હોય તેવું જણાતું હતું. પોપટની ચાંચ જેવા રાતાં પુષ્પોવાળાં કેસુડાનાં વૃક્ષોની કુંકુમનાં તિલકોવાળા મોટા હાથીની જેવો તે શોભતો હતો. કોઈ ઠેકાણે દ્રાક્ષનો દારૂ, કોઇ ઠેકાણે ખજુરનો દારૂ અને કોઈ ઠેકાણે તાડીના દારૂને પાન કરતી ભિલ્લ લોકોની સ્ત્રીઓ તે પર્વત ઉપર પાનગોષ્ટિ બાંધતી હતી. સૂર્યનાં અસ્ખલિત કિરણરૂપી બાણથી પણ અભેદ્ય એવા તાંબુલી લતાના મંડપોથી જાણે તેણે કવચ ધારણ કર્યું હોય તેવું જણાતું હતું. ત્યાં લીલા દુર્વાંકુરના સ્વાદથી હર્ષ પામેલાં મૃગનાં ટોળાં મોટાં વૃક્ષો નીચે બેસી વાગોળતાં હતાં. જાણે જાતિવંત વૈડુર્યમણિ હોય તેવા આમ્રફળના સ્વાદમાં જેની ચાંચ મગ્ન થયેલી છે એવા શુક પક્ષીઓથી તે પર્વત મનોહર લાગતો હતો. કેતકી, ચંબેલી, અશોક, કદંબ અને બોરસલીનાં વૃક્ષોમાંથી પવને ઉડાડેલા પરાગવડે તેની શિલાઓ રજોમય થઈ હતી અને પાંથલોકોએ ફોડેલા નાળીએરના જળથી તેની ઉપલી ભૂમિના તળીઆં પંકિલ થયાં હતાં. ભદ્રશાલ વિગેરે વનમાંહેનું કોઈ એક વન ત્યાં લાવ્યા હોય તેમ વિશાળતાથી શોભતા અનેક વૃક્ષોવાળા વનથી તે પર્વત સુંદર લાગતો હતો. મૂળમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પચાસ યોજન, શિખરમાં દશ યોજન અને ઊંચાઈમાં આઠ યોજન એવા તે શત્રુંજય ગિરિ ઉપર ભગવાન ઋષભદેવજી આરૂઢ થયા.

ત્યાં દેવતાઓએ તત્કાળ બનાવેલા સમવસરણમાં સર્વહિતકારી પ્રભુ બેઠા અને દેશના આપવા લાગ્યા. ગંભીર ગિરાથી દેશના આપતા પ્રભુની પાછળ જાણે તે ગિરિ પોતાની ગુફામાંથી થએલા પ્રતિશબ્દોથી બોલતો હોય એવું જણાતું હતું, ચોમાસાની આખરે મેઘ જેમ વૃષ્ટિથી વિરામ પામે તેમ પ્રથમ પૌરસી પૂરી થયા પછી પ્રભુ દેશનાથી વિરામ પામ્યા અને ત્યાંથી ઊઠીને મધ્ય ગઢના મંડપમાં રહેલા દેવનિર્મિત દેવચ્છંદ ઉપર જઈને બેઠા. પછી મંડળિક રાજાની પાસે જેમ યુવરાજ બેસે, તેમ સર્વ ગણધરોમાં મુખ્ય **શ્રીપુંડરીક** ગણધર સ્વામીના મૂળ સિંહાસનની નીચેના પાદપીઠ ઉપર બેઠા અને પૂર્વવત્ સર્વ સભા બેઠી એટલે ભગવાનની પ્રમાણે તેઓ ધર્મદેશના આપવા લાગ્યા. પ્રાતઃકાળે જેમ પવન ઝાકળરૂપ અમૃતનું સિંચન કરે, તેમ બીજી પૌરસી પૂરી થતાં સુધી એ મહાત્મા ગણધરે દેશના આપી. પ્રાણીઓના ઉપકારને માટે એવી રીતે ધર્મદેશના આપતા પ્રભુ અષ્ટાપદ પર્વત ઉપર રહ્યા હતા તેમ કેટલોક કાળ ત્યાં જ રહ્યા, એકદા બીજે વિહાર કરવાની ઇચ્છાથી જગદ્ગુરુએ ગણધરમાં પુંડરીક સમાન પુંડરીક ગણધરને આજ્ઞા કરી 'હે મહામુનિ! અમે અહીંથી બીજે વિહાર કરશું અને તમે કોટિ મુનિ સાથે અહીં જ રહો. આ ક્ષેત્રના પ્રભાવથી પરિવાર-સહિત તમને થોડા કાળમાં કેવળજ્ઞાન ઉત્પન્ન થશે અને શૈલેશી ધ્યાનને કરતા તમે પરિવાર સહિત આ જ પર્વત ઉપર મોક્ષ પ્રાપ્ત કરશો.' પ્રભુની એ આજ્ઞા અંગીકાર કરીને પ્રણામ કરી પુંડરીક ગણધર કોટિ મુનિ સાથે ત્યાં જ રહ્યા. જેમ ઉદ્વેલ સમુદ્ર કિનારાના ખાડાઓમાં રત્નસમૂહને મૂકી ચાલ્યો જાય, તેમ તેઓને ત્યાં મૂકી મહાત્મા પ્રભુએ પરિવાર સહિત બીજે વિહાર કર્યો. ઉદયાચલ પર્વત ઉપર નક્ષત્રોની સાથે ચંદ્ર રહે તેમ બીજા મુનિઓની સાથે પુંડરીક ગણધર એ પર્વત ઉપર રહ્યા. પછી પરમ સંવેગવાળા તેઓ પ્રભુના જેવી મધુર વાણીથી બીજા શ્રમણો પ્રત્યે આ પ્રમાણે કહેવા લાગ્યા.

'હે મુનિઓ! જયની ઇચ્છાવાળાઓને સીમાડાની ભૂમિને સાધનાર કિલ્લાની જેમ મોક્ષની ઇચ્છાવાળાઓને આ પર્વત ક્ષેત્રના પ્રભાવથી સિદ્ધિને આપનારો છે; તો હવે આપણે મુક્તિના બીજા સાધનરૂપ સંલેખના કરવી જોઇએ. તે સંલેખના દ્રવ્યથી અને ભાવથી એમ બે પ્રકારની છે. સાધુઓએ સર્વ પ્રકારના ઉન્માદ અને મહારોગના નિદાનનું શોષણ કરવું તે દ્રવ્યસંલેખના કહેવાય છે અને રાગ, દ્વેષ, મોહ તથા સર્વ કષાયરૂપ સ્વાભાવિક શત્રુઓનો વિચ્છેદ કરવો તે ભાવસંલેખના કહેવાય છે.' એ પ્રમાણે કહીને પુંડરીક ગણધરે કોટિ શ્રમણોની સાથે પ્રથમ સર્વ પ્રકારના સૂક્ષ્મ અને બાદર અતિચારની આલોચના કરી અને પછી અતિ શુદ્ધિને માટે ફરીથી મહાવ્રતનું આરોપણ કર્યું; **કારણ કે વસ્ત્રને બે ત્રણ વખત ધોવું તે જેમ વિશેષ નિર્મળતાનું કારણ છે, તેમ અતિચારથી વિશેષ રીતે શુદ્ધ થવું તે વિશેષ નિર્મળતાનું કારણ છે.** પછી 'સર્વ જીવો મને ક્ષમા કરો, હું સર્વના અપરાધ ખમું છું, મારે સર્વ પ્રાણીઓની સાથે મૈત્રી છે, કોઈની સાથે મારે વૈર નથી. એવી રીતે કહીને આગાર રહિત અને દુષ્કર એવું ભવચરિમ અનશન વ્રત તેમણે સર્વ શ્રમણોની સાથે ગ્રહણ કર્યું. ક્ષપકશ્રેણીમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આરૂઢ થયેલા ને પરાક્રમી પુંડરીક ગણધરના સર્વ ઘાતિકર્મો જીર્ણ દોરડાની જેમ ચોતરફથી ક્ષય થઈ ગયાં. બીજા સર્વ સાધુઓનાં ઘાતિકર્મ પણ તત્કાળ ક્ષય થઈ ગયાં; કારણ કે **તપ સર્વને સાધારણ છે.** એક માસની સંલેખનાને અંતે ચૈત્ર માસની પૂર્ણિમાને દિવસે પ્રથમ પુંડરીક ગણધરને અને પછી બીજા સર્વ સાધુઓને કેવળજ્ઞાન થયું. શુક્લધ્યાનને ચોથે પાયે સ્થિત થયેલા તે અયોગીઓ બાકી રહેલા અઘાતિકર્મનો ક્ષય કરી મોક્ષપદને પામ્યા. તે વખતે દેવતાઓએ સ્વર્ગમાંથી આવીને મરુદેવીની જેમ ભક્તિથી તેમના મોક્ષગમનનો ઉત્સવ કર્યો. ભગવાન ઋષભસ્વામી જેમ પ્રથમ તીર્થંકર થયા તેમ એ પર્વત પણ ત્યારથી પ્રથમ તીર્થરૂપ થયો. એક સાધુ સિદ્ધ થાય તે સ્થાન પણ પવિત્ર તીર્થ કહેવાય છે, તો જ્યાં સંખ્યાબંધ મહર્ષિઓ સિદ્ધ થયા હોય તેની પવિત્રતાની ઉત્કૃષ્ટતા વિષે શું કહેવું ?

એ શત્રુંજયગિરિ ઉપર ભરત રાજાએ મેરુપર્વતની ચૂલિકાની સ્પર્ધા કરનારું રત્નશિલામય એક ચૈત્ય કરાવ્યું અને અંતઃકરણની મધ્યમાં ચેતનની જેમ તેની મધ્યે પુંડરીકજીની પ્રતિમા સહિત ભગવંત ઋષભસ્વામીની પ્રતિમા સ્થાપન કરી.

ભગવાન્ ઋષભદેવજી જુદા જુદા દેશમાં વિહાર કરીને, ચક્ષુદાનથી અંધની જેમ ભવી પ્રાણીઓ પર બોધિબીજ(સમકિત)ના દાનથી અનુગ્રહ કરતા હતા, કેવળજ્ઞાન થયું ત્યારથી માંડીને પ્રભુને પરિવારમાં ચોરાશી હજાર સાધુઓ, ત્રણ લાખ સાધ્વીઓ, ત્રણ લાખ ને પચાસ હજાર શ્રાવકો, પાંચ લાખ ને ચોપન હજાર શ્રાવિકાઓ, ચાર હજાર સાતશેં ને પચાસ ચૌદપૂર્વી, નવ હજાર અવધિજ્ઞાની, વીશ હજાર કેવળજ્ઞાની અને છશે વૈક્રિયલબ્ધિવાળા, બાર હજારને સાડા છશેં મનઃપર્યવજ્ઞાની, તેટલા જ વાદીઓ અને બાવીશ હજાર અનુત્તર વિમાનવાસી મહાત્માઓ થયા. વ્યવહારમાં જેમ પ્રજાનું સ્થાપન કર્યું હતું તેમ આદિ તીર્થંકરે ધર્મમાર્ગમાં એ પ્રમાણે ચતુર્વિધ સંઘને સ્થાપન કર્યો. દીક્ષા સમયથી લક્ષ પૂર્વ ગયા તે સમયે પોતાનો મોક્ષકાળ નજીક જાણી એ મહાત્મા પ્રભુ અષ્ટાપદ તરફ પધાર્યા. તે પર્વતની નજીક આવેલા પ્રભુ પરિવાર સહિત મોક્ષરૂપી મહેલના પગથીઆ જેવા તે પર્વત ઉપર ચડ્યા. ત્યાં દશ હજાર મુનિઓની સાથે ભગવંતે ચતુર્દશ તપ (છ ઉપવાસ) કરીને પાદપોપગમન અનશન કર્યું.

વિશ્વપતિ પ્રભુને આવી રીતે રહેલા જાણીને પર્વતપાલકોએ તે વૃત્તાંત તરત જ ભરત રાજાને નિવેદન કર્યો. પ્રભુએ ચતુર્વિધ આહારનું પ્રત્યાખ્યાન કર્યાનું સાંભળીને જાણે અંતઃકરણમાં શલ્ય પેઠું હોય તેમ ભરતરાજા શોકથી પીડિત થયા અને વૃક્ષ જેમ જળબિંદુને મૂકે તેમ ઘણા શોકરૂપી અગ્નિથી પીડિત થયેલા તેઓ અશ્રુજળ છોડવા લાગ્યા. પછી દુર્વાર દુઃખથી પીડિત થયેલા તેઓ અંતઃપુરપરિવાર સહિત પાદચારીપણે અષ્ટાપદ તરફ ચાલ્યા. રસ્તે કઠોર કાંકરાને પણ તેણે ગણ્યા નહીં; કારણ કે **હર્ષની જેમ શોકથી પણ વેદના જણાતી નથી.** કાંકરાથી દબાયેલા તેમના ચરણમાંથી રુધિરની ધારા વહેવા લાગી, તેથી જાણે અળતાના ચિહ્નવાળી હોય તેવી તેના ચરણનાં પગલાંની પદ્ધતિ પડતી ગઇ. પર્વત ઉપર ચડવામાં એક ક્ષણવાર પણ ગતિમાં વિઘ્ન ન થાઓ એમ ધારી તેઓ સામા આવેલા લોકોને પણ ગણતા નહોતા. તેના માથા ઉપર છત્ર હતું, તો પણ તે ઘણા તપ્ત થઇને ચાલતા હતા; કારણ કે **મનનો તાપ અમૃતવૃષ્ટિથી પણ શાંત થતો નથી.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શોકમાં ગ્રસ્ત થયેલા ચક્રી હાથનો ટેકો આપનારા સેવકોને પણ માર્ગમાં આડાં આવેલાં વૃક્ષોની શાખાના પ્રાંત ભાગની જેમ દૂર કરતા હતા. સરિતાના વિસ્તારમાં ચાલતું નાવ જેમ તીરનાં વૃક્ષોને પાછળ કરે તેમ આગળ ચાલતા છડીદારોને તેઓ વેગથી પાછળ કરતા હતા. ચિત્તના વેગની જેમ ચાલવામાં ઉત્સુક એવા તેઓ પગલે પગલે સ્ખલના પામતી ચામરધારિણીની રાહ પણ જોતા ન હતા. વેગપૂર્વક ચાલવાથી ઉછળી ઉછળીને છાતી ઉપર અથડાવાને લીધે ત્રુટી ગયેલા મોતીના હારને પણ તેઓ જાણુતા નહોતા. પ્રભુના ધ્યાનમાં તેમનું મન હોવાથી તેઓ પાસે રહેલા ગિરિપાળકોને ફરીફરીને પ્રભુની વાર્ત્તા પૂછવા માટે છડીદારદ્વારા બોલાવતા હતા. ધ્યાનમાં રહેલા યોગીની જેમ તે રાજા બીજું કાંઈ જોતા નહોતા અને કોઈનું વચન સાંભળતા નહોતા. ફક્ત પ્રભુનું જ ધ્યાન કરતા હતા. વેગવડે માર્ગને જાણે ટૂંકો-નાનો કર્યો હોય તેમ પવનની જેમ ક્ષણવારમાં તેઓ અષ્ટાપદ નજીક આવી પહોંચ્યા. સાધારણ માણુસની જેમ પાદચારી છતાં પરિશ્રમને ન જાણનારા ચક્રી અષ્ટાપદ ઉપર ચડ્યા. શોક તેમજ હર્ષથી આકુલ થયેલા તેમણે પર્યંકાસને બેઠેલા જગત્પતિને જોયા. પ્રભુને પ્રદક્ષિણા દઈ, વંદન કરી, દેહની છાયાની જેમ પડખે બેસી ચક્રવર્ત્તી ઉપાસના કરવા લાગ્યા.

'પ્રભુનો આવો પ્રભાવ વર્ત્તતાં છતાં ઇંદ્રો આપણી ઉપર કેમ બેસી રહ્યા છે ?' એમ જાણીને હોય તેમ તે સમયે ઇંદ્રનાં આસનો ચલાયમાન થયાં. અવધિજ્ઞાને આસન-કંપનું કારણ જાણી ચોસઠે ઇંદ્રો તે વખતે પ્રભુની પાસે આવ્યા. જગત્પતિને પ્રદક્ષિણા કરી, વિષાદ પામી જાણે આળેખી લીધા હોય તેમ ભગવંતની પાસે તેઓ બેઠા.

આ અવસર્પિણીના ત્રીજા આરાના નેવાશી પક્ષ બાકી રહ્યા હતા ત્યારે માઘ માસની કૃષ્ણ ત્રયોદશીના પૂર્વાન્હે, અભિચિ નક્ષત્રમાં ચંદ્રનો યોગ આવ્યો હતો તેવે સમયે પર્યંકાસને બેઠેલા તે મહાત્મા પ્રભુએ બાદર કાયયોગમાં રહી બાદર મનયોગ અને બાદર વચનયોગને રૂંધી દીધા. પછી સૂક્ષ્મ કાયયોગનો આશ્રય કરી બાદર કાયયોગ, સૂક્ષ્મ મન-યોગ તથા સૂક્ષ્મ વચનયોગને રૂંધ્યા. છેવટે સૂક્ષ્મ કાયયોગનો પણ અસ્ત કરીને સૂક્ષ્મક્રિય નામના શુક્લધ્યાનના ત્રીજા પાયાના અંત પ્રત્યે પ્રાપ્ત થયા. તે પછી ઉચ્છિન્નક્રિય નામનો શુકલધ્યાનનો ચોથો પાયો, જેનો પાંચ હ્રસ્વાક્ષરના ઉચ્ચાર જેટલો જ માત્ર કાળ છે તેનો આશ્રય કર્યો. પછી કેવળજ્ઞાની, કેવળદર્શની, સર્વ દુઃખથી રહિત, અષ્ટકર્મ ક્ષીણ કરી સર્વ અર્થને નિષ્ઠિત (સિદ્ધ) કરનાર, અનંત વીર્ય, અનંત સુખ અને અનંત ઋદ્ધિવંત-પ્રભુ બંધના અભાવથી એરંડફળનાં બીજની જેમ ઊર્ધ્વગતિવાળા થઈને સ્વભાવથી સરલ એવા માર્ગવડે લોકાગ્રને પ્રાપ્ત થયા. દશ હજાર શ્રમણોને પણ અનશનવ્રત લઇ ક્ષપકશ્રેણીમાં આરૂઢ થતાં કેવળજ્ઞાન ઉત્પન્ન થયું અને મન, વચન, કાયાના યોગને સર્વ પ્રકારે રૂંધી તેઓ પણ સ્વામીની જેમ તત્કાળ પરમપદને પામ્યા.

પ્રભુના નિર્વાણ કલ્યાણક સમયે સુખના લેશને પણ નહીં જોનારા નારકીઓનો પણ દુઃખાગ્નિ ક્ષણવાર શાંત થયો. તે સમયે મહાશોકથી આક્રાંત થયેલા ચક્રવર્ત્તી વજ્રથી પર્વતની જેમ તત્કાળ મૂર્ચ્છિત થઇ પૃથ્વી ઉપર પડ્યા. ભગવંતના વિરહનું મોટું દુઃખ આવી પડ્યું, પરંતુ તે સમયે દુઃખ શિથિલ થવામાં કારણરૂપ રૂદનને કોઇ જાણતું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નહોતું; તેથી ચક્રીને એ જણાવવા માટે તથા તેના હૃદયનો ખુલાસો થવા માટે ઈંદ્રે ચક્રીની પાસે બેસી મોટો પોકાર કરી રૂદન કર્યું. ઈંદ્રની પછવાડે સર્વ દેવતાઓએ પણ રૂદન કર્યું, કારણ કે **તુલ્ય દુઃખવાળા પ્રાણીઓની સરખી જ ચેષ્ટા થાય છે.** એ સર્વનું રુદન સાંભળી, સંજ્ઞા પામી ચક્રીએ પણ જાણે બ્રહ્માંડને ફોડી નાંખતા હોય તેવા ઉચ્ચ સ્વરે આક્રંદ કર્યું. મોટા પ્રવાહના વેગથી જેમ પાળનો બંધ ત્રુટી જાય, તેમ એવા રુદનથી મહારાજાની મોટી શોકગ્રંથી પણ ત્રુટી ગઈ. તે સમયે દેવ, અસુર અને મનુષ્યોના રુદનથી જાણે ત્રણ લોકમાં કરુણારસ એક છત્રવાળો (રાજા) થયો હોય તેમ જણાવા લાગ્યું. ત્યારથી માંડીને જગતમાં પ્રાણીઓને શોકસંભવ સમયે શોકશલ્યને વિશલ્ય કરનાર રુદનનો પ્રચાર પ્રવર્ત્યો. ભરતરાજા સ્વાભાવિક ધૈર્યને પણ છોડી દઇ, દુઃખિત થઇ તિર્યંચોને પણ રોવરાવતા આ પ્રમાણે વિલાપ કરવા લાગ્યા–'હે તાત ! હે જગતબંધુ ! હે કૃપાસાગર ! અમને અજ્ઞને આ સંસાર અરણ્યમાં કેમ છોડી દ્યો છો ? દીપક સિવાય જેમ અંધકારમાં રહી ન શકાય તેમ કેવળજ્ઞાનથી સર્વત્ર પ્રકાશ કરનારા તમારા સિવાય અમે આ સંસારમાં કેમ રહી શકીશું ? હે પરમેશ્વર ! છદ્મસ્થ પ્રાણીની જેમ તમે મૌન કેમ અંગીકાર કર્યું છે ? મૌનનો ત્યાગ કરીને દેશના દ્યો. હવે દેશના આપી મનુષ્યો પર શું અનુગ્રહ નહીં કરો ? હે ભગવાન્ ! તમે લોકાગ્રમાં જાઓ છો તેથી બોલતા નથી, પણ મને દુઃખી જાણીને આ મારા બંધુઓ પણ મને કેમ બોલાવતા નથી ? પણ અહો ! મેં જાણ્યું કે તેઓ તો સ્વામીના જ અનુગામી છે તો સ્વામી ન બોલે ત્યારે તેઓ પણ કેમ બોલે ? અહો ! આપણા કુળમાં મારા સિવાય બીજો કોઈ આપનો અનુગામી નથી થયો એવો નથી. ત્રણ જગતનું રક્ષણ કરનારા આપ, બાહુબલિ વિગેરે મારા નાના ભાઈઓ, બ્રાહ્મી અને સુંદરી બહેનો, પુંડરીકાદિક મારા પુત્રો, શ્રેયાંસ વિગેરે પૌત્રો–એ સર્વ કર્મરૂપી શત્રુને હણી લોકાગ્રમાં ગયા, તે છતાં હું અદ્યાપિ જીવિતને પ્રિય માનતો જીવું છું.'

આવા શોકથી નિર્વેદ પામેલા ચક્રીને, જાણે મરવાને ઈચ્છતા હોય તેવા જોઈને ઈંદ્રે બોધ આપવાનો આરંભ કર્યો–"હે મહાસત્વ ભરત ! આપણા આ સ્વામી પોતે સંસારસમુદ્ર તરી ગયા છે અને બીજાઓને તેમણે તાર્યા છે. કિનારાવડે મહાનદીની જેમ એમણે પ્રવર્ત્તાવેલા શાસનવડે સંસારી પ્રાણીઓ સંસારસમુદ્ર તરશે. એ પ્રભુ પોતે કૃતકૃત્ય થયેલા છે અને બીજા લોકોને કૃતાર્થ કરવાને લક્ષ પૂર્વ પર્યંત દીક્ષાવસ્થામાં રહેલા છે. હે રાજા ! સર્વ લોકનો અનુગ્રહ કરીને મોક્ષસ્થાનમાં ગયેલા એ જગત્પતિનો શામાટે તમે શોક કરો છો ? જેઓ મૃત્યુ પામીને મહાદુઃખના ગૃહરૂપ ચોરાશી લક્ષ યોનિમાં અનેક વખત સંચરે છે તેમનો શોક કરવો ઘટે, પણ મૃત્યુ પામી મોક્ષસ્થાનમાં જનારનો શોક ન ઘટે; માટે હે રાજા ! સાધારણ માણસની જેમ પ્રભુનો શોક કરતાં કેમ લજ્જા પામતા નથી ? શોક કરનારા તમને અને શોચનીય પ્રભુને બંનેને માટે શોક ઉચિત નથી. જે એક વખત પણ પ્રભુની ધર્મદેશના સાંભળે છે તે શોક અને હર્ષથી જીતાતો નથી, તો તમે બહુવાર દેશના સાંભળ્યા છતાં કેમ જીતાઓ છો ? મોટા સમુદ્રને જેમ ક્ષોભ, મેરુપર્વતને કંપ, પૃથ્વીને ઉદ્વર્ત્તન, વજ્રને કુંઠત્વ, અમૃતને વિરસતા અને ચંદ્રને જેમ ઉષ્ણતા–એ અસંભવિત છે તેમ તમારે રુદન કરવું તે પણ અસંભવિત છે. હે ધરાધિપતિ ! તમે ધીરા થાઓ અને તમારા આત્માને જાણો, કેમકે તમે ત્રણ જગતના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રભુ અને એક ધીર એવા ભગવંતના પુત્ર છો.” એવી રીતે ગોત્રના વૃદ્ધ જનની જેમ ઇંદ્રે પ્રબોધ કરેલા ભરતરાજાએ જળ જેમ શીતળતાને ધારણ કરે તેમ પોતાનું સ્વાભાવિક ધૈર્ય ધારણ કર્યું.

પછી ઇંદ્રે તત્કાળ પ્રભુના અંગના સંસ્કારને માટે ઉપસ્કર લાવવાને આભિયોગિક દેવતાને આજ્ઞા કરી, એટલે તેઓ નંદન વનમાંથી ગોશીર્ષ ચંદનના કાષ્ઠો લઇ આવ્યા. ઇંદ્રના આદેશથી દેવતાઓએ ગોશીર્ષ ચંદનના કાષ્ઠથી પૂર્વ દિશામાં પ્રભુના દેહને માટે એક ગોળાકાર ચીતા રચી; ઇક્ષ્વાકુ કુળમાં જન્મેલા મહર્ષિઓને માટે દક્ષિણ દિશામાં બીજી ત્રિકોણાકાર ચીતા રચી; અને બીજા સાધુઓને માટે પશ્ચિમ દિશામાં ત્રીજી ચોરસ ચિતા રચી. પછી જાણે પુષ્કરાવર્ત્ત મેઘ હોય તેવા દેવતાઓની પાસે ઇંદ્રે સત્વર ક્ષીરસમુદ્રનું જળ મંગાવ્યું. તે જળવડે ભગવંતના શરીરને સ્નાન કરાવ્યું અને તેની ઉપર ગોશીર્ષ ચંદનના રસથી વિલેપન કર્યું. પછી હંસ લક્ષણવાળા (શ્વેત) દેવદૂષ્ય વસ્ત્રથી પરમેશ્વરના શરીરને આચ્છાદન કર્યું અને દિવ્ય માણેકના આભૂષણોથી દેવાગ્રણી ઇંદ્રે તેને ચોતરફથી વિભૂષિત કર્યું. બીજા દેવતાઓએ મુનિનાં શરીરોની ઇંદ્રની જેમ ભક્તિથી સ્નાનાદિક સર્વ ક્રિયા કરી. પછી દેવતાઓ જાણે જુદા જુદા લાવ્યા હોય તેવા ત્રણ જગતના સારસાર રત્નોથી સહસ્ર પુરુષોએ વહન કરવા યોગ્ય ત્રણ શિબિકાઓ તૈયાર કરી. ઇંદ્રે પ્રભુના ચરણને પ્રણામ કરી, સ્વામીના શરીરને મસ્તકે ઉપાડી શિબિકામાં આરૂઢ કર્યું, બીજા દેવોએ મોક્ષમાર્ગના અતિથિ એવા ઇક્ષ્વાકુ વંશના મુનિઓનાં શરીરને મસ્તક ઉપર ઉપાડી બીજી શિબિકામાં અને બીજા સર્વ સાધુઓનાં શરીરોને ત્રીજી શિબિકામાં સ્થાપન કર્યાં. પ્રભુના શરીરવાળી શિબિકાને ઇંદ્રે પોતે વહન કરી અને બીજા મુનિઓની શિબિકાઓને દેવતાઓએ ઉપાડી. તે વખતે અપ્સરાઓ એક તરફ તાલબંધ રાસડા લેતી હતી અને એક તરફથી મધુર સ્વરથી ગાયન કરતી હતી. શિબિકાની આગળ દેવતાઓ ધૂપીઆ લઈને ચાલતા હતા. ધૂપીઆના ધૂમાડાના મિષથી જાણે તેઓ શોકથી અશ્રુપાત કરતા હોય તેવા જણાતા હતા. કોઇ દેવતાઓ શિબિકા ઉપર પુષ્પો નાંખતા હતા; કોઇ શેષા તરીકે તે પુષ્પોને ગ્રહણ કરતા હતા; કોઈ આગળ દેવદૂષ્ય વસ્ત્રોના તોરણ કરતા હતા; કોઇ યક્ષકર્દમથી આગળ છંટકાવ કરતા હતા; કોઈ ગોફણથી ફેંકેલા પાષાણની જેમ શિબિકા આગળ આળોટતા હતા અને કોઈ જાણે મોહ ચૂર્ણ (માજમ)થી હણાયા હોય તેમ પાછળ દોડતા હતા. કોઈ ‘હે નાથ ! હે નાથ !’ એવા શબ્દો કરતા હતા; કોઈ ‘અરે અમે મંદભાગી માર્યા ગયા !’ એમ બોલી પોતાના આત્માની નિંદા કરતા હતા; કોઈ ‘હે નાથ ! અમને શિક્ષા આપો’ એમ યાચના કરતા હતા; કોઇ ‘હવે અમારો ધર્મસંશય કોણ છેદશે ?’ એમ બોલતા હતા; ‘અમે અંધની જેમ હવે ક્યાં જઈશું ?’ એમ બોલી કોઈ પશ્ચાતાપ કરતા હતા; અને કોઇ ‘અમને પૃથ્વી માર્ગ આપો’ એમ ઇચ્છતા હતા.

એ પ્રમાણે વર્તન કરતા અને વાજિંત્રો વગાડતા દેવતાઓ તથા ઇંદ્ર તે શિબિકાને ચિતા પાસે લાવ્યા. ત્યાં કૃતજ્ઞ ઇંદ્રે પુત્રની જેમ પ્રભુના દેહને ધીમે ધીમે પૂર્વ દિશાની ચિતામાં મૂકયો; બીજા દેવતાઓએ સહોદરની જેમ ઇક્ષ્વાકુ કુળના મુનિઓનાં શરીરને દક્ષિણ દિશાની ચિતામાં સ્થાપન કર્યાં અને ઉચિતને જાણનારા અન્ય દેવોએ બીજા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સાધુઓનાં શરીરને પશ્ચિમ દિશાની ચિતામાં સ્થાપન કર્યાં, પછી ઇંદ્રની આજ્ઞાથી અગ્નિકુમાર દેવતાઓએ તે ચિતામાં અગ્નિ પ્રકટ કર્યો અને વાયુકુમાર દેવોએ વાયુ વિકુર્વ્યો, એટલે ચોતરફ અગ્નિ પ્રગટ થઇને બળવા લાગ્યો. દેવતાઓ ચિતામાં પુષ્કળ કર્પૂર અને ઘડા ભરી ભરીને ઘી તથા મધ નાંખવા લાગ્યા. જ્યારે અસ્થિ સિવાય બાકીની સર્વ ધાતુઓ દગ્ધ થઈ ગઈ ત્યારે મેઘકુમાર દેવતાઓએ ક્ષીરસમુદ્રના જળથી ચિતાગ્નિને શાંત કર્યો. પછી પોતાના વિમાનમાં પ્રતિમાની જેમ પૂજા કરવાને માટે સૌધર્મેંદ્રે પ્રભુની ઉપલી જમણી ડાઢા ગ્રહણ કરી; ઈશાનેંદ્રે પ્રભુની ઉપલી ડાબી ડાઢા ગ્રહણ કરી, ચમરેંદ્રે નીચલી જમણી ડાઢા ગ્રહણ કરી, બલિ ઇંદ્રે નીચેની ડાબી ડાઢા ગ્રહણ કરી, બીજા ઇંદ્રોએ પ્રભુના બાકીના દાંત ગ્રહણ કર્યા અને દેવતાઓએ બીજા અસ્થિ ગ્રહણ કર્યા. તે વખતે જે શ્રાવકો અગ્નિ માગતા હતા તેમને દેવતાઓએ ત્રણ કુંડના અગ્નિ આપ્યા, તે અગ્નિ લેનારા અગ્નિહોત્ર બ્રાહ્મણો થયા. તેઓ પોતાને ઘરે જઈ પ્રભુના ચિતાગ્નિને નિત્ય પૂજવા લાગ્યા. અને ધનપતિ જેમ નિર્વાત પ્રદેશમાં રાખી લક્ષદીપનું રક્ષણ કરે, તેમ તેઓ તેનું રક્ષણ કરવા લાગ્યા. ઈક્ષ્વાકુ વંશના મુનિઓનો ચિતાગ્નિ શાંત થઇ જતો તો તેને સ્વામીના ચિતાગ્નિથી જાગૃત કરતા હતા અને બીજા મુનિઓના શાંત થયેલા ચિતાગ્નિને ઇક્ષ્વાકુ કુળના મુનિઓના ચિતાગ્નિથી પ્રગટ કરતા હતા; પરંતુ બીજા સાધુઓના ચિતાગ્નિનું બીજા ચિતાગ્નિ સાથે તેઓ સંક્રમણ કરતા નહોતા. તે વિધિ અદ્યાપિ બ્રાહ્મણોમાં પ્રવર્ત્તે છે. કેટલાએકો પ્રભુના ચિતાગ્નિની ભસ્મ લઈને ભક્તિથી તે ભસ્મને વંદન કરતા હતા અને શરીરે ચોળતા હતા; ત્યારથી ભસ્મભૂષણધારી તાપસો થયા.

પછી જાણે અષ્ટાપદગિરિના નવાં ત્રણ શિખરો હોય તેવા તે ચિતાસ્થાને દેવતાઓએ રત્નના ત્રણ સ્તૂપ (દેરીઓ) કર્યા. ત્યાંથી તેઓએ નંદીશ્વરદ્વીપે જઈ શાશ્વત પ્રતિમા સમીપે અષ્ટાન્હિકા ઉત્સવ કર્યો અને પછી ઈંદ્ર સહિત સર્વ દેવતાઓ પોતપોતાને સ્થાને ગયા. ત્યાં તે ઈંદ્રો પોતપોતાના વિમાનોમાં સુધર્મા સભાની અંદર માણવક સ્થંભ ઉપર વજ્રમય ગોળ ડાબલામાં પ્રભુની ડાઢાને આરોપણ કરીને પ્રતિદિવસ તેની પૂજા કરવા લાગ્યા. તેના પ્રભાવથી તેમને હમેશાં વિજયમંગળ થવા લાગ્યું.

ભરતરાજાએ પ્રભુના સંસ્કાર સમીપની ભૂમિ ઉપર ત્રણ ગાઉ ઊંચો અને જાણે મોક્ષ મંદિરની વેદિકા હોય તેવો **સિંહનિષદ્યા** નામે પ્રાસાદ રત્નમય પાષાણથી વાર્દ્ધકિરત્ન પાસે કરાવ્યો. તેની ચોતરફ પ્રભુના સમવસરણની જેમ સ્ફટિક રત્નના ચાર રમણીક દ્વાર કરાવ્યાં, અને તે દરેક દ્વારની બંને તરફ શિવલક્ષ્મીના ભંડારની જેવા રત્નમય ચંદનના સોળ કળશો રચાવ્યા. દરેક દ્વારે જાણે સાક્ષાત્ પુણ્યવલ્લી હોય તેવા સોળ સોળ રત્નમય તોરણો રચાવ્યાં, પ્રશસ્તિ લિપિના જેવી અષ્ટ માંગળિકની સોળ સોળ પંક્તિઓ રચી અને જાણે ચાર દિક્પાળોની સભા ત્યાં લાવ્યા હોય તેવા વિશાળ મુખમંડપો કરાવ્યા. તે ચાર મુખમંડપોની આગળ ચાલતાં શ્રીવલ્લીમંડપની અંદર ચાર પ્રેક્ષાસદન મંડપો કરાવ્યા. તે પ્રેક્ષામંડપોની વચમાં સૂર્યબિંબને ઉપહાસ્ય કરનારાં વજ્રમય અક્ષવાટ રચ્યા અને દરેક અક્ષવાટની મધ્યમાં કમલમાં કર્ણિકાની જેમ એક એક મનોહર સિંહાસન રચ્યું. પ્રેક્ષામંડપની આગળ એકેક મણિપીઠિકા રચી; તેની ઉપર રત્નના મનોહર ચૈત્યસ્તૂપ રચ્યા અને તે દરેક ચૈત્યસ્તૂપમાં આકાશને પ્રકાશ કરનારી દરેક દિશાએ મોટી મણિપીઠિકા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રચી. તે મણિપીઠિકાની ઉપર ચૈત્યસ્તૂપની સન્મુખ પાંચશેં ધનુષના પ્રમાણવાળી રત્નનિર્મિત અંગવાળી, ઋષભાનન, વર્દ્ધમાન, ચંદ્રાનન, વારિષેણુ એ નામની ચાર, પર્યંકાસને બેઠેલી, મનોહર, નેત્રરૂપી પોયણાને ચંદ્રિકા સમાન, નંદીશ્વર મહાદ્વીપના ચૈત્યની અંદર છે તેવી, શાશ્વત જિનપ્રતિમાઓ રચાવીને સ્થાપન કરી. તે દરેક ચૈત્યસ્તૂપની આગળ અમૂલ્ય માણિક્યમય વિશાળ એવી સુંદર પીઠિકાઓ રચી. તે દરેક પીઠિકા ઉપર એક એક ચૈત્યવૃક્ષ રચ્યું. દરેક ચૈત્યવૃક્ષની પાસે બીજી એકેક મણિપીઠિકા રચી અને તેની ઉપર એકેક ઈંદ્રધ્વજ રચ્યો. જાણે દરેક દિશાએ ધર્મે પોતાના જયસ્થંભ આરોપ્યા હોય તેવા તે ઈંદ્રધ્વજ જણાતા હતા. દરેક ઈંદ્રધ્વજની આગળ ત્રણ પગથીઆં અને તોરણોવાળી નંદા નામે પુષ્કરિણી (વાવડી) રચી. સ્વચ્છ, શીતળ જળથી ભરેલી અને વિચિત્ર કમળોથી શોભતી તે પુષ્કરિણીઓ દધિમુખ પર્વતના આધારભૂત પુષ્કરિણી જેવી મનોહર લાગતી હતી.

તે સિંહનિષધા નામના મહાચૈત્યના મધ્યભાગમાં મોટી મણિપીઠિકા બનાવી અને સમવસરણની જેમ તેના મધ્યભાગમાં વિચિત્ર રત્નમય એક દેવચ્છંદક રચ્યો. તેની ઉપર વિવિધ વર્ણના વસ્ત્રનો ચંદરવો બનાવ્યો. તે અકાળે પણ સંધ્યાસમયના વાદળાંની શોભા ઉત્પન્ન કરતો હતો. તે ચંદરવાની અંદર અને પડખે વજ્રમય અંકુશો રચ્યા હતા, તથાપિ ચંદરવાની શોભા તો નિરંકુશ થઈ રહી હતી. તે અંકુશોમાં કુંભની જેવા ગોળ અને આમળાનાં ફળ જેવાં સ્થૂળ મુક્તાફળોથી રચેલા અમૃતની ધારા જેવા હાર લટકતા હતા. તે હારના પ્રાંતભાગમાં નિર્મળ મણિમાલિકા રચી, તે જાણે ત્રણ જગતમાંહે રહેલી મણિઓની ખાણોમાંથી વાનકી લાવ્યા હોય તેવી જણાતી હતી. મણિમાલિકાના પ્રાંતભાગમાં રહેલી નિર્મળ વજ્રમાલિકા, સખીઓની જેમ પોતાની કાંતિરૂપ ભુજાથી પરસ્પર આલિંગન કરતી હોય તેવી જણાતી હતી. તે ચૈત્યની ભીંતોમાં વિચિત્ર મણિમય ગવાક્ષ (ગોખલા) રચ્યા હતા, તેના પ્રભાપટલથી જાણે તેમાંથી જવનિકા (પડદા) ઉત્પન્ન થયેલ હોય તેવા જણાતા હતા, તેમાં બળતા અગરુ ધૂપના ધૂમાડા તે પર્વત ઉપર નવી ઉત્પન્ન થયેલી નીલચૂલિકાના ભ્રમને આપતા હતા.

હવે પૂર્વોક્ત મધ્ય દેવચ્છંદની ઉપર શૈલેશી ધ્યાનમાં વર્ત્તતી હોય તેવી, દરેક પ્રભુના પોતપોતાના દેહના માન જેવડી, પોતપોતાના દેહના વર્ણને ધારણ કરનારી, જાણે દરેક પ્રભુ પોતે જ બિરાજેલા હોય તેવી–ઋષભસ્વામી વિગેરે ચોવીશ અર્હંતોની નિર્મળ રત્નમય પ્રતિમાઓ રચીને સ્થાપન કરી. તેમાં સોળ પ્રતિમા સુવર્ણની, બે રાજવર્ત રત્નની (શ્યામ), બે સ્ફટિક રત્નની (ઉજ્જ્વળ), બે વૈડુર્ય મણિની (નીલ) અને બે શોણ મણિની (રક્ત) હતી. તે સર્વ પ્રતિમાઓના રોહિતાક્ષ મણિના (રક્ત) આભાસવાળા અંકરત્નમય (શ્વેત) નખો હતા અને નાભિ, કેશના મૂળ, જિહ્વા, તાળુ, શ્રીવત્સ, સ્તનભાગ તથા હાથપગનાં તળિયાં–એ સુવર્ણનાં (રક્ત) હતાં; પાંપણો, આંખની કીકીઓ, રૂંવાટા, ભમર અને મસ્તકના કેશ રીષ્ટરત્નમય (શ્યામ) હતા; ઓષ્ઠ પ્રવાળામય (રક્ત) હતા, દાંત સ્ફટિક રત્નમય (શ્વેત) હતા; મસ્તકનો ભાગ વજ્રમય હતો અને નાસિકા અંદરથી રોહીતાક્ષ મણિના પ્રતિસેક (આભાસ) વાળી–સુવર્ણની હતી. પ્રતિમાની દૃષ્ટિઓ લોહિતાક્ષ મણિના પ્રાંત ભાગવાળી અને અંકમણિથી બનાવેલી હતી. એવી રીતે અનેક પ્રકારના મણિથી બનાવેલી તે પ્રતિમાઓ અત્યંત શોભતી હતી.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે દરેક પ્રતિમાની પછવાડે એક એક યથાયોગ્ય માનવાળી છત્રધારની રત્નમયી પ્રતિમા બનાવી હતી અને તે છત્રધાર પ્રતિમાએ કુરંટક પુષ્પની માળાએ યુક્ત મોતી તથા પ્રવાળાવડે ગુંથેલા અને સ્ફટિક મણિનાં દંડવાળા શ્વેત છત્ર ધરી રાખ્યાં હતાં. દરેક પ્રતિમાની બે બાજુએ રત્નની ચામર ધરનારી બે પ્રતિમાઓ અને આગળ નાગ, યક્ષ, ભૂત અને કુંડધારની બે બે પ્રતિમાઓ હતી. અંજલિ જોડીને રહેલી અને સર્વ અંગે ઉજ્જવળ એવી તે નાગાદિક દેવોની રત્નમય પ્રતિમાઓ જાણે ત્યાં તેઓ પ્રત્યક્ષ બેઠા હોય તેવી શોભતી હતી.

દેવછંદા ઉપર ઉજ્જવળ રત્નની ચોવીશ ઘંટાઓ, સંક્ષિપ્ત કરેલા સૂર્યબિંબ જેવા માણિક્યના દર્પણો, તેની પાસે યોગ્ય સ્થાને મૂકેલ સુવર્ણની દીવીઓ રત્નના કરંડિઆ, નદીની ભમરીની જેવી ગોળાકાર પુષ્પચંગેરીઓ, ઉત્તમ અંગલુંછના, આભૂષણના ડાબલા, સોનાના ધૂપિયા તથા આરતિઓ, રત્નોના મંગળદીવા, રત્નોની ઝારીઓ, મનોહર રત્નમય થાળો, સુવર્ણનાં પાત્રો, રત્નના ચંદનકળશો, રત્નનાં સિંહાસનો, રત્નમય અષ્ટ મંગલિક, સુવર્ણના તેલના ડાબલા, ધૂપ રાખવા માટે સુવર્ણનાં પાત્રો, સુવર્ણનાં કમલહસ્તક–એ સર્વ ચોવીશે અર્હંતની પ્રતિમા પાસે એક એક એમ ચોવીશ ચોવીશ રાખ્યા હતા. એવી રીતે નાના પ્રકારના રત્નનું અને ત્રૈલોકયમાં અતિ સુંદર એવું તે ચૈત્ય ભરતચક્રીની આજ્ઞા થતાં તત્કાળ સર્વ પ્રકારની કળાને જાણનારા વર્દ્ધકિરત્ને વિધિ પ્રમાણે બનાવી આપ્યું. જાણે મૂર્તિમાન્ ધર્મ હોય તેવા ચંદ્રકાંતમણિના ગઢથી, તથા ચિત્રમાં આલેખેલા ઇહામૃગ (ન્હાર), વૃષભ, મગર, તુરંગ, નર, કિન્નર, પક્ષી, બાળક, રૂરૂમૃગ, અષ્ટાપદ, ચમરીમૃગ, હાથી, વનલતા અને કમળોથી જાણે ઘણાં વૃક્ષોવાળું ઉદ્યાન હોય તેવું વિચિત્ર અને અદ્ભુત રચનાવાળું તે ચૈત્ય શોભતું હતું. તેની આસપાસ રત્નના સ્તંભો ગોઠવેલા હતા. જાણે આકાશગંગાની ઊર્મિઓ હોય તેવી પતાકાઓથી તે મનોહર લાગતું હતું. ઊંચા કરેલા સુવર્ણના ધ્વજદંડોથી તે ઉન્નત જણાતું હતું અને નિરંતર પ્રસરતા–ધ્વજાની ઘુઘરીઓના અવાજથી વિદ્યાધરોની સ્ત્રીઓના કટીમેખલાના ધ્વનિને અનુસરતું હતું. તેના ઉપર વિશાળ કાંતિવાળા પદ્મરાગમણિના ઇંડાથી, જાણે માણિક્ય જડેલી મુદ્રિકાવાળું હોય તેવું તે શોભતું હતું. કોઈ ઠેકાણે જાણે પલ્લવિત હોય, કોઈ ઠેકાણે જાણે બખ્તરવાળું હોય, કોઈ ઠેકાણે જાણે રોમાંચિત થયું હોય અને કોઈ ઠેકાણે જાણે કિરણોથી લિપ્ત હોય તેવું તે જણાતું હતું. ગોરુચંદનના રસમય તિલકોથી તેને લાંછિત કરેલું હતું. તેના ચણતરના સાંધેસાંધા એવા મેળવ્યા હતા કે જાણે તે એક પાષાણથી બનાવેલું હોય તેવું જણાતું હતું. તે ચૈત્યના નિતંબભાગ ઉપર વિચિત્ર ચેષ્ટાથી મનોહર લાગતી માણેકની પૂતળીઓ ગોઠવેલી હતી, તેથી અપ્સરાઓથી અધિષ્ઠિત મેરુપર્વતની જેવું તે શોભતું હતું. તેના દ્વારની બંને તરફ ચંદનરસથી લીંપેલા બે કુંભો મૂકેલા હતા, તેથી દ્વારસ્થળમાં નિષ્પન્ન થયેલા બે પુંડરીક કમળથી તે અંકિત હોય એવું લાગતું હતું. ધૂપિત કરીને ત્રીછીં બાંધેલી લટકતી માળાઓથી તે રમણિક લાગતું હતું; પાંચ વર્ણનાં પુષ્પથી તેના તળિયા ઉપર સુંદર પગર ભર્યા હતા; યમુના નદીથી જેમ કલિંદ પર્વત પ્લાવિત રહે તેમ કપુર, અગર અને કસ્તૂરીથી બનાવેલા ધૂપના ધૂમાડાથી હમેશાં તે વ્યાપ્ત રહેતું હતું. આગળ, બે બાજુએ અને પછવાડે સુંદર ચૈત્યવૃક્ષો તથા માણિક્યની પીઠિકાઓ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રચેલી હતી, તેથી જાણે તેણે આભૂષણ ધર્યાં હોય તેવું જણાતું હતું, અને અષ્ટાપદ પર્વતના શિખર ઉપર જાણે મસ્તકના મુગટનું માણિક્યભૂષણ હોય તથા નંદીશ્વરાદિનાં ચૈત્યોની જાણે સ્પર્ધા કરતું હોય તેવું અતિ પવિત્રપણે તે શોભતું હતું.

તે ચૈત્યમાં ભરતરાજાએ પોતાના નવાણું ભાઈઓની દિવ્ય રત્નમય પ્રતિમા બેસારી, અને પ્રભુની સેવા કરતી એવી એક પોતાની પ્રતિમા પણ ત્યાં સ્થાપિત કરી. **ભક્તિમાં અતૃપ્તિનું એ પણ એક ચિન્હ છે.** ચૈત્યની બહાર ભગવાનનો એક સ્તૂપ (પગલાની દેરી) કરાવ્યો અને તેની પાસે પોતાના નવાણું ભાઈઓના પણ સ્તૂપ કરાવ્યા. ત્યાં આવનારા પુરુષો ગમનાગમનવડે એની આશાતના ન કરે એવું ધારીને લોઢાના યંત્રમય આરક્ષક પુરુષો તે ઠેકાણે ઊભા રાખ્યા. એ યંત્રમય લોઢાના પુરુષોથી જાણે મર્ત્યલોકની બહાર તે સ્થાન રહ્યું હોય એમ મનુષ્યોને અગમ્ય થઈ પડયું. પછી ચક્રવર્ત્તીએ દંડરત્નવડે તે પર્વતના દાંતા પાડી નાખ્યા; તેથી સરલ અને ઊંચા સ્તંભની પેઠે એ પર્વત લોકોને ન ચડી શકાય તેવો થઇ ગયો. પછી મહારાજાએ એ પર્વતની ફરતા મેખલા જેવા અને મનુષ્યોથી ઉલ્લંઘન થઇ શકે નહીં એવા એક એક યોજનને અંતરે આઠ પગથીઆં બનાવ્યાં. ત્યારથી એ પર્વતનું નામ **અષ્ટાપદ** પડયું અને લોકોમાં તે પર્વત **હરાદ્રિ, કૈલાસ** અને **સ્ફટિકાદ્રિ** એવા નામથી પણ ઓળખાવા લાગ્યો.

એવી રીતે ચૈત્ય નિર્માણ કરી, તેમાં પ્રતિષ્ઠા કરી, ચંદ્ર જેમ વાદળામાં પ્રવેશ કરે તેમ શ્વેત વસ્ત્ર ધારણ કરી ચક્રવર્ત્તીએ તેમાં પ્રવેશ કર્યો. પરિવાર સહિત પ્રદક્ષિણા દઈ મહારાજાએ તે પ્રતિમાઓને સુગંધી જળથી સ્નાન કરાવ્યું. પછી દેવદૂષ્ય વસ્ત્રથી માર્જન કર્યું; એટલે તે પ્રતિમાઓ રત્નના આદર્શની પેઠે અધિક ઉજ્જવલ થઈ. પછી ચંદ્રિકાના સમૂહ જેવા નિર્મળ, ગાઢ અને સુગંધી ગોરુચંદનના રસથી વિલેપન કર્યું તથા વિચિત્ર રત્નોના આભૂષણ, ઉદ્દામ દિવ્યમાળાઓ અને દેવદૂષ્ય વસ્ત્રોથી અર્ચન કર્યું. ઘંટા વગાડતા મહારાજાએ તેમની પાસે ધૂપ કર્યો, જેના ધૂમાડાની શ્રેણીઓથી એ ચૈત્યનો અંતર્ભાગ જાણે નીલવલ્લીથી અંકિત હોય તેવો જણાવા લાગ્યો. ત્યાર પછી જાણે સંસારરૂપી શીતથી ભય પામેલાને માટે જવલતો અગ્નિકુંડ હોય તેવી કર્પૂરની આરતી ઉતારી.

એવી રીતે પૂજન કરી, ઋષભસ્વામીને નમસ્કાર કરી, શોક અને ભયથી આક્રાંત થઈ ચક્રવર્ત્તીએ આ પ્રમાણે સ્તુતિ કરી—"હે જગત્સુખાકર ! હે ત્રિજગત્પતિ ! પાંચ કલ્યાણકથી નારકીઓને પણ સુખ આપનાર એવા આપને હું નમસ્કાર કરું છું. હે સ્વામિન્ ! સૂર્યની પેઠે વિશ્વનું હિત કરનારા તમે હમેશાં વિહાર કરીને આ ચરાચર જગત ઉપર અનુગ્રહ કર્યો છે. આર્ય અને અનાર્ય-એ બંને ઉપરની પ્રીતિથી તમે ચિરકાળ વિહાર કરતા, તેથી પવનની અને તમારી ગતિ પરોપકારને માટે જ છે. હે પ્રભુ ! આ લોકમાં મનુષ્યોનો ઉપકાર કરવાને માટે તમે ચિરકાળ વિહાર કર્યો હતો પણ મુક્તિમાં તમે કોનો ઉપકાર કરવાને માટે ગયા ? તમે અધિષ્ઠિત કરેલું લોકાગ્ર (મોક્ષ) આજ ખરેખર લોકાગ્ર થયું છે અને તમે છોડી દીધેલ આ મર્ત્યલોક ખરેખર મર્ત્યલોક (મૃત્યુ પામવા યોગ્ય) થયો છે. હે નાથ ! જેઓ વિશ્વને અનુગ્રહ કરનારી તમારી દેશનાને સંભારે છે તે ભવ્ય પ્રાણીઓને હજુ પણ તમે સાક્ષાત જ છો. જેઓ તમારું રૂપસ્થ એવું ધ્યાન કરે

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

છે એવા મહાત્માઓને પણ તમે પ્રત્યક્ષ જ છો. હે પરમેશ્વર ! જેવી રીતે મમતા રહિત એવા તમે આ સર્વ સંસારનો ત્યાગ કર્યો તેવી રીતે હવે કદાપિ મારા મનનો ત્યાગ કરશો નહીં."

એવી રીતે **આદીશ્વર ભગવંતની** સ્તુતિ કર્યા પછી બીજા પ્રત્યેક જિનેંદ્રોને નમસ્કાર કરી પ્રત્યેક તીર્થંકરની તેણે આવી રીતે સ્તુતિ કરવા માંડી.

"વિષય કષાયથી અજિત, વિજયા માતાની કુક્ષિમાં માણિક્યરૂપ અને જિતશત્રુ રાજાના પુત્ર હે જગત્સ્વામી **અજિતનાથ** ! તમે જય પામો.

સંસારરૂપી આકાશનું અતિક્રમણ કરવામાં સૂર્યરૂપ, શ્રી સેનાદેવીના ઉદરથી ઉત્પન્ન થયેલા અને જિતારી રાજાના પુત્ર એવા હે **સંભવનાથ** ! તમને હું નમસ્કાર કરું છું.

સંવર રાજાના વંશમાં આભૂષણરૂપ, સિદ્ધાર્થા દેવીરૂપી પૂર્વ દિશામાં સૂર્ય સમાન અને વિશ્વને આનંદદાયી એવા હે **અભિનંદનસ્વામી** ! તમે અમને પવિત્ર કરો.

મેઘરાજાના વંશરૂપી વનમાં મેઘ સમાન અને મંગળામાતારૂપી મેઘમાલામાં મોતીરૂપ એવા હે **સુમતિનાથ** ! હું તમને નમસ્કાર કરું છું.

ધર્મરાજારૂપી સમુદ્રને ચંદ્ર સમાન અને સુસીમાદેવીરૂપી ગંગા નદીમાં કમલ સમાન એવા હે **પદ્મપ્રભુ** ! તમને હું નમસ્કાર કરું છું.

શ્રી પ્રતિષ્ઠ રાજાના કુળરૂપી ગૃહના પ્રતિષ્ઠાસ્થંભરૂપ અને પૃથ્વી માતારૂપ મલયાચળમાં ચંદન સમાન હે **સુપાર્શ્વનાથ** ! મારી રક્ષા કરો.

મહસેન રાજાના વંશરૂપી આકાશમાં ચંદ્ર સમાન અને લક્ષ્મણા દેવીની કુક્ષિરૂપી સરોવરમાં હંસ સમાન એવા હે **ચંદ્રપ્રભુ** ! તમે અમારી રક્ષા કરો.

સુગ્રીવ રાજાના પુત્ર અને શ્રી રામાદેવીરૂપ નંદનવનની ભૂમિમાં કલ્પવૃક્ષરૂપ એવા હે **સુવિધિનાથ** ! અમારું શીઘ્ર કલ્યાણ કરો.

દૃઢરથ રાજાના પુત્ર, નંદાદેવીના હૃદયના આનંદરૂપ અને જગતને આહ્લાદ કરવામાં ચંદ્ર સમાન એવા હે **શીતળસ્વામી** ! તમે અમને હર્ષકારી થાઓ.

શ્રી વિષ્ણુદેવીના પુત્ર, વિષ્ણુ રાજાના વંશમાં મોતી સમાન અને મોક્ષરૂપ લક્ષ્મીના ભર્ત્તાર એવા હે **શ્રેયાંસપ્રભુ** ! તમે કલ્યાણને માટે થાઓ.

વસુપૂજ્ય રાજાના પુત્ર, જયાદેવીરૂપ વિદૂર પર્વતની ભૂમિમાં રત્નરૂપ અને જગતને પૂજ્ય એવા હે **વાસુપૂજ્ય** ! તમે મોક્ષલક્ષ્મીને આપો.

કૃતવર્મ રાજાના પુત્ર અને શ્યામાદેવીરૂપ શમી વૃક્ષમાંથી ઉત્પન્ન થયેલ અગ્નિ સમાન એવા હે **વિમલસ્વામી** ! તમે અમારું મન નિર્મળ કરો.

સિંહસેન રાજાના કુળમાં મંગળદીપક સમાન અને સુયશાદેવીના પુત્ર હે **અનંતભગવાન્** ! તમે અનંત સુખ આપો.

સુવ્રતાદેવીરૂપ ઉદયાચળની તટીમાં સૂર્યરૂપ અને ભાનુ રાજાના પુત્ર એવા હે **ધર્મનાથ પ્રભુ** ! તમે ધર્મને વિષે મારી બુદ્ધિ સ્થાપન કરો.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

વિશ્વસેન રાજાના કુળમાં આભુષણરૂપ અને અચિરાદેવીના પુત્ર હે **શાંતિનાથ** ભગવાન્! તમે અમારા કર્મની શાંતિને માટે થાઓ.

શૂર રાજાના વંશરૂપ આકાશમાં સૂર્ય સમાન, શ્રીદેવીના ઉદરથી ઉત્પન્ન થયેલા અને કામદેવનું ઉન્મથન કરનારા હે જગત્પતિ **કુંથુનાથ**! તમે જય પામો.

સુદર્શન રાજાના પુત્ર અને દેવી માતારૂપ શરદલક્ષ્મીમાં કુમુદ સમાન એવા હે **અરનાથ**! તમે મને સંસાર તરવારૂપ વૈભવ આપો.

કુંભરાજારૂપ સમુદ્રમાં અમૃતકુંભ સમાન અને કર્મક્ષય કરવામાં મહામલ્લ સમાન એવા પ્રભાવતી દેવીથી ઉત્પન્ન થયેલા હે **મલ્લિનાથ**! તમે મોક્ષલક્ષ્મી આપો.

સુમિત્ર રાજારૂપી હિમાચલમાં પદ્મદ્રહ સમાન અને પદ્માવતી દેવીના પુત્ર હે **મુનિસુવ્રતપ્રભુ**! તમને હું નમસ્કાર કરું છું.

વપ્રાદેવીરૂપ વજ્રખાણની પૃથ્વીમાં વજ્ર સમાન, વિજયરાજાના પુત્ર અને જેમના ચરણકમળ જગતને નમસ્કાર કરવા યોગ્ય છે એવા હે **નમિપ્રભુ**! તમને નમસ્કાર કરું છું.

સમુદ્ર (વિજય):ને આનંદ કરવામાં ચંદ્રરૂપ, શિવાદેવીના પુત્ર અને પરમ દયાળુ એવા હે મોક્ષગામી **અરિષ્ટનેમિ** ભગવન્! તમને હું નમસ્કાર કરું છું.

અશ્વસેન રાજાના કુળમાં ચૂડામણિરૂપ અને વામાદેવીના પુત્ર એવા હે **પાર્શ્વનાથ**! તમને નમસ્કાર કરું છું.

સિદ્ધાર્થ રાજાના પુત્ર, ત્રિશલા માતાના હૃદયના આશ્વાસન અને સિદ્ધિપ્રાપ્તિના અર્થને સિદ્ધ કરનારા હે **મહાવીરપ્રભુ**! તમને વંદન કરું છું.

એવી રીતે પ્રત્યેક તીર્થંકરને સ્તુતિપૂર્વક નમસ્કાર કરીને મહારાજા ભરત એ સિંહનિષદ્યા ચૈત્યની બહાર નીકળ્યા અને પ્રિયમિત્રની પેઠે એ સુંદર ચૈત્યને વાંકા વળી પાછી નજરે જોતાં જોતાં અષ્ટાપદ પર્વત ઉપરથી નીચે ઉતર્યા. પોતાનું મન તે પર્વતમાં લગ્ન થયેલું હોવાથી જાણે વસ્ત્રનો છેડો ભરાયો હોય તેમ અયોધ્યાપતિ મંદ મંદ ગતિએ અયોધ્યા તરફ ચાલ્યા. શોકના પૂરની જેમ સૈન્યથી ઉડેલી રજવડે દિશાઓને આકુળ કરતા શોકાર્ત ચક્રી અયોધ્યાની સમીપે આવી પહોંચ્યા. જાણે ચક્રીના સહોદર હોય તેમ તેમના દુઃખથી અત્યંત દુઃખી થયેલા નગરજનોએ સાશ્રુદૃષ્ટિએ જોયેલા મહારાજાએ પોતાની વિનીતાનગરીમાં પ્રવેશ કર્યો. પછી ભગવંતને સંભારીને વૃષ્ટિ પછી અવશેષ રહેલા મેઘની પેઠે અશ્રુજળનાં બિંદુને વરસાવતા તેઓ પોતાના રાજમહેલમાં પેઠા. દ્રવ્યહરણ થયેલ પુરુષ જેમ દ્રવ્યનું જ ધ્યાન કર્યા કરે તેમ પ્રભુરૂપી ધન હરણ થવાથી તેમણે ઊભા રહેતાં, ચાલતાં, સૂતાં અને જાગતાં બહાર અને અંદર રાતદિવસ પ્રભુનું જ ધ્યાન કરવા માંડ્યું. બીજા હેતુથી પણ પોતાની પાસે અષ્ટાપદ પર્વત તરફથી આવનારા પુરુષોને, તેઓ જાણે પૂર્વની પેઠે પ્રભુને માટે કાંઈ કહેવા આવ્યા હોય તેમ માનવા લાગ્યા.

આવી રીતે શોકાકુળ મહારાજાને જોઈ મંત્રીઓ તેમને કહેવા લાગ્યા–"હે મહારાજા! આપના પિતાશ્રી ઋષભદેવ પ્રભુએ પ્રથમ ગૃહવાસમાં રહીને પણ પશુની જેવા અજ્ઞાની

જૈન સાઇટ JAINSITE જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સર્વ લોકોને વ્યવહારનીતિમાં પ્રવર્ત્તાવ્યા, ત્યાર પછી દીક્ષા લઈ થોડા કાળમાં કેવળજ્ઞાન પામી આ જગતના લોકોને ભવસમુદ્રમાંથી ઉદ્ધાર કરવાની ઇચ્છાએ ધર્મમાં પ્રવર્ત્તાવ્યા; છેવટે પોતે કૃતાર્થ થઈ, અવરજનોને કૃતાર્થ કરી પરમપદને પામ્યા; તેવા પરમપ્રભુને તમે શોક કેમ કરો છો ?" આવી રીતે પ્રતિબોધિત કરેલા ચક્રી ધીમે ધીમે રાજકાર્યમાં પ્રવર્ત્તવા લાગ્યા.

રાહુથી મુક્ત થયેલા ચંદ્રની પેઠે શનૈઃ શનૈઃ શોકમુક્ત થયેલા ભરતચક્રી નગરની બહાર વિહારભૂમિમાં વિચરવા લાગ્યા. વિંધ્યાચળને સંભારતા ગજેંદ્રની પેઠે પ્રભુના ચરણને સંભારતા અને વિષાદ કરતા મહારાજાની પાસે આવીને આપ્તજનો સદા વિનોદ કરાવવા લાગ્યા, તેથી કોઈ વાર પરિવારના આગ્રહથી વિનોદને ઉત્પન્ન કરનારી ઉદ્યાનભૂમિમાં જવા લાગ્યા, અને ત્યાં જાણે સ્ત્રીઓનું રાજ્ય હોય તેમ સુંદર સ્ત્રીઓનાં ટોળાં સાથે લતામંડપની રમણિક શય્યાઓમાં રમવા લાગ્યા. ત્યાં કુસુમને હરણ કરનારા વિદ્યાધરોની પેઠે યુવાન પુરુષોની પુષ્પ ચૂંટવાની ક્રીડા તેમણે કૌતુકથી જોવા માંડી; જાણે કામદેવની પૂજા કરતી હોય તેમ વારાંગનાઓ પુષ્પના વેષ ગુંથી ગુંથીને તેમને અર્પણ કરવા લાગી; જાણે તેમની ઉપાસના કરવાને અસંખ્ય શ્રુતિઓ ભેગી થઈ હોય તેવી નગરનારીઓ સર્વાંગ પુષ્પનાં ઘરેણાં પહેરી તેમની આસપાસ ક્રીડા કરવા લાગી; અને ઋતુદેવતાઓનાં જાણે એક અધિદેવતા હોય તેમ સર્વાંગે પુષ્પનાં આભૂષણ પહેરી તે સર્વના મધ્યમાં મહારાજા ભરત શોભવા લાગ્યા.

કોઇ કોઇ વખત તેઓ પોતાના સ્ત્રીવર્ગને સાથે લઈ રાજહંસની પેઠે ક્રીડાવાપીમાં સ્વેચ્છાએ ક્રીડા કરવાને જવા લાગ્યા. નર્મદા નદીમાં હાથણીઓ સાથે જેમ ગજેંદ્ર ક્રીડા કરે તેમ ત્યાં સુંદરીઓ સાથે તેઓ જળક્રીડા કરવા લાગ્યા. જાણે એ સુંદરીઓ પાસેથી શિક્ષા લીધી હોય તેમ જળની ઊર્મિઓ તેમને ક્ષણવાર કંઠમાં, ક્ષણવાર ભૂજામાં અને ક્ષણવાર હૃદયમાં આલિંગન કરવા લાગી. તેથી તે સમયે કમલના કર્ણાભરણ અને મોતીઓના કુંડળ ધારણ કરનારા મહારાજા જાણે સાક્ષાત્ વરુણદેવ હોય તેમ જળમાં શોભવા લાગ્યા; જાણે લીલાવિલાસના રાજ્ય ઉપર મહારાજાનો અભિષેક કરતી હોય તેમ 'હું પહેલી, હું પહેલી' એમ વિચારતી સ્ત્રીઓ તેમના ઉપર જળનું સિંચન કરતી હતી; જાણે અપ્સરાઓ હોય અથવા જાણે જળદેવી હોય તેમ ચોતરફ રહેલી અને જળક્રીડામાં તત્પર એવી તે રમણીઓ સાથે ચક્રીશ્વરે ઘણીવાર સુધી ક્રીડા કરી. પોતાની સ્પર્ધા કરનારા કમલોના દર્શનથી જાણે કોપ પામ્યાં હોય તેમ મૃગાક્ષીઓનાં નેત્રો રાતાં થઈ ગયાં અને અંગનાઓનાં અંગ ઉપરથી ગળી ગયેલા ગાઢ અંગરાગથી કાદવવાળું થયેલું તે જળ યક્ષકર્દમપણાને પામી ગયું. આવી રીતે વારંવાર તેઓ ક્રીડા કરવા લાગ્યા.

કોઇ વખત એવી રીતે જળક્રીડા કરી મહારાજા ભરત ઇંદ્રની જેમ સંગીત કરાવવામે વિલાસમંડપમાં ગયા ત્યાં વેણુ વગાડનારા ઉત્તમ પુરુષો મંત્રોમાં ઓંકારની જેમ સંગીતકર્મમાં પ્રથમ એવા મધુર સ્વર વીણામાં પૂરવા લાગ્યા. તે વીણાવાદકો શ્રવણને સુખ આપનારા અને વ્યંજન ધાતુઓથી સ્પષ્ટ એવા પુષ્પાદિક સ્વરવડે અગિયાર પ્રકારની વીણા વગાડવા લાગ્યા. સૂત્રધારો તેના કવિપણાને અનુસરતા સતા નૃત્ય તથા અભિનયની માતા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જેવા પ્રસ્તારસુંદર નામના તાલને આપવા લાગ્યા. મૃદંગ અને પ્રણવ નામના વાજિંત્રો વગાડનારાઓ, પ્રિયમિત્રની પેઠે અન્યોન્ય કિંચિત્ પણ સંબંધ છોડયા સિવાય પોતાના વાદ્યો વગાડવા લાગ્યા. હાહા અને હૂહૂ નામના દેવગંધર્વોના અહંકારને હરનારા ગાયકો સ્વરગીતિથી સુંદર એવા નવી નવી જાતના રાગો ગાવા લાગ્યા. નૃત્ય તથા તાંડવમાં ચતુર એવી નટીઓ વિચિત્ર પ્રકારના અંગવિક્ષેપથી સર્વને આશ્ચર્ય પમાડી નાચવા લાગી. મહારાજા ભરતે એ જોવા યોગ્ય નાટકો નિર્વિઘ્ને જોયાં, કારણ કે તેવા સમર્થ પુરુષો ગમે તેમ વર્તે તેમાં તેને કોણ બાધ કરી શકે ? એવી રીતે સંસારસુખને ભોગવતા ભરતેશ્વરે પ્રભુના મોક્ષદિવસ પછી પાંચ લાખ પૂર્વ નિર્ગમન કર્યા.

એક દિવસ ભરતેશ્વર સ્નાન કરી, બલિકર્મ કલ્પી, દેવદૂષ્ય વસ્ત્રથી શરીરને સાફ કરી, કેશમાં પુષ્પમાળા ગૂંથી, ગોશીર્ષ ચંદનવડે સર્વ અંગમાં વિલેપન કરી, અમૂલ્ય અને દિવ્ય રત્નનાં આભૂષણો સર્વાંગે ધારણ કરી, અંતઃપુરની શ્રેષ્ઠ સ્ત્રીઓના પરિવાર સાથે છડીદારે બતાવેલ રસ્તે અંતઃપુરમાંહેના રત્નના આદર્શગૃહમાં ગયા. ત્યાં આકાશ અને સ્ફટિક મણિના જેવા નિર્મળ, તથા પોતાના સર્વ અંગનું રૂપ પ્રતિબિંબરૂપે દેખી શકાય તેવા, શરીરના પ્રમાણ જેવડા દર્પણમાં પોતાના સ્વરૂપને જોતાં મહારાજાની એક આંગળીમાંથી મુદ્રિકા પડી ગઈ. જેમ મયૂરની કળામાંથી એક પીછું પડી જાય તેની તેને ખબર પડે નહીં, તેમ પડી ગયેલી તે મુદ્રિકા મહારાજાના જાણવામાં આવી નહીં. અનુક્રમે શરીરના સર્વ ભાગને જોતાં જોતાં દિવસે ચંદ્રિકા વિનાની ચંદ્રકળાની જેવી પોતાની મુદ્રિકા રહિત આંગળી કાંતિ વિનાની જોવામાં આવી. એ વખતે 'અહો ! આ આંગળી શોભા રહિત કેમ છે ?' એમ ચિંતવતા ભરતરાયે પૃથ્વી ઉપર પડેલી તે મુદ્રિકા જોઈ. પછી તેણે વિચાર્યું કે 'શું બીજા અંગો પણ આભૂષણ વિના શોભારહિત લાગતાં હશે ?' એમ ધારી તેણે બીજા આભૂષણો ઉતારવા માંડ્યાં.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

પ્રથમ મસ્તક ઉપરથી માણિક્યનો મુગટ ઉતાર્યો એટલે મસ્તક રત્ન વિનાની મુદ્રિકા જેવું દેખાવા લાગ્યું. કાન ઉપરથી માણિક્યના કુંડળ ઉતાર્યાં એટલે બંને કાન ચંદ્ર-સૂર્ય વિનાની પૂર્વ પશ્ચિમ દિશા જેવા જણાવા લાગ્યા. ગળચવો દૂર કરવાથી તેમની ગ્રીવા જળ વિનાની નદી જેવી શોભા રહિત જણાવા લાગી. વક્ષસ્થળ ઉપરથી હાર ઉતાર્યો એટલે તે તારા વિનાના આકાશ જેવું શૂન્ય લાગવા માંડયું. બાજુબંધ કાઢી નાંખેલા બંને હાથ અર્ધલતાપાસથી રહિત થયેલા બે સાલવૃક્ષ જેવા જણાવા લાગ્યા. હાથના મૂળમાંથી કડાં દૂર કર્યાં એટલે તે આમલસારા વિનાના પ્રાસાદ જેવા જણાવા લાગ્યા. બીજી સર્વ આંગળીઓમાંથી મુદ્રિકાનો ત્યાગ કર્યો, એટલે તે મણિ રહિત સર્પની ફણા જેવી દેખાવા લાગી. ચરણમાંથી પાદકટક દૂર કર્યા એટલે તે રાજહસ્તિના સુવર્ણ કંકણ રહિત દાંતની જેવા જોવામાં આવ્યા. એમ સર્વ અંગનાં આભૂષણોનો ત્યાગ કરવાથી પત્ર રહિત વૃક્ષની જેમ શોભા રહિત થયેલા પોતાના શરીરને જોઈ મહારાજા વિચારવા લાગ્યા—"અહો ! આ શરીરને ધિક્કાર છે ! ભીંતને જેમ ચિત્રાદિક ક્રિયાથી કૃત્રિમ શોભા કરાય છે તેમ શરીરની પણ આભૂષણોથી જ કૃત્રિમ શોભા કરાય છે. અંદર વિષ્ટાદિક મળથી અને બહાર મૂત્રાદિકના પ્રવાહથી મલિન એવા આ શરીરમાં વિચાર કરતાં કાંઈ પણ શોભાકારી જણાતું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નથી. ખારી જમીન જેમ વરસાદના જળને દૂષિત કરે છે, તેમ આ શરીર વિલેપન કરેલા કર્પૂર અને કસ્તુરી વિગેરેને પણ દૂષિત કરે છે. જેઓ વિષયથી વિરાગ પામીને મોક્ષફળને આપનારા તપ તપે છે, તે તત્ત્વવેદી પુરુષો જ આ શરીરનું ફળ ગ્રહણ કરે છે.' એવી રીતે વિચાર કરતાં સમ્યક્ પ્રકારે અપૂર્વકરણના અનુક્રમથી ક્ષપકશ્રેણીમાં આરૂઢ થયેલા અને શુકલધ્યાનને પામેલા તે મહારાજાને, વાદળાના અપગમથી જેમ સૂર્યનો પ્રકાશ થાય તેમ ઘાતિકર્મના ક્ષયથી કેવળ જ્ઞાન પ્રગટ થયું.

તે વખતે તત્કાળ ઇંદ્રનું આસન કંપાયમાન થયું, કારણ કે **અચેતન વસ્તુઓ પણ મહત્ પુરુષોની મોટી સમૃદ્ધિને કહી આપે છે.** અવધિજ્ઞાનથી જાણી ઇંદ્ર ભરત રાજાની પાસે આવ્યા. **ભક્ત પુરુષો સ્વામીની પેઠે સ્વામીના પુત્રની સેવા પણ સ્વીકારે છે,** તો તેવા સ્વામીના પુત્રને કેવળજ્ઞાન ઉત્પન્ન થતાં શું ન કરે ? ઇંદ્રે ત્યાં આવીને કહ્યું– 'હે કેવળજ્ઞાની ! તમે દ્રવ્યલિંગ સ્વીકાર કરો. જેથી હું તમને વંદના કરું અને તમારો નિષ્ક્રમણ ઉત્સવ કરું.' ભરતેશ્વરે પણ તે જ વખતે બાહુબલિની જેમ પંચમુષ્ટિક કેશોત્પાટનરૂપ દીક્ષાનું લક્ષણ અંગીકાર કર્યું; અર્થાત્ પંચમુષ્ટિ લોચ કર્યો અને દેવતાઓએ આપેલા રજોહરણ વિગેરે ઉપકરણો સ્વીકાર્યાં. ત્યારપછી ઇન્દ્રે તેમને વંદના કરી; કારણ કે **કેવળજ્ઞાન પ્રાપ્ત થયું હોય તોપણ અદીક્ષિત પુરુષની વંદના થાય નહીં એવો આચાર છે.** તે સમયે ભરતરાજાના આશ્રિત દશ હજાર રાજાઓએ પણ દીક્ષા લીધી; કેમકે તેવા સ્વામીની સેવા પરલોકમાં પણ સુખ આપનારી થાય છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

પછી પૃથ્વીના ભારને સહન કરનારા ભરતચક્રીના પુત્ર **આદિત્યયશાનો** ઇંદ્રે રાજ્યાભિષેક ઉત્સવ કર્યો.

ઋષભસ્વામીની જેમ મહાત્મા ભરતમુનિએ કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી ગ્રામ, ખાણ, નગર, અરણ્ય, ગિરિ અને દ્રોણમુખ વિગેરેમાં ધર્મદેશનાથી ભવી પ્રાણીને પ્રતિબોધ કરતાં, પરિવાર સહિત લક્ષપૂર્વ પર્યંત વિહાર કર્યો. પ્રાંતે તેમણે પણ અષ્ટાપદ ઉપર જઇ વિધિ સહિત ચતુર્વિધ આહારનું પ્રત્યાખ્યાન કર્યું. એક માસને અંતે ચંદ્ર શ્રવણનક્ષત્રનો હતો તેવે સમયે અનંતચતુષ્ક (અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર અને અનંત વીર્ય) સિદ્ધ થયાં છે જેમને એવા તે મહર્ષિ સિદ્ધિક્ષેત્રને પ્રાપ્ત થયા.

એવી રીતે ભરતેશ્વરે સિત્તોતેર પૂર્વલક્ષ કુમારપણામાં નિર્ગમન કર્યાં, તે વખતે ભગવાન ઋષભદેવજી પૃથ્વીનું પ્રતિપાલન કરતા હતા. ભગવંત દીક્ષા લઇ છદ્મસ્થ અવસ્થામાં એક હજાર વર્ષ રહ્યા, તેમ તેમણે એક હજાર વર્ષ માંડલિકપણામાં નિર્ગમન કર્યાં. એક હજાર વર્ષે ઓછા એવા છ લક્ષપૂર્વ તેમણે ચક્રવર્ત્તીપણામાં નિર્ગમન કર્યાં. કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી વિશ્વના અનુગ્રહને માટે દિવસે સૂર્યની જેમ તેમણે એક લાખ પૂર્વ સુધી પૃથ્વી ઉપર વિહાર કર્યો. એ પ્રમાણે ચોરાશી પૂર્વલક્ષ આયુષ્યને ભોગવી મહાત્મા ભરત મોક્ષપદ પામ્યા. તે વખતે તત્કાળ હર્ષ પામેલા દેવતાઓની સાથે સ્વર્ગપતિ ઇંદ્રે તેમનો મોક્ષમહિમા કર્યો,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

इत्याचार्य श्रीहेमचंद्रसूरिविरचिते महाकाव्ये प्रथमपर्वणि
मरीचिभवभाविशलाकापुरुषभगवन्निर्वाणवर्णनो
नाम षष्ठः सर्गः समाप्तः ॥६॥

स्वामिप्राग्भववर्णनं कुलकरोत्पत्तिः प्रभोर्जन्म चो-
द्वाहादिव्यवहारदर्शनमथो राज्यं व्रतं केवलम् ॥
चक्रित्वं भरतस्य मोक्षगमनं भर्त्तुः क्रमाच्चक्रिणो
प्यस्मिन् पर्वणि वर्णितं वितनुतात्पर्वाणि सर्वाणि वः ॥१॥

આ પ્રથમ પર્વમાં શ્રીઋષભદેવ પ્રભુના પૂર્વ ભવનું વર્ણન, કુલકરની ઉત્પત્તિ, પ્રભુનો જન્મ, વિવાહ, વ્યવહારદર્શન, રાજ્ય, વ્રત અને કેવળજ્ઞાન, ભરતરાજાનું ચક્રવર્ત્તીપણું, પ્રભુનું અને ચક્રીનું મોક્ષગમન–એ અનુક્રમે વર્ણવ્યું છે, તે તમારાં સર્વ પર્વો (ઉત્સવો) ને વિસ્તારો.

जैन साईट JAINSITE.com

**શ્રી ઋષભદેવ સ્વામી ચરિત્રપ્રતિબદ્ધ શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્રનું પ્રથમ પર્વ સમાપ્ત.**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

श्रीमदर्हते नमः

# श्री त्रिषष्टि शलाका पुरुष चरित्र

## पर्व बीजुं. सर्ग १ लो.

## श्री अजितनाथ चरित्र.

जयंत्यजितनाथस्य, जितशोणमणिश्रियः ।
नम्रेंद्रवदनादर्शाः, पादपद्मद्वयीनखाः ॥१॥

રાતા મણિઓની શોભાને જીતનારા અને નમતા એવા ઇંદ્રોના મુખને દર્પણરૂપ શ્રી અજિતનાથના બંને ચરણરૂપી કમળના નખ જયવંત વર્તે છે.

कर्माहिपाशनिर्नाश–जांगुलिमंत्रसंनिभम् ।
अजितस्वामिदेवस्य, चरितं प्रस्तवीम्यतः ॥२॥


[१]હવે કર્મરૂપી સર્પના પાશનો નાશ કરવામાં જાંગુલિમંત્ર સમાન અજિતનાથ-સ્વામીનું ચરિત્ર હું (હેમચંદ્રાચાર્ય) વર્ણવું છું.

સર્વ દ્વીપોની મધ્યમાં નાભિ સમાન એવા જંબૂદ્વીપના મધ્યભાગમાં, જ્યાં પ્રાયે દુઃષમસુષમા નામે ચતુર્થ આરો નિરંતર વર્તે છે એવું **મહાવિદેહ** નામે ક્ષેત્ર છે. તે ક્ષેત્રમાં સીતા નામે મહાનદીના દક્ષિણ તટ ઉપર ઘણી સમૃદ્ધિવાળો **વત્સ** નામે વિજય છે. પૃથ્વીમાં રહેલો સ્વર્ગપ્રદેશનો જાણે એક ભાગ હોય તેમ અદ્ભુત રમણિકતાને ધારણ કરતા તે વિજય (દેશ) શોભે છે, તેમાં ગામ ઉપર ગામ અને શહેર ઉપર શહેર વસેલાં હોવાથી શૂન્યતા ફક્ત આકાશમાં જ રહેલી હતી. ગામડામાં અને શહેરોમાં પરસ્પર ઘણી સંપત્તિ સરખી હોવાથી માત્ર રાજાના આશ્રયનો જ [२]તફાવત દેખાતો. ત્યાં ઠેકાણે ઠેકાણે જાણે ક્ષીરસમુદ્રમાંથી નીકળીને આવતી સેરોથી પૂરાઈ ગઈ હોય તેવી સ્વચ્છ અને સ્વાદિષ્ટ જળની વાપિકાઓ, મહાત્માઓનાં મન જેવાં સ્વચ્છ, મ્હોટાં અને જેનાં મધ્યભાગ (ઊંડાઈ) કળી શકાય નહીં તેવાં તળાવો અને મેદિનીરૂપી દેવીના પત્રવલ્લીના વિલાસને વિસ્તારતા લીલી વેલોવાળા બગીચા રહેલા હતા. ત્યાં ગામે ગામે

१ શ્રી આદીશ્વર ચરિત્ર કહ્યાથી અનંતર. २ શહેરમાં રાજા હોય અને ગામડામાં ન હોય એટલો જ તફાવત હતો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ।। श्री अजितनाथ ।।



अर्हन्तमजितं विश्व-कमलाकरभास्करम् :।
अम्लानकेवलादर्श-संक्रान्तजगतं स्तुवे ।।२।।

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વટેમાર્ગુની તૃષાને છેદનારા શેરડીઓના વાઢ, રસરૂપી જળના કુંભ જેવી શેરડીઓથી શોભતા હતા; દરેક ગોકુળે અંગવાળી જાણે દૂધની નદીઓ હોય તેવી દૂધના ઝરણાને ઝરનારી ગાયો પૃથ્વીતળને ભીંજવતી હતી અને દરેક માર્ગે જુગલિયા લોકોથી જેમ કુરુક્ષેત્રનાં કલ્પવૃક્ષો શોભે તેમ નીચે બેઠેલા વટેમાર્ગુઓથી ફળવાળાં વૃક્ષો શોભી રહ્યાં હતાં.

એ વિજયમાં પૃથ્વીને તિલક સમાન અને સંપત્તિઓના ભંડારરૂપ **સુસીમા** એવા યથાર્થ નામવાળી નગરી હતી. જાણે પૃથ્વીના મધ્યભાગમાંથી કોઈ અસુરદેવોનું નગર પ્રગટ થયું હોય તેમ અસાધારણ સમૃદ્ધિથી તે નગરરત્ન શોભતું હતું. તે નગરીની અંદર ઘરોમાં એકલી સ્ત્રીઓ સંચાર કરતી, તો પણ રત્નમય ભીંતોમાં તેમનાં પ્રતિબિંબ પડવાથી જાણે તે સખીઓ સહિત હોય તેવી જણાતી હતી. તેની ચોતરફ સમુદ્રરૂપ ફરતી ખાઈવાળો અને વિચિત્ર રત્નમય શિલાએ યુક્ત જગતીના કોટ જેવો કિલ્લો શોભતો હતો. મદજળને વર્ષતા હાથીઓના સંચારથી વરસાદના જળની માફક તે નગરના માર્ગની રજ શાંત થતી હતી. કુળવાન સ્ત્રીઓના ઘુમટાની અંદર પણ સૂર્યનાં કિરણો કુમુદિનીના ઉદરની જેમ અવકાશ પામતાં નહોતાં. ત્યાં ચૈત્યોની ઉપર ફરકતા ધ્વજાના છેડાઓ જાણે 'તું પ્રભુના ચૈત્ય ઉપર થઈને ન જા' એમ સૂર્યને વારંવાર વરતા હોય તેવા જણાતા હતા; આકાશને શ્યામ કરનારા અને જળથી પૃથ્વીને ભરપૂર કરનારા ઘણા ઉદ્યાનો, પૃથ્વી ઉપર આવેલા મેઘની જેવા લાગતા હતા અને જાણે મેરુપર્વતના કુમાર હોય તેવા આકાશપર્યંત ઊંચા શિખરવાળા સુવર્ણરત્નમય હજારો ક્રીડાપર્વત શોભતા હતા. જાણે ધર્મ, અર્થ અને કામે મિત્રતા કરી સાથે ક્રીડા કરવાને ઊંચા પ્રકારનું એક સંકેતસ્થાન કર્યું હોય તેવી તે નગરી જણાતી હતી. નીચે અને ઉપર (પાતાળ અને સ્વર્ગમાં) રહેલી ભોગાવતી અને અમરાવતીની મધ્યમાં રહેલી આ નગરી જાણે ઘણી સમૃદ્ધિથી તુલ્ય એવી તેની સહોદરા (બહેન) હોય તેવી શોભતી હતી.

તે નગરીમાં ચંદ્રની પેઠે નિર્મળ ગુણરૂપી કિરણોથી વિમળાત્મા એવો **વિમલવાહન** નામે રાજા હતો. પોષણ કરતો, પાલન કરતો, વૃદ્ધિ પમાડતો અને ગુણોમાં જોડતો તે વત્સલ રાજા પોતાની પ્રજાને અપત્યની પેઠે પાળતો હતો. તે ન્યાયવંત રાજા પોતાથી થયેલા અન્યાયને પણ સહન કરતો નહીં, કારણ કે **નિપુણ લોકો પોતાના અંગમાં થયેલા વ્રણની પણ ચિકિત્સા કરે છે.** એ મહાપરાક્રમી રાજા પવન જેમ વૃક્ષોને નમાવે તેમ ચારે તરફના રાજાઓનાં મસ્તકને લીલામાત્રમાં નમાવતો હતો. મહાત્મા તપોધન જેમ નાના પ્રકારના પ્રાણીવર્ગનું પાલન કરે તેમ પરસ્પર અબાધિતપણે તે ત્રિવર્ગનું પાલન કરતો હતો. વૃક્ષો જેમ ઉપવનને શોભાવે તેમ ઔદાર્ય, ધૈર્ય, ગાંભીર્ય અને ક્ષાંતિ વિગેરે ગુણો તેને પરસ્પર શોભાવતા હતાં. સૌભાગ્યધુરંધર અને પ્રસારતા એવા તેના ગુણો ચિરકાળે આવેલા મિત્રની પેઠે સર્વના કંઠમાં લગ્ન થતા હતા. પવનની ગતિની પેઠે તે પરાક્રમી નૃપતિનું, શાસન પર્વત, અરણ્ય અને દુર્ગાદિ પ્રદેશમાં પણ સ્ખલના પામતું નહોતું. સર્વ દિશાઓને આક્રાંત કરી જેનું પ્રચંડ તેજ પ્રસરતું છે એવા તે રાજાના ચરણ, સૂર્યની પેઠે સર્વ રાજાઓનાં મસ્તક ઉપર અથડાતા હતા. જેમ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે મહામતિ રાજાના સર્વજ્ઞ ભગવાન એક સ્વામી હતા તેમ તે સર્વ રાજાઓનો એક સ્વામી હતો. ઇંદ્રની પેઠે શત્રુઓના બળનો નાશ કરનાર–એક પરાક્રમવાળો તે રાજા નમ્ર થઈ સાધુપુરુષોને જ મસ્તક નમાવતો હતો. તે વિવેકી રાજાના શક્તિ જેમ બહારના શત્રુઓને જીતવામાં અતુલ હતી તેમ અભ્યંતર શત્રુ કામક્રોધાદિકને જીતવામાં પણ અતુલ હતી. પોતાના બળથી, જેવી રીતે ઉન્માર્ગગામી અને દુર્મદ એવા હાથી, ઘોડા વિગેરેને તે દમતો હતો તેવી રીતે ઉન્માર્ગગામી ઇન્દ્રિયગણને પણ તે દમતો હતો. પાત્રમાં આપેલું દાન છીપમાં પડેલા મેઘજળની પેઠે બહુ ફળદાયક થાય છે એમ ધારી તે દાનશીલ રાજા યથાવિધિ પાત્રમાં જ દાન આપતો હતો. જાણે પરપુરમાં પ્રવેશ કરતો હોય તેમ તે ધર્મવિત્ રાજા સર્વ ઠેકાણે પ્રજાવર્ગને ધર્મમાર્ગમાં જ પ્રવર્ત્તાવતો હતો. ચંદનવૃક્ષો જેમ મલયાચલની પૃથ્વીને વાસિત કરે તેમ તેણે પોતાના પવિત્ર ચરિત્રથી સર્વ જગતને સુવાસિત કર્યું હતું. શત્રુઓના જયથી, પીડિત જંતુઓના રક્ષણથી અને યાચકોને પ્રસન્ન કરવાથી તે રાજા યુદ્ધવીર, દયાવીર અને દાનવીર કહેવાતો હતો. એવી રીતે રાજધર્મમાં રહી, સ્થિર બુદ્ધિ રાખીને અને પ્રમાદને છોડીને સર્પરાજ જેમ અમૃતની રક્ષા કરે તેમ તે પૃથ્વીની રક્ષા કરતો હતો.

કાર્યાકાર્યને જાણનાર અને સારાસારને શોધનાર તે રાજાને એક દિવસે આ પ્રમાણે સંસારના વૈરાગ્યની વાસના ઉત્પન્ન થઈ–"અહો ! લાખો યોનિરૂપી મહા ઘુમરીઓમાં "પડવાના કલેશથી ભયંકર એવા આ સંસારરૂપી સમુદ્રને ધિક્કાર છે ! ઇંદ્રજાળ અને "સ્વપ્નજાળની પેઠે આ સંસારને વિષે ક્ષણવાર જોવામાં આવતા અને ક્ષણવારમાં નાશ "પામતા એવા પદાર્થોથી સર્વ જંતુઓ મોહ પામે છે એ કેવી ખેદકારક વાત છે ! યૌવન "પવને કંપાવેલા પતાકાના છેડાની પેઠે ચંચળ છે અને આયુષ્ય કુશાગ્ર ઉપર રહેલા "જળબિંદુની પેઠે ચલાચલ (નાશવંત) છે. એ આયુષ્યનો કેટલોક ભાગ ગર્ભાવાસની "અંદર નરકાવાસની પેઠે અત્યંત દુઃખે કરીને વ્યતીત થાય છે અને તે સ્થિતિના મહિ- "નાઓ પલ્યોપમની જેવડા થઈ પડે છે. જન્મ્યા પછી બાળવયમાં આયુષ્યનો કેટલો "ભાગ અંધની પેઠે પરાધીનપણામાં જ ચાલ્યો જાય છે; યૌવનવયમાં ઇંદ્રિયાર્થને આનંદ "આપનારા સ્વાદિષ્ટ રસના સ્વાદમાં જ આયુષ્યનો કેટલોક ભાગ ઉન્મત્ત માણસની પેઠે "વ્યર્થ જાય છે અને વૃદ્ધાવસ્થામાં ત્રિવર્ગ સાધવામાં અશક્ત થયેલા શરીરવાળા પ્રાણીનું "અવશેષ રહેલું આયુષ સૂતેલા માણસની પેઠે ફોકટ જાય છે. જેમ વિષયના "સ્વાદથી લંપટ થયેલો પુરૂષ રોગીની પેઠે રોગને માટે જ કલ્પાય છે તેમ આવી રીતે "જાણતાં છતાં પણ સંસારી જીવો સંસારમાં પરિભ્રમણ કરવાને માટે જ ચેષ્ટા કરે છે. "યૌવનમાં વિષયને માટે જેવી રીતે પ્રાણી પ્રયત્ન કરે છે તેવી રીતે જો મુક્તિને માટે "પ્રયત્ન કરે તો શું ન્યૂન રહે ? અહો ! કરોળીઓ જેમ પોતાની જ લાળના તંતુજાળમાં "વીંટાઈ જાય છે તેમ પ્રાણી પણ પોતાના જ કરેલા કર્મના પાશથી વીંટાઈ જાય છે. "સમુદ્ર મધ્યે યુગશમિલાપ્રવેશન્યાયની[1] પેઠે પ્રાણી પુણ્યના યોગે ઘણી મહેનતે મનુષ્ય-

[1] સ્વયંભૂરમણ સમુદ્રની અંદર પૃથક્ પૃથક્ દિશાએ બહુ અંતરે એક ધોંસરું અને તેમાં નાંખવાની ખીલીઓ જૂદી જૂદી નાંખી હોય તે દૈવયોગે અથડાતી અથડાતી ઘણે કાળે કદી ભેગી થાય અને ધોંસરાની અંદર સ્વયમેવ ખીલીઓ પણ પરોવાઈ જાય તે ન્યાય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"જન્મ મેળવે છે. તેમાં પણ આર્યદેશમાં જન્મ, સારા કુળની પ્રાપ્તિ અને ગુરુકુળસેવા "એવી દુષ્કર સામગ્રી પામ્યા છતાં પણ, જે પ્રાણી પોતાના કલ્યાણને માટે યત્ન કરતો "નથી તે તૈયાર રસોઈ મળ્યા છતાં ભૂખ્યા બેસી રહેનાર માણસ જેવો છે. ઊર્ધ્વગતિ "(સ્વર્ગાદિ) અને અધોગતિ (નર્કાદિ) બંને પોતાને આધીન છે, તો પણ જડબુદ્ધિ પ્રાણી "જળની પેઠે અધોમુખે જ દોડે છે. 'હું સમય આવશે એટલે સ્વાર્થને સાધીશ' "એવો વિચાર રાખીને ધર્મકાર્યથી દૂર રહેનારાઓને ધર્મકાર્ય કર્યા અગાઉ જ વગડામાં "તસ્કરની પેઠે યમદૂતો આવીને લઇ જાય છે. પાપ કરીને જેઓનું પોષણ કરેલું એવા "સર્વ સ્વજનોના જોતાં છતાં પણ કાળ, રાંક જેવા રક્ષણ રહિત જંતુને અકસ્માત્ "આવીને લઈ જાય છે. ત્યાંથી નરકગતિનો પ્રાપ્ત થયેલો પ્રાણી ત્યાં અનંત વેદના ભોગવે "છે, કારણ કે માણસને ઋણની માફક કર્મ પણ જન્માંતરમાં સાથે દોડનારા છે. આ "મારી માતા, આ મારો પિતા, આ મારો ભ્રાતા અને આ મારો પુત્ર એવી જે મમતા-"બુદ્ધિ છે તે મિથ્યા છે; કારણ કે આ શરીર પણ પોતાનું નથી. જુદા જુદા સ્થાન-"(ગતિ)થી આવેલા એવા એ માતાપિતાદિકની સ્થિતિ, વૃક્ષ પર આવી રહેલા પક્ષીની "પેઠે એક ઠેકાણે થયેલી છે; ત્યાંથી તેઓ, રાત્રે એક ઠેકાણે રહેલા વટેમાર્ગુઓ જેમ "સવારે જુદા-જુદા સ્થાન તરફ ચાલ્યા જાય છે તેમ જુદી જુદી ગતિમાં ચાલ્યા જાય છે. "પાણીના રેંટની માફક આ સંસારમાં જા-આવ કરતાં પ્રાણીઓને પોતાનો કે પારકો "કોઈ નથી; માટે ત્યાગ કરવાને યોગ્ય જ જે કુટુંબાદિક તેનો પ્રથમથી જ ત્યાગ કરવો "અને સ્વાર્થને માટે યત્ન કરવો; કારણ કે **સ્વાર્થભ્રષ્ટ થવું તે જ મૂર્ખતા કહેવાય** "છે. નિર્વાણ (મોક્ષ) લક્ષણવાળો એ સ્વાર્થ એકાંત અનેક સુખ આપનાર છે અને તે "મૂલોત્તરગુણવડે[1] કરીને સૂર્યના કિરણોની જેમ પ્રગટ થાય છે."

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

આવી રીતે રાજા ચિંતવતો હતો તેવામાં ચિંતામણિની જેમ શ્રીમાન્ **અરિંદમ** નામના સૂરિમહારાજા ઉદ્યાનમાં આવીને સમવસર્યા. તેમના આગમનની વાર્તા સાંભળીને જાણે અમૃતનો ઘુંટડો પીધો હોય તેમ રાજા હર્ષ પામ્યો. તત્કાળ મયૂરપત્રનાં છત્રોથી જાણે આકાશને મેઘ સહિત કરતો હોય તેમ તે સૂરિમહારાજાને વાંદવા ચાલ્યો. જાણે લક્ષ્મીદેવીનાં બે કટાક્ષો હોય તેવા બે ચામરો તેની બંને તરફ ઢોળાવા લાગ્યા. સુવર્ણના કવચવાળા હોવાથી જાણે સુવર્ણની પાંખોવાળા પક્ષીઓ હોય તેવા અને ગતિવડે પવનને જીતનારા વેગવંત ઘોડાઓથી તે સર્વ દિશાઓને રૂંધવા લાગ્યો. જાણે અંજનાચલના જંગમ શિખરો હોય તેવા મોટા હાથીઓના ભારથી પૃથ્વીતળને તે નમાવવા લાગ્યો. પોતાના સ્વામીના મનને જાણવાથી તેઓને મનઃપર્યવજ્ઞાન થયું હોય તેવા સામંત રાજાઓએ ભક્તિવડે તેને પરિવારિત કર્યો. બંદિલોકોના કોલાહલની જાણે સ્પર્ધા કરતા હોય તેવા આકાશમાં પ્રસરતા મંગલતૂર્યના શબ્દો દૂરથી જ તેનું આગમન સૂચવવા લાગ્યા. હાથણી ઉપર બેઠેલી શૃંગાર રસની નાયિકારૂપ હજારો વારાંગનાઓથી તે પરિવારિત થયો. હસ્તી ઉપર બેસીને એવી રીતે પ્રયાણ કરતો તે રાજા વૃક્ષોના સ્થાનરૂપ નંદનવન સમાન તે

---

૧ મોક્ષપ્રાપ્તિને પક્ષે મૂળગુણ પંચ મહાવ્રતાદિ અને ઉત્તરગુણ પિંડવિશુદ્ધિ વિગેરે. સૂર્યકિરણની વૃદ્ધિને પક્ષે મૂળ અને ઉત્તરા નક્ષત્ર.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉદ્યાન સમીપે આવ્યો. પછી રાજાઓમાં કુંજર સમાન રાજાએ હાથી ઉપરથી ઉતરીને સિંહ જેમ પર્વતની ગુફામાં પ્રવેશ કરે તેમ ઉદ્યાનમાં પ્રવેશ કર્યો અને આચાર્ય મહારાજાને જોયા.

તે આત્મારામ મહામુનિ વજ્રના બખ્તરની પેઠે કામદેવના બાણથી અભેદ્ય, રાગરૂપી રોગમાં ઔષધ સમાન, દ્વેષરૂપી શત્રુમાં દ્વિષંતપ (શત્રુઓને તપાવનાર), ક્રોધરૂપી અગ્નિમાં નવીન મેઘ સમાન, માનરૂપી વૃક્ષમાં ગજ સમાન, માયારૂપી સર્પિણીમાં ગરૂડ સમાન, લોભરૂપી પર્વતમાં વજ્ર સમાન, મોહરૂપી અંધકારમાં સૂર્ય સમાન, તપરૂપી અગ્નિમાં અરણિ સમાન, ક્ષમારૂપી સર્વસ્વના પૃથ્વી સમાન અને બોધિબીજરૂપી જળની એક નીક સમાન હતા. તેમની ચોતરફ સાધુઓનો સમુદાય બેઠેલો હતો; તેમાંના કોઈ ઉત્કટિક આસને બેઠા હતા, કોઈ વીરાસન કરી બેઠેલા હતા, કોઈ વજ્રાસનને સેવતા હતા, કોઈ પદ્માસનને બેઠેલા હતા, કોઈ ગોદોહિક આસનથી રહેલા હતા, કોઈ ભદ્રાસને રહ્યા હતા, કોઈ દંડાસન કરી બેઠા હતા, કોઈ વલ્ગુલિક આસન કરી રહ્યા હતા, કોઈ ક્રૌંચપક્ષીવત્ આસન કરી બેઠા હતા, કોઈ હંસાસન કરી રહ્યા હતા, કોઈ પર્યંકાસને બેઠા હતા, કોઈ ઉષ્ટ્રાસન કરી બેઠા હતા, કોઈ ગરૂડાસન કરી રહ્યા હતા, કોઈ કપાલીકરણ કરી બેઠા હતા, કોઈ આમ્રકુબ્જાસને રહ્યા હતા, કોઈ સ્વસ્તિકાસન ધારણ કરી બેઠા હતા, કોઈ દંડપદ્માસન કરી રહ્યા હતા, કોઈ સોપાશ્રય આસને રહ્યા હતા, કોઈ કાયોત્સર્ગે રહ્યા હતા અને કોઈ વૃષભાસન કરી રહ્યા હતા. રણભૂમિમાં સુભટોની પેઠે વિવિધ ઉપસર્ગોને સહન કરતા તેઓ પોતાના શરીર ઉપર પણ નિરપેક્ષપણું રાખીને પોતાના પ્રતિશ્રવ (અંગીકૃત) નો નિર્વાહ કરતા હતા, અંતરંગ શત્રુઓને જીતતા હતા, પરિષહને સહન કરતા હતા અને તપધ્યાનમાં તેઓ સમર્થ હતા. રાજાએ આચાર્ય પાસે આવી વંદના કરી, તે વખતે થયેલી પુલકાવળીના મિષથી જાણે અંકુરિત થયેલી ભક્તિને ધારણ કરતો હોય તેવો તે જણાતો હતો. આચાર્ય મહારાજાએ મુખ પાસે મુખવસ્ત્રિકા રાખી સર્વ કલ્યાણની માતારૂપ 'ધર્મલાભ' એવી આશિષ આપી. પછી કાચબાની પેઠે શરીર સંકોચી, અવગ્રહભૂમિ છોડીને રાજા અંજલિ જોડી ગુરુમહારાજાની આગળ બેઠો અને એકતાનવાળું મન કરી ઈંદ્ર જેમ તીર્થંકર પાસેથી દેશના સાંભળે તેમ આચાર્યવર્ય પાસેથી દેશના સાંભળી. શરદૃઋતુથી જેમ ચંદ્રની ઉજ્વલતા વિશેષ થાય તેમ તે દેશનાથી રાજાને ભવવૈરાગ્ય વિશેષ થયો. પછી આચાર્યના ચરણને વાંદી, અંજલિ જોડી, વિનયગર્ભિણી ગિરાથી રાજાએ આ પ્રમાણે કહ્યું—

"હે ભગવંત! સંસારરૂપી વિષવૃક્ષના અનંત દુઃખ રૂપ ફળનો અનુભવ કરતાં છતાં પણ મનુષ્યો વૈરાગ્યને ભજતા નથી, તેમ છતાં આપને સંસારને વિષે વૈરાગ્ય કેમ ઉત્પન્ન થયો? તેમાં કાંઈ પણ આલંબન કારણભૂત હોવું જોઈએ. માટે આપ કૃપા કરીને કહો.' તેણે એવી રીતે પૂછવાથી પોતાના દાંતનાં કિરણોની ચંદ્રિકાથી આકાશતળને ઉજ્જવળ કરતાં આચાર્ય મહારાજા પ્રસન્ન થઈને બોલ્યા-'હે નૃપ! આ સંસારમાં બુદ્ધિવંતને સર્વ વૈરાગ્યનાં જ કારણ છે, તેમાં કોઈ ને કોઈ કારણ વૈરાગ્યના હેતુવિશેષપણે થાય છે. હું પૂર્વે ગૃહવાસમાં હતો ત્યારે એક દિવસે હાથી, ઘોડા, રથ અને પાયદળ સહિત દિગ્-વિજય કરવાને નીકળ્યો. તેવામાં માર્ગની અંદર ચાલતાં એક ઘણો સુંદર બગીચો મારા જોવામાં આવ્યો. વિશાળ વૃક્ષોની છાયાથી મનોહર એવો તે બગીચો, જગતમાં ભ્રમણ કરવાથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ખેદ પામેલી લક્ષ્મીનું જાણે વિશ્રામગૃહ હોય તેવો જણાતો હતો. કંકોલ વૃક્ષોના ચપલ પલ્લવોથી જાણે નાચતો હોય, વિકાસ પામેલી મલ્લિકાના પુષ્પગુચ્છોથી જાણે હસતો હોય, ખીલેલા કદંબપુષ્પના સમૂહથી જાણે રોમાંચિત થયો હોય, ફુલોના કેતકી પુષ્પોરૂપી નેત્રોથી જાણે જોતો હોય, પોતાની શાલ અને તાડના વૃક્ષરૂપી ઊંચી ભુજાઓથી જાણે દૂરથી સૂર્યના તપ્ત કિરણોને ત્યાં પડતાં નિષેધ કરતો હોય, વડના વૃક્ષોથી જાણે વટેમાર્ગુઓને ગુપ્તસ્થાન આપતો હોય, નીકોથી જાણે પગલે પગલે પાદ્યને તૈયાર કરતો હોય, ઝરતા પાણીના રેંટયંત્રોથી જાણે વર્ષાદને સાંકળતો હોય. ગુંજારવ કરતા મધુકરોના અવાજથી જાણે વટેમાર્ગુઓને બોલાવતો હોય અને તેની મધ્યે રહેલા તમાલ, તાલ, હિંતાલ અને ચંદનનાં વૃક્ષોથી જાણે સૂર્યનાં કિરણોનાં ત્રાસથી અંધકારે તેને સેવ્યો હોય તેવો તે બગીચો જણાતો હતો. આંબા, ચંબેલી, પુન્નાગ, નાગકેસર અને કેશરનાં વૃક્ષોથી જગતમાં સૌગંધ્ય લક્ષ્મીના એકછત્ર રાજ્યને તે વિસ્તારતો હતો; તાંબૂલ, ચારોલી અને દ્રાક્ષના વેલાઓના અતિ વિસ્તાર પામેલા સમૂહથી તે યુવાન પાંથોને માટે યત્ન સિવાય રતિમંડપોનો વિસ્તાર કરતો હતો અને મેરુપર્વતની તળેટીથી જાણે ભદ્રશાળ વન ત્યાં આવેલું હોય તેવો અત્યંત મનોહર તે વખતે જણાતો હતો. દિગ્વિજય કરીને ઘણે કાળે સેના સહિત પાછો હું તે બગીચા સમીપે આવ્યો, ત્યારે વાહનથી ઉતરી કૌતુકવડે પરિવાર સહિત તેમાં પેઠો. તે સમયે તે બગીચો જુદા જ પ્રકારનો મારા જોવામાં આવ્યો. તે વખતે હું ચિંતવવા લાગ્યો કે 'શું ભ્રાંતિથી હું બીજે સ્થળે આવ્યો ? આ શું બધું ફરી ગયું ? આ ઈંદ્રજાળ તો નહીં હોય ? સૂર્યકિરણોના પ્રસારને વારનારી તે પત્રલતા ક્યાં અને તાપની એકછત્ર રૂપ અપત્રતા (પત્ર રહિતપણું) ક્યાં ? તે કુંજની અંદર વિશ્રાંતિ લેતી રમણીઓની રમણીયતા ક્યાં અને આ નિદ્રા લેતા અજગરોથી દારૂણપણું ક્યાં ? તે મોર અને કોયલ વિગેરેના મધુર આલાપ ક્યાં અને આ ચપળ એવા કાગડાના કઠોર અવાજથી થયેલ વ્યાકુળતા ક્યાં ? તે લાંબા લટકતા આર્દ્ર વલ્કલ વસ્ત્રોનું ગાઢપણું ક્યાં અને આ સૂકી શાખાઓ ઉપર હીંચકા લેતા ભુજંગો ક્યાં ? ખુશબોદાર પુષ્પોએ સુગંધી કરેલી તે દિશાઓ ક્યાં અને આ ચકલી, કપોત અને કાગડા વિગેરેની વિષ્ટાની દુર્ગંધતા ક્યાં ? પુષ્પરસના ઝરણાંથી છંટકાયેલી તે ભૂમિ ક્યાં અને જાજવલ્યમાન ભઠ્ઠી ઉપર સેકેલી રેતીના જેવી આ સંતાપકારી રજ ક્યાં ? ફળોના ભારથી નમેલા તે વૃક્ષ ક્યાં અને મૂળમાં ઉધઈ ચડવાથી પડી ગયેલા આ વૃક્ષો ક્યાં ? અનેક વલ્લીઓના વલયની લટોથી બનેલી તે વાડો ક્યાં અને સર્પોએ મૂકેલી કાંચળીઓથી ભયંકર થયેલી આ વાડો ક્યાં ? વૃક્ષોનાં તળીયામાં વ્યાપ્ત થયેલાં પુષ્પોના ઢગલા ક્યાં અને ઉત્પન્ન થયેલા સ્થળના આ ઉત્કટ કાંટા ક્યાં ?' આવી રીતે તે બગીચો વિસદૃશ જોવામાં આવ્યો, તેથી મને વિચાર આવ્યો કે 'આ બગીચો જેમ હાલ જૂદી રીતનો થઈ ગયો છે તેમ સર્વ સંસારી જીવોની સ્થિતિ પણ આવી જ છે. જે માણસ પોતાના સૌંદર્યથી કામદેવના જેવો દેખાતો હોય તેનો તે જ માણસ જ્યારે ભયંકર રોગે ગ્રસ્ત થાય છે ત્યારે કંગાળ જેવો લાગે છે; જે માણસ છટાદાર વાણીથી બૃહસ્પતિ જેવું બોલી શકે છે તે જ માણસ કોઇ કાળે જિહ્વા સ્ખલિત થવાથી અત્યંત મૂંગો બની જાય છે, જે માણસ પોતાની ચાલવાની શક્તિથી જાતિવંત અશ્વની પેઠે આચરણ કરે છે તે માણસ કોઇ કાળે વાયુ વિગેરે રોગથી ગતિભગ્ન થઇ પાંગળો બની જાય છે, પોતાના પરાક્રમી હસ્તથી જે માણસ

www.jainsite.com          For Private & Personal Use Only          info@jainsite.com

હસ્તિમલ્લ જેવા આચરણ કરે છે તે જ માણસ રોગાદિકથી અસમર્થહસ્ત થતાં ઠૂંઠો થઈ જાય છે, પોતાની દૂરદર્શી શક્તિથી જે ગીધપક્ષીની પેઠે આચરણ કરે છે તે જ પ્રાણી પરોપદર્શનમાં અશક્ત થઈ આંધળો બની જાય છે. અહો ! પ્રાણીઓનાં શરીર ક્ષણવારમાં રમ્ય, ક્ષણમાં અરમ્ય, ક્ષણમાં ક્ષમ, ક્ષણમાં અક્ષમ, ક્ષણમાં દૃષ્ટ અને ક્ષણમાં અદૃષ્ટ થઈ જાય છે ! !' આવી રીતે ચિંતવતા મને, જપ કરનારને મંત્રશક્તિની પેઠે સંસારવૈરાગ્ય ધારાધિરૂઢ થયો. પછી તૃણમાં અગ્નિ સમાન અને નિર્વાણપ્રાપ્તિમાં ચિંતામણિ રત્ન સમાન મહાવ્રતરૂપ ચરિત્રને મેં એ મહામુનિની પાસે ગ્રહણ કર્યું. "

તેઓ એ પ્રમાણે બોલી રહ્યા એટલે ફરીથી આચાર્યવર્ય અરિંદમને પ્રણામ કરી, વિવેકી અને ભક્તિવંત રાજા આ પ્રમાણે બોલ્યો–"નિરીહ અને મમતા રહિત આપના જેવા પૂજ્ય સત્પુરુષો અમારા જેવાના પુણ્યથી જ આ પૃથ્વી પર વિહાર કરે છે. અતિશય તૃણથી આચ્છાદાન થયેલા અંધકૂપમાં ગાયની પેઠે લોકો આ અતિ ઘોર સંસારમાં વિષય-સંબંધી સુખના ભ્રમવડે પડે છે; તેમાંથી પ્રાણીઓની રક્ષા કરવાને આપ દયાળુ ભગવંત પ્રતિદિન ઘોષણાની પેઠે દેશના આપો છો. આ અસાર સંસારમાં ગુરુની વાણી જ પરમ સાર છે, પણ અતિ પ્રિય એવાં સ્ત્રી, પુત્ર અને બંધુઓ સારરૂપ નથી. હવે મારે વિદ્યુત લેખા જેવી ચંચળ લક્ષ્મી, સેવતાં જ માત્ર મધુર એવા વિષ સમાન વિષયો અને ફક્ત આ લોકોમાં જ મિત્ર સમાન એવાં સ્ત્રી–પુત્રથી સર્યું ! તેઓની મારે કાંઈ જરૂર નથી, માટે હે ભગવન્ ! સંસારસમુદ્રને તરવામાં નૌકા સમાન એવી દીક્ષા મને આપો અને મારી ઉપર પ્રસન્ન થાઓ. હું નગરમાં જઈ મારા પુત્રને રાજ્ય સોંપીને આવું ત્યાં સુધી આપ દયાળુ પૂજ્યપાદે આ સ્થાન અલંકૃત કરવું."

JAINSITE .com

પછી ઉત્સાહ કરનારી ગિરાથી આચાર્યે કહ્યું–"હે રાજન્ ! તમારી ઇચ્છા ઉત્તમ છે. પૂર્વ જન્મના સંસ્કારને લીધે પ્રથમથી જ તમે તત્ત્વ જાણનાર છો તેથી દૃઢ માણસને હાથનો ટેકો આપવાની જેમ તમને દેશના આપવી તે હેતુમાત્ર છે. ગોપાળકના વિશેષપણે કરીને જેમ ગાય કામધેનુ સમાન થાય છે તેમ તમારા જેવા પુરુષોએ ગ્રહણ કરેલી દીક્ષા તીર્થંકરપણા સુધીના ફળને આપે છે. તમારી ઇચ્છા પૂર્ણ કરવાને માટે અમે અહીં જ રહીશું, કારણ મુનિઓ ભવ્ય જનોના ઉપકારને માટે જ વિચરે છે.' એવી રીતે સૂરિ-મહારાજાએ કહ્યું એટલે રાજાઓમાં સૂર્ય સમાન તે રાજા તેમને પ્રણામ કરીને ઊભો થયો; કેમકે **મનસ્વી પુરુષો નિશ્ચિત કાર્યમાં આળસ કરતા નથી.** રાજાનું ચિત્ત જો કે આચાર્યના ચરણકમલમાં લગ્ન થયું હતું, તો પણ હઠથી જેમ દુર્ભગા સ્ત્રીની પાસે જાય તેમ પોતાના મંદિર તરફ ગયો. ત્યાં સિંહાસન ઉપર બેસી પોતાના રાજ્યરૂપી ભુવનના સ્તંભરૂપ મંત્રીઓને આ પ્રમાણે કહ્યું:—

"હે મંત્રીઓ ! આમ્નાય (પરંપરા) થી જેમ આ રાજ્યરૂપી ગૃહમાં અમે રાજા છીએ તેમ સ્વામીના અર્થમાં એક મહાવ્રતવાળા તમે મંત્રીઓ છો. તમારા મંત્રબળથી જ મેં આ મેદિનીને સાધી છે; તેમાં અમારી ભુજાબળનો ઉપક્રમ ફક્ત નિમિત્ત માત્ર છે. ભૂમિનો ભાર જેમ ઘનોદધિ, ઘનવાત અને તનુવાતે ધારણ કરેલો છે તેમ તમે આ મારી ભૂમિનો ભાર ધારણ કર્યો છે. હું તો દેવતાની પેઠે વિષયની આસક્તિમાં પ્રમાદી થઈ

રાત્રિ દિવસ વિવિધ ક્રીડાના રસમાં મગ્ન થયેલો હતો. રાત્રિએ દીવાથી જેમ ખાડો જણાય તેમ અનંત ભવમાં દુઃખ આપનાર આ પ્રમાદ, ગુરુના પ્રસાદરૂપી દીવાથી આજે મારા જાણવામાં આવ્યો છે. મેં અજ્ઞાનથી ઘણા કાળ સુધી આ આત્માને આત્માવડે જ વંચિત કર્યો છે, કારણ કે પ્રસરતા અંધકારમાં ચક્ષુવાળો પુરુષ પણ શું કરી શકે ? અહો ! આટલા કાળ સુધી આ દુર્દમ એવી ઇંદ્રિયો તોફાની ઘોડાની પેઠે મને ઉન્માર્ગમાં લઈ ગઈ. દુષ્ટ બુદ્ધિવાળા મેં વિભિતક (ભીલામાનું ઝાડ) વૃક્ષની છાયાની સેવા જેવી પરિણામે અનર્થ આપનારી આ વિષયસેવા અદ્યાપિ પર્યંત કરી. ગંધહસ્તી જેમ બીજા હાથીઓને મારે તેમ બીજાના પરાક્રમને નહીં સહન કરનારા એવા મેં દિગ્વિજયમાં નિરપરાધી રાજાઓને માર્યા. બીજા રાજાઓની સાથે સંધિ વિગેરે છ ગુણોને નિરંતર જોડનારો જે હું તેની તાડવૃક્ષની છાયાની જેમ સત્ય વાણી કેટલી ? અર્થાત્ બીલકુલ નહીં. મેં જન્મથી બીજા રાજાઓના રાજ્યને છીનવી લેવામાં અદત્તાદાન જ આદર્યું છે. રતિસાગરમાં મગ્ન થયેલા મેં કામદેવનો જાણે શિષ્ય હોઉં તેમ નિરંતર અબ્રહ્મચર્ય જ આદર્યું છે. પ્રાપ્ત થયેલા અર્થોથી અતૃપ્ત અને અપ્રાપ્ત અર્થો ગ્રહણ કરવાની ઈચ્છાવાળો જે હું તેને આટલા કાળ સુધી બળવાન મૂર્છા પ્રાપ્ત થયેલી હતી. સ્પર્શ કરેલો એક પણ ચાંડાળ જેમ અસ્પૃશ્યપણાનો કરનાર છે તેમ હિંસા વિગેરે પાપકાર્યોમાંથી એક પાપકાર્ય પણ દુર્ગતિનું કારણ છે; માટે આજે વૈરાગ્યવડે ગુરુની પાસે પ્રાણાતિપાત વિગેરે પાંચ પાપના સ્થાનથી હું વિરામ પામીશ. (પાંચ મહાવ્રત લઈશ.) સાયંકાળે સૂર્ય જેમ પોતાનું તેજ અગ્નિમાં આરોપે તેમ હું મારા **કવચહર** કુમાર ઉપર આ રાજ્યભાર આરોપણ કરીશ. તમારે મારી પેઠે આ કુમાર તરફ પણ ભક્તિભાવે વર્તવું; અથવા તમને આવી શિક્ષા આપવાની જરૂર જ નથી, કારણ કે જાતિવંતનું એવું શીલ જ હોય છે."

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

મંત્રીઓએ કહ્યું—"સ્વામિન્ ! દૂરમોક્ષ[1] પ્રાણીઓને કયારે પણ આવી બુદ્ધિ થતી નથી. પરાક્રમથી જાણે ઇંદ્રો હોય તેવા તમારા પૂર્વજો જન્મથી માંડીને અખંડ શાસનવડે આ પૃથ્વીને સાધતા હતા પણ જ્યારે અનિશ્ચિત શક્તિવાળા થતા ત્યારે તેઓ થુંકની પેઠે રાજ્યને છોડી દઈ ત્રણ રત્નોથી પવિત્રિત એવા વ્રતને ગ્રહણ કરતા હતા. આપ મહારાજા આ પૃથ્વીના ભારને પોતાની ભુજાના પરાક્રમે ધારણ કરો છો. તેમાં ઘરની અંદર કદલીના સ્તંભની પેઠે અમે ફક્ત શોભારૂપ થઈ રહેલા છીએ. આ સામ્રાજ્ય જેમ આપને કુળક્રમાગત પ્રાપ્ત થયેલું છે તેવી રીતે અવદાન (પરાક્રમ) સહિત અને નિદાન (નિયાણું) રહિત એવું વ્રતનું ગ્રહણ પણ ક્રમાગત પ્રાપ્ત થયેલું છે. જાણે આપનો બીજો ચેતન હોય તેવો આ કુમાર પૃથ્વી ભારને લીલા કમળની પેઠે ધારણ કરવાને સમર્થ છે. આપને મોક્ષફળવાળી દીક્ષા ગ્રહણ કરવી હોય તો ખુશીથી ગ્રહણ કરો. આપ સ્વામી ઉચ્ચ પ્રકારની ઉન્નતિને પ્રાપ્ત થાઓ તે જ અમારે ઉત્સવ છે ! ! તીક્ષ્ણ ન્યાયમાં નિષ્ઠાવાળા અને સત્વ તથા પરાક્રમથી શોભતા એવા આ કુમારવડે આપની પેઠે આ પૃથ્વી રાજન્વતી થાઓ !" આવાં તેમનાં અનુજ્ઞાવચનથી મુદિત થયેલા મેદિનીપતિએ છડીદાર પાસે શીઘ્રપણે કુમારને બોલાવ્યો. જાણે મૂર્તિમાન્ કામદેવ હોય તેવો તે કુમાર રાજહંસની પેઠે ચરણન્યાસ કરતો

૧. મોક્ષે જવું જેને દૂર (લાંબે કાળે) છે તેવા.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યાં આવ્યો. સાધારણ પાળાની પેઠે રાજાને ભક્તિથી પ્રણામ કરી, અંજલિ જોડી યથાસ્થાને તે બેઠો. અમૃતરસના જેવી સારદૃષ્ટિથી જાણે અભિસિંચન કરતા હોય તેમ કુમારને આનંદ સહિત જોતાં રાજા આ પ્રમાણે બોલ્યા—

"હે વત્સ ! આપણા વંશના પૂર્વરાજાઓ દયાબુદ્ધિથી નિર્લોભી થઇને વનમાં એકલી રહેલી ગાયની પેઠે આ પૃથ્વીનું પાલન કરતા હતા. જ્યારે પુત્રો સમર્થ થતા ત્યારે તેઓ ધુર્ય વૃષભની પેઠે તેમની ઉપર પૃથ્વીના ભારને આરોપણ કરતા હતા, અને પોતે આ ત્રણ જગતમાં સર્વ વસ્તુને અનિત્ય જાણી શાશ્વતપદ (મોક્ષ) ને માટે તૈયાર થતા હતા. આપણો કોઈ પૂર્વજ આટલી વાર સુધી ગૃહવાસમાં રહ્યો નથી, છતાં ગૃહસ્થાશ્રમમાં મૂઢ થયેલો હું આટલીવાર સુધી રહ્યો એ મારો કેટલો પ્રમાદ કહેવાય ? હે પુત્ર ! હવે તું આ રાજ્યભારને ગ્રહણ કર; તારાથી નિર્ભાર થયેલો હું વ્રત ગ્રહણ કરીશ અને આ ભવસાગરને તરી જઇશ."

રાજાની એવી વાણીથી હિમવડે કમળકોશની પેઠે ગ્લાનિ પામેલો કુમાર નેત્રકમળમાં આંસુ લાવી બોલ્યો-"હે દેવ ! મારા કયા અપરાધથી અકસ્માત્ મારા ઉપર તમારી અવકૃપા થઈ કે જેથી પોતાના આત્માને-તમારા પાળારૂપ માનનારા એવા આ પુત્રને-આપ આવો આદેશ કરો છો ? અથવા આ પૃથ્વીએ તમારો કાંઈ અપરાધ કર્યો છે કે જેથી ઘણા કાળ સુધી રક્ષણ કરેલી તે પૃથ્વીનો હમણાં તૃણની પેઠે ત્યાગ કરો છો ? આપ પૂજ્ય પિતા વિના મારે આ રાજ્યનું કામ નથી, કારણ કે જળથી ભરેલું સરોવર પણ જો કમળ રહિત હોય તો તે ભમરાઓને શા કામનું ? અહો ! આજે મારું દૈવ પ્રતિકૂળ થયું ! મારી મંદભાગ્યતા પ્રગટ થઇ ! જેથી લોષ્ટની પેઠે મને છોડી દેતા એવા પિતાશ્રી મને આવી આજ્ઞા કરે છે ! હું આ પૃથ્વીને કોઇ પણ રીતે ગ્રહણ નહીં કરું અને તેમ કરતાં ગુરુની આજ્ઞાનું ઉલ્લંઘન થવાનું પ્રાયશ્ચિત આચરીશ."

પોતાની આજ્ઞાનો લોપ કરનારી અને સત્વસારવાળી તે પુત્રની આવી વાણી સાંભળી ખેદ પામેલો અને પ્રસન્ન થયેલો મહીપતિ બોલ્યો-"તું મારો પુત્ર છે, તે સાથે સમર્થ, વિદ્વાન્ અને વિવેકી છે; તે છતાં સ્નેહમૂળ અજ્ઞાનથી વિચાર કર્યા સિવાય આમ કેમ બોલે છે ? કુલીન પુત્રોને ગુરુજનની આજ્ઞા વિચાર કરવાને પણ યોગ્ય નથી, તો આ મારી વાણી તો યુક્તિ સહિત છે; માટે તું વિચારીને તે કબૂલ કર. પુત્ર ભાર વહન કરવાને યોગ્ય થતાં પિતા ભાર રહિત થાય જ છે, કારણ કે સિંહણ પોતાને બાળપુત્ર થતાં જ નિર્ભય થઇને સૂએ છે. હે વત્સ ! તારી રજા સિવાય પણ મોક્ષની ઇચ્છાવાળો જે હું તે આ પૃથ્વીને છોડી દઇશ; કેમકે હું કાંઈ તારાથી પરતંત્ર નથી. પછી તારે વિલખતી એવી આ અનાથ પૃથ્વીને તો ધારણ કરવી જ પડશે, પણ વધારામાં મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરવાથી થનારું પાપ પ્રાપ્ત થશે; માટે હે પુત્ર ! ભક્તિનિષ્ઠ એવા તારે વિચારીને કે વિચાર કર્યા વિના મને સુખકારી એવું આ મારું વચન કબૂલ કરવું પડશે."

પછી મંત્રીઓએ કહ્યું-"હે કુમાર ! સ્વભાવે વિવેકી એવા તમારું આ કહેવું જો કે સમીચીન છે તો પણ તમારા પૂજ્ય પિતાએ જે કહ્યું તે કબૂલ કરો; કારણ કે **ગુરુની આજ્ઞા અંગીકાર કરવી તે સર્વ ગુણથી અધિક ગુણ છે.** આપના પિતાએ પણ

જૈન સાહિત્ય JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમના પિતાનું વચન માન્ય કર્યું હતું તે અમે જાણીએ છીએ. જેનું વચન ઉલ્લંઘન કરી શકાય નહીં એવા આ લોકમાં પિતાથી બીજો કોણ અધિક છે?"

પિતાનું તથા મંત્રીઓનું એ પ્રમાણે કથન સાંભળી, પોતાની ગ્રીવા નમાવી 'મારે સ્વામીનો આદેશ પ્રમાણ છે' એવું રાજકુમાર ગદ્‌ગદ્ સ્વરે બોલ્યો. તે સમયે ચંદ્રથી જેમ કુમુદ અને મેઘથી જેમ મયૂર તેમ આજ્ઞા પાળનારા પોતાના કુમારથી રાજા ખુશી થયો. એવી રીતે પ્રસન્ન થયેલા રાજાએ અભિષેક કરવાને યોગ્ય એવા પોતાના સિંહાસન ઉપર કુમારને સ્વહસ્તે બેસાર્યો. પછી તેમની આજ્ઞાથી મેઘની પેઠે સેવકપુરુષો તીર્થોનાં પવિત્ર જળ લાવ્યા, એટલે ઊંચે સ્વરે મંગળવાજિંત્ર વાગતે સતે મહારાજાએ કુમારના મસ્તક ઉપર અભિષેક કર્યો. તે વખતે બીજા સામંત રાજાઓ પણ આવીને અભિષેક કરવા લાગ્યા અને નવા ઉદય પામેલા આદિત્યની પેઠે ભક્તિથી તેને નમસ્કાર કરવા લાગ્યા. પિતાની આજ્ઞાથી તેણે શ્વેત વસ્ત્રો ધારણ કર્યાં, તેથી શરદ્‌ઋતુનાં શુભ્ર વાદળાંથી પર્વત શોભે તેમ તે શોભવા લાગ્યો. પછી વારાંગનાઓએ આવીને જાણે નિર્મળ ચંદ્રિકાનું પૂર હોય તેવા ગોશીર્ષચંદનથી તેને સર્વ અંગે વિલેપન કર્યું અને સ્વર્ગમાંથી આકર્ષણ કરેલા નક્ષત્રગણને પરોવીને બનાવ્યા હોય તેવાં મુક્તામય આભૂષણો તેણે ધારણ કર્યાં. જાણે મહાપ્રચંડ એવો પોતાનો પ્રતાપ હોય તેવા માણિક્યના તેજથી જવલાયમાન મુગટ તેના મસ્તક ઉપર રાજાએ પોતે પહેરાવ્યો; અને ક્ષણવારમાં જાણે યશ પ્રગટ હોય તેવું નિર્મળ છત્ર તેના શિર ઉપર આરોપણ કર્યું. બંને પડખે રાજ્યસંપત્તિરૂપી લતાનાં પુષ્પોને જાણે સૂચવતા હોય તેવા ચામરો વારાંગનાઓ વીંજવા લાગી. પછી મહારાજાએ સ્વહસ્તે તેના લલાટમાં ઉદયાચળની ચૂલિકા ઉપર રહેલા ચંદ્રના જેવું ચંદનનું તિલક કર્યું. એવી રીતે કુમારને પરમહર્ષથી રાજ્ય ઉપર બેસારી, લક્ષ્મીની રક્ષાનો જાણે મંત્ર હોય તેવી આ પ્રમાણેની શિક્ષા રાજાએ આપી—"હે વત્સ! હવે તું પૃથ્વીનો આધાર થયો છે અને તારો આધાર કોઈ નથી, માટે પ્રમાદ છોડીને તારા પોતાના આત્માથી તેને ધારણ કરજે. હમેશાં આધાર શિથિલ થતાં આધેય ભ્રષ્ટ થાય છે, તેથી વિષયના અતિપ્રસંગથી થયેલી શિથિલતાથી તું તારી રક્ષા કરજે. યૌવન, રૂપ અને સ્વામીપણું તે એક એક પણ પ્રમાદનાં કારણ છે અને બુદ્ધિવાનની કાર્યસિદ્ધિને નાશ કરનારાં છે એમ જાણજે. કુળક્રમથી આવેલી છતાં પણ દુરારાધ્ય અને છળની ગવેષણા કરનારી આ લક્ષ્મી રાક્ષસીની પેઠે પ્રમાદી પુરુષને છળે છે. ઘણા કાળનો સ્નેહ પણ એ લક્ષ્મીની સ્થિરતાને માટે થતો નથી, તેથી જ્યારે અવસર આવે છે ત્યારે તે સારિકા (સોગટી) ની પેઠે તત્કાળ બીજે સ્થાને ચાલી જાય છે. કુલટાની પેઠે અપવાદનો પણ ભય નહીં ધારણ કરતી એ લક્ષ્મી સુસની પેઠે જાગતા એવા પોતાના પ્રમાદી પતિને છોડી દે છે. એ લક્ષ્મીને કદાપિ રક્ષણ સંબંધી દાક્ષિણ્ય તો થતું જ નથી; પણ તે વાંદરીની પેઠે ઠેકીને બીજા સ્થાનમાં ચાલી જાય છે. નિર્લજ્જતા, ચપલતા અને નિઃસ્નેહપણું એ સિવાય બીજા ઘણા દોષો તેનામાં રહેલા છે અને જળની પેઠે નીચ તરફ જવું એ તો એની પ્રકૃતિ છે, એમ લક્ષ્મી સર્વ દોષમય હોવા છતાં પણ સૌ કોઈ તેને માટે પ્રયત્ન કરે છે. ઇંદ્ર પણ લક્ષ્મીમાં આસક્ત છે તો મનુષ્યની શી વાત? તેને સ્થિર કરવામાં જાણે પહેરેગીર હોય તેમ તું નીતિ અને પરાક્રમથી સંપન્ન થઈ સદા જાગૃત રહેજે. લક્ષ્મીની ઇચ્છાવાળા છતાં પણ તારે અલુબ્ધ થઈ

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ પૃથ્વી પાળવી; કારણ કે **સૌભાગી પુરુષને સ્ત્રીઓની પેઠે અલુબ્ધ પુરુષને લક્ષ્મી હમેશાં અનુગત રહે છે.** ગ્રીષ્મઋતુના સૂર્યની પેઠે અતિ પ્રચંડપણું ધારણ કરીને કદાપિ આ પૃથ્વીને તું દુઃસહ કરથી આક્રાંત કરીશ નહીં. જરા પણ અગ્નિથી દગ્ધ થયેલું ઉત્તમ વસ્ત્ર જેમ ત્યજી દેવાય છે તેમ એક વખત પણ અન્યાય કરનારા પોતાના માણસને તું ત્યજી દેજે. મૃગયા, દ્યૂત અને મધુપાન એ સર્વથા બંધ કરાવજે; કારણ કે **તપસ્વીના તપનો ભાગી જેમ રાજા થાય છે તેમ પ્રજાનાં સર્વ પાપનો ભાગી પણ રાજા થાય છે.** કામક્રોધાદિક અંતર શત્રુઓનો તું જય કરજે; કારણ કે તેઓનો જય કર્યા સિવાય બાહ્ય શત્રુઓને જીત્યા હોય તે ન જીત્યા બરાબર છે. દક્ષિણ નાયક જેમ ઘણી પત્નીઓનું યથાકાળે સેવન કરે તેમ તું ધર્મ, અર્થ અને કામનું પરસ્પર આ બધાથી યોગ્ય અવસરે સેવન કરજે. જેવી રીતે તેનો સમય આવતાં ચોથા પુરુષાર્થ (મોક્ષ) માં તારો ઉત્સાહ ન હણાય તેવી રીતે તે ત્રણ પુરુષાર્થને તું સાધજે."

એવી રીતે કહી વિમલવાહન ભૂપાળ મૌન રહ્યો, એટલે કુમારે 'તથેતિ' એમ કહી તે શિક્ષા અંગીકાર કરી. પછી સિંહાસનથી ઊઠી પૂર્વની પેઠે વિનીત એવા રાજકુમારે, વ્રતને માટે તૈયાર થવાને ઈચ્છતા એવા પોતાના પિતાને હસ્તાવલંબન આપ્યું. એવી રીતે છડીદારથી પણ પોતાના આત્માને અલ્પ માનનારા પુત્રે જેને હસ્તાવલંબન આપ્યું છે એવા તે રાજા ઘણા કળશોથી ભૂષિત સ્નાનગૃહમાં દાખલ થયા. ત્યાં જાણે મેઘની ધારા હોય તેવી મકરમુખી સુવર્ણ ઝારીઓમાંથી નીકળતા જળવડે તેણે સ્નાન કર્યું. કોમળ હિરાગળ વસ્ત્રથી અંગને લુંછી સર્વાંગે ગોશીર્ષચંદનનું વિલેપન કર્યું. ગુંથી જાણનાર પુરુષોએ નીલ કમળના જેવો શ્યામ અને પુષ્પગર્ભ એવો રાજાનો કેશપાશ ચંદ્રગર્ભિત મેઘની પેઠે શોભિત કર્યો. વિશાળ, નિર્મળ સ્વચ્છ અને પોતાની જેવા મનોહર ગુણવાળા બે દિવ્ય અને મંગળિક વસ્ત્રો તેણે ધારણ કર્યાં. પછી સર્વ રાજાઓમાં મુગટ સમાન તે રાજાએ કુમારે લાવેલા માણિક્ય અને સુવર્ણના મુગટને મસ્તક ઉપર ધારણ કર્યો. ગુણરૂપી આભૂષણને ધારણ કરનાર તે રાજાએ હાર, બાજુબંધ અને કુંડળ વિગેરે બીજાં આભૂષણો પહેર્યાં. જાણે બીજો કલ્પવૃક્ષ હોય એવા તે રાજાએ રત્ન, કાંચન, રૂપ્ય, વસ્ત્ર અને બીજું જે કાંઈ યાચકોએ માગ્યું તે દાનમાં આપ્યું. પછી જેમ પુષ્પક વિમાનમાં બેસે તેમ નરકુંજર એવા તે વિમલવાહન રાજા સો પુરુષોએ વહન કરવા યોગ્ય શિબિકામાં આરૂઢ થયા, જાણે સાક્ષાત્ ત્રણ રત્નોએ આવીને તેને સેવ્યો હોય તેમ શ્વેત છત્ર અને બે ચામરો તેને સેવવા લાગ્યા. જાણે મળેલા બે મિત્રો હોય તેમ ચારણ–ભાટનો કોલાહલ અને વાજિંત્રોનો તારશબ્દ પુરુષોને હર્ષ આપવા લાગ્યો. ગ્રહોથી જેમ ગ્રહપતિ શોભે તેમ પાછળ, આગળ અને બંને પડખે રહેલા શ્રીમાન્ સામંત રાજાઓથી તે શોભવા લાગ્યો. નમેલા ડીંટવાળા કમળની જેમ વળેલી ગ્રીવાવાળા અને આજ્ઞાને ઈચ્છનારા દ્વારપાળની પેઠે રાજકુમાર આગળ ચાલવા લાગ્યો. સંપૂર્ણ જળકુંભને ગ્રહણ કરનારી નગરસ્ત્રીઓ પગલે પગલે મંગળ કરી અનુક્રમે તેને જોવા લાગી. વિચિત્ર પ્રકારના માંચડાઓથી વ્યાપ્ત, પતાકાની પંક્તિઓથી ભારવાળા અને યક્ષકર્દમે પંકિલ થયેલા રાજમાર્ગને પવિત્ર કરતો તે ચાલવા લાગ્યો. દરેક માંચડે ગંધર્વવર્ગના જેવા સંગીતપૂર્વક અન્ય અન્ય વનિતાએ કરેલા આરાત્રિક મંગળને ગ્રહણ કરતો હતો. જાણે ચિત્રમાં આલેખેલા હોય તેવા પ્રફુલ્લિત અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નિશ્ચળ નેત્રોવડે દૂરથી નગરલોકોએ અદૃષ્ટપૂર્વની પેઠે તે જોવાતો હતો. જાણે મંત્રબળથી આકર્ષણ કર્યા હોય વા કામણ કર્યાં હોય અને વાણીથી બંધાઈ ગયા હોય તેવા સર્વ લોકોથી તે ઘણી રીતે અનુસરાતો હતો. એવી રીતે પુણ્યના ધામરૂપ તે રાજા અરિંદમાચાર્યના ચરણકમળથી પવિત્ર થયેલા ઉદ્યાન સમીપે આવ્યો, એટલે શિબિકામાંથી ઉતરીને પગે ચાલતા તેણે તપસ્વીઓના મનની પેઠે ઉદ્યાનમાં પ્રવેશ કર્યો. પછી રાજાએ ભુજા પરથી પૃથ્વીના ભારની પેઠે સર્વ આભૂષણો ઉતાર્યા. કામદેવના શાસનની પેઠે તેણે મસ્તક ઉપર ચિરકાળથી ધારણ કરેલી માળાને છોડી દીધી. પછી આચાર્યના વામપાર્શ્વે રહી ચૈત્યવંદન કરી આચાર્યે આપેલાં રજોહરણાદિ મુનિચિહ્નને તેણે ધારણ કર્યાં. 'હું સર્વ સાવદ્યયોગનું પ્રત્યાખ્યાન કરું છું' એમ કહી પાંચ મુષ્ટિવડે કેશનો લોચ કર્યો. તત્કાળ ગ્રહણ કરેલા વ્રતીલિંગથી જાણે બાળપણાથી જ વ્રતધારી હોય તેવો તે મોટા મનવાળો રાજા શોભવા લાગ્યો. પછી પ્રદક્ષિણાપૂર્વક ગુરુને વંદના કરી અને ગુરુએ ધર્મદેશના આપવા માંડી.

"આ અપાર સંસારમાં સમુદ્રની અંદર દક્ષિણાવર્ત્ત શંખની જેમ મનુષ્ય જન્મ "ક્વચિત્ પ્રાપ્ત થાય છે. કદાપિ મનુષ્ય જન્મ પ્રાપ્ત થાય તો પણ બોધિબીજ પ્રાપ્ત "થવું બહુ દુર્લભ છે. કદાપિ તે પ્રાપ્ત થાય પણ **મહાવ્રત**(ચારિત્ર)ના યોગ તો "પુણ્યયોગથી જ પ્રાપ્ત થાય છે. જ્યાં સુધી વર્ષાઋતુ સંબંધી મેઘ પ્રાપ્ત ન થાય ત્યાં "સુધી જ પૃથ્વી ઉપર સૂર્યનો સંતાપ થાય છે, જ્યાં સુધી કેસરીસિંહ ન આવે ત્યાં 'સુધી જ હાથીઓથી વનનો ભંગ થાય છે, જ્યાં સુધી સૂર્યનો ઉદય ન થાય ત્યાં સુધી "જ જગત અંધકારથી અંધ રહે છે, જ્યાં સુધી પક્ષીઓનો રાજા ગરૂડ ન હોય ત્યાં "સુધી જ પ્રાણીઓને સર્પનો ભય લાગે છે અને જ્યાં સુધી કલ્પવૃક્ષ મળે નહિ ત્યાં "સુધી જ પ્રાણીઓને દારિદ્ર્ય રહે છે; તેમજ જ્યાં સુધી મહાવ્રત પ્રાપ્ત કર્યું નથી "ત્યાં સુધી જ પ્રાણીઓને સંસારનો ભય લાગે છે. આરોગ્ય, રૂપ, લાવણ્ય, દીર્ઘ આયુષ, "મોટી સમૃદ્ધિ, હુકમ, ઐશ્વર્ય, પ્રતાપીપણું, સામ્રાજ્ય, ચક્રવર્ત્તીપણું, દેવપણું, સામા- "નિકપણું, ઇન્દ્રપણું, અહમિંદ્રપણું, સિદ્ધતા અને તીર્થંકરપણું એ સર્વ આ મહાવ્રતનું "જ ફળ છે. એક દિવસ પણ નિર્મોહ થઈને વ્રત પાળનાર માણસ કદાપિ જો તે ભવે મોક્ષ "ન પામે તો પણ સ્વર્ગગામી તો અવશ્ય થાય છે; તો જે મહાભાગ તૃણની પેઠે સર્વ "લક્ષ્મીને છોડી દીક્ષા ગ્રહણ કરી ચિરકાળ ચારિત્ર પાળે છે તેની તો શી વાત ?"

એવી રીતે અરિંદમ મહામુનિએ દેશના આપી અન્યત્ર વિહાર કર્યો; કારણ કે મુનિઓ એક ઠેકાણે રહેતા નથી. પછી ગ્રામ, પુર, અરણ્ય, આકર અને દ્રોણ વિગેરેમાં તે વિમલવાહન મુનિએ ગુરુની સાથે છાયાની પેઠે વિહાર કર્યો. સૂર્યની કાંતિથી સર્વ લોક આક્રાંત થયા પછી જીવરક્ષાને માટે માર્ગે યુગમાત્ર દૃષ્ટિ આપી ઇર્યામાં વિચક્ષણ એવા તે ઋષિ વિહાર કરતા હતા (**ઈર્યાસમિતિ**), ભાષાસમિતિમાં ચતુર એવા તે મુનિ નિરવદ્ય, મિત અને સર્વજનને હિતકારી વાણી બોલતા હતા (**ભાષાસમિતિ**), એષણાનિપુણ એવા એ મહામુનિ બેંતાલીશ ભિક્ષાદોષે અદૂષિત એવા પિંડને પારણાના દિવસે ગ્રહણ કરતા હતા (**એષણાસમિતિ**), ગ્રહણ કરવામાં ચતુર એવા તે મુનિ આસન વિગેરેને જોઇ, યત્નથી તેની પ્રતિલેખના કરી લેતા-મૂકતા હતા (**આદાનનિક્ષેપણાસમિતિ**) અને સર્વ

www.jainsite.com                    For Private & Personal Use Only                    info@jainsite.com

પ્રાણીઓ ઉપર દયાળુ એવા તે મહાત્મા કફ, મૂત્ર અને મળ વિગેરે પદાર્થો નિર્જીવ પૃથ્વી ઉપર છોડતા હતા (**પારિષ્ઠાપનિકાસમિતિ**). કલ્પનાજાળથી મુક્ત અને સમતામાં રહેલા પોતાના મનને તે મહામુનિએ ગુણરૂપી વૃક્ષોના આરામની અંદર આરામ લેનારું કર્યું હતું (**મનગુપ્તિ**). ઘણું કરીને સંજ્ઞાદિકના પણ પરિહાર સહિત તેઓ મૌનપણે રહેતા હતા. કદાપિ તે અનુગ્રાહ્ય પુરુષના આગ્રહથી બોલતા હતા તો મિત ભાષણથી જ બોલતા હતા (**વચનગુપ્તિ**). સ્કંધને ખુજલી કરવાની ઇચ્છાવાળા મહિષ વિગેરે સ્તંભબુદ્ધિથી તેમના શરીર સાથે ઘર્ષણ કરતા હતા તથાપિ તે કાયોત્સર્ગને છોડતા ન હતા. શયન, આસન, નિક્ષેપ, આદાન અને સંક્રમણ (વિહાર) વિગેરે સ્થાનોમાં હમેશાં તે મહામનવાળા મુનિ કાયચેષ્ટાનું નિયમન કરતા હતા (**કાયગુપ્તિ**). એવી રીતે મહામુનિ ચારિત્રરૂપી શરીરને ઉત્પન્ન કરવામાં અને શોધન કરવામાં માતારૂપ એવી પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિરૂપ આઠ પ્રવચન-માતાને ધારણ કરતા હતા.

ક્ષુધાથી આર્ત્ત થતા છતાં પણ શક્તિસંપન્ન થઈને એષણાને ઉલ્લંઘન કર્યા સિવાય અદીન અને અવિહ્વળ થઈ એ વિદ્વાન મુનિ સંયમયાત્રાને માટે ઉદ્યમ કરતા વિચરતા હતા (**ક્ષુધાપરિસહ ૧**). માર્ગમાં જતાં તૃષિત થતા તો પણ એ તત્વવેત્તા મુનિ દીનપણું આદરીને કાચા પાણીને ઇચ્છતા નહીં, પણ પ્રાસુક જળને જ ગ્રહણ કરતા હતા (**તૃષાપરિસહ ૨**). શીતવડે પીડા પામતા અને ત્વચા ઉપર વસ્ત્રના રક્ષણ રહિત છતાં પણ એ મહાત્મા અકલ્પ્ય વસ્ત્રને લેતા નહીં, તેમજ અગ્નિ પણ સળગાવતા નહીં અને તાપતા પણ નહીં (**શીત પરિસહ ૩**). ઉન્હાળામાં તડકાથી તપેલા તે મુનિ ઉષ્ણતાને નિંદતા નહીં તેમજ છાયાને પણ સંભારતા નહીં. કોઈ વખત પંખાનો ઉપયોગ કરતા નહીં, મજ્જન કરતા નહીં કે વિલેપન પણ કરતા નહીં (**ઉષ્ણ પરિસહ ૪**). ડાંસ અને મસલા વિગેરે કરડતા તો પણ તે મહાત્મા સર્વની ભોજનની લોલુપતા જાણતા, તેથી તેમના ઉપર દ્વેષ કરતા નહીં અને તેમને ઉડાડતા નહીં; તેમને નિરાશ ન કરતાં તેમની ઉપેક્ષા કરીને રહેતા હતા (**ડંસ પરિસહ ૫**). વસ્ત્ર નથી અથવા આ વસ્ત્ર નઠારું છે એમ ઉભય રીતે તેઓ ઇચ્છતા ન હતા, પણ સમાધિથી અબાધિત થઈને લાભાલાભની વિચિત્રતાને જાણતા હતા (**અચેલક પરિસહ ૬**). ધર્મરૂપી આરામમાં પ્રીતિવાળા તે યતિ કદાપિ અરતિ કરતા નહીં, પણ ચાલતાં, ઉભા રહેતાં અને બેસતાં સ્વસ્થતાનો જ આશ્રય કરતા હતા (**અરતી પરિસહ ૭**). જેમનો સંગરૂપી પંક ધોઈ શકાય તેવો નથી એવી મોક્ષદ્વારની અર્ગલારૂપ સ્ત્રીઓને તે ચિંતવતા પણ નહીં; કારણ તે ફક્ત ચિંતવેલી પણ તેઓ ધર્મના નાશને માટે જ થાય છે (**સ્ત્રી પરિસહ ૮**). ગ્રામાદિકમાં અનિયમપણે રહેનારા, તેથી સ્થાનબંધે વર્જિત એવા તે મુનિમહારાજા બે પ્રકારના અભિગ્રહ સહિત એકલા જ વિચરતા હતા (**ચર્યા પરિસહ ૯**). સ્ત્રીરૂપ કંટકરહિત આસનાદિકમાં બેસનારા તેઓ ઇષ્ટ અનિષ્ટ ઉપસર્ગોને નિઃસ્પૃહ અને નિર્ભય થઈ સહન કરતા હતા (**નિષદ્યા પરિસહ ૧૦**). એ સંસ્તારો પ્રાતઃકાળમાં ત્યાગ કરવા યોગ્ય છે એમ ચિંતવી સારા નરસા સંસ્તારામાં સુખદુઃખ અને રાગદ્વેષ ન ધારણ કરતાં શયન કરતા હતા. (**શય્યા પરિસહ ૧૧**). પોતાની ક્ષમાશ્રમણતાને જાણનારા તે મુનિ આક્રોશ કરનાર સામે આક્રોશ ન કરતાં ઉલટા તેનો ઉપકાર માનતા હતા (**આક્રોશ પરિસહ ૧૨**). તેઓને કોઈ વધાદિક કરતું હતું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તો પણ જીવનો નાશ ન કરવાના કારણથી, ક્રોધની દુષ્ટતા જાણવાથી, ક્ષમા સહિત હોવાથી અને ગુણના ઉપાર્જનથી કોઇને સામા હણતા નહોતા **(વધ પરિસહ ૧૩)**. બીજાઓએ આપેલા પદાર્થથી નિર્વાહ કરનારા યતિઓને યાચના કર્યા છતાં ન મળે તો પણ રીસ ન કરવી જોઇએ એમ ધારી યાચના-દુઃખને તેઓ ગણતા નહોતા અને ગૃહસ્થાશ્રમને પણ ઇચ્છતા નહોતા **(યાચના પરિસહ ૧૪)**. તે પરને માટે અને પોતાના માટે બીજાથી અન્નાદિક મેળવતા અથવા નહીં પણ મળતું પરંતુ તેનો લાભ થવાથી મદ ધરતા નહીં અને અલાભ થવાથી પોતાને કે પરને નિંદતા નહીં **(અલાભ પરિસહ ૧૫)**. તેઓ રોગથી ઉદ્વેગ પામતા નહીં અને ચિકિત્સાને પણ ઇચ્છતા નહીં; પરંતુ શરીરથી આત્માને ભિન્ન જાણી અદીનહૃદયે વેદનાને સહન કરતા હતા. **(રોગ પરિસહ ૧૬)**. અલ્પ અને બારીક વસ્ત્રો પાથરવાને લીધે પાથરેલા સંસ્તારકમાંથી તૃણાદિકનો સ્પર્શ થતો તેને તેઓ સહન કરતા હતા, પરંતુ મૃદુ સંસ્તારકને ઇચ્છતા નહોતા **(તૃણસ્પર્શ પરિસહ ૧૭)**. ગ્રીષ્મઋતુના તાપથી સર્વ અંગોનો મળ ભીંજાઈ જતો તો પણ તે સ્નાન કે ઉદ્વર્તનને ઇચ્છતા નહીં **(મળ પરિસહ ૧૮)**. સામા ઊભું થવું, અર્ચન કરવું અને દાન કરવું વિગેરે સત્કાર ક્રિયાના તેઓ અભિલાષી થતા નહીં, સત્કાર ન થતો તો ખેદ પામતા નહીં અને સત્કાર થવાથી હર્ષ પામતા નહીં **(સત્કાર પરિસહ ૧૯)**. પ્રજ્ઞાવંતની પ્રજ્ઞા જોઈ અને પોતાની અજ્ઞતા જાણી ખેદ પામતા નહીં અને પ્રજ્ઞાની ઉત્કર્ષતાને પામીને મદ પણ કરતા નહીં **(પ્રજ્ઞા પરિસહ ૨૦)**. જ્ઞાનનો લાભ અનુક્રમે થાય છે એમ જાણનારા તે મુનિ જ્ઞાનચારિત્રે યુક્ત છતાં પણ 'હું અદ્યાપિ છદ્મસ્થ છું' એવા વિચારથી અજ્ઞાનપણાને પણ સહન કરતા હતા **(અજ્ઞાન પરિસહ ૨૧)**. જિનેશ્વર, તદુક્ત શાસ્ત્ર, જીવ, ધર્મ, અધર્મ અને ભવાંતર એ પરોક્ષ છે, તો પણ એ શુદ્ધદર્શની (સમ્યક્ત્વી) મુનિ તેને મિથ્યા માનતા નહોતા **(સમ્યક્ત્વ પરિસહ ૨૨)**. એવી રીતે મન વચન કાયાને વશ રાખનારા એ મુનિ સ્વયમેવ થયેલા કે પરે પ્રેરેલા શારીરિક અને માનસિક સર્વ પરિસહોને સહન કરતા હતા.

સ્વામી એવા શ્રીમત્ અર્હંતના ધ્યાનમાં નિરંતર એકતાન કરી એ મુનિએ પોતાનું ચિત્ત ચૈત્યવત્ સ્થિર કર્યું. સિદ્ધ, ગુરુ, બહુશ્રુત, સ્થવિર, તપસ્વી, શ્રુતજ્ઞાન અને સંઘને વિષે તેઓ ભક્તિવંત હતા, તેથી તે સ્થાનકોનું તથા બીજા પણ તીર્થંકરનામકર્મ ઉપાર્જન કરનારા સ્થાનકો કે જેનું આરાધન મહાત્મા વિના બીજા પુરુષોને દુર્લભ છે તેનું તેમણે સેવન કર્યું; અને એકાવલી, રત્નાવલી, કનકાવલી અને જ્યેષ્ઠ તથા કનિષ્ઠ સિંહનિષ્ક્રીડીત વિગેરે ઉત્તમ તપ તેમણે કર્યાં. કર્મનિર્જરા કરવાને માટે તેમણે માસોપવાસદિ આરંભીને અષ્ટમાસોપવાસ સુધીનો તપ કર્યો. સમતાપરાયણ એવા એ મહાત્માએ એવી રીતે તીવ્ર તપ કરી, અંતે બે પ્રકારની સંલેખના તેમજ અનશન કરીને શુભ ધ્યાનમાં તત્પરપણે પંચ પરમેષ્ઠિનું સ્મરણ કરતાં જેમ લીલામાત્રમાં સ્થાનનો ત્યાગ કરે તેમ પોતાના દેહનો ત્યાગ કર્યો અને ત્યાંથી **વિજય** નામના અનુત્તર વિમાનને વિષે તેત્રીશ સાગરોપમના આયુષ્યવાળા દેવ થયા.

તે વિમાનમાં દેવતાઓનું એક હસ્તપ્રમાણ શરીર હોય છે. ચંદ્રનાં કિરણોની પેઠે ઉજ્જવળ વર્ણવાળા, અહંકારે વર્જિત, સુંદર આભૂષણોએ ભૂષિત અને અહમિંદ્ર એવા તે દેવતાઓ સર્વદા પ્રતીકાર રહિત થઇને સુખશય્યામાં પોઢ્યા રહે છે અને શક્તિ છતાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ ઉત્તરવૈક્રિય નિર્માણ કરીને સ્થાનાંતરે જતા નથી. પોતાની અવધિજ્ઞાનની સંપત્તિથી તેઓ આખી લોકનાલિકાનું અવલોકન કર્યા કરે છે. તેમને આયુષ્યના સાગરોપમના સંખ્યા જેટલા પક્ષોએ એટલે તેત્રીશ પક્ષોએ શ્વાસ લેવો પડે છે અને તેટલાં હજાર વર્ષે એટલે તેત્રીશ હજાર વર્ષે ભોજનની ઈચ્છા થાય છે. એવી રીતના સુખદાયી તે વિમાનમાં ઉત્પન્ન થવાથી તેઓ નિર્વાણસુખના જેવું ઉત્તમ સુખ અનુભવવા લાગ્યા. એ પ્રમાણે વર્ત્તતાં જ્યારે આયુષ્યમાં છ માસ અવશેષ રહ્યા ત્યારે બીજા દેવતાનાં પેઠે તેમને મોહ ન થયો, પણ પુણ્યોદય નજીક આવવાથી તેમનું તેજ વૃદ્ધિ પામ્યું. અમૃતના દ્રહમાં હંસની પેઠે અદ્વૈત સુખના વિસ્તારમાં મગ્ન થયેલા તે દેવે તે સ્થાનકે તેત્રીશ સાગરોપમ પ્રમાણ આયુષ્યને એક દિવસની પેઠે નિર્ગમન કર્યું.

इत्याचार्यश्रीहेमचंद्रविरचिते त्रिषष्टिशलाकापुरुषचरिते महाकाव्ये द्वितीये पर्वणि श्रीअजितस्वामीपूर्वभववर्णनो नाम प्रथमः सर्गः ॥ १ ॥

जैन साईट JAINSITE .com

## સર્ગ બીજો.

આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રની અંદર જાણે પૃથ્વીની શિરોમણિ હોય તેવી વિનીતા નામની નગરીને વિષે ત્રણ જગતના સ્વામી આદિ તીર્થંકર શ્રીઋષભદેવજીના મોક્ષકાળ પછી તેમના ઈક્ષ્વાકુવંશમાં અસંખ્ય રાજાઓ પોતાના શુભ ભાવવડે સિદ્ધિપદને અને સર્વાર્થસિદ્ધ વિમાનને પ્રાપ્ત થયા, અનંતર **જિતશત્રુ** નામે રાજા થયા. ઈક્ષ્વાકુવંશને વિષે વિસ્તાર કરેલા છત્રરૂપ એ રાજા વિશ્વના સંતાપને હરણ કરનાર હતા. વિસ્તાર પામેલા ઉજ્જ્વળ યશથી તેના ઉત્સાહ વિગેરે ગુણો ચંદ્રવડે નક્ષત્રોની પેઠે સનાથપણું પામ્યા હતા. તે સમુદ્રની જેવા ગંભીર હતા, ચંદ્રની જેવા આહ્લાદકારી હતા, શરણેચ્છુને વજ્રના ઘરરૂપ હતા અને લક્ષ્મીરૂપી લતાના મંડપ હતા. સર્વ મનુષ્ય અને દેવતાના હૃદયમાં સ્થાન કરનાર તે રાજા સમુદ્રમાં ચંદ્રની પેઠે એક છતાં પણ અનેકપણે જણાતા હતા. દિશાઓના ચક્રને આક્રાંત કરનારા પોતાના દુઃસહ તેજથી તે મધ્યાહ્નના સૂર્યની પેઠે સર્વ જગતને માથે તપી રહ્યા હતા. પૃથ્વી ઉપર રાજ્ય કરતા એ રાજાના શાસનને સર્વ રાજાઓ મુગટની પેઠે પોતાના શિર ઉપર ધારણ કરતા હતા. મેઘ જેમ પૃથ્વી પરથી જળ ગ્રહણ કરીને પાછું આપે તેમ તે પૃથ્વીમાંથી દ્રવ્ય ગ્રહણ કરી વિશ્વના ઉપકારને માટે પાછું આપતા હતા. નિત્ય તે ધર્મને

માટે ચિંતવન કરતા, ધર્મને માટે બોલતા અને ધર્મને માટે વિચારતા હતા. એવી રીતે મન, વચન, કાયામાં તેને ધર્મને માટે જ નિબંધન હતું. તેને **સુમિત્રવિજય** નામે અસાધારણ પરાક્રમી એક નાનો ભાઈ હતો, તે યુવરાજપણાને ધારણ કરતો હતો.

પૃથ્વી ઉપર આવેલી જાણે દેવી હોય તેવી **વિજયાદેવી** નામે જિતશત્રુ રાજાને રાણી હતી. બે હસ્ત, બે ચરણ, બે નેત્ર અને મુખવડે જાણે વિકાસ પામેલા કમળના ખંડમય બની હોય તેવી તે દેવી શોભતી હતી, પૃથ્વીનું તે આભૂષણ હતી અને તેનું આભૂષણ શીલ હતું. તેના શરીર ઉપર બીજાં આભૂષણોનો ભાર (સમૂહ) હતો, તે ફક્ત પ્રક્રિયાને માટે જ રાખ્યો હતો. સમગ્ર કળાને જાણતી અને અખિલ વિશ્વમાં શોભા પામતી, તેથી જાણે સરસ્વતી કે લક્ષ્મી પૃથ્વી ઉપર નિવાસ કરવાને માટે આવી હોય તેવી તે જણાતી હતી. સર્વ પુરુષોમાં ઉત્તમ તે રાજા અને સર્વ સ્ત્રીઓમાં શિરોમણિ તે રાણી–એ બન્નેનો ગંગા અને સાગરની પેઠે સરખો યોગ થયેલો હતો.

હવે વિમલવાહન રાજાનો જીવ વિજય નામે વિમાનથી ચ્યવીને રત્નની ખાણ જેવી વિજયાદેવીની કુક્ષીને વિષે, વૈશાખ માસની શુકલ ત્રયોદશીને દિવસે ચંદ્રનો યોગ રોહિણી નક્ષત્રને વિષે આવ્યો હતો તે સમયે ત્રણ જ્ઞાનને ધારણ કરનાર પુત્રરત્નપણે ઉત્પન્ન થયો. ગર્ભવાસ પામેલા તેમના પ્રભાવથી નારકીના જીવને પણ ક્ષણવાર સુખ ઉત્પન્ન થયું. તે રાત્રિના અતિ પવિત્ર ચોથા પ્રહરમાં વિજયાદેવીએ ચૌદ સ્વપ્નો જોયાં. તેમાં પ્રથમ સ્વપ્ને મદના સુગંધથી ભ્રમરોનું મંડળ જેના ઉપર ભ્રમણ કરી રહ્યું હતું એવો અને ગર્જનાએ મેઘને ઉલ્લંઘન કરનાર ઐરાવત હસ્તી જેવો હસ્તી જોયો. બીજે સ્વપ્ને ઊંચા શૃંગવડે સુંદર શરદ્ઋતુના મેઘ જેવો શ્વેત અને સુંદર ચરણવાળો જાણે જંગમ કૈલાસ પર્વત હોય તેવો **વૃષભ** જોયો. ત્રીજે સ્વપ્ને ચંદ્રકળા જેવા વક્ર નખોથી અને કુંકુમ તથા કેસરના વર્ણને ઉલ્લંઘન કરનારી કેશરાથી પ્રકાશમાન થતો યુવાન **કેસરીસિંહ** જોયો. ચોથે સ્વપ્ને બે હસ્તી બંને તરફ પૂર્ણકુંભને ઊંચા કરી જેના ઉપર અભિષેક કરી રહ્યા છે એવી અને કમળના આસનવાળી **લક્ષ્મીદેવીને** જોઈ. પાંચમે સ્વપ્ને વિકાસ પામેલાં પુષ્પોની સુગંધવડે દિશાઓના ભાગને સુગંધમય કરનારી **પુષ્પોની માળા** જાણે આકાશનું ગ્રૈવેયક આભૂષણ હોય તેમ આકાશમાં રહેલી જોઇ. છઠ્ઠે સ્વપ્ને સંપૂર્ણ મંડળવાળો હોવાથી અવસર વિના પૂર્ણિમાને બતાવતો અને ચંદ્રિકાથી આકાશને તરંગિત કરતો **ચંદ્ર** જોયો. સાતમે સ્વપ્ને પ્રસરતા કિરણોથી અંધકારસમૂહને નાશ કરતો અને રાત્રિએ પણ દિવસને વિસ્તારતો **સૂર્ય** જોયો. આઠમે સ્વપ્ને કલ્પવૃક્ષની જાણે શાખા હોય અને રત્નગિરિનું જાણે શૃંગ હોય તેવી આકાશગામી પતાકાએ અંકિત થયેલો રત્નમય **ધ્વજ** જોવામાં આવ્યો. નવમે સ્વપ્ને વિકાસ પામેલાં શ્વેત કમળોથી જેનું મુખ આચ્છાદિત થયેલું છે, એવો મંગળ ગૃહ તુલ્ય સુંદર **પૂર્ણકુંભ** જોયો. દશમે સ્વપ્ને લક્ષ્મીદેવીનાં જાણે આસનો હોય તેવાં કમળોથી ચોતરફ અંકિત થયેલું અને સ્વચ્છ જળના તરંગોથી મનોહર એવું **પદ્મસરોવર** જોયું. અગિયારમે સ્વપ્ને ઉપરાઉપર આવતા કલ્લોલથી અને ઉછળતા જળથી જાણે આકાશમાં રહેલા ચંદ્રને આલિંગન કરવાને ધારતો હોય તેવો **સમુદ્ર** જોયો.

A - 30

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બારમે સ્વપ્ને જાણે અનુત્તર વિમાનમાંહેનું એક વિમાન આવ્યું હોય તેવું વિચિત્ર રત્નમય ઉત્તમ **વિમાન** જોવામાં આવ્યું. તેરમે સ્વપ્ને રત્નગર્ભા (પૃથ્વી) એ જાણે રત્નોનું સર્વસ્વ પ્રસવ્યું હોય તેવો ઘણી કાંતિના સમૂહવાળો ઉન્નત **રત્નપુંજ** જોવામાં આવ્યો. ચૌદમે સ્વપ્ને ત્રૈલોક્યમાં રહેલા સમગ્ર તેજસ્વી પદાર્થનો જાણે તેજપુંજ એકત્ર કર્યો હોય તેવો **નિર્ધૂમઅગ્નિ** જોવામાં આવ્યો. એવી પરિપાટીએ એ ચૌદ સ્વપ્નો વિજયાદેવીને પોતાના મુખકમળમાં ભ્રમરાની પેઠે પ્રવેશ કરતા જોવામાં આવ્યાં.

તે સમયે ઇંદ્રના આસનનો પ્રકંપ થયો, એટલે ઇંદ્રે પોતાનાં સહસ્ર નેત્રોથી પણ અધિક નેત્રરૂપ અવધિજ્ઞાને જોયું. જોવાથી તીર્થંકર મહારાજનો ઉદ્ભવ થયેલો જાણી રોમાંચિત શરીરવાળા ઇંદ્ર વિચારવા લાગ્યા કે 'જગતને આનંદના હેતુરૂપ પરમેશ્વર **વિજય** નામના બીજા અનુત્તર વિમાનથી ચ્યવી હાલ જંબૂદ્વીપના દક્ષિણાર્દ્ધ ભરતખંડના મધ્ય ભાગને વિષે **વિનીતાપુરીમાં જિતશત્રુ** રાજાની **વિજયાદેવી** નામે રાણીના ઉદરમાં અવતરેલા છે. તે આ અવસર્પિણીમાં કરુણારસના સમુદ્ર એવા બીજા તીર્થંકર ભગવાન થશે.' આવી રીતે ચિંતવી સંભ્રમ સહિત સિંહાસન, પાદપીઠ અને પાદુકાને છોડી ઊભા થયા. પછી તીર્થંકરની દિશા સન્મુખ સાત આઠ પગલાં ચાલી, ઉત્તરાસંગ કરી, જમણો ઢીંચણ ભૂમિએ આરોપી, ડાબો ગોઠણ જરા નમાવી, મસ્તક અને હાથથી પૃથ્વીતળનો સ્પર્શ કરી તેણે ભગવંતને નમસ્કાર કર્યો. ત્યાં શક્રસ્તવપૂર્વક જિનવંદન કરીને તે સૌધર્મેંદ્ર વિનીતા નગરીમાં જિતશત્રુ રાજાને ઘરે આવ્યો. બીજા ઇંદ્રો પણ આસનકંપથી અર્હંતના અવતારને જાણી ભક્તિથી તત્કાળ ત્યાં આવ્યા. એ શક્રાદિક ઇંદ્રો કલ્યાણ કરી ભક્તિવાળા થઈને સ્વામિની શ્રી વિજયાદેવીના શયનગૃહમાં આવ્યા. તે સમયે તે શયનગૃહના આંગણામાં આમળાના જેવાં સ્થળ, સમવર્તુળ અને નિર્મળ અમૂલ્ય મોતીઓના સાથીઆ પૂરેલા હતા. નીલમણિની પૂતળીઓએ અંકિત થયેલા સુવર્ણમય સ્તંભોથી અને મરકત મણિનાં પત્રોથી તેના દ્વાર ઉપર તોરણો રચેલાં હતાં. સૂક્ષ્મ તંતુવાળા અને પંચવર્ણી એવાં અખંડ દિવ્ય વસ્ત્રોનો, સંધ્યામેઘથી આકાશની જેમ ચોતરફ ઉલ્લેચ બાંધેલો હતો. તેની ચોતરફ જાણે સ્થાપિત યષ્ટિઓ હોય તેવી સુવર્ણની ધૂપઘટિકાઓના યંત્રમાંથી ધૂમાડાની ઘટાઓ નીકળી રહી હતી. તે ગૃહની અંદર બંને તરફ ઊંચી, મધ્ય ભાગમાં જરા નીચી, હંસની રોમલતાના રૂથી ભરેલી, ઓશીકાથી શોભતી અને ઉજ્જવળ ઓછાડ સહિત એવી સુંદર શય્યા ઉપર રહેલા વિજયાદેવી ગંગાના તીર ઉપર રહેલી હંસલીની જેમ ઇંદ્રોના જોવામાં આવ્યા. પોતાને ઓળખાવી, તેમને નમસ્કાર કરી તેમણે તીર્થંકરના જન્મને સૂચવનારું સ્વપ્નોનું ફળ કહ્યું. પછી સૌધર્મેંદ્રે કુબેરને આજ્ઞા કરી કે 'જેમ ઋષભદેવના રાજ્યની આદિમાં તમે આ નગરીને રત્નાદિકથી પૂરેલી હતી તેવી રીતે વસંતમાસ જેમ નવીન પલ્લવાદિકથી ઉદ્યાનને નવું કરે તેમ આ નગરીને નવીન ગૃહ વિગેરેથી નવી કરો અને મેઘ જેમ જળવડે પૃથ્વીને પૂરે તેમ સુવર્ણ, ધન, ધાન્ય અને વસ્ત્રોથી ચોતરફ આ નગરીને પૂરી દ્યો.' એવી રીતે કહી શક્ર અને બીજા સર્વ ઇંદ્રોએ નંદીશ્વર દ્વીપે જઈ શાશ્વત અર્હંતની પ્રતિમાનો અષ્ટાહ્નિકા ઉત્સવ કર્યો અને ત્યાંથી સર્વે પોતાને સ્થાનકે ગયા. કુબેર પણ ઇંદ્રની આજ્ઞા પ્રમાણે કરીને ત્યાંથી પોતાની અલકાપુરીમાં ગયો. જાણે મેરુપર્વતનાં શિખરો હોય તેવા ઊંચા સુવર્ણના રાશિઓથી, જાણે વૈતાઢ્ય પર્વતનાં શિખર હોય તેવા રૂપાના ઢગલા-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઓથી, જાણે રત્નાકરનું સર્વસ્વ હોય તેવા રત્નોના ઢગલાથી, જગતના હર્ષનાં જાણે બીજ હોય તેવાં સત્તર પ્રકારના ધાન્યથી, સર્વ કલ્પવૃક્ષોથી જાણે લાવ્યા હોય તેવાં વસ્ત્રોથી, જ્યોતિષ્ક દેવતાઓના જાણે રથ હોય તેવાં અતિ સુંદર વાહનોથી તથા દરેક ગૃહ, દરેક દુકાન અને દરેક ચોક નવા કરવાથી ધનદે પૂરેલી: તે નગરી અલકાપુરીની જેવી શોભવા લાગી.

તે જ રાત્રિએ સુમિત્રની સ્ત્રી **વૈજયંતી** જેનું બીજું નામ **યશોમતી** હતું તેમણે પણ તે જ ચૌદ સ્વપ્નો જોયા. કુમુદિનીની પેઠે અધિક હર્ષ ધરતી તે વિજયા અને વૈજયંતીએ બાકી રહેલી રાત્રિ જાગૃતપણે જ નિર્ગમન કરી. સ્વામિની વિજયાએ પ્રાતઃકાળે તે સ્વપ્નવૃત્તાંત જિતશત્રુ રાજાને કહ્યો અને વૈજયંતીએ સુમિત્રવિજયને કહ્યો. વિજયા દેવીનાં તે સ્વપ્ન સરલ મને વિચારી જિતશત્રુ રાજા તેનું ફળ આવી રીતે કહેવા લાગ્યાઃ "હે મહાદેવિ ! ગુણોથી જેમ યશની વૃદ્ધિ થાય, શાસ્ત્રાભ્યાસથી જેમ વિશેષ જ્ઞાનની સંપત્તિ થાય અને સૂર્યનાં કિરણોથી જેમ જગતમાં ઉદ્યોત થાય તેમ આ સ્વપ્નથી તમારે પણ ઉત્કૃષ્ટ એવો પુત્ર થશે." એવી રીતે રાજા સ્વપ્નનું ફળ વિસ્તારતા હતા, એવામાં પ્રતિહારીએ નિવેદન કરેલા સુમિત્રવિજય ત્યાં આવ્યા. પંચાંગે ભૂતલને સ્પર્શ કરવાપૂર્વક રાજાને દેવવત્ નમસ્કાર કરી તેઓ યથાસ્થાને બેઠા. ક્ષણવાર રહી ફરીથી તે કુમારે ભક્તિથી અંજલિ જોડી આ પ્રમાણે વિજ્ઞપ્તિ કરી કે "આજની રાત્રિના છેલ્લા પ્રહરે આપની વધૂ વૈજયંતીએ મુખમાં પ્રવેશ કરતાં એવાં સ્વપ્નો જોયાં છે, તે આ પ્રમાણે- ગર્જનાથી દિગ્ગજનો પણ જય કરનાર **હસ્તી**, ઊંચી કાંધવાળો અને ઉજ્જવળ આકૃતિવાળો **વૃષભ**, ઊંચી કેશાવળીની પંક્તિએ પ્રકાશિત મુખવાળો **કેસરી**, બંને તરફ એકેક હસ્તીએ અભિષેક કરાતી **લક્ષ્મી**, ઈંદ્રધનુષ્યની જેવી પંચવર્ણી પુષ્પોની **માળા**, અમૃતકુંડની જેવો સંપૂર્ણ મંડળવાળો **ચંદ્ર**, સર્વ વિશ્વના એકત્ર કરેલા પ્રતાપવાળો હોય તેવો **સૂર્ય**, ઝુલતી પતાકાવાળો દિવ્ય રત્નમય **મહાધ્વજ**, નવાં શ્વેત કમળોથી મુખ પર આચ્છાદિત થયેલો **પૂર્ણકુંભ**, જાણે હજાર નેત્રવાળું હોય તેવું વિકસિત કમળોએ શોભતું **પદ્મસરોવર**, તરંગોથી જાણે આકાશને ડુબાવવા ઇચ્છતો હોય તેવો **સમુદ્ર**, ઇંદ્રના સામાનિક દેવોના વિમાનની જેવું મોટી ઋદ્ધિવાળું **વિમાન**, રત્નાચળનો જાણે સાર હોય તેવો સ્ફુરણાયમાન કાંતિવાળો **રત્નપુંજ** અને પોતાની શિખાથી આકાશને પલ્લવિત કરતો નિર્ધૂમ **અગ્નિ**—એવા ચૌદ સ્વપ્નો તેણે જોયાં છે. તેનું ફળ તત્ત્વથી આપ જાણો છો અને તે ફળને ભજનાર પણ આપ જ છો." રાજાએ કહ્યું—"આજ રાત્રિના ચરમ પ્રહરે વિજયાદેવીએ પણ આવાં જ સ્વપ્ન સ્ફુટપણે જોયાં છે. જો કે એ મહાસ્વપ્નો સામાન્યપણે પણ મોટાં ફળને આપનારાં છે અને પૂર્ણિમાનાં ચંદ્રકિરણો જેવાં આનંદકારી લાગે છે, તથાપિ સ્વપ્નના વિશેષ ફલને જાણનારા વિદ્વાનોને આ સ્વપ્નોનું ફળ પૂછવું જોઇએ; કારણ કે ચંદ્રની કાંતિની પેઠે એ વિદ્વાનોમાં *કુવલયને આનંદ કરવાપણું છે." કુમારે હા કહી એટલે રાજાએ આદર સહિત પ્રેરેલા પ્રતિહારે સ્વપ્નશાસ્ત્ર જાણનારા વિદ્વાનોને બોલાવ્યા.

પછી પ્રતિહારે પ્રથમ વિજ્ઞપ્તિ કરેલા તે નૈમિત્તિકો જાણે સાક્ષાત્ સ્વપ્નશાસ્ત્રના રહસ્ય હોય તેવા એ રાજાની આગળ હાજર થયા. તેમણે ધોયેલાં શ્વેત વસ્ત્ર પહેરેલાં

*ચંદ્રપક્ષે કુવલય એટલે ચંદ્રવિકાસી કમળ અને પક્ષે પૃથ્વીનું વલય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હતાં અને સ્નાનથી તેમની કાંતિ નિર્મળ હતી; તેથી પર્વણીનો ચંદ્રની કાંતિએ આવૃત્ત થયેલા જાણે તારા હોય તેવા તેઓ જણાતા હતા. મસ્તક ઉપર દુર્વાના અંકુરો નાખ્યા હતા, તેથી જાણે મુગટને ધારણ કરતા હોય અને કેશમાં પુષ્પો રાખ્યાં હતાં તેથી જાણે હંસ અને કમળ સહિત નદીઓના સમૂહ હોય તેવા તે શોભતા હતા. લલાટ ઉપર તેઓએ ગેરોચનના ચૂર્ણથી તિલક કર્યાં હતાં, તેથી જાણે અમ્લાન જ્ઞાનરૂપી દીપશિખાઓથી શોભતા હોય તેવા જણાતા હતા અને અમૂલ્ય અલ્પ તેમજ સુંદર આભૂષણોથી તેમનાં શરીર અંકિત હતાં, તેથી જાણે સુગંધી અને થોડાં થોડાં પુષ્પવાળા ચૈત્રમાસનાં મુખવૃક્ષો હોય તેવા તેઓ શોભતા હતા. રાજાની પાસે આવી તેઓએ સર્વને કલ્યાણકારક આર્યવેદોક્ત મંત્રવડે આશીર્વાદ આપ્યો. પછી ઉદ્યાનના પવનો જેમ પુષ્પને વરે તેમ તેમણે રાજાની ઉપર ક્ષેમકારી દુર્વા અક્ષતાદિક નાંખ્યા અને હંસો જેમ પદ્મિનીનાં પત્ર ઉપર બેસે તેમ દ્વારપાળે બતાવેલાં રમણિક ભદ્રાસનો ઉપર તેઓ બેઠા. રાજાએ પોતાની સ્ત્રીને અને વધૂને મેઘની અંદર ચંદ્રલેખાની જેમ પડદાની અંદર બેસાર્યા. પછી રાજાએ જાણે સાક્ષાત્ સ્વપ્નફળ હોય તેવાં પુષ્પ અને ફળ અંજલિમાં લઈને પત્ની અને વધૂનાં સ્વપ્નો તેમને નિવેદન કર્યાં. તેઓ પરસ્પર ત્યાં જ વિચારીને સ્વપ્નશાસ્ત્રને અનુસારે સ્વપ્નના અર્થને આ પ્રમાણે કહેવા લાગ્યા:—

"હે દેવ ! સ્વપ્નશાસ્ત્રમાં બોંતેર સ્વપ્નો કહ્યાં છે, તેમાં જ્યોતિષ્ક દેવોમાં ગ્રહના જેમ ત્રીશ સ્વપ્નો ઉત્કૃષ્ટ કહ્યાં છે. ત્રીશ સ્વપ્નમાં આ ચૌદ સ્વપ્નને તે શાસ્ત્રના ચતુર વિદ્વાનો મહાસ્વપ્ન કહે છે. જ્યારે તીર્થંકર અથવા ચક્રવર્ત્તી ગર્ભમાં આવે છે ત્યારે તેની માતા અનુક્રમે તે સ્વપ્નો રાત્રિના ચોથા પ્રહરે જુએ છે. એમાંથી સાત સ્વપ્ન વાસુદેવની માતા જુએ છે, ચાર બલભદ્રની માતા જુએ છે અને એક મંડલેશ્વરની માતા જુએ છે. એક સાથે બે તીર્થંકર અને એક સાથે બે ચક્રવર્ત્તી થતા નથી. એક માતાના પુત્ર તીર્થંકર અને બીજી માતાના પુત્ર ચક્રવર્ત્તી એમ થાય છે. ઋષભદેવના સમયમાં ભરત ચક્રી થયા છે અને અજિતનાથના સમયમાં સુમિત્રના પુત્ર સગરરાજા ચક્રી થશે તેમજ જિતશત્રુ રાજાના પુત્ર બીજા તીર્થંકર **અજિત** નામે થશે, એવું અર્હંત્ આગમથી અમે જાણેલું છે; તેથી આ વિજયાદેવીના પુત્ર તે તીર્થંકર જાણવા અને વૈજયંતીના પુત્ર ષટ્ખંડ ભરતના અધિપતિ ચક્રી જાણવા.'' એવી રીતનાં સ્વપ્નફળ સાંભળીને સંતુષ્ટ થયેલા રાજાએ નૈમિત્તિકોને ગ્રામ, ગરાસ, વસ્ત્ર અને અલંકાર વિગેરેનાં પારિતોષિક આપ્યાં. **અહો ! મહાપુરુષો ગર્ભાવાસની સ્થિતિમાં પણ લોકને ઉપકારી જ થાય છે;** કારણ કે તેમનો જન્મમાત્ર કહેવાથી તે નૈમિત્તિકોની જન્મ સુધીની દુઃસ્થિતિ નાશ પામી. કલ્પવૃક્ષની જેમ વસ્ત્રાલંકારે શોભતા તેઓ રાજાની આજ્ઞાથી પોતપોતાને સ્થાનકે ગયા. ગંગા અને સિંધુ જેમ સમુદ્રમાં જાય તેમ વિજયા અને વૈજયંતી હર્ષ પામતી પોતાના વાસગૃહમાં ગઈ.

પછી ઇંદ્રની આજ્ઞાથી દેવ (વૈમાનિક) અને અસુર (ભુવનપતિ) ની સ્ત્રીઓએ વિજયાદેવીને સેવવાનો આ પ્રમાણે આરંભ કર્યો—વાયુકુમાર દેવતાની રમણીઓ દરરોજ આવીને તેમના ગૃહમાંથી રજ, કાષ્ઠ અને તૃણાદિક દૂર કરવા લાગી, મેઘકુમારની દેવીઓ દાસીની જેમ તેમના આંગણાની ભૂમિનું ગંધોદકથી સિંચન કરવા લાગી, છ ઋતુની અધિ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ષ્ઠાતા દેવીઓ જાણે ગર્ભમાં રહેલા પ્રભુને હમેશાં અર્ધ્ય આપવાને ઉદ્યમવંત થઈ હોય તેમ ત્યાં પંચવર્ણી પુષ્પોની વૃષ્ટિ કરવા લાગી, મહાદેવીના ભાવને જાણનારી જ્યોતિષ્ક દેવીઓ સમયને અનુકૂળ તેમ સુખકારી લાગે તે પ્રમાણે પ્રકાશ કરવા લાગી, વનદેવીઓ દાસીની જેમ તોરણાદિક રચવા લાગી અને અન્ય દેવાંગનાઓ બંદીલોકની સ્ત્રીઓની જેમ વિજયાદેવીની સ્તુતિ કરવા લાગી. એવી રીતે સર્વ દેવીઓ પોતાના અધિદેવતાની જેમ પ્રતિદિન તેમની અધિક અધિક સેવા કરવા લાગી. મેઘઘટા જેમ સૂર્યના બિંબને અને પૃથ્વી જેમ નિધાનને ધારણ કરે તેમ મહાદેવી વિજયા અને વૈજયંતી ગર્ભને વહન કરવા લાગી જળસંપૂર્ણ તલાવડી જેમ મધ્યમાં ઊગેલા સુવર્ણ કમળથી અધિક શોભે તેમ સ્વભાવે સુંદર એવી તે બંને દેવીઓ ગર્ભ ધારણ કરવાથી અધિક શોભવા લાગી. સુવર્ણની કાંતિના જેવું તેમનું ગોરું મુખકમળ હાથીના દાંતને છેદવાથી થયેલી કાંતિના જેવી પીળાશને ધારણ કરવા લાગ્યું. સ્વભાવથી કર્ણ સુધી વિસ્તૃત થયેલાં તેમનાં લોચન શરદ્ઋતુના કમળની જેમ અધિક વિકાસ પામવા લાગ્યાં. તત્કાળ માર્જન કરીને ઉજાળેલી સુવર્ણશલાકાની જેમ તેમનું લાવણ્ય અધિક વધવા લાગ્યું, નિરંતર મંથરગતિ (મંદગતિ) એ ચાલનારી તે દેવીઓ મદથી આળસુ થયેલી રાજહંસીની જેમ અતિ મંદપણે ચાલવા લાગી. બન્નેના સુખદાયક ગર્ભ નદીમાં ઊગેલ કમળનાળની જેમ અને છીપોમાં ઉત્પન્ન થયેલ મૌક્તિક રત્નની જેમ અતિ ગૂઢ રીતે વૃદ્ધિ પામવા લાગ્યા.

એમ નવ માસ અને સાડાઆઠ દિવસ વ્યતીત થયે માઘ માસની શુકલ અષ્ટમીને દિવસે શુભ મુહૂર્તે સર્વ ગ્રહો ઊંચ સ્થાને રહ્યા હતા તે સમયે રોહિણી નક્ષત્રમાં સત્ય અને પ્રિય વાણી જેમ પુણ્યને જન્મ આપે તેમ વિજયાદેવીએ ગજલાંછનવાળા એક પુત્રને જન્મ આપ્યો. દેવીને અને પુત્રને પ્રસવ સંબંધી કાંઇ પણ દુઃખ થયું નહીં; કારણ કે તીર્થંકરોનો તે સ્વાભાવિક પ્રભાવ છે. તે સમયે અકાળે ઉત્પન્ન થયેલ, મેઘ વિનાની વિજળીના પ્રકાશ જેવો ક્ષણવાર ત્રણ ભુવનમાં ઉદ્યોત થઈ રહ્યો. શરદ્ઋતુમાં પાંથોને વાદળાંની છાયાના સુખની જેમ ક્ષણવાર નારકીઓને પણ સુખ ઉત્પન્ન થયું. શરદ્ઋતુમાં જળની જેમ સર્વ દિશાઓમાં પ્રસન્નતા થઈ અને પ્રાતઃકાળે કમલોની જેમ લોકોને અધિક ઉલ્લાસ થયો. ભૂમિમાં પ્રસરતો પવન જાણે ભૂતલમાંથી ઉત્પન્ન થતો હોય તેમ અનુકૂળ થઈ દક્ષિણ તરફ મંદ મંદ વાવા લાગ્યો. ચોતરફ શુભસૂચક શકુનો થવા લાગ્યાં, કારણ કે **મહાત્માના જન્મથી સર્વ સારું જ થાય છે.**

તે સમયે પ્રભુની પાસે જવાની ઇચ્છાથી જાણે ઉત્સુક થયાં હોય તેવાં દિક્કુમારીઓનાં આસનો કંપાયમાન થયાં. સુંદર મુગટમણિની કાંતિના પ્રસારના મિષથી જાણે તેમણે ઉજ્જવળ કસુંબી વસ્ત્રના બુરખા ધર્યા હોય તેવી તે દિશાકુમારીઓ શોભતી હતી. અમૃતઊર્મિઓથી ઉભરાતા જાણે સુધાકુંડ હોય તેવાં સ્વપ્રભાથી સંપૂર્ણ પૂરાયેલાં મોતીનાં કુંડળો તેમણે પહેર્યાં હતાં, કુંડળાકારે હોવાથી ઇંદ્રધનુષની શોભાને અનુસરતા અને વિચિત્ર મણિઓથી રચેલાં કંઠાભરણો તેમણે ધારણ કર્યાં હતાં, રત્નગિરિના શિખર ઉપરથી પડતા નિર્ઝરણાની શોભાને હરનારા સ્તન ઉપર રહેલા મુક્તાહારોથી તેઓ મનોહર લાગતી હતી, કામદેવે સ્થાપન કરેલાં જાણે સુંદર ભાથાં હોય તેવા માણિક્યનાં કંકણોથી તેમની ભુજા-

जैन साईट JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વલ્લી શોભતી હતી, જગતનો જય કરવાને ઈચ્છતા કામદેવને માટે જાણે પણછ તૈયાર કરી હોય તેવી અમૂલ્ય રત્નોએ રચેલી કટીમેખલાને તેઓ ધારણ કરતી હતી, તેના અંગનાં કિરણોથી જીતાયેલા સર્વ જ્યોતિષ્ક દેવોનાં કિરણોથી જાણે તેમના ચરણકમળમાં લગ્ન થયા હોય તેવા રત્નના નુપૂરોથી તેઓ વિરાજતી હતી. તેઓમાં કોઈની અંગકાંતિ પ્રિયંગુ વૃક્ષની જેવી શ્યામ હતી, કોઈ પોતાની કાંતિથી આકાશમાં તાલીવનનો વિસ્તાર કરતી હોય તેવી જણાતી હતી, કોઈ બાળસૂર્યની જેવી પોતાની કાંતિ ફેલાવતી હતી, કોઈ ચંદ્રિકાની જેમ પોતાની કાંતિથી પોતાના આત્માને સ્નાન કરાવતી હતી, કોઈ પોતાની કાંતિથી દિશાઓને કનકસૂત્ર આપતી હતી અને કોઇ જાણે વૈડુર્યમણિની પૂતળીઓ હોય તેવી કાંતિવાળી જણાતી હતી. ગોળાકાર સ્તનોથી જાણે ચક્રવાકયુગ્મ સહિત નદીઓ હોય, લીલાયુક્ત ગતિથી જાણે રાજહંસીઓ હોય, કોમળ હસ્તોથી જાણે પલ્લવ સહિત લતાઓ હોય, સુંદર લોચનથી જાણે વિકસિત પદ્મવાળી પદ્મિનીઓ હોય, લાવણ્યપૂરથી જાણે જળ સહિત વાપિકાઓ હોય અને અપૂર્વ સૌંદર્યથી જાણે કામદેવની અધિદેવતા હોય તેવી તે શોભતી હતી. એ પ્રમાણેના સ્વરૂપને ધારણ કરતી તે છપ્પન દિશાકુમારીઓએ પોતાનાં આસન કંપાયમાન થતાં સંભ્રમથી તત્કાળ અવધિજ્ઞાને જોયું. એક સાથે સર્વેને વિજયાદેવીની કુક્ષિથી તીર્થંકરનો પવિત્ર જન્મ જાણવામાં આવ્યો. તેઓ ચિંતવવા લાગી કે— 'આ જંબુદ્વીપમાં દક્ષિણ ભરતાર્દ્ધના મધ્ય ભાગમાં વિનીતાનગરીની અંદર ઈક્ષ્વાકુ કુળમાં જન્મેલા જિતશત્રુ રાજાની વિજયાદેવી નામે ધર્મપત્નીથી આ અવસર્પિણીમાં ત્રણ જ્ઞાનને ધારણ કરનાર શ્રીમાન્ બીજા તીર્થંકર ભગવાન્ ઉત્પન્ન થયેલા છે.' એમ વિચારી, આસનથી ઊઠી, હર્ષ સહિત તીર્થંકરની દિશા તરફ સાત આઠ પગલાં ચાલી, જાણે મનને આગળ કર્યું હોય તેમ પ્રભુને નમી, શક્રસ્તવથી સર્વેએ ભક્તિપૂર્વક વંદના કરી. પછી ફરી પોતાનાં રત્નસિંહાસનો ઉપર બેસી તેઓએ પોતપોતાના આભિયોગિક દેવતાઓને આ પ્રમાણે આજ્ઞા કરી—

"અહો દેવતાઓ! આજે અમારે દક્ષિણ ભરતાર્દ્ધમાં ઉત્પન્ન થયેલા બીજા તીર્થંકરનું સૂતિકાકર્મ કરવાને જવું છે માટે વિસ્તાર ગર્ભવાળા અને મોટા પ્રમાણવાળા વિવિધ રત્નમય વિમાનો અમારે માટે વિકુર્વો." તેઓનો એવો આદેશ થતાં ઘણી શક્તિવાળા તે દેવતાઓએ તત્કાળ વિમાનો રચીને તેમને બતાવ્યાં. તે વિમાનો હજારો સુવર્ણ કુંભોથી ઉન્નત હતાં, પતાકાઓથી વૈમાનિક દેવતાનાં વિમાનોના જાણે પલ્લવ હોય તેવાં જણાતાં હતાં, તાંડવશ્રમથી શ્રાંત થયેલી નર્ત્તકીઓના સમૂહ હોય તેવી પૂતળીઓથી શોભતા મણિસ્તંભોવડે તે સુંદર લાગતાં હતાં, ઘંટાઓના ઘોષના આડંબરથી હાથીઓને અનુસરતાં હતાં, અવાજ કરતી ઘુઘરીઓના સમૂહથી વાચાળ જણાતાં હતા, લક્ષ્મીનાં જાણે આસનો હોય તેવી વજ્રવેદિકાઓથી સુંદર દીસતાં હતાં, અને પ્રસરતી હજારો કાંતિઓ (કિરણો) થી જાણે સૂર્યબિંબ હોય તેવાં જણાતાં હતાં. તેની ચોતરફથી ભીંતો અને સ્તંભોના પાટડા રત્નમય ઈહામૃગ, ઋષભ, ઘોડા, પુરૂષ, રૂરૂમૃગ, મગર, હંસ, શરભ, ચામર, હાથી, કિન્નર, વનલતા અને પદ્મલતાના સમૂહોથી અંકિત કરેલાં હતાં.

પ્રથમ અધોલોકમાં વસનારી, દેવદૂષ્ય વસ્ત્ર ધારણ કરનારી અને જેમના કેશપાસ પુષ્પોથી અલંકૃત થયેલા છે એવી **ભોગંકરા, ભોગવતી, સુભોગા, ભોગમાલિની,**

JAINSITE જૈન સાઇટ જનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**તોયધારા, વિચિત્રા, પુષ્પમાલા** અને **અનિંદિતા** એ આઠ દિક્કુમારિકા પ્રત્યેક ચાર ચાર હજાર સામાનિક દેવીઓ, ચાર મહત્તરા દેવીઓ, સાત મહાઅનિકો (સૈન્યો), સાત સેનાપતિઓ, સોળ હજાર આત્મરક્ષક દેવીઓ, બીજા અનેક વ્યંતર દેવતાઓ તથા મોટી ઋદ્ધિવાળી દેવીઓ સહિત વિમાનમાં આરૂઢ થઈને, મનોહર ગીત નૃત્ય કરતી ઉત્કંઠાપૂર્વક ઈશાન દિશા તરફ ચાલી. ત્યાં તેઓએ ક્ષણવારમાં વૈક્રિય સમુદ્‌ઘાત કરીને અસંખ્યાત યોજનનો એક દંડ વિકુર્વ્યો. વૈડુર્યરત્ન, વજ્રરત્ન, લોહિત, અંક, અંજન, અંજનપુલક, પુલક, જ્યોતિરસ, સૌગંધિક, અરિષ્ટ, સ્ફાટિક, જાતરૂપ અને હંસગર્ભ વિગેરે અનેક પ્રકારનાં ઉત્તમ રત્નોના તથા મસારગલ્લ વિગેરે મણિઓના સ્થૂલ પુદ્‌ગળોને દૂર કરીને તેમાંથી સૂક્ષ્મ પુદ્‌ગળો ગ્રહણ કર્યા અને તે વડે પોતાનું ઉત્તરવૈક્રિયરૂપ કર્યું. **દેવતાઓને વૈક્રિયલબ્ધિ જન્મથી જ સિદ્ધ છે.** પછી ઉત્કૃષ્ટ, ત્વરિત, ચલ, પ્રચંડ, સિંહ, ઉદ્ધત, યતના, છેક અને દિવ્ય એવી દેવગતિઓથી સર્વ ઋદ્ધિ તથા સર્વ બળ સહિત અયોધ્યામાં જિતશત્રુ રાજાના સદનમાં તેઓ આવી પહોંચી. પોતાનાં મોટાં વિમાનોથી જ્યોતિષ્ક દેવતાઓ જેમ મેરુપર્વતને પ્રદક્ષિણા દે તેમ તેઓએ તીર્થંકરના સૂતિકાગૃહને ત્રણ પ્રદક્ષિણા કરી અને પછી વિમાનોને પૃથ્વીથી ચાર આંગળ ઊંચા, પૃથ્વીને સ્પર્શે નહિ તેવી રીતે ઇશાનકૂણમાં સ્થાપિત કર્યા. પછી સૂતિકાગૃહમાં પ્રવેશ કરી, જિનેંદ્ર અને જિનમાતાને ત્રણ પ્રદક્ષિણા કરી, અંજલિ જોડી તેઓ આ પ્રમાણે કહેવા લાગી— "સર્વ સ્ત્રીઓમાં શ્રેષ્ઠ, ઉદરમાં રત્નને ધારણ કરનારા અને જગતને વિષે દીપક સમાન પુત્રને પ્રસવનારા હે જગન્માતા ! તમને અમે નમસ્કાર કરીએ છીએ. જગતમાં તમે ધન્ય છો, તમે પવિત્ર છો અને તમે જ ઉત્તમ છો. આ મનુષ્યલોકમાં તમારો જન્મ સફળ છે; કારણ કે તમે પુરુષોમાં રત્નરૂપ, દયાના સમુદ્ર, ત્રૈલોક્યમાં વંદન કરવાને યોગ્ય, ત્રણ લોકના સ્વામી, ધર્મચક્રવર્તી, જગતગુરુ, જગતબંધુ, વિશ્વને અનુગ્રહ કરનારા અને આ અવસર્પિણીમાં અવતરેલા બીજા તીર્થંકરના જનની થયેલા છો. હે માતા ! અમે અધોલોકમાં રહેનારી દિશાકુમારીઓ છીએ અને તીર્થંકરનો જન્મોત્સવ કરવાને અહીં આવેલી છીએ; તમારે અમારાથી ભય રાખવો નહીં." એમ કહી પ્રણામ કરી તેઓ ઇશાનદિશા તરફ ગઈ અને વૈક્રિયસમુદ્‌ઘાતવડે પોતાની શક્તિરૂપ સંપત્તિથી સંવર્તક નામના વાયુને ક્ષણવારમાં ઉત્પન્ન કર્યો. સર્વ ઋતુનાં પુષ્પોના સર્વસ્વ સુગંધને વહન કરનાર, સુખકારી, મૃદુ, શીતળ અને તિર્યક્ સંચરતા તે પવને સૂતિકાગૃહની ચોતરફ એક યોજન સુધી તૃણાદિક દૂર કરી ભૂમિતળને સાફ કર્યું. પછી તે કુમારિકાઓ ભગવાન્ અને તેમની માતાની સમીપે મંગલગીત ને ગાયન કરતી હર્ષ સહિત ઊભી રહી.

પછી ઊર્ધ્વલોકમાં સ્થિતિવાળી, નંદનવનના કૂટ ઉપર રહેનારી અને દિવ્ય અલંકારને ધારણ કરનારી **મેઘંકરા, મેઘવતી, સુમેઘા, મેઘમાલિની, સુવત્સા, વત્સમિત્રા, વારિષેણા** અને **બલાહકા** એ નામની આઠ દિશાકુમારીઓ પૂર્વવત્ મહત્તરા, સામાનિકા, અંગરક્ષિકા, સૈન્ય અને સેનાપતિઓના પરિવારથી પરિવારિત થઈ ત્યાં આવી. તેઓએ સ્વામિના જન્મથી પવિત્ર થયેલા સૂતિકાગૃહમાં આવી જિનેંદ્ર અને જિનમાતાને ત્રણ વાર પ્રદક્ષિણા કરી અને પૂર્વની પેઠે પોતાના આત્માને જણાવી વિજયાદેવીને પ્રણામ તથા સ્તુતિ કરી મેઘને વિકુર્વિત કર્યો. તે વડે ભગવાનના જન્મભુવનથી એક યોજન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સુધી, નહીં થોડી તેમ નહિ અધિક એવી ગંધોદકની વૃષ્ટિ કરી. તપથી જેમ પાપની શાંતિ થાય અને પૂર્ણિમાની ચંદ્રિકાથી જેમ અંધકારની શાંતિ થાય તેમ તે વૃષ્ટિથી તત્કાળ રજની શાંતિ થઈ ગઈ. ત્યારપછી રંગભૂમિમાં રંગાચાર્યની જેમ તેઓએ તત્કાળ વિકાસ પામેલાં વિચિત્ર પુષ્પોના સમૂહથી ત્યાં પુષ્પના પગર ભર્યા અને કર્પૂર તથા અગરૂના ધૂપથી જાણે લક્ષ્મીનું વાસગૃહ હોય તેમ તે ભૂમિને સુવાસિત કરી દીધી. પછી તીર્થંકર અને તેમની માતાથી થોડે દૂર ભગવંતના નિર્મળ ગુણોનું ગાયન કરતી ઊભી રહી.

તે પછી **નંદા, નંદોત્તરા, આનંદા, આનંદવર્ધના, વિજયા, વૈજયંતી, જયંતી** અને **અપરાજિતા** એ નામની પૂર્વ રૂચકાદ્રિમાં નિવાસ કરનારી આઠ દિક્કુમારીઓ પોતાની સર્વ ઋદ્ધિ અને પોતાના સર્વ બળ સહિત ત્યાં આવી. પૂર્વની પેઠે પરિવાર સહિત તેઓ સૂતિકાગૃહમાં આવી, સ્વામી અને તેમની માતાને પ્રણામ કરી, ત્રણ પ્રદક્ષિણા કરી, સ્વામિનીને પોતાની ઓળખાણ આપી, પૂર્વવત નમી અને સ્તુતિ કરી, રત્નના દર્પણ હાથમાં રાખી, પૂર્વ તરફ ગાયન કરતી ઊભી રહી.

દક્ષિણ રુચકાદ્રિમાં વસનારી, સુંદર આભૂષણવાળી, માળાને ધરનારી, દિવ્ય વસ્ત્રવાળી **સમાહારા, સુપ્રદત્તા, સુપ્રબુદ્ધા, યશોધરા, લક્ષ્મીવતી, શેષવતી, ચિત્રગુપ્તા** તથા **વસુંધરા** એ નામને ધારણ કરનારી અને પૂર્વવત્ પરિવારવાળી આઠ દિક્કુમારીઓ પ્રભુના મંદિરમાં આવી, સ્વામિનીને પ્રદક્ષિણાપૂર્વક નમસ્કાર કરી, પોતાને ઓળખાવી, ભગવાન્ અને તેમની માતાની દક્ષિણ તરફ મધુર શબ્દે મંગળ ગાયન કરતી હાથમાં કળશ લઈને ઊભી રહી.

પશ્ચિમ રૂચકાદ્રિમાં વસનારી આઠ દિશાકુમારીઓ તેટલો જ પરિવાર લઈને ત્યાં આવી. તેમના **ઇલાદેવી, સુરાદેવી, પૃથ્વી, પદ્માવતી, એકનાસા, નવમિકા, ભદ્રા** અને **સીતા** એવાં નામ છે. તેઓ પૂર્વવત્ પોતાના આત્માને જણાવી, પ્રદક્ષિણા કરી, જિન અને જિનમાતાની પશ્ચિમ તરફ પોતાના હાથમાં સુંદર પંખા લઈ ગાયન કરતી ઊભી રહી.

ઉત્તર રુચકાદ્રિમાં નિવાસ કરનારી **અલંબુસા, મિશ્રકેશી, પુંડરિકા, વારૂણી, હાસા, સર્વપ્રભાવા, શ્રી** અને **હ્રી** નામની આઠ કુમારીઓ પૂર્વની પેઠે પરિવાર સહિત ત્યાં આવી, પોતાને ઓળખાવી, પ્રદક્ષિણાપૂર્વક ભગવાન અને તેમની માતાને નમસ્કાર કરી, હાથમાં ચામર લઈ ઉત્તર તરફ ગાયન કરતી ઊભી રહી.

વિદિક્રુચકાદ્રિમાં રહેનારી ચાર કુમારીઓ જેનાં **ચિત્રા, ચિત્રકનકા, સુતેરા** અને **સૌત્રામણિ** એવાં નામ છે, તેઓએ ત્યાં આવી પ્રદક્ષિણાપૂર્વક જિનેશ્વર અને તેમની માતાને નમસ્કાર કરી પોતાના આત્માને નિવેદન કર્યો અને બંનેના વિપુલ ગુણોને ગાયન કરતી તેઓ દીપિકા લઈને ઇશાનકૂણે ઊભી રહી.

રૂચકદ્વીપની મધ્યમાં રહેનારી **રૂપા, રૂપાંશિકા, સુરૂપા** અને **રૂપકાવતી** એ નામની ચાર કુમારીઓ પણ દરેક પૂર્વની પેઠે પરિવાર સહિત મોટા વિમાન ઉપર આરૂઢ થઈ અર્હંતના જન્મગૃહમાં આવી. પ્રથમ વિમાન સહિત ત્રણ પ્રદક્ષિણા કરી તે વિમાનોને યોગ્ય સ્થાને સ્થાપન કર્યાં. પછી પગે ચાલી ભગવાન અને તેમની માતાને ભક્તિથી પ્રદક્ષિણા અને પ્રણામ કરી આ પ્રમાણે કહેવા લાગી—"વિશ્વને આનંદ આપનારા હે જગતમાતા ! તમે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જય પામો અને ચિરંજીવો, તમારા દર્શનથી આજે અમારે સારું મુહૂર્ત્ત થયું છે, રત્નાકર રત્નશૈલ અને રત્નગર્ભા એ સર્વ ફોગટ નામધારી છે; પણ રત્નભૂમિ તો તમે એક જ છો કે જેમણે આવા પુત્રરત્નને જન્મ આપ્યો છે. અમે રુચકદ્વીપની મધ્યમાં રહેનારી દિક્કુમારીઓ છીએ. અર્હંતના જન્મકૃત્યો કરવાને અમે અહીં આવેલી છીએ, માટે તમારે અમારાથી જરા પણ ભય રાખવો નહિ.” એમ કહી પ્રભુનું નાભિનાળ ચાર આંગળ રાખી બાકી છેદી નાખ્યું. પછી તે નાળને ભૂમિમાં ખાડો ખોદીને નિધિની પેઠે સ્થાપન કર્યું અને રત્ન તથા હીરાથી ખાડાને પૂરી દીધો. તત્કાળ ઉત્પન્ન થયેલી દુર્વાથી તે ખાડા ઉપર પીઠિકા બાંધી લીધી. **દેવતાના પ્રભાવથી ઉદ્યાન પણ તત્કાળ ઉત્પન્ન થાય છે.** પછી તેમણે સૂતિકાગૃહની ત્રણ દિશામાં ક્ષણવારમાં લક્ષ્મીના ગૃહરૂપ ત્રણ કદલીગૃહો તૈયાર કર્યાં. તે દરેકની મધ્યમાં ચતુઃશાલ કરી તેની વચમાં એકેકું મોટું રત્નસિંહાસન રચ્યું. પછી તે કુમારિકાઓ પોતાના કરમાં પ્રભુને અને ભુજા ઉપર માતાને રાખી દક્ષિણ કદલીગૃહમાં ગઈ. ત્યાં ચતુઃશાલની અંદર ઉત્તમ રત્નસિંહાસન ઉપર સ્વામીને અને માતાને સુખેથી બેસાર્યાં અને પોતે જાતે સંવાહિકા થઈને સુખે કરન્યાસ કરી શતપાકાદિ તૈલથી તે બંનેને અભ્યંગન કર્યું; સુગંધી દ્રવ્ય અને સૂક્ષ્મ પીઠીથી ક્ષણવારમાં રત્નદર્પણની પેઠે તે બંનેને ઉદ્વર્ત્તન કર્યું; પછી ત્યાંથી પૂર્વવત્ તેમને પૂર્વ દિશાના કદલીગૃહમાં લઇ ગઈ. ત્યાં ચતુઃશાલમાં રત્નના ઉત્તમ સિંહાસન ઉપર પ્રભુને અને માતાને સુખે બેસારી ગંધોદક, પુષ્પોદક અને શુદ્ધોદકથી જાણે જન્મથી શિક્ષિત થયેલી હોય તેમ તેઓએ સ્નાન કરાવ્યું. ચિરકાળે ઉપયોગમાં આવેલી પોતાની શક્તિથી કૃતાર્થતાને માનતી એમણે તેમને વિચિત્ર રત્નનાં અલંકાર પહેરાવ્યાં. પછી પૂર્વની પેઠે તેમને લઈ ઉત્તર દિશાના મનોહર કદલીગૃહમાં તેઓ આવી. ત્યાં તેમને ચતુઃશાલમાં સિંહાસન ઉપર બેસાર્યાં; તે સમયે તે બંને પર્વત ઉપર બેઠેલ સિંહણ અને તેના પુત્રની શોભાને ધારણ કરતા હતા. ત્યાં તેમણે ક્ષણવારમાં આભિયોગિક દેવતાઓ પાસે ક્ષુદ્રહિમાચલ ઉપરથી ગોશીર્ષચંદનના કાષ્ઠો મંગાવ્યાં. પછી અરણીના કાષ્ઠને મથીને અગ્નિ ઉત્પન્ન કર્યો. **ચંદનના કાષ્ઠને ઘસવાથી પણ અગ્નિ ઉત્પન્ન થાય છે.** ચોતરફથી ગોશીર્ષચંદના સમિધ કરીને તે દેવીઓએ આહિતાગ્નિની પેઠે તે અગ્નિને પ્રજ્વલિત કર્યો. તે અગ્નિના હોમથી ભૂતિકર્મ કરીને ભક્તિથી ઉન્નત થયેલી તે દેવીઓએ માતાને અને જિનેંદ્રને રક્ષાગ્રંથિ બાંધી અને ભગવંતના કર્ણમાં ‘તમે પર્વતની જેવા આયુષ્યવાળા થાઓ’ એમ કહી તેઓએ પરસ્પર રત્નપાષાણના બે ગોળાઓને આસ્ફાલન કર્યા. પછી પ્રભુને કરતલમાં અને વિજયાદેવીને ભુજા ઉપર ગ્રહણ કરીને સૂતિકાગૃહમાં લઇ ગઈ અને તેમને શય્યા ઉપર આરૂઢ કર્યા. પછી સ્વામી અને તેમની માતાના ઉજ્વલ ગુણોને સારી રીતે ગાયન કરતી તેઓ થોડે દૂર ઊભી રહી.

તે સમયે સૌધર્મ દેવલોકમાં વૈભવવાળો, કોટી દેવતાઓ તથા કોટી અપ્સરાઓએ પરવરેલા, જેના પરાક્રમની કોટિ ચારણોએ સ્તુતિ કરેલી છે, જેના ગુણસમૂહને ઘણી રીતે ગંધર્વોએ ગાયેલા છે, વારાંગનાઓ જેની બંને તરફ ચામર ઢોળે છે, મસ્તક ઉપર રહેલા અતિ મનોહર શ્વેત છત્રથી જે શોભી રહ્યો છે અને સુધર્મા સભામાં જેનું સુખ-



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કારી સિંહાસન છે એવો શકેંદ્ર પોતાના સિંહાસન ઉપર બેઠેલો છે તેનું આસન કંપાયમાન થયું. આસનકંપને લીધે શક્ર કોપના આટોપથી વિસંસ્થૂલ થઈ ગયો. તેના અધર કંપવા લાગ્યા, તેથી સ્ફુરણાયમાન જ્વાળાવાળો જાણે અગ્નિ હોય તેવો જણાવા લાગ્યો. ધૂમકેતુવાળું જાણે આકાશ હોય તેમ ચડાવેલી પ્રચંડ ભ્રકુટીથી તે ભયંકર દેખાવા લાગ્યો, મદાવિષ્ટ હાથીની જેમ તેનું મુખ તામ્રવર્ણી થઈ ગયું અને ઉછળતા તરંગવાળા સમુદ્રની પેઠે તેનું લલાટ ત્રિવલીથી લાંછિત થઈ ગયું. આવી રીતે થઈ શકેંદ્રે પોતાનું શત્રુઘાતક વજ્ર અવલોકયું. એ વખતે તેમનો એવો કોપ જોઈને નૈગમેષી સેનાપતિ ઊઠી અંજલિ જોડી આ પ્રમાણે કહેવા લાગ્યો —“ હે સ્વામી ! હું આજ્ઞાકારી હાજર છતાં આપનો આવેશ કોની તરફ છે ? સુર, અસુર અને મનુષ્યોમાં કોઈ પણ તમારી સરખો કે તમારાથી અધિક નથી. આપના આસનકંપનો જે હેતુ એ થયેલ હોય તે વિચારીને આપના આ દંડધારી સેવકને જણાવો.” એવી રીતે સેનાપતિએ કહેવાથી ઇંદ્રે અવધાન કરીને તત્કાળ અવધિજ્ઞાને જોયું, એટલે જૈનપ્રવચનથી ધર્મની જેમ અને દીપકથી વસ્તુની જેમ ઇંદ્રે અવધિજ્ઞાનથી બીજા તીર્થંકરનો જન્મ જાણ્યો. પછી તે ચિંતવવા લાગ્યો કે ‘અહો ! જંબૂદ્વીપના ભારતવર્ષમાં વિનીતાનગરીને વિષે જિતશત્રુ રાજાની વિજયાદેવી રાણીની કુક્ષીથી આ અવસર્પિણીમાં બીજા તીર્થંકર ઉત્પન્ન થયેલા છે, તેથી આ મારા આસનનો કંપ થયો છે. મને ધિક્કાર છે કે મેં આવું અવળું ચિંતવ્યું ! ઐશ્વર્યથી ઉન્મત્ત થયેલો જે હું તેનું તે મિથ્યા દુષ્કૃત થાઓ.’ એમ ચિંતવી પોતાનું સિંહાસન, પાદપીઠ અને પાદુકાને છોડી દઇ ઈંદ્ર ઊભો થયો. સંભ્રમ સહિત તેણે તીર્થંકરની દિશા સન્મુખ જાણે પ્રસ્થાન સાધતો હોય તેમ કેટલાંએક પગલાં ભર્યાં. પછી પૃથ્વી ઉપર દક્ષિણ જાનુને આરોપણ કરી, વામજાનુ જરા નમાવી, હાથ અને મસ્તકથી પૃથ્વી સ્પર્શ કરી તેણે સ્વામીને નમસ્કાર કર્યો, શક્રસ્તવથી વંદના કરી, વેલાતટથી પાછા ફરેલા સમુદ્રની પેઠે પાછા ફરી ઈંદ્ર સિંહાસન ઉપર બેઠા. પછી ગૃહસ્થ માણસ જેમ સ્વજનોને જણાવે તેમ તીર્થંકરનો જન્મ સર્વ દેવતાઓને જણાવવાને અને તેમને ઉત્સવમાં બોલાવવાને જાણે મૂર્ત્તિમાન્ હર્ષ હોય તેવા રોમાંચિત શરીરવાળા ઇંદ્રે પોતાના **નૈગમેષી** સેનાપતિને આજ્ઞા કરી. તૃષિત માણસ જેમ જળનો સ્વીકાર કરે તેમ ઇંદ્રના શાસનને આદર સહિત મસ્તકે ગ્રહણ કરી તે ચાલ્યો અને સુધર્મા સભારૂપી ગાયની જાણે કંઠઘંટા હોય તેવી **સુઘોષા** નામની યોજનમંડળવાળી ઘંટાને ત્રણ વખત તેણે વગાડી. મથન કરાતા સમુદ્રની જેમ તે વગાડવાથી સર્વ વિશ્વના કર્ણને અતિથિ સમાન એવો મહાનાદ ઉત્પન્ન થયો; તેને લીધે એક ઓછી બત્રીશ લાખ ઘંટાઓ ગાયના નાદ પછી વાછડાના સ્વરની પેઠે તત્કાળ વાગી. તે સર્વ ઘંટાના ગાઢ શબ્દથી આખું સૌધર્મકલ્પ શબ્દાદ્વૈતમય થઇ ગયું. બત્રીશ લાખ વિમાનમાંહેના નિત્યપ્રમાદી એવા દેવતાઓ પણ એ નાદ સાંભળવાથી ગુફામાં સૂતેલા સિંહોની જેમ પ્રબોધ પામ્યા. ઇંદ્રની આજ્ઞાથી કોઈ દેવે ઘોષણારૂપી નાટકની નાંદીરૂપ આ સુઘોષા ઘંટા હમણા વગાડેલી છે, માટે ઇંદ્રની આજ્ઞાને પ્રકાશ કરનારી એ ઘોષણા અવશ્ય સાંભળવી જોઈએ; એવી આશાએ સર્વ દેવતાઓ પોતાના કર્ણ માંડીને રહ્યા. ઘંટાનો અવાજ શાંત થયો, એટલે ઇંદ્રના સેનાનીએ મોટા કંઠઘોષથી આ પ્રમાણે ઉદ્ઘોષણા કરી–“ હે સૌધર્મ સ્વર્ગવાસી દેવતાઓ! તમે સાંભળો. સ્વર્ગપતિ ઇંદ્ર તમને એવી આજ્ઞા કરે છે કે—જંબૂદ્વીપમાં ભરતખંડની અંદર અયોધ્યા નગરીના જિતશત્રુ રાજાની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાણીની કુક્ષીથી જગતના ગુરુ અને વિશ્વને અનુગ્રહ કરનારા બીજા તીર્થંકર જગતના ભાગ્યોદયથી આજે જન્મેલા છે. પોતાના આત્માને પવિત્ર કરવાને પ્રભુના જન્માભિષેકને માટે આપણે પરિવાર સહિત ત્યાં જવું જોઈએ; માટે તમારે સર્વેએ પોતાની સર્વ ઋદ્ધિ અને સર્વ બળ સહિત મારી સાથે આવવા માટે તત્કાળ અહીં આવવું " મેઘગર્જનાથી મયૂર જેમ એ ઘોષણાથી સર્વ દેવતાઓ અમંદ આનંદ પામ્યા, તત્કાળ જાણે સ્વર્ગસંબંધી પ્રવહણો હોય તેવાં વિમાનોમાં બેસી બેસીને આકાશસમુદ્રને આક્રમણ કરતા તેઓ ઇંદ્રની સમીપ આવી પહોંચ્યા.

ઇંદ્રે પોતાના **પાલક** નામના આભિયોગિક દેવતાને સ્વામીની પાસે જવા માટે એક વિમાન રચવાની આજ્ઞા કરી, તેથી તેણે લક્ષ યોજન વિસ્તારવાળું, જાણે બીજો જંબૂદ્વીપ હોય તેવું અને પાંચશેં યોજન ઊંચું એક વિમાન વિકૃત કર્યું. તેની અંદર રહેલી રત્નોની ભીંતોથી જાણે ઉછળેલા પરત્રાળાવાળો સમુદ્ર હોય, સુવર્ણમય કુંભોથી જાણે વિકસિત પદ્મોવાળું સરોવર હોય, લાંબા ધ્વજાનાં વસ્ત્રોથી જાણે સર્વ અંગમાં તિલકિત થયેલું હોય, વિચિત્ર રત્નશિખરોથી જાણે અનેક મુગટોવાળું હોય, અનેક રત્નમય સ્તંભોથી જાણે લક્ષ્મીની હાથણીના આલાનસ્તંભવાળું હોય અને રમણીક પૂતળીઓથી જાણે બીજી અપ્સરાઓથી આશ્રિત થયેલું હોય તેવું તે જણાતું હતું. તાલને ગ્રહણ કરનારા નટની જેમ કિંકિણીજાલથી તે મંડિત હતું, નક્ષત્ર સહિત આકાશની જેમ મોતીના સાથીઆથી અંકિત થયેલું હતું અને ઇહામૃગ, અશ્વ, વૃષભ, નર, કિન્નર, હાથી, હંસ, વનલતા અને પદ્મલતાઓનાં ચિત્રોથી તે શણગારેલું હતું જાણે મહાગિરિથી ઉતરતા વિસ્તાર પામેલા નિર્ઝરણના તરંગો હોય તેવી તે વિમાનની ત્રણ દિશામાં સોપાનપંક્તિઓ હતી. સોપાનપંક્તિની આગળ ઇંદ્રના અખંડ ધનુષની શ્રેણીના જાણે સહોદર હોય તેવાં તોરણો હતાં. તેનો મધ્યભાગ પરસ્પર મળી ગયેલા પુષ્કરમુખ અને ઉત્તમ દીપકશ્રેણીની જેમ સરખા તલવાળો અને કોમલતા સહિત હતો. સુસ્પર્શવાળા અને કોમળ કાંતિવાળા પંચવર્ણી ચિત્રોથી વિચિત્ર થયેલો તે ભૂમિભાગ જાણે મયૂર પિચ્છોથી આસ્તીર્ણ થયો હોય તેવો શોભતો હતો. તેની મધ્યમાં લક્ષ્મીનું જાણે ક્રીડાગૃહ હોય અને નગરીને વિષે જાણે રાજગૃહ હોય તેવો પ્રેક્ષાગૃહમંડપ હતો. તેની વચ્ચે લંબાઈમાં અને વિસ્તારમાં આઠ યોજન પ્રમાણવાળી અને ઊંચાઈમાં ચાર યોજન પ્રમાણવાળી એક મણિપીઠિકા હતી. તેની ઉપર વીંટી ઉપર જડેલા મોટા માણિક્યની જેવું એક ઉત્તમ સિંહાસન હતું. તે સિંહાસન ઉપર ઠરી ગયેલી શરદઋતુની ચંદ્રિકાના પ્રસારના ભ્રમને આપનારો રૂપા જેવો ઉજ્જ્વલ ઉલ્લેચ હતો. તે ઉલ્લેચની વચમાં એક વજ્રમય અંકુશ લટકતો હતો. તેની નીચે એક કુંભિક મુક્તામાળા લટકતી હતી અને ચારે દિશામાં જાણે તેની અનુજ હોય તેવી અર્ધકુંભના પ્રમાણવાળા મુક્તાફળોની ચાર માળા લટકતી હતી. મૃદુ પવનથી મંદ મંદ આંદોલન થતાં તે હાર ઇંદ્રની લક્ષ્મીને રમવાના હીંચકાની શોભાને ચોરતા હતા. ઇંદ્રના મુખ્ય સિંહાસનની ઇશાન દિશામાં, ઉત્તર દિશામાં અને વાયવ્ય દિશામાં ચોરાશી હજાર સામાનિક દેવતાનાં તેટલાં રમણીક રત્નમય ભદ્રાસનો હતાં. પૂર્વમાં ઇંદ્રની આઠ ઇંદ્રાણીઓનાં આઠ આસનો હતાં, તે જાણે લક્ષ્મીને ક્રીડા કરવાની માણિક્યવેદિકા હોય તેવાં શોભતાં હતાં. અગ્નિકૂણમાં અભ્યંતરપર્ષદાનાં બાર હજાર દેવતાનાં આસનો હતાં. દક્ષિણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દિશામાં મધ્યપર્ષદાના ચૌદ હજાર દેવતાઓનાં આસનો હતાં. નૈઋત્યકૂણમાં બાહ્યપર્ષદાના સોળ હજાર દેવતાનાં આસનો રહેલાં હતાં. ઇંદ્રના સિંહાસનની પશ્ચિમમાં સાત સેનાપતિનાં સાત આસનો જરા ઊંચા રહેલાં હતાં અને આસપાસ ચારે દિશામાં ચોરાશી ચોરાશી હજાર આત્મરક્ષક દેવતાઓનાં સિંહાસન હતાં.

ઇંદ્રની આજ્ઞાથી એવું વિમાન તરત જ તૈયાર કરવામાં આવ્યું. **દેવતાઓની ઇષ્ટસિદ્ધિ મનવડે જ સિદ્ધ થાય છે.** પ્રભુની સન્મુખ જવામાં ઉત્સુક થયેલા શક્રેંદ્રે તરતજ વિચિત્ર આભૂષણને ધરનારું ઉત્તરવૈક્રિય રૂપ બનાવ્યું. પછી લાવણ્યરૂપી અમૃતવલ્લી સમાન આઠ ઇંદ્રાણીઓની સાથે અને મોટી નાટ્યસેના તથા ગંધર્વસેનાની સાથે હર્ષ પામેલો ઇંદ્ર વિમાનની પ્રદક્ષિણા કરીને પૂર્વ તરફના રત્નમય સોપાનને માર્ગે વિમાન ઉપર ચડ્યો અને મધ્યના રત્નસિંહાસન ઉપર પૂર્વાભિમુખે પર્વતના શિખરની ચૂલિકા ઉપર જેમ કેસરીસિંહ બેસે તેમ બેઠો. કમલિનીનાં પત્ર ઉપર જેમ હંસલીઓ બેસે તેમ ઇન્દ્રાણીઓએ અનુક્રમે પોતપોતાના આસનો અલંકૃત કર્યાં. ચોરાશી હજાર સામાનિક દેવતાએ, ઉત્તરદિશાના સોપાનથી વિમાન ઉપર આરૂઢ થયા અને રૂપવડે જાણે ઇંદ્રના પ્રતિબિંબ હોય તેવા તેઓ પોતપોતાના આસન ઉપર બેઠા. બીજા પણ દેવ અને દેવીઓ દક્ષિણ તરફના સોપાનમાર્ગથી ચડી યોગ્ય આસને બેઠા. સિંહાસન ઉપર બેઠેલા ઇંદ્રની આગળ જાણે એક એક ઇંદ્રાણીએ મંગળ કર્યાં હોય તેવા અષ્ટ મંગળિક ચાલ્યા. તે પછી છત્ર, ઝારી અને પૂર્ણકુંભાદિક ચાલ્યા, કારણ કે તે સ્વર્ગરાજ્યનાં ચિહ્નો છે અને છાયાની જેમ તેના સહચારી છે. તેની આગળ હજાર યોજન ઊંચો મહાધ્વજ ચાલ્યો. તે સેંકડો લઘુ ધ્વજાઓથી અલંકૃત હોવાને લીધે પલ્લવોથી વૃક્ષની જેમ શોભતો હતો. તેની આગળ ઇંદ્રના પાંચ સેનાપતિઓ અને પોતાના અધિકારમાં અપ્રમાદી એવા આભિયોગિક દેવતાઓ ચાલ્યા. આવી રીતે અસંખ્ય મહર્દ્ધિક દેવોએ વીંટાયેલો અને ચતુર ચારણ ગણોએ જેની ઋદ્ધિની સ્તુતિ કરેલી છે એવો નાટ્યસેના અને ગંધર્વ સેનાએ નિરંતર આરંભેલાં નાટ્ય, અભિનય તથા સંગીતમાં કુતુહળવાળો થયેલો, પાંચ અનીકોએ જેની આગળ મહાધ્વજ ચલાવ્યો છે એવો અને વાજિંત્રોના અવાજથી જાણે બ્રહ્માંડને ફોડતો હોય તેવો જણાતો ઇંદ્ર સૌધર્મ દેવલોકના ઉત્તર તરફના તિર્યક્‌માર્ગે પાલક વિમાનવડે પૃથ્વી ઉપર ઉતરવાની ઇચ્છાએ ચાલ્યો. કોટિગમે દેવોએ પરિપૂર્ણ થયેલું **પાલક** વિમાન જાણે ચાલતું સૌધર્મકલ્પ હોય તેમ નીચે ઉતરતું શોભવા લાગ્યું. વેગમાં મનની ગતિને પણ ઉલ્લંઘન કરનાર તે વિમાન અસંખ્ય દ્વીપસમુદ્રને ઉલ્લંઘન કરી ગયું અને પૃથ્વીમાં રહેલ જાણે સૌધર્મકલ્પ હોય તેવા દેવતાને ક્રીડા કરવાના સ્થાનરૂપ નંદીશ્વરદ્વીપે તે વિમાન પહોંચ્યું. ત્યાં અગ્નિકૂણમાં રહેલા **રતિકર** નામના પર્વત ઉપર જઇને ઇંદ્રે તે વિમાનને સંક્ષિપ્ત કર્યું. પછી વિમાનને અનુક્રમે સંક્ષિપ્ત કરતો કરતો તે જંબૂદ્વીપમાં ભરતખંડની અંદર વિનીતાનગરીમાં આવ્યો અને તેવા લઘુ વિમાનથી તેણે પ્રભુના સૂતિકાગૃહને સ્વામીની કરે તેમ ત્રણ વાર પ્રદક્ષિણા કરી; કારણ કે **સ્વામીએ અલંકૃત કરેલી ભૂમિ પણ સ્વામીવત્ વંદનિક છે.** પછી સામંત રાજા જેમ મોટા રાજાના ઘરમાં આવતાં વાહન દૂર રાખે તેમ તેણે ઇશાનદિશામાં પોતાનું વિમાન સ્થાપન કર્યું અને કુલીન કૃત્યની પેઠે ભક્તિથી શરીરને સંકોચી તેણે સૂતિકાગૃહમાં પ્રવેશ કર્યો. પોતાનાં નેત્રને ધન્ય માનનારા ઇંદ્રે તીર્થંકર અને તેમની માતાને નજરે જોતાં જ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રણામ કર્યા. પછી બંનેની ત્રણ પ્રદક્ષિણા કરી નમસ્કારપૂર્વક વંદના કરી, અંજલિ જોડી તે આ પ્રમાણે બોલ્યો–"ઉદરમાં રત્નને ધારણ કરનારા, વિશ્વને પવિત્ર કરનારા અને જગતદીપકને આપનારા હે જગતમાતા ! તમને હું નમસ્કાર કરું છું. હે માતા ! તમે જ ધન્ય છો કે જેમણે કલ્પવૃક્ષને પ્રસવનાર પૃથ્વીની જેમ બીજા તીર્થંકરને જન્મ આપ્યો છે. હે માતા ! હું સૌધર્મપતિ ઇંદ્ર પ્રભુનો જન્મમહોત્સવ કરવાને માટે અહીં આવ્યો છું; એથી તમારે ભય રાખવો નહિ." એમ કહી માતાને અવસ્વાપિની નિદ્રા મૂકી, તીર્થંકરનું બીજું રૂપ રચી તેમની પડખે મૂક્યું. પછી તરતજ પોતાના પાંચ રૂપ કર્યાં **કામરૂપી દેવતાઓ એક છતાં અનેક રૂપવાળા થઈ શકે છે.** તે પાંચ ઇંદ્રોમાંથી એકે પુલકાંકિત થઈ ભક્તિથી મનની જેમ શરીરથી પણ શુદ્ધ થઈ, નમસ્કાર કરી 'હે ભગવન્ ! આજ્ઞા આપો' એમ કહી, ગોશીર્ષરસથી લિપ્ત કરેલા પોતાના હાથમાં પ્રભુને ગ્રહણ કર્યા, બીજા ઇંદ્રે પાછળ રહી પર્વતના શિખર ઉપર રહેલા પૂર્ણિમાના ચંદ્રના વિભ્રમને બતાવતું સુંદર છત્ર પ્રભુની ઉપર ધારણ કર્યું, બે ઇંદ્રોએ બે પડખે રહી સાક્ષાત્ ગ્રહણ કરેલા જાણે પુણ્યના સમૂહ હોય તેવાં બે ચામરો ધારણ કર્યાં અને એક ઇંદ્ર પ્રતિહારની જેમ વજ્રને ઉલાળતો તેમજ પોતાની ગ્રીવાને જરા વાંકી વાળી પ્રભુને જોતો આગળ ચાલ્યો. ભમરાઓ કમલને જેમ વીંટી વળે તેમ સામાનિક પર્ષદાના દેવો, ત્રાયસ્ત્રિંશ દેવો અને બીજા પણ સર્વ દેવો પ્રભુની આપાસ વીંટાઈ વલ્યા, પછી ઇંદ્ર પ્રભુને યત્નથી હાથવતી ધારણ કરી જન્મોત્સવ કરવાની ઇચ્છાથી મેરુપર્વત ઉપર ચાલ્યો. ગીતની પછવાડે મૃગોની જેમ પરસ્પર અથડાતા દેવતાઓ પ્રભુની પાછળ અહંપૂર્વિકાએ દોડવા લાગ્યાં, પ્રભુને દૂરથી જોનારા દેવતાઓના દૃષ્ટિપાતોવડે, સર્વ આકાશ જાણે પ્રફુલ્લિત નીલકમળના વનથી વ્યાપ્ત થયું હોય તેવું જણાવા લાગ્યું. ધનપતિ જેમ પોતાના દ્રવ્યને જુએ તેમ દેવતાઓ વારંવાર આવીને પ્રભુને નીરખવા લાગ્યા. એકસાથે આવી ઉપરાઉપર પડતા દેવતાઓ સંમર્દથી સમુદ્રના તરંગોની જેમ પરસ્પર અફળાવા લાગ્યા. આકાશમાં ઇંદ્રરૂપ વાહનવડે ચાલતા પ્રભુની આગળ ગ્રહ, નક્ષત્ર અને તારાઓ પુષ્પના સમૂહપણાને પામવા લાગ્યા. એક મુહૂર્તમાં ઇંદ્ર મેરુપર્વતના શિખર ઉપર દક્ષિણચૂલા ઉપર રહેલી **અતિપાંડુકંબલા** નામની શિલા પાસે આવ્યો અને રત્નસિંહાસન ઉપર પોતાના ખોળામાં પ્રભુને લઈને પૂર્વાભિમુખ બેઠો.

તે જ સમયે **ઇશાનકલ્પના** ઇંદ્ર પોતાના આસનનો કંપ થતાં અવધિજ્ઞાને **શ્રીમાન્** સર્વજ્ઞનો જન્મ જાણ્યો, તેણે પણ પહેલા ઇન્દ્રની જેમ રત્નસિંહાસન વિગેરે છોડી દઈ, સાત આઠ પગલાં સન્મુખ ચાલી પ્રભુને નમસ્કાર કર્યો. તેની આજ્ઞાથી **લઘુપરાક્રમ** નામના સેનાપતિએ મોટા સ્વરવાળી **મહાઘોષા** નામની ઘંટા વગાડી. તેના નાદથી ઉદ્વેલ સમુદ્રના ધ્વનિથી કાંઠાના પર્વતની ગુફાની જેમ અઠ્ઠાવીશ લાખ વિમાનો પૂરાઈ ગયાં. પ્રભાતે શંખના ધ્વનિથી સૂતેલા રાજાઓ જાગૃત થાય તેમ તેના અવાજથી તે વિમાનના દેવતાઓ જાગૃત થયા. મહાઘોષા ઘંટાનો નાદ શાંત થતાં સેનાપતિએ મેઘના જેવા ગંભીર ધ્વનિથી આ પ્રમાણે ઘોષણા કરી–"જંબૂદ્વીપના ભરતખંડની અંદર વિનીતાપુરીમાં વિજયા અને જિતશત્રુ રાજાથી બીજા તીર્થંકર ઉત્પન્ન થયેલા છે, તેમના જન્માભિષેકને માટે આપણા સ્વામી ઇંદ્ર મેરુપર્વત ઉપર જશે; માટે હે દેવતાઓ ! તમે સર્વ સ્વામીની સાથે આવવા તૈયાર થાઓ." આવી ઊંચી ઘોષણા થતાં જાણે મંત્રથી ખેંચાણા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય તેમ સર્વ દેવતાઓ ઇશાનપતિની પાસે આવ્યા. પછી હાથમાં ત્રિશૂળ લઇને **જાણે** ઘણા રત્નાભૂષણથી ચાલતો રત્નનો પર્વત હોય તેવો દેખાતો, શ્વેત વસ્ત્રવાળો, પુષ્પમાળા ધારણ કરનારો, મોટા વૃષભના વાહનવાળો, સામાનિક વિગેરે કોડોગમે દેવોથી **પરવરેલો,** ઉત્તરાર્દ્ધ સ્વર્ગનો સ્વામી **પુષ્પક** નામના વિમાનમાં બેસી દક્ષિણ તરફના ઇશાનકલ્પને રસ્તે પરિવાર સહિત ચાલ્યો. થોડીવારમાં અસંખ્ય દ્વીપસમુદ્રને ઉલ્લંઘી **નંદીશ્વર** મહાદ્વીપે આવ્યો. ત્યાં ઇશાનકૂણના **રતિકર** પર્વત ઉપર પોતાના વિમાનને હેમંતઋતુના દિવસની પેઠે સંક્ષિપ્ત કર્યું. પછી અનુક્રમે કાળક્ષેપ કર્યા વિના વિમાનને સંક્ષિપ્ત કરતો તે મેરુપર્વતની ઉપર શિષ્યની જેમ પ્રભુની પાસે આવ્યો. બીજા **સનત્કુમાર, બ્રહ્મ, શુક્ર** અને **પ્રાણત** ઇંદ્રોએ પણ સુઘોષા ઘંટાને વગાડી નૈગમેષીએ બોધિત કરેલા દેવતાઓની સાથે, શક્રેંદ્રની જેમ ઉત્તરદિશાના માર્ગે નંદીશ્વરદ્વીપે આવી, અગ્નિકૂણના રતિકર પર્વત ઉપર પોતાના વિમાનોને સંક્ષિપ્ત કર્યા અને ત્યાંથી તરત જ મેરુપર્વત ઉપર શક્રના ઉત્સંગમાં રહેલા ભગવંતની સમીપે આવી, ચંદ્રની પાસે નક્ષત્રની જેમ ઊભા રહ્યા. **માહેંદ્ર, લાંતક, સહસ્રાર** અને **અચ્યુત** ઇંદ્રો પણ મહાઘોષા ઘંટાવડે લઘુપરાક્રમ સેનાપતિએ બોધિત કરેલા દેવતાઓની સાથે ઇશાનઇંદ્રની જેમ દક્ષિણમાર્ગે નંદીશ્વર દ્વીપે આવ્યા અને ઇશાન દિશાના રતિકર પર્વત ઉપર પોતાના વિમાન સંક્ષેપી, પાંથલોકો જેમ આનંદ સહિત વનના ફલિત વૃક્ષ તરફ જાય તેમ મેરુપર્વતના શિખર ઉપર સ્વામીની પાસે આવ્યા.

તે જ વખતે દક્ષિણ શ્રેણીના આભૂષણરૂપ **ચમરચંચા** પુરીમાં સુધર્માસભાની અંદર બેઠેલા **ચમરેંદ્રનું** આસન કંપ્યું. તેણે અવધિજ્ઞાનવડે તીર્થંકરનો પવિત્ર જન્મ જાણી સાત આઠ પગલાં સન્મુખ ચાલી નમસ્કાર કર્યો. તેની આજ્ઞાથી તત્કાળ **દ્રુમ** નામના પાયદલ સેનાપતિએ સુસ્વરવાળી **ઓઘસ્વરા** ઘંટા વગાડી. તેનો સ્વર શાંત થતાં પૂર્વવત્ ઉદ્ઘોષણા કરવાથી, સાયંકાળે પક્ષીઓ જેમ વૃક્ષ પાસે આવે તેમ સર્વ દેવો ચમરેંદ્ર પાસે આવ્યા. ચમરેંદ્રની આજ્ઞાથી તેના આભિયોગિક દેવતાએ ક્ષણવારમાં અર્ધલાખ યોજન પ્રમાણવાળું એક વિમાન વિકુર્વ્યું. પાંચસો યોજન ઊંચા ઇંદ્રધ્વજે શોભતું તે વિમાન કૂપસ્તંભ સહીત વહાણની જેવું શોભતું હતું. ચોસઠ હજાર સામાનિક દેવતા, તેત્રીશ ત્રાયસ્ત્રિંશ દેવતા, ચાર લોકપાળ, પરિવાર સહિત પાંચ મહિષીઓ, ત્રણ પર્ષદા, સાત મોટી સેનાઓ, સાત સેનાપતિઓ, સામાનિકથી ચારગણા આત્મરક્ષકો અને બીજા અસુરકુમાર દેવ-દેવીની સાથે ચમરેંદ્ર તે વિમાનમાં આરૂઢ થઇને ક્ષણવારમાં નંદીશ્વર દ્વીપે પહોંચ્યો અને પોતાના રતિકર પર્વત ઉપર શક્રની જેમ વિમાન સંક્ષેપ્યું. પછી પૂર્વસમુદ્રમાં ગંગાના પ્રવાહની જેમ વેગથી તે મેરુપર્વતના શિખર ઉપર પ્રભુના ચરણ સમીપે આવ્યો.

ઉત્તર શ્રેણીના આભૂષણરૂપ **બલિચંચા** નગરીમાં પોતાના આસનના કંપથી **બલિ** નામના ઇંદ્રે અર્હત્જન્મને અવધિજ્ઞાને જાણ્યો. તેની આજ્ઞાથી **મહાદ્રુમ** નામના પાયદલના સેનાપતિએ તત્કાળ **મહૌઘસ્વરા** ઘંટાને ત્રણ વાર વગાડી અને તેનો નાદ શાંત થતાં અસુરોના શ્રવણને અમૃતપ્રવાહ સમાન આઘોષણા કરી. મેઘના શબ્દથી હંસો જેમ માનસરોવરમાં જાય તેમ તે આઘોષણાથી સર્વ અસુરો બલીંદ્રની પાસે આવ્યા. પૂર્વ સંખ્યા પ્રમાણે પરિવારે યુક્ત અને સાઠ હજાર સામાનિક તથા તેથી ચારગુણા આત્મરક્ષક દેવતાની સાથે પૂર્વવત્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિમાનમાં બેસીને તે નદંશ્વર દ્વીપના રતિકર પર્વત ઉપર થઈ મેરુના મસ્તક ઉપર આવ્યો.

તે પછી **નાગકુમાર, વિદ્યુત્કુમાર, સુવર્ણકુમાર, અગ્નિકુમાર, વાયુકુમાર, મેઘકુમાર, ઉદધિકુમાર, દ્વીપકુમાર** અને **દિશીકુમારના** દક્ષિણ શ્રેણીમાં રહેલા **ધરણેંદ્ર, હરી, વેણુદેવ, અગ્નિશિખ, વેલંબ, સુઘોષ, જલકાંત, પૂર્ણ** અને **અમિત** નામના ઇંદ્રો તથા ઉત્તર શ્રેણીના **ભૂતાનંદ, હરિશિખ, વેણુદારી, અગ્નિમાણવ, પ્રભંજન, મહાઘોષ, જલપ્રભ, અવિશિષ્ટ** અને **અણિતવાહન** નામના ઇંદ્રોએ સર્વેએ આસનકંપથી અવધિજ્ઞાને અર્હંતજન્મ જાણ્યો. ધરણાદિકની ઘંટા **ભદ્રસેન** નામના સેનાપતિએ અને ભૂતાનંદાદિની ઘંટા **દક્ષ** નામના સેનાપતિએ વગાડી, તેથી બંને શ્રેણીની **મેઘસ્વરા, ક્રૌંચસ્વરા, હંસસ્વરા, મંજુસ્વરા, નંદિસ્વરા, નંદિઘોષા, સુસ્વરા, મધુસ્વરા** અને **મંજુઘોષા** નામની ઘંટાઓ વાગી; એટલે તે તે ભુવનપતિની બંને શ્રેણીના સર્વે દેવો ક્ષણવારમાં ઘોડાઓ જેમ પોતાના સ્થાનમાં આવે તેમ પોતપોતાના ઇંદ્રો પાસે આવ્યા. તેમની આજ્ઞાથી તેમના આભિયોગિક દેવતાઓએ રત્ન અને સુવર્ણથી વિચિત્ર, પચીશ હજાર યોજન વિસ્તારવાળાં વિમાન અને અઢીશેં યોજન ઊંચા ઇંદ્રધ્વજ વિકૃત કર્યાં. પ્રત્યેક ઇંદ્ર છ મહિષીઓ, છ હજાર સામાનિક દેવતાઓ, તેથી ચારગણા અંગરક્ષકો અને ચમર બલિની પેઠે બીજા ત્રાયસ્ત્રિંશાદિક દેવોએ પરિવૃત્ત થઈ વિમાનમાં બેસી મેરુ ઉપર પ્રભુ સમીપે આવ્યા.

પિશાચ, ભૂત, યક્ષ, રાક્ષસ, કિંનર, કિંપુરુષ, મહોરગ અને ગંધર્વોના અધિપતિ **કાળ, સ્વરૂપ, પૂર્ણભદ્ર, ભીમ, કિંનર, સત્યપુરુષ, અતિકાય** અને **ગીતરતિ** એ નામના દક્ષિણશ્રેણીમાં રહેલા અને ઉત્તરશ્રેણીમાં રહેલા **મહાકાળ, પ્રતિરૂપ, માણિભદ્ર, મહાભીમ, કિંપુરુષ, મહાપુરુષ, મહાકાય** અને **ગીતયશા**—એવા બંને શ્રેણીઓના પતિઓએ આસનકંપથી ભગવાનના જન્મને જાણી પોતપોતાના સેનાપતિઓ પાસે પોતાની **મંજુસ્વરા** અને **મંજુઘોષા** ઘંટાને અનુક્રમે વગડાવી. ઘંટાનાદ શાંત થયો એટલે સેનાપતિએ આઘોષણા કરી; તેથી પિશાચ વિગેરે નિકાયના વ્યંતરો પોતપોતાના ઇંદ્રો પાસે આવ્યા. તે ઇંદ્રો ત્રાયસ્ત્રિંશ અને લોકપાળ વિનાના દેવતાઓથી વીંટાયેલા હતા; કારણ કે તેમને સૂર્યચંદ્રની જેમ ત્રાયસ્ત્રિંશ તથા લોકપાળ નથી. તે દરેક ઇંદ્ર પોતાના ચાર હજાર સામાનિક દેવતાઓ અને સોળ હજાર આત્મરક્ષક દેવતાઓ સાથે આભિયોગિક દેવતાએ રચેલા વિમાનમાં બેસી મેરુ ઉપર પ્રભુની પાસે આવ્યા. તેવી જ રીતે દક્ષિણશ્રેણી અને ઉત્તરશ્રેણીમાં રહેલા અણુપન્નિકાદિક **વાણવ્યંતરોની** આઠ નિકાયના સોળ ઇંદ્રો પણ પિશાચાદિ દેવેંદ્રની જેમ આસનકંપથી ભગવાનના જન્મને જાણી **મંજુસ્વરા** અને **મંજુઘોષા** નામની ઘંટાને પોતપોતાના સેનાપતિઓ પાસે વગડાવી અને ઘોષણા કરાવી, પોતપોતાના વ્યંતરો સહિત આભિયોગિક દેવતાઓએ વિકૃત કરેલા વિમાનમાં બેસી પૂર્વવત્ પરિવાર સાથે ભગવંત પાસે આવ્યા. અસંખ્યાતા ચંદ્ર અને સૂર્ય પોતપોતાના પરિવારને ગ્રહણ કરી, પુત્રો જેમ પિતા પાસે આવે તેમ જિનેશ્વર પાસે આવ્યા. સ્વતંત્ર એવા તે સર્વ ઇંદ્રો આવી રીતે પરતંત્રની જેમ સ્વામીનો જન્મોત્સવ કરવાની ઇચ્છાએ ભક્તિથી ત્યાં આવ્યા.

હવે અગિયારમા અને બારમા દેવલોકના **અચ્યુત** નામના ઇંદ્રે સ્નાત્ર કરવાના ઉપ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરણને માટે આભિયોગિક દેવતાઓને આજ્ઞા કરી. તેઓએ ઇશાનદિશામાં જઈ ઊંચે પ્રકારે સમુદ્દ્ઘાત કરી, સોનાના, રૂપાના, રત્નના, સુવર્ણના અને રૂપાના, સુવર્ણના અને રત્નના, રૂપાના અને રત્નના, સોનું, રૂપું અને રત્નના તથા માટીના—પ્રત્યેક જાતના એક હજાર ને આઠ આઠ કળશો બનાવ્યા. તે સાથે એટલી જ ઝારીઓ, દર્પણ, પાત્રો, પાત્રી, ડાબડા, રત્નના કરંડીયા અને પુષ્પોની ચંગેરીઓ, એ સઘળું કાળક્ષેપ કર્યા સિવાય જાણે કોશાગારથી લઈ આવ્યા હોય તેમ વિકૃતિથી બનાવ્યા. અપ્રમાદી એવા તે દેવતાઓ કળશોને લઈ, જળહારિણી જેમ સરોવરે જાય તેમ ક્ષીરસાગરે ગયા. ત્યાંથી જાણે મંગળશબ્દ કરતા હોય તેવા બુદ્બુદ્ શબ્દ કરનારા તે કુંભોથી મેઘની જેમ તેમણે ક્ષીરોદક ગ્રહણ કર્યું, તથા પુંડરીક, પદ્મ, કુમુદ, ઉત્પલ, સહસ્રપત્ર અને શતપત્ર જાતનાં કમળો પણ લીધા. ત્યાંથી પુષ્કરવર સમુદ્રે આવી, યાત્રાળુઓ જેમ દ્વીપમાંથી જળ ગ્રહણ કરે તેમ, જળ અને અનેક પ્રકારના પુષ્કરાદિક ગ્રહણ કર્યાં. ભરત અને ઐરવત ક્ષેત્રમાં રહેલા માગધાદિ તીર્થનું જળ વિગેરે લીધું અને તપેલા પથિકોની જેમ ગંગાદિક નદીઓમાંથી તથા પદ્માદિક દ્રહોમાંથી માટી, જળ અને કમળ ગ્રહણ કર્યાં. સઘળા કુળપર્વતોથી, સઘળા વૈતાઢ્યોથી, સર્વ વિજયોમાંથી, સર્વ વક્ષારા પર્વતોથી, દેવકુરુ અને ઉત્તરકુરુ ક્ષેત્રોમાંથી, સુમેરુના પરિધિ ભાગમાં રહેલા ભદ્રશાળ, નંદન, સૌમનસ અને પાંડુક વનોથી તેમજ મલય, દર્દુરાદિ પર્વતોથી શ્રેષ્ઠ શ્રેષ્ઠ ઔષધિ, ગંધ, પુષ્પ અને સિદ્ધાર્થાદિ ગ્રહણ કર્યાં. વૈદ્યો જેમ ઔષધો એકઠા કરે અને ગાંધિકો જેમ ગંધીઆણા એકઠા કરે તેમ સર્વ દ્રવ્યને દેવતાઓએ એકઠા કર્યાં. આદરપૂર્વક તે સર્વ ગ્રહણ કરી જાણે અચ્યુતેંદ્રના મનની સાથે સ્પર્ધા કરતા હોય તેવા વેગથી તેઓ સ્વામીની પાસે આવ્યા.

પછી અચ્યુતેંદ્રે દશ હજાર સામાનિક દેવતાઓ, તેત્રીશ ત્રાયસ્ત્રિંશ દેવો, ચાર લોકપાળો, ત્રણ પર્ષદાના દેવો, સાત સૈન્ય, તેના સાત સેનાપતિઓ અને ચાલીશ હજાર આત્મરક્ષક દેવોની સાથે પરિવૃત થઇ ઉત્તરાસંગ કરી પ્રભુની પાસે આવી પુષ્પાંજલિ મૂકી, ચંદનથી ચર્ચિત કરેલા અને પ્રફુલ્લિત કમળોમાંથી આચ્છાદિત મુખવાળા એક હજાર ને આઠ કુંભોને દેવતાઓની સાથે ગ્રહણ કર્યાં. પછી ભક્તિના ઉત્કર્ષથી પોતાની જેમ નમાવેલા મુખવાળા તે કુંભોને પ્રભુના મસ્તક ઉપર નામવા માંડ્યા. તે જળ પવિત્ર હતું છતાં પણ સુવર્ણના અલંકારમાં જેમ મણિ વધારે પ્રકાશે છે તેમ પ્રભુના સંગથી અતિ પવિત્ર થયું. જળની ધારાના અવાજથી કળશો શબ્દાયમાન થતા હતા, તેથી જાણે પ્રભુના સ્નાનવિધિમાં મંત્રનો પાઠ કરતા હોય તેવા તે શોભતા હતા. કુંભમાંથી પડતો, જળનો મોટો પ્રવાહ પ્રભુની લાવણ્યસરિતાના વેણીસંગમને પામતો હતો. પ્રભુના સુવર્ણ જેવા ગૌર અંગમાં પ્રસરતું તે પય, સુવર્ણમય હિમવંત પર્વતના કમળખંડમાં પ્રસરતા ગંગાના જળની જેવું શોભતું હતું. સર્વાંગે પ્રસરતા તે નિર્મળ અને અતિ મનોહર જળવડે પ્રભુ જાણે વસ્ત્ર સહિત હોય તેવા જણાતા હતા. ત્યાં ભક્તિના ભારથી આકુળ થયેલા કોઈ દેવતાઓ સ્નાન કરાવતા એવા ઇંદ્ર અને દેવતાઓની પાસેથી પૂર્ણકુંભોને ખેંચી લેતા હતા. તે વખતે કોઈ પ્રભુને છત્ર ધરતા હતા, કોઈ ચામર વીંજતા હતા, કોઈ ધૂપદાન લઈને ઊભા હતા, કોઈ પુષ્પ અને ગંધને ધારણ કરતા હતા, કોઈ સ્નાત્રવિધિ ભણતા હતા, કોઈ જય જય શબ્દ કરતા હતા, કોઈ હાથમાં દંડ લઈને દુંદુભિ વગાડતા હતા, કોઈ ગાલ અને મુખને ફુલાવી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શંખને દીર્ઘ શબ્દે કરી પૂરતા હતા, કોઈ કાંસી તાલ વગાડતા હતા, કોઈ અખંડિત રત્નદંડોથી ઝાલરને વગાડતા હતા, કોઈ ડમરુ વગાડતા હતા, કોઈ ડિંડિમને તાડન કરતા હતા, કોઈ નર્ત્તકીની જેમ તાલલયને અનુસરી ઊંચા પ્રકારનું નૃત્ય કરતા; કોઈ વિટ અને ચેટની જેમ હાસ્ય કરવાને માટે વિચિત્ર રીતે કુદતા હતા, કોઈ પ્રબંધ કરવા વિગેરેથી ગવૈયાની જેમ ગાયન કરતા હતા, કોઈ ગોવાળની જેમ ગળાથી ઉછૃંખલ સ્વરે ગાયન કરતા હતા, કોઈ બત્રીશ પાત્રોથી નાટકના અભિનય બતાવતા હતા, કોઈ પડતા હતા, કોઈ ઠેકતા હતા, કોઈ રત્નોને વર્ષાવતા હતા, કોઈ સુવર્ણની વૃષ્ટિ કરતા હતા, કોઈ આભૂષણોને વર્ષાવતા હતા, કોઈ ચૂર્ણવૃષ્ટિ કરતા હતા, કોઈ માળાપુષ્પ અને ફળને વરસાવતા હતા, કોઈ ચતુરાઈથી ચાલતા હતા, કોઈ સિંહનાદ કરતા હતા, કોઈ અશ્વની જેમ હણહણાટ કરતા હતા, કોઈ હસ્તીની જેમ ગર્જના કરતા હતા, કોઈ રણઘોષ કરતા હતા, કોઈ ત્રણે નાદને કરતા હતા, કોઈ પગના પ્રહારથી મંદરાચલને હલાવતા હતા, કોઈ ચપેટાવડે પૃથ્વીને ચૂર્ણ કરતા હતા, કોઈ ઘણા આનંદથી વારંવાર કોલાહલ કરતા હતા, કોઈ મંડળીરૂપ થઈ ફરતા ફરતા રાસડા લેતા હતા, કોઈ કૃત્રિમ રીતે બળી જતા હતા, કોઈ કૌતુકથી અવાજ કરતા હતા, કોઈ ઉત્કટ રીતે મેઘગર્જના કરતા હતા અને કોઈ વીજળીની જેમ પ્રકાશતા હતા એવી રીતે દેવતાઓ આનંદથી વિચિત્ર વિચિત્ર ચેષ્ટા કરતા હતા. તે અવસરે અચ્યુતેંદ્રે ભગવાનને હર્ષથી અભિષેક કર્યો. પછી નિષ્કપટ ભક્તિવાળા તે ઈંદ્ર મસ્તક ઉપર મુગટ સમાન અંજલિ રચી ઊંચે સ્વરે જય જય શબ્દ કર્યો અને ચતુર સંવાહકની જેમ સુખસ્પર્શ હાથવડે દેવદૂષ્ય વસ્ત્રથી તેણે પ્રભુના શરીરનું માર્જન કર્યું. નટ જેમ નાટ્ય કરે તેમ ત્રણ જગતના સ્વામીની પાસે આનંદથી નૃત્ય કરતા દેવતાઓની સાથે તેણે પણ અભિનય કર્યો. તે આરણાચ્યુત કલ્પના ઈંદ્રે પછી ગોશીર્ષચંદનના રસવડે પ્રભુને વિલેપન કર્યું; દિવ્ય અને ભૂમિના ઉત્પન્ન થયેલાં પુષ્પોથી અર્ચા કરી તેમની પાસે કુંભ, ભદ્રાસન, દર્પણ, શ્રીવત્સ, સ્વસ્તિક, નંદ્યાવર્ત્ત, વર્દ્ધમાન અને મત્સ્યયુગ—એ અષ્ટમંગલિક રૂપાના સ્વચ્છ અને અખંડિત અક્ષતવડે આલેખ્યા અને સંધ્યાઅભ્રની કર્ણિકાની જેવા પંચવર્ણી પુષ્પના જાનુપ્રમાણ સમૂહને પ્રભુની પાસે મૂક્યો. ધૂમાડાની વર્તિઓથી જાણે સ્વર્ગને તોરણવાળું કરતા હોય તેમ ધૂપના અગ્નિને તેણે ધૂપિત કર્યો. તે ધૂપ ઊંચો કરતી વખતે દેવતાઓ વાજિંત્ર વગાડવા લાગ્યા, તેથી દીર્ઘસ્વરવાળી મહાઘોષા ઘંટાને પણ જાણે સંક્ષિપ્ત કરી દીધી હોય તેમ તેઓ શોભવા લાગ્યા. પછી જ્યોતિમંડળની લક્ષ્મીને અનુસરનારું અને ઊંચા શિખામંડળવાળું આરાત્રિક ઉતારી, સાત–આઠ પગલાં પાછા ચાલી, પ્રણામ કરી રોમાંચિત થયેલા અચ્યુતેંદ્રે આ પ્રમાણે સ્તુતિ કરવાનો આરંભ કર્યો.

"હે પ્રભુ ! જાતિવંત સુવર્ણના છેદના જેવી છબીથી આકાશના ભાગને આચ્છાદન કરનાર અને પ્રક્ષાલન વિના પવિત્ર એવી તમારી કાયા કોને આક્ષેપ ન કરે ? સુગંધી વિલેપન કર્યા સિવાય પણ નિત્ય સુગંધી એવા તમારા અંગમાં મંદારની માળાની જેમ દેવતાઓની સ્ત્રીઓનાં નેત્રો ભ્રમરપણાને પામે છે. હે નાથ ! દિવ્ય અમૃતરસાસ્વાદના પોષણથી જાણે હણાઈ ગયા હોય તેવા રોગરૂપી સર્પના સમૂહો તમારા અંગમાં પ્રવેશ કરી શકતા નથી. દર્પણના તળમાં લીન થયેલા પ્રતિબિંબના જેવા તમારા શરીરમાં



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઝરતા પસીનાના લીનપણાની કથા પણ કેમ સંભવે ? હે વીતરાગ ! તમારું અંતઃકરણ માત્ર રાગ રહિત છે એમ નથી, પણ તમારા શરીરમાં રુધિર પણ દૂધની ધારા જેવું શ્વેત છે. તમારામાં બીજું પણ જગતથી વિલક્ષણ છે એમ અમે કહી શકીએ છીએ, કારણ કે તમારું માંસ પણ નહીં બગડેલું, અબીભત્સ અને શુભ્ર છે. જળ તથા સ્થળમાં ઉત્પન્ન થયેલી પુષ્પોની માળાને છોડીને ભ્રમરાઓ તમારા નિઃશ્વાસની સુગંધને અનુસરે છે. તમારી સંસારસ્થિતિ પણ લોકોત્તર ચમત્કાર કરનારી છે, કારણ કે તમારા આહાર અને નિહાર પણ ચર્મચક્ષુગોચર થતા નથી.”

એવી રીતે તેમની અતિશયગર્ભિત સ્તુતિ કરી, જરા પાછા ચાલી, અંજલિ જોડી પ્રભુની ભક્તિને ભજનારા તે ઈંદ્ર સુશ્રૂષા કરવામાં તત્પર થઇ રહ્યા; એટલે બીજા બાસઠ ઈંદ્રોએ પરિવાર સહિત અનુક્રમે અચ્યુત ઈંદ્રની જેમ પ્રભુને અભિષેક કર્યો. અભિષેકને અંતે સ્તુતિ–નમસ્કાર કરી, જરા પાછા ફરી, અંજલિ જોડી દાસની જેમ તત્પર થઈ તેઓ પ્રભુની ઉપાસના કરવા લાગ્યા.

પછી સૌધર્મકલ્પના ઇન્દ્રની જેમ ઇશાનકલ્પના ઇન્દ્રે અતિભક્તિથી પોતાના દેહના પાંચ રૂપ કર્યાં અને અર્દ્ધચંદ્રના જેવી આકૃતિવાળી અતિપાંડુકબલા નામની શિલા ઉપર ઇશાનકલ્પની જેમ એકરૂપે સિંહાસન ઉપર બેઠા. જિનભક્તિમાં પ્રયત્નવાન એવા તેણે એક રથથી બીજા રથની જેમ શક્રેંદ્રના ઉત્સંગથી પોતાના ઉત્સંગમાં પ્રભુને આરોપણ કર્યા. એક રૂપે પ્રભુના મસ્તક ઉપર છત્ર ધર્યું, બે રૂપે પ્રભુની બંને પડખે બે ચામર ધારણ કર્યા અને પાંચમા રૂપે ત્રિશૂળને હાથમાં રાખી જગત્પતિની પાસે તે ઊભા રહ્યા. તે વખતે પ્રતિહારની જેમ ઉદાર આકારવડે તે મનોહર લાગતા હતા. પછી સૌધર્મકલ્પના ઇન્દ્રે પોતાના અભિયોગિક દેવતાની પાસે તત્કાળ અભિષેકનાં ઉપકરણો મંગાવ્યાં અને ભગવાનની ચારે દિશાએ જાણે બીજા સ્ફટિકમણિના પર્વતો હોય તેવા સ્ફટિકમય ચાર વૃષભનાં રૂપ પોતે વિકુર્વ્યાં. એ ચાર વૃષભના આઠ શૃંગથી જળની ચંદ્રનાં કિરણોનાં જેવી ઉજ્જ્વળ આઠ ધારા ઉત્પન્ન થઈ; તે અદ્ધરથી જ નદીઓની જેમ એકઠી મળીને સમુદ્રની જેમ જગત્પતિના મસ્તક ઉપર પડવા લાગી. તેણે એમ જુદી જ રીતે પ્રભુને અભિષેક કર્યો, કારણ કે **શક્તિવંત પુરુષો કવિઓની જેમ અન્ય અન્ય પ્રકારની રચનાથી પોતાના આત્માને જણાવે છે.** અચ્યુતેંદ્રની જેમ તેણે માર્જન, વિલેપન, પૂજા, અષ્ટમંગળિકનું આલેખન અને આરાત્રિક એ સર્વ કાર્ય વિધિયુક્ત કર્યાં. પછી શક્રસ્તવથી જગત્પતિને વંદના–નમસ્કાર કરી હર્ષથી ગદ્ગદ્ સ્વરે આ પ્રમાણે સ્તુતિ કરી—

“હે ત્રણ ભુવનના અધિપતિ ! વિશ્વૈકવત્સલ ! પુણ્યલતાને ઉત્પન્ન કરવામાં નવીન મેઘ સમાન એવા હે જગત્પ્રભુ ! તમે જય પામો. હે સ્વામિન્ ! પર્વતમાંથી જેમ સરિતાનો ઓઘ ઉતરે તેમ આ જગતને પ્રસન્ન કરવાને તમે વિજય નામના વિમાનથી ઉતરેલા છો. હે ભગવાન્ ! મોક્ષરૂપી વૃક્ષનાં જાણે બીજ હોય તેવાં ઉજ્જ્વળ ત્રણ જ્ઞાન, જળમાં શીતળતાની જેમ તમારે જન્મથી જ સિદ્ધ છે, હે ત્રિભુવનાધીશ ! દર્પણની સામે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રતિબિંબની જેમ જેઓ તમને હૃદયમાં ધારણ કરે છે તેઓની સન્મુખ હમેશાં સર્વ પ્રકારની લક્ષ્મી રહે છે. ઉત્કટ એવા કર્મરૂપી રોગથી પીડાતા પ્રાણીઓના રોગનો પ્રતિકાર કરનારા એક વૈદ્યરૂપ તમે તેમના ભાગ્યોદયે ઉત્પન્ન થયેલા છો. હે સ્વામિન્ ! મારવાડના પાંથની જેમ તમારા દર્શનરૂપી અમૃતના શ્રેષ્ઠ સ્વાદથી અમે જરા પણ તૃપ્તિ પામતા નથી. હે પ્રભુ ! સારથિવડે રથની જેમ અને કર્ણધારવડે નાવની જેમ નાયકરૂપ તમે ઉત્પન્ન થવાથી આ જગતના લોકો સન્માર્ગે પ્રવર્ત્તો. હે ભગવાન્ ! તમારા ચરણકમળની સેવાની પ્રાપ્તિથી અમારું ઐશ્વર્ય હમણાં કૃતાર્થ થયેલું છે.”

એવી રીતે એક સો આઠ શ્લોકવડે સ્તુતિ કરી ઈંદ્રે પ્રથમની જેમ પોતાના પાંચ રૂપ વિકૃત કર્યાં. એક રૂપે પ્રભુને હાથમાં ગ્રહણ કર્યા, એક રૂપે પ્રભુના મસ્તક ઉપર છત્ર ધર્યું, બે રૂપે બે ચામર ધર્યાં અને એક રૂપે હાથમાં વજ્ર લઈ પ્રભુની આગળ પૂર્વવત્ ઊભા રહ્યા. પછી પોતાની ઈચ્છા પ્રમાણે યથાયોગ્ય પરિવાર સહિત નમ્રાત્મા તે વિનીતા નગરીમાં જિતશત્રુ રાજાને ઘેર આવ્યા. ત્યાં પ્રથમ મૂકેલા તીર્થંકરના પ્રતિબિંબને સંવૃત કરી વિજયાદેવીની પડખે તીર્થંકરને આરોપણ કર્યા. પ્રભુને ઓશીકે સૂર્યચંદ્રના જેવું કુંડળનું યુગલ તથા કોમળ અને શીતળ એવું દેવદૂષ્ય વસ્ત્ર મૂક્યું. આકાશમાંથી ઉતરતા સૂર્યના જેવું સુવર્ણના પ્રાકારે શણગારેલું શ્રીદામગંડક[1] પ્રભુની ઉપર ઉલ્લેચમાં બાંધ્યું. પ્રભુની દૃષ્ટિના વિનોદને માટે મણિરત્ન સહિત હાર અને મનોહર અર્દ્ધહાર ઈંદ્રે ત્યાં લટકાવ્યા. પછી ચંદ્ર જેમ કુમુદિનીની અને સૂર્ય જેમ પદ્મિનીની નિદ્રા હરે તેમ ઈંદ્રે વિજયાદેવીને આપેલી અવસ્વાપિની નિદ્રા હરણ કરી. ઈંદ્રે આદેશ કરેલા કુબેરની આજ્ઞાથી જાંભક જાતિના દેવતાઓએ જિતશત્રુ રાજાના ગૃહમાં તે વખતે સુવર્ણ, હિરણ્ય અને રત્નોની જુદી જુદી બત્રીશ કોટી સંખ્યાપ્રમાણ વૃષ્ટિ કરી અને બત્રીશ નંદભદ્રાસનની[1] વૃષ્ટિ કરી. મણ્યંગ કલ્પવૃક્ષોની જેમ તેમણે આભૂષણની વૃષ્ટિ કરી, અનગ્ન કલ્પવૃક્ષોની જેમ વસ્ત્રની વૃષ્ટિ કરી અને ભદ્રશાલાદિક વનમાંથી ચુંટી લાવેલાની જેમ ચોતરફ પત્રવૃષ્ટિ, પુષ્પવૃષ્ટિ અને ફળવૃષ્ટિ કરી. ચિત્રાંગ નામના કલ્પવૃક્ષની જેમ તેઓએ વિચિત્ર વર્ણનાં પુષ્પોની માળાની વૃષ્ટિ કરી, એલાદિક ચૂર્ણને ઉડાડનારા દક્ષિણ પવનની જેમ ગંધવૃષ્ટિ અને પવિત્ર એવી ચૂર્ણવૃષ્ટિ કરી અને પુષ્પકરાવર્ત્ત મેઘ જેમ જળધારાની વૃષ્ટિ કરે તેમ અતિ ઉદાર વસુધારાની વૃષ્ટિ કરી. પછી શક્રની આજ્ઞાથી તેના આભિયોગિક દેવતાઓએ આ પ્રમાણે ઉદ્ઘોષણા કરી–“ હે વૈમાનિક, ભુવનપતિ, જ્યોતિષ્ક અને વ્યંતર દેવતાઓ ! તમે સાવધાન થઈને સાંભળો. જે અર્હંત્ અને તેમની માતાનું અશુભ ચિંતવશે તેનું મસ્તક અર્જકવૃક્ષની મંજરીની જેમ સાત પ્રકારે ભેદ પામશે.”

અહીં મેરુપર્વત ઉપરથી ઈંદ્રાદિક સહિત સર્વે દેવતાઓ આનંદથી પ્રફુલ્લિત થઈ નંદીશ્વર દ્વીપે ગયા. સૌધર્મેંદ્ર પણ ભગવંતને નમસ્કાર કરી જિતશત્રુ રાજાના ગૃહમાંથી નીકળી તત્કાળ ત્યાં પહોંચ્યા. તેણે દક્ષિણ અંજનાદ્રિના શાશ્વત ચૈત્યમાં શાશ્વત અર્હંતોની પ્રતિમા પાસે અષ્ટાન્હિકા ઉત્સવ કર્યો અને તેના ચાર લોકપાલોએ તેની ફરતા ચાર દધિમુખ પર્વતો પરનાં ચૈત્યોમાં હર્ષ સહિત ઉત્સવ કર્યો. ઉત્તરના અંજનાદ્રિ ઉપરના શાશ્વત

૧ ફૂલની માળાઓનો દડો (ગુચ્છો)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચૈત્યમાં ઈશાનેંદ્રે શાશ્વત જિનપ્રતિમાનો અષ્ટાન્હિકા ઉત્સવ કર્યો અને તેના ચાર લોકપાલોએ પૂર્વની જેમ તેની ફરતા ચાર દધિમુખ પર્વતો ઉપર ઋષભાદિ પ્રતિમાનો ઉત્સવ કર્યો. ચમરેંદ્રે પૂર્વ અંજનાદ્રિમાં અને બલીંદ્રે પશ્ચિમ અંજનાચલમાં અષ્ટાન્હિકા ઉત્સવ કર્યો. અને તેઓના લોકપાલોએ તે તે પર્વતની આસપાસના ચાર ચાર દધિમુખ પર્વત ઉપરની પ્રતિમાનો ઉત્સવ કર્યો. પછી સંકેતસ્થાનની જેમ તે દ્વીપમાંથી સર્વ સુરાસુરો પોતાને કૃતકૃત્ય માનતા પોતાને સ્થાનકે ગયા.

તે જ રાત્રીએ પ્રભુના જન્મ પછી થોડીવારે વૈજયંતીએ પણ ગંગા જેમ સુવર્ણ કમલને પ્રસવે તેમ એક પુત્રને સુખેથી પ્રસવ્યો. પત્ની અને વધૂ એવા વિજયા ને વૈજયંતીના પરિવારે પુત્રોત્પત્તિની વધામણીથી જિતશત્રુ રાજાને વધાવ્યા. તે વાર્તા સાંભળી સંતુષ્ટ થયેલા રાજાએ તેઓને એવું પારિતોષિક આપ્યું કે જેથી તેમના કુળમાં પણ લક્ષ્મી કામધેનુની જેમ અવિચ્છિન્ન થઈ. ધનના આગમનથી સિંધુનદીની જેમ અને પૂર્ણિમાથી સમુદ્રની જેમ તે વખતે પૃથ્વીપતિ રાજા શરીરે પ્રફુલ્લિત થયો. તે સમયે રાજાને પૃથ્વી ઉચ્છ્વાસ, આકાશની સાથે પ્રસન્નતા અને પવનની સાથે તૃપ્તિપણું પ્રાપ્ત થયાં. તેમણે તત્કાળ કારાગૃહમાંથી શત્રુઓને પણ બંધનમુક્ત કર્યા, જેથી બંધન ફક્ત હસ્તી વિગેરેને જ રહ્યું. ઈંદ્ર જેમ શાશ્વત અર્હંતની પૂજા કરે તેમ રાજાએ ચૈત્યોમાં જિનબિંબની અદ્ભુત પૂજા કરી. યાચકોને પોતાના કે પારકાની અપેક્ષા નહીં રાખતાં ધનથી પ્રસન્ન કર્યા, કારણ કે **ઉદ્ધત થયેલા મેઘની વૃષ્ટિ સર્વને સાધારણ હોય છે.** ખીલેથી છૂટેલા વાછરડાની જેમ ઉછળતા છાત્રોની સાથે ઉપાધ્યાયો (મહેતાજીઓ) સુતમાતૃકાનો પાઠ કરાવતા ત્યાં આવ્યા, કોઈ ઠેકાણે બ્રાહ્મણોનો વેદોદિત મંત્રનો મોટો ધ્વનિ થવા લાગ્યો; કોઈ ઠેકાણે લગ્ન વિગેરેના વિચારથી સારવાળી મુહૂર્તસંબંધી ઉક્તિઓ થવા લાગી; કોઇ ઠેકાણે કુલીન કાંતાઓ ટોળે મળી હર્ષકારી ધ્વનિથી ગીત ગાવા લાગી; કોઈ ઠેકાણે વારાંગનાઓનો મંગળિક ગીતધ્વનિ થવા લાગ્યો; કોઈ ઠેકાણે બંદીલોકોનો કલ્યાણકલ્પના તુલ્ય મોટો કોલાહળ થવા લાગ્યો, કોઈ ઠેકાણે ચારણોથી સુંદર દ્વિપથક આશિષો સંભળાવા લાગી; કોઈ ઠેકાણે ચેટક લોકો હર્ષથી ઊંચે સ્વરે બોલવા લાગ્યા અને કોઈ ઠેકાણે યાચકોને બોલાવવાથી ઉત્કટ થયેલા છડીદાર લોકોનો કોલાહળ થવા લાગ્યો. આવી રીતે વર્ષાઋતુના મેઘથી સંકુલ થયેલા આકાશમાં ગર્જનાની પેઠે રાજગૃહના આંગણામાં એવા શબ્દ વિસ્તાર પામી રહ્યા.

કોઇ ઠેકાણે નગરજનો કુંકુમાદિકવડે વિલેપન કરવા લાગ્યા, કોઈ હીરવાળી વસ્ત્ર પહેરવા લાગ્યા અને કોઈ દિવ્ય માળાઓના આભૂષણોથી અલંકૃત થવા લાગ્યા. વળી કોઈ ઠેકાણે કર્પૂરમિશ્ર તાંબૂલથી પ્રસન્નતા થતી હતી, કોઈ ઠેકાણે ઘરના આંગણામાં કુંકુમથી સિંચન થતું હતું, કોઇ ઠેકાણે કુવલયના જેવા મૌક્તિકથી સાથીઆ રચાતા હતા, કોઈ ઠેકાણે નવીન કદલીસ્તંભથી તોરણો બંધાતાં હતાં અને કોઇ ઠેકાણે તોરણની બંને તરફ સુવર્ણકુંભો આરોપણ થતા હતા. તે અવસરે જાણે સાક્ષાત્ ઋતુની લક્ષ્મી હોય તેવી પુષ્પગર્ભિત કેશપાશવાળી, પુષ્પોની માળાથી મસ્તકભાગને વેષ્ટન કરનારી અને કંઠમાં લટકતી માળાવાળી નગરની ગંધર્વસુંદરીઓ દેવતાની સ્ત્રીઓની જેમ ગીતતાલયુક્ત મનો-

૧ એક જાતના ભદ્રાસન (સિંહાસન)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હર ગાયન કરવા લાગી. રત્નનાં કર્ણાભરણ, પદક, બાજુબંધ, કંકણ અને નૂપુરથી જાણે રત્નાદ્રિની દેવીઓ હોય એવી તેઓ શોભતી હતી અને જાણે કલ્પવૃક્ષની લતા હોય તેમ તેઓ બંને તરફ લટકતા ચલાયમાન છેડાવાળા ઉત્તરીય વસ્ત્રોથી શ્રેણીબદ્ધ પરિકરવાળી જણાતી હતી. તે વખતે નગરની કુળવાન સ્ત્રીઓ પણ પવિત્ર દૂર્વા સહિત પૂર્ણપાત્રોને હાથમાં ધારણ કરી ત્યાં આવવા લાગી. તેઓએ કસુંબાનાં ઉત્તરીય વસ્ત્રોથી સુંદર બુરખા ધારણ કર્યા હતા, તેથી તેઓ સંધ્યાનાં વાદળાંથી આચ્છાદિત થયેલી પૂર્વદિશાના મુખની લક્ષ્મીને હરતી હતી. કુંકુમના અંગરાગથી શરીરશોભાને અધિક કરનારી તેઓ વિકસ્વર કમળવનના પરાગથી જેમ નદીઓ શોભે તેમ શોભતી હતી, પોતાના મુખ અને લોચન નીચાં કર્યા હતાં, તેથી જાણે તેઓ ઈર્યાસમિતિ શોધતી હોય તેવી જણાતી હતી અને નિર્મળ વસ્ત્રથી જાણે નિર્મળ શીલવાળી હોય તેવી તેઓ જણાતી હતી.

કેટલાએક સામંતો અક્ષતની જેમ સુંદર મોતીથી પાત્રને પૂરી રાજાના મંગળિકને માટે રાજાની પાસે લાવવા લાગ્યા. મહર્દ્ધિક દેવતાઓ જેમ ઇંદ્રની પાસે આવે તેમ પરમ ઋદ્ધિવાળા કેટલાક સામંત રાજાઓ રત્નાભૂષણના સમૂહ લઈને જિતશત્રુ રાજાની પાસે આવ્યા; કેટલાએક જાણે કદલીસૂત્રથી અથવા બિસસૂત્રથી વણ્યાં હોય તેવાં મોટા મૂલ્યવાળા દુકુલ વસ્ત્રો લાવ્યા, કેટલાએકે જૃંભક દેવતાઓએ વરસાવેલી વસુધારાની જેવો સુવર્ણરાશિ મહારાજાને ભેટ કર્યો; કોઈએ દિગ્ગજોના જાણે યુવરાજ હોય તેવા શૌર્યવાળા અને ઉન્મત્ત હાથીઓ ભેટ કર્યા અને કોઈ ઉચ્ચૈઃશ્રવાના જાણે બંધુ હોય તેમજ સૂર્યાશ્વના જાણે અનુજ હોય તેવા ઉત્તમ ઘોડાઓ લાવી અર્પણ કરવા લાગ્યા. હર્ષથી હૃદયની જેમ રાજાનું ગૃહાંગણ અનેક રાજાઓએ ભેટ કરેલા વાહનોથી વિશાળ હતું તો પણ સાંકડું થઈ ગયું. રાજાએ સર્વની પ્રીતિને માટે સઘળી ભેટ ગ્રહણ કરી; નહીં તો દેવના દેવ જેના પુત્ર છે તેને શું ન્યૂન હતું?

રાજાના આદેશથી નગરમાં સ્થાને સ્થાને દેવતાનાં જાણે વિમાન હોય તેવા મોટા મંચકો રચવામાં આવ્યા. દરેક હવેલી અને દરેક ઘરમાં, કૌતુકથી જ્યોતિષ્ક દેવો આવીને રહ્યા હોય તેવાં રત્નપાત્ર સમાન તોરણો બાંધ્યા અને દરેક માર્ગમાં ભૂમિનું મંગળસૂચક વિલેપનહોય તેમ રજની શાંતિને માટે કેશરના જળથી છંટકાવ કરવામાં આવ્યો. નગરલોકો ઠેકાણે ઠેકાણે નાટક, સંગીત અને વાજિંત્રોના નાદ કરવા લાગ્યા. રાજાએ દશ દિવસ સુધી તે નગરીને શુલ્ક(જગાત) તેમજ દંડ રહિત, સુભટોના પ્રવેશ વિનાની, કર વિનાની અને મહોત્સવમય કરી દીધી.

પછી તે મહારાજાએ શુભ દિવસે પુત્ર અને ભત્રીજાનો નામકરણોત્સવ કરવાને પોતાના સેવકોને આજ્ઞા કરી. તેઓએ ગાઢ અને અનેક પુટવાળાં વસ્ત્રોથી, જાણે રાજાની આજ્ઞાના ભયથી સૂર્યનાં કિરણ પ્રવેશ ન કરી શકે તેવો એક મંડપ બનાવ્યો. તેના દરેક સ્તંભની સમીપે અનેક કદલીસ્તંભો શોભતા હતા, તે જાણે પુષ્પની કળીઓથી આકાશમાં પદ્મખંડને વિસ્તારતા હોય તેવા જણાતા હતા. જાણે રક્ત થયેલી મધુકરી હોય તેવી લક્ષ્મીએ નિરંતર આશ્રિત કરેલા પુષ્પગૃહો ત્યાં વિચિત્ર પુષ્પોથી રચવામાં આવ્યા હતા. હંસરોમથી અંચિત થયેલાં અને રૂએ ભરેલાં કાષ્ઠમય આસનોથી તે મંડપ નક્ષત્રોવડે આકાશની જેમ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સનાથ થયેલો હતો. એ રીતે ઇંદ્રનું વિમાન જેમ આભિયોગિક દેવતાઓ રચે તેમ રાજાનો મંડપ તત્કાળ સેવકોએ તૈયાર કર્યો. પછી મંગળદ્રવ્ય હાથમાં રાખી હર્ષ સહિત ત્યાં આવનારા સ્ત્રી–પુરુષોને છડીદારે યથાયોગ્ય સ્થાને બેસાર્યાં અને અધિકારીઓએ કુંકુમના અંગરાગથી, તાંબૂલથી અને કુસુમોથી પોતાના બંધુની જેમ તેમની ગૌરવતા કરી. તે પ્રસંગે ઉત્તમ એવાં મંગળ વાજિંત્રો મધુર સ્વરથી વાગવા લાગ્યાં, કુલીન કાંતાઓ મંગળિક ગીતો ગાવા લાગી, બ્રાહ્મણો પવિત્ર મંત્રોના ઉદ્ગાર કરવા લાગ્યા અને ગંધર્વોએ વર્ત્તમાનાદિક ગાયનનો આરંભ કર્યો. ચારણભાટોએ તાલ વિના જ જયજયકાર શબ્દ કર્યો. તેમના ઉદાર પ્રતિધ્વનિથી જાણે તે મંડપ બોલતો હોય તેવું જણાવા લાગ્યું. ગર્ભમાં રહેલા એ બાળકની માતા મારાથી પાસા રમવામાં જીતી શકાણા નહીં, એ હકીકત યાદ કરીને રાજાએ પોતાના પુત્રનું **'અજિત'** એવું અને ભ્રાતાના પુત્રનું **'સગર'** એવું પવિત્ર નામ રાખ્યું. સેંકડો ઉત્કૃષ્ટ લક્ષણોથી ઓળખાતા, પૃથ્વીનો ઉદ્ધાર કરવાની સહનશીલતાવાળા અને જાણે પોતાની બે ભુજા હોય તેવા તે બંને કુમારોને જોતાં તે રાજા જાણે અમૃતમાં મગ્ન થયા હોય તેમ અખંડ સુખને પામ્યા.

**इत्याचार्यश्रीहेमचंद्रविरचिते त्रिषष्टिशलाकापुरुषचरिते महाकाव्ये द्वितीये पर्वणि श्री अजितस्वामितीर्थंकरसगरचक्रधरजन्मवर्णनो नाम द्वितीयः सर्गः ॥२॥**

जैन साईट JAINSITE.com

## સર્ગ ૩ જો.

ઇંદ્રે આજ્ઞા કરેલી પાંચ ધાત્રીઓ અજિતપ્રભુનું અને રાજાએ આજ્ઞા કરેલી ધાત્રીઓ સગરકુમારનું પાલન કરવા લાગી. પોતાના હસ્તકમળના અંગૂઠામાં ઇંદ્રે સંક્રમાવેલા અમૃતનું અજિતસ્વામી પાન કરતા હતા; કારણ કે **તીર્થંકરો સ્તનપાન કરનાર હોતા નથી.** ઉદ્યાનવૃક્ષ જેમ નીકના જળનું પાન કરે તેમ સગરકુમાર ધાત્રીનું અનિંદિત સ્તનપાન કરતા હતા. વૃક્ષની બે શાખાની જેમ અને હાથીના બેદાંતની જેમ એ બંને રાજકુમારો દિવસે દિવસે વૃદ્ધિ પામવા લાગ્યા. પર્વત ઉપર જેમ સિંહના બાળકો ચડે તેમ તે બંને રાજકુમારો અનુક્રમે રાજાના ઉત્સંગમાં ચડવા લાગ્યા. તેમના મુગ્ધ હાસ્યોથી માતાપિતા ખુશી થતા અને તેમના પરાક્રમ સહિત ચાલવાથી વિસ્મય પામતા. કેસરીસિંહના કિશોર જેમ પાંજરામાં પડી રહેતા નથી તેમ ધાત્રીમાતાઓ તેમને વારંવાર પકડી રાખતી તો પણ તે કુમારો તેના ઉત્સંગમાં બેસી રહેતા નહોતા. સ્વચ્છંદે વિચરતા એવા તે બંને કુમારો પોતાની પછવાડે દોડતી ધાત્રીઓને ખેદ પમાડતા હતા; કારણ કે **મહાત્માઓનું વય ગૌણ હોતું નથી.** વેગથી વાયુકુમારને ઉલ્લંઘન કરનાર તે બંને કુમારો ક્રીડા કરવાના શુક અને મયૂર વિગેરે પક્ષીઓને દોડીને ગ્રહણ કરતા હતા. ભદ્ર હાથીના જેમ સ્વચ્છંદે વિચરતા એવા તે બાળકો જુદા જુદા ચાતુર્યથી ધાત્રીઓને ગતિમાં ચૂકાવતા હતા. તેમના ચરણકમળમાં પહેરાવેલા આભૂષણની ઝણઝણાટ કરતી ઘુઘરીઓ ભમરાની પેઠે શોભતી હતી. તેમના કંઠમાં હૃદય ઉપર લટકતી સુવર્ણ રત્નની લલંતિકા (માળા) આકાશમાં લટકતી વિજળીની જેમ શોભતી હતી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્વેચ્છાએ ક્રીડા કરતા તે કુમારોના કાનમાં પહેરાવેલા સુવર્ણનાં નાજુક કુંડળો જળમાં સંક્રમ થતા નવીન આદિત્યના વિલાસને ધારણ કરતા હતા. તેમના ચાલવાથી હાલતી એવી કેશની શિખા નવી ઊગેલી બાળમયૂરની કળા જેવી શોભતી હતી. જેમ મોટા તરંગો રાજહંસોને એક પદ્મમાંથી બીજા પદ્મમાં લઈ જાય તેમ રાજાઓ તેમને એક ઉત્સંગમાંથી બીજા ઉત્સંગમાં લેતા હતા. જિતશત્રુ રાજા રત્નના આભરણની જેમ તે બંને કુમારોને ઉત્સંગ, હૃદય, ભુજા, સ્કંધ અને મસ્તક ઉપર આરોપણ કરતા હતા. ભ્રમર જેમ કમળને સુંઘે તેમ તેઓના મસ્તકને વારંવાર સુંઘતા પૃથ્વીપતિ પ્રીતિને વશ થઈ તૃપ્તિ પામતા નહોતા. રાજાની આંગળીએ વળગી પડખે ચાલતા તે કુમારો મેરુપર્વતની બે બાજુએ ચાલતા બે સૂર્ય જેવા શોભતા હતા. યોગી જેમ આત્મા અને પરમાત્માને ચિંતવે તેમ જિતશત્રુ રાજા તે બંને કુમારને પરમાનંદવડે ચિંતવતા (સંભારતા) હતા. પોતાના ઘરમાં ઉત્પન્ન થયેલા કલ્પવૃક્ષની જેમ રાજા વારંવાર તેમને જોતા હતા અને રાજશુકની પેઠે વારંવાર તેમને બોલાવતા હતા. રાજાના આનંદની સાથે અને ઈક્ષ્વાકુ કુળની લક્ષ્મીની સાથે તે બંને કુમારો અનુક્રમે અધિક અધિક વૃદ્ધિ પામવા લાગ્યા.

મહાત્મા અજિતકુમાર સર્વ કળા, ન્યાય અને શબ્દશાસ્ત્ર વિગેરે પોતાની મેળે જ જાણી ગયા; કારણ કે **જિનેશ્વરો જન્મથી જ ત્રણ જ્ઞાનવાળા હોય છે.** સગરકુમારે રાજાની આજ્ઞાથી સારે દિવસે મહોત્સવપૂર્વક ઉપાધ્યાયની પાસે અધ્યયન કરવાનો આરંભ કર્યો. સમુદ્ર જેમ નદીઓના જળનું પાન કરે તેમ સગરકુમારે પણ શબ્દશાસ્ત્રોનું થોડા દિવસમાં પાન કર્યું. દીપક જેમ બીજા દીપકથી જ્યોતિને ગ્રહણ કરે તેમ સુમિત્રાના પુત્ર સગરકુમારે સાહિત્યશાસ્ત્રનું જ્ઞાન ઉપાધ્યાયની પાસેથી વગર પ્રયાસે ગ્રહણ કર્યું. સાહિત્યરૂપી વેલના પુષ્પરૂપ અને કર્ણને રસાયનરૂપ પોતાના બનાવેલા નવીન કાવ્યોવડે વીતરાગની સ્તવના કરીને પોતાની વાણીને તેણે કૃતાર્થ કરી. બુદ્ધિની પ્રતિભાના સમુદ્રરૂપ એવાં પ્રમાણશાસ્ત્રોને તેણે પોતે મૂકી રાખેલા નિધિની જેમ અવિલંબે ગ્રહણ કર્યાં. જિતશત્રુ રાજાએ અમોઘ બાણોથી જેમ શત્રુઓને જીત્યા તેમ સગરકુમારે અમોઘ એવા સ્યાદ્વાદ સિદ્ધાંતથી સર્વ પ્રતિવાદીઓને જીત્યા. છ ગુણ, ચાર ઉપાય અને ત્રણ શક્તિઓ ઇત્યાદિ પ્રયોગરૂપ તરંગોથી આકુળ અને દુરવગાહ એવા અર્થશાસ્ત્રરૂપ મોટા સમુદ્રનું તેણે સારી રીતે અવગાહન કર્યું. ઔષધિ, રસ, વીર્ય અને તેના વિપાક સંબંધી જ્ઞાનના દીપક સમાન અષ્ટાંગ આયુર્વેદનું તેણે કષ્ટ વિના અધ્યયન કર્યું. ચાર પ્રકારે વાગવાવાળું, ચાર પ્રકારની વૃત્તિવાળું, ચાર પ્રકારના અભિનયવાળું અને ત્રણ પ્રકારના તૂર્યજ્ઞાનના નિદાનરૂપ વાદ્યશાસ્ત્ર પણ તેણે ગ્રહણ કર્યું. દંતઘાત, મદાવસ્થા, અંગલક્ષણ અને ચિકિત્સાએ પૂર્ણ એવું ગજલક્ષણજ્ઞાન પણ તેણે ઉપદેશ વિના જાણી લીધું. વાહનવિધિ અને ચિકિત્સા સહિત અશ્વલક્ષણશાસ્ત્ર તેણે અનુભવ્યાં અને પાઠથી કરી લીધું. ધનુર્વેદ તથા બીજા શસ્ત્રોનું લક્ષણ પણ શ્રવણમાત્રથી જ લીલાવડે પોતાના નામની પેઠે તેણે હૃદયમાં ધારણ કરી લીધું. ધનુષ, ફલક, અસિ, છરી, શલ્ય, પરશુ, ભાલું, ભિંદિપાલ, ગદા, કૃપાણ, દંડ, શક્તિ, શૂળ, હળ, મુસળ, યષ્ટિ, પટ્ટિસ, દુસ્ફોટ, મુષંઢી, ગોફણ, કણય, ત્રિશૂળ, શંકુ અને બીજા શસ્ત્રોથી તે સગરકુમાર શાસ્ત્રના અનુમાન સહિત યુદ્ધકળામાં કુશળતાને પામ્યો. પર્વણીના ચંદ્રની જેમ તે સર્વ કળામાં પૂર્ણ થયો અને ભૂષણોની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જેમ વિનયાદિક ગુણોથી શોભવા લાગ્યો.

શ્રીમાન્ અજિતનાથ પ્રભુ સમયે સમયે ભક્તિવાળા ઇંદ્રાદિક દેવોથી સેવાવા લાગ્યા. કેટલાક દેવતાઓ અજિતસ્વામીની તે તે લીલા જોવાની ઇચ્છાથી ત્યાં આવી તેમના વયસ્ય (મિત્રો) થઈને ક્રીડા કરવા લાગ્યા. પ્રભુની વાણીરૂપી અમૃતના રસને પાન કરવાની ઇચ્છાથી કોઈ દેવતાઓ વિચિત્ર નર્મોક્તિઓથી અને ખુશામતનાં વચનોથી પ્રભુને બોલાવવા લાગ્યા. આદેશ નહીં કરનારા પ્રભુના આદેશની ઇચ્છાથી ક્રીડાદ્યૂતમાં દાવ મૂકીને, પ્રભુના આદેશથી કેટલાક દેવતાઓ પોતાના દ્રવ્યને હારી જતા હતા. કોઈ પ્રભુની પાસે પ્રતિહારી થતા હતા, કોઈ મંત્રીઓ થતા હતા, કોઈ ઉપાનધારી થતા હતા અને કોઈ ક્રીડા કરતા પ્રભુની પાસે અસ્ત્રધારી થતા હતા.

સગરકુમારે પણ શાસ્ત્રોનો અભ્યાસ કરીને નિયોગી પુરુષની જેમ પ્રભુની પાસે પોતાનો નિયોગ નિવેદન કર્યો. ઉપાધ્યાયે પણ નહીં ભાંગેલા સંશયો, સારી બુદ્ધિવાળો સગરકુમાર, ભરતરાજા જેમ ઋષભદેવને પૂછતા હતા તેમ અજિતસ્વામીને પૂછવા લાગ્યો. અજિતકુમાર મતિ, શ્રુત અને અવધિજ્ઞાનવડે તેના સંદેહને સૂર્યનાં કિરણોથી અંધકારની જેમ તત્કાળ છેદી નાંખતા હતા. ત્રણ ૧યતથી દબાવી, આસનપરિગ્રહ દૃઢ કરી, પોતાના બળનો પ્રસાર કરી મોટા તોફાની હાથીને વશ કરતો સગરકુમાર પ્રભુને પોતાની શક્તિ બતાવતો હતો. પર્યાણવાળા અથવા પર્યાણ વિનાના તોફાની અશ્વોને તે પાંચ ધારાથી પ્રભુની આગળ વહન કરતો હતો. બાણવડે રાધાવેધ, શબ્દવેધ, જળની અંદર રાખેલા લક્ષ્યનો વેધ અને ચક્ર તથા મૃત્તિકાનો વેધ કરીને પોતાનું ધનુષ્યબળ તે અજિતસ્વામીને બતાવતો હતો. હાથમાં ફલક અને ખડગ લઈને આકાશના મધ્ય ભાગમાં ચંદ્રની જેમ ફલકના વચમાં રહેલો તે, પોતાની પાદગતિ પ્રભુને બતાવી, આકાશમાં ચળકતી વિજળીની રેખાના ભ્રમને આપનારા ભાલા, શક્તિ અને શર્વલાને વેગથી ભમાવતો હતો. નર્ત્તક પુરુષ જેમ નૃત્યને બતાવે તેમ સર્વચારીમાં ચતુર એવા સગરે સર્વ પ્રકારની છુરિકા સંબંધી વિદ્યા પણ બતાવી. તેવી રીતે બીજાં પણ શસ્ત્રોની કુશળતા તેણે ગુરુભક્તિથી અને શિક્ષા લેવાની ઇચ્છાથી અજિતસ્વામીને બતાવી. પછી સગરકુમારને કળામાં જે કાંઇ ન્યૂન હતું તે અજિતકુમારે શિખવ્યું. તેવા **પુરુષને તેવા જ શિક્ષક હોય છે.**

એવી રીતે પોતાને યોગ્ય ચેષ્ટા કરતા તે બંને કુમારો, પથિક જેમ ગ્રામની સીમાનું ઉલ્લંઘન કરે તેમ આદ્યવયનું ઉલ્લંઘન કરી ગયા. સમચોરસ સંસ્થાન અને વજ્રઋષભનારાચ સંહનનથી શોભતા, સુવર્ણ સમાન કાંતિવાળા, સાડાચારસેં ધનુષ ઊંચાઈવાળા, શ્રીવત્સના ચિહ્નથી જેમના વક્ષસ્થળ લાંછિત થયેલા છે એવા અને સુંદર મુગટથી શોભતા તે બંને કુમારો, કાંતિના આધિક્યને કરનારી શરદ્‌ઋતુને જેમ સૂર્ય—ચંદ્ર પામે તેમ શરીરસંપત્તિને વિશેષ કરનારા યૌવનવયને પ્રાપ્ત થયા. યમુના નદીના તરંગ જેવા કુટીલ અને શ્યામ કેશથી અને અષ્ટમીના ચંદ્ર જેવા લલાટથી તે બંને કુમારો અધિક શોભવા લાગ્યા. સોનાનાં બે દર્પણો હોય તેવા તેમના બે કપોલ શોભવા લાગ્યા; સ્નિગ્ધ અને મધુર એવાં બે નેત્રો નીલકમળના પત્રની જેમ ચળકવા લાગ્યાં; તેની સુંદર નાસિકા

૧ યત—હાથીને દબાણ કરવાની કળાયુક્ત ત્રણ પ્રકારના પ્રયત્ન. ૨ ધારા—ઘોડાને ચલાવવાની ચાલ(ગતિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દૃષ્ટિરૂપી એ તળાવડીના મધ્ય ભાગમાં પાળની જેવી દેખાવા લાગી અને જાણે બે જોડારૂપે રહેલા બિંબફળ હોય તેવા તેમના હોઠ શોભવા લાગ્યા. સુંદર આવર્ત્તવાળા તેમના કર્ણ છીપલીના જેવા મનોહર લાગતા હતા; ત્રણ રેખાથી પવિત્ર થયેલો કંઠરૂપી કંદળ શંખની જેવો ઓપતો હતો; જાણે હાથીના કુંભસ્થળ હોય તેવા તેમના સ્કંધ ઉન્નત હતા; દીર્ઘ અને પુષ્ટ ભુજાઓ સર્પરાજની જેવી જણાતી હતી; ઉરસ્થળ સુવર્ણશૈલની શિલા જેવું શોભતું હતું, નાભિ મનની પેઠે અતિ ગંભીર ભાસતી હતી; કટીપ્રદેશ વજ્રના મધ્ય ભાગ જેવો કૃશ હતો; સરલ, કોમળ અને મોટા હાથીની શુંઢ જેવી આકૃતિવાળા તેમના સાથળ હતા; મૃગલીની જંઘા જેવી તેમની જંઘાઓ શોભતી હતી અને તેમના ચરણ સરલ એવા આંગળીઓરૂપી દલ (પત્ર)થી સ્થળકમળને અનુસરતા હતા. સ્વભાવથી પણ રમણિક એવા એ બંને કુમારો, ત્રીજનને પ્રિય એવાં ઉદ્યાનો જેમ વસંતઋતુથી અધિક રમણીક લાગે તેમ યૌવનથી વિશેષ રમણીક લાગતા હતા. પોતાના રૂપ અને પરાક્રમાદિ ગુણોથી સગરકુમાર દેવતાઓમાં ઈંદ્રની પેઠે સર્વ મનુષ્યોમાં ઉત્કર્ષ પામતો હતો; અને સર્વ પર્વતોથી માનમાં જેમ મેરુપર્વત અધિકપણું પામેલો છે, તેમ દેવલોકવાસી, ગ્રૈવેયકવાસી અને અનુત્તરવિમાનવાસી દેવોથી તેમજ આહારક શરીરીથી પણ અજિતસ્વામી રૂપે કરીને અધિકપણું પામ્યા હતા.

અન્યદા જિતશત્રુ રાજાએ અને ઈંદ્રે રાગ રહિત એવા અજિતસ્વામીને વિવાહક્રિયાને માટે કહ્યું. તેમના આગ્રહથી પોતાના ભોગફળકર્મને જાણીને તેમણે તે પ્રમાણે કરવાનું સ્વીકાર્યું. લક્ષ્મીની જાણે બીજી મૂર્ત્તિઓ હોય તેવી સેંકડો સ્વયંવરા રાજકન્યાઓ તેમને નરપતિએ મોટી ઋદ્ધિથી પરણાવી. પુત્રના વિવાહથી અતૃપ્ત રહેલા રાજાએ દેવકન્યાના જેવી રાજકન્યાઓ સગરકુમારને પણ પરણાવી. ઇંદ્રિયોથી નહીં જીતાયેલા એવા અજિતપ્રભુ ભોગકર્મને ખપાવવાને માટે રામાઓની સાથે રમતા હતા; કારણ કે **જેવો વ્યાધિ તેવું ઔષધ હોય છે.** સગરકુમાર પણ હાથણીઓની સાથે હાથીની જેમ સ્ત્રીઓની સાથે જાતજાતની ક્રીડાઓથી અનેક ક્રિડાસ્થાનમાં રમતો હતો.

એકદા પોતાના લઘુ બંધવ સહિત, સંસારને વિષે ઉદ્વેગ પામેલા જિતશત્રુ રાજા અઢાર પૂર્વ લક્ષે સંપૂર્ણ થયેલા પોતાના પુત્રોને આ પ્રમાણે કહેવા લાગ્યા—"હે વત્સો ! આપણા સર્વ પૂર્વજો કેટલાંએક વર્ષો સુધી વિધીથી પૃથ્વીનું રક્ષણ કરી પછી તે પૃથ્વી પુત્રોને સ્વાધીન કરી મોક્ષ સાધનમાં હેતુરૂપ વ્રતને ગ્રહણ કરતા હતા; કારણ કે **પરમાર્થ એ જ પોતાનું કાર્ય છે, એ સિવાય બીજું સર્વ પરકાર્ય છે.** હે કુમારો ! એ પ્રમાણે અમે પણ હવે વ્રત ગ્રહણ કરશું. અમારા કાર્યનો એ હેતુ છે અને આપણા વંશનો એ ક્રમ છે. અમારી જેમ તમે બંને આ રાજ્યમાં રાજા અને યુવરાજ થાઓ અને અમને દીક્ષા લેવાની આજ્ઞા આપો.

અજિતનાથે કહ્યું—"હે તાત ! એ તમને યુક્ત છે. ભોગફળકર્મરૂપ વિઘ્ન ન હોય તો મારે પણ તે આદરવું યુક્ત છે. વિવેકી પુરુષો બીજા કોઈને વ્રત ગ્રહણ કરવામાં



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિઘ્નકારી થતા નથી, તો સમયસાધક એવા આપ પૂજ્ય પિતાજીને હું વિઘ્નકારી કેમ થાઉં ? જે પુત્ર ભક્તિથી પણ પોતાના પિતાને ચોથો પુરુષાર્થ (મોક્ષ) સાધવામાં નિષેધ કરે તે પુત્ર પુત્રને મિષે શત્રુ ઉત્પન્ન થયેલો છે એમ સમજવું, તથાપિ હું એટલી પ્રાર્થના કરું છું કે મારા લઘુ પિતા(કાકા) રાજ્યાધિકારી થાઓ; કારણ કે આપના વિનયવંત એ લઘુ ભ્રાતા અમારાથી અધિક છે." તે સાંભળી સુમિત્રે કહ્યું–"રાજ્ય ગ્રહણ કરવા માટે હું સ્વામીના ચરણને નહીં છોડું; કેમકે થોડા કારણને માટે ઘણા લાભને કોણ છોડે ? રાજ્યથી, સામ્રાજ્યથી, ચક્રવર્તીપણાથી અને દેવપણાથી પણ વિદ્વાનો ગુરુ-સેવાને અધિક માને છે." અજિતકુમારે કહ્યું–"જો આપ રાજ્ય ગ્રહણ કરવાને ઈચ્છતા ન હો તો અમારા સુખને માટે ભાવયતિ થઈને ઘરમાં રહો." તે સમયે રાજાએ કહ્યું—"હે બંધુ ! આગ્રહ કરનારા આ પુત્રનું વચન તમે સ્વીકારો. **ભાવથી યતિ થાય તે પણ યતિ જ કહેવાય છે.** વળી આ સાક્ષાત્ તીર્થંકર છે અને એમના તીર્થમાં તમારી ઈચ્છા સિદ્ધ થવાની છે, માટે એની રાહ જોઈને રહો. હે ભાઈ ! તમે અતિ ઉત્સુક થાઓ નહીં. એક પુત્રને ચક્રીપણું અને બીજાને ચક્રવર્ત્તીપણું પ્રાપ્ત થયેલું જોવાથી તમે સર્વ સુખથી અધિક સુખ મેળવશો." સુમિત્ર જો કે વ્રત ગ્રહણ કરવામાં ઉત્સુક હતા, તો પણ તેમની વાણી તેણે માન્ય કરી; કારણ કે **સમુદ્રમર્યાદાની જેમ સત્પુરુષોને ગુરુજનની આજ્ઞા દુર્લંઘ્ય છે.**

પછી પ્રસન્ન થયેલા જિતશત્રુ રાજાએ મોટા ઉત્સવથી પોતાને હાથે અજિતસ્વામીને રાજ્યાભિષેક કર્યો. તેના રાજ્યાભિષેકથી સર્વ પૃથ્વી હર્ષ પામી; કારણ કે **વિશ્વને રક્ષણ કરવામાં સમર્થ એવો નાયક પ્રાપ્ત થતાં કોણ પ્રસન્ન ન થાય ?** પછી અજિતસ્વામીએ સગરકુમારને યુવરાજપદે સ્થાપન કર્યા, તેથી અધિક પ્રીતિવાળા તેમણે જાણે બીજી પોતાની મૂર્ત્તિ તે પદ ઉપર સ્થાપન કરી હોય એમ જણાવા લાગ્યું.

હવે અજિતનાથે જિતશત્રુ રાજાનો વિધિવડે મોટી ઋદ્ધિથી નિષ્ક્રમણોત્સવ કર્યો, અને તેમણે ઋષભસ્વામીના તીર્થમાં વર્ત્તતા સ્થવિર મહારાજાની પાસે મુક્તિની માતારૂપ દીક્ષા ગ્રહણ કરી. બાહ્યશત્રુની જેમ અંતરંગ શત્રુને જીતનારા તે રાજર્ષિએ રાજ્યની જેમ અખંડિત વ્રતનું પાલન કર્યું. અનુક્રમે કેવળજ્ઞાન ઉત્પન્ન થતાં શૈલેશી ધ્યાનમાં રહેલા તે મહાત્મા અષ્ટ કર્મનો ક્ષય કરી પરમપદને પ્રાપ્ત થયા.

અહીં અજિતસ્વામી સર્વ પ્રકારની ઋદ્ધિવડે લીલા સહિત પોતાના અપત્યની જેમ મેદિનીને પાળવા લાગ્યા. દંડાદિક વિના પૃથ્વીને રક્ષણ કરતા અજિતસ્વામીથી સર્વ પ્રજા, સારા સારથિવડે ઘોડાની જેમ, સારે માર્ગે ચાલવા લાગી. પ્રજારૂપી મયૂરીમાં મેઘ સમાન અને મનોરથ પૂરવામાં કલ્પવૃક્ષરૂપ અજિતમહારાજાના રાજ્યશાસનમાં ધાન્યોનું જ ચૂર્ણ થતું હતું, પશુઓને જ બંધન હતું, મણિઓનો જ વેધ થતો હતો, વાજિંત્રો ઉપર જ તાડન થતું હતું, સુવર્ણને જ સંતાપ હતો (તપાવવું પડતું હતું), શસ્ત્રોને જ તેજ આપવું પડતું હતું, શાળને જ ઉખેડવી પડતી હતી, વક્રતા સ્ત્રીઓની ભ્રૂકુટિમાં જ રહેલી હતી, દ્યૂતક્રીડામાં સોગઠીને જ 'માર' શબ્દ કહેવામાં આવતો હતો, ક્ષેત્રની પૃથ્વીનું જ વિદારણ થતું હતું, કાષ્ઠના પાંજરારૂપી મંદિરમાં પક્ષીઓને જ પૂરાતા હતા,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રોગનો જ નિગ્રહ થતો હતો, જડ સ્થિતિ કમળોને જ હતી, દહન અગરુનું જ થતું હતું, ઘર્ષણ શ્રીખંડ(ચંદન)નું જ થતું હતું, મંથન દધિનું જ થતું હતું, પીલવું ઇક્ષુદંડનું જ થતું હતું, ભ્રમરો જ મધુપાન કરતા હતા, મદોદય હાથીઓને જ થતો હતો, કલહ સ્નેહપ્રાપ્તિ માટે જ થતો હતો, ભીરુતા અપવાદ થવામાં જ હતી, લોભ ગુણસમૂહને સંપાદન કરવામાં જ હતો અને અક્ષમા દોષને માટે જ રહેલી હતી. અભિમાનવાળા રાજાઓ પણ પોતાના આત્માને એક પેદલરૂપ માની તેમને ભજતા હતા, કારણ કે **બીજા મણિઓ ચિંતામણિની પાસે દાસરૂપ થઈને જ રહે છે,** તેમણે દંડનીતિ ચલાવી નહોતી એટલું જ નહીં પણ ભ્રકુટીનો ભંગ પણ કર્યો નહોતો; તથાપિ સૌભાગ્યવાન પુરુષને જેમ સ્ત્રી વશ થઈને રહે તેમ તેને સર્વ પૃથ્વી વશ થઈને રહેલી હતી. સૂર્ય જેમ પોતાના કિરણોથી સરોવરના જળને આકર્ષે તેમ તેણે પોતાના પ્રબળ તેજથી રાજાઓની લક્ષ્મીને આકર્ષી હતી. તેમના આંગણાની ભૂમિ રાજાઓએ ભેટ કરેલા હાથીઓના મદજળથી હમેશાં પંકિલ રહેતી હતી. એ મહારાજાના ચતુરાઈથી ચાલતા ઘોડાઓથી સર્વ દિશાઓનું વાહ્યાલી ભૂમિની જેમ સંક્રમણ થતું હતું. સમુદ્રના તરંગોની ગણનાની જેમ તેમના સૈન્યના પાયદલ અને રથોની સંખ્યા ગણવાને કોઈ પણ સમર્થ થતું નહોતું. ગજવાહી, ઘોડેસ્વાર, રથી અને પત્તિઓ એ સર્વ, ભુજાના વીર્યથી શોભતા એ મહારાજાને ફક્ત સાધન તરીકે જ રહેલા હતા. આવું ઐશ્વર્ય પ્રાપ્ત થયા છતાં તેઓ અભિમાન ધારણ કરતા નહીં, અતુલ્ય ભુજબળ છતાં તેમને ગર્વ થતો નહીં, અનુપમ રૂપ છતાં પોતાના આત્માને તેઓ સુંદર માનતા નહીં, વિપુલ લાભ છતાં ઉન્મત્તપણાને ભજતા નહીં અને બીજા પણ મદ થવાનાં કારણો છતાં તેઓ કોઈ પણ પ્રકારના મદને ધારણ કરતા નહીં; પરંતુ એ સર્વને અનિત્ય જાણી તૃણતુલ્ય ગણતા હતા. એવી રીતે રાજ્ય પાળતા અજિતમહારાજાએ કૌમારવયથી માંડીને ત્રેપન લાખ પૂર્વ સુખપૂર્વક નિર્ગમન કર્યાં.

એક વખત સભાને વિસર્જન કરી એકાંત સ્થળે બેઠેલા, ત્રણ જ્ઞાનને ધારણ કરનારા અજિતસ્વામી સ્વયમેવ એવું ચિંતવવા લાગ્યા કે “આજ સુધીમાં ઘણાખરા ભોગફળ “કર્મ ભોગવાઈ ગયેલા હોવાથી હવે ગૃહવાસી એવા મારે સ્વકાર્યમાં વિમુખ થઈ રહેવું “ન જોઈએ; કારણ કે આ દેશનું મારે રક્ષણ કરવું જોઈએ, આ શહેર મારે સંભાળવું “જોઈએ, આ ગામો મારે વસાવવાં જોઈએ, આ માણસોને પાળવા જોઈએ, આ હાથીઓને “વધારવા જોઈએ, આ ઘોડાઓનું પોષણ કરવું જોઈએ. આ ભૃત્યોનું ભરણપોષણ કરવું “જોઈએ, આ યાચકોને તૃપ્ત કરવા જોઈએ, આ સેવકોને પોષવા જોઈએ, આ શરણાગતોને બચાવવા જોઈએ, આ પંડિતોને બોલાવવા જોઈએ, આ મિત્રોનો સત્કાર કરવો “જોઈએ, આ મંત્રીઓનો અનુગ્રહ કરવો જોઈએ, આ બંધુઓને ઉદ્ધારવા જોઈએ, “આ સ્ત્રીઓને રંજિત કરવી જોઈએ અને આ પુત્રોને લાલિત કરવા જોઈએ–એવાં “એવાં પરકાર્યોમાં પ્રતિક્ષણે આકુળ થયેલા પ્રાણી પોતાના સમગ્ર માનુષજન્મને નિષ્ફળ “ગુમાવે છે. એ સઘળાઓના કાર્યમાં વ્યગ્ર થયેલો પ્રાણી, યુક્ત અયુક્ત નહીં વિચારતો “મૂઢપણે પશુની જેમ નાના પ્રકારના પાપ આચરે છે. આ મુગ્ધબુદ્ધિવાળો પુરુષ “જેઓને માટે પાપ કરે છે તેઓ, મૃત્યુ માર્ગે ચાલતા એવા તે પુરુષની પાછળ જરા “પણ જતા નથી, અહીં જ રહે છે. કદાપિ તેઓ અહિં રહે તો ભલે, પણ અહો !

www.jainsite.com     For Private & Personal Use Only     info@jainsite.com

"આ શરીર પણ દેહીની પાછળ એક પગલું પણ ભરતું નથી ! ત્યારે અહો ! આ "કૃતઘ્ન શરીરને માટે મુગ્ધ પ્રાણીઓ ફોગટ જ પાપકર્મ કરે છે ! આ સંસારમાં પ્રાણી "એકલો જ ઉત્પન્ન થાય છે, એકલો જ મૃત્યુ પામે છે અને ભવાંતરમાં મેળવેલાં કર્મોને "એકલો જ અનુભવે છે. તેણે પાપ કરીને જ ઉપાર્જન કરેલું દ્રવ્ય તેનાં સગાંવહાલાંઓ "એકઠાં થઇને ભોગવે છે અને તે પોતે એકલો નરકમાં પડ્યો પડ્યો તેથી બાંધેલાં "પાપકર્મવડે દુઃખ ભોગવે છે. દુઃખરૂપી દાવાનળથી ભયંકર એવા સંસારરૂપી મહાવનમાં "કર્મને વશ થયેલો જંતુ એકલો જ ભમે છે. સંસાર સંબંધી દુઃખ અને મોક્ષથી પ્રાપ્ત "થતું સુખ પ્રાણી એકલો જ ભોગવે છે, તેમાં તેને કોઈ સહાયકારી નથી. જેમ હૃદય, "હાથ, ચરણ વિગેરેને નહીં હલાવનાર માણસ સમુદ્ર તરી શકતો નથી પણ તે સર્વને "ઉપયોગમાં લઇ તરવા માંડે તો તત્કાળ પાર પામી જાય છે, તેમ ધન અને દેહાદિકના "પરિગ્રહથી પરાઙ્મુખ થઇ તેનો સદુપયોગ કરી આત્મસ્વરૂપમાં સ્થિત થયેલો પ્રાણી "જલદી સંસારસમુદ્રનો પાર પામે છે

સંસારથી જેમનું ચિત્ત નિર્વેદ પામેલું છે એવા અજિતસ્વામીને આવી ચિંતામાં તત્પર જાણી, **સારસ્વતાદિક** લોકાંતિક દેવતાઓ ત્યાં આવી આ પ્રમાણે કહેવા લાગ્યા— "હે ભગવન્ ! આપ સ્વયંબુદ્ધ છો, તેથી અમે કાંઈ આપને બોધ આપવા લાયક નથી; તથાપિ એટલું યાદ આપીએ છીએ કે આપ ધર્મતીર્થ પ્રવર્તાવો." આવી રીતે કહી, પ્રભુના ચરણ પ્રત્યે નમન કરી પક્ષીઓ સયંકાળે જેમ પોતાના માળા તરફ જાય તેમ તેઓ પોતાના બ્રહ્મ દેવલોકમાં ગયા. પોતાની ચિંતાને અનુકૂળ એવા તે દેવતાઓના વચનથી, પવનથી પ્રેરાયેલા મેઘની જેમ પ્રભુનો ભવવૈરાગ્ય વૃદ્ધિ પામ્યો. તત્કાળ સગરકુમારને બોલાવી જગદ્‌ગુરુએ કહ્યું કે— "સંસારસમુદ્રને તરવાની ઇચ્છાવાળા એવા અમારા આ રાજ્યભારને તમે ગ્રહણ કરો." પ્રભુના એવા આદેશથી ખેદવડે શ્યામ મુખવાળા થયેલા સગરકુમારે એક એક બિંદુથી વર્ષતા મેઘની જેમ અશ્રુ પાડતાં પાડતાં કહ્યું–"હે દેવ ! આપની એવી મેં શું અભક્તિ કરી છે કે જેથી આપ મને જુદો પાડવાની આવી આજ્ઞા કરો છો ? કદાપિ અભક્તિ કરી હોય તો પણ તે આપની અપ્રસન્નતાને માટે થવી ન જોઈએ; કારણ કે **પૂજ્ય પુરુષો અભક્ત શિશુને પણ શિક્ષા આપે છે. તેને છોડી દેતા નથી.** વળી હે પ્રભુ ! આકાશ સુધી ઊંચા પણ છાયા વિનાના વૃક્ષની જેમ, આકાશમાં ઉત્પન્ન થયેલા પણ નહિં વરસતા મેઘની જેમ, નિર્ઝરણાં વિનાના મોટા પર્વતની જેમ, સારા રૂપવાળા પણ લાવણ્ય વિનાના શરીરની જેમ અને વિકસ્વર થયેલા પણ સુગંધ વિનાના પુષ્પની જેમ તમારા વિના મારે આ રાજ્ય શા કામનું છે ? હે પ્રભુ ! તમે નિર્મમ છો, નિઃસ્પૃહ છો, મુમુક્ષુ છો, તો પણ હું તમારા ચરણની સેવા છોડીશ નહીં, તો રાજ્યગ્રહણની તો શી વાત ! રાજ્ય, પુત્ર, કલત્ર, મિત્ર અને સર્વ પરિવાર તૃણની જેમ મારાથી ત્યાગ કરી શકાય તેમ છે, પણ તમારા ચરણનો ત્યાગ મારાથી થઇ શકે તેમ નથી. હે નાથ ! તમે રાજા થયા ત્યારે જેમ હું યુવરાજ થયો હતો, તેમ તમે વ્રતધારી થશો તો હું તમારો શિષ્ય થઈશ. રાતદિવસ ગુરુના ચરણકમળની ઉપાસનામાં તત્પર રહેલા શિષ્યને ભિક્ષા કરવી તે સામ્રાજ્યથી પણ અધિક છે. હું અજ્ઞ છું તો પણ ગોપાળનો બાળક જેમ ગાયના પુચ્છને વળગીને નદી તરી જાય તેમ તમારા ચરણનું અવલંબન કરીને સંસાર-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમુદ્રને તરી જઈશ. હું તમારી સાથે દીક્ષા લઈશ, તમારી સાથે વિહાર કરીશ, તમારી સાથે દુઃસહ પરીષહોને સહન કરીશ અને તમારી સાથે ઉપસર્ગોને સહન કરીશ; પણ હે ત્રણ જગતના ગુરુ ! કોઈ રીતે હું અહીં રહેવાનો નથી, માટે મારા ઉપર પ્રસન્ન થાઓ."

આવી રીતે સેવા કરવાની જેણે પ્રતિજ્ઞા લીધેલી છે એવા સગરકુમારને અજિત-સ્વામી અમૃતના ઉદ્ગાર જેવી ગિરાથી કહેવા લાગ્યા-"હે વત્સ ! સંયમ ગ્રહણ કરવાને માટે તમારો આ આગ્રહ યુક્ત, પણ અદ્યાપિ તમારું ભોગફળકર્મ ક્ષય થયેલું નથી; માટે તમે પણ મારી પેઠે ભોગફળકર્મ ભોગવીને પછી યોગ્ય અવસરે મોક્ષનું સાધન એવું વ્રત ગ્રહણ કરજો. હે યુવરાજ ! ક્રમથી આવેલા આ રાજ્યને તમે ગ્રહણ કરો અને સંયમરૂપી સામ્રાજ્યને અમે ગ્રહણ કરશું." પ્રભુએ એ પ્રમાણે કહેવાથી સગરકુમાર મનમાં ચિંતવવા લાગ્યા કે "એક તરફ સ્વામીના વિરહનો ભય અને બીજી તરફ તેમની આજ્ઞાભંગનો ભય મને પીડા કરે છે. સ્વામીનો વિરહ અને તેમની આજ્ઞાનો અતિક્રમ એ બંને મને દુઃખનાં કારણ છે; પરંતુ વિચાર કરતાં ગુરુની આજ્ઞા પાળવી તે શ્રેષ્ઠ જણાય છે." આવી રીતે મનથી વિચારી એ મહામતિવાળા સગરકુમારે 'આપનું વચન માન્ય છે' એવું ગદ્ગદ્ સ્વરે કહીને પ્રભુની આજ્ઞા અંગીકાર કરી.

પછી રાજાઓમાં શ્રેષ્ઠ એવા અજિતસ્વામીએ મહાત્મા સગરનો રાજ્યાભિષેક કરવાને માટે તીર્થજળ વિગેરે લાવવાની સેવકપુરુષોને આજ્ઞા કરી. જાણે નાના નાના દ્રહ હોય તેવા કમળોથી આચ્છાદન કરેલા મુખવાળા કુંભો સ્નાનને યોગ્ય એવા તીર્થના જળવડે ભરીને તેઓ ત્યાં લાવ્યા. રાજાઓ જેમ ભેટ લાવે તેમ વ્યાપારીઓએ અભિષેકના બીજાં પણ ઉપકરણદ્રવ્યો ક્ષણવારમાં ત્યાં હાજર કર્યાં. પછી રાજ્યાભિષેક કરવા માટે મૂર્તિમાન્ જાણે પ્રતાપ હોય એવા અનેક રાજાઓ ત્યાં આવવા લાગ્યા; પોતાના મંત્ર (વિચાર) થી ઇંદ્રના મંત્રીને પણ ઉલ્લંઘન કરનારા મંત્રીઓ હાજર થયા; જાણે દિક્પાળ હોય તેવા સેનાપતિઓ ત્યાં આવ્યા, હર્ષથી ઉત્તાલ થયેલા બંધુઓ એક સાથે ત્યાં એકઠા થયા અને જાણે એક ઘરમાંથી જ આવ્યા હોય તેમ હાથી, ઘોડા અને અન્ય સાધનોના અધ્યક્ષો પણ તત્કાળ ત્યાં આવ્યા. તે વખતે નાદથી શિખરોને ગજાવતા શંખો વાગવા લાગ્યા, મેઘના જેવા મૃદંગો વાગવા લાગ્યા, દુંદુભિ અને ઢોલ ડંકાવડે વાગવા લાગ્યા, તે જાણે પડછંદાથી સર્વ દિશાઓને મંગળ શીખવનારા અધ્યાપક હોય તેવા જણાવા લાગ્યા. સમુદ્રની જાણે ઊર્મિઓ હોય તેવી કાંસીઓ પરસ્પર અથડાવા લાગી અને સર્વ તરફ ઝાલરો ઝણઝણાટ કરવા લાગી. વળી કેટલાંએક બીજાં વાજિંત્રો પુરાતાં હતાં, કેટલાંએક તાડન થતાં હતાં અને કેટલાંએક આસ્ફાલન થતાં હતાં. ગંધર્વો સુંદર સ્વરે શુદ્ધ ગીતનું ગાન કરતા હતા અને બ્રહ્મ તથા ભાટ વિગેરે આશિષ આપતા હતા. એ પ્રમાણે મહોત્સવપૂર્વક અજિતસ્વામીની આજ્ઞાથી કલ્યાણકારી એવા પૂર્વોક્ત અધિકારીએ સગર-રાજાને વિધિથી રાજ્યાભિષેક કર્યો અને પછી ઉદય પામતા સૂર્યની જેમ રાજા, સામંત અને મંત્રીઓએ અંજલિ જોડીને સગરરાજાને પ્રણામ કર્યો. નગરના મુખ્ય માણસોએ હાથમાં ઉત્તમ ભેટ લઈ નવા ચંદ્રની જેમ ભક્તિથી નવા રાજાની પાસે આવી પ્રણામ કર્યો. 'પોતાની બીજી મૂર્ત્તિરૂપ સગરને રાજ્યપદે સ્થાપન કરવાથી સ્વામીએ આપણને છોડી દીધા નથી' એમ જાણી પ્રજાવર્ગ હર્ષ પામ્યો.

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

ત્યારપછી દયાના સમુદ્રરૂપ ભગવાન્ અજિતસ્વામીએ વર્ષાકાળનો વરસાદ જેમ વરસવાનો આરંભ કરે તેમ વાર્ષિક-દાન આપવાનો આરંભ કર્યો. તે અવસરે ઇંદ્રે આજ્ઞા કરેલા અને કુબેરે પ્રેરેલા તિર્યક્જૃંભક દેવતાઓ ભ્રષ્ટ થયેલા, નષ્ટ થયેલા, સ્વામી વિનાના, ચિહ્ન વિનાના, અધિપતિ વગરના, પર્વતની ગુફામાં રહેલા, સ્મશાનમાં રહેલા અને ભવનાંતરમાં દટાઈ ગયેલા ધનને ત્યાં ઉપાડી લાવ્યા. તે ધનને શૃંગાટકમાં, ચોકમાં, ત્રિકમાં અને પ્રવેશનિર્ગમની પૃથ્વીમાં એકઠું કર્યું. પછી દરેક ત્રિકમાં, દરેક રસ્તે અને ચોકે ચોકે "આવો અને આ ધન ગ્રહણ કરો" એવી અજિતસ્વામીએ ઘોષણા કરાવી. પછી જે કોઈ જે પ્રકારનું જેટલું ધન માગે તેને તેટલું ધન સૂર્યોદયથી માંડીને ભોજનના વખત સુધી દાન દેવા માટે બેઠેલા પ્રભુ આપવા લાગ્યા. એમ દરરોજ એક ક્રોડ ને આઠ લાખ સોનૈયા આપતાં એક વર્ષે ત્રણસેં અઠ્યાશી ક્રોડ ને એંસી લાખ સોનૈયા પ્રભુએ દાનમાં આપ્યાં. કાળના અનુભાવથી અને સ્વામીના પ્રભાવથી યાચકોને ઇચ્છિત દાન આપતાં છતાં પણ તેઓ પોતપોતાના ભાગ્યથી અધિક દ્રવ્યને ગ્રહણ કરી શકતા નહોતા. અચિંત્ય મહિમાવાળા અને દયારૂપી ધનવાળા પ્રભુએ એક વર્ષ સુધી પૃથ્વીને ચિંતામણિની જેમ ધનથી તૃપ્ત કરી દીધી.

વાર્ષિક-દાનને અંતે ઇંદ્રનું આસન કંપાયમાન થયું, એટલે અવધિજ્ઞાનવડે પ્રભુનો દીક્ષાઅવસર જાણી ભગવાનનો નિષ્ક્રમણોત્સવ કરવા સારુ સામાનિક વિગેરે દેવતાઓની સાથે ઇંદ્ર પ્રભુ પાસે આવવા નીકળ્યા. તે વખતે ઇંદ્ર વિમાનોથી દિશાઓમાં જાણે ચાલતા મંડપ રચતા હતા, ઊંચા હાથીઓથી જાણે તેમાં પર્વતો ઊડતા હોય તેમ કરતા હતા, તરંગોથી સમુદ્રની જેમ અશ્વોથી આકાશને આક્રમણ કરતા હતા, અસ્ખલિત ગતિવાળા રથોથી સૂર્યના રથની સાથે સંઘટ્ટ કરતા હતા અને ઘુઘરીઓની માળાના ભારવાળા દિગ્ગજોના કર્ણતાલને અનુસરતા ધ્વજાંકુશોથી આકાશતલને તિલકિત કરતા હતા. કેટલાએક દેવતાઓ ગાંધાર સ્વરથી ઊંચે પ્રકારે તેમની પાસે ગાયન કરતા હતા. કેટલાએક દેવતાઓ નવા બનાવેલાં કાવ્યોથી તેમની સ્તવના કરતા હતા, કેટલાક દેવતાઓ મુખ ઉપર વસ્ત્રાંચળ રાખી વિજ્ઞપ્તિ કરતા હતા અને કેટલાક દેવતાઓ પૂર્વ તીર્થંકરોનાં ચરિત્રો સંભારી આપતા હતા.

એવી રીતે સ્વામીના ચરણકમળથી પવિત્ર થયેલી વિનીતાનગરીને દેવલોક કરતાં પણ અધિક માનતા ઇંદ્ર ક્ષણવારમાં ત્યાં આવી પહોંચ્યા. તે વખતે બીજા પણ સુરેંદ્રો અને અસુરેંદ્રો આસનકંપથી પ્રભુનો દીક્ષાઅવસર જાણી વિનીતાનગરીમાં આવ્યા. ત્યાં અચ્યુત વિગેરે દેવેંદ્રોએ અને સગરાદિક નરેંદ્રોએ અનુક્રમે પ્રભુને દીક્ષાભિષેક કર્યો. પછી મણિકાર જેમ માણિક્યનું માર્જન કરે તેમ ઇંદ્રે દેવદૂષ્ય વસ્ત્રવડે પ્રભુના સ્નાનોદકથી ભીના થયેલા શરીરને માર્જન કર્યું અને ગંધકારની જેમ પોતાના હાથથી જગદ્ગુરુને સુંદર અંગરાગથી ચર્ચિત કર્યા. ધર્મવાસનારૂપી ધનવાળા ઇંદ્રે પ્રભુના અંગ પર અદૂષિત દેવદૂષ્ય વસ્ત્રો પહેરાવ્યાં અને મુગટ, કુંડળ, હાર, બાજુબંધ, કંકણ તથા બીજાં પણ અલંકારો જગતપતિને ધારણ કરાવ્યાં. પુષ્પની દિવ્ય માળાઓથી જેમના કેશ અને જાણે ત્રીજું નેત્ર હોય તેવા તિલકથી જેમનું લલાટ શોભી રહ્યું છે, દેવી, દાનવી અને માનવી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્ત્રીઓ વિચિત્ર ભાષાથી મધુરસ્વરે જેમનું મંગળગાન ગાઈ રહી છે, ચારણભાટની જેમ સુરેંદ્ર, અસુરેંદ્ર અને નરેંદ્ર જેમની સ્તુતિ કરી રહ્યા છે, સુવર્ણના ધૂપિયાને ધરનારા વ્યંતરો જેમની આગળ ધૂપ કરે છે, પદ્મદ્રહવડે હિમવંત પર્વતની જેમ મસ્તક પર રહેલા મોટા શ્વેત છત્રથી જેઓ શોભી રહ્યા છે, બન્ને તરફ સુંદર ચામરને ધારણ કરનારા દેવતાઓ જેમને ચામર વીંજી રહ્યા છે, નમ્ર એવા ઇન્દ્રે છડીદારની જેમ જેમને હાથનો ટેકો આપેલો છે અને હર્ષ તથા શોકથી મૂઢ બની ગયેલા સગરરાજા, અનુકૂળ પવનથી વરસતા ઝીણા ઝીણા વરસાદની જેમ અશ્રુને વરસાવતા જેમની પછવાડે ચાલે છે એવા પ્રભુ સ્થળકમળની જેવા ચરણથી પૃથ્વીને ચોતરફ પવિત્ર કરતા, હજાર પુરુષોએ વહન કરવાને યોગ્ય એવી **સુપ્રભા** નામની શિબિકા ઉપર આરૂઢ થયા. તે શિબિકા પ્રથમ નરોએ, પછી વિદ્યાધરોએ અને પછી દેવતાઓએ ઉપાડી, તેથી તે આકાશમાં ચાલતા ગ્રહના ભ્રમને આપવા લાગી. તેમણે ઊંચી ઉપાડેલી અને અનુપઘાત ગતિએ ચાલતી તે શિબિકા સમુદ્રમાં ચાલતા યાનપાત્રની જેવી શોભતી હતી. શિબિકા આગળ ચાલી, એટલે તેમાં સિંહાસન પર બેઠેલા પ્રભુને ઇશાનેંદ્ર અને સૌધર્મેંદ્ર ચામર વિંજવા લાગ્યા. વર જેમ વધૂનું પાણિગ્રહણ કરવાને ઉત્સુક હોય તેમ દીક્ષા ગ્રહણ કરવાને ઉત્સુક થયેલા જગત્પતિ વિનીતાનગરીના મધ્યભાગમાં ચાલવા લાગ્યા. તે વખતે ચાલવાથી ચલિત થયેલા કર્ણભૂષણવાળા, ચંચળ હારવાળા અને ચંચલ વસ્ત્રાંચળવાળા શિબિકાવાહી પુરુષો ચાલતા કલ્પવૃક્ષની જેવા શોભવા લાગ્યા.

એ વખતે નગરની સ્ત્રીઓ ભક્તિથી પવિત્ર મનવાળી થઈને સ્વામીને જોવા આવી, તેમાં કોઈ પોતાની સહચરીઓને સ્ખલના પામતાં છોડી દેતી હતી, કોઈના વૃક્ષઃસ્થળ ઉપરથી હાર ત્રુટી જતા હતા, કોઈના ખભા પરથી ઉત્તરીય વસ્ત્રો ખસી જતા હતા, કોઈ પોતાના ગૃહના આંગણાનાં દ્વાર ઉઘાડાં મૂકી ચાલી આવી હતી, કોઈએ પોતાને ઘેર દેશાંતરથી આવેલા અતિથિ–અભ્યાગતને પણ છોડી દીધા હતા, કોઈ પોતાને ઘેર તત્કાળ પુત્રજન્મનો ઉત્સવ થતો હતો છતાં તેને માટે ખોટી થવા રહી નહોતી, કોઈ તત્કાળ વિવાહનો લગ્નકાળ આવેલો છતાં તે છોડી દેતી હતી, કોઈ સ્નાન કરવા માટે પ્રાપ્ત થયેલી સ્નાનોચિત વસ્તુઓ મૂકીને ચાલી આવી હતી, કોઈએ અર્ધું ભોજન કરી આચમન લીધું હતું, કોઈએ અર્ધ શરીરે વિલેપન કરેલું છતાં બાકીનું અધૂરું મૂકી દીધું હતું, કોઈએ કુંડલાદિક અલંકાર અર્ધા પહેર્યાં હતાં, કોઈ પ્રભુના નિષ્ક્રમણની વાર્ત્તા અર્ધી સાંભળી કે તત્કાળ ચાલી આવી હતી, કોઈએ ચોટલાની અંદર પુષ્પની અર્ધી માળા બાંધી હતી, કોઈએ લલાટ ઉપર અર્ધું તિલક જ કર્યું હતું, કોઈ ગૃહનાં કાર્ય માત્ર અર્ધાં કરીને ચાલી નીકળી હતી, કોઈએ નિત્ય નૈમિત્તિક કૃત્ય અર્ધું કર્યું હતું અને કોઈ વાહનો આવીને ઊભાં રહેલાં છતાં પણ સંભ્રમથી પગે ચાલીને આવી હતી. યૂથપતિની ફરતા ફરનારા નાના હાથીઓની જેમ નગરના લોકો ક્ષણવાર પ્રભુની આગળ, ક્ષણવાર પછવાડે અને ક્ષણવાર બન્ને પડખે આવી આવીને ઊભા રહેતા હતા. કોઈ લોકો પ્રભુના દર્શનની ઇચ્છાથી પોતાના ઘર ઉપર ચડતા હતા, કોઈ ભીંત ઉપર ચડતા હતા, કોઈ પ્રાસાદોની અગાસીઓમાં ચડતા હતા, કોઈ માંચડાના અગ્ર ભાગ ઉપર ચડતા હતા, કોઈ ગઢના કાંગરા ઉપર ચડતા હતા, કોઇ વૃક્ષની ટોચ ઉપર ચડતા હતા,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને કોઈ ઊંચા હાથીના સ્કંધ ઉપર ચડતા હતા. હર્ષ પામેલી નગરની સ્ત્રીઓમાંની કેટલીક પોતાના વસ્ત્રના છેડાને ચામરની લીલાથી ચલાયમાન કરતી હતી, કોઈ સ્ત્રીઓ જાણે પૃથ્વીમાં ધર્મબીજ રોપતી હોય તેમ ધાણીવડે પ્રભુને વધાવતી હતી, કોઈ અગ્નિની જેમ સપ્ત શિખાવાળી આરાત્રિક કરતી હતી, કોઈ જાણે મૂર્તિવંત યશ હોય તેવા પૂર્ણપાત્રોને પ્રભુ આગળ ધરતી હતી, કોઈ મંગળનિધાન સરખા પૂર્ણકુંભોને ધારણ કરતી હતી કોઈ સંધ્યાના વાદળાં જેવા વસ્ત્રથી પ્રભુને આકાશમાં અવતરણ કરતી હતી, કોઈ નૃત્ય કરતી હતી, કોઈ મંગળગીત ગાતી હતી અને કોઈ ખુશી થઈને સુંદર હાસ્ય કરતી હતી.

તે વખતે આમતેમ દોડતા જાણે ગરૂડનાં ટોળાં હોય તેવા ભક્તિવંત વિદ્યાધર, દેવ અને અસુરોથી આકાશ વ્યાપી ગયું અને આત્માને ધન્ય માનતી એવી ચોસઠ ઇન્દ્રોની નાટ્યસેના સ્વામીની આગળ અનેક પ્રકારનાં નાટકો ભજવવા લાગી; તેમજ ઇન્દ્રે પ્રેરેલા ગંધર્વોની સેના પણ હર્ષ સહિત એક સાથે સંગીત કરવા લાગી. સગર રાજાના અનુજીવી નૃત્યકારો પણ દેવતાની સ્પર્ધાથી વિચિત્ર પાત્રોવડે સ્થાને સ્થાને નાટક કરવા લાગ્યા અને અયોધ્યાનગરીના મંડનરૂપ ગંધર્વરાજ અને રમણીજનો વિશ્વની દૃષ્ટિને બંધન કરનારા પ્રેક્ષણક પ્રયોગો કરવા લાગ્યા. તે વખતે આકાશ અને પૃથ્વી પર થતા નાટ્ય અને સંગીતના સ્વરોથી જમીન અને આકાશના મધ્ય ભાગને પૂરી દે એવો મોટો ઉત્કટ ધ્વનિ ઉત્પન્ન થયો. ત્યાં સંચાર કરતા એવા અનેક રાજાઓ, સામંતો અને શાહુકારોના સંમર્દથી તૂટી ગયેલા હારોના મુક્તાફળવડે પૃથ્વી કાંકરાવાળી થઈ ગઈ. સ્વર્ગ અને પૃથ્વીના ઉન્મત્ત હાથીઓના મદજળથી રાજમાર્ગો કાદવવાળા થઈ ગયા. પ્રભુની સમીપે એકઠા થયેલા એવા સર્વ સુર, અસુર અને મનુષ્યોવડે આ ત્રણ લોક તે એક અધિપતિની સત્તા નીચે હોવાથી એક લોકની જેવા શોભવા લાગ્યા.

JAINSITE
જૈનમ્ જયતિ શાસનમ્

ઘણા ડહાપણવાળા પ્રભુ જો કે નિઃસ્પૃહ છે તો પણ લોકોની દાક્ષિણ્યતાને માટે તેઓના મંગળોપચારનો પગલે પગલે સ્વીકાર કરતા હતા; તેમજ એકઠા મળીને ચાલતા એવા દેવતાઓ અને મનુષ્યો ઉપર તુલ્ય પ્રસાદવાળી દૃષ્ટિથી એક સરખો અનુગ્રહ કરતા હતા. એવી રીતે સુર, અસુર અને મનુષ્યોએ જેમનો ઉત્સવ કરેલો છે એવા પ્રભુ અનુક્રમે **સહસ્રાસ્રવન** નામના ઉદ્યાનમાં પ્રાપ્ત થયા. ઉદ્યાનની ચોતરફ પુષ્પની સુગંધથી ઉન્મત્ત થયેલા ભ્રમરાઓની પંક્તિઓથી જેના અંદરના ભાગ દુઃસંચર છે એવા ગાઢ કેતકીનાં વૃક્ષોની વાડ કરેલી હતી; જાણે વેઠીઆ હોય તેવા નગરના મોટા શાહુકારોના કુમારોએ રમવાની ઇચ્છાથી વનનાં વૃક્ષ અને લતાઓની અંદરના ભાગ સાફ કરેલા હતા; નગરની સ્ત્રીઓ ક્રીડાપ્રસંગે આવીને ત્યાં કુરૂબક, આસોપાલવ, બોરસલી વિગેરે વૃક્ષોના દોહદ પૂરતી હતી. વિદ્યાધરોના કુમારો કૌતુકથી વટેમાર્ગુની જેમ બેસીને નીકના સ્વાદુ જળ પીતા હતા; આકાશ સુધી ઊંચા વધેલાં વૃક્ષો ઉપર જાણે હંસના મિથુન હોય તેવાં અનેક ખેચરોનાં જોડાઓ ક્રીડા માટે આવીને બેસતાં હતાં, દિવ્ય કર્પૂર અને કસ્તૂરીના ચૂર્ણ જેવા ઘુંટી સુધી પડેલા કોમળ પરાગથી તે વનની પૃથ્વી ચોતરફ રેતીમય જણાતી હતી, ઉદ્યાનપાલિકાઓ રાયણ, નારંગી અને કરેણવૃક્ષોની તળેના ક્યારાઓ દૂધથી પૂરતી હતી, માળીઓની બાળાઓ પરસ્પર વિચિત્ર ગુંથણીની રચનામાં સ્પર્ધા કરીને પુષ્પોની સુંદર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માળાઓ ગુંથતી હતી, અનેક મનુષ્યો દિવ્ય શય્યા, આસન અને પાત્રો છતાં કૌતુકથી ત્યાં કદળીના પત્રોમાં શયન, આસન અને ભોજન કરતા હતા, ફળોના ભારવડે નમેલા પ્રલંબ શાખાઓવાળા જાતજાતનાં વૃક્ષો પૃથ્વીના તળને ચુંબન કરતા હતા, આંબાના અંકુરના સ્વાદથી તે વનમાં કોયલનો મદ શ્રાંત થતો ન હતો, દાડિમના સ્વાદથી ઉન્મત્ત થયેલા શુક પક્ષીઓના કોલાહળથી તે વન આકુળ થયેલું હતું અને વર્ષાઋતુના વાદળાઓની જેમ વિસ્તાર પામેલાં વૃક્ષોથી એકછાયાવાળું જણાતું હતું એવા સુંદર ઉદ્યાનમાં અજિતસ્વામીએ પ્રવેશ કર્યો.

પછી રથી જેમ રથમાંથી ઉતરે તેમ સંસારસિંધુ ઉતરવાને જગદ્‌ગુરુ ભગવાન્ પોતે શિબિકારત્નમાંથી ઉતર્યા. તે પછી દેવતાઓને પણ દુર્લભ એવાં ત્રણ રત્નોને ગ્રહણ કરવાની ઇચ્છાવાળા પ્રભુએ રત્નાલંકાર વિગેરે સર્વ આભૂષણો ઉતાર્યાં અને ઈંદ્રે આપેલું એવું અદૂષિત દેવદૂષ્ય પ્રભુએ ઉપધિ સહિત ધર્મ બતાવવાને માટે ગ્રહણ કર્યું, માઘ માસની ઉજ્જવળ નવમીને દિવસે ચંદ્ર રોહિણીનક્ષત્રમાં આવ્યો હતો તેવે સમયે સપ્તચ્છદ વૃક્ષની નીચે પ્રભુએ છઠ્ઠનો તપ કરીને સાયંકાળે રાગાદિકની જેમ પોતાના સર્વ કેશનો પાંચ મુષ્ઠિએ સ્વયમેવ લોચ કર્યો. સૌધર્મેંદ્રે તે કેશને પોતાના ઉત્તરીય વસ્ત્રના છેડામાં પ્રસાદથી મળેલા અર્થની જેમ ગ્રહણ કર્યાં અને ક્ષણવારમાં પ્રભુના તે કેશ વહાણમાં મુસાફરી કરનાર જેમ સમુદ્રમાં પૂજનદ્રવ્ય નાંખે તેમ ક્ષીરસમુદ્રમાં ક્ષેપન કર્યા. પછી પાછા વેગે આવીને સુર, અસુર અને નરોના કોલાહળને જાણે મૌનમંત્રનું સ્મરણ કરાવતા હોય તેમ મુષ્ઠિ સંજ્ઞાથી ઈંદ્રે નિવૃત્ત કર્યો; એટલે સિદ્ધોને નમસ્કાર કરી સામાયિકને ઉચ્ચરતા પ્રભુ મોક્ષમાર્ગમાં વાહનતુલ્ય એવા ચારિત્રરૂપી રથ ઉપર આરૂઢ થયા. દીક્ષાનું જાણે સહોદર હોય તથા સાથે જન્મ પામ્યું હોય તેમ ચોથું **મનઃપર્યવજ્ઞાન** તે જ વખતે પ્રભુને ઉત્પન્ન થયું. તે વખતે ક્ષણવાર નારકીના જીવોને પણ સુખ થયું અને ત્રણ જગતમાં વીજળીના ઉદ્યોત જેવો પ્રકાશ થઈ રહ્યો. પ્રભુની સાથે એક હજાર રાજાઓએ દીક્ષા ગ્રહણ કરી, કારણ કે **ભગવાનના ચરણને અનુસરવારૂપી વ્રતવાળા પુરુષોને એ જ ઉચિત છે.** પછી જગત્પતિને પ્રદક્ષિણા કરી, પ્રણામ કરી, અચ્યુતાદિ ઇંદ્રો આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા.

"હે નાથ ! પૂર્વે પટુ અભ્યાસના આદરથી તમે વૈરાગ્યને એવી રીતે સંગ્રહ્યો કે આ જન્મમાં જન્મથી માંડીને તે વૈરાગ્ય એકાત્મભાવને પામ્યો છે. હે નાથ ! મોક્ષના ઉપાયમાં પ્રવીણ એવા તમારે સુખના હેતુ ઈષ્ટસંયોગાદિમાં જેવો ઉજ્જવળ વૈરાગ્ય છે તેવો દુઃખના હેતુ ઇષ્ટવિયોગાદિમાં વૈરાગ્ય નથી. હે પ્રભુ ! વિવેકરૂપી શરાણવડે તમે વૈરાગ્યરૂપી શસ્ત્ર એવું સજેલું છે કે જેથી મોક્ષ મેળવવામાં પણ તેનું પરાક્રમ સાક્ષાત્ અકુંઠિત (અવાર્ય) પણે પ્રવર્તે છે. હે નાથ ! જ્યારે તમે દેવતાની તથા નરેંદ્રની લક્ષ્મી ભોગવતા હતા ત્યારે પણ તમારો આનંદ તો વિરક્તતારૂપ જ હતો. કામથી નિત્ય વિરક્ત એવા તમે જ્યારે યોગને અંગીકાર કરો છો ત્યારે 'હવે એ કામભોગથી સર્યું" એવો પ્રૌઢ વૈરાગ્ય તમને પ્રાપ્ત થાય છે, સુખમાં, દુઃખમાં, સંસારમાં અને મોક્ષમાં જ્યારે તમે ઔદાસીન્ય ભાવને ભજો છો ત્યારે તમને નિરંતર અવિચ્છિન્ન વૈરાગ્ય જ છે, તમે શેમાં વિરાગવાન નથી ? બીજા જીવો તો દુઃખગર્ભિત અને મોહગર્ભિત વૈરાગ્યવાળા હોય છે,



www.jainsite.com          For Private & Personal Use Only          info@jainsite.com

પરંતુ તમારામાં તો જ્ઞાનગર્ભ વૈરાગ્ય જ એકસ્થાનપણાને પામેલો છે. હમેશાં ઉદાસીનત્વ છતે પણ સર્વ વિશ્વને ઉપકાર કરનારા, સમગ્ર વૈરાગ્યના ભાજન, શરણુ કરવા લાયક અને પરમાત્મા એવા તમને અમે નમસ્કાર કરીએ છીએ.''

એવી રીતે જગદ્‌ગુરુની સ્તુતિ કરી, નમસ્કાર કરી ઈંદ્રો દેવસમૂહ સહિત ત્યાંથી નંદીશ્વર દ્વીપે ગયા. ત્યાં અંજનાચળાદિક પર્વતોમાં શક્રાદિક ઇન્દ્રોએ જન્માભિષેકના કલ્યાણકની પેઠે શાશ્વત અર્હંત્ પ્રતિમાઓનો અષ્ટાહ્નિક ઉત્સવ કર્યો અને પછી હવે આપણે ફરીથી પ્રભુને ક્યારે જોઈશું ? એમ વિચારતા તેઓ ત્યાંથી પોતપોતાને સ્થાને ગયા.

સગરરાજા પણ પ્રભુને પ્રણામ કરી અંજલિ જોડી ગદ્‌ગદ્ ગિરાએ આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા. "ત્રૈલોક્યરૂપી કમલિનીના ખંડને વિકાસ કરવામાં સૂર્ય સમાન અને જગત્‌ના ગુરુ એવા હે ભગવાન્ અજિતસ્વામિ ! તમે વિજય પામો. હે નાથ ! મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યવ એ ચાર ઉત્કટ જ્ઞાનથી ચાર સમુદ્રોવડે જેમ પૃથ્વી શોભે તેમ તમે શોભો છો. હે પ્રભુ ! તમે એક લીલામાત્રમાં કર્મને ઉન્મૂળ કરવાને સમર્થ છો અને આ તમારો જે પરિકર (ઉપસ્કર) છે તે લોકોને એક માર્ગદર્શક છે. હે ભગવન્ ! સર્વ પ્રાણીઓના તમે એક અંતરાત્મા છો એમ હું માનું છું, નહીં તો તેઓના અદ્વૈત સુખને માટે તમે કેમ પ્રયત્ન કરો ? દયારૂપી જળે વ્યાપ્ત થયેલા તમે મળની જેમ કષાયને છોડીને કમળપત્રની જેમ નિર્લેપ અને શુદ્ધ આત્માવાળા થયેલા છો. રાજ્ય કરતા હતા ત્યારે પણ ન્યાયવંત એવા તમારે કોઈ પારકો કે પોતાનો ન હતો. તો હમણા એવી સામ્યતાના અવસર પ્રાપ્ત થતાં થયેલી સમાનતા વિષે તો શું કહેવું ? હે ભગવન્ ! તમારું જે વાર્ષિકદાન છે તે ત્રૈલોક્યને અભયદાન દેવારૂપ મોટા નાટકનું એક આમુખ (પ્રસ્તાવના) છે એવો હું તર્ક કરું છું, તે દેશ, તે ગામ, તે નગર અને તે શહેરને ધન્ય છે કે જ્યાં મલયાનિલની પેઠે દિશાઓને પ્રસન્ન કરતા એવા તમે વિહાર કરશો."

એવી રીતે પ્રભુની સ્તુતિ કરીને તથા ભક્તિપૂર્વક નમસ્કાર કરીને અશ્રુવડે વ્યાપ્ત નેત્રવાળા સગરરાજા મંદ મંદ ગતિએ પોતાની નગરીમાં આવ્યા. બીજે દિવસે પ્રભુએ બ્રહ્મદત્ત રાજાને ઘેર ક્ષીરવડે છઠ્ઠ તપનું પારણું કર્યું. તત્કાળ બ્રહ્મદત્ત રાજાના ગૃહાંગણમાં દેવતાઓએ સાડાબાર કોટી સુવર્ણ દ્રવ્યની અને પવને હલાવેલા લતાના પલ્લવોની શોભાને હરનારી એવી ઊંચી જાતનાં વસ્ત્રોની વૃષ્ટિ કરી. આકાશમાર્ગે તેઓએ દુંદુભિનો–ભરતીવડે ચપળ એવા સમુદ્રના ધ્વનિની જેવો ગંભીર ધ્વનિ કર્યો, તથા ચોતરફ ફરતા એવા પ્રભુના યશરૂપી સ્વેદજળના ભ્રમને આપતી એવી સુગંધી જળની અને ચારે બાજુ મિત્રોની જેમ ભમરાઓએ અનુસરાયેલી પંચવર્ણા પુષ્પોની વૃષ્ટિ કરી. વળી અહો દાન, અહો દાન એવો ઉચ્ચાર કરતાં હર્ષિત ચિત્તવાળા દેવતાઓ ઊંચા પ્રકારના જય જય શબ્દપૂર્વક આકાશમાં બોલવા લાગ્યા કે–" આ પ્રભુને આપેલું સુદાન જુઓ, કે જેના પ્રભાવથી દાતા પુરુષ તત્કાળ અતુલ્ય વૈભવવાળો થાય છે, કોઈ આ ભવમાં જ મુક્ત થાય છે, કોઇ બીજા ભવમાં મુક્તિને પામે છે, કોઈ ત્રીજા ભવમાં મુક્ત થાય છે અથવા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'કલ્પાતીત કલ્પોમાં ઉત્પન્ન થાય છે.'' પ્રભુને અપાતી ભિક્ષા જેઓ જુએ છે તેઓ પણ દેવતાઓની જેવા નિરોગી શરીરવાળા થાય છે.

સરોવરમાંથી જળપાન કરીને નીકળતા ગજેંદ્રની જેમ બ્રહ્મદત્ત રાજાના ગૃહથકી પારણું કરીને પ્રભુ બહાર નીકળ્યા, એટલે પ્રભુનાં પગલાંને કોઈ ઉલ્લંઘન કરે નહીં એવું ધારી બ્રહ્મદત્ત રાજાએ તે પગલાં ઉપર રત્નોવડે એક પીઠ કરાવી. ત્યાં જિનેશ્વર રહ્યા છે એમ માનતો રાજા તે પીઠની ત્રણે કાળ પુષ્પાદિકવડે પૂજા કરવા લાગ્યો. ચંદન, પુષ્પ અને વસ્ત્રાદિકવડે જ્યાં સુધી તે પીઠની પૂજા કરી ન હોય ત્યાં સુધી સ્વામી નહીં જમેલા હોવાથી જેમ વાટ જોઈને રહ્યો હોય તેમ તે ભોજન કરતો નહોતો.

વાયુની જેવા અપ્રતિબદ્ધ વિહારી ભગવાન્ અજિતસ્વામીએ અખંડિત ઈર્યાસમિતિ પાળતા સતા અન્યત્ર વિહાર કર્યો. માર્ગમાં કોઈ ઠેકાણે પ્રાસુક પાયસાન્ન વિગેરેથી તેઓ પ્રતિલાભિત થતા હતા, કોઈ ઠેકાણે સુંદર વિલેપનથી તેમના ચરણકમળ ચર્ચિત થતા હતા, કોઈ ઠેકાણે શ્રાવકોનાં વંદન કરનારા બાળકો તેમની રાહ જોઈ રહેતા હતા, કોઈ ઠેકાણે દર્શનમાં અતૃપ્ત લોકો તેમને અનુસરતા હતા, કોઈ ઠેકાણે લોકો તેમનું વસ્ત્રથી ઉત્તારણ મંગળ કરતા હતા, કોઈ ઠેકાણે લોકો દધિ, દૂર્વા અને અક્ષતાદિકવડે, તેમને અર્ધ્ય આપતા હતા, કોઈ ઠેકાણે લોકો પોતાને ઘેર લઈ જવાને માટે તેમને રસ્તામાં રોકતા હતા, કોઈ ઠેકાણે તેમના ચરણ પાસે પૃથ્વી ઉપર આળોટતા લોકોથી તેમનું ગમન અટકતું હતું, કોઈ ઠેકાણે શ્રાવકો પોતાના માથાના કેશથી તેમના ચરણકમળનું માર્જન કરતા હતા અને કોઈ ઠેકાણે મુગ્ધ બુદ્ધિવાળા લોકો તેમના આદેશને માગતા હતા એવી રીતે નિગ્રંથ, નિર્મમ અને નિઃસ્પૃહ એવા પ્રભુ પોતાના સંસર્ગથી ગ્રામ અને શહેરોને તીર્થરૂપ કરતા, સર્વ વસુધામાં વિહાર કરવા લાગ્યા.

ઘુવડ પક્ષીઓના ઘુત્કાર શબ્દોથી જે ભયંકર છે, જેમાં શિયાળ અત્યંત ફેત્કાર શબ્દ કરી રહ્યા છે. જે સર્પોના કુંફાડાથી ભયંકર છે, જેમાં મહવાળા બીલાડાઓ ઉત્ક્રોશ કરી રહ્યા છે, જે શબ્દ કરતા ન્હારોથી વિકરાળ લાગે છે, જેમાં ચમૂરૂ મૃગો ક્રૂરપણે વર્તે છે, જે કેસરીસિંહોની ગર્જનાના પ્રકારથી પ્રતિધ્વનિત થયેલ છે, જેમાં મોટા હાથીઓએ ભાંગેલાં વૃક્ષો પરથી ઉડેલાં કાકપક્ષીઓના શબ્દો થઈ રહ્યા છે, સિંહના પુંછડાના આસ્ફોટથી જેની પાષાણમય ભૂમિ પણ કુટયા કરે છે, જ્યાં અષ્ટાપદોએ પીસી નાંખેલા હાથીઓના અસ્થિઓથી રસ્તાઓ આકુળ થયેલા છે, જેમાં મૃગયા કરવામાં વ્યગ્ર થયેલા ભિલ્લ લોકોના ધનુષના ટંકારથી પડછંદા વાગ્યા કરે છે, જ્યાં રીંછોના કાનને ગ્રહણ કરવામાં ભિલ્લના બાળકો વ્યગ્ર થઈ રહેલા છે, જેમાં વૃક્ષોની શાખાના અગ્રભાગના પરસ્પર સંઘર્ષથી અગ્નિઓ ઉછળી રહેલ છે, એવા મોટા પર્વતો સંબંધી મહાઅરણ્યમાં અને ગામ તથા શહેરોમાં એ અજિતસ્વામી નિષ્કંપ મને ઇચ્છાનુસાર વિહાર કરતા હતા. કોઇ વખતે પૃથ્વીતલને જોવામાત્રથી મનુષ્યોને ચકરી આવી જાય એવા ઊંચા પર્વતના મસ્તક ઉપર જાણે બીજું શિખર હોય તેમ પ્રભુ કાયોત્સર્ગમાં સ્થિર

૧ ગ્રૈવેયક અને અનુત્તર વિમાન તે કલ્પાતીત કહેવાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થઈને રહેતા હતા. કોઇ વખતે ઊંચી ફાળ મારતા કપિઓનાં ટોળાંએ જેના અસ્થિના સંધી ભાંગેલા છે એવા પ્રભુ મહાસમુદ્રના તટ ઉપર વૃક્ષની પેઠે સ્થિર રહેતા હતા, કોઈ વખતે ક્રીડા કરતા એવા ઉત્તાળ, વેતાળ, પિશાચ અને પ્રેતોથી સંકુલ થયેલા અને જેમાં વંટોળીઆવડે ધૂળ ઊડી રહી છે એવા સ્મશાનમાં કાયોત્સર્ગ કરીને રહેતા હતા. એ સિવાય બીજા પણ વિશેષ ભયંકર સ્થાનોમાં સ્વભાવે ધીર એવા પ્રભુ લીલાથી કાર્યોત્સર્ગ કરતા હતા. આર્યદેશમાં વિહાર કરતા, અક્ષીણ શક્તિવાળા ભગવાન્ અજિત પ્રભુ કોઈ વખત ચતુર્થ તપ કરતા હતા, કોઈ વખતે ષષ્ટમતપ, કોઈ વખતે અષ્ટમતપ, કોઇ વખતે દશમતપ, કોઈ વખતે દ્વાદશતપ, કોઇ વખતે ચતુર્દશતપ, કોઇ વખતે ષોડશતપ, કોઈ વખતે અષ્ટાદશતપ, કોઇ વખતે માસિકતપ, કોઈ વખતે દ્વિમાસિકતપ, કોઇ વખતે ત્રિમાસિકતપ, કોઈ વખતે ચતુર્માસિકતપ, કોઇ વખતે પંચમાસિકતપ, કોઈ વખતે ષડ્માસિકતપ, કોઇ વખતે સપ્તમાસિકતપ અને કોઇ વખતે અષ્ટમાસિકતપ કરતા હતા. લલાટને તાપ કરનારા સૂર્યના આતપવાળા ગ્રીષ્મઋતુમાં પણ દેહમાં નિઃસ્પૃહ એવા પ્રભુ વૃક્ષની છાયાને ઈચ્છતા નહોતા. પડતા હિમના સમૂહથી વૃક્ષો જેમાં દગ્ધ થતાં હતાં એવી હેમંતઋતુમાં પણ પ્રભુ ઘણા પીત્તવાળા પુરુષની જેમ તડકાને ઈચ્છતા નહોતા અને વર્ષાઋતુમાં પવનની ઝડીથી ઉત્કટ એવી મેઘોની ધારાવૃષ્ટિઓથી એ પ્રભુ જળચારી હાથીની જેમ જરા પણ ઉદ્વેગ પામતા નહોતા. પૃથ્વીની જેમ સર્વને સહન કરનારા અને પૃથ્વીના તિલકરૂપ પ્રભુ બીજા પણ દુઃસહ પરીષહને સહન કરતા હતા. એ પ્રમાણે વિવિધ પ્રકારના ઉગ્ર તપોથી અને વિવિધ પ્રકારના અભિગ્રહોથી પરીષહને સહન કરનારા પ્રભુએ બાર વર્ષ ઉલ્લંઘન કર્યાં.

ત્યારપછી ગેંડાની જેમ પૃથ્વી પર નહીં બેસનારા, ગેંડાના શૃંગની જેમ એકલા વિચરનારા, સુમેરુ પર્વતની જેમ કંપરહિત, સિંહની જેમ નિર્ભય, વાયુની જેમ અપ્રતિબદ્ધ વિહારી, સર્પની જેમ એક (સમાન) દૃષ્ટિવાળા, અગ્નિથી સુવર્ણની જેમ તપથી અધિક કાંતિવાળા, વાડથી સુંદર વૃક્ષની જેમ ત્રણ ગુપ્તિથી વીંટાએલા, પાંચ બાણોથી કામદેવની જેમ પાંચ સમિતિને ધરનારા, આજ્ઞા, અપાય, વિપાક અને સંસ્થાનનું ચિંતન કરવાથી ચાર પ્રકારના ધ્યેયનું ધ્યાન કરનારા અને ધ્યેયરૂપ એવા પ્રભુ દરેક ગ્રામ, દરેક શહેર અને દરેક અરણ્યમાં ફરતાં ફરતાં સહસ્રામ્રવન નામના ઉદ્યાનમાં આવ્યા. ત્યાં છત્રની પેઠે રહેલા સપ્તચ્છદ વૃક્ષની નીચે એ પ્રભુ જાણે એ વૃક્ષનું થડ હોય તેમ અકંપ થઈ કાયોત્સર્ગે રહ્યા. તે વખતે એ ભગવંત **અપ્રમત્ત-સંયત** નામના સાતમા ગુણસ્થાનથી **અપૂર્વકરણ** નામના આઠમા ગુણસ્થાનને ભજવા લાગ્યા. શ્રોત અર્થથી શબ્દ પ્રત્યે અને શબ્દથી અર્થમાં જતા એ પ્રભુ નાના પ્રકારના શ્રુતવિચારવાળા શુકલધ્યાનના જતા પહેલા પાયાને પ્રાપ્ત થયા. પછી જેને વિષે સર્વ જીવના તુલ્ય પ્રમાણ હોય છે એવા **અનિવૃત્તિબાદર** નામના નવમા ગુણસ્થાન ઉપર આરૂઢ થયા. ત્યારપછી લોભરૂપી કષાયના સૂક્ષ્મખંડ કરવા થકી **સૂક્ષ્મસંપરાય** નામના દશમા ગુણસ્થાનને પ્રાપ્ત થયા. ત્યારપછી ત્રણ જગતના સર્વ જીવોના કર્મોનો ક્ષય કરવામાં સમર્થ એવા અનંત વીર્યવાળા પ્રભુ મોહનો ક્ષય કરી **ક્ષીણમોહ** નામના બારમા ગુણસ્થાનને પ્રાપ્ત થયા. એ બારમા ગુણસ્થાનના છેલ્લા સમયમાં પ્રભુ એકત્વશ્રુતાપ્રવિચાર નામે શુકલધ્યાનના બીજા પાયાને પ્રાપ્ત થયા. એ ધ્યાનથી ત્રણ જગતના વિષયમાં રહેલા પોતાના મનને સર્પના મંત્રથી સર્વ અંગમાં વ્યાપેલા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિષને જેમ દંશની જગ્યાએ લાવીને મૂકે તેમ પરમાણુ ઉપર લાવીને ધારણ કર્યું; એટલે ઈંધણાના સમૂહને દૂર કરવાથી થોડાં ઈંધણ જેમાં રહેલાં છે એવો અગ્નિ જેમ સ્વયમેવ બુઝાઈ જાય તેમ તેમનું મન સર્વથા નિવૃત્તિને પામી ગયું. પછી પ્રભુનો ધ્યાનરૂપી અગ્નિ દીપાયમાન થવાથી અગ્નિથી બરફની જેમ તેમનાં ઘાતિકર્મો સર્વ તરફથી લય પામી ગયા અને પોષ માસની શુકલ એકાદશીને દિવસે ચંદ્ર રોહિણી નક્ષત્રમાં આવ્યો હતો તે સમયે ષષ્ટતપ કર્યો છે જેમણે એવા પ્રભુને ઉજ્જવળ **કેવળજ્ઞાન** ઉત્પન્ન થયું.

એ જ્ઞાન ઉત્પન્ન થતાં ત્રણ લોકમાં રહેલા ત્રણે કાળના સર્વ ભાવોને હસ્તગોચર થયા હોય તેમ પ્રભુ દેખાવા લાગ્યા. પ્રભુને કેવળજ્ઞાન થયું તે વખતે જાણે પ્રભુની અવજ્ઞાના ભયથી કંપાયમાન થયું હોય તેમ સૌધર્માધિપતિનું સિંહાસન કંપાયમાન થયું. જળાશયના જળના માપને જાણવાને ઇચ્છતો માણસ જેમ તેમાં રજ્જુને નાંખે તેમ ઈંદ્રે તેનું કારણ જાણવાને માટે અવધિજ્ઞાન પ્રયુંજ્યું. દીવાના પ્રકાશથી જેમ પદાર્થ જણાય તેમ ઈંદ્રે અવધિજ્ઞાનથી 'પ્રભુને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું છે' એમ જાણ્યું. તત્કાળ રત્નસિંહાસન અને રત્નની પાદુકા છોડી ઊભા થયા; કારણ કે **સત્પુરુષોને સ્વામીની અવજ્ઞાનો ભય બળવાન છે.** ગીતાર્થ ગુરુનો શિષ્ય જેમ ગુરુએ આજ્ઞા કરેલી અવગ્રહ પૃથ્વીમાં પગલાં ભરે તેમ અર્હંતની દિશાની સન્મુખ સાત આઠ પગલાં ભર્યાં. પછી પોતાના ડાબા ગોઠણથી તથા બે હાથ અને મસ્તકથી પૃથ્વીને સ્પર્શ કરી પ્રભુને નમસ્કાર કર્યો. પછી ઊભા થઈને ત્યાંથી પાછા વળી કેસરીસિંહ જેમ પર્વતના શિખરને અલંકૃત કરે તેમ તેણે સિંહાસનને અલંકૃત કર્યું. પછી ક્ષણવારમાં સર્વ દેવતાઓને બોલાવી મોટી ઋદ્ધિ અને ભક્તિવડે તે જિનેંદ્રની સમીપે આવ્યા. બીજા પણ સર્વ ઈંદ્રો આસનકંપથી સ્વામીને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું જાણી પ્રભુની પાસે અહંપૂર્વિકાથી* આવ્યા.

પછી તે કામના અધિકારી એવા વાયુકુમાર દેવતાઓએ આવીને એક યોજન પ્રમાણ ક્ષેત્રમાંથી કાંકરા વિગેરેને દૂર કર્યા. તે ઉપર મેઘકુમાર દેવતાઓએ શરદ્ ઋતુની વૃષ્ટિની જેવી તમામ રજને શાંત કરે એવી સુગંધી જળની વૃષ્ટિ કરી. બીજા (વ્યંતર) દેવતાઓએ ચૈત્યના મધ્ય ભાગની જેમ કોમળ એવી સુવર્ણ રત્નોની શિલાના સમૂહથી ઘણી સુંદર રીતે પૃથ્વીનું તળ બાંધ્યું. પછી પ્રાતઃકાળના પવનોની જેમ ઋતુની અધિષ્ઠાયક દેવીઓએ જાનુ સુધી પંચવર્ણી પ્રફુલ્લિત પુષ્પોની વૃષ્ટિ કરી. ભવનપતિ દેવોએ આવીને મધ્યમાં મણિપીઠ કરી તેની ચોતરફ સોનાના કાંગરાવાળો રૂપાનો ગઢ કર્યો. જ્યોતિષ્ક દેવતાઓએ આવીને તેની અંદર રત્નના કાંગરાવાળો અને જાણે પોતાની જ્યોતિ એકત્ર કરી હોય તેવો કાંચનમય બીજો ગઢ કર્યો. તેની ઉપર અંદરનો ત્રીજો વૈમાનિક દેવતાઓએ આવી માણિક્યના કાંગરાવાળો રત્નોનો ગઢ કર્યો. તે દરેક ગઢમાં જંબૂદ્વીપની જગતીની જેમ મનને વિશ્રામ કરવાના ધામરૂપ ચાર ચાર સુંદર દરવાજા રચ્યા. તે દરેક દરવાજા ઉપર મરકતમણિમય પત્રોનાં તોરણો રચ્યાં, તે આકાશમાં સુન્દર શ્રેણીરૂપ થઈ વિચરતા શુક પક્ષીઓની ઉપમાને ધારણ કરતા હતા. તોરણની બન્ને તરફ મુખ ઉપર કમળવાળા શ્રેણીબંધ કુંભો મૂકેલા હતા, તે સાયંકાલે સમુદ્રની ચોતરફ રહેલા ચક્રવાકની જેવા જણાતા

* હું પહેલો જાઉં, હું પહેલો જાઉં એવા વિચારથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હતા. દરેક દ્વારે સુવર્ણમય કમળોથી શોભતી, સ્વચ્છ તથા સ્વાદુ જળથી પરિપૂર્ણ અને મંગળ કળશની જેવી એક એક વાપિકા રચેલી હતી, દ્વારે દ્વારે દેવતાઓએ સુવર્ણની ધૂપઘટીઓ મૂકી હતી. તે ધૂમાડાથી જાણે મરકત મણિઓનાં તોરણોને વિસ્તારતી હોય તેવી જણાતી હતી. મધ્યના ગઢની અંદર ઇશાનકૂણે પ્રભુને વિશ્રામ કરવા માટે દેવતાઓએ દેવચ્છંદ રચ્યો. ત્રીજા ગઢની મધ્યમાં વ્યંતરોએ એક ગાઉ અને ચૌદસો ધનુષ ઊંચું એક ચૈત્યવૃક્ષ રચ્યું, તેની નીચે પ્રભુને બેસવાનું સિંહાસન, દેવચ્છંદક, બે બે ચામરો અને છત્રોના ત્રિક પણ વ્યંતરોએ જ કર્યાં આવી રીતે દેવતાઓએ સર્વ આપત્તિને હરનારું અને સંસારથી ત્રાસ પામેલા પુરુષોને એક શરણરૂપ સમવસરણ રચ્યું.

પછી જાણે બંદીજન હોય તેમ જય જય શબ્દને કરતા કોટીગમે દેવતાઓથી ચોતરફ પરવરેલા અને દેવતાઓએ સંચાર કરેલા સુવર્ણનાં નવ કમળો ઉપર અનુક્રમે ચરણકમળને આરોપણ કરનારા પ્રભુએ પૂર્વ દ્વારથી પ્રવેશ કરીને ચૈત્યવૃક્ષને પ્રદક્ષિણા કરી. **મહત્પુરુષો પણ આવશ્યક વિધિનું ઉલ્લંઘન કરતા નથી.** પછી **તીર્થાય નમઃ** એ વાક્યવડે તીર્થને નમસ્કાર કરી મધ્યના સિંહાસન ઉપર પૂર્વાભિમુખે ભગવંત બેઠા. તે વખતે શેષકાર્યના અધિકારી વ્યંતરોએ બીજી ત્રણ દિશાઓમાં પ્રભુનાં પ્રતિબિંબ વિકૃત કર્યાં. સ્વામીના પ્રભાવથી તે પ્રતિબિંબ પ્રભુના રૂપ જેવા જ થયા, નહીં તો તેઓ કાંઇ પ્રભુની સદૃશ પ્રતિબિંબ કરવાને સમર્થ નથી. તે અવસરે પૃષ્ઠ ભાગમાં ભામંડળ, આગળ ધર્મચક્ર અને ઇંદ્રધ્વજ તથા આકાશમાં દુંદુભિનાદ પ્રગટ થયા. પછી સાધુ, સાધ્વી અને વૈમાનિક દેવતાની દેવીઓ, એ ત્રણ પર્ષદા પૂર્વદ્વારથી પ્રવેશ કરીને પ્રભુને ત્રણ પ્રદક્ષિણાપૂર્વક નમસ્કાર કરી અગ્નિકૂણમાં બેઠી. તેમાં સાધુઓ આગળ બેઠા અને તેમની પછવાડે વૈમાનિક દેવતાની સ્ત્રીઓ અને પછી સાધ્વીઓ ઊભી રહી. ભવનપતિ, જ્યોતિષી અને વ્યંતરોની દેવીઓ દક્ષિણદ્વારથી પ્રવેશ કરી, પ્રભુને પ્રદક્ષિણા દઈને અનુક્રમે નૈઋત્યદિશામાં ઊભી રહી. ભવનપતિ, જ્યોતિષ્ક અને વ્યંતર દેવતાઓ પશ્ચિમદ્વારથી પ્રવેશ કરીને પ્રભુને પ્રદક્ષિણાપૂર્વક નમસ્કાર કરી અનુક્રમે વાયવ્યદિશામાં બેઠા. ઇન્દ્ર સહિત વૈમાનિક દેવો ઉત્તરદ્વારથી પ્રવેશ કરી પ્રભુને પ્રદક્ષિણાપૂર્વક નમસ્કાર કરી ઈશાનદિશામાં અનુક્રમે બેઠા. તે સમયે ઇંદ્રે અંજલિ જોડી ફરીથી ભગવાનને નમસ્કાર કરીને ભક્તિથી રોમાંચિત શરીરે આ પ્રમાણે સ્તુતિ કરવાનો આરંભ કર્યો.

"હે પ્રભુ ! તીર્થંકરનામકર્મથી થયેલા સર્વના અભિમુખપણે હમેશાં સન્મુખ થઈને
"તમે સર્વ પ્રજાને આનંદ પમાડો છો. વળી એક યોજનના પ્રમાણવાળા ધર્મદેશનાના
"મંદિરમાં કરોડો તિર્યંચ, મનુષ્ય અને દેવતાઓ પરિવાર સહિત સમાય છે, અને
"એક ભાષામાં બોલાતું છતાં પણ સર્વને પોતપોતાની ભાષામાં સમજાતું અને મનોહર
"લાગે તેવું તમારું વચન જે ધર્મના બોધને કરનારું થાય છે તે પણ તીર્થંકરનામ-
"કર્મનો જ પ્રભાવ છે. તમારી વિહારભૂમિની ચોતરફ સવાસો-સવાસો યોજન સુધી પૂર્વે
"ઉત્પન્ન થયેલા રોગરૂપી વરસાદો તમારા વિહારરૂપી પવનની ઊર્મિઓથી પ્રયાસ વિના
"લય પામી જાય છે અને રાજાઓએ નાશ કરેલી અનીતિની જેમ આપ જ્યાં વિહાર
"કરો છો તે પૃથ્વીમાં મૂષક, ટીડ અને સૂડા વિગેરેની ઉત્પત્તિરૂપ દુર્ભિક્ષ ઇતિઓ પણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

" પ્રગટ થતી નથી. તમારી કૃપારૂપી પુષ્કરાવર્ત્તની વૃષ્ટિથી પૃથ્વી પર સ્ત્રી, ક્ષેત્ર અને દ્રવ્યાદિ " કારણોથી ઉત્પન્ન થયેલો વૈરરૂપ અગ્નિ પણ શાંત થઈ જાય છે. હે નાથ ! અશિવનો " ઉચ્છેદ કરવામાં પડહરૂપ તમારો પ્રભાવ પૃથ્વીમાં પરિભ્રમણ કરતો હોવાથી મનુષ્ય " લોકના શત્રુરૂપ મારી વિગેરે રોગો ઉત્પન્ન થતા નથી. વિશ્વના એક વત્સલ અને લોકોના " મનોરથને વર્ષનારા તમે વિચરતા હોવાથી ઉપતાપને કરનારી અતિવૃષ્ટિ અને અનાવૃષ્ટિ " પણ થતી નથી. તમારા પ્રભાવથી સિંહના નાદથી હાથીઓની જેમ સ્વરાજ્ય અને પર- " રાજ્ય સંબંધી ક્ષુદ્ર ઉપદ્રવો સત્વર નાશ પામે છે. સર્વ પ્રકારના અદ્દભુત પ્રભાવવાળા " અને જંગમ કલ્પવૃક્ષરૂપ તમે પૃથ્વી પર વિહાર કરતાં દુર્ભિક્ષનો ક્ષય થઈ જાય છે. " તમારા મસ્તક ઉપર પાછલા ભાગમાં સૂર્યમંડળના તેજનો જય કરનારું એવું ભામં- " ડળ, આપનું શરીર લોકોને દુરાલોક થાઓ એમ ધારીને પિંડકારે થયેલું હોય તેમ " જણાય છે. હે ભગવન્ ! ઘાતિકર્મનો ક્ષય થવાથી થયેલો આ યોગસામ્રાજ્ય મહિમા " વિશ્વમાં પ્રખ્યાત થયેલો છે,[1] તે કોને આશ્ચર્યનું કારણ નથી ? અનંત કાળથી સંચય " થયેલા અનંત કર્મરૂપી તૃણને સર્વથા પ્રકારે તમારા સિવાય બીજો કોઈ પણ મૂળથી " ઉન્મૂલન કરી શકતો નથી. ક્રિયાના સમભિહારથી[2] તેવી રીતના ઉપાયમાં તમે પ્રવર્ત્તેલા " છો કે જેથી નહીં ઈચ્છતા છતાં પણ લક્ષ્મીનો આશ્રય કરીને રહ્યા છો. [3]મૈત્રીના " પવિત્ર પાત્રરૂપ, હર્ષના આમોદથી શોભતા અને કૃપા તથા ઉપેક્ષા કરનારાઓમાં મુખ્ય " એવા તમને યોગાત્માને હું નમસ્કાર કરું છું."

હવે ઉદ્યાનપાલકોએ 'ઉદ્યાનમાં અજિતનાથ સ્વામી સમવસર્યા છે' એમ સગર-ચક્રીની સમીપે જઈને નિવેદન કર્યું. પ્રભુ સમવસર્યાના વૃત્તાંતથી ચક્રી એવા હર્ષ પામ્યા કે જેવો હર્ષ ચક્રરત્નની ઉત્પત્તિથી પણ થયો નહીં હોય. સંતુષ્ટ થયેલા ચક્રવર્ત્તીએ તે ઉદ્યાનપાલકોને સાડા બાર કોટી સુવર્ણ પારિતોષિકમાં આપ્યું. પછી સ્નાન, પ્રાયશ્ચિત તથા કૌતુકમંગળાદિ કરી, ઈન્દ્રની જેમ ઉદાર આકૃતિવાળા રત્નોના અલંકારો ધારણ કરી, સ્કંધ ઉપર હાર દઢ કરી, પોતાના હાથથી અંકુશને નચાવતા સગરરાજા ઉત્તમ હસ્તી ઉપર આગલા આસને આરૂઢ થયા. હાથીના ઊંચા કુંભસ્થળથી જેમની અર્ધમૂર્ત્તિ ઢંકાઈ ગઈ છે એવા ચક્રી અર્ધા ઊગેલા સૂર્યની જેવા શોભવા લાગ્યા. શંખ અને દુંદુભિના શબ્દો દિશાઓના મુખમાં પ્રસરવાથી સુઘોષાદિ ઘંટના ઘોષથી દેવતાઓ આવે તેમ સગરરાજાના સૈનિકો એકઠા થઈ ગયા. તે સમય મુગટબંધ હજારો રાજાઓના પરિવારથી ચક્રી જાણે વિકૃત કરેલાં અનેક રૂપોને ધારણ કરતા હોય તેવું દેખાતું હતું. મસ્તક ઉપર અભિષિક્ત થયેલા રાજાઓમાં મુગટરૂપ ચક્રી મસ્તક ઉપર આકાશગંગાના આવર્ત્તના ભ્રમને આપનારા શ્વેત છત્રથી શોભતા હતા અને બન્ને તરફ સંચાર કરતા ચામરોથી એ રાજા બે તરફ રહેલા ચંદ્રનાં બિંબોથી જેમ મેરુ ઓપે તેમ ઓપતા હતા. જાણે સુવર્ણની પાંખોવાળા પક્ષીઓ હોય તેવા સુવર્ણના બખ્તરવાળા અશ્વોથી, સઢ ચડાવેલાં કુવાસ્તંભવાળા વહાણો હોય તેવા ઊંચા ધ્વજાસ્તંભવાળા રથોથી, નિર્ઝરણવાળા જાણે પર્વતો હોય એવા મદ-

---

૧. કર્મક્ષય થવાથી ઉત્પન્ન થતા ૧૧ અતિશયોનું અહીં સુધી વર્ણન છે. ૨ અતિશયપણાથી. ૩ આ વાક્યવડે મૈત્રી, પ્રમોદ, કરુણા અને ઉપેક્ષા એ ચાર ભાવનાયુક્તપણું પ્રતિપાદન કર્યું છે.

જૈન સાઈટ JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઝરતા ઉત્તમ હાથીઓથી અને જાણે સર્પ સહિત સિંધુના તરંગો હોય તેવા ઊંચા હથિયારવાળાં પાયદળોથી એ રાજા પૃથ્વીને ચોતરફ આચ્છાદન કરતા સહસ્રામ્રવન નામના ઉપવન સમીપે આવ્યા. પછી માનથી જેમ મહામુનિ ઉતરે તેમ સગરરાજા ઉદ્યાનદ્વારની સુવર્ણવેદી ઉપર હાથી ઉપરથી ઉતર્યા અને પોતાના છત્ર, ચામર અને રાજ્યનાં બીજાં ચિહ્નો પણ તેણે છોડી દીધાં; કારણ કે વિનીત પુરુષોનો એવો જ ક્રમ છે. તેણે વિનયવડે પગમાંથી ઉપાનનો ત્યાગ કર્યો, છડીદારે આપેલા હસ્તાવલંબનની પણ ઉપેક્ષા કરી અને સમવસરણની સમીપે નગરનાં નરનારીઓની સાથે એ રાજા પગે ચાલીને ગયા. પછી મકરસંક્રાંતિએ સૂર્ય જેમ આકાશના આંગણામાં પ્રવેશ કરે તેમ ઉત્તરદ્વારથી સમવસરણમાં પ્રવેશ કર્યો. ત્યાં જગદ્ગુરુને ત્રણ પ્રદક્ષિણા અને નમસ્કાર કરીને અમૃતના જેવી મધુર ગિરાથી સ્તુતિ કરવાનો આરંભ કર્યો—

"હે પ્રભુ ! મિથ્યાદષ્ટિને કલ્પાંત કાળના સૂર્ય સમાન અને સમકિતદષ્ટિને અમૃતના અંજન સમાન તેમજ તીર્થંકરપણાની લક્ષ્મીને તિલકરૂપ આ ચક્ર તમારી આગળ વૃદ્ધિ પામેલું છે. આ જગતમાં તમે એક જ સ્વામી છો એમ કહેવાને જાણે ઇંદ્રે ઇંદ્રધ્વજના મિષથી પોતાની તર્જની આંગળી ઊંચી કરી હોય તેમ જણાય છે. જ્યારે તમારા ચરણો પગલાં ભરે છે ત્યારે સુર અસુરો કમળ રચવાના મિષથી કમળમાં વસનારી લક્ષ્મીને વિસ્તારે છે. દાન, શીલ, તપ અને ભાવ એ ચાર પ્રકારના ધર્મને એક સાથે કહેવાને માટે તમે ચાર મુખવાળા થયા છો, એમ હું માનું છું. આ ત્રણ ભુવનનું ત્રણ દોષથી રક્ષણ કરવાને તમે પ્રવર્તેલા છો; તેથી જ દેવતાઓએ આ ત્રણ ગઢ કરેલા જણાય છે. તમે પૃથ્વીમાં વિહાર કરો છો ત્યારે કાંટાઓ અધોમુખી થઇ જાય છે, પણ તેમાં કાંઇ આશ્ચર્ય નથી; કેમકે સૂર્યનો ઉદય થાય ત્યારે અંધકાર સન્મુખ થઈ શકે જ નહીં. કેશ, રોમ, નખ અને દાઢી–મૂછ વૃદ્ધિ પામ્યા સિવાય અવસ્થિત રહેલા છે, એવી રીતનો બહારનો યોગમહિમા તીર્થંકરો સિવાય બીજાઓએ પ્રાપ્ત કરેલ નથી. શબ્દ, રૂપ, સ્પર્શ અને ગંધ નામના પાંચ ઇંદ્રિયોના વિષયો તમારી આગળ તાર્કિક લોકોની જેમ પ્રતિકૂળપણાને ભજતા નથી. સર્વ ઋતુઓ અકાળે કરેલી કામદેવની સહાયના ભયથી જાણે હોય તેમ એકસાથે તમારા ચરણની ઉપાસના કરે છે. આગળ ઉપર તમારા ચરણનો સ્પર્શ થવાનો છે એમ વિચારીને દેવતાઓ સુગંધી જળના વર્ષાદથી અને દિવ્ય પુષ્પોની વૃષ્ટિથી પૃથ્વીની પૂજા કરે છે. હે જગત્પૂજ્ય ! પક્ષીઓ પણ ચોતરફથી તમારી પ્રદક્ષિણા કરે છે અને તમારાથી આડાંઅવળાં ચાલતાં નથી; તો જેઓ મનુષ્ય થઈને તમારાથી વિમુખ વૃત્તિવાળા થાય છે અને જગતમાં મોટા થઇને ફરે છે તે પુરુષોની તો શી ગતિ થવાની ? તમારી પાસે એકેંદ્રિય એવો પવન પણ પ્રતિકૂળતાને છોડી દે છે તો પંચેદ્રિયનું તો દૌઃશીલ્ય કયાંથી જ થાય ? તમારા માહાત્મ્યથી ચમત્કાર પામેલાં વૃક્ષો પણ મસ્તક નમાવીને તમને નમે છે, તેથી તેઓના મસ્તક કૃતાર્થ છે; પણ જેમનાં મસ્તક તમને નમતા નથી એવા મિથ્યાદષ્ટિઓનાં મસ્તક કૃતાર્થ નથી–વ્યર્થ છે. જઘન્યપણે પણ કોટી ગમે સુરાસુરો તમારી સેવા કરે છે, કારણ કે મૂર્ખ–આળસુ પુરુષો પણ ભાગ્યના યોગથી લબ્ધ થયેલા અર્થમાં ઉદાસપણે રહેતા નથી."*

એવી રીતે ભગવંતની સ્તુતિ કરીને વિનયવડે જરા પાછા હઠી, સગરચક્રી ઇંદ્રની પછવાડે બેઠા અને નરનારીઓનો સમૂહ તેની પાછળ બેઠો. એવી રીતે સમવસરણના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છેલ્લા ઊંચા ગઢની અંદર ભક્તિવડે જાણે ધ્યાનમાં સ્થીર રહેલો હોય તેમ ચતુર્વિધ સંઘ આવીને બેઠો. બીજા ગઢની મધ્યે સર્પ અને નોળીઆ વિગેરે તીર્યંચો જાતિવૈરને પણ છોડી પરસ્પર મિત્રોની પેઠે વર્ત્તતા બેઠા. ત્રીજા ગઢમાં પ્રભુની સેવાને માટે આવેલા સુરાસુર અને મનુષ્યોનાં વાહનો રહેલાં હતાં. એ પ્રમાણે સર્વના બેઠા પછી એક યોજન સુધી પ્રસરતી અને સર્વ ભાષાઓમાં સમજાતી મધુરગિરાથી ભગવાન્ અજિતસ્વામીએ ધર્મદેશના દેવાનો આરંભ કર્યો:—

"અહો ! મુગ્ધબુદ્ધિવાળા પ્રાણીઓ વૈડુર્યમણિની બુદ્ધિથી કાચને ગ્રહણ કરે તેમ આ અસાર સંસારને સારવાળો જાણે છે. દરેક ક્ષણે બંધાતાં વિવિધ પ્રકારનાં કર્મોથી પ્રાણીઓને આ સંસાર દોહદોથી વૃક્ષની જેમ વૃદ્ધિ પામે છે. કર્મના અભાવથી સંસારનો અભાવ થાય છે, તેથી વિદ્વાનોએ કર્મનો નાશ કરવાને માટે સદા પ્રયત્ન કરવો. કર્મનો નાશ શુભ ધ્યાનથી થાય છે. તે ધ્યાન આજ્ઞા, અપાય, વિપાક અને સંસ્થાનના ચિંતવનથી ચાર પ્રકારનું છે. તેમાં જે આપ્ત પુરુષોનું વચન તે આજ્ઞા કહેવાય છે, તે બે પ્રકારની છે: તેમાં પહેલી આગમઆજ્ઞા અને બીજી હેતુવાદઆજ્ઞા. જે શબ્દથી જ પદાર્થોને પ્રતિપાદન કરે છે તે **આગમ** કહેવાય છે અને બીજાં પ્રમાણોના સંવાદથી પદાર્થોને પ્રતિપાદન કરે છે તે **હેતુવાદ** કહેવાય છે. આ બન્નેનું તુલ્ય પ્રમાણ મેળવીને જેમ દોષ રહિત કારણોથી આરબ્ધ થાય તે લક્ષણથી પ્રમાણ કહેવાય છે. રાગ, દ્વેષ અને મોહ એ દોષ કહેવાય છે. તે દોષ અર્હંતને ઉત્પન્ન થતા નથી, માટે દોષ રહિત કારણથી ઉત્પન્ન થયેલું એવું એ અર્હંતોનું વચન પ્રમાણ છે. તે (વચન) નય અને પ્રમાણથી સિદ્ધ, પૂર્વાપર વિરોધ વિનાનું, બીજા બળિષ્ટ શાસનોથી પણ અપ્રતિક્ષિપ્ત, અંગ-ઉપાંગ-પ્રકીર્ણ વિગેરે બહુ શાસ્ત્રરૂપી નદીઓના સમુદ્રરૂપ, અનેક અતિશયોની સામ્રાજ્યલક્ષ્મીથી શોભિત, દુર્ભવ્ય પુરુષોને દુર્લભ, ભવ્ય પુરુષોને સુલભ, ગણિપિટકપણે રહેલું તેમજ મનુષ્ય અને દેવતાઓએ નિત્ય સ્તુતિ કરવા યોગ્ય છે. એવાં આગમવચનોથી આજ્ઞાનું આલંબન કરીને સ્યાદ્વાદન્યાયના યોગથી દ્રવ્યપર્યાયરૂપે નિત્યાનિત્ય વસ્તુઓમાં, તેમજ સ્વરૂપ અને પરરૂપથી સત્અસત્પણે રહેલા પદાર્થોમાં જે સ્થિર પ્રતીતિ કરવી તે **આજ્ઞાવિચય** ધ્યાન કહેવાય છે."

"જેઓએ જિનમાર્ગનો સ્પર્શ કર્યો નથી, જેઓએ પરમાત્માને જાણ્યા નથી અને જેઓએ પોતાના આગામી કાળનો વિચાર કર્યો નથી તેવા પુરુષોને હજારો અપાય (વિઘ્નો) થાય છે. માયામોહરૂપી અંધકારથી જેનું ચિત્ત પરવશ થયેલું છે એવો પ્રાણી શું શું પાપ કરતો નથી ? અને તેથી તે કયા અપાય (કષ્ટ) ને પામતો નથી ? એવો પ્રાણી વિચાર કરે કે–નારકી, તિર્યંચ અને મનુષ્યોમાં જે જે દુઃખ મેં ભોગવ્યાં છે તે જ્ઞાન રહિત એવા મારા પ્રમાદવડે જ છે. પરમ બોધિબીજને મેળવ્યા છતાં પણ મન, વચન અને કાયાવડે કરેલી દુષ્ટ ચેષ્ટાઓથી જ મેં મારા પોતાના મસ્તક ઉપર અગ્નિ પ્રજ્વલિત કર્યો છે. મુક્તિમાર્ગ મારે સ્વાધીન છતાં કુમાર્ગને શોધી તે માર્ગે ચાલીને મેં જ મારા આત્માને અપાયો-(કષ્ટો) માં નાખ્યો છે. જેમ સારું રાજ્ય પ્રાપ્ત થયા છતાં પણ મૂર્ખ માણસ ભિક્ષાને માટે પરિભ્રમણ કરે તેમ મોક્ષસામ્રાજ્ય મારે સ્વાધીન છતાં પણ મારા આત્માને હું સંસાર-



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માં ભ્રમણ કરાવું છું. આ પ્રમાણે રાગ, દ્વેષ અને મોહથી ઉત્પન્ન થતાં અપાયોને ચિંતવવામાં આવે તેનું નામ **અપાયવિચય** નામે ધ્યાન કહેવાય છે."

"કર્મનું જે ફળ તે વિપાક કહેવાય છે. તે વિપાક શુભ અને અશુભ એમ બે પ્રકારનો છે અને દ્રવ્ય ક્ષેત્રાદિકની સામગ્રીવડે તે વિચિત્રરૂપે અનુભવવામાં આવે છે. તેમાં સ્ત્રી, પુષ્પોની માળા અને ખાદ્ય દ્રવ્ય વિગેરેના ઉપભોગથી શુભ વિપાક કહેવાય છે અને સર્પ, શસ્ત્ર, અગ્નિ અને ઝેર વિગેરેથી જે અનુભવ કરાય તે અશુભ વિપાક કહેવાય છે. **(દ્રવ્યવિપાક).** મહેલ, વિમાન તથા ઉપવનાદિકમાં નિવાસ કરવાથી શુભ વિપાક કહેવાય છે અને શ્મશાન, જંગલ તથા અરણ્ય વિગેરેમાં રહેવાથી અશુભ વિપાક કહેવાય છે **(ક્ષેત્રવિપાક).** ટાઢ અને તડકા રહિત એવી વસંતાદિક ઋતુમાં ભ્રમણ કરવાથી શુભ વિપાક કહેવાય છે અને તડકા તથા ટાઢવાળી ગ્રીષ્મ અને હેમંત ઋતુ વિગેરેમાં ભ્રમણ કરવાથી અશુભ વિપાક કહેવાય છે **(કાળવિપાક).** મનની પ્રસન્નતા અને સંતોષ વિગેરેમાં શુભ વિપાક થાય છે અને ક્રોધ, અહંકાર તથા રૌદ્રપણા વિગેરેમાં અશુભ વિપાક થાય છે. **(ભાવવિપાક).** દેવપણામાં અને ભોગભૂમિ સંબંધી મનુષ્યાદિ ભવમાં શુભ વિપાક થાય છે અને કુમનુષ્યપણામાં, તિર્યંચપણામાં અને નરક વિગેરેના ભવમાં અશુભ વિપાક થાય છે **(ભવવિપાક).** કહ્યું છે કે "દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવને પામીને કર્મોનો ઉદય, ક્ષય, ક્ષયોપશમ અને ઉપશમ થાય છે." એવી રીતે દ્રવ્યાદિ સામગ્રીના યોગથી પ્રાણીઓને તેમનાં કર્મો પોતપોતાનું ફળ આપે છે. તે કર્મના મુખ્ય આઠ ભેદ છે. તે આ પ્રમાણે:—વસ્ત્રના પાટાથી નેત્રની જેમ જે કર્મના ઉદયથી સર્વજ્ઞ સ્વરૂપવાળા જીવનું જ્ઞાન હમેશાં રુંધાઈ જાય તે **જ્ઞાનાવરણીય** કર્મ કહેવાય છે. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવળ–એ પાંચ જ્ઞાનના ભેદ છે. એ પાંચને આવરણ કરવાથી એ જ્ઞાનાવરણીયના એ પ્રમાણે જ પાંચ ભેદ છે. પાંચ નિદ્રા અને ચાર દર્શનોની જે આવૃત્તિ (આવરણ) તે **દર્શનાવરણીય કર્મ** કહેવાય છે. જેમ પોતાના સ્વામીને જોવાને ઇચ્છિતો પુરુષ પ્રતિહારના નિરોધથી જોઇ શકે નહીં તેમ જેના ઉદયથી આત્મા પણ જોઈ શકાય નહી તે દર્શનાવરણીય કહેવાય છે. મધથી લિપ્ત કરેલી ખડ્ગની ધારાના અગ્ર ભાગનો આસ્વાદ લેવા જેવું **વેદનીય કર્મ** કહેવાય છે. તે સુખના અને દુઃખના અનુભવરૂપ સ્વભાવવાળું હોવાથી બે પ્રકારનું છે. પ્રાજ્ઞ પુરુષોએ **મોહનીય કર્મ**ને મદિરાપાન તુલ્ય કહેલું છે, કારણ કે તે કર્મના ઉદયથી મોહ પામેલો આત્મા કૃત્યાકૃત્યને સમજી શકતો નથી. તેમાં મિથ્યાદૃષ્ટિપણાના વિપાકને કરનારું દર્શનમોહનીય નામે કર્મ કહેવાય છે અને વિરતિને પ્રતિષેધ કરનારું તે ચારિત્રમોહનીય કર્મ કહેવાય છે. મનુષ્ય, તિર્યંચ, નારકી અને દેવતાના ભેદથી **આયુષ્યકર્મ** ચાર પ્રકારનું છે. તે પ્રાણીઓને પોતપોતાના ભવને વિષે બંદીખાનાની પેઠે રોકી રાખનારું છે. ગતિ, જાતિ વિગેરે વિચિત્રતાને કરનારું **નામકર્મ** ચિત્રકારના જેવું છે. એનો વિપાક પ્રાણીઓને શરીરમાં પ્રાપ્ત થાય છે. ઉચ્ચ અને નીચ એ બે પ્રકારનું **ગોત્રકર્મ** ઊંચા, નીચા ગોત્રને પ્રાપ્ત કરાવનારું છે. તે ક્ષીરપાત્ર અને મદિરાપાત્રના ભેદને કરનાર કુંભારની જેવું છે. જેનાથી બાધિત થયેલી દાનાદિક લબ્ધિઓ ફળીભૂત થતી નથી, તે **અંતરાયકર્મ** ભંડારીના જેવું છે. એવી રીતે મૂળ પ્રકૃતિઓના તે તે પ્રકારના વિપાકને ચિંતવવું તે **વિપાકવિચય** ધર્મધ્યાન કહેવાય છે."

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"સ્થિતિ, ઉત્પત્તિ અને લયરૂપ આદિ અંત રહિત લોકની આકૃતિ જેમાં ચિંતવવામાં આવે તે **સંસ્થાનવિચય** ધ્યાન કહેવાય છે. આ લોક કટી ઉપર હાથ મૂકેલા અને પગ પહોળા કરીને રહેલા પુરુષની આકૃતિ જેવો છે અને તે સ્થિતિ, ઉત્પત્તિ અને નાશરૂપ પર્યાયોવાળા દ્રવ્યોથી પૂરાઇ રહેલો છે. એ નીચે વેત્રાસનની જેવો છે, મધ્યમાં ઝાલરની જેવો છે અને ઉપર મૃદંગના જેવી આકૃતિવાળો છે. એ લોક ત્રણ જગતથી વ્યાપ્ત છે, એનાં મહાબળવાન્ ઘનાંભોધિ, ઘનવાત અને તનુવાતથી નીચેની સાત પૃથ્વીઓ વીંટાઇ રહેલી છે. અધોલોક, તિર્યગ્લોક અને ઊર્ધ્વલોકના ભેદથી ત્રણ જગત કહેવાય છે. તે ત્રણે લોકના વિભાગ રુચકપ્રદેશની અપેક્ષાથી પડે છે. મેરુપર્વતની અન્દર મધ્યમાં ગાયના સ્તનને આકારે ચાર આકાશપ્રદેશને રોકનારા ચાર નીચે અને ચાર આકાશપ્રદેશને રોકનારા ચાર ઉપર એ પ્રમાણે આઠ રુચકપ્રદેશ છે. તે રુચકપ્રદેશની ઉપર અને નીચે નવ સો નવ સો યોજન સુધી તિર્યગ્લોક કહેવાય છે. તે તિર્યગ્લોકની નીચે અધોલોક રહેલો છે. તે નવ સો યોજને ન્યૂન સાત રાજ પ્રમાણ છે. અધોલોકમાં એક એકની નીચે અનુક્રમે સાત ભૂમિઓ રહેલી છે, જે ભૂમિમાં નપુંસકવેદી નારકીઓનાં ભયંકર નિવાસો છે. તે સાત પૃથ્વીના રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા અને મહાતમઃપ્રભા-એવાં સાત નામ છે. તે પૃથ્વીઓ જાડાઈમાં અનુક્રમે રત્નપ્રભાથી માંડીને નીચે નીચે એક લાખ એંશી હજાર, એક લાખ બત્રીસ હજાર, એક લાખ અઠ્યાવીશ હજાર, એક લાખ વીશ હજાર, એક લાખ અઢાર હજાર, એક લાખ સોળ હજાર અને એક લાખ આઠ હજાર યોજનના વિસ્તારવાળી છે. તેમાં રત્નપ્રભા નામની પહેલી પૃથ્વીમાં ત્રીશ લાખ નરકાવાસા છે, બીજી નરકભૂમિમાં પચીશ લાખ નરકાવાસ છે, ત્રીજી નરકભૂમિમાં પંદર લાખ નરકાવાસા છે, ચોથી નરકભૂમિમાં દશ લાખ નરકવાસા છે, પાંચમી નરકભૂમિમાં ત્રણ લાખ નરકાવાસા છે, છઠ્ઠી નરકભૂમિમાં પાંચ ઓછા એક લાખ નરકાવાસા છે અને સાતમી નરકભૂમિમાં પાંચ નરકાવાસા છે. એ રત્નપ્રભાદિ સાતે ભૂમિઓની દરેકની નીચે મધ્યમાં વીશ હજાર યોજન જાડાઇમાં ઘનાબ્ધિ આવેલો છે. ઘનાબ્ધિની નીચે મધ્યમાં અસંખ્ય યોજન સુધી ઘનવાત આવેલો છે, ઘનવાતની નીચે અસંખ્ય યોજન સુધી તનુવાત રહેલો છે અને તનુવાતથી અસંખ્ય યોજન સુધી આકાશ રહેલું છે. એ મધ્યની જાડાઈથી અનુક્રમે ઓછા થતા થતા ઘનાબ્ધિ વિગેરે પ્રાંતે કંકણના આકારને ધારણ કરી રહેલા છે. રત્નપ્રભાભૂમિના પ્રાંતભાગમાં પરિધિની પેઠે ફરતા વલયાકારે રહેલા ઘનાબ્ધિનો વિસ્તાર છ યોજનનો છે. તેની ફરતું મહાવાતનું મંડળ સાડાચાર યોજન છે અને તેની ફરતું તનુવાતનું મંડળ દોઢ યોજન છે. એ પ્રમાણેના રત્નપ્રભાની ફરતા મંડળના માનની ઉપરાંત શર્કરાપ્રભાભૂમિની ફરતા ઘનાબ્ધિમાં યોજનનો ત્રીજો ભાગ વધારે છે. ઘનવાતમાં એક ગાઉ વધારે છે અને એક ગાઉનો ત્રીજો ભાગ તનુવાતમાં વધારે છે. શર્કરાપ્રભાના વલયના માનની ઉપરાંત ત્રીજી ભૂમિની ફરતા મંડળમાં પણ એ જ પ્રમાણે વધારો થાય છે. એવી રીતે પૂર્વના વલયના માનથી પછીના વલયોના પ્રમાણમાં સાતમી ભૂમિના વલય સુધી વધારો થાય છે.* એ ઘનાબ્ધિ, મહાવાત અને તનુવાતનાં મંડળો ઊંચાઇમાં પોતપોતાની પૃથ્વીની ઊંચાઈની

* આ પ્રમાણે વધારો કરતાં સાતમી પૃથ્વીના પ્રાંતભાગમાં વલયાકારે ઘનોદધિ આઠ યોજન, ઘનવાત ૭ યોજન અને તનુવાત બે યોજન રહેલા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જેટલા જ છે. એવી રીતે એ સાત પૃથ્વી ઘનાબ્ધિ વિગેરેએ ધારણ કરેલી છે અને તેમાં જ પાપકર્મને ભોગવવાના સ્થાનકરૂપ નરકાવાસાઓ આવેલ છે. એ નરકભૂમિમાં જેમ જેમ નીચે જઇએ તેમ તેમ યાતના, રોગ, શરીર, આયુષ્ય, લેશ્યા, દુઃખ અને ભયાદિક અનુક્રમે વધતા વધતા છે એમ નિશ્ચય સમજવું."

"રત્નપ્રભા ભૂમિ એક લાખ ને એંશી હજાર યોજન જાડાઇમાં રહેલી છે, તેમાંથી એક એક હજાર યોજન ઊંચે અને નીચે છોડી દેતાં બાકી રહેલા ભાગની અંદર ભવનપતિઓનાં ભવનો રહેલાં છે. તે ભવનપતિઓ દક્ષિણ અને ઉત્તર દિશામાં જેમ રાજમાર્ગમાં મકાનોની પંક્તિઓ હોય તેમ પંક્તિબદ્ધ રહેલાં ભુવનોમાં રહે છે. તેઓમાં મુગટમણિના ચિહ્નવાળા અસુરકુમાર ભવનપતિ છે; ફણાના ચિહ્નવાળા નાગકુમાર છે, વજ્રના ચિહ્નવાળા વિદ્યુતકુમાર છે, ગરુડના ચિહ્નવાળા સુવર્ણકુમાર છે, ઘટના ચિહ્નવાળા અગ્નિકુમાર છે, અશ્વના ચિહ્નવાળા વાયુકુમાર છે, વર્દ્ધમાનના ચિહ્નવાળા સ્તનિતકુમાર છે, મકરના ચિહ્નવાળા ઉદધિકુમાર છે, કેસરીસિંહના લાંછનવાળા દ્વીપકુમાર છે અને હાથીના ચિહ્નવાળા દિશિકુમાર છે. તેમાં અસુરકુમારના ચમર અને બળિ નામે બે ઇંદ્રો છે, નાગકુમારના ધરણ અને ભૂતાનંદ નામે બે ઇંદ્રો છે, વિદ્યુત્કુમારના હરિ અને હરિસહ નામે બે ઇંદ્રો છે, સુવર્ણકુમારના વેણુદેવ અને વેણુદારો નામના બે ઇંદ્રો છે, અગ્નિકુમારના અગ્નિશિખ અને અગ્નિમાણવ નામના બે ઇંદ્રો છે, વાયુકુમારના વેલંબ અને પ્રભંજન નામના બે ઇંદ્રો છે, સ્તનિતકુમારના સુઘોષ અને મહાઘોષ નામના બે ઇંદ્રો છે, ઉદધિકુમારના જલકાંત અને જલપ્રભ નામના બે ઇંદ્રો છે, દ્વીપકુમારના પૂર્ણ અને અવશિષ્ટ નામના બે ઇંદ્રો છે અને દિક્કુમારના અમિત અને અમિતવાહન નામના બે ઇંદ્રો છે."

"રત્નપ્રભા ભૂમિના ઉપર મૂકી દીધેલા હજાર યોજનમાંથી ઉપર અને નીચે સો સો યોજન છોડી દેતાં મધ્યના આઠ સો યોજનમાં દક્ષિણોત્તર શ્રેણીની અંદર આઠ પ્રકારના વ્યંતરોની નિકાય વસે છે. તેમાં પિશાચ વ્યંતરો કદંબવૃક્ષના ચિહ્નવાળા છે, ભૂત વ્યંતરો સુલસવૃક્ષના ચિહ્નવાળા છે, યક્ષ વ્યંતરો વટવૃક્ષના ચિહ્નવાળા છે, રાક્ષસ વ્યંતરો ખટ્વાંગના ચિહ્નવાળા છે, કિન્નર વ્યંતરો અશોકવૃક્ષના ચિહ્નવાળા છે, કિંપુરુષ વ્યંતરો ચંપકવૃક્ષના ચિહ્નવાળા છે, મહોરગ વ્યંતરો નાગવૃક્ષના ચિહ્નવાળા છે અને ગંધર્વ વ્યંતરો તુંબરુવૃક્ષના ચિહ્નવાળા છે. તેમાં પિશાચ વ્યંતરોના કાળ ને મહાકાળ નામના ઇંદ્રો છે, ભૂત વ્યંતરોના સુરૂપ અને પ્રતિરૂપ નામના ઇંદ્રો છે, યક્ષ વ્યંતરોના પૂર્ણભદ્ર અને મણિભદ્ર નામે ઇંદ્રો છે, રાક્ષસ વ્યંતરોના ભીમ અને મહાભીમ નામે ઇંદ્રો છે, કિન્નર વ્યંતરોના કિન્નર અને કિંપુરુષ નામે ઇંદ્રો છે, કિંપુરુષ વ્યંતરોના સત્પુરુષ અને મહાપુરુષ નામે ઇંદ્રો છે, મહોરગ વ્યંતરોના અતિકાય અને મહાકાય નામે ઇંદ્રો છે અને ગંધર્વ વ્યંતરોના ગીતરતિ અને ગીતયશા નામે ઇંદ્રો છે. આવી રીતે વ્યંતરોના સોળ ઇંદ્રો છે."

"રત્નપ્રભા ભૂમિના ઉપર મૂકી દીધેલા સો યોજનમાંથી ઉપર અને નીચે દશ-દશ યોજન છોડી દેતાં બાકી રહેલા મધ્યના એંશી યોજનમાં વ્યંતરોની બીજી આઠ નિકાયો રહેલી છે. તેમના અપ્રજ્ઞપ્તિ, પંચપ્રજ્ઞપ્તિ, ઋષિવાદિત, ભૂતવાદિત, કંદિત, મહાકંદિત,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કુષ્માંડ અને પચક એ આઠ નામો છે. તે દરેકના બે બે ઇંદ્રો છે, તેમના સન્નિહિત ને સમાન, ધાતૃ ને વિધાતૃ, ઋષિ ને ઋષિપાળ, ઈશ્વર ને મહેશ્વર, સુવત્સક ને વિશાળ, હાસ ને હાસરતિ, શ્વેત ને મહાશ્વેત, પચક ને પચકધિપ એવાં નામ છે. તે વાણવ્યંતર કહેવાય છે."

"રત્નપ્રભાના તળની ઉપર દશે ન્યૂન આઠ સો યોજન જઈએ ત્યારે જ્યોતિષ્ક મંડળ આવે છે. પ્રથમ તારાઓ છે. તેની ઉપર દશ યોજન સૂર્ય છે. સૂર્યની ઉપર એંશી યોજને ચંદ્ર છે. તેની ઉપર વીશ યોજનમાં ગ્રહો રહેલા છે. એ પ્રમાણે જાડાઇમાં એક સો દશ યોજનમાં જ્યોતિર્લોક રહેલો છે. જંબૂદ્વીપના મધ્યમાં મેરુપર્વતથી અગિયાર સો ને એકવીશ યોજન છેટું, મેરુને નહીં સ્પર્શ કરતું, મંડળાકારે રહી સર્વ દિશામાં વ્યાપ્ત થઈ રહેલું જ્યોતિષ્ચક્ર ભમ્યા કરે છે. ફક્ત એક ધ્રુવનો તારો નિશ્ચળ છે. તે જ્યોતિષ્ચક્ર લોકના અંત ભાગથી અગિયાર સો ને અગિયાર યોજન અંદર રહીને લોકાંતને નહીં સ્પર્શ કરતું મંડળાકારે રહેલું છે. નક્ષત્રોમાં સર્વની ઉપર સ્વાતિ નક્ષત્ર છે અને સર્વની નીચે ભરણી નક્ષત્ર છે. સર્વથી દક્ષિણમાં મૂલ નક્ષત્ર છે અને સર્વથી ઉત્તરમાં અભિજિત્ નક્ષત્ર છે. આ જંબૂદ્વીપમાં બે ચંદ્ર અને બે સૂર્ય છે. લવણોદધિમાં ચાર ચંદ્ર અને ચાર સૂર્ય છે. ધાતકીખંડમાં બાર ચંદ્ર અને બાર સૂર્ય છે. કાળોદધિમાં બેંતાળીશ ચંદ્ર અને બેંતાળીશ સૂર્ય છે. પુષ્કરાર્દ્ધમાં બોંતેર ચંદ્ર અને બોંતેર સૂર્ય છે. એવી રીતે અઢીદ્વીપમાં એક સો ને બત્રીશ ચંદ્ર અને એક સો બત્રીશ સૂર્ય રહેલા છે. તેમાંનાં એક એક ચંદ્રને અઠ્યાશી ગ્રહો, અઠ્યાવીશ નક્ષત્રો અને છાસઠ હજાર નવ સો ને પંચોતેર કોટાકોટી તારાઓનો પરિવાર છે. ચંદ્રનું વિમાન વિસ્તારમાં અને લંબાઇમાં એક યોજનના એકસઠ ભાગ કરીએ તેવા છપ્પન્ન ભાગનું છે. સૂર્યનું વિમાન તેવા અડતાળીશ અંશોનું લાંબુ-પહોળું છે. ગ્રહોનાં વિમાન અર્દ્ધ યોજનનાં છે અને નક્ષત્રોનાં વિમાન એક એક ગાઉના છે. સર્વથી ઉત્કૃષ્ટ આયુષ્યવાળા તારાનું વિમાન અર્ધાકોશનું છે અને સર્વથી જઘન્ય આયુષ્યવાળા તારાનું વિમાન પાંચ સો ધનુષનું છે. તે વિમાનો ઊંચાઈમાં મર્ત્યક્ષેત્રની અંદરના ભાગમાં (પીસ્તાળીશ લાખ યોજનમાં) લંબાઇ કરતાં અર્ધા પ્રમાણમાં છે. તે સર્વ વિમાનોની નીચે પૂર્વ તરફ સિંહો છે, દક્ષિણ તરફ હાથીઓ છે, પશ્ચિમ તરફ વૃષભો છે અને ઉત્તર તરફ અશ્વો છે.* તેઓ ચંદ્રાદિકનાં વિમાનોનાં વાહનો છે. તેમાં ચંદ્ર-સૂર્યના વાહનભૂત સોળ હજાર આભિયોગિક દેવતાઓ છે, ગ્રહના આઠ હજાર છે, નક્ષત્રના ચાર હજાર છે અને તારાઓના બે હજાર આભિયોગિક દેવતા છે. પોતાના સ્વભાવથી જ ગતિ કરનારા ચંદ્રાદિકના વિમાનોની નીચે તેઓ આભિયોગ્ય કર્મવડે કરીને નિરંતર વાહનરૂપ થઈને રહે છે. માનુષોત્તર પર્વતની બહાર પચાસ પચાસ હજાર યોજને પરસ્પર અંતરિત થયેલા સૂર્ય અને ચંદ્ર સ્થિરપણે રહેલા છે. તેમના વિમાન મનુષ્યક્ષેત્ર સંબંધી ચંદ્ર-સૂર્યના માનથી અરધા પ્રમાણવાળા છે. અનુક્રમે દ્વીપોની પરિધિની વૃદ્ધિથી તેમની સંખ્યા વધતી જાય છે. સારી લેશ્યાવાળા અને ગ્રહ, નક્ષત્ર તથા તારાઓથી પરિવારિત થયેલા, સંખ્યારહિત (અસંખ્ય) એવા સૂર્ય ને ચંદ્રો ઘંટાને આકારે મનોહર

* આવા સિંહ વિગેરેના રૂપ ધારણ કરીને તેના વાહનભૂત આભિયોગિક દેવતાઓ રહે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લાગે તેવી રીતે રહેલા છે અને તેઓ સ્વયંભૂરમણ સમુદ્રની અવધિ કરીને લક્ષ-લક્ષ યોજનવડે અંતરિત થયેલા પોતપોતાની પંક્તિઓવડે હમેશાં સ્થિર રહેલા છે.”

“મધ્યલોકમાં જંબૂદ્વીપ અને લવણસમુદ્ર વિગેરે સારા સારા નામોવાળા અસંખ્ય દ્વીપો અને સમુદ્રો એક બીજાથી બમણા બમણા વિસ્તારમાં રહેલા છે. પૂર્વલા પૂર્વલા દ્વીપોને સમુદ્રો વીંટીને રહેલા હોવાથી તેઓ વલયના આકારવાળા છે. તેમાં **સ્વયંભૂ** નામે મહોદધિ છેલ્લો છે.”

“જંબૂદ્વીપની મધ્યમાં સુવર્ણના થાળની જેવો ગોળાકારે મેરુપર્વત રહેલો છે. તે પૃથ્વીતળની નીચે એક હજાર યોજન ભૂમિમાં ઊંડો રહેલો છે અને નવાણું હજાર યોજન ઊંચો છે. દશ હજાર યોજન પૃથ્વીની તળે વિસ્તારવાળો છે અને ઉપર એક હજાર યોજન વિસ્તારવાળો છે. ત્રણ લોકથી* અને ત્રણ કાંડથી તે પર્વત વિભક્ત થયેલો છે. સુમેરુ પર્વતનો પહેલો કાંડ શુદ્ધ પૃથ્વી, પાષાણ, હીરા અને શર્કરાથી ભરપૂર છે. તેનું એક હજાર યોજન પ્રમાણ છે. તે પછી તેનો બીજો કાંડ ત્રેસઠ હજાર યોજન સુધી જાતવંત રૂપું, સ્ફટિક, અંકરત્ન અને સુવર્ણવડે ભરપૂર છે. મેરુનો ત્રીજો કાંડ છત્રીશ હજાર યોજનનો છે તે સુવર્ણ શિલામય છે અને વૈડુર્ય રત્નની તેની ઉપર સુંદર ચૂલિકા ઊંચાઈમાં ચાલીશ યોજન છે. મૂળમાં તેનો વિસ્તાર બાર યોજન છે, મધ્યમાં આઠ યોજન છે અને ઉપર ચાર યોજન છે. મેરુપર્વતના તળમાં ભદ્રશાળ નામે વન વલયાકારે રહેલું છે. **ભદ્રશાળ** વનથી પાંચ સો યોજન ઊંચા જઈએ ત્યારે મેરુપર્વતની પહેલી મેખલા ઉપર પાંચ સો યોજનના ફરતા વિસ્તારવાળું બીજું **નંદન** નામે વન છે. તે પછી સાડીબાસઠ હજાર યોજન જઈએ ત્યારે બીજી મેખલા ઉપર તેટલાજ પ્રમાણનું ત્રીજું **સૌમનસ** નામે વન રહેલું છે, એ સૌમનસ વનથી છત્રીશ હજાર યોજન જઈએ ત્યારે ત્રીજી મેખલા ઉપર મેરુને માથે **પાંડુક** નામે ચોથું સુંદર વન આવેલું છે. તે ચૂલિકાની ફરતું ચારસો ને ચોરાણું યોજનના વિસ્તારવાળું વલયાકારે છે.”

“આ જંબૂદ્વીપમાં સાત ખંડો છે. તેમના ભરત, હૈમવંત, હરિવર્ષ, મહાવિદેહ, રમ્યક, હૈરણ્યવત અને ઐરવત એવાં નામ છે. દક્ષિણમાં અને ઉત્તરમાં એ ક્ષેત્રોને જુદા પાડનારા વર્ષધર પર્વતો છે. તેમના હિમવાન્, મહાહિમવાન્, નિષધ, નીલવંત. રૂક્મી અને શિખરી એવાં નામ છે. તે પર્વતો મૂળમાં અને ટોચે તુલ્ય વિસ્તારથી શોભે છે. તેમાં પ્રથમ પૃથ્વીની અંદર પચીશ યોજન ઊંડો સુવર્ણમય હિમવંત નામે પર્વત છે. તે સો યોજન ઊંચો છે. બીજો મહા હિમવાન્ પર્વત ઊંડાઈમાં અને ઊંચાઈમાં તેથી બમણો છે અને તે અર્જુન જાતિના સુવર્ણનો છે. તેનાથી બમણા પ્રમાણવાળો ત્રીજો નિષધ પર્વત છે, તે સુવર્ણ જેવા વર્ણનો છે. ચોથો નીલવંત પર્વત પ્રમાણમાં નિષધ તુલ્ય છે અને તે વૈડુર્યમણિનો છે. પાંચમો રૂક્મી પર્વત રૂપ્યમય છે અને પ્રમાણમાં મહાહિમવંત તુલ્ય છે. છઠ્ઠો શિખરી પર્વત સુવર્ણમય છે અને પ્રમાણમાં હિમવંત તુલ્ય છે. તે સર્વ પર્વતો પાર્શ્વભાગોમાં વિચિત્ર પ્રકારના મણિઓથી શોભે છે. ક્ષુદ્રહિમવંત પર્વતની ઉપર

* ભૂમિમાં હજાર યોજન હોવાથી, નવસોથી વધારાના સો યોજન અધોલોકમાં, બાકીના નવસો નીચેના અને નવસો ઉપરના તિર્યંચલોકમાં અને ૯૮૧૦૦ યોજન ઉપરના ઊર્ધ્વલોકમાં રહેલ છે.

JAINSITE જૈન સાઈટ જૈનમ્ જયતિ શાસનમ્ .com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એક હજાર યોજન લાંબો અને પાંચસો યોજન વિસ્તારવાળો પદ્મ નામે એક મોટો દ્રહ છે. મહાહિમવંત પર્વત ઉપર મહાપદ્મ નામે દ્રહ છે, તે પદ્મદ્રહથી લંબાઈમાં અને વિસ્તારમાં બમણો છે. તેનાથી બમણો તિગિંછિ નામે દ્રહ નિષેધ પર્વત ઉપર રહેલો છે. તેના જેવો જ કેસરી નામનો એક દ્રહ નીલવંત ગિરિ ઉપર આવેલો છે. મહાપદ્મદ્રહની તુલ્ય મહાપુંડરીકદ્રહ રુક્મી પર્વત ઉપર છે અને પદ્મદ્રહની તુલ્ય પુંડરીક દ્રહ શિખરી પર્વત ઉપર રહેલો છે. એ પદ્માદિક દ્રહોમાં જળની અંદર દશ યોજન ઊંડા ગયેલાં નાળવાળા વિસ્વર કમળો રહેલાં છે. એ છએ દ્રહોમાં શ્રી, હ્રીં, ધૃતિ, કીર્તિ, બુદ્ધિ અને લક્ષ્મી એ છ દેવીઓ અનુક્રમે પલ્યોપમના આયુષ્યવાળી રહે છે. તે દેવીઓ સામાનિક દેવો, ત્રણ પર્ષદાના દેવો, આત્મરક્ષકો અને સૈન્ય સહિત છે."

"ભરતક્ષેત્રની અંદર ગંગા અને સિંધુ નામે મોટી બે નદીઓ છે, હૈમવંત ક્ષેત્રમાં રોહિતા અને રોહિતાશા નામની બે નદીઓ છે, હરિવર્ષ ક્ષેત્રમાં હરિસલિલા અને હરિકાંતા નામે બે નદીઓ છે, મહાવિદેહ ક્ષેત્રમાં સીતા અને સીતોદા નામે બે મોટી નદીઓ છે, રમ્યક્ ક્ષેત્રમાં નરકાંતા અને નારીકાંતા નામની બે નદીઓ છે, હૈરણ્યવત ક્ષેત્રમાં સ્વર્ણકૂલા અને રૂપ્યકૂલા નામની બે નદીઓ છે અને ઐરવત ક્ષેત્રમાં રક્તા અને રક્તાવતી નામની બે નદીઓ છે. તેઓમાં પહેલી નદીઓ પૂર્વ સમુદ્રમાં જઈને મળે છે અને બીજી નદીઓ પશ્ચિમ સમુદ્રમાં જઈને મળે છે. તેમાં ગંગા અને સિંધુ નદી ચૌદ હજાર નદીઓએ પરવરેલી છે. સીતા અને સીતોદા નદીઓ વિના દરેક બબ્બે નદીઓ તેથી બમણી બમણી નદીઓના પરિવારવાળી છે. ઉત્તરની નદીઓ દક્ષિણની નદીઓ જેટલા જ પરિવારવાળી છે. સીતા અને સીતોદા નદી પાંચ લાખ અને બત્રીશ હજાર નદીઓના પરિવારવાળી છે."

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

"ભરતક્ષેત્રની પહોળાઈ પાંચ સો છવીશ યોજન અને યોજનના ઓગણીશ ભાગ કરીએ તેવા છ ભાગ (છ કળા)ની છે. અનુક્રમે બમણા બમણા વિસ્તારવાળા પર્વતો અને ક્ષેત્રો મહાવિદેહક્ષેત્ર સુધી છે. ઉત્તર બાજુના વર્ષધર પર્વતો અને ક્ષેત્રો દક્ષિણના વર્ષધર પર્વતો અને ક્ષેત્રોની જેટલા જ પ્રમાણવાળા છે. એ પ્રમાણે બધા વર્ષધર પર્વતોનું અને ખંડોનું પ્રમાણ સમજવું. નિષધાદ્રિથી ઉત્તર તરફ અને મેરુથી દક્ષિણ તરફ વિદ્યુત્પ્રભ અને સૌમનસ નામે પૂર્વ-પશ્ચિમમાં બે પર્વતો છે. તેમની હાથીના દાંતની જેવી આકૃતિ છે અને છેડે મેરુપર્વતથી જરા સ્પર્શ કર્યા વિના છેટે રહેલા છે. એ બન્નેની મધ્યમાં દેવકુરુ નામનું યુગલિયાનું ક્ષેત્ર છે. તેનો વિષ્કંભ (ઉત્તર દક્ષિણ પહોળાઇ) અગિયાર હજાર આઠ સો બેંતાલીસ યોજન છે. તે દેવકુરુ ક્ષેત્રમાં સીતોદા નદીથી ભેદાયેલા પાંચ દ્રહો છે. તે પાંચ દ્રહની બન્ને બાજુ દશ દશ સુવર્ણના પર્વતો છે, તેની એકત્ર ગણત્રી કરવાથી સો સુવર્ણગિરિ થાય છે. તે દેવકુરુમાં સીતોદા નદીના પૂર્વ અને પશ્ચિમ તટ ઉપર ચિત્રકૂટ અને વિચિત્રકૂટ નામે બે પર્વતો છે, તે ઊંચા એક હજાર યોજન છે, ભૂમિ ઉપર પહોળા પણ તેટલા જ છે અને ઉપર વિસ્તાર તેથી અર્ધો (૫૦૦ યોજન) છે. મેરુથી ઉત્તરમાં અને નીલવંતગિરિથી દક્ષિણમાં ગંધમાદન અને માલ્યવાન્ નામે બે પર્વતો હાથીદાંતને આકારે રહેલા છે. તે બે પર્વતોની અંદર સીતા નદીથી ભિન્ન થયેલા પાંચ દ્રહો છે. તેની પણ બન્ને બાજુ દશ દશ હોવાથી એકંદર

સો સુવર્ણના પર્વતો આવેલા છે, તેથી ઉત્તરકુરુ ક્ષેત્ર ઘણું રમણિક લાગે છે. તે સીતા નદીના બન્ને તટ ઉપર યમક નામના સુવર્ણના બે પર્વતો રહેલા છે, તે વિચિત્રકૂટ અને ચિત્રકૂટની જેટલા જ પ્રમાણવાળા છે. દેવકુરુ ને ઉત્તરકુરુની પૂર્વમાં પૂર્વવિદેહ આવેલ છે અને પશ્ચિમમાં અપરવિદેહ આવેલ છે. તે પરસ્પર ક્ષેત્રાંતરની જેમ રહેલા છે. તે બન્ને વિભાગમાં પરસ્પર સંચાર રહિત અને નદીઓ તથા પર્વતોથી વિભાગ પામેલા, ચક્રવર્ત્તીને વિજય કરવા યોગ્ય સોળ-સોળ વિજયો છે, તેમાં કચ્છ, મહાકચ્છ, સુકચ્છ, કચ્છવાન્, આવર્ત્ત, મંગળાવર્ત્ત, પુષ્કલ અને પુષ્કલાવતી એ આઠ વિજય પૂર્વ મહાવિદેહમાં ઉત્તર તરફ છે; વત્સ, સુવત્સ, મહાવત્સ, રમ્યવાન્, રમ્ય, રમ્યક, રમણીય અને મંગળકારી એ આઠ વિજય દક્ષિણ તરફ છે. પદ્મ, સુપદ્મ, મહાપદ્મ, પદ્માવતી, શંખ, કુમુદ, નલિન અને નલિનાવતી એ આઠ વિજય પશ્ચિમ મહાવિદેહમાં દક્ષિણ તરફ છે; અને વપ્ર, સુવપ્ર, મહાવપ્ર, વપ્રાવતી, ફલ્ગુ, સુફલ્ગુ, ગંધિલા અને ગંધિલાવતી એ આઠ વિજયો ઉત્તર તરફ છે."

"ભરતખંડની મધ્યમાં દક્ષિણાર્દ્ધ અને ઉત્તરાર્દ્ધને જુદા પાડનારો વૈતાઢ્ય પર્વત આવેલો છે. તે પર્વત પૂર્વ અને પશ્ચિમે સમુદ્ર પર્યંત વિસ્તારમાં છે, છ યોજન અને એક કોશ પૃથ્વીમાં ઊંડો છે, પચાસ યોજન વિસ્તારમાં છે અને પચીશ યોજન ઊંચો છે. પૃથ્વીથી દશ યોજન ઉપર જઇએ ત્યારે તેની ઉપર દક્ષિણ અને ઉત્તરમાં દશ-દશ યોજન વિસ્તારવાળી વિદ્યાધરોની બે શ્રેણિઓ છે, તેમાં દક્ષિણ શ્રેણીમાં વિદ્યાધરોનાં રાષ્ટ્ર સહિત પચાસ નગરો છે અને ઉત્તર શ્રેણીમાં સાઠ નગરો છે. તે વિદ્યાધરોની શ્રેણી ઉપર દશ યોજન જઇએ ત્યારે તેટલા જ વિસ્તારવાળી વ્યંતરોના નિવાસથી શોભિત એવી બંને બાજુ મળીને બે શ્રેણીઓ છે. તે વ્યંતરો(તિર્યક્જૃંભક દેવો)ની શ્રેણીઓની ઉપર પાંચ યોજન જઇએ ત્યારે તેની ઉપરના નવ કૂટ આવેલ છે, એવી જ રીતે ઐરવત ક્ષેત્રમાં વૈતાઢ્ય રહેલો છે."

"જંબૂદ્વીપની ફરતી કિલ્લારૂપ વજ્રમય જગતી આઠ યોજન ઊંચી છે. તે જગતી મૂળમાં બાર યોજન પહોળી છે, મધ્ય ભાગમાં આઠ યોજન છે અને ઉપર ચાર યોજન છે. તેની ઉપર જાળકટક છે, તે બે ગાઉ ઊંચો છે. તે વિદ્યાધરોનું અદ્વિતીય મનોહર ક્રીડાસ્થાન છે. તે જાળકટકની ઉપર પણ દેવતાઓની ભોગભૂમિરૂપ 'પદ્મવરા' નામે એક સુંદર વેદિકા છે. તે જગતીને પૂર્વાદિ દિશાઓમાં અનુક્રમે વિજય, વૈજયંત, જયંત અને અપરાજિત નામે ચાર દ્વાર છે."

"ક્ષુદ્રહિમવાન્ અને મહાહિમવાન્ પર્વતના મધ્યમાં (હિમવંત ક્ષેત્રમાં) શબ્દાપાતી નામે વૃત્તવૈતાઢ્ય પર્વત છે, શિખરી અને રુક્મી પર્વતની વચમાં વિકટાપાતી નામે વૃત્તવૈતાઢ્ય પર્વત છે, મહાહિમવાન્ અને નિષધ પર્વતની વચમાં ગંધપાતી નામે વૃત્તવૈતાઢ્ય પર્વત છે અને નીલવંત તથા રુક્મી પર્વતની વચમાં માલ્યવાન્ નામે વૃત્તવૈતાઢ્ય પર્વત છે. તે સર્વ વૈતાઢ્ય પર્વતો પાલાની જેવી આકૃતિવાળા છે અને એક હજાર યોજન ઊંચા છે."

"જંબૂદ્વીપની ફરતો લવણસમુદ્ર છે, તે વિસ્તારમાં જંબૂદ્વીપથી બમણો છે, મધ્યમાં એક હજાર યોજન ઊંડો છે. બન્ને તરફની જગતીથી અનુક્રમે ઉતરતા ઉતરતા પંચાણું હજાર યોજન જઇએ ત્યારે એક હજાર યોજન ઊંડાઇમાં અને ઊંચાઇમાં ૭૦૦ યોજન તેનું જળ વધતું છે. મધ્યમાં દશ હજાર યોજનમાં સોળ હજાર યોજન ઊંચી એ લવણ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમુદ્રની પાણીની શિખા છે. તેની ઉપર બે ગાઉ સુધી ઊંચી જળની વેલ એક દિવસમાં બે વખત વધે છે. તે લવણસમુદ્રની મધ્યમાં પૂર્વાદિ દિશાના ક્રમથી વડવામુખ, કેયૂપ, યૂપ અને ઈશ્વર એ નામના મોટા માટલાની જેવી આકૃતિવાળા ચાર પાતાલકલશા છે. તે મધ્યમાં પેટાળે એક લાખ યોજન પહોળા છે અને લાખ યોજન ઊંડા છે, એક હજાર યોજન જાડી વજરત્નની તેમનો ઠીંકરી છે, નીચે અને ઉપર દશ હજાર યોજન પહોળા છે. તેમાં નીચેના ત્રીજા ભાગમાં વાયુ રહેલ છે, મધ્યના ત્રીજા ભાગમાં વાયુજળ મિશ્ર છે અને ઉપરના ત્રીજા ભાગમાં જળ રહેલું છે. તે કાંઠા વિનાના મોટા માટલાની જેવા આકારના છે. તે કળશામાં કાળ, મહાકાળ, વેલંભ અને પ્રભંજન નામના દેવતા અનુક્રમે પોતપોતાના ક્રીડાઆવાસમાં રહે છે. તે ચાર પાતાલકલશાના આંતરામાં સાત હજાર આઠ સો ને ચોરાશી ન્હાના કળશા છે. તે એક હજાર યોજન ભૂમિમાં ઊંડા તથા તેટલા જ પેટાળે પહોળા છે, તેમની દશ યોજનની ઠીંકરી જાડી છે અને ઉપર તથા નીચે એક સો યોજન પહોળા છે. તે પાતાળકળશાઓમાં નીચેના ભાગમાં રહેલા વાયુવડે તેના મધ્ય ભાગનું વાયુમિશ્ર જળ ઉછળે છે. એ સમુદ્રની વેલને અંદરથી ધારણ કરનારા બેંતાળીશ હજાર નાગકુમાર દેવતા હમેશાં રક્ષકની પેઠે રહેલા છે. બહારથી વેલને ધારણ કરનારા બોંતેર હજાર દેવતા છે અને મધ્યમાં ઊડતી શિખા ઉપરની બે ગાઉ પર્યંતની વેલને રોકનારા સાઠ હજાર દેવો છે. તે લવણસમુદ્રમાં ગોસ્તૂપ, ઉદકાભાસ, શંખ અને ઉદકસીમાં એ નામના અનુક્રમે સુવર્ણ, અંકરત્ન, રૌપ્ય અને સ્ફટિકના ચાર વેલંધર પર્વતો છે. ગોસ્તૂપ, શિવક, શંખ અને મનોહ્રદ નામના ચાર દેવતાઓનો તેમાં આશ્રય છે, તે બેંતાળીશ હજાર યોજન સમુદ્રમાં જઈએ ત્યારે ચારે દિશાએ ચાર આવેલા છે, તથા ચાર વિદિશાઓમાં કર્કોટક, કાર્દમક, કૈલાક અને અરુણપ્રભ નામે ચાર સર્વરત્નમય એવા સુંદર અનુવેલંધર પર્વતો છે. તે પર્વતો ઉપર કર્કોટક, વિદ્યુજ્જિહ્વ, કૈલાસ અને અરુણપ્રભ નામે તેના સ્વામીદેવો નિરંતર વસે છે. તે સર્વ પર્વતો એક હજાર સાત સો ને એકવીશ યોજન ઊંચા છે, એક હજાર ને બાવીશ યોજન મૂળમાં પહોળા છે અને ચાર સો ને ચોવીશ યોજન શિખર ઉપર પહોળા છે. તે સર્વ પર્વતોની ઉપર તેના સ્વામી દેવતાઓના શોભનિક પ્રાસાદો છે. વળી બાર હજાર યોજન સમુદ્ર તરફ જઈએ ત્યારે પૂર્વ દિશા સંબંધી બે વિદિશામાં બે ચંદ્રદ્વીપો છે, તે વિસ્તારમાં અને પહોળાઈમાં પૂર્વ પ્રમાણે છે; અને તેટલાજ પ્રમાણવાળા બે સૂર્યદ્વીપો પશ્ચિમ દિશા સંબંધી બે વિદિશામાં છે અને સુસ્થિત દેવતાના આશ્રયભૂત ગૌતમ દ્વીપ તે બેની વચમાં છે. ઉપરાંત લવણસમુદ્ર સંબંધી શિખાની આ બાજુ અને બહારની બાજુ ચાલનારા ચંદ્રો અને સૂર્યોના આશ્રયરૂપ દ્વીપો છે, તથા તેની ઉપર તેમના પ્રાસાદો રહેલા છે. તે લવણસમુદ્ર લવણરસવાળો છે."

"લવણસમુદ્રની ફરતો તેનાથી બમણો પહોળો ધાતકીખંડ નામે બીજો દ્વીપ છે. જંબૂદ્વીપમાં મેરુપર્વત, ક્ષેત્રો અને વર્ષધર પર્વતો જેટલા કહેલા છે તેથી બમણા તે જ નામના ધાતકીયખંડમાં છે. વધારામાં ઉત્તર અને દક્ષિણમાં ધાતકીખંડની પહોળાઈ પ્રમાણે બે ઈષુકાર પર્વતો આવેલા છે. તેના વડે વિભાગ પામેલા પૂર્વાર્દ્ધ અને પશ્ચિમાર્દ્ધમાં



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જંબૂદ્વીપની જેટલી સંખ્યાવાળાં ક્ષેત્રો અને પર્વતો છે. તે ધાતકીખંડમાં ચક્રના આરા જેવા આકારવાળા અને એક સરખા પહોળા તથા કાળોદધિ અને લવણસમુદ્રને સ્પર્શીને રહેલા વર્ષધર પર્વતો તથા ઇષુકાર પર્વત છે[1] અને આરાના આંતરાની જેવા ક્ષેત્રો છે. ધાતકીખંડ દ્વીપની ફરતો કાળોદધિ નામે સમુદ્ર આવેલો છે, તે આઠ લાખ યોજનના વિસ્તારવાળો છે. તેની ફરતો પુષ્કરવરદ્વીપાર્દ્ધ તેટલા જ પ્રમાણવાળો છે. ધાતકીખંડમાં ઇષુકાર પર્વત સહિત મેરુ વિગેરેની સંખ્યા સંબંધી જે નિયમ કહેલો છે તે જ નિયમ પુષ્કરાવર્દ્ધમાં પણ છે અને પુષ્કરાર્દ્ધમાં ક્ષેત્રાદિકના પ્રમાણનો નિયમ ધાતકીખંડના ક્ષેત્રાદિકના વિભાગથી બમણો છે. ધાતકીખંડ અને પુષ્કરાર્દ્ધમાં મળીને ચાર નાના મેરુપર્વતો છે. તે જંબૂદ્વીપના મેરુથી પંદર હજાર યોજન ઓછા ઊંચા અને છસો યોજન ઓછા વિસ્તારવાળા છે.[2] તેનો પ્રથમ કાંડ મહામેરુ જેટલો જ છે, બીજો કાંડ સાત હજાર યોજન ઓછો અને ત્રીજો કાંડ આઠ હજાર યોજન ઓછો છે; તેમાં ભદ્રશાળ અને નંદનવન મુખ્ય મેરુની પ્રમાણે જ છે, નંદનવનથી સાડીપંચાવન હજાર યોજન જઈએ ત્યારે પાંચ સો યોજન વિશાળ એવું **સૌમનસ** નામે વન છે. એના ઉપર અઠ્યાવીશ હજાર યોજન જતાં પાંડુક વન છે; તે મધ્યની ચૂલિકા ફરતું ચાર સો ને ચોરાણું યોજન વિસ્તારમાં છે. તે નામનો ઉપર અને નીચે મહામેરુના જેટલો જ વિષ્કંભ છે અને તેટલી જ અવગાહના છે તથા મુખ્ય મેરુના જેટલા પ્રમાણવાળી મધ્યમાં ચૂલિકા છે."

"એવી રીતે મનુષ્ય ક્ષેત્રમાં અઢી દ્વીપ, બે સમુદ્ર, પાંત્રીશ ક્ષેત્રો, પાંચ મેરુ, ત્રીશ વર્ષધર પર્વતો, પાંચ દેવકુરુ, પાંચ ઉત્તરકુરુ અને એક સો ને સાઠ વિજયો છે. પુષ્કરાર્દ્ધ દ્વીપની ફરતો માનુષોત્તર નામે પર્વત છે. તે મનુષ્યલોકની બહાર શહેરના કિલ્લાની જેમ વર્તુલાકારે રહેલો છે. તે સુવર્ણનો છે અને બાકીના પુષ્કરાર્દ્ધમાં સત્તર સો ને એકવીસ યોજન ઊંચો છે; ચાર સો ત્રીસ યોજન ને એક કોસ પૃથ્વીમાં રહેલો છે, એક હજાર ને બાવીશ યોજન નીચે વિસ્તારમાં છે, સાત સો ને ત્રેવીશ યોજન મધ્ય ભાગે વિસ્તારમાં છે અને ચાર સો ને ચોવીશ યોજન ઉપર વિસ્તારમાં છે. તે માનુષોત્તર પર્વતની બહાર મનુષ્યોનું જન્મ–મરણ થતું નથી. તેની બહાર ગયેલા ચારણમુનિ આદિ પણ બહાર મરણ પામતા નથી, તેથી તેનું નામ માનુષોત્તર છે. એની બહારની ભૂમિ પર બાદરાગ્નિ, મેઘ, વિદ્યુત્, નદી અને કાળ વિગેરે નથી. તે માનુષોત્તર પર્વતની અંદરની બાજુએ (૫૬) અંતરદ્વીપો અને પાંત્રીસ ક્ષેત્રો[3] છે. તેમાં જ મનુષ્યો ઉત્પન્ન થાય છે; પરંતુ કોઇએ સંહરણ કરવાથી વિદ્યાના બળથી તથા લબ્ધિના યોગથી મેરુપર્વત વિગેરેનાં શિખરો ઉપર, અઢી દ્વીપમાં અને બંને સમુદ્રમાં સર્વત્ર મનુષ્યો લાભે છે. તેમના ભારત સંબંધી, જંબૂદ્વીપ સંબંધી

---

૧ આ દરેક પર્વતો જંબૂદ્વીપના વર્ષધર પ્રમાણે જ ઊંચા છે. ઇષુકાર ૫૦૦ યોજન ઊંચા છે. પહોળાઈમાં વર્ષધરો જંબૂદ્વીપના વર્ષધરથી બમણા છે. ઇષુકાર ૧૦૦૦ યોજન પહોળા છે.

૨ આ ચાર મેરુ જમીનથી ૮૪૦૦૦ યોજન ઊંચા છે અને જમીન પર ૯૪૦૦ યોજન વિસ્તારમાં છે.

૩ પાંચ ભરત, ૫ ઐરવત, ૫ હિમવંત, ૫ હિરણ્યવત, ૫ હરિવર્ષ, ૫ રમ્યક ને ૫ મહાવિદેહ–એ ૩૫ ક્ષેત્રો સમજવાં (દેવકુરુ, ઉત્તરકુરુ, મહાવિદેહની અંતર્ગત સમજવા).

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને લવણસમુદ્ર સંબંધી એમ સર્વ ક્ષેત્ર, ૧૫ અને સમુદ્ર સંબંધી સંજ્ઞાભેદે કરીને જુદા જુદા વિભાગ કહેવાય છે.

"મનુષ્યોના આર્ય અને મ્લેચ્છ એવા બે ભેદ છે. આર્યો ક્ષેત્ર, જાતિ, કુળ, કર્મ, શિલ્પ અને ભાષાના ભેદથી છ પ્રકારના છે. ક્ષેત્રાર્યો પંદર કર્મભૂમિમાં ઉત્પન્ન થાય છે, તેમાં આ ભરતક્ષેત્રમાં સાડી પચીશ દેશમાં ઉત્પન્ન થયેલા આર્ય કહેવાય છે. એ આર્યદેશ પોતાનાં નગરોથી આવી રીતે ઓળખાય છે. રાજગૃહી નગરીથી મગધદેશ, ચંપાનગરીથી અંગદેશ, તામ્રલિપ્તીથી બંગદેશ, વારાણસીથી કાશીદેશ, કાંચનપુરીથી કલિંગદેશ, સાકેત (અયોધ્યા)પુરીથી કોશલદેશ, હસ્તીનાપુરથી કુરુદેશ, શૌર્યપુરથી કુશાર્ત્તદેશ, કાંપિલ્યપુરથી પંચાલદેશ, અહિચ્છત્રાપુરીથી જાંગલદેશ, મિથિલાપુરીથી વિદેહદેશ, દ્વારાવતી (દ્વારકા)પુરીથી સૌરાષ્ટ્ર (સોરઠ) દેશ, કૌશાંબીપુરીથી વત્સદેશ, ભદ્રિલપુરથી મલયદેશ, નાંદિપુરથી સંદર્ભ-દેશ, ઉચ્છાપુરીથી વરુણદેશ, વૈરાટનગરીથી મત્સ્યદેશ, શુક્તિમતી પુરીથી ચેદીદેશ, મૃત્તિકાવતીથી દશાર્ણદેશ, વીતભયપુરથી સિંધુદેશ, મથુરાપુરીથી સૌવીરદેશ, અપાપાપુરીથી શૂરસેનદેશ, ભંગીપુરીથી માસપુરીવર્ત્તદેશ, શ્રાવસ્તીપુરીથી કુણાલદેશ, કોટિવર્ષપુરીથી લાટ-દેશ અને શ્વેતાંબીપુરીથી કેતકાર્દ્ધદેશ–એમ સાડીપચીસ આર્યદેશો આ નગરોથી ઓળખાય છે. તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ અને બળભદ્રોના તે દેશોમાં જ જન્મ થાય છે. ઇક્ષ્વાકુવંશ, જ્ઞાતવંશ, વિદેહવંશ, કુરુવંશ, ઉગ્રવંશ, ભોજવંશ અને રાજન્યવંશ એ વિગેરે વંશોમાં ઉત્પન્ન થયેલા મનુષ્યો જાતિઆર્ય કહેવાય છે; તથા કુલકર, ચક્રવર્તી, વાસુદેવ અને બલભદ્ર તથા તેમની ત્રીજી, પાંચમી કે સાતમી પેઢી સુધી ચાલેલા શુદ્ધ વંશમાં ઉત્પન્ન થયેલા હોય તે કુળઆર્ય કહેવાય છે. પૂજન કરવું અને કરાવવું, શાસ્ત્ર ભણવા અને ભણાવવા તેથી અને બીજા શુભ પ્રયોગથી જેઓ આજીવિકા ચલાવે તે કર્માર્ય કહેવાય છે. થોડા પાપ-વ્યાપારવાળા, વસ્ત્ર વણનારા, વસ્ત્ર તૂણનારા, કુંભાર, નાપિક અને દેવળના પૂજારી વિગેરે શિલ્પાર્ય કહેવાય છે. જે ઊંચી ભાષાના નિયમવાળા વર્ણોથી પૂર્વોક્ત પાંચે પ્રકારના આર્યોના વ્યવહારને કહે છે, તે ભાષાર્ય કહેવાય છે.

"મ્લેચ્છોમાં શાક, યવન, શબર, બર્બર, કાયા, મુરૂંડ, ઉડ, ગોડ, પત્કણક, અરપાક, હૂણ, રોમક, પારસી, ખસ, ખાસિક, ડોંબલિક, લકુસ, ભિલ્લ, અંધ્ર, બુક્કસ, પુલિંદ, કૌચક, ભ્રમરરૂત, કુંચ, ચીન, વંચુક, માલવ, દ્રવિડ, કુલક્ષ, કિરાત, કૈકય, હયમુખા, હાથીમુખા, અશ્વમુખા, અજમુખા, અશ્વકર્ણા, ગજકર્ણા, અને બીજા પણ અનાર્યો કે જેઓ ધર્મ એવા અક્ષરોને પણ જાણતા નથી તેમજ ધર્મ તથા અધર્મને પૃથક્ સમજતા નથી તેઓ મ્લેચ્છ કહેવાય છે."

"બીજા અંતરદ્વીપોમાં મનુષ્યો છે. તેઓ પશુ યુગલિઆ હોવાથી ધર્મ–અધર્મને જાણતા નથી. એ અંતરદ્વીપ છપ્પન્ન છે; તેમાં અઠ્યાવીશ દ્વીપો ક્ષુદ્રહિમાલય પર્વતની પૂર્વ અને પશ્ચિમ બાજુને છેડે ઇશાનકૂણ વિગેરે ચાર વિદિશામાં લવણસમુદ્રમાં નીકળેલી દાઢાઓની ઉપર રહેલા છે. તેમાં ઇશાનકૂણમાં જંબૂદ્વીપની જગતીથી ત્રણ સો યોજન લવણ-સમુદ્રમાં જઇએ ત્યાં તેટલો જ લાંબો અને પહોળો એવો પ્રથમ એકોરૂક નામે અંતરદ્વીપ

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

છે. એ દ્વીપમાં તે દ્વીપના નામથી ઓળખાતા સર્વ અંગ–ઉપાંગમાં સુંદર એવા મનુષ્યો રહે છે. ફક્ત એકોરૂક દ્વીપમાં જ નહીં પણ બીજા બધા અંતરદ્વીપોમાં તે દ્વીપના નામથી ઓળખાતા મનુષ્યો જ રહે છે એમ જાણવું. અગ્નિકૂણ વિગેરે બાકીની ત્રણ વિદિશાઓમાં તેટલા જ દૂર, તેટલા જ લાંબા અને પહોળા આભાષિક, લાંગુલિક અને વૈષાણિક એ નામના અનુક્રમે દ્વીપો રહેલા છે. ત્યારપછી ચાર સો યોજન લવણસમુદ્રમાં જઇએ ત્યારે જગતીથી અને પ્રથમના દ્વીપથી ૪૦૦ યોજન દૂર તેટલી જ લંબાઈ અને વિષ્કંભવાળા ઇશાન વિગેરે વિદિશાઓમાં હયકર્ણ, ગજકર્ણ, ગોકર્ણ અને શષ્કુલિકર્ણ એ નામના અનુક્રમે અંતરદ્વીપો છે. તે પછી ત્યાંથી અને જગતીથી પાંચસો યોજન દૂર તેટલી જ લંબાઈ અને વિષ્કંભવાળા ચાર અંતરદ્વીપો ઇશાન વિગેરે વિદિશાઓમાં આદર્શમુખ, મેષમુખ, હયમુખ અને ગજમુખ નામના અનુક્રમે આવેલા છે. પછી છસેં યોજન દૂર તેટલી જ લંબાઇ અને વિસ્તારવાળા અશ્વમુખ, હસ્તિમુખ, સિંહમુખ અને વ્યાઘ્રમુખ નામના અંતરદ્વીપો આવેલા છે. પછી સાત સો યોજન દૂર તેટલી જ લંબાઇ અને વિસ્તારવાળા અશ્વકર્ણ, સિંહકર્ણ, હસ્તિકર્ણ અને કર્ણપ્રાવરણ નામે અંતરદ્વીપો આવેલા છે. તે પછી આઠ સો યોજન દૂર તેટલી જ લંબાઇ અને તેટલા જ વિષ્કંભવાળા ઉલ્કામુખ, વિદ્યુત્‌જિહ્વ, મેષમુખ અને વિદ્યુદ્દંત એ નામના ચાર દ્વીપો ઇશાન વિગેરે દિશાઓમાં અનુક્રમે રહેલા છે. પછી ત્યાંથી લવણોદધિમાં નવ સો યોજન જતાં જગતીથી નવ સો યોજન દૂર તેટલા જ વિષ્કંભ અને લંબાઈથી શોભતા ગૂઢદંત, ધનદંત, શ્રેષ્ઠદંત અને શુદ્ધદંત નામે ચાર અંતરદ્વીપો ઇશાન વિગેરે દિશાના ક્રમથી રહેલા છે. એ જ પ્રમાણે શિખરી પર્વત ઉપર પણ અઠ્યાવીશ દ્વીપ છે. એવી રીતે સર્વે મળીને છપ્પન્ન અંતરદ્વીપો છે."

"માનુષોત્તર પર્વતની પછી બીજું પુષ્કરાર્દ્ધ છે. તે પુષ્કરાર્દ્ધની ફરતો તે આખા દ્વીપથી બમણો પુષ્કરોદક સમુદ્ર આવેલો છે. તે પછી વારુણીવર નામે દ્વીપ અને સમુદ્ર આવેલા છે. તે પછી ક્ષીરવર નામે દ્વીપ ને સમુદ્ર છે, તે પછી ઘૃતવર નામે દ્વીપ ને સમુદ્ર છે, તે પછી ઇક્ષુવર નામે દ્વીપ ને સમુદ્ર છે, તે પછી આઠમો નંદીશ્વર નામે સ્વર્ગના જેવો દ્વીપ આવેલો છે. વલયવિષ્કંભમાં એક સો ને ત્રેસઠ કરોડ તથા ચોરાશી લાખ યોજન છે. એ દ્વીપ વિવિધ જાતિના ઉદ્યાનવાળો અને દેવતાઓને ઉપભોગની ભૂમિરૂપ છે; તેમજ પ્રભુની પૂજામાં આસક્ત થયેલા દેવતાઓના આવાગમનથી સુંદર છે. એના મધ્યપ્રદેશમાં પૂર્વાદિ દિશાઓમાં અનુક્રમે અંજન સરખા વર્ણવાળા ચાર અંજન પર્વતો રહેલા છે. તે પર્વતો તળીએ દશ હજાર યોજનથી કંઇક અધિક વિસ્તારમાં છે, અને ઉપર એક હજાર યોજન વિસ્તારવાળા છે, તેમજ ક્ષુદ્રમેરુની જેટલા (૮૪૦૦૦ યોજન) ઊંચા છે. તેમાં પૂર્વમાં દેવરમણ નામે, દક્ષિણમાં નિત્યોદ્યોત નામે, પશ્ચિમમાં સ્વયંપ્રભ નામે, ઉત્તરમાં રમણીય નામે અંજનાચલ છે. તે ચાર પર્વતોની ઉપર સો યોજન લાંબા, તેથી અર્દ્ધ વિસ્તારવાળા અને બોંતેર યોજન ઊંચા અર્હત્‌ ભગવાનનાં ચૈત્યો છે. તે દરેક ચૈત્યને ચાર–ચાર દ્વાર છે. તે સોળ યોજન ઊંચા છે, પ્રવેશમાં આઠ યોજન અને વિસ્તારમાં પણ આઠ યોજન છે. તે દ્વારો વૈમાનિક, અસુરકુમાર, નાગકુમાર અને સુવર્ણકુમારના આશ્રયરૂપ છે, અને તેઓના નામથી જ તે પ્રખ્યાત છે. તે ચાર દ્વારની મધ્યમાં સોળ યોજન લંબાઇ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વાળી, તેટલા જ વિસ્તારવાળી અને આઠ યોજન ઊંચી એક મણિપીઠિકા છે. તે પીઠિકા ઉપર સર્વરત્નમય દેવચ્છંદક છે. તે પીઠિકાથી વિસ્તારમાં અને ઊંચાઈમાં અધિક છે. દરેક દેવચ્છંદકની ઉપર **ઋષભ, વર્દ્ધમાન, ચંદ્રાનન અને વારિષેણ** એ ચાર નામવાળી પર્યંક આસને બેઠેલી, પોતાના પરિવાર સહિત, રત્નમય શાશ્વત અર્હંતની એક સો ને આઠ આઠ સુંદર પ્રતિમાઓ છે. દરેક પ્રતિમાની સાથે પરિવારભૂત બે બે નાગ, યક્ષ, ભૂત અને કુંડધારી દેવોની પ્રતિમાઓ છે. બે બાજુ બે ચામરધારી પ્રતિમાઓ છે અને દરેક પ્રતિમાના પૃષ્ઠ ભાગે એક એક છત્રધારી પ્રતિમા છે. દરેક પ્રતિમાની સમીપે ધૂપઘટી, માળા, ઘંટા, અષ્ટમંગળિક, ધ્વજ, છત્ર, તોરણ, ચંગેરી, નાનાં પુષ્પપાત્રો, (પટલો) આસનો અને સોળ પૂર્ણકળશ તથા બીજાં અલંકારો છે. ત્યાંની તળીઆની ભૂમિઓમાં સુવર્ણની સુંદર રજવાળી વાલુકા છે. તે દેવાયતન પ્રમાણે જ તેની આગળ સુંદર મુખમંડપો, પ્રેક્ષાર્થ મંડપો, અક્ષવાટિકા અને મણિપીઠિકા છે. ત્યાં રમણિક સ્તૂપ અને પ્રતિમાઓ છે, સુંદર ચૈત્યવૃક્ષો છે, ઈંદ્રધ્વજો છે અને નીચેના અનુક્રમે દિવ્ય વાપિકાઓ છે. પ્રત્યેક અંજનાદ્રિની ચાર દિશાએ લાખ લાખ યોજનના પ્રમાણવાળી વાપિકાઓ છે, એટલે કુલ સાત વાપિકા છે તેમનાં નંદીષેણા, અમોઘા, ગોસ્તૂપા, સુદર્શના, નંદોત્તરા, નંદા, સુનંદા, નંદિવર્દ્ધના, ભદ્રા, વિશાલા, કુમુદા, પુંડરીકિણી, વિજયા, વૈજયંતી અને અપરાજિતા એવાં નામો છે. તે પ્રત્યેક વાપિકાઓથી પાંચ સો યોજન પછી (ચારે દિશાએ) અશોક સપ્તચ્છંદ, ચંપક અને આમ્ર એ નામવાળાં મોટાં ઉદ્યાનો રહેલાં છે; તે પાંચ સો યોજન વિસ્તારમાં છે અને લાખ યોજન લાંબા છે. તે દરેક વાપિકાઓની મધ્યમાં સ્ફટિકમણિના પાલાના આકારના અને સુંદર વેદિકા તથા ઉદ્યાનોવાળા સુશોભિત દધિમુખ પર્વતો છે. તે ચોસઠ હજાર યોજન ઊંચા, એક હજાર યોજન ઊંડા અને ઉપર તથા નીચે દશ હજાર યોજનના વિસ્તારવાળા છે. વાપિકાઓના આંતરામાં બે બે રતિકર પર્વતો છે, એટલે એકંદર બત્રીશ રતિકર પર્વતો છે, દધિમુખ પર્વતો તથા રતિકર પર્વતો ઉપર અંજનગિરિની જેમ શાશ્વત અર્હંતોના ચૈત્યો છે. તે દ્વીપની વિદિશાઓમાં બીજા ચાર રતિકર પર્વતો છે, તે દશ હજાર યોજન લાંબા તથા પહોળા અને એક હજાર યોજન ઊંચા, શોભાયમાન, સર્વ રત્નમય, દિવ્ય અને ઝલ્લરીના આકારવાળા છે. તેમાં દક્ષિણમાં રહેલા સૌધર્મેંદ્રના બે રતિકર પર્વતો અને ઉત્તરમાં રહેલા ઈશાનેંદ્રના બે રતિકર પર્વતોની આઠ દિશાઓમાં તેમની આઠ આઠ મહાદેવીઓની આઠ આઠ રાજધાનીઓ છે, એટલે કુલ બત્રીશ રાજધાનીઓ છે. તે રતિકરથી એક લાખ યોજન દૂર ને એક લાખ યોજનના પ્રમાણવાળી (લાંબી પહોળી) તથા જિનાલયોથી વિભૂષિત છે. તેનાં સુજાતા, સોમનસા, અર્ચિમાલી, પ્રભાકરા, પદ્મા, શિવા, શુચી, અંજના, ભૂતા, ભૂતાવતંસિકા, ગોસ્તૂપા, સુદર્શના, અમલા, અપ્સરા, રોહિણી નવમીકા, રત્ના, રત્નોચ્ચયા, સર્વરત્ના, રત્નસંચયા, વસુ, વસુમિત્રિકા, વસુભાગા, વસુંધરા, નંદોત્તરા, નંદા, ઉત્તરકુરુ, દેવકુરુ, કૃષ્ણા, કૃષ્ણરાજી અને રામરક્ષિતા એવાં નામ છે. તે નામો પૂર્વદિશાના ક્રમથી જાણવાં. આ નંદીશ્વરદ્વીપમાં રહેલા બાવન જિનચૈત્યોમાં સર્વ ઋદ્ધિવાળા દેવતાઓ પરિવાર સહિત શ્રીમત્ અર્હંતોની કલ્યાણક તિથિઓએ અષ્ટાહ્નિક ઉત્સવ કરે છે.”

“તે નંદીશ્વરદ્વીપની ફરતો નંદીશ્વર સમુદ્ર છે, તે પછી અરુણદ્વીપ છે અને તેની ફરતો અરુણોદધિ નામે સમુદ્ર છે, તે પછી અરૂણવર દ્વીપ અને અરુણવર સમુદ્ર છે, તે પછી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અરુણવરાભાસ દ્વીપ અને અરુણવરાભાસ સમુદ્ર છે, તે પછી કુંડલદ્વીપ અને કુંડલોદધિ નામે સમુદ્ર છે અને તે પછી રુચક નામે દ્વીપ અને રુચક નામે સમુદ્ર છે. એવી રીતે પ્રશસ્ત નામવાળા અને એકએકથી બમણા બમણા પ્રમાણવાળા દ્વીપો અને સમુદ્રો અનુક્રમે રહેલા છે. તે સર્વની અંતે સ્વયંભૂરમણ નામે છેલ્લો સમુદ્ર છે."

"પૂર્વોક્ત અઢીદ્વીપમાં દેવકુરુ અને ઉત્તરકુરુ જેટલા ભાગ વિના પાંચ મહાવિદેહ, પાંચ ભરત અને પાંચ ઐરવત એ પંદર કર્મભૂમિઓ છે. કાળોદધિ, પુષ્કરોદધિ અને સ્વયંભૂરમણ એ ત્રણ સમુદ્ર મીઠા પાણીવાળા છે, લવણસમુદ્ર ખારા પાણીનો છે, તથા વારુણોદધિના પાણી વિચિત્ર પ્રકારની મનોહર મદિરા જેવા છે. ક્ષીરોદધિ ખાંડમિશ્રિત ઘીનો ચોથો ભાગ જેમાં છે એવા ગાયના દૂધની જેવા પાણીવાળો છે. ઘૃતવર સમુદ્રના પાણી ઉકાળેલા ગાયના ઘીની જેવા છે; અને બીજા સમુદ્રો તજ, એલાઇચી, કેશર ને મરીના ચૂર્ણમિશ્રિત ચોથા ભાગવાળા ઇક્ષુરસના જેવા પાણીવાળા છે. લવણોદધિ, કાલોદધિ અને સ્વયંભૂરમણ એ ત્રણ સમુદ્ર માછલાં, કાચબા વિગેરેથી સંકીર્ણ છે. એ સિવાયના બીજા સમુદ્રો મત્સ્ય અને કૂર્માદિથો સંકીર્ણ નથી. (તેમાં થોડાં અને નાના મચ્છાદિ છે)'

"જંબૂદ્વીપમાં જઘન્યે તીર્થંકરો, ચક્રીઓ, વાસુદેવો અને બળદેવો ચાર ચાર હોય છે અને ઉત્કર્ષથી ચોત્રીશ* જિન અને ત્રીશ પાર્થિવો (ચક્રવર્તી કે વાસુદેવ) થાય છે, ધાતકીખંડ અને પુષ્કરાર્દ્ધ ખંડમાં એથી બમણા થાય છે."

"એ તિર્યગ્લોકની ઉપર નવ સો યોજન ન્યૂન સાત રાજ પ્રમાણવાળો મોટી ઋદ્ધિવાળો ઊર્ધ્વલોક છે, તેમાં સૌધર્મ, ઈશાન, સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મ, લાંતક, શુક્ર, સહસ્રાર, આનત, પ્રાણત, આરણ અને અચ્યુત એ નામના બાર કલ્પો (દેવલોક) છે અને નવ ગ્રૈવેયક છે. તે ગ્રૈવેયકના સુદર્શન, સુપ્રબુદ્ધ, મનોરમ, સર્વભદ્ર, સુવિશાળ, સુમન, સૌમનસ, પ્રીતિકર અને આદિત્ય એવા નામ છે. તે પછી પાંચ અનુત્તર વિમાનો છે, તેના વિજય, વૈજયંત, જયંત અપરાજિત અને સર્વાર્થસિદ્ધ એવા નામ છે. તેમાં પ્રથમના ચાર પૂર્વ દિશાના ક્રમથી ચાર દિશાએ રહ્યા છે અને સર્વાર્થસિદ્ધ વિમાન સર્વની મધ્યમાં છે. ત્યારબાદ બાર યોજન ઊંચે સિદ્ધશિલા છે, તે પીસ્તાળીશ લાખ યોજન લંબાઈમાં અને વિસ્તારમાં છે. તેની ઉપર ત્રણ ગાઉ પછી અનંતર ચોથા ગાઉના છઠ્ઠે અંશે લોકાગ્ર સુધી સિદ્ધના જીવો છે. આ સંભૂતલા પૃથ્વીથી સૌધર્મ અને ઈશાનકલ્પ સુધી દોઢ રાજલોક છે, સનત્કુમાર અને માહેન્દ્રલોક સુધી અઢી રાજલોક છે, સહસ્રાર દેવલોક સુધી પાંચમું રાજલોક છે, અચ્યુત દેવલોક સુધી છઠ્ઠું રાજલોક છે અને લોકાંત સુધી સાતમું રાજલોક છે. સૌધર્મકલ્પ અને ઇશાનકલ્પ ચંદ્રમંડળના જેવા વર્તુલ છે, તેમાં દક્ષિણાર્દ્ધમાં સૌધર્મકલ્પ અને ઉત્તરાર્ધમાં ઇશાનકલ્પ છે. સનત્કુમાર અને માહેંદ્ર એ બન્ને દેવલોક પણ તેમની તુલ્ય આકૃતિવાળા છે, તેમાં દક્ષિણાર્દ્ધમાં સનત્કુમાર દેવલોક છે અને ઉત્તરાર્ધમાં

* મહાવિદેહના બત્રીશ વિજયમાં બત્રીસ અને ભરત, ઐરવતમાં એક એક મળીને ઉત્કૃષ્ટ કાળે ચોત્રીશ તીર્થંકરો થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માહેંદ્ર દેવલોક છે; લોકપુરુષની કોણીવાળા ભાગમાં અને ઊર્ધ્વલોકના મધ્યભાગમાં બ્રહ્મ-દેવલોક છે તેનો સ્વામી બ્રહ્મેંદ્ર છે. તે દેવલોકના પ્રાંત ભાગમાં સારસ્વત, આદિત્ય, અગ્નિ, અરુણ, ગર્દતોય, તુષિત, અવ્યાબાધ, મરુત્ અને રિષ્ટ એ નવ જાતિના લોકાંતિક દેવતાઓ છે. તેની ઉપર લાંતક કલ્પ છે, ત્યાં તે જ નામનો ઇંદ્ર છે. તેની ઉપર મહાશુક્ર દેવલોક છે, ત્યાં પણ તે જ નામનો ઇંદ્ર છે. તેની ઉપર સહસ્રાર દેવલોક છે, ત્યાં પણ તે નામનો જ ઇંદ્ર છે. તેની ઉપર સૌધર્મ અને ઇશાન દેવલોક જેવી આકૃતિવાળા આનત અને પ્રાણત દેવલોક છે; તેમાં પ્રાણત કલ્પમાં રહેનાર પ્રાણત નામે ઇંદ્ર તે બંને દેવલોકનો સ્વામી છે. તેની ઉપર તેવી જ આકૃતિવાળા આરણ અને અચ્યુત નામે બે દેવલોક છે. અચ્યુત દેવલોકમાં રહેનાર અચ્યુત નામે ઇંદ્ર તે બંને દેવલોકનો સ્વામી છે. ગ્રૈવેયકમાં અને અનુત્તરોમાં અહમિંદ્ર દેવતાઓ છે. પહેલા બે કલ્પો ઘનોદધિને આધારે રહેલા છે અને તે પછીના ત્રણ કલ્પો વાયુને આધારે સ્થિતિ કરીને રહેલા છે. તે પછીના ત્રણ દેવલોક ઘનોદધિ અને ઘનવાતને આધારે રહેલા છે અને તેની ઉપર સર્વે દેવલોક આકાશને આધારે છે. તેમાં ઇંદ્ર, સામાનિક, ત્રયસ્ત્રિંશ, પાર્ષદ, અંગરક્ષક, લોકપાલ, અનીક, પ્રકીર્ણ, આભિયોગિક અને કિલ્બિષિક એ દશ પ્રકારના દેવતાઓ રહેલા છે. સામાનિક વિગેરે સર્વ દેવતાઓના જે અધિપતિ તે ઇંદ્ર કહેવાય છે, ઇંદ્રની જેવી ઋદ્ધિવાળા પણ ઇંદ્રપણે વર્જિત તે સામાનિક દેવતા કહેવાય છે, જે ઇંદ્રના મંત્રી અને પુરોહિત જેવા છે તે ત્રાયસ્ત્રિંશ દેવતા કહેવાય છે, જે ઇંદ્રના મિત્ર સરખા છે તે પાર્ષદ દેવતા કહેવાય છે, ઇંદ્રના આત્માની રક્ષા કરવાવાળા તે આત્મરક્ષક દેવતા કહેવાય છે, દેવલોકની રક્ષા કરવાને અર્થે રક્ષકો થઇને ફરનારા તે લોકપાલ કહેવાય છે, સેના સમાન તે અનીક દેવતા કહેવાય છે, પ્રજા વર્ગની જેવા તે પ્રકીર્ણ દેવતા કહેવાય છે, સેવક સરખા છે તે આભિયોગ્ય દેવતા કહેવાય જે અને ચંડાળ જાતિની જેવા જે છે તે કિલ્વિષ દેવતા કહેવાય છે. જ્યોતિષ્ક અને વ્યંતર-દેવોમાં ત્રાયસ્ત્રિંશ દેવો અને લોકપાલ નથી.”

“સૌધર્મકલ્પમાં બત્રીશ લાખ વિમાન છે, ઇશાન દેવલોકમાં અઠ્યાવીશ લાખ છે, સનત્કુમારમાં બાર લાખ છે, માહેંદ્રમાં આઠ લાખ છે, બ્રહ્મ દેવલોકમાં ચાર લાખ છે, લાંતક દેવલોકમાં પચાશ હજાર છે, શુક્ર દેવલોકમાં ચાળીશ હજાર છે, સહસ્રાર દેવલોકમાં છ હજાર છે, નવમા દશમા દેવલોકમાં મળીને ચાર સો અને આરણ તથા અચ્યુત દેવલોકમાં મળીને ત્રણ સો વિમાન છે . આદ્ય ત્રણ ગ્રૈવેયકમાં એક સો અગિયાર વિમાન છે, મધ્યના ત્રણ ગ્રૈવેયકમાં એક સો સાત વિમાનો છે અને છેલ્લા ત્રણ ગ્રૈવેયકમાં એક સો વિમાનો છે અનુત્તર વિમાનો પાંચ જ છે. એવી રીતે એકંદર ચોરાશી લાખ, સત્તાણુ હજાર ને ત્રેવીશ વિમાનો છે અનુત્તર વિમાનોમાંહેના ચાર .વિજયાદિક વિમાનોમાં દ્વિચરિમ દેવતા છે અને પાંચમા સર્વાર્થસિદ્ધ વિમાનમાં એકચરિમ દેવતા છે.* સૌધર્મકલ્પથી માંડીને સર્વાર્થસિદ્ધ વિમાન સુધીના દેવતાઓએ સ્થિતિ, કાંતિ, પ્રભાવ, લેશ્યાની વિશુદ્ધિ, સુખ, ઇંદ્રિયોનો વિષય અને અવધિજ્ઞાનમાં પૂર્વ પૂર્વથી ઉત્તર ઉત્તર અધિક અધિક છે. અને પરિગ્રહ (પરિવારાદિ), અભિમાન, શરીર અને ગમનક્રિયામાં અનુક્રમે ઓછા ઓછા છે. સર્વથી જઘન્ય સ્થિતિવાળા દેવતાઓને સાત સ્તોકને અંતરે ઉચ્છ્વાસ અને ચોથભક્ત

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

(એક અહોરાત્ર)ને અંતરે આહાર છે. પલ્યોપમ સ્થિતિવાળા દેવતાઓને દિવસને આંતરે ઉચ્છ્વાસ અને પૃથકત્વ દિવસે(બેથી નવ દિવસે) આહાર છે. ત્યારપછી જે દેવતાની જેટલા સાગરોપમની સ્થિતિ છે તે દેવતાને તેટલા પક્ષે ઉચ્છ્વાસ અને તેટલા હજાર વર્ષે આહાર છે; એટલે તેત્રીશ સાગરોપમ આયુષ્યવાળા સર્વાર્થસિદ્ધના દેવતાઓને તેત્રીશ પખવાડીએ શ્વાસોચ્છ્વાસ અને તેત્રીશ હજાર વર્ષે આહાર છે. ઘણું કરીને દેવતાઓ સદ્વેદનાવાળા જ હોય છે, કદિ અસદ્વેદનાવાળા થાય છે તો તેની સ્થિતિ અંતર્મુહૂર્ત્ત જેટલી જ છે. મુહૂર્ત્ત ઉપરાંત અસદ્વેદના થતી નથી. દેવીઓની ઉત્પત્તિ ઈશાન દેવલોક સુધી છે. અચ્યુત દેવલોક સુધીના દેવતાઓ ગમનાગમન કરે છે."

"જ્યોતિષ્ક દેવતા સુધી તાપસો ઉત્પન્ન થાય છે, બ્રહ્મદેવલોક સુધી ચરક અને પરિવ્રાજકોની ઉત્પત્તિ છે, સહસ્રાર દેવલોક સુધી તિર્યંચોની ઉત્પત્તિ છે, શ્રાવકોની ઉત્પત્તિ અચ્યુત દેવલોક સુધી છે. જૈનલિંગ ધારણ કરેલ છતાં મિથ્યાદૃષ્ટિ, અભવ્યાદિક સમાચારિ યથાર્થ પાળનારાઓની છેલ્લા ગ્રૈવેયક સુધી ઉત્પત્તિ છે. પૂર્ણ ચૌદપૂર્વી મુનિની બ્રહ્મલોકથી માંડીને સર્વાર્થસિદ્ધ વિમાન સુધી ઉત્પત્તિ છે, તથા સદ્વ્રતવાળા સાધુ અને શ્રાવકોની જઘન્યપણે પણ સૌધર્મ દેવલોકમાં ઉત્પત્તિ છે. ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને ઈશાન દેવલોક સુધીના દેવોને પોતાના ભુવનમાં વસનારી દેવીઓની સાથે વિષયસંબંધી અંગસેવા છે, તેઓ સંકિલષ્ટ કર્મવાળા અને તીવ્ર અનુરાગવાળા હોવાથી મનુષ્યોની જેમ કામભોગમાં લીન થાય છે અને દેવાંગનાના સર્વ અંગ સંબંધી પ્રીતિને મેળવે છે. ત્યારપછી બે દેવલોકના દેવો સ્પર્શમાંથી, બે દેવલોકના દેવો રૂપ જોવાથી, બે દેવલોકના દેવો શબ્દશ્રવણથી અને આનત વિગેરે ચાર દેવલોકના દેવો માત્ર મનવડે ચિંતવવાથી વિષયને સેવન કરનારા છે. એ પ્રમાણે વિષયરસમાં પ્રવિચારવાળા દેવતાઓથી અનંત સુખવાળા દેવતાઓ ગ્રૈવેયકાદિકમાં છે કે જેઓ વિષયસંબંધી બીલકુલ પ્રવિચાર રહિત છે."

"એવી રીતે અધોલોક, તિર્યક્લોક અને ઊર્ધ્વલોકથી ભેદ પામેલા સમગ્ર લોકના મધ્યભાગમાં ચૌદ રાજલોક પ્રમાણ ઊર્ધ્વ, અધો લાંબી ત્રસનાડી છે, તે પહોળાઈમાં ને વિસ્તારમાં એક રાજલોક પ્રમાણ છે. એ ત્રસનાડીના અંદર સ્થાવર અને ત્રસ બંને પ્રકારના જીવો છે અને એની બહાર માત્ર સ્થાવર જ છે. કુલ વિસ્તાર નીચે સાત રાજલોક પ્રમાણ, મધ્યમાં તિર્યક્લોકે એક રાજલોક પ્રમાણ, બ્રહ્મદેવલોકે પાંચ રાજલોક પ્રમાણ અને પર્યંતે સિદ્ધશિલાએ એક રાજલોક છે. સારી રીતે પ્રતિષ્ઠિત થયેલી આકૃતિવાળો આ લોક કોઈએ કર્યો નથી અને કોઈએ ધારણ કર્યો નથી, તે સ્વયંસિદ્ધ નિરાધારપણે આકાશમાં રહેલો છે."

"અશુભધ્યાનના પ્રતિષેધનું કારણભૂત એવું આ સમગ્ર લોકનું અથવા તેના જુદા જુદા વિભાગનું જે બુદ્ધિમાન ચિંતવન કરે છે તેને ધર્મધ્યાન સંબંધી ક્ષાયોપશમાદિક ભાવની પ્રાપ્તિ થાય છે અને પીતલેશ્યા, પદ્મલેશ્યા તથા શુકલલેશ્યા અનુક્રમે શુદ્ધ શુદ્ધતર થાય છે. ઘણા વૈરાગ્યના સંગથી તરંગિત થયેલા ધર્મધ્યાનવડે પ્રાણીઓને પોતે જ જાણી

*બે ભવ મનુષ્યના કરીને સિદ્ધિપદ પામનારા દ્વિચરિમ અને ત્યાંથી મનુષ્ય થઈને તે જ ભવમાં સિદ્ધ થનારા તે એકચરિમ જાણવા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શકે તેવું (સ્વસંવેદ્ય) અતીંદ્રિય સુખ ઉત્પન્ન થાય છે. જે યોગીઓ નિઃસંગ થઈ ધર્મ-ધ્યાનવડે આ શરીરને છોડે છે તેઓ ગ્રૈવેયકાદિ સ્વર્ગોમાં ઉત્તમ દેવતા થાય છે. ત્યાં તેઓ મોટા મહિમાવાળા, સૌભાગ્યયુક્ત, શરદઋતુના ચંદ્ર જેવી પ્રભાવાળા અને પુષ્પમાળા તથા વસ્ત્રાલંકારથી વિભૂષિત એવા શરીરને પ્રાપ્ત કરે છે, વિશિષ્ટ વીર્યને રોકનાર, કામાતિરૂપ જ્વર વિનાના અને અંતરાય રહિત અતુલ્ય સુખને ચિરકાળ સેવે છે અને મનઈચ્છિત મળેલા સર્વ અર્થોએ મનોહર એવા સુખરૂપ અમૃતને નિર્વિઘ્ને ભોગવતાં પોતાના ચાલ્યા જતા જન્મને જાણતા પણ નથી. એવા દિવ્ય ભોગને અવસાને ત્યાંથી ચ્યવીને તેઓ ઉત્તમ શરીર બાંધી મનુષ્યલોકમાં અવતરે છે. મનુષ્યપણામાં પણ દિવ્ય વંશમાં ઉત્પન્ન થઈ, અખંડિત મનોરથવાળા તેઓ નિત્ય ઉત્સવથી મનને આનંદ આપનારા વિવિધ પ્રકારના ભોગ ભોગવે છે, પછી વિવેકનો આશ્રય કરી, સર્વ ભોગથી વિરામ પામી શુભ ધ્યાનવડે સર્વ કર્મનો નાશ કરીને અવ્યયપદ પામે છે.''

એવી રીતે સર્વ જીવોના હિતકારી શ્રી અજિતનાથ પ્રભુએ ત્રણ જગતરૂપી કુમુદને આનંદ કરવામાં કૌમુદીરૂપ ધર્મદેશના કીધી. સ્વામીની દેશના સાંભળી હજારો નર તથા નારીઓએ પ્રતિબોધ પામી મોક્ષની માતારૂપ દીક્ષાને ગ્રહણ કરી.

તે વખતે સગરચક્રીના પિતા સુમિત્ર કે જે અગાઉ ભાવયતિ થઈને રહ્યા હતા તેમણે સ્વામીની પાસે દીક્ષા ગ્રહણ કરી. પછી અજિતનાથસ્વામીએ ગણધર નામકર્મવાળા અને સારી બુદ્ધિવાળા સિંહસેન વિગેરે પંચાણું મુનિઓને સર્વ આગમરૂપ વ્યાકરણના પ્રત્યાહારોની જેવી ઉત્પત્તિ, વિગમ અને ધ્રૌવ્યરૂપ ત્રિપદી સંભળાવી. રેખાઓને અનુસારે જેમ ચિત્ર ચિત્રે તેમ તે ત્રિપદીને અનુસારે ગણધરોએ ચૌદપૂર્વ સહિત દ્વાદશાંગી રચી. પછી ઇંદ્ર પોતાને સ્થાનકેથી ઊઠી ચૂર્ણથી પૂર્ણ એવો થાળ હાથમાં લઈ, દેવતાઓના સમૂહથી પરિવૃત્ત થઈને સ્વામીના ચરણકમળ પાસે આવી ઊભા રહ્યા. પછી જગત્પતિ અજિતસ્વામીએ ઊભા થઈ તેમના (ગણધરોના) મસ્તક ઉપર ચૂર્ણ (વાસક્ષેપ) નાંખી અનુક્રમે સૂત્રથી, અર્થથી, તદુભયથી તેમજ દ્રવ્યથી, ગુણથી, પર્યાયથી અને નયથી અનુયોગની અનુજ્ઞા તથા ગણની અનુજ્ઞા આપી. ત્યારબાદ દેવતાઓએ, મનુષ્યોએ અને સ્ત્રીઓએ દુંદુભિના ધ્વનિ સાથે ગણધર ઉપર વાસક્ષેપ નાંખ્યો. પછી ગણધરો પણ અંજલિના સંપુટ જોડી અમૃતનાં નિર્ઝરણાં જેવી પ્રભુની વાણી સાંભળવાને તત્પર થઈ રહ્યા; એટલે પૂર્વાભિમુખ સિંહાસન પર બેસીને પ્રભુએ તેઓને અનુશિષ્ટ (શિખામણ) મય દેશના આપી. પ્રથમ પૌરુષી પૂર્ણ થઈ એટલે ભગવાને ધર્મદેશના સમાપ્ત કરી. તે વખતે સગર રાજાએ કરાવેલો અને વિશાળ થાળમાં રાખેલો ચાર પ્રસ્થ પ્રમાણ બલિ પૂર્વદ્વારથી સમવસરણમાં લાવવામાં આવ્યો.

તે બલિ શુદ્ધ અને પદ્મના જેવી સુગંધી શાળનો બનાવેલો હતો, દેવતાઓએ તેમાં નાંખેલી ગંધમુષ્ટિઓથી તેની ખુશબો બહેકી રહી હતી, શ્રેષ્ઠ પુરુષોએ તે ઉપાડેલો હતો, સાથે ચાલતી ઉદ્દામ દુંદુભિઓના ધ્વનિથી સર્વ દિશાઓનાં મુખ ગાજી રહ્યાં હતાં, ગીત ગાતી ગાતી સ્ત્રીઓ તેની પછવાડે ચાલતી હતી અને ભ્રમરાઓથી જેમ પદ્મકોશ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વીંટાઈ રહે તેમ તેની ચોતરફ નગરના લોકો ફરી વળેલા હતા. પછી તે સર્વ જનોએ પ્રભુની પ્રદક્ષિણા કરીને, દેવતાઓએ કરેલી પુષ્પવૃષ્ટિને અનુસરતી રીતે તે બલિ પ્રભુની આગળ ઉછાળ્યો. તેમાંથી અર્દ્ધભાગ આકાશમાંથી પડતાં જ અદ્ધરથી દેવતાઓએ લઈ લીધો, પૃથ્વી ઉપર પડેલામાંથી અર્દ્ધભાગ સગરરાજાએ લીધો અને બાકીનો બીજા લોકોએ ગ્રહણ કર્યો. તે બલિના પ્રભાવથી પૂર્વે થયેલા રોગો નાશ પામે છે અને છ માસ સુધી નવીન રોગો ઉત્પન્ન થતા નથી.

મોક્ષમાર્ગના અગ્રેસર પ્રભુ પછી સિંહાસનથી ઊઠી ઉત્તરદ્વારના માર્ગથી નીકળ્યા અને મધ્ય ગઢના અંતરમાં ઈશાનદિશામાં રચેલા દેવછંદ ઉપર તેમણે વિશ્રામ લીધો. પછી સગરરાજાએ રચાવેલા સિંહાસન પર બેસી **સિંહસેન** નામના મુખ્ય ગણધર દેશના આપવા લાગ્યા. ભગવાનના સ્થાનમાહાત્મ્યથકી તે ગણધરે જેમણે પૂછ્યા તેમને તેના અસંખ્ય ભવો કહી આપ્યા. પ્રભુની સભામાં સંદેહને નાશ કરનારા ગણધરોને કેવળી સિવાય બીજા કોઈએ 'આ છદ્મસ્થ છે' એમ જાણ્યું નહીં. ગુરુના (પ્રભુના) શ્રમનો નાશ, બન્નેની સમ પ્રતીતિ અને ગુરુ-શિષ્યનો સચવાતો ક્રમ એટલા ગણધરની દેશનાના ગુણ છે. બીજી પૌરુષી પૂર્ણ થઈ એટલે મુખ્ય ગણધર, પથિક જેમ ચાલવાથી વિરામ પામે તેમ દેશના દેવાથી વિરામ પામ્યા. દેશના વિરામ પામ્યા પછી સર્વ દેવતાઓ પરમેશ્વરને પ્રણામ કરીને પોતપોતાના સ્થાને જવા ચાલ્યા. માર્ગમાં તેઓએ નંદીશ્વરદ્વીપે જઈને અંજનાચળાદિકની ઉપર શાશ્વત અર્હંતની પ્રતિમાઓનો અષ્ટાહ્નિકોત્સવ કર્યો. પછી "આવી યાત્રા અમારે વારંવાર થાઓ" એમ બોલતા તેઓ પોતપોતાને સ્થાનકે જેમ આવ્યા હતા તેમ ગયા.

સગર ચક્રવર્ત્તી પણ ભગવંતને નમસ્કાર કરી લક્ષ્મીના સંકેતસ્થાનરૂપ પોતાના સાકેતનગરમાં ગયા. શ્રી અજિતનાથના તીર્થનો અધિષ્ઠાયક **મહાયક્ષ** નામે ચતુર્મુખ યક્ષ થયો. તેનો વર્ણ શ્યામ, વાહન હાથીનું, જમણી બાજુના ચાર હાથમાં વરદ, મુદ્દગર, અક્ષસૂત્ર અને પાસ, તથા ડાબી બાજુના ચાર હાથમાં બીજોરું, અભય, અંકુશ અને શક્તિ હતાં. તે સુશોભિત યક્ષ અજિતનાથસ્વામીનો પારિપાર્શ્વક થયો. પ્રભુની શાસનદેવી **અજિતબલા** નામે દેવી થઈ. તેનો સુવર્ણના જેવો વર્ણ છે, વરદના ચિહ્નવાળા તથા પાસવાળા બે દક્ષિણબાહુ છે અને બીજોરું તથા અંકુશને ધરનારા બે વામબાહુ છે; લોહાસનાધિરૂઢ છે.

ચોત્રીશ અતિશયોવડે શોભિત એવા ભગવાન સિંહસેનાદિ ગણધરોથી પરિવૃત્ત થઈને પૃથ્વી પર વિહાર કરવા લાગ્યા. દરેક ગ્રામ, શહેર અને આકર વિગેરેમાં વિહાર કરતાં અને ભવ્ય પ્રાણીઓને બોધ કરતાં એ કૃપાસાગર પ્રભુ એકદા કૌશાંબી નગરી સમીપે આવ્યા. તે કૌશાંબીની ઈશાન દિશામાં એક યોજનમાત્ર ક્ષેત્રમાં દેવતાઓએ પૂર્વની જેમ પ્રભુને માટે સમવસરણ રચ્યું. તેમાં અશોકવૃક્ષની નીચે સિંહાસન પર બેઠેલા જગત્પતિએ સુર, અસુર અને મનુષ્યોની પર્ષદામાં દેશના દેવા માંડી. તેવામાં કોઈ બ્રાહ્મણનું જોડું ત્રણ જગતના ગુરુને પ્રદક્ષિણા દઈ, નમસ્કાર કરીને યથાયોગ્ય સ્થાનકે બેઠું. દેશનાને અંતે તે જોડામાંથી બ્રાહ્મણે અંજલી જોડી પ્રભુને પૂછ્યું—'હે ભગવન્ ! આ આવી રીતે કેમ છે ?' પ્રભુએ કહ્યું—"એ સમકિતનો મહિમા છે. તે સર્વ અનર્થના નિષેધનું અને સર્વ અર્થની સિદ્ધિનું એક પ્રબળ કારણ છે. વૃષ્ટિથી જેમ દવાગ્નિ શાંત થાય તેમ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમકિત ગુણવડે સર્વ પ્રકારના વૈર શાંત થાય છે, ગરૂડથી સર્પની જેમ સર્વ વ્યાધિઓ નાશ પામે છે, સૂર્યથી બરફની જેમ દુષ્કર્મો લય પામે છે, ચિંતામણિની જેમ ક્ષણવારમાં મનઈચ્છિત કાર્ય સિદ્ધ થાય છે, શ્રેષ્ઠ હાથી જેમ પોતાના વારીજાતિના બંધનથી બંધાય તેમ દેવતાનું આયુષ્ય બંધાય છે અને મહાપરાક્રમી મંત્રની જેમ તેનાથી દેવતાઓ આવીને સાનિધ્ય કરે છે. પૂર્વોક્ત એ સર્વ તો સમકિતનું અલ્પ ફળ છે, તેનું મહાફળ તો સિદ્ધિપદ અને તીર્થંકરપણું પ્રાપ્ત થાય તે છે.”

એ પ્રમાણે સાંભળીને હર્ષ પામેલો તે વિપ્ર અંજલિ જોડી પ્રણામ કરીને બોલ્યો–“હે ભગવન્ ! એ એમ જ છે. સર્વજ્ઞની ગિરા અન્યથા હોય નહીં.” એમ કહીને તે બ્રાહ્મણ મૌન રહ્યો, એટલે મુખ્ય ગણધર પોતે જ્ઞાનવડે જાણતા હતા તો પણ સર્વ પર્ષદાને જ્ઞાન થવાને માટે તેમણે જગદ્ગુરુને આ પ્રમાણે પૂછ્યું–‘હે ભગવન્ ! આ બ્રાહ્મણે શું પૂછ્યું ? અને આપે શું કહ્યું ? આ સંકેતવાર્ત્તા જેવો વાર્ત્તાલાપ અમને સ્ફુટ રીતે જણાવો.’

પ્રભુએ કહ્યું–“આ નગરીની નજીક **શાલિગ્રામ** નામે એક અગ્રહાર (ગામડું) છે. ત્યાં **દામોદર** નામે એક મુખ્ય બ્રાહ્મણ વસતો હતો. તેને **સોમા** નામે એક સ્ત્રી હતી. તે દંપતીને **શુદ્ધભટ** નામે પુત્ર થયો. તે **સિદ્ધભટ** નામે કોઈ બ્રાહ્મણની **સુલક્ષણા** નામે દુહિતાને પરણ્યો. સુલક્ષણા અને શુદ્ધભટ બન્ને યૌવનવય પામ્યા એટલે તેઓ પોતાના વૈભવને યોગ્ય એવા યથેચ્છિત ભોગ ભોગવવા લાગ્યા. કાળના ક્રમથી તેઓના માતાપિતા મૃત્યુ પામ્યા અને તેમનો પિતા સંબંધી વૈભવ પણ ક્ષય પામ્યો, તેથી કોઈ વખતે તો સુભિક્ષમાં પણ તેઓ રાતે ક્ષુધાર્ત્તપણે જ શયન કરતા હતા. **નિર્ધન માણસને સુભિક્ષ વર્ષમાં પણ દુર્ભિક્ષ પડખે જ રહેલ હોય છે.** શુદ્ધભટ કોઈ વખતે તે નગરમાં રાજમાર્ગે દેશાંતરના કાર્પટિકની જેમ જૂના વસ્ત્રનો કડકો પહેરીને ફરતો હતો. ચાતક પક્ષીની જેમ ઘણી વાર તરસ્યો રહેતો હતો અને કોઈ વખતે પિશાચની જેમ મળથી મલિન એવા ખરાબ શરીરને ધારણ કરતો હતો. આવી સ્થિતિમાં તે પોતાના સહવાસીઓથી લજ્જા પામીને અન્યદા પોતાની સ્ત્રીને પણ કહ્યા સિવાય દૂર દેશાંતર ચાલ્યો ગયો. ત્યારપછી તેની સ્ત્રીએ કેટલેક દિવસે વજ્રપાતના જેવી જનશ્રુતિ (ઊડતી વાત)થી તે દેશાંતર ગયેલ છે એમ સાંભળ્યું. શ્વસુરના અને અર્થના ક્ષયથી તથા પતિના દૂરદેશગમનથી પોતાની જાતને નિર્લક્ષણ માનતી એ સુલક્ષણા તલખવા લાગી. એ પ્રમાણે તે ઉદ્વેગમાં રહેતી હતી, તેવામાં વર્ષાઋતુ આવવાથી કોઈ **વિપુલા** નામે સાધ્વી તેને ઘેર ચાતુર્માસ રહેવાની ઇચ્છાથી આવ્યા. સુલક્ષણાએ વિપુલા સાધ્વીને નિવાસ આપ્યો અને પ્રતિદિન તેના મુખથી ધર્મદેશના સાંભળવા લાગી. જેમ મધુર દ્રવ્યના સંબંધથી ખાટા પદાર્થની ખટાશ જતી રહે તેમ તે સાધ્વીની ધર્મદેશનાથી તેનું મિથ્યાત્વ ગયું. કૃષ્ણપક્ષને ઉલ્લંઘન કરીને રાત્રિ જેમ નિર્મળતાને પામે તેમ તે અનવદ્ય સમકિત પામી. વૈદ્ય જેમ શરીરમાંથી ઉત્પન્ન થયેલા દોષોને જાણે તેમ તે સર્વ જીવાજીવાદિ પદાર્થોને યથાસ્થિત જાણવા લાગી. સમુદ્રનો પાર પામવાને યોગ્ય વહાણને જેમ દરિઆઈ મુસાફર ગ્રહણ કરે તેમ તેણે સંસારને ઉલ્લંઘન કરવામાં સમર્થ એવા જૈન ધર્મને ગ્રહણ કર્યો. તેને વિષયોમાં વૈરાગ્ય ઉત્પન્ન થયો, કષાય ઉપશાંત થયા અને અવિચ્છિન્ન એવી જન્મ-મરણની શ્રેણીમાં કંટાળો આવ્યો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રસાઢ્ય કથાના રસથી જાગરૂક મનુષ્ય જેમ રાત્રિને નિર્ગમન કરે તેમ તેણે સાધ્વીની શુશ્રુષાવડે વર્ષાકાળ નિર્ગમન કર્યો. તેને અણુવ્રત આપી ગણિની ત્યાંથી બીજે વિહાર કરી ગયા. **ઘણું કરીને સંયત લોકો વર્ષાકાળ પછી એક ઠેકાણે રહેતા નથી.**

હવે શુદ્ધભટ પણ દિગંતરથી પુષ્કળ દ્રવ્ય મેળવી પ્રિયાના પ્રેમથી આકૃષ્ટ થઈ પારેવાની જેમ ત્યાં આવ્યો. તેણે આર્યાને પૂછ્યું-'હે પ્રિયે ! કમલિની જેમ હીમને સહન કરી ન શકે તેમ મારા વિયોગને પૂર્વે થોડો પણ નહીં સહન કરી શકનારી એવી તેં મારા દીર્ઘવિયોગને કેવી રીતે સહન કર્યો ?' સુલક્ષણા બોલી—હે જીવિતેશ્વર ! મરુસ્થળમાં જેમ હંસી, થોડા પાણીમાં જેમ માછલી, રાહુના મુખમાં જેમ ચંદ્રલેખા અને દાવાનળમાં જેમ હરિણી તેમ દુઃસહ એવા તમારા વિયોગવડે હું મૃત્યુદ્વારમાં આવી પડી હતી. તેવામાં અંધકારમાં દીપિકાની જેમ, સમુદ્રમાં વહાણની જેમ, મરુસ્થળમાં વૃષ્ટિની જેમ અને અંધપણામાં દૃષ્ટિપ્રાપ્તિની જેમ દયાના ભંડાર એક વિપુલા નામે સાધ્વી અહીં આવ્યાં. તેમના દર્શનથી તમારા વિરહવડે ઉત્પન્ન થયેલું મારું સર્વ દુઃખ ચાલ્યું ગયું અને માનુષજન્મના ફળરૂપ સમકિત પ્રાપ્ત થયું.' શુદ્ધભટે કહ્યું-'હે ભદ્રિની ! તમે મનુષ્યજન્મના ફળરૂપ સમકિત કહો છો તે શું ?' સુલક્ષણા બોલી—'આર્યપુત્ર ! તે વલ્લભ માણસને કહેવા યોગ્ય છે, તમે મને પ્રાણથી પણ ઈષ્ટ છો તેથી હું કહું છું તે આપ સાંભળો.—

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

"દેવમાં દેવપણાની બુદ્ધિ, ગુરુમાં ગુરુપણાની બુદ્ધિ અને શુદ્ધ ધર્મમાં ધર્મબુદ્ધિ "તે **સમકિત** કહેવાય છે અને અદેવમાં દેવબુદ્ધિ, અગુરુમાં ગુરુબુદ્ધિ, અને અધર્મમાં "ધર્મબુદ્ધિ તે વિપર્યાસભાવ હોવાથી **મિથ્યાત્વ** કહેવાય છે. સર્વજ્ઞ, રાગાદિક સમગ્ર "દોષને જીતનાર, ત્રણ લોકના પૂજિત અને યથાસ્થિત અર્થ કહેનાર તે અર્હંત પરમેશ્વર "**દેવ** છે. તે દેવનું જ ધ્યાન ધરવું, તેની જ ઉપાસના કરવી, તેમને જ શરણે જવું અને "જો ચેતના (જ્ઞાન) હોય તો તેના જ શાસનને પ્રતિપાદન કરવું. જે દેવો સ્ત્રી, શસ્ત્ર અને અક્ષ-"સૂત્રાદિ રાગાદિ દોષનાં ચિહ્નોથી અંકિત થયેલા છે, અને જે નિગ્રહ-અનુગ્રહ કરવામાં "તત્પર છે તે દેવો મુક્તિ આપવાને માટે સમર્થ થતા નથી. નાટ્ય, અટ્ટહાસ અને "સંગીત વિગેરે ઉપાધિથી વિસંસ્થૂલ થયેલા તે દેવતાઓ શરણે આવેલા પ્રાણીઓને "મોક્ષે કેમ લઈ જઇ શકે ?"

"મહાવ્રતોને ધરનારા, ધૈર્યવાળા, ભિક્ષામાત્રથી જ ઉપજીવન કરનારા અને નિરંતર "સામાયિકમાં રહેલા એવા ધર્મોપદેશક હોય તે ગુરુ કહેવાય છે. સર્વ વસ્તુના અભિલાષી, "સર્વ પ્રકારનું ભોજન કરનારા, પરિગ્રહવાળા, અબ્રહ્મચારી અને મિથ્યા ઉપદેશ આપનારા તે "ગુરુ કહેવાય નહીં. જે ગુરુ પોતે જ પરિગ્રહ અને આરંભમાં મગ્ન થયેલા હોય તેઓ બીજાને "કેમ તારી શકે ? પોતે દરિદ્રી હોય તે બીજાને સમર્થ કરવાને કેમ શક્તિવંત થાય ?"

દુર્ગતિમાં પડતા પ્રાણીઓને જે ધારણ કરી રાખે તે **ધર્મ** કહેવાય છે. સર્વજ્ઞનો "કહેલો, સંયમ વિગેરે દશ પ્રકારનો ધર્મ મુક્તિને માટે થાય છે. જે અપૌરુષેય (પુરુષના "કહ્યા વિનાનું) વચન છે. તે અસંભવિત હોવાથી પ્રમાણ થતું નથી; કારણ કે પ્રમાણતા છે તે "આપ્તપુરુષને આધીન છે. મિથ્યાદૃષ્ટિ જનોએ માનેલા અને અને હિંસાદિકથી કલુષિત થયેલા

"નામમાત્ર ધર્મને ધર્મ તરીકે જાણવામાં આવે તો તે સંસારમાં પરિભ્રમણ કરવાના 'કારણભૂત થાય છે. જો રાગ સહિત દેવ તે દેવ કહેવાય, અબ્રહ્મચારી ગુરુ તે ગુરુ કહે- "વાય અને દયાહીન ધર્મ તે ધર્મ કહેવાય તો ખેદ સાથે આ જગત્ નાશ પામી ગયું "છે એમ સમજવું. શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્યતા એ પાંચ 'લક્ષણોથી સારી રીતે સમકિત ઓળખાય છે. એ સમકિતના સ્થૈર્ય, પ્રભાવના, ભકિત, "જિનશાસનમાં કુશળતા અને તીર્થસેવા એ પાંચ ભૂષણો કહેવાય છે. શંકા, આશંકા, "વિચિકિત્સા, મિથ્યાદષ્ટિની પ્રશંસા અને તેનો પરિચય એ પાંચ સમકિતને દૂષિત કરે છે."

એ પ્રમાણે સાંભળીને બ્રાહ્મણે કહ્યું—"હે સ્ત્રી ! તું ભાગ્યવંતી છે, કારણ કે તેં નિધાનની જેમ સમકિતને પ્રાપ્ત કર્યું છે.' એમ વિચારતો શુદ્ધભટ પણ સમકિત પામ્યો. **શુભાત્મા પુરુષોને ધર્મોપદેષ્ટા પુરુષો સાક્ષીમાત્ર જ હોય છે.** સમકિતના ઉપદેશથી તે બન્ને શ્રાવક થયા. **સિદ્ધરસથી સીસુ અને તરવું (લોઢું) બંને સુવર્ણ થઈ જાય છે.** તે વખતમાં તે અગ્રહારમાં સાધુઓના સંસર્ગના અભાવથી લોકો શ્રાવક ધર્મને મૂકીને મિથ્યાદષ્ટિ થઈ ગયેલા હતા, તેથી આ દુર્બુદ્ધિવાળા બન્ને કુલક્રમાગત ધર્મને છોડીને શ્રાવક થઇ ગયા એવો તેમનો લોકમાં આપવાદ ચાલ્યો. તેવા અપવાદને નહીં ગણીને શ્રાવકપણામાં નિશ્ચલ રહેતા તે વિપ્રદંપતીને અનુક્રમે ગૃહસ્થાશ્રમવૃક્ષના ફળરૂપ એક પુત્ર ઉત્પન્ન થયો.

એક વખતે શિશિરઋતુમાં તે પુત્રને લઇ બ્રાહ્મણોની સભાથી વીંટાઈ રહેલી ધર્મ- અગ્નિષ્ટિકા પાસે તે ગયો, એટલે 'તું શ્રાવક છે, અહીંથી દૂર જા, દૂર જા,' એમ ક્રોધથી સર્વ બ્રાહ્મણો ચંડાળની જેમ તેનો તિરસ્કાર કરવા લગ્યા અને તે ધર્માગ્નિષ્ટિકાને ચોત- રફ વીંટાઈને તે બ્રાહ્મણો બેઠા. **બ્રાહ્મણોનો મત્સર કરવાનો જાતિધર્મ છે.** તેઓનાં આવાં કઠોર વચનોથી વિલખા થયેલા અને ક્રોધાયમાન થયેલા શુદ્ધભટે તે સભાની સાક્ષ આવી રીતે પ્રતિજ્ઞા કરી કે—"જો જિનોકત ધર્મ સંસારસમુદ્રને તારનાર ન હોય, સર્વજ્ઞ તીર્થંકરઅર્હંત જો આપ્તદેવ ન હોય, જ્ઞાન, દર્શન અને ચારિત્ર તે જ જો મોક્ષનો માર્ગ ન હોય અને જગતમાં જો એવું સમકિત ન હોય તો આ મારો પુત્ર દગ્ધ થઈ જાઓ અને મેં કહ્યું છે તે સર્વ ખરું હોય તો આ બળતો અગ્નિ મારા પુત્રને માટે જળની જેમ શીતળ થઈ જાઓ." એમ કહીને ક્રોધથી જાણે બીજો અગ્નિ હોય તેવા તે સાહસિક વિપ્રે પોતાના પુત્રને બળતા અગ્નિમાં નાંખ્યો. તે વખતે 'અરેરે આ અનાર્ય વિપ્રે પોતાના બાળકને મારી નાંખ્યો.' આવી રીતે આક્રોશ કરતી તે પર્ષદા બ્રાહ્મણની તરફ ઘણો તિરસ્કાર બતાવવા લાગી. તેટલામાં ત્યાં રહેલી કોઈ સમ્યગ્દર્શનવંત દેવીએ તે બાળકને ભ્રમરની જેમ પદ્મની અંદર ઝીલી લીધો; અને જ્વાળાઓની જાળથી વિકરાળ એવા તે બળતા અગ્નિની દાહશક્તિ હરી લીધી; તેમજ તે પુત્રને જાણે ચિત્રસ્થ હોય તેમ કરી દીધો. તે દેવીએ પૂર્વે મનુષ્યપણામાં સંયમની વિરાધના કરી હતી તેથી મૃત્યુ પામીને તે વ્યંતરી થઈ હતી. તેણે કોઈ કેવળીને પોતાને બોધિલાભ ક્યારે થશે એમ પૂછયું હતું. એટલે કેવળીએ કહ્યું હતું કે–'હે અનઘે ! તું સુલભબોધિ થઈશ, પણ તારે તે સમ- કિતની પ્રાપ્તિને માટે સમકિતની ભાવનામાં સારી રીતે ઉદ્યોગનિષ્ઠ થવું.' એ વચન હૃદય- માં હારયષ્ટિની જેમ નિત્યે ધારણ કરતી તે ફરતી હતી. તેણે સમકિતના માહાત્મ્યને માટે આ વખતે બ્રાહ્મણના પુત્રની રક્ષા કરી. આ પ્રમાણેના જૈનધર્મના પ્રભાવને પ્રત્યક્ષ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જોઇને વિસ્મય પામવાથી નેત્રને વિકસ્વર કરતાં તે બ્રાહ્મણો જન્મથી માંડીને અદૃષ્ટપૂર્વી થયા—અર્થાત્ પૂર્વે કદિ પણ નહીં દીઠેલું આજે દીઠું એવા થયા. શુદ્ધભટે ઘેર જઈ પોતાની સ્ત્રીને તે વાત કરી અને સમકિતના પ્રભાવના પ્રત્યક્ષ અનુભવથી તે બ્રાહ્મણીને ઘણો હર્ષ થયો; પરંતુ વિપુલા ગણિનીના ગાઢ સંસર્ગથી વિવેકવાળી થયેલી બ્રાહ્મણી બોલી—"અરે ! ધિક્કાર છે ! આ તમે શું કર્યું ? સમકિતને ભજનાર કોઈ દેવતા સમીપ હોવાથી તમારૂં સુખ ઉજ્વળપણાને પ્રાપ્ત થયું; પરંતુ એ તમારા કોપની ચપળતા છે. કદાપિ તે વખતે સમકિતનો પ્રભાવ પ્રગટ કરનાર કોઇ દેવતા સમીપ ન હોત તો તમારો પુત્ર દગ્ધ થઈ જાત અને લોકો જૈનધર્મની નિંદા કરત. જો કે તેમ થવાથી કાંઈ જિન-પ્રણીત ધર્મ અપ્રમાણ થવાનો નહોતો. એવે પ્રસંગે પણ જેઓ 'જૈનધર્મ અપ્રમાણ છે' એમ બોલે તેઓને વિશેષ પાપી સમજવા; પરંતુ મૂર્ખ માણસ પણ જેવું તમે કર્યું તેવું કરે નહીં. અથવા તો મૂર્ખ મનુષ્ય જ એવું કામ કરે, માટે હે આર્યપુત્ર ! હવે પછી આવું અવિચારિત કાર્ય ન કરશો." એમ કહીને પોતાના ભર્ત્તારને સમકિતમાં સ્થિર કરવાને માટે એ સ્ત્રી અમારી સમીપે લાવેલી છે. એ જ વિચાર મનમાં લાવીને આ બ્રાહ્મણે અમને પૂછયું અને **'આ સમકિતનો જ પ્રભાવ છે.'** એમ અમે કહ્યું. આ પ્રમાણેના ભગવાનનાં વચન સાંભળીને ઘણા પ્રાણીઓ પ્રતિબોધ પામ્યા અને સ્થિરધર્મી થયા. શુદ્ધભટે ભટ્ટિની સાથે ભગવાનની પાસે દીક્ષા લીધી અને અનુક્રમે તે બંને કેવળજ્ઞાન પામ્યા.

જગતના અનુગ્રહમાં એકતાનવાળા અને ચક્રીની જેમ આગળ ચાલતા ધર્મચક્રથી શોભતા ભગવાન અજિતસ્વામી દેશના પૂર્ણ કરી તે સ્થાનકથી નીકળી પૃથ્વી ઉપર વિહાર કરવા લાગ્યા.

जैन साइट JAINSITE .com

इत्याचार्यश्रीहेमचंद्रविरचिते त्रिषष्टिशलाकापुरुषचरिते महाकाव्ये द्वितीये पर्वणि श्रीअजितस्वामिदीक्षाकेवलवर्णनो नाम तृतीयः सर्गः ॥३॥

## સર્ગ ૪ થો.

**અહીં** સગરરાજાના શસ્ત્રમંદિરમાં **સુદર્શન** નામે ચક્રરત્ન ઉત્પન્ન થયું. તે ચક્રની ધારા સુવર્ણમય હતી, તેના આરા લોહિતાક્ષ રત્નના હતા અને વિચિત્ર સુવર્ણ-માણિક્યની ઘંટિકાઓની જાળથી તે શોભતું હતું. તે ચક્ર નાંદીઘોષ સહિત હતું, નિર્મળ મુક્તાફળથી સુંદર હતું, તેની નાભિ વજ્રરત્નમય હતી. ઘુઘરીઓની શ્રેણીથી મનોહર લાગતું હતું, સર્વ ઋતુનાં પુષ્પોની માળાથી અર્ચિત કરેલું હતું, ચંદનના વિલેપનવાળું હતું, એક હજાર યક્ષોએ અધિષ્ઠિત હતું અને આકાશમાં અધર રહ્યું હતું–જાણે સૂર્યનું મંડળ હોય તેમ જવાળાઓની પંક્તિથી વિકરાળ એવા તે ચક્રને પ્રગટ થયેલ જોઈને આયુધા-ગારના ઉપરી પુરુષે તેને નમસ્કાર કર્યો. પછી વિચિત્ર પુષ્પમાળાઓથી ચક્રને પૂજી હર્ષવંત થઇને તેણે સત્વર સગરરાજાને નિવેદન કર્યું. તે સાંભળી ગુરુના દર્શનની જેમ

સગરરાજાએ સિંહાસન, પાદપીઠ અને પાદુકા તત્કાળ છોડી દીધા. કેટલાએક પગલાં તેની સામા ચાલી ચક્રને મનમાં ધારીને તેણે નમસ્કાર કર્યો. **શસ્ત્રજીવીઓને પોતાનાં શસ્ત્રો દેવરૂપ છે.** પછી સિંહાસન પર બેસીને ચક્રની ઉત્પત્તિ નિવેદન કરનારા તે પુરુષને પોતાના અંગમાં રહેલાં સર્વ આભૂષણો તેમણે પારિતોષિકમાં આપ્યાં. ત્યારપછી પવિત્ર જળથી મંગળ-સ્નાન કરીને રાજાએ દિવ્ય વસ્ત્રાલંકાર ધારણ કર્યાં અને ચક્રરત્ન પૂજવાને પોતે પગે ચાલતા ચાલ્યા; કારણ કે **પગથી ચાલીને સામે જવું તે પૂજાથી પણ અધિક છે.** કિંકરોની જેમ દોડતા, અટકી જતા અને પડી જતા રાજાઓ સંભ્રમથી તેની પછવાડે ચાલ્યા; પૂજાદ્રવ્ય હાથમાં લઈ કેટલાક સેવકપુરુષો નહીં બોલાવ્યા છતાં પણ તેમની પાછળ ચાલ્યા; કારણ કે **અધિકારીઓને પોતાના અધિકારનો પ્રમાદ ભય ઉત્પન્ન કરે છે.** દેવ સહિત વિમાનની જેમ ચળકતા દિવ્ય તેજવાળા તે ચક્ર સહિત શસ્ત્રાગારમાં સગરરાજા આવ્યા. રાજાએ ગગનરત્ન[1] જેવા તે ચક્રરત્નને જોતાં જ પાંચ અંગથી પૃથ્વીનો સ્પર્શ કરી નમસ્કાર કર્યો. હાથમાં રોમહસ્ત[2] લઈને મહાવત જેમ શય્યામાંથી ઉઠેલા હાથીનું માર્જન કરે તેમ તેણે ચક્રનું માર્જન કર્યું. જળના કુંભ ભરીને લઈ આવતા પુરુષો પાસેથી જળ લઈને દેવપ્રતિમાની જેમ ચક્રને સ્નાન કરાવ્યું. તેના ઉપર તેને અંગીકાર કરવા માટે લગાડેલા પોતાના હસ્તની શોભાને અનુસરતા ચંદનનાં તિલક કર્યાં. વિચિત્ર પુષ્પોની માળાથી જળલક્ષ્મીના પુષ્પગૃહ જેવી ચક્રરત્નની પૂજા કરી અને પછી ગંધ અને વાસચૂર્ણ, પ્રતિષ્ઠાને સમયે દેવપ્રતિમાની ઉપર આચાર્ય ક્ષેપન કરે તેમ ચક્ર ઉપર ક્ષેપન કર્યાં. દેવતાને યોગ્ય મહામૂલ્યવાળાં વસ્ત્રા-લંકારોથી રાજાએ પોતાના શરીરની જેમ ચક્રરત્નને અલંકૃત કર્યું. આઠ દિશાઓની જય-લક્ષ્મીને આકર્ષણ કરવાને માટે અભિચારમંડળો હોય તેવાં આઠ મંગળો ચક્રની આગળ આલેખ્યાં. પંચવર્ણી પુષ્પોથી તેની પાસે વસંતની જેમ શ્રેષ્ઠ ગંધવાળો ઉપહાર (ઢગલો) કર્યો. તેની આગળ કર્પૂર અને અગુરુવાળો ધૂપ દહન કર્યો. તેના ધૂમ્રથી રાજા જાણે કસ્તૂરીનું વિલેપન કરતો હોય તેમ જણાવા લાગ્યો. પછી ચક્રને ત્રણ પ્રદક્ષિણા કરી જરા પાછા હઠી ચક્રીએ જયલક્ષ્મીને જન્મવાના સમુદ્રરૂપ ચક્રને ફરીથી નમસ્કાર કર્યો, અને નવી પ્રતિષ્ઠા કરેલા દેવને સંબંધે કરે તેમ તે ચક્રરત્નનો ચક્રીએ અષ્ટાન્હિક ઉત્સવ કર્યો. નગરીની પાદરદેવીની જેમ સર્વ પૌરલોકોએ પણ મોટી ઋદ્ધિથી ચક્રનો પૂજા મહોત્સવ કર્યો.

પછી દિગ્યાત્રા કરવાને ચક્રે જાણે વિચાર બતાવ્યો હોય તેમ ઉત્સુક થઈ રાજા પોતાને સ્થાને ગયા, અને ગંગામાં જેમ ઐરાવત હસ્તિ સ્નાન કરે તેમ સગરરાજાએ સ્નાનગૃહમાં જઈ પવિત્ર જળથી સ્નાન કર્યું. પછી રત્નસ્તંભની જેમ દિવ્ય વસ્ત્રથી પોતાના દેહને સાફ કરી રાજાએ ઉજ્જ્વળ દિવ્ય વસ્ત્રો ધારણ કર્યાં. ગંધકારિકાઓ આવીને ચંદ્રિકા-નો રસ કરેલો હોય તેવા નિર્મળ ગોશીર્ષચંદનના રસવડે રાજાને અંગરાગ (વિલેપન) કરવા લાગી. પછી રાજાએ પોતાના અંગના સંગથી અલંકારોને અલંકૃત કર્યાં. **આભૂ-ષણો પણ ઉત્તમ સ્થાનને પામીને વધારે શોભા પામે છે.**

પછી મંગલિક મુહૂર્તે પુરોહિતે જેને મંગલ કર્યું છે એવો રાજા ખડ્ગરત્નને ધારણ કરી દિગ્યાત્રા કરવાને માટે ગજરત્ન ઉપર આરૂઢ થયા. સેનાપતિ અશ્વરત્ન ઉપર બેસી,

---

૧ સૂર્ય. ૨ મોરપીંછાદિની પીંછી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હાથમાં દંડરત્ન લઈ રાજાની આગળ ચાલ્યો. સર્વ ઉપદ્રવ–ઝાકળને હરણ કરવામાં [1]દિનરત્ન સમાન પુરોહિતરત્ન રાજાની સાથે ચાલ્યો. ભોજનદાનમાં સમર્થ અને સૈન્યને મુકામે મુકામે ગૃહનો અધિપતિ એવો ગૃહીરત્ન જાણે જંગમ ચિત્રરસ નામનું કલ્પવૃક્ષ હોય તેમ સગર રાજાની સાથે ચાલ્યો. તત્કાળ નગર વિગેરેને રચવામાં સમર્થ, પરાક્રમવાળો, વિશ્વકર્મા સદૃશ વર્દ્ધકીરત્ન પણ રાજાની સાથે ચાલ્યો. ચક્રવર્ત્તીના કરસ્પર્શથી વિસ્તાર પામવાવાળા છત્રરત્ન અને ચર્મરત્ન અનુકૂળ પવનના સ્પર્શથી જેમ વાદળા ચાલે તેમ સાથે ચાલ્યા. અંધકારનો નાશ કરવામાં સમર્થ એવા મણિ અને કાંકિણીરત્ન જંબૂદ્વીપના લઘુરૂપ થયેલા જાણે બે સૂર્ય હોય તેમ સાથે ચાલ્યા. બહુ દાસીઓના પરિવારવાળું અંતઃપુર ત્રીયારાજ્યથી આવ્યું હોય તેમ ચક્રીની છાયાની જેમ સાથે ચાલ્યું. દિશાઓને પ્રકાશ કરતું હોવાથી દૂરથી જ દિગ્વિજયનો સ્વીકાર કરતું ચક્રરત્ન ચક્રવર્ત્તીના પ્રતાપની જેમ તેમની આગળ પૂર્વાભિમુખ ચાલ્યું. પુષ્કરાવર્ત્ત મેઘના શબ્દની જેવા પ્રયાણ વાજિંત્રોના શબ્દોથી દિગ્ગજોને ઉત્કર્ણ કરતો, ચક્ર સાથે ચાલતા અશ્વોની ખરીઓથી ઉખડીને ઊડેલી રજવડે સંપુટપુટની જેમ દ્યાવાભૂમિને[2] એક કરતો, રથ અને હસ્તિ ઉપર રહેલી ધ્વજાઓના અગ્રભાગમાં રચેલા પાડીન જાતિના મગરાદિથી જાણે આકાશરૂપી મહાસમુદ્રને જલજંતુ સહિત કરતો હોય તેમ જણાતો, સાત બાજુએ ઝરતા મદજળની ધારાવૃષ્ટિથી શોભતા હાથીઓની ઘટાના સમૂહથી દુર્દિનને બતાવતો, ઉત્સાહથી ઠેકડા મારતા હોવાથી જાણે સ્વર્ગમાં ચડવાને ઇચ્છતા હોય તેવા કોટીગમે પાયદળોથી પૃથ્વીને ચોતરફ ઢાંકી દેતો, સેનાપતિની જેમ આગળ ચાલતા અસહ્ય પ્રતાપવાળા અને સર્વત્ર અકુંઠિત શક્તિવાળા ચક્રરત્નથી શોભતો, સેનાનીએ ધારણ કરેલા દંડરત્નવડે હળથી ક્ષેત્રભૂમિની જેમ સ્થલાદિકમાં વિષમ થયેલી પૃથ્વીને સમ[3] કરતો અને દરરોજ એક એક યોજનના પ્રયાણથી ભદ્રદ્વીપની જેમ લીલાવડે રસ્તાને કાપતો એ ઇન્દ્રતુલ્ય મહારાજા કેટલાએક દિવસોએ પૂર્વદિશામાં ગંગાનદીના મુખ ઉપર તિલકસદૃશ માગધક્ષેત્ર સમીપે આવી પહોંચ્યો.

ત્યાં સગરચક્રીની આજ્ઞાથી વર્દ્ધકીરત્ને વિનીતાનગરીનો જાણે અનુજ બંધુ[4] હોય તેવો સ્કંધાવાર[5] રચ્યો. આકાશ સુધી ઊંચી અને વિશાળ એવી અનેક હસ્તિશાળાઓથી, મોટી ગુફાઓના જેવી હજારો અશ્વશાળાઓથી, વિમાનની જેવી હવેલીઓથી, મેઘની ઘટા જેવા મંડપોથી, જાણે એક બીજાએ કરી હોય તેવી સરખી આકૃતિવાળી દુકાનોથી અને શૃંગાટક વિગેરેની રચનાથી રાજમાર્ગની સ્થિતિને બતાવતો તે સ્કંધાવાર શોભતો હતો. નવ યોજન તેનો વિસ્તાર હતો અને બાર યોજન તેની લંબાઈ હતી. ત્યાં પૌષધશાળામાં રાજાએ માગધતીર્થકુમારદેવનું મનમાં ધ્યાન કરીને અઠ્ઠમતપ કર્યું, અને ત્રણ દિવસ પર્યંત સર્વ નેપથ્ય[6] છોડી, દર્ભના સંસ્તારાનો આશ્રય કરી, શસ્ત્ર રહિત અને બ્રહ્મચારી થઈ જાગ્રતપણે રહ્યા. અઠ્ઠમતપ પૂર્ણ થયું એટલે રાજાએ પૌષધગૃહથી નીકળી પવિત્ર જળથી સ્નાન કર્યું. પછી પાંડુવર્ણી ધ્વજાએ ઢંકાયેલા, નાના પ્રકારના હથિયારોથી ભરેલો હોવાથી ફીણ અને જલજંતુવાળા સમુદ્રની જેવા જણાતા, ચારે બાજુ લટકતી ચાર દિવ્ય ઘંટાઓથી, ચાર ચંદ્રસૂર્યોથી જેમ મેરુ શોભે તેમ શોભતા અને ઉચ્ચૈઃશ્રવા[7] અશ્વની જેવા

---

૧ સૂર્ય. ૨ આકાશ અને પૃથ્વીને. ૩ સપાટ. ૪ નાનો ભાઈ ૫ છાવણી. ૬ ચક્રપણાનો વેશ. ૭ ઇન્દ્રનો અશ્વ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉદ્ધત ગ્રીવાવાળા ઘોડાઓ જેને જોડેલા છે એવો જે મહારથ તે ઉપર આરૂઢ થયા. હાથી, ઘોડા, રથ અને પાયદલરૂપ ચતુરંગ સેનાથી ચાર પ્રકારની [1]નીતિવડે જેમ શોભે તેમ શોભતા, માથા ઉપર એક છત્ર અને પડખે બે ચામરો મળી ત્રણ વાનાથી જાણે ત્રણ જગત્‌માં વ્યાપતા યશરૂપ વલ્લીઓના ત્રણ અંકુરો હોય તેમ વિરાજતા એ રાજા હાથમાં ધનુષ ધારણ કરીને સમુદ્રમાં રથના પૈડાની નાભિ જેટલા ઊંડા જળમાં રથ સહિત પેઠા. પછી જયલક્ષ્મીરૂપ નાટિકાની નાંદીરૂપ ધનુષની પણછ તેણે હાથવતી બજાવી, અને ભંડારમાંથી રત્ન ગ્રહણ કરે તેમ ભાથામાંથી એક બાણ એંચ્યું. પછી ધાતકીખંડના મધ્યમાં રહેલા ઈષ્વાકાર પર્વતની જેવા તે બાણને ધનુષ સાથે જોડયું. પોતાના નામથી અંકિત થયેલા અને કર્ણના આભૂષણપણાને પામેલા એ સુવર્ણનાં તીક્ષ્ણ બાણને રાજાએ કર્ણ સુધી ખેંચ્યું, અને આકાશમાં ગરૂડની જેમ પાંખોથી સુસવાટ કરતું તે બાણ માગધતીર્થના અધિપતિ તરફ છોડયું. નિમેષમાત્રમાં બાર યોજન સમુદ્ર ઓળંગીને તે બાણ માગધતીર્થકુમારદેવની સભામાં જઈને પડયું. અકાળે વિદ્યુત્પાતની જેમ પડેલા તે બાણને જોઈને તત્કાળ ભ્રકુટીના ભંગવડે ભયંકર એ દેવ કોપાયમાન થયો. પછી જરા વિચાર કરી પોતે ઊઠી તે બાણ હાથમાં લીધું એટલે તેમાં સગરચક્રીના નામાક્ષર જોવામાં આવ્યા. હાથમાં બાણ રાખી ફરીથી પોતાના સિંહાસન ઉપર બેઠો અને ગંભીર ગિરાથી પોતાની સભામાં આ પ્રમાણે બોલ્યો-"જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં **સગર** નામે હાલ બીજા ચક્રવર્ત્તી થયેલ છે. થઇ ગયેલા, થવાના અને વર્ત્તતા એવા મગધપતિઓએ ચક્રવર્ત્તીઓને ભેટ કરવી તે તેમનું અવશ્ય કૃત્ય છે." આવી રીતે કહીને ભેટણાવડે ભૃત્યની જેમ આચરણ કરતો એ માગધપતિ વિનય સહિત સગરચક્રીની સામે આવ્યો. તેણે આકાશમાં રહીને ચક્રીએ મૂકેલું બાણ તથા હાર, બાજુબંધ, કર્ણાભરણ, કટકાદિક આભૂષણો, નેપથ્ય અને દેવદૂષ્ય વસ્ત્રો રાજાને અર્પણ કર્યાં. વાર્તિક જેમ રસેંદ્રને આપે તેમ માગધતીર્થનું જળ તેણે રાજાને અર્પણ કર્યું. પછી પદ્મકોશ જેવી અંજલિ જોડીને તેણે ચક્રવર્ત્તીને કહ્યું-'આ ભરતક્ષેત્રમાં પૂર્વ દિશાના પ્રાંતભાગમાં એક સામંતની જેમ હું તમારો આદેશકારક થઇને રહેલો છું.' ચક્રીએ તેને ભૃત્યપણે કબૂલ રાખીને પોતાના દુર્ગપાલની જેમ સત્કારપૂર્વક વિદાય કર્યો. પછી ઉદય પામતા સૂર્યની જેમ પોતાના તેજથી દિશાઓને પૂરી દેતા સગરચક્રી સમુદ્રમાંથી રથ સાથે નીકળ્યા. ત્યાંથી પોતાની છાવણીમાં આવીને રાજાઓમાં ગજેંદ્ર સમાન તે મહારાજાએ સ્નાન અને દેવાર્ચનપૂર્વક પરિવાર સહિત પારણું કર્યું. અને ત્યાં માગધતીર્થના અધિપતિનો અષ્ટાન્હિકા ઉત્સવ કર્યો; કારણ કે **સેવકોનું માહાત્મ્ય સ્વામી જ વધારે છે.**

ત્યારપછી સર્વ દિગ્‌વિજયની લક્ષ્મીઓને અર્પણ કરવામાં જામીન સમાન ચક્રરત્ન દક્ષિણદિશા તરફ ચાલ્યું. પોતાના સૈન્યથી પર્વત સહિત પૃથ્વીને ચલાયમાન કરતા ચક્રવર્ત્તી દક્ષિણ અને પશ્ચિમદિશાના મધ્યમાર્ગે ચક્રની પછવાડે ચાલ્યા. સર્વ દિગ્વિજય કરવામાં દૃઢ પ્રતિજ્ઞાવાળા સગરરાજા માર્ગમાં કેટલાએક રાજાઓને વૃક્ષોને જેમ પવન ઉખેડી નાંખે તેમ રાજ્યથી ઉઠાડી મૂકતા હતા, કેટલાએકને શાળીના છોડની જેમ પાછા રાજ્ય ઉપર બેસાડતા હતા, જાણે ઊંચા કીર્તિસ્તંભ હોય તેવા કોઈને રાજ્ય ઉપર નવા

૧ સામ, દામ, ભેદ ને દંડ.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બેસારતા હતા, વેતસજાતનાં વૃક્ષોને નદીનું પૂર નમાવી દે તેમ કોઈને નમાવીને છોડી મૂકતા હતા, કેટલાએકની આંગળીઓને છેદતા હતા, કોઈની પાસેથી રત્નોનો દંડ ગ્રહણ કરતા હતા, કોઈની પાસેથી હાથી, ઘોડા છોડાવતા હતા અને કોઈના છત્રો મૂકાવતા હતા–એમ કરતાં કરતાં અનુક્રમે તે દક્ષિણ સમુદ્રને કિનારે આવી પહોંચ્યા. ત્યાં હાથીના સ્કંધ ઉપરથી ઉતરી ક્ષણવારમાં થયેલી છાવણીની અંદર ઈંદ્ર જેમ વિમાનમાં વાસ કરે તેમ ચક્રવતીએ એક વાસગૃહમાં નિવાસ કર્યો, અને પૌષધશાળામાં જઈ અઠ્ઠમતપ કરી વરદામ નામના ત્યાંના અધિષ્ઠાયક દેવનું ધ્યાન કરી પૌષધ ધારણ કરીને રહ્યા. અષ્ટમભક્તની પ્રાંતે પૌષધવ્રત પારીને સૂર્યમંડલમાંથી લાવેલા હોય તેવા રથમાં બેઠા. જેમ રવૈયો છાશ ફેરવાની ગોળીમાં પ્રવેશ કરે તેમ રથવડે તેમણે રથની નાભિ સુધી સમુદ્રજલનું અવગાહન કર્યું. પછી ધનુષ્ય ઉપર પણછ ચડાવીને ત્રાસથી વિહ્વળ થયેલા અને કર્ણ નમાવીને રહેલા જલચરોએ ભયભ્રાંતપણે સાંભળ્યો એવો ટંકાર કર્યો અને વાદી જેમ રાફડામાંથી સર્પને પકડે તેમ ભયંકરમાં પણ ભયંકર એવું એક બાણ ભાથામાંથી ગ્રહણ કર્યું. તે બાણને ધનુષ ચડાવી કાંઇ વિજ્ઞપ્તિ કરવાને આવેલા સેવકની જેમ પોતાના કાન પાસે લાવીને ઈન્દ્ર જેમ પર્વત ઉપર વજ્ર નાંખે તેમ વરદામપતિના સ્થાન તરફ નાખ્યું. પોતાની સભામાં બેઠેલા વરદામકુમાર દેવની આગળ અકાળે મુદ્ગરના આઘાત જેવું તે બાણ આવીને પડયું. 'આ અકાળે કાળે કોનું પાનીયું ઉખેળ્યું ?' એમ બોલતા વરદામપતિએ ઊઠીને તે બાણ ગ્રહણ કર્યું; પણ તેની ઉપર સગરરાજાના નામાક્ષરો જોઈને સર્પ જેમ નાગદમની ઔષધિને જોઇ શાંત થઈ જાય તેમ તે શાંત થઇ ગયો અને તેણે પોતાની સભામાં આ પ્રમાણે કહ્યું—"જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રની અંદર સગર નામે બીજા ચક્રવર્તી ઉત્પન્ન થયા છે. વિચિત્ર વસ્ત્રોથી અને મહામૂલ્યવાળાં રત્નાલંકારોથી ઘેર આવેલા દેવની જેમ એ ચક્રવર્ત્તી મારે પૂજવા યોગ્ય છે." એવી રીતે કહી, ભેટ લઇને તત્કાળ તે રથમાં રહેલા ચક્રવર્ત્તીની પાસે આવી અંતરીક્ષમાં ઊભો રહ્યો. મુગટરત્ન, મોતીની માળાઓ, બાજુબંધ અને કડાં વિગેરે ભંડારીની પેઠે તેણે અર્પણ કર્યાં અને તે બાણ પણ પાછું આપ્યું. પછી કહ્યું કે-'આજથી ઈંદ્રની જેવા મારા દેશમાં પણ હું તમારો આજ્ઞાકારી થઇને વરદામતીર્થના અધિપતિપણે રહીશ.' કૃતજ્ઞ એવા ચક્રવર્ત્તીએ તેની ભેટ લઇ, તેનું વચન સ્વીકારી, તેનો સત્કાર કરીને વિદાય કર્યો. પછી જલઘોડાને જોઇ જેના રથના ઘોડા હેષારવ કરી રહ્યા છે એવા ચક્રવર્ત્તી ચક્રના માર્ગને અનુસરી ત્યાંથી પાછા વળ્યા અને પોતાની છાવણીમાં આવી, રથમાંથી ઉતરી, સ્નાન તથા જિનપૂજા કરી અઠ્ઠમતપનું પારણું કર્યું. પછી વરદામકુમારનો મોટો અષ્ટાન્હિક ઉત્સવ કર્યો; કારણ કે ઈશ્વરી પુરુષો પોતાના ભક્તોનું માન વધારનારા હોય છે.

ત્યાંથી ચક્રરત્નના માર્ગને અનુસરી તે પૃથ્વીપતિ સૈન્યની રજથી સૂર્યને ઢાંકતા પશ્ચિમ દિશા તરફ ચાલ્યા. ગરુડ બીજાપક્ષીઓને નસાડે તેમ દ્રાવિડદેશના રાજાઓને નસાડતા, સૂર્ય જેમ ઘુવડને અંધ કરે તેમ આંધ્રદેશના રાજાઓને અંધ કરતા, ત્રણ જાતનાં ચિહ્નોથી (વાત, પિત્ત અને કફનાં વિકાર ચિહ્નોથી) પ્રાણીની જેમ કલિંગદેશના રાજાઓનાં રાજ્યચિહ્નો છોડાવતા, દર્ભના સંસ્કારમાં રહ્યા હોય તેમ વિદર્ભદેશના રાજાઓને નિઃસત્ત્વ કરતા, કાપડીઓ જેમ સ્વદેશનો ત્યાગ કરે તેમ મહારાષ્ટ્ર દેશના રાજાઓને રાષ્ટ્ર (દેશ) નો ત્યાગ કરાવતા, બાણોથી આંક કાઢેલા ઘોડાઓની જેમ કોંકણ દેશના રાજાઓને બાણોથી અંકિત કરતા, તાપસોની જેમ લાટ દેશના રાજાઓને લલાટ ઉપર અંજલિ

JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાખનાશ કરતાં, મોટા કાચબાઓની જેમ કચ્છ દેશના સમગ્ર રાજાઓને ચોતરફથી સંકોચ કરાવતા અને ક્રૂર એવા સોરઠ દેશના રાજાઓને દેશની પેઠે પોતાને વશ કરતા મહારાજા ચક્રવર્તી અનુક્રમે પશ્ચિમ સમુદ્રના કિનારા ઉપર આવ્યા. ત્યાં છાવણી નાંખી પ્રભાસતીર્થના અધિષ્ઠાયક દેવને હૃદયમાં ધારણ કરી, અઠ્ઠમતપ આદરી પૌષધશાળામાં તેમણે પૌષધ ગ્રહણ કર્યો. અઠ્ઠમને અંતે સૂર્યની જેમ મોટા રથ ઉપર બેસી ચક્રવર્તીએ રથની નાભિ સુધી સમુદ્રજળમાં પ્રવેશ કર્યો. પછી બાણના પ્રયાણના કલ્યાણકારી જયવાજિંત્રના શબ્દની જેવો ધનુષ ઉપર પણછ ચડાવીને ટંકાર શબ્દ કર્યો અને પ્રભાસતીર્થના દેવના નિવાસની સામું સંદેશહારી (સંદેશો લઈ જનાર દૂતની જેવું પોતાના નામથી અંકિત બાણ મૂક્યું. ગરુડ જેમ ઝાડ ઉપર ચડે તેમ તે બાણ બાર યોજન દૂર રહેલી પ્રભાસ દેવની સભામાં આવીને પડ્યું. બુદ્ધિવંતમાં શ્રેષ્ઠ એવા તે દેવે બાણને જોઈ તેમાં સગરચક્રીના નામના વર્ણો વાંચ્યા કે તરત જ ભેટ ગ્રહણ કરી તે બાણને સાથે રાખી અતિથિ થયેલા ગુરુની સામે જાય તેમ પ્રભાસપતિ ચક્રવર્તીની સામે ગયો અને આકાશમાં રહીને મુગટ, મણિ, પદક, કડાં, કટિસૂત્ર, બાજુબંધ અને તે બાણ ચક્રવર્તીને અર્પણ કર્યાં. પછી નમ્ર થઈ વિનીતાપતિને કહ્યું--'હે ચક્રવર્તી ! આજથી મારા સ્થાનમાં હું આપનો આજ્ઞાકારી થઈને રહીશ.' પછી ચક્રવર્તીએ ભેટ ગ્રહણ કરી, આદરથી બોલાવી, પ્રભાસપતિને એક ભૃત્યની જેમ વિદાય કર્યો. ત્યાંથી પોતાની છાવણીમાં પાછા આવી, સ્નાન તથા જિનાર્ચન કરી પરિવાર સાથે અષ્ટમભક્તનું પારણું કર્યું અને પ્રસન્ન થયેલા ચક્રીએ વરદામપતિની જેમ પ્રભાસપતિનો પણ અષ્ટાન્હિકોત્સવ કર્યો.

JAINSITE જૈન શાસન

ત્યાંથી ચક્રની પછવાડે પાછી વળતી નદીની જેમ પોતાની સેના સાથે સિંધુના દક્ષિણ તટથી પૂર્વાભિમુખ ચાલ્યા. માર્ગમાં સિંધુદેવીના મંદિરની નજદિક આકાશમાં તરતના ઉતરેલા ગંધર્વનગરની જેવી પોતાની છાવણી નાંખી અને સિંધુદેવીને મનમાં ધારીને અષ્ટમ તપ કર્યો; તેથી સિંધુ દેવીનું રત્નાસન કંપાયમાન થયું. અવધિજ્ઞાનથી ચક્રી આવ્યા એમ દેવીએ જાણ્યું કે તરતજ ભક્તિપરાયણ તે દેવી હાથમાં ભેટ લઈ સામે આવી અને આકાશમાં રહીને ભંડારની જેવા એક હજાર ને આઠ રત્નના કુંભ, મણિરત્નોથી વિચિત્ર બે સોનાનાં ભદ્રાસન, બાજુબંધ અને કડાં વિગેરે રત્નના અલંકાર તથા દેવદૂષ્ય વસ્ત્રો ચક્રવર્તીને અર્પણ કર્યાં. પ્રાંતે તેણે કહ્યું-'હે નરદેવ ! તમારા દેશમાં રહેનારી હું તમારી દાસીની જેમ વર્તીશ, મને આજ્ઞા કરો.' અમૃતના ગંડૂષની જેવી વાણીથી તેનો સત્કાર કરી વિદાય કરીને ચક્રવર્તીએ અઠ્ઠમતપનું પારણું કર્યું અને પછી પૂર્વની જેમ સિંધુદેવીનો અષ્ટાન્હિકા ઉત્સવ કર્યો, કારણ કે **મોટી ઋદ્ધિવાળા મહાત્માઓને પગલે પગલે ઉત્સવો હોય છે.**

પોતાની બંધનશાળામાંથી જેમ હસ્તિ નીકળે તેમ લક્ષ્મીના ધામરૂપ આયુધશાળામાંથી નીકળીને ચક્ર ત્યાંથી ઉત્તરપૂર્વના મધ્યમાં ચાલ્યું. તેની પછવાડે જતાં ચક્રવર્તી કેટલાએક દિવસે વૈતાઢ્ય મહાગિરિના દક્ષિણ નિતંબને પ્રાપ્ત થયા. વિદ્યાધરના નગરની જેવી ત્યાં છાવણી નાંખીને તેમણે વૈતાઢ્યકુમારને મનમાં ધારી અષ્ટમ તપ કર્યો. ચક્રવર્તીનો અઠ્ઠમ તપ પૂરો થયો એટલે વૈતાઢ્યાદ્રિકુમારદેવનું આસન કંપાયમાન થયું. અવધિ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ્ઞાનથી તેણે ભરતાર્દ્ધની અવધિ ઉપર આવેલા સગર ચક્રીને જાણ્યા. તેમની સમીપે આવીને દિવ્ય રત્ન, વીરાસન, ભદ્રાસન અને દેવદૂષ્ય વસ્ત્રો આકાશમાં રહીને આપ્યાં. વળી હર્ષ પામીને મહારાજાને સ્વસ્તિવાચકની પેઠે 'ઘણું જીવો ! ઘણો આનંદ પામો ! અને ઘણો કાળ વિજય પામો !' એમ આશીર્વચન કહ્યું. પોતાના પ્રિય બાંધવની જેમ તેને ગૌરવતાથી બોલાવી ચક્રવર્તીએ વિદાય કર્યો અને અઠ્ઠમ તપનું પારણું કર્યું તેમજ પોતાના પ્રસાદરૂપી પ્રાસાદમાં સુવર્ણકલશ સમાન તેનો અષ્ટાન્હિક ઉત્સવ કર્યો.

પછી ચક્રને અનુસરી તમિસ્રા ગુફાની પાસે જઈને તેની સમીપે સિંહની જેમ છાવણી કરી નિવાસ કર્યો. ત્યાં કૃતમાલ નામના દેવને મનમાં ધારીને અઠ્ઠમતપ કર્યું. **મહાન્ પુરુષો પણ કરવા યોગ્ય કાર્યને છોડતા નથી.** અઠ્ઠમ તપનું ફળ પરિણામ પામ્યું એટલે તેનું આસન કંપ્યું. **તેવા પુરુષોનો અભિયોગ થતાં પર્વતો પણ કંપે છે.** કૃતમાલદેવ અવધિજ્ઞાનથી ચક્રવર્તીને આવેલા જાણી સ્વામીની પાસે આવે તેમ આકાશમાં આવી ઊભો રહ્યો. તેણે સ્ત્રી-રત્નને યોગ્ય ચૌદ તિલકો આપ્યાં, સારો વેષ, વસ્ત્રો, ગંધચૂર્ણ, માળા વિગેરે ભેટ કર્યા અને 'હે દેવ ! આપ જય પામો' એમ કહી ચક્રવર્તીની સેવા સ્વીકારી **દેવતાઓને અને મનુષ્યોને ચક્રવર્તી સેવવા યોગ્ય છે.** ચક્રવર્તીએ પ્રસાદપૂર્વક બોલાવી તેને વિદાય કર્યો અને પરિવાર સહિત અઠ્ઠમભક્તને અંતે પારણું કર્યું. ત્યાં સગરરાજાએ આદરપૂર્વક કૃતમાલ દેવનો અષ્ટાન્હિક ઉત્સવ કર્યો; કારણ કે 'એ કૃત્ય દેવતાઓને પ્રીતિદાયક છે.'

અષ્ટાન્હિક ઉત્સવ પૂરો થયા પછી ચક્રવર્તીએ પશ્ચિમ દિશાના સિંધુનિષ્કૂટને જીતવા જવાને માટે અર્દ્ધ સૈન્ય સાથે સેનાપતિરત્નને આજ્ઞા કરી. સેનાપતિએ અંજલિ જોડીને પુષ્પમાળાની જેમ એ આજ્ઞાને મસ્તક નમાવી સ્વીકારી. પછી સેનાપતિ ચતુરંગ સૈન્યથી પરિવારિત થઈ હસ્તિરત્ન ઉપર ચડી સિંધુના પ્રવાહની સમીપે આવ્યો. પોતાના ઉગ્ર તેજથી જાણે ઈંદ્ર કે સૂર્ય હોય તેમ બળવાન એવો તે સેનાપતિ પરાક્રમી તરીકે ભારતવર્ષમાં વિખ્યાત હતો. સર્વ મ્લેચ્છ લોકોની ભાષા તે જાણતો હતો, સર્વ લિપિમાં પંડિત હતો અને જાણે સરસ્વતીનો પુત્ર હોય તેમ વિચિત્ર સુંદર ભાષણ કરતો હતો. આ ભરતખંડમાં રહેલા, સર્વ નિષ્કૂટો (દેશોના અને જળસ્થળ સંબંધી કિલ્લાઓના જવાઆવવાના માર્ગને તે જાણતો હતો. જાણે શરીરધારી ધનુર્વેદ હોય તેમ સર્વ આયુધમાં તે વિચક્ષણ હતો. તેણે સ્નાન કરી પ્રાયશ્ચિત અને કૌતુકમંડલ કર્યું. શુક્લપક્ષમાં જેમ થોડાં નક્ષત્રો દેખાય તેમ છૂટા છૂટા મણિઓના આભૂષણો પહેર્યાં, ઈંદ્રધનુષ સહિત મેઘની જેમ ધીર એવા તેણે ધનુષ ધારણ કર્યું, પરવાળાના વિસ્તારવાળા સમુદ્રની જેમ ચર્મરત્ન ધારણ કર્યું અને પુંડરીક કમલથી સરોવરની જેમ ઊંચા કરેલા દંડરત્નથી તે શોભવા લાગ્યો. ખભા ઉપર શ્રીખંડના (ચંદન) સ્થાસક (થાપા) કર્યા હોયની તેમ બે બાજુ વીંઝાતા ચામરોથી તે શોભતો હતો અને ગર્જારવવડે વરસાદની જેમ વાજિંત્રોના નાદવડે આકાશને ગર્જાવતો હતો. એવી રીતે સજ્જ થએલા સેનાપતિએ સિંધુ નદીના પ્રવાહ પાસે આવી પોતાના હાથથી ચર્મરત્નને સ્પર્શ કર્યો, એટલે તે વૃદ્ધિ પામીને સિંધુમાં વહાણની આકૃતિવાળું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થઈ ગયું. તેનાવડે સેનાપતિ સેના સહિત સિંધુ નદી ઊતર્યો. લોઢાને ખીલેથી જેમ ઉન્મત્ત હાથી છૂટે તેમ મહાબળવાન તે સેનાપતિ સિંધુના પ્રવાહને ઉતરીને સેના સાથે ચારે બાજુ પ્રસર્યો. સિંહલ જાતિના, બર્બર જાતિના, ટંકણ જાતિના અને બીજા પણ મ્લેચ્છોનું તેમજ યવનદ્વીપનું તેણે આક્રમણ કર્યું. કાલમુખ, જોનક અને વૈતાઢ્ય પર્વતના મૂળમાં નાના પ્રકારની મ્લેચ્છ જાતિઓનો તેણે સ્વચ્છંદ રીતે દંડ લીધો. સર્વ દેશોમાં શ્રેષ્ઠ એવા કચ્છ-દેશના મોટા વૃષભની જેમ લીલાથી એ પરાક્રમી સેનાનીએ ઉપદ્રવયુક્ત કર્યો. ત્યાંથી પાછા વળી સર્વ મ્લેચ્છોને જીતી, ત્યાંના સપાટ મેદાનમાં જળક્રીડા કરીને નીકળેલા હસ્તિની જેમ તેણે પડાવ કર્યો. મ્લેચ્છ લોકો સંબંધી મંડળ, નગર અને ગામડાંઓનાં અધિપતિઓ જાણે પાસલાથી આકર્ષાયા હોય તેમ સર્વે તત્કાળ ત્યાં આવ્યા. જાતજાતના આભૂષણો, રત્ન, વસ્ત્ર, રૂપું, સોનું, ઘોડા, હાથી, રથ અને બીજી પણ જે જે શ્રેષ્ઠ વસ્તુઓ પોતાની પાસે હતી તે સર્વે જાણે થાપણ મૂકેલી પાછી આપે તેમ તેઓએ સેનાનીને અર્પણ કરી અને અંજલી જોડીને તેઓએ કહ્યું કે–'અમે સેવકોની જેમ તેમને કર આપનારા તથા વશ રહેનારા થઇને રહીશું'. તેમની ભેટ સ્વીકારીને સેનાપતિએ તેઓને વિદાય કર્યા અને પછી પૂર્વની જેમ ચર્મરત્નથી સિંધુ ઉતર્યો. ચક્રવર્ત્તી પાસે આવીને તે સર્વ ચક્રવર્ત્તીને આપ્યું. **શક્તિવંતને પોતાની શક્તિવડે જ સર્વ પ્રકારની લક્ષ્મી દાસીની પેઠે સ્વયમેવ પ્રાપ્ત થાય છે.** નદીઓ જેમ સમુદ્રને મળવા આવે તેમ દૂર દૂરથી આવીને અનેક રાજાઓ જેમની સેવા કરે છે એવા ચક્રવર્ત્તી ત્યાં ઘણા દિવસ છાવણી નાખીને રહ્યા.

JAINSITE
જૈનમ્ જયતિ શાસનમ્

એકદા તમિસ્રા ગુફાના દક્ષિણ દ્વારનાં કમાડ ઉઘાડવાને માટે તેમણે દંડરત્નરૂપ કુંચિકાને ધારણ કરનારા સેનાપતિને આજ્ઞા કરી. તેણે તમિસ્રા ગુફા પાસે જઈ તેના અધિષ્ઠાયક કૃતમાળદેવને ધારી અઠ્ઠમ તપ કર્યું, કારણ કે **દેવતાઓ તપથી ગ્રાહ્ય થાય છે.** અઠ્ઠમ-તપને છેડે સ્નાનવિલેપન કરી, શુદ્ધ વસ્ત્ર ધારણ કરી, ધૂપધાણાને હાથમાં લઈને દેવતાની સામે જાય તેમ તે ગુફા સમીપે ગયા. ગુફાને દેખતાં જ સેનાપતિએ પ્રણામ કર્યો અને દ્વારપાળની જેમ તેના દ્વાર સામે હાથમાં દંડરત્ન રાખીને ઊભા રહ્યા. ત્યાં અષ્ટાન્હિકોત્સવ કરી, અષ્ટ મંગળિક આલેખી સેનાપતિએ દંડરત્નથી તેના કમાડ ઉપર તાડન કર્યું; એટલે સડસડાટ શબ્દ કરતાં તે કમાડો સુકાયેલા શિંબાના સંપુટની પેઠે ઊઘડી ગયાં. સડસડાટ શબ્દના ઘોષથી કમાડનું ઉઘડવું ચક્રવર્ત્તીએ જાણ્યું હતું, તો પણ સેનાપતિએ પુનરુક્તિની પેઠે તે હકીકત નિવેદન કરી. પછી ચતુરંગ સેના સહિત ચક્રવર્ત્તી હસ્તિરત્ન ઉપર આરૂઢ થઈને જાણે એક દિક્પાળ હોય તેમ ત્યાં આવ્યા. હસ્તિરત્નના જમણા કુંભસ્થળ ઉપર દીવી ઉપર દીપકની જેમ પ્રકાશમાન મણિરત્ન મૂક્યું. પછી અસ્ખલિત ગતિવાળા કેસરીસિંહની જેમ ચક્રવર્ત્તીએ ચક્રની પછવાડે પચાસ યોજન લંબાઈવાળી તમિસ્રા ગુફામાં પ્રવેશ કર્યો, અને તે ગુફાની બંને બાજુની ભીંતો ઉપર ગોમૂત્રિકાને આકારે પાંચ સો ધનુષ વિસ્તારવાળા અને અંધકારનો નાશ કરવાને સમર્થ એવાં એક એક યોજનને આંતરે ઓગણપચાસ મંડળ કાકિણીરત્નથી કર્યાં. (તે ઉઘાડેલું ગુફાનું દ્વાર અને તેમાં કરેલા કાકિણીરત્નનાં મંડળો જ્યાંસુધી ચક્રવર્ત્તી જીવે અથવા દીક્ષા લે ત્યાં સુધી રહે છે.) માનુષોત્તર પર્વતની ફરતી રહેલી ચંદ્ર-સૂર્યની શ્રેણીને અનુસરતા તે મંડળો હોવાથી તેનાથી બધી ગુફામાં પ્રકાશ થઈ રહ્યો. પછી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચક્રવર્ત્તી તે ગુફાની પૂર્વ દિશાની ભીંતમાંથી નીકળીને પશ્ચિમ ભીંતના મધ્યમાં જતી ઉન્મગ્ના નિમગ્ના નામની બે સમુદ્રગામી નદીઓ આગળ આવ્યા. ઉન્મગ્ના નદીમાં નાખેલી મોટી શિલા પણ તરે છે અને નિમગ્ના નદીમાં નાખેલી તુંબડી પણ ડૂબી જાય છે. ત્યાં વર્દ્ધકી રત્ને તત્કાળ બાંધેલી પાગવડે ચક્રવર્ત્તી સર્વ સૈન્યની સાથે ઘરના એક જલપ્રવાહની જેમ તે નદીઓ તરી ગયા. અનુક્રમે તમિસ્રાના ઉત્તર દ્વાર પાસે આવ્યા, એટલે તેના કમાડ કમળના કોશની જેમ પોતાની મેળે ઉઘડી ગયાં. પછી હાથી ઉપર બેઠેલા સગર ચક્રવર્તી સૂર્ય જેમ વાદળામાંથી નીકળે તેમ પરિવાર સહિત ગુફામાંથી બહાર નીકળ્યા.

ત્યાં દુઃખકારક છે પતન જેમનું એવા અને પોતાના ભુજમદથી ઉદ્ધત એવા આપાત જાતિના ભીલ્લ લોકોએ સાગરની જેમ આવતા તે ચક્રવર્ત્તીને જોયા. ચક્રી પોતાનાં અસ્ત્રોના પ્રકાશથી ચંદ્ર–સૂર્યને પણ તિરસ્કારનું કારણ થતા હતા, પૃથ્વીની રજથી ખેચરની સ્ત્રીઓની દૃષ્ટિને વિશેષ નિમેષ આપતા હતા, પોતાના સૈન્યભારથી પૃથ્વીને કંપાવતા હતા અને તેના તુમુલ શબ્દોથી સ્વર્ગ અને પૃથ્વીને બહેરાશ ઉત્પન્ન કરતા હતા. તે સમયે અવસર વિના જાણે કાંડપટમાંથી નીકળ્યા હોય, આકાશમાંથી જાણે નીચે આવતા હોય અથવા પાતાળમાંથી જાણે ઉઠયા હોય તેવા તે જણાતા હતા, અગણિત સૈન્યથી તે ગહન જણાતા અને આગળ ચાલતા ચક્રથી તે ભયંકર લાગતા હતા. આવા ચક્રવર્ત્તીને આવતા જોઈ તેઓ તત્કાળ ક્રોધ અને ઉપહાસ્યથી માંહોમાંહે બોલવા લાગ્યા–'હે સર્વે બલવંત પુરુષો ! તમે બોલો કે અપ્રાર્થિત (મૃત્યુ) ની પ્રાર્થના કરનાર; લક્ષ્મી, લજ્જા, બુદ્ધિ, કીર્ત્તિથી વર્જિત, લક્ષણ રહિત, પોતાના આત્માને વીર માનનાર અને માનથી અંધ થયેલો આ કોણ આવ્યો છે ? અરે ! કેવી ખેદકારક વાત છે કે આ જટીઓ કેસરીસિંહના અધિષ્ઠિત સ્થાનમાં પેસે છે !' એમ કહીને મહાપરાક્રમી તે મ્લેચ્છ રાજાઓ અસુરો જેમ ઈન્દ્રને ઉપદ્રવ કરે તેમ ચક્રવર્ત્તીની આગળ રહેલા સૈન્યને ઉપદ્રવ કરવા લાગ્યા. ક્ષણવારમાં તે આગળ રહેલ સૈન્યમાંથી હસ્તિ ભાગી ગયા, ઘોડા નાસી ગયા અને રથોની ધરીઓ ભાંગી ગઈ; અર્થાત્ બધું અગ્રસૈન્ય પરાવર્ત્તનભાવને પામી ગયું. ભીલ્લ લોકોએ નષ્ટ કરેલું પોતાનું સૈન્ય જોઈને ચક્રવર્ત્તીના સેનાપતિ ક્રોધાયમાન થઈને સૂર્યની જેમ અશ્વરત્ન ઉપર આરૂઢ થયા અને મહાપરાક્રમી તે સેનાપતિ નવા ઊગેલા ધૂમકેતુની જેવા ખડ્ગરત્નનું આકર્ષણ કરીને પવનની પેઠે દરેક મ્લેચ્છની સામે દોડવા લાગ્યા. હસ્તિ વૃક્ષનો પરાભવ કરે તેમ કેટલાએકને તેણે ઉન્મૂલન કર્યા, કેટલાએકને ચૂર્ણ કરી નાખ્યા અને કેટલાએક મ્લેચ્છોને પાડી નાખ્યા.

સેનાપતિએ ભગાડેલા કિરાતો નિર્બળ થઈને પવને ઉડાડેલા રૂની જેમ ઘણા યોજન સુધી નાસી ગયા. તેઓ દૂર જઈને સિંધુનદીના ઉપર એકઠા થઈ, રેતીનો સંથારો કરી નગ્ન થઈને બેઠા. તેઓએ અત્યંત અમર્ષથી પોતાના કુલદેવતા મેઘકુમાર અને નાગકુમાર દેવોને ઉદ્દેશીને અટ્ઠમભક્ત કર્યાં. અટ્ઠમને અંતે તે દેવતાઓનાં આસનો કંપ્યાં અને નજરે જુએ તેમ અવધિજ્ઞાનવડે તેમણે કિરાત લોકોને તે સ્થિતિમાં રહેલા જોયા. કૃપાથી પિતાની જેમ તેમની પીડાવડે થઈ છે પીડા જેમને એવા તે મેઘકુમારો તેમની સમીપે આવીને અંતરિક્ષમાં રહી કહેવા લાગ્યા—'હે વત્સો ! તમે કયા હેતુથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવી રીતે રહ્યા છો તે તત્કાળ કહો કે જેથી અમે તેનો પ્રતિકાર કરીએ. કિરાતે કહેવા લાગ્યા—"દુઃખે પ્રવેશ કરી શકાય એવા આ અમારા દેશમાં સમુદ્રમાં વડવાનળ પેસે તેમ કોઈએ પ્રવેશ કરેલો છે. તેનાથી પરાભવ પામેલા અમે તમારે શરણે આવ્યા છીએ, તેથી તમે એમ કરો કે જેથી તે પાછા જતા રહે અને ફરીથી અહીં આવે નહીં." દેવતાઓ કહેવા લાગ્યા—"જેમ પતંગીઓ અગ્નિને ન ઓળખે તેમ તમે એનાથી અજાણ્યા છો. આ સગર નામે ચક્રવર્ત્તી મહાપરાક્રમી છે અને સુર તથા અસુરોથી ન જીતી શકાય તેવો છે. તેનું ઇન્દ્રના જેવું પરાક્રમ છે. તે ચક્રવર્ત્તી શસ્ત્ર, અગ્નિ, ઝેર, મંત્ર જળ, અને તંત્રવિદ્યાથી અગોચર છે, તેમજ વજ્રની જેમ કોઇથી પણ ઉપદ્રવ કરવાને શક્ય નથી; તથાપિ તમારા ઘણા આગ્રહથી મચ્છર ઉપદ્રવ કરે તેમ અમે એ પરાક્રમી ચક્રવર્ત્તીને ઉપદ્રવ કરશું." એમ કહીને તે મેઘકુમાર દેવતાઓએ ત્યાંથી તિરોહિત થઈ ચક્રવર્ત્તીની છાવણી ઉપર રહી ભયંકર દુર્દિન પ્રગટ કર્યું. ગાઢ અંધકારથી દિશાઓને એવી રીતે પૂરી દીધી કે જેથી જન્માંધ માણસની જેમ કોઈ પણ માણસ કોઈને ઓળખી શકે નહીં. પછી તેઓ મુશળના જેવી ધારાઓથી સાત રાત્રિ સુધી તેની છાવણી ઉપર પવનની જેમ કંટાળા રહિતપણે વર્ષવા લાગ્યા. પ્રલયકાળની જેવી તે વૃષ્ટિ જોઈને ચક્રવર્ત્તીએ પોતાના હસ્તકમળથી ચર્મરત્નને સ્પર્શ કર્યો. તત્કાળ ચર્મરત્ન લશ્કરના પડાવ જેટલું વિસ્તાર પામ્યું, અને તીર્છું પથરાઇને જળ ઉપર તરવા લાગ્યું. ચક્રવર્ત્તી સૈન્ય સહિત મોટા વહાણની જેમ તેની ઉપર ચડચા. પછી છત્રરત્નને સ્પર્શ કર્યો એટલે તે પણ ચર્મરત્નની જેમ વૃદ્ધિ પામ્યું, પૃથ્વી ઉપર વાદળાની જેમ ચર્મરત્નની ઉપર તે છત્રરત્નને દાખલ કર્યું. પછી છત્રના દંડની ઉપર પ્રકાશને માટે મણિરત્ન મૂક્યું. એ પ્રમાણે રત્નપ્રભા પૃથ્વીની અંદર જેમ અસુર અને વ્યંતરોનો ગણ રહે તેમ છત્રરત્ન અને ચર્મરત્નની અંદર રાજાનું સર્વ લશ્કર સુખેથી રહ્યું. ગૃહાધિપરત્ન સર્વ ધાન્ય, શાક અને ફળાદિક પ્રાતઃકાળે વાવી સાયંકાળે આપવા લાગ્યું; કારણ કે તે રત્નનું માહાત્મ્ય એવું છે. જેમ દુષ્ટ લોકો વાણીથી વર્ષે તેમ મેઘકુમાર દેવતાઓ અખંડિત ધારાથી નિરંતર વર્ષવા લાગ્યા.

એક દિવસે 'આ કોણ દુષ્ટબુદ્ધિઓ મારા ઉપર ઉપદ્રવ કરવાને પ્રવર્ત્યા છે?' એમ સગર ચક્રી કોપ સહિત પોતાના ચિત્તમાં વિચારવા લાગ્યા; એટલે તત્કાળ તેના સાંનિધ્યકારી સોળ હજાર દેવતાઓ કોપ કરી, બખ્તર અને અસ્ત્રો ધારણ કરી તે મેઘકુમારોની પાસે આવી આ પ્રમાણે કહેવા લાગ્યા—"અરે અલ્પ બુદ્ધિવાળા વરાકો! તમે આ સગર ચક્રવર્ત્તી દેવતાઓથી પણ અજય્ય છે એમ નથી જાણતા? હજુ પણ જો તમે તમારી કુશળતા ઇચ્છતા હો તો અહીંથી ચાલ્યા જાઓ; નહીં તો અમે કોળાની જેમ તમને ખંડ ખંડ કરી નાખશું." તેમણે એમ કહ્યું એટલે તત્કાળ મેઘકુમારો મેઘને સંહરી લઈને જળમાં માછલાની જેમ સંતાઈ ગયા અને આપાત જાતિના કિરાતો પાસે આવીને કહેવા લાગ્યા—'ચક્રવર્ત્તી અમારી જેવાથી અજય્ય છે. તે સાંભળી કિરાત લોકો ભય પામી, સ્ત્રીઓની પેઠે વસ્ત્રો ધારણ કરી, રત્નોની ભેટ લઈને સગરરાજાને શરણે ગયા. ત્યાં ચક્રવર્ત્તીના ચરણમાં પડી વશવર્ત્તી થઈ મસ્તક ઉપર અંજલિ જોડીને આ પ્રમાણે વિજ્ઞપ્તિ કરવા લાગ્યા; "દુર્મદ એવો અષ્ટાપદ પશુ જેમ મેઘની સામે ફાળ ભરે તેમ અજ્ઞાન એવા અમોએ તમારી પ્રત્યે આવી રીતે ઉપદ્રવ કરેલો છે; માટે હે પ્રભુ! આ અમારા અવિચારિત કામ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માટે તમે અમને ક્ષમા કરો. **મહાત્માઓનો કોપ પ્રણિપાતપર્યંત જ હોય છે.** અમે આજથી તમારી આજ્ઞાવડે તમારા સેવકો, પાળા અથવા સામંત થઈને રહીશું. અમારી સ્થિતિ હવે તમારે જ આધીન છે.” ચક્રવર્તીએ કહ્યું–‘ઉત્તર ભરતાર્દ્ધના સામંતની જેમ તમે દંડ આપી મારા સેવક થઈને સુખેથી રહો.’ એમ કહી તેઓનો સત્કાર કરીને વિદાય કર્યા, અને પોતાના સેનાપતિને સિંધુના પશ્ચિમ નિષ્કૂટને જીતવાની આજ્ઞા કરી. પૂર્વની જેમ ચર્મરત્નથી સિંધુનદી ઉતરીને હિમવન્ત પર્વત અને લવણસમુદ્રની મર્યાદામાં રહેલા સિંધુના પશ્ચિમ નિષ્કૂટને તેણે જીતી લીધો. પ્રચંડ પરાક્રમવાળા તે દંડપતિ (સેનાપતિ) મ્લેચ્છલોકો દંડ લઈને જળથી પૂર્ણ થયેલા મેઘની જેમ સગરચક્રીની પાસે આવ્યા. ત્યાં જ રહ્યા. **પરાક્રમી પુરૂષોને કાંઈ વિદેશ નથી.**

એકદા ગ્રીષ્મઋતુના સૂર્યબિંબની જેમ આયુધશાળામાંથી ચક્ર ઉત્તર–પૂર્વના મધ્ય માર્ગે નીકળ્યું. ચક્રને અનુસરી મહારાજા ક્ષુદ્રહિમાચળના દક્ષિણ નિતંબ સમીપે આવ્યા અને ત્યાં પડાવ નાંખ્યો. પછી ક્ષુદ્રહિમાલયકુમાર નામના દેવને ધારીને અઠ્ઠમતપ કર્યું અને પૌષધશાળામાં પૌષધવ્રત ગ્રહણ કરીને બેઠા. ત્રણ દિવસના પૌષધને અંતે રથમાં બેસી હિમાલય પર્વત સમીપે ગયા અને હાથી જેમ દંતથી પ્રહાર કરે તેમ ત્રણ વાર રથના અગ્રભાગથી પર્વતને પ્રહાર કર્યો. પછી રથના ઘોડાને નિયમમાં રાખી ધનુષ ઉપર પણછ ચડાવીને પોતાના નામથી અંકિત બાણ તેમણે છોડયું. તે બાણ એક ગાઉની જેમ ક્ષણમાં બોંતેર યોજન સુધી જઈ ક્ષુદ્રહિમાલય દેવની આગળ પૃથ્વી ઉપર પડયું. બાણને પડતું જોઈ ક્ષણવાર તે કોપ પામ્યો, પણ બાણની ઉપરના નામાક્ષરો વાંચવાથી તત્કાળ પાછો શાંત થઇ ગયો. પછી ગોશીર્ષચંદન, સર્વ પ્રકારની ઔષધિઓ, પદ્મદ્રહનું જળ, દેવદૂષ્ય વસ્ત્રો, બાણ, રત્નોના અલંકાર અને કલ્પવૃક્ષનાં પુષ્પોની માળા વિગેરે પદાર્થો તેણે આકાશમાં રહીને સગરચક્રીને ભેટ કર્યાં, સેવા કરવી કબૂલ કરી અને ચક્રવર્તી જય પામો’ એમ કહ્યું. તેને વિદાય કરી ચક્રી પોતાના રથને પાછો વાળી ત્યાંથી ઋષભકૂટ પર્વતે ગયા. ત્યાં પણ તે પર્વતને ત્રણ વાર રથાગ્રવડે તાડન કર્યું અને અશ્વોને નિયમમાં રાખીને તે પર્વતના પૂર્વભાગ ઉપર “આ અવસર્પિણીમાં બીજો ચક્રી હું સગર નામે થયો છું” એવા કાકિણીરત્નથી અક્ષરો લખ્યા. ત્યાંથી રથ પાછો વાળી પોતાની છાવણીમાં આવીને તેમણે અઠ્ઠમતપનું પારણું કર્યું અને જેમની દિગ્વિજયની પ્રતિજ્ઞા પૂર્ણ થઈ છે એવા સગરરાજાએ મોટી ઋદ્ધિથી હિમાચળકુમારનો અષ્ટાન્હિક ઉત્સવ કર્યો. ત્યાંથી ચક્રરત્નને અનુસરતા ચક્રવર્તી ઉત્તર–પૂર્વને રસ્તે ચાલતા સુખે ગંગાદેવીના ભુવનની સન્મુખ આવ્યા. ત્યાં ગંગાના સ્થાનની નજીક છાવણી કરી અને ગંગાદેવીને ઉદ્દેશીને અઠ્ઠમભક્ત તપ કર્યું. ગંગાદેવી પણ સિંધુદેવીની જેમ અઠ્ઠમ તપને અંતે આસનકંપથી ચક્રવર્તીને આવ્યા જાણી અંતરિક્ષમાં આવીને ઊભી રહી. તેણે મહારાજાને એક હજાર ને આઠ રત્નના કુંભો સુવર્ણમાણિક્યરૂપ દ્રવ્ય અને રત્નનાં બે સિંહાસનો ભેટ કર્યાં. સગરરાજાએ ગંગાદેવીને વિદાય કરી અઠ્ઠમ તપનું પારણું કર્યું અને પ્રસન્ન મને એની પ્રીતિને અર્થે અષ્ટાન્હિક ઉત્સવ કર્યો. ત્યાંથી ચક્રે બતાવેલે માર્ગે દક્ષિણ દિશા ભણી ખંડપ્રપાત ગુફાની સામે ચાલ્યા. ત્યાં ખંડપ્રપાત પાસે છાવણી નાખી અને નાટ્યમાળદેવને ધારીને અઠ્ઠમતપ કર્યું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અઠ્ઠમતપને અંતે નાટ્યમાળદેવ પોતાના આસનકંપથી ચક્રવર્તી આવ્યા જાણીને ગ્રામપતિની જેમ ભેટ લઈ તેમની પાસે આવ્યો. તેણે નાના પ્રકારનાં અલંકારો ચક્રવર્તીને આપ્યાં, મંડળેશ રાજાની જેમ નમ્ર થઈને તેમની સેવા અંગીકાર કરી. તેને વિદાય કર્યા પછી અઠ્ઠમ તપનું પારણું કરી સગરરાજાએ હર્ષથી અષ્ટાન્હિકા ઉત્સવ કર્યો. પછી ચક્રીની આજ્ઞાથી સેનાપતિ અર્દ્ધસેના લઈ દૂર જઈને સિંધુનિષ્કૂટની જેમ ગંગાનો પૂર્વ નિષ્કૂટ સાધી આવ્યા. પછી સગર રાજાએ વૈતાઢ્ય પર્વતની બન્ને શ્રેણીના વિદ્યાધરોને પર્વતના રાજાઓની જેમ વેગથી જીતી લીધા. તેઓએ ચક્રીને રત્નોનાં અલંકાર, વસ્ત્રો, હાથી અને ઘોડાઓ આપ્યાં અને તેમની સેવા કરવી સ્વીકારી. મહારાજા સગરે વિદ્યાધરોનો સત્કાર કરી વિદાય કર્યા. **મોટા લોકો વાણીથી જ પોતાની સેવાનો સ્વીકાર સાંભળી સંતુષ્ટ થાય છે.** ચક્રીના આદેશથી સેનાપતિએ તમિસ્રાગુફાની જેમ અઠ્ઠમતપ વિગેરે કરી ખંડપ્રપાતા ગુફા ઉઘાડી. પછી સગરરાજાએ હાથી ઉપર બેસી મેરુપર્વતના શિખર પર સૂર્ય રહે તેમ હાથીના દક્ષિણ કુંભસ્થળ ઉપર મણિ મૂકીને તે ગુફામાં પ્રવેશ કર્યો. પ્રથમની જેમ તે ગુફામાં બન્ને તરફ કાકિણીરત્નથી મંડળ કર્યાં અને પૂર્વની જેમ પાગ બાંધીને ઉન્મગ્ના અને નિમગ્ના નદી ઉતર્યા. ગુફાની મધ્યમાંથી સગર રાજા પોતાની મેળે ઉઘડેલા તે ગુફાના દક્ષિણ દ્વારમાંથી નદીના પ્રવાહની જેમ નીકળ્યા.

પછી ગંગાના પશ્ચિમ કિનારા ઉપર છાવણી નાખી, ત્યાં નવ નિધાનની ધારણા કરીને અઠ્ઠમતપ કર્યું. તપને અંતે નૈસર્પ, પાંડુ, પિંગળ,, સર્વરત્નક, મહાપદ્મ, કાળ, મહાકાળ, માણવ અને શંખ એ નવ નિધિ સગરચક્રી સમીપે પ્રગટ થયા. તે પ્રત્યેક નિધિના હજાર હજાર દેવતાઓ સાનિધ્યકારી હોય છે. તેઓએ ચક્રીને કહ્યું–" હે મહાભાગ ! અમે ગંગાના મુખ સમીપે માગધતીર્થમાં રહીએ છીએ, ત્યાંથી તમારા ભાગ્યથી તમને વશ થઈને તમારી પાસે આવ્યા છીએ. હવે ઇચ્છા પ્રમાણે હમેશાં અમારો ઉપભોગ કરો અથવા આપી દ્યો. કદાપિ ક્ષીરસમુદ્ર ક્ષય પામે પણ અમે ક્ષય પામશું નહીં. હે દેવ ! તમારા સેવકોની જેવા નવ હજાર યક્ષોએ રક્ષણ કરેલા, આઠ ચક્ર ઉપર રહેલા, બાર યોજનના વિસ્તારવાળા અને નવ યોજનની પહોળાઇવાળા અમે પૃથ્વીની અંદર તમારા પારિપાર્શ્વક થઈને ચાલશું." તેમની વાણી સ્વીકારીને રાજાએ પારણું કર્યું અને આતિથેયની જેમ તેમનો અષ્ટાન્હિક ઉત્સવ કર્યો. સગર રાજાની આજ્ઞાથી સેનાપતિએ ગંગા નદીની પૂર્વદિશાએ રહેલું બીજું નિષ્કૂટ પણ એક ખેડાની જેમ સાધ્યું. ગંગા અને સિંધુ નદીની બંને બાજુના મળીને ચાર નિષ્કૂટોથી અને તેના મધ્યમાં રહેલા બે ખંડથી આ ષટ્ખંડ ભરતક્ષેત્ર કહેવાય છે. તેને સગરચક્રીએ બત્રીશ હજાર વર્ષે સુખે સાધ્યું. **ગર્વ રહિત એવા શક્તિવંત પુરુષોની પ્રવૃત્તિ લીલાપૂર્વક જ થાય છે.**

મહારાજા ચક્રવર્તી ચૌદ મહારત્નના સ્વામી હતા, નવ નિધિઓના ઈશ્વર હતા, બત્રીશ હજાર રાજાઓ તેમની સેવા કરતા હતા, બત્રીશ હજાર રાજપુત્રીઓ તથા બત્રીશ હજાર દેશની બીજી બત્રીશ હજાર સ્ત્રીઓ–કુલ ચોસઠ હજાર સ્ત્રીઓએ યુક્ત હતા, બત્રીશ હજાર દેશના સ્વામી હતા, બોંતેર હજાર મોટા નગરો ઉપર સત્તા ધરાવતા હતા, નવાણુ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હજાર દ્રોણમુખના અધિપતિ હતા, અડતાળીશ હજાર પત્તનોના ઉપરી હતા, ચોવીશ હજાર કર્બટ અને મડંબના અધિપતિ હતા, ચૌદ હજાર સંબાધના સ્વામી હતા, સોળ હજાર ખેટકોના રક્ષક હતા, એકવીશ હજાર આકરના નિયંતા હતા, ઓગણપચાસ કુરાજ્યોના નાયક હતા, છપ્પન અંતરોદક (દ્વીપો) ના પાલક હતા, છન્નુ ક્રોડ ગામોના સ્વામી હતા, છન્નુ ક્રોડ પાયદળથી પરિવારિત હતા અને ચોરાશી-ચોરાશી લાખ હાથી, ઘોડા અને રથોથી પૃથ્વીમંડળને આચ્છાદિત કરતા હતા. એવી રીતે મોટી ઋદ્ધિએ પૂર્ણ ચક્રવર્તી ચક્રરત્નને અનુસરીને દ્વીપાંતરથી વહાણ પાછું વળે તેમ પાછા વળ્યા.

બીજના ચંદ્રની જેમ ગ્રામપતિ, દુર્ગપાળ અને મંડળેશો રસ્તામાં તેમની ઉચિત રીતે ભક્તિ કરતા હતા, વધામણી દેનારા પુરુષોની જેમ આકાશમાં આગળ પ્રસરતી રેણુ તેમનું આગમન દૂરથી જ કહેતી હતી, જાણે સ્પર્ધાથી પ્રસરતા હોય તેવા ઘોડાના ખોંખારાથી, હાથીઓની ગર્જનાથી, બંદીઓના ઘોષથી અને વાજિંત્રોના અવાજોથી દિશાઓને બહેરી કરતા હતા. એવી રીતે હમેશાં એક એક યોજન પ્રયાણ કરતા સુખે સુખે ચાલતા સગર રાજા પ્રીતિવાળી સ્ત્રીની પાસે આવે તેમ પોતાની વિનીતાનગરી સમીપ આવી પહોંચ્યા. પરાક્રમમાં પર્વત સમાન રાજાએ વિનીતાનગરીની પાસે સમુદ્ર જેવો પડાવ નાખ્યો.

એક દિવસે સર્વ કલાના ભંડાર તે સગર રાજા અશ્વક્રીડા કરવા માટે એક તોફાની અને વિપરીત શિક્ષાવાળા ઘોડા ઉપર ચડ્યા. ત્યાં ઉત્તરોત્તર ધારામાં એ ચતુર ઘોડાને તેઓ ફેરવવા લાગ્યા. અનુક્રમે પાંચમી ધારામાં ઘોડો ફેરવ્યો. એટલે જાણે ભૂત વળગ્યું હોય તેમ લગામ વિગેરેની સંજ્ઞાને અવગણીને તે ઘોડો આકાશમાં ઉછળ્યો. જાણે અશ્વરૂપે રાક્ષસ હોય તેમ કાળના વેગવડે શીઘ્ર ઊડીને કોઈ મોટા જંગલમાં તે સગર રાજાને લઇ ગયો. ક્રોધથી લગામ ખેંચીને તથા પોતાની જંઘાવડે દબાવીને સગર રાજાએ તેને કબજે રાખ્યો અને પછી છલંગ મારીને ઉતરી પડ્યા. વિધુર થયેલો અશ્વ પણ પૃથ્વી ઉપર પડી ગયો એટલે પૃથ્વીપતિ પગે ચાલવા લાગ્યા. થોડીવાર આગળ ચાલ્યા ત્યાં એક મોટું સરોવર દીઠું. તે જાણે સૂર્ય-કિરણોની આતાપનાથી ખરી જઇને પૃથ્વી ઉપર ચંદ્રિકા પડી હોય તેવું જણાતું હતું. સગરચક્રી વનના હાથીની જેમ શ્રમ ટાળવા માટે તે સરોવરમાં નાહ્યા અને સ્વાદિષ્ટ, સ્વચ્છ તેમજ કમળથી સુગંધી થયેલા શીતળ જળનું પાન કર્યું: સરોવરમાંથી નીકળી તેને કિનારે બેઠા, એટલે જાણે જળદેવી હોય તેવી એ યુવતી તેના જોવામાં આવી. તે નવા ખીલેલા કમલની જેવા મુખવાળી તથા નીલકમળની જેવા લોચનવાળી હતી, તેના શરીર ઉપર લાવણ્ય-જળ તરંગિત થયું હતું, ચક્રવાક પક્ષીના જોડલા જેવા બે સ્તનોથી અને ફુલેલા સુવર્ણકમળના જેવા મનોહર હાથ-પગથી તે ઘણી સુંદર લાગતી હતી. જાણે શરીરધારી સરોવરની લક્ષ્મી હોય તેવી તે સ્ત્રીને જોઈ ચક્રી આ પ્રમાણે વિચાર કરવા લાગ્યા- "અહો ! આ શું અપ્સરા છે ? અથવા શું વ્યંતરી છે ? વા શું નાગકન્યા છે કે શું વિદ્યાધરી છે ? કારણ કે સામાન્ય સ્ત્રી આવી હોય નહીં. અમૃતની વૃષ્ટિ જેવું આ સ્ત્રીનું દર્શન જેવો આનંદ ઉત્પન્ન કરે છે તેવું સરોવરનું જળ પણ હૃદયને આનંદ કરતું નથી."

કમળપત્ર જેવી લોચનવાળી તે સ્ત્રીએ પણ પૂર્ણ અનુરાગવડે તે જ વખતે ચક્રીને જોયા. તત્કાળ ગ્લાનિ પામેલી કમલિની જેવી, કામદેવથી વિધુર થયેલી તે સ્ત્રીને તેની સખીઓ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માંડમાંડ તેના નિવાસસ્થાને લાવી. કામાતુર થયેલા સગર રાજા હળવેહળવે સરોવરના કિનારા ઉપર ચાલતા હતા, તેવામાં કોઇ કંચુકીએ આવી અંજલિ જોડીને સગર રાજા પ્રત્યે કહ્યું:- "હે સ્વામિન્ ! આ ભરતક્ષેત્રને વિષે વૈતાઢ્ય પર્વતમાં સંપત્તિઓને વહાલું એવું ગગનવલ્લભ નામે નગર છે. ત્યાં સુલોચન નામે એક વિખ્યાત વિદ્યાધરનો પતિ છે. તે અલકાપુરીમાં કુબેર ભંડારી રહે તેમ રહેલો છે. સહસ્રનયન નામે તેનો એક નીતિવંત પુત્ર છે અને વિશ્વની સ્ત્રીઓમાં શિરોમણિ એવી એક સુકેશા નામે દુહિતા છે. તે દુહિતા જન્મી કે તરત કોઈ નૈમિત્તિકે કહ્યું હતું કે-'આ પુત્રી ચક્રવર્તીની પટ્ટરાણી અને સ્ત્રી-રત્ન થશે.' રથનૂપુરના રાજા પૂર્ણમેઘે પરણવાની ઈચ્છાથી તેની વારંવાર માગણી કરી, પણ તેના પિતાએ તેને આપી નહીં; એટલે બળાત્કારે હરણ કરવાની ઇચ્છાવાળો પૂર્ણમેઘ ગર્જના કરતો યુદ્ધ કરવાને માટે આવ્યો. દીર્ઘ ભુજાવાળા પૂર્ણમેઘે બહુ વખત સુધી યુદ્ધ કરીને સુલોચનને દીર્ઘ નિદ્રામાં સુવાડ્યો. પછી સહસ્રનયન ધનની જેમ પોતાની બહેનને લઇને પરિવાર સાથે અહીં આવી રહ્યો છે. હે મહાત્મન્ ! સરોવરમાં ક્રીડા કરતી તે સુકેશાએ આજે તમને જોયા તે જ વખતે કામદેવે તેને વેદનામય વિકારની શિક્ષા આપી છે. ઘામથી પીડિત હોય તેમ તે પસીનાવાળી થઇ ગઈ છે, ભય પામી હોય તેમ તેને કંપારો થયો છે, રોગિણી હોય તેમ તેનો વર્ણ બદલાઇ ગયો છે, શોકમાં ડૂબી ગઈ હોય તેમ અશ્રુ પાડ્યા કરે છે અને જાણે યોગિની હોય તેમ લયમાં રહેલી છે. હે જગત્ત્રાતા ! તમારા દર્શનથી ક્ષણવારમાં તેની અવસ્થા વિચિત્ર પ્રકારની થઈ ગઈ છે, માટે તે મૃત્યુ પામે નહીં ત્યાં સુધીમાં તમે આવીને તેની રક્ષા કરો." આવી રીતે વિચક્ષણ સ્ત્રી કહેતી હતી તેવામાં સહસ્રનયન પણ આકાશમાર્ગે ત્યાં આવ્યો અને તેણે ચક્રીને નમસ્કાર કર્યો. તે સન્માનપૂર્વક સગર ચક્રીને પોતાના નિવાસસ્થાનમાં લઈ ગયો, અને ત્યાં સ્ત્રી-રત્ન એવી પોતાની બહેન સુકેશાનું દાન કરીને તેણે ચક્રીને સંતુષ્ટ કર્યા. પછી સહસ્રલોચન અને ચક્રી વિમાનમાં બેસીને વૈતાઢ્ય પર્વત ઉપર રહેલા ગગનવલ્લભ નગરે ગયા. ત્યાં તેના પિતાના રાજ્ય ઉપર સહસ્રનયનને બેસારી સગર ચક્રીએ તેને વિદ્યાધરોનો અધિપતિ કર્યો.

પછી સ્ત્રી-રત્નને લઇને ઈંદ્રના જેવા પરાક્રમવાળા સગરચક્રી સાકેતપુર[1] (પોતાની છાવણી) માં આવ્યા. ત્યાં વિનીતાનગરીને ઉદ્દેશીને અઠ્ઠમતપ કર્યું, અને વિધિ પ્રમાણે પૌષધાગારમાં જઈને પૌષધ ગ્રહણ કર્યું. અઠ્ઠમને અંતે પૌષધાગારથી નીકળીને પરિજનોની સાથે રાજાએ પારણું કર્યું. ત્યારપછી રાજાએ વાસકસજ્જા[2] નાયકાની જેવી તે વિનિતાપુરીમાં પ્રવેશ કર્યો. તે સમયે ઠેકાણે ઠેકાણે નગરીમાં તોરણો બાંધેલાં હતાં, તેથી જાણે તે ભ્રકુટીવાળી હોય તેવી જણાતી હતી; દુકાનોની શોભા માટે બાંધેલી અને પવનથી ઊડતી પતાકાઓથી જાણે તે નાચવાને ઊંચા હાથ કરતી હોય એમ જણાતી હતી; ધૂપધાણામાંથી ધૂમાડાની પંક્તિઓ ચાલતી હતી, તેથી જાણે તેણે પોતાના શરીર ઉપર પત્રવલ્લી કરેલી હોય તેવી જણાતી હતી; દરેક મંચોની ઉપર રત્નોની પત્રિકાઓ-ગોઠવેલી હતી, તેથી જાણે નેત્રના વિસ્તારવાળી હોય તેવી જણાતી હતી; વિચિત્ર પ્રકારે કરેલી

---

૧ અયોધ્યા, વિનીતા ને સાકેતપુર એ ત્રણે પર્યાયવાચક નામ છે. ૨ જ્યારે પતિને આવવાનો સમય હોય તે વખતે શૃંગારાદિકથી તૈયાર થઇ રહેલ સ્ત્રી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મંચ-રચનાઓથી જાણે ત્યાં ઊંચા પ્રકારની શય્યા તૈયાર કરી હોય તેવી જણાતી હતી અને વિમાનની ઘુઘરીઓના અવાજથી જાણે મંગળગાયન કરતી હોય એવી જણાતી હતી. અનુક્રમે નગરીમાં ચાલતા ચક્રી, ઇંદ્ર જેમ પોતાના વિમાનમાં આવે તેમ ઊંચા તોરણવાળા, ઊંચી કરેલી પતાકાવાળા અને ચારણ-ભાટ જ્યાં માંગલિક ગીત ગાઈ રહ્યા છે એવા પોતાના ગૃહાંગણમાં આવ્યા. પછી નિરંતર પોતાની સાનિધ્ય કરનારા સોળ હજાર દેવતાઓને, બત્રીશ હજાર રાજાઓને, સેનાની, પુરોહિત, ગૃહપતિ અને વર્દ્ધકી એ ચાર મહારત્નોને, ત્રણસો ને સાઠ રસોઇઆને, અઢાર શ્રેણિપ્રશ્રેણિને, દુર્ગપાળ, શ્રેષ્ઠી, સાર્થવાહ અને બીજા સર્વને મહારાજાએ પોતપોતાને સ્થાનકે જવા રજા આપી. પછી અંતઃપુરના પરિવાર સહિત અને સ્ત્રી-રત્નયુક્ત, સત્પુરુષોના ઉદાર મનની જેવા પોતાના વિશાળ અને ઉજ્જવળ મંદિરમાં તેણે પ્રવેશ કર્યો. ત્યાં સ્નાનગૃહમાં સ્નાન કરી, દેવાલયમાં દેવાર્ચન કરી રાજાએ ભોજનગૃહમાં જઈ ભોજન કર્યું અને પછી સામ્રાજ્યલક્ષ્મીરૂપી લતાના ફળ જેવા સંગીત, નાટક અને બીજા વિનોદવડે ચક્રી ક્રીડા કરવા લાગ્યા.

એક દિવસ દેવતાઓ આવી સગરરાજાને કહેવા લાગ્યા-'હે રાજા ! તમે આ ભરતક્ષેત્રને વશ કર્યું, તેથી ઇંદ્રો જેમ અર્હંતનો જન્માભિષેક કરે છે તેમ અમે તમને ચક્રવર્તીપણાનો અભિષેક કરશું.' આ સાંભળી ચક્રવર્તીએ લીલાવડે જરા ભ્રકુટી નમાવીને તેમને આજ્ઞા આપી. **મહાત્માઓ સ્નેહીજનોના સ્નેહનું ખંડન કરતા નથી.** પછી આભિયોગિક દેવતાઓએ નગરીની ઈશાનકૂણમાં અભિષેકને માટે એક રત્નમંડિત મંડપ બનાવ્યો; અને સમુદ્ર, તીર્થ, નદી તથા દ્રહોમાંથી પવિત્ર જળ તથા પર્વતોમાંથી દિવ્ય ઔષધિઓ લાવ્યા. બધી તૈયારી થઇ ગઇ એટલે અંતઃપુર તથા સ્ત્રી-રત્ન સહિત ચક્રવર્તી રત્નાચળની ગુફા જેવા તે રત્નમંડપમાં દાખલ થયા. ત્યાં તેમણે સિંહાસન સહિત મણિમય સ્નાનપીઠને અગ્નિહોત્રી જેમ અગ્નિની પ્રદક્ષિણા કરે તેમ પ્રદક્ષિણા કરી અને અંતઃપુર સહિત પૂર્વ તરફની સોપાનપંક્તિથી તે પીઠ ઉપર ચડી પૂર્વ સન્મુખના સિંહાસનને અલંકૃત કર્યું. બત્રીશ હજાર રાજાઓ પણ હંસો જેમ કમળખંડ ઉપર આરોહણ કરે તેમ ઉત્તર બાજુના સોપાનને રસ્તે ઉપર ચડી સામાનિક દેવતાઓ જેમ ઇંદ્રની સામે બેસે તેમ સગરરાજાની સન્મુખ દૃષ્ટિ કરી અંજલિ જોડીને પોતપોતાનાં આસનો ઉપર સ્થિત થયા. સેનાપતિ, ગૃહપતિ, પુરોહિત અને વર્દ્ધકીરત્ન તથા શ્રેષ્ઠી, સાર્થવાહ અને બીજા ઘણા જનો આકાશમાં જેમ તારાઓ રહે તેમ દક્ષિણ બાજુનાં પગથિયાથી ઉપર ચડી સ્નાનપીઠ ઉપર પોતપોતાના આસનો ઉપર બેઠા. પછી શુભ દિવસ, વાર, નક્ષત્ર, કરણ, યોગ, ચંદ્ર અને સર્વ ગ્રહના બળવાળા લગ્નમાં દેવતાઓ વિગેરેએ સુવર્ણના, રૂપાના, રત્નના અને જેના મુખ ઉપર કમળો રહેલા છે એવા કળશોથી સગરરાજાને ચક્રીપણાનો અભિષેક કર્યો. પછી ચિત્રકારો જેમ રંગ કરવાની ભીંતને સાફ કરે તેમ કોમળ હાથથી દેવદૂષ્ય વસ્ત્રથી રાજાના અંગને તેમણે સાફ કર્યું. પછી દર્દુર અને મલયાચળના સુગંધી બાવનાચંદનાદિકથી ચંદ્રિકાવડે આકાશની જેમ તેઓએ રાજાના અંગને વિલેપન કર્યું. દિવ્ય અને ઘણા સુગંધી પુષ્પોની માળા પોતાના દૃઢ અનુરાગની પેઠે તેઓએ રાજાના મસ્તક ઉપર ધારણ કરાવી અને પોતે લાવેલાં દેવદૂષ્ય વસ્ત્ર અને રત્નાલંકાર ચક્રીને ધારણ કરાવ્યાં. પછી મહારાજાએ મેઘના ધ્વનિ જેવી વાણીથી પોતાના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નગરના અધ્યક્ષને આ પ્રમાણે આજ્ઞા કરી—"બાર વર્ષ સુધી આ નગરી દંડ દાણ વિનાની, સુભટના પ્રવેશ રહિત, કર વિનાની અને મોટા ઉત્સવવાળી કરો." આવી આજ્ઞાને નગરના અધ્યક્ષે ડિંડિમની પેઠે પોતાના માણસોને હાથી ઉપર બેસારીને આખી નગરીમાં આઘોષણાથી જાહેર કરી. આવી રીતે સ્વર્ગનગરીના વિલાસવૈભવને ચોરવાના વ્રતવાળી (અર્થાત્ તેના જેવી) વિનીતાનગરીમાં ષટ્ખંડ પૃથ્વીપતિ મહારાજા સગર ચક્રવર્તીનો ચક્રવર્તીપદાભિષેકને સૂચવનારો મહાન્ ઉત્સવ બાર વર્ષ સુધી દરેક દુકાનમાં, દરેક મંદિરમાં અને દરેક રસ્તામાં પ્રવર્ત્યો.

इत्याचार्यश्रीहेमचंद्रविरचिते त्रिषष्ठिशलाकापुरुषचरिते महाकाव्ये द्वितीयपर्वणि सगरदिग्विजयचक्रवर्त्तित्वाभिषेकवर्णनो नाम चतुर्थः सर्गः ॥४॥

जैन साइट JAINSITE .com जैनम् जयति शासनम्

## સર્ગ ૫ મો.

એકદા દેવતાઓથી નિરંતર સેવાતા ભગવાન્ શ્રી અજિતનાથસ્વામી સાકેતનગરના ઉદ્યાનમાં આવીને સમવસર્યા. ઇંદ્રાદિક દેવો અને સગરાદિક રાજાઓ યથાયોગ્ય આસને બેઠા એટલે પ્રભુ ધર્મદેશના આપવા લાગ્યા. તે વખતે પિતાના વધને સંભારીને ક્રોધાયમાન થયેલા **સહસ્રલોચને** વૈતાઢ્ય પર્વત ઉપર ગરુડ જેમ સર્પને મારે તેમ પોતાના શત્રુ **પૂર્ણમેઘને** મારી નાખ્યો. તેનો પુત્ર **ઘનવાહન** ત્યાંથી નાસીને શરણની ઇચ્છાથી અહીં સમવસરણમાં આવ્યો. ભગવંતને ત્રણ પ્રદક્ષિણાપૂર્વક પ્રણામ કરીને વટેમાર્ગુ વૃક્ષ નીચે બેસે તેમ પ્રભુના ચરણ પાસે આવીને તે બેઠો. તેની પછવાડે જ 'પાતાળમાંથી પણ ખેંચી કાઢીને, સ્વર્ગમાંથી પણ પાડી નાખીને અથવા બળવાનના શરણથી પણ છોડાવીને હું એને મારું' એમ બોલતો અને હથિયાર ઉગામતો સહસ્રલોચન ત્યાં આવ્યો, અને તેણે સમવસરણમાં રહેલા ઘનવાહનને જોયો. પ્રભુના પ્રભાવથી તત્કાળ તેનો કોપ શાંત થયો, તેણે હથિયાર છોડી દીધા અને પ્રભુને ત્રણ પ્રદક્ષિણા કરી યોગ્ય સ્થાને બેઠો. પછી સગરચક્રીએ પરમેશ્વરને પૂછ્યું-'હે પ્રભુ ! પૂર્ણમેઘ અને સુલોચનને વેર થવાનું શું કારણ ?' ભગવાન્ બોલ્યા-"પૂર્વે **સૂર્યપુર** નગરમાં **ભાવન** નામે એક કોટી દ્રવ્યનો સ્વામી વણિક રહેતો હતો. તે શ્રેષ્ઠી એક વખતે પોતાનું સર્વ દ્રવ્ય પોતાના પુત્ર **હરિદાસને** સોંપી વેપારને માટે દેશાંતર ગયો. બાર વર્ષ સુધી પરદેશમાં રહી ઘણું ધન મેળવીને **ભાવનશેઠ** પોતાને નગરે આવી નગરની બહાર રાત્રિવાસો રહ્યો. ત્યાં બધા પરિવારને મૂકીને

ભાવનશેઠ એકલો રાત્રિએ પોતાના ઘરમાં આવ્યો; કારણ કે **ઉત્કંઠા બળવાન છે.** તેના હરિદાસ નામના પુત્રે ચોરની શંકાથી તેને ખડ્ગવડે મારી નાખ્યો. **અલ્પ બુદ્ધિવાનને વિચાર હોતો નથી.** પોતાના મારનારને ઓળખીને ભાવનશેઠ તત્કાળ તેના પરના દ્વેષભાવમાં મૃત્યુ પામ્યો. પાછળ હરિદાસે પોતાના પિતાને ઓળખ્યા એટલે પશ્ચાતાપ કરી, પોતાથી અજાણ્યે થયેલા અકાર્યથી મહાન્ દુઃખી થઈ પોતાના જનકનું પ્રેતકાર્ય કર્યું. કેટલોક કાળ ગયા પછી હરિદાસ પણ મૃત્યુ પામ્યો. તે બન્ને જણે કેટલાએક દુઃખદાયક ભવમાં પરિભ્રમણ કર્યું. અનુક્રમે કોઈક સુકૃતયોગે ભાવનશેઠનો જીવ આ પૂર્ણમેઘ થયો અને હરિદાસનો જીવ સુલોચન થયો. એવી રીતે હે રાજન્ ! પૂર્ણમેઘ અને સુલોચનનું પ્રાણાંતિક વેર પૂર્વજન્મથી સિદ્ધ છે, અને આ ભવમાં તો પ્રસંગ પામવાથી બનેલું છે.” પછી ફરીથી સગરરાજાએ પૂછ્યું-‘આ તે બંનેના પુત્રોને પરસ્પર વૈર થવાનું કારણ શું ? અને આ સહસ્રલોચનની ઉપર મને સ્નેહ ઉત્પન્ન થવાનું પણ કારણ શું ?’ સ્વામીએ કહ્યું-“પૂર્વે તમે **રંભક** નામે એક દાનશીલ સંન્યાસી હતા. તે વખતે **શશી** અને **આવળી** નામે આ બે તમારા શિષ્યો હતા. તેમાં આવળી નામનો શિષ્ય ઘણો નમ્ર હોવાથી તમને ઘણો જ વહાલો હતો. તેણે એક વખતે દ્રવ્યથી એક ગાયને વેચાતી લીધી, તેવામાં તે ગાયના ધણીને ખુટવી કઠોર હૃદયવાળા શશીએ વચમાં પડીને તે ગાય પોતે ખરીદ કરી. તે ઉપરથી તેઓને ત્યાં કેશાકેશિ, મુષ્ટામુષ્ટિ અને દંડાદંડિ એમ ઘોર યુદ્ધ થયું. પરિણામે શશીએ આવળીને મારી નાખ્યો. તે શશી ચિરકાળ ભવભ્રમણ કરીને આ મેઘવાહન થયો અને આવળી હતો તે સહસ્રલોચન થયો. તેઓને વૈર થવાનું એ કારણ છે. દાનના પ્રભાવથી શુભ ગતિઓમાં ભમીને રંભક હતો તે તમે ચક્રી થયા છો, અને સહસ્રલોચનને વિષે તમારો સ્નેહ પૂર્વભવથી જ ઉત્પન્ન થયેલો છે.”

એ અવસરે તે સભામાં **ભીમ** નામે રાક્ષસોનો પતિ બેઠો હતો. તેણે ઊઠીને વેગવડે આલિંગન કરી મેઘવાહનને કહ્યું-“પુષ્કરવર દ્વીપના ભરતક્ષેત્રમાં વૈતાઢ્ય પર્વત પર કાંચનપુર નામના નગરમાં હું પૂર્વભવે વિદ્યુદ્દંષ્ટ્ર નામે રાજા હતો. તે ભવમાં તું મારો **રતિવલ્લભ** નામે પુત્ર હતો. હે વત્સ ! તું મને ઘણો વહાલો હતો. આજે સારું થયું કે તું મારા જોવામાં આવ્યો. આ વખતે પણ તું મારો પુત્ર જ છે, માટે આ મારું સૈન્ય અને બીજું જે કાંઈ મારું છે તે સર્વ તું ગ્રહણ કર. વળી લવણસમુદ્રમાં દેવતાને પણ દુર્જય એવો, સાત સો યોજનનો, સર્વદિશામાં વિસ્તારવાળો **રાક્ષસદ્વીપ** નામે એક સર્વ દ્વીપોમાં શિરોમણિ દ્વીપ છે. તેની મધ્યમાં પૃથ્વીની નાભિ ઉપર મેરુપર્વતની જેવો **ત્રિકૂટ** નામે પર્વત છે. તે મોટી ઋદ્ધિવાળો પર્વત વલયાકારે રહેલો છે. નવ યોજન ઊંચો, પચાસ યોજન વિસ્તારમાં અને ઘણો દુર્ગમ છે, તેની ઉપર સુવર્ણમય ગઢ, ઘરો અને તોરણવાળી **લંકા** નામે એક નગરી મેં હમણા જ વસાવી છે. ત્યાંથી છ યોજન દૂર, પૃથ્વીમાં નીચે, શુદ્ધ સ્ફટિક રત્નના ગઢવાળી, નાના પ્રકારના રત્નમય ગૃહોવાળી અને સવાસો યોજન લાંબી-પહોળી **પાતાળલંકા** નામની ઘણી પ્રાચીન અને દુર્ગમ નગરી પણ મારી માલેકીની છે. હે વત્સ ! આ બન્ને નગરીને તું ગ્રહણ કર અને તેનો તું રાજા થા. આ તીર્થંકર ભગવંતના દર્શનનું ફળ તને આજે જ પ્રાપ્ત થાઓ.” એમ કહી એ રાક્ષસપતિએ નવ માણિક્યનો બનાવેલો એક મોટો હાર તથા રાક્ષસી વિદ્યા તેને આપી. ધનવાહન પણ તરત જ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભગવાનને નમી રાક્ષસદ્વીપમાં આવીને તે બંને લંકાનો રાજા થયો. રાક્ષસદ્વીપના રાજ્યથી અને રાક્ષસી વિદ્યાથી તે ઘનવાહનનો વંશ ત્યારથી રાક્ષસવંશ કહેવાણો. પછી ત્યાંથી સર્વજ્ઞ બીજી તરફ વિહાર કરી ગયા અને સુરેંદ્ર તથા સગરાદિક પોતપોતાને સ્થાનકે ગયા.

હવે સગર રાજા ચોસઠ હજાર સ્ત્રીઓ સાથે રતિસાગરમાં નિમગ્ન થઈ ઇંદ્રની પેઠે ક્રીડા કરવા લાગ્યા. તેને અંતઃપુરના સંભોગથી થયેલી ગ્લાનિ, વટેમાર્ગુનો શ્રમ જેમ દક્ષિણ દિશાના પવનથી નાશ પામે તેમ સ્ત્રીરત્નના ભોગથી નાશ પામ્યો. એવી રીતે હમેશાં વિષયસુખ ભોગવતાં તેમને **જન્હુકુમાર** વિગેરે સાઠ હજાર પુત્રો થયા. ઉદ્યાનપાલિકાએ પાળેલાં ઉદ્યાનના વૃક્ષો વૃદ્ધિ પામે તેમ ધાવમાતાઓએ પોષણ કરેલા તે પુત્રો અનુક્રમે વૃદ્ધિ પામ્યા. તેઓ ચંદ્રની જેમ ધીમે ધીમે સર્વ કળા ગ્રહણ કરી શરીરની લક્ષ્મીરૂપી વલ્લીના ઉપવનરૂપ યૌવનવયને પ્રાપ્ત થયા. તેઓ બીજાઓને પોતાની અસ્ત્રવિદ્યામાં કુશળતા બતાવવા લાગ્યા અને ન્યૂનાધિક જાણવાની ઇચ્છાથી પારકું અસ્ત્રકૌશલ્ય જોવા લાગ્યા. કળા જાણનારા તેઓ ઘોડા ખેલવાની ક્રીડામાં ઘોડાઓને સમુદ્રના આવર્ત્તની લીલાવડે ભ્રમણ કરાવી દુર્દમ એવા તોફાની ઘોડાઓને પણ દમતા હતા. દેવતાઓની શક્તિનું પણ ઉલ્લંઘન કરનાર તેઓ વૃક્ષનાં પત્રને પણ સ્કંધ ઉપર નહીં સહન કરનાર એવા ઉન્મત્ત હાથીઓને તેમના સ્કંધ ઉપર ચડીને વશ કરતા હતા. મદથી શબ્દ કરતા હાથીઓ જેમ વિંધ્યાટવીમાં રમે તેમ સફળ શક્તિવાળા તેઓ પોતાના સવયસ્ક મિત્રોથી પરિવૃત થઇને સ્વેચ્છાએ રમતા હતા.

એક દિવસે રાજસભામાં બેઠેલા ચક્રવર્તીને બળવાન કુમારોએ આ પ્રમાણે વિજ્ઞપ્તિ કરી–'હે પિતાજી! પૂર્વ દિશાનું આભૂષણ માગધપતિ દેવ, દક્ષિણ દિશાનું તિલક વરદામપતિ, પશ્ચિમ દિશાનો મુગટ પ્રભાસપતિ, પૃથ્વીની બે ભુજા જેવી બે બાજુ રહેલી ગંગા અને સિંધુદેવી, ભરતક્ષેત્રરૂપી કમલની કર્ણિકા સમાન વૈતાઢ્યાદ્રિકુમારદેવ, તમિસ્રાગુફાનો અધિપતિ ક્ષેત્રપાળ સદૃશ કૃતમાળ નામે દેવ અને ભરતક્ષેત્રની મર્યાદાભૂમિના સ્તંભરૂપ હિમાચલકુમારદેવ, ખંડપ્રપાતાગુફાનો અધિષ્ઠાયક ઉત્કટ એવો નાટ્યમાલ નામે દેવ અને નૈસર્પ વિગેરે નવ નિધિના અધિષ્ઠાયક નવ હજાર દેવતાઓ–એ સર્વ દેવતાઓને તમે સાધારણ મનુષ્યની જેમ સાધ્ય કર્યા છે. વળી તેજસ્વી એવા આપે અંતરંગ શત્રુઓના ષડ્વર્ગની જેમ આ ષટ્ખંડ પૃથ્વીતલ પોતાની મેળે જ પરાજય પમાડ્યું છે. હવે તમારી ભુજાના પરાક્રમને યોગ્ય કોઈ પણ કાર્ય અવશેષ રહ્યું નથી કે જે કરીને અમે તમારું પુત્રપણું બતાવી આપીએ; માટે હવે તો પિતાજીએ સાધેલા આ સર્વ ભૂતળમાં સ્વેચ્છાએ વિહાર કરવાથી જ આમારું પુત્રપણું સફળ થાઓ એમ ઇચ્છીએ છીએ, તેમજ આપના પ્રસાદથી ઘરના આંગણાની જેમ સર્વ ભૂમિમાં હાથીની પેઠે સ્વચ્છંદે વિહાર કરવાને ઈચ્છીએ છીએ.' આવી પોતાના પુત્રોની માગણી તેણે સ્વીકારી, કારણ કે **મહાન્ પુરુષોની પાસે બીજાની પણ યાચના વ્યર્થ થતી નથી તો પોતાના પુત્રોની યાચના કેમ વ્યર્થ થાય?**

પછી પિતાને પ્રણામ કરી પોતાના નિવાસમાં આવી તેઓએ પ્રયાણના મંગળસૂચક દુંદુભિ વગડાવ્યા. તે વખતે પ્રયાણ સમયે જ ધીરપુરુષોને પણ ક્ષોભ પમાડે તેવો અશુભ

www.jainsite.com   For Private & Personal Use Only   info@jainsite.com

ઉત્પાત તથા અશુભ શુકન તેમને થવા લાગ્યા. મોટા સર્પના કુળથી આકુળ એવા રસાતલના દ્વારની જેમ સૂર્યનું મંડળ સેંકડો કેતુના તારાથી આકુળ થયું, ચંદ્રના મંડળમાં વચ્ચે છિદ્ર જણાવા લાગ્યું, તેથી ચંદ્ર નવા કોતરેલા દાંતના આકોટા જેવો દેખાવા લાગ્યો, વાયુથી જેમ લતા કંપે તેમ પૃથ્વી કંપવા લાગી, શિલાઓના કકડા જેવા કરાની વૃષ્ટિઓ થવા લાગી, સુકાઈ ગયેલા વાદળાના ચૂર્ણની જેવી રજોવૃષ્ટિ થવા લાગી, રોષ પામેલા શત્રુની જેવો મહાભયંકર વાયુ વાવા લાગ્યો, અશિવકારી શિયાલણી જમણી તરફ રહી બોલવા લાગી, જાણે તેઓની હરિફાઈ કરતા હોય તેમ ઘુવડપક્ષી આક્રોશ કરવા લાગ્યા, જાણે ઊંચે પ્રકારે કાળચક્રથી ક્રીડા કરતા હોય તેમ આકાશમાં મંડળાકારે થઈ ચામાચીડીઆ ઊડવા લાગ્યાં, ઉનાળામાં જેમ નદીઓ નિર્જલ થઈ જાય તેમ સુગંધી મદવાળા હાથીઓ મદ રહિત થઈ ગયા અને રાફડામાંથી ભયંકર સર્પો નીકળે તેમ ખોંખારા કરતા ઘોડાના મુખમાંથી ધૂમાડા નીકળવા લાગ્યા. આવા ઉત્પાત શુકનને તેઓએ ગણ્યા નહીં; કારણ કે **તેવા ઉત્પાતાદિને જાણનાર પુરુષોને ભવિતવ્યતા જ પ્રમાણ હોય છે.** તેઓએ સ્નાન કરીને પ્રયાણોચિત કૌતુકમંગળાદિ કર્યું અને પછી ચક્રવર્તીના સર્વ સૈન્ય સાથે તેઓ ત્યાંથી ચાલ્યા. મહારાજા-સગરે સ્ત્રી-રત્ન સિવાય સર્વ રત્નો પુત્રોની સાથે મોકલ્યાં, કારણ **પોતાનો આત્મા છે તે જ પુત્ર છે.**

સર્વ પુત્રો ત્યાંથી ચાલ્યા, તેમાં કેટલાએક ઉત્તમ હાથી ઉપર બેઠા હતા, તેઓ દિક્પાળની જેવા જણાતા હતા, કેટલાએક રેવંત અશ્વ કરતાં પણ વધારે સુંદર ઘોડાઓ ઉપર બેઠા હતા અને સૂર્યાદિક ગ્રહોની જેમ કેટલાએક રથમાં બેઠા હતા. સર્વેએ મુગટ પહેર્યા હતા, તેથી તેઓ જાણે ઇંદ્રો હોય તેવા જણાતા હતા. તેમની છાતીઓ ઉપર હાર લટકતા હતા. તેથી જાણે નદીના પ્રવાહવાળા પર્વતો હોય તેવા જણાતા હતા, જાણે પૃથ્વી ઉપર આયુધધારી દેવતાઓ આવ્યા હોય તેમ તેઓના હાથમાં વિવિધ જાતનાં હથિયારો હતાં, વૃક્ષના ચિહ્નવાળા જાણે વ્યંતરો હોય તેમ તેઓના મસ્તક ઉપર છત્રો હતાં, વેલંધર દેવતાઓથી સમુદ્રની જેમ આત્મરક્ષક પુરુષોથી તેઓ વીંટાઈ રહેલા હતા, ઊંચા હાથ કરીને ચારણભાટ તેમની સ્તુતિ કરતા હતા, ઘોડાની તીક્ષ્ણ ખરીઓથી પૃથ્વીને ખોદી નાખતા હતા, વાજિંત્રોના અવાજથી સર્વ દિશાઓને બહેરી કરી મૂકતા હતા, ઘણી ઊડેલી પૃથ્વીની રજથી સર્વ દિશાઓને આંધળી કરી મૂકતા હતા, વિચિત્ર ઉદ્યાનોમાં જાણે ઉદ્યાનદેવતા હોય, પર્વતોના શિખરોની ઉપર જાણે મનોહર પર્વતના અધિષ્ઠાયક દેવતા હોય અને નદીઓના કિનારા ઉપર જાણે નદીપુત્રો હોય તેમ સ્વેચ્છાએ ક્રીડા કરતા તેઓ આ ભરતભૂમિમાં સર્વ ઠેકાણે ભમવા વાગ્યા. ગામડાં, ખાણ, નગર, દ્રોણમુખ અને ખેડુલોકોના નેહડામાં પણ તેઓ વિદ્યાધરની પેઠે જિનપૂજા કરતા હતા. ઘણા ભોગ ભોગવતા, ઘણું ધન આપતા, મિત્રજનને ખુશી કરતા, શત્રુઓનો નાશ કરતા, રસ્તામાં નિશાન પાડવામાં પોતાનું કુશળપણું બતાવતા, ભમતા અને પડતા શસ્ત્રો પકડી લેવામાં નિપુણતા દેખાડતા અને શસ્ત્રાશસ્ત્રીની વિચિત્ર પ્રકારની કથાઓ તથા મશ્કરીની કથાઓ વાહન ઉપર બેસી પોતાના સરખી વયના રાજાઓની સાથે કરતા તેઓ, અનુક્રમે જેના જોવામાત્રથી ક્ષુધા ને તૃષા મટી જાય તેવી ઔષધીવાળા અને પુણ્યસંપત્તિના સ્થાનરૂપ અષ્ટાપદ પર્વતની સમીપે આવી પહોંચ્યા.

તે અષ્ટાપદ પર્વત મોટા સરોવરથી જાણે દેવતાના અમૃતરસનો ભંડાર હોય તેવો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જણાતો હતો; હર્ષ પામેલા મયૂરના મધુર સ્વરથી જાણે ગાયન કરતો હોય તેમ દેખાતો હતો, જાણે પૂતળીઓવાળું ચૈત્ય હોય તેમ તેની ઉપર અનેક વિદ્યાધરીઓ રહેતી હતી, ચારે બાજુ પડેલાં રત્નોથી જાણે રત્ન–મણિઓથી બનેલો પૃથ્વીનો મુગટ હોય તેવો તે જણાતો હતો અને ત્યાંના ચૈત્યને વંદના કરવાની ઇચ્છાથી હમેશાં આવતાં ચારણશ્રમણાદિકથી તે પર્વત નંદીશ્વરદ્વીપ જેવો જણાતો હતો.

આવો નિત્ય ઉત્સવવાળો સ્ફટિક રત્નમય પર્વત જોઈને તે કુમારોએ સુબુદ્ધિ વિગેરે પોતાના અમાત્યોને પૂછ્યું–'વૈમાનિક દેવોના સ્વર્ગમાં રહેલા ક્રીડાપર્વતોમાંથી જાણે એક અહીં પૃથ્વી ઉપર ઉતર્યો હોય એવો આ કયો પર્વત છે ? અને તેની ઉપર આકાશ સુધી ઊંચું તથા હિમાલય પર્વત પર રહેલ શાશ્વત ચૈત્ય જેવું આ ચૈત્ય છે તે કોણે કરાવેલું છે ?' મંત્રીઓએ કહ્યું—"પૂર્વે ઋષભપ્રભુ પ્રથમ તીર્થંકર ભગવંત થઈ ગયા છે, જે તમારા વંશના અને આ ભરતમાં ધર્મતીર્થના આદિકર્તા થયા છે, તેના પુત્ર ભરત નવાણું ભાઈઓથી મોટા અને ષટ્‌ખંડ ભરતક્ષેત્રને પોતાની આજ્ઞામાં પ્રવર્ત્તાવનાર હતા. ઇંદ્રને જેમ મેરુપર્વત તેમ તે ચક્રીનો આ અષ્ટાપદ નામે ક્રીડાગિરિ અનેક આશ્ચર્યના સ્થાનભૂત છે. આ પર્વતની ઉપર શ્રીઋષભદેવ ભગવાન્ દશ હજાર સાધુઓની સાથે અવ્યયપદને પામેલા છે. ઋષભસ્વામીના નિર્વાણ પછી ભરતરાજાએ અહીં રત્નમય પાષાણોથી **સિંહનિષદ્યા** નામે ચૈત્ય કરાવેલું છે, તેમાં ઋષભસ્વામી અને પછી થનારા બીજા ત્રેવીશ તીર્થંકરોનાં બિંબો નિર્દોષ રત્નોથી પોતપોતાના દેહના પ્રમાણ, સંસ્થાન, વર્ણ અને લાંછનવાળા વિધિ પ્રમાણે કરાવેલાં છે. તે સર્વ બિંબોની પ્રતિષ્ઠા આ ચૈત્યમાં તે ભરતચક્રીએ ચારણમુનિઓની પાસે કરાવેલી છે અને તેમણે પોતાના બાહુબલિ વિગેરે નવાણુ બંધુઓનાં પગલાં અને મૂર્ત્તિઓ પણ કરાવી છે. અહીં સમવસરેલા શ્રી ઋષભસ્વામીએ ભવિષ્યમાં થનારા તીર્થંકર, ચક્રવર્ત્તી, વાસુદેવ, પ્રતિવાસુદેવ અને બળરામનું તેની પાસે વર્ણન કર્યું હતું. આ પર્વતની ચોતરફ ભરતચક્રીએ આઠ આઠ પગથિયાં કરાવેલાં છે, તેથી તે અષ્ટાપદગિરિ કહેવાય છે." આ પ્રમાણેની હકીકત સાંભળીને 'અહો ! આ પર્વત આપણા પૂર્વજોનો છે,' એમ જેઓને હર્ષ ઉપજ્યો છે એવા કુમારો પરિવાર સહિત તેની ઉપર ચડ્યા અને તે સિંહનિષદ્યા ચૈત્યમાં પ્રવેશ કર્યો. દૂરથી દર્શન થતાં જ તેઓએ હર્ષવડે આદિ તીર્થંકરને પ્રણામ કર્યો. અજિતસ્વામીના બિંબને તથા બીજા તીર્થંકરોનાં બિંબોને પણ તેઓએ સરખી શ્રદ્ધાથી નમસ્કાર કર્યો, કારણ કે તેઓ ગર્ભશ્રાવક હતા. જાણે મંત્રથી આકર્ષણ કરીને મંગાવ્યું હોય તેમ તત્કાળ આવેલા શુદ્ધ ગંધોદકથી કુમારોએ શ્રીઅર્હંતનાં બિંબોને સ્નાન કરાવ્યું. તે વખતે કેટલાએક કળશોને પાણીથી ભરી દેતા હતા. કેટલાએક આપતા હતા, કેટલાએક પ્રભુની ઉપર ઢાળતા હતા, કેટલાએક ખાલી થયેલા પાછા લેતા હતા, કોઈ સ્નાત્રવિધિ ભણતા હતા, કોઈ ચામર વીંજતા હતા, કોઈ સુવર્ણના ધૂપિયા લેતા હતા, કોઈ ધૂપિયામાં ઉત્તમ ધૂપ નાંખતા હતા અને કોઈ શંખાદિ વાજિંત્રો ઊંચે સ્વરે વગાડતા હતા. તે વખતે વેગવડે પડતા સ્નાનના ગંધોદકથી અષ્ટાપદ પર્વત બમણા નિર્ઝરણાવાળો થયો. પછી કોમળ, કોરા અને દેવદૂષ્ય વસ્ત્રોથી તેઓ દાસની જેમ ભગવંતનાં



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બિંબોનું માર્જન કરવા લાગ્યા. પછી સીરંધ્રી દાસીની જેમ સ્વેચ્છાએ ઘણી ભક્તિવાળા તેઓએ ગોશીર્ષચંદનના રસવડે પ્રભુને વિલેપન કર્યું. વિચિત્ર પુષ્પોની માળાથી તથા દિવ્ય વસ્ત્ર અને મનોહર રત્નાલંકારોથી તેમની અર્ચા કરી. ઇંદ્રની જેવા રૂપવંત તેઓએ સ્વામીનાં બિંબોની આગલ અખંડિત ચોખાથી પટ્ટ ઉપર અષ્ટમંગલિક આલેખ્યા. દિવ્ય કપૂરની દીવેટથી તેઓએ સૂર્યબિંબ જેવી દેદીપ્યમાન આરાત્રિક તૈયાર કરી, તેની પૂજા કરી અને પછી તે આરતિ ઉતારી. પછી અંજલિ જોડીને શક્રસ્તવવડે વંદના કરી ઋષભસ્વામી વિગેરેની આ પ્રમાણે તેઓ સ્તુતિ કરવા લાગ્યા:—

"હે ભગવંત ! આ અપાર અને ઘોર એવા સંસારરૂપી સમુદ્રમાં વહાણુ સમાન અને મોક્ષના કારણભૂત એવા તમે અમને પવિત્ર કરો. સ્યાદ્વાદરૂપી મહેલની પ્રતિષ્ઠામાં સૂત્રધાર (સુતાર) પણાને નયપ્રમાણથી ધારણ કરતા એવા તમને અમે નમસ્કાર કરીએ છીએ. યોજન સુધી પ્રસાર પામતી વાણીરૂપી નીકથી સર્વ જગતરૂપી બાગને તૃપ્ત કરનાર એવા તમને અમે નમસ્કાર કરીએ છીએ. તમારા દર્શનથી સામાન્ય જીવિતવાળા અમારી જેવા જીવો પાંચમા આરા પર્યંત પણ જીવિતનું પરમફળ પ્રાપ્ત કરશે. ગર્ભ, જન્મ, દીક્ષા, જ્ઞાન અને મુક્તિરૂપ પાંચ–પાંચ કલ્યાણકોથી નારકીઓને પણ સુખ આપનાર એવા તમોને અમે નમસ્કાર કરીએ છીએ. મેઘ, વાયુ, ચંદ્ર અને સૂર્યની જેમ સમદૃષ્ટિ રાખનારા એવા તમે અમને કલ્યાણને અર્થે થાઓ. આ અષ્ટાપદ પર્વત પર રહેલાં પક્ષીઓને પણ ધન્ય છે કે જેઓ પ્રતિદિવસ નિરંતરપણે તમને જુએ છે. તમારા દર્શન અને પૂજન ઘણીવાર કરવાથી અમારું જીવિત અને વૈભવ કૃતાર્થ થયેલ છે."

એવી રીતે સ્તુતિ કરીને ફરીથી અર્હંતને નમસ્કાર કરી તે સગરપુત્રો હર્ષ પામી પ્રાસાદમાંથી બહાર નીકળ્યા. પછી ભરતચક્રીના ભ્રાતાઓનાં પવિત્ર પગલાંઓને તેમણે વંદના કરી.

પછી કાંઈક વિચારીને જન્હુકુમારે પોતાના નાના ભાઈઓને કહ્યું–"હું ધારું છું કે આ અષ્ટાપદના જેવું બીજું કોઈ ઉત્તમ સ્થાન નથી, માટે આપણે આ ચૈત્યના જેવું બીજું ચૈત્ય અહીં કરાવીએ. અહો ! ભરતચક્રીએ જો કે આ ભરતક્ષેત્ર છોડયું છે, તો પણ આ પર્વત કે જે ભરતક્ષેત્રમાં સારભૂત છે તેની ઉપર ચૈત્યના મિષથી કાયમ રહીને ભરતક્ષેત્રને જાણે અત્યારે પણ તેઓ ભોગવે છે." વળી ફરી વિચાર કરીને બોલ્યો–"હે બંધુઓ ! નવું ચૈત્ય કરાવ્યા કરતાં ભવિષ્યમાં લોપ થવાના સંભવવાળા આ ચૈત્યનું આપણે રક્ષણ કરીએ તો આ ચૈત્ય આપણે જ કરાવેલું છે એમ સમજી શકાય, કારણ કે જ્યારે દુઃષમ-કાળ પ્રવર્ત્તશે ત્યારે અર્થમાં લુબ્ધ, સત્ત્વ રહિત અને કૃત્યાકૃત્યના વિચાર વિનાના પુરુષો થશે; તેથી જૂનાં ધર્મસ્થાનોનું રક્ષણ કરવું તે નવાં ધર્મસ્થાન કરાવ્યાથી પણ અધિક છે." આ પ્રમાણે સાંભળીને સર્વ નાના ભાઈઓએ એ ચૈત્યના રક્ષણનિમિત્તે તેની ફરતી ખાઈ કરવા સારું દંડરત્ન ગ્રહણ કર્યું. પછી જાણે તીવ્ર તેજથી સૂર્ય હોય તેવો જન્હુ પોતાના ભાઈઓ સાથે નગૂરની જેમ અષ્ટાપદની ચોતરફ ખાઈ કરવાને માટે દંડરત્નથી પૃથ્વી ખોદવા લાગ્યો. તેમની આજ્ઞાથી દંડરત્ને હજાર યોજન ઊંડી ખાઇ ખોદી, એટલે ત્યાં આવેલાં નાગકુમારનાં મંદિરો ભાંગવા લાગ્યાં. પોતાનાં ભુવનો ભાંગવાથી, સમુદ્રનું મથન કરતાં જેમ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જળજંતુઓ ક્ષોભ પામે તેમ સર્વ નાગલોક ક્ષોભ પામવા લાગ્યો. જાણે પરચક્ર આવ્યું હોય, જાણે અગ્નિ લાગ્યો હોય અથવા જાણે મહાવાત ઉત્પન્ન થયો હોય તેમ નાગકુમાર આમતેમ ત્રાસ પામવા લાગ્યા. એવી રીતે આકુળ થયેલો નાગલોક જોઇ **જ્વલનપ્રભ** નામે નાગકુમારોનો રાજા અગ્નિની જેમ ક્રોધથી બળવા લાગ્યો. પૃથ્વીને ખોદેલી જોઈને 'આ શું ?' એમ સંભ્રમથી વિચારતો તે બહાર નીકળી સગરચક્રીના પુત્રોની પાસે આવ્યો. ચડતા તરંગવાળા સમુદ્રની જેમ ચડાવેલી ભ્રકુટિથી તે ભયંકર લાગતો હતો, ઊંચી જ્વાળાવાળા અગ્નિની જેમ કોપથી તેના હોઠ ફરકતા હતા, તપેલા લોઢાના તોમરની શ્રેણી જેવી લાલ દૃષ્ટિ તે નાખતો હતો અને વજ્રાગ્નિની ધમણ જેવી પોતાની નાસિકા ફુલાવતો હતો. એવા તેમજ યમરાજની જેમ ક્રોધ પામેલા અને પ્રલયકાળના સૂર્યની જેમ સામું ન જોઈ શકાય તેવા તે નાગપતિ સગરપુત્રોને આ પ્રમાણે કહેવા લાગ્યા—"અરે ! પોતાને પરાક્રમી માનનારા અને દુર્મદ એવ તમે ભીલ્લ લોકોને જેમ કિલ્લો મળે તેમ દંડરત્ન મળવાથી આ શું કરવા માંડયું છે ? અરે ! અવિચારપૂર્વક કાર્ય કરનારા તમે ભવનપતિઓનાં શાશ્વત ભુવનોને આ ઉપદ્રવ કર્યો ? અજિતસ્વામીના ભાઈના પુત્ર થઈને તમે પિશાચની જેમ આ દારુણ કર્મ કેમ કરવા માંડયું ?" પછી જન્હુએ કહ્યું—"હે નાગરાજ ! અમારાથી થયેલા તમારા સ્થાનભંગથી પીડિત થઈને તમે જે કહો છો તે ઘટિત છે, પણ દંડરત્નવાળા અમોએ તમારા સ્થાનનો ભંગ થાય એવી બુદ્ધિથી આ પૃથ્વી ખોદી નથી; કિંતુ આ અષ્ટાપદ પર્વતના રક્ષણને માટે ફરતી ખાઈ કરવા અમે આ પૃથ્વી ખોદી છે. અહીં અમારા વંશના મૂળપુરુષ ભરતચક્રીએ રત્નમય ચૈત્ય અને સર્વ તીર્થંકરોની રત્નમય સુંદર પ્રતિમાઓ કરાવેલી છે. ભવિષ્યમાં કાળના દોષથી લોકો તેને ઉપદ્રવ કરશે, એવી શંકા લાવીને અમે આ કામ કર્યું છે. તમારાં સ્થાનો તો ઘણા દૂર છે એમ જાણીને અમને તેના ભંગની શંકા થઈ નહોતી, પણ આમ થવામાં આ દંડરત્નની અમોઘ શક્તિનો જ અપરાધ જણાય છે; માટે અર્હંતની ભક્તિથી અવિચારીપણે અમે જે કામ કર્યું છે તે તમે ક્ષમા કરો અને હવે ફરીથી અમે તેમ કરશું નહીં." એવી રીતે જન્હુકુમારે પ્રાર્થના કરાયેલો નાગરાજ શાંત થયો; કારણ કે **સત્પુરુષોના કોપાગ્નિને શાંત કરવામાં સામવાણી જળરૂપ થાય છે.** પછી 'હવે ફરીથી તમે આવું કરશો નહીં' એમ કહી **સિંહ જેમ ગુફામાં જાય તેમ** નાગપતિ નાગલોકમાં ગયો.

નાગરાજ ગયા પછી જન્હુએ પોતાના નાના ભાઇઓને કહ્યું—"આપણે અષ્ટાપદની ફરતી ખાઈ તો કરી, પણ પાતાળ જેવી ગંભીર છતાં આ ખાઈ, માણસની મોટી આકૃતિ પણ બુદ્ધિ વિના જેમ શોભતી નથી તેમ જળ વિના શોભતી નથી. વળી કોઈ કાળે આ પાછી રજથી પૂરાઇ પણ જાય, કારણ કે કાળે કરીને મોટા ખાડા હોય છે તે પણ સ્થળરૂપ થઈ જાય છે; માટે આ ખાઈ ઘણા જળથી અવશ્ય પૂરવી જોઈએ; પણ ઊંચા તરંગવાળી ગંગા વિના તે કામ પાર પડી શકશે નહીં." આ પ્રમાણે સાંભળીને 'તમે કહો છો તે ઘણું સારું છે' એમ તેના ભાઇઓએ કહ્યું એટલે જન્હુએ જાણે બીજો યમદંડ હોય તેવું દંડરત્ન હાથમાં લીધું. તે દંડરત્નવડે ગંગા કાંઠાને ઇંદ્ર જેમ પર્વતના શિખરને તોડે તેમ તોડી નાખ્યો. દંડે કાંઠો તોડવાથી તે રસ્તે ગંગા ચાલી, કારણ કે **સરલ પુરુષની જેમ જળ જ્યાં લઇ જઇએ ત્યાં જાય છે.** તે વખતે ગંગાનદી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પોતાના ઉછળતા મોટા તરંગોથી જાણે તેણે પર્વતના શિખરો ઊંચા કર્યાં હોય તેવી જણાતી હતી અને તટ ઉપર અફળાતા પાણીથી ઉત્પન્ન થતા શબ્દો વડે જાણે જોરથી વાજિંત્રો વગાડતી હોય તેવી દેખાતી હતી. એવી રીતે પોતાના જળના વેગથી દંડે કરેલા પૃથ્વીના ભેદને બમણો પહોળો કરતી ગંગા સમુદ્રની જેમ અષ્ટાપદ ગિરિની ફરતી કરેલી ખાઈ પાસે આવી; એટલે હજાર યોજન ઊંડી અને પાતાળની જેવી ભયંકર તે પરિખાને પૂરવાને તેઓ પ્રવર્ત્યા. જન્હુએ અષ્ટાપદ પર્વતની ખાઈ પૂરવાને ગંગાને ખેંચી, તેથી તેનું નામ જાન્હવી કહેવાયું. ઘણા જળથી તે પરિખા પૂરાઈ ગયા પછી વધેલું જળ ધારાયંત્રની જેમ નાગકુમારોનાં સ્થાનોમાં પેઠું. રાફડાની જેમ નાગકુમારનાં મંદિરો જળથી પૂરાઈ ગયાં, એટલે દરેક દિશામાં કુંફાડા મારતા નાગકુમારો આકુળવ્યાકુળ થઈ ત્રાસ પામવા લાગ્યા, નાગલોકના ક્ષોભથી સર્પરાજ જ્વલનપ્રભ અંકુશે મારેલા હાથીની જેમ ભયકંર આકૃતિપૂર્વક કોપાયમાન થયો અને બોલ્યો-“એ સગરના પુત્રો પિતાના વૈભવથી દુર્મદ થયેલા છે, તેથી તેઓ સામને યોગ્ય નથી; પણ ગધેડાની જેમ દંડને જ યોગ્ય છે. અમારા ભુવનોનો નાશ કરવાનો એક અપરાધ મેં સહન કર્યો અને શિક્ષા ન કરી તો ફરીથી તેમણે આ અપરાધ કર્યો; માટે હવે ચોર લોકોને જેમ આરક્ષક પુરુષ શિક્ષા કરે તેમ હું તેમને શિક્ષા કરું.” આ પ્રમાણે ઘણા કોપના આટોપથી ભયંકર રીતે બોલતો, અકાળે કાળાગ્નિની જેમ ઘણી દીપ્તિથી દારુણ દેખાતો અને વડવાનલ જેમ સમુદ્રને શોષણ કરવા ઇચ્છે તેમ જગતને બાળવાની ઇચ્છા કરતો તે પૃથ્વીમાંથી બહાર નીકળ્યો; અને વજ્રાનળની જેમ ઊંચી જ્વાળાવાળો તે નાગરાજ નાગકુમારોની સાથે વેગથી રસાતળમાંથી નીકળીને ત્યાં આવ્યો. પછી દૃષ્ટિવિષ સર્પના રાજાએ તત્કાળ કોપાયમાન દૃષ્ટિવડે સગરપુત્રોને જોયા, એટલે તત્કાળ ઘાસના પુળાની જેમ અગ્નિથી તે સર્વે ભસ્મરાશિ થઈ ગયા. તે વખતે લોકોમાં આકાશ અને પૃથ્વીને પૂરી દે એવો એક મોટો હાહાકાર શબ્દ થયો, કારણકે **સાપરાધી માણસનો નિગ્રહ પણ લોકોને તો અનુકંપાને માટે જ થાય છે.** આ પ્રમાણે નાગરાજ સગરચક્રીના સાઠ હજાર પુત્રોને મૃત્યુ પમાડી સાયંકાળે સૂર્યની જેમ નાગલોક સહિત પાછો રસાતળમાં ચાલ્યો ગયો.

इत्याचार्यश्री हेमचन्द्रविरचिते त्रिषष्ठिशलाकापुरुषचरिते
महाकाव्ये द्वितीये पर्वणि सगरपुत्रनिधनो
नाम पंचमः सर्गः ॥ ५ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# સર્ગ ૬ ઠ્ઠો

તે વખતે ચક્રીના સૈન્યમાં યોદ્ધાઓનો મોટો ઘોંઘાટ, કોઈ મોટું જળાશય ખાલી થતાં જેમ જળ-જંતુઓનો ઘોંઘાટ થાય તેમ થવા લાગ્યો. જાણે કિંપાક ફળ ખાધું હોય, જાણે ઝેર પીધું હોય અથવા જાણે સર્પે કરડયા હોય તેમ મૂર્છાવશ થઈને કેટલાક પૃથ્વી ઉપર પડયા, કોઈ નાળીએરની જેમ પોતાનું મસ્તક પછાડવા લાગ્યા, કોઈ જાણે છાતીએ ગુન્હો કર્યો હોય તેમ તેને વારંવાર કૂટવા લાગ્યા, કોઇ જાણે પુરંધ્રી દાસીની જેમ કાર્યમૂઢ થઈ પગ પહોળા કરીને બેસી રહ્યા, કોઈ વાનરની જેમ ઝંપાપાત કરવાને શિખર ઉપર ચઢ્યા, કોઈ પોતાનું પેટ ચીરવાની ઇચ્છાથી યમરાજાની જિહ્વા જેવી છરીઓ મ્યાનમાંથી ખેંચવા લાગ્યા, કોઈ ફાંસી ખાવાને માટે પ્રથમ ક્રીડાં કરવાના હીંડોળા બાંધતા હોય તેમ પોતાનાં ઉત્તરીય વસ્ત્રો વૃક્ષની શાખા ઉપર બાંધવા લાગ્યા, કોઇ ક્ષેત્રમાંથી અંકુર ચૂંટે તેમ મસ્તક પરથી કેશ ચૂંટી નાખવા લાગ્યા, કોઈ પસીનાનાં બિંદુની જેમ શરીર ઉપરથી વસ્ત્રોને ફેંકી દેવા લાગ્યા, કોઇ જૂની ભીંતને આધાર દેવાને માટે મૂકેલા સ્તંભની જેમ કપોલ ઉપર હાથ મૂકીને ચિંતાપરાયણ થઇ ગયા અને કોઈ પોતાના વસ્ત્રને પણ સારી રીતે રાખ્યા સિવાય પૃથ્વી ઉપર ગાંડા માણસની જેમ શિથિલ થઈ ગયેલા અંગ વડે આળોટવા લાગ્યા.

તે વખતે આકાશમાં ટીટોડીઓની જેમ અંતઃપુરની સ્ત્રીઓનો હૃદયને કંપાવનારો જુદા જુદા પ્રકારનો વિલાપ થવા લાગ્યો. "અરે દૈવ! અમારા પ્રાણેશને ગ્રહણ કરીને અને અમારા પ્રાણને અહીં રાખીને તેં આ અર્ધદગ્ધપણું કેમ કર્યું? હે પૃથ્વીદેવી! તમે ફાટ પાડીને અમને જગ્યા આપો; કારણકે આકાશમાંથી પડેલાનું શરણ પણ પૃથ્વી જ છે. હે દૈવ! ચંદનઘોની જેમ આજે તું અમારી ઉપર અકસ્માત્ નિર્દય થઇને વિદ્યુત્પાત્ કર. હે પ્રાણ! તમારા રસ્તાઓ કુશળ થાઓ અને તમે ઇચ્છા પ્રમાણે હવે અહીંથી ચાલ્યા જાઓ, તથા આ શરીરને ભાડાની ઝુંપડીની જેમ તમે છોડી દ્યો. હે મહાનિદ્રા! સર્વ દુઃખને ટાળનારી તું આવ, અથવા હે ગંગા! તું ઉછળીને અમને જળમૃત્યુ આપ. હે દાવાનળ! તું આ પર્વતના જંગલમાં પ્રગટ થા કે જેથી તારી મદદવડે અમે અમારા પતિની ગતિને પામીએ. હે કેશપાસ! તમે હવે પુષ્પની માળા સાથેની મૈત્રી છોડી દ્યો. હે નેત્ર! તમે હવે કાજળને જળાંજલિ આપો. હે કપોલ! તમે હવે પત્રરેખાની સાથે સંબંધ રાખશો નહીં. હે હોઠ! હવે તમે અળતાના સંગની શ્રદ્ધા છોડી દ્યો. હે કાન! તમે હવે ગાયનના શ્રવણની ઇચ્છા છોડી દેવા સાથે રત્નકર્ણિકાને પણ મૂકી દ્યો. હે કંઠ! તું હવેથી કંઠી પહેરવાની ઉત્કંઠા કરીશ નહીં. હે સ્તનો! આજથી તમારે કમળને જેમ ઝાકળનાં બિંદુઓનો હાર હોય તેમ અશ્રુ-બિંદુનો જ હાર ધારણ કરવાનો છે. હે હૃદય! તું તત્કાળ પાકેલા ચીભડાની જેમ બે ભાગે થઈ જા. હે બાહુ! તમારે કંકણ અને બાજુબંધના ભારથી હવે સર્યું. હે નિતંબ! તું પણ પ્રાતઃકાળનો ચંદ્ર જેમ કાંતિને તજી દે તેમ કટિમેખલા છોડી દે. હે ચરણ! તમારે અનાથની જેમ હવે આભૂષણોથી સર્યું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હે અંગ ! તારે હવે કૌવચના સ્પર્શની જેમ અંગરાગની જરૂર નથી.'' અંતઃપુરની સ્ત્રીઓ એવી રીતે કરુણસ્વરે રોવાથી, બંધુની જેમ સર્વ વનો પણ પડછંદાથી સાથે રોવા લાગ્યા.

સેનાપતિ, સામંત રાજા અને મંડલેશ વિગેરે સર્વ શોક, લજ્જા, ક્રોધ અને શંકાદિકથી રુદન કરતા વિચિત્ર પ્રકારે બોલવા લાગ્યા. ''હે સ્વામીપુત્રો ! તમે કયાં ગયા તે અમે જાણી શકતા નથી, તેથી તમે કહો કે જેથી અમે પણ સ્વામીની આજ્ઞામાં તત્પર હોવાથી તમારી પછવાડે આવીએ. અથવા શું તમને અંતર્ધાન–વિદ્યા પ્રાપ્ત થઈ છે ? પણ તે પોતાના સેવકોને ખેદને માટે થાય છે, તેથી તમારે તે ન ફોરવવી જોઇએ. નષ્ટ–વિનષ્ટ થયેલા તમને છોડીને ગયેલા એવા અમારું મુખ ઋષિહત્યા કરનારની જેમ સગર રાજા કેમ જોશે ? તમારા વિના ગયેલા અમારી લોકો પણ મશ્કરી કરશે; માટે હે હૃદય ! હવે તુ પાણીથી સિંચાયેલા કાચા ઘડાની જેમ તત્કાળ ફૂટી જા. હે નાગકુમાર ! તું પણ ઊભો રહે, ઊભો રહે. અમારા સ્વામી કે જે અષ્ટાપદની રક્ષા કરવામાં વ્યગ્ર હતા તેઓને શ્વાનની જેમ છળથી બાળી દઇને હમણાં કયાં જઇશ ? હે ખડ્ગ ! હે ધનુષ ! હે શક્તિ ! હે ગદા ! તમે યુદ્ધ કરવાને તૈયાર થાઓ. હે સર્પ ! તું નાસીને કયાં જઇશ ? આ સ્વામીના પુત્રો અહીં આપણને છોડીને ચાલ્યા ગયા ! અરે હાય ! તેમને મૂકીને ગયેલા આપણને સ્વામી પણ જલદી છોડી દેશે ! કદાપિ ત્યાં આપણે નહીં જઇએ અને અહીં જીવતા રહીશું તો સાંભળીને આપણા સ્વામી લજ્જા પામશે અથવા આપણો નિગ્રહ કરશે.'' એવી રીતે વિવિધ પ્રકારે રુદન કર્યા પછી સર્વે ભેગા થઈ પોતાનું સ્વાભાવિક ધૈર્ય ધારણ કરી આ પ્રમાણે વિચાર કરવા લાગ્યા. ''પૂર્વવિધિથી[૧] પરોક્તવિધિ જેમ બલવાન્ છે તેમ સર્વ થકી વિધિ[૧] બળવાન્ છે, તેનાથી કોઈ બલવત્તર નથી. આ અશકય પ્રતીકારવાળા કાર્યમાં ઉપાય કરવાને ઇચ્છવો તે ફોગટ છે, કારણ કે તે આકાશને માપવાની ઈચ્છાતુલ્ય અને પવનને પકડવાની ઈચ્છાતુલ્ય છે. હવે વિલાપથી શું વળવાનું છે ? માટે આ હાથી, ઘોડા વિગેરે સમગ્ર ઋદ્ધિ આપણે થાપણ રાખનારની પેઠે મહારાજને પાછી સોંપી દઇએ. પછી સગર રાજા તેને યોગ્ય લાગે અથવા રુચે તે આપણી ઉપર કરે. હવે તેની ચિંતા આપણે શું કરવી ?'' એવું વિચારીને તેઓ સર્વ અંતઃપુરાદિકને લઇ, દીન વદનવાળા થઈને અયોધ્યા તરફ ચાલ્યા. ઉત્સાહ રહિત અને જેનાં મુખ તથા નેત્રો ગ્લાનિ પામ્યાં છે એવા તેઓ જાણે સુઈને ઉઠયા હોય તેમ મંદમંદ ચાલતા અયોધ્યાની નજીક આવ્યા. ત્યાં જાણે વધ્યશિલા ઉપર બેસાર્યા હોય તેમ ખેદયુક્ત ચિત્તવાળા તેઓ એકઠા થઈ પૃથ્વી ઉપર બેસીને પરસ્પર આ પ્રમાણે કહેવા લાગ્યા–''પૂર્વે આપણને રાજાએ ભક્ત, બહુજ્ઞ, બળવંત અને દ્રષ્ટસાર ધારીને ઘણા સત્કારથી પોતાના પુત્રોની સાથે મોકલ્યા હતા. તે કુમારો વિના આપણાથી હવે સ્વામી પાસે કેમ જવાય ? અને નાસિકા રહિત પુરુષની જેમ મુખને કેમ દેખાડી શકાય ? અથવા રાજાને અકસ્માત્ વજ્રપાત જેવું આ પુત્રવૃત્તાંત કેમ કહી શકાય ? એથી આપણને ત્યાં જવું તો ઘટતું નથી, પણ સર્વ દુઃખીને શરણરૂપ મરણ પામવું ઘટે છે. પ્રભુએ કરેલી સંભાવનાથી ભ્રષ્ટ થયેલા આપણને શરીર વિનાના પુરુષની જેમ જીવવાથી શું સાર્થકપણું છે ? કદાપિ આ પુત્રોનું દુઃશ્રવ મૃત્યુ સાંભળીને ચક્રવર્તી મૃત્યુ પામશે તો આપણને પણ મૃત્યુ જ અગ્રેસર છે.'' એ પ્રમાણે વિચાર

૧. વ્યાકરણનો નિયમ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરી તેઓ મરવાનો નિશ્ચય કરી રહ્યા છે તેવામાં ભગવાં વસ્ત્રવાળો કોઈ બ્રાહ્મણ ત્યાં આવ્યો.

તે શ્રેષ્ઠ બ્રાહ્મણ કમળ જેવો હાથ ઊંચો કરી જીવાડનારી વાણીથી તેઓને મૃત્યુ નહીં પામવાનું કહેતો સતો આ પ્રમાણે બોલ્યો—"અહો ! કાર્યમાં મૂઢ બનેલાઓ ! તમે અસ્વસ્થ ચિત્તવાળા કેમ થઈ ગયા છો ? જેમ આવતા શીકારીને દેખતાં જ સસલાં પડી જાય તેવા તમે જણાઓ છો ! તમારા સ્વામીના સાઠ હજાર પુત્રો યુગલીઆની જેમ એક સાથે મૃત્યુ પામ્યા છે, પણ તેમાં હવે ખેદ કરવાથી શું ? સાથે જન્મેલા હોય છતાં પણ કોઈ વખત તેઓ જુદા જુદા અને જુદે સ્થાનકે મૃત્યુ પામે છે. અને જુદા જુદા જન્મ્યા હોય છતાં પણ કોઇ વખત એક જ ઠેકાણે સાથે મૃત્યુ પામે છે, એક સાથે ઘણા પણ મરી જાય અને થોડા પણ મરી જાય, કારણ કે સર્વ જીવોને મૃત્યુ તો સાથે જ રહેલું છે. જેમ સેંકડો પ્રયત્ન કરતાં પણ પ્રાણીનો સ્વભાવ ફેરવી શકાતો નથી તેમ ગમે તેટલા પ્રયત્નવડે પણ કોઈ, કોઇના મૃત્યુનો નિષેધ કરી શકતું નથી. નિષેધ કરાતો હોય તો ઇંદ્ર અને ચક્રવર્ત્તી વિગેરે મોટા પુરુષોએ પોતાના અથવા પોતાના સ્વજનના મૃત્યુનો અદ્યાપિ કેમ નિષેધ ન કર્યો ? આકાશમાંથી પડતું વજ્ર મુષ્ટિથી પકડી શકાય, ઉદ્ભ્રાંત થયેલો સમુદ્ર પાળ બાંધીને રોકી શકાય, મહાઉત્કટ પ્રલયકાળનો અગ્નિ જળવડે ઓલવી શકાય, પ્રલયકાળના ઉત્પાતથી ઉપડેલો પવન મંદ કરી શકાય, પડતો પર્વત ટેકાથી રાખી શકાય, પરંતુ સેંકડો ઉપાયોથી પણ મૃત્યુને રોકી શકાય નહીં; માટે 'આપણને સોંપેલા સ્વામીના પુત્રો મૃત્યુ પામ્યા' એવો તમે ખેદ કરો નહીં અને હાલ જરા ધીરા થાઓ. શોક સમુદ્રમાં ડૂબતા તમારા સ્વામીને હાથ આપવાની જેમ હું બોધકારી વચનથી પકડી રાખીશ." એમ સર્વને ધીરજ આપી તે બ્રાહ્મણે રસ્તામાં રહેલા કોઇ અનાથ મૃતકને લઇને વિનીતા નગરીમાં પ્રવેશ કર્યો. પછી તે બ્રાહ્મણે સગર રાજાના રાજગૃહના આંગણામાં જઈ ઊંચો હાથ કરીને આ પ્રમાણે ઊંચે સ્વરે પોકાર કર્યો—'હે ન્યાયવર્ત્તી ચક્રવર્ત્તી ! હે અખંડભુજ પરાક્રમી રાજા ! આ તમારા રાજ્યમાં અબ્રહ્મણ્ય જુલમ થયો છે. સ્વર્ગમાં ઇંદ્રની જેમ આ ભરતક્ષેત્રમાં તમે રક્ષણ કરનાર છતાં હું લૂંટાયો છું" આવો અશ્રુતપૂર્વ શબ્દ સાંભળી જાણે પોતાને વિષે તેનું દુઃખ સંક્રમ્યું હોય તેમ સગરચક્રીએ દ્વારપાળને કહ્યું–'એને કોણે લૂંટયો છે ? એ કોણ છે ? કયાંથી આવ્યો ? એ સર્વ એને પૂછીને તું મને જણાવ અથવા એને અહીં પ્રવેશ કરાવ.' દ્વારપાલે તત્કાળ આવી તે બ્રાહ્મણને પૂછ્યું, પણ જાણે ન સાંભળતો હોય તેમ તે તો ફરી ફરીને પોકાર જ કરવા લાગ્યો. ફરીથી પ્રતિહારે કહ્યું– 'અરે બ્રાહ્મણ ! શું તું દુઃખથી બહેરો થયો છે અથવા સ્વાભાવિક બહેરો છે ? આ અજિતસ્વામીના ભાઈ દીન અને અનાથનું રક્ષણ કરનાર તથા શરણાર્થીને શરણરૂપ છે. તે પોતે સહોદરની જેમ તમને શબ્દ કરતાં સાંભળી આદરપૂર્વક પૂછે છે કે તમને કોણે લૂંટયા છે ? તમે કોણ છો ? અને કયાંથી આવો છો ? તે અમને કહો, અથવા તો તમે જાતે આવીને રોગી જેમ રોગની હકીકત વૈદ્યને કહે તેમ તમારા દુઃખનું કારણ મહારાજાને રૂબરૂમાં કહો.' આ પ્રમાણે પ્રતિહારે કહ્યું, એટલે હિમની ઝકળથી વ્યાપ્ત થયેલા દ્રહ સંબંધી કમળની જેમ જેનાં નેત્ર મીંચાતાં હતાં, હેમંતઋતુ સંબંધી અર્ધરાત્રિના વખતની જેમ જેનો મુખચંદ્ર ગ્લાનિ પામતો હતો, રીંછની જેમ જેના સુંદર કેશ વીખરી ગયેલા હતા

૧ વિધિ એટલે દૈવ કે કર્મ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને વૃદ્ધ થયેલા વાનરની જેમ જેના કપોલસ્થળમાં ખાડા પડી ગયા હતા, એવા તે બ્રાહ્મણે ચક્રીના સભાગૃહમાં મંદ મંદ પગલે પ્રવેશ કર્યો. દયાળુ ચક્રીએ બ્રાહ્મણને પૂછયું–"તમારું કોઈએ કાંઈ સુવર્ણ લઈ લીધું છે ? વા તમારાં રત્ન કે વસ્ત્રો લઈ લીધાં છે ? અથવા કોઈ વિશ્વાસઘાતકીએ તમારી થાપણ ઓળવી છે ? વા કોઈ ગામના રક્ષકે તમને ઉપદ્રવ કર્યો છે ? વા દાણવાળાએ સર્વ ઉપસ્કર લઇ જઈને તમને પીડ્યા છે ? વા કોઇ તમારા ભાગીદારે તમારો પરાભવ કર્યો છે ? વા કોઇએ તમારી સ્ત્રી સંબંધી ઉપદ્રવથી તમને હેરાન કર્યા છે ? વા કોઇ બળવાન શત્રુએ તમારા ઉપર ધસારો કર્યો છે ? વા કોઇ ઉત્કટ આધિ કે વ્યાધિ તમને નડે છે ? વા દ્વિજજાતિને જન્મથી જ સુલભ એવું દારિદ્ર તમને પીડે છે ? અથવા બીજું કાંઈ તમને દુઃખ છે ? જે તમને દુઃખકારી હોય તે તમે મને કહો." રાજાએ આ પ્રમાણે કહ્યું એટલે નટની જેમ ઘણાં આંસુ પાડતો તે બ્રાહ્મણ અંજલિ જોડી રાજાને આ પ્રમાણે કહેવા લાગ્યો–"હે રાજા ! ઇંદ્રવડે સ્વર્ગની જેવા ન્યાય અને પરાક્રમથી શોભતા એવા તમારાથી આ ષટ્ખંડની પૃથ્વી રાજન્વતી છે. તેની અંદર કોઇ પણ કોઇનું સુવર્ણ-રત્નાદિક લઇ શકતું નથી. પૈસાદાર લોકો પોતાના ઘરની જેમ બે ગામની વચ્ચે રસ્તામાં પણ સૂઈ રહે છે. પોતાના ઉત્તમ કુળની જેમ કોઇ થાપણ ઓળવતું નથી અને ગામના આરક્ષકો પોતાના પુત્રની જેમ પ્રજાની રક્ષા કરે છે. અધિક ધન મળે તેવું હોય તો પણ ઘટતી રીતે માલના અનુમાન પ્રમાણે જ દાણના અધિકારી અપરાધના પ્રમાણમાં દંડની જેમ યોગ્ય દાણ ગ્રહણ કરે છે. ઉત્તમ સિદ્ધાંતને મેળવનાર શિષ્યો જેમ ફરીથી ગુરુની સાથે વિવાદ ન કરે તેમ ભાગીદાર લોકો ભાગ લઈને ફરી કાંઈ પણ વિવાદ કરતા નથી. તમારા રાજ્યમાં સર્વે ન્યાયી લોકો હોવાથી પરસ્ત્રીને બહેન, દિકરી, પુત્રવધૂ અને માતાની જેમ ગણે છે. જેમ યતિના આશ્રમમાં ન હોય તેમ તમારા રાજ્યમાં જરા પણ વૈરવાણી નથી. જળમાં તાપ ન હોય તેમ તમારી સર્વ સંતોષી પ્રજામાં કોઈ જાતિની આધિ નથી, ચોમાસામાં તૃષાની જેમ સર્વ ઔષધિમય પૃથ્વી હોવાથી તેમાં વસનારા લોકોમાં કોઈ પ્રકારનો વ્યાધિ નથી અને તમે સાક્ષાત્ કલ્પવૃક્ષ હોવાથી કોઇને દારિદ્રય પણ નથી. તે સિવાય આ દુઃખની ખાણરૂપ સંસાર છતાં પણ બીજું કોઈ પણ દુઃખ નથી, પણ ગરીબ એવા મને આ એક દુઃખ પ્રાપ્ત થયું છે.

"આ પૃથ્વીમાં સ્વર્ગના જેવો એક **અવંતી** નામે મોટો દેશ છે. તે દેશ નિર્દોષ નગર, ઉદ્યાન અને નદી વિગેરેથી ઘણો મનોહર છે. તે દેશમાં મોટા સરોવર, કૂવા, વાપિકા અને વિચિત્ર બગીચાથી સુંદર અને પૃથ્વીના તિલકરૂપ **અશ્વભદ્ર** નામે એક ગામ છે. તે ગામનો રહેવાસી, વેદાધ્યયનમાં તત્પર અને શુદ્ધ બ્રહ્મકુળમાં ઉત્પન્ન થયેલો હું અગ્નિહોત્રી બ્રાહ્મણ છું. એક વખતે હું મારા પ્રાણપ્રિય પુત્રને તેની માતાને અર્પણ કરી વિશેષ વિદ્યા ભણવાને માટે બીજે ગામ ગયો. ભણતાં ભણતાં એક દિવસે મને વગર કારણે સ્વાભાવિક અરતિ ઉત્પન્ન થઈ. તે વખતે મેં વિચાર્યું કે 'આ મને મોટું અપશુકન થયું' એવા વિચારથી હું ક્ષોભ પામ્યો. અને તે કારણે મારે ગામ પાછો આવ્યો. દૂરથી મારું ઘર શોભારહિત મારા જોવામાં આવ્યું, તેથી 'આ શું હશે ?' એવું જેવામાં હું ચિંતવતો હતો તેવામાં મારી ડાબી આંખ ખુબ ફરકી, અને એક કાગડો

સૂકા ઝાડ ઉપર બેસીને કઠોર શબ્દ બોલવા લાગ્યો. એવા અપશુકનથી બાણની જેમ હૃદયમાં વીંધાયેલો હું કચવાતે મને ચાડીયા પુરૂષની જેમ ઘરમાં પેઠો. મને આવતો જોઈને જેના કેશ વીંખાઈ ગયા હતા એવી મારી સ્ત્રી 'હે પુત્ર ! હે પુત્ર !' એમ આક્રંદ કરતી પૃથ્વી ઉપર ઢળી પડી. જરૂર મારો પુત્ર મૃત્યુ પામ્યો, એમ ચિત્તમાં નિશ્ચય કરી હું પણ પ્રાણ રહિત મનુષ્યની જેમ પૃથ્વી પર ઢળી પડ્યો. મારી મૂર્ચ્છા વિરામ પામી, એટલે ફરીથી પણ કરુણ સ્વરે વિલાપ કરતો હું મારા ઘરમાં જોવા લાગ્યો. ત્યાં ઘરની વચમાં સર્પથી ડશેલો પુત્ર મારા જોવામાં આવ્યો. ભોજનાદિક પણ કર્યા સિવાય શોકનિમગ્ન અવસ્થામાં હું રાત્રે જાગતો બેઠો હતો તેવામાં મારી કુળદેવીએ આવીને મને કહ્યું-'હે ભાઈ ! તું શા માટે આ પુત્રના મૃત્યુથી ઉદ્વેગ પામે છે ? જો તું મારા આદેશ પ્રમાણે કરીશ તો હું તારા પુત્રને જીવાડીશ.' ત્યારે મેં કહ્યું-'હે દેવી ! આપનો આદેશ મારે પ્રમાણ છે; કારણ કે પુત્રને અર્થે શોકાર્ત્ત થયેલા પુરૂષો શું અંગીકાર નથી કરતા ?' પછી કુળદેવીએ કહ્યું-'જેના ઘરમાં કોઇ મૃત્યુ પામેલ ન હોય તેવા કોઈ ઘરમાંથી તું સત્વર માંગલિક અગ્નિ લાવ.' પછી તે પુત્રને જીવાડવાના લોભથી હમેશાં દરેક ઘરમાં તેવી રીતે પૂછતો પૂછતો હું બાળકની જેમ ભ્રાંતિથી ભમવા લાગ્યો. સર્વ માણસોને પૂછતાં બધા તેમને ઘેર અસંખ્ય માણસો મરેલા છે એમ કહેવા લાગ્યા, પણ કોઈ મરણ રહિત ઘર નીકળ્યું નહીં. તેની અપ્રાપ્તિથી આશાભંગ થયેલા મેં મૃત્યુ પામેલાની જેમ નષ્ટબુદ્ધિવાળા થઈને દીનપણે તે સર્વ કુળદેવીને નિવેદન કર્યું. કુળદેવીએ કહ્યું-'જો કોઈ મંગળગૃહ ન હોય તો તમારૂં અમંગળ મટાડવાને હું કેમ સમર્થ થઇ શકું ?' એવી તે દેવીની વાણીથી તોત્ર-(ગોફણ)ની જેમ દરેક ગામ અને દરેક શહેરમાં ફરતો ફરતો હું અહીં આવી ચડયો છું. હે રાજા ! તમે સઘળી પૃથ્વીના પ્રખ્યાત રક્ષક છો, બળવાનના અગ્રેસર એવા તમારી તુલ્ય કોઇ બીજો નથી, વૈતાઢ્ય પર્વતના દુર્ગ પર રહેલી બન્ને શ્રેણીમાં રહેલા વિદ્યાધરો પણ માળાની જેમ તમારી આજ્ઞાને મસ્તક પર ધારણ કરે છે, દેવતાઓ પણ ચાકરની જેમ તમારી આજ્ઞા પાળે છે, નવ નિધિ પણ હમેશાં તમને વાંછિત અર્થ આપે છે, તેથી દીન લોકોને શરણ આપવામાં સદાવ્રતવાળા એવા તમારે શરણે હું આવ્યો છું; માટે મારે સારૂ કોઇ ઠેકાણેથી પણ મંગળ અગ્નિ મંગાવી આપો કે જેથી તે દેવી મારા પુત્રને જીવતો કરી આપે. હું પુત્રના મૃત્યુથી ઘણો દુઃખી થયેલો છું."

રાજા સંસારના સ્વરૂપને જાણતા હતા તો પણ કૃપાવશ થઈને તેના દુઃખે દુઃખી થઈ પાછા કાંઇક વિચારીને આ પ્રમાણે તેને કહેવા લાગ્યા. 'હે ભાઈ ! આ પૃથ્વીમાં પર્વતમાં મેરુની જેમ સર્વ ગૃહમાં અમારું ઘર ઘણું ઉત્કૃષ્ટ છે; પરંતુ આ ઘરમાં પણ ત્રણ જગતમાં માનવા યોગ્ય શાસનવાળા તીર્થંકરોમાં પ્રથમ અને રાજાઓમાં પણ પ્રથમ, વળી લક્ષ યોજન ઊંચા મેરુપર્વતને દંડરૂપ કરી પોતાના ભુજદંડથી આ પૃથ્વીને પણ છત્ર કરવામાં સમર્થ અને ચોસઠ ઇંદ્રોના મુગટથી જેના ચરણનખની પંક્તિ ઉત્તેજિત થયેલી છે એવા **ઋષભસ્વામી** પણ કાળના યોગે મૃત્યુ પામ્યા છે. તેમના પહેલા પુત્ર **ભરતરાજા** કે જે ચક્રવર્ત્તીઓમાં પ્રથમ, સુરાસુરો પણ જેની આજ્ઞા હર્ષથી વહન કરતા હતા અને જે



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સૌધર્મેંદ્રના અર્ધાસન ઉપર બિરાજતા હતા તે પણ કાળ જતાં આયુષ્યની સમાપ્તિને પામી ગયા. તેમના નાના ભાઇ કે જે ભુજપરાક્રમીઓમાં સ્વયંભૂરમણ સમુદ્રની જેમ ધુર્ય કહેવાતા હતા અને ચારિત્ર ગ્રહણ કર્યા પછી પાડા, હાથી અને અષ્ટાપદ વિગેરે જાનવરો જેમના શરીર સાથે પોતાનું શરીર ખંજવાળતા હતા તો પણ જે અકંપિતપણે વજ્રદંડની જેમ એક વર્ષ સુધી પ્રતિમાધારી રહ્યા હતા, એવા બાહુપરાક્રમી **બાહુબલિ** પણ આયુષ્ય સંપૂર્ણ થતાં જરાવાર પણ વધારે રહી શકયા નહીં. ઉગ્ર તેજથી આદિત્ય જેવા **આદિત્યયશા** નામે પરાક્રમથી ન્યૂન નહીં એવા તે ભરતચક્રીના પુત્ર થયા હતા; તેનો પુત્ર **મહાયશા** નામે થયો, જેનો યશ દિગંતમાં ગવાતો હતો અને જે સર્વ પરાક્રમીમાં શિરોમણિ હતો; તેનો **અતિબલ** નામે પુત્ર થયો, તે ઇંદ્રની જેમ આ પૃથ્વી પર અખંડ શાસનવાળો રાજા થયો હતો; તેનો પુત્ર **બળભદ્ર** થયો, તે બળથી જગત્‌ને વશ કરનાર અને તેજથી જાણે સૂર્ય હોય તેવો હતો, તેનો પુત્ર **બળવીર્ય** થયો, તે મહાપરાક્રમી, શૌર્ય અને ધૈર્યધારીમાં મુખ્ય અને રાજાઓનો અગ્રેસર થયો હતો; કીર્ત્તિ અને વીર્યથી શોભતો તેનો પુત્ર **કીર્ત્તિવીર્ય** નામે પ્રખ્યાત થયો, તે એક દીવાથી જેમ બીજો દીવો થાય તેવો જ ઉજ્જવળ થયો; તેનો પુત્ર હાથીઓમાં ગંધહસ્તિની જેમ અને આયુધોમાં વજ્રદંડની જેમ બીજાઓથી જેનું અનિવાર્ય પરાક્રમ છે એવો **જલવીર્ય** નામે થયો; તેનો પુત્ર **દંડવીર્ય** થયો, તે જાણે બીજો યમરાજ હોય તેમ અખંડ દંડશક્તિવાળો અને ઉદ્દંડ ભુજદંડવાળો હતો. તેઓ સર્વ દક્ષિણ ભરતાર્દ્ધના સ્વામી, મહાપરાક્રમી અને ઇન્દ્રના આપેલા ભગવંતના મુગટને ધારણ કરનારા હતા, તેમજ પોતાના લોકોત્તર પરાક્રમથી દેવ અને અસુરોથી પણ ન જીતી શકાય તેવા હતા, તે પણ કાળના યોગથી આ જ ઘરમાં જન્મ પામ્યા છતાં મૃત્યુને પામેલા છે. ત્યાંથી માંડીને બીજા પણ અસંખ્ય રાજાઓ જેઓ મોટા પરાક્રમી હતા તે પણ મૃત્યુ પામ્યા છે, કારણ કે **કાળ છે તે દુરતિક્રમ છે.** અરે બ્રાહ્મણ! મૃત્યુ છે તે પિશુનની પેઠે સર્વ નુકશાનકારક છે, અગ્નિની પેઠે સર્વભક્ષી છે અને જળની પેઠે સર્વભેદી છે. મારા ઘરમાં પણ કોઈ પૂર્વજ મરણથી અવશિષ્ટ રહ્યા નથી તો બીજાના ઘરની શી વાત કરવી ? તેથી તેવું મંગળગૃહ કયાંથી મળે ? માટે તારો એક પુત્ર મૃત્યુ પામે તે કાંઇ આશ્ચર્યકારક કે અનુચિત નથી. હે બ્રાહ્મણ ! સર્વને સાધારણ એવા મૃત્યુમાં તું કેમ શોક કરે છે ? બાળક હોય, વૃદ્ધ હોય, દરિદ્ર હોય કે ચક્રવર્તી હોય પણ મૃત્યુ સર્વને સમવર્તી છે. સંસારનો એવો સ્વભાવ જ છે કે જેમાં, નદીમાં તરંગની જેમ અને આકાશમાં શરદઋતુનાં વાદળાંની જેમ કોઈ સ્થિર રહેતું નથી. વળી આ સંસારમાં માતા, પિતા, ભાઇ, પુત્ર, બહેન અને પુત્રવધૂ ઇત્યાદિક જે સંબંધ છે તે પરમાર્થિક નથી. જેમ ગામની ધર્મશાળામાં વટેમાર્ગુઓ જુદી જુદી દિશા તરફથી આવીને એકઠા મળે છે તેમ કોઈ કાંઇથી આવીને આ સંસારમાં એક ઘરે એકઠા મળે છે. તેમાંથી પાછા પોતપોતાનાં કર્મના પરિણામથી જુદે જુદે રસ્તે ચાલ્યા જાય છે. તે બાબતમાં કયો સુબુદ્ધિ પુરૂષ જરા પણ શોક કરે ? હે દ્વિજોત્તમ ! તેથી તમે મોહનું ચિહ્ન જે શોક તે ન કરો, ધીરજ રાખો અને હે મહાસત્વ ! તમે તમારા આત્મામાં વિવેકને ધારણ કરો.”

બ્રાહ્મણે કહ્યું—“હે રાજા ! હું પ્રાણીઓનું ભવસ્વરૂપ સર્વ જાણું છું, પણ પુત્રના શોકથી આજે ભૂલી જવાય છે; કેમકે જ્યાંસુધી પોતાને ઇષ્ટવિયોગનો અનુભવ થયો નથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યાંસુધી સર્વ જાણે છે અને ત્યાંસુધી સર્વને ધીરજ રહે છે. હે સ્વામિન્ ! હમેશાં અર્હંતના આદેશરૂપી અમૃતપાનથી જેમનું ચિત્ત નિર્મળ થયેલું છે એવા તમારી જેવા ધૈર્યવિવેકી પુરૂષો વિરલ હોય છે. હે વિવેકી ! તમે મને મોહ પામતાને બોધ કર્યો તે બહુ સારું કર્યું, પણ આ વિવેક તમારે આત્માને અર્થે પણ ધારણ કરી લેવો જોઈએ. કષ્ટ પ્રાપ્ત થતાં મોહાદિકવડે નાશ પામતો આ આત્મા રક્ષણીય છે; કારણ કે અડચણની વખતે કામ આવવા માટે હથિયાર ધારણ કરાય છે, કાંઈ નિરંતર તેનું કામ હોતું નથી. આ કાળ છે તે રાંક અને ચક્રવર્ત્તી બંનેમાં સરખો છે; કોઇના પણ પ્રાણ અને પુત્રો વિગેરેને લઈ જતાં એને બીક લાગતી નથી. અહા ! જેને પુત્રો થોડા હોય છે તેના થોડા મૃત્યુ પામે છે અને જેને ઘણા હોય છે તેના ઘણા મૃત્યુ પામે છે, પણ તેથી જેમ થોડા અને ઘણા પ્રહારથી અનુક્રમે કુંથુને તથા હાથીને સરખી પીડા થાય છે તેમ બંનેને સરખી જ પીડા થાય છે. મારા એક પુત્રનો નાશ થતાં હવે હું શોક કરીશ નહીં તેમ તમે પણ સર્વ પુત્રનો નાશ થાય તો પણ શોક કરશો નહીં. હે રાજન્ ! ભુજપરાક્રમથી શોભતા એવા તમારા સાઠ હજાર પુત્રો કાળયોગથી એક સાથે મૃત્યુ પામ્યા છે.” એ વખતે કુમારોની સાથે ગયેલા સામંત, અમાત્ય તથા સેનાપતિ વગેરે અને જે કુમારોની સાથે રહેનારા હજુરી હતા તે સર્વ ત્યાં નજીકમાં જ રહ્યા હતા, તેઓ ઉત્તરીય વસ્ત્રોથી મુખ ઢાંકતા, લજ્જાથી જાણે શરમાઈ ગયા હોય તેવા દેખાતા, દાવાનળથી દગ્ધ થયેલા ઝાડોની જેમ ખેદથી વિવર્ણ થયેલા દેહવાળા, પિશાચ અને કિન્નરોની જેમ અત્યંત શૂન્ય મનવાળા, લૂંટાયેલા કૃપણની જેમ દીન થઈ ગયેલા અને લોચનમાં અશ્રુવાળા, જાણે સર્પોએ કરડ્યા હોય તેમ પગલે પગલે સ્ખલના પામતા જાણે સંકેત કર્યો હોય તેમ એક સાથે સભાસ્થાનમાં આવ્યા. પછી રાજાને પ્રણામ કરી, જાણે પૃથ્વીમાં પેસવાને ઇચ્છતા હોય તેમ નીચા મુખ કરી પોતપોતાને યોગ્ય આસને બેઠા.

जैन साहित्य JAINSITE जैनम् जयति शासनम्

ઉપર કહી તેવી બ્રાહ્મણની વાણી સાંભળીને તેમજ મહાવત વિનાના હાથીની જેમ કુમાર રહિત તેઓને આવેલા જોઈ ને સગરચક્રી જાણે આલેખાઇ ગયો હોય, જાણે નિદ્રાવશ થયો હોય, જાણે સ્તંભન પામી ગયો હોય અને જાણે શૂન્ય થઇ ગયો હોય તેમ નિસ્પંદ નેત્રવાળો થઈ ગયો. અધૈર્યથી મૂર્છાને પ્રાપ્ત થયેલ તથા ધૈર્યથી પાછા સ્વસ્થ થએલ રાજાને ફરીથી બોધ કરવાને માટે બ્રાહ્મણે કહ્યું–“હે રાજન્ ! વિશ્વની મોહનિદ્રાનો નાશ કરવાને સૂર્ય સમાન શ્રીઋષભસ્વામીના તમે વંશજ છો અને અજિતપ્રભુના તમે ભ્રાતા છો; માટે તમે આમ સાધારણ માણસની જેમ મોહને વશ થઇને તે બન્ને પુરૂષોને કેમ કલંક આપો છો ?” રાજાએ જાણ્યું કે આ બ્રાહ્મણે પોતાના પુત્રના મૃત્યુના મિષથી મારા પુત્રોના ક્ષયરૂપી નાટકની પ્રસ્તાવના કહી સંભળાવી. વળી આ વિપ્ર સ્પષ્ટ રીતે મારા કુમારોનો ક્ષય કહે છે તેમજ આ પ્રધાનપુરૂષો પણ કુમાર વિનાના થઈને આવેલા છે, પરંતુ વનમાં કેસરીસિંહની જેમ પૃથ્વીમાં સ્વેચ્છાએ ફરતા એવા મારા પુત્રોનો ક્ષય કેમ સંભવે ? મહારત્નના પરિવારવાળા અને પોતાના પરાક્રમથી પણ દુર્વાર એવા એ અસ્ખલિત શક્તિવાળા કુમારો કોનાથી હણી શકાય ?” એમ વિચારી ‘આ શું થયું ?’ એમ જ્યારે રાજાએ પૂછ્યું ત્યારે અમાત્યાદિકે જ્વલનપ્રભ નાગકુમારના ઇન્દ્રનું સર્વ વૃત્તાંત કહી બતાવ્યું. પછી જાણે વજ્રથી તાડન કરાયેલો હોય તેમ તે વૃત્તાંત સાંભળવાથી રાજા પૃથ્વીને પણ

કંપાવતો મૂર્છા પામી ભૂમિ પર ઢળી પડ્યો. કુમારોની માતાઓ પણ મૂર્છાથી પૃથ્વી પર ઢળી પડી, કારણ કે **પુત્રવિયોગનું દુઃખ માતાપિતાને સરખું જ થાય છે.** તે વખતે સમુદ્રના તટ ઉપર ખાડાની અંદર પડેલાં જળજંતુઓની જેમ અન્ય લોકોનો પણ મહા-આક્રંદ રાજમંદિરમાં થવા લાગ્યો, મંત્રી વિગેરે રાજકુમારના મૃત્યુના સાક્ષીરૂપ પોતાના આત્માની નિંદા કરતા કરૂણ સ્વરે રોવા લાગ્યા, સ્વામીની તેવા પ્રકારની અવસ્થાને જોવાને જાણે અસમર્થ હોય તેમ છડીદારો પણ અંજલિવડે મુખ ઢાંકીને મોટે સ્વરે પોકાર કરવા લાગ્યા, પોતાના પ્રાણપ્રિય હથિયારોનો ત્યાગ કરતા આત્મરક્ષકો વાયુથી ભગ્ન થયેલા વૃક્ષની જેમ પૃથ્વી પર આળોટી વિલાપ કરવા લાગ્યા, દાવાનળની અંદર પડેલા તેતર પક્ષીની જેમ કંચુકીઓ પોતાના કંચુકને ફાડી નાખીને રોવા લાગ્યા અને કાળે પ્રાપ્ત થયેલા શત્રુની જેમ હૃદયને કૂટતા દાસ અને દાસીઓ 'અમે માર્યા ગયા' એમ બોલતા આક્રોશ કરવા લાગ્યા. પછી પંખાના પવનથી તથા જળના સિંચનથી રાજા અને રાણીઓ દુઃખશલ્યને ટાળનારી સંજ્ઞાને પામવા લાગ્યા. નેત્રમાંથી નીકળતા અશ્રુજળ સાથે વહેતા કાજળથી જેઓનાં વસ્ત્ર મલિન થયેલાં હતાં, પથરાએલા કેશરૂપી વેલથી જેઓનાં ગાલ તથા નેત્રો ઢંકાઈ ગયાં હતાં, છાતી ઉપર કરાતા હસ્તના આઘાતથી જેઓની હારયષ્ટિઓ તૂટી જતી હતી, પૃથ્વી ઉપર અત્યંત આળોટવાથી જેમના કંકણના મોતી ફૂટી જતા હતા, શોકાગ્નિનો જાણે ધૂમાડો હોય તેવા મોટા નિઃશ્વાસને જેઓ છોડતી હતી અને જેઓના કંઠ તથા અધરદળ (હોઠ) સુકાઈ ગયા હતા એવી રાજપત્નીઓ અત્યંત રુદન કરવા લાગી. ચક્રી સગર પણ તે વખતે ધૈર્ય, લજ્જા અને વિવેકને છોડી દઈને રાણીઓની જેમ શોકવિધુર થઈને આ પ્રમાણે વિલાપ કરવા લાગ્યો–"હે કુમારો ! તમે ક્યાં છો ? હવે તમે વિહારથી નિવૃત્ત થાઓ. તમારો રાજ્યનો અવસર છે અને સગરને વ્રત લેવાનો અવસર છે. આ બ્રાહ્મણે સત્ય કહ્યું છે કે બીજા કોઈ તમને કહેતા નથી કે ચોરની જેમ છળ જાણનાર દૈવથી તમે લૂંટાયા છો. અરે દૈવ ! તું ક્યાં છે ? અને રે અધમ નાગ જ્વલનપ્રભ ! તું ક્યાં છે ? આવું અક્ષત્ર આચરણ કરીને તું ક્યાં જઈશ ? હે સેનાપતિ ! તારા ભુજપરાક્રમની પ્રચંડતા ક્યાં ગઈ ? હે પુરોહિતરત્ન ! તારું ક્ષેમંકરપણું ક્યાં ગયું ? હે વર્દ્ધકિ ! તારી દુર્ગરચનાની કુશળતા શું ગળી ગઈ ? હે ગૃહિરત્ન ! તારી સંજીવની ઔષધિઓ શું કોઈ જગ્યાએ ભૂલી ગયો ? હે ગજરત્ન ! તને તે વખતે શું ગજનિમીલિકા થઈ હતી ? હે અશ્વરત્ન ! તને તે વખતે શું શૂળ આવ્યું હતું ? હે ચક્ર, દંડ અને ખડ્ગ ! તે વખતે તમે શું સંતાઈ ગયા હતા ? હે મણિ ને કાકિણીરત્ન ! તમે પણ શું તે વખતે દિવસના ચંદ્રની જેમ પ્રભા-રહિત થઈ ગયા હતા ? હે છત્રરત્ન અને ચર્મરત્ન ! તમે શું વાજિંત્રના પડની જેમ ફૂટી ગયા હતા ? હે નવ નિધિઓ ! તમને શું આ પૃથ્વીએ ગળી લીધા હતા ? અરે ! તમારા સર્વના વિશ્વાસથી નિઃશંક રમતા આ કુમારોનું તમોએ એ અધમ નાગથી કેમ રક્ષણ ન કર્યું ? અથવા સર્વ વિનાશ થયા પછી હવે હું શું કરું ? કદાપિ એ જ્વલનપ્રભને ગોત્ર સહિત હણું તો પણ મારા પુત્રો તો નહીં જીવે ! ઋષભસ્વામીના વંશમાં કોઈ પણ આવી રીતે મૃત્યુ પામ્યા નથી. હે વત્સો ! આ લજ્જાકારી મૃત્યુને તમે કેમ પ્રાપ્ત થયા ? મારા સર્વ પૂર્વજો પૂર્ણ આયુષ્ય પ્રમાણે જીવનારા હતા, તેઓ દીક્ષા ગ્રહણ કરતા અને સ્વર્ગ તથા મોક્ષને પામતા હતા. હે પુત્રો ! અરણ્યમાં ઉગેલાં વૃક્ષોના

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દોહદ પૂરા ન થાય તેમ તમારી સ્વેચ્છાવિહારની ઇચ્છા પણ અદ્યાપિ પૂરી થઈ નથી. ઉદયને માટે થયેલો પૂર્ણચંદ્ર દૈવયોગે રાહુથી ગ્રસ્ત થયો, ફલિભૂત થયેલું વૃક્ષ હાથીએ ભાંગી નાખ્યું, કાંઠે આવેલું વહાણુ તટના પર્વતે ભાંગી નાખ્યું, ચડી આવેલો નવો મેઘ પવને વિશીર્ણ કરી દીધો, પાકેલું ડાંગરનું વન દાવાનળથી બળી ગયું તેમ ધર્મ, અર્થ અને કામને યોગ્ય એવા તમે હણાઈ ગયા. હે પુત્રો ! કૃપણ એવા ધનાઢ્યને ઘેર આવેલા વનપાળની જેમ મારે ઘેર આવેલા તમે અકૃતાર્થ અવસ્થામાં જ ચાલ્યા ગયા, એ કેવી દિલગીરીની વાત ! હે પુત્રો ! આજે મારે તમારા વિના ઉદ્યાનાદિ વિના ચંદ્રિકાની જેમ ચક્રાદિ રત્નોની અને નવ નિધિઓની શી જરૂર છે ? પ્રાણુથી પ્યારા પુત્રો વિના મારે આ ષટ્ખંડ ભરતક્ષેત્રના રાજ્યવડે પણ શું ?''

આવી રીતે વિલાપ કરતા સગરરાજાને ફરીથી તે શ્રાવક બ્રાહ્મણે બોધ કરવાને માટે અમૃત જેવી મધુર વાણીથી કહ્યું-''હે રાજન્ ! પૃથ્વીના રક્ષણુની જેમ તમારા વંશમાં પ્રબોધ (જ્ઞાન) પણ મુખ્ય અધિકારને પામેલો છે, તેથી બીજાઓએ તમને બોધ કરવો તે વ્યર્થ છે. જગતની મોહનિદ્રાનો નાશ કરવાને સૂર્ય સમાન શ્રી અજિતપ્રભુ જેના ભ્રાતા છે તેને બીજાથી બોધ મળે તે શું લજ્જા પામવા જેવું નથી ? 'આ સંસાર અસાર છે' એમ બીજાને જણાય છે તો તમે જે જન્મથી માંડીને સર્વજ્ઞના સેવક છો તેણે તો અવશ્ય જાણવું જ જોઇએ. હે રાજા ! પિતા, માતા, જાયા, પુત્ર અને મિત્ર એ સર્વ આ સંસારના સ્વપ્ન જેવું છે. જે સવારે દેખાય છે તે મધ્યાહ્ને નથી દેખાતું, અને જે મધ્યાહ્ને દેખાય છે તે રાત્રિએ નથી દેખાતું, એમ આ સંસારમાં સર્વ પદાર્થો અનિત્ય છે. તમે પોતે જ તત્ત્વવેત્તા છો તેથી ધૈર્યને ધારણ કરો, કારણ કે વિશ્વને સૂર્ય પ્રકાશિત કરે છે; પણ સૂર્યને પ્રકાશ કરનાર કોઈ હોતું નથી.'' લવણસમુદ્ર જેમ મણિઓથી અને લવણથી વ્યાપ્ત થાય, પક્ષની મધ્યરાત્રિ જેમ પ્રકાશ અને અંધકારથી વ્યાપ્ત થાય, હિમાચળ પર્વત જેમ દિવ્ય ઔષધિ અને હિમથી વ્યાપ્ત થાય તેમ તે બ્રાહ્મણુનાં બોધવચન અને પુત્રોનું અકાળ મૃત્યુ સાંભળીને સગર રાજા બોધથી અને મોહથી વ્યાપ્ત થઈ ગયા. જેવું તે રાજાનું સ્વાભાવિક મોટું ધૈર્ય હતું તેવો જ પુત્રોના ક્ષયથી આગંતુક મોહ થયો હતો. એક મ્યાનમાં બે તરવારની જેમ અને એક સ્તંભે બે હસ્તિની જેમ રાજાને બોધ અને મોહ બંને સાથે ઉત્પન્ન થયા. પછી રાજાને બોધ કરવાને માટે સુબુદ્ધિ નામનો એક બુદ્ધિમાન્ મુખ્ય પ્રધાન અમૃતના જેવી વાણીથી બોલ્યો—''કદાપિ સમુદ્રો પોતાની મર્યાદા મૂકે, કદાપિ કુલપર્વતો કંપાયમાન થાય, કદાપિ પૃથ્વી ચપલભાવ પામે, કદાપિ વજ્ર શિથિલતાને પામે; તથાપિ તમારા જેવા મહાત્માઓ મોટું દુઃખ પ્રાપ્ત થાય તો પણ જરાએ વિધુર થઈ જાય નહીં. આ સંસારમાં ક્ષણુ અગાઉ જોવામાં આવતા અને ક્ષણવાર પછી નાશ પામતા એવા સર્વ કુટુંબાદિકને જાણીને વિવેકી પુરુષો તેમાં મોહ પામતા નથી, તે ઉપર એક કથા કહું તે સાંભળો—

''આ જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રની અંદર કોઈ નગરમાં પૂર્વે એક રાજા હતો. તે જૈન-ધર્મરૂપી સરોવરમાં હંસતુલ્ય હતો, સદાચારરૂપ માર્ગનો પાંથ હતો, પ્રજારૂપી મયૂરીનો મેઘ હતો, મર્યાદા પાળવામાં સાગર હતો, સર્વ પ્રકારના વ્યસનરૂપ તૃણમાં અગ્નિતુલ્ય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હતો, દયારૂપી વેલનો આશ્રયદાતા વૃક્ષ હતો, કીર્તિરૂપી નદીને નીકળવાના પર્વત સમાન હતો અને શીલરૂપી રત્નનો રોહણાચળ પર્વત હતો. તે એક વખતે પોતાની સભામાં સુખે બેઠો હતો તેવામાં છડીદારે આવીને વિજ્ઞપ્તિ કરી કે—"કોઈ પુરુષ હાથમાં પુષ્પની માળા રાખીને જાણે કળાવિદ હોય તેવો આપને કાંઇક વિજ્ઞપ્તિ કરવાની ઈચ્છાથી આપસાહેબના દર્શન કરવાને ઇચ્છે છે. તે પંડિત છે, ગંધર્વ છે, નટ છે, વેદજ્ઞ છે, નીતિવેત્તા છે. અસ્ત્રવિદ્યાનો જાણનાર છે કે ઈંદ્રજાળિક છે તે કાંઈ જાણવામાં આવતું નથી, પણ આકૃતિથી ગુણવાન છે એમ જણાય છે; કારણ કે **જ્યાં આકૃતિ હોય ત્યાં ગુણ હોય છે** એમ કહેવાય છે." રાજાએ આજ્ઞા આપી કે—"એને તરત અહીં લાવો કે જેથી તે ઈચ્છા પ્રમાણે પોતાનું ઇચ્છિત કહી આપે." રાજાની આજ્ઞાથી છડીદારે તેને અંદર જવા રજા આપી, એટલે બુધ જેમ સૂર્યના મંડળમાં પ્રવેશ કરે તેમ તેણે રાજાની સભામાં પ્રવેશ કર્યો. 'ખાલી હાથે રાજાનું દર્શન ન કરવું જોઇએ' એમ ધારીને તેણે માળીની જેમ એક પુષ્પની માળા રાજાને અર્પણ કરી. પછી છડીદારે બતાવેલા સ્થાનમાં આસન આપનારાઓએ તેને યોગ્ય આસન આપ્યું એટલે તે અંજલિ જોડીને બેઠો. પછી જરા ભ્રકુટીને ઊંચી કરી, હાસ્યથી હોઠ ફુલાવી પ્રસન્નતાપૂર્વક રાજાએ તેને પૂછ્યું—"બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચાર વર્ણમાંથી તમે કયા વર્ણના છો ? અંબષ્ટ અને માગધ વિગેરે દેશોમાંના તમે કયા દેશના છો ? તમે શ્રોત્રીય છો ? પુરાણી છો ? સ્માર્ત્ત છો ? જ્યોતિષી છો ? ત્રણ વિદ્યા જાણનાર છો ? ધનુષાચાર્ય છો ? ઢાલતરવારમાં ચતુર છો ? તમારો પ્રાસ (ભાલા) હથિયારમાં અભ્યાસ છે ? તમારું શલ્યજાતિના શસ્ત્રમાં કુશળપણું છે ? ગદાયુદ્ધ જાણનાર છો ? દંડયુદ્ધમાં પંડિત છો ? તમારી શકિતના હથિયારમાં વિશેષ શકિત છે ? મુશળશસ્ત્રમાં કુશળ છો ? હળશસ્ત્રમાં અતિકુશળ છો ? ચક્રમાં પરાક્રમી છો ? છરીયુદ્ધમાં નિપુણ છો ? બાહુયુદ્ધમાં ચતુર છો ? અશ્વવિદ્યાના જાણનાર છો ? હાથીની શિક્ષામાં સમર્થ છો ? વ્યૂહરચનાના જાણનાર આચાર્ય છો ? વ્યૂહરચનાનો ભેદ કરવામાં કુશળ છો ? રથાદિકની રચના જાણો છો ? ચૈત્ય, પ્રાસાદ અને હવેલી વિગેરે બાંધવામાં નિપુણ છો ? વિચિત્ર યંત્ર અને કિલ્લા વિગેરેની રચનામાં ચતુર છો ? કોઈ વહાણવટીના કુમાર છો ? સાર્થવાહના પુત્ર છો ? સોનીનો ધંધો કરનાર છો ? વૈકટિક (ઘાંચા) નું કામ કરો છો ? વીણામાં પ્રવીણ છો ? વેણુ વગાડવામાં નિપુણ છો ? ઢોલ વગાડવામાં ચતુર છો ? માદળ જાતના વાજામાં મદ ધરાવો છો ? વાણીના અભિનય કરો છો ? ગાયનના શિક્ષક છો ? રંગાચાર્ય (સૂત્રધાર) છો ? નટના નાયક છો ? ભાટ છો ? નૃત્યના આચાર્ય છો ? સંશપ્તક છો ? ચારણ છો ? સર્વ લિપિઓના જાણનાર છો ? ચિત્રકાર છો ? માટીનું કામ કરનાર છો ? કોઈ અન્ય પ્રકારના કારીગર છો ? નદી, દ્રહ કે સમુદ્રને તરવામાં તમે શ્રમ કર્યો છે ? કે માયા, ઇંદ્રજાળ અથવા બીજા કપટપ્રયોગમાં ચતુર છો ?"

આવી રીતે રાજાએ આદરપૂર્વક પૂછ્યું એટલે તે નમસ્કાર કરી વિનયપૂર્વક બોલ્યો—"હે રાજન્ ! જળનો આધાર જેમ સમુદ્ર અને તેજનો આધાર જેમ સૂર્ય તેમ સર્વ પાત્રોના તમે આધારભૂત છો. વેદાદિ શાસ્ત્રોને જાણનારાઓમાં તો જાણે હું તેનો સહાધ્યાયી છું, ધનુર્વેદાદિ જાણનારાઓમાં જાણે તેમનો આચાર્ય હોય તેમ અધિક છું,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સર્વ કારીગરીમાં જાણે પ્રત્યક્ષ વિશ્વકર્મા હોય તેવો છું, ગાયન વિગેરે કળાઓમાં જાણે પુરુષરૂપે સાક્ષાત્ સરસ્વતી હોય તેવો છું, રત્નાદિકના વ્યવહારમાં જાણે વ્યવહારીઓનો પિતા હોય તેવો છું, વાચાલપણાથી ચારણભાટોનો જાણે ઉપાધ્યાય હોય તેવો છું અને નદી વિગેરેમાં તરવું એ કળાનો લેશ તો મારે શી ગણત્રીમાં છે ? પણ હાલ તો ઈંદ્રજાળના પ્રયોગને અર્થે હું તમારી પાસે આવ્યો છું. હું તમને તત્કાળ એક ઉદ્યાનથી પંક્તિ બતાવી શકું છું અને તેમાં વસંતાદિ ઋતુનો પણ ફારફેર કરવાને હું સમર્થ છું. આકાશમાં ગંધર્વનગરનું સંગીત પ્રગટ કરું અને પાછો ક્ષણવારમાં-નિમેષમાત્રમાં દશ્ય અને અદશ્ય થઈ જાઉં. હું ખેરના અંગારા સાથવાની જેમ ખાઇ જાઉં, તપેલા લોઢાના તોમરને સોપારીની જેમ ચાવી જાઉં અને એક રીતે અથવા અનેક રીતે જળચર, સ્થળચર કે ખેચરના રૂપ પરની ઇચ્છાથી ધારણ કરું. હું ઇચ્છિત પદાર્થને દૂરથી પણ લાવી શકું છું, પદાર્થોના વર્ણને તત્કાળ ફેરવી શકું છું અને બીજાં પણ ઘણાં આશ્ચર્યકારી કામો બતાવવાને સમર્થ છું; માટે હે રાજા ! તમે આ મારો કળાભ્યાસ જોઇને સફળ કરો." એવી રીતે ગર્જના કરીને રહેલા મેઘની જેમ પ્રતિજ્ઞા કરીને રહેલા તે પુરુષને રાજાએ આ પ્રમાણે કહ્યું—"અરે કળાજ્ઞ પુરુષ ! ઉંદર પકડવાને માટે જેમ મૂળમાંથી પર્વત ખોદે, મત્સ્યાદિકને પકડવાને જેમ મોટું સરોવર શોષે, કાષ્ઠને માટે જેમ આમ્રવનને છેદી નાખે, ચુનાની મુષ્ટિને માટે જેમ ચંદ્રકાંત મણિને બાળે, વ્રણના પાટાને માટે જેમ દેવદૂષ્ય વસ્ત્રને ફાડે, ખીલીને માટે જેમ મોટું દેવાલય તોડે તેમ શુદ્ધ સ્ફટિક મણિ જેવો અને પરમાર્થ મેળવવાની યોગ્યતાવાળો આ આત્મા તમે અપવિદ્યા મેળવવામાં કદર્થિત કરેલો જણાય છે. સંનિપાત રોગવાળાની જેમ તમારી આવી અપવિદ્યા જોનાર પુરુષોની બુદ્ધિનો પણ ભ્રંશ કરે છે. તમે યાચક છો માટે ઇચ્છા પ્રમાણે દ્રવ્ય ગ્રહણ કરો; કારણ કે અમારા કુળમાં કોઇની આશાનો ભંગ થતો નથી." એવી રીતે રાજાએ કઠોરતાથી કહેલો ઉત્તર સાંભળી તે નિરંતરનો માની પુરુષ રોષને ગોપવીને આ પ્રમાણે બોલ્યો "હું શું આંધળો છું, લૂલો છું વા ઠૂંઠો છું વા નપુંસક છું વા કોઈ બીજી રીતે દયાપાત્ર છું કે મારો ગુણ બતાવ્યા સિવાય અને ચમત્કૃતિ પમાડ્યા સિવાય દાન દેવામાં કલ્પવૃક્ષ સમાન તમારી પાસેથી દાન ગ્રહણ કરું ? આપને નમસ્કાર હો. હું વળી અહીંથી બીજે જઇશ." એમ કહી તે ઉઠ્યો. પોતાની ઉપર કૃપણતારૂપ દોષના આરોપણથી ભય પામેલા રાજાએ માણસો પાસે તેને ઊભો રખાવ્યો, તો પણ તે સભાગૃહમાંથી નીકળી ગયો. "સ્વામીએ દ્રવ્ય આપવા માંડયું તો પણ તે કોપથી લેતો નથી, તેથી આપનો શો વાંક ? આપ તો દાતાર જ છો." એવી રીતે કહીને રાજાને થયેલી લજ્જા તેના સેવકપુરુષોએ હરી લીધી.

તે જ પુરુષ ફરીને એક દિવસ બ્રાહ્મણનો વેષ લઇ અને હાથમાં ભેટ લઈ તે રાજાના દ્વાર આગળ આવીને ઊભો રહ્યો. પૂર્વની રીતે જ દ્વારપાળે રાજાને વિજ્ઞપ્તિ કરી, કારણ કે દ્વારે આવેલા પુરુષોની રાજાને ખબર આપવી તે તેનો ધર્મ છે. રાજાની આજ્ઞાથી છડીદારે સત્કાર સંબંધી કાર્યના અધિકારી પુરુષોની સાથે તેને પ્રવેશ કરાવ્યો. તે ઊંચો હાથ કરી રાજાની પાસે ઊભો રહીને આશીર્વાદાત્મક આર્યવેદોના મંત્રો પદક્રમ પ્રમાણે બોલ્યો. મંત્ર ભણી રહ્યા પછી છડીદારે બતાવેલા આસન ઉપર રાજાની પ્રસાદાર્થ દૃષ્ટિથી જોવાયેલો તે બેઠો. રાજાએ પૂછયું-'તમે કોણ છો અને કેમ આવ્યા છો ?' ત્યારે અંજલિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જોડી બ્રાહ્મણોનો અગ્રેસર તે બોલ્યો-"હે રાજા ! મૂર્તિમંત જાણે જ્ઞાન હોય તેવા સદ્ગુરુની ઉપાસનાથી સારી રીતે આમ્નાય પ્રાપ્ત કરી છે જેણે એવો હું નૈમિત્તિક છું. હું આઠ અધિકરણીના ગ્રંથ, ફળાદેશના ગ્રંથ, જાતક તથા ગણિતનાં ગ્રંથો પોતાના નામની જેમ જાણું છું. હે રાજા ! તપસિદ્ધ મુનિની જેમ ભૂત, ભવિષ્ય અને વર્તમાન અર્થને અવ્યાહત રીતે હું કહી આપું છું." ત્યારે રાજાએ કહ્યું-"હે પ્રિય ! વર્તમાન સમયમાં તરતમાં જે કાંઈ નવીન થવાનું હોય તે કહો; કારણ કે જ્ઞાનનું ફળ તરત ખાત્રી કરી બતાવવી તે જ છે." ત્યારે બ્રાહ્મણે કહ્યું-"આજથી સાતમે દિવસે સમુદ્ર આ જગત્‌ને એકાર્ણવ કરી પ્રલય પમાડશે." આવું વચન સાંભળી રાજાના મનમાં વિસ્મય અને ક્ષોભ એક સાથે થયા. એટલે તેણે બીજા નૈમિત્તિકોના મુખ સામું જોયું. રાજાએ ભ્રકુટીની સંજ્ઞાથી પૂછેલા અને બ્રાહ્મણની તેવી દુર્ઘટ વાણીથી રોષ પામેલા તે નૈમિત્તિકો ઉપહાસ સાથે કહેવા લાગ્યા-"હે સ્વામી ! આ કોઈ નવો જોષી થયેલો છે અથવા એનાં જ્યોતિષ્શાસ્ત્રો પણ નવાં થએલાં છે કે જેનાં પ્રમાણથી આ જોષી 'જગત્ એકાર્ણવ થશે' એમ શ્રવણને દુઃશ્રવ એવું વચન બોલે છે, પણ શું ગ્રહ, નક્ષત્ર અને તારા પણ નવા થયા છે કે જેઓની વક્રગતિને આધારે આ જોષી આ પ્રમાણે બોલે છે ? જે જ્યોતિષ્શાસ્ત્રો છે તે સર્વે સર્વજ્ઞના શિષ્ય ગણધરની રચેલી દ્વાદશાંગી ઉપરથી જ બનેલા છે, તે પ્રમાણે વિચારતાં આવું અનુમાન થતું નથી. આ સૂર્યાદિક ગ્રહો જેઓ તે શાસ્ત્રના સંવાદને ભજે છે તેમના અનુમાનથી પણ અમે આવું માનતા નથી. જંબૂદ્વીપમાં આવેલો લવણસમુદ્ર છે, તે તો કોઈ વખતે પણ તમારી પેઠે મર્યાદાનું ઉલ્લંઘન કરતો નથી, તેથી કદાપિ આકાશમાંથી કે ભૂમિના મધ્યમાંથી ઉત્પન્ન થએલો કોઈ નવો સમુદ્ર આ વિશ્વને એકાર્ણવ કરે તો ભલે. આ તે કોઈ સાહસિક છે ? પિશાચાધિષ્ઠિત છે ? મત્ત છે ? ઉન્મત્ત છે ? સ્વભાવથી જ વાતુળ છે ? અથવા અકાળે શાસ્ત્રને ભણ્યો છે ? વા શું તેને અપસ્મારનો વ્યાધિ થયો છે ? કે જેથી ઉચ્છૃંખલ થઈને તે અઘટતું બોલે છે ? આપ મેરુની પેઠે સ્થિર છો અને પૃથ્વીની પેઠે સર્વ સહન કરનાર છો, જેથી દોષિત મનુષ્યો સ્વચ્છંદપણે પ્રગટ રીતે આવું કહી શકે છે. આવું વચન સાધારણ માણસની સામે પણ બોલાય નહીં તો કોપ અને પ્રસાદમાં શક્તિવંત એવા આપની પાસે તો કહેવાય જ કેમ ? આવાં દુર્વચ વચનનો વક્તા ધીર છે કે આવું સાંભળીને જે કોપ કરે નહીં તેવા શ્રોતા ધીર છે ? કદાપિ આવાં વચન ઉપર સ્વામીને જો શ્રદ્ધા હોય તો ભલે શ્રદ્ધા રાખો, કારણ કે અત્યારે તો એવું વચન પ્રતિપત્તિ(ખાત્રી) સિવાય કબૂલ કરવું પડે તેમ છે. કદાપિ પર્વતો ઊડે, આકાશમાં પુષ્પો ઊગે, અગ્નિ શીતળ થાય, વંધ્યાને પુત્ર થાય, ગર્દભને શીંગડાં થાય, પાષાણ જળ ઉપર તરે અને નારકીને વેદના ન હોય તો પણ આની વાણી પ્રમાણે થાય તેમ નથી." બીજા નિમિત્તિયાઓનાં આવાં વાક્યો સાંભળીને યુક્ત અને અયુક્ત જાણતા છતાં પણ રાજા નવા નૈમિત્તિકની સન્મુખ કૌતુકથી જોવા લાગ્યા. પછી તે નૈમિત્તિક ઉપહાસ સહિત વાણીથી જાણે પ્રવચનને પ્રેર્યો હોય તેમ આધાર સાથે આ પ્રમાણે બોલ્યો-"હે રાજા ! તમારી સભામાં આ નર્મમંત્રીઓ (મશ્કરાઓ) છે અથવા વસંત ઋતુમાં વિનોદ કરાવનારા છે કે ગ્રામપંડિત (મૂર્ખ) છે ? હે પ્રભુ ! આપની સભામાં જો આવા સભાસદો હોય તો ચતુરાઇ નિરાશ્રય થઇને હણાઇ જશે. અરે ! વિશ્વમાં ચતુર એવા તમારે કેસરીસિંહને શિયાળની સાથે હોય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમ આ મુગ્ધ લોકો સાથે ગોષ્ઠી કેમ ઉચિત ગણાય ? કદાપિ જો આ લોકો કુળક્રમથી આપની સેવામાં આવેલા હોય તો અલ્પબુદ્ધિવાળા એ લોકોનું સ્ત્રીઓની જેમ પોષણ માત્ર કરવું યોગ્ય છે, પરંતુ સુવર્ણ અને માણિક્યના મુગટમાં કાચના કકડાની જેમ સભ્ય તરીકે તમારી સેવામાં બેસવાને તેઓ યોગ્ય નથી. એ લોકો શાસ્ત્રના રહસ્યને જરા પણ જાણતા નથી, પણ પોપટની પેઠે પાઠમાત્ર ભણીને ગર્વિત થયા છે, ગાલને ફુલાવનારા અને ગર્દભ-પુંછને પકડી રાખનારા એ લોકોની આવી વાણી છે; પણ જેઓ રહસ્યાર્થને જાણે છે તેઓ તો વિચારીને જ બોલે છે. કદાપિ સાર્થવાહનું પુતળું ઊંટ ઉપર બેસાર્યું હોય તો તે દેશાંતરમાં ફરે, પણ તેથી શું તે રસ્તો જાણે છે એમ કહેવાશે ? કદાપિ તરીઓ ન હોય તેવો માણસ પોતાની કાખમાં તુંબડા બાંધીને સરોવરમાં કે નદીમાં તરે, પણ તેથી શું તે જળ ઉપર તરી જાણે છે એમ કહેવાશે ? તેમ આ લોકો ગુરુની વાણીના અનુવાદથી શાસ્ત્રોને ભણ્યા છે, પણ તેના રહસ્યાર્થને જરા પણ તેઓ જાણતા નથી. જો એ દુર્બુદ્ધિ-વાળા લોકોને મારા જ્ઞાન ઉપર શ્રદ્ધા ન આવતી હોય તો મારા જ્ઞાનની ખાત્રી કરનાર સાત દિવસો ક્યાં દૂર છે ? હે રાજેન્દ્ર ! મહાસમુદ્ર પોતાના ઉછળતા જળથી જગતને એકાર્ણવ કરીને મારી વાણીને જો સત્ય કરે તો આ જ્યોતિષ ગ્રંથના અર્થને જાણનારા તમારા સભાસદો પર્વતોને પક્ષીની જેમ ઊડતાં બતાવશે ? વૃક્ષની જેમ આકાશમાં પુષ્પ બતાવશે ? અગ્નિને જળની જેમ શીતળ બતાવશે ? વંધ્યાને ધેનુની જેમ પુત્ર સર્જાવશે ? પાડાની જેમ ગધેડાંને શીંગડાવાળો બતાવશે ? પાષાણોને વહાણની જેમ જળાશયમાં તરાવશે ? અને નારકીને વેદના રહિત કરશે ? કે આવી રીતે અસમંજસ બોલતા આ જડ લોકો પછી સર્વજ્ઞભાષિત ગ્રંથોને અન્યથા કરશે ? હે રાજા ! તમારા પુરુષોના કબજામાં હું સાત દિવસ સુધી અહીં રહીશ, કારણ કે જે ખોટું બોલનાર તે એવી રીતે સ્થિતિ કરી શકે નહીં. આ મારું વચન જો સાતમે દિવસે ન થાય તો ચોરની જેમ ચંડાળોની પાસે મારો નિગ્રહ કરાવવો યોગ્ય છે.” રાજાએ કહ્યું—“આ બ્રાહ્મણની આવી વાણી સંદિગ્ધ, અનિષ્ટ કે દુર્ઘટ હોય અથવા સાચી હોય, તો પણ સાતમે દિવસે તમારું સૌનું સંદેહી મન મટશે, અને ત્યારપછી સત્યાસત્યનું વિવેચન થશે.” એવી રીતે કહીને તે બ્રાહ્મણને થાપણની જેમ પોતાના અંગરક્ષકોને સોંપ્યો અને સભા વિસર્જન કરી. તે વખતે નગરનાં લોકોની વિચિત્ર ઉક્તિઓ થવા લાગી કે–‘અહો ! આજથી સાતમે દિવસે મોટું કૌતુક જોવા જેવું થશે. અરે ! આ ઉન્મત્તની જેમ બોલનારો વિપ્ર હણાઈ જશે, અથવા કદાપિ યુગાંત થવાનો હશે, નહીં તો મૃત્યુ પામવાને આમ કોણ બોલે ?’ ‘સાતમો દિવસ પ્રાપ્ત થયે હું આશ્ચર્ય બતાવીશ.’ એવી રીતે ઉત્સુક થયેલા બ્રાહ્મણે કષ્ટથી છ દિવસ નિર્ગમન કર્યા. રાજાએ પણ સંશયને છેદવામાં ઉત્કંઠિત હોવાથી વારંવાર ગણી ગણીને માંડ માંડ છ માસની પેઠે નિર્ગમન કર્યા. સાતમે દિવસે રાજા ચંદ્રશાળા ઉપર બેસીને બ્રાહ્મણ પ્રત્યે કહેવા લાગ્યો—“હે વિપ્ર ! આજે તારાં વચનનો અને જીવિતનો અવધિ પૂર્ણ થયો, કારણ કે સાતમા દિવસે પ્રલય માટે મોટો સમુદ્ર ઉછળશે એમ તેં કહ્યું હતું, તો પણ અદ્યાપિ સુધી તો જળનો લેશ પણ જોવામાં આવતો નથી. તેં સર્વનો પ્રલય કહ્યો હતો તેથી સર્વ તારા વૈરી થાય છે. તેથી જો તારી પ્રતિજ્ઞા ખોટી પડશે તો તે સર્વ તારો



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નિગ્રહ કરાવવાનો પ્રયત્ન કરશે; પણ એક જંતુમાત્ર એવા તારા નિગ્રહથી મારે શો લાભ થવાનો છે ? માટે હજુ પણ તું ચાલ્યો જા. આ વાત તેં ઉન્મત્તપણાથી કહી જણાય છે.” પછી રાજાએ પોતાના રક્ષકોને આજ્ઞા કરી કે–“એ બિચારાને છોડી મૂકો, તે ભલે સુખે ચાલ્યો જાય.” તે વખતે હાસ્યથી જેના હોઠ વ્યાપ્ત થયેલા છે એવા બ્રાહ્મણે કહ્યું—“મહાત્માઓને સર્વ પ્રાણીઓની ઉપર દયા રાખવી તે યુક્ત છે, પરંતુ હે રાજન્ ! જ્યાં સુધી તે વખતે કરેલી મારી પ્રતિજ્ઞા ખોટી થઈ નથી ત્યાંસુધી હજુ હું દયાપાત્ર નથી; પણ જ્યારે પ્રતિજ્ઞા વ્યર્થ થાય ત્યારે તમે મારો વધ કરવાને સમર્થ છો અને તે વખતે વધને યોગ્ય થયેલા મને તમે છોડી મૂકો ત્યારે તમે દયાળુ કહેવાઓ. મને તમે છોડી મૂકશો છો તોપણ હું જઇશ નહીં, પકડાયેલાની જેમ જ રહીશ. હવે મારી પ્રતિજ્ઞા પૂર્ણ થવામાં થોડી જ વાર છે. ક્ષણમાત્ર ધીરજ રાખો અને અહીં જ બેઠા બેઠા યમરાજના અગ્ર સૈનિકની જેવા ઉછળેલા સમુદ્રના કલ્લોલને જુઓ. આ તમારી સભાના નૈમિત્તિકોને ક્ષણવાર સાક્ષી કરો; કારણ કે ક્ષણ પછી હું, તમે અને તેઓ કોઈ રહેવાના નથી.” એમ કહીને તે વિપ્ર મૌન રહ્યો.

તેવામાં ક્ષણવાર થઈ એટલે મૃત્યુની ગર્જનાની જેવો કોઈ અવ્યક્ત શબ્દ સાંભળવામાં આવ્યો. અકસ્માત્ થયેલો તે પીડાકારી ધ્વનિ સાંભળીને વનના મૃગની જેમ સર્વે ઊંચા કાન કરીને રહ્યા. તે વખતે કાંઇક ગ્રીવાને ઊંચી કરી, કાંઇક આસનથી ઉઠી અને કાંઇક હોઠને વાંકા કરી તે બ્રાહ્મણ આ પ્રમાણે કહેવા લાગ્યો–“હે રાજન્ ! આકાશ અને પૃથ્વીને પૂરતો આ સાગરનો ધ્વનિ તમે સાંભળો. તે તમારા પ્રસ્થાનને સૂચવનારા ભંભાધ્વનિ જેવો છે, જેના અંશમાત્ર જળને ગ્રહણ કરીને પુષ્કરાવર્ત્તાદિક મેઘો સર્વ પૃથ્વીને ડુબાવી દે છે, તે સમુદ્ર પોતે મર્યાદા છોડીને–અવાર્ય થઈને આ પૃથ્વીને ડુબાવતો આવે છે તે જુઓ. આ સમુદ્ર ખાડાને ભરી દે છે, વૃક્ષોને મથે છે, સ્થળીને આચ્છાદન કરે છે અને પર્વતોને ઢાંકી દે છે. અહો ! તે ઘણો દુર્વાર છે. પવન લાગતો હોય તો તેનો ઉપાય ઘરમાં પેસી જવું તે છે અને અગ્નિને બુઝાવવાનો ઉપાય જળ છે, પણ ચલિત થયેલા સમુદ્રને રોકવાનો કોઇ ઉપાય નથી.” બ્રાહ્મણ એમ કહે છે તેટલામાં જોતજોતામાં મૃગતૃષ્ણાના જળની જેમ દૂરથી ચોતરફ વ્યાપ્ત થતું જળ પ્રગટ થયું. ‘કસાઈ જેમ વિશ્વાસીનો સંહાર કરે તેમ સમુદ્રે વિશ્વનો સંહાર કર્યો’ એમ હાહાકારપૂર્વક આક્રોશ યુક્ત બોલતા સર્વે ઊંચું મુખ કરીને જોવા લાગ્યા. પછી રાજાની પાસે આવી આંગળીએ બતાવતો તે વિપ્ર “આ ડૂબી ગયું, આ ડૂબી ગયું” એમ ક્રૂરની જેમ કહેવા લાગ્યો. “અહો જુઓ ! આ અંધકારની જેમ સમુદ્રના જળથી શિખરપર્યંત પર્વતો ઢંકાઇ જાય છે. આ સર્વ વન જાણે જળે ઉખેડી નાખ્યાં હોય તેવાં જણાય છે અને તેથી સર્વ ઝાડો પાણીમાં અનેક પ્રકારનાં મત્સ્યોની જેમ તરતાં જણાય છે. હમણાં જ આ સમુદ્ર પોતાના જળથી ગામડાં, ખાણ અને નગર વિગેરેનો પ્રલય કરે છે. અહો ! ભવિતવ્યતાને ધિક્કાર છે ! પિશુન પુરુષો જેમ સદ્‌ગુણને ઢાંકી દે તેમ ઉચ્છૃંખલ સમુદ્રના જળે નગરનાં બહારનાં ઉદ્યાનો ઢાંકી દીધા. હે રાજન્ ! આ કિલ્લાની ફરતું કયારાની જેમ સમુદ્રનું જળ ઊંચું ઉછળી ઉછળીને અથડાવા લાગ્યું. હવે પ્રસરતું એવું જળ આ કિલ્લાનું ઉલ્લંઘન કરે છે. તે જેમ વેગવડે બળવાન્ ઘોડો અશ્વાર સહિત ઉલ્લંઘન કરે તેમ જણાય છે. જુઓ ! આ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમુદ્રના પ્રચંડ જળથી સર્વ મંદિર અને મહેલ સહિત નગર કુંડની જેમ પૂરાવા લાગ્યું. હે રાજા ! હવે આ અશ્વના સૈન્યની જેમ દોડતું તમારા ગૃહદ્વારમાં શબ્દ કરતું જળ આવે છે. હે પૃથ્વીપતિ ! જળમાં ડૂબી ગયેલા નગરનો જાણે અવશેષ ભાગ હોય તેવો આ તમારો મહેલ બેટના જેવો જણાય છે. તમારી મહેરબાનીથી ઉન્મત્ત થયેલા રાજસેવકો ચડે તેમ આ જળ અસ્ખલિતપણે તમારા મહેલના દાદર ઉપર ચડે છે. તમારા મહેલનો પહેલો માળ પૂરાઇ ગયો. બીજો માળ પૂરાય છે અને તેને પૂરીને ત્રીજો માલ પણ પૂરાવા લાગ્યો છે. અહો ! ક્ષણવારમાં ચોથો, પાંચમો અને છઠ્ઠો માલ જોતજોતામાં સમુદ્રના જળથી પૂરાઇ ગયો. વિષના વેગની જેમ ચોતરફથી આ ઘરની આસપાસ જળે દબાણ કર્યું. હવે શરીરમાં મસ્તકની જેમ ફક્ત શિરોગૃહ (અગાશી) બાકી રહેલ છે. હે રાજન્ આ પ્રલયકાળ થયો. મેં જે પ્રમાણે અગાઉ કહ્યું હતું તે પ્રમાણે થયું છે. તે વખતે જેઓ મને હસતા હતા તે તમારી સભામાં બેસનારા જોષીઓ કયાં ગયા ?" પછી વિશ્વસંહારના શોકથી રાજાએ ઝંપાપાત કરવાને માટે ઊઠી દઢ પરિકર બાંધ્યો અને વાનરની જેમ ઠેકીને તેણે ઝંપાપાત કર્યો. તેવામાં તો પોતાને પૂર્વવત્ સિંહાસન ઉપર બેઠેલો જોયો. અને ક્ષણવારમાં તે સમુદ્રનું જળ કયાંક ચાલ્યું ગયું ! રાજા વિસ્મયપૂર્વક વિકસિત લોચનવાળો થઇ ગયો અને અભગ્ન એવાં ઝાડ, પર્વત, કિલ્લો અને સર્વ વિશ્વ જેવું હતું તેવું તેના જોવામાં આવ્યું.

जैन साईट JAINSITE

હવે તે ઇંદ્રજાલિક કટી ઉપર ઢોલકી બાંધી પોતાના હાથથી વગાડતો હર્ષવડે આ પ્રમાણે બોલવા લાગ્યો–'ઇંદ્રજાળના પ્રયોગથી આદિમાં ઇંદ્રજાળની કળાના સર્જનાર **સંવર** નામના ઇંદ્રના ચરણકમળને હું પ્રણામ કરું છું.' પોતાના સિંહાસન ઉપર બેઠેલો રાજા "આ શું ?" એમ આશ્ચર્યથી તે બ્રાહ્મણને પૂછવા લાગ્યો, ત્યારે બ્રાહ્મણે કહ્યું–"સર્વ કળા જાણનારના ગુણને પ્રકાશ કરનાર રાજા છે, એમ ધારીને અગાઉ હું તમારી પાસે આવ્યો હતો, તે વખતે તમે 'ઇંદ્રજાળ મતિને ભ્રષ્ટ કરે છે' એમ કહી મારો તિરસ્કાર કર્યો હતો, એટલે તમે મને ધન આપવા માંડયું તો પણ હું તેને લીધા સિવાય ચાલ્યો ગયો હતો. ઘણું ધન મળે તો પણ ગુણવાનનો ગુણ મેળવતાં થયેલો શ્રમ તેથી જતો નથી, પણ તેનો ગુણ જાણવાથી તે શ્રમ જાય છે; તેથી આજે કપટથી નૈમિત્તિક થઇને પણ મેં તમને મારો ઇંદ્રજાળનો અભ્યાસ બતાવ્યો છે. તમે પ્રસન્ન થાઓ ! મેં તમારા સભાસદોનો જે તિરસ્કાર કર્યો અને ઘણીવાર સુધી તમને મોહ પમાડયો તે કૃપા કરી તમે માફ કરજો; કારણ કે તાત્ત્વિક રીતે તે મારો અપરાધ નથી." એમ કહીને તે બ્રાહ્મણ મૌન રહ્યો, એટલે પરમાર્થને જાણનારા રાજા અમૃતની જેવી વાણીથી બોલ્યા-"હે વિપ્ર ! રાજાનો અને રાજાના સભાસદોનો તેં તિરસ્કાર કર્યો છે એમ તારા ચિત્તમાં તું ભય રાખીશ નહીં; કેમકે તું મારો પરમ ઉપકારી થયો છે. હે વિપ્ર ! આ ઇંદ્રજાળ બતાવીને તેં મને તેના જેવો અસાર સંસાર જણાવી દીધો છે.-જેમ તેં જળ પ્રગટ કર્યું હતું અને તે જોત જોતામાં નાશ પામ્યું તેમજ આ સંસારના સર્વ પદાર્થો પ્રગટ થઈને નાશ પામવાના છે. અહો ! હવે સંસારમાં શું પ્રીતિ કરવી ?"એવી રીતે બહુ પ્રકારે સંસારના દોષ કહીને તે બ્રાહ્મણને કૃતાર્થ કરી રાજાએ દીક્ષા લીધી."

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ પ્રમાણેની કથા કહીને સુબુદ્ધિ પ્રધાન બોલ્યો–"હે પ્રભુ! તે રાજાએ કહ્યું તેમ ઇંદ્રજાળની જેવો આ સંસાર છે. એમ અમે સિદ્ધ માનીએ છીએ; પરંતુ તે સર્વ તમે જાણો છો કારણ કે તમે સર્વજ્ઞના કુળમાં ચંદ્ર સમાન છો."

પછી બૃહસ્પતિના જેવી બુદ્ધિવાળો બીજો મંત્રી શોક-શલ્યને દૂર કરે એવી વાણીથી નૃપતિશ્રેષ્ઠને કહેવા લાગ્યો—

"પૂર્વે આ ભરતક્ષેત્રમાં એક નગરમાં વિવેક વગેરે ગુણોની ખાણરૂપ કોઈક રાજા હતો. એકદા તે સભામાં બેઠો હતો તેવામાં છડીદારે આવીને કહ્યું–'કોઈ પુરુષ પોતાના આત્માને માયાપ્રયોગમાં નિપુણ જણાવતો બહાર આવીને ઊભો છે.' શુદ્ધબુદ્ધિવાળા રાજાએ તેને પ્રવેશ કરવાની આજ્ઞા આપી નહી; કારણ કે **કપટી માણસને અને સરલ માણસ-ને શાશ્વત શત્રુની જેમ અણબનાવ રહે છે.** ના પાડવાથી વિલખો થયેલો તે કપટી પાછો ગયો. પછી પાછો કેટલાએક દિવસ નિર્ગમન કરી કામરૂપી દેવતાની જેમ તેણે રૂપ-પરાવર્તન કર્યું અને આકાશમાર્ગે રાજાની પાસે હાથમાં ખડ્ગ ને ભાલું લઈ એક શ્રેષ્ઠ સ્ત્રી સહિત આવ્યો. તેને 'તું કોણ છે? આ સ્ત્રી કોણ છે? અને શા માટે આવ્યો છે?' એમ રાજાએ પૂછ્યું; એટલે તે પુરુષ કહેવા લાગ્યો—

"હે રાજન્! હું વિદ્યાધર છું, આ વિદ્યાધરી મારી પ્રિયા છે. કોઇ વિદ્યાધરની સાથે મારે વૈર થયું છે. આ સ્ત્રીનું તે સ્ત્રીલંપટ દુરાત્માએ રાહુ જેમ ચંદ્રમાના અમૃતને હરણ કરે તેમ છળકપટથી હરણ કર્યું હતું, પણ આ મારી પ્રાણથી વહાલી પ્રિયાને હું પાછી લઇ આવ્યો છું; કારણ કે **પશુઓ પણ સ્ત્રીનો પરાભવ સહન કરી શકતા નથી.** હે રાજા! ક્ષિતિને ધારણ કરવાથી તારા પ્રચંડ ભુજદંડ સાર્થક થયેલા છે, અર્થીજનોના દારિદ્રનો નાશ કરવાથી તારી સંપત્તિ પણ સફળ છે, ભય પામેલાને અભયદાન આપવાથી તારું પરાક્રમ કૃતાર્થ છે. વિદ્વાનોના સંશય છેદવાથી તારી શાસ્ત્રમાં વિદ્વત્તા અમોઘ છે, વિશ્વના કંટકનો ઉદ્ધાર કરવાથી તારું શસ્ત્રકૌશલ્ય સફળ છે, એ સિવાય બીજા પણ તારા ગુણો અનેક પ્રકારના પરોપકારથી કૃતાર્થ તેમજ તમારું પરસ્ત્રીમાં સહોદરપણું છે તે વિશ્વમાં વિખ્યાત છે. હવે મારી ઉપર ઉપકાર કરવાથી તમારા એ સર્વ ગુણ વિશિષ્ટ ફળવાળા થાઓ. આ પ્રિયા મારી સાથે છે. તેથી જાણે એનાથી બંધાઇ ગયો હોઉં તેમ મારા છળકપટવાળા શત્રુઓની સાથે યુદ્ધ કરી શકતો નથી. હું હસ્તિનું બળ, અશ્વનું બળ, રથનું બળ કે પાયદળનું બળ માગતો નથી; પણ માત્ર તમારા આત્માથી મને સહાય કરવાને માગું છું. તે એ છે કે થાપણની જેમ આ મારી સ્ત્રીનું તમારે રક્ષણ કરવું; કારણ કે તમે પરસ્ત્રીના સહોદર છો. આ જગતમાં કોઈ પરનું રક્ષણ કરવાને સમર્થ હોય છે, પણ પરસ્ત્રીમાં લંપટ હોય છે; અને કોઈ પરસ્ત્રીમાં લંપટ નથી હોતા, પણ પરનું રક્ષણ કરવાને અસમર્થ હોય છે. હે રાજા! તમે તો પરસ્ત્રીલંપટ પણ નથી અને પરનું રક્ષણ કરવામાં અસમર્થ પણ નથી, તેથી દૂરથી આવીને પણ મેં તમારી પ્રાર્થના કરી છે. આ મારી પ્રિયારૂપી થાપણ સ્વીકારો, તો પછી જો કે સમય બળવાન છે તો પણ તે શત્રુ મરાઈ ગયો જ સમજવો." આવાં તેનાં વચન સાંભળીને હાસ્યરૂપી ચંદ્રિકાથી જેનો પવિત્ર મુખચંદ્ર ઉલ્લાસ પામતો છે એવો તે ઉદાર ચારિત્રવંત રાજા આ પ્રમાણે બોલ્યો:—"હે ભદ્ર કલ્પ-

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્ જૈન સાઈટ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વૃક્ષ પાસે જેમ પાંદડાં માગવાં, સમુદ્ર પાસે જેમ જળ માગવું, કામધેનું પાસેથી જેમ માત્ર દૂધ જ માગવું, રોહિણાદ્રિ પાસે જેમ પાષાણુ માગવો, કુબેર ભંડારી પાસે જેમ અન્ન માગવું અને મેઘની પાસે જેમ છાયામાત્ર માગવી, તેમ દૂરથી આવીને તમે મારી પાસે આ શું માગ્યું ? હે વિચક્ષણુ ? તે તમારા શત્રુને બતાવો એટલે હું જ તેને મારી નાખું, જેથી નિઃશંક થઈને તમે પછી સાંસારિક સુખ ભોગવો.” રાજાની વાણીરૂપી અમૃતના આવા પ્રવાહથી જેની શ્રવણેંદ્રિય પૂરાઇ ગઇ છે એવો હર્ષ પામેલો તે પુરુષ આ પ્રમાણે રાજા પ્રત્યે બોલ્યો—“રૂપું, સુવર્ણ, સમસ્ત રત્નો, પિતા, માતા, પુત્ર અને બીજું જે કાંઇ ગૃહાદિક હોય તે સર્વ થોડા વિશ્વાસથી પણ અનામત અર્પણ કરવાની ઇચ્છા થાય છે; પરંતુ પોતાની પ્યારી સ્ત્રી મોટા વિશ્વાસવાળાને પણ સોંપી શકાતી નથી. હે રાજા ? એવા વિશ્વાસનું સ્થાન તમારા સિવાય બીજો કોઇ નથી, કારણ કે ચંદનનું સ્થાન તો એક મલયાચળ પર્વત જ છે.” આ મારી પ્રિયાને થાપણુરૂપ ધારણ કરવાથી તમે જ મારા શત્રુને માર્યો એમ હું માનીશ. જ્યારે મારી સ્ત્રીની થાપણ તમે સ્વીકારી, એટલે વિશ્વાસ પામેલો હું મારા શત્રુઓને હમણાં જ વિશ્વાસવાળી સ્ત્રીઓવાળા(મૃત્યુ પામેલા) કરીશ. હે રાજા ? તમે અહીં બેઠા છો તેટલામાં જ હું કેસરીસિંહની જેમ ઉછળીને મારું પરાક્રમ બતાવીશ. તમે આજ્ઞા આપો એટલે હું ગરુડની જેમ સ્વચ્છંદી રીતે અંતરિક્ષમાં અસ્ખલિત વેગે ક્ષણવારમાં ચાલ્યો જાઉં.”

રાજાએ કહ્યું—“હે વિદ્યાધર સુભટ ! તું સ્વેચ્છાથી જા, અને આ તારી સ્ત્રી પિતૃગૃહની જેમ મારા ઘરમાં ભલે રહો.” પછી તત્કાળ તે પુરુષ પક્ષીની જેમ આકાશમાં ઊડયો, અને બે પાંખોની જેમ તીક્ષ્ણ ને ચમકારા મારતા ખડ્ગ અને ઢંઢફલકને વિસ્તારતો અદૃશ્ય થયો. તેની સ્ત્રીને દીકરીની જેમ રાજાએ બોલાવી એટલે ત્યાં સ્વસ્થ મન કરીને રહી. પછી પોતાને ઠેકાણે રહેલા રાજાએ મેઘગર્જનાની જેમ આકાશમાં સિંહનાદો સાંભળ્યાં. સ્ફુરાયમાન વિજળીના તડતડાટની જેમ વિચિત્ર ખડ્ગ અને ફલકના ધ્વનિઓ સંભળાવા લાગ્યા. “તે હું છું, તે હું છું, નથી, નથી, ઊભો રહે, ઊભો રહે, જા, જા, હું તને મારું છું, મારું છું,” એવી ગિરા આકાશમાં થતી સંભળાવા લાગી. રાજા સભામાં બેઠેલા સભ્ય પુરુષો સહિત વિસ્મય પામીને ગ્રહણ સમયની વેળાની જેમ ઘણા વાર સુધી ઊંચું મુખ કરીને જોઈ રહ્યો, એટલામાં એવી રીતે જોઇ રહેલા રાજાની પાસે પૃથ્વી ઉપર રત્નકંકણુથી વિભૂષિત એક ભુજદંડ પડ્યો. આકાશમાંથી પડેલા તે ભુજદંડને ઓળખવાને વિદ્યાધરી આગળ આવી અને જોવા લાગી. પછી તે આ પ્રમાણે બોલી—“મારા ગાલનું ઓશીકું, કર્ણનું ઘરેણું અને કંઠના હારરૂપ આ મારા પ્રિય પતિનો ભુજ છે.” એમ કહેતી હતી અને જોતી હતી, તેવામાં હાથની પ્રીતિને લીધે જાણે હોય તેમ એક પગ પૃથ્વી ઉપર પડ્યો. પગમાં પહેરવાનાં કડાંવાળા તે ચરણને જોઇ ઓળખીને અશ્રુપાત કરતી એ કમલવદના ફરીથી બોલી–“અહો ! ઘણી વાર સ્વહસ્તથી ચોળેલો, લુંછેલો, પ્રક્ષાલન કરેલો, ધોયેલો અને વિલેપન કરેલો આ મારા પતિનો જ ચરણ છે.” એવી રીતે તે કહેતી હતી, તેવામાં પવને હલાવેલા વૃક્ષમાંથી શાખા તૂટીને પડે તેમ આકાશમાંથી બીજો હાથ પડ્યો. રત્નના બાજુબંધ અને કંકણવાળા તે હાથને જોઈ ધારાયંત્રની પૂતળીની જેમ અશ્રુપાત કરતી તે સ્ત્રી બોલી-“અરે ! આ મારા પતિનો હાથ કાંચકીથી મારો સેંથો કરવામાં ચતુર અને વિચિત્ર પત્રલતિકાની લીલાલિપિને કરનારો છે.” એમ કહેતી તે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઊભી હતી, તેવામાં આકાશમાંથી બીજો ચરણ પણ પડ્યો. ત્યારે તે ફરીથી બોલી–"અરે ! આ મારા પતિનો જ ચરણ છે કે જે મારા હસ્તકમલથી ચાંપેલો અને મારા ખોળારૂપી શય્યામાં સૂનારો છે." તેવામાં તત્કાળ તેનું માથું અને ધડ તે સ્ત્રીના હૃદયની સાથે પૃથ્વીને કંપાવતાં ભૂમિ પર પડ્યાં. પછી તેણે વિલાપ કરવા માંડ્યો–"અરે ! છળવાળા તે બળવાન્ શત્રુએ મારા પતિને મારી નાખ્યો ! અરે ! હું બિચારી હણાઈ ગઈ ! અરે ! આ મારા પતિનું જ કમળના જેવું વદન છે કે જેને મેં પરમ પ્રીતિથી કુંડળોવડે શણગાર્યું હતું. અરે ! આ મારા પતિનું વિપુલ હૃદય છે કે જેની અંદર અને બહાર માત્ર મારું જ વાસસ્થાન હતું. હે નાથ ! હું હમણા અનાથ થઈ ગઈ છું. હે પતિ ! તમારા વિના નંદનવનથી પુષ્પો લાવીને મારા મસ્તકના કેશને કોણ શણગારશે ? એક આસન પર બેસીને આકાશમાં ફરતી હું કોની સાથે સુખેથી વલ્લકીવીણા બજાવીશ ? વીણાની જેમ મને કોણ પોતાના ઉત્સંગમાં બેસારશે ? શય્યામાં વિસંસ્થૂળ થઈ ગયેલા મારા કેશને કોણ સમા કરશે ? પ્રૌઢ સ્નેહની લીલાથી હું કોના ઉપર કોપ કરીશ ? અશોક વૃક્ષની જેમ મારા પગનો પ્રહાર કોના હર્ષને માટે થશે ? હે પ્રિય ! ગુચ્છરૂપ કૌમુદીની જેમ ગોશીર્ષચંદનના રસવડે મારા અંગરાગને કોણ કરશે ? સૈરંધ્રી દાસીની જેમ મારા ગાલ ઉપર, ગ્રીવા ઉપર, લલાટ ઉપર અને સ્તન ઉપર પત્રરચના કોણ કરશે ? ખોટી રીસ કરીને મૌન ધારી રહેલી મને ક્રીડા કરવાને રાજમેનાની જેમ કોણ બોલાવશે ? જ્યારે હું કૃત્રિમપણે શયન કરતી (ઊંઘી જતી) ત્યારે હે પ્રિયા ! હે પ્રિયા ! હે દેવી ! હે દેવી ! ઇત્યાદિક વાણીથી તમે જગાડતા તે હવે કોણ જગાડશે ? હવે આત્માને વિડંબનાભૂત આવો વિલંબ કરવાથી શું ? માટે હે નાથ ! મહામાર્ગના (પરલોકગમનના) મોટા વટેમાર્ગુ થયેલા એવા તમારી પછવાડે હું આવું છું." આ પ્રમાણે વિલાપ કરતી, પોતાના પ્રાણનાથના માર્ગને અનુસરવાની ઈચ્છાવાળી તે સ્ત્રીએ અંજલિ જોડીને રાજા પાસેથી વાહનની જેમ અગ્નિ માગ્યો. રાજાએ તેને કહ્યું–"હે સ્વચ્છ આશયવાળી પુત્રી ! તું પતિની સ્થિતિ બરોબર જાણ્યા સિવાય આમ કેમ કહે છે ? કારણ કે રાક્ષસ અને વિદ્યાધરોની આવી માયા પણ હોય છે, માટે ક્ષણવાર રાહ જો. પછી આત્મસાધન કરવું તે તો સ્વાધીન છે." ફરીથી તેણે રાજાને કહ્યું–"આ સાક્ષાત્ મારો જ પતિ છે. તે યુદ્ધમાં મૃત્યુ પામીને પડેલો દેખાય છે. સંધ્યા સૂર્યની સાથે જ ઉદય પામે છે અને સાથે જ અસ્ત પામે છે, તેમ પતિવ્રતા સ્ત્રીઓ પતિની સાથે જ જીવે છે અને સાથે જ મરે છે. નિર્મળ વંશવાળા મારા પિતાના અને પતિના કુળમાં હું જીવીને શામાટે કલંક લગાડું ? પતિ વિના રહેલી હું, જે તમારી ધર્મપુત્રી છું તેને આમ જીવતી રહેલી જોઈને હે પિતા ! તમે કુળસ્ત્રીના ધર્મને જાણનાર છતાં કેમ લજ્જા પામતા નથી ? ચંદ્ર વિના કૌમુદીની જેમ અને મેઘ વિના વિદ્યુતની જેમ પતિ વિના મારે રહેવું યુક્ત નથી, માટે તમે સેવકપુરુષોને આજ્ઞા કરો અને મારે માટે કાષ્ઠ મંગાવો જેથી હું પતિના શરીરની સાથે જળની જેમ અગ્નિમાં પ્રવેશ કરું." તેણે આગ્રહપૂર્વક કહ્યું, એટલે દયાળુ રાજા શોકવડે ગદ્ગદ્ વાણીથી તેના પ્રત્યે બોલ્યો–"અરે બાઈ ! તું થોડા વખત સુધી ધીરજ ધર, પતંગની જેમ તારે મરવું યુક્ત નથી. થોડું પ્રયોજન (કામ) પણ વિચારીને કરવું યોગ્ય છે." રાજાએ આ પ્રમાણે કહ્યું એટલે તે ભામિની કોપ કરીને રાજા પ્રત્યે બોલી–"અરે ! હજુ સુધી મને રોકી રાખો છો, તેથી તમે તાત નથી એમ હું જાણું છું. તમારું પરસ્ત્રીસહોદર એવું નામ પ્રખ્યાત છે, તે વિશ્વના વિશ્વાસને માટે જ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે, પણ પરમાર્થથી નથી. જો તમે ખરેખર પિતા હો તો આ તમારી દુહિતાને અગ્નિના માર્ગે સ્વપતિની પાછળ જતી તત્કાળ જુઓ." રાજાએ કાયર થઈને તેને ઇચ્છિત કરવાની આજ્ઞા આપી અને કહ્યું-"હવે હું તને રોકતો નથી, તારા સતીવ્રતને તું પવિત્ર કર." પછી હર્ષ પામીને રાજાના આદેશથી આવેલા રથમાં પોતાના સ્વામીનાં અંગોને સત્કાર પૂર્વક પોતે આરોપણ કર્યાં. અને પોતાના અંગે અંગરાગ લગાવી, ધોળાં વસ્ત્ર પહેરી અને મસ્તકના કેશમાં પુષ્પ ગુંથીને પૂર્વની જેમ પતિની પાસે બેઠી. નીચુ મસ્તક કરી શોક સહિત રાજા રથની પાછળ ચાલ્યો અને નગરના લોકો આશ્ચર્યપૂર્વક જોવા લાગ્યા. એવી રીતે તે નદી ઉપર ગઈ. ક્ષણવારમાં સેવકલોકો ચંદનકાષ્ઠ લાવ્યા અને જાણે મૃત્યુ-દેવની શય્યા હોય એવી તેની ચિતા રચી. પછી પિતાની જેમ રાજાએ તે સ્ત્રીને ધન આપ્યું, એટલે તેણે કલ્પલતાની જેમ યાચકોને આપી દીધું. પછી જળની અંજલિ ભરીને દક્ષિણાવર્ત્ત જેની જવાળા છે એવા તે અગ્નિની તેણે ત્રણ પ્રદક્ષિણા કરી, સતીની સંત્યાપના (ખાત્રી) કરી. પતિનાં અંગની સાથે તેણે વાસાગાર (ઘર) ની જેમ ચિતાગ્નિમાં સ્વેચ્છાએ પ્રવેશ કર્યો. ઘણી ઘીની ધારાથી સિંચાયેલો અગ્નિ જ્વાળાથી આકાશને પલ્લવિત કરતો અધિક અધિક બળવા લાગ્યો. વિદ્યાધરના અંગ, તે સ્ત્રી અને સર્વ કાષ્ઠો, સમુદ્રમાં જતું જળ જેમ લવણમય થઈ જાય તેમ થોડા વખતમાં ભસ્મીભૂત થઈ ગયાં. પછી ત્યાં તેને નિવાપાંજલિ દઈને શોકથી આકુળ એવો રાજા પોતાના ધામમાં આવ્યો.

જૈન સાઈટ JAINSITE

રાજા શોક સહિત આવીને જેવો સભામાં બેસે છે, તેવામાં ખડ્ગ અને ભાલું લઈને તે પુરુષ આકાશમાંથી નીચે ઉતર્યો. રાજાએ અને સભાસદોએ વિસ્મયપૂર્વક તેની સામું જોયું, એટલે તે કપટી વિદ્યાધર રાજાની સમીપ આવીને આ પ્રમાણે બોલ્યો-"હે પરસ્ત્રી અને પરધનમાં નિઃસ્પૃહ રાજા ! તમે ભાગ્યપૂર્વક વૃદ્ધિ પામો છો. મેં દ્યૂતકારની જેમ યુદ્ધમાં મારા શત્રુને કેવી રીતે જીત્યો તે હું કહું છું તે સાંભળો-હે શરણ કરવા યોગ્ય ! અહીંથી તમારે શરણે મારી સ્ત્રીને મૂકીને જે વખતે હું પવનની જેમ આકાશમાં ઊડયો તે વખતે મોટા આટોપપૂર્વક મારી સામે આવતા એ દુષ્ટ વિદ્યાધરને, નોળીઓ જેમ સર્પને જુએ તેમ મેં આકાશમાં દીઠો. પછી દુર્જય એવા અમે બંને વૃષભની જેમ મોટી ગર્જના કરવા લાગ્યા અને હું તથા તે પરસ્પર યુદ્ધાર્થે બોલવા લાગ્યા. "અરે ! બહુ સારું થયું કે આજે મેં તને જોયો. હે ભુજામાં ગર્વિષ્ઠ થયેલા ! તું પ્રથમ પ્રહાર કર, જેથી આજે હું મારી ભુજાનું અને દેવતાઓનું કૌતુક પૂર્ણ કરું; નહીં તો શસ્ત્ર છોડી દઈને રાંક જેમ ભક્ષ્યને ગ્રહણ કરે તેમ દશે આંગળી દાંતમાં લઈને જીવિતની ઇચ્છાથી નિઃશંક થઈ ચાલ્યો જા." આવી રીતે અમે બંને પરસ્પર આક્ષેપપૂર્વક બોલતા ઢાલ તરવારરૂપી પાંખોને ફેરવતા કુકડાની જેમ લડવા લાગ્યા. ચારીપ્રચારમાં ચતુર એવા બંને રંગાચાર્યની જેમ આકાશ-માં એક બીજાના પ્રહારમાંથી બચી જતા ફરવા લાગ્યા. ખડ્ગરૂપ શૃંગારથી પ્રહાર કરતા એવા ગેંડાની જેમ અમે વારંવાર અભિસર્પણ (આગળ જવું) અને અપસર્પણ (પાછળ જવું) કરવા લાગ્યા. ક્ષણવારમાં હે રાજા ! જાણે તમારો વધામણીઓ હોય તેમ મેં તેનો ડાબો હાથ કાપીને અહીં ભૂમિ પર પાડી નાખ્યો. પછી તમારા આનંદને માટે કદળીસ્થંભની લીલાથી મેં તેનો એક ચરણ કાપીને પૃથ્વી પર પાડી નાખ્યો. પછી હે રાજા ! કમળેનાળની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લીલાની જેમ તેનો જમણો હાથ પણ મેં છેદીને પૃથ્વી ઉપર પાડી નાખ્યો. ત્યાર પછી ઝાડના થડની જેમ તેનો બીજો ચરણ પણ ખડગથી છેદીને મેં તમારી આગળ પાડી નાખ્યો. પછી તેનું મસ્તક અને ધડ મેં નોંખું કરીને અહીં પાડયું. એવી રીતે ભરતખંડની જેમ મેં તેના છ ખંડ કરી દીધા. પોતાના અપત્યની જેમ મારી સ્ત્રીરૂપા થાપણની રક્ષા કરતા એવા તમે જ તે શત્રુને માર્યો છે, હું તો ફક્ત હેતુમાત્ર છું. તમારી સહાય વિના તે શત્રુ મારાથી હણાઈ શકાત નહીં. વાયુ વિના બળતો અગ્નિ પણ ઘાસને બાળવામાં સમર્થ થતો નથી. આટલી વાર હું સ્ત્રી કે નપુંસક જેવો હતો તેને શત્રુને મારવાના (નિગ્રહ કરવાના) હેતુરૂપ એવા તમે આજે પુરુષપણું આપ્યું છે, તમે મારા પિતા, માતા, ગુરુ કે દેવતા છો. આવો તમારા જેવો ઉપકારી થવાને બીજો યોગ્ય નથી. તમારા જેવા પરોપકારી પુરુષોના પ્રભાવથી સૂર્ય વિશ્વને પ્રકાશ આપે છે, ચંદ્ર પ્રસન્ન કરે છે, વર્ષાદ પોતાના વખતે વરસે છે, પૃથ્વી ઔષધિને ઉગાડે છે, સમુદ્ર મર્યાદા છોડતો નથી અને પૃથ્વી સ્થિર રહે છે. હવે મારી થાપણ મૂકેલી સ્ત્રી મને પાછી સોંપો કે જેથી હે રાજા! હું મારી ક્રીડાભૂમિ તરફ જાઉં. શત્રુને મારીને નિઃશંક થયેલો હું હવે વૈતાઢ્ય પર્વત ઉપર અને જંબૂદ્વીપ જગતિ ઉપરના જાળકટકાદિકમાં તમારા પ્રસાદથી પ્રિયા સહિત વિહાર કરીશ."

આવાં તેના વચન સાંભળી સમકાળે લજ્જા, ચિંતા, નિર્વેદ અને વિસ્મયથી આક્રાંત થયેલો રાજા તે પુરુષ પ્રત્યે બોલ્યો "હે ભદ્ર! તમે તમારી સ્ત્રીને થાપણ તરીકે અહીં મૂકીને ગયા પછી અમે આકાશમાં ખડગ અને ભાલાનો ધ્વનિ સાંભળ્યો. અનુક્રમે આકાશમાંથી હાથ, પગ, મસ્તક અને ધડ પડયું તે મારા પતિ છે એમ ચોક્કસ રીતે તમારી પત્નીએ અમને કહ્યું. પછી 'પતિના શરીરની સાથે હું અગ્નિમાં પ્રવેશ કરી, એમ બોલતી તમારી સ્ત્રીને પુત્રીના પ્રેમથી અમે બહુવાર વાર્યા છતાં પણ તે સ્ત્રી ઈતર-લોકની જેમ અમારી અન્યથા રીતે સંભાવના કરવા લાગી અને જ્યારે તેના આગ્રહથી કાયર થઈને અમે મૌન રહ્યા ત્યારે તે નદીએ ગઈ અને ત્યાં લોકોની સમક્ષ તે શરીરના અવયવોની સાથે ચિંતામાં પેઠી. હમણાં જ હું તેને નિવાપાંજલિ આપી આવ્યો અને તેનો શોક કરતો બેઠો છું, તેવામાં તો તમે આવ્યા. આ શું થયું? તે તમારાં અંગ નહીં કે તે વખતે આવ્યા હતા તે તમે નહીં? એ અમને સંશય છે; પણ આ વિષયમાં અજ્ઞાનથી જેમના મુખ મુદ્રિત થયેલા છે એવા અમે શું બોલી શકીએ!" આ સાંભળી જેણે ખોટો કોપ કર્યો છે એવો તે પુરુષ બોલ્યો—"હે રાજા! આ કેવી ખેદકારક વાત! માણસોના કહેવાથી મેં તમને પરસ્ત્રીસહોદર જાણ્યા હતા તે તો મિથ્યા થયું. તમારી તેવી નામનાથી મેં પ્રિયાની થાપણ મૂકી હતી, પણ તમારા આવા આચરણથી દેખીતું કનકકમળ જેમ પરિણામે લોહમય નીકળે તેમ જણાઈ આવ્યા છો. જે કામ દુરાચારી એવા મારા શત્રુથી થવાનું હતું તે કામ તમે કર્યું, તેથી તમારા બેમાં હવે શો અંતર ગણવો? હે રાજા! તમે સ્ત્રીમાં અલુબ્ધ મનવાળા હો અને અપવાદથી ભય પામતા હો તો તે મારી પ્રિયા મને પાછી અર્પણ કરો. તેને ગોપવી રાખવાને તમે યોગ્ય નથી. જો તમારા જેવા પૂર્વે અલુબ્ધ છતાં ફરીને આમ લુબ્ધ થશે તો પછી કાળા સર્પની જેમ કોણ વિશ્વાસને પાત્ર રહેશે?" રાજાએ ફરીને કહ્યું—"હે પુરુષ! તારા પ્રત્યેક અંગને ઓળખીને તારી પ્રિયાએ અગ્નિમાં પ્રવેશ કર્યો છે તેમાં તો બીલકુલ સંશય નથી. આ બાબતમાં સર્વે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નગરના અને દેશના લોકો સાક્ષી છે અને આ જગચ્ચક્ષુ ભગવાન્ સૂર્ય પણ આકાશમાં રહેલા સાક્ષી છે. ચાર લોકપાળ, ગ્રહ, નક્ષત્ર, તારા, આ ભગવતી પૃથ્વી અને જગતનો પિતા ધર્મ પણ સાક્ષી છે, માટે આવાં કઠોર વચનો બોલવાને તમે યોગ્ય નથી. આ સર્વમાંથી કોઈ પણ સાક્ષીને તમે પ્રમાણભૂત કરો." તે સાંભળીને ખોટો રોષ બતાવનાર તે પુરુષે કઠોર વચને કહ્યું—"પ્રત્યક્ષ પ્રમાણમાં બીજા પ્રમાણની કલ્પના થાય જ નહીં, આ તમારી પછવાડે કોણ છે તેને જુઓ. પોતાની કાખમાં ડોલ છતાં કોશમાંથી પાણી પીવા જવું તેના જેવું આ કાર્ય છે," પછી રાજાએ ડોક વાંકી કરીને પોતાની પછવાડે દૃષ્ટિ કરી તો ત્યાં તેણે તે સ્ત્રીને બેઠેલી જોઈ. તેથી પારદારિક દોષથી હું દૂષિત થયો' એવી શંકાથી તાપવડે પુષ્પ મ્લાન થાય તેમ તે ગ્લાનિ પામ્યો. નિર્દોષ એવા તે રાજાને દોષની શંકાથી ગ્લાનિ પામેલો જોઈ અંજલિ જોડીને તે પુરુષ આ પ્રમાણે કહેવા લાગ્યો—"હે રાજા ! તમને સાંભરે છે કે હું ઘણા કાળ સુધી અભ્યાસ કરેલું મારું માયાપ્રયોગનું ચાતુર્ય બતાવવાને માટે તમારી પાસે પ્રાર્થના કરવા આવ્યો હતો, તે વખતે મેઘની જેમ સર્વ વિશ્વ ઉપર સાધારણ કૃપાવાળા છતાં મારા ભાગ્યદોષથી ઇચ્છાપૂર્ણ કર્યા સિવાય મને દ્વારમાંથી જ તમે રજા આપી હતી. પછી રૂપ ફેરવી કપટનાટક કરીને મેં તમને મારી કળા બતાવી. હવે હું કૃતાર્થ થયો, મારા ઉપર તમે પ્રસન્ન થાઓ. જેમ તેમ કરીને પણ પોતાનો ગુણ મોટા માણસને બતાવવો જોઈએ, નહીં તો ગુણ મેળવવાનો કલેશ કેવી રીતે નાશ પામે ? માટે આજે હવે હું કલેશ રહિત થયો. તમે આજ્ઞા આપો, હવે હું જઈશ. તમારી આગળ મારા ગુણ બતાવીને હવે હું સર્વ ઠેકાણે મોંઘો થયો છું." પછી રાજાએ ઘણું ધન આપવાવડે તેને કૃતાર્થ કરીને વિદાય કર્યો.

ત્યારબાદ કાંઈક વિચાર કરીને રાજા આ પ્રમાણે બોલ્યો—'જેવો આનો માયાપ્રયોગ છે તેવો જ આ સંસાર છે, કારણ કે આ સર્વ જોવામાં આવતી વસ્તુઓ પાણીના પરપોટાની જેમ જોતજોતામાં નાશ પામનારી છે.' એવી રીતે અનેક પ્રકારે સંસારની આસારતા ચિંતવીને સંસારવાસથી વિરક્ત થયેલા તે રાજાએ રાજ્યને છોડી દઈને દીક્ષા ગ્રહણ કરી." આ પ્રમાણેની કથા કહીને બીજો મંત્રી બોલ્યો—"મેં કહેલી કથા પ્રમાણે હે પ્રભુ ! આ માયાપ્રયોગ સદૃશ સંસાર છે, તેમાં તમે શોકને વશ ન થાઓ; અને પોતાના આત્મસ્વાર્થની સિદ્ધિને માટે પ્રયત્ન કરો."

આ પ્રમાણે તે બંને મંત્રીનાં વચનો સાંભળીને મહાપ્રાણસ્થાનમાં જેમ પ્રાણ આવે તેમ ચક્રીને શોકને ઠેકાણે જ ભવનિર્વેદ (સંસારવાસ-ખેદ) ઉત્પન્ન થયો. એટલે સગરરાજાએ તત્ત્વથી શ્રેષ્ઠ વાણીવડે કહ્યું કે—"તમે મને આ બહુ સારું કહ્યું. જંતુઓ પોતપોતાનાં કર્મપ્રમાણે જ જીવે અને મરે છે. બાળ, યુવાન કે વૃદ્ધ એવું વયનું કાંઇ તેમાં પ્રમાણ નથી. બાંધવાદિકના સંગમ સ્વપ્નના જેવા છે, લક્ષ્મી હાથીના કાનની જેવી ચંચળ છે, યૌવન-લક્ષ્મી પર્વતમાંથી નીકળતી નદીના જેવી વહી જનારી છે, જીવિત દર્ભના અગ્રભાગ ઉપર રહેલા જળના બિંદુ સમાન છે. મારવાડ દેશમાં જળની જેમ જ્યાં સુધી યૌવન ગયું નથી,



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાક્ષસીની જેમ આયુષનો અંત કરનારી વૃદ્ધાવસ્થા જ્યાં સુધી આવી નથી, સંનિપાતની જેમ ઇંદ્રિયોની વિકળતા જ્યાં સુધી થઈ નથી અને વેશ્યાની જેમ જ્યાં સુધી સર્વસ્વ ગ્રહણ કરીને લક્ષ્મી વિરામ પામી નથી ત્યાં સુધી આ સર્વને સ્વયમેવ તજી દઈને દીક્ષાગ્રહણના ઉપાયથી લભ્ય એવા સ્વાર્થસાધનને માટે પ્રયત્ન કરવો યોગ્ય છે. જે પુરુષ આ અસાર શરીરથી મોક્ષને મેળવે છે તે પુરુષ કાચના કકડાથી મણિને, કૃષ્ણકાકથી (કાળો કાગડો) મોરને, કમળનાળની માળાથી રત્નજડિત હારને, નઠારા અન્નથી દૂધપાકને, કાળસેયથી (છાશ) દૂધને અને ગધેડાથી ઘોડાને ખરીદે છે.” એવી રીતે સગરરાજા કહે છે તેવામાં તેના દ્વાર ઉપર અષ્ટાપદની સમીપે રહેનારા ઘણા લોકો આવ્યા અને તેઓ “અમારી રક્ષા કરો, રક્ષા કરો” એમ ઊંચે સ્વરે પોકાર કરવા લાગ્યા. સગરે દ્વારપાળ પાસે તેમને બોલાવ્યા અને પૂછયું–‘શું થયું છે ?’ એટલે પ્રણામ કરીને તે ગામડીઆઓ એકઠા થઈને બોલ્યા–“હે રાજા ! અષ્ટાપદ પર્વતની ફરતી કરેલી ખાઇ પૂરવાને દંડરત્નવડે ગંગાનદીને તમારા પુત્રો લાવેલા છે. તે ગંગાનદીએ પાતાળની જેવી દુષ્પૂર એવી ખાઇને પણ ક્ષણવારમાં પૂરીને કુલટા સ્ત્રી જેમ બંને કુળની મર્યાદાનું ઉલ્લંઘન કરે તેમ તેણે બંને કાંઠા ઉલ્લંઘન કર્યા છે અને અષ્ટાપદની સમીપમાં રહેલાં ગામડાં, આકર અને નગર વિગેરેને સમુદ્રની જેમ વિસ્તરી જઈને ડુબાવી દેવા માંડ્યાં છે. અમારે તો અત્યારે જ પ્રલયકાળ પ્રાપ્ત થયો છે; માટે તમે આજ્ઞા કરો કે અમે ક્યાં નિરુપદ્રવ થઈને રહીએ ?” પછી સગરચક્રીએ પોતાના પૌત્ર ભગીરથને વાત્સલ્યયુક્ત વાણીથી બોલાવીને આ પ્રમાણે આજ્ઞા કરી–‘હે વત્સ ! અષ્ટાપદ પર્વતની ફરતી ખાઇને પૂરીને, તે ગંગાનદી ઉન્મત્ત સ્ત્રીની જેમ હાલમાં ગામડાંઓમાં ભમે છે તેને દંડવડે આકર્ષક કરીને પૂર્વસાગરમાં મેળવી દ્યો; કારણ કે જ્યાં સુધી જળને રસ્તો બતાવ્યો ન હોય ત્યાં સુધી તે અંધની જેમ ઉન્માર્ગે જાય છે. જેવી રીતે અસામાન્ય બાહુપરાક્રમ, ભુવનોત્તર ઐશ્વર્ય, અતિઉલ્વણ હસ્તિબળ, વિશ્વમાં વિખ્યાત અશ્વબળ, અતિ વિક્રમી પેદળ, મોટું રથનું બળ, અતિ ઉત્કટ પ્રતાપ, નિઃસીમ શસ્ત્રકૌશલ્ય અને દેવતાઈ આયુધની સંપત્તિ, એ સર્વ જેમ શત્રુઓના દર્પને હણે છે તેમ તેનો ગર્વ કરવાથી તે અમને પણ હાનિ કરે તેમ જણાય છે. હે પુત્ર ! ગર્વ સર્વ દોષનો અગ્રણી છે, આપત્તિનું એક સ્થાન છે, સંપત્તિનો અપહર્તા છે, દુર્યશનો કર્તા છે, વંશનો સંહારકર્તા છે, સર્વ સુખનો હરનાર છે, પરલોકમાં પહોંચાડનાર છે, અને શરીરમાંથી જ ઉત્પન્ન થયેલ શત્રુ છે. તેવો ગર્વ સન્માર્ગમાં રહેલા સામાન્ય પુરુષોએ પણ છોડી દેવા યોગ્ય છે તો મારા પૌત્રે તો વિશેષ રીતે છોડવા યોગ્ય છે. હે પુત્ર ! તારે વિનીતપણાવડે ગુણની પાત્રતા મેળવવી. વિનય ધારણ કરવાથી અશક્ત મનુષ્યને પણ ગુણના પ્રકર્ષની પ્રાપ્તિ થાય છે, અને શક્તિવંત પુરુષમાં તો જો વિનય ગુણ હોય છે તો તે સુવર્ણ ને સુગંધના મેળાપ સદૃશ તેમજ નિષ્કલંક થયેલા પૂર્ણિમાના ચંદ્ર તુલ્ય છે. સુર, અસુર અને નાગાદિકનો તમારે યથાયોગ્ય ક્ષેત્રમાં સુખકારક કાર્યમાં ઉપચાર કરવો (જ્યાં ત્યાં ઉપચાર ન કરવો). ઉપચારને યોગ્ય કાર્યમાં જે ઉપચાર કરવો તે દોષકારક નથી, પણ પિત્તવાળા માણસને આતપની જેમ અપચાર કરવો તે દોષને અર્થે છે. ઋષભસ્વામીના પુત્ર ભરતચક્રીએ યોગ્ય ઉપચારથી દેવ અને દૈત્યોને વશ કર્યા હતા. તે શક્તિવાન્ હતા તો પણ તેણે દેવતાદિકમાં કરવા યોગ્ય ઉપચાર બતાવ્યો છે, તેથી તમારે પણ કુળાચાર પ્રમાણે વર્તવું.” મહાભાગ ભગીરથે પિતામહનું તે વાક્ય આદરપૂર્વક સ્વીકાર્યું; કારણ કે સ્વભાવથી જ વિનીત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પુરુષને જે શિક્ષા આપવી તે સારી ભીંતમાં ચિત્ર કરવા જેવું છે.** પછી પોતાના પ્રતાપની જેવું ઉર્જિત દંડરત્ન અર્પણ કરી, મસ્તક પર ચુંબન કરી સગરે ભગીરથને વિદાય કર્યો. ચક્રીના ચરણકમળમાં પ્રણામ કરી દંડરત્ન સહિત ભગીરથ વિજળી સહિત મેઘની જેમ ઉતાવળે ત્યાંથી ચાલી નીકળ્યો.

ચક્રીએ આપેલા મોટા સૈન્યથી અને તે દેશના લોકોથી પરવરેલો ભગીરથ પ્રકીર્ણ દેવતા અને સામાનિક દેવતાવડે વીંટાયેલા ઇંદ્રની જેવો શોભતો હતો. અનુક્રમે તે અષ્ટાપદ પર્વત સમીપે આવ્યો. ત્યાં તે પર્વતને સમુદ્રવડે ત્રિકૂટાદ્રિની જેમ મંદાકિની (ગંગા) થી વીંટાયેલો દીઠો. વિધિના જાણનારા ભગીરથે નાગકુમાર જ્વલનપ્રભને ઉદ્દેશીને અઠ્ઠમતપ કર્યું. અઠ્ઠમતપ પરિણામ પામતાં, નાગકુમારોનો પતિ જ્વલનપ્રભ પ્રસન્ન થઇને ભગીરથની પાસે આવ્યો. ગંધ, ધૂપ અને પુષ્પથી તેણે ઘણી રીતે તેનો પૂજોપચાર કર્યો, ત્યારે નાગકુમારના સ્વામીએ 'હું શું કાર્ય કરી આપું ?' એમ પૂછ્યું એટલે મેઘના જેવી ગંભીર વાણીવાળો ભગીરથ વિનયપૂર્વક જ્વલનપ્રભ ઇંદ્ર પ્રત્યે બોલ્યો–"આ ગંગાનદી અષ્ટાપદની ખાઈને પૂરી દઇને હવે ભૂખી થયેલી નાગણીની જેમ ચારે બાજુ અમર્યાદિત રીતે પ્રસરે છે, ક્ષેત્રોને ખોદી નાંખે છે, વૃક્ષોને ઉખેડી નાંખે છે, સર્વ ખાડાઓને અને ટેકરાઓને સરખા કરે છે, કિલ્લાઓને તોડી નાખે છે, મહેલોને પાડી નાખે છે, હવેલીઓને પાયમાલ કરે છે અને ઘરોનો વિનાશ કરે છે. તે પિશાચણીની જેમ ઉન્મત્ત થઇને દેશનો નાશ કરનારી ગંગાને દંડવડે આકર્ષી લઇને તમારી આજ્ઞા હોય તો હું પૂર્વ સમુદ્રમાં ભેળવી દઉં ?" પ્રસન્ન થયેલા જ્વલનપ્રભે કહ્યું–"તમે તમારું ઇચ્છિત કરો અને તે નિર્વિઘ્ન થાઓ. જે આ ભરતક્ષેત્રમાં મારી આજ્ઞામાં રહેલા નાગો છે તેઓથી મારી આજ્ઞાપૂર્વક પ્રવર્તેલા તમે ઉપદ્રવનો ભય રાખશો નહીં." એવી રીતે કહીને નાગેંદ્ર રસાતળમાં સ્વસ્થાનકે ગયા. પછી ભગીરથે અઠ્ઠમભક્તને અંતે પારણું કર્યું. ત્યારપછી વૈરિણીની જેમ પૃથ્વીને ભેદનારી અને સ્વૈરિણીની (વ્યભિચારી સ્ત્રી) જેમ સ્વચ્છંદે વિચરનારી ગંગાને ખેંચવાને ભગીરથે દંડરત્ન ગ્રહણ કર્યું. પ્રચંડ ભુજપરાક્રમવાળા ભગીરથે ગર્જના કરતી તે નદીને સાણુસીવડે માળાની જેમ દંડરત્નવડે આકર્ષી. પછી કુરુદેશના મધ્ય ભાગથી, હસ્તીનાપુરની દક્ષિણથી, કોશળદેશની પશ્ચિમથી, પ્રયાગની ઉત્તરમાં, કાશીની દક્ષિણમાં, વિંધ્યાચળની દક્ષિણમાં અને અંગ તથા મગધદેશની ઉત્તર તરફ થઇને વંટોળીયે જેમ તૃણને ખેંચે તેમ માર્ગમાં આવતી નદીઓને ખેંચતી તે ગંગાને તેણે પૂર્વસમુદ્રમાં ઉતારી. ત્યાંથી માંડીને તે **ગંગાસાગર** એવા નામે તીર્થ થયું અને ભગીરથે ખેંચી તેથી ગંગાનું **ભાગીરથી** એવું નામ પડયું. જ્યાં જ્યાં માર્ગમાં સર્પોનાં ભુવનો ગંગાના આવવાથી ભાંગી જતાં હતાં ત્યાં ત્યાં ભગીરથ નાગદેવને બલિદાન આપતો હતો. દગ્ધ થયેલા સગરપુત્રોના અસ્થિને ગંગાના પ્રવાહે પૂર્વસાગરમાં પહોંચાડ્યાં. તે જોઈ ભગીરથે ચિંતવ્યું કે આ બહુ સારું થયું કે મારા પિતા અને કાકાઓનાં શરીરનાં અસ્થિ ગંગાએ સમુદ્રમાં ક્ષેપન કર્યાં. જો તેમ થયું ન હોત તો તે અસ્થિ ગીધપક્ષી વગેરેની ચંચુ અને ચરણ સાથે ભરાઈને પવને કંપાવેલા પુષ્પની જેમ અપવિત્ર સ્થાનમાં જઇને પડત. એમ વિચારતાં ભગીરથને જળની આપત્તિ રહિત થયેલા લોકોએ 'તમે લોકરંજક છો' એમ કહી કહીને ચિરકાળ પર્યંત વખાણ્યો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે વખતે પિતૃઓનાં અસ્થિ તેણે જળમાં નાખ્યાં, તેથી અદ્યાપિ પર્યંત લોકો મૃતકના અસ્થિને જળમાં ક્ષેપન કરે છે કારણ કે **મોટા લોકો જે પ્રવર્ત્તન કરે છે તે માર્ગ થાય છે.**

તે સ્થાનથી રથારૂઢ થયેલો ભગીરથ પાછો વળ્યો. પોતાના રથના પ્રચારથી કાંસીના તાળની જેમ પૃથ્વીને શબ્દ કરાવતો તે ચાલ્યો આવતો હતો, તેવામાં કલ્પવૃક્ષની જેમ સ્થિત થઈને રહેલા એક કેવળી ભગવંતને તેણે જોયા. તેમને દેખીને આનંદિત થયેલો તે ઉદયાદ્રિથી જેમ સૂર્ય ઉતરે અને આકાશમાંથી જેમ ગરુડ ઉતરે તેમ ઉત્તમ રથમાંથી નીચે ઉતર્યો. દેખતાંવેત જ ભકિતવડે તે કેવળી મુનિને નમસ્કાર કરી અતિ ડાહ્યા અને ભકિતમાં પ્રવીણ એવા તેણે તેમને ત્રણ પ્રદક્ષિણા કરી. પછી પ્રણામ કરી યોગ્ય સ્થાનકે બેસી ભગીરથે પૂછયું–"હે ભગવંત ! મારા પિતાઓ એકી સાથે કયા કર્મથી મૃત્યુ પામ્યા ?' ત્રિકાળ વેદી અને કરુણારસના સાગર એવા તે ભગવંત મધુર વાણીથી આ પ્રમાણે કહેવા લાગ્યા–"હે રાજપુત્ર ! જાણે કુબેરની લક્ષ્મીને આશ્રિત થયા હોય અર્થાત્ ધનદ જેટલી ઋદ્ધિવાળા હોય એવા ઘણી લક્ષ્મીવાળા શ્રાવકોથી પૂર્ણ એવો એક સંઘ પૂર્વે તીર્થયાત્રાને માટે નીકળ્યો હતો. સાયંકાળે તે સંઘ નજીક જણાતા કોઈ ગામમાં આવી પહોંચ્યો. ત્યાં રાત્રિએ કોઈ કુંભારના ઘર પાસે ઉતર્યો. તે સમૃદ્ધિવંત સંઘને જોઈ સર્વે ગામના લોકો હર્ષ પામ્યા અને તેને લૂંટવાને ઉદ્દંડ ધનુષ અને ખડ્ગને ધારણ કરી તૈયાર થયા; પણ પાપના ભયવાળા તે કુંભારે ખુશામત ભરેલાં અને અમૃત જેવાં બોધકારી વચનો કહીને તે ગામના લોકોને વાર્યા. તે કુંભકારના આગ્રહથી તે ગામના સર્વ લોકોએ પ્રાપ્ત થયેલું પાત્ર મૂકી દે તેમ તે સંઘને મૂકી દીધો. એક દિવસે ત્યાંના રહેવાસી સર્વ લોકો ચોર હોવાથી તેના રાજાએ બાળવૃદ્ધ સહિત તે આખું ગામ પરરાજ્યના ગામની જેમ બાળી નાખ્યું. તે દિવસે કોઈએ વિચાર કરવા માટે બોલાવેલો હોવાથી તે કુંભાર બીજે ગામ ગયો હતો, તેથી તે એકલો તે દાહમાંથી અવશિષ્ટ રહ્યો (બચ્યો) **સત્ પુરુષોનું સર્વત્ર કુશળ થાય છે.** પછી કાળયોગે કાળધર્મને પામીને તે કુંભાર વિરાટદેશમાં બીજો જાણે કુબેરભંડારી હોય તેવો વણિક થયો અને સર્વ ગ્રામજન હતા તે મૃત્યુ પામીને વિરાટદેશમાં વસતા મનુષ્યો થયા; કારણ કે **તુલ્યકર્મીને તુલ્ય ભૂમિ જ પ્રાપ્ત થાય છે.** તે કુંભારનો જીવ પાછો મૃત્યુ પામીને તે જ દેશનો રાજા થયો, ત્યાંથી પણ મૃત્યુ પામીને પરમ ઋદ્ધિવંત દેવતા થયો, ત્યાંથી ચ્યવીને તમે ભગીરથ થયા છો અને તે ગ્રામવાસીઓ સંસારમાં ભમતા ભમતાં તમારા પિતા જન્હુકુમાર વિગેરે થયા હતા. તેમણે પૂર્વે માત્ર મનવડે સર્વ સંઘને ઉપદ્રવ કર્યો હતો, તે કર્મથી તેઓ એક સાથે ભસ્મીભૂત થઈ ગયા. તેમાં જ્વલનપ્રભ નાગેંદ્ર તો ફકત નિમિત્તમાત્ર જ છે. હે મહાશય ! તે વખતે તે ગામના લોકોને વારવારૂપ શુભ કર્મથી તમે ગામ બળતાં પણ દગ્ધ થયા નહીં અને હમણા પણ દગ્ધ થયા નહીં." એ પ્રમાણે કેવળજ્ઞાનીની પાસેથી સાંભળીને વિવેકનો સાગર એવો તે ભગીરથ સંસારથી અતિશય નિર્વેદ પામ્યો; પરંતુ ક્ષત ઉપર ક્ષારની જેમ મારા પિતામહને દુઃખ ઉપર દુઃખ ન થાઓ એમ ધારીને તે વખતે તેણે દીક્ષા લીધી નહીં અને કેવળીના ચરણને વાંદી, રથ ઉપર આરૂઢ થઈ પાછો અયોધ્યામાં આવ્યો.

આજ્ઞા પ્રમાણે અમલ રીને આવેલા અને પ્રણામ કરતા પૌત્રનું સાગરરાજાએ વારં-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વાર મસ્તક સૂંઘ્યું અને હાથવડે તેના પૃષ્ઠભાગને સ્પર્શ કર્યો. સગરરાજાએ ભગીરથને સ્નેહના ગૌરવથી કહ્યું–"હે વત્સ ! તું બાળ છતાં પણ વય અને બુદ્ધિવડે સ્થવિર પુરુષોનો અગ્રણી છે, માટે હવે હું બાળ છું એમ ન કહેતાં આ મારા રાજ્યભારને ગ્રહણ કર; જેથી અમે ભારરહિત થઈને સંસારસાગરને તરીએ. આ સંસાર જો કે સ્વયંભૂ-રમણ સમુદ્રની જેમ દુસ્તર છે, તો પણ મારા પૂર્વજો તરી ગયા છે તેથી મારી પણ શ્રદ્ધા થઈ છે, હે વત્સ ! તેમના પુત્રો પણ રાજ્યભાર ગ્રહણ કરતા હતા, તેથી તેમનો બતાવેલો એ માર્ગ છે તે તું પણ પાળ અને આ પૃથ્વી ધારણ કર." ભગીરથ પિતામહને નમસ્કાર કરી આ પ્રમાણે બોલ્યો-"પિતાજી ! તમે સંસારને તારનારી પ્રવ્રજ્યા ગ્રહણ કરવાને ઇચ્છો છો તે યુક્ત છે, પરંતુ હે સ્વામિન્ ! હું પણ વ્રત ગ્રહણ કરવાને માટે ઉત્સુક થયેલો છું: તેથી રાજ્યદાનના પ્રસાદવડે તમે મને અપ્રસન્ન કરશો નહીં." ત્યારે ચક્રવર્તીએ કહ્યું-"હે વત્સ ! અમારા કુળમાં વ્રત ગ્રહણ કરવું તે યુક્ત છે, પણ તેથી ગુરુની આજ્ઞાપાલન કરવારૂપ વ્રત ગ્રહણ કરવું તે અધિક છે; માટે હે મહાશય ! તમે સમય આવે ત્યારે મારી જેમ દીક્ષા લેજો અને જ્યારે તમારે બખ્તરધારી પુત્ર થાય ત્યારે તેની ઉપર આ પૃથ્વીનો ભાર ધારણ કરજો." એવી રીતે સાંભળીને ભગીરથ ગુરુની આજ્ઞાના ભંગથી ભય પામ્યો અને ભવભીરુ એવા તેનું મન ઘણી વાર સુધી દોલાયિત થતાં તે મૌન રહ્યો. પછી પોતાના સિંહાસન ઉપર ભગીરથને બેસારી તે જ વખતે ચક્રીએ પરમ હર્ષથી તેનો રાજ્યાભિષેક કર્યો.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

તે વખતે ઉદ્યાનપાલકોએ આવીને ચક્રીને બાહ્ય ઉદ્યાનમાં અજિતનાથ પ્રભુ સમવસર્યા છે એવી વધામણી આપી. પૌત્રના રાજ્યાભિષેકથી અને સ્વામીના આગમનથી ચક્રવર્તીને અધિક અધિક હર્ષોત્કર્ષ થયો. ત્યાં રહ્યા છતાં પણ તેણે ઊઠીને પ્રભુને નમસ્કાર કર્યો અને જાણે આગળ ઊભા હોય તેમ શક્રસ્તવવડે સ્તુતિ કરી. સ્વામીના આગમનને કહેનારા તે ઉદ્યાનપાલકોને ચક્રીએ સાડાબાર કોટિ સુવર્ણ આપ્યું અને સામંતાદિકથી પરવરેલા સગરચક્રી ભગીરથ સહિત મોટા સંભ્રમથી સમવસરણ સમીપે ગયા. ત્યાં ઉત્તરદ્વારના માર્ગથી સમવસરણમાં પ્રવેશ કરીને પોતાનો આત્મા જાણે સિદ્ધિ-ક્ષેત્રમાં પેઠો હોય તેમ તેઓ માનવા લાગ્યા. પછી ચક્રી, ધર્મચક્રી એવા તીર્થંકરને ત્રણ પ્રદક્ષિણા દઈ નમસ્કાર કરી આગળ આવીને આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા— "મારા પ્રસાદથી તમારો પ્રસાદ કે તમારા પ્રસાદથી મારો પ્રસાદ એ અન્યોન્યાશ્રયનો ભેદ કરો અને મારી ઉપર પ્રસન્ન થાઓ. હે સ્વામિન્ ! તમારી રૂપલક્ષ્મીને જોવાને ઇંદ્ર પણ સમર્થ નથી અને સહસ્ર જીભવાળો શેષ તમારા ગુણો કહેવાને પણ સમર્થ નથી. હે નાથ ! અનુત્તર વિમાનના દેવોના સંશયને પણ તમે હરો છો, તો તેથી તમારો કયો ગુણ વધારે વસ્તુતાએ સ્તુત્ય છે ? અશ્રદ્ધાળુ પુરુષ આવી વિરુદ્ધ વાત ઉપર કેમ શ્રદ્ધા રાખે ? કારણ કે તમારામાં આનંદસુખની શક્તિ અને વિરક્તિ બંને સાથે છે. હે નાથ ! તમારી આ ઘટના ઘટે છે પણ તે દુર્ઘટ છે કે તમે સર્વ સત્ત્વમાં ઉપેક્ષા રાખો છો અને વળી પરમ ઉપકારીપણું ધરાવો છો. હે ભગવંત ! તમારા જેવું બીજા કોઇમાં વિરુદ્ધપણું દેખાતું નથી; કેમકે તમારામાં પરમ નિર્ગ્રંથતા અને પરમ ચક્રવર્તીતા બંને સાથે છે. જેમના

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

કલ્યાણકપર્વમાં નારકીના જીવો પણ હર્ષ પામે છે તેમના પવિત્ર ચરિત્રનું વર્ણન કરવાને કોણ સમર્થ છે ? હે પ્રભુ ! તમારો શમ અદ્ભુત છે, તમારું રૂપ અદ્ભુત છે અને સર્વ પ્રાણી ઉપરની કૃપા પણ અદ્ભુત છે. એમ સર્વ પ્રકારની અદ્ભુતતાના ભંડાર એવા આપને અમે નમસ્કાર કરીએ છીએ.'' એવી રીતે જગન્નાથની સ્તુતિ કરી યોગ્ય સ્થાને બેસીને અમૃતના પ્રવાહ જેવી ધર્મદેશના તેણે સાંભળી. દેશનાને અંતે સગરરાજા વારંવાર પ્રભુને નમસ્કાર કરી અંજલી જોડી ગદ્ગદ્ વાણીથી આ પ્રમાણે બોલ્યા "હે તીર્થેશ ! જો કે આપને કોઈ પોતાનો કે પારકો નથી, તો પણ અજ્ઞાનપણાથી હું તમને પોતાના ભાઈ તરીકે અનુયોગ કરું છું (ગણું છું). હે નાથ ! દુસ્તર સંસારસાગરથી તમે બધા વિશ્વને તરો છો તેમાં ડૂબી જતા એવા મારી કેમ ઉપેક્ષા કરો છો ? હે જગત્પતિ ! અનેક ક્લેશોથી સંકુળ એવા સંસારરૂપી ખાડામાં પડવાથી તમે મારી રક્ષા કરો, રક્ષા કરો, દીક્ષા આપો અને પ્રસન્ન થાઓ. હે સ્વામિન્ ! સંસારના સુખમાં મૂઢ થયેલા એવા મેં પોતાનું આટલું આયુષ્ય અવિવેકી બાળકની જેમ નિષ્ફળ ગુમાવ્યું છે.'' એ પ્રમાણે જણાવી અંજલી જોડીને રહેલા સગરરાજાને ભગવંતે દીક્ષા ગ્રહણ કરવાની અનુજ્ઞા આપી.

પછી ભગીરથે ઉઠી નમસ્કાર કરી પ્રાર્થનાને પૂરવામાં કલ્પવૃક્ષ સમાન ભગવંતની આ પ્રમાણે પ્રાર્થના કરી:—"આપ પૂજ્યપાદ મારા પિતાજીને દીક્ષા આપશો, પણ જ્યાં સુધી હું નિષ્ક્રમણોત્સવ કરું ત્યાં સુધી તમારે રાહ જોવી. જો કે મુમુક્ષુઓને ઉત્સવાદિકની કાંઈ પણ જરૂર નથી, તો પણ મારા આગ્રહથી મારા પિતાજી પણ એ વિનંતી કબૂલ કરશે.'' સગરરાજા દીક્ષા લેવાને અત્યુત્સુક હતા, તો પણ પુત્રના આગ્રહથી જગદ્ગુરુને પ્રણામ કરી પાછા પોતાની નગરીમાં ગયા. પછી ઇંદ્ર જેમ તીર્થંકરનો દીક્ષાભિષેક કરે તેમ ભગીરથે સગરરાજાને સિંહાસન ઉપર બેસારીને દીક્ષાભિષેક કર્યો, ગંધકાષાયી વસ્ત્રવડે અંગ લૂછી ગોશીર્ષચંદનનું વિલેપન કર્યું અને ત્યારપછી સગરરાજાએ માંગલિક બે દિવ્ય વસ્ત્ર ધારણ કર્યાં. તેમજ ગુણવડે અલંકૃત હોવા છતાં પણ દેવતાએ આપેલાં દિવ્ય અલંકારોથી શરીરને અલંકૃત કર્યું. પછી ઇચ્છા પ્રમાણે યાચકોને ધન આપી ઉજ્જવળ છત્ર અને ચામર સહિત શિબિકામાં તેઓ આરૂઢ થયા. નગરજનોએ દરેક દુકાને, દરેક ઘરે અને દરેક શેરીએ માંચડા, પતાકા અને તોરણાદિક કર્યાં. માર્ગે ચાલતાં ઠેકાણે ઠેકાણે દેશના અને નગરના જનોએ પૂર્ણપાત્રાદિકવડે તેમના અનેક મંગળ કર્યાં. વારંવાર તે જોવાતા હતા, વારંવાર સ્તુતિ કરાતા હતા, વારંવાર પૂજાતા હતા અને વારંવાર અનુસરાતા હતા. એવી રીતે આકાશના મધ્યમાં ચંદ્ર ચાલે તેમ વિનીતા નગરીના મધ્ય માર્ગવડે માણસોના અતિશય ભરાવાથી અટકતા અને ધીમે ધીમે ચાલનારા ભગીરથ, સામંતો, અમાત્યો, સર્વ પરિવાર અને અનેક વિદ્યાધર જેમની પાછળ ચાલતા હતા એવા સગરચક્રી અનુક્રમે પ્રભુની પાસે આવ્યા. ત્યાં ભગવંતને પ્રદક્ષિણા દઈ પ્રણામ કરી ભગીરથે આણેલા યતિવેષને તેણે અંગીકાર કર્યો. પછી સર્વ સંઘની સમક્ષ સ્વામીની વાચનાથી ઊંચે પ્રકારે સામાયિક ઉચ્ચરતા સતા તેમણે ચાર મહાવ્રતરૂપ દીક્ષા ગ્રહણ કરી. જે સામંત અને મંત્રીઓ જન્હુકુમાર વિગેરેની સાથે ગયા હતા તેઓએ પણ ભવથી ઉદ્વેગ પામીને સગરરાજાની સાથે દીક્ષા ગ્રહણ કરી. ત્યારપછી ચક્રીમુનિના મનરૂપી કુમુદમાં ચંદ્રિકા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમાન અનુશિષ્ટિમય ધર્મદેશના ધર્મસારથી એવા પ્રભુએ આપી. પ્રથમ પૌરષી પૂર્ણ થઈ, એટલે દેશના સમાપ્ત કરીને તીર્થંકરે ત્યાંથી ઉઠી દેવચ્છંદાને અલંકૃત કર્યો. પછી પ્રભુના ચરણપીઠ ઉપર બેસીને મુખ્ય ગણધરે પ્રભુના પ્રભાવથી સર્વ સંશયને છેદનારી દેશના સ્વામીની જેમ આપી. બીજી પૌરષી પૂર્ણ થઈ એટલે વરસાદ વરસતો બંધ પડે તેમ તેમણે પણ દેશના સમાપ્ત કરી. પછી ત્યાંથી પ્રભુ બીજે વિહાર કરવાને ચાલી નીકળ્યા અને ભગીરથાદિક રાજાઓ તથા દેવતાઓ પોતપોતાને સ્થાનકે ગયા.

સ્વામીની સાથે વિહાર કરતા સગરમુનિ માતૃકાની (સ્વર વ્યંજન) જેમ લીલામાત્રમાં દ્વાદશાંગી ભણ્યા. તેઓ હમેશાં પ્રમાદરહિત થઈને પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિરૂપ આઠ ચરિત્રની માતાઓનું સારી રીતે આરાધન કરતા હતા. હમેશાં ભગવાનના ચરણની સેવાથી ઉત્પન્ન થયેલા હર્ષથી પરિષહના કલેશને જરા પણ જાણતા નહોતા. ત્રણ લોકના ચક્રી તીર્થંકરનો હું ભાઈ છું, વળી હું પણ ચક્રી છું, એવો ગર્વ બીલકુલ ન ધરાવતાં તેઓ બીજા મુનિઓનો વિનય કરતા હતા. પાછળથી દીક્ષા ગ્રહણ કર્યા છતાં પણ તપ અને અધ્યયનથી તે રાજર્ષિ ચિરકાળના દીક્ષિત મુનિઓથી પણ અધિક થઈ પડ્યા. અનુક્રમે ઘાતિકર્મના ક્ષયથી દુર્દિનના છેદનથી સૂર્યનો પ્રતાપ પ્રગટ થાય તેમ તેમને ઉજ્જવલ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું.

કેવળજ્ઞાનની ઉત્પત્તિથી આરંભીને પૃથ્વીમાં વિહાર કરતા અજિતનાથસ્વામીને પંચાણું ગણધરો થયા અને એક લાખ મુનિ, ત્રણ લાખ ને ત્રીશ હજાર સાધ્વી, સાડાત્રીશસો ચૌદ પૂર્વધારી, એક હજાર ને સાડાચારસો મનઃપર્યાયી, ચોરાણુશેં અવધિજ્ઞાની, બાવીશ હજાર કેવળી, બાર હજાર ને ચારસો વાદી, વીશ હજાર ને ચારસો વૈક્રિયલબ્ધિવાળા, બે લાખ ને અઠાણું હજાર શ્રાવક અને પાંચ લાખ ને પીસ્તાળીશ હજાર શ્રાવિકા એટલો પરિવાર થયો, દીક્ષાકલ્યાણકથી એક પૂર્વાંગે* ઊણ એવા લક્ષ પૂર્વ જતાં પોતાનો નિર્વાણ સમય જાણીને પ્રભુ સંમેતશિખર પર્વતે આવ્યા. જાણે લોકાગ્રે ચડવાની નીસરણી હોય તેમ તેઓ સંમેતશિખર ઉપર આરૂઢ થયા. તેમનું બોંતેર લાખ પૂર્વનું આયુષ્ય પૂર્ણ થતાં એક હજાર શ્રમણોની સાથે તેમણે પાદપોપગમ અનશન કર્યું. તે વખતે એક સાથે સર્વ ઇંદ્રોનાં આસનો પવને હલાવેલા ઉદ્યાનવૃક્ષની શાખાઓની જેમ કંપાયમાન થયા. તેઓએ અવધિજ્ઞાને પ્રભુનો નિર્વાણસમય જાણ્યો એટલે તેઓ પણ સંમેતશિખર પર્વતે આવ્યા. ત્યાં તેઓએ દેવતાઓ સહિત પ્રભુને પ્રદક્ષિણા કરી અને શિષ્યની જેમ સેવા કરતા પાસે બેઠા. જ્યારે પાદપોપગમ અણસણનો એક માસ પૂર્ણ થયો ત્યારે ચૈત્રશુકલ પંચમીને દિવસે ચંદ્રમા મૃગશિર નક્ષત્રમાં આવ્યે સતે, પર્યંક આસને રહેલા પ્રભુ બાદર કાયયોગરૂપ હાથમાં બેઠા સતા રથને જોડેલા બે અશ્વને કબજે કરે તેમ બાદર મનયોગ અને વચનયોગને રૂંધતા હતા. પછી સૂક્ષ્મકાયયોગમાં રહીને ભગવંતે દીપકવડે અંધકારના સમૂહનું રૂંધન કરે તેમ બાદરકાયયોગનો રોધ કર્યો, અને સૂક્ષ્મકાયયોગમાં જ રહ્યા સતા જ સૂક્ષ્મમનયોગ અને વચનયોગનું પણ રૂંધન કર્યું અને તે યોગમાં જ સ્થિત રહ્યા સતા સૂક્ષ્મક્રિય નામે શુક્લધ્યાનનો ત્રીજો પાયો પ્રાપ્ત કર્યો. પછી શુક્લધ્યાને ચોથે પાયે માત્ર પાંચ લઘુ અક્ષર ઉચ્ચારણ જેટલા કાળનું શૈલેશીકરણ કર્યું. ત્યાં અવશિષ્ટ કર્મ ક્ષીણ થયાં અને અનંત ચતુષ્ટય સિદ્ધ થયા, એટલે એ પરમાત્મા પ્રભુ ઋજુગતિએ લોકાગ્રને પ્રાપ્ત થયા. પ્રભુને કૌમાર અવસ્થામાં અઢાર લક્ષ પૂર્વ ગયા, રાજ્યસ્થિતિમાં એક

* પૂર્વાંગ એટલે ૮૪ લાખ વર્ષ

www.jainsite.com          For Private & Personal Use Only          info@jainsite.com

પૂર્વાંગે સહિત ત્રેપન લક્ષ પૂર્વ ગયા, છદ્મસ્થપણામાં બાર વર્ષ ગયા અને કેવળજ્ઞાનમાં એક પૂર્વાંગ તથા બાર વર્ષે વર્જિત લક્ષ પૂર્વ ગયા. એકંદર બોંતેર લાખ પૂર્વનું આયુષ્ય ભોગવીને ઋષભપ્રભુના નિર્વાણથી પચાસ લાખ કોડ સાગરોપમે નિર્વાણપદને પામ્યા. તેમની સાથે બીજા એક હજાર મુનિઓએ પાદપોપગમ અણુસણુ કર્યું હતું, તેઓ પણ કેવળજ્ઞાન પ્રાપ્ત કરી ત્રણે યોગનો રોધ કરી મોક્ષપદને પામ્યા. સગરમુનિએ પણ કેવળી સમુદ્ઘાત કરીને ક્ષણવારમાં અનુપદીની* જેમ સ્વામીએ પ્રાપ્ત કરેલું પદ ઉપલબ્ધ કર્યું અર્થાત્ મોક્ષપદને પામ્યા.

તે વખતે પ્રભુના મોક્ષકલ્યાણકવડે સુખને નહીં જોનારા નારકીઓને પણ ક્ષણવાર સુખ થયું. પછી શોક સહિત ઇંદ્રે દિવ્યજળથી સ્વામીના અંગને નવરાવ્યું અને ગોશીર્ષ-ચંદનના રસનું વિલેપન કર્યું, તેમજ હંસના ચિત્રવાળાં વસ્ત્ર પહેરાવ્યાં અને વિચિત્ર એવાં દિવ્ય આભૂષણોથી પ્રભુનું શરીર શણગાર્યું. બીજા મુનિઓનાં શરીરોને દેવતાઓએ સ્નાન, અંગરાગ, નેપથ્ય અને આચ્છાદન વિગેરે કર્યું. પછી ઇંદ્રે સ્વામીના દેહને શિબિકામાં પધરાવી ગોશીર્ષચંદનના કાષ્ઠમય ચિતા ઉપર લઈ ગયા અને બીજા મુનિઓનાં શરીરને બીજી શિબિકામાં પધરાવીને દેવતાઓ ગોશીર્ષચંદનનાં કાષ્ઠની રચેલી બીજી ચિતા ઉપર લઈ ગયા. અગ્નિકુમાર દેવતાઓએ ચિતામાં અગ્નિ ઉત્પન્ન કર્યો, વાયુકુમાર દેવોએ વાયુવડે વિશેષ પ્રજ્વલિત કર્યો અને શક્રના આદેશથી અનેક દેવતાઓએ સેંકડોભાર કર્પૂર, કસ્તુરી અને ઘીના સેંકડો કુંભ ચિતામાં ક્ષેપન કર્યા. અસ્થિ વિના પ્રભુની બીજી સર્વ ધાતુ બળી ગઈ, એટલે મેઘકુમાર દેવતાઓએ જળવડે ચિતાને બુઝાવી શાંત કરી. પ્રભુની ઉપરની જમણી અને ડાબી દાઢો શક્ર અને ઈશાનેંદ્રે ગ્રહણ કરી અને નીચેની બંને ડાઢો ચમર અને બલી ઈંદ્રે ગ્રહણ કરી. બીજા ઈંદ્રોએ પ્રભુના દાંત ગ્રહણ કર્યા અને દેવતાઓએ ભક્તિથી બાકીનાં અસ્થિ ગ્રહણ કર્યાં. બીજું પણ સ્તૂપરચના વિગેરે ત્યાં કરવાનું હતું, તે સર્વ વિધિ પ્રમાણે કરીને સર્વ દેવતાઓ સહિત ઈંદ્રોએ નંદીશ્વર દ્વીપે આવીને મોટા ઉત્સવવડે શાશ્વત અર્હંતનો અષ્ટાન્હિકા ઉત્સવ કર્યો. પછી સર્વ દેવેંદ્રો પોતપોતાને સ્થાને ગયા. ત્યાં પોતપોતાની સુધર્મા સભાની મધ્યમાં માણવક નામના સ્થંભોમાં વજ્રમય ગોળાકાર ડાબલામાં તે પ્રભુની દાઢો મૂકી અને તેની શાશ્વત પ્રતિમાની જેમ ઉત્તમ ગંધ, ધૂપ અને પુષ્પોવડે નિરંતર પૂજા કરવા લાગ્યા. તેના અનુભાવથી ઈંદ્રોને હમેશાં અવ્યાહત અને અદ્વિતીય વિજયમંગળ વર્તે છે.

"પદ્મખંડથી મનોહર એવા પૂર્ણ સરોવરની જેમ અંદર રહેલા સગરચક્રીના ચરિત્રથી મનોહર એવું આ અજિતસ્વામીનું ચરિત્ર શ્રોતાઓને આ લોક અને પરલોકના સુખનો વિસ્તાર કરો."

**इत्याचार्यश्रीहेमचंद्रविरचिते त्रिषष्ठिशलाकापुरुषचरिते महाकाव्ये द्वितीये पर्वणि अजितस्वामिसगरदीक्षानिर्वाणवर्णनो नाम षष्ठः सर्गः ॥ ६ ॥**

**समाप्तं चेदमजितस्वामिसगरचक्रवर्त्तिचरित्रप्रतिबद्धं द्वितीयं पर्वम् ॥ २ ॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




जैन साईट JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com